॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સદ્‌ગુરુ ગાથા

## ભાગ-૧



અ. મૂ. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

લેખક : સ્વામી માધવપ્રિયદાસજી

www.swaminarayangurukul.org

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સદ્ગુરુ ગાથા

## ભાગ-૧

લેખક : સ્વામી માધવપ્રિયદાસજી

-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્

(SGVP) અમદાવાદ

www.gurukulparivar.org

# સદ્‌ગુરુ ગાથા
## ભાગ-૧


- **પ્રકાશક :**
  શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
  (SGVP), અમદાવાદ





- **આવૃત્તિ :** દ્વિતીય (રામનવમી, તારીખ : ૮ એપ્રિલ, ૨૦૧૪)
- **પ્રત :** ૨૦૦૦
- **કિંમત :** રૂા. ૯૦/- (સૌજન્યને આભારી)
- **પ્રાપ્તિસ્થાન :**
  શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ડ્રાઈવઈન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
  ફોન : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, છારોડી, અમદાવાદ
  ફોન : (૦૨૭૧૭) ૨૪૨૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮
- **મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ, અમદાવાદ. ૦૭૯ - ૨૬૪૨ ૧૦૦૮

**-:: સૌજન્ય ::-**

- શ્રી ગોપીનાથ યુવક મંડળ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર.
- પિતાશ્રી વલ્લભભાઈ ખોડાભાઈ ગજેરા
  માતુશ્રી પાર્વતીબેન વલ્લભભાઈ ગજેરાની પ્રેરણાથી
  હસ્તે. સુપુત્ર વિપુલભાઈ ગજેરા વગેરે સમસ્ત પરિવાર, અંકલેશ્વર



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં
અ.મુ. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

# પ્રકાશકીય

ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમહંસ મંડળમાં અનેક મહાન સંતો હતા. તેઓ નંદ સંતોના નામથી પ્રસિધ્ધ છે.

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી વગેરે અનેક મહાન નંદસંતોની શિષ્યપરંપરા આજે પણ અવિચ્છિન્ન રીતે ચાલુ છે અને મૂળ સંપ્રદાયની મર્યાદા પ્રમાણે આ બધી જ શિષ્યપરંપરાઓ સંપ્રદાયની બે મુખ્ય ગાદી સાથે અતૂટ નાતો ધરાવે છે.

આ બધા જ સંતોના જીવન લખવા જઈએ તો મહાભારત કરતાંય મોટા ગ્રંથો રચાય.

આ મહાન નંદસંતોમાં ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વિશેષ પ્રસિદ્ધ થયા છે. આ બંને સદ્ગુરુ સંતો ભગવાન શ્રીસ્વામિનારાયણની ડાબી જમણી આંખ સમાન ગણાય છે. આ બન્ને સદ્ગુરુ સંતોને પરસ્પર અપાર સ્નેહ હતો.

આ બન્ને સદ્ગુરુ સંતાના ઉપદેશોમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના હૃદયનો અભિપ્રાય વ્યક્ત થયેલો છે.

આ બન્ને સદ્ગુરુ સંતોના જીવન અનેક દિવ્ય ઐશ્વર્યોથી ભરપૂર છે.

આ બંને પરંપરામાં અનેક મહાન સંતો થયેલા છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામી ગુણાતીત પરંપરાના મહાન સંતો હતા.

શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (એસ.જી.વી.પી.) અમદાવાદ તરફથી મોટા પ્રમાણમાં સાહિત્ય પ્રકાશનનો શુભ સંકલ્પ કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે ગુણાતીત પરંપરાના મહાન સંતોને વંદના કરવા માટે આ "સદ્ગુરુ ગાથા" શ્રેણીનો આરંભ થયો છે, જેનો પ્રથમ ભાગ આપ સર્વ સમક્ષ મૂકતાં સમસ્ત ગુરુકુલ પરિવાર હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

આ "સદ્ગુરુ ગાથા ભાગ-૧" માં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવનચરિત્ર આલેખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સાથોસાથ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના હૃદ્ગત અભિપ્રાયોને પણ પ્રસંગોપાત્ વ્યક્ત કરવામાં આવ્યા છે.

આશા છે કે, આ ગ્રંથ મુમુક્ષુઓને નિર્વાસનિક થઈ, બ્રહ્મરુપ બની, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની પતિવ્રતાભાવે અને સ્વામિસેવકભાવે આરાધના કરવામાં માર્ગદર્શકરુપ થશે, તેમજ મૂળ ગુણાતીત પરંપરાને સમજવામાં ઉપયોગી થશે...

- સ્વામી માધવપ્રિયદાસજી

## ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભારતવર્ષના સંતો અને યોગીઓના જીવન ગૂઢ અને ચમત્કારિક શક્તિઓથી ભરેલા રહ્યા છે. ચેતનાના ઉર્ધ્વ સ્તરે આવી શક્તિઓ સહજ છે. આજના જ્ઞાન-વિજ્ઞાનના યુગે એ શક્તિઓની પ્રામાણિકતા પુરવાર કરી છે.

ધર્મ કે યોગ જગતના ઈતિહાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્ય-પ્રતાપ અમોઘ અને અજોડ હતા.

એક મુમુક્ષુને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવો ગુરુ માટે દુષ્કર કામ છે. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે હજારો નર-નારીઓને સમાધિઓ કરાવી, પોત-પોતાના ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. માટે એ માત્ર ગુરુ નહોતા, ગુરુઓના ગુરુ હતા, ગુરુઓના આરાધ્ય ભગવાન હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઐશ્વર્ય માત્ર સમાધિ કે સાધારણ પરચા-ચમત્કારમાં જ પ્રગટ્યું નહોતું. એમના ઐશ્વર્ય-પ્રતાપને લીધે સેંકડો સાધુ-સંતો અને મુમુક્ષુના અંતર વાદળા વિનાના આકાશ જેવા નિર્મળ અર્થાત્ નિર્વાસનિક બન્યા હતા.

આ બધાના અંતરમાંથી કામ-ક્રોધાદિક વિકારો અને વજ્રસાર જેવી વાસના નિર્મૂળ થયા હતા.

જનમ જનમની યોગસાધનાથી જે કાર્ય દુષ્કર છે તે કાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસનાથી સહજ અને સરળ થયું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રત્યક્ષ મૂર્તિના ધ્યાન-ભજનને પરિણામે અનેક ભક્તજનોને નિરાવરણ દૃષ્ટિ અને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. ભલભલા યોગીઓ દીર્ઘકાળ સુધી યોગાભ્યાસ કરે, છતાં આવી સ્થિતિ પ્રાપ્ત થવી દુર્લભ છે.

સહજાનંદ સ્વામીની કૃપાથી સંતોને તો ઠીક, સંસાર વ્યવહારમાં રહેલા નર-નારીઓને પણ આવી દુર્લભ સ્થિતિ સહજ અને સુલભ બની હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વરુપમાંથી અનેકવાર ચોવીસ અવતારોને પ્રગટ કર્યા હતા અને પાછા લીન કર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ ઐશ્વર્ય અવતારોના ઈતિહાસમાં અજોડ હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં નંદ સંતોને પોતાના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આ અમોઘ ઐશ્વર્ય-પ્રતાપનો પ્રત્યક્ષ અનુભવ હતો અને એ અનુભૂતિને આધારે જ એ સમર્થ નંદ સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વ કારણના કારણ, સર્વ અવતારોના અવતારી અને સર્વોપરી માની એમની ઉપાસના કરતાં હતા અને આ પ્રત્યક્ષ પરબ્રહ્મ નારાયણના સંદેશને જન-જન સુધી પહોંચાડતાં હતા.

વેદો અને સત્શાસ્ત્રો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે એ જ આ 'ધર્મભક્તિના પુત્ર શ્રીહરિ' છે એવી પ્રત્યક્ષ પ્રતીતિ આ નંદ સંતો અને ભક્તોને થઈ ચૂકી હતી. લોકોને સદાચારી, નિર્વ્યસની અને સુખી કરવા, ચોર-લૂંટારાઓને ઉત્તમ સત્સંગી કરવા, આ બધું તો ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્ય-પ્રતાપની 'બાય-પ્રોડક્ટ' જેવું હતું. આ 'વધારાની ઉપજ' પણ સમાજમાં આર્થિક સધ્ધરતાં અને શાંતિ-સુલેહની સ્થાપનામાં અગત્યનું પરિબળ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું મુખ્ય ધ્યેય સદાચારની સાથે સાથે ભાગવત ધર્મની સ્થાપના કરી લોકોને અભયદાન આપવાનું હતુ. આ અભયદાન સામાજીક સુરક્ષા અને સમરસતા પૂરતુ સિમિત નહોતુ, પરંતુ કાળ, કર્મ, માયાના બંધનોથી મુક્ત કરી શાશ્વત અભયદાન આપવાનું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્ય-પ્રતાપ તો અમોઘ અને અજોડ હતાં જ, પરંતુ સાથે સાથે એમની ઉપાસના કરીને એમના સંતો અને હરિભક્તો પણ અમોઘ ઐશ્વર્ય-પ્રતાપવાન બન્યા હતા.

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

ભારતવર્ષનો ઈતિહાસ સિદ્ધો, જોગીઓ, જતિઓ, સંતો અને સતીઓની જીવનગાથાઓથી ભરપૂર છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચસો પરમહંસોની ગાથાઓ એમાં આગવી ભાત પાડે છે. એમાં પણ ગુણાતીત પરંપરાના સદ્‌ગુરુઓની ગાથાઓની તો વાત જ ન્યારી છે.

સામાન્ય રીતે મોક્ષનો માર્ગ અતિ કઠણ ગણાય છે. ઉપનિષદોએ આ માર્ગને 'તલવારની ધાર ઉપર ચાલવા જેવો માર્ગ' કહ્યો છે, પરંતુ નવાઈની વાત એ છે

કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો પાસે આત્યંતિક કલ્યાણના ટૂંકા માર્ગની રહસ્યમય ચાવીઓ હતી, જેને પરિણામે સાધારણમાં સાધારણ જીવ પણ આત્યાંતિક કલ્યાણને અર્થાત્ અક્ષરધામને સરળતાથી પામી જતાં હતા.

એટલું જ નહિ, આશ્ચર્યની વાત તો એ છે કે આ પરમહંસોના યોગમાં આવતાં પશુ-પંખીઓ અને વૃક્ષ-વેલીઓના પણ કલ્યાણ થઈ જતાં હતા. જેના સેંકડો ઉદાહરણો સંપ્રદાયમાં જોવા મળે છે.

ન માત્ર મનુષ્ય માટે પરંતુ જીવપ્રાણીમાત્ર માટે મુક્તિનો માર્ગ આટલો સરળ થયો હોય, એવું ક્યારેય સાંભળ્યું નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશાળ પરમહંસવૃંદમાં ગુણાતીતાનંદ સ્વામી શિરમોડ સંત હતા.

સોરઠ દેશ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો વિશાળ વર્ગ શ્રદ્ધા અને લાગણીથી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર માને છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે,"અક્ષરના બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને તે અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે."

અક્ષરધામ રૂપે સ્વામી મહારાજનું અખંડ સાન્નિધ્ય માણે છે. મહારાજની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહે છે અને સેવા રૂપી મુક્તિનો આનંદ માણે છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણે જ્યારે છપૈયામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે અવતાર ધારણ કર્યો ત્યારે એમની સાક્ષાત્ સેવામાં રહેલ અક્ષરબ્રહ્મ પણ ગુણાતીતાનંદ સ્વામી રૂપે ભાદરામાં પ્રગટ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીના હૃદયમાં નાનપણથી જ શ્રીહરિની મૂર્તિ અખંડ દેખાતી હતી. એક ક્ષણ પણ તેમને મૂર્તિનું વિસ્મરણ થતું નહિ.

એકવાર કોઈએ સ્વામીને પૂછેલું કે, "તમે વ્યવહારિક કામકાજ કરો ત્યારે મૂર્તિ ભૂલી જતાં નથી ?"

ત્યારે સ્વામીએ હસતાં હસતાં કહ્યું, "ગાંડા ! તને જેમ ત્રણેય અવસ્થામાં તારો દેહ ભૂલાતો નથી, એમ અમને ત્રણેય અવસ્થામાં મૂર્તિ ભૂલાતી નથી."

ગુણાતીતાનંદ સ્વામી સર્વદેશી સંત હતા.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ આ ચારેય સાધન જેમાં સંપૂર્ણપણે હોય

એને સર્વદેશી સંત કહે છે. ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આ ચારેય અંગ સંપૂર્ણ હતા. ગુણાતીતાનંદ સ્વામી સ્વયં બ્રહ્મરૂપ હોવા છતાં દાસભાવે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરતાં હતા. તેઓએ સ્વામિસેવકભાવ ક્યારેય ગૌણ થવા દીધો નહોતો. તેમનું સ્પષ્ટ વિધાન છે કે, “અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચાર ચરણારવિંદની નથી.”

ગુણાતીતાનંદ સ્વામી મહાસમર્થ, નિર્ગુણ અને નિર્લેપ સંત હતા. માયાના વિકારો વચ્ચે પણ માયા એમને લોપી શકે એમ નહોતી છતાં તેઓ શ્રીહરિએ બાંધેલી પંચવર્તમાનની મર્યાદામાં દૃઢપણે વર્તતા હતા અને બીજાને પણ એજ રીતે વર્તાવતા હતા.

અતિ મહાન હોવા છતાંય તેઓ નીચામાં નીચી ટેલચાકરી કરતા. માંદાની સેવા કરતા, ગાયોની સેવા કરતા, છાણ-વાસીદું વાળતા, મંદિરનો ચોક વાળતાં અને કહેતાં કે, “આ સંપ્રદાયમાં તો વાળે એ મહંત !”

એકવાર ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું કે, “સર્વસાધન કરતાં કથાવાર્તારૂપી સાધન શ્રેષ્ઠ છે.”

સ્વામીએ મહારાજની આ વાતને આત્મસાત્ કરીને કથાવાર્તાનું અદ્‌ભૂત અંગ કેળવ્યું હતું.

વેદો કહે છે કે, “સ્વાધ્યાયપ્રવચનાભ્યાં મા પ્રમદઃ” સ્વાધ્યાય અને પ્રવચનમાં ક્યારેય પ્રમાદ ન કરવો. વેદોનો આ મંત્ર સ્વામીની રગેરગમાં રમતો હતો.

જૂનાગઢમાં તો જાણે એમણે કથાવાર્તાનો રીતસર અખાડો માંડ્યો હતો. મંદિરની અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ વચ્ચે પણ તેઓ કથાવાર્તાનો સોપો (વિરામ) પડવા દેતા નહોતા.

## સર્વોપરીપણાના ઉદ્‌ગાતા

ગુણાતીતાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરીપણાના ઉદ્‌ગાતા સદ્‌ગુરુ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણનો હેતુ અન્ય અવતારો કરતા વિશિષ્ટતા રાખતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ અસુરોને મારવા માટે નહીં પરંતુ અનાદિ મૂળ માયાના અજ્ઞાનને હરી, જીવોને બ્રહ્મરૂપ બનાવી, પ્રત્યક્ષ પરબ્રહ્મના

સ્વરુપમાં જોડી, શાશ્વત અભયદાન દેવા માટે હતું.

પ્રસાદીના ખરડામાં સ્વયં ભગવાન શ્રીહરિ કહે છે, “આજ તો મૈં અવિદ્યારૂપ જો માયા હે તિસકે નાશકે વાસ્તે પ્રગટ હુઆ હું. વેદો કે વચન જ્યું ‘અવિદ્યા કું નાશ કરો’ એસી જો મેરી સ્તુતિ કિયા હૈ, સો વચન કું આજ મૈં સત્ય કરતા હું.”

“અનંત જીવું કી જો અવિદ્યારૂપ માયા હૈ, તિસકા મૈં નાશ કરતા હું. જીસ દિનસું મૈં પ્રગટ હુઆ હું તિસ દિન સું અવિદ્યા કે નાશ કે વાસ્તે પ્રવર્ત્યા હું...આજ તો મેરા પ્રયોજન યેહી હૈ, જ્યોં અવિદ્યા કું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના.”

“દૂસરા અવતાર હે સો કાર્યકારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યે અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બના હું.”

ગુણાતીતાનંદ સ્વામીના અવતરણનો હેતુ પણ શ્રીહરિ કહે છે એવો જ હતો. એમણે આજીવન વેદ-શાસ્ત્ર પ્રતિપાદિત, અક્ષરાદિથી પર, સર્વોપરી સાકારમૂર્તિ, સર્વ કારણના કારણ, સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના પ્રવર્તાવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વોપરીપણું સમજાવતા સ્વામી કહે છે, “આ તો અનંત ભગવાનના ભગવાન છે. એટલું જ કહીએ છીએ. એથી આઘું કેટલું કહીએ ? તે આપણા ઘરમાં આવીને બેઠા છે. આ તો કૂબામાં જેમ હાથી બાંધે છે તેમ છે.” “બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દસ-દસ મૂર્તિયું છે. તેમાં છ સગુણ છે અને ચાર નિર્ગુણ છે. તે એવા અનંત કોટિ બ્રહ્માંડ છે. ને તે સર્વે બ્રહ્માંડમાં અનંત કોટાનકોટિ ભગવાનની મૂર્તિયું છે. તે સર્વેના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એમ સમજવું.” સ્વામી જ્યારે શ્રીહરિના સર્વોપરીપણાની જોરદાર વાતો કરતા. ત્યારે કેટલાકને રુચતું, કેટલાકને ન રુચતું. જેને ન રુચતું તેઓ સ્વામીને પ્રશ્ન પણ કરતા, “સ્વામિનારાયણ ભગવાન આવા સર્વોપરી છે, એ તમને કોણે કહ્યું ?”

સ્વામી ધારદાર વાણીથી જવાબ દેતા,“અમને સ્વામિનારાયણે સ્વયં કહ્યું છે, બીજો કોણ કહેશે ?”

એકવાર સ્વામીએ અયોધ્યાપ્રસાદજી મહારાજને પણ સ્પષ્ટ ભાષામાં કહ્યું,“તમને અમારી હાર્યે હેત છે. તોપણ ખજાનાની કૂંચી તો તમે કેશવપ્રસાદજીને જ સોંપો, તેમ સર્વોપરી અને સદા દિવ્ય સાકાર મૂર્તિ એવા શ્રીહરિ જેતે પૂર્વે થયા

જે રામકૃષ્ણાદિ અવતાર તેમજ સર્વે ઈશ્વરો, પ્રધાનપુરુષ અને મૂળ પ્રકૃતિપુરુષ વગેરે સર્વના કારણ, સર્વના નિયંતા અને સર્વ થકી પર જે અક્ષરધામ તેના પતિ અનાદિ સ્વયં પુરુષોત્તમ ભગવાન છે. તે જ ભક્તિધર્મના પુત્રરુપે પ્રગટેલા આ શ્રીસહજાનંદ સ્વામી છે. આ વાત અનંત જીવને સમજાવી, પ્રગટ પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવવો, એ જે પુરુષોત્તમપણાની કૂંચી તે અમને સોંપી છે.''

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સર્વોપરીપણાને પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે જ પોતે ધામમાં ગયા બાદ પણ ગુણાતીતાનંદ સ્વામીને ઘણા વર્ષો સુધી પૃથ્વી ઉપર રાખ્યા હતા અને સ્વામીની આવરદા પુરી થઈ ગઈ હતી તોપણ મહારાજે તે વધારી દીધી હતી.

## અક્ષરબ્રહ્મનો બ્રહ્મનાદ

સ્વામીના હૃદયમાં સહજ તાન રહેતું,

''કથાવાર્તા કરી કરીને જીવને બ્રહ્મરૂપ કરવા''

''સર્વોપરી સર્વાવતારી શ્રીહરિની સર્વોપરી ઉપાસના જીવના અંતરમાં સુદઢ કરાવવી.''

''અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું''

''પાંદડે પાંદડે સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્રનું પ્રવર્તન કરાવવું.''

ગુણાતીતાનંદ સ્વામીએ જાણે મોટા પાયા ઉપર અભયદાનરૂપી મોક્ષનું સદાવ્રત માંડ્યું હતું.

સ્વામી કહેતા, ''કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો અને કદાપિ કરોડ કામ સુધર્યા અને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું ?''

સમાગમ કરાવી કરાવી જીવનું કલ્યાણ કરવાનો સ્વામીનો આગ્રહ ન ભૂતો ન ભવિષ્યતિ જેવો હતો. સ્વામી કહે છે..

''અરે ! મંદિરના રોટલા ખાઈને પણ આ જોગ કરી લેવો.''

''કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી, તેના લુગડાં મારે ધોવરાવવાં, ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું છે.''

''કૂવામાં રાઈના દાણા ભરીએ ને એક તીરવા સગ્ય ચઢાવીએ એટલા જીવનું કલ્યાણ કરવું છે.''

જીવપ્રાણીમાત્ર સુખ માટે મથે છે પણ સુખનું મૂળ ક્યાં છે ? એનું રહસ્ય સમજાવતા સ્વામી કહે છે,

“ત્રણ વાતમાં સુખ છે, એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજુ સાધુનો સમાગમ, ત્રીજુ સદ્‌વિચાર, એ સિવાય ચોથુ જીવે જે વિષયમાં સુખ માન્યું છે, એ તો દુઃખરૂપ છે માટે સુખ તો ઉપરની ત્રણ વાતમાં જ છે. વિષયમાં સુખ છે, એવી તો કોઈ મોટાએ કલમ મૂકી નથી.”

“ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો ઉડ્યો. તે પ્રકૃતિપુરુષના લોકમાં આવ્યો, એમાંથી છાંટો ઊડ્યો તે પ્રધાનપુરુષના લોકમાં અવ્યો, એમાંથી છાંટો ઉડ્યો તે વૈરાટના લોકમાં આવ્યો, એમાંથી છાંટો ઉડ્યો તે દેવતાના લોકમાં આવ્યો, એમાંથી છાંટો ઊડ્યો તે મનુષ્યલોકમાં આવ્યો.”

આ નજીવા સુખમાં જીવમાત્ર પોતાને સુખીયા માને છે એને માટે સંઘર્ષો કરે છે, એકબીજાના માથા કપાવે છે. ત્યારે સ્વામી કહે છે, “સુખ માત્રનું મૂળ કારણ ભગવાન છે. એને સુખે સુખીયા થવું.”

“ભગવાન અને આત્મા એ બે વતે સુખી થવું. સુખ માટેના બીજા અનેક પ્રકારના આધાર મૂકી દેવા.”

“બ્રહ્મરૂપ થવા માંડે એને સુખ થતું જાય છે. જેમ તડકામાંથી બળતો આવે અને ઝાડને છાંયે બેસે અને શાંતિ થવા માંડે, અને વળી જેમ ટાઢ વાતી હોય, તે અગ્નિએ તાપે ને સુખ થાય, ને વળી જેમ ભૂખ્યો હોય, તે ખાવા માંડે તેમ ભૂખ-તરસ જાય, તેમ બ્રહ્મરૂપ થવામાં સુખ રહ્યું છે. સુખીયા રહેવાને અર્થે સાંખ્યવિચાર શીખવો.”

સ્વામીના આ અમૃતવચનો અત્યંત મનનીય છે, આ વચનોમાં સુખનું રહસ્ય સમાયું છે.

સ્વામીના મુખેથી અષાઢી મેઘની એલી જેવો કથાવાર્તાના અમૃતનો વરસાદ વરસતો ત્યારે સ્વામી પાત્ર કુપાત્ર કાંઈ જોતા નહિ. આ અંગે કોઈ કહે તોપણ કહેતા, “સમજે એ પાત્ર, ન સમજે એ કુપાત્ર. અમારે તો થોડા સમયમાં હજારો જીવોના કલ્યાણ કરવા છે, એમાં પાત્ર કુપાત્ર ક્યાં ગોતવા બેસીએ ?”

સ્વામી કથાવાર્તા કરવામાં જેટલા તત્પર હતા એથી વિશેષ તેઓ કથાવાર્તા સાંભળવામાં પણ તત્પર રહેતા.

જે સારી રીતે શ્રવણ કરી શકે છે, તે જ ઉત્તમ વક્તા થઈ શકે છે. ગુણાતીતાનંદ સ્વામી ઉત્તમ શ્રોતા હતા, ઉત્તમ વક્તા હતા અને સાથે સાથે બ્રહ્મનિષ્ઠ પરમહંસ હતા. વેદોના શબ્દોમાં કહીએ તો, સ્વામી 'શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ' સદ્‌ગુરુ હતા.

ક્યારેક શ્રીજી મહારાજ રાત્રિદિવસ અખંડ કથાવાર્તાનું પ્રકરણ ચલાવતા ત્યારે ભલભલા થાકી જતા પરંતુ ગુણાતીતાનંદ સ્વામી અખંડ અને અણનમ શ્રોતા હતા.

ચકોર પક્ષી એક નજરે ચંદ્રને નીરખે એજ રીતે શ્રીહરિના મુખારવિંદના દર્શન કરતાં કરતાં એમના મુખેથી વરસતા કથાવાર્તારૂપી અમૃતરસનું પાન કરતા રહેતા હતા. એમની શ્રવણભક્તિમાં થાક કે ઊંઘનું નામોનિશાન ન હતું. સ્વામી અહર્નિશ સહજાનંદ સિંધુમાં નિમગ્ન રહેતા.

ભારતવર્ષમાં હજારો વર્ષથી શ્રવણભક્તિનો મહિમા ગવાતો રહ્યો છે. શ્રવણભક્તિને 'નાદબ્રહ્મ' અથવા તો 'બ્રહ્મનાદ' ની ઉપાસના પણ કહી શકાય છે.

ઋષિઓએ વેદોનું શ્રવણ કર્યું. એટલે વેદોનું નામ "શ્રુતિ" પડ્યું છે.

શ્રવણભક્તિનો મર્મ છે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનો સમાગમ. રામાયણમાં ભગવાન રામચંદ્રજી શબરીમાતાને કહે છે, "પ્રથમ ભક્તિ સંતન કર સંગા"

શાસ્ત્ર પ્રસિદ્ધ નવધાભક્તિમાં પણ શ્રવણભક્તિનો પ્રથમ ઉલ્લેખ છે. શ્રવણભક્તિનો અર્થ જ છે પૂર્ણ પ્યાસ સાથે સદ્‌ગુરુના મુખથી જ્ઞાનવાર્તાનું શ્રવણ કરવું, સદ્‌ગુરુનો હૃદયથી સમાગમ કરવો.

ભગવાન વેદવ્યાસ રચિત બ્રહ્મસૂત્રોનો એવો મર્મ છે કે, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના મુખથી શિષ્ય જ્યારે શ્રદ્ધાપૂર્વક વેદના 'તત્ત્વમસિ' મહાવાક્યનું શ્રવણ કરે ત્યારે એ શ્રવણમાત્રથી શિષ્યને 'અહં બ્રહ્માસ્મિ' ની અનુભૂતિ થઈ જાય. 'ઉર્વારુકમિવ બન્ધનાત્' પાકેલું ફળ ડીંટીયેથી ખરી પડે, એમ મુમુક્ષુનો આત્મા માયાના બન્ધનથી સહજતાથી અને સરળતાથી મુક્ત થઈ જાય.

શ્રવણમાત્રથી આ રીતે સદ્યોમુક્તિ અર્થાત્ 'તત્કાળમુક્તિ' ને પ્રાપ્ત કરવી એ વાત સામાન્ય માણસના મગજમાં ઉતરવી કઠણ છે. પરંતુ જે શ્રવણભક્તિના યથાર્થ રહસ્યને સમજે છે તેમને આ ઉત્તમ પ્રકારની શ્રવણભક્તિની વાત સમજવી જરાય કઠણ નથી.

ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી કથાવાર્તાનું શ્રવણ કરતા કરતા મુમુક્ષુઓ

સદ્યોમુક્તિને પ્રાપ્ત કરતા એના અનેક ઉદાહરણો પ્રસિદ્ધ છે.

સ્વામી જ્યારે રંગમાં આવી જઈને શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવતા ત્યારે એ બ્રહ્મનાદના શ્રવણથી અનેક સંતો-ભક્તો ઉન્મત્ત બની જતા, સમાધિ લાગી જતી અને નિર્ગુણ, નિરાવરણ સ્થિતિને પ્રાપ્ત કરતા હતા પછી એમના પંચભૂતના દેહને માયાના કોઈ આવરણ નડી શકતા નહોતા. ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી વહેતા 'બ્રહ્મનાદ' ની આ અદ્‌ભૂત તાકાત હતી.

આ અંગેના કેટલાક ઉદાહરણો આ ગાથામાં આપવામાં આવેલા છે.

## સ્વભાવ ટાળી નિર્વાસનિક કરવાનું તાન

આંબલીયાના બીજ ઉપરથી ફોતરાને દૂર કરવું હોય તો આંબલિયાને અગ્નિમાં શેકવો જ પડે. એજ રીતે સ્વભાવો ટાળી બ્રહ્મરૂપ થાવું હોય તો સદ્‌ગુરુના વચનરૂપી અગ્નિનો તાપ સહેવો જ પડે.

બીજ ઉપરથી ફોતરું અલગ કરવું સહજ વાત છે પણ માયાના આવરણો ટળવા ભારે મુશ્કેલ છે.

સ્વામી વાતોમાં કહે છે, "માયા તો વજ્રસાર જેવી છે."

ધરતીની માટી ખોદી શકાય, કાળમીંઢ પથ્થરાઓ ખોદી શકાય પરંતુ વજ્રની ધરતીને ખોદવાનું કામ ભલભલા યંત્રોથી પણ શક્ય નથી.

ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એવી ગજબની તાકાત હતી કે, એમના મુખેથી ઉદ્‌ભવતા બ્રહ્મનાદને સાંભળવા માત્રથી માયાની વજ્ર જેવી વાસના પળવારમાં ચકના ચૂર થઈ જતી હતી અને જીવ નિરાવરણ બની બ્રહ્મરૂપ થઈ જતા હતા. ધર્મજગતના ઈતિહાસમાં બ્રહ્મનાદની આવી શક્તિનું દર્શન અત્યંત દુર્લભ છે.

સ્વામી મુમુક્ષુના સ્વભાવ ટાળવા માટે વચનરૂપી અગ્નિની આંચ આપવામાં જરાય કચાશ રાખતાં નહોતા.

સ્વામીની સ્વભાવ ટાળવા ઉપરની વાતો દેહાભિમાનીઓને ભારે આકરી લાગતી, પરંતુ સાચા મુમુક્ષુઓને માટે એ કડવી વાતો ઉત્તમ અમૃત સમાન લાગતી હતી. પોતાની પાસે રહેનારા શિષ્યોની કચાશ કાઢવામાં સ્વામી કોઈ કસર રહેવા દેતા નહિ. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી સ્વામી એના ઉદાહરણો છે.

નવધા ભક્તિ અથવા તો મંદિર અંગેની વિવિધ સેવા પ્રવૃત્તિમાં જોડાયેલા સંતોને સ્વામી કથાવાર્તાથી સતત જાણપણું આપતા અને સેવારૂપી પ્રવૃત્તિમાં પણ મહારાજની મૂર્તિનું સ્મરણ ચૂકવા દેતા નહિ.

સ્વામી કહેતા, “મહારાજે ધૂંધૂંબાજ મારગ ચલાવ્યો છે, તે શું જે, મંદિર,મેડીયું, ઘોડા, ગાડા આદિ અનેક વાતું પ્રવર્તાવી છે પણ પોતાનો સિદ્ધાંત ‘જે કરવાનું છે‘ તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત તે શું જે, “નિર્વાસનિક થાવું અને ભગવાનમાં જોડાવું.” પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ પણ અંતે કરવાનું એ છે.” જૂનાગઢની હવેલીનું કામ ચાલતું હતું ત્યારે જાગા ભગત બેલા ઘડવાનું કામ કરતા હતા. સ્વામીએ કહ્યું, “ભગત ! બે બેલા ઓછા ઘડાય એની ચિંતા નહિ પણ મહારાજની મૂર્તિ સંભારીને ક્રિયા કરવી.”

સ્વામીની વાત સાંભળીને જાગા ભગત સાવધાન થઈ ગયા.

સ્વામી ભારે નિર્ભીક હતા. સાચી વાત કહેવામાં એ કોઈની શેહશરમ રાખતાં નહિ, પછી એ સાધુ હોય તોય ભલે, શિવલાલભાઈ જેવો નગરશેઠ હોય તોય ભલે અને રઘુવીરજી મહારાજ કે અવધપ્રસાદજી મહારાજ જેવા આચાર્ય હોય તોય ભલે.

બોટાદના શિવલાલ શેઠ સમાગમ કરવા આવ્યા અને કથાવાર્તા છોડી બહાર ગયા, સોનાની લે-વેચ કરી અને સાધુ-સંતો માટે રસોઈની વ્યવસ્થા કરીને આવ્યા, તો સ્વામી રાજી ન થયા, ઉલટાનો ઠપકો આપતા કહ્યું, “શિવલાલ ! કોઈ દિ કરોડ મણ ઢૂંહાની કમાણી કરીએ એવો સંકલ્પ થાય છે ? તમે એટલી ઘડી આવા સાધુના દર્શન અને વાતું મૂકીને શી કમાણી કરી ?”

એકવાર સ્વામી ઘોઘાવદર ગામના પાદરમાં શંકરની ડેરીએ વિશ્રામ લેવા બેઠા હતા. સ્વામીના સહજ સ્વભાવ પ્રમાણે કથાવાર્તાનું શ્રવણ એજ એમનો સાચો વિશ્રામ હતો. સ્વામીએ ગ.પ્ર.-૨૩, ગ.મ.-૩૦,૪૫ અમદાવાદ -૨,૩ આ પાંચ વચનામૃત વંચાવ્યા.

વચનામૃતનું શ્રવણ કરતા સ્વામી બેઠા થઈ ગયા અને બોલ્યા, “ઓહો ! આ વચનામૃત તો જાણે સાંભળ્યા જ નહોતા. ફરીથી વાંચો.” સ્વામીની આજ્ઞાથી વચનામૃત ફરીથી વાંચવામાં આવ્યા.

વચનામૃતનું રહસ્ય સમજાવતા સ્વામી બોલ્યા, “આમાં કહ્યું છે એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય, કે

ભગવાનનો પુત્ર હોય, કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય પણ એમ કર્યા વિના છૂટકો નથી.....''

## સાધુતાની મૂર્તિ સ્વામી

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પંચવર્તમાનમાં પૂરા શૂરા સંત હતા. સ્વામીના ત્યાગ વૈરાગ્ય અને ધર્મનિષ્ઠા આકરા બાણ જેવા હતા. ધર્મપાલનની નાની કસર પણ સ્વામી ચલાવી લેતા નહીં. આશ્ચર્યની વાત એ છે કે સ્વામીની ધર્મનિષ્ઠા ભારોભાર વિવેકથી ભરેલી હતી.

મહારાજ ધામમાં ગયા ત્યારબાદ સ્વામી ગળ્યું, ચીકણું ખાતા નહિ, દૂધમાંથી બનેલી વસ્તુનો તો સ્વામીએ મહારાજ હતા ત્યારથી ત્યાગ કર્યો હતો છતાં પ્રસંગ આવતો ત્યારે પ્રેમીભક્તનો ભાવ સાચવવા કે રઘુવીરજી મહારાજ જેવા પવિત્ર આચાર્યનું માન સાચવવા પીરસાયેલા પદાર્થને સહેજ ચાખી તુરત જ બીજાને આપી દેતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી મહાસમર્થ સંત હતા, છતાંય ક્ષમાની મૂર્તિ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, ''સમર્થ થકાં ઝરણા કરવી એ મહાપુરુષ વગર થઈ શકે નહિ.''

ઝરણાનો અર્થ છે, ''કોઈ ગમે તેવો અપરાધ કરે તોપણ હૃદયથી ક્ષમા કરી જતું કરવું.''

ગુણાતીતાનંદ સ્વામી આવા ઝરણા પરાયણ સંત હતા. એમણે અપરાધીઓનું પણ ભલું થાય એવી મંગલ કામનાઓ સેવી હતી.

માર મારી હડહડતું અપમાન કરનારાઓને પણ એમણે આશીર્વાદ આપી દીકરાના દાન દીધા હતા. આ અંગેના અનેક ઉદાહરણો આ ગાથામાં આપવામાં આવ્યા છે.

## અસલ ગુણાતીત વારસો

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીમાં અમોઘ ઐશ્વર્ય સહજ ભાવે રહેલું હતું; જેમ ફૂલોમાંથી સુગંધ પ્રસરે એમ એ ઐશ્વર્ય પ્રસંગોપાત્ પ્રગટતું રહેતું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનો હૃદગત અભિપ્રાય સ્વામીને સમજાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જે રહસ્ય ઘુંટી ઘૂંટીને સ્વામીને પાયું હતું એજ રહસ્ય અને જ્ઞાનનો વારસો સ્વામીએ પોતાના મુખ્ય શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજીને સોંપ્યો હતો. સ્વામી બાલમુકુંદદાસજીએ પણ ગુણાતીત પરંપરાના એ અસલ વારસાનું સારી રીતે જતન કરીને ઉત્તરવર્તી શિષ્યોમાં પ્રવર્તાવ્યો હતો.

ગુણાતીતાનંદ સ્વામીનો હૃદગત અભિપ્રાય 'સ્વામીની વાતો' માં સમજાવેલો છે. મુમુક્ષુઓએ આ વાતોનો અવશ્ય પાઠ કરવો જોઈએ.

સ્વામીની વાતો પહેલા બે પ્રકરણમાં પછી ત્રણ પ્રકરણમાં, પછી પાંચ પ્રકરણમાં પ્રકાશિત થયેલી છે. ત્યારબાદ છાસમાં પાણી ભળે એમ ઉત્તરોત્તર એ પ્રકરણોમાં વધારો થતો ગયો છે.

જૂનાગઢથી સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ વડતાલ ગાદીના આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી છપાવેલ પાંચ પ્રકરણની વાતો વિશેષ પ્રમાણભૂત મનાય છે.

## સદ્‌ગુરુ ગાથા ભાગ-૧

આવા મહાન સદ્‌ગુરુ અ.મૂ.ગુણાતીતાનંદ સ્વામીના અમોઘ ઐશ્વર્ય પ્રતાપથી ભરેલ જીવનને આ સદ્‌ગુરુ ગાથા ભાગ-૧ ના માધ્યમથી આપ સર્વે સમક્ષ પ્રસ્તુત કરતા હૃદય કૃતાર્થતા અને કૃતજ્ઞતા અનુભવી રહ્યું છે.

અખંડ ભગવદ્‌ પરાયણ પૂજ્ય જોગી સ્વામીના ૧૦૮ વર્ષના ઉપલક્ષ્યે આયોજીત 'સદ્‌ગુરુ વંદના મહોત્સવ' ના અનુસંધાને 'સદ્‌ગુરુ ગાથા' ગ્રંથશ્રેણી પ્રકાશિત કરવાનો શુભસંકલ્પ કરવામાં આવ્યો.

આ સદ્‌ગુરુ ગાથા ગ્રંથ શ્રેણીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય કૃપાપાત્ર અને અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પર્યંત સદ્‌ગુરુઓની ગાથાઓ આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સદ્‌ગુરુ ગાથા ગ્રંથશ્રેણીના આ પ્રથમ ભાગમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન નિરુપાયુ છે.

કથા-વાર્તાના મારા સતત વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન લખવું મારા માટે કઠિન હતું. સૌથી મોટી સમસ્યા તો સમયની હતી. બીજુ સ્વામીના સાગર જેવા જીવનને શબ્દોની ગાગરમાં ઉતારવું, એ એથી પણ કપરી

વાત હતી. સદ્‌ગુરુઓની કૃપાથી જ આ કાર્ય થોડેઘણે અંશે શક્ય થયેલ છે.

સદ્‌ગુરુ ગાથા ગ્રંથશ્રેણીના પ્રથમ સોપાન રૂપે આ ગ્રંથ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના અત્યંત પ્રિય સંત 'નિર્ગુણાનંદ' અર્થાત્ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના ચરણમાં અર્પણ કરતાં ખૂબ જ આનંદ થઈ રહ્યો છે.

કવિ-કુલગુરુ કાલિદાસે રઘુવંશ મહાકાવ્યના આરંભે કહ્યું છે.

क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः ।
तीतीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥

'સૂર્યકુળમાં ઉત્પન્ન થયેલો મહાન્ રઘુવંશ ક્યાં ? અને મારી અલ્પબુદ્ધિ ક્યાં ? નાના નાવડાંને લઈ કોઈ સાગર તરવા મથે એવી મારી દશા છે.'

ખરેખર, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન લખતી વખતે કવિ કુલગુરુ કાલિદાસની આ વાત મેં સાક્ષાત્ અનુભવી છે.

ભગવાન શ્રી સહજાનંદ સ્વામી રૂપી સિંધુમાંથી પ્રગટેલી ગુણાતીત જ્ઞાનધારાના જ્યોતિર્ધરોના જીવન લખવા મારા માટે નાનકડાં નાવડાથી સાગર તરવા જેવી વાત છે, છતાં પણ મારું સાધુ-જીવન આ પરંપરામાં પાંગર્યું છે, આ પરંપરાથી પોષાયું છે, આજે હું જે કંઈ છું તે આ પરંપરાના મહાન સદ્‌ગુરુઓના આશીર્વાદને લીધે છું. માટે એ ઋણને અલ્પાંશે અદા કરવાના હેતુથી આ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે આ સદ્‌ગુરુ ગાથા મુમુક્ષુઓને માટે મોક્ષમાર્ગના ભોમિયાની ગરજ સારશે.

## ઉપદેશ પ્રધાન લેખન શૈલી

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સાગર જેવા જીવનને આલેખવામાં અનેક સંદર્ભ ગ્રંથોએ મારા માટે નૌકાની ગરજ સારી છે. માટે હું આ બધાનો અંતઃકરણથી આભાર માનું છું અને કૃતજ્ઞતા વ્યક્ત કરુ છું. આ અંગે સંદર્ભગ્રંથોની સૂચી પરિશિષ્ટ નં. ૬ માં આપેલ છે.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનને વર્ષવાર ક્રમબદ્ધ કરવું ખૂબજ કપરું કાર્ય છે. હર્ષદભાઈ દવે એ માટે અષાઢી સંવત્નો આધાર લઈ ચાલ્યા છે. કેટલાંક અન્ય સંદર્ભ ગ્રંથોમાં વિક્રમ સંવત્નો આધાર લેવામાં આવ્યો છે.

અષાઢી સંવત્નો આરંભ અષાઢ મહિનાની સુદી બીજ એટલે કે રથયાત્રાના

દિવસથી થાય છે. આ અષાઢી વર્ષ હાલારી વર્ષ અથવા તો કચ્છી વર્ષ તરીકે પણ પ્રસિધ્ધ છે.

વિક્રમ સંવત્‌નો આરંભ કારતક માસની સુદી પ્રતિપદાથી થાય છે. એટલે આ બન્ને પધ્ધતિઓમાં અષાઢથી માંડીને કારતક સુધીના ચાર મહિનાની સાલ નિર્ણયમાં ફેરફાર રહે તે સહજ છે.

ભક્તચિંતામણિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી જેવા મહાન સંતે પણ શ્રીહરિના જીવનચરિત્રોને સાલવાર ક્રમબદ્ધ કરવામાં ભારે મુંઝવણ અનુભવી છે. એમણે નિખાલસ ભાવે કહ્યુ છે ‘અનુક્રમનો નથી મેળ.‘

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના જીવનને ઉપરના સંદર્ભ ગ્રંથોમાં સાલવાર નિરુપણ કરવાનો પ્રયાસ થયો છે પણ મને લાગે છે કે આ અંગે હજુ વિશેષ સંશોધન કરવું પડે તેમ છે.

આ સદ્‌ગુરુ ગાથામાં વિક્રમ સંવત્‌ને આધારે ચાલવાનો પ્રયત્ન કર્યો છે. એટલે એમાં કોઈ કોઈ પ્રસંગોની સાલમાં ભેદ રહે તે સહજ છે. એજ રીતે સંદર્ભ ગ્રંથોમાં ઘણી જગ્યાયે ગામના નામો અને પાત્રોના નામોમાં પણ ઘણાં ફેરફાર જોવા મળે છે. એ જમાનામાં આજના જેવા સંપર્ક સૂત્રો નહોતા એટલે એ ફેરફાર પણ સ્વાભાવિક છે.

સ્વયં શ્રીહરિના જીવનમાં પણ આવા અસંખ્ય ફેરફારો જોવા મળે છે. સમય, સ્થળ, પાત્રની ચોક્કસાઈ હોય એ ઈચ્છનીય છે છતાં સંજોગવશાત્ એવી ચોકસાઈ ઘણીવાર અશક્ય બને છે.

પશ્ચિમના સાહિત્યકારોએ ‘ઘટના પ્રધાન‘ ગ્રંથો લખ્યા છે. આ શૈલીમાં સ્થળ-સમયનું પ્રાધાન્ય હોય છે. પશ્ચિમનો ઈતિહાસ અઢી ત્રણ હજાર વર્ષથી જૂનો નથી એટલે એમાં સ્થળ, સમય વગેરેની ચોક્સાઈ શક્ય છે. પરંતુ ભારતના પ્રાચીન સાહિત્યકારોએ યુગો, મન્વન્તરો અને કલ્પોની ગાથા લખી છે. જેમાં સ્થળ, સમય, તારીખ, વાર, તિથિ, વર્ષ વગેરેની આંખના મટકાના જેમ તો કાંઈ ગણતરી જ ન હોય.

આ સંદર્ભમાં પ્રાચીન ઋષિમુનિઓએ એક આગવી શૈલી અપનાવી. જેને ‘ઉપદેશ પ્રધાન શૈલી‘ કહેવામાં આવે છે. આ શૈલીમાં ઘટના ક્યારે ઘટી ? આ બાબત ઉપર ભાર દેવાને બદલે ‘પ્રસંગ ઉપરથી જીવનને ઉર્ધ્વગામી બનાવે એવો

શો ઉપદેશ મળ્યો ?' આ બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

ભારતના પ્રાચીન સાહિત્યકારોની આ આગવી દ્રષ્ટિ ભારે મહત્ત્વની છે. છતાં જ્યાં શક્ય હોય ત્યાં પાશ્ચાત્ય શૈલીનો સંગમ કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે છે.

આ ગ્રંથોમાં સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના જીવન આલેખનમાં પણ 'ઉપદેશ પ્રધાન શૈલી'ને અનુસરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જેમ કે બોટાદના શીવલાલભાઈના પ્રસંગો જુદી જુદી સાલમાં બન્યા છે, પરંતુ એમાં સાલવાર ક્રમ જાળવવાને બદલે એ બધા પ્રસંગો એક સાથે લખવામાં આવ્યા છે.

આ પ્રસંગોમાં સાલ કરતાય 'ગુરુ શિષ્યનો દિવ્ય સંબંધ,' 'શિષ્યની ઉત્કૃષ્ટ શ્રદ્ધા, સમર્પણ,' 'સદ્ગુરુની કૃપાથી શિષ્યે પ્રાપ્ત કરેલી ઉત્તમ ભાગવતી અવસ્થા' વગેરે વિષયો વધારે મહત્ત્વના છે. એજ રીતે ભક્તોનાં નામવાર તેમજ ગામવાર પ્રસંગો વિવિધ વર્ષોમાં બન્યા હોય પરંતુ અહીં સાથે આપવામાં આવ્યા છે.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન સાગર જેવું વિશાળ છે. એથી સ્વામીના જીવનના અનેક પ્રસંગો આમાં સમાવી શકાયા નથી તે બદલ વાચકો ક્ષમા કરે.

ગુણાતીત પરંપરામાં સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજી છે. આ વાત પ્રસિધ્ધ છે. સદ્ગુરુ ગાથા ભાગ-૨માં સ્વામી બાલમુકુંદદાસજીનું વિસ્તૃત જીવન આલેખાયેલ છે. પુનરાવર્તન ન થાય એ માટે એ પ્રસંગો ભાગ-૧ માં લેવામાં આવ્યા નથી.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અનેક સંતો, પાર્ષદો અને બ્રહ્મચારીઓ હતા. એમના પવિત્ર જીવનની ટૂંકી નોંધ પણ આ ગ્રંથના પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

ઉપરાંત, ભક્તજનોને દર્શન વગેરેમાં અનુકૂળતા થાય એટલા માટે જૂનાગઢ મંદિર, જૂનાગઢ શહેર તેમજ જૂનાગઢ બહારના શ્રીજી પ્રસાદીના સ્થળા તથા મંદિરમાં રહેલ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓની ટૂંકી નોંધ પણ આ ગ્રંથના પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

સદ્ગુરુ ગાથા શ્રેણીના આ ભગીરથ પ્રકાશન કાર્યમાં સંદર્ભગ્રંથો મેળવવાની આવશ્યક્તા હતી.

રાજકોટના દેવ ઉત્સવ મંડળના અગ્રણી ભકતરાજ જીતુભાઈ રાધનપુરા, પંચાળાના કોઠારી સદ્‌ગુરુ સ્વામી શ્રીયોગેશ્વરદાસજી, કુંડળના પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામીના મંડળના સંતો પૂજ્ય બ્રહ્મ સ્વામી વગેરેએ આ ગ્રંથ પ્રકાશનમાં ઉપયોગી થાય એવી ઘણી સામગ્રી પૂરી પાડી છે. આ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ પ્રકાશનમાં ઘણીબધી આધારભૂત માહિતી મેળવી આપવા બદલ તેમજ માર્ગદર્શન આપવા બદલ પુરાણી સ્વામી હરિસ્વરુપદાસજી (ગુરુકુલ મેમનગર), ધોરાજીના પૂજ્ય પુરાણી સ્વામી મોહનપ્રસાદદાસજી સ્વામી, પીપલાણાના પૂજ્ય મોહનપ્રસાદદાસજી સ્વામી, શાસ્ત્રી સ્વામી બાલકૃષ્ણદાસજી (મંત્રપીઠ ફરેણી), સ્વામી નીલકંઠચરણદાસજી (શ્રી સ્વા. મીશન સુરત), સ્વામી વિવેકસાગરદાસજી (શ્રી સ્વા. મંદિર રાજકોટ), વડિયાના પૂજ્ય રામકૃષ્ણદાસજી સ્વામી વગેરે અનેક સંતો તથા હરિભક્તોનો આભાર માનીએ છીએ.

SGVP ના પવિત્ર સંતો સ્વામી યજ્ઞવલ્લભદાસજી, સ્વામી મુનિવત્સલદાસજી, સ્વામી નરનારાયણદાસજી, પાર્ષદ શામજીભગત વગેરે યુવાન સંતોની ટીમે સંશોધન, લેખન તેમજ મુદ્રણકાર્યમાં ઉત્સાહથી સેવા બજાવેલી છે.

ગ્રંથના પ્રૂફ રીડીંગ કાર્યમાં શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા, શ્રી રમણીકભાઈ રુપારેલીયા, શ્રી જનકભાઈ ઠક્કર વગેરેએ સેવા બજાવેલી છે.

પ્રકાશન કાર્યમાં હરિકૃષ્ણ ગ્રાફિક્સ દ્વારા ટાઈપ સેટીંગ, લે-આઉટ, પ્રિન્ટીગમાં સહયોગ પ્રાપ્ત થયો છે.

આ તમામ સંતો-ભક્તોનો આભાર માનીએ છીએ.

- સ્વામી માધવપ્રિયદાસજી

## અક્ષરબ્રહ્મનું અવતરણ



## સહજાનંદના સંગમાં

## જૂનાગઢ મંદિરના મહંતપદે



## ચારણના સમઢિયાળાના ભોજા ભગત ૧૧૨

## અલમસ્ત ઓલીયા



## ટીંબીના અમરા ભગત



## જૂનાગઢના દીવાન બાઉદ્દીનજી



## સદ્‌ગુરુ તારણહાર

## બેય સમૈયા વરતાલમાં



## વડતાલની ઐતિહાસિક છાવણીની ભૂમિકા



## માણસાના વાલેરા વરુ ૨૫૪

## દાડમાના નથુ ભટ્ટ ૨૭૦



## ઉપલેટાના પ્રસંગો



## સંસાર જેમને સ્પર્શ્યો નહીં

## ઉનાના પ્રસંગો



## માળીયાના આંબાવાડીયા



## શબ્દ બ્રહ્મથી સાક્ષાત્કાર

## કથાવાર્તાની પ્યાસ



## ગણોદ દરબાર અભયસિંહજી ૩૩૫



## કાલસારીના કોળીઓમાં સત્સંગ ૩૪૩



## આખાના લાડકીબાઇ



## આનંદ સ્વામીની સાક્ષીએ ૩૫૬

## હાલારના મુક્ત રામ ભંડેરી ૩૮૨



## ગઢપુર તથા જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા



## બોટાદના શિવલાલ શેઠ

## વંથલીના કલ્યાણભાઇ



## લોધિકાના આભયસિંહજી



## સ્વામી ! હવે ધામમાં મળીશું

## તોરીના પ્રસંગો



## નવી ધર્મશાળાનું બાંધકામ



## સાંકળી તથા બગસરાના મંદિરોનું નિર્માણ



## વડતાલની ઉપાધી

## પરિશિષ્ટ - ૧



## પરિશિષ્ટ - ૨

**સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર સંતો, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો**

## પરિશિષ્ટ - ૩



## પરિશિષ્ટ - ૪



## પરિશિષ્ટ - ૫



## પરિશિષ્ટ - ૬

# અક્ષરબ્રહ્મનું અવતરણ

## ભારતની ભાગ્યવંતી ભોમકા

ભારતવર્ષ સંતોની ભૂમિ કહેવાય છે. ભારતની સંત-શક્તિએ ધર્મક્ષેત્રને સદૈવ હર્યુંભર્યું રાખ્યું છે. ભારતમાં જેટલા સંતો થયા છે, એટલા કદાચ વિશ્વમાં ક્યાંય થયા નથી.

એમાં પણ અઢારમી સદીની તો વાત જ નોખી છે. અઢારમી સદીમાં જેટલા સંતો પ્રગટ્યા છે, એટલા બીજા સૈકામાં ભાગ્યે જ  થયા છે.

મોરેશિયસમાં બોટાનિકલ ગાર્ડન છે. આ ગાર્ડનમાં પામ-ફેમીલીનું એક વૃક્ષ થાય છે, જેમાં સો વર્ષે ફૂલ આવે છે. એ ફૂલ લગભગ પંદર ફૂટ લાંબું હોય છે અને ત્રણ અઠવાડિયા સુધી રહે છે. એ ફૂલને જોવા માટે દુનિયાભરથી માણસો આવે છે.

મોરેશિયસની સરકારે બબ્બે-ત્રણ ત્રણ વર્ષને અંતરે આવા પામ-ટ્રી વાવેલા છે. જેથી થોડા થોડા સમયના અંતરે આવા ફૂલોનું દર્શન સુલભ રહે છે.

સો વર્ષે આવતું ફૂલ આખા બગીચાની રોનક બદલી નાખે છે, એ જ રીતે એક સૈકામાં એક સંત પ્રગટે તો આખો સૈકો સુગંધથી છલકાઈ જાય છે.

અઢારમી સદી સંતોની સુગંધથી ભરેલી રહી છે. એમાં પણ ભગવાન સ્વામિનારાયણને ત્યાં એક નહિ, સેંકડો સંતો એક સાથે પ્રગટ થયા હતા.

હીરાની ખાણમાં છૂટા છવાયા એકાદ-બે હીરા મળે ! પણ જો એક સાથે અતિ કિંમતી હીરાઓનો જથ્થો હાથમાં આવી જાય, તો એ ભારે નસીબની વાત કહેવાય !

ભગવાન સ્વામિનારાયણે ધરતી ઉપર પારસમણિઓની ખાણ પ્રગટાવી હતી, જે પારસમણિઓના જોગમાં આવતા હજારો મનુષ્યો સોના જેવા શુદ્ધ થયા હતા.

એમાંના એક સંત હતા અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી.

## સિદ્ધયોગી આત્માનંદજીના આશીર્વાદ

સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતમાં જામનગર તાબામાં લતીપુર નામે ગામ આવેલું છે. મહાન સિદ્ધ આત્માનંદ સ્વામીના કેટલાક શિષ્યો વલ્લભજી જાની, સુખદેવ દવે, રામભાઈ સુતાર, ગગાભાઈ સુતાર, હરિભાઈ ખત્રી અને નાનદાસ પટેલ વગેરે આ લતીપુર ગામમાં રહેતા હતા.

આમાં વલ્લભજી જાની ઔદિચ્ય જ્ઞાતિના સંસ્કારી યજુર્વેદી બ્રાહ્મણ હતા. તેમને કાંઈ સંતાન નહોતું.

વિ. સં. ૧૮૦૪ ની સાલ હતી. આત્માનંદ સ્વામી લતીપુર પધાર્યા હતા. વલ્લભજીએ ગુરુદેવ પાસે પોતાના મનની વાત રજૂ કરી અને સંતાન થાય, એવા આશીર્વાદ આપવા વિનંતી કરી.

આત્માનંદ સ્વામીએ પ્રસન્ન થઈને કહ્યું, “વલ્લભ ! તું સોમનાથ મહાદેવનું પૂજન કરી એમની પ્રસન્નતા મેળવ. ભોળાનાથની ભક્તિથી તારે ત્યાં સંતાન થશે.”

ગુરુવચનમાં વિશ્વાસ રાખી વલ્લભ જાનીએ પૂરો શ્રાવણ માસ સોમનાથ મહાદેવનું પૂજન કર્યું.

સદ્‌ગુરુની કૃપા અને ભોળાનાથની ભક્તિથી વિ. સં. ૧૮૦૬ માં એમને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ ભોળાનાથ રાખવામાં આવ્યું.

વિ. સં. ૧૮૧૪ ના પોષ માસમાં ભોળાનાથને યજ્ઞોપવીત આપવાનો પ્રસંગ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે આત્માનંદ સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભોળાનાથના અંતરમાં બાળપણથી જ વૈરાગ્ય હતો. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી શાસ્ત્રોના અધ્યયનમાં જ જીવન ગાળવા માગતા હતા.

નાના ભોળાનાથે આત્માનંદ સ્વામીના ચરણોમાં વંદન કરીને પોતાનો સંકલ્પ જણાવ્યો અને એ માટે રજા માગી.

સ્વામી આત્માનંદજી ભવિષ્યદૃષ્ટા સંત હતા. હાથમાં આમળાની પેઠે એ ભવિષ્યને જોઈ શક્તા હતા. એમણે કહ્યું, “ભોળાનાથ ! તારે બ્રહ્મચર્ય પાળવાનું નથી, તારે યોગ્ય ઉંમરે ગૃહસ્થાશ્રમ કરવાનો છે. ભવિષ્યમાં તારે ત્યાં મહાન પુત્ર અવતરવાનો છે. એ પુત્ર પ્રગટ પુરુષોત્તમ નારાયણનો આશ્રિત બનશે અને વિશ્વમાં વખણાશે.” આ સમયે બાજુમાં ઊભેલા સુખદેવ દવેએ આત્માનંદ સ્વામીને પ્રાર્થના કરી કે, “ગુરુદેવ ! હું ઘરભંગ છું. મારે એક માત્ર પાંચ વર્ષની દીકરી છે. સાકર એનું નામ છે. તમે એને આશીર્વાદ આપો.”

આત્માનંદ સ્વામીએ કહ્યું, "તારી પુત્રીને તેડી લાવ."

સુખદેવ દવે પોતાની પુત્રીને તેડી આવ્યા અને સ્વામીને પગે લગાડી.

આત્માનંદ સ્વામીએ દીકરીના માથા ઉપર હાથ મેલી આશીર્વાદ આપતા કહ્યું, "સુખદેવ ! આ દીકરી તો મહાન ભાગ્યશાળી છે. તારે આ દીકરી ભોળાનાથ સાથે પરણાવવાની છે. અમે ભોળાનાથને પુત્રનો આશીર્વાદ આપ્યો છે. એ આ સાકર દ્વારા પૂર્ણ થશે."

આત્માનંદ સ્વામીના બીજા શિષ્યો પણ હાજર હતા. એમણે પણ આત્માનંદ સ્વામીને વિનંતી કરી કે, "ગુરુદેવ ! અમને પણ આવા રૂડા આશીર્વાદ આપો."

પૂર્ણિમાના દિવસે સાગર હિલોળે ચઢે, એમ આત્માનંદ સ્વામીને આજે પોતાના શિષ્યોને ન્યાલ કરી દેવાની મોજ ચડી હતી.

સ્વામીએ બધાને આશીર્વાદ આપતાં કહ્યું, "તમારા બધાના પુત્ર-પરિવારને પણ પ્રગટ ભગવાનનો જોગ થશે અને ઈતિહાસમાં એમની નામના અમર થશે."

## લતીપુરનો ત્યાગ

આત્માનંદ સ્વામી વચનસિદ્ધ યોગીપુરુષ હતા. એમના આત્માની ઊંચાઈને લતીપુરના ગ્રામજનો સમજી શક્યા નહિ. તેઓ તો આ મહાન સંતને કામણ-ટુમણીયા અને જાદુગરા માનતા હતા, એટલે સ્વામી અને એમના શિષ્યો સાથે ભારે શંકા-કુશંકા, દ્વેષ રાખતા હતા.

એક વખત આ અનાડી ગ્રામજનોએ આત્માનંદ સ્વામીનું અપમાન કર્યું, પરિણામે સ્વામીએ લતીપુર ગામ છોડી દીધું.

આત્માનંદ સ્વામીના શિષ્યો આ ઘટનાથી ખૂબ દુઃખી થયા. તેઓ સ્વામીને વળાવવા માટે ગામના પાદર સુધી સાથે ચાલ્યા. જ્યાં બધા ગામના પાદરમાં પહોંચ્યા ત્યાં વાછરડાએ સહિત ગાય સામે મળી.

એક શિષ્યે કહ્યું, "સ્વામી ! શુકન સારાં થઈ રહ્યા છે."

સ્વામીએ કહ્યું, "સાચી વાત છે. શુકન સારાં છે. આજે ઠેર ઠેર મુક્તોના વૃંદ અવતરી રહ્યા છે અને પ્રગટ પુરુષોત્તમ નારાયણ પણ પૃથ્વી ઉપર પધારવાના છે. ટૂંક સમયમાં જ અધર્મનો નાશ થશે અને સદ્ધર્મની સ્થાપના થશે. તમે બધા નીડર રહેજો, હિંમત રાખજો અને હરિભજન કરજો." આટલું કહી સ્વામી મેખાટીંબી ગયા.

આ બાજુ લતીપુરના અજ્ઞાની લોકોએ આત્માનંદ સ્વામીના શિષ્યોને હેરાન-પરેશાન કરવાનું ચાલુ રાખ્યું, પરિણામે છ એ છ શિષ્યો લતીપુરનો ત્યાગ કરી બીજે રહેવા ગયા.

વલ્લભ જાની અને ગગાભાઈ સુતાર ભાદરા ગામે રહેવા ગયા.

રામભાઈ સુતાર શેખપાટ જઈને વસ્યા.

સુખદેવ દવે અને હરિભાઈ ખત્રીએ કાલાવડમાં નિવાસ કર્યો.

નાનદાસ પટેલ કાઠિયાવાડ છોડી કાનમ દેશમાં ગોરવા ગામે ગયા.

નાનદાસ પટેલને ત્યાં એક પુત્ર થયો, જેનું નામ જીવરાજ હતું. સમય જતાં જીવરાજભાઈ જસદણ જઈને વસ્યા હતા. તેઓ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

એમને ત્યાં બે પુત્રો થયા અને બંને પુત્રો ભગવાન સ્વામિનારાયણના મહાન સંત થયા, જેમાં એકનું નામ ભગવદાનંદ સ્વામી હતું અને બીજાનું નામ યોગાનંદ સ્વામી હતું. શેખપાટ ગામે રહેવા ગયેલા રામજી સુતારને ત્યાં એક મહાન આત્માએ જન્મ ધારણ કર્યો.

એ આત્મા બીજો કોઈ નહિ, પરંતુ ભારતવર્ષનું નામ જેના નામ ઉપરથી પડ્યું, એ ચક્રવર્તી સમ્રાટ ભરત સ્વયં હતા. રામજી સુતારે આ પુત્રનું નામ લાલજી રાખ્યું હતું અને એ લાલજી એટલે વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી.

ભાદરામાં નિવાસ કરતા ગગાભાઈ સુતારને ત્યાં વશરામ સુતાર નામે મહાન ભક્ત થયા. કાલાવડમાં હરિભાઈ ખત્રીને ત્યાં જાદવજી ખત્રી નામે પુત્ર થયા. તેઓ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના ઉત્તમ એકાંતિક ભક્ત હતા. આ રીતે સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીના આશીર્વાદ પોતાના છ એ છ શિષ્યોને ફળ્યા હતા.

## રામાનંદજીની આજ્ઞામાં રહેજો

વિ. સં. ૧૮૨૨ ની સાલ હતી. કાલાવડમાં સુખદેવ દવેના પુત્રી સાકરબાઈ સાથે ભોળાનાથના લગ્ન થઈ રહ્યા હતા.

આ માંગલિક પ્રસંગે સદ્‌ગુરુ આત્માનંદ સ્વામી આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

લગ્નવિધિ પૂર્ણ થયા બાદ જ્યારે ભોળાનાથ અને સાકરબાઈ સ્વામીને પગે લાગવા આવ્યા ત્યારે સ્વામીએ વર્ષો પહેલાના પોતાના આશીર્વાદને દોહરાવીને

કહ્યું, "સાકર ! તારે ત્યાં એક નહિ, બે મહાન પુત્રો થશે, બંનેને પ્રગટ ભગવાન મળશે. બંને મહાન સંત થશે. તેમાં મોટા પુત્ર તો સ્વયં અક્ષરબ્રહ્મનો અવતાર હશે. એટલું જ નહિ, પ્રગટ પુરુષોત્તમ નારાયણ તારે ઘરે પધારશે અને તારા હાથનો થાળ જમશે." સુખદેવ દવેએ આત્માનંદ સ્વામીના ચરણ પકડીને કહ્યું, "ગુરુદેવ ! આપે આ પ્રસંગે પધારીને અમને ધન્ય બનાવ્યા છે. આજનો દિવસ અમારા માટે ખૂબ શુકનવંતો બન્યો છે."

આત્માનંદ સ્વામીએ કહ્યું, "સુખદેવ ! મારા શરીરનો હવે બહુ ભરોસો નથી." સુખદેવ દવેએ કહ્યું, "ગુરુદેવ ! આપની ગેરહાજરીમાં અમારે કોને આધારે રહેવું ?" આત્માનંદ સ્વામીએ કહ્યું, "સુખદેવ ! હવેથી તમે બધા રામાનંદ સ્વામીને આધારે રહેજો અને આ વિસ્તારના બધા શિષ્યોને પણ આ વાતની જાણ કરી દેજો."

આટલું કહી આત્માનંદ સ્વામીએ કાલાવડથી વિદાય લીધી અને દરિયાકાંઠાના રામપર કોવાયા બાજુ ગયા.

આ જ અરસામાં આત્માનંદ સ્વામી કરતાં પણ વિશેષ સમર્થ એક બીજા મહાપુરુષે સર્વનું ધ્યાન ખેંચ્યું હતું. એનું નામ રામાનંદ સ્વામી હતું, તેઓ ઉદ્ધવજીનો અવતાર ગણાતા હતા. તેઓ પ્રથમ આત્માનંદ સ્વામીના શિષ્ય થયા હતા. સમર્થ યોગી આત્માનંદજીએ રામાનંદ સ્વામીને અષ્ટાંગયોગ સિદ્ધ કરાવી સમાધિની કક્ષાએ પહોંચાડ્યા હતા.

રામાનંદ સ્વામીને સમાધિમાં નિર્ગુણ નિરાકાર અક્ષર તત્ત્વનો સાક્ષાત્કાર થયો હતો, પરંતુ રામાનંદ સ્વામી તો સદા દિવ્ય સાકાર પરબ્રહ્મતત્ત્વના દર્શનના પ્યાસી હતા એટલે એમને નિરાકાર બ્રહ્મતેજના સાક્ષાત્કારથી સંતોષ ન થયો. ગુરુ શિષ્ય વચ્ચે સાકાર-નિરાકાર વાદ અંગે ગૂઢ ચર્ચાઓ થઈ.

આત્માનંદ સ્વામી રામાનંદ સ્વામીના મનનું સમાધાન કરી શક્યા નહોતા, એટલે રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીનો ત્યાગ કર્યો હતો. તેઓ દક્ષિણ ભારતમાં શ્રીરંગક્ષેત્ર પહોંચ્યા હતા. અહીં સાકાર ભગવત્‌તત્ત્વની ભક્તિના પ્રવર્તક શેષાવતાર શ્રીરામાનુજાચાર્યજીએ તેમને દિવ્યદેહે દીક્ષા આપી હતી.

રામાનુજાચાર્યજીનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કર્યા બાદ રામાનંદ સ્વામી વૃંદાવન પધાર્યા હતા.

વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન આપ્યા હતા અને યાદી આપી હતી કે, "તમે સ્વયં ઉદ્ધવજીનો અવતાર છો અને આપણે કૃષ્ણાવતારમાં જે રીતે વાત થયેલી છે, તે રીતે ભાગવત ધર્મના પોષણ માટે ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના

કરો.'' ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્ આદેશથી ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી હતી.

તેઓ સૌરાષ્ટ્રમાં ફરીથી આત્માનંદ સ્વામીને મળ્યા હતા. આત્માનંદ સ્વામીને પણ પ્રતીતિ થઈ ચૂકી હતી કે, રામાનંદજી મારા કરતાં એક ડગલું આગળ નીકળી ચૂકેલ છે, એટલે તેઓએ બહુ ઉદાર અને નિખાલસ ભાવે પોતાના શિષ્યોને રામાનંદ સ્વામીમાં જોડ્યા હતા.

વિ. સં. ૧૮૨૪ માં આત્માનંદ સ્વામીએ એક સિદ્ધ યોગીને છાજે એ રીતે સ્વતંત્રપણે અલૌકિક ઐશ્વર્ય જણાવીને પંચભૌતિક દેહ છોડી દીધો હતો અને દિવ્ય દેહ ધારણ કરી આકાશમાર્ગે પ્રયાણ કર્યું હતું.

## પ્રભાસના માર્ગેથી પાછા વળ્યા

આ બાજુ ભાદરામાં ભોળાનાથ અને સાકરબાઈ નિવાસ કરી રહ્યા હતા. લગ્ન થયા પછી પંદર પંદર વર્ષ વીતી ગયા હતા, છતાં એમને ત્યાં કોઈ સંતાન થયું નહોતું.

ગુરુદેવ આત્માનંદ સ્વામીએ બે સંતાનોના વરદાન દીધાં હતાં, એ વરદાન ફળીભૂત થવાની કોઈ નિશાની દેખાતી નહોતી, એટલે ભોળાનાથ અને સાકરબાઈની ધીરજ રહી નહીં. તેઓ વિ. સં. ૧૮૩૭ ના ચૈત્ર માસમાં ભાદરાના કેટલાક લોકો સાથે પુત્રપ્રાપ્તિની કામનાથી પ્રભાસ ક્ષેત્રમાં શ્રાદ્ધ કરવા રવાના થયા.

રસ્તામાં ચૈત્ર સુદી આઠમને દિવસે તેઓ મેખાટીંબીમાં રાત રહ્યા.

અહીંયા એમને આત્માનંદ સ્વામીના બીજા અનેક શિષ્યો સાથે મિલન થયું.

બધાએ સાથે મળીને આત્માનંદ સ્વામીના દિવ્ય પ્રસંગોને યાદ કર્યા અને બીજા દિવસે રામનવમી હોવાથી મોડી રાત સુધી હરિકીર્તન કર્યાં.

રાત્રે બધા સૂતા, વહેલી સવારે સાકરબાઈને દિવ્ય સ્વપ્નું આવ્યું. સ્વપ્રમાં આત્માનંદ સ્વામીએ સાકરબાઈને દર્શન દીધાં અને કહ્યું, "સાકર ! મેં તને બે પુત્ર થવાનો કોલ દીધેલો છે, છતાં તારી ધીરજ ન રહી ? જો સાંભળ! આજના પવિત્ર દિવસે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ સરવારદેશમાં જન્મ ધારણ કરશે અને તેમને રહેવાનું જે અક્ષરધામ છે, તે આજથી ચાર વર્ષ પછી તારે ત્યાં પુત્રરૂપે જન્મ લેશે, માટે સંતાન કામનાથી તમારે પ્રભાસ જવાની જરૂર નથી. ભોળાનાથને પણ તું મારો આ સંદેશ આપી દેજે.''

આટલું કહી આત્માનંદ સ્વામી અદૃશ્ય થઈ ગયા.

આ દિવ્ય સ્વપ્નની અનુભૂતિ થતાં જ સાકરબાઈ જાગી ગયા, તો બ્રાહ્મમૂહુર્તનો સમય થઈ રહ્યો હતો. સાકરબાઈએ પોતાના પતિ ભોળાનાથને પોતાના સ્વપ્ર દર્શનની વાત કરી. ભોળાનાથને પણ થયું, 'ગુરુદેવે વચન આપ્યું હતું, છતાં આપણે ધીરજ રાખી ન શક્યા, એ બરાબર ન થયું.'

તેઓ રસ્તામાંથી જ પાછા વળી ગયા અને પોતાને ગામ ભાદરા પાછા આવ્યા અને હરિસ્મરણમાં દિવસો વીતાવતા વીતાવતા મહાન્ પુત્રના અવતરણની રાહ જોવા લાગ્યા.

## ભાદરા મુક્તોની ખાણ

જોડીયા બંદર પાસેનું ભાદરા હાલારનું શ્રેષ્ઠ તીર્થ છે. ઊંડ નદીને કિનારે વસેલું ભાદરા ધરતી ઉપરના નાનકડાં સ્વર્ગ જેવું છે.

ભગવાન સ્વામિનારાયણે ભાદરાને મુક્તોની ખાણ કહેલું છે. હાલારમાં લગભગ વીશ જેટલા મુક્તોએ જન્મ લીધો હતો, તેમાં સોળ મુક્તો તો એકલા ભાદરામાં જ પ્રગટ થયા હતા.

આ સોળ મુક્તોના નામ છે. વસ્તા સુથાર, રામજી સુથાર, રાજાભાઈ, શેખપાટવાળા લાલજી સુથારના બહેન રૂડીબાઈ, રૂડીબાઈના ચાર પુત્રો વિશરામ, માવજી, રણછોડ અને નારણ, બે પુત્રીઓ નિરાવરણ દૃષ્ટિવાળા હરબાઈ અને લાડુબાઈ ઉપરાંત બીજા મુક્તોમાં સમાધિનિષ્ઠ ડોસાભાઈ, દેવાભાઈ તથા રત્નાભાઈ, કણબી કુળમાં પ્રગટેલા રામ ભંડેરી, બ્રાહ્મણ કુળમાં પ્રગટ થયેલા મૂળજી અને સુંદરજી. આમાંથી રામ ભંડેરી સંજોગવશાત્ ભાદરા છોડી અમરેલી પાસેના ચાડિયા ગામે વસ્યા હતા. ભગવાન સ્વામિનારાયણ જ્યારે જ્યારે જોડીયા બંદરથી કચ્છ પધારતા ત્યારે ત્યારે ભાદરા અચૂક પધારતા.

વિ. સં. ૧૮૬૦ માં મહારાજે ભાદરામાં વસંત ઉત્સવ કર્યો હતો.

ઊંડવતી નદીમાં શ્રીહરિએ ખૂબ સ્નાન કરેલું છે.

મહારાજે આ નદીના જળમાં ચોફાળ પાથરી, ચોફાળની નાવ બનાવી એના ઉપર સંતો-હરિભક્તો સાથે બિરાજમાન થયા હતા અને ચોફાળની નૌકાથી જળવિહાર કર્યો હતો.

વિ. સં. ૧૯૬૩ની સાલમાં મહારાજે અહીંથી મોટા મોટા અઢાર હરિભક્તોને

પરમહંસ થવાનો પત્ર લખ્યો હતો.

આ જ ભાદરા ગામમાં વિશરામ સુથારે સંકલ્પમાત્રથી લાખો કીડીઓના કલ્યાણ કર્યા હતા.

વિ. સં. ૧૮૬૪ની સાલમાં ભગવાન સ્વામિનારાયણે આ જ ભાદરા ગામમાં સંતોને આકરા વર્તમાનથી તાવ્યા હતા.

શિયાળાનો સમય હતો, કડકડતી ઠંડી પડતી હતી, મહારાજે સંતોને આદેશ કર્યો, ''અમારા સંતોએ ગામમાં ન રહેવું, વન વગડાંમાં રહેવું અને એ પણ નોધારા રહેવું, નદીની કોતર, બખોલ કે કડબના ઓઘાનો પણ ઓથ ન લેવો.''

સંતોએ ભારે ધૈર્ય અને હિંમતથી દેહનો અનાદર કરીને શ્રીહરિના આ આદેશનું પાલન કર્યું હતું. એમાં એક સંત તો બેભાન પણ થઈ ગયા હતા!

સંતોની આવી વચન પ્રતિબદ્ધતા જોઈને મહારાજ અત્યંત રાજી થયા હતા અને સંતોને શિયાળામાં ઠંડીથી રક્ષણ માટે જીર્ણશીર્ણ વસ્ત્રોની કંથા રાખવાની છૂટ આપી હતી. આમ પ્રગટ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિએ ભાદરાની ભૂમિને ઉત્તમ તીર્થ બનાવેલ છે.

## અક્ષરબ્રહ્મનું અવતરણ

આવી આ તીર્થભૂમિ ભાદરામાં વિ. સં. ૧૮૪૧ ની સાલમાં, આસો સુદી પૂનમ અર્થાત્ શરદ્‌પૂર્ણિમાના મંગળ દિવસે, મંગળવારે, રાત્રિના અગિયાર ઘડી અને ચાલીસ પળ વીતી ત્યારે સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીના વરદાન પ્રમાણે, ભોળાનાથ જાનીને ત્યાં સાકરબાઈ થકી અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું પ્રાગટ્ય થયું.

ભાદરાની ભૂમિ વિશેષ ભાગ્યશાલિની બની ગઈ.

સ્વામી રામાનંદ કે જેમને આત્માનંદ સ્વામીએ પોતાને સ્થાને નીમ્યા હતા, તે આ વખતે શેખપાટથી ભાદરા પધાર્યા હતા.

ભોળાનાથને ત્યાં પુત્ર જન્મ્યાના ખબર મળતાં સ્વામીએ તેમને બોલાવ્યા અને પુત્રની જન્મકુંડળી જોઈ પોતાની ખાસ ઈચ્છાથી તેનું 'મૂળજી' નામ પાડ્યું અને કહ્યું કે, ''આ પુત્ર તરફ સર્વ મનુષ્ય આકર્ષાશે, બૃહસ્પતિ જેવા તે વક્તા થશે, બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરશે. પુષ્કળ વૈભવ મળવા છતાં આ મહાયોગી વિરક્ત રહી ભગવાનને અખંડ રાખશે અને તેમના ઉપદેશ જિજ્ઞાસુઓને માર્ગદર્શક થઈ પડશે.''

આ પુત્રનો જન્મ થયા પછી ભોળાનાથને ત્યાં સુખ-સંપત્તિ વધવા માંડી. ભોળાનાથના પુત્ર મૂળજીની આકૃતિ ઘણી સૌમ્ય અને તેજસ્વી હતી. તેમના શરીરનો વર્ણ સહેજ શ્યામ, શરીર પુષ્ટ, છાતી પહોળી અને નેત્ર કમળની પાંખડી જેવા સુંદર અણીયાળા અને મોટાં હતાં.

મૂળજી ભક્ત ચાર વર્ષના થયા ત્યારે એક વખત તેમનાં માતુશ્રી પાસે દૂધ પીવા માગ્યું ત્યારે માતુશ્રીએ કહ્યું કે, ‘‘ઠાકોરજીને ધરીને આપું છું. ’’

એટલે મૂળજી કહે, ‘‘અમે પીએ તે ભેળા ઠાકોરજી પણ પીએ છે, કારણ કે અમે તેમને હૃદયમાં અખંડ રાખ્યા છે, અમે ગર્ભમાં હતા ત્યારે ને ગર્ભમાં આવ્યા મો‘ર ને અત્યારે પણ અમારા હૃદયમાં શ્રીહરિનું અખંડ સ્મરણ રહે છે.’’

એક વખત મૂળજી ભક્તે તેમના માતુશ્રીને કહ્યું કે, ‘‘આજે જનોઈના ગીત ગાઓ.’’ માએ પૂછ્યું ‘કેમ?’ મૂળજી કહે, ‘આજે અયોધ્યામાં ધર્મદેવને ઘરે પ્રગટ ભગવાનને જનોઈ આપવાની માંગલિક વિધિ ચાલી રહી છે, તેથી જનોઈના ગીત ગાવા કહીએ છીએ.’

નાના બાળકની આવી આવી વાતો સાંભળી માને ભારે આશ્ચર્ય થતું.

મૂળજી ચાર વર્ષના થયા ત્યારે ભોળાનાથ જાનીને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. એનું નામ સુંદરજી રાખવામાં આવ્યું.

એકવાર મૂળજી પોતાના નાના ભાઈ સુંદરજીને હીંચકો નાખતા નાખતા બોલ્યા કે, ‘‘મા ! મારે સાધુ થવું છે અને આ સુંદરજી પણ સાધુ થશે.’’

મા સાકરબાઈના મનમાં થયું, ‘‘આ છોકરાને કોઈકની નજર પડી લાગે છે! નહિતર બાળપણમાં આવું શીદ બોલે ?’’

આગળ જતાં મૂળજી સાધુ થયા અને ગુણાતીતાનંદ સ્વામી નામ પડ્યું. સુંદરજી સાધુ થયા અને એમનું નામ શિવાનંદ સ્વામી પડ્યું.

## વૃદ્ધો કોઇ ભગવાન ભજતા નથી

મૂળજી નાનપણમાં ખૂબ જ ભજન કરતા.

એકવાર મા સાકરબાઈએ કહ્યું, ‘‘મૂળજી ! તારે નાનપણથી આવું ભજન કરવાની જરૂર નથી, વૃદ્ધ થા ત્યારે ભજન કરજે.’’

મૂળજીએ માને વૃદ્ધાવસ્થાની વાસ્તવિકતા દેખાડવાનો સંકલ્પ કર્યો. એણે કહ્યું, ‘‘મા ! તમે મારી હાર્યે હાલો, વૃદ્ધો કેવું ભજન કરે છે ? એ હું તમને નજરે

દેખાડું.'' મૂળજીએ માને સાથે લીધા, ગામની બજારે હાલતાં હાલતાં મૂળજી માને ગામને ચોરે લઈ ગયા.

બજારને ઓટલે અલક મલકના ગપ્પા મારતા અને રામજી મંદિરે ઠાકોરજીને વાંસો દઈને બેઠેલા વૃદ્ધોને બતાવી મૂળજીએ કહ્યું, ''મા ! આ વૃદ્ધોની દશા જોઈ લ્યો. આમાં એકેયને હરિભજન સૂઝે છે? આ લોકોને આખી જિંદગી ગામ-ગપાટાં મારવાના હેવા પડ્યા છે; એને હાથમાં માળા આપો તો કાળોતરા સર્પ જેવી લાગે છે! ચોરે બેઠા છે, તોય ઠાકોરજીને વાંસો દઈને બેઠા છે, આરતી ટાણું થાય છે ત્યારે સબોસબ મંદિરના પગથિયાં ઉતરી ઘર ભેગા થઈ જાય છે; ઝાલર વગાડવાય ઊભા રહેતા નથી, માટે મા! નાનપણથી અભ્યાસ હોય, તો જ વૃદ્ધાવસ્થામાં ભજન થાય, નહિતર થતું નથી.''

મૂળજીની ઉદાહરણ સાથેની વાત સાંભળી માની આંખો ઉઘડી ગઈ અને આખરે એ પણ આત્માનંદ સ્વામીના શિષ્યા હતા અને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ મૂળજીની મા હતા.

ત્યાર પછી સાકરબાએ ક્યારેય મૂળજીને ભજન કરતાં ટોક્યા નહોતા.

## મૂળજીને જનોઇ દીધી

હવે મૂળજી આઠ વર્ષના થવા આવ્યા હતા. પિતા ભોળાનાથ જાનીએ વિ. સં. ૧૮૪૮ ની સાલમાં જેઠ સુદી પાંચમને દિવસે મૂળજીને જનોઈ આપવાનો વિધિ કરાવ્યો. જનોઈ આપનાર ભૂદેવે વિધિના અંગ પ્રમાણે મૂળજીને વિદ્યા ભણવા કાશીએ જવાનું કહ્યું. મૂળજીએ કહ્યું, ''ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે અને એ તો અમે અનાદિકાળથી સિદ્ધ કરેલી છે અને થોડા સમયમાં જેના ચરણોમાં કોટિ કોટિ કાશી જેવા તીર્થો રહ્યા છે, એવા પ્રગટ ભગવાન અહીં પધારવાના છે, એને છોડીને અમારે કાશીએ જવાની જરૂર નથી.''

બિચારા શુક્લજી મૂળજીની અગમ-નિગમની વાતો કઈ રીતે સમજી શકે ?

જનોઈના વિધિના ભાગરૂપે મૂળજી મા પાસે ભિક્ષા લેવા ગયા.

માએ મૂળજીની ઝોળી ભિક્ષાથી છલકાવી દીધી.

પછી મા બોલ્યા, ''બેટા ! સ્વસ્તિ બોલો.''

મૂળજીએ હસીને કહ્યું, ''મા ! મારા જેવો દીકરો મળ્યો, તારું હજારવાર સ્વસ્તિ થઈ ગયું અને પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર પધારશે ત્યારે સ્વસ્તિનો તો અષાઢી મેઘ વરસવાનો છે. એમાં માણસોનું તો સ્વસ્તિ થશે જ, પરંતુ એમના

યોગમાં આવનારા પશુ-પંખીઓ અને વૃક્ષ-વેલીઓનું પણ 'સ્વસ્તિ' થઈ જવાનું છે!''

મૂળજી શું કહી રહ્યા છે ? એ મા સમજ્યા નહિ. એ તો એક નજરે મૂળજી સામે નીરખતા રહ્યા. મૂળજી જ્યારે આવી વાતો કરે ત્યારે માને હંમેશા લાગતું કે, 'આ છોકરો નથી બોલતો પણ એના હૈયામાં રહીને કોઈ બીજું બોલી રહ્યું છે!'

## કારણ મોટું કે કાર્ય ?

મૂળજીને નાનપણથી જ કથાવાર્તાના શ્રવણનો ભારે શોખ હતો. જ્યાં જ્યાં ભગવાનની કથાવાર્તાનો પ્રસંગ હોય ત્યાં મૂળજી અચૂક પહોંચી જતાં અને ભારે આદરથી કથાવાર્તાનું શ્રવણ કરતા.

એક વાર ભાદરામાં કોઈ ભટ્ટજી ભાગવતની કથા કરવા આવેલા. ગામને ચોરે કથા થતી. ભાગવતજીની કથા સાંભળવા ભાઈ-બહેનો સારી સંખ્યામાં ભેગાં થતાં. ભટ્ટજીના મનમાં 'પોતે ખૂબ મોટા જ્ઞાની છે' એવી છાપ પાડવાનો આગ્રહ હતો. તેથી તેઓ કથામાં અવારનવાર કહેતા 'જે કોઈને કાંઈ પણ પ્રશ્ન પૂછવા હોય તો પૂછો.' ભટ્ટજી વારંવાર આવું કહે ત્યારે ગામલોકોએ કહ્યું, 'ભટ્ટબાપા! અમને ગામડિયાં લોકોને કાંઈ પરસન બરસન આવડે નહિ. તમતમારે કથા હાંક્યે રાખો અને અમે સાંભળ્યે રાખીએ.' ભટ્ટજીએ પોતાનો વટ પાડવા પ્રશ્ન પૂછવાની વાત દોહરાવ્યે રાખી ત્યારે કોઈએ કહ્યું, 'ભટ્ટજી! આ અમારા ગામના મૂળજી છે એ પણ ભારે જ્ઞાની છે. એ તમને પ્રશ્ન પૂછશે.'

ભટ્ટજીએ મૂળજી સામે જોયું તો મૂળજી સાવ નાના છોકરાં જેવા લાગ્યા. ભટ્ટજીના મનમાં થયું 'આવો નાનો છોકરો પૂછી પૂછીને શું પૂછે ?' એણે મૂળજીને કહ્યું, 'બોલ છોકરા, તારે શું પૂછવું છે ?'

મૂળજીએ સરળ ભાવે કહ્યું, 'મહારાજ મારે કાંઈ પૂછવું નથી તમે કથા કર્યે રાખો.' ભટ્ટજીએ કહ્યું, 'નહિ છોકરાં, તું કાંઈક પૂછ. મૂળજીએ ફરીથી કહ્યું, 'બાપા રે'વા દ્યો ને ! મારે કાંઈ પૂછવું નથી.'

છતાં પણ ભટ્ટજીએ પ્રશ્ન પૂછવાનો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે મૂળજીએ પૂછ્યું, 'ભટ્ટજી ! કારણ મોટું કે કાર્ય ?'

'આટલો નાનો છોકરો આવો આકરો પ્રશ્ન કરશે' એવું તો ભટ્ટજીએ સ્વપ્નેય ધાર્યું નો'તું. એણે ઉત્તર આપવામાં ગોટાળા કરવા માંડ્યાં. મૂળજીએ હરેક ઉત્તરમાં સામા પ્રશ્ન કરી ભટ્ટજીને ગૂંચવી માર્યા.

ગામના લોકોએ ગર્વ સાથે કહ્યું 'ભટ્ટ બાપા ! જોયો ને અમારો મૂળજી ?' તમે ક્યારના પરસન પરસન કરતા'તા, લ્યો હવે દ્યો ઉત્તર!'

ભટ્ટજી મૂંઝાયા, સરખો ઉત્તર આપી શક્યા નહિ. ભટ્ટજીની બુદ્ધિનો ડોડ ભાંગી ગયો. ભટ્ટજી ભોંઠા પડયા, એમનું અભિમાન ઓગળી ગયું, આખરે એમણે મૂળજીને કહ્યું, 'મૂળજી ! હવે આનો ઉત્તર તમે જ કરો !'

મૂળજી કહે, 'ભટ્ટજી ! કાર્ય દેખાવે મોટું હોય છતાં પણ કારણની તોલે ન આવે. કારણ દેખાવે નાનું હોય પણ વડલાના નાનકડાં બીજમાંથી વીઘા એકનો વડલો થાય એ ઝીણા જણાતા કારણમાંથી વિશાળ કાર્ય થાય, માટે કારણ મોટું અને કાર્ય નાનું.' ભટ્ટજી મૂળજીનો ઉત્તર સાંભળી અત્યંત રાજી થયા અને હાથ જોડી કહ્યું - "મૂળજી! તમે ખરેખર મહાન છો."

મૂળજીએ નિર્માનીભાવે કહ્યું, 'ના, ના. ભટ્ટજી એવું નથી. તમે તો અમારા કરતાં ઉંમર અને બધી રીતે મોટા છો. આ તો પ્રશ્ન ઉત્તરની વાત નીકળી અને આપે ભારે આગ્રહ કર્યો એટલે અમારાથી ન રહેવાયું. આપ રાજી રહો અને કથા ચાલુ રાખો.'

## હવે બાપા ધામમાં પહોંચ્યા

વિ. સં. ૧૮૪૯ ના અષાઢ સુદી દશમને શુક્રવારે મૂળજીના પિતા ભોળાનાથે શરીર છોડ્યું. મૂળજી બોલ્યા, " મા ! મારા પિતા ધામમાં ગયા અને ધામના ધણી વનમાં ગયા."

મૂળજીએ જ્યારે આવી વાત કરી ત્યારે એક દેવજી નામનો યુવાન ત્યાં બેઠો હતો. એણે કહ્યું, "મૂળજી ! તમારા પિતા ધામમાં ગયા, એની અમને કેમ ખબર પડે ?" દેવજીની વાત સાંભળી મૂળજીએ એની સામે એકાગ્ર દૃષ્ટિથી જોયું, તો દેવજીને સમાધિ થઈ ગઈ.

સમાધિમાં દેવજી અનેક ધામોમાં ફરતાં ફરતાં કૈલાસમાં ગયા ત્યારે તેમને કૈલાસમાં ભોળાનાથના સાંનિધ્યમાં ભોળાનાથ જાનીને બેઠેલા જોયા.

દેવજી સમાધિમાંથી જાગ્યા અને મૂળજીને કહ્યું, "મૂળજી ! તમારા બાપા તો કૈલાસમાં ભોળાનાથની હાર્યે બિરાજે છે."

મૂળજીએ કહ્યું, "દેવજી ! મારા બાપાને આત્માનંદ સ્વામી જેવા સિદ્ધ યોગી અને રામાનંદ સ્વામી જેવા શ્રેષ્ઠ સદ્‌ગુરુનો જોગ હતો. પરંતુ ભોળાનાથની ઉપાસના

હોવાથી તેઓ કૈલાસમાં ગયા છે. મારે હવે એમને ધામમાં મોકલવા પડશે.''

આમ કહી મૂળજીએ આંખો મીંચી, સમાધિ કરી, સંકલ્પ શક્તિથી પિતા ભોળાનાથને કૈલાસમાંથી ઉઠાવી અક્ષરધામમાં મૂકી દીધા. પછી પોતે સમાધિમાંથી જાગ્યા અને કહ્યું, ''હવે બાપા ધામમાં પહોંચ્યા.''

## મૂળજીમાં પૂજ્યભાવ રાખજો

મૂળજી જન્મસિદ્ધ જ્ઞાની હોવા છતાં નાનપણથી જ ખૂબ જિજ્ઞાસુ હતા. ભાદરામાં કોઈપણ ધર્મગુરુ આવે ત્યારે મૂળજી આદર પૂર્વક એમના મુખથી કથા-વાર્તાનું શ્રવણ કરતા, દરેકમાંથી સાર સારનું ગ્રહણ કરતાં.

મૂળજીને નાની ઉંમરે ઘણા કથાકારો અને ધર્મગુરુઓનો જોગ થયો હતો, પરંતુ મૂળજીનું મન જોઈએ એવું માનતું નહોતું.

મૂળજીએ જોયું તો, કોઈ કથા સરસ કરતા હતા પણ આચરણમાં શૂન્ય હતું, કોઈ બાહેરથી સારા લાગતા હતા પણ અંતરમાં કામ, લોભ અને રસાસ્વાદથી ખરડાયેલા હતા. ક્યાંક વેદાંતીઓ ભગવાનના આકારનું ખંડન કરતા અને વિધિ-નિષેધને ખોટા માની મન ફાવે તેમ વર્તતા હતા.

ક્યાંક ભજનના બહાને બાઈઓ ભાઈઓ ભેગા થતા અને અનાચાર કરી રહ્યા હતા.ક્યાંક ભક્તિને બહાને ભોગ પુષ્ટ થઈ રહ્યા હતા.

એવામાં એક વખત ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી શેખપાટ પધાર્યા.

શેખપાટથી લાલજી સુતારે મૂળજીને સમાચાર મોકલ્યા કે, ''સમાગમ કરવા જેવા સદ્‌ગુરુ આવ્યા છે, માટે દર્શન કરવા હોય તો શેખપાટ આવો.''

લાલજી સુતાર તરફથી સમાચાર મળતાં જ મૂળજી એકદમ શેખપાટ પહોંચ્યા.

રામાનંદ સ્વામીના દર્શન કરતાં જ સ્વામીની શાંત, પ્રભાવશાળી મૂર્તિ મૂળજીના મનમાં વસી ગઈ. મૂળજીના મનમાં થયું કે, ''હું જેને શોધી રહ્યો છું એ સદ્‌ગુરુ આ જ છે.'' ભૂત-ભવિષ્યના દ્દષ્ટા રામાનંદ સ્વામીએ પણ મૂળજીને મીઠો આવકારો આપ્યો અને લાલજી સુતારની સામે જોઈને કહ્યું, ''લાલજી ! તમે મૂળજીથી અવસ્થાએ મોટા છો, છતાં મૂળજીને વિષે પૂજ્યભાવ રાખજો, કારણ કે મૂળજી તો મહામુક્ત છે.''

મૂળજી શેખપાટ રોકાયા, રામાનંદ સ્વામીનો સમાગમ કર્યો. વિષમ કળિકાળમાં રામાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુનો જોગ થવાથી મૂળજીની સદ્‌ગુરુની શોધ

પૂરી થઈ. મૂળજીનું અંતર અહોભાવથી ઉભરાય ગયું. તેઓ પોતાની જાતને બડભાગી માનવા લાગ્યા. થોડો સમય શેખપાટમાં રોકાઈને રામાનંદ સ્વામીએ શેખપાટથી સોરઠ દેશ તરફ પ્રયાણ કર્યું અને મૂળજી પાછા ભાદરા આવ્યા.

## સત્સંગની જુગલબંદી

લાલજી સુથાર અને મૂળજીને પરસ્પર અપાર હેત હતું. તેઓ એક બીજા વગર રહી શકતા નહિ.

ઘણીવાર બંને જણ સાંજે કામકાજથી પરવારી પોતપોતાના ગામેથી નીકળતા.

શેખપાટ અને ભાદરાની વચ્ચે એક પુરાતની વાવ છે. વાવને કાંઠે મહાદેવજીની દેરી છે. સેંકડો વર્ષ પહેલાં દ્વારિકાથી મથુરાનો રાજમાર્ગ અહીંથી પસાર થતો હતો.

લાલજી સુથાર અને મૂળજી આ પુરાતની વાવને કિનારે, મહાદેવજીની દેરીએ, વડલાના વૃક્ષ નીચે ભેગા થતા અને મોડી રાત સુધી સત્સંગ કરતા.

વહેલી સવારે પાછા પોતપોતાને ગામે પહોંચી જતા અને સૂર્યોદય થતાં કામે વળગી જતા.

બંને જણની સત્સંગની ભૂખ અને શ્રદ્ધા ગજબના હતા.

સત્સંગ માટે બેયની જુગલબંદી અજોડ હતી.

## અમે જેની રાહ જોતા હતા તે આવી ગયા

વિ. સં. ૧૯૫૬ ના શ્રાવણ માસમાં ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણીના વેષે લોજ પધાર્યા. એ વખતે મૂળજીએ મા સાકરબાઈને કહ્યું, “મા ! આજે ધામના ધણી વનમાં ફરતા ફરતા લોજ પધાર્યા છે. તેઓ થોડા દિવસમાં ભાદરા આવશે.”

“આત્માનંદ સ્વામીએ તને જે વરદાન આપ્યું હતું, તે સત્ય કરશે અને તારા હાથની રસોઈ જમશે.”

વિ. સં. ૧૮૫૬ જેઠ માસમાં રામાનંદ સ્વામી નીલકંઠ વર્ણી તેમજ મુક્તમુનિ વગેરેને સાથે લઈને પીપલાણા પધાર્યા. અહીંયા રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને મહાદીક્ષા આપવાનો મહોત્સવ ઉજવ્યો.

આ પ્રસંગે સ્વામીએ પોતાના કેટલાક કૃપાપાત્ર શિષ્યોને પીપલાણા તેડાવ્યા હતા. જેમાં શેખપાટથી લાલજી સુથાર અને ભાદરાથી મૂળજી શર્મા આવ્યા હતા. મૂળજીની ઉંમર ત્યારે માત્ર ૧૫ વર્ષની હતી.

આ સમયે રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણી પીપલાણામાં નરસિંહ મહેતાને ઘરે બિરાજમાન હતા. નીલકંઠ વર્ણીના પ્રથમ દર્શને જ લાલજી સુતાર અને મૂળજીના મનમાં પૂર્વનો સ્નેહ ઉભરાવા લાગ્યો હતો.

લોહચુંબકમાં લોખંડ ખેંચાય તેમ લાલજી સુથાર અને મૂળજીની વૃત્તિ વર્ણીરાજની મૂર્તિમાં જડાઈ ગઈ હતી. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને મહાદીક્ષા આપી, "નારાયણ મુનિ" અને "સહજાનંદ સ્વામી" નામ પાડ્યાં.

આ પ્રસંગે રામાનંદ સ્વામીના શિષ્યોની વિશાળ સભા થઈ હતી.

રામાનંદ સ્વામી બોલ્યા, "ભક્તજનો ! અમે જે આગમ ભાખતા હતા, "અમે તો ડુગડુગીના વગાડનારા છીએ, ખરો વેશ ભજાવનારા તો હવે આવશે."

"એ હવે આવી ગયા છે અને એ આ વર્ણીરાજ નીલકંઠ છે. હવે તમે બધા એમના શિષ્ય થઈને રહેજો અને એમની ભક્તિ કરજો."

દીક્ષા મહોત્સવ પૂરો થયો, સૌ હરિભક્તો વિખરાયા.

લાલજી સુથાર અને મૂળજી શર્મા વિદાય લેતી વખતે વર્ણીરાજના દર્શન કરવા આવ્યા ત્યારે વર્ણીરાજ રામાનંદ સ્વામીની સામે જોઈને બોલ્યા, "સ્વામી ! આ બેય તો અમારા મહાન મુક્તો છે. આ લાલજી ભગત ઘણા વૈરાગી છે, તે અમારા ચરિત્રોના વિસ્તારપૂર્વક કાવ્યો કરશે અને આ મૂળજી ભગતે તો અમને અખંડ ધારી રાખ્યા છે. તે અમારો મહિમા દિગંતમાં વિસ્તારશે."

ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી બોલ્યા, "હા, વર્ણીરાજ ! એ બેય ખરેખર મહાન આત્માઓ છે." વિ. સં. ૧૮૫૮ માં પ્રબોધિની એકાદશીના દિવસે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જ્યારે સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી ત્યારે ફરીથી શેખપાટથી લાલજી સુથાર અને ભાદરાથી મૂળજી ભગત દર્શન માટે ગયા હતા. ત્યારે પણ મહારાજે અને રામાનંદ સ્વામીએ એમના ઉપર ખૂબ જ હેત વરસાવ્યું હતું.

## ગૂમડાંની પીડા વરદાન બની

નાની ઉંમરના મૂળજી શ્રીહરિની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેતા હતા. જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિમાં તેઓ એક પળ પણ મહારાજથી અલગ રહેતા નહોતા.

મૂળજીની આવી ઉચ્ચ સ્થિતિ માટે ભગવાન શ્રીહરિની કૃપા કારણભૂત હતી.

એકવાર મૂળજીને ખંભે એક મોટું મૂંઢ ગૂમડું થયું હતું. ગૂમડાંને લીધે મૂળજીને ખૂબ જ પીડા થતી હતી. ગૂમડું કોઈ રીતે પાકતું નહોતું અને ફૂટતું નહોતું.

નાના મૂળજી આત્મભાવે આ ગૂમડાંની પીડાને સહન કરતા હતા, પણ માતા-પિતા વગેરે પરિવારજનોથી મૂળજીની આ પીડા જોઇ શકાતી નહોતી. એક નાનું બાળક આવી પીડા ધૈર્યથી સહન કરે એ પણ સૌને નવાઇની વાત લાગતી હતી.

એક વખત રાત્રિનો સમય હતો. ગૂમડાંની પીડાને લીધે મૂળજીને ઊંઘ આવતી નહોતી. નાના મૂળજી પથારીમાં પડ્યા પડ્યા મહારાજને સંભારતા હતા.

એવામાં એક દિવ્ય ઘટના ઘટી. મૂળજી જે ઓરડામાં સૂતા હતા તે ઓરડામાં અચાનક અજવાળા થયા. શીતળ-શાંત તેજ સર્વત્ર પ્રસરી રહ્યું હતું અને એ તેજને વિષે સાક્ષાત્ શ્રીજી મહારાજ મંદ મંદ હાસ્ય કરતા ઊભા હતા.

મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું અને રાતું પીતાંબર ઓઢ્યું હતું. મસ્તક ઉપર દક્ષિણી પાઘ બાંધી હતી. લલાટને વિષે કેસર-ચંદનની અર્ચા કરી હતી. લલાટના મધ્ય ભાગને વિષે ઉર્ધ્વપુંડ્ર તિલક અને કુંમકુંમનો ચાંદલો શોભી રહ્યા હતા. ચરણમાં ચાખડીઓ પહેરી હતી. આવી દિવ્ય શોભાએ સહિત મહારાજે મૂળજીને દર્શન દીધાં.

નાના મૂળજીના મનની સર્વ વૃત્તિઓ મૂર્તિમાં ખેંચાઇ ગઇ. આ દિવ્ય દર્શનથી મૂળજીના અંતરમાં આનંદના ફૂવારા છૂટવા લાગ્યા. ગૂમડાંની પીડા તો ક્યાંય વિસરાઇ ગઇ!

આમ ઘણીવાર સુધી મૂળજી મહારાજના દર્શન કરતા રહ્યા. પછી અદૃશ્ય થઇ ગયા. ભાવસમાધિમાંથી બહાર આવી મૂળજીએ જોયું તો, ઘણા સમયથી અંદરને અંદર મૂંઢાઇ રહેલું ગૂમડું અચાનક ફૂટી ગયું હતું. બધો બગાડ નીકળી ગયો હતો અને ગૂમડાંની પીડા માત્ર ટળી ગઇ હતી.

ત્યારની ઘડી અને આજનો દિ, મૂળજીને હૃદયમાં મહારાજની મૂર્તિ અખંડ દેખાવા લાગી હતી ! મૂળજીના માતુશ્રી સાકરબાઇ અને પિતા શ્રીભોળાભાઇ વગેરે પરિવારજનોને મૂળજીનું ગૂમડું આમ અચાનક ફૂટી ગયું અને પીડા શમી ગઇ, તે જોઇને ભારે આશ્ચર્ય થયું.

અનેક ઔષધ કરવા છતાં જે ગૂમડું મટતું નહોતું, તે આમ અચાનક કઇ રીતે મટી ગયું, તે કોઇને સમજાયું નહિ પરંતુ આ મૂળજી કોઇ સાધારણ બાળક નથી પણ કોઇ દિવ્ય આત્મા છે, એવી એમને પ્રતીતિ થઇ.

વિ. સં. ૧૮૫૯ ની સાલ હતી. ભાદરવો માસ હતો. શ્રીહરિ હાલારમાં વિચરણ કરતાં કરતાં મોડા ગામે થઇને અલૈયા ગામે પધાર્યા હતા.

મહારાજને અલૈયા ગામે આવેલા સાંભળીને શેખપાટથી લાલજી સુતાર

અલૈયા પહોંચી ગયા હતા.

ભાદરાના ભક્તો પણ મહારાજના દર્શન માટે અલૈયા ગામે પહોંચી ગયા. મહારાજના દર્શન કરતાં જ હાલારના મુક્તોના હૈયા હિલોળે ચઢ્યા હતા.

એમાં પણ મૂળજીની તો વાત જ ન્યારી હતી. એ દર્શનની દિવ્ય અનુભૂતિનું વર્ણન કરતાં ગુણાતીતાનંદ સ્વામી સ્વયં કહેતા કે, "અલૈયા-મોડા ગામે શ્રીજી મહારાજ પધાર્યા હતા. અમે મહારાજના દર્શન કરવા ભાદરાથી અલૈયા-મોડા ગયા હતા. ત્યાં અમે મહારાજના દર્શન કર્યા ત્યારે અમારા હૃદયમાં દેખાતી મૂર્તિ અને બહાર બિરાજતી મહારાજની મૂર્તિ બેય એક થઈ ગયા. ત્યારથી અમને સર્વોત્કૃષ્ટ નિશ્ચય થઈ ગયો કે, આ શ્રીજી મહારાજ છે તે જ સર્વ કારણના કારણ, સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

ત્યારથી માંડીને આજ પર્યંત અમે એજ સ્વરૂપને જીવના હૃદયમાં ઘાલી દેવા રાત-દિવસ મંડ્યા છીએ."

## મૂરખ ! મૂળજી હાર્યે ક્યાં ભટકાણો ?

એક સમયની વાત છે. મૂળજીએ કેટલાક ભાગીદારોની સાથે ભાગીદારીમાં શેરડીનો વાઢ વાવ્યો હતો.

શેરડી પીલવા માટે સિંચોડો માંડ્યો હતો, જૂના જમાનામાં લાકડાંના સિંચોડા હતા અને એ બળદથી ચલાવવામાં આવતા.

આ સિંચોડા ચાલે ત્યારે આખી સીમ ગાજતી. જ્યાં સિંચોડો ચાલતો હોય, ત્યાં લગ્ન જેવું ઉત્સવનું વાતાવરણ સર્જાતું. સિંચોડે ઘણા બધા સગા સંબંધીઓ, મહેમાનો ઉપરાંત ભગત-ભીખારી અને અભ્યાગતો પણ આવતા.

વાઢના માલિકો શક્તિ પ્રમાણે સર્વને ગોળ અને શેરડી ખવડાવતા.

એમાં કોઈ કોઈ કામણ-ટૂમણિયાં લોકો પણ આવતા, તેઓ જાતજાતના ત્રાગાં કરતા અને અંધશ્રદ્ધાળુ ભોળા લોકો પાસેથી પરાણે ગોળ પડાવતા.

ગભરુ લોકો જંતર-મંતરથી ડરીને એમને મનમાન્યો ગોળ આપતા.

આવો જ પ્રસંગ મૂળજી ભગતના સિંચોડે ઊભો થયો. એક શક્તિપંથી તાંત્રિક બાવો કેટલાક શિષ્યો, ગાડાં, ઘોડા, ઊંટ વગેરે સાથે લઈને ફરતો ફરતો મૂળજી ભગતને સિંચોડે આવ્યો.

કાળભૈરવ જેવી ગર્જના કરી બાવાએ બે કઢાઈ ગોળ માગ્યો. મૂળજી ભગતના

ભાગીદારો ડરી ગયા. એમણે તાબડતોબ મૂળજી ભગતને બોલાવ્યા.

બાવાએ કહ્યું, "એ વાઢ કિસકા હૈ ?"

મૂળજી ભગતે કહ્યું, "બાપજી ! વાઢ અમારો છે."

બાવાએ કહ્યું, "દો કઢાઈકા ગુડ દે દો."

મૂળજી ભગતે કહ્યું, "બાપજી ! ગોળ તો તમને ભગત-ભીખારી જાણીને આપીએ પણ બીજાને આપીએ છીએ એટલો આપીએ, બે કઢાઈ ગોળ કાંઈ મફત નથી થાતો. આ શેરડીનો વાઢ મહામહેનતે તૈયાર થાય છે."

બાવાનો પીત્તો ગયો, એણે કહ્યું, "તુમ મુજે જાનતે નહિ હો, મૈંને દેવી કો સિદ્ધ કિયા હૈ. મૈં તુમ્હારા સારા વાઢ જલા દૂંગા."

મૂળજી ભગતે ખૂબ શાંતિથી ઠાવકું મોઢું રાખીને કહ્યું, "બાપજી ! મેં દેવીના ઈષ્ટદેવને સિદ્ધ કર્યો છે. તમે વાઢમાં આગ લગાવશો તો દેવીનો ભગવાન આવીને ઓલવી જશે."

બાવાએ કહ્યું, "હમ તેરે રસકો ઊંચે ચઢાયેંગા!"

મૂળજી ભગતે કહ્યું, "તો હું એ રસને નીચો ઉતારીશ!"

મૂળજી ભગતની વાતથી બાવો લાલચોળ થઈ ગયો. એણે પોતાના તૂંબડામાંથી પાણી હાથમાં લઈ અગડં-બગડં મંત્ર બોલવા લાગ્યો, પણ કાંઈ પરિણામ આવ્યું નહિ, એટલે બાવો ભોંઠો પડ્યો.

'સીંદરી બળે પણ વળ છોડે નહિ' એ રીતે બાવાએ કહ્યું, "અબ તુમ દેખ લો, હમ રાત કો દેવી કો ભેજેંગે ઔર તેરા ધનોત-પનોત કર ડાલેંગે."

મૂળજી ભગતે કહ્યું, "બાપજી ! રાત ઉજાગરા રહેવા દ્યો. શાંતિથી હું આપું એ ગોળ લઈ જાઓ, પ્રેમથી આરોગો અને આરામ કરો."

બાવો કહે, "અબ તો હમ તીન કઢાઈ ગુડ લે કરકે જાયેંગે."

મૂળજી ભગતે કહ્યું, "ભલે, થાય તે કરી લ્યો."

બાવો રાત્રે દેવીની આરાધના કરવા બેઠો. વામમાર્ગની વિધિ પ્રમાણે એણે દારુમાંસના નૈવેદ્ય ધર્યા. પોતે પણ બેફામ નશો કર્યો, પછી અર્ધ બેભાન અવસ્થામાં જેમ-તેમ બકવા લાગ્યો.

અર્ધ બેભાન અવસ્થામાં એને ભાસ થયો કે સાક્ષાત દેવી પધાર્યા. દેવીએ ત્રિશૂળને ગોદે બાવાને ઉઠાડ્યો અને કહ્યું, "મૂરખા ! તું અહીં ક્યાં ભેખડે ભરાણો ? મૂળજીના તેજ તો અમારાથીય સહન થતાં નથી.

સવારમાં એની માફી માગી, જે આપે એ લઈને હાલતો થઈ જજે, એમાં

જ તારું કલ્યાણ છે.''

આટલું કહી દેવી અદૃશ્ય થઈ ગયા.

સવારમાં બાવો મૂળજીને પગે પડ્યો, માફી માગી. બાવાજીના શિષ્યો પોતાના ગુરુમહારાજની આ સ્થિતિ જોઈ આશ્ચર્ય પામી ગયા.

મૂળજીને દયા આવી. બાવાને બે ભીલા ગોળ આપ્યો. બાવાએ અને એના શિષ્યોએ ચાલતી પકડી.

## અવતારોની નિંદા એ અસુરોનું લક્ષણ છે.

ભગવાન સ્વામિનારાયણ કચ્છ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. રસ્તામાં હાલારના અલૈયા, મોડા, શેખપાટ વગેરે ગામડાંઓને પાવન કરતાં કરતાં ભાદરા પધાર્યા હતા. ભાદરા મુક્તોની ખાણ હતી. ભાદરામાં મહારાજના સોળ-સોળ મુક્તો રહેતા હતા. શ્રીહરિ ભાદરા પધાર્યા એટલે બધાને અત્યંત આનંદ થયો.

શ્રીહરિએ અહીં વસંતપંચમીનો સમૈયો કર્યો. આ સમૈયામાં દૂર દૂરથી સંતો-હરિભકતો મહારાજના દર્શને આવ્યા હતા.

હરિભક્તોએ ચંદન, ફૂલોની માળા વગેરે સામગ્રી દ્વારા શ્રીહરિની ભાવથી પૂજા કરી. સાંજનો સમય હતો. વિશાળ સભા ભરાઈને બેઠી હતી. સભામાં શ્રીહરિ જ્ઞાન-વાર્તા કરવા લાગ્યા.

શ્રીહરિની સભામાં પ્રશ્નોત્તરી તો અચૂક હોય જ. હરિભકતો પોતાના મનની જિજ્ઞાસાઓ મહારાજ પાસે રજૂ કરે, મહારાજ એ જિજ્ઞાસાઓનું સમાધાન કરે.

શ્રીહરિના કૃપાપાત્ર નાની ઉંમરના મૂળજી સભામાં બેઠા હતા. એમણે બે હાથ જોડીને પૂછ્યું, ''મહારાજ ! આત્યંતિક કલ્યાણ કેમ થાય ?''

ભગવાન શ્રીહરિ બોલ્યા, ''મૂળજી ! પોતાને જે પ્રગટ ભગવાનનું સ્વરુપ મળ્યું છે, એની પતિવ્રતાભાવે ભક્તિ કરે તો જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે.''

શ્રીહરિના આ સારગર્ભિત ઉત્તરથી મૂળજી તથા સભાજનોના હૃદયમાં નજર સામે બિરાજમાન પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિને વિષે એકાંતિક અને પ્રગટ ભક્તિ સુદૃઢ થઈ. મૂળજીએ પ્રશ્ન કર્યો, ''મહારાજ ! આ પ્રગટ ભક્તિનું પોષણ કેમ થાય ? આ પ્રગટ ભક્તિનો ઉદય કેમ થાય ?''

નાના મૂળજીના આવા પ્રશ્નો સાંભળીને મહારાજ એમના ઉપર ખૂબ જ રાજી થયા અને બોલ્યા, ''મૂળજી! પ્રગટ ભક્તિનો ઉદય સત્સંગથી થાય છે અને જો

આસુરી જીવનો સંગ થાય તો એ ભક્તિના છોડ કરમાઇ જાય છે. માટે અમારા મુમુક્ષુએ અસુરોના સંગનો ત્યાગ કરવો.''

મૂળજીએ પૂછ્યું, ''હે મહારાજ ! એ અસુરોને કઇ રીતે ઓળખવા ?''

મહારાજે કહ્યું, ''મૂળજી ! અસુરોને માથે શીંગડાં નથી હોતા, અસુરો એના લક્ષણોથી ઓળખાય છે. અસુરોના અનેક લક્ષણો છે.

અસુરો યુક્તિ પ્રયુક્તિથી ભગવાન અને ભગવાનના અવતારોની નિંદા કરે છે અને એ અવતારોના ઉપાસકોની પણ નિંદા કરી એનો દ્રોહ કરે છે.''

''અસુરો અંદરથી ખાલી ખોખા જેવા હોય છે પરંતુ બહારથી 'પોતે બીજા કરતાં મહાન ભક્ત છે', એવું બતાવે છે.''

''અસુરો ભગવાન, ભગવાનના અવતારો અને એના ભક્તોના ચરિત્રોમાં દોષોનું દર્શન કરે છે અને બીજાને પણ દોષ દર્શન કરાવી પોતા જેવા કરે છે.''

''અસુરોને હિંસા, સુરાપાન, માંસ ભક્ષણ, પરસ્ત્રીગમનમાં સહેજે રુચિ હોય છે.'' ''અસુરો તામસ દેવી-દેવતાઓમાં ઈષ્ટબુદ્ધિ રાખે છે અને એના મંત્રનો જપ તેમજ પૂજન કરે છે.''

''અસુરો કામ, ક્રોધ, માન અને મદથી ભરપૂર હોય છે. અસુરો 'અમારા જેવું કોઈ શ્રેષ્ઠ નથી', એમ માની ઉધ્ધત થઈ અને બીજાને હલકા ચિતરતાં હોય છે.'' ''અસુરો રસાસ્વાદમાં લોલુપ હોય છે, તેથી શું ખાવું ? શું ન ખાવું ? કોના હાથનું ખાવું ? કોના હાથનું ન ખાવું ? આ કોઈ જાતનો વિવેક રાખતા નથી અને વટાળ પ્રવૃત્તિમાં રત રહે છે.''

''નાના છોડને વાડ ન હોય તો પશુઓ એ છોડને ખાય જાય છે, એ જ રીતે આવા અસુરોનો સંગ ભક્તિના છોડને નષ્ટ કરે છે.''

આટલી વાત કરી શ્રીહરિએ કહ્યું, ''મૂળજી ! અસુરોના સંગનો ત્યાગ કરવો અને સત્પુરુષોનો સમાગમ કરવો, જેથી હૃદયમાં એકાંતિકી ભક્તિ વૃદ્ધિ પામે.''

વસંત પંચમીનો દિવસ હતો. શ્રીહરિના વેણે વેણે મૂળજી શર્મા અને હરિભક્તોના હૃદયમાં ભક્તિની વસંત પૂર-બહાર ખીલી રહી હતી.

મહારાજ આ રીતે વચનો રૂપી અમૃતરસને વરસાવતા વરસાવતા પાંચ-છ દિવસ ભાદરામાં રહ્યા.

શ્રીહરિના આ સમાગમથી મૂળજીના હૃદયમાં પ્રગટ ભક્તિ પાંગરી ચૂકી હતી. સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામીએ આ પ્રસંગનું સુંદર વર્ણન કર્યું છે.

(સત્સંગિજીવન પ્રકરણ – ૨, અધ્યાય – ૧૭)

## સિદ્ધના વચન સત્ય થયા

ભાદરામાં મહારાજ વશરામ સુતારના ઘરે ઉતર્યા હતા. મહારાજ રોજ જૂદા જૂદા ઘરે થાળ જમવા પધારતા.

મૂળજીના મા સાકરબાઈને વર્ષોથી પ્રતીક્ષા હતી કે "મારે ઘરે પ્રગટ ભગવાન થાળ જમવા પધારે."

વર્ષો પૂર્વે મતંગ ઋષિએ શબરીને આશીર્વાદ દીધા હતા 'દીકરી તને રામ મળશે.' ગુરુદેવના વચનમાં વિશ્વાસ રાખીને શબરીએ વર્ષો સુધી ભગવાન રામની પ્રતીક્ષા કરી હતી. એ જ રીતે સમર્થ સિદ્ધ ગુરુ આત્માનંદ સ્વામીએ સાકરબાઈને કહ્યું હતું કે "તારે ઘેર મહામુક્ત અવતાર ધારણ કરશે અને પ્રગટ ભગવાન તારા હાથની રસોઈ જમશે." ગુરુદેવનું એક વચન સફળ થયું હતું. હવે બીજું વચન ક્યારે ફળે ? એની સાકરબાઈ રાહ જોતા હતા. હવે એ વચન ફળવાનો અવસર પાકી ચૂક્યો હતો. પ્રગટ ભગવાન ભાદરામાં પધારી ચૂક્યા હતા અને ભક્તોના મનોરથો પૂર્ણ કરી રહ્યા હતા. મહામુક્તની માનું રોમ રોમ મહારાજને પ્રાર્થના કરી રહ્યું હતુ કે "હે મહારાજ ! હવે મારા મનોરથ પૂર્ણ કરો. મારું આંગણું પાવન કરો. મારા હાથની રસોઈ જમો."

અંતર્યામી મહારાજે સાકરબાઈના પ્રેમનો સાદ સાંભળી લીધો હતો.

ભાદરામાં મહારાજને જમાડવા માટે હરિભક્તોની હોડ લાગી હતી. "મહારાજ મારે ઘરે આવે! મારે ઘરે આવે!" એવા આગ્રહો થઈ રહ્યા હતા.

સાકરબાઈના અંતરમાં થતું હતું કે "આમાં મારો વારો ક્યારે આવશે ?"

સાકરબાઈના પ્રેમના પોકારને આધીન થઈને મહારાજ બોલ્યા, "આજે તો અમે સાકરબાઈને ઘરે જઈશુ અને એમના હાથની રસોઈ જમીશું."

મહારાજનું વચન સાંભળતા જ સાકરબાઈનું હૈયું ઉછાળા મારવા લાગ્યું. એમણે ભારે ભાવથી ભાત ભાતના ભોજનોનો થાળ કર્યો.

મહારાજ જમવા પધાર્યા. સાકરબાઈએ બાજોઠ ઢાળી દીધા મહારાજ વિરાજમાન થયા. સાકરબાઈ અને નાનકડા મૂળજી અતિભાવથી મહારાજને પીરસવા લાગ્યા. મહારાજ અત્યંત પ્રેમથી થાળ આરોગી રહ્યા હતા અને વારે વારે મૂળજી ઉપર મીઠી દૃષ્ટિ કરી રહ્યા હતા.

સાકરબાના હૈયામાં આજે આનંદ મા'તો નહોતો. સિદ્ધ યોગીના આશીર્વાદ આજે ફળી રહ્યા હતા. આજે એને ઘરે પ્રગટ ભગવાન ભોજન આરોગી રહ્યા હતા.

મહારાજના દર્શન કરતાં કરતાં એમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

સાકરબાઈ ગળગળા સાદે બોલ્યા, "મહારાજ! આજ અમારા ભાગ્ય ઉઘડી ગયા." મહારાજ હસીને કહે, "સાકરબા! તમારા ભાગ્ય તો સદૈવ ઉઘડેલા છે. તમારી અને ભોળાનાથની ભક્તિને લીધે તો અમે અમારા અનાદિ મૂળ અક્ષરમૂર્તિને તમારે ત્યાં દીકરા રૂપે મોકલ્યા છે." આમ બોલતા બોલતા મહારાજે ફરીથી મૂળજી સામે દૃષ્ટિ સ્થિર કરી.

મહારાજ બોલ્યા, "બા ! આ મૂળજીને નાના ન માનશો એ તો અમારે રહેવાનું ધામ છે. એનો મહિમા તો વિશ્વમાં વિસ્તરશે."

મહારાજની વાત સાંભળતા સાકરબાઈના અંતરમાં અત્યંત આનંદ થયો.

સાકરબાઈનો મનોરથ પૂર્ણ કરી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા.

## ચોફાળનો તરાપો કર્યો

ભાદરા પધારેલા શ્રીહરિ રોજ ઊંડ નદીમાં સ્નાન કરવા માટે જતા હતાં.

ઊંડ નદીનાં બે કાંઠાની વચ્ચે અગાધ જળ વહેતું હતું. મહારાજ ઊંડ નદીમાં ખૂબ જ જળક્રીડા કરતાં.

નદીને કિનારે વિશાળ વડલો છે, એ વડલા ઉપર ચડી મહારાજ ઊંડ નદીના ઊંડા જળમાં ધૂબાકા મારતા અને હરિભક્તોને ખૂબ જ સુખ આપતા.

એક દિવસ મહારાજે કહ્યું, "વશરામ સુથાર ! લાકડાનો તરાપો લાવો, આપણે તરાપા ઉપર બેસીને સામે કિનારે જવું છે."

વશરામ સુથારે કહ્યું, "મહારાજ ! તરાપો તૈયાર તો નથી, બનાવવો પડે."

મહારાજ કહે, "તો બનાવીને લાવો."

વશરામ સુથાર કહે, "મહારાજ! તરાપો તાત્કાલીક ન થાય, બનાવતા વાર લાગે!" મહારાજે કહ્યું, "તો તરાપાનું કાંઈ નહિ, કપડાંનો ચોફાળ લાવો, આપણે ચોફાળનો તરાપો બનાવીએ અને સામે કિનારે જઈએ."

હરિભક્તો કહે, "મહારાજ ! પણ કપડાંના ચોફાળ ઉપર બેસીને સામે કેમ જવાય ?" મહારાજ હસીને કહે, "તમે લાવો તો ખરા, પછી જોઈએ કે કપડાંને તરાપે તરાય છે કે નથી તરાતું ?"

વિશ્વાસુ હરિભક્તોએ ચોફાળ લાવીને હાજર કર્યો, મહારાજે ચાર હરિભક્તોને કહ્યું, "તમે આ ચોફાળના ચાર છેડા પકડી પાણીમાં ઊભા રહો અને ચોફાળ

પહોળો કરો.''

હરિભક્તોએ મહારાજના કહેવા પ્રમાણે ચોફાળ પાણી ઉપર પાથર્યો.

પછી મહારાજે બીજા હરિભક્તોને કહ્યું, ''હવે તમે બધા આ ચોફાળ ઉપર બેસવા માંડો.'' મહારાજની આજ્ઞા થઈ એટલે હરિભક્તો કોઈ આનંદ ખાતર, કોઈ અખતરા ખાતર, કોઈ વિશ્વાસથી ચોફાળ ઉપર બેસવા લાગ્યા.

આશ્ચર્ય એ થયું કે, કપડાંનો ચોફાળ લાકડાંના તરાપા જેવો જ મજબૂત બની ગયો અને જેમ જેમ હરિભક્તો બેસતા ગયા એમ ચોફાળ ચારે બાજુ વિસ્તરતો પણ ગયો !

મહારાજ હરિભક્તોની સાથે ચોફાળ ઉપર બેઠા અને હલેસાં વગરનો આ અનોખો તરાપો એની મેળે જળમાં ચારે બાજુ ફરવા લાગ્યો અને તરતો તરતો સામે કિનારે પહોંચ્યો. મહારાજે સામે કિનારે ખૂબ જળક્રીડા કરી અને ફરીથી આ જ અદ્‌ભૂત તરાપામાં બેસીને ઊંડ નદીના જળમાં ચારે તરફ જળવિહાર કરતાં કરતાં મહારાજ હરિભક્તો સાથે પાછા આ કિનારે આવ્યા !

કપડાંના ચોફાળમાં બેસીને ઊંડ નદીના ઊંડા જળમાં જળવિહારની વાત જલ્દી ગળે ઉતરે એમ નહોતી. પરંતુ બધાની અનુભૂતિ એ વાતને સ્વીકારવા મજબૂર કરતી હતી. આ અદ્‌ભૂત લીલા અનુભવીને બધાંને ભારે આશ્ચર્ય થઈ રહ્યું હતું.

આ 'ન ભૂતો ન ભવિષ્યતિ' લીલાની સાક્ષી પૂરતો ઘેઘૂર વડલો આજે પણ ઊંડ નદીને કિનારે અડીખમ ઊભો છે.

## સંકેતની રાહમાં

મૂળજી મહારાજના અનાદિ મહામુક્ત સંત હતા. તેઓ પુરુષોત્તમનારાયણની સાથે જ પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા. અનંત જીવોને પ્રગટ પુરુષોત્તમ નારાયણની ઓળખાણ કરાવવી એ એમના અવતરણનો હેતુ હતો.

અનંત જીવોના માયાના બંધન કાપવા માટે અવતરેલા મૂળજીને સંસારના બંધન પાલવે એમ નહોતા. સંસારના સગાં વહાલાઓએ એમને નાની ઉંમરે પરણાવીને સંસારની બેડીએ બાંધવા પ્રયાસ કર્યો હતો. પરંતુ હાથીને વનસ્પતિના વેલાથી બાંધી શકાતો નથી એમ મૂળજીને સંસારની કોઈ સાંકળો બાંધી શકે એમ નહોતી. એમનો દેહ સંસારમાં હતો પરંતુ મન તો મહારાજમાં જ રમતું હતુ. એમને ઘરમાં કોઈ રોકી શકે એમ હોય તો એ માત્ર અને માત્ર મા સાકરબાઈ હતા.

મૂળજીનું અંતર પરમ વિતરાગી હતું છતાં તેઓ મોટા સિદ્ધયોગીઓના કૃપાપાત્ર માતુશ્રી સાકરબાઈને નારાજ કરવા માગતા નહોતા.

ભગવાન શ્રીહરિની જ ઈચ્છાથી એ બંધન પણ ખરી પડ્યું. વિ. સં. ૧૯૬૫ની સાલમાં માતુશ્રી સાકરબાઈ ધામમાં સીધાવ્યા.

હવે મૂળજીને કોઈ શક્તિ સંસાર છોડતા રોકી શકે એમ નહોતી. તેઓ સંસારના કોચલાને સર્વથા ફેંકી દેવા માટે શ્રીહરિના સંકેતની રાહ જોઈ રહ્યા હતા.

એક દિવસ એમને એ સંકેત પ્રાપ્ત થઈ ગયો.

વિ. સં. ૧૮૬૬ કાર્તિક સુદી પૂર્ણિમાનો દિવસ હતો. મૂળજી ભાદરામાં પોતાના ખેતરમાં શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. મૂળજીની ઉંમર પચ્ચીસ વરસની હતી. શ્રીહરિએ મૂળજીને શેરડીના વાઢમાં દર્શન દીધા.

મહારાજના દિવ્ય તેજોમય રૂપના દર્શન કરતા જ મૂળજી ભાવવિભોર થઈ ગયા અને હાથ જોડ્યા. મહારાજ બોલ્યા, ‘‘મૂળજી! આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? શું બ્રહ્મતેજ સાવ સુકાઈ ગયું છે ? માટે ચાલી નીકળો,હવે સંસારની મુદત પૂરી થઈ છે’’.

મહારાજના વચને આ અનાદિ સિદ્ધ જાગી ગયા.

સ્વાતિ નક્ષત્રમાં કાલુ માછલી વરસાદના બૂંદને ઝીલવા જેવો કૂદકો મારે, તેનાથી અનેકગણી તત્પરતા મૂળજીભક્તે સંસારને છોડવામાં દર્શાવી. પાવડો અને કોદાળી એક બાજુ ફેંકી દીધા અને ખેતરથી સીધા શ્રીહરિને મળવા ચાલી નીકળ્યા.

ઘરનો ઉંબરો આમ તો ચાર આંગળ જ ઊંચો હોય પણ તેને કાયમ માટે ઓળંગવાનો અવસર આવે ત્યારે કરોડ જોજન ઊંચો થઈ જતો હોય છે!

તથાગત બુદ્ધ જેવા મહાપુરુષને પણ ગૃહત્યાગ કરતા પહેલા વારંવાર પાછા વળી વળીને રાહુલ-યશોધરાનું મુખ જોઈ આવવાનું મન થયું હતું.

મૂળજી ભક્તનું આ મહાપ્રસ્થાન અંતરમાં પ્રજ્વલિત વૈરાગ્ય અને પ્રભુઆજ્ઞાનું યથાર્થ મૂલ્યનું દ્યોતક હતું. અહીં બુધ્ધની જેમ પાછા ફરી ફરીને સામે જોવાની વાત જ નહોતી. સાપ જેમ કાંચળી ઉતારે એમ મૂળજીએ શ્રીહરિના વચને સંસારની કાંચળી ઉતારી નાખી હતી.

‘તેજીને ટકોર બસ’ એ ન્યાયે મૂળજી સર્વસ્વ છોડીને ચાલી નીકળ્યા.

ભાદરાથી નીકળીને મૂળજી સીધા ગઢપુર પહોંચ્યા, પરંતુ ‘મહારાજ ગઢપુરથી નીકળીને બોટાદ ગયા છે’ એવું સાંભળીને મૂળજી બોટાદ પહોંચ્યાં.

મહારાજે બોટાદમાં નિત્યાનંદ સ્વામીને ભલામણ કરી હતી કે ‘મૂળજી

આવે તો એને અહીં જ રોકી રાખજો. અમે થોડાં દિવસમાં પાછા ગઢપુર આવીશું ત્યારે એને મળીશું.' આટલું કહીં મહારાજ બોટાદથી ઝાલાવાડ -ગુજરાત તરફ વિચરણ માટે નિકળી ગયા હતા.

નિત્યાનંદ સ્વામીના કહેવાથી મૂળજી બોટાદમાં જ રોકાયા.

થોડાં દિવસો બાદ મહારાજ ગઢપુર પધાર્યા એટલે મૂળજી પણ મહારાજના દર્શન કરવા માટે ગઢપુર આવ્યા. આ દરમિયાન મૂળજીના ભાઈ સુંદરજી અને એક બ્રાહ્મણ મૂળજીને શોધતાં શોધતાં ગઢપુર આવ્યા.

મૂળજી ઘેલે સ્નાન કરવા ગયા હતા.

સુંદરજીએ મહારાજને કહ્યુ કે 'મહારાજ ! મૂળજી ખેતરેથી સીધા કોઈને કહ્યાં વગર નીકળી ગયા છે. બધા પરિવારજનો એમની ચિંતા કરે છે. તેઓ અહીં આવ્યા છે એવું સાંભળ્યું છે.'

આમ વાત ચાલે છે ત્યાં મૂળજી ઘેલેથી સ્નાન કરી પાછા પધાર્યા.

મહારાજે કહ્યું, ''મૂળજી ! આ સુંદરજી તમને તેડવા આવ્યા છે.''

મૂળજીએ કહ્યું, 'મહારાજ! હવે મારે ઘરે જવાની કોઈ ઈચ્છા નથી. આપ મને હવે આપની સેવામાં અહીંયા રાખો.'

સુંદરજી અને સાથેના બ્રાહ્મણે મહારાજને ખૂબ જ આગ્રહ કર્યો કે, 'મહારાજ! મૂળજીને તમે ગમે તેમ કરીને ઘરે મોકલો.' મૂળજીની ઈચ્છા નહોતી છતાં મહારાજની આજ્ઞા થઈ એટલે એમને ભાદરા જવું પડ્યું, પરંતુ હવે પરિવારના બંધન મૂળજીને રોકી શકે એમ નહોતા.મૂળજી ઘરેથી પાછા નીકળી ગયા.

## ડભાણમાં દીક્ષા

શ્રીહરિ એ સમયે પંચાળામાં બિરાજતા હતા. મૂળજી પંચાળા પહોંચ્યા. મહારાજને મળ્યા અને બે હાથ જોડીને વિનંતી કરી. 'મહારાજ ! મને સાધુ કરો'.

શ્રીહરિએ કોઈ ન સમજી શકે એવી અકળ કસોટી આદરી અને કહ્યું 'મૂળજી ! સાધુ તો કરીએ, પણ ઘરબાર બાળીને આવ્યા છો કે એમને એમ આવ્યા છો ?' સરળ પ્રકૃતિવાળા મૂળજીએ ઉત્તર દીધો મહારાજ ! ઘરબાર તો હજી એમને એમ જ છે. મહારાજે આજ્ઞા કરી, 'પાછા જાવ અને ઘરના સભ્યો ઘરમાં સૂતા હોય એવા સમયે ઘરની ચારે તરફ બોરડી બાવળના ગળાયા નાખી એમાં અગ્નિ મેલો અને સૌને સળગાવીને પાછા આવો.'

મહારાજની વાત સાંભળીને સભામાં બેઠેલા ઘણાને મનમાં થયું મહારાજ નમેરા થયાં છે કે શું ? પરંતુ મૂળજીની વાત નોખી હતી. એ તો મહારાજની આજ્ઞા થતાં તરત ઊભા થયા અને પળનોય વિલંબ વિના પવનવેગે ઊડતા હોય તેમ ચાલવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે,

**'પેટ કટારી રે પહેરીને સન્મુખ ચાલ્યા,**
**પાછા ન વળે રે કોઈના તે નવ રહે ઝાલ્યા.'**

મુક્તાનંદ સ્વામી આ આખો સંવાદ સાંભળી રહ્યા હતા. જેવું મૂળજીએ પંચાળાથી ભાદરા તરફ પ્રયાણ આદર્યું કે સ્વામીના અંતરમાં ફાળ પડી. એમણે મહારાજને હાથ જોડીને કહ્યું 'મહારાજ ! મૂળજીને પાછા વાળો, નહિતર એ તો સાચોસાચ સૌને બાળીને આવશે.'

મહારાજ હસ્યા અને બોલ્યા 'હા સ્વામી! એ તો એવા જ છે. કોઈને એની પાછળ દોડાવો અને પાછા બોલાવી લાવો. મહારાજની આજ્ઞાથી એક પાર્ષદ દોડતા ગયા અને મૂળજીને પાછા વાળી આવ્યા.

મૂળજી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ મંદમંદ હસીને બોલ્યા, 'મૂળજી અમારે તો અંતરમાં રહેલા ઘરબાર સળગાવવા હતા, બહારના નહિ.' મૂળજી બોલ્યા 'મહારાજ ! આપની કૃપાથી અંતરમાંથી તો બધું ક્યારનું સળગી ગયું છે, અંતરમાં આપ સિવાય બીજું કાંઈ છે જ નહિ.'

મૂળજીની વાત સાંભળી મહારાજ એકદમ ઊભા થયા અને મૂળજીને બાથમાં ઘાલીને મળ્યા અને બોલ્યા, 'હા મૂળજી! એમ જ છે. તમે તમારા હૃદયમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ રહેવા દીધું નથી. તમારા હૃદયમાં અમારો અખંડ વાસ છે.'

સંવત્ ૧૮૬૬માં શ્રીહરિએ ડભાણમાં યજ્ઞ કર્યો અને એ પ્રસંગે શ્રીહરિએ મૂળજીને મહાદીક્ષા આપી અને 'નિર્ગુણાનંદ સ્વામી' નામ પાડ્યું.

આગળ જતા તેઓ એમની ત્રિગુણાતીત અખંડ બ્રાહ્મી સ્થિતિને લીધે આખરે એ 'ગુણાતીતાનંદ સ્વામી' તરીકે પ્રસિદ્ધ થયા.

# સહજાનંદના સંગમાં

## મહારાજની આજ્ઞા તો સર્વ માટે છે

ડભાણમાં દીક્ષા આપ્યા પછી મહારાજે સ્વામીને સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના મંડળમાં મૂક્યા. વિચરણ કરતાં કરતાં આ મંડળ જેતલપુર આવ્યું. અહીં દેવ સરોવરને કિનારે આવેલ મહોલના ધાબા પર સંતો રાત્રે શયન કરતા હતા.

રાત્રે સંધ્યા આરતી કથાવાર્તા અને સ્વાભાવિકચેષ્ટા પૂર્ણ થયા બાદ મુક્તાનંદસ્વામીએ કશું જ પાથર્યા વગર મહોલના ધાબા ઉપર જમીન પર જ લંબાવ્યું. અન્ય સંતો પણ પાથર્યા વિના જ શ્રીહરિને સંભારતા સૂઈ ગયા. થોડી વારમાં ધ્યાનાદિકથી પરવારી ગુણાતીતાનંદસ્વામી સૂવા આવ્યા. તેમણે પણ એવી જ રીતે સૂવાની તૈયારી કરી, પણ કાંકરાવાળી પૃથ્વીમાં ઊંઘ આવી નહિ એટલે બેઠા બેઠા મહારાજને સંભારવા લાગ્યા.

એટલામાં સદ્.મુક્તાનંદસ્વામીની ઊંઘ ઉડીગઈ. એમણે જોયું તો નિર્ગુણાનંદ જાગતા હતા. સ્વામીની પાસે આવી વાંસામાં હાથ ફેરવી પૂછ્યું 'કેમ સાધુરામ! ઊંઘ નથી આવતી ?' સ્વામીએ સહેજ સંકોચ સાથે કહ્યું 'ના સ્વામી!'

આ નવા અને નાના સાધુ હજુ પાકતું ફળ છે, એવા વિચાર સાથે મા જેવા હૃદયવાળા મુક્તાનંદસ્વામી નાના સાધુની મુશ્કેલી પારખી ગયા અને કરુણાભીના થઈ બોલ્યા, "સ્વામી, કંઈક પાથરો . કાંકરાવાળી ભોં છે. એટલે ઊંઘ ન આવે "

સ્વામીએ સામો પ્રશ્ન કર્યો 'તો આપે કેમ કંઈ પાથર્યું નથી ?'

"મારે તો મહારાજની આજ્ઞા નથી, પણ તમે હજી નવા છો. એટલે કંઈક પાથરો તો સારું."

તરત સ્વામીએ કહ્યુ,"મહારાજની આજ્ઞા તો બધા માટે છે ને ? હું પણ કલ્યાણનો ખપ રાખીને જ આવ્યો છું. માટે મને પણ આ આજ્ઞા પાળવાની અનુમતિ આપો." આટલું બોલતાં બોલતાં સ્વામીથી રડી પડાયું.

મુક્તાનંદસ્વામી આ વચન સાંભળી અવાક્ બની ગયા ને મનોમન વિચારવા લાગ્યા કે 'નાના સાધુ છે પણ આગળ મોટું નામ કાઢશે.'

ક્યારેક આ પ્રસંગને સંભારી સ્વામી કહેતા 'પછી તો શરીરને એવું કેળવ્યું કે પગમાં શૂળ વાગે તો શૂળ ભાંગી જાય પણ પગને કાંઈ ન થાય.'

## એવા સદ્‌ગુરુ કોણ ?

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એટલે 'ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી મહિમાના ઉદ્‌ગાતા, એકાંતિક ભાગવત સંત.' એમની વાતો એટલે શ્રીહરિના સર્વોપરીપણાની વાતો. એના રોમેરોમમાં મહારાજ રમતા હતા. તેઓ ત્રણેય અવસ્થામાં શ્રીહરિને અખંડ દેખતા હતા.

ભગવાન સ્વામિનારાયણ પણ આવા ભાગવત પરમહંસોનો ખૂબજ મહિમા વિસ્તારતા હતા. સંવત્ ૧૮૬૭ની સાલ હતી. સ્વામિનારાયણ ભગવાન સારંગપુરમાં પધાર્યા હતા. સારંગપુરમાં જીવા ખાચર તથા રાઠોડ ધાધલ વગેરે મહાન એકાંતિક ભક્તો હતા. મહારાજ રાઠોડ ધાધલને ત્યાં ઉતર્યા હતા.

મહારાજે સારંગપુરમાં રંગોત્સવ અને ફૂલદોલનો સમૈયો ધામધૂમથી ઉજવ્યો હતો.

ઉત્સવમાં કબીરનું હોળીનું પદ ગવાઈ રહ્યું હતું. પદના શબ્દો છે,

**જહાં સતગુરુ ખેલેં ઋત બસંત, તહાં પરમ પુરુષ સબ સાધુ સંત,**
**જહાં કોટિ કૃષ્ન જોરે દુહાથ, જહાં કોટિ વિષ્નુ નાવૈં સુમાથ.**
**જહાં કોટિન બ્રહ્મા પઢ પુરાન, જહાં કોટિ મહાદેવ ધરૈં ધ્યાન.**
**...જહાં સતગુરુ ખેલેં ઋત બસંત**

જ્યારે આ પદ ગવાઈ રહ્યું હતું ત્યારે મહારાજે પ્રશ્ન કર્યો કે 'સંતો ! એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે મુક્તાનંદ સ્વામી અને અખંડાનંદ સ્વામીએ કહ્યું, 'એવા સદ્‌ગુરુ તો આપ છો.' ઉત્તર સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, 'સ્વામી! અમે તો સર્વોપરી ભગવાન છીએ, સદ્‌ગુરુ નથી. એવા સદ્‌ગુરુ તો આ નિર્ગુણાનંદ અને તમે બધા પરમહંસો છો.' મહારાજની વાતમાં ભારે મર્મ સમાયો હતો.

આ ફૂલદોલના સમય ઉપર મહારાજ સંતો સાથે રાસ રમ્યા હતા અને તે વખતે કીર્તન બોલાતું હતું.

**જુગ જુગ જીવો સો જોગિયા...**
**જુગ જુગ જીવો આવા જોગિયા...**

આમાં જ્યારે 'જોગિયા' શબ્દ આવે ત્યારે મહારાજ પોતાની છડીથી ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં સ્પર્શ કરતા જાય અને કહેતા જાય કે જુગ જુગ જીવો આવા જોગિયા. મહારાજ છડીને ઈશારે સમજાવતા હતા કે આ પદમાં લખ્યા એવા જોગીયા આ નિર્ગુણાનંદ છે.

મહારાજ અનેકવાર મોટા પરમહંસોની આગળ સ્વામીની પ્રશંસા કરતા અને રાજીપો દર્શાવતા. વિશેષ મહત્ત્વની વાત એ હતી કે મહારાજ સ્વયં જેને વખાણે એવા મહાન હોવા છતાં સ્વામી અતિ દીન અને દાસભાવે વર્તતા હતા.

સ્વામી મહારાજનો અલૌકિક પ્રભાવ જાણતા હતા. સ્વામીને ખબર હતી કે ગમે તેવો બ્રહ્મનિષ્ઠ હોય છતાં પુરુષોત્તમ નારાયણની તોલે આવી શકે નહિ. એટલે સ્વામી અવાર નવાર પુરુષોત્તમ નારાયણની સર્વોપરી ઉપાસના ગાતા હતા. એમનું અવતરણ માયાથી તથા અક્ષરથી પણ પર પુરુષોત્તમ નારાયણની ઉપાસના પ્રવર્તન માટે થયું હતું.

## અંખિયા હરિદર્શન બિન પ્યાસી

ગુણાતીતાનંદ સ્વામીને શ્રીહરિની મૂર્તિમાં અત્યંત હેત હતું. માછલી જેમ પાણી વિના રહી ન શકે એમ સ્વામી મહારાજ વિના રહી શકતા નહોતા.

એક સમયની વાત છે, ચોમાસાની ઋતુ હતી, ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો હતો. ભગવાન સ્વામિનારાયણ સાધુઓની જાયગામાં પધાર્યા હતા. મુક્તાનંદ સ્વામી વગેરે પરમહંસોની દિવ્ય સભા થઈ હતી. આ સભામાં ગુણાતીતાનંદ સ્વામી પણ બિરાજમાન હતા.

નક્ષત્રોથી વીંટાયેલો ચંદ્રમા શોભે એમ શ્રીહરિ સંતોની મધ્યમાં શોભી રહ્યા હતા. ચંદ્રમાંથી વરસતી ચાંદની વનસ્પતિઓનું પોષણ કરે એ જ રીતે ભગવાન શ્રીહરિના મુખમાંથી વરસતા વચનામૃતો પરમહંસોના અંતરમાં આનંદ ઉપજાવી રહ્યા હતા. એક બાજુ આકાશમાંથી ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો હતો, બીજી બાજુ શ્રીહરિના મુખમાંથી બ્રહ્મરસની હેલી વરસી રહી હતી.

શ્રીહરિના વચનામૃતોનું પાન કરતા અને મુખારવિંદનું દર્શન કરતા પરમહંસોને તૃપ્તિ થતી નહોતી.

ગુણાતીતાનંદ સ્વામીની સ્થિતિ ચાતક જેવી હતી. ચાતક જેમ સ્વાતિના બૂંદને ઝીલે એમ ગુણાતીતાનંદ સ્વામી મહારાજના વચનામૃતો ઝીલતા હતા.

ઘણા સમય સુધી સંતોને કથાવાર્તાનું સુખ આપી 'જય સચ્ચિદાનંદ' કહી મહારાજ ઊભા થયા અને દરબારગઢમાં બહેનોને કથાવાર્તા કરવા પધાર્યા.

ગુણાતીતાનંદ સ્વામીથી મહારાજનો વિરહ ખમાયો નહિં. ચકોર પક્ષી ચંદ્રને શોધે તેમ સ્વામી પણ મહારાજની સાથે ને સાથે ઊભા થયા અને પાછળને પાછળ ચાલવા લાગ્યા. મહારાજ તો દરબારગઢમાં ગયા. ત્યાં તો સ્વામીથી જઈ ન શકાય તેથી સ્વામી બહાર જ મહારાજની રાહ જોતા ઊભા રહ્યા.

અંધારી રાત હતી. આકાશમાં મેઘલી જામી હતી. વરસાદ વરસી રહ્યો હતો. ઓરડાની ભીંતના જેવા તેવા ઓથમાં સ્વામી ઊભા હતા. ઉપરથી નેવાં વરસતાં હતાં. સ્વામી ભીંજાઈ રહ્યા હતા. મહારાજના દર્શન માટે તલસતી એમની આંખોમાંથી અશ્રુબિંદુઓ વરસી રહ્યા હતા.

આમ ને આમ થોડો સમય પસાર થયો. એવામાં મુક્તાનંદ સ્વામી બહાર નીકળ્યા. એમણે અંધારામાં ઊભેલા સ્વામીને પૂછ્યું, 'કોણ છે?'

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'સ્વામી ! હું નિર્ગુણાનંદ છું.'

મુક્તાનંદ સ્વામીએ માતૃતુલ્ય વાત્સલ્યથી પૂછ્યું, 'આટલી મોડી રાતે ત્યાં વરસતા વરસાદમાં કેમ ઊભા છો?'

સ્વામીએ કહ્યું, 'સ્વામી! મહારાજ દરબારગઢમાં વાતો કરવા પધાર્યા છે. થોડીવાર પછી મહારાજ બહાર પધારશે અને અક્ષર ઓરડી તરફ જશે. ત્યારે મને મહારાજના દર્શન થશે એવી લાલસાથી અહીં ઊભો છું.'

મુક્તાનંદ સ્વામીને થયું, 'અરે! આ નિર્ગુણાનંદની ભક્તિ અને શ્રદ્ધા તો જુઓ, આનો જીવ મહારાજ માટે કેવો વલખે છે. નથી દેહની પડી કે નથી ઊંઘની.'

મુક્તાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો પ્રેમ જોઈ રાજી થયા.

ગુણાતીતાનંદ સ્વામી આમ ને આમ ઘણા સમય સુધી ઊભા રહ્યા. આખરે મહારાજ દરબારગઢમાંથી નીસરી અક્ષર ઓરડી તરફ પધાર્યા.

યોગાનુયોગ અંધારી મેઘલી રાતે વીજળીનો ઝબકારો થયો. વીજળીના અજવાળે સ્વામીને મહારાજના દર્શનની અનુકૂળતા કરી આપી.

આ અલપ ઝલપ દર્શનથી સ્વામીના વિરહાતુર હૈયાને થોડી શાતા વળી. મહારાજના દર્શન કરી સ્વામી પોતાને આસને શયન માટે પધાર્યા.

પ્રેમસખી પ્રમાનંદ સ્વામી કીર્તનમાં કહે છે

**'માશૂક જરા દે દેના, નેનો કા નજારા**
**ઇતને મેં તો હોવેગા આશકુંદા ગુજારા'**

'હે પ્રિયતમ ! તમારા નેણાનો અલ્પ ઈશારો મળશે તો પણ અમારી આશાઓનો નિર્વાહ થઈ જશે.'

બીજા દિવસે મુક્તાનંદ સ્વામીએ મહારાજને રાતની ઘટનાની વાત કરતા કહ્યું, 'મહારાજ ! આ સાધુનો પ્રેમ તો અવર્ણનીય છે.'

મહારાજે કહ્યું, 'સ્વામી, ખરેખર એ સાધુની વાત ન્યારી છે. આવા પ્રેમી ભક્તો સાથે અમારે હૃદયથી અખંડ તદાત્મકપણું હોય છે.'

## સંયમનુ અપર સ્વરૂપ

ભગવાન સ્વામિનારાયણે ગ. પ. પ્ર ૧૮માં વચનામૃતમાં કહ્યું છે કે 'મુમુક્ષુને મોક્ષ માર્ગેથી પાડવામાં અંતઃકરણ કરતાંય ઈન્દ્રિયોનો વાંક વિશેષ છે. માટે મુમુક્ષુઓએ જ્ઞાનેન્દ્રિયોનો આહાર શુદ્ધ રાખવો. જ્ઞાનેન્દ્રિયોનો આહાર શુદ્ધ થાય તો અંતઃકરણ પણ શુદ્ધ થાય છે.'

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી શ્રીહરિની સાથે જ અક્ષરધામમાંથી આ ધરતી ઉપર અવતર્યા હતા છતાં પણ મુમુક્ષુની ચિંતા માટે એમનો ઈન્દ્રિયો અને અંતઃકરણ ઉપર સંયમ જબરો હતો.

ભગવાન શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને ડભાણમાં દીક્ષા આપી અને મુક્તાનંદસ્વામીના મંડળમાં રહેવાની આજ્ઞા કરી.

સ્વામીનું મંડળ સુરત આવ્યું. અહીં હરિભક્તોએ સંતોના ઉતારા માટે એક મકાન રાખ્યું હતું. સંતો રોજ ઝોળી લઈને ભિક્ષા માગવા જતા.

મુક્તાનંદસ્વામીએ સંતોના સંયમની રક્ષા માટે એક નિયમ કર્યો હતો. બે સાધુએ ભિક્ષા માગવા જવું. ઝોળીના આગલા બે છેડા આગલા સાધુ પકડે અને પાછલા બે છેડા પાછલા સાધુ પકડે. કોઈ સ્ત્રી ઝોળીમાં ભિક્ષા નાખવા આવે ત્યારે તેની સામે જોવાય જવાય તો સાધુએ ઉપવાસ કરવો અને બીજા દિવસે તેણે ઝોળી માગવા જવું નહીં.

ઈન્દ્રિયોના વેગ બળવાન હોય છે, તે મુમુક્ષુને વિષયો તરફ ખેંચી જાય છે. મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે,

**'મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે**
**કવિ ગુણી પંડિત બુધ્ધે બહુ આગળા, એ દળ દેખતા સર્વ ભાગે...'**

ગીતામાં પણ કહ્યું છે, **'મનઃ ષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ.'**

**વિના પ્રયોજને ચાળા ચૂંથવાનો ઇન્દ્રિયો અતઃકરણનો સ્વભાવ છે.**

સંતો ઝોળી માગવા જતા પણ નિયમભંગ થવાથી ઉપવાસ પડતા. આ સંતો સાધારણ ન હતા. એમનું મન વિષયોમાં ભમતુ નહોતું છતાં પણ સહજ સ્વભાવે નેત્રેન્દ્રિયનો નિયમ ખંડિત થતો.

સાધુઓ ભારે નિર્મળ, નિખાલસ અને જાણપણા રૂપી દરવાજે ઊભા રહેનારા હતા. તેઓ પ્રામાણિકપણે મુક્તાનંદ સ્વામીની આગળ નિષ્કપટ ભાવે થયેલી ભૂલનો એકરાર કરતા અને ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરતા. વારંવાર ઊભી થતી મુશ્કેલીમાંથી મુક્તાનંદસ્વામીએ માર્ગ કાઢ્યો.

સ્વામી ગુણાતીતાનંદ સ્વામીના સંયમથી અને ઇન્દ્રિય નિગ્રહથી પરિચિત હતા. એમણે ગુણાતીતાનંદ સ્વામીને આજ્ઞા કરી કે ‘તમારે રોજ ઝોળી માગવા જવું, તમારી જોડ બદલાતી રહેશે પણ તમારે જેમનાતેમ રહેવાનું છે.’

મુક્તાનંદસ્વામીની આજ્ઞાથી ગુણાતીતાનંદસ્વામીએ બે મહિના સુધી એકધારી ઝોળી માગી પણ સ્વામીની દૃષ્ટિ સહજ રીતે નિયમની વાડમાં જ રહી.

શાસ્ત્રોમાં કથા છે. શુકદેવજી મહારાજ જ્યારે જનક મહારાજ પાસે આત્મજ્ઞાન શીખવા આવ્યા ત્યારે જનક મહારાજે તેમને હાથમાં તેલથી છલોછલ ભરેલો કટોરો આપીને કહ્યું કે, ‘આ કટોરા સાથે તમે નગરયાત્રા કરીને પાછા આવો ત્યાં સુધીમાં આમાંથી એક ટીંપુય તેલ જો નીચે પડશે તો તમારો શિરચ્છેદ કરવામાં આવશે.’

શુકદેવજી મહારાજ જેવા સહજ સિદ્ધને આ નગરયાત્રા ભારે વસમી પડી હતી. જ્યારે ગુણાતીતાનંદ સ્વામીને શુકદેવજી જેવો મોતનો ભય ન હતો છતાં એમણે સહજ ભાવે બે મહિના સુધી સુરતની નગરયાત્રા અતિ સરળ અને સહજ ભાવે કરી. નિત્ય બ્રાહ્મીસ્થિતિમાં રમતા સ્વામીને માટે આ વાત સહજ હતી.

## નીલ વાંદરું અને મન

સુરતમાં સંતો જે સ્થળે ઉતર્યા હતા તેની બાજુમાં જ એક ગૃહસ્થનું મકાન હતું. એ ગૃહસ્થે એક નીલ વાંદરું પાળ્યું હતું. વાંદરાની જાત ભારે ચંચળ હોય છે. તેમાં પણ ચંચળતામાં નીલ વાંદરુ પ્રથમ નંબર આવે. આ નીલ વાંદરુ આખો દિવસ કૂદાકૂદ કર્યા જ કરતું.

એક દિવસ મુક્તાનંદસ્વામીએ સંતોને સભામાં વાત કરી, ‘સંતો ! આપણા આંખ, મન, નાક કેટલા ચંચળ છે. આપણને સમજણ ન પડે તેમ છેતરી જાય છે.

આપણી સામેના મકાનમાં એક નીલ વાંદરુ બાંધ્યું છે. તેના ઉપર આજ સુધીમાં જેની એક વાર પણ દૃષ્ટિ ન ગઈ હોય તે ઊભા થાવ.'

સ્વામીની વાત સાંભળીને સભા સ્તબ્ધ થઈ ગઈ. કારણ કે નીલ વાંદરાની ચંચળતા તરફ ક્યારેકને ક્યારેક તો દરેકની આંખ આકર્ષાણી હતી.

આમેય કોણ જાણે કેમ માણસને વાંદરા જોવાનું મન વિશેષપણે થતું હોય છે! વાંદરાને અને માણસને ડાર્વિન કહે છે તેમ જુગ જૂનો નાતો છે!

મુક્તાનંદસ્વામીની વાત સાંભળી સભામાંથી કોઈ ઊભું ન થયું, પરંતુ સૌથી છેલ્લે બેઠેલા ગુણાતીતાનંદ સ્વામી હાથમાં માળા સાથે ઊભા થયા અને બોલ્યા 'મેં નીલ વાંદરું જોયું નથી.'

ગુણાતીતાનંદ સ્વામીની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી ગદ્‌ગદ્ થઈ ગયા અને બોલ્યા 'નિર્ગુણાનંદ ! તમને ધન્ય છે, તમે સર્વ સાધુઓની લાજ રાખી. તમે તો મારા કરતાં પણ આગળ નીકળ્યા, કારણ કે મારી દૃષ્ટિ પણ એકવાર નીલ વાંદરા ઉપર ગઈ હતી.' સમર્થ સંત મુક્તાનંદ સ્વામી નિખાલસ ભાવે વાત કરી રહ્યા હતા.

સ્વામીએ સભામાં કહ્યું, 'સંતો ! આપણા ઈન્દ્રિયો અને અંતઃકરણ આ નીલ વાંદરા જેવા ચંચળ છે. સાધુઓએ આ નીલ વાંદરા જેવા મનને વશ કરવું જોઈએ. એ જ તો સાધુની સાધના છે. નિર્ગુણાનંદે આ વાત સિદ્ધ કરી લીધી છે ! એમને ધન્ય છે.'

## મહારાજ સ્વામીને બાવીસવાર મળ્યા

વિ. સં. ૧૮૬૯ની સાલ હતી. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સુરતમાં બિરાજતા હતા અને જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા.

એટલામાં કોઈ હરિભક્તે પૂછ્યું, 'સ્વામી ! મહારાજ અત્યારે ક્યાં બિરાજે છે ?' સ્વામીએ કહ્યું, 'મહારાજના હમણાં કોઈ સમાચાર નથી. અમને એમ લાગે છે કે મહારાજ ગઢપુરમાં બિરાજતા હશે.'

હરિભક્તે કહ્યું, 'સ્વામી ! જો મહારાજ ગઢપુરમાં બિરાજતા હોય તો આ વાંસ અને આદુના અથાણાંની બરણીઓ, બરફીની માટલીઓ મહારાજ માટે મોકલવાની છે. કોઈ સાધુઓ એ બાજુ જતા હોય તો મહારાજને પહોંચાડે.'

સ્વામીએ કહ્યું, ''અમે પણ આ 'સતીગીતા' ગ્રંથ પૂરો કર્યો છે તે મહારાજની પ્રસાદીનો કરવા માટે મોકલવાનો છે. અમે શોધીએ છીએ કે કોઈ એવા ઉત્સાહી

શ્રદ્ધાવાળા સંત હોય તો એમને ગઢપુર મોકલીએ.''

સ્વામીની વાત સાંભળીને સભામાંથી કોઈએ કહ્યું, 'સ્વામી! એવા સાધુ તો નિર્ગુણાનંદ છે.' મુક્તાનંદ સ્વામીએ નિર્ગુણાનંદ સ્વામી સામે જોયું એટલે સ્વામી હાથ જોડી ઊભા રહ્યા અને બોલ્યા, 'આપની આજ્ઞા હોય તો હું અવશ્ય ગઢપુર જઈશ ને આ બધી સામગ્રી તેમ જ ગ્રંથ વગેરે મહારાજને પહોંચાડીશ. તમે મારી સાથે ચાલે એવી જોડ્યની વ્યવસ્થા કરી આપો.'

આટલી વાત સાંભળતા બાજુમાં એક ગોદડીયા સંત શાંતાનંદ સ્વામી બેઠા હતા. એ સ્વભાવે પોતાનું ધાર્યું જ કરનારા હતા. ઘણા દિવસથી તેઓ સુરતથી ગઢપુર જવા માગતા હતા. તેઓ સભામાં ઊભા થઈને બોલ્યા, 'સ્વામી! હું આ નિર્ગુણાનંદ સ્વામીની સાથે ગઢડા જઈશ, તમે હા પાડશો તો જઈશ અને ના પાડશો તો પણ જઈશ.' આ મનમુખી સાધુની વાણી સાંભળીને મુક્તાનંદ સ્વામી હસ્યા અને બોલ્યા, 'ભલે સાધુરામ! તમારી મરજી હોય તો અમે શા માટે ના પાડીએ? અમારે નિર્ગુણાનંદની જોડ્ય ગોતવી મટી.'

નિર્ગુણાનંદ સ્વામી સુરતથી નીકળવા તૈયાર થયા. અથાણાંની બરણીઓ, બરફીની માટલીઓ અને સતીગીતાનો ગ્રંથ વગેરે સાથે લીધો. સુરતના હરિભક્તોએ એક સરસ મજાની સાદડી વણાવીને તૈયાર કરી હતી તે સાથે લીધી.

સુરતના હરિભક્તોએ કહ્યું, 'સ્વામી ! મહારાજને પ્રણામ કહેજો. અમારી ભેટ અર્પણ કરજો અને અમારા વતી મહારાજને ભેટજો.'

નિર્ગુણાનંદ સ્વામી હરિભક્તોએ આપેલી સામગ્રી સાથે લઈ ગઢપુરને માર્ગે ચાલતા થયા. સ્વામીના અંતરમાં મહારાજની અખંડ સ્મૃતિ હતી, તેઓ મહારાજનાં દર્શન માટે ભારે આતુર હતા. તેથી ઉતાવળી ગતિએ ચાલતા ચોથે દિવસે ગઢપુર પહોંચી ગયા.

આ સમય ઓગણોતેરા કાળનો સમય હતો. મહારાજ ગઢપુરમાં ગુપ્તવાસ કરી રહ્યા હતા. મહારાજે દરબારગઢના ઓરડાનાં જૂદાં જૂદાં નામ પાડ્યાં હતાં. કોઈ ઓરડાનું નામ કચ્છ તો કોઈનું નામ કાઠિયાવાડ તો કોઈનું નામ ગુજરાત રખાવ્યું હતું. કોઈ હરિભક્તો મહારાજના હજૂરી સેવકોને પૂછે કે 'મહારાજ ક્યાં બિરાજે છે ?' સેવકો જવાબ દેતા, 'મહારાજ હમણાં કાઠિયાવાડમાં વિચરણ કરે છે, હમણાં કચ્છમાં બિરાજે છે, હમણા ગુજરાતમાં પધાર્યા છે.' આ રીતે કોઈને મહારાજના સાચા સમાચાર મળતા નહિ.

આ બાજુ નિર્ગુણાનંદ સ્વામી શાંતાનંદ સ્વામીની સાથે ગઢપુર પધાર્યા. ઉન્મત ગંગાની વેળુમાં ઉતારો કર્યો. મહારાજ ક્યાં હશે ? તે તપાસ કરી પણ મહારાજના કોઈ સાચા સમાચાર મળી શક્યા નહિ.

સ્વામીને થયું કે 'મહારાજ છે તો અહીં જ, પણ કોઈ સાચી વાત કરતા હોય એમ લાગતું નથી.' બીજે દિવસે મહારાજના અંગત સેવક નાજા જોગીયા ઉન્મત ગંગામાં સ્નાન કરવા પધાર્યા. સ્વામી સમજી ગયા કે નાજા જોગીયા ગઢપુરમાં છે એટલે મહારાજ ગઢપુરમાં જ હોવા જોઈએ.

સ્વામીએ નાજા જોગીયાને પૂછ્યું, 'મહારાજ ક્યાં છે ?'

નાજા જોગીયાએ કહ્યું, 'સ્વામી ! આ બાબતમાં મને પૂછતા નહિ.'

નાજા જોગીયાના જવાબથી સ્વામીને ખાતરી થઈ કે 'મહારાજ જરુર ગઢપુરમાં જ બિરાજે છે.'

બીજે દિવસે નાજા જોગીયા પાછા સ્નાન કરવા આવ્યા.

સ્વામીએ એમને ઊભા રાખીને કહ્યું, 'નાજા જોગીયા ! મને મુક્તાનંદ સ્વામીએ સુરતથી મોકલેલ છે, હરિભક્તોએ અથાણાં, બરફી વગેરે સામગ્રી મોકલાવી છે તે મહારાજને પહોંચાડવાની છે. સાથે સાથે સ્વામીએ આ 'સતીગીતા' ગ્રંથ મોકલાવ્યો છે તે પણ મહારાજને પહોંચાડવાનો છે.'

નાજા જોગીયાને થયું 'સ્વામીને બધું જણાવી દઉં.' પણ મહારાજની આજ્ઞા નહીં હોવાથી કાંઈ બોલ્યા વગર ચાલતા થઈ ગયા.

સ્વામી સમજી ગયા કે 'નાજા જોગીયા અવશ્ય આ વાત મહારાજને પહોંચાડશે અને મહારાજ તરફથી અવશ્ય સારા સમાચાર આવશે.'

આ બાજુ નાજા જોગીયાએ મહારાજને વાત કરી. 'મહારાજ ! સુરતથી નિર્ગુણાનંદ સ્વામી આવ્યા છે. હરિભક્તોએ અથાણાં અને બરફીની માટલીઓ મોકલાવી છે અને મુક્તાનંદ સ્વામીએ 'સતીગીતા'નો ગ્રંથ મોકલેલ છે તો હવે શું કરવું?' મહારાજે કહ્યું, 'જાવ ! એમને કહો કે જે ભેટ સામગ્રી લાવ્યા છો તે અમને આપી દો, અમે દરબારગઢમાં બહેનોને આપી દઈશું અને તમારે દર્શન કરવા હોય તો મહારાજ હાલ કચ્છમાં બિરાજે છે.'

નાજા જોગીયા સ્વામી પાસે ગયા ને મહારાજે કહ્યું હતુ તે પ્રમાણે કહ્યું ને બધી સામગ્રી સ્વામી પાસેથી લઈ અને લાડુબાને સોંપી દીધી.

બીજો દિવસ મહાસુદી પૂનમનો દિવસ હતો. મહારાજે નાજા જોગીયાને કહ્યું,

'અમારી માણકી તૈયાર કરો, અમારે કારિયાણી જવું છે.'

નાજા જોગીયા માણકી તૈયાર કરતા કરતા વિચારવા લાગ્યા, 'ઓલા બિચારા સાધુને કચ્છમાં જવાની વાત કરી છે અને આ બાજુ મહારાજ કારિયાણી જશે. પેલા સાધુ કચ્છમાં જશે તો નાહકના હેરાન થશે.'

નાજા જોગીયા આમ વિચાર કરે છે ત્યાં હરજી ઠક્કર નીકળ્યા. નાજા જોગીયાએ હરજી ઠક્કરને કાનમાં કહ્યું, "ઉન્મત ગંગાના પટમાં નિર્ગુણાનંદ સ્વામી ઉતર્યા છે એને ખાનગી સંદેશો પહોંચાડો કે મહારાજના દર્શન કરવા હોય તો કચ્છને બદલે કારિયાણી આવો. બીજું સ્વામીને કહેજો કે કારિયાણીમાં ગામમાં ન હાલે, પછવાડેથી આવે. કારણ કે મહારાજ ગુપ્ત રહેવા માગે છે."

આ બાજુ સ્વામી મહારાજને સંભારીને ઉન્મત્તગંગાને કિનારે ધ્યાન કરતા હતા. સ્વામીને શુભ શુકન થવા લાગ્યા, સ્વામીને ખાતરી થઈ કે 'અવશ્ય મહારાજ તરફથી કાંઈ સારા સમાચાર આવવા જોઈએ.'

એટલામાં હરજી ઠક્કર આવ્યા. એમણે નાજા જોગીયાનો ગુપ્ત સંદેશો સ્વામીને સંભળાવ્યો. સ્વામીના હૈયામાં અત્યંત આનંદ ઉભરાવા લાગ્યો. શાંતાનંદ સ્વામીને સાથે લઈ સ્વામી કારિયાણી આવ્યા.

બપોરનો સમય થયો હતો. મહારાજ વસ્તા ખાચરના દરબારમાં થાળ જમવા પધાર્યા હતા. મહારાજ જેવા બાજોઠ પર બિરાજ્યા ત્યાં ડેલી ખખડી.

મહારાજે નાજા જોગીયાને કહ્યું, 'જાવ તપાસ કરો, કોણ આવ્યું છે ?'

નાજા જોગીયાને અણસાર આવી ગયો કે 'નક્કી નિર્ગુણાનંદ સ્વામી હોવા જોઈએ.' નાજા જોગીયા ડેલીએ પહોંચ્યા. ડેલીની ડોકાબારીથી જોયું તો સ્વામી અને શાંતાનંદ સ્વામી બહાર ઊભા હતા.

નાજા જોગીયાએ સ્વામીની સામે જોયું, સ્વામીની દૃષ્ટિ નાજા જોગીયા ઉપર પડી. બન્નેના મુખ પર સંકેત સૂચક સ્મિત ફરકવા લાગ્યું.

નાજા જોગીયાએ હાથનો ઈશારો કરી થોડીવાર રાહ જોવાનું કહ્યું ને મહારાજ પાસે આવી ઠાવકું મોઢું કરીને કહ્યું, 'મહારાજ ! આ તો ઓલા સુરતવાળા નિર્ગુણાનંદ સ્વામી આવ્યા છે.' મહારાજ બોલ્યા, 'એલા નાજા ! અમે કારિયાણી છીએ એની એ સાધુને કેમ ખબર પડી? નક્કી કોઈ ઘરનો ફૂટી ગયો લાગે છે!'

નાજા જોગીયા હસવા લાગ્યા. મહારાજ પણ હસતા હસતા બોલ્યા, 'નાજા ! જાવ જાવ એ સાધુને બોલાવી લાવો. નિર્ગુણાનંદ તો હેતની મૂર્તિ છે.' નાજા જોગીયા એકદમ જઈને સ્વામીને બોલાવી લાવ્યા. સ્વામી દંડવત્ કરવા લાગ્યા.

મહારાજ કારિયાણી ગુપ્ત રીતે પધાર્યા હતા અને પોતે કારિયાણી છે એ વાત ગુપ્ત રાખવા માગતા હતા એટલે મહારાજે સ્વામીને પૂછ્યું, 'સ્વામી ! ગામમાંથી આવ્યા કે ગામ પછવાડેથી?'

સ્વામીએ કહ્યું, 'મહારાજ ! અમે તો પછવાડેથી આવ્યા છીએ.' એ સાંભળીને મહારાજ રાજી થયા. મહારાજ થાળ જમતા જમતા સુરતના હરિભક્તો અને મુક્તાનંદ સ્વામીના સમાચાર પૂછવા લાગ્યા.

સ્વામીએ મહારાજને બધા સમાચાર કહ્યા.

સ્વામીની વાત સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને જમતા જમતા સ્વામીને થાળની પ્રસાદી આપવા લાગ્યા.

મહારાજ સ્વામીની વાત સાંભળતા જાય, જમતા જાય,હરિભક્તોને સંભારતા જાય અને થાળની પ્રસાદી સ્વામીને આપતા જાય.

મહારાજનો આવો અત્યંત રાજીપો જોઈને સ્વામીનો લાંબી મજલનો થાક ઉતરી ગયો અને અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.

મહારાજ ભોજન પૂરુ ંકરી ઢોલિયે બિરાજમાન થયા.

સ્વામી પણ મહારાજની સન્મુખ આવીને બેસી ગયા.

મહારાજે પૂછ્યું, 'સુરતના હરિભક્તોએ કાંઈ કહેવરાવ્યું છે ?'

સ્વામી કહે, 'મહારાજ ! મુક્તાનંદ સ્વામી વગેરે સંતો હરિભક્તોએ આપને ભેટવાનું કહ્યું છે.' સ્વામીની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થઈ ઢોલીયા ઉપરથી ઊભા થઈ ગયા અને બોલ્યા, 'સ્વામી ! તમે એક એકના નામ લેતા જાવ અને અમે તમને ભેટતા જઈએ.'

સ્વામી એક એક સંત હરિભક્તનું નામ લેવા લાગ્યા અને મહારાજ દરેકને સંભારીને ભારે હેતથી સ્વામીને ભેટવા લાગ્યા. આ રીતે મહારાજ બાવીસ વખત સ્વામીને ભેટ્યા !! સ્વામીને થયું 'મહારાજ હમણાં જમ્યા છે, માટે મહારાજને શ્રમ પડશે અને થાકી જશે.' આમ વિચારી સ્વામીએ નામ લેવાનું બંધ કર્યું. મહારાજ પાછા ઢોલીયા ઉપર બિરાજમાન થયા.

જેવા મહારાજ ઢોલીયે બિરાજ્યા ત્યાં સ્વામી સાથે આવેલા શાંતાનંદ સ્વામી બોલ્યા, 'મહારાજ મને એકવાર તો મળો.'

મહારાજ બોલ્યા, 'તમે મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી આવ્યા નથી. મનમુખી થઈને જોરાવરીએ આવ્યા છો. મનમુખીઓને મળવામાં અમને ભારે શ્રમ પડે છે.'

નિર્ગુણાનંદ સ્વામી બોલ્યા, 'મહારાજ ! આપ તો દયાના સાગર છો અને

જીવ તો આવા જ હોય. પ્રભુ ! આ શાંતાનંદે રસ્તામાં અથાણાંની બરણી અને બરફીની માટલીઓ ઉપાડવામાં ભારે મદદ કરી છે માટે એના પર દયા કરો તો સારું.' ગુણાતીતાનંદ સ્વામીના વિનય વચન સાંભળીને મહારાજ ઊભા થયા અને શાંતાનંદને મળ્યા, પણ મળતા મળતા મહારાજે માર્મિક ટકોર કરી. 'શાંતાનંદ ! હું આ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વખત મળ્યો છતાં પણ મને કઠણ ન પડ્યું, પરંતુ તમને એક વખત મળુ છું તોય કઠણ પડે છે.'

'સાધુએ મોટા સંતોની આજ્ઞામાં રહેવું જોઈએ. આમ મનમુખી ન થવાય. મનમુખી અમને પામી શકતા નથી. જે ગુરુમુખી થાય છે તે જ અમને પામી શકે છે.' મહારાજનાં હિતવચનો સાંભળતા શાંતાનંદજીને એમની ભૂલ સમજાણી. મહારાજ કારીયાણીમાં થોડા દિવસ રોકાયા. મહારાજે સ્વામીને પણ સાથે રાખ્યા. પછી મહારાજ ગઢપુર પધાર્યા ને સ્વામી મહારાજની આજ્ઞાથી સુરત પધાર્યા.

## સિંહ વચ્ચે બકરી

ભગવાન સ્વામિનારાયણની સંતોને કેળવવાની રીત આગવી હતી. તેઓ સમયે સમયે સંતોની અનેક પ્રકારે કસોટી લેતા અને સમય આવ્યે મન ભરીને મોજ આપતા.ક્યારેક ઉપવાસ કરાવતાં, ક્યારેક કાચા લોટના ગોળા ખવરાવતા અને ક્યારેક સંતોની પંકિતમાં પોતે ફરી ફરીને પીરસતા. લાડુ, દૂધપાક જમાડી જમાડી સંતોને થકવી દેતા.

એકવાર શ્રીહરિએ ગઢપુરમાં સંતોની પંકિત કરી હતી. મહારાજે આજ સંતો માટે ખાંડના લાડુ કરાવ્યા હતા.

સંતોની પંક્તિમાં મહાનુભાવાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને એ બેયની વચ્ચે ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા.

મહારાજ પંક્તિમાં પીરસવા નીકળ્યા, એમણે ગુણાતીતાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામીની વચ્ચે બેઠેલા જોયા એટલે મહારાજ બોલ્યા, “આ તો સિંહ વચ્ચે બકરી!”

મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા, “બેટી કે બાપ ! આ સાધુ સિંહ છે કે બકરી એ તો કોણ કેટલા લાડુ જમે છે ? એના ઉપરથી નક્કી થાય.”

મહારાજ હસ્યા અને ત્રણેય સંતોના પતરમાં એક એક લાડુ મૂકી દીધો અને એ જ રીતે આખી પંક્તિમાં લાડુ પીરસી દીધા.

મહારાજને સંતોની પંક્તિમાં પીરસવાનો ભારે ઉત્સાહ હતો. એમણે જીવનભર નિયમ લીધું હતું કે, "મારા સંતો જમવા બેસે ત્યારે મારે એમને પીરસવું."

મહારાજે સુંદર ધોતી પહેરી હોય, ખંભાના ખેસનો કછોટો વાળ્યો હોય, હાથમાં લાડુનો થાળ હોય અને પંક્તિમાં પીરસતા હોય ત્યારે એ દર્શન બહુ અલૌકિક હોય. જમનારા સંતોને પણ લાડુનો સ્વાદ ન હોય, એમને તો મહારાજના હાથે મોદક મળે એમાં જ મોદ હોય.

મહારાજ પાંચવાર પંક્તિમાં ફર્યા અને બધાને પેટ ભરીને લાડુ જમાડ્યા.

હજુ મહારાજને એમ થયું કે, "સંતો વધારે જમે તો સારું"

મહારાજે હાથમાં બે લાડુ લીધા અને પંકિતમાં ફરતાં ફરતાં કહેવા લાગ્યા, "બે લાડુ લે એને અમારે છાતીમાં એક ચરણારવિંદ આપવું."

પરંતુ ભરપેટ ભોજન થયેલું હોવાથી કોઈ સાધુ લાડુ લેવા તૈયાર થયા નહિ.

મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું, "બેટી કે બાપ ! આ બકરીને લાડુ આપો. એ લેશે."

મહારાજે પૂછ્યુ, "નિર્ગુણાનંદ ! તમે લાડુ લેશો ?"

સ્વામીનું પેટ સાવ ભરાઈ ગયું હતું, છતાં મહારાજના હાથની પ્રસાદી મળે તો એ છોડવા તૈયાર નહોતા, એટલે હા પાડી.

મહારાજે એમના પતરમાં બે લાડુ મૂક્યા. માથે હાથ મેલ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યું.

હજુ મહારાજની હોંશ પૂરી થઈ નહોતી. એમણે એક લાડુ હાથમાં લીધો અને કહ્યું, "હવે જો કોઈ આ એક લાડુ લેશે, એને છાતીમાં બે ચરણારવિંદ આપીશું." એક તો મહારાજના હાથની પ્રસાદી અને ઉપરથી બે ચરણારવિંદની પ્રાપ્તિ, આ લાલચ જબરી હતી. છતાં કોઈ સાધુ લાડુ લેવા તૈયાર ન થયા.

વળી મહાનુભાવાનંદ સ્વામી રમૂજમાં બોલ્યા, "બેટી કે બાપ ! આ બકરીને દ્યો." મહારાજ હસ્યા અને પૂછ્યું, "નિર્ગુણાનંદ ! લાડુ લેશો ?"

સ્વામીને તો કોઈ રીતે આ લાભ છોડવો નહોતો, એટલે હા પાડી.

મહારાજે સ્વામીના પતરમાં એક લાડુ મૂક્યો પછી સ્વામીને માથે હાથ મેલ્યા અને છાતીમાં બે ચરણારવિંદ આપ્યા.

સ્વામીના અંતરમાં અતિ આનંદ આનંદ થઈ ગયો. કારણકે આ પ્રસાદી તો ભવ-બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ હતી. બ્રહ્મા માછલું થયા હતા, તોય આવી પ્રસાદી મળી નહોતી.

આ બાજુ હજુ મહારાજને હતું કે, ‘‘હજુ સંતોને જમાડું.’’

મહારાજે એક તાંસળીમાં બશેર-અઢી શેર ગોરસ લીધું, તેમાં દળેલી સાકર નાખી અને પોતાના હાથેથી ગોરસ હલાવ્યું પછી તાંસળી મોઢે માંડી થોડું ગોરસ પીધું. પછી મહારાજ બોલ્યા, ‘‘હવે આ બધું પી જાય એને ગોરસ આપવું છે.’’

પંક્તિમાં કોઈ તૈયાર ન થયું. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! મને આપો.’’ મહારાજે સ્વામીના પતરમાં ગોરસ રેડી દીધું. સ્વામી બધું ગોરસ પી ગયા. હવે સ્વામીનું પેટ ફાટ ફાટ થવા આવ્યું હતું. પરંતુ એમને કોઈ રીતે આવી શ્રીમુખની પ્રસાદીનો લાભ છોડવો નહોતો.

મહારાજે પીધેલું ગોરસ સ્વામીએ પીધું, એટલે મહાનુભાવાનંદ સ્વામી રમૂજમાં બોલ્યા, ‘‘બેટી કે બાપ ! આ બકરી તો ખાટી ગઈ!’’

પછી મહારાજને મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! તમે આ નિર્ગુણાનંદને બકરી કહો છો. પણ આ તો જમવામાં સિંહ નીકળ્યો સિંહ !’’

મહારાજ કહે, ‘‘સ્વામી ! એ સાધુને અમે ઓળખીએ છીએ. એ જમવાના અવસરે જમે છે પછી ઉપવાસ પણ એટલા જ ખેંચી કાઢે છે. આ તો ભૂખ વેઠે એને મોજ મળે, બીજાનું કામ નહીં.’’

## બાલા જોગી, વૈદ્ય રોગી, શૂરા વાંસે ઘા

વિ. સં. ૧૮૭૦ ની સાલ હતી. ગુણાતીતાનંદ સ્વામી નવા નવા સાધુ થયા હતા. કૃપાનંદ સ્વામીના મંડળમાં રહેતા હતા.

ગઢપુરમાં દાદા ખાચરના પિતા એભલ ખાચર ધામમાં ગયા હતા. એમના કારજ નિમિત્તે મહારાજ સાધુઓ અને બ્રાહ્મણોને ખૂબ જ જમાડતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીને મહારાજના હાથની પ્રસાદીનો ખૂબ જ મહિમા હતો. એટલે તેઓ મહારાજ જેટલું પીરસે એટલું જમી જતાં હતા. ના પાડતા જ નહોતા.

ઘણા સમય સુધી રોજ સાટાં-જલેબીની રસોઈઓ ચાલી અને દરરોજ ખાંડવાળી મીઠાઈઓ ખાવાથી સ્વામીનું શરીર પીળું પડી ગયું.

આ અરસામાં કૃપાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સહિત સંત-મંડળને સાથે લઈને ઉના-નાઘેર પ્રદેશમાં વિચરણ કરવા માટે ગયા.

ઉનાના પ્રેમી ભક્તોએ સ્વામીને ટોપરા અને દૂધ ખૂબ ખવડાવ્યા એટલે સ્વામીને પીતોદરનો રોગ વધારે વકર્યો. સ્વામીનું આખું શરીર પીળું પચક થઈ ગયું.

ફરતાં ફરતાં સ્વામી બાબરીયાવાડના કોવાયા ગામે પધાર્યા. ગામના પાદરમાં દક્ષિણ બાજુ એક વાવ છે. વાવની પાસે આત્માનંદ સ્વામીની દેરી છે.

આ વિસ્તારમાં આત્માનંદ સ્વામીએ ખૂબ જ વિચરણ કર્યુ છે. ભગવાન શ્રીહરિ પણ નીલકંઠ વર્ણીના વેષે અહીં પધારેલા છે.

ગુણાતીતાનંદ સ્વામીને આ પ્રસાદીની ભૂમિનો ભારે મહિમા હતો. સ્વામીએ પ્રસાદીની વાવમાં સ્નાન કર્યું અને પછી આત્માનંદ સ્વામીની દેરી પાસે બેઠા.

એજ સમયે મહારાજે એમને નીલકંઠ વર્ણીના વેષે દર્શન દીધાં અને મર્મમાં કહ્યું,

**'બાલા જોગી, વૈદ્ય રોગી, શૂરા વાંસે ઘા,'**

"બાળક જેવો અજ્ઞાની અને અવિવેકી જોગી, રોગથી ઘેરાયેલા શરીરવાળો વૈદ્ય અને રણમાંથી પાછા ભાગેલા શૂરવીરના વાંસામાં પડેલા ઘા, આ ત્રણેય લાંછન રૂપ કહેવાય. "

"સાધુરામ ! તમે જોગી પણ છો અને વૈદ્ય પણ છો, તમારું શરીર આવું રોગી કેમ છે ? તમારું પેટ સર્પના પેટાળા જેવું ઝગમગે છે. તમને તમારા સેવકોએ ટોપરા અને દૂધ ખૂબ ખવડાવ્યું લાગે છે." આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સ્વામી સમજી ગયા કે, "આ તો મહારાજ જ મને ચેતવવા આવ્યા હતા. હું ખોરાકમાં દૂધ લઉં એ મહારાજની મરજી લાગતી નથી." આમ માની સ્વામીએ દૂધનો આજીવન ત્યાગ કર્યો.

કૃપાનંદ સ્વામી અને સ્વામી ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

## તીખી દાળ ખવરાવી નીરોગી કર્યા

ગઢપુરમાં સંતોના મંડળો અવાર-નવાર આવતા રહેતા હતા.

મહારાજે દરબારગઢમાંથી સંતો માટે રોટલા અને અડદની દાળ પૂરા પાડવાની વ્યવસ્થા કરી હતી. સાધુ આવે એટલે મહારાજ ઊંચેથી બોલતા, "એ સાધુ આવ્યા." એટલે દરબારમાંથી રોટલા અને દાળ લઈને સેવક હાજર થતા હતા.

કૃપાનંદસ્વામી આવ્યા એટલે મહારાજે એમને રોટલા અને દાળ જમાડ્યા.

માંદલું શરીર અને અશક્તિ હોવાથી ગુણાતીતાનંદ સ્વામી થોડાં પાછળ રહી ગયા હતા. સ્વામી પધાર્યા એટલે મહારાજે કહ્યું, "એ સાધુ આવ્યા."

લાડુબાએ દરબારગઢમાંથી કહેવડાવ્યું, "મહારાજ રોટલા સાવ ખલાસ થઈ

ગયા છે. થોડી દાળ વધી છે.''

મહારાજે કહ્યું, ''બે રોટલા નવા ઘડીને લઇ આવો.''

રસોડાની જવાબદારી વૈષ્ણવાનંદ સ્વામી સંભાળતા હતા.

મહારાજે વૈષ્ણવાનંદ સ્વામીને કહ્યું, ''દાળમાં પાણી નાખો, મૂઠી ભરીને તીખું મરચુ નાખો, અને ઉકાળીને લઇ આવો.''

વૈષ્ણવાનંદ સ્વામીએ તીખી ઉકાળેલી દાળ હાજર કરી. મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને રોટલો અને દાળ પીરસવા લાગ્યા. દાળમાં તીખુ મરચું તો હતું જ. વળી મહારાજે ઉપરથી મૂઠી ભરીને મરચાની ભૂકી નાખી.

ગુણાતીતાનંદ સ્વામીને તીખું ખાવાની આદત નહોતી અને આ દાળ તો સખત તીખી હતી. સ્વામીને દાળ જમતાં જમતાં આંખે આંસુડાં આવી ગયા, નાકમાંથી પાણી ઝરવા માંડ્યું, દાળ કોઇ રીતે ખાઇ શકાય તેમ નહોતી, છતાં સ્વામી મહારાજની પ્રસાદી માની દાળ પીવા માંડ્યા.

મહારાજે પણ આગ્રહ કરી કરીને સ્વામીને ડંકો ભરી ભરીને દાળ પીરસી. સ્વામી પણ આંખો મીંચીને મહારાજના હાથની પ્રસાદી માની દાળ પીતા રહ્યા.

આખરે મહારાજે પીરસવાનું બંધ કર્યું. સ્વામીએ ભોજન પૂરું કર્યું પણ અતિ તીખી દાળ જમવાથી સ્વામીને આખે શરીરે એવી બળતરા ઉપડી કે ક્યાંય રહેવાય નહિ. સ્વામી ઘેલે ગયા, નદીમાં નાહ્યા પણ બળતરા શાંત થઇ નહિ. પછી તો રેચ લાગ્યો, વારંવાર બહિર્ભૂમિ જવું પડે, શરીર અત્યંત અશક્ત થઇ ગયું.

સ્વામી બહિર્ભૂમિ જતાં, ઘેલામાં સ્નાન કરતાં અને નદી કાંઠાની દેરીએ પડ્યા રહેતા. આમ ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી રેચ લાગ્યો. પેટ સાવ ધોવાઇ ગયું અને શરીર નીચોવાઇ ગયું. પણ બન્યું એવું કે, અતિશય રેચ લાગવાથી સ્વામીના શરીરમાંથી રોગ માત્ર નીકળી ગયા.

ચોથે દિવસે સ્વામીને થોડો આરામ થયો, એટલે સ્વામી મહારાજના દર્શને આવ્યા. મહારાજે હસીને કહ્યું, ''કેમ નિર્ગુણાનંદ ! તીખા મરચાની ભૂકીનું ઔષધ કેમ રહ્યું ?'' સ્વામી હસીને બોલ્યા, ''મહારાજ ! લાગે છે કે, આપના હાથની પ્રસાદીની તીખી દાળે મારા રોગ માત્ર હરી લીધા.''

મહારાજે કહ્યું, ''સ્વામી ! કોવાયાની દેરીએ અમે જ તમને સાવધાન કરવા આવ્યા હતા. અમારે તમારા દ્વારા હજારો જીવોનો મોક્ષ કરાવવો છે માટે તમારું શરીર માંદલું રહે, તે અમને ફાવે નહિ અને તમે દેહનો ખૂબ અનાદર કરો છો. એવા અનાદરથી રોગ વધે માટે દેહનો થોડો આદર કરજો. અમારે તમારા દ્વારા

સત્સંગ ખૂબ લીલો રાખવો છે.''

સ્વામીને મહારાજની મરચાની લીલાનો મર્મ હવે સમજાયો.

## શાકના સ્વાદની પરીક્ષા

એક વખત ભગવાન શ્રીહરિ ગઢપુરમાં વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતો તથા દાદાખાચર, સુરાખાચર આદિ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. થોડે દૂર બાજુના ઓરડાની ઓસરીમાં જીવુબા, લાડુબા, રાજબાઈ વગેરે મુક્તબાઈઓ બેઠા હતા. એવામાં સચ્ચિદાનંદ સ્વામી રાધા બાગથી મહારાજના દર્શને આવ્યા. એમણે મહારાજના ચરણમાં વાડીમાંથી તાજા ઉતારેલા વૈતાંક મૂક્યા.

કૂણાં કૂણાં વૈતાંક જોઈ મહારાજ અતિ રાજી થયા અને હાથમાં વૈતાંક લઈ અને આમથી તેમ ફેરવવા લાગ્યા. અચાનક મહારાજને કોણ જાણે શું મોજ ચડી ! કે તેઓ બોલ્યા, 'આજ તો આ વૈતાંકનું અમે પણ શાક કરીએ અને જીવુબા પણ કરે ! જોઈએ કોનું શાક વધારે સ્વાદિષ્ટ થાય છે !'

મહારાજે જાણે શાકની હરીફાઈ માંડી !

મહારાજે અડધા વૈતાંક જીવુબાને અપાવ્યા અને અડધા પોતે રાખ્યા. પછી આ નટવરે રસોયાનો વેશ ભજવવા માંડ્યો.

માટીનો ચૂલો મંગાવ્યો, ઈંધણા મંગાવ્યા, શાકના મસાલા મંગાવ્યા. જાતે શાક સુધાર્યું, જાતે ચૂલો પેટાવ્યો અને જાતે શાક વઘાર્યું. વઘારની સુગંધ સર્વત્ર વ્યાપી ગઈ. આ સુગંધથી ભલભલા ત્યાગી વૈરાગીઓના મોઢામાં પણ પાણી આવવા લાગ્યા. આસપાસ બેઠેલા સંતો, હરિભક્તો, ભાઈઓ, બાઈઓ બધા મહારાજની આ દિવ્ય લીલાને નીરખવા લાગ્યા. આજે એમને સલીલ ધ્યાન માટે શ્રેષ્ઠ આધાર મળી રહ્યો હતો.

એક બાજુ મહારાજે શાક કર્યું ! બીજી બાજુ મોટીબાએ શાક કર્યું.

બેય શાક તૈયાર થયા એટલે મહારાજે એક થાળીમાં પોતે બનાવેલું શાક લીધું અને બીજી થાળીમાં મોટીબાએ બનાવેલું શાક લીધું.

પછી બેય થાળીઓ હાથમાં લઈ મહારાજ હસતાં હસતાં મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા અને બોલ્યા, 'સ્વામી ! તમે શાકની પરીક્ષા કરો. અમારું શાક સ્વાદિષ્ટ છે કે મોટીબાનું ?'

મુક્તાનંદ સ્વામીએ બહુ બુદ્ધિપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજ ! અમને શાકની પરીક્ષા કરતા ન આવડે !'

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! તો હવે તમે પરીક્ષા કરો.'

બ્રહ્માનંદ સ્વામી રમૂજ કરતા બોલ્યા, 'ભલે મહારાજ ! મને જાત-જાતની પરીક્ષા આવડે ! મને કાવ્ય પરીક્ષા આવડે ! અશ્વ પરીક્ષા આવડે અને શાક પરીક્ષા પણ આવડે !' મહારાજે થોડાં થોડાં બંને શાક બ્રહ્માનંદ સ્વામીને આપ્યા. બ્રહ્માનંદ સ્વામીને તો આજે શાક કરતાંય મહારાજના હાથની પ્રસાદી મળે એનો આનંદ હતો. એટલે સામેથી મળેલો આવો મોકો એ કેમ ચૂકે ?'

સ્વામી પ્રથમ મહારાજે બનાવેલું શાક જમ્યા. પછી જીવુબાએ બનાવેલું શાક જમ્યા. પરીક્ષાનું પરિણામ જાણવા માટે પરીક્ષાર્થી આતુર હોય એમ મહારાજે અધીરાઈથી પૂછ્યું, 'બોલો, સ્વામી ! કયું શાક વધારે સ્વાદિષ્ટ છે ?'

બ્રહ્માનંદ સ્વામી ઠાવકું મોઢું રાખી બોલ્યા, 'મહારાજ ! આટલાં શાકથી પરીક્ષા ન થાય, હજુ બીજું આપો.'

મહારાજ બ્રહ્માનંદ સ્વામીની દાનત પારખી ગયા, એમણે હસતા હસતા ફરીથી શાક પીરસ્યું. બ્રહ્માનંદ સ્વામી શાક જમી રહ્યા એટલે પાછું મહારાજે પૂછ્યું, 'બોલો સ્વામી ! અમારા શાકનો સ્વાદ સારો કે મોટીબાના શાકનો ?'

ગંભીર મુખ કરીને બ્રહ્મમુનિ બોલ્યા, 'મહારાજ ! રસોઈ કરતા હોય એમનો હાથ રસોઈમાં બેસી ગયો હોય એટલે મોટીબાના શાક જેવું તમારું શાક ન થાય, તમારું શાક તો તીખું-તીખું લાગ્યું ! મહારાજ ! જે ન આવડે એ ધંધો ન કરાય !'

બ્રહ્માનંદ સ્વામીની વાત સાંભળીને બધા હસવા માંડ્યા અને બાઈઓનો સમુદાય તો રાજી રાજી થઈ ગયો.

મહારાજ હસીને બોલ્યા, 'સ્વામી ! તમને બધી પરીક્ષા આવડે પણ શાકની પરીક્ષા ન આવડી. અમે હિન્દુસ્તાનમાંથી આવીએ છીએ. હિન્દુસ્તાનીઓને તીખાંની રુચિ વધારે હોય એટલે અમારું શાક તમને તીખું લાગે !'

આમ, શાકની પરીક્ષા ચાલતી હતી એ જ સમયે બાજુમાં ગુણાતીતાનંદ સ્વામી પણ બેઠા હતા.

મહારાજે કહ્યું, 'શાકની સાચી પરીક્ષા તો આ નિર્ગુણાનંદ કરશે.' એમ કહી મહારાજે સ્વામીને બે થાળીમાંથી શાક પીરસ્યું.

સ્વામી મહારાજની મૂર્તિને સંભારીને બેય શાક વારાફરતી જમ્યા.

મહારાજે પૂછ્યું, 'બોલો નિર્ગુણાનંદ ! તમને કયું શાક સારું લાગ્યું ?'

સ્વામીએ સુંદર ચતુરાઇ ભર્યો જવાબ આપ્યો, 'મહારાજ ! મોટીબા તમારી મૂર્તિને સંભારીને શાક બનાવે એટલે શાક સ્વાદિષ્ટ થાય એમાં નવાઈ નથી, પરંતુ તમે તો રસરુપ મૂર્તિ છો એટલે તમારા હાથે બનાવેલા શાકના સ્વાદની વાત જ નોખી છે. આવું શાક તો બ્રહ્માંડમાં કોઈથી થાય નહિ.'

ગુણાતીતાનંદ સ્વામીના ઉત્તરમાં પ્રગટ ભગવાનની ભક્તિનો રસ છલકાઈ રહ્યો હતો. મહારાજનો લોકોત્તર મહિમા વરસતો હતો. સાથે સાથે મોટીબાનું પણ ગૌરવ જળવાતું હતું.

સ્વામી અહર્નિશ મહારાજની મૂર્તિનો રસ પીનારા સંત હતા. એમને મહારાજની મૂર્તિ સિવાય અન્યત્ર ક્યાંય સ્વાદ જણાતો નહોતો.

સ્વામીની વાત સાંભળી મહારાજ તો રાજી રાજી થઈ ગયા અને બોલ્યા, 'આ નિર્ગુણાનંદને શાકની સાચી પરીક્ષા કરતા આવડી, બ્રહ્મમુનિને ન આવડી.'

બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, 'મહારાજ ! તમને નિર્ગુણાનંદ સિવાય બીજું કોઈ દેખાતું જ નથી.' મહારાજ કહે, 'સ્વામી ! તમારી વાત સાચી છે. અમને એના સિવાય કાંઈ દેખાતું નથી ! કારણ કે એને અમારા સિવાય કાંઈ દેખાતું નથી !'

મહારાજની મર્મ ભરેલી વાત સાંભળી બધાને ખૂબ જ આનંદ થયો. મહારાજની શાક પરીક્ષા જેવી નાની વાતમાં પણ ભક્તિનો રસ ભરપૂર હતો.

## રાફડીયા ગાનારો કીર્તન ગાતો થયો

વલ્લભીપુર વિસ્તારમાં પાણવી ગામે મહાન ભક્તરાજ પૂંજા ડોડિયા રહેતા.

સૌરાષ્ટ્રના સાગરકાંઠાના પ્રસિધ્ધતીર્થ ગોપનાથ મહાદેવના મંદિરમાં સાક્ષાત્ શિવજીએ એમને દર્શન દઈને પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કરી આત્યંતિક કલ્યાણ સાધી લેવાની વાત કરી હતી. શિવજીના પરમભક્ત પૂંજા ડોડિયા શિવજીના આદેશથી ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા. એમને મહારાજની મૂર્તિમાં અપાર હેત હતું.

વિ. સં. ૧૮૭૧ની સાલ હતી. કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં પાણવી તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં બંને મહાન સત્પુરુષો રોહીશાળા પધાર્યા. સાંજ ઢળી ગઈ હતી. અંધારું થઈ ગયું હતું. બંને સદ્‌ગુરુઓને થયું કે, આપણે ગામમાં જવું નથી, જો ગામમાં જઈશું તો અહીંના પ્રેમી હરિભક્તો આપણને પરાણે ગામમાં લઈ જશે. ગામમાં આપણને ધ્યાન-ભજનનું સુખ નહિ આવે.

ગામના પાદરમાં નાનકડી નદી વહેતી હતી. નદીને કાંઠે વડલો હતો, વડલાની પાસે પાણીનો ધરો ભરાયેલો હતો. બંને સંતો નદીની રેતીમાં વડલાની નીચે રાત રહ્યા. હવે બન્યું એવું કે, વડલાથી થોડે દૂર એક ભરવાડની બકરા રાખવાની જોક હતી. ભરવાડનું નામ બોઘો અલગોતર હતું.

બોઘાને ભગવાને મોરલા જેવો કંઠ આપ્યો હતો. બોઘો રાફડિયા બોલવામાં ભારે પાવરધો હતો.

બોઘાએ બકરાં જોકમાં પૂર્યા, રાત ગળી રહી હતી. બોઘાને રાફડિયા ગાવાનો ઉમંગ ઉછાળા મારી રહ્યો હતો. એણે નરવે સાદે રાફડિયા ગાવાનું શરૂ કર્યુ.

આ બાજુ બંને સંતો મહારાજની મૂર્તિનું ધ્યાન ધરી રહ્યા હતા. બોઘાના રાફડિયા સંતોના ધ્યાનમાં વિક્ષેપ કરી રહ્યા હતા.

કૃપાનંદ સ્વામી બોલ્યા, 'નિર્ગુણાનંદ ! આપણે અહીં ધ્યાન ભજનનું સુખ લેવા રોકાયા, પણ આ ભરવાડ આપણને સુખ લેવા દે એમ લાગતું નથી, જુઓ તો ખરા, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ ધરતી ઉપર પ્રગટ થયા. એમનું ભજન કરવાને બદલે હજુ જીવ રાફડિયામાંથી ઊંચા નથી આવતો.'

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા "સ્વામી ! આપણે સંકલ્પ કરીએ, આ જીવ રાફડિયા ભૂલી જાય, અને સારો સત્સંગી થાય."

આ બાજુ સ્વામીએ જેવો સંકલ્પ કર્યો એ સાથે જ બોઘાના મગજમાંથી બધા રાફડિયા ભૂંસાઈ ગયા.

બોઘો આખી રાત પોતાની જોકમાં આમથી તેમ આંટા મારતો રહ્યો પણ એને એકેય રાફડિયો યાદ આવતો ન હતો અને આવું કેમ થયું ? એ પણ સમજાતું નહોતું ! આમ કરતાં કરતાં આખી રાત પસાર થઈ ગઈ. સવાર પડી ત્યાં તો બોઘાએ પોતાની જોકની બાજુમાં જ વડલાના વૃક્ષ નીચે ધ્યાન ધરીને બેઠેલા સંતોના દર્શન કર્યા. બોઘાના મનમાં થયું, 'માનો કે ન માનો ! આ સાધુઓએ જ જાદુવિદ્યા કરી મારા રાફડિયા ભૂલાવી દીધા લાગે છે !'

બોઘો સ્વામી પાસે આવ્યો, પગે લાગીને બેઠો, સંતો ધ્યાનમાંથી જાગ્યા અને બોઘાની સામે કરુણા દૃષ્ટિ કરી.

બોઘો હાથ જોડીને બોલ્યો, 'મા બાપ, તમે મારા ઉપર કંઈક જાદુ વિદ્યા કરી હોય એમ મને લાગે છે !'

સ્વામીએ કહ્યું, "એલા ગોકળી ! એવું અનુમાન તેં શાને આધારે કર્યુ ?"

બોઘો બોલ્યો, "મા બાપ ! મને ત્રણ દિ અને ત્રણ રાત બોલું તોય ખૂટે નહિ

એટલા રાફડિયા આવડે છે પરંતુ ગઈ કાલ રાત્રિથી કોણ જાણે શું થયું છે? મને એકેય રાફડિયો યાદ આવતો નથી. મારું અંતર કહે છે કે તમે જ મને કંઈક કરી મેલ્યું છે. નહિતર આમ ન હોય.''

સ્વામીએ હસીને કહ્યું, ''હા બોઘા, અમે રાત્રે ભગવાનનું ધ્યાન કરતા હતા, ત્યારે તું રાફડિયા બોલવા માંડ્યો, અમને ધ્યાનમાં વિક્ષેપ પડ્યો હતો, તેથી અમે સંકલ્પ કર્યો કે તને એકેય રાફડિયો યાદ ન આવે.''

બોઘાએ સ્વામીના પગ પકડી લીધા અને બોલ્યો, ''મા બાપ ! મારું અનુમાન સાચું પડ્યું. તમે ભારે પ્રતાપી સાધુ લાગો છો પણ હવે મને રાફડિયા પાછા યાદ આવે એવું કરી દ્યો. રાફડિયા તો મારું જીવન છે.''

સ્વામીએ કહ્યું, ''બોઘા ! રાફડિયા ગાવાથી તારો દિ' નહીં વળે. ભગવાને તને મોરલા જેવો કંઠ આપ્યો છે એ કંઠથી તું પ્રગટ ભગવાનના ગુણગાન ગા, તારો બેડો પાર થઈ જશે.''

ગુણાતીતાનંદ સ્વામીએ બોઘાને પ્રગટ ભગવાન શ્રીહરિના મહિમાની બળભરી વાતો કરી. બોઘાનું દિલ ગાળી દીધું.

સીધો સાદો સરળ હૃદયનો ગોકળી ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત થયો. રાફડિયા ગાનારો બોઘો ભગવાન શ્રીહરિના મહિમાનાં કીર્તન ગાતો થઈ ગયો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે, ''સંત પરમ હિતકારી'' કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતોની કૃપાથી બોઘો ભવસાગર તરી ગયો.

## ઉગા ખુમાણને આશીર્વાદ

વિ.સં ૧૮૭૧ની સાલ હતી. ગુણાતીતાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી વગેરે સંતો ફરતા ફરતા જૂના સાવર પધાર્યા હતા.

ગામના પાદરમાં વહેતી શેત્રુંજી નદીના રેતાળ પટમાં સ્વામી સંતો સાથે ઊતર્યા હતા. સ્વામી તથા સંતોને બે-ત્રણ દિવસથી ભિક્ષા મળી નહોતી.

સંપ્રદાયના ઉદયકાળ સમયે ભગવાન સ્વામિનારાયણના સંતોને ભારે કષ્ટ વેઠવા પડતા હતા. ક્યારેક ભિક્ષા મળતી, ક્યારેક ન મળતી. અધૂરામાં પૂરું ક્યારેક તેઓને અનાડી લોકો તરફથી ભારે અપમાન, માર અને તિરસ્કાર સહેવા પડતા હતા. જૂના સાવરમાં એક સત્સંગી ડોશીમા રહેતા હતા. સંતોને પધારેલા સાંભળી એમણે મીઠા સાકરિયા નામના હરિભક્તને મોકલી સંતોને પોતાને ઘેર તેડાવ્યા અને રસોઈ કરી જમવા વિનંતી કરી.

સંતોએ ઘર સામેના ઢોર બાંધવાના એક ઢાળિયામાં જગ્યા સાફ-સૂફ કરી મંગાળો માંડ્યો અને ખીચડી મેલી.

આ બાજુ સ્વામિનારાયણના સંતો ગામમાં આવ્યા છે એ વાતની ખબર ગામધણી ઉગા ખુમાણને પડી.

ઉગા ખુમાણને કુસંગી બાવા સાધુઓનો જોગ હોવાથી ભારે ફેલી અને વ્યસની હતા અને ભગવાન સ્વામિનારાયણ તથા એમના સંતો-હરિભક્તો પ્રત્યે તેઓ ભારે દ્વેષ રાખતા હતા. "સ્વામિનારાયણના મુંડીયા ગામ બગાડશે ! ભક્તોને વેવલા કરશે ! " એવા પૂર્વગ્રહથી એમણે પોતાના પસાયતાને કહ્યું, 'તું જા, એ બાવાઓને ગામ બહાર કાઢી મૂક.'

પસાયતો ડોશીમાને ઘેર આવ્યો. એણે જોયું તો એક બાજુ ખીચડી ચડી રહી હતી. બીજીબાજુ બાટી પાકી રહી હતી. ત્રીજી બાજુ સંતો એકઢાળિયામાં બેસીને ભજન કરી રહ્યા હતા.

પસાયતાએ ડોશીમાને દરબારનો હુકમ સંભળાવ્યો.

ડોશીમાએ કહ્યુ. "સંતો ત્રણ દિવસના ભૂખ્યા છે, ખીચડી ચડી રહેવા આવી છે. હમણાં ખીચડી ચડી જશે. સંતો પારણા કરી રવાના થશે."

ડોશીમાની વાત સાંભળી પસાયતાને દયા આવી. એણે જઈને બાપુને બધી વાત કરી. પસાયતાની વાત સાંભળીને બાપુનો પીત્તો ગયો અને પસાયતાને ધમકાવતા બોલ્યા, "ગોલકુના ! ઈ મૂંડીયા તારા બાપ થાય છે ! જા, એને ધક્કા મારીને બહાર કાઢ, નહિતર તારી ખેર નથી." દરબારે પસાયતાની સાથે બે-ચાર અનાડી માણસો અને તોફાની છોકરાઓની ટોળકી મોકલી.

હો હા કરતું લોકોનું ટોળું ડોશીમાને ઘેર આવ્યું. ચૂલે ચડતી ખીચડીની હાંડલી ફોડી નાખી. મંગાળા ઉપર પાણી રેડી, મંગાળો ઠારી નાખ્યો.

ડોશીમા રોતા-કકળતા રહ્યા, આજીજી કરતા રહ્યા પણ માને તો દરબારના માણસો શેના ? તોફાની છોકરાઓ ધૂળ-કાંકરા ઉડાડી હુરિયો બોલાવા લાગ્યા, દરબારના માણસોએ સાધુઓને ધક્કા મારી ગામની બહાર કાઢ્યા.

આખું ગામ તમાશો જોતું રહ્યું પણ કોઈથી એક હરફ ઉચ્ચારી શકાયો નહિ.

સંતો ગામની બહાર પહોંચ્યા, તોફાનીઓ પાછા વળ્યા. અવકાશમાંથી માવઠાનો મે વરસવા લાગ્યો. ભૂખ્યા-તરસ્યા સંતોના શરીર ભીંજાવા લાગ્યા.

વયોવૃદ્ધ સંત કૃપાનંદ સ્વામીને શરીરે ઠંડી ચડી.

ગામથી બહાર થોડે દૂર નદીને કિનારે એક ઝાડવાની ઓથે સંતો ઊભા રહ્યા.

અંગ ઉપર ઓઢવાની ચાદરને માંડવાની જેમ બાંધી વયોવૃદ્ધ કૃપાનંદ સ્વામીને એની નીચે લીધા જેથી સ્વામીને વરસાદથી થોડી રાહત થઈ.

ભૂખ્યા તરસ્યા હડધૂત થયેલા સંતો શાંતિથી ભજન કરી રહ્યા હતા.

એમના મુખ ઉપર ભૂખ-તરસ કે માન-અપમાનની કોઈ અસર વરતાતી નહોતી. આ સહજાનંદી સંતો સહજાનંદમાં મગ્ન હતા.

બિચારો મીઠો સાકરિયો સંતોની સામે બેસીને આંસુડા પાડી રહ્યો હતો. ગામમા ડોશીમાં રૂદન કરી રહ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ મીઠા સાકરિયાને ધીરજ આપી શાંત કર્યા.

માવઠાનો મેં વરસતો બંધ થયો. થોડો ઊઘાડ નીકળ્યો. ગામમાં એક સત્સંગી બ્રાહ્મણ રહેતા હતા. એમણે આ બધી જ વાત જાણી, એના આત્માને ભારે ઠેસ પહોંચી. એ થોડું સીધું પાણી લઈ નદીને કિનારે ઝાડવાની નીચે જ્યાં સંતો બેઠા હતા ત્યાં આવ્યા.

ભીની ધરતીમાં મંગાળો સળગાવ્યો, રસોઈ કરી સંતોને જમાડ્યા.

એમની સમયસરની સેવાથી સંતો તથા એમના અંતરમાં બિરાજમાન શ્રીહરિ અત્યંત રાજી થયા. એવામાં ગુણાતીતનંદ સ્વામીને કોણ જાણે શું અંતઃપ્રેરણા થઈ. એમણે પ્રશ્ન કર્યો, “મીઠા ! આ ઉગા ખુમાણને કોઈ દીકરો છે કે નથી ?”

મીઠા સાકરિયાના મુખમાંથી અશુભ વાણી નીકળી “સ્વામી ! આવા પાપીયાને ત્યાં દીકરા ક્યાંથી હોય ?”

સ્વામીએ કહ્યું, ‘હાં, હાં, મીઠા ! આપણાથી કોઈ માટે અમંગળ વેણ ન ઉચ્ચારાય.’ આટલું કહી સ્વામીએ સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી અને સંતોની સામે જોયું અને બોલ્યા, ‘પરમહંસો ! આપણે મહારાજની અરધી આજ્ઞા પાળી છે અને હજુ અરધી પાળવાની બાકી છે! તે પાળવી જોઈએ.’

સ્વામીની વાત સંતોને સમજાણી નહીં એટલે સંતોએ પૂછ્યું, “સ્વામી ! અમને સમજાય એમ કહો.” ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, “સંતો ! મહારાજે આજ્ઞા કરી છે, કોઈ ગાળ દે, મારે તો સહન કરવું અને એનું ભલું થાય એવું ચિંતન કરવું.” આપણે સહન કર્યું એટલે અરધી આજ્ઞા પળી પણ હજી ઉગા ખુમાણનું ભલું થાય એવું ચિંતવન કરવાનું બાકી છે !

આટલું કહી સ્વામીએ કૃપાનંદ સ્વામી તરફ જોયું અને કહ્યું, “સ્વામી ! આપણે સંકલ્પ કરીએ કે ઊગા ખુમાણને ત્યાં દીકરો થાય. દીકરો ભારે ભગત થાય અને જે દરબારે આપણને ગામમાંથી બહાર કાઢી મૂક્યા છે એના જ દરબારગઢમાં

આપણી ઝોળીઓ ટીંગાય.''

કૃપાનંદ સ્વામી બોલ્યા, ''જોગી ! તમારી વાત બરાબર છે, આપણે મહારાજની આજ્ઞા પૂરી પાળવી જોઈએ.'' ગુણાતીતાનંદ સ્વામીના વચને આ અલગારી મહાત્માઓ હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવા લાગ્યા.

એમના મુખારવિંદ ઉપર જપ-તપ અને ક્ષમાના તેજ ઝળહળવા લાગ્યા. તે જોઈને સંધ્યા તરફ ઢળતો સૂરજ પણ ઝાંખો ભાસવા લાગ્યો.

મીઠા સાકરિયા અને ભૂદેવ તો આ ક્ષમામૂર્તિ સંતોને અહોભાવથી વંદન કરવા લાગ્યા. સંતોના આશીર્વાદની વાત વાયુના વેગે ગામમાં વહેતી થઈ.

આશીર્વાદની આ વાત ઉગા ખુમાણને કાને પણ પડી. ઉગા ખુમાણ તો આભા બની ગયા, આ આશીર્વાદે એમના અંતરને ભારે ઝાટકો આપ્યો હતો.

## જીવણા ખુમાણનો જન્મ

''પાની તો બહતા ભલા અને સાધુતો ચલતા ભલા'' એ ન્યાયે આ અલમસ્ત સંતો ઉગા ખુમાણને દીકરાના આશીર્વાદ આપી રવાના થયા.

નદીઓના વહેણ બદલી શકે છે, મેરુ પર્વત ખળભળી શકે છે. સૂર્ય-ચંદ્રની ગતિ બદલાય શકે છે પણ સમર્થ સંતોના આશીર્વાદ ક્યારેય મિથ્યા થતા નથી.

સમય જતા ઉગા ખુમાણને ત્યાં જીવણા ખુમાણ નામે દીકરો થયો.

મોટી ઉંમરના ઉગા ખુમાણને ત્યાં દીકરો થયાની વાતે લોકોના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણના સંતો પ્રત્યે ભારે શ્રધ્ધા પેદા કરી.

ઉગા ખુમાણનું અંતર સંતો પ્રત્યે ઝૂકી ગયું. તેઓ મનોમન પોતાના પાપનો પસ્તાવો કરવા લાગ્યા; પરંતુ દરબારી વટને લીધે ઉઘાડી રીતે કાંઈ બોલી શક્તા નહોતા. જીવણા ખુમાણના માતુશ્રીને તો સંત વચન ફળ્યા એટલે અંતરમાં આનંદ સમાતો ન હતો. ભગવાન સ્વામિનારાયણના સંતો પ્રત્યે એમની શ્રધ્ધા ખૂબ જ વધી ગઈ હતી. સમયના વહેણ વહેતા રહ્યા. જીવણા ખુમાણની ઉંમર આઠ દસ વર્ષની થઈ ચૂકી હતી.

ગુણાતીતાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી વગેરે સંતો ફરતા ફરતા પાછા જૂના સાવર પધાર્યા હતા અને શેત્રુંજી નદીના પટમાં ઉતર્યા હતા.

નાના બાળકોના મંડળમાં રમતા જીવણા ખુમાણે સંતોને જોયા. આ પૂર્વ ભવના યોગભ્રષ્ટ આત્માએ સંતો પ્રત્યે ભારે આકર્ષણ અનુભવ્યું અને દોડતા આવી સંતોને વંદન કર્યા.

સર્વજ્ઞ સંત ગુણાતીતાનંદ સ્વામીએ મંદ મંદ સ્મિત કરી આશીર્વાદ આપ્યા.

જીવણા ખુમાણ સાથેના નાના-નાના છોકરાઓ પણ સંતોની આસપાસ ભેગા થઈ ગયા. એક સમયે આજ ગામના છોકરાઓએ સંતોનો હુરીયો બોલાવ્યો હતો. આજે એજ ગામના છોકરાઓ સંતોને વંદન કરી રહ્યા હતા. ક્ષમા ધર્મનો વિજય થઈ રહ્યો હતો.

જીવણા ખુમાણે સ્વામીને વિનંતી કરી, "સ્વામી ! અમારા દરબારગઢમાં પધારો." સ્વામી હસીને કહે, "દરબાર ! તમારા પિતાશ્રીની રજા લઈ આવો તો અમે અવશ્ય તમારે ત્યાં આવીશું."

જીવણા ખુમાણ દોડતા દરબારગઢમાં ગયા અને ડેલીએ ડાયરામાં બેઠેલા બાપુને કહ્યું, "ગામના પાદરમાં સાધુ ઊતર્યા છે, મારે એમને ઘેર બોલાવવા છે."

પાદરમાં કોણ સાધુ ઊતર્યા છે? એની દરબારને ખબર નહોતી, એને તો પોતાના એકના એક કુંવરની ઈચ્છા પૂર્ણ કરવી હતી.

મોટી ઉંમરે થયેલા કુંવર દરબારને વહાલા હોય એમાં કોઈ બેમત ન હોઈ શકે ! પરંતુ દરબારગઢમાં આવે એ દરબારને પોસાય એમ નહોતું. એટલે એણે કહ્યું, "કુમાર ! તમારે એને જે કંઈ સીધુંપાણી દેવું હોય તે બારોબાર આપી દો. પણ આપણા દરબારગઢમાં સાધુડા ન પોસાય."

જીવણા ખુમાણ માન્યા નહિ. એમણે બાળહઠ પકડી. અને રુદન કરવા લાગ્યા. રુદનનો અવાજ દરબારગઢમાં ગયો અને ઘરમાંથી રાણીબાએ કહેવડાવ્યું, "નાના છોકરાને રડાવતા શરમ નથી આવતી. આપણે ત્યાં કેટલાય ફેલી અને વ્યસની આવે છે એના કરતાં સાધુ આવે એમાં શું ખોટું ?"

કુમારની બાળહઠ અને રાણીના હુકમ પાસે બાપુને નમતું જોખ્યા સિવાય છૂટકો નહોતો. એમણે સાધુને લાવવાની હા પાડી.

જીવણા ખુમાણ સંતોને તેડી દરબારગઢમાં આવ્યા. દરબારગઢમાં પ્રવેશતા જ સંતોએ ડેલીએ બેઠેલા બાપુને કહ્યું, "બાપુ ! જય સ્વામિનારાયણ"

સંતોને જોતા જ બાપુ ઝંખવાઈ ગયા, 'અરે ! આ તો એ જ સાધુઓ છે, જેને મેં ધક્કા મરાવીને ગામ બહાર કાઢ્યા હતા અને આ જ સાધુએ તો મને દીકરાના આશીર્વાદ દીધા હતા.'

દરબારના અંતરમાં ચડેલો કુસંગનો રંગ હજુ ઊતર્યો નહોતો એટલે એનું દિલ હજુ ઝૂકવા તૈયાર નહોતું. છતાં એમણે શરમે ધરમે હાથ ઊંચા કરી "જય સ્વામિનારાયણ" કહ્યા.

સંતોએ દરબારગઢની ઓસરીની ખીલીઓએ પોતાની ઝોળીઓ ટીંગાડી. સ્વામીએ આપેલો આશીર્વાદ પૂર્ણ રીતે સફળ થયો.

રાણીબાએ ભાવથી સીધાં-સામાન પહોંચાડ્યા. સંતોએ રસોઈ કરી. ઠાકોરજીને થાળ ધર્યા. સ્વામી સહિત બધા સંતોએ ભોજન કર્યું.

નાનકડા જીવણા ખુમાણને તો સંતોના દર્શનથી અંતરમાં આનંદ સમાતો નહોતો. ગુણાતીતાનંદ સ્વામીએ ભારે પસંદગી સાથે જીવણા ખુમાણના જીવને ઉગા ખુમાણને ત્યાં મોકલ્યો હતો.

જીવણા ખુમાણની નાની ઉંમર હતી, સંતો વાતો કરે તે એને સમજાય કે ન સમજાય છતાં તેઓ સ્વામી પાસેથી ખસતા નહોતા. એના મનમાં થતું હતું કે 'આ સ્વામીને મારે મારા ગુરુ કરવા છે.'

રાત્રે સંતોએ ભજન-કીર્તન કર્યા. દરબાર ઉગા ખુમાણ મને-કમને સ્વામી પાસે બેસવા આવ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મભીની વાતોના વરસાદથી દરબારગઢને ભીંજવી દીધો.

દરબારગઢની બહેનો પણ દરબારી મર્યાદા પ્રમાણે દૂર બેસીને સ્વામીની વાતો સાંભળતા હતા. સ્વામીની વાતોથી અંતરમાં ભારે શાંતિ અનુભવાતી હતી. આવા મહાન સંતો આંગણે પધાર્યા એથી સર્વના અંતરમાં આનંદ સમાતો નહોતો, એકમાત્ર ઉગા ખુમાણ અવઢવમાં રાચતા હતા. હજી એના મનનું વિષ ઉતર્યું નહોતું.

એવામાં અચાનક જીવણા ખુમાણ બાળ સહજ ભાષામાં બોલ્યા, "બાપુ ! મારે સ્વામીને ગુરુ કરવા છે."

ઉગા ખુમાણ ચોંકી ઉઠ્યા; ઉગા ખુમાણ કાંઈ હા-ના કરે ત્યાં રાણીબા બોલ્યા, 'આવા સારા સાધુ છે તો કુમાર ભલે સ્વામીને ગુરુ કરે.'

રાણીની વાત સાંભળી દરબાર કાંઈ બોલી શક્યા નહિ. સ્વામીએ જીવણા ખુમાણને વર્તમાન ધરાવી કંઠી બાંધી. ત્યાં વળી જીવણા ખુમાણે બાળ સહજ ભાવે ઉગા ખુમાણને કહ્યું, "બાપુ ! તમે પણ સ્વામીને ગુરુ ધારો."

જીવણા ખુમાણની વાત સાંભળી બાપુ એકદમ ભડક્યા અને બોલ્યા, "કુમાર ! ઈ રેવા દો, મારે હવે પાકે ઘડે કાંઠા ન ચડે, મારે એક ભવમાં બે ભવ નથી કરવા."

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, "દરબાર ! આ બે ભવ કરવાની વાત નથી, પણ ભવનો બેડો પાર કરી લેવાની વાત છે."

"જાત-જાતના એલ-ફેલ કે વ્યસનો કરવાથી જીવનું રૂડું થાતું નથી."

"દરબાર ! સાંભળી લ્યો, હસી હસીને કરેલાં પાપ રડી રડીને ભોગવવા પડે

છે. કરેલા કર્મ કોઈને છોડતા નથી. જીવ જો પ્રગટ ભગવાનને શરણે થાય તો ભગવાન એના બધા જ ગુના માફ કરે છે.''

સ્વામીએ પોતાની પ્રભાવશાળી શૈલીથી પ્રગટ ભગવાન સ્વામિનારાયણના ઐશ્વર્ય-પ્રતાપની વાતો કરી. જેમ ગારૂડી સર્પનું વિષ ઉતારે એમ સ્વામીના વેણે વેણે દરબારના મનનું વિષ ઊતરવા લાગ્યું. આવા મહાન સંતોનું પોતે જે અપમાન કરેલું તેનો અંતરમાં પારાવાર પશ્ચાત્તાપ થવા લાગ્યો.

એક બાજુ જીવણા ખુમાણનો આગ્રહ, બીજી બાજુ હૃદય ભેદી નાખે એવી સ્વામીની વાતો દરબારના દિલને ડોલાવી ગઈ; પરંતુ હજુ દરબાર પૂરી રીતે શરણાગતિ સ્વીકારવા તૈયાર નહોતા. કુસંગના પાશ જબરા હોય છે. ધોબીઘાટે ધોબી અતિ મલીન કપડાંને ધોકા મારી મારીને ધૂવે ત્યારે ડાઘ છૂટે. એજ રીતે સદ્‌ગુરુનો ખૂબ સમાગમ કરે ત્યારે દિલના ડાઘ ધોવાતા હોય છે.

ઉગા ખુમાણનું મન સ્વામીને ગુરુ તરીકે સ્વીકારવા આનાકાની કરી રહ્યુ હતું એટલે ફરીથી ઓજલમાંથી રાણી બોલ્યા, '' દરબાર ! આ તો ઘેર બેઠા ગંગા આવી છે. માટે સ્નાન-આચમન કરી પાવન થઈ જાવ. તમે જેવા તેવા ગંજેરી, ભંગેરી, ફેલી અને વ્યસની માણસો વચ્ચે આખી જિંદગી કાઢી છે. આજ માંડ સાચા સંત મળ્યા છે,  તો હવે શું મૂરત જોવાનું છે! બીજું દરબાર, તમે ક્યાં નથી જાણતા, તમે ધક્કા માર્યા, ભૂખ્યા કાઢ્યા છતાં આ સાધુએ આશીર્વાદ દીધા જેને પરિણામે આપણે ત્યાં મોટી ઉંમરે આ દેવ જેવો દીકરો થયો. માટે અવઢવ મેલો અને તમેય કુમારની જેમ સ્વામી પાસેથી કંઠી બાંધો.''

રાણીનો હુકમ થયો એટલે દરબાર એકદમ ચૂપ થઈ ગયા અને એનાથી સ્વામી સામે હાથ જોડાઈ ગયા.

સ્વામીએ દરબારની સામે કરુણામય દૃષ્ટિ કરી અને એ પ્રતાપી નજરે દરબારના દિલનું રહ્યુ-સહ્યુ વિષ પણ હરી લીધું.

સ્વામીએ દરબારને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. કરેલી ભૂલનો પસ્તાવો કરી ઉગા ખુમાણે જન્મારો સુધારી લીધો.

જીવણા ખુમાણ મહાન ભક્તરાજ થયા. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે જૂના સાવરમાં ભગવાન સ્વામિનારાયણનું સુંદર મંદિર બનાવ્યું.

ક્ષમાના સાગર સંતનો આ પ્રસંગ સત્સંગના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે.

## માંદાની સેવાથી સમૈયો ફળ્યો

એક વખત શ્રીજી મહારાજે વરતાલના ચૈત્રી પૂનમના સમૈયામાં જાવા માટે કારિયાણીથી વરતાલ તરફ પ્રયાણ કર્યું. પરંતુ એ જ અરસામાં ૧૯ સંતો માંદા પડ્યાં. માંદા સંતોની સેવા માટે કોઇને રોકાવાની જરૂરિયાત ઊભી થઇ, પરંતુ એક તો માંદાની સેવા કરવી એટલે મહા નીરસ અને મુશ્કેલ કાર્ય, વળી સમૈયાના દર્શનનું પ્રલોભન. એટલે સ્વાભાવિક રીતે સેવા માટે રોકાવા કોઈ તૈયાર ન થયા.

બીજી મોટી મુશ્કેલી એ કે મહારાજને ના પણ કેમ પાડવી ?

મહારાજ સંતોની મૂંઝવણ પારખી ગયા. પોતાના પ્રાણ સમા માંદા સંતોને આમ રેઢા મૂકીને મહારાજથી પણ કેમ જવાય ?

મહારાજે સેવામા ં રોકાવા માટે સંતોને પ્રોત્સાહિત કરવા એક વચન આપ્યું,“અહીં માંદા સંતોની સેવામાં જે રોકાશે, તેને સો સમૈયાનું ફળ આપીશું” તો પણ કોઈ તૈયાર ન થયું.

ગુણાતીતાનંદસ્વામીને આ વાતની ખબર પડી. તેઓ સામા ચાલીને આવ્યા ને કહ્યું, ‘મહારાજ, હું રોકાઈશ આપ નિરાંતે વરતાલ સીધાવો.’ સ્વામીની વાત સાંભળી શ્રીહરિ અત્યંત રાજી થયા અને બોલ્યા ‘નિર્ગુણાનંદ! અમે તમારા ઉપર ખૂબ જ રાજી થયા છીએ.’ આટલું કહી મહારાજ સ્વામીને બાથમાં લઈને મળ્યા ને વરતાલ સીધાવ્યા.

ત્યારપછી સ્વામીએ મન-કર્મ-વચને એ ઓગણીશ સંતોની સેવા કરી સૌને સાજા કર્યા. સમૈયાને હજુ બે ચાર દિવસની વાર હતી એટલે સ્વામીએ સંતોને હાથ જોડીને કહ્યું, ‘પરમહંસો! હવે તમે સાજા થયા છો, હવે જો તમારી આજ્ઞા હોય તો હું વડતાલ જાઉં.’

સંતોએ પ્રસન્ન હૈયે કહ્યું, ‘નિર્ગુણાનંદ! તમે અમારી ખૂબ જ સેવા કરી છે, હવે તમે સુખેથી સમૈયે સીધાવો અને મહારાજને વંદન કરી અમારા વતી ભેટજો.’

સ્વામી વડતાલ પધાર્યા. સ્વામીને આવેલા જોઈ મહારાજ ખૂબ જ રાજી થયા. મહારાજના પૂછવાથી સ્વામીએ માંદા સંતોના સર્વ સમાચાર કહ્યા.

મહારાજે પૂછ્યું, ‘નિર્ગુણાનંદ ! સંતોએ કાંઇ કહ્યું છે?’

સ્વામી કહે, ‘મહારાજ ! સંતોએ તમને ભેટવાનું કહ્યું છે.’

મહારાજ કહે, ‘ભલે, ચાલો એમના મનોરથ પૂરા કરીએ. તમે એક એક સંતના નામ લેતા જાવ અને અમે તમને મળતા જઈએ.’

સ્વામીએ ઓગણીસ સંતોના નામ લીધા અને મહારાજ સ્વામીને ઓગણીસ વાર ભેટ્યા. મહારાજ સ્વામીને મળતા હતા ત્યારે વચમાં કોઈ બોલ્યું, 'મહારાજ! થાકી જશો. હવે હાઉં કરો.'

મહારાજ કહે, 'આવા સાધુને મળવાથી તો અમારો સર્વ થાક ઉતરી જાય.'

મહારાજના વચને માંદા સાધુની સેવાથી સ્વામીને આજ્ઞા પળી, સમૈયો ફળ્યો અને સમૈયાના ફળ સ્વરુપે મહારાજને ૧૯ વાર મળવાનો લાભ મળ્યો.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં માંદા સાધુની સેવાના આવા તો કેટલાયે પ્રસંગો છે. ઈષ્ટદેવના વચનની આવી સતત ખટક જેના રોમરોમમાં વ્યાપી હોય તેવા જ મહાપુરુષ આજ્ઞાનો સાચો મર્મ સમજાવી શકે. ગુણાતીતાનંદસ્વામી આજ્ઞાનું રહસ્ય પોતાની વાતોમાં આ રીતે સમજાવે છે.

"આજ્ઞામાં રહે છે ને તે છેટે છે તો પણ અમારા ઢોલીયાની પાસે છે ને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તો પણ છેટો છે ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય."

'આજ્ઞા પળે એટલી વાસના બળે.'

## ગુણાતીત ! તું તો બધાનો ગુરુ થાય એવો છો !

એક દિવસ આત્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી ગામડાઓમાં વિચરણ કરી રહ્યા હતા અને અનેક જીવોને મહારાજના સ્વરૂપમાં જોડી રહ્યા હતા.

ફરતા ફરતા સ્વામી કોઈ એક ગામડામાં રોકાયા હતા. આત્માનંદ સ્વામીને આખા શરીરે ખસ થઈ હતી. સ્વામીને બીજે ગામ જવું હતું પરંતુ ચાલીને જઈ શકાય તેવી પરિસ્થિતિ નહોતી, તેથી ગામના હરિભક્તોએ સ્વામીને સામે ગામ લઈ જવા માટે ગાડાનો પ્રબંધ કર્યો.

ગાડામાં ઘાસ વગેરે નાખી પોચી પથારી કરી આત્માનંદ સ્વામીને ગાડામાં સૂવડાવ્યા અને એક હરિભગત ગાડું લઈને સ્વામીને મૂકવા ચાલ્યો.

ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો હાથમાં માળા લઈને સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતા કરતા ગાડાની પાછળ પાછળ હાલવા લાગ્યા.

એવામાં અચાનક ગાડા-ખેડુ ગાડાને ઉતાવળે હાંકવા લાગ્યો, એટલે સ્વામીને શરીરે પીડા વધવા લાગી.

સ્વામીએ ગાડા-ખેડુને પૂછ્યું, "એલા, કેમ ગાડું ઉતાવળું હાંકે છે ?"

ગાડા-ખેડુએ કહ્યું, "સ્વામી ! માફ કરજો, આ વિસ્તારમાં જત લોકોની ભારે

બીક છે. તેઓ વટેમાર્ગુઓને રસ્તામાં લૂંટી લ્યે છે. હું તમને વહેલાસર સામે ગામ પહોંચાડી દઉં તો દિવસ છતાં પાછો મારે ગામ પહોંચી શકું. એટલે ગાડું ઉતાવળું હાંકવું પડે તેમ છે.'' ગાડા-ખેડુની વાત સાંભળતા સ્વામી એકદમ બોલ્યા, ''એલા, ગાડું ઊભુ રાખ.''

ખેડૂતે ગાડું ઊભું રાખ્યું એટલે સ્વામી ગાડામાંથી નીચે ઊતરી ગયા.

ખેડૂતને થયું, ''સ્વામીને ચોર-લૂંટારાની બીક લાગી એટલે ઊતરી ગયા કે શું ?'' એણે સ્વામીને કહ્યું, ''સ્વામી ! તમે ગાડામાં પાછા બેસી જાવ, બીક રાખો મા, એમ તમને કોઈ નહિ લૂંટી જાય અને તમારા બાવા-સાધુ પાસે લૂંટી શકાય એવું છેય શું ?'' ખેડૂતે વિનંતી કરી પણ સ્વામી ગાડામાં બેઠા નહિ, એતો રસ્તે ચાલવા માંડ્યા. ખેડૂત સ્વામીની પાછળ ગાડું હાંકતો હાંકતો બોલ્યો, ''સ્વામી ! તમે બેસી જાવ.''

સ્વામી કહે, ''ના, હવે તારે ગાડે બેસવું નથી  અને સાંભળ, મારું નામ આત્માનંદ છે, દેહાનંદ નથી, મને લૂંટાવાની બીક લાગે એમ નથી, અમે તો સ્વામિનારાયણને નામે બધું લૂંટાવીને જ બેઠા છીએ, પણ વળતા તું એકલો હો અને તને કોઈ લૂંટે તો અપજશ મને મળે કે, આત્માનંદે ગાડું જોડાવ્યું અને ગાડા-ખેડુને જત લૂંટી ગયા. માટે તું ગાડું પાછું વાળી તારે ગામ પહોંચી જા, મારે તારે ગાડે બેસવું નથી.'' ગાડા-ખેડુએ ખૂબ વિનંતી કરી પણ આ અલમસ્ત આત્માનંદ માન્યા નહિ, એટલે ગાડા-ખેડુ ન છૂટકે ગાડુ પાછું વાળી પોતાને ગામ ગયો.

ગુણાતીતાનંદ સ્વામી અને બધા સંતો આત્માનંદ સ્વામીની આ ખુમારી જોતા જ રહ્યા. આત્માનંદ સ્વામી પણ આખા શરીરે થયેલી ખસની પીડાને વિસારી, દેહભાન ભૂલી આત્મભાવે મહારાજનું સ્મરણ કરતા કરતા ચાલતા રહ્યા.

આખરે સંતોનું મંડળ સામે ગામ પહોંચ્યું.

ગામના પાદરમાં તળાવ હતું. તેની પાળે સંતો ઉતર્યા. બે-ચાર સાધુઓ ગામમાંથી ઝોળી માગી આવ્યા અને રસોઈ કરી.

ગુણાતીતાનંદ સ્વામીને થયું, ''સ્વામીની ખસનો ઉપચાર કરવો જોઈએ.''

સ્વામી કુંભારને ત્યાંથી વાસણ માગી આવ્યા, તળાવમાંથી પાણી ભર્યું અને પાણી ગરમ કર્યું. પછી નવ સેકા નીરથી ધીરે ધીરે સ્વામીને નવડાવ્યા.

માંદાની માવજત કેમ કરવી તેમાં ગુણાતીતાનંદ સ્વામી પહેલેથી જ માહિર હતા. સ્વામી ધીરે ધીરે સ્વામીને નવડાવતા જાય અને સાથે સાથે કીર્તન પણ બોલતા જાય.

ગરમ પાણીનો શેક થવાથી આત્માનંદ સ્વામીને શરીરે થોડી રાહત થઈ. તેઓ ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી ખૂબ જ રાજી થયા અને બોલ્યા, ‘‘એલા, ગુણાતીત ! તું તો બધાયનો ગુરુ થા એવો છો.’’

ગુણાતીતાનંદ સ્વામી હસીને બોલ્યા, ‘‘સ્વામી ! મારો એવો ક્યો અપરાધ છે કે મને સેવક મટાડી ગુરુ કરવો છે.’’

આત્માનંદ સ્વામી બોલ્યા, ‘‘ગુણાતીત ! તું કેટલા કામ એક સાથે કરે છે, સેવા કરે છે, કીર્તન બોલે છે, બ્રહ્માંડ તૂટી જાય એવી વાતો કરે છે. મહારાજે તને હજારો જીવોના ગુરુ થવા માટે જ સર્જ્યો છે.’’

આત્માનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી ઉપર પોતાના અંતરનો રાજીપો વરસાવી રહ્યા હતા.

અને ખરેખર, સમય જતાં એ આશીર્વાદ ફળ્યા હતા.

## ચાર સાધનમાં ક્યું શ્રેષ્ઠ ?

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તાની તીવ્રરૂચિનું દર્શન સ્વામીની આ બે વાતોમાં થાય છે :

‘‘આ તો તમને ઘડી ઘડી પોરો (વિરામ) દઉં છું નીકર રાત્ય ને ‘દિ એમને એમ કથાવાર્તા કર્યા કરું. પણ બીજાને મૂંઝવણ પડે તે સારુ ઘડીક ભક્તિ, ઘડીક કીર્તન, ઘડીક કથાવાર્તા, ઘડીક ધ્યાન એ બધું ફરતું ફરતું કરાવું છું જેથી મૂંઝવણ થાય નહિ. ’’ ‘‘ચોવીસ વરસ થયા. આવરદા નથી ને આ દેહ વાતું સારુ જ રહ્યો છે, પણ ક્રિયા ઉપરા ઉપરી આવી છે તે પૂરી વાતું થાતી નથી. પૂરી સોધરી વળે (તૃપ્તિ થાય) એવી વાતું કરાતી નથી.’’

ગુણાતીતાનંદ સ્વામીને અવિરત કથા-વાર્તા કરવાનો આવો વેગ કેવી રીતે પ્રગટ્યો ? સ્વામી દ્વારા કથાવાર્તાનો આવો અવિરત અખાડો ચલાવવામાં નિમિત્તરૂપ પ્રસંગનું વર્ણન ગુણાતીતાનંદ સ્વામીના જ અનુગામી શિષ્ય પૂજ્ય બાલમુકુન્દદાસજી સ્વામી આ રીતે કરે છે :

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે ‘અમે મહારાજને ક્યારેય પ્રશ્ન પૂછ્યા નથી.’ એક વાર અમે ગઢડામાં કોઈ દ્વારા મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા કે એક ભગવાનનું અખંડ ધ્યાન કરવું, બીજું આત્મારૂપે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી અને ચોથું ભગવાનની વાતું કરવી. આ ચારેમાં શ્રેષ્ઠ ક્યું ?

પ્રશ્ન સાંભળી મહારાજ મર્મમાં હસ્યા અને બોલ્યા 'સભામાં જેને જેવો આવડે તેવો ઉત્તર કરો.'

સભામાંથી કેટલાકે કહ્યું જ્ઞાન શ્રેષ્ઠ, કેટલાકે કહ્યું ધ્યાન શ્રેષ્ઠ, કેટલાકે કહ્યું સેવા શ્રેષ્ઠ પણ વાતો શ્રેષ્ઠ એવું તો કોઈ બોલ્યું નહીં. પછી તો પ્રશ્નોત્તર ચાલ્યા. બધા પોતપોતાના પક્ષ સ્થાપિત કરવા વાદ સંવાદ કરવા લાગ્યા, શાસ્ત્રોના પ્રમાણ દેવા લાગ્યા.

મહારાજ તો બેઠા બેઠા સાંભળે ને મોઢા આડો રૂમાલ દઈને હસે, પણ કાંઈ બોલે નહિ. પછી થોડી વારે મહારાજ બોલ્યા કે 'કોઈ મધ્યસ્થી કરો તો આ વાતનો નીવેડો આવે.' સૌ કહે કોને મધ્યસ્થી કરીશું ? ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીનું નામ દીધું. તે વખતે મુક્તાનંદ સ્વામી લક્ષ્મીવાડીએ હતા. નાજો જોગિયો સ્વામીને બોલાવવા લક્ષ્મીવાડીએ ગયા.

રસ્તામાં નાજા જોગિયાએ સ્વામીને ચારે પ્રશ્નો સંભળાવ્યા અને કહ્યું 'સ્વામી તમારો શો મત છે ?' ત્યારે સ્વામી કહે કે 'મૂર્તિ જેવું બીજું કાંઇ ન કહેવાય.'

સ્વામી તથા નાજો જોગિયો દરબારમાં લીમડા હેઠે જ્યાં સભા થઈ હતી ત્યાં આવ્યા.

નાજો જોગિયો હસતા હસતા બોલ્યા કે 'સ્વામી અમારી કોર છે, પણ ભણે મહારાજ, તમે કાંઈ ભણશો મા.'

ત્યારે મહારાજ કહે 'જેવું હશે તેવું તો કહેવું પડશે.' એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂંછ્યુ 'સ્વામી! ચારમાંથી કયું શ્રેષ્ઠ?'

સ્વામી બોલ્યા 'મહારાજ! તમારી મૂર્તિનું અખંડ ધ્યાન કરવું એ શ્રેષ્ઠ જણાય છે.' સ્વામીનો ઉત્તર સાંભળી મહારાજે મર્મ ભરેલી ભાષામાં પૂછ્યું 'સ્વામી! દક્ષના દીકરાઓનું કેમ?'

મહારાજનો પ્રશ્ન સાંભળતાજ મુક્તમુનિના મગજમાં ઝબકારો થયો અને બોલ્યા કે 'હા, મહારાજ ! હું ભૂલ્યો.' ત્યારે નાજા જોગિયા બોલ્યા કે 'ભણે મહારાજ! તમે તો નખ્ખોદ વાળ્યું. સ્વામીને તમારામાં વાળી દીધા. તો હવે કથાવાર્તા જેવું કોઈ શ્રેષ્ઠ સાધન નથી, એ વાતને સમજાવો.'

મહારાજે દક્ષના દીકરાઓની સવિસ્તાર વાત કરી કહ્યું કે ''દક્ષના દસ હજાર દીકરાને નારદજીએ વાતો કરીને ત્યાગી કરી નાખ્યા. માટે 'વાતું કરવી તે શ્રેષ્ઠ છે'. એમ કહી મહારાજે કહ્યું કે અમે છપૈયાથી એકલા આવ્યા હતા પણ આ બધો સત્સંગ વાતે કરીને વધ્યો છે માટે કથાવાર્તા જેવું કોઈ શ્રેષ્ઠ નથી.''

ગુણાતીતાનંદ સ્વામી તો શાંત ચિત્તે અને મૌનભાવે આ બધા સંવાદ સાંભળી રહ્યા હતા. મહારાજની રૂચિ કથાવાર્તામાં છે એમ જાણી સ્વામીએ કથાવાર્તાનો અખાડો માંડવાનો સંકલ્પ કર્યો.

જ્યારે મહારાજે વાતો કરવી શ્રેષ્ઠ કહી તે દહાડાથી સ્વામી સ્વયં કહે છે, 'અમે વાતું જ કરવા માંડી તે આજ સોપો જ પડતો નથી.'

૫૭ વર્ષના આ સમય દરમ્યાન સ્વામી અનરાધાર વરસ્યા છે.

એકવાર સ્વામીએ કહેલું,"અમે જે બોલ્યા છીએ તે લખનાર હોય તો આ પૃથ્વી ને આકાશ બધો ભરાઈ જાય એટલા શબ્દો બોલ્યા છીએ."

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની વાતોના ભારોભાર વખાણ કરતા. નિત્યાનંદ સ્વામી આ વાતો સાંભળીને બોલી ઉઠેલા, "સ્વામી ઠીક મંડ્યા છે. કેટલા બળથી વાતો કરે છે ! બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ?અને કદાચ બોલે તો કોઈને ભાર પણ પડે નહિ."

આદિ આચાર્ય રઘુવીરજી મહારાજ કહેતા,"આ વાતો તો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી  છે."

ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ 'સ્વામીની વાતો'ના નામે પ્રસિદ્ધ છે.

ગુણાતીતાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પાંચ પ્રકરણની વાતો છપાવીને પ્રસિદ્ધ કરી હતી. સ્વામીની બે પ્રકરણ અને પાંચ પ્રકરણની વાતો વિશેષ પ્રમાણભૂત ગણાય છે.

## ઉમરેઠમાં રસ રોટલીની રસોઇ

વિક્રમ સંવત્ ૧૮૭૪ની સાલ હતી. ભગવાન શ્રીહરિ વિચરણ કરતા કરતા ઉમરેઠ પધાર્યા હતા. મહારાજની સાથે સવા સો-દોઢસો જેટલા સંતો-પાર્ષદો અને હરિભક્તો હતા. મહારાજ રૂપરામભાઈને ઘેર ઉતર્યા હતા અને મહારાજની સાથેનો સંઘ ગામની બહાર તળાવની પાળે આંબાના ઝાડ નીચે ઉતર્યો હતો.

ઉમરેઠના રૂપરામભાઈ અને નંદરામભાઈ ઠાકરે રસ-રોટલીની રસોઈ આપી હતી. આ પવિત્ર બ્રાહ્મણોએ જાતે રસ કાઢ્યો હતો અને ભાવથી જાતે રસોઈ કરી હતી. રસોઈ તૈયાર થઈ એટલે રૂપરામભાઈએ મહારાજને વિનંતી કરી, મહારાજ થાળ જમવા પધારો.

મહારાજ થાળ જમવા બેઠા, રૂપરામભાઈ મહારાજને ભાવથી પીરસવા લાગ્યા.

મહારાજે જોયું તો કેરીનો રસ ખૂબ જ ખાટો હતો. મહારાજે રૂપરામભાઈને કહ્યું, 'રૂપરામ ! રસમાં થોડી સાકર નાખો.'

રૂપરામભાઈ બોલ્યા, 'મહારાજ ! અમારે ગુજરાતમાં રસમાં સાકર નાખવાનો રિવાજ નથી.'

મહારાજે થોડી વાર પછી પાછી સાકર માગી. રૂપરામભાઈએ પાછું કહ્યું, 'મહારાજ ! અમારે રસમાં સાકર નાખવાનો રિવાજ નથી.'

મહારાજે થોડી વાર પછી પાછી સાકર માગી. રૂપરામભાઈએ પાછું કહ્યું, 'મહારાજ ! અમારે રસમાં સાકર નાખવાનો રિવાજ નથી.'

આમ, બે-ત્રણ વાર મહારાજે સાકર માગી પણ રૂપરામભાઈ મહારાજની વાત સમજી ન શક્યા.

રૂપરામભાઈના હૃદયનો ભાવ શુદ્ધ હતો પરંતુ ઝાઝા માણસોની રસોઈ હોવાથી રૂપરામભાઈ રસોડાની વ્યવસ્થામાં વ્યસ્ત હતા એટલે એમણે મહારાજની વાત ઉપર જોઈએ તેવું ધ્યાન આપ્યું નહિ.

મહારાજને તો ખાટું શું ને મોળું શું ? પરંતુ એમના મનમાં પાછળથી જે સંતો-હરિભક્તોની પંક્તિ થવાની હતી એની ચિંતા હતી. પરંતુ રૂપરામભાઈ મહારાજનો સંકેત સમજી શક્યા નહિ.

રૂપરામભાઈના ભાવને પૂર્ણ કરવા મહારાજ પ્રેમથી ખાટો રસ જમતા રહ્યા.

મહારાજે ભોજન પૂર્ણ કર્યા બાદ સંતો-હરિભક્તોની વિશાળ પંક્તિ થઈ.

રૂપરામભાઈને રાજી કરવા માટે આજ મહારાજ સ્વયં પંક્તિમાં પીરસવા પધાર્યા. મહારાજે શ્વેત ધોતી પહેરી હતી, કેડે ખેસનો આડબંધ બાંધ્યો હતો, હાથમાં રસનું પાત્ર હતું; મહારાજ આગ્રહ કરી કરીને સંતોને રસ પીરસી રહ્યા હતા.

સંતો મહારાજને સંભારીને ભોજન કરી રહ્યા હતા.

રસ ખૂબ ખાટો હતો, પરંતુ મહારાજ આગ્રહ કરી કરીને પીરસતા હતા એટલે પ્રસાદીની લાલચે કોઈ ના પાડતું નહોતું.

મહારાજે રમૂજમાં કહ્યું, 'સંતો ! આપણે જમીને ઉમરેઠમાં જ આરામ કરવાનો છે માટે દેહ નાશવંત છે એમ માનીને રસ પીજો. આપણે રૂપરામ અને નંદરામને રાજી કરવા છે.'

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને હસતા હસતા પૂછ્યું, 'કેમ ! સ્વામી ? રસ કેવો લાગ્યો ?' બ્રહ્માનંદ સ્વામી માથા ઉપર હાથ ફેરવતા ફેરવતા ઠાવકું મોઢું રાખીને બોલ્યા, 'મહારાજ ! રસ બહુ સરસ છે. માથાના વાળ ખેરી નાખે એવો છે.'

મહારાજ હસવા માંડ્યા.

એ જ સમયે બ્રહ્માનંદ સ્વામીની બાજુમાં ગુણાતીતાનંદ સ્વામી મહારાજની મૂર્તિને સંભારીને જમી રહ્યા હતા.

મહારાજે એમને પૂછ્યું, 'નિર્ગુણાનંદ ! તમને રસ કેવો લાગ્યો ?'

સ્વામી બોલ્યા, 'મહારાજ ! આપ જેવા પીરસનારા છે અને આપની રસમય મૂર્તિને સંભારીને જમું છું એટલે રસ તો ખૂબ મધુર લાગે છે.'

મહારાજ હસીને કહે, 'બ્રહ્માનંદ સ્વામી ! નિર્ગુણાનંદને જેવો ભોજનનો સ્વાદ લેતા આવડે છે એવો તમને નથી આવડતો.

બ્રહ્માનંદ સ્વામી હસીને કહે, 'એ તમારો ચેલો લાડકો છે અને પાછો સ્વાદીયો છે એટલે એના જેવું જમતા અમને ન આવડે.'

મહારાજે કહ્યું, 'બ્રહ્મમુનિ ! આ નિર્ગુણાનંદને ભોજનનો સ્વાદ નથી પણ અમારી મૂર્તિનો સ્વાદ છે. અમારી મૂર્તિ સંભારીને જમે છે એટલે એને ખાટું-મોળું કાંઈ દેખાતું નથી.' બ્રહ્માનંદ સ્વામી મર્મમાં બોલ્યા, 'મહારાજ ! તમને તો આ નિર્ગુણાનંદ સિવાય બીજું કોઈ દેખાતું જ નથી !

મહારાજ હસીને બોલ્યા, 'સ્વામી ! એ સાધુ છે જ એવા; તો કહેવું તો પડે ને !' આમ, આનંદ વિનોદ કરતાં પંક્તિ પૂરી થઈ.

ભોજનથી પરવારી બધા સંતો ગામની બહાર આંબાના ઝાડવા નીચે જ્યાં ઉતારો હતો ત્યાં પધાર્યા અને આરામની તૈયારી કરવા માંડ્યા.

સૌએ ધાર્યું હતું કે 'મહારાજે કહ્યું છે એટલે આરામ કરવા મળશે અને રસ પચી જશે.' ત્યાં તો પાછળને પાછળ મહારાજ પધાર્યા અને આંબાને છાંયે ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

મહારાજ પધાર્યા એટલે બધા જ સંતો એકઠા થઈ ગયા.

મહારાજ બોલ્યા, 'સંતો ! આજનો રસ સૂતા સૂતા નહીં પચે, તમે બધા અમારા ઢોલિયાની આસપાસ ઊભા રહો અને ઝીલણીયા કીર્તન બોલશો ત્યારે પચશે.' ચૈત્ર મહિનાનો તાપ તપતો હતો, અસહ્ય ગરમી હતી. ખાટો રસ ખાધો હતો એટલે સૌને ભારે અકળામણ થતી હતી. અધૂરામાં પૂરું મહારાજે ઊભા ઊભા ઝીલણીયા કીર્તન બોલવાનો આદેશ કર્યો એટલે બ્રહ્માનંદ સ્વામીથી રહેવાયું નહીં. એ મજાકમાં બોલ્યા, 'આ ભગવાને તો ભારે કરી.'

મહારાજના વચને શરીરના ચૂરેચૂરા કરી નાખે એવા આ બધા સંતો હતા.

મહારાજની મરજી જાણી સૌ ઊભા થયા અને કીર્તન બોલવા લાગ્યા.

ગુણાતીતાનંદ સ્વામીને પાંચસો કીર્તન કંઠે હતા. સ્વામી કીર્તન ઝીલાવતા હતા અને બધા જ સંતો કીર્તન ઝીલતા હતા.

તદ્રુપાનંદ સ્વામી કીર્તન ઝીલાવવામાં સ્વામીને મદદ કરતા હતા.

જેવા કીર્તન શરૂ થયા એ જ સમયે આશ્ચર્ય સર્જાયું.

આકાશમાં વાદળાં ચડી આવ્યા. ચારે દિશામાં છવાયેલા વાદળાની ઘનઘોર ઘટાઓથી છાંયો થઈ ગયો.

થોડે દૂર ક્યાંક વરસાદ વરસ્યો હશે એનો ઠંડો પવન આવવા લાગ્યો. આ ઠંડા પવને સૂરજના તાપની ગરમીને ઠારી નાખી. સર્વને રાહત થઈ.

લગભગ બે કલાક સુધી કીર્તન-ભક્તિ ચાલી. અવકાશી વાદળાઓએ બહારનું વાતાવરણ ઠંડું કર્યું હતું. મહારાજના સાંનિધ્યથી સંતોના હૃદયનું વાતાવરણ પણ ટાઢું થઈ ગયું હતું. કીર્તન ભક્તિ પૂરી કરાવી મહારાજ બોલ્યા, 'પરમહંસો ! તમારા કીર્તનનો પ્રભાવ તો જુઓ ! તમે કીર્તન બોલ્યા એટલે આકાશમાં વાદળા ચડી આવ્યા અને વાતાવરણ કેવું ટાઢું કરી નાખ્યું ?'

બ્રહ્માનંદ સ્વામી હસીને બોલ્યા, 'મહારાજ ! આ કીર્તનોનો પ્રભાવ નથી, પણ જેના કીર્તનો છે એનો પ્રભાવ છે.'

મહારાજ હસીને કહે, 'બ્રહ્મમુનિ ! તમે પણ ક્યારેક ક્યારેક બહુ ઉત્તમ વાતો કરો છો.' બ્રહ્માનંદ સ્વામી ગંભીર મુખ રાખી બોલ્યા, 'અમે તો કાયમ આવું જ બોલીએ છીએ, પણ તમને નિર્ગુણાનંદ સિવાય ક્યાં કોઈ દેખાય છે ?'

મહારાજ હસીને બોલ્યા, 'સ્વામી ! એ નિર્ગુણાનંદની તો વાત જ ન્યારી છે. જુઓને કીર્તનોની રચના તમે કરી પણ કંઠે એણે કર્યા. એકધારા બે કલાકથી બોલે છે, છતાંય ખૂટતા નથી.' આમ કહી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને નજીક બોલાવ્યા, ભેટ્યા, માથે બે હાથ મેલ્યા.

સ્વામીને તો જાણે કીર્તનભક્તિનું સાક્ષાત્ ફળ પ્રાપ્ત થઈ ગયું.

હવે આ બાજુ રૂપરામભાઈ બધાને જમાડીને જમવા બેઠા અને જેવો રસ ચાખ્યો ત્યાં ખ્યાલ આવ્યો, 'અરે, આ રસ તો ખાટો બડાહ છે.'

વીજળીનો ઝબકારો થાય એમ એના મનમાં ઝબકારો થયો, 'અરે ! હવે ખ્યાલ આવ્યો કે મહારાજ વારંવાર સાકર કેમ માગતા હતા !!'

'ખાટા રસને મીઠો કરવા મહારાજ સાકર માગી રહ્યા હતા અને હું અભાગીયો રિવાજ-રિવાજનું રટણ કરતો રહ્યો હતો.'

રૂપરામભાઈને હૃદયમાં ભારે દુઃખ થયું. 'ભારે કરી મેં આવો ખાટો રસ

મહારાજને અને સંતોને જમાડ્યો ? મહારાજે માગી તોય સાકર ન આપી.'

તેઓ દુ:ખી હૃદયે મહારાજ પાસે આવ્યા અને મહારાજના ચરણ પકડી પશ્ચાત્તાપ કરતા કરતા રડવા માંડ્યા.

મહારાજે કહ્યું, 'રૂપરામભાઈ ! તમે દિલગીર ન થાઓ. એક તો તમે કંઈ જાણીજોઈને આ કર્યું નથી. બીજું, અમારા સાધુઓને સ્વાદ-કુસ્વાદની કંઈ પડી નથી. તેઓને એક જ સ્વાદની ખબર છે અને એ છે અમારી મૂર્તિનો સ્વાદ.'

મહારાજે રૂપરામભાઈને આશ્વાસન આપ્યું, પરંતુ રૂપરામભાઈનું મન કોઈ રીતે માનતું નહોતું. એમણે આ ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે જીવનભર ખાંડ સાકર નહિ ખાવાનું નિયમ લીધું.

## પ્રસાદીના પદાર્થો કરતાંય રુચિમાં રહેવું શ્રેષ્ઠ છે

વિ.સં.૧૮૭૨ ની સાલ હતી. શ્રીજી મહારાજે ધરમપુરના કુશળકુંવરબાઈના આગ્રહથી વડતાલનો પ્રબોધિનીનો સમૈયો પૂર્ણ કરીને ધરમપુર તરફ પ્રયાણ કર્યું. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નાના-મોટા દેવાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી,ગુણાતીતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી જેવા અનેક મહાન સંતો ઉપરાંત, સુરા ખાચર, સોમલા ખાચર, જોબન પગી, તખો પગી વગેરે અનેક હરિભક્તો મહારાજની સાથે સંઘમાં જોડાયા હતા.

વડતાલથી નીકળીને રસ્તાના ગામડાંઓના હરિભક્તોને સુખ દેતા દેતા મહારાજ સુરત પધાર્યા અને સુરત પાસેના ઉધના ગામે રાત્રિ રોકાયા હતા.

આ સમયે ગવૈયા દેવાનંદ સ્વામીને હાથ-ધોણું થયું. શરીરમાં ખૂબ નબળાઈ આવી ગઈ, એટલે સંઘની સાથે ચાલી શકે એમ નહોતા.

સ્વામીને રોકાવું અનિવાર્ય હતું પણ એમની સેવામાં કોણ રોકાય ? એ પ્રશ્ન હતો. કારણ કે મહારાજની આ ધરમપુરની યાત્રા ઐતિહાસિક હતી. એટલે સર્વ કોઈને મહારાજની સાથે ધરમપુર જવાનું તાન હતું.

મહારાજને થયું, "આવા અણીના સમયે એક નિર્ગુણાનંદ જ એવા છે, જે અમારી રુચિ બરાબર સમજે છે અને અમારો પડ્યો બોલ ઝીલે છે."

આમ વિચારી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવીને કહ્યું, "નિર્ગુણાનંદ ! આ દેવાનંદ સ્વામી પવિત્ર સંત છે, સારા ગવૈયા છે, એમણે કીર્તન-ભક્તિથી અમને ખૂબ જ રાજી કર્યા છે, હાલમાં સ્વામી બીમાર છે, ચાલી શકે તેમ નથી, તો તમે એમની સેવામાં રોકાશો ?"

ગુણાતીતાનંદ સ્વામીને તો ઉત્સવ-સમૈયા-મેળાવડા કરતાંય મહારાજને રાજી કરવાનું તાન હતું. એટલે સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! આપની મરજી હોય તો હું અવશ્ય સ્વામીની સેવામાં રોકાઈશ.’’

ગુણાતીતાનંદ સ્વામીએ હા પાડી એટલે મહારાજ ખૂબ રાજી થઈને સ્વામીને ભેટ્યા. સ્વામીએ દેવાનંદ સ્વામીની ખૂબ કાળજીથી સેવા-ચાકરી કરી. પરિણામે દેવાનંદ સ્વામી ટૂંક સમયમાં જ સાજા થઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી સેવાથી દેવાનંદ સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા, ‘‘નિર્ગુણાનંદ ! તમે મારી ખૂબ સેવા કરી. હું તમારી સેવાનો બદલો કઈ રીતે વાળી શકું ?’’ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘સ્વામી ! આપ જેવા પવિત્ર સંત રાજી થાય એથી વિશેષ બદલો મારે બીજો ક્યો હોઈ શકે ?’’

દેવાનંદ સ્વામી બોલ્યા, ‘‘પણ, નિર્ગુણાનંદ ! મારે તમને કાંઈક આપવું તો જોઈએ. મારી કીર્તન-ભક્તિથી પ્રસન્ન થઈને મહારાજે મને આશીર્વાદ રૂપે આ ડગલી આપેલી છે. એ પ્રસાદીની ડગલી હું તમને આપું અને બીજું મને થાય છે કે, તમને હું ગાન-વિદ્યા પણ શીખવાડું.’’

મહારાજની પ્રસાદીની ડગલીની વાત તો ભલભલાના દિલને આકર્ષે એવી હતી. પણ ગુણાતીતાનંદ સ્વામીની વાત ન્યારી હતી.

એમણે કહ્યું, ‘‘સ્વામી ! મેં કોઈ ડગલીની લાલસાથી આપની સેવા કરી નથી. મેં તો મહારાજ અને આપ જેવા સંતને રાજી કરવાની ઈચ્છાથી જ સેવા કરી છે. માટે ડગલી મારે જોઈતી નથી.’’

અને બીજું સ્વામી, આ ડગલી તો મહારાજે તમારા ઉપર વરસાવેલા રાજીપાની નિશાની છે. માટે એ સંભારણારૂપ ડગલી આપ આપની પાસે જ રાખો.’’

‘‘હવે, રહી ગાન-વિદ્યાની વાત. સ્વામી ! હું મોઢે કીર્તન બોલું છું, એટલું મારે માટે બસ છે. ગાન-વિદ્યા શીખવા માટે તો વહેલી સવારે રિયાઝ કરવો પડે, જ્યારે મને તો વહેલા ઊઠીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવામાં ભારે સુખ આવે છે. એ સુખને છોડીને મારે રાગ આલાપવા નથી.’’

ગુણાતીતાનંદ સ્વામીનું આવું નિસ્પૃહીપણું અને વિતરાગીપણું જોઈને દેવાનંદ સ્વામીને અતિ આનંદ થયો અને બોલ્યા, ‘‘નિર્ગુણાનંદ ! બીજા બધાય કરતાં તમારી સમજણ સાવ નોખી પડે છે.’’

સ્વામી સાજા થયા હતા એટલે બંને સંતો ધરમપુરને માર્ગે રવાના થયા અને જોત-જોતામાં ધરમપુર પહોંચી ગયા.

દેવાનંદ સ્વામીને સાજા-નરવાં આવી પહોંચેલા જોઈ મહારાજ દેવાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી ઉપર ખૂબ જ રાજી થયા.

શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓનું મૂલ્ય આંકી ન શકાય તેવું હોય છે પરંતુ મહારાજ અને મોટા સંતોનો રાજીપો પ્રસાદીના પદાર્થો કરતાંય શ્રેષ્ઠ છે. આ રહસ્યને સ્વામી જેવા કોઈ વિરલા જ સમજી શકે છે.

## દર્શન માટે દેહભાન ભૂલ્યા

ભગવાન સ્વામિનારાયણે મધ્ય પ્રકરણના ૧૪માં વચનામૃતમાં ભગવાનની સાથે તદાત્મકપણું પામેલાં પરમ એકાંતિક સંતની વાત કરી છે.

ભગવાન શ્રીહરિ કહે છે 'અમે ગઈ કાલે (ગઢડા મધ્યનાં ૧૩માં વચનામૃતમાં) જે વાત કરી છે એ રીતે જેનાં અંતરમાં ભગવાનનો અતિશય દૃઢ નિર્વિકલ્પ નિશ્ચય થાય તેને ભગવાન સંગાથે તદાત્મકપણું થાય છે.'

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આવા જ અદ્‌ભુત તદાત્મકપણાનું જીવંત ઉદાહરણ હતા. એમનું જ્ઞાન એટલે વેદ અને ઉપનિષદ્‌નો સાર. એમનું જ્ઞાન એટલે સાંખ્ય અને યોગનો અનોખો સંગમ. એમના જ્ઞાનનો મર્મ એટલે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવા.

**"નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણમ્ ।**
**વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥"**

સ્વામી શિક્ષાપત્રીનો આ શ્લોક પોતાની વાતોમાં વારંવાર ટાંકતા.

પ્રગટ પુરુષોત્તમનારાયણ શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવી જીવને શ્રીહરિની મૂર્તિમાં જોડવા એ જ એક માત્ર સ્વામીની કથાવાર્તાનું તાન રહેતું.

ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિમાં માહાત્મ્ય જ્ઞાને સહિત અસાધારણ હેત હતું. સ્વામીને ત્રણેય અવસ્થામાં શ્રીહરિની મૂર્તિનો અખંડ સાક્ષાત્કાર હતો.

એક દિવસ કોઈએ પૂછ્યું કે 'સ્વામી! તમે દેહ કે મંદિરની ક્રિયા કરો ત્યારે મૂર્તિ ભૂલી ન જાઓ?'

સ્વામી હસીને બોલ્યા, 'માળા! તું ક્યારેય તારા દેહને ભૂલે છે ? તું તારા દેહને ભૂલતો નથી,એમ અમે મહારાજને ભૂલતા નથી.' એક વખત શ્રીહરિ દંઢાવ્ય દેશમાં ફરી રહ્યા હતા. કોઈ ગામમાં મહારાજ રાત રોકાયેલા. સવારમાં વહેલાં ઊઠી મહારાજને નીકળવાનું હતું પરંતુ હરિભક્તોએ ખૂબ જ આગ્રહ કર્યો, 'મહારાજ! બપોરે થાળ રસોઈ કરાવો, સર્વેને જમાડો અને પછી નીકળો.'

ભક્તોની ભાવભરી વિનંતી સાંભળી શ્રીહરિ બોલ્યા ‘ભક્તો અમારે જવાની ઉતાવળ છે. રસોઈ માટે રોકાવાય એમ નથી પરંતુ તમે એમ કરો, તાબડતોડ પાકના લાડુ બનાવો. અમે સંઘનાં સર્વ સંતો ભક્તોને ટીમણ માટે એ લાડુ આપીશું અને રસ્તામાં જ્યાં અનુકૂળતા હશે ત્યાં ટીમણ કરીશું.’

ભક્તોએ અત્યંત ભાવથી શેર-શેરનાં પાકનાં લાડુ કરાવ્યા.

તોપનાં ગોળા જેવા એ લાડુઓમાંથી શ્રીહરિએ સર્વને પોતાના હાથે બબ્બે લાડુ આપ્યા. મહારાજનાં હાથની આ મહાપ્રસાદીનાં લાડુ સંતોએ પોતપોતાની ઝોળીમાં મૂક્યા. મહારાજ માણકીએ બિરાજમાન થઈ ગામમાંથી વિદાય લઈ રહ્યા હતા. સંતો ભક્તો કીર્તન કરતા હતા.

ગામનાં ઝાંપા સુધી ભક્તજનો મહારાજને વળાવવા આવ્યા.

આ સમયે ચકોર જેમ ચંદ્રને જોઈ રહે તેમ ગુણાતીતાનંદ સ્વામી તો મહારાજની મૂર્તિને નીરખતા નીરખતા સાથે ને સાથે ચાલી રહ્યા હતા.

ગામનું પાદર આવતાં સ્વામીનાં મનમાં થયું કે ‘હમણાં મહારાજ માણકીને ભગાવશે અને મને દર્શનનો આવો અવસર કાયમ નહીં રહે.’ સ્વામીને મનમાં સુંદર યુક્તિ સ્ફૂરી. સ્વામીએ એક સાધુને કહ્યું ‘તમે મારી હારોહાર જોડમાં ચાલશો તો આ મારા ભાગના લાડુ છે એ હું તમને આપી દઈશ.’ પેલા સાધુ તો રાજી રાજી થઈ જોડમાં ચાલવા તૈયાર થઈ ગયા.

મહારાજે ગામનાં પાદરેથી હરિભક્તોને પાછા વાળ્યા અને પોતે માણકીને આગળ ચલાવી. સ્વામી પેલા જોડવાળા સાધુને સાથે લઈ દોડી અને મહારાજની આગળ નીકળી ગયા અને પાછા પગે ચાલતાં ચાલતાં મહારાજનાં દર્શન કરવા લાગ્યા. મહારાજ પણ આ સ્નેહભીના સાધુને મંદ મંદ હસતા હસતા નીરખી રહ્યા.

મહારાજને રમૂજ સૂઝી; મહારાજે માણકીને થોડી ઉતાવળી ચલાવી. સ્વામી પણ પાછા પગે ઉતાવળા દોડવા લાગ્યા. શ્રીહરિએ માણકીને વધારે વેગથી દોડાવી તો સ્વામી પણ વધારે વેગથી પાછા પગે દોડવા લાગ્યા. પાછા પગે દોડતા દોડતા સ્વામી મહારાજનાં દર્શન કરતા જાય આંખમાંથી શ્રાવણ ભાદરવો નીતરતા જાય અને મહારાજને અંતરમાં ઉતારતા જાય.

હવે મહારાજથી ન રહેવાયું. મહારાજે એકદમ સ્વામીની સમીપે માણકી ઊભી રાખી, બેઠી દડીનાં સ્વામીએ મહારાજનાં ચરણ પકડી લીધા.

સ્વામીની દેહદશા સાવ વિસરાઈ ગઈ હતી. સ્વામીનો અસાધારણ સ્નેહ જોઈ મહારાજની આંખો પણ ભીંજાઈ ગઈ અને બોલ્યા ‘હાઉ કરો નિર્ગુણાનંદ! તમે

અને અમે તો અનાદિકાળથી ભેળાં જ છીએ.'

મહારાજની વાણી સાંભળી સ્વામી ધન્ય ધન્ય થઈ ગયા.

## મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાભવ

વિ. સં. ૧૮૭૬ ની સાલ હતી. મહારાજે વડતાલમાં સમૈયો કર્યો હતો. દૂર-દૂરથી સંતો મહારાજના દર્શને આવ્યા હતા. દેશ-દેશાંતરથી હજારો હરિભક્તો એકઠા થયા હતા.

આ સમયે મહેમદાવાદના હરિભક્તો સંઘ લઈને ઉત્સવનો લાભ લેવા આવ્યા હતા. હરિભક્તોએ મહારાજને વાત કરી, "મહારાજ ! અમારા ગામમાં વેદાંતીઓનું જોર છે. 'અહં બ્રહ્માસ્મિ'ની મોટી મોટી વાતો કરે છે, વિધિ-નિષેધને ખોટા ગણે છે અને સત્સંગ પ્રત્યે દ્વેષ રાખે છે. આપ કોઈ વિદ્વાન સંતને મહેમદાવાદ મોકલો, કે જે આ વેદાંતીઓનો પરાભવ કરે."

મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, "સ્વામી ! મહેમદાવાદ કોણ જશે ?"

સ્વામીએ સંતોની સભા સામે જોયું પણ કોઈ સંતની ઈચ્છા મહેમદાવાદ જવા માટે જણાણી નહિ.

મહારાજે સ્વામીને પૂછ્યું, "સ્વામી ! આપણા નિર્ગુણાનંદને મોકલીએ તો કેમ ?" મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "હા મહારાજ ! નિર્ગુણાનંદ ભારે પ્રભાવશાળી છે, વાતોમાં એમને કોઈ પહોંચે એમ નથી. માટે એ જરૂર વેદાંતીઓનો પરાભવ કરી શકશે." મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "નિર્ગુણાનંદ ! તમે મહેમદાવાદ જાઓ અને વેદાંતીઓનો પરાભવ કરો."

સ્વામીને થોડો સંકોચ થયો, એટલે બોલ્યા, "પણ મહારાજ ! હું કાંઈ ભણ્યો નથી, હું વેદાંતીઓને કેવી રીતે જીતી શકું ?"

મહારાજે કહ્યું, "નિર્ગુણાનંદ ! તમે તો વગર ભણ્યે અનાદિના શાસ્ત્રી છો, વેદાંતીઓ તો શબ્દના કોચલામાં રમે છે. અસલી બ્રહ્મની અનુભૂતિ તમારી પાસે છે. માટે તમે સંકોચ રાખ્યા સિવાય જાઓ."

મહારાજની આજ્ઞા થઈ, એટલે સ્વામી મહેમદાવાદ પધાર્યા.

મહેમદાવાદના વેદાંતીઓ સ્વામી પાસે ભેગા થયા અને 'અહં બ્રહ્માસ્મિ'ની મોટી મોટી વાતો કરી જાત જાતના પ્રશ્નો કરવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, "ભાઈઓ ! સાચા બ્રહ્મજ્ઞાની તો શુકજી હતા. એને સ્ત્રી-પુરુષનું ભાન નહોતું. એમણે વૃક્ષ-વેલીમાં રહીને વ્યાસને જવાબ દીધો હતો. આવા

જે અનુભવી બ્રહ્મજ્ઞાની હોય, એ તમારામાંથી આગળ આવો અને અમારી હાર્યે શાસ્ત્રાર્થ કરો''

''બાકી બૈરાં-છોકરામાં ગળા લગી ખૂંત્યા હોય, સંસારની લોલુપતા મટી ન હોય, કામ, લોભ અને રસાસ્વાદ માટે જાતજાતના પ્રપંચ કરતા હોય, સારું-નરસું એક સમાન થયું ન હોય, એ તો પોપટીયા જ્ઞાની કહેવાય, એમની સાથે વાણી વિલાસનો કોઈ અર્થ નથી.''

''પોપટની પેઠે 'અહં બ્રહ્માસ્મિ' રટી લેવાથી કાંઈ વળતું નથી.''

સ્વામીની પ્રભાવશાળી વાણી સાંભળી વેદાંતીઓ ડઘાઈ ગયા. કોઈએ આગળ આવવા હિંમત ન કરી.

સ્વામી રંગમાં આવી જઈ બોલ્યા, ''વેદાંતીઓ ! સાંભળો, સાચો બ્રહ્મજ્ઞાની તો હું છું.'' જ્યાં સ્વામી આટલું બોલ્યા ત્યાં સ્વામીના શરીરમાંથી તેજના શેરડા છૂટ્યા અને બે માળનું આખું મકાન તેજોમય થઈ ડોલવા લાગ્યું.

જગત મિથ્યાની વાતો કરનારા વેદાંતીઓ 'મેડી હમણાં પડી કે પડશે' એવા ડરથી ભયભીત થવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, ''વેદાંતીઓ ! ડરશો નહિ. તમારી તાકાત હોય તો આ તેજને સમાવી લ્યો.'' વેદાંતીઓએ કહ્યું, ''સ્વામી ! આ તેજ જોઈને અમને કાંઈક થઈ રહ્યું છે. અમને બધું ભમતું લાગે છે. આ તેજને સમાવવાની તાકાત અમારામાં નથી. તમે જ કૃપા કરીને આ તેજને સમાવો.''

વેદાંતીઓની વિનંતી સાંભળી સ્વામીએ તેજને સમાવી લીધું. વેદાંતીઓ સ્વસ્થ થયા. સ્વામીએ કહ્યું, ''વેદાંતીઓ ! આ તો હજુ મેં તમને બ્રહ્મની આછી ઝલક આપી છે. આગળની વાત સાંભળો. બ્રહ્મ થયાથી કશું વળવાનું નથી, બ્રહ્મ થઈને પરબ્રહ્મ ભજવા, એ જ કરવાનું છે.''

''બ્રહ્મ તમારી સામે બેઠું છે અને પરબ્રહ્મ તો સ્વયં ભગવાન સ્વામિનારાયણ છે. મારા જેવા કેટલાય બ્રહ્મરૂપ આત્માઓ એ પ્રગટ પરબ્રહ્મ સ્વામિનારાયણની દાસભાવે સેવા કરે છે.''

''જ્યાં સુધી તમે એનો આશ્રય નહિ કરો ત્યાં સુધી તમારું વેદાંત જ્ઞાન વાંઝીયું રહેવાનું છે.''

સ્વામીનો પ્રભાવ જોઈને તેમજ સ્વામીની વાતો સાંભળીને મહેમદાવાદના અનેક વેદાંતીઓ ભગવાન સ્વામિનારાયણને શરણે થયા.

## દર્શન કરવા જેવા દેવજી ભગત

નેનપુરના દેવજી ભગત મહાન ભક્તરાજ હતા. દેવજી ભગતના ઘરવાળા પણ દેવજી ભગત જેવા જ ઉત્તમ ભક્તરાજ હતા.

ભગવાન સ્વામિનારાયણે દેવજી ભગતને સર્વ ભક્તોમાં શ્રેષ્ઠ ગણ્યા હતા.

દેવજી ભગત ગૃહસ્થાશ્રમી હતા છતાં પણ એમનું અંતર ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિથી ભરપૂર હતું.

તેઓ સર્વ ક્રિયામાં શ્રીહરિનું અખંડ અનુસંધાન રાખતા હતા.

તેમને જગતના કોઈપણ પદાર્થો કે પુત્ર-પરિવાર પ્રત્યે સહેજ પણ આસક્તિ હતી નહિ. તેઓએ આહાર-વિહારનો સંયમ કરીને પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કર્યા હતા.

આખું વિશ્વ નિદ્રાદેવીને આધીન છે જ્યારે નિદ્રાદેવી દેવજી ભગતને આધીન રહેતા હતા. દેવજી ભગતની સ્થિતિ નિદ્રાજીત યોગી જેવી હતી.

એક વખત ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આ બંને વૈરાગ્યમૂર્તિ સંતો નેનપુર દેવજી ભગતને ત્યાં પધાર્યા હતા.

બંને મહાન સંતોને આવેલા જોઈ દેવજી ભગતને અત્યંત આનંદ થયો.

સાંજના સમયે આરતી, સ્તુતિ, ધૂન, ભજન થયા પછી નિષ્કુળાનંદ સ્વામીએ બે કલાક સુધી વૈરાગ્યની અને જગતના નાશવંતપણાની વાતો કરી, ત્યાર પછી ગુણાતીતાનંદ સ્વામીએ મોડી રાત સુધી મહારાજના ઐશ્વર્ય, પ્રતાપ અને સર્વોપરી મહિમાની વાતો કરી. આમ મોડે સુધી કથા-વાર્તા ચાલી. દેવજી ભગત અત્યંત આનંદથી બંને સદ્‌ગુરુ સંતોના મુખેથી કથા-વાર્તાનું રસપાન કરી રહ્યા હતા.

આખરે દેવજી ભગતે કહ્યું, ‘‘સ્વામી ! તમે ખૂબ કથા-વાર્તા કરી, તમે આજે બાવીશ ગાઉનો પંથ કાપીને આવ્યા છો, માટે થાકી ગયા હશો એટલે હવે આરામ કરો.’’ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, ‘‘ભગત ! તમે પણ હવે આરામ કરો.’’

દેવજી ભગત બોલ્યા, ‘‘સ્વામી ! મારે આરામને હજી વાર છે. હું તો અહીંથી સીધો ખેતરે જઈશ, ખેતરને આંટો મારીશ, પછી માંચડાં ઉપર બેસીને મારા રોજના નિયમની બસો માળા ફેરવીશ.’’

‘‘હું જ્યાં સુધી માળા ફેરવતો હોઈશ ત્યાં સુધી નિદ્રાદેવી દૂર રાહ જોઈને ઊભા હશે.’’ ‘‘મારી માળા પૂરી થશે, એટલે નિદ્રાદેવી મને પૂછશે કે, ‘ભગત ! હવે હું તમારી સેવા કરવા આવું ?’ હવે, જો બ્રાહ્મમૂહુર્ત થઈ ગયું હશે, તો હું

નિદ્રાદેવીને કહીશ કે, ‘હવે આજે નહિ, કાલે આવજો.‘ એટલે નિદ્રાદેવી આકાશમાં ઊડી જશે અને બીજે દિવસે પાછી મારી આજ્ઞાની રાહ જોશે.’’

દેવજી ભગતની વાત સાંભળી બંને સંતોને અંતરમાં અત્યંત આશ્ચર્ય થયું.

જગતમાં આવા નિદ્રાજીત ભજનિક ભક્તો મળવા દુર્લભ છે. ગુણાતીતાનંદ સ્વામી દર્શન કરવા યોગ્ય હરિભક્તોમાં દેવજી ભગતને યાદ કરતા અને કહેતા, ‘‘કેટલાકના દર્શન કરવા જવું અને કેટલાકને દર્શન દેવા જવું’’

દેવજી ભગત મોટા મોટા સાધુઓને પણ દર્શન કરવા જેવા હરિભગત હતા. દેવજી ભગત પણ ગુણાતીતાનંદ સ્વામીનો યથાર્થ મહિમા સમજતા હતા.

## અખંડ જ્ઞાનયજ્ઞના અણનમ શ્રોતા

સત્સંગમાં કથાવાર્તા અગત્યનું અંગ છે. હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજ લખે છે કે -

**‘સત્સંગનો કૃષ્ણકથા જ પાયો, જો તે કદાપિ નબળો જણાયો,**
**સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી જ વહેલી.’**

ગુણાતીતાનંદ સ્વામીને મહારાજના દર્શન અને મહારાજની વાતોના શ્રવણમાં તીવ્ર શ્રદ્ધા અને ઉત્કૃષ્ટ પ્રેમ હતા.

સ્વામી સ્વયં કહે છે કે, ‘‘ભગવાનમાં દૃઢપણે જોડાણો હોય તેનાથી ઈષ્ટદેવના ચિહ્‌ન, ચરિત્ર, ચેષ્ટા અને કથાવાર્તા કર્યા, સાંભળ્યા સિવાય રહેવાય જ નહિ.’’

એક સમયે શ્રીહરિ ગઢપુરમાં જીવા ખાચરના દરબારમાં નિવાસ કરતા હતા. સંતોના મંડળો મહારાજના દર્શને ગઢપુર આવતા હતા. મહારાજ બધા સંતોને પાસે રાખી કથાવાર્તાની ઝકોળ બોલાવતા હતા.

શ્રીહરિએ ધીમે ધીમે પ્રકરણ એવું ચલાવ્યું કે કથાવાર્તાનો રાત-દિવસ અવિરત પ્રસંગ રહે. સામાન્ય રીતે દેહથી સેવા કરવી હોય તો ગમે તેટલો સમય પસાર થાય તો પણ વાંધો ન આવે. પણ કથાવાર્તા તો મનનું સૂક્ષ્મ તપ છે. દેહના તપ બધાથી થાય પણ મનના તપ બધાથી ન થાય.

મુમુક્ષુને કથાવાર્તા ગમે ખરી પણ કથા લાંબી ચાલે તો મન મૂંઝાવા લાગે ! કેડના મકોડા તૂટવા લાગે, કથામાંથી છટકવા માટે મન જાત-જાતના બહાના શોધવા માંડે!

શ્રીહરિએ અખંડ કથાવાર્તાનું પ્રકરણ ચલાવ્યું. વહેલી સવારથી કથા ચાલે મોડી રાત્રે પૂરી થાય. દેહક્રિયા માટે થોડો વિરામ મળે કે ન પણ મળે!

મહારાજ સ્વયં જ્ઞાનોપદેશ કરતા હોય છતાંય કેટલાક સાધુ એક યા બીજી પ્રકારે બહાના શોધી અક્ષર ઓરડીએથી પલાયન થઈ જાય!

ક્યારેક તો મહારાજ પણ રાત્રિના બે-બે પ્રહર વીતી જાય તો પણ કાં તો દૃષ્ટિ માંડીને, કાં તો અર્ધ મીંચેલા નેત્રે વાર્તાનો પ્રવાહ રેલાવતા જ રહે!

એક વાર તો વહેલી સવારના કૂકડો બોલ્યો ત્યારે મહારાજ કહે 'સંતો રાત ઘણી થઈ છે હવે તમે સૌ જાઓ અને આરામ કરો.'

એક વાર શ્રીહરિએ સભામાં પૂછ્યું, 'તમને સત્સંગસભામાં સૌથી પ્રિય શું લાગે ?' એક નિખાલસ શ્રોતાએ કહ્યું, 'મહારાજ ! કથા પૂરી થતી વખતે બોલાતો શ્લોક 'શ્રીપતિં શ્રીધરં' અમને બહુ મીઠો લાગે ! સાંભળીને મહારાજ મંદમંદ હસવા લાગ્યા. શાળામાં છોકરાઓ શાળાનો સમય પૂરો થયાનો ઘંટ વાગવાની વાટ જોતાં હોય એ જ રીતે મોટે ભાગે સભાના શ્રોતાઓ 'શ્રીપતિં શ્રીધરં'ની રાહ જોતા હોય, પરંતુ ગુણાતીતાનંદ સ્વામીની વાત નોખી હતી. શ્રીહરિએ આદરેલા આ અખંડ જ્ઞાનસત્રમાં તેઓ એકમાત્ર અડીખમ, અણનમ શ્રોતા રહ્યા.

એક વાર શ્રીહરિએ કહ્યું નિર્ગુણાનંદ, તમે તો અખંડ કથામાં બેસો છો. તમને ઊભા થવાનું મન નથી થતું? તમે થોડો આરામ કરતા હો તો !

સ્વામીએ હાથ જોડીને સરળ ભાવે કહ્યું, 'મહારાજ ! કંઈ ખરેખર અગત્યનું કામ હોય તો જવું પડે છે પરંતુ આપ જો માત્ર દેહને આરામ મળે એ માટે સૂવાનું કહેતા હો તો મારી પ્રાર્થના છે કે તમે કથાવાર્તા ચાલુ રાખો. અમને તો તમારા દર્શન અને વાતોમાં જેવો આરામ મળે છે એવો બીજે ક્યાંય ખાવા-પીવા કે સૂવામાં મળતો નથી !'

સ્વામીનો જવાબ સાંભળી મહારાજ અત્યંત રાજી થયાં અને સ્વામીના માથા ઉપર બંને હાથ મૂક્યા અને કહ્યું 'નિર્ગુણાનંદ ! તમને ધન્ય છે.'

ગુણાતીતાનંદ સ્વામીને કથાવાર્તા કરવાનો અને સાંભળવામાં આવો ઈશક આજીવન રહ્યો હતો. એ પણ પોતાના વાછડાને જોઈને ગાય પારસો મેલે એમ શ્રીહરિ સ્વામી ઉપર અનરાધાર વરસ્યાં હતાં અને પોતાનો હૃદગત રહસ્ય અભિપ્રાય સ્વામીને પ્રેમથી પાયો હતો અને શ્રીહરિ ધામમાં ગયા બાદ પણ પોતાના એ રહસ્ય અભિપ્રાયને પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે સ્વામીને વર્ષો સુધી ભૂમંડળ ઉપર રાખ્યા હતા અને સ્વામીએ પણ એ રહસ્ય અભિપ્રાયને મુમુક્ષુઓના અંતરમાં રેડવામાં કોઈ કસર છોડી ન હતી.

## જુઓ, અમારા તિલક !

એકવાર ભગવાન શ્રીહરિ પંચાળા પધારેલા. અહીંયા મહારાજે ધામધૂમથી ફૂલડોલનો સમૈયો કર્યો.

ભગવાન શ્રીહરિના મનમાં ઉધ્ધવ સંપ્રદાયની આગવી ઓળખ સ્થાપિત થાય તે માટે સર્વ સંતો પાર્ષદો ઉદ્ધવ સંપ્રદાયને અનુરૂપ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે એવી ઈચ્છા હતી.

પંચાળાની સીમમાં ગોપી તલાવડી છે. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં કેટલીક ગોપીઓના દેહ અહીં માટીમાં સમાયા હતા અને એમની સાક્ષી પૂરતી હોય એવી પીળાશ પડતી સફેદ માટી આજે પણ આ તલાવડીમાંથી નીકળે છે.

ભગવાન શ્રીહરિએ ગોપી તલાવડીની પ્રેમભીની માટી મંગાવી એમાંથી ગોટીઓ બનાવી અને બધાં સંતોને આપીને કહ્યું તમે બધા આ માટીથી કાલે તિલક કરજો.

બીજે દિવસે સભા થઈ. મહારાજે સભા સામે જોયું તો કેટલાક સાધુના ભાલમાં તિલક જોયા પણ એ બધા તિલક ભડકાછાપ અને ભેંસો ભડકે એવા હતાં; તો કેટલાક સાધુના કપાળમાં તિલક જ નો'તાં. મહારાજે તેમને પૂછ્યું, 'અમે તમને કાલે ગોટી આપી હતી છતાં તિલક કેમ નથી કર્યા ?'

સાધુઓ ભોળા ભાવે બોલ્યા 'મહારાજ ! એ તો અમે પ્રસાદી જાણીને ખાઈ ગયા.' મહારાજ સાધુની નિખાલસ વાણી સાંભળી હસવા માંડ્યા. બીજી બાજુ, ભેંસો ભડકે એવા તિલક જોઈને મહારાજ હસવું ખાળી શકે તેમ ન હતાં.

મહારાજે હસતાં હસતાં કહ્યું. 'માળા આ સાધુઓ તો જડભરતજી જેવા ભારે અલમસ્ત છે !' કોઈ માટીની ગોળીને પ્રસાદી જાણીને ખાઈ ગયાં અને કોઈએ આખા કિલે ભેંસો ભડકે એવા ટીલાં તાણ્યાં છે. અમારા ઉદ્ધવ સંપ્રદાયના તિલક આવાં ન હોય. આમ કહી મહારાજે ગોપીચંદન મંગાવ્યું. મહારાજ ઊભા થયાં અને ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યાં. મહારાજે સ્વામીના ભાલમાં સુંદર સુરેખ ઉર્ધ્વપુંડ્ર તિલક કર્યું વચ્ચે સુંદર ચાંદલો કર્યો અને સર્વેને બતાવીને બોલ્યા 'જુઓ, અમારાં તિલક. અમારા ઉદ્ધવ સંપ્રદાયના તિલક આવાં હોય. આજથી તમે બધા આ જ રીતે તિલક કરજો.'

શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીના ભાલમાં કરેલું તિલક જોયું અને સુંદર તિલક જોઈને સર્વના અંતરમાં આનંદ થયો.

## નિર્ગુણાનંદના જામીન અમે છીએ

ગઢપુરમાં એક દિવસ મહારાજે બધા સંતોને પોતાના ઉતારે બોલાવ્યા અને કહ્યું, 'તમો સૌને અમે પંચવર્તમાન આપ્યા છે. તેનું પાલન અનિવાર્ય છે. તેમાં ફેર પડે તેની જાગૃતિ રહે તે માટે અંદરો અંદર એકબીજાના જામીન આપો અને અમારી આગળ એને જાહેર કરો.'

શ્રીહરિની આજ્ઞાથી જે સંતને જેની સાથે હેત હતું એને પોતપોતાના જામીન ઘોષિત કર્યા. આ રીતે મોટાભાગના સૌ સંતો એકબીજાના જામીન થઈ ગયા. એક પણ સાધુ વધ્યા નહીં. એટલામાં ગુણાતીતાનંદસ્વામી સભામાં પધાર્યા ને મહારાજના દર્શન કરી પાછળ બેસી ગયા.

સ્વામીને આવેલા જોઈને બ્રહ્માનંદસ્વામી એકદમ બોલી ઉઠ્યા, 'મહારાજ ! આ ગુણાતીતાનંદ સ્વામી મોડા પડ્યા. હવે એમના જામીન કોણ થશે ? સૌ સંતો એકબીજાના જામીન થઈ ચૂક્યા, કોઈ બાકી રહ્યું નથી.'

એજ ક્ષણે મહારાજ બોલી ઉઠ્યા ''કવિરાજ ! નિર્ગુણાનંદની ચિંતા કરતા નહીં, એમના તો અમે નિરંતરના જામીન છીએ.'' ગમે તેવા વિપરીત દેશકાળમાં, ત્રણેય અવસ્થામાં મન-કર્મ-વચનથી આ સંત પંચવર્તમાનમાં અડીખમ રહેશે એવો પૂર્ણ વિશ્વાસનો રણકાર શ્રીહરિના આ વાક્યમાં હતો.

શ્રીહરિએ વચનામૃતમાં લખ્યા છે એ તમામ લક્ષણોથી યુક્ત હોવાથી ગુણાતીતાનંદ સ્વામી ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત હતા. એટલું જ નહીં સ્વામી શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનાના અણીશુદ્ધ પાલનથી ભારે પ્રતાપી પણ હતા. જીવનું અંતર ગમે તેટલા સારા નરસા ઘાટથી ઘેરાયેલું હોય પણ સ્વામી જો એની સામે કરુણા દૃષ્ટિ કરે તો એ જીવના ઘાટ માત્ર ટળી જતા. અરે વિચારવાયુથી દુઃખીયારા જીવનું કાંડુ પકડીને સ્વામી કહે કે 'ખબડદાર જો સંકલ્પ કર્યા છે તો,' અને એજ ક્ષણે પ્રબળ વેગવાન પવનને લીધે આકાશના વાદળા વિખરાય જાય અને આકાશ નિર્મળ બની જાય એમ જીવના અંતરના વિચાર વલોણા શમી જવાના અનેક દાખલા છે.

## સ્વામીએ ગંગારામ મલ્લને પછાડ્યા

એક વાર ભગવાન શ્રીહરિ ગઢપુરમાં બિરાજમાન હતા. મહારાજને લક્ષ્મીબાગે જવાની ઈચ્છા થઈ. એટલે એમણે રતનજીને કહ્યું, 'રતનજી ! અમારે

લક્ષ્મીબાગ જવું છે માટે માણકી ઉપર પલાણ માંડો.'

રતનજી માણકીને તૈયાર કરીને લાવ્યા. મહારાજે સંતો-હરિભક્તોને કહ્યું, 'તમે બધા પણ સાથે ચાલો.'

મહારાજ માણકી ઉપર સવાર થયા. સંતો-હરિભક્તો વાજિંત્રો લઈને કીર્તન ગાવા લાગ્યા અને મહારાજ વાજતે-ગાજતે લક્ષ્મીબાગે પધાર્યા.

લક્ષ્મીબાગમાં મહારાજે દિવ્ય લીલાનો આરંભ કર્યો. એમણે માણકીને કુંડાળે નાખી ખેલાવવા લાગ્યા.

પવનવેગી માણકી ગોળ ગોળ ચકરાવે ફરવા માંડી. મહારાજ માણકીએ સવાર થયા હતા. જરીયાની જામા અને જરીયાની પાઘ ધાર્યા હતા. એક હાથમાં લગામ હતી. બીજા હાથમાં નેતરની પાતળી સોટી હતી.

વેગથી ફરવાને લીધે મહારાજનું છોગલું હવામાં ઊડતું આવતું હતું.

મહારાજની આ દિવ્ય લીલા નીરખીને ભક્તજનોના અંતર આનંદથી ઊભરાઈ રહ્યા હતા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો તેમજ હરિભક્તો ગોળ કુંડાળે ફરતી માણકી ઉપર સવાર થયેલા મહારાજની દિવ્ય મૂર્તિને હૃદયમાં ઉતારી રહ્યા હતા.

આ સમયે કચ્છથી ગંગારામ મલ્લ વગેરે ભક્તજનો પણ દર્શને આવ્યા હતા.

સૌ ભાવથી મહારાજના દર્શન કરી રહ્યા હતા એવામાં મહારાજની પાઘમાંથી એક તોરો છૂટો પડી ગયો અને પવનની લહેરખીયે ઊડતો-ઊડતો નીચે ધરતી ઉપર આવ્યો. મહારાજનો તોરો નીચે પડ્યો એ જોઈને એ પ્રસાદીના તોરાને લેવા માટે એક બાજુથી ગંગારામ મલ્લ દોડ્યા અને બીજી બાજુથી ગુણાતીતાનંદ સ્વામી દોડ્યા. મલ્લ અને મહાત્મા વચ્ચે પ્રસાદીનો તોરો લેવા માટે દોડની રીતસરની હરીફાઈ શરૂ થઈ. મહારાજે માણકીને ધીમી પાડી દીધી અને બોલ્યા, 'જોઈએ ગંગારામ પહોંચે છે કે નિર્ગુણાનંદ ?'

બન્યું એવું કે બેય લગભગ એક સાથે તોરા પાસે પહોંચ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ કુશળતાપૂર્વક અચાનક પગની આંટી મારીને ગંગારામ મલ્લને એક બાજુ પછાડી દીધા અને તોરો લઈ લીધો.

મહારાજ હસવા માંડ્યા અને બોલ્યા, 'સવા મણ દૂધ પીઈને મલ્લકુસ્તી કરનારા મલ્લ કરતા અમારા તપસ્વી નિર્ગુણાનંદ વધારે બળીયા નીકળ્યા.'

એ સમયે બ્રહ્માનંદ સ્વામીએ રમૂજમાં કહ્યું, 'નિર્ગુણાનંદ તપસ્વી શેના ? જૂનાગઢમાં રોજ રસોઈ આવે છે અને રોજ લાડવા ખાય છે તેથી બળિયા થઈ

ગયા છે ?' મહારાજ કહે, 'સ્વામી. આ સાધુને લાડવાનું નહીં પણ અમારી મૂર્તિનું બળ છે. લાડવા ખાધે બળિયું ન થવાય !'

આમ, બોલતા બોલતા મહારાજે બાજુમાં ઊભેલાં ભાસ્કરાનંદ સ્વામીની સામે જોયું અને કહ્યું, 'પૂછો, આ ભાસ્કરાનંદને એ કેટલા લાડુ ખાય છે ?'

ભાસ્કરાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ ! હું લાડુની ગણતરી જ કરતો નથી. પંક્તિમાં સૌથી પહેલો બેસું છું અને સૌથી છેલ્લે ઊઠું છું, જેટલા લાડુ આવે એટલા લઈ લઉં છું, ક્યારેય ના પાડવાનું નામ જ લેતો નથી.'

બાળા - ભોળા ભાસ્કરાનંદની વાત સાંભળી બધા હસવા લાગ્યા.

મહારાજ કહે, 'આ આટલા બધા લાડુ ખાય છે, છતાં આળસુનો પીર છે. ખાઈ ખાઈને પડ્યો રહે છે. હાલવાનું નામ લેતો નથી.'

'એલા, ભાસ્કરાનંદ ! અમે તને આ નિર્ગુણાનંદની સાથે જૂનાગઢ જવાનું કહ્યું, તો કેમ ન ગયો ?' ભાસ્કરાનંદ સ્વામીએ સાવ ભોળાભાવે જવાબ દીધો, 'આ ગઢડામાં મોટીબા દરરોજ લાડવા ખવડાવે છે. તેથી મજા પડી જાય છે. ઈ જોગી ભેગો જાવ તો શું ખાઉં ? કોરા કડાકા થાય ! ઉપરથી અહીંના લાડુ ગુમાવવા પડે એ નફામાં, માટે ન ગયો!'

ભાસ્કરાનંદ સ્વામીની નિખાલસ વાત સાંભળી બધા ફરીથી હસવા લાગ્યા.

આમ, રમૂજ કરતા કરતા મહારાજ આંબાના વૃક્ષ નીચે બિરાજમાન થયા. સંતો-હરિભક્તો પણ મહારાજની સન્મુખ ગોઠવાઈ ગયા.

મહારાજે પોતાની મૂર્તિના મહિમા સંબંધી ખૂબ જ જ્ઞાનવાર્તા કરી.

આ જ અરસામાં ભક્તરાજ ઉકા ખાચર મોગરા તથા ગુલાબનો હાર કરીને લાવ્યા અને મહારાજને પહેરાવ્યો.

મહારાજે સભા પૂરી થઈ ત્યાં સુધી એ હારને કંઠમાં ધારી રાખ્યો.

જ્ઞાનવાર્તા પૂર્ણ કર્યા બાદ મહારાજ ઊભા થયા અને પોતે કંઠમાં પહેરેલો એ હાર ગુણાતીતાનંદ સ્વામીને પહેરાવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો.

જાણે મહારાજ એવું કહેવા માગતા હતા કે, 'આ સાધુને અમારી મૂર્તિમાં જેવું હેત છે એવું બીજાએ પણ કરવું.'

## પારેવડાં કા પીછા બના દિયા

આશરે વિ. સં. ૧૮૭૭ની સાલનો પ્રસંગ છે. મહારાજના દિવ્ય નંદ સંતોમાં એક વિશ્વસ્વરુપાનંદ સ્વામી હતા. તેઓ હિન્દુસ્તાની હતા. સ્વભાવે આકરા હતા

તેથી તેની પાસે કોઈ ટકતું નહિં. એક સમયે તેઓ માંદા પડ્યા પરંતુ તેમના આકરા સ્વભાવને લીધે એમની સેવામાં કોઈ ટકી શક્યા નહિં.

વિશ્વસ્વરુપાનંદ સ્વામી ખૂબ મૂંઝાયા. મહારાજના દર્શને આવ્યા ને દર્શન કરતા કરતા રડી પડ્યા. મહારાજે પૂછ્યું, 'કેમ સ્વામી ! દિલગીર થાવ છો ?'

સ્વામીએ કહ્યું, 'મહારાજ! મારે શરીરે સારું નથી ને મારી સેવા કરનાર કોઈ નથી.' માંદા સાધુની વાત સાંભળી મહારાજને હૃદયમાં ભારે દયા આવી. વિશ્વસ્વરુપાનંદ સ્વામીનો સ્વભાવ આકરો છે તે મહારાજ જાણતા હતા. મહારાજને થયું, 'આની સેવામાં કોને જોડવા ?' મહારાજને ગુણાતીતાનંદ સ્વામી યાદ આવ્યા. મહારાજે કોઈને મોકલીને સ્વામીને તેડાવ્યા.

મહારાજનો સંદેશ સાંભળી સ્વામી તુરત જ દોડતા આવ્યા. મહારાજના દર્શન કરી બે હાથ જોડી બોલ્યા, 'મહારાજ ! શી આજ્ઞા છે ?'

મહારાજે કહ્યું, 'નિર્ગુણાનંદ ! આ વિશ્વસ્વરુપાનંદ સ્વામી માંદા છે. તેમની સેવા કરનાર કોઈ નથી, તમે એમની સેવા કરો.'

સ્વામીએ કહ્યું, 'ભલે મહારાજ !'

સ્વામીનો જવાબ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા.

મહારાજની આજ્ઞાથી સ્વામી વિશ્વસ્વરુપાનંદ સ્વામીની સેવામાં જોડાયા અને ભારે ભાવથી સેવા કરી.

સ્વામી સેવા પણ કરતા અને અવસર મળે ત્યારે પ્રસંગોપાત મહારાજના મહિમાની વાતો પણ કરતા. ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી મહારાજ અને સંતોનો મહિમા સાંભળી વિશ્વસ્વરુપાનંદ સ્વામીને ખૂબ જ શાંતિ થતી. એમનો આકરો સ્વભાવ પણ ધીમે ધીમે શાંત થતો ગયો, એમના અંતરમાં મહારાજ અને સંતોનો મહિમા વધવા લાગ્યો. સ્વામીએ સેવા ખૂબ કરી પણ વિશ્વસ્વરુપાનંદ સ્વામીની માંદગી દિવસે દિવસે વધતી જ રહી.

મહારાજ અવાર નવાર સ્વામીની ખબર કઢાવતા. ગુણાતીતાનંદ સ્વામી જે રીતે વિશ્વસ્વરુપાનંદ સ્વામીની સેવા કરી રહ્યા હતા તે સાંભળીને મહારાજ અત્યંત રાજી થતા. આ બાજુ વિશ્વસ્વરુપાનંદ સ્વામી વિશેષ ને વિશેષ માંદા થતા રહ્યા, એકબાજુ એમને દેહની વિસ્મૃતિ થવા લાગી પરંતુ બીજીબાજુ એમને પોતાના મૂળ આત્મસ્વરુપનું સ્મરણ પણ થવા લાગ્યું.

એક દિવસ સ્વામીને અચાનક ભાન થયું કે 'અરે ! હું તો બ્રહ્માંડનું સંચાલન કરનાર વૈરાજનારાયણ-ઈશ્વર છું અને મહારાજે મને આ સાધુના દેહમાં મૂકી દીધો

છે !' આટલું ભાન થતાં તો સ્વામીના અંતરમાં આનંદના ફૂવારા થવા લાગ્યા. તેઓ પથારીમાં બેઠા થયા અને હિન્દુસ્તાની લેહકામાં બોલવા લાગ્યા. 'અરે ગુરુ મહારાજ ! તુમને તો કમાલ કિયા? બ્રહ્માંડ કે ઈશ્વર કો છોટે સે દેહ મેં ડાલ દિયા! તુમને તો પારેવા કા પીછા બના દિયા !' વિશ્વસ્વરુપાનંદ સ્વામીની વાત સાંભળી સ્વામી હસવા લાગ્યા ને બોલ્યા, 'સ્વામી ! આપ શાંતિ રાખો અને સૂઈ જાઓ. આ સત્સંગમાં તમારાથી પણ મોટા મોટાએ દેહ ધર્યા છે અને સાધુરુપે કે હરિભક્તરુપે થયા છે માટે સ્વામી, તમે બ્રહ્માંડના ઐશ્વર્યને ભૂલી મહારાજના અપરિમિત ઐશ્વર્યને યાદ કરો અને મહારાજની મૂર્તિ સંભારો.'

વિશ્વસ્વરુપાનંદ સ્વામી બોલ્યા, 'અરે નિર્ગુણાનંદ, ક્યા બાત કરતે હો?'

સ્વામી બોલ્યા, 'સ્વામી! મહારાજ તો અનંત ઈશ્વરોના પણ ઈશ્વર છે, સર્વ અવતારોના અવતારી છે, એમની આગળ તો અક્ષરબ્રહ્મની પણ કાંઈ ગણતરી નથી.' વિશ્વસ્વરુપાનંદ સ્વામી બોલ્યા, 'તુમ્હારી બાત સહી હૈ. ઉસકે એક રોમ મેં અનંત બ્રહ્માંડ અણુ કી તરહ ઉડતે ફિરતે હૈ. ગુરુ મહારાજ કી બાત ન્યારી હૈ.'

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'હા સ્વામી! એમ જ છે.'

વિશ્વસ્વરુપાનંદ સ્વામીએ કહ્યું, 'ગુણાતીતાનંદ! સભી બાત સહી. લેકિન તુમને કૃપા કરકે ગુરુ મહારાજ કા યથાર્થ મહિમા નહિં બતાયા હોતા તો મેરા જ્ઞાન અધૂરા રહ જાતા.' સ્વામીએ કહ્યું, 'કૃપા તો મહારાજની છે. મહારાજે તમારા હિત માટે મને તમારી સેવામાં મૂક્યો. સ્વામી, હવે તમે મહારાજની મૂર્તિને સંભારો. તમારા શરીરનો સમય પૂરો થવા આવ્યો છે.'

ગુણાતીતાનંદ સ્વામીના વચનથી વિશ્વસ્વરુપાનંદ સ્વામી સાવધાન થઈ ગયા અને અંતર્વૃત્તિ કરી મહારાજને સંભારવા લાગ્યા. વિશ્વસ્વરુપાનંદ સ્વામીને પોતાના હૃદયમાં મહારાજના દિવ્ય સ્વરુપનાં દર્શન થયાં. અને દર્શન કરતા કરતા વિશ્વસ્વરુપાનંદ સ્વામીનો દેહ છૂટી ગયો.

ગુણાતીતાનંદ સ્વામીએ વિશ્વસ્વરુપાનંદ સ્વામીના દેહની સેવા તો કરી પણ સાથોસાથ એમના ચૈતન્યની બધી કસર ટાળી નાખી. એમના અંતરમાંથી ઈશ્વરપણાનું અભિમાન છોડાવી એમના ચિત્તને શ્રીહરિના સ્વરુપમાં જોડી દીધું. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'બ્રહ્માંડના અધિપતિ ઈશ્વરો જ્યાં સુધી સગુણ બ્રહ્મ સંકર્ષણ વગેરેની ઉપાસના કરે છે ત્યાં સુધી એમની માયાકૃત ઉપાધીનો નાશ થતો નથી. એ ઈશ્વરો જ્યારે નિર્ગુણ એવા વાસુદેવની ઉપાસના કરે છે ત્યારે એની સર્વે માયાકૃત ઉપાધીઓ નાશ પામે છે અને મુક્ત થાય છે.'

## સંતોના સામર્થ્યની વાત

સંવત્ ૧૮૭૮ની સાલ હતી. ભગવાન સ્વામિનારાયણ પંચાળા પધાર્યા હતા. અહીંયા ભગવાન સ્વામિનારાયણે ઝીણાભાઈના દરબારમાં હુતાશણીના દિવસે ધામધૂમથી રંગોત્સવ કર્યો હતો.

રંગોત્સવ પૂર્ણ થયા બાદ શાબળી નદીના મઘરિયા ઘૂનામાં સ્નાન કરી મહારાજે સભા કરી. સભામાં મહારાજે પરમહંસોને કહ્યું કે, 'હે પરમહંસો ! આજ તો તમે તમારામાં જે વિશેષ સામર્થ્ય હોય તે અમને જણાવો.'

પરમહંસોએ કહ્યું, 'મહારાજ ! અમારામાં શું સામર્થ્ય હોય ? અમારામાં જે કાંઈ હશે તે તમારે લીધે છે. અમે તો આપના દાસ છીએ.'

મહારાજે પ્રશ્નના ઉત્તર માટે ખૂબ આગ્રહ કર્યો પરંતુ સંતો કંઈ કહેવા તૈયાર ન થયા એટલે મહારાજે વ્યક્તિગત રીતે એક એક સંતને પૂછવાનું શરુ કર્યું. પ્રથમ મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમારા સમર્થ્યની વાત કરો.'

મુક્તાનંદ સ્વામીએ વિનમ્ર ભાવે કહ્યું, 'મહારાજ ! કોઈ મનુષ્ય ક્રોધમાં ગમે તેટલો માર માર કરતો આવતો હોય તેને શાંત કરવાની શક્તિ મારામાં છે પણ એ આપના પ્રતાપથી છે.'

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, 'હવે તમારી શક્તિની વાત કરો.'

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'ગમે તેવો શીઘ્ર કવિ હોય પણ કાવ્ય રચનામાં મને કોઈ પહોંચે નહિ એવું સામર્થ્ય મારામાં છે પણ એ આપના પ્રતાપથી છે.'

મહારાજે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું, 'સ્વામી ! હવે તમારા પ્રતાપની વાત કરો.'

નિત્યાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ ! બ્રહ્મા કે બૃહસ્પતિ જેવો હોય પણ તે શાસ્ત્રાર્થમાં મને પહોંચી શકે નહિં. એવું સામર્થ્ય મારામાં છે તે આપની કૃપાથી છે.'

મહારાજે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું, 'યોગીરાજ ! તમારા ઐશ્વર્યની વાત કરો.' ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ ! સમગ્ર બ્રહ્માંડના નાડી પ્રાણ ખેંચવા હોય તો પલકવારમાં ખેંચી લઉં પરંતુ એ આપના લીધે.'

આમ મહારાજ વારાફરતી બધા જ સંતોને એમના ઐશ્વર્ય, સામર્થ્ય, શક્તિ, પ્રતાપ વિષે પૂછતા ગયા. પરમહંસો વિનયભાવે મહારાજને પોતાની શક્તિઓ જણાવતા રહ્યા પણ ગુણાતીતાનંદ સ્વામી કશું બોલ્યા નહિ. તેથી બ્રહ્માનંદ સ્વામીએ મર્મ કરતા કહ્યું, 'સ્વામી ! તમે કેમ કાંઈ બોલતા નથી ?'

ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીની વાત સાંભળી મંદ સ્મિત કરવા

લાગ્યા પણ કશું બોલ્યા નહિ.

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને મર્મમાં કહ્યું, 'મહારાજ ! તમે આ નિર્ગુણાનંદના ખૂબ વખાણ કરો છો પણ એ તો કાંઈ પોતાનું ઐશ્વર્ય જણાવતા નથી.'

મહારાજ હસીને બોલ્યા, 'એ સાધુમાં તો અપાર ઐશ્વર્ય છે. જેમ અમારી પાછળ લાખો માણસો ખેંચાય છે તેમ એની પાછળ પણ લાખો માણસો ખેંચાશે પણ એની મોટાઈની હમણા ખબર નહીં પડે. અમારા સ્વધામ ગમન બાદ એમનો પ્રતાપ પૂર્ણરૂપે પ્રગટશે.'

## તમને સ્ત્રીઓ બાધ કરે તેમ નથી

વિ. સં. ૧૮૭૮ ની સાલ હતી. ભગવાન શ્રીહરિ ગઢપુરમાં બિરાજમાન હતા.

આ અરસામાં બુરાનપુરના હરિભક્તોએ મહારાજને વિનંતી સાથે કહેવડાવ્યું કે, ''મહારાજ ! બે સારા સાધુને બુરાનપુર કથા-વાર્તા કરવા માટે મોકલો.''

મહારાજે કૃપાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીને બુરાનપુર જવા માટે આજ્ઞા કરી. ગુણાતીતાનંદ સ્વામી માટે મહારાજની આજ્ઞા તો શિર સાટે હોય, પરંતુ બુરાનપુર જવાની વાત જુદી હતી. અહીં બાઈઓની સભામાં કથા-વાર્તા કરવાનો પ્રસંગ હતો. સ્વામી જેવા ધન અને સ્ત્રીના ત્યાગીને બાઈઓની સભામાં કથા-વાર્તા કરવાનું કામ કેમ ફાવે ? અને ન જાય, તો મહારાજની આજ્ઞા લોપાય.

અધકચરા ત્યાગીને આવી આજ્ઞા થાય તો એને તો ભારે છૂટ મળ્યા જેવું લાગે પરંતુ સ્વામીની વાત જુદી હતી. સ્વામી તો સહેજ પણ સ્ત્રી ધનનો જોગ થાય તો એને સહી શકે નહિ, એવા સંત હતા.

બાઈઓની સભામાં કથા-વાર્તા કરવાની વાતથી સ્વામી ભારે ધર્મસંકટમાં મૂકાયા. એમને મનોમન ભારે મૂંઝવણ થવા લાગી.

સ્વામીની મૂંઝવણ મહારાજ પારખી ગયા. એમણે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, ''તમે તમારા ભાઈબંધને બુરાનપુર જવા માટે સમજાવો.''

નિષ્કુળાનંદ સ્વામી પણ સ્વામી જેવા જ ત્યાગ-વૈરાગ્યમાં આકરા બાણ જેવા હતા. નિષ્કુળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની રુચિ સરખી હતી. તેઓ નાનપણથી જ એક બીજાના બાળગોઠિયા હતા. એટલે મહારાજે મનમાં વિચાર્યું કે, 'નિર્ગુણાનંદને નિષ્કુળાનંદ જ સમજાવી શકશે.' આજે બંને વિતરાગી સંતોના ત્યાગ અને વૈરાગ્ય ધર્મસંકટની એરણે ચડ્યા હતા.

નિષ્કુળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને સમજાવવા ગયા. સ્વામી રોઈ

પડ્યા અને બોલ્યા, ‘‘મહારાજની આજ્ઞા છે, એટલે બુરાનપુર જવાની ના નથી, પરંતુ બાઈઓની સભામાં કથા-વાર્તા કેમ કરવી ?’’

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, ‘‘સ્વામી ! આપણે તો મહારાજને સર્વોપરી સમજીએ છીએ. આપણા માટે તો ‘ધર્મ તે ધર્મસુતના વચન’ છે.’’

મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે,

**“સદ્‌ગુરુ કી ભક્તિ કરે સોઇ, જાકે ધડ પર શીશ ન હોઇ.”**

નિષ્કુળાનંદ સ્વામીએ સ્વામીને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો પણ સ્વામીના મનમાં જોઈએ તેવું સમાધાન ન થયું.

આખરે મહારાજે સ્વામીને બોલાવીને કહ્યું, ‘‘નિર્ગુણાનંદ ! તમે તો શુદ્ધ બ્રહ્મની મૂર્તિ છો. તમને અમારી મૂર્તિનું અખંડ અનુસંધાન છે, માટે તમને સ્ત્રીઓ કોઈ દિવસ બાધ નહિ કરે.’’

મહારાજના વચન સાંભળીને ગુણાતીતાનંદ સ્વામી થોડા આશ્વસ્ત થયા અને કૃપાનંદ સ્વામીની જોડે બુરાનપુર ગયા.

કૃપાનંદ સ્વામી મહાન સંત હતા. એમના અંતરમાં મહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી. તેઓ મોટે ભાગે ધ્યાનમગ્ન રહેતા હતા. એટલે સભામાં કથા-વાર્તા કરવાનું કામ ગુણાતીતાનંદ સ્વામી સંભાળતા હતા.

સ્વામીએ બુરાનપુરમાં બે મહિના સુધી બાઈઓની સભામાં કથા-વાર્તા કરી.

સ્વામી નિરંતર અંતર્વૃત્તિ વાળી કથા-વાર્તા કરતા હતા. સ્વામીની વૃત્તિમાં સ્ત્રી-પુરુષના કોઈ ભેદ જણાતા નહોતા. સ્વામીને આ સભા અક્ષરધામની જ સભા દેખાતી હતી. ભગવાન સ્વામિનારાયણની સંતોની કસોટીની રીત અદ્‌ભૂત હતી. તેઓ પોતાના સાધુઓને અનેક પ્રકારની કસોટીની તાવણીમાંથી તાવતા હતા.

‘‘બાઈઓની સભામાં કથા-વાર્તા કરવી’’ એ આજ્ઞા સ્વામી જેવા પંચ-વર્તમાનને દૃઢ પાળનારા સાધુ માટે ખૂબ જ કપરી કસોટી સમાન હતી. પરંતુ સ્વામી એ કસોટીમાં સંપૂર્ણ રીતે પાર ઉતર્યા હતા.

મોક્ષધર્મમાં શુકજી પ્રત્યે નારદજીએ ઉત્તમ બ્રહ્મનિષ્ઠ સંતનું લક્ષણ જણાવતા કહ્યું છે જે,

त्यज धर्ममधर्मञ्च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥

જ્યારે મુમુક્ષુ આત્મવિચાર કરવા બેસે ત્યારે તેણે આત્મ વિચારમાં ધર્મરૂપ અથવા અધર્મરૂપ, સત્યરૂપ અથવા અસત્યરૂપ જે જે સંકલ્પ આડા આવે, તેનો

જ્ઞાનમાર્ગથી ત્યાગ કરવો અને જે જ્ઞાનવિચારથી સંકલ્પનો ત્યાગ કર્યો છે તે જ્ઞાનવિચારનો પણ ત્યાગ કરવો.

મહારાજની કૃપાથી સ્વામીએ આ વાત સિદ્ધ કરી લીધી હતી.

"ધર્મ તે ધર્મસુતના વચન" એ મર્મને સ્વામીએ જીવનમાં વણી લીધો હતો.

બે મહિના બાદ કૃપાનંદ સ્વામી અને સ્વામી બુરાનપુરથી નીકળી વડતાલ પધાર્યા. શ્રીહરિ વડતાલમાં બિરાજમાન હતા. બંને સંતો મહારાજના દર્શને ગયા. મહારાજ એકદમ ઊભા થયા, બંને સંતોને બાહુપાશમાં લઈને મળ્યા અને બોલ્યા, "સંતો ! તમે તો માયા જીતીને આવ્યા છો. ધન અને સ્ત્રીનો જોગ ભલભલા જોગીઓનું ઠેકાણું રહેવા દેતા નથી ત્યારે તમારા અંતરમાં અમારી મૂર્તિ સિવાય રંચ માત્ર બીજો ઘાટ થયો નથી, એના અમે સાક્ષી છીએ."

બંને સંતોએ કહ્યું, "મહારાજ ! એ તો અમારા સાધનનું નહિ પરંતુ તમારી કૃપાનું પરિણામ છે."

## મહારાજે સ્વામીને વિમુખ કર્યા !

ભગવાનની ભક્તિ કરવી એ તો ખાંડાની ધાર ઉપર ખેલવા જેવી બાબત છે.

ભક્તિ શીષતણું સાટું, આગળ વસમી છે વાટું

બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે,

**રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ,**
**જો ચડીએ તો કટકા થઇ પડીએ..... રે શિર સાટે નટવરને વરીએ.**

ભક્તને અનેક જાતની કસોટીઓમાંથી પાર પડવું પડતું હોય છે.

વડતાલમાં આવો જ એક કસોટીનો પ્રસંગ ગુણાતીતાનંદ સ્વામી માટે ઊભો થયો હતો.

મહારાજે સાધુ-સંતોના નિયમન માટે બાર સદ્‌ગુરુઓની નિમણૂક કરી હતી.

આ સદ્‌ગુરુઓ જ્યારે સભામાં આવે ત્યારે 'સર્વે ઊભા થઈને એમને સન્માન આપે' એવી પણ મહારાજે આજ્ઞા કરી હતી.

ગામડે સત્સંગ માટે જવાનું થાય ત્યારે સદ્‌ગુરુઓ જે સંતની માગણી કરે, એનાથી ના કહેવાય નહિ, જે સાધુ સદ્‌ગુરુ સંતોની આજ્ઞા ન માને, "એને વિમુખ કરવો."એવો ધારો ઘડવામાં આવ્યો હતો.

હવે બન્યું એવું કે સ્વામી બુરાનપુરથી તાજેતરમાં જ પાછા આવ્યા હતા. સ્વામીને પગે વા થયો હતો, અધૂરામાં પૂરું સ્વામી ગોમતીએ ના'વા ગયા હતા ત્યાં

પથ્થર ઉપર લપસવાથી પગ મરડાયો હતો, તેથી પગમાં ભારે પીડા થતી હતી, માંડ માંડ ચલાતું હતું.

આ અરસામાં મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બુરાનપુર જવાની આજ્ઞા કરી.

બ્રહ્માનંદ સ્વામીએ પોતાની સાથે ગુણાતીતાનંદ સ્વામીને આવવાનું કહ્યું.

ગુણાતીતાનંદ સ્વામી સ્વયં કહેતા, “અમે જે મંડળમાં સાથે જઈએ, ત્યાં માંદાની સેવા કરીએ, ઝોળી માગવા જઈએ, કીર્તન બોલીયે, દોડી દોડીને સેવા કરીએ, એટલે સૌ અમારી માગણી કરતા.”

બ્રહ્માનંદ સ્વામીએ બુરાનપુર આવવા કહ્યું, એટલે સ્વામીએ કહ્યું, “એક તો હું હમણાં જ બુરાનપુરથી આવ્યો છું, બીજું મારો પગ દુઃખે છે, એટલે ચાલી શકાય તેમ નથી. માટે મારાથી બુરાનપુર આવી શકાય એમ નથી.”

સ્વામીની વાતથી બ્રહ્માનંદ સ્વામીને માઠું લાગ્યું. એમણે મહારાજને વાત કરી કે, “મહારાજ ! નિર્ગુણાનંદ સાધુ સારા છે પણ મારી સાથે બુરાનપુર આવવાની ના પાડે છે.” મહારાજ જાણે સ્વામીની કસોટી કરવા માગતા હોય એમ સંતોની સભામાં કહ્યું, “આ નિર્ગુણાનંદ બુરાનપુર જવાની ના પાડે છે. માટે આપણા નિયમ અનુસાર એને વિમુખ કરવામાં આવે છે. એને પંક્તિમાં દૂર બેસાડવા. એની સાથે કોઈ અડે કે બોલે, તો એણે પણ ઉપવાસ કરવો. એ સભામાં આવે તોય એણે સહુની પાછળ છેટે કોઈ અડે નહીં એમ બેસવું.”

સ્વામીની જગ્યાએ બીજો કોઈ હોય, તો એણે તો આવી અપમાન ભરી સ્થિતિમાં સત્સંગમાંથી ક્યારનાય ઉચાળા ભર્યા હોય, પરંતુ સ્વામીની વાત જૂદી હતી. એમણે બહુ ધીરજ અને શાંતિ સાથે મહારાજની આ કસોટી સ્વીકારી લીધી.

મહારાજ જોબન પગીની મેડીએ ઉતરતાં. જોબન પગીની મેડીને ફરતો મોટો વાડો હતો. વાડાને ફરતી હાથલીયા થોરની વાડ હતી.

સ્વામીએ એ થોરની વાડમાં પોતાનું આસન રાખ્યું હતું. એટલે મહારાજ જ્યારે જોબન પગીની મેડીના ગોખમાં બેસતા ત્યારે એમને મહારાજના દર્શન થતા.

સ્વામીને મહારાજની વાતો સંભળાતી નહિ પરંતુ મહારાજના દર્શન માત્રથી અંતરમાં આનંદ આનંદ વર્તતો હતો.

મહારાજ દૂરથી મેડીના ગોખ ઉપરથી આ સંતને નીરખીને ભારે રાજી થતાં હતા અને આ નિર્દોષ સંતનો કસોટી કાળ જલદી પૂર્ણ થાય, એમ ઈચ્છતા હતા.

સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામીથી આ સ્વામીની આ કસોટી ખમાતી નહોતી. એમણે એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું, “નિર્ગુણાનંદ ! તમે બ્રહ્માનંદ સ્વામી

સાથે બુરાનપુર જવાની ના કેમ પાડી ?''

સ્વામીએ એકદમ ગળગળા થઈને બોલ્યા કે, ''સ્વામી ! તમે જાણો છો આપણે થોડા દિવસ પહેલા જ બુરાનપુરથી પાછા આવ્યા હતા અને મારો પગ દુઃખતો હતો, એટલે ચલાય એમ નહોતું, તેથી મેં ના પાડી.''

કૃપાનંદ સ્વામીએ કહ્યું, ''નિર્ગુણાનંદ ! સાત પ્રકારની ના છે, એમાં આ પણ એક ના જ કહેવાય.'' ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! હું તમારી સાથે ખૂબ રહ્યો છું, આપે મને ભગવાનનું ધ્યાન કેમ કરવું ? વગેરે ઘણી બધી વસ્તુઓ શીખવી છે. પરંતુ તમે અમને ક્યારેય સાત પ્રકારની ના ભણાવી નથી.''

કૃપાનંદ સ્વામીને થયું, ''નિર્ગુણાનંદની વાત સાચી છે. નિર્ગુણાનંદ નિર્દોષ છે, પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ખરી હકીકત જણાવી નથી અને વગર વાંકે આ નિર્દોષ સાધુને સજા ભોગવવી પડી છે.''

કૃપાનંદ સ્વામીએ સ્વામીને આશ્વાસન અને ધીરજ આપ્યા અને આ સજા ક્યારે પૂરી થાય ? એના અવસરની રાહ જોવા લાગ્યા.

આમને આમ થોડા દિવસ પસાર થયા એવામાં તાવના વાયરા વાયા, વડતાલમાં અઢાર સાધુઓ માંદા પડ્યા.

આ માંદા સાધુઓની સેવા કરવા માટે કોઈ તૈયાર નહોતું. એટલે માંદા સાધુની સેવા કોણ કરે ? એ મોટો પ્રશ્ન હતો.

મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આ માંદા સાધુઓની સેવા કરે એવો શ્રદ્ધાળુ કોણ હશે ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! એવા તો એક નિર્ગુણાનંદ છે.''

મહારાજે કહ્યું, ''સ્વામી ! તમારી વાત સાચી છે.''

મહારાજે એક સાધુને કહ્યું, ''તમે જાવ અને હાથલીયા થોરની વાડમાંથી નિર્ગુણાનંદને બોલાવી લાવો.'' સાધુએ કહ્યું, ''મહારાજ ! એ તો વિમુખ છે. એને હું બોલાવવા જાઉં તો મારે ઉપવાસ પડે.''

સાધુની વાત સાંભળી મહારાજને એની અણસમજણ ઉપર મનમાં ને મનમાં હસવું આવ્યું. મહારાજે બે હરિભક્તોને કહ્યું, ''તમે જાવ અને નિર્ગુણાનંદને બોલાવી લાવો.'' હરિભકતો સ્વામી પાસે ગયા અને કહ્યું કે, ''માંદા સાધુની સેવા માટે મહારાજ તમને બોલાવે છે.''

સ્વામીએ કહ્યું, ''પણ, મહારાજને પૂછી આવો, હું તો વિમુખ છું, માંદા સાધુની સેવા કરવી હોય ત્યારે મારે એને અડવું પડે, એની સાથે બોલવું પડે, તો

એને ઉપવાસ નહિ પડેને ?''

હરિભક્તોએ મહારાજ પાસે આવીને સ્વામીનો સંદેશ સંભળાવ્યો.

મહારાજે હસીને કહ્યું, ''એ વચનમૂર્તિ સાધુને કહો કે, અમારી આજ્ઞાથી માંદાની સેવામાં જોડાશે એટલે એ વિમુખ મટી જશે અને એની સાથે બોલવાથી કે એને અડવાથી કોઈનેય ઉપવાસ નહિ પડે.''

મહારાજનો સંદેશ સાંભળી સ્વામી એકદમ મહારાજ પાસે આવ્યા, પગે લાગ્યા. મહારાજ એકદમ ઊભા થઈ સ્વામીને મળ્યા, માથે હાથ મેલ્યા અને કહ્યું, ''સ્વામી ! આજથી તમે વિમુખ મટી ગયા.''

મહારાજે સ્વામીને ખોબા ભરીને સાકર આપી અને કહ્યું, ''નિર્ગુણાનંદ ! આ સાકર ગોરસમાં નાખજો અને માંદા સાધુઓને પાજો, એટલે એ સાજા થઈ જશે.''

મહારાજના વચનથી સ્વામીના અંતરમાં થોડા દિવસ છેટે રહ્યાનો જે સંતાપ હતો, તે મટી ગયો. મહારાજે સ્વામીને પૂછ્યું, ''નિર્ગુણાનંદ ! તમે ક્યારેય અમારી આજ્ઞા ઉથાપી નથી, તો આ વખતે બ્રહ્માનંદ સ્વામી સાથે બુરાનપુર જવાની ના કેમ પાડી ?''

ગુણાતીતાનંદ સ્વામી કંઈક ઉત્તર દેવા ગયા ત્યાં કૃપાનંદ સ્વામીએ અવસર ઝીલી લીધો અને કહ્યું, ''મહારાજ ! આપ તો અંતર્યામી છો, બધું જ જાણો છો. આમાં નિર્ગુણાનંદનો વાંક નથી.'' આમ કહી કૃપાનંદ સ્વામીએ જે ખરી હકીકત હતી તે મહારાજને જણાવી.

આ જ અરસામાં બ્રહ્માનંદ સ્વામી બુરાનપુરથી પાછા પધાર્યા હતા. મહારાજે બધા મોટા મોટા સદ્‌ગુરુ સંતોને બોલાવ્યા અને બ્રહ્માનંદ સ્વામીને ઠપકો આપ્યો. સાથે સાથે બધા સદ્‌ગુરુઓને કહ્યું, ''અમે તમને મોટેરા કર્યા છે, તો તમારે પણ વિવેક રાખવો જોઈએ.તમારે વગર વિચાર્યે નાના સાધુઓને અન્યાય ન કરાય, નહિતર કોઈ નિર્દોષને સજા થઈ જાય, તો અપરાધ લાગે.''

મહારાજની વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીને ભારે પસ્તાવો થયો. એમણે નિખાલસભાવે કહ્યું, ''મહારાજ ! એક તો તમે આ નિર્ગુણાનંદના ક્યારેક ક્યારેક ખૂબ વખાણ કરો છો, એટલે મને એમની સાથે બરોબરીયાપણું રહે છે.''

''બીજું મને મારી મોટાઈનો ક્યારેક ક્યારેક કેફ આવી જાય છે, એટલે મારાથી આ નિર્ગુણાનંદ, પ્રેમસખી અને મુક્તમુનિ જેવા સંતનો પણ અનાદર થઈ જાય છે.'' બ્રહ્મમુનિનો નિખાલસ એકરાર સાંભળી મહારાજ બોલ્યા, ''બ્રહ્મમુનિ! તમે ભલે મોટા કવિ છો પરંતુ તમે મુક્તમુનિનું...''મોહનને ગમવાને ઈચ્છો

માનુની...''આ પદનું મનન કરજો. એટલે તમારી કસર ટળી જશે.''

આટલું કહી મહારાજ બોલ્યા, ''આ નિર્ગુણાનંદને નાના માનશો નહિ, એની મોટાઇ તો અપરંપાર છે. અમે આ જગતમાં નહિ હોઇએ, ત્યારે એની મોટાઇ જગમાં જાહેર થશે.'' મહારાજની વાત સાંભળી બ્રહ્મમુનિએ ગુણાતીતાનંદ સ્વામીની પણ ક્ષમા માગી.

સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! તમે તો મારા ગુરુ સ્થાને છો, તમારે માફી માગવાની ન હોય, તમે તો અમારા ઉપર રાજી રહો, એટલે બસ છે.''

આવા અનેક પ્રસંગો ઉપરથી આશ્ચર્ય એ વાતનું થાય છે કે,

ભગવાન સ્વામિનારાયણમાં એવું તે શું આકર્ષણ હતું ? કે, આવા મહાન સંતો એમને આંખને ઈશારે નાચતા હતા અનેએમને રાજી રાખવા માટે રાત-દિવસ મથતા હતા!

આ બધા પ્રસંગો ભગવાન સ્વામિનારાયણના અલૌકિક અને અમોઘ ઐશ્વર્ય-પ્રતાપની ઝાંખી કરાવે છે.

## ઓલા સાધુના માથેથી ભાર ઉતારો

આ બાજુ સ્વામી મહારાજની આજ્ઞાથી માંદા સંતોની સેવામાં જોડાયા.

માંદા સાધુઓની સેવા કરવી એ સ્વામીનું અંગ હતું, એટલે એમને માંદાની સેવામાં ભારે ઉત્સાહ રહેતો. એમાં પણ મહારાજની આજ્ઞા ભળી હતી, એટલે સ્વામી મહારાજને રાજી કરવા ભારે ખંતથી માંદાઓની સેવા કરતા.

અઢાર-અઢાર સાધુઓની એકસાથે સેવા કરવી, એ નાની વાત નહોતી, છતાં સ્વામી સેવામાં કોઈને કસર જણાવા દેતા નહોતા.

સ્વામી સવારે વહેલા ઊઠતા, સંતોને નવરાવતા-ધોવરાવતા, સમયસર ઔષધ આપતા અને માંદાને રુચે અને પચે એવી રસોઈ કરીને બધાને જમાડતા હતા. સાથે સાથે મહારાજે કહ્યું હતું એમ દહીંમાં સાકર ભેળવીને સર્વને ગોરસ પીવડાવતા હતા.

માંદા સંતોના વસ્ત્રો, ગોદડીયો ગોમતી તળાવે ધોવા લઈ જાતા.

એકવાર સ્વામી ગોમતી તળાવે માંદા સાધુઓની ગોદડીઓ ધોઈને આવતા હતા. સ્વામીના મસ્તક ઉપર ભીની ગોદડીઓનો ભારો હતો. બરાબર એ જ સમયે મહારાજ વાસણ સુથારના ઘરેથી નીકળીને હનુમાનજીવાળા દરવાજેથી વડતાલમાં પ્રવેશ કરી રહ્યા હતા.

વડતાલના ચોકમાં મહારાજ અને સ્વામી એક બીજાની સામે ભેગા થઈ ગયા. સ્વામીને મહારાજની મૂર્તિમાં અત્યંત સ્નેહ હતો. એમણે પોતાની સ્નેહમયી વૃત્તિ મહારાજની મૂર્તિમાં જોડી દીધી.

મહારાજને કોઈએ જકડી રાખ્યા હોય એમ મહારાજ ઊભા રહી ગયા.

થોડીવાર પછી મહારાજે સ્વામીને કહ્યું, "સ્વામી ! હવે અમે જઈએ ?"

સ્વામીએ કહ્યું, "મહારાજ ! ભલે, સુખેથી પધારો."

એટલે મહારાજ ચાલતા થયા પણ થોડીવારમાં મહારાજને શરીરે પરસેવો પરસેવો થઈ ગયો. મહારાજ અકળાઈ ગયા.

ભગુજી અને રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા.

મહારાજ કહે, "મને પંખાની જરૂર નથી. પેલા નિર્ગુણાનંદ માથે ગોદડીઓનો ભાર લઈને હાલ્યા જાય છે. એને માથેથી ભાર ઉતારી લ્યો. તો જ મને નિરાંત થશે."

ભગુજી અને રતનજીએ દોડીને સ્વામીના માથેથી ભીની ગોદડીઓનો ભારો ઉઠાવી લીધો.

આ બાજુ મહારાજ બોલ્યા, "હાશ ! હવે નિરાંત થઈ!"

મહારાજ અને સ્વામીનું આવું એકાત્મપણું જોઈને સર્વને અંતરમાં ભારે આશ્ચર્ય થયું.

## આ સાધુએ અમારી મૂર્તિ પકડી રાખી છે !

શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવી સભા ભરી અને મુક્તાનંદ સ્વામીની સામે જોઈ પ્રશ્ન કર્યો. 'સ્વામી ! તમે આ નિર્ગુણાનંદને ઓળખો છો?'

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'હા મહારાજ ! એ સાધુ ઉંમરમાં નાના છે પણ ગુણથી ભારે મોટા છે. શાસ્ત્રમાં સાધુના જે લક્ષણો લખ્યા છે તે સર્વે એમનામાં છે. એ સાધુ અખંડ કથા-કીર્તન-ભજન કર્યા કરે છે, એના ત્યાગની અવધિ નથી અને ભક્તિનો તો એ સાગર છે.'

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજે કહ્યું : 'સ્વામી! આ નિર્ગુણાનંદની મોટપ તો એથી પણ વિશેષ છે. જેમ સાણસામાં સાપ પકડ્યો હોય એમ એણે ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને વિશે અમારી મૂર્તિને અખંડ જકડી રાખી છે.'

આ સમયે સભામાં એક હિન્દુસ્તાની સંત બેઠેલા. મહારાજની વાત સાંભળી તેઓ તરત બોલ્યા, 'એય બેટી કે બાપ! મહારાજ કો છોડ દો, છોડ દો. ક્યું

પકડ રખા હૈ ?' હિન્દુસ્તાની સંતની વાત સાંભળી મહારાજ મુખ આડો રૂમાલ દઈ હસવા માંડ્યા અને બોલ્યા, "સાધુરામ ! અમારી વાતમાં તમને ગતાગમ નહિ પડે. એ સાધુની મોટાઈ સમજતા તમને વાર લાગશે. આજે અમારી કેડે જેટલા માણસો ફરે છે ભવિષ્યમાં એમની પાછળ પણ એટલા જ માણસો ફરશે. આ સાધુ તો સર્વેએ સમાગમ કરવા જેવા છે અને અતિ મોટા છે."

મહારાજની વાત સાંભળી સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો ખૂબ જ રાજી થયા.

આ બાજુ સ્વામીએ માંદા સંતોની સેવા અવિરત ચાલુ રાખી. બીજી બાજુ કેટલાક સાધુ સાજા થઈ ગયા તો પણ સ્વામી પાસે પોતાની ગોદડીઓ ધોવડાવવાનું ચાલુ રાખ્યું.

આ વાતની મહારાજને કોઈ દ્વારા ખબર પડી. મહારાજે ધોઈને સૂકવેલી ગોદડીઓ પોતાની પાસે મંગાવી અને કહ્યું, હવે જે માંદા સાધુ હોય તે અહીંયા આવીને ગોદડીઓ લઈ જાય.

હવે જે ખરેખર માંદા સાધુ હતા તે આવીને ગોદડીઓ લઈ ગયાં. બાકીની ગોદડીઓ જેમની તેમ પડી રહી. સાજા થયેલા સાધુની ગોદડી લેવા આવવાની હિંમત ચાલી નહિ.

મહારાજે સંતોની સભા કરી સર્વને ઠપકો આપ્યો અને હિતવચનો કહ્યાં.

# જૂનાગઢ મંદિરના મહંતપદે

## જૂનાગઢમાં મંદિર કરવાનો ઝીણાભાઇનો સંકલ્પ

પંચાળા દરબાર ઝીણાભાઈ શ્રીજી મહારાજ અને મોટા સંતોના ખૂબ જ કૃપાપાત્ર હતા.

ઝીણાભાઈના પ્રેમને વશ થઈને ભગવાન શ્રીહરિ અવાર-નવાર પંચાળા પધારતા. પંચાળામાં શ્રીહરિએ ખૂબ જ લીલાઓ કરી છે, જે સત્સંગના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે.

ઝીણાભાઈ જૂનાગઢ નવાબના માનીતા હતા. નવાબ સાહેબની પાસે જ એમની ખુરશી પડતી.

જૂનાગઢમાં ઝીણાભાઈનું દીવાનખાનું હતું. આજે એ 'અક્ષર ઓરડી' તરીકે ઓળખાય છે.

ઝીણાભાઈ જૂનાગઢ આવતા ત્યારે આ દીવાનખાનામાં ઉતરતા.

ભગવાન સ્વામિનારાયણ અને મોટા મોટા સદ્‌ગુરુ સંતોએ અનેક વખત આ દીવાનખાનામાં પધરામણી કરી હતી.

વિ. સં. ૧૮૮૨ ની સાલ હતી. ઝીણાભાઈ માંદા થયા હતા. એમનો અંત સમય નજીક હતો. મૂળજી બ્રહ્મચારી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પાળા ભગુજી, રતનજી, વીરા ભગત, ભીમ ભગત વગેરે સંતો-પાર્ષદો તેમજ દાદા ખાચર, લાધા ઠક્કર વગેરે હરિભક્તોને લઈ શ્રીજી મહારાજ ઝીણાભાઈને દર્શન દેવા માટે જૂનાગઢ પધાર્યા હતા.

ઝીણાભાઈના કાકાના દીકરા દાદાભાઈની મેડીએ મહારાજનો ઉતારો હતો.

દાદાભાઈનું આખું નામ સુરસંગ સુજાનસંગ સોલંકી હતું. તેઓ ઝીણાભાઈના સગા કાકાના દીકરા હતા અને રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેઓ જમનાવડ ગામનો ગરાસ ભોગવતા હતા.

જૂનાગઢમાં ઝીણાભાઈના દીવાનખાનાની બાજુમાં જ દરબારશ્રી દાદાભાઈનું

દીવાનખાનું હતું અને બાજુમાં મહેમાનોને ઉતરવા માટેની મેડી હતી. મેડીની પાસે એક ફૂલવાડી હતી. ફૂલવાડીમાં કૂવો હતો.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સંત-મંડળ સાથે જ્યારે જ્યારે જૂનાગઢ પધારતા, ત્યારે દાદાભાઈની મેડીએ ઉતરતા, ફૂલવાડીના કૂવે સ્નાન કરતા અને ફૂલવાડીમાં સભા ભરી જ્ઞાનોપદેશ કરતા.

વિ. સં. ૧૮૫૭ માં ગુરુદેવ રામાનંદ સ્વામીની સાથે નીલકંઠ વર્ણીના વેષે મહારાજ જૂનાગઢ પધાર્યા હતા અને દાદાભાઈની મેડીએ ઉતર્યા હતા. ત્યાર પછી પણ મહારાજ અનેક વખત આ મેડીએ ઉતરેલા છે અને ફૂલવાડીમાં સભાઓ ભરેલી છે.

દાદાભાઈની મેડીએ ઉતારો કરી મહારાજ ઝીણાભાઈને દર્શન દેવા માટે એમના દીવાનખાનામાં પધાર્યા.

મહારાજના દર્શન માત્રથી ઝીણાભાઈ પોતાની માંદગીનું દુઃખ વિસરી ગયા હતા.

એમણે મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! મારા મોટા ભાગ્ય કે, આપ છેક ગઢપુરથી આ બધા સંતો-પાર્ષદો અને દાદા ખાચરને લઈને મને દર્શન દેવા માટે જૂનાગઢ પધાર્યા.’’

મહારાજે ઝીણાભાઈને માથે હાથ મૂક્યો અને કહ્યું, ‘‘ઝીણાભાઈ ! તમારા નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમે અમને વશ કરી લીધા છે.’’

મુક્તાનંદ સ્વામીએ ઝીણાભાઈને થોડીવાર શાંતિ થાય, તેવી કથા-વાર્તા કરી. પછી મહારાજ બોલ્યા, ‘‘ઝીણાભાઈ ! તમારી આવરદા હવે પૂરી થવા આવી છે, તમે કહો તો હવે ધામમાં લઈ જઈએ અને કહો તો આવરદા વધારી દઈએ.’’

ઝીણાભાઈએ કહ્યું, ‘‘મહારાજ ! તમારા જેવા પ્રગટ ભગવાન મળ્યા. હું કૃતાર્થ થયો છું. તમે તો અમને જીવતા લાખના અને મૂવા સવા લાખના કરી દીધા છે. આપે મને ગામ-ગરાસ, પુત્ર-પરિવાર, માન-પ્રતિષ્ઠા વગેરે આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું. માટે મને હવે આ લોકનો કોઈ મનોરથ નથી. આપ મને સુખેથી ધામમાં લઈ જાવ.’’

મહારાજે મંદ મંદ હસીને કહ્યું, ‘‘ઝીણાભાઈ ! અમારા તો ઘણા ધામ છે. અમે તમને ક્યા ધામમાં લઈ જઈએ ?’’

ઝીણાભાઈએ કહ્યું, ‘‘મહારાજ ! એવી ઝીણી વાતમાં અમને ગમ ન પડે,

અમને તો જ્યાં આ મુક્તાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો તમારી સેવામાં હોય, એવા ધામમાં લઈ જજો. બીજે મને નહિ ફાવે.''

ઝીણાભાઈની શ્રેષ્ઠ સમજણ જોઈને મહારાજ ખૂબ જ રાજી થયા અને મંદ મંદ હસવા માંડ્યા. મહારાજ બોલ્યા, ''ભલે ઝીણાભાઈ, હવે અમે તમને અમારા ધામમાં તેડી જશું, તમે તૈયાર છો ને ?''

ઝીણાભાઈ બોલ્યા, ''મહારાજ ! આપ તથા આ સદ્‌ગુરુ સંતોની કૃપાથી હું તૈયાર થઈને જ બેઠો છું.'' મહારાજે કહ્યું, ''ઝીણાભાઈ ! તમારા દીકરા હઠીસિંહજીની કાંઈ ભલામણ કરવી હોય તો કહો.''

ઝીણાભાઈએ કહ્યું, ''મહારાજ ! જો હઠી તમારો રહેશે, તો તમે વગર ભલામણે તેનું ધ્યાન રાખશો, મારે ભલામણ કરવાની જરૂર નથી અને જો હઠી તમારો ન રહે, તો એવાની ભલામણ કરવી પણ નકામી છે.''

મહારાજે કહ્યું, ''ઝીણાભાઈ ! તમારી કોઈ છેલ્લી ઈચ્છા રહી જાતી હોય તો કહો. અમે તે પૂર્ણ કરીશું.''

ઝીણાભાઈએ કહ્યું, ''મહારાજ ! આપે મને સોરઠમાં મોટું મંદિર કરવાનું વચન આપ્યું છે. તો મારી વિનંતી છે કે આપ જૂનાગઢમાં મોટું મંદિર કરી એ વચનને પૂર્ણ કરો અને હાર્યે સાધુ-સંતોના ઉતારા પણ કરો. આ માટે મારું આ દીવાનખાનું તથા આસપાસની જે જમીન છે, તે હું કૃષ્ણાર્પણ કરું છું.''

ઝીણાભાઈની વાત સાંભળીને મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, ''ઝીણાભાઈ ! અમે તમારો સંકલ્પ પૂરો કરીશું. અહીં સોરઠ દેશમાં ક્યાંય ન હોય એવું સુંદર મંદિર કરીશું, સાથે સાથે સાધુના ઉતારા પણ થશે. ભવિષ્યમાં આ સ્થળ તો મોટા મોટા જોગીઓનું ધામ બનશે.

મહારાજની વાત સાંભળીને ઝીણાભાઈને અત્યંત આનંદ થયો.

મહારાજે કહ્યું, ''ઝીણાભાઈ ! હવે તમારો સમય પૂરો થયો છે. તમે પદ્માસન વાળી અમારી સામે બેસો અને અમારી મૂર્તિમાં તમારા મનની સર્વ વૃત્તિઓને જોડી દ્યો.'' ઝીણાભાઈએ પોતાના મનની સર્વ વૃત્તિઓને મહારાજની મૂર્તિમાં જોડી. મહારાજે પોતાની હાજરીમાં જ માખણમાંથી મોવાળો ખેંચે એમ ઝીણાભાઈનો દેહ તજાવી દીધો અને પોતાના ધામમાં લઈ ગયા.

મહારાજે પોતાના શરીર ઉપર કિંમતી શેલું ઓઢેલું હતું, તે ઉતારીને ઝીણાભાઈના પાંચભૌતિક શરીર ઉપર ઓઢાડી દીધું.

આ રીતે વિ. સં. ૧૮૮૨ ના માગશર સુદી દશમીના રોજ શ્રીહરિ ઝીણાભાઈને પોતાના ધામમાં તેડી ગયા.

ઝીણાભાઈના માતુશ્રી ખૂબ જ દુઃખી થયા. મહારાજે જ્ઞાન-વાર્તા કરીને એમનો શોક હળવો કર્યો. શ્રીજી મહારાજ હવે કોઈ પણ રીતે ઝીણાભાઈના સંકલ્પને પૂર્ણ કરવા માગતા હતા.

મંદિર માટે ઝીણાભાઈએ દીવાનખાનું તો અર્પણ કર્યું હતું પરંતુ એમાં કોઈપણ રીતે મંદિરનું આયોજન બેસતું નહોતું.

## દાદાભાઇએ ફૂલવાડી અર્પણ કરી

ઝીણાભાઈના અક્ષરવાસ નિમિત્તે મહારાજે દાદાભાઈની ફૂલવાડીમાં શોક-સભા ભરી. સભામાં ઝીણાભાઈના સર્વ પરિવારજનો ઉપસ્થિત હતા. મહારાજે સર્વને આશ્વાસન અને ધીરજ દીધા અને કહ્યું, ‘‘ઝીણાભાઈના ધામમાં ગયા પછી દરબાર દાદાભાઈ કુટુંબના આગેવાન છે. હવે તેમણે બધી કુટુંબની જવાબદારી નિભાવવાની છે તમે બધા એમની આજ્ઞામાં રહેજો.’’

‘‘બીજું ઝીણાભાઈએ ધામમાં જતાં પહેલાં અહીં મંદિર કરવાનો સંકલ્પ કર્યો છે. તે હવે આપણે પૂર્ણ કરવો જોઈએ. ઝીણાભાઈએ મંદિર માટે દીવાનખાનું અને મેડી અર્પણ કર્યા છે પણ એ જમીન મંદિર થઈ શકે એટલી વિશાળ નથી.’’

દરબાર દાદાભાઈ મહારાજની વાતનો મર્મ પામી ગયા અને ઊભા થઈને બોલ્યા, ‘‘મહારાજ ! હું મારી આ મેડી અને કૂવાએ સહિત ફૂલવાડી મંદિર માટે અર્પણ કરું છું. આપ સુખેથી અહીંયા મંદિર કરાવો. મંદિરના નિર્માણ કાર્ય માટે પૈસે-ટકે પણ અમારાથી જે બનશે તે સેવા કરીશું.’’

દાદાભાઈની ઉદારતાભરી વાત સાંભળીને શ્રીજી મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, ‘‘દાદાભાઈ ! બલિરાજાએ વામનજીને ત્રણ પગલાં જમીન આપીને વશ કરી લીધા હતા. એ જ રીતે આપે પણ આ ભૂમિદાનના સંકલ્પથી અમારા હૃદયને વશ કરી લીધું છે. હવે અહીંયા અમે ધાર્યું છે, એવું વિશાળ મંદિર થશે.’’

હાલમાં ભંડાર પાસે છત્રી છે ત્યાં રેતીનો ઢગલો હતો. મહારાજ રેતીના ઢગલા ઉપર લાંબા થઈને સૂતા હતા. અચાનક મહારાજ ઉભા થયા, પગમાં મોજડી પહેરી, પૂર્વ-પશ્ચિમ લાંબો લીટો કર્યો. પછી મહારાજે બ્રહ્મમુનિને કહ્યું, ‘‘આ લીટાથી ઉત્તરાદીબાજુ નાગરવાડા તરફ મંદિર કરવું અને દક્ષિણાદિ તરફ સાધુની ધર્મશાળા કરવી.’’

બ્રહ્મમુનિએ શ્રીહરિની આજ્ઞાને મસ્તક ઉપર ચઢાવી.

આ રીતે મંદિર માટેની જમીન સંપાદન કરી મહારાજ ગઢપુર પધાર્યા.

## રત્નાભાઇ આપણે આવું મંદિર કરવું છે

જૂનાગઢ મંદિરના નિર્માણ માટે સારા શિલ્પીની જરૂર હતી. મહારાજે ગોંડલના મિસ્ત્રી રત્નાભાઈ કડીયાને બોલાવ્યા.

રત્નાભાઈએ બે હાથ જોડીને કહ્યું, ‘‘મહારાજ ! મારે લાયક શું આજ્ઞા છે ?’’

મહારાજે કહ્યું, ‘‘રત્નાભાઈ ! અમારે જૂનાગઢનું મંદિર કરવું છે. સારા કારીગરની જરૂર છે. તમે ખૂબ સારા શિલ્પી છો, તો આ મંદિરનું કામ તમે સંભાળો.’’ રત્નાભાઈએ કહ્યું, ‘‘મહારાજ ! મેં કામ ઘણાં કર્યાં છે પણ આવા મોટા કામ ક્યારેય કર્યાં નથી, તો આ કામ મારાથી કેમ થશે ?’’

મહારાજે કહ્યું, ‘‘રત્નાભાઈ ! તમે કામ શરૂ કરો, મોટા શિલ્પીએ નહિ કર્યાં હોય, એવા કામ તમને આવડશે !’’

મહારાજે આગ્રહ કર્યો, એટલે રત્નાભાઈ ના તો ન પાડી શક્યા પરંતુ મનમાં મૂંઝવણ થવા લાગી કે, આ કામ મારાથી કેમ થશે ?

એ જ દિવસની રાત્રે રત્નાભાઈ કડીયાને સ્વપ્નમાં મહારાજના દર્શન થયા. મહારાજે રત્નાભાઈને જૂનાગઢનું શિખરબદ્ધ મંદિર દેખાડ્યું અને કહ્યું,

‘‘રત્નાભાઈ ! આપણે આવું મંદિર કરવું છે !’’

રત્નાભાઈની ઊંઘ ઊડી ગઈ. એમને પોતાના સ્વપ્ન વિષે ભારે આશ્ચર્ય થયું.

રત્નાભાઈએ વિચાર કર્યો, ‘‘આ કાર્ય કરવામાં મહારાજ નિશ્ચિતપણે મારી સાથે છે. એટલે જ મહારાજે મને સ્વપ્નમાં દર્શન દીધા છે, માટે મારે મૂંઝાવાની જરૂર નથી.’’ તેઓ સ્નાન-પૂજા-પાઠ વગેરેથી પરવારી મહારાજ પાસે આવ્યા અને કહ્યું, ‘‘મહારાજ ! જૂનાગઢ મંદિરના નિર્માણનું કાર્ય હું સંભાળીશ.’’

રત્નાભાઈની વાત સાંભળી મહારાજ ઊભા થયા, રત્નાભાઈને બાહુપાશમાં લઈને મળ્યા અને અંતરનો રાજીપો વ્યક્ત કર્યો.

મહારાજ બોલ્યા, ‘‘રત્નાભાઈ ! અમે તમારા હૃદયમાં બેસીને કામ કેમ કરવું એની પ્રેરણા પૂરી પાડશું, તમે નિશ્ચિંતપણે કામ શરૂ કરી દ્યો.’’

રત્નાભાઈએ કહ્યું, ‘‘ભલે, મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે કરીશ.’’

આ રીતે મિસ્ત્રી રત્નાભાઈ કડીયાની દેખરેખમાં બ્રહ્માનંદ સ્વામીએ મંદિરનું કાર્ય ઝડપથી શરૂ કરાવ્યું.

## જૂનાગઢની જવાબદારી બ્રહ્મમુનિને

જૂનાગઢમાં મંદિર કરવું, એ અનેક રીતે કઠણ કાર્ય હતું. મહારાજે એ કઠણ કાર્ય પાર પાડવાની જવાબદારી બ્રહ્માનંદ સ્વામીને સોંપી હતી. મહારાજને બ્રહ્માનંદસ્વામીની કાર્ય કુશળતા ઉપર પૂર્ણ ભરોસો હતો.

બ્રહ્માનંદ સ્વામીએ પણ મહારાજની આજ્ઞાને મસ્તક ઉપર ધારણ કરી.

વિ.સં. ૧૮૮૨ ના વૈશાખ સુદ ત્રીજ અર્થાત્ અખાત્રીજને દિવસે બ્રહ્મમુનિએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વરદ્‌હસ્તે જૂનાગઢ મંદિરનો ખાત વિધિ કરાવી મંદિરનું નિર્માણ કાર્ય શરુ કરાવ્યું.

મંદિરના નિર્માણ કાર્યમાં અનેક પ્રકારના અવરોધો આવતા હતા. જૂનાગઢના નાગરોએ મંદિરનું કાર્ય અટકાવવા માટે અનેક રીતે કાવા-દાવા કરી ઉપાધિઓ સર્જી હતી, પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ ભારે કુનેહપૂર્વક સર્વ અવરોધો દૂર કર્યા હતા.

એકવાર તો નાગર દિવાન રંગીલદાસે મંદિરનો કાંકરે-કાંકરો જુદો કરી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી, પરંતુ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ પોતાના અલૌકિક ઐશ્વર્યથી એ ઉપાધિને ટાળી હતી.

મંદિરને પાયામાંથી જ ઉથલાવી નાખવા માટેના મનસૂબા સાથે વડોદરાથી નીકળેલો દીવાન રંગીલદાસ રસ્તામાં જ અકસ્માતે મોતને ભેટ્યો હતો અને પોતે જ ઉથલી ગયો હતો.

જૂનાગઢના નવાબ બ્રહ્માનંદ સ્વામીના મિત્ર હતા. તેઓ સર્વ પ્રકારે મંદિરના કાર્યમાં મદદ કરતા હતા.

ભગવાન શ્રીહરિની કૃપાથી મંદિર નિર્માણનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું હતું.

## જૂનાગઢ મંદિરના મહંત કોણ થશે ?

હવે આ મંદિરની મહંતાઈ કોને સોંપવી ? એ પ્રશ્ન હતો.

વિ.સં. ૧૮૮૩ ચૈત્ર સુદી પૂર્ણિમાના દિવસે શ્રીહરિ ગઢપુરમાં બિરાજમાન હતા. દેશ દેશાંતરથી સંતો અને હરિભક્તોના વૃંદ ભેગા થયા હતા.

જૂનાગઢથી બ્રહ્માનંદ સ્વામી પણ પધાર્યા હતા અને મહારાજને મંદિર નિર્માણ કાર્યના સર્વ સમાચાર આપ્યા હતા.

શ્રીહરિએ સંતોની સભામાં વાત કરી કે, ‘‘અમે અમદાવાદ મંદિરના મહંત તરીકે આનંદ સ્વામીને નીમ્યા છે. ભૂજ મંદિરની જવાબદારી વૈષ્ણવાનંદ સ્વામીને

સોંપી છે. વડતાલ મંદિરની મહંતાઈ અક્ષરાનંદ સ્વામી સંભાળી રહ્યા છે. ગઢડાની જવાબદારી વિરક્તાનંદ સ્વામી સંભાળશે. ધોલેરાની જવાબદારી અદ્‌ભૂતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી સંભાળશે. હવે, જૂનાગઢના મંદિરના મહંત કોણ થાય ? એ પ્રશ્ન છે.''

સભા મૌન હતી. કોઈ સાધુ જૂનાગઢની જવાબદારી લેવા તૈયાર નહોતા.

એમાં અનેક કારણો હતા. પેટમાં દર્દ કરે તેવું ગિરનારી પથરાળ પાણી હતું, મુસલમાની રાજ હતું, નાગરોનો પ્રચંડ વિરોધ હતો, રહેવા-જમવાની સુવિધાનો અભાવ હતો, જવા-આવવા માટેનો માર્ગ ભયંકર હતો, અધૂરામાં પૂરું જૂનાગઢ પ્રદેશ એકાંત અને અલાયદો પ્રદેશ હતો.

સૌના મનમાં મોટો અવરોધ તો એ હતો કે, આવા દૂરના પ્રદેશમાં ગયા પછી મહારાજના દર્શનના લાભથી વંચિત રહેવું પડતું હતું. આ બધી મુશ્કેલીઓને લીધે કોઈ સાધુ મહારાજનું વચન ઝીલવા તૈયાર નહોતા.

જૂનાગઢ જવા માટે કોઈ સાધુ તૈયાર થઈ રહ્યા નથી, એ જોઈને મહારાજને ગુણાતીતાનંદ સ્વામી યાદ આવ્યા. મહારાજે કહ્યું, ''ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો. એ અમારું વચન માને એવા છે.''

મહારાજની આજ્ઞા થતાં જ ગુણાતીતાનંદ સ્વામી સભામાં પધાર્યા. સ્વામીને આવેલા જોઈને મહારાજ ઊભા થયા.

પૂર્ણિમાનો દિવસ હોવાથી હરિભક્તોએ અતિ ઉમંગથી મહારાજનું પૂજન કરી હાર પહેરાવ્યા હતા. મહારાજ ગુણાતીતાનંદ સ્વામીની પાસે ગયા અને બોલ્યા, ''નિર્ગુણાનંદ ! અમારે તમને જૂનાગઢની મહંતાઈનો હાર પહેરાવવો છે.''

આમ કહીને મહારાજે પોતાના કંઠમાંથી બધા જ હાર ઉતારી ગુણાતીતાનંદ સ્વામીના કંઠમાં પહેરાવી દીધા.

ગુણાતીતાનંદ સ્વામી તો સ્તબ્ધ થઈ ગયા. સ્વામીનું જીવન ત્યાગ-વૈરાગ્યથી પૂર્ણ હતું. એમને મોટા મોટા મંદિરોના વહીવટમાં સ્હેજ પણ રસ નહોતો.

એમણે બે હાથ જોડી મહારાજને કહ્યું, ''મહારાજ ! સભામાં મારા કરતાં પણ ઘણા મોટા કાર્યકુશળ સંતો બિરાજમાન છે. આ મહંતાઈનો હાર એમને પહેરાવો તો સારું. મને આ બધા વ્યવહારની માથાકૂટ નહિ ફાવે.''

મહારાજે કહ્યું, ''સ્વામી ! આ કાર્ય તમારે જ સંભાળવાનું છે. એમાં અમારો અત્યંત રાજીપો છે.''

મહારાજની રુચિ જોઈને ગુણાતીતાનંદ સ્વામીએ પોતાનો સ્વભાવ છોડી

પોતાની રુચિને મહારાજની રુચિ સાથે મેળવી દીધી.

સ્વામીએ કહ્યું, "મહારાજ ! આપની આજ્ઞા છે, એટલે જૂનાગઢ અવશ્ય જઈશ, પણ મારી બે વિનંતી છે, એક તો મને વ્યવહાર ફાવે નહિ. બીજું હજુ મંદિરનું કામ પણ અધૂરું છે, માટે મુખ્ય જવાબદારી બ્રહ્માનંદ સ્વામી સંભાળે અને હું એમની પડખે રહીને કાર્ય કરીશ." મહારાજે કહ્યું, "ભલે, મંદિર પૂરું થાય ત્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી ત્યાંની મુખ્ય જવાબદારી સંભાળશે. તમે એની સહાયતામાં રહેજો. બોલો, હવે બીજું શું છે ?

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ ! આપ યોગીરાજ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરો કે તેઓ વર્ષમાં એક મહિનો જૂનાગઢ પધારે, અમારી પાસે રહે, જેથી અમારા જીવને નિરાંત રહે." સ્વામીના વચનોમાં ગોપાળાનંદ સ્વામી પ્રત્યે ભારોભાર આત્મીયતા નીતરતી હતી.

મહારાજે સ્વામીની વિનંતી માન્ય રાખી અને ગોપાળાનંદ સ્વામીને દર વર્ષે એક મહિનો જૂનાગઢ રહેવાની આજ્ઞા કરી.

મહારાજે પૂછ્યું, "બોલો નિર્ગુણાનંદ ! હવે તમારે બીજું કાંઈ કહેવું છે?"

સ્વામીએ કહ્યું, "ના મહારાજ ! હવે મારે કાંઈ નથી કહેવું. આપ અમારા ઉપર રાજી રહેજો."

મહારાજ કહે, "નિર્ગુણાનંદ ! અમે તો તમારા ઉપર કાયમના રાજી છીએ." આમ કહી મહારાજે પોતાના મસ્તક ઉપર જે પાઘ બાંધી હતી, તે સ્વામીના માથા ઉપર મૂકી પોતાના હૃદયનો ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો.

હવે, પ્રશ્ન એ હતો કે, સ્વામીની સાથે મંદિરની સેવામાં કાયમ માટે કોણ જોડાય ? ગુજરાતની દૃષ્ટિએ સોરઠ પ્રદેશના સત્સંગના ગામડાંઓની સંખ્યા ઓછી હતી. ગુજરાતના ખોરાક-પાણી સારા હતા. સંતો હરિભક્તોનો સમુદાય પણ વિશાળ હતો. જૂનાગઢ જવું એટલે એકાંતવાસની જેલ સ્વીકારવા જેવું હતું, એટલે કોઈ સાધુઓ સ્વામીની સાથે જવા માટે જલદીથી તૈયાર થતા નહોતા.

મહારાજે સભામાં સોરઠ દેશના સત્સંગની પ્રશંસા કરતા કહ્યું, "આપણા ઉદ્ધવાવતાર સદ્ગુરુ રામાનંદ સ્વામીએ સોરઠમાં સત્સંગના પાયા નાખ્યા છે. રામાનંદ સ્વામી સોરઠને ગામડે ગામડે ફર્યા છે. અમે પણ સ્વામીની હાર્યોહાર્ય બે વર્ષ સુધી સોરઠના ગામડાંઓમાં વિચર્યા છીએ."

"આમ જોઈએ તો, આપણા સંપ્રદાયની શરૂઆત જ સોરઠથી થયેલી છે. અમારું દીક્ષા સ્થાન સોરઠમાં છે. અમારું ગાદી સ્થાન સોરઠમાં છે. અમારા

સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ભવ પણ સોરઠમાં જ થયો છે. માટે જૂનાગઢ મંદિરમાં આજીવન સેવા કરવા માટે જે જશે, એમના ઉપર અમારો ખૂબ જ રાજીપો ઉતરશે.'' ''જૂનાગઢ મંદિરમાં આજીવન સેવા કરનારાઓની સો જન્મની કસર અમે આ ને આ જન્મે ટાળી નાખીશું.''

મહારાજની વાત સાંભળીને પચ્ચીસ જેટલા નંદ સંતો અને કેટલાક પાર્ષદો સ્વામીની સાથે જૂનાગઢ મંદિરમાં જવા તૈયાર થયા.

રાઘવાનંદ સ્વામી, વૃજ્યાનંદ સ્વામી, તત્ત્વાનંદ સ્વામી, કેવલાત્માનંદ સ્વામી, વિશુધ્ધાત્માનંદ સ્વામી, સ્વામી રામદાસજી, પાર્ષદ જોરા ભગત એમાં મુખ્ય હતા.

ભગવાન શ્રીહરિ આ બધા સંતો-પાર્ષદોને બાહુપાશમાં લઈને ભેટ્યા અને પોતાના અંતરનો રાજીપો વ્યક્ત કર્યો. આ પ્રસંગનો ઉલ્લેખ કરતા સ્વામી વાતોમાં કહે છે, ''અમે મહારાજની આજ્ઞા કોઈ દિવસ લોપી નથી અને લોપાવી પણ નથી. આ જૂનાગઢ પાંચસો સાધુમાંથી કોઈ આવતું નહોતું, પછી મને કહ્યું ત્યારે હું આવ્યો, તે મને શું થઈ ગયું? કાંઈ કોઈ દુઃખ આવ્યું નથી.''

અધ્યાત્મનો ગહન માર્ગ ઈષ્ટદેવ કે ગુરુની આજ્ઞાથી સુગમ અને સરળ બને છે. બ્રહ્મવિદ્યાના અભ્યાસુ માટે મન, કર્મ, વચનથી આજ્ઞાપાલન એ ફરજીયાત સાધના છે. સ્વામીના અંતરમાં આ વાત સ્પષ્ટ હતી.

## જૂનાગઢમાં રાધારમણ દેવની પ્રતિષ્ઠા

વિ.સં. ૧૮૮૩ ના ચૈત્ર સુદી પૂનમના રોજ જૂનાગઢ મંદિરની મહંતાઈ સ્વીકારીને સ્વામી સંતો-પાર્ષદોની સાથે સત્સંગીઓના ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં વૈશાખ સુદી ચૌદશના શુભ દિને જૂનાગઢ પધાર્યા.

ખાત-મૂહર્ત કર્યા પછી માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં બ્રહ્માનંદ સ્વામીએ ઉતરાદા મુખવાળું સુંદર મંદિર તૈયાર કર્યુ હતું.

મંદિર જમીનથી તેર ફૂટ ઊંચા પરથારવાળું હતું. મંદિરને ફરતી પહોળી પ્રદક્ષિણા હતી. મંદિરનું કોઠલા સુધીનું કામ પુરું થઈ ચૂક્યું હતું. મંદિરનો વિશાળ ઘુમટ તૈયાર થઈ ગયો હતો. માત્ર શિખરના ચણતરનું કામ જ બાકી રહ્યું હતું.

બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કર્યો, ''શિખરનું કામ તો પછી પણ પૂરું થઈ શકશે પરંતુ શ્રીહરિના હાથે મંદિરમાં દેવોની પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થઈ જાય તો સારું.'' સ્વામીએ પોતાના મનની વાત મહારાજને જણાવી. મહારાજે બ્રહ્મમુનિની વાતને માન્ય રાખી અને મહારાજ સંતો-હરિભક્તોના સમુદાય સાથે જૂનાગઢ પધાર્યા.

વિ.સં. ૧૮૮૪ ની સાલમાં વૈશાખ વદી બીજના રોજ મહારાજે ત્રણેય ખંડમાં વેદોક્ત વિધિથી દેવોની પ્રતિષ્ઠા કરી. મહારાજે પૂર્વ ખંડમાં રાધારમણદેવ, મધ્ય ખંડમાં રણછોડત્રિકમરાય અને પશ્ચિમ ખંડમાં સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા.

મહારાજ જ્યારે પ્રતિષ્ઠાની આરતી ઉતારી રહ્યા હતા ત્યારે મહારાજની મૂર્તિમાંથી દિવ્ય પ્રકાશ નીકળ્યો અને એ પ્રકાશ ત્રણેય ખંડની મૂર્તિઓમાં લીન થયો. જેને હજારો સંતો-ભક્તોએ નજરોનજર નિહાળ્યો.

આ રીતે ભગવાન શ્રીહરિએ આ મૂર્તિઓમાં પોતાના અલૌકિક ઐશ્વર્યની સ્થાપના કરી.

આ રીતે જૂનાગઢ મંદિરનો પ્રતિષ્ઠાવિધિ ભારે ધામધૂમથી પૂર્ણ થયો.

આ પ્રસંગે મહારાજે વિશાળ સભા કરી. રાધારમણદેવ, રણછોડત્રિકમરાય અને સિદ્ધેશ્વર મહાદેવનો ખૂબ જ મહિમા કહ્યો. મહારાજે સંતો-હરિભક્તોને આજ્ઞા કરી કે, ‘‘તમારે સર્વેએ વર્ષમાં એક મહિનો અહીં અચૂક આવવું, અહીં દેવની સેવા કરવી અને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવો.’’આ વાતની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં આ રીતે લીધી છે...

વળી સંતને આપી આજ્ઞા રે, રહેવું નહિ  અહીં આવ્યા વિના રે,
વરસોવરસ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે.

મહારાજની મરજી જોઈને બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીએ દેવ સેવાની જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી હતી તેથી મહારાજે રાજી થઈ પોતાના મસ્તક ઉપર પહેરેલી પાઘ ઉતારી બ્રહ્મચારીના મસ્તક ઉપર પહેરાવી દીધી હતી. આ પાઘ આજે પણ જૂનાગઢ મંદિરમાં વિદ્યમાન છે.

ગુણાતીતાનંદ સ્વામીએ મહંતાઈ સ્વીકારી ત્યારે પણ મહારાજે રાજી થઈ જે પાઘ આપી હતી તે પાઘ પણ આજે જૂનાગઢ મંદિરમાં વિદ્યમાન છે.

પાર્ષદ જોરા ભગત જૂનાગઢ મંદિરની સેવામાં જોડાવા તૈયાર થયા ત્યારે મહારાજે એમને રાજી થઈને પાઘ આપી હતી તે પણ આજે જૂનાગઢ મંદિરમાં વિદ્યમાન છે.

## અમે જોરાભગતની કાયમની જોડ્ય

પાર્ષદ જોરાભગત ભગવાન સ્વામિનારાયણના કૃપાપાત્ર પાર્ષદ હતા. જોરાભગતને મહારાજની મૂર્તિમાં અપાર હેત હતું.

એક સમયે જોરા ભગતને પોતાની જોડ્ય માટે મુશ્કેલી સર્જાણી હતી ત્યારે મહારાજે એમને કોલ દીધો હતો. કે ‘‘જોરાભગત ! અમે જેમ ગુણાતીતાનંદ

સ્વામીને એના નિરંતરના જામીન થવાનું વચન દીધું છે, એજ રીતે તમને પણ વચન આપીએ છીએ કે તમારે જોડ્ય હોય કે ન હોય અમને તમારી કાયમી જોડ્ય માનજો. તમે ગમે ત્યાં હશો, અમને સંભારશો એટલે તુરતજ આવીને હાજર થઈ જઈશું.''

જોરાભગત મહારાજની આજ્ઞાથી જૂનાગઢની મંદિરની સેવામાં જોડાયા હતા.

જોરાભગતને ગુણાતીતાનંદ સ્વામીમાં ભારે હેત હતું. સ્વામીના સમાગમથી એમને મહારાજનો યથાર્થ મહિમા સમજાયો હતો.

જોરાભગતને સ્વામીના વચનમાં પૂરો ભરોસો હતો. એમણે વર્ષો સુધી સ્વામીની આજ્ઞામાં રહીને જૂનાગઢ મંદિરની સેવા કરી હતી.

## નવાબ સાહેબને ત્રણ કુંવર થશે

જૂનાગઢ મંદિરના નિર્માણ કાર્યમાં નવાબ સાહેબ ગજેફરખાનજીએ દાણ માફ કરીને ખૂબ જ સહયોગ આપ્યો હતો, એટલે મહારાજ એમના ઉપર ખૂબ રાજી થયા હતા.

નવાબ સાહેબે પોતાના દીવાનને મોકલીને મહારાજને વિનંતી કરી હતી કે, 'આપ અમારા દરબારમાં પધારો અને અમને પાવન કરો.'

નવાબની વિનંતી માન્ય રાખી સાંજના સમયે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી , ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સદ્‌ગુરુ સંતો, કાઠી દરબારો અને હરિભક્તોને લઈ મહારાજ નવાબ સાહેબના રાજમહેલમાં પધાર્યા.

નવાબ સાહેબે અત્યંત ભાવથી મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું અને સુવર્ણના સિંહાસન ઉપર પધરાવ્યા. સંતો-હરિભક્તોને પણ યથાયોગ્ય આસન દીધા.

નવાબ સાહેબે મહારાજનું પૂજન કર્યું. શેલા, શાલ, દુશાલા, જરીયાની જામા, સુવર્ણના અલંકારો, મોટા મોટા થાળમાં ભરી મહારાજના ચરણે ભેટ ધરી, તેમજ સાથે પધારેલા સદ્‌ગુરુ સંતોનું પણ પૂજન કર્યું.

મહારાજે નવાબને કહ્યું, ''તમે મંદિરના નિર્માણમાં ખૂબ સેવા કરી છે, એટલે અમે રાજી છીએ.'' નવાબે કહ્યું, ''આપ તો સ્વયં ખુદા છો અને આ બધા સંતો નુરી-ફરીશ્તા છે. તમે અમારા ઉપર રહેમનજર રાખજો.

નવાબની વાત સાંભળી મહારાજ રાજી થયા અને નવાબને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા.

નવાબના ખાનગી કારભારીએ મહારાજને વિનંતી કરી, ''મહારાજ ! અમારા નવાબ સાહેબને ત્યાં જૂનાગઢ જેવું મોટું રાજ છે, પણ કુંવર નથી એ મોટી ખોટ છે.''

મહારાજે આશીર્વાદ આપતા કહ્યું, ‘‘નવાબને ત્રણ કુંવર થશે. એમાંથી બે રાજગાદી ભોગવશે, ત્રીજા ફટાયા કુંવર તરીકે રાજની સેવા કરશે.’’

મહારાજના વરદાનથી નવાબ અત્યંત રાજી થયા. નવાબે વિનંતી કરી, ‘‘મહારાજ ! મંદિરનું કામ હજુ અધૂરું છે,એ પૂરું થાય ત્યાં સુધી આપ રોકાવ.’’

મહારાજે કહ્યું, ‘‘નવાબ સાહેબ ! અમારે તો દેશ દેશાંતરના હરિભક્તોને રાજી કરવા પડે, એટલે અમે અહીં રોકાઈ ન શકીએ પરંતુ અમારા વતી આ બ્રહ્મમુનિ અને આ ગુણાતીતાનંદ સ્વામી અહીં રોકાશે. બ્રહ્મમુનિ તો તમારા મિત્ર છે. એટલે તમે એને બરાબર જાણો છો. આ ગુણાતીતાનંદ સ્વામી પણ અતિ સમર્થ સંત છે. આ બેય સંતોને અમારી જગ્યાએ માનજો.’’

નવાબે કહ્યું, ‘‘આપ તો ખુદા હૈ, જૈસી આપકી મરજી, મંદિર કે લીયે જો ભી જરૂરત હો, હમે અવશ્ય બતાના, હમ વો પૂરાં કરેંગે.’’

નવાબ ઉપર કૃપા વરસાવી ભગવાન શ્રીહરિ ઉતારે પધાર્યા.

સમય જતાં નવાબ સાહેબને ત્યાં ત્રણ કુંવર થયા. હામદખાન, મહોબતખાન અને શેરખાન. નવાબ સાહેબ જન્નત-નશીન થયા પછી એમના દીકરા સર હામદખાને ઈ.સં.૧૮૪૦ થી ૧૮૫૧ સુધી અગિયાર વર્ષ રાજ કર્યું. ત્યાર પછી સર મહોબતખાન જૂનાગઢની ગાદીએ આવ્યા. એમણે પણ ઈ.સ.૧૮૫૧ થી ૧૮૬૨ સુધી અગિયાર વર્ષ રાજ કર્યું. ત્રીજા કુંવર શેરખાન ફટાયા કુંવર તરીકે રહ્યા હતા.

## સોરઠ દેશમાં સત્સંગ માટે મંડળ બાંધ્યા

વિ. સં. ૧૮૭૬ ની સાલમાં ભગવાન શ્રીહરિએ કેવલાત્માનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી, તત્ત્વાનંદ સ્વામી, ગુણાતીતાનંદસ્વામી અને પાર્ષદ જોરા ભગત આ પાંચ વ્યક્તિઓનું મંડળ બાંધ્યું હતું. અને મહારાજે પાંચેયને મંડળમાં કાયમ સાથે રહેવાની આજ્ઞા કરી હતી.

શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસરીને આ પાંચેય પરમહંસો આજીવન જૂનાગઢ મંદિરની સેવામાં રહ્યા હતા. સમય જતા આ મંડળમાં જમતગડા રાઘવાનંદ સ્વામી અને દાસ પંક્તિના સંત સ્વામી રામદાસજી પણ જોડાયા હતા.

ગુણાતીતાનંદ સ્વામી શ્રેષ્ઠ ત્યાગી વૈરાગી હતા. એવા જ વ્યવહાર કુશળ પણ હતા. વ્યવહારમાં એમની રુચિ નહોતી છતાંય એમણે મહારાજના વચને વ્યવહાર સંભાળ્યો હતો અને બેતાલીશ વર્ષ સુધી ભારે કુશળતાપૂર્વક નિભાવ્યો હતો.

સમસ્ત જૂનાગઢ દેશના સત્સંગના બગીચાને હરિયાળો રાખવા માટે

ગામડાંઓમાં સંતોનુ વિચરણ આવશ્યક હતું. સ્વામીએ એ માટે સુંદર વ્યવસ્થા કરી હતી.

ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ દેશમાં વિચરણ માટે ચાર મંડળ બાંધ્યા.

જેમાં વ્રજ્યાનંદ સ્વામીનું મંડળ ઊના વિસ્તારના નાઘેર પ્રદેશમાં ફરતું હતું અને સત્સંગનો પ્રચાર કરતું હતું.

રાઘવાનંદસ્વામીનું મંડળ રામપર, કોવાયા, બારપટોળી, જામકા વગેરે બાબરિયાવાડના ગામડાંઓમાં વિચરણ કરતું હતું.

કેવલાત્માનંદ સ્વામીનું મંડળ જામનગર વિસ્તારના હાલાર પ્રદેશમાં ફરતું હતું. રામદાસ સ્વામીનું મંડળ સોરઠ અને ઘેડ્ય પ્રદેશમાં ફરતું હતું. એમણે વંથલી, આખા-પીપલાણા, પંચાળા, અગત્રાઈ, ઉપલેટા વગેરે ગામોમાં ફરીને સત્સંગનો ખૂબ ફેલાવો કર્યો હતો.

સંસ્કૃત ભાષામાં લખાયેલા શાસ્ત્રોની કથા કરવી હોય ત્યારે સ્વામી એ કાર્ય વિશુદ્ધાત્માનંદ સ્વામીને સોંપતા હતા.

સ્વામી સ્વયં પણ ગામડાંઓમાં વિચરણ કરતા રહેતા અને સત્સંગીઓને કથા-વાર્તાનું સુખ આપતા હતા. આવી સુંદર વ્યવસ્થા કરીને સ્વામીએ સમસ્ત જૂનાગઢ દેશને સત્સંગના રંગથી રંગી દીધો હતો.

## એ સાધુની મોટ્યપ આસનથી નથી

વિ. સં ૧૮૮૫ ની સાલ હતી. મહારાજે ગઢપુરમાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો હતો. જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી મહારાજના દર્શને ગઢપુર આવ્યા. શ્રાવણ સુદી પૂર્ણિમાના દિવસે સ્વામી ગઢપુર પહોંચ્યા હતા.

રક્ષાબંધનના પવિત્ર દિવસે સ્વામી શ્રીહરિના ચરણસાનિધ્યમાં પહોંચ્યા હતા.

મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. બાજુમાં શુકાનંદ સ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે કંઈક લખી રહ્યા હતા.

સ્વામીને આવેલા જોઈને શુકમુનિ એકદમ ઊભા થઈ ગયા અને સ્વામીને બેસવા માટે ધાબળી પાથરી આસન તૈયાર કરી દીધું.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, “શુકમુનિ ! આસનની કાંઈ જરૂર નથી. આ અક્ષરઓરડીની રજમાં તો આળોટવાનું મન થાય છે.”

મહારાજ હસીને બોલ્યા, “શુકમુનિ ! નિર્ગુણાનંદ સાચુ કહે છે. એની મોટ્યપ આસનથી નથી. એની મોટ્યપ તો અનાદિકાળની છે. માટે એમને આસનની

કોઈ જરૂર નથી.'' આટલું કહી મહારાજ ઊભા થયા અને સ્વામીને બાથમાં લઈ મળ્યા.

પછી મહારાજે જૂનાગઢ મંદિરના સર્વ સમાચાર પૂછ્યા.

સ્વામીએ જૂનાગઢ મંદિરના બધા સમાચાર કહ્યા. સ્વામીએ કહ્યું, ''મંદિરનાં શિખરોનું કામ ચાલે છે અને સાથે સાથે નાગરોની ઉપાધિ પણ ચાલે છે પરંતુ નવાબ ગજેફરખાન બ્રહ્મમુનિના મિત્ર હોવાથી કોઈની કારી ફાવતી નથી.''

મહારાજે કહ્યું, ''આજે જે વિરોધ કરે છે, એ કાલે કાળના મુખમાં ક્યાંય હોમાઈ જશે, માટે એની ચિંતા કરશો નહિ.

## ઉત્સવના કીર્તનનો ચોપડો

મહારાજે કહ્યું, ''સ્વામી ! જૂનાગઢ મંદિર માટે કાંઈ જરૂર હોય તો બોલો.''

સ્વામીએ કહ્યું ''મહારાજ ! મંદિરમાં કીર્તન ઉત્સવ થાય છે પણ લખેલ ચોપડો નહીં હોવાથી સંતો ભક્તોને કીર્તનો બોલવામાં મુશ્કેલી પડે છે.''

મહારાજે એ જ સમયે શુકમુનિને બોલાવ્યા અને પૂછ્યું ''તમે પેલો કીર્તનનો ચોપડો લખતા હતા એ લાવો અને સ્વામીને આપો.''

શુકમુનિએ કહ્યું ''મહારાજ ! એ ચોપડો તો ધોલેરા મંદિર માટે લખ્યો છે.''

મહારાજે કહ્યું ''ધોલેરા માટે બીજો ચોપડો લખી આપજો. આ તૈયાર છે તે સ્વામીને આપો''

શુકમુનિ કીર્તનનો હસ્તલિખિત ચોપડો લઈ આવ્યા અને મહારાજના હાથમાં આપ્યો. મહારાજે કહ્યું, ''નિર્ગુણાનંદ ! લ્યો આ ચોપડો તમે જૂનાગઢ લઈ જાઓ.''

મહારાજે રાજી થઈને આપેલો ચોપડો લઈ સ્વામી અક્ષર ઓરડીએથી લીંબતરુ બાજુ થઈને સાધુઓની પર્ણકૂટિ તરફ જઈ રહ્યા હતા ત્યાં બરાબર નિષ્કુળાનંદ સ્વામી સામે મળ્યા.

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, ''જોગી ! આ શેનો ચોપડો લઈને હાલ્યા ?''

સ્વામીએ કહ્યું, ''આ ઉત્સવના કીર્તનનો ચોપડો છે. અમારે જૂનાગઢમાં કીર્તનના ચોપડાની જરૂર હતી, એટલે મહારાજે મને આ ચોપડો આપ્યો છે.''

નિષ્કુળાનંદ સ્વામી હસીને બોલ્યા, ''જોગી ! તમે તો ખરો ઘા માર્યો. આ ચોપડો તો અમે ધોલેરા મંદિર માટે લખાવ્યો હતો પણ મહારાજે તમને આપ્યો, એટલે હવે મારાથી બીજું કાંઈ કહી શકાય એમ નથી. ભલે, ત્યારે અમે બીજો ચોપડો લખાવી લેશું.''

નિષ્કુળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીના બાળસ્નેહી હતા, એટલે એમણે રાજી થઈને ચોપડો લઈ જવાની હા પાડી.

શ્રીહરિએ આપેલો ઉત્સવના કીર્તનોનો ચોપડો આજે પણ જૂનાગઢ મંદિરમાં સચવાયેલો છે.

શ્રીહરિએ જન્માષ્ટમીનો સમૈયો ભારે ધામધૂમથી કર્યો. થોડા સમય બાદ બ્રહ્મમુનિ જૂનાગઢ પધાર્યા અને સ્વામી ગઢપુરમાં જ રોકાયા.

સ્વામી મહારાજના સાનિધ્યનું સુખ માણી રહ્યા હતા. જન્માષ્ટમી, દીપાવલી, અન્નકોટ, પ્રબોધિની વગેરે દિવસોના પવિત્ર સમૈયાઓ સ્વામીએ મહારાજના સાનિધ્યમાં ઉજવ્યા. આ બધા સમૈયાઓ હવે શ્રીહરિના છેલ્લા સમૈયાઓ હતા. મહારાજે હવે ધામમાં જવાનો નિર્ણય કરી લીધો હતો.

વિ. સં. ૧૮૮૬ પોષ માસમાં મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો.

આ દરમ્યાન વિ. સં.૧૮૮૬ ના ફાગણ માસની સુદી પંચમીના દિવસે રાજકોટ ખાતે મહારાજનું ગવર્નર સર માલ્કમ સાથે ઐતિહાસિક મિલન થયું.

એક દિવસ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ‘‘નિર્ગુણાનંદ ! હવે તમે તમારી જોડ્ય લઈને જૂનાગઢ જાવ અને બ્રહ્મમુનિને ગઢપુર મોકલો.’’

મહારાજની વાત સાંભળીને ગુણાતીતાનંદ સ્વામી અત્યંત દિલગીર થઈ ગયા અને બોલ્યા, ‘‘મહારાજ ! તમારો મંદવાડ જોતાં એવું લાગે છે કે, હવે તમે આ લોકમાંથી વિદાય લેવાના થયા છો. આવે સમયે મને આપથી દૂર ન મોકલો.’’

મહારાજે કહ્યું, ‘‘સ્વામી ! ચિંતા કરો મા. અમારે ધામમાં જવાનો સમય આવશે ત્યારે અમે તમને અમારી પાસે તેડાવી લઈશું.’’

મહારાજની આજ્ઞા થઈ એટલે સ્વામી મહારાજથી જૂદાં પડવા માગતા નહોતા છતાં જવા માટે તૈયાર થયા.

પરંતુ જૂનાગઢથી સ્વામીની જોડ્યમાં આવેલો સાધુ જૂનાગઢથી કંટાળી ગયો હતો, એટલે એ સ્વામી સાથે પાછો જવા તૈયાર ન થયો.

સ્વામીએ મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! હું જૂનાગઢ તો જાઉં પણ મારો જોડીયો સાધુ હાર્યે હાલવા તૈયાર નથી.’’

મહારાજ જીવની અજ્ઞાનતા જોઈને હસ્યા. મહારાજે કહ્યું, ‘‘સ્વામી ! તમે કોઈ બીજા સાધુને પૂછી જુઓ અને જે તૈયાર થાય એને લઈ જાઓ.’’

## મહારાજના દિવ્ય દર્શન

એક જ્ઞાનસ્વરૂપાનંદ કરીને સંત હતા. એણે કહ્યું, ‘‘સ્વામી ! હું તમારી હાર્યે હાલુ પણ મહારાજ જે ચાખડી પહેરે છે, એ પ્રસાદીની ચાખડી મને અપાવો તો તમારી જોડ્યમાં હાલુ.’’

સ્વામીએ મહારાજને વાત કરી. મહારાજે પોતાની ચાખડીઓ જ્ઞાનસ્વરૂપાનંદને આપવા માટે સ્વામીને આપી.

પછી મહારાજ બોલ્યા, ‘‘નિર્ગુણાનંદ ! અમારે સ્નાન કરવું છે, તો તમે અમને સ્નાન કરાવતા જાવ.’’

મહારાજની શ્રીઅંગની સેવાનો અવસર મળ્યો, એટલે સ્વામીને તો અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. એમણે સ્નાન માટે સુંદર બાજોઠ તૈયાર કર્યો. ત્રાંબાકૂંડીમાં નવશેકું નીર ભર્યું. સ્નાન કરવા માટે મહારાજ એક ધોતીભર બાજોઠ ઉપર બિરાજમાન થયા. ગુણાતીતાનંદ સ્વામી અતિ શ્રદ્ધા અને ભાવથી મહારાજના અંગેઅંગ ચોળીને સ્નાન કરાવવા લાગ્યા.

મંદવાડને લીધે મહારાજનું શરીર થોડું દુર્બળ થયું હતું. દુર્બળ શરીરને જોઈને સ્વામીને બહુ દુઃખ થયું. સ્વામીના નેત્રોમાંથી દડદડ આંસુડાં પડવા માંડ્યા.

બરાબર એ જ  સમયે સ્વામીને મહારાજે પોતાના શરીરમાં જેટલા તિલ અને ચિહ્ન હતા, તે બધાના એકસામટા દર્શન કરાવ્યા.

એ તિલ-ચિહ્નમાંથી દિવ્ય પ્રકાશના શેરડા ફૂટ્યા. એ દિવ્ય ચિદ્‌ઘન તેજમાં મહારાજની દિવ્ય તેજોમય મૂર્તિનું દિવ્ય દર્શન કરતા કરતા સ્વામી આનંદ અને આશ્ચર્યના સાગરમાં ગરકાવ થઈ ગયા.

મહારાજે સ્વામીને માંદગી ગ્રહણ કરેલી મનુષ્ય મૂર્તિ અને આનંદભરેલી તેજોમય મૂર્તિ, બંને વચ્ચે રહેલી એકતાની અનુભૂતિ કરાવી.

સ્વામી નીરખી નીરખીને મૂર્તિને અંતરમાં ઉતારવા લાગ્યા. આજે મહારાજે સ્વામીને અલૌકિક મોજ આપી હતી. સ્વામી ભાવવિભોર બની ગયા હતા.

મહારાજની આજ્ઞાથી સ્વામી જ્ઞાનસ્વરૂપાનંદને જોડ્યમાં લઈને જૂનાગઢ જવા નીકળ્યા. સ્વામી માંડવધાર પહોંચ્યા અને પ્રસાદીના નારાયણધરામાં સ્નાન કરવા રોકાયા. આ દરમ્યાન પેલા જ્ઞાનસ્વરૂપાનંદ ચાખડીયું લઈને ભાગી ગયા.

જોડ્ય ખંડિત થઈ, એટલે ન છૂટકે સ્વામી ગઢપુર પાછા પધાર્યા અને મહારાજને બધી વાત કરી.

મહારાજે હસીને કહ્યું, “નિર્ગુણાનંદ ! એને પ્રસાદીની ચાખડીયોના મહિમા સમજાયો પણ એ ચાખડીયો જેણે ધારણ કરી હતી, એ પ્રગટ પરબ્રહ્મનો મહિમા ન સમજાયો. એ લાકડાંની જડ ચાખડીયો એને શું કામમાં આવશે ?”

મહારાજે એક એકડમલ અલ્લડ સાધુને આજ્ઞા કરી કે, “તમે આ નિર્ગુણાનંદની સાથે જૂનાગઢ જાઓ.”

એ સંત મહારાજના વચને જૂનાગઢ જવા તૈયાર થઈ ગયા. સ્વામી એ એકડમલ સંતની સાથે જૂનાગઢ પધાર્યા અને બ્રહ્મમુનિ ગઢપુર પધાર્યા.

## મીઠાં વહાલા કેમ વીસરો

આ બાજુ હવે મહારાજનો ધામમાં જવાનો સમય નજીક આવી રહ્યો હતો. મહારાજને મનમાં હતું કે, “જો આ બ્રહ્માનંદ સ્વામી અહીં હશે, તો મને ધામમાં નહિ જવા દે.” એટલે મહારાજે એમને જૂનાગઢ જવાની આજ્ઞા કરી અને ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢથી ગઢપુર મોકલવા કહ્યું.

બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા હતા કે, ‘મહારાજને ધામમાં જવું છે એટલે એમાં હું આડો ન આવું, માટે મહારાજ મને દૂર કરવા માગે છે.’

એમણે જૂનાગઢ નહિ જવા માટે ઘણા બધા બહાના ઊભા કર્યા પણ આખરે મહારાજની મરજીને વશ થઈને તેઓ જૂનાગઢ ગયા. જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર પધાર્યા.

વિ. સં. ૧૮૮૬ ની સાલ હતી. જેઠ સુદી છઠ્યનો દિવસ હતો.

મહારાજે ધામમાં જવા માટે મંદવાડ ગ્રહણ કર્યો હતો. સુરા ખાચર વગેરે પાર્ષદોને મહારાજે આજ્ઞા કરી હતી કે, કોઈને અક્ષર ઓરડીમાં અંદર ન આવવા દેવા. ગુણાતીતાનંદ સ્વામી મહારાજના દર્શન માટે અક્ષર ઓરડીએ પધાર્યા.

સુરા ખાચરે કહ્યું, “સ્વામી ! અંદર જવાની બંધી છે, છતાં હું મહારાજને પૂછી આવું.”

સુરા ખાચરે અંદર જઈને કહ્યું, “મહારાજ ! ભાદરાવાળા નિર્ગુણાનંદ જૂનાગઢથી આપના દર્શન માટે પધાર્યા છે, આપની આજ્ઞા હોય તો અંદર બોલાવું.”

સ્વામીનું નામ પડ્યું, એટલે તરત જ મહારાજે કહ્યું, “એ સાધુને અંદર આવવા દ્યો, અમે ક્યારના એની રાહ જોઈએ છીએ.”

મહારાજની આજ્ઞા મળતાં જ સ્વામી અક્ષર ઓરડીમાં પધાર્યા.

મહારાજને શરીરે મંદવાડ હતો, મહારાજ પલંગ ઉપર પોઢ્યા હતા.

મંદવાડથી ક્ષીણ શરીરવાળા મહારાજના દર્શન કરતાં જ સ્વામીનું હૈયું ભરાઇ આવ્યું.

સ્વામી મહારાજની પાસે બેસીને વેદનાસભર હૈયે કીર્તન ગાવા લાગ્યા...

**મીઠા વહાલા કેમ વિસરો, તમથી બાંધેલ તન હો,**
**તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન...હો મીઠા...**
**મીરાંને જેમ ગીરધર વહાલા, ચકોરને જેમ ચંદ હો,**
**ગોપીને જેમ કૃષ્ણ જ વહાલા, હનુમંતને વહાલા રઘુનંદ...હો મીઠા...**

કીર્તન ગાતા ગાતા સ્વામી રડી પડ્યા અને આસપાસ જે સેવકો હતા, તે પણ ધ્રૂસકાં મૂકીને રડવા માંડ્યા.

બધાને રડતાં જોઈ મહારાજ ધીમે રહી પલંગમાંથી બેઠા થયા, મંદ મંદ હસીને બધાને આશ્વાસન આપ્યું. પછી મહારાજ સ્વામીને બાથમાં લઈને મળ્યા અને કહ્યું, ‘‘નિર્ગુણાનંદ ! તમે આવી ગયા એ સારું કર્યું. અમે તમારી રાહ જોતા હતા. અમારે શરીરે સારું છે, માટે તમારે દિલગીર થવાની જરૂર નથી.’’ આમ મહારાજે સ્વામીને આશ્વાસન આપ્યું.

## લ્યો ! આ સિદ્ધેશ્વરનો મુગટ

અક્ષર ઓરડીમાં સ્વામી શ્રીહરિના સાનિધ્યનું પરમ સુખ માણી રહ્યા હતા.

મહારાજે જૂનાગઢ મંદિરની પ્રગતિના સમાચાર પૂછ્યા.

સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! તમારી કૃપાથી બધાને સારું છે. શિખરનું કામ પણ બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા, એટલે વેગથી શરૂ થયું છે.’’

મહારાજે કહ્યું, ‘‘નિર્ગુણાનંદ ! બધા દેવોને વસ્ત્ર-અલંકાર બરાબર થઈ ગયા છે ?’’ સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! બધા દેવોને વસ્ત્ર-અલંકાર તો થઈ ગયા છે પણ સિદ્ધેશ્વર મહાદેવ મુગટ વગરના છે.’’

મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું, ‘‘બ્રહ્મચારી ! અમારો પેલો ધરમપુરવાળો મુગટ લાવો, આપણે એ મુગટ સિદ્ધેશ્વર મહાદેવને અર્પણ કરવો છે.’’

બ્રહ્મચારીએ ધરમપુરવાળો મુગટ મહારાજને આપ્યો અને મહારાજે એ મુગટ હાથમાં લઈ સ્વામીને આપતા કહ્યું, ‘‘લ્યો સ્વામી ! આ સિદ્ધેશ્વરનો મુગટ !’’

થોડીવાર થઈ ત્યાં બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. મહારાજ થાળ જમ્યા અને થાળની પ્રસાદી સ્વામીને આપી.

## જૂનાગઢ મંદિરનું કરજ ચૂકવ્યું

ફરી પાછી આઠમના રોજ સ્વામી મહારાજ પાસે બેઠા હતા અને જૂનાગઢ મંદિરની વાત નીકળી, એટલે કારભારી લાધા ઠક્કરે કહ્યું, "મહારાજ ! જૂનાગઢ મંદિર ઉપર પંદરસો રૂપિયાનું દેણું થયું છે."

મહારાજે કહ્યું, "મંદિરનું દેવું રાધારમણદેવ ગમે ત્યાંથી ભરપાઈ કરી દેશે, માટે ચિંતા ન કરવી."

જ્યાં મહારાજ આમ વાત કરતાં હતા, એ જ સમયે ખોલડીયાદથી ખેંગાર ભગત આવ્યા, એમણે મહારાજના દર્શન કરી મહારાજના ચરણમાં રૂપિયા બે હજાર ભેટ મૂક્યા. ખેંગાર ભગતનું આટલું મોટું સમર્પણ જોઈને મહારાજ રાજી થયા અને ખેંગાર ભગતને માથે બે હાથ મેલ્યા અને કહ્યું, "ભગત ! તમે તો અવાર-નવાર ખૂબ મોટી સેવા કરો છો."

ખેંગાર ભગતે કહ્યું, "મહારાજ ! આમાં મારું કાંઈ નથી, તમે દ્યો છો એમાંથી તમને અર્પણ કરું છું." મહારાજે મંદ મંદ હસી લાધા ઠક્કરની સામે જોઈને કહ્યું, "જુઓ લાધા ઠક્કર ! અમારા રાધારમણદેવ બહુ બળિયા છે. સંકલ્પ કર્યો ત્યાં દેવું ચૂકવાઈ ગયું."

"આમાંથી પંદરસો રૂપિયા જૂનાગઢ મંદિરનું દેવું ચૂકવવામાં વાપરજો અને બાકીના પાંચસો રૂપિયામાંથી સાધુઓ માટે સાટા-જલેબીની રસોઈ કરાવજો."

બીજા દિવસે મહારાજની આજ્ઞા પ્રમાણે સંતો માટે સાટા જલેબીની રસોઈ તૈયાર થઈ. મહારાજ સ્વયં સંતોની પંક્તિમાં પીરસવા આવ્યા અને બોલ્યા, "સંતો ! તમે આનંદમાં રહેજો, પ્રેમથી જમજો, અમને કોઈ માંદગી નથી, માટે કોઈ ચિંતા કરશો નહિ." મહારાજને આ રીતે સાજાં-નરવાં થઈને પંક્તિમાં પીરસતાં જોયા એટલે સર્વને હૃદયમાં અત્યંત આનંદ થયો.

## શ્રીહરિનો સ્વતંત્રપણે દેહોત્સર્ગ

ગઢપુરમાં મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને પોતાની પાસે બેસાડી પોતાના હૃદયનો અંતરંગ અભિપ્રાય એમને જણાવતા હતા.

હવે મહારાજનો શરીર છોડવાનો સમય નજીક આવી રહ્યો હતો. મહારાજે ધામમાં જતાં પહેલા સંતો-હરિભક્તોની વિશાળ સભા ભરી ભલામણ કરતાં કહ્યું, "હે ભક્તજનો ! અમારા આ અવતારને ધારણ કરવાના જે જે પ્રયોજનો હતા, તે

બધા જ પૂર્ણ કરી લીધા છે. એમાં કોઈ વાત બાકી રહી નથી.''

''તમે સર્વે સર્વોપરીભાવે અમારી ઉપાસના કરજો અને અમારી બાંધેલી મર્યાદામાં રહેજો. તમારા જીવનમાં આજ્ઞા અને ઉપાસના દઢ હશે તો અમે તમને અંત સમયે ધામમાં તેડી જઈશું.''

''અમે આ ગોપાળાનંદ સ્વામીને બેય દેશના આગેવાન નીમ્યા છે. માટે તમે સર્વે એમની આજ્ઞામાં રહેજો.'' બંને આચાર્યોને પણ કહ્યું કે, તમે સ્વામી કહે એમ કરજો. એ અમારી આજ્ઞા છે.''

ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે

''સાધુ વર્ણી પાળા સુણી લેજો રે,<br>
ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજો રે.''

શ્રીહરિના છેલ્લા વચનોની અવિનાશાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં નોંધ લીધી છે. શ્રીહરિ સંતો હરિભક્તોને કહે છે

શિક્ષાપત્રી જાણો મારી મૂરતિ, વાંચી વરતજો સહુ નરનાર<br>
લોપો મા લગાર શ્રીજી કહે સંતને<br>
સરવે કરવાનું કામ કરી રહ્યો, નથી બાકી રહ્યું લવલેશ<br>
સુણો ઉપદેશ શ્રીજી કહે સંતને<br>
મૂકી સત્સંગ દૂર જાઉ નહીં, રહુ પાસ નિત કરી વાસ<br>
જાણી મારા દાસ શ્રીજી કહે સંતને

શ્રીહરિની આ વજ્ર સમાન વાણી સાંભળી પ્રેમી ભક્તો મૂર્છિત થવા માંડ્યા. સર્વના અંતરમાં અપાર વેદનાની પીડા ઉપડી. સભામાં બેઠેલા સહું ધીરજ ખોઈ બેઠા. શ્રીહરિએ સર્વને આશ્વાસન આપતા કહ્યું, ''સંતો !દેહોત્સર્ગ કરવા છતાં પણ અમે અમારી લખેલી શિક્ષાપત્રી દ્વારા, અમારી સ્થાપેલી ગાદીઓ દ્વારા, અમારાં એકાંતિક સંતો-ભક્તો દ્વારા અને અમારી પધરાવેલી મૂર્તિઓ દ્વારા સત્સંગમાં પ્રગટ રહીશું.'' આ રીતે સર્વને ધીરજ આપી વિ. સં. ૧૮૮૬ જેઠ સુદી દસમીના દિવસે મહારાજે સ્વતંત્રપણે દેહોત્સર્ગ કર્યો.

## આપણું જીવન તો ગયું !

શ્રીહરિના સ્વધામ ગમનથી સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય ઘેરા શોકસાગરમાં ડૂબી ગયો હતો.

મોટે ભાગે ત્યાગી વૈરાગીઓ અને જ્ઞાનીઓ ભારે શુષ્કતાથી ભરેલા હોય,

જ્યારે ભગવાન શ્રીહરિના લાડીલા સંતો મહાન ત્યાગી, તપસ્વી અને જ્ઞાની હોવા છતાં હિમાલયમાંથી ગંગા પ્રગટે એ જ રીતે આ એમના હૃદયમાંથી પ્રગટ પુરુષોત્તમનારાયણ પ્રત્યેની ભક્તિની ભાગીરથી સતત વહ્યા કરતી હતી.

માછલાને પાણીમાંથી બહાર કાઢવામાં આવે અને એ જેમ તરફડીયા મારે એમ સંતો-ભક્તો મહારાજના વિરહમાં તરફડી રહ્યા હતા.

એમાંય ગુણાતીતાનંદ સ્વામી તો ભારે વિરહાતુર હતા.

સ્વામી મહાજ્ઞાની હતા, છતાં ધીરજ ધારી શકતા નહોતા. શ્રીહરિના વિરહમાં સ્વામી ઝૂર્યા કરતા હતા. વાતે વાતે એમની આંખોમાંથી અશ્રુધારા વહ્યા કરતી હતી.

શ્રીહરિના સ્વધામ ગમન બાદ એક દિવસે સ્વામી લક્ષ્મીવાડીએ સ્નાન કરવા પધાર્યા હતા. શ્રીહરિના અગ્નિસંસ્કાર સ્થળ તેમજ બેઠક સામે મીટ માંડતાં જ સ્વામીનું હૃદય ભરાઈ આવ્યું.

સ્વામી બહિર્ભૂમિ જઈ હાથ ધોવા વાડીના ધોરીયા કાંઠે આવ્યા. પાણીનો ધોરીયો વહી રહ્યો હતો. ધોરીયાના કાંઠે લીલીછમ ધ્રો ઉભી હતી. આ લીલીછમ ધ્રોને જોતાં જ સ્વામીના અંતરમાં વિરહ સાગરે માઝા મેલી. 'અરે આ ધ્રોનું જીવન જળ છે તો જળને પામીને કેવી લીલી છમ કલવલિયાં કરે છે. આપણે કેવા અભાગીયા, આપણું જીવન મહારાજ તો ગયા.' આટલું બોલતાં જ સ્વામી મૂર્છિત થઈ ગયા. એ જ સમયે લક્ષ્મીવાડીમાં શ્રીહરિએ સાક્ષાત્ દર્શન દઈને સ્વામીને મૂર્છામાંથી જગાડ્યા અને કહ્યું 'સ્વામી ! કેવા માનવીય ઘાટ કરો છો. મને મૂવો જાણો છો ? હું તો તમારામાં અખંડ રહ્યો છું. આપણે તો અનાદિ અને અનંત છીએ. આપણું આવાગમન એ તો માત્ર લીલા છે.'

મહારાજનાં દર્શન પામી, વાણી સાંભળી સ્વામીના જીવને શાતા વળી. સ્વામી સ્વસ્થ થયા.

આ પ્રસંગ એટલે ઈષ્ટદેવમાં અસાધારણ પ્રેમનો પ્રસંગ.

## રાઘવભગતે હજાર રાળ ભેગા કર્યા

સ્વામી થોડાં દિવસ ગઢપુર રોકાયા પછી શ્રીહરિએ સોંપેલી જવાબદારીને પૂર્ણ કરવા જૂનાગઢ પધાર્યા.

વિ.સં. ૧૮૮૬ની સાલ હતી. મધ્ય મંદિરના શિખરનું ચણતર કામ ચાલતું હતું, પરંતુ મંદિરની આર્થિક સ્થિતિ સારી નહોતી. મંદિરના કોઠારમાં કડીયાઓને

મજૂરી ચૂકવવાના પૈસા હતા નહિ.

કારીગરોને પગાર ચૂકવવો, ઉપરાંત મંદિરનો રોજનો ખરચ કાઢવો, આ બધું કામ ભારે મુશ્કેલ હતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, ‘‘બાબરિયાવાડના હરિભક્તો થોડી થોડી મદદ કરે, તો મંદિરનું કાર્ય આગળ વધી શકે.’’

સ્વામીએ હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો, પત્રમાં મંદિરની મુશ્કેલ પરિસ્થિતિ જણાવી અને સેવા કરવા માટે ભલામણ કરી.

જૂનાગઢમાં પાર્ષદ રાઘવ ભગત હતા. તેઓ સ્વામીના કૃપાપાત્ર હતા. પૂર્વાશ્રમમાં તેઓનું મૂળ ગામ કોવાયા હતું. રાઘવ ભગત ખાધેપીધે સુખી હતા. એમને એક એકથી ચડીયાતા ચાર ચાર દીકરાઓ હતા.

રાઘવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સત્પુરુષના જોગમાં આવતા તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો અને જૂનાગઢ મંદિરની આજીવન સેવા સ્વીકારી હતી.

સ્વામીએ રાઘવ ભગતને બોલાવીને કહ્યું કે, ‘‘આ પત્ર તમે લઈને બાબરિયાવડમાં ફરો અને હરિભક્તો જે સેવા આપે, તે લઈ આવો.’’

સ્વામીના વચનને મસ્તક ઉપર ચડાવી રાઘવ ભગત તૈયાર થયા, સ્વામીએ એમને ભાતું બંધાવ્યું અને પત્ર આપ્યો.

રાઘવ ભગત બાબરિયાવાડના ગામડાંઓમાં ફર્યા.

બાબરિયાવાડના આહિર હરિભક્તો ખૂબ જ પ્રેમી અને શ્રદ્ધાવાન હતા. સ્વામીનો પત્ર વાંચીને હરિભક્તોએ ભારે ભાવ સાથે જે બની આવી તે સેવા કરી.

સ્વામી જેવા સત્પુરુષ રાજી થાય, એ જ સર્વ હરિભક્તોનું તાન હતું.

રાઘવ ભગત બાર પટોળી, કોવાયા અને ઊના તરફના ગામડાંઓમાં ફર્યા અને આશરે એક હજાર રાળ એકઠા થયા. એ જમાનામાં એક રાળ બરાબર અઢી રૂપિયા થતા હતા.

આ બધી જ સેવા લઈને રાઘવ ભગત જૂનાગઢ પાછા આવ્યા.

નિષ્કામ ભાવે ગામડાંઓમાં ફરી સેવા ભેળી કરવા બદલ સ્વામી રાઘવ ભગત ઉપર ખૂબ જ રાજી થયા.

મંદિરના શિખરના નિર્માણનું કાર્ય થોડું આગળ ચાલ્યું પરંતુ આ કામ પૂરું કરવા માટે હજુ વધારે રૂપિયાની જરૂર હતી.

## ઉઠ્ય કોળકા, હાલ્ય લંગોટા !

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં અધૂરા શિખરોનું કાર્ય પૂરું કરાવી રહ્યા હતા. સંતો-હરિભક્તો જેનાથી જે બની આવે, તે સેવા કરતા હતા.

એકબાજુ કડીયાઓ પથ્થર ઘડી રહ્યા હતા. બીજી બાજુ લાંબા લાકડાંઓમાંથી બનાવેલા ત્રણ પગવાળા કંપા દ્વારા પથ્થરાઓને ઉપર ચડાવવામાં આવતા હતા.

એ જમાનામાં આજની જેમ ક્રેઈનો નહોતી. પથ્થર ઊંચે ચડાવવાનું કામ આવા કંપાઓ દ્વારા થતું.

ભારે પથ્થરાઓ ઉપાડવા માટે મજબૂત રીતે કંપો બાંધવો, એમાં ગરગડીઓ ફીટ કરવી એ ભારે કુશળતા માગી લે એવું કામ હોય છે.

શિખરના બાંધકામ દરમ્યાન એકવાર કંપો એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવાનો થયો. મંદિરનો એક પાર્ષદ હતો, એને કંપા બાંધવાનું અને ફેરવવાનું કામ સારી રીતે ફાવતું હતું. બીજા કોઈને કંપો ફેરવવાનુ ફાવતું નહોતું.

હવે બનેલું એવું કે ગુણાતીતાનંદ સ્વામી એ પાર્ષદને કોઈ કારણસર વઢ્યા હતા એટલે સ્વામી ઉપર ખીજાઈને રીસાયો હતો.

ગુણાતીતાનંદસ્વામીએ એ પાર્ષદને કહ્યું, “ભગત ! તમે કંપો ફેરવી દ્યો.”

પાર્ષદ મોઢું મરડીને બોલ્યો, “હું કંપો ફેરવવા આવવાનો નથી, જેને આવડે એ ફેરવી લે.”

પાર્ષદને ખબર હતી કે, મારા સિવાય આ કામ કોઈને ફાવે તેમ નથી.

અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ જેમની આજ્ઞામાં રહેતા હોય એવા સ્વામીએ એ પાર્ષદને બહુ સમજાવ્યો પણ કોઈ રીતે માન્યો નહિ.

એટલે સ્વામીએ ન છૂટકે શિખરના ચણતરનું કામ રોકાવી કડીયાઓને પાણા ઘડવામાં લગાવ્યા.

ગુણાતીતાનંદ સ્વામીના પૂર્વાશ્રમના નાના ભાઈ શિવાનંદ સ્વામી આ પાર્ષદના ભાઈબંધ હતા.

સ્વામીને થયું કે, “આ પાર્ષદ હવે શિવાનંદ સ્વામી સિવાય નહિ માને.”

બનેલું એવું કે, શિવાનંદ સ્વામી સંત-પાર્ષદો સાથે જંગલમાં વાંસ કાપવા ગયેલા, એટલે હાજર નહોતા.

બપોર પછી શિવાનંદ સ્વામી વાંસના ભારા લઈને પાછા આવ્યા.

શિવાનંદ સ્વામીએ જોયું તો, શિખરનું કામ બંધ હતું અને કડીયાઓ પત્થરો

ઘડતા હતા. શિવાનંદ સ્વામીએ સ્વામીને પૂછ્યું, ''સ્વામી ! શિખરનું કામ કેમ બંધ છે ?'' સ્વામીએ સ્હેજ હસીને કહ્યું, ''કંપો ફેરવવાની જરૂર હતી પણ તારો ઓલો ભાઈબંધ માન્યો નહિ, એટલે કડીયાને પાણા ઘડવાના કામમાં રોકવા પડ્યા. હવે તો તું જઈને એને મનાવ તો શિખરનું કામ આગળ ચાલે.''

શિવાનંદ સ્વામીને થયું, ''બે દોકડાંનો પાર્ષદ આવા મહાન સંતનું માને નહિ, એ કેમ ચાલે ?

શિવાનંદ સ્વામીએ તપાસ કરી કે પાર્ષદ ક્યાં છે ? તો એ રીસાઈને ધર્મશાળાને ઉપલે મેડે સૂતો હતો.

શિવાનંદ સ્વામી ત્યાં ગયા. બેયને ભાઈબંધાઈ હતી, એટલે પરસ્પર એક-બીજાને તોછડા શબ્દે બોલાવવાની આદત હતી.

પાર્ષદ કોળી જ્ઞાતિમાંથી હતો. એટલે શિવાનંદ સ્વામી એને 'કોળકો' કહીને બોલાવતા.

પેલો પાર્ષદ શિવાનંદ સ્વામીને મજાકમાં 'લંગોટા' કહેતો.

શિવાનંદ સ્વામીએ જઈને એ પાર્ષદને સીધુ પાટું માર્યું અને કહ્યું, ''ઊઠ, ઈ કોળકા ! શું સૂતો છો ?''

પાર્ષદ બેઠો થઈને બોલ્યો, ''એઈ લંગોટા ! અહીં શું આવ્યો ?''

શિવાનંદ સ્વામી કહે, ''સ્વામીએ કીધું તોય કંપો ફેરવવા કેમ નથી ગયો ?''

પાર્ષદ બોલ્યો, ''શું કંપો ફેરવવા જાય ? જ્યારે હોય ત્યારે સ્વામી મોટી મોટી બ્રહ્મજ્ઞાનની વાતો કરે છે અને વઢ્ય વઢ્ય કર્યા કરે છે.''

શિવાનંદ સ્વામી કહે, ''માળા ! ઘરે હોત, તો બૈરાં છેકરાના કેટલાંય મે'ણાં ટોણાં ખાવા પડત. આવા મોટા સંતે તારા હિત માટે બે શબ્દ કીધાં, એમાં આટલો ઠરડાઈને કેમ બેઠો છો ? ઊભો થા, હાલ કંપો ફેરવવા.''

પાર્ષદ તરત ઊભો થઈ ગયો. શિવાનંદ સ્વામીના હાથમાં હાથ નાખી બોલ્યો, ''હાલ્ય, આવું છું, આ તો તું આવ્યો, એટલે કંપો ફેરવી દઉં છું, બાકી સ્વામી કહી કહીને મરી જાત, તોય હું કંપો ફેરવવા જવાનો નહોતો.''

મોટા સંતો કહેતા, ''જીવના સ્વભાવ કેવા અવળા હોય છે ? ભગવાન જેવા સાધુનું ન માન્યો, ભાઈબંધનું માન્યો !''

ગુણાતીતાનંદ સ્વામીએ એના જીવના હિત માટે બે કઠણ વેણ કહ્યા, એ ખમી ન શક્યો પણ શિવાનંદ સ્વામીએ 'કોળકો' કીધો, તોય મીઠું લાગ્યું.

## વિષય ખોટા કેમ થાય ?

સ્વામીની ઉપદેશ શૈલી અનોખી અને ચોટદાર હતી.

એક સમયે 'વિષય ખોટા કેમ થાય ?' એ વાત સ્વામીએ નાનકડાં દૃષ્ટાંતથી સરળતાથી સમજાવી દીધી હતી.

બન્યું એવું કે, એક વાર સ્વામી ચાર-પાંચ સંતો અને દશેક હરિભક્તોને સાથે લઈને જૂનાગઢ ગામ બહારની વાડીએ પધાર્યા હતા. આ વાડી સ્વામીએ રાજ પાસેથી વેચાતી લીધી હતી.

વાડીમાં સભા ભરી સ્વામી સંતો-હરિભક્તોને વિષય ખંડનની વાતો કરી રહ્યા હતા.

રાજકોટના એક મિસ્ત્રી સભામાં બેઠા હતા. એનો છોકરો દેવરાજ વાડીમાં કેટલાંક છોકરાઓ સાથે રમતો હતો.

સ્વામીએ દેવરાજને પાસે બોલાવ્યો અને વાડીમાં વાવેલા મરચીના છોડ સામે આંગળી ચીંધીને પૂછ્યું, "દેવરાજ ! જો તો પેલો શેનો છોડ છે ?"

દેવરાજે કહ્યું, "સ્વામી ! એ મરચીનો છોડ છે."

સ્વામીએ કહ્યું, "તું એમાંથી થોડા મરચાં લઈ આવ."

સ્વામીની આજ્ઞા થઈ એટલે દેવરાજ દોડતો ગયો અને મરચીના છોડમાંથી ચાર-પાંચ મરચાં તોડી લાવ્યો.

એણે સ્વામીના હાથમાં મરચાં આપ્યા અને કહ્યું, "લ્યો, સ્વામી ! આ મરચાં."

સ્વામીએ એ મરચા પોતાના હાથમાં લઈ, થોડીવાર હાથમાં રાખ્યા પછી એમાંથી એક મરચું પેલા છોકરાને આપ્યું અને કહ્યું, "લે, દેવરાજ ! આ પ્રસાદી ખાઈ જા."

મરચું ખૂબ તીખું હતું દેવરાજે જેવું મરચું મોઢામાં મૂક્યું કે, તરત જ એનું મોઢું બળવા લાગ્યું અને આંખ તથા નાકમાંથી પાણી ચાલતા થઈ ગયા.

સ્વામીએ કહ્યું, "કેમ છોકરા ! મરચું તીખું લાગ્યું ?"

છોકરાએ કહ્યું, "હા, સ્વામી ! ખૂબ બળતરા થાય છે."

સ્વામીએ કહ્યું, "જા જલદી પેલી ચોળાફળી ખાઈ લે, એટલે બળતરા શાંત થઈ જશે."

છોકરો દોડતો ગયો અને ચોળાફળીના વેલામાંથી ચોળાફળી તોડી ખાવા

લાગ્યો, એટલે એની બળતરા શાંત થઈ ગઈ.

થોડીવાર પછી સ્વામીએ ફરીથી કહ્યું, ‘‘એલા, દેવરાજ ! લે, હજુ આ એક મરચું ખાઈ જા.’’

દેવરાજે ઠાવકું મોઢુ રાખીને કહ્યું, ‘‘ના સ્વામી, હવે હું એ મરચું નહિ ખાઉં.’’

સ્વામીએ એને સમજાવતા કહ્યું, ‘‘આ મરચું જરાય તીખું નથી, તું ખાઈ તો જો.’’ પણ દેવરાજ મરચું ખાવા તૈયાર થયો જ નહિ.

સ્વામી સંતો-હરિભક્તો સામે જોઈને હસીને બોલ્યા,

‘‘જુઓ, આ છોકરાને મરચાંમાં દુઃખ દેખાઈ ગયું છે, માટે ગમે એટલો આગ્રહ કરીએ છીએ, પણ મરચું ખાતો નથી.’’

‘‘એ જ રીતે જો જીવને પંચવિષયમાં દુઃખ મનાઈ જાય તો જીવ વિષયના મરચાં ખાતો બંધ થઈ જાય.’’

સ્વામીની ઉદાહરણ સાથેની સીધી-સરળ વાત મુમુક્ષુઓના ગળે ઉતરી ગઈ.

# ચારણના સમઢિયાળાના ભોજા ભગત

સૌરાષ્ટ્રની ગાંડી ગીર સુપ્રસિદ્ધ છે.ગીરના મધ્યમાં ભગવાન તુલસી-શ્યામનું ધામ છે. આ તીર્થ હજારો વર્ષ પુરાણું છે.

તુલસી-શ્યામથી થોડે દૂર અગ્નિ કોણે ગીરની ગંગા જેવી રાવળ નદી વહે છે. આ નદીને કિનારે મોટા સમઢિયાળા નામનું ગામ આવેલું છે.

આ ગામમાં અનેક જ્ઞાતિઓના લોકો વસે છે જેમાં કણબી અને આહિરોની વસ્તી વધારે છે.

આ ગામમાં આહિર પરિવારમાં ભોજા ભગત નામે મહાન ભક્તરાજ થયા.

ભોજા ભગતના નામ ઉપરથી આ ગામ ભોજા ભગતનું સમઢિયાળા પણ કહેવાય છે. ભોજા ભગત ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. એમના દાદા રાણા વણઝર પહેલા રામપરામાં રહેતા હતા અને આત્માનંદ સ્વામીના શિષ્ય હતા.

રાણા વણઝરને ત્યાં કુંભા વણઝર નામે પુત્ર થયા હતા. ભોજા ભગત કુંભા વણઝરના પુત્ર હતા. ભોજા ભગત શરીરે પ્રચંડ હતા. આજાનબાહુ હતા, દૂધમલિયું પુષ્ટ શરીર હતું, વિશાળ છાતી અને ઉપડતું લલાટ હતું. આંકડીયાવાળી વાંકડી મૂછો હતી, પ્રભાવશાળી ચહેરો હતો,

ભોજા ભગત શૂરવીર આહિર હતા અને એવા જ શૂરવીર હરિભક્ત હતા.કપાળમાં ભડકા જેવો તિલક-ચાંદલો કરતા, ગળામાં બેવડી તુલસીની કંઠી ધારણ કરતા. એમની કેડે તલવાર અને હાથમાં માળા રહેતી.

ભોજા ભગત ખાધે-પીધે અને વ્યવહારે ભારે સુખી હતા.તેઓએ નવાબ પાસેથી આખું સમઢિયાળા ગામ ઈજારે રાખ્યું હતું.

એમને ત્યાં ટંકે પોણો મણ દૂધ આપે એવી અને દેખાવે હાથણી જેવી દોઢસો ભેંસો દૂઝતી હતી.

ભેંસો રાખવા ઉપરાંત તેઓ પોતે ખેડ્ય કરતા અને ખેડૂતો પાસે ખેડ્ય કરાવતા.પરિણામે ભોજા ભગતને સારી આવક થતી હતી.

ભોજા ભગત ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા અને ગુણાતીતાનંદ સ્વામીના ભારે વિશ્વાસુ અને કૃપાપાત્ર હતા.

ગુણાતીતાનંદ સ્વામી જ્યારે જ્યારે ઊના પધારે ત્યારે ભોજા ભગત સ્વામીનો સમાગમ કરવા માટે અચૂક ઊના પહોંચી જતા અને અવાર-નવાર આગ્રહ કરીને સ્વામીને સમઢિયાળા પધરાવતા.

## ભોજાભગતે બે હજાર રાળ અર્પણ કર્યા

આશરે વિ. સં. ૧૮૮૬ ની સાલ હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં રાધારમણદેવના શિખરોનું અધૂરું કાર્ય પૂરું કરાવી રહ્યા હતા પરંતુ બાંધ-કામ માટે ભારે નાણાં-ભીડ વર્તાતી હતી, કડીયાના પગાર ચડી ગયા હતા. રૂપિયાની જોગવાઈ કરવાની તાત્કાલિક આવશ્યકતા હતી. સ્વામીએ રાઘવભગતને બાબરિયાવાડમાં ફાળો ઉઘરાવવા મોકલ્યા હતા. એમાં એક હજાર રાળ સેવામાં આવ્યા હતા પરંતુ એમાંથી મંદિરનું અધૂરું કાર્ય પૂરું થઈ શકે તેમ નહોતું.

ગુણાતીતાનંદ સ્વામીએ વિચાર કર્યો, આ સમયે જો સમઢિયાળાના ભોજા ભગત અને ઊનાના ગણેશ શેઠ મદદ કરે તો નાણાં-ભીડમાં રાહત થાય અને મંદિરનું કાર્ય આગળ વધારી શકાય.

સ્વામીએ ગણેશ શેઠ અને ભોજા ભગત ઉપર કાગળ લખી જોરા ભગતને તેમની પાસે મોકલ્યા.

સાંજના સમયે જોરા ભગત સમઢિયાળા પહોંચ્યા અને ભોજા ભગતના હાથમાં સ્વામીનો કાગળ આપ્યો.

કાગળ વાંચતાની સાથે જ ભોજા ભગતે પળનોય વિલંબ કર્યા સિવાય સ્વામીનો આદેશ મસ્તક ઉપર ચડાવ્યો.

જોરા ભગત કાગળ આપીને ઉના ગણેશ શેઠ પાસે જવાની ઉતાવળ કરવા લાગ્યા. પરંતુ ભોજા ભગતે કહ્યું, "ભગત ! દિ' આથમવા આવ્યો છે. આ વિસ્તાર સાવજનું ઘર કહેવાય. આવા સમયે ઘોડા સાથે મુસાફરી કરવી જોખમભર્યું કહેવાય, માટે રાત્રિ રોકાય જાવ. કાલે આપણે હાર્યે ઉના જઈશું."

આમ આગ્રહ કરીને ભોજા ભગતે જોરા ભગતને રોકી લીધા.

બીજે દિવસે વહેલી સવારે બંને જણા નાહી-ધોઈ, પૂજા-પાઠ કરી તૈયાર થયા અને ઉના જવા માટે ઘોડા તૈયાર કર્યા.

ભોજા ભગતે પટારો ઊઘાડ્યો, એમાંથી બે હજાર રાળ ગણી બે મોટી કોથળીઓમાં ભર્યા અને ઘોડાની બેય બાજુ કોથળીઓ મજબૂત રીતે બાંધી દીધી.

એ જમાનામાં અઢી રૂપિયાનો એક રાળ થતો હતો. એટલે એ હિસાબે બે હજાર રાળ એટલે પાંચ હજાર રૂપિયા ગણાય. રૂપિયો ત્યારે ગાડાના પૈડાં જેવો મોટો ગણાતો. એ સમયના પાંચ હજાર રૂપિયા એટલે આજની દૃષ્ટિએ લાખો રૂપિયા ગણાય.

ભગવાન જેવા સાધુએ એમને સામેથી સેવા ચીંધી હતી. ભોજા ભગતના અંતરમાં આનંદ હતો.

ભગત આ અવસરને પોતાના ધન્ય ભાગ્ય અને ધન્ય ઘડી સમજતા હતા.

ભોજા ભગત અને જોરા ભગત સમઢિયાળાથી રવાના થયા અને કૂણા બપોરે ઉના ગણેશ શેઠને ત્યાં પહોંચ્યા.

ગણેશ શેઠ ભગવાન સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોના કૃપાપાત્ર હતા.

તેઓ ઉનાના નગરશેઠ હતા. એમના વેપાર-ધંધા ધમ-ધોકાર ચાલતા હતા. શેઠનો વ્યવહાર રાજા જેવો મોટો હતો. જૂનાગઢ રાજ્યના ઉના વિસ્તારના બાવન ગામના રાજભાગ ગણેશ શેઠના કોઠારમાં ઠલવાતા અને ત્યાંથી જૂનાગઢ નવાબ સાહેબને એ રાજભાગ મોકલવામાં આવતો.

જૂનાગઢના નવાબ સરકારની બાજુમાં શેઠની સોનાની ખુરશી પડતી.

વધારે મહત્ત્વની વાત તો એ હતી કે, ગણેશ શેઠે પોતાની આખી પેઢી લાલજીને કૃષ્ણાર્પણ કરી હતી અને પોતે લાલજી વતી લાલજીના વાણોતર તરીકે પેઢીનો વ્યવહાર સંભાળી રહ્યા હતા.

જોરા ભગતે સ્વામીનો કાગળ ગણેશ શેઠને આપ્યો. ગણેશ શેઠ પણ સ્વામીએ આવી સેવા ચીંધી એ બદલ પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગ્યા.

એમણે ભોજા ભગતને કહ્યું, ‘‘તમે, જો આજનો દિવસ રોકાઈ જાવ, તો આવતી કાલે હું પણ આપની સાથે સ્વામીએ કહ્યું છે, તે પ્રમાણે સેવા લઈને જૂનાગઢ આવીશ.’’

ભોજા ભગતનું મન સ્વામીના દર્શન માટે તલપાપડ થઈ રહ્યું હતું, એટલે એમણે કીધું, ‘‘શેઠ ! અમે સમજી શકીએ છીએ, તમારે પેઢીનો મોટો કારોબાર છે એટલે કામકાજ આટોપવામાં વાર લાગે પણ મારાથી રોકાઈ શકાય તેમ નથી. મારે જલદી સ્વામી પાસે પહોંચવું છે. તમે તમારી અનુકૂળતાએ જૂનાગઢ આવજો.’’

આમ કહી ભોજા ભગત જોરા ભગતને સાથે લઈ, મારતે ઘોડે જૂનાગઢ પહોંચ્યા, દેવના દર્શન કર્યા, સ્વામી પાસે ગયા, દંડવત્ પ્રણામ કર્યા અને બે હજાર રાળ ભરેલી કોથળીઓ સ્વામીના ચરણોમાં મૂકી દીધી.

સ્વામી બોલ્યા, “ભગત ! તમે બહુ મોટી સેવા લાવ્યા.”

ભોજા ભગતે કહ્યું, “સ્વામી ! આ બધું તો આપનું અને મહારાજનું આપેલું છે, મારું કાંઈ નથી.”

ભોજા ભગતનું આટલું મોટું સમર્પણ જોઈને સ્વામી અત્યંત રાજી થયા. ભોજા ભગતને ભેટ્યા અને બંને હાથ માથે મૂકી અંતરનો રાજીપો વ્યક્ત કર્યો અને બોલ્યા, “ભગત ! તમે ખરા વખતે કામ આવ્યા. અમે તમારી ઉપર ખૂબ રાજી થયા છીએ. તમારે જે માગવું હોય તે વરદાન માગો.”

ભોજા ભગતે કહ્યું, “સ્વામી ! મહારાજ અને આપના પ્રતાપે મારે ત્યાં ધન-ધાન્યની કોઈ કમી નથી. દોઢસો-દોઢસો ભગરી ભેંસો છે.દૂધ-દહીંની નદીઓ વહે છે.બીજી આવકનો પણ પાર નથી. માટે મારે આ લોકનું કાંઈ માગવું જ નથી.”

“તમારો રાજીપામાં મને બધું મળી ગયું. તમારામાં શ્રીજી મહારાજ અખંડ બિરાજે છે, તેથી તમે રાજી થાવ, એટલે શ્રીજી મહારાજ રાજી થયા એમ હું માનું છું.” “મારી એક જ માગણી છે કે મારા અંતરમાં મહારાજનું અખંડ અનુસંધાન રહે, એવી દયા કરજો, બીજુ કાંઈ મારે જોઈતું નથી.”

ભોજા ભગતની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીએ પોતાની પૂજા મંગાવી, પૂજામાંથી ભગવાન શ્રીહરિની એક ચક્ષુની મૂર્તિ અને શિક્ષાપત્રી ભોજા ભગતને આપી અને બોલ્યા, “લ્યો, ભગત ! અમે તમને આ ભગવાન દીધા!”

ભોજા ભગતે શિક્ષાપત્રી અને મહારાજની મૂર્તિ આંખ-માથા ઉપર ચડાવી અને બોલ્યા, “સ્વામી ! તમે તો મને મૂર્તિ રૂપી ચિંતામણિ આપી અને ન્યાલ કરી દીધો.” ગુણાતીતાનંદ સ્વામીનો અઢળક રાજીપો મેળવી ધન્ય ધન્ય થઈ ગયેલા ભોજા ભગત એક-બે દિવસ જૂનાગઢ રોકાયા, પછી સ્વામીની રજા લઈને સમઢિયાળા ગયા.

## સમાગમ કરવા જૂનાગઢ આવો

ભગવાન સ્વામિનારાયણ ધામમાં ગયા પછી ગુણાતીતાનંદ સ્વામી શ્રીહરિની ઈચ્છાથી વર્ષો સુધી પૃથ્વી ઉપર રહ્યા હતા અને ભગવાન શ્રીહરિની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી હતી.

સ્વામી હવે ધીરે ધીરે આ લોકમાંથી વૃત્તિ સંકેલીને ધામમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. ધામમાં જતાં પહેલા તેઓ ઉત્તમ મુમુક્ષુઓના અંતરમાં શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનાનું અમૃત પેટ ભરીને પાઈ દેવાની ઈચ્છા રાખતા હતા.

ઉત્તમ મુમુક્ષુઓને સ્વામી સામેથી સમાગમ કરવા બોલાવતા અને પોતાનો અંતરનો હૃદગત અભિપ્રાય એમના હૃદયમાં રેડી દેતા.

વિ. સં. ૧૯૨૧ ની સાલ હતી. સ્વામીએ સમઢિયાળા ભોજા ભગત અને ઉનાના વલ્લભજી શેઠને કાગળ લખ્યો, “તમે બંને જણા સમાગમ કરવા માટે જૂનાગઢ આવો.” સ્વામીનો કાગળ મળ્યો પણ બંનેના વ્યવહાર મોટા હતા એટલે નીકળી ન શક્યા.

સ્વામીએ બીજો કાગળ લખ્યો, છતાં પણ બેમાંથી એકેય આવી શક્યા નહિ.

આખરે સ્વામીએ ત્રીજો કાગળ લખ્યો, “બધા કામ પડતા મેલો, સમાગમ કરવા આવી જાવ, આવો જોગ પાછો નહિ મળે. પાછળથી પસ્તાશો અને રોવું પડશે.”

સ્વામીનો ત્રીજો પત્ર આવ્યો એટલે ભોજા ભગત એકદમ જૂનાગઢ આવવા તૈયાર થઈ ગયા પણ વલ્લભજી શેઠ નીકળી શક્યા નહિ.

ભોજા ભગત જૂનાગઢ પહોંચ્યા. સ્વામીના દર્શન કર્યા.

સ્વામીએ ભોજા ભગતને મર્મમાં કહ્યું, “ત્રણ કાગળ લખ્યા પછી આવ્યા, માટે ત્રણ મહિના રોકાઈને સમાગમ કરવો પડશે.”

ભોજા ભગતને મનમાં થયું, “મારાથી ત્રણ મહિના કેમ રોકાવાશે ?”

સ્વામી અંતર્યામીભાવે એનો સંકલ્પ જાણી ગયા અને બોલ્યા, “ત્રણ મહિના નહિ તો બે મહિના રોકાજો.”

વળી ભગતને થયું, “બે મહિના પણ કેમ રોકાવાશે.”

સ્વામીએ પાછુ અંતર્યામીભાવે કહ્યું, “વાંધો નહિ, એક મહિનો રોકાજો.”

ભોજા ભગતને મનમાં થયું, “એક મહિનો પણ વધારે પડતો કહેવાય.”

સ્વામી હસવા માંડ્યા અને બોલ્યા, “જીવને માયાનો જબરો વળગાડ છે. જે છૂટવો કઠણ છે. લ્યો મૂંઝાવ મા, પંદર દિવસ રોકાજો. હવે, બીજો સંકલ્પ કરતા નહિ.”

ભોજા ભગતે કહ્યું, “ભલે, સ્વામી , જેવી આપની આજ્ઞા.”

સ્વામીએ પૂછ્યું, “ભગત ! વલ્લભજી શેઠ કેમ ન આવ્યા ?”

ભોજા ભગતે કહ્યું, "સ્વામી ! એને ભાવ તો ખૂબ હતો પરંતુ કામકાજ ખૂબ હતા, એટલે નીકળી શક્યા નહિ."

સ્વામી કહે, "આ જીવ આખી જિંદગી ઢસરડાં કરીને મરી જાય તોય કામકાજ થોડા ખૂટવાના છે, કામકાજ તો ગમે ત્યારે થશે, આવો સમાગમ ક્યાંથી મળશે?" ભોજા ભગતે કહ્યું, "સ્વામી ! આપની વાત ખરી છે. પણ અમને સંસારીઓને માયા જલ્દી છૂટતી નથી."

ભોજા ભગત પંદર દિવસ જૂનાગઢ રોકાયા.સ્વામીનો ખૂબ સમાગમ કર્યો.

સ્વામીએ પણ સાંખ્યજ્ઞાનની વાતો કરીને ભોજા ભગતના હૃદયમાંથી માયાના બધા જ રહ્યા સહ્યા ભાવ ટાળી નાખ્યા.

હવે એમને સંસારની કોઈ ઉપાધિ બાધ કરી શકે એમ નહોતી.

મહારાજ જનકે યોગેશ્વરોને કહ્યું હતું કે, "**मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किंचन**" આ મિથિલા નગરી સળગે છે, તેમાં મારું કાંઈ સળગતું નથી. જે મારું છે એને અગ્નિ બાળી શકે તેમ નથી અને જે મારું નથી એ સળગ્યા સિવાય રહેવાનું નથી.

ગુણાતીતાનંદ સ્વામીના જોગથી ભોજા ભગત જનક જેવા જ વિદેહી થયા હતા. સાથોસાથ એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી નિશ્ચય થયો હતો અને અંબરીષ રાજાના જેવી એકાંતિકી ભક્તિ જાગી હતી.

સ્વામી જેવા મહાપુરુષનો સમાગમ કરવાથી ભોજા ભગત છતે દેહે બ્રહ્મરૂપ થઈ મહારાજની ભક્તિ કરનારા થયા હતા.

## નાશવંત પદાર્થનો શોક શું કરવો ?

ભોજા ભગતના સાંખ્યજ્ઞાનની કસોટી થાય એવો એક પ્રસંગ ઊભો થયો.

ભોજા ભગતે પોતે નવાબ પાસેથી ઈજારે રાખેલ સમઢિયાળામાં ખેડૂતો પાસે મોટા પાયા ઉપર કપાસ વવડાવ્યો હતો. કપાસ ખૂબ સારો થયો હતો.

ભોજા ભગત ચરખા રાખીને કપાસને લોઢાવતા હતા અને લોઢાયેલા રૂનો ઢગલો એકબાજુ કરાવતા હતા.

એમાં એક દિવસ કોણ જાણે શું થયું કે, "રૂના ઢગલામાં આગ લાગી; પરંતુ મહારાજે રક્ષા કરી તેથી વધારે નુકસાન ન થયું."

આ અરસામાં ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો સ્વામી માધવચરણદાસજી

અને સ્વામી કૃષ્ણચરણદાસજી પાટીમાણસામાં બિરાજતા હતા.

તેઓને આ દુર્ઘટનાની ખબર પડી એટલે બંને સંતો સમઢિયાળા ભોજા ભગત પાસે આવ્યા અને આશ્વાસન આપવા લાગ્યા.

ભોજા ભગત બોલ્યા, ''સ્વામી ! મહારાજે રક્ષા કરી છે. બહુ નુકસાન થયું નથી, બીજું મહારાજની દયાથી મારે સારો એવો પુત્ર-પરિવાર છે, હાથણીઓ જેવી દોઢસો-દોઢસો ભેંસો છે અને લાખોની ઊઘરાણી છે.

ભગવાનની ઈચ્છા હોય અને આ બધું નાશ થઈ જાય તોય મારું રૂંવાડુંય ફરકે નહિ, એવું સાંખ્યજ્ઞાન મને ગુણાતીતાનંદ સ્વામીએ પીવડાવ્યું છે. માટે નાશવંત પદાર્થનો શોક શું કરવો ?''

ભોજા ભગતની વાત સાંભળીને સંતોને ભોજા ભગતનો ભારે મહિમા સમજાયો.

ભોજા ભગતની આવક જબરી હતી. તેઓ નિયમિત રીતે પોતાની આવકનો દશમો ભાગ જૂનાગઢ રાધારમણદેવને મોકલતા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું વચન એજ એમનું જીવન હતું.

# બારપટોળીના કાળુ વાવડીયા

વર્ષો પહેલાની વાત છે. બાબરિયાવાડમાં આહિરોની વસ્તી હતી. બાબરિયાવાડના નવ ગામ આહિરોના ગરાસના ગામ હતા.

આ કોમ ભારે શૂરવીર હતી, પરંતુ એમાં વહેમ અને અંધશ્રદ્ધા ભરપૂર હતા.

આહિરો 'આઈ સવાઈ' માતાજીને માનતા, નવરાત્રિના સમયમાં આહિરોની નાત ભેળી થતી. માતાજીના પૂજનમાં અઢાર-અઢાર પાડાઓ વધેરવામાં આવતા છતાં પ્રસાદ માટે લાકડીઓ ઉડતી !

આ અંધશ્રદ્ધાળુ અને પકડ્યું મૂકે નહિ એવી આ કોમને સમજાવીને સારે માર્ગે વાળવી એ લગભગ અશક્ય જેવું હતું. પરંતુ ભગવાન સ્વામિનારાયણના સંતોએ એ અશક્ય કામ શક્ય કર્યું હતું.

કૃપાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી બાબરિયાવાડમાં ખૂબ ફર્યા. આ સંતોનો અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ જોઈને બાબરિયાવાડના આહિરોમાં સત્સંગ થયો. એમનામાં શ્રદ્ધા તો ભરપૂર હતી જ. હવે, એ શ્રદ્ધાને સાચી દિશા મળી. હવે એ શ્રદ્ધા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિ તરફ વળી.

આહિરોમાં જ્ઞાન ઓછું, પરંતુ એમનો સત્સંગ શૂરવીરતાનો સત્સંગ કહેવાય. આહિરો પ્રેમના દરિયા કહેવાય. સાધુ-સંતોને ભાળે એટલે ભગવાન ભાળ્યા હોય એવો એમને આનંદ થાય.

આહિર ભક્તોને મોટા સંતોના વચનમાં પૂર્ણ વિશ્વાસ. પોતે કાંઈ સમજે કે ન સમજે પરંતુ સ્વામી બોલે એટલે એમને માટે ભગવાન બોલ્યા.

ખરેખર, આ આહિરોનો સત્સંગ ગોકુળ-વૃંદાવનના આહિરોની યાદ અપાવે એવો હતો. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના જોગથી બારપટોળીના આહિર કાળુ વાવડીયા મહાન ભક્ત થયા હતા.

કાળુ વાવડીયાએ કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને પોતાને ત્યાં ચાર-ચાર મહિના સુધી રાખીને સમાગમ કર્યો હતો.

મોટા સદ્‌ગુરુઓના જોગથી કાળુ વાવડીયા મહારાજનો યથાર્થ મહિમા સમજતા હતા અને માથા સાટે સત્સંગ રાખતા હતા.

## રાળની કોથળીનું અનોખુ રક્ષણ

મહારાજ અને મોટા સંતોની કૃપાથી કાળુ વાવડીયાનો વ્યવહાર ખૂબ સારો હતો. આહિરોની નાતમાં તે પૈસાદાર અને મોભાદાર ગણાતા હતા.

કાળુ વાવડીયા અવાર નવાર સંઘ લઈને ગઢપુર મહારાજને દર્શને જતા. સંઘમાં જેને ભાતાની સગવડતા ન હોય, એને ભાતુ બંધાવતા, વાટ-ખર્ચી ન હોય, એને વાટ-ખર્ચી આપતા.

એક સમયે કાળુ વાવડીયા સંઘ લઈને ગઢપુર જઈ રહ્યા હતા. એ સમયે નાણામાં રાળનું ચલણ હતું.

કાળુ વાવડીયાએ વાટ-ખર્ચી માટે રાળની કોથળી ભરી સાથે લીધી હતી અને ખંભાના ખડિયામાં કોથળી રાખી હતી.

કાળુ ભગત સંઘ સાથે ચાલ્યા જતા હતા. રસ્તામાં સતાપરી નદી આવી. નાહી-ધોઈ પૂજા-પાઠ કરી ટીમણ માટે સંઘ નદીને કાંઠે રોકાયો. પ્રાતઃવિધિ પતાવી સંઘ ચાલતો થયો. બનવા જોગ એવું બન્યું કે, રાળ ભરેલી કોથળી ભગત નદીને કાંઠે જ ભૂલી ગયા! ગઢપુર ગયા પછી કાળુ ભગતને ખ્યાલ આવ્યો કે, રાળની કોથળી તો નદીને કાંઠે જ રહી ગઈ. રાળ ખોવાયા એટલે ભગત ઉદાસ થઈ ગયા.‘હવે મહારાજને ચરણે શું ધરવું? એવી એને મૂંઝવણ થઈ.’

કાળુ વાવડીયાએ મન વાળ્યું, “જેવી મહારાજની મરજી !”

તેઓ સંઘના મનુષ્યોને સાથે લઈ મહારાજના દર્શને આવ્યા.

મહારાજે કાળુ વાવડીયાને કહ્યું, “ભગત ! કેમ ઉદાસ દેખાવ છો ?”

કાળુ વાવડીયાએ સઘળી હકીકત જણાવી.

મહારાજે કહ્યું, “ભગત ! મૂંઝાવ મા, બે જણાને મોકલો અને રાળની કોથળી શોધી આવે.” કાળુ વાવડીયા બોલ્યા, “મહારાજ ! રસ્તાનો કાંઠો હતો, ભેંસોનું ખાડુ બેઠું હતું, માણસોની સારી એવી અવર-જવર હતી. હવે ત્યાં કોથળી ક્યાંથી હોય ?” મહારાજે મર્મમાં કહ્યું, “ભગત ! ભગવાનને રાખવી હોય તો ગમે એમ કરીને રહી જાય. તમે માણસોને મોકલો તો ખરા !”

કાળુ વાવડીયાને વિશ્વાસનું અંગ હતું. એમણે બે જુવાનીયાઓને કોથળી ગોતવા મોકલ્યા.

હવે આશ્ચર્યકારક ઘટના એવી બની હતી કે, કોથળી ઉપર કોઇ હાથણી જેવી ભેંસે પોદળો કરેલો. ભેંસના મોટા પોદળાના છાણમાં કોથળી દટાઇ ગઈ હતી પણ એનું મોઢું બહાર દેખાતું હતું.

જુવાનીયાઓએ થોડી શોધ-ખોળ કરી ત્યાં અનોખી રીતે રક્ષાયેલી રાળની કોથળી હાથમાં આવી ગઇ. એમના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

જુવાનીયાઓએ પાછા આવી, કોથળી કાળુ વાવડીયાને આપી, બધી હકીકત જણાવી. કાળુ વાવડીયાએ મહારાજ પાસે આવી બધી વાત કરી અને કહ્યું, ‘‘મહારાજ ! આ તો તમે કૃપા કરી કોથળી બચાવી, નહિતર આ રીતે પોદળામાં કોથળી ઢંકાઇ જાય અને સુરક્ષિત રહી જાય, એ કેમ બને !’’

કાળુ વાવડીયાએ સંતોને રસોઇ આપી અને સો રાળ મહારાજને ચરણે ધર્યા.

## રાણ્ય ભેંસ ભગવાનને અર્પણ

થોડીવાર પછી મહારાજ બોલ્યા, ‘‘કાળુ ભગત ! અહીં દાદા ખાચરને ત્યાં હમણાં દુઝાણાની થોડી ખેંચ છે એટલે અમારે એક ભેંસ લેવી છે. પણ જોજો હો ધર્માદાની નથી જોઇતી, વેચાતી લેવી છે. પણ ભેંસ સારી,ઘાટીલી, કુંડલા વળી ગયેલા શિંગડાવાળી હોવી જોઇએ.’’

મહારાજ આમ વાત કરી રહ્યા હતા, એ વખતે સભામાં બારપટોળીના આહિર દેશુર બેઠા હતા. એમનું શરીર ભારે ઘાટીલું હતું. પડખે આલો સુતાર બેઠા હતા. એનું શરીર કાઠાળું હતું.

મહારાજે એ બંનેની સામે આંગળી ચીંધીને રમૂજમાં કહ્યું, ‘‘કાળુ ભગત! ભેંસ આ દેશુર ભગત જેવી ભારે ઘાટીલી અને આલા સુતાર જેવી કાઠાળી હોવી જોઇએ.’’ કાળુ વાવડીયા વિચારવા લાગ્યા, ‘મહારાજ ભેંસનું જેવું વર્ણન કરે છે એવી તો મારી રાણ્ય ભેંસ છે.’

એમણે બે જુવાનીયાઓને સાનમાં સમજાવીને ભેંસ લેવા મોકલી દીધા અને મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! આપ કહો છો, એવી ભેંસ થોડા દિવસમાં આવી જશે !’’

કાળુ વાવડીયા ગઢપુર રોકાયા. થોડા દિવસમાં જુવાનીયાઓ ભેંસ લઇને આવી ગયા. કાળુ વાવડીયાએ ભેંસ મહારાજને ચરણે અર્પણ કરી.

મહારાજે કહ્યું, ‘‘ભગત ! અમારે મફતમાં ભેંસ જોઇતી નથી.’’

કાળુ વાવડીયાએ કહ્યું, "મહારાજ ! મારે કિંમત લેવી નથી, ભેંસનું દૂધ તમારા થાળના કામમાં આવે એટલે મારો અને ભેંસનો બેયનો જન્મારો સુધરી જાય." કાળુ વાવડીયા ના પાડતા રહ્યા, તો પણ મહારાજે સો રૂપિયા કાળુ વાવડીયાને આપ્યા.

કાળુ વાવડીયાએ એ પ્રસાદીના રૂપિયાને માથે ચડાવી પાછા મહારાજના ચરણે ધરી દીધા અને કહ્યું, "મહારાજ ! લ્યો, આ અમારા તરફથી ભેટ."

મહારાજે ઘણી આના-કાની કરી પણ કાળુ વાવડીયા માન્યા નહીં.

કાળુ વાવડીયાની સમજણ અને સમર્પણ અનોખા હતા.

## જીવનભર ગોળ હરામ

દાદા ખાચરની જાન લઈને મહારાજ ભટ્ટવદર પધાર્યા ત્યારે જાનનો બધો વહીવટ કાળુ વાવડીયાએ સંભાળ્યો હતો.

જાન જ્યારે ભટ્ટવદરથી પાછી વળી ત્યારે કાળુ વાવડીયા હિસાબ-કિતાબ પતાવવા માટે ભટ્ટવદર રોકાયા હતા. એમણે પોતાના ભાઈ લોમા વાવડીયાને ભલામણ કરી કે, "જાનના ગાડાંઓને બારપટોળીને પાદર ઊભા રાખજે અને ગાડાના બળદોને ગોળ ખવડાવજે."

લોમા વાવડીયાએ હા યે હા કરી પરંતુ લોભિયો સ્વભાવ હોવાથી ગાડાં ઊભા ન રખાવ્યાં.

કાળુ વાવડીયાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે કાળુ વાવડીયાએ લોમા હારે બોલવું હરામ કર્યું અને આખી જિંદગી ગોળ નહિ ખાવાનું નિયમ લીધું.

## દુકાળમાં સાધુઓને સાચવ્યા

વિ.સં.૧૮૮૧ ની સાલમાં દુષ્કાળના કપરા દિવસો હતા, છતાં પણ કાળુ વાવડીયાએ મહારાજને વિનંતી કરી હતી કે, "મહારાજ ! અમારા વિસ્તારમાં સત્સંગને લીલો રાખવા માટે સાધુ મોકલો."

કાળુ વાવડીયાના આગ્રહથી મહારાજે કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને રામાનુજાનંદ સ્વામી દસબાર સાધુઓને બારપટોળી વગેરે ગામોમાં સત્સંગીઓને સુખ દેવા માટે મોકલ્યા હતા.

દાણા-પાણીની તાણ હતી, છતાં પણ કાળુ વાવડીયાએ સંતોને ચાર ચાર મહિના ભાવથી સાચવ્યા હતા.

# હામાપરના કરસન બાંભણીયા

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ નદી ઓઝતને કિનારે ગોરવિયાળી ગામ આવેલું છે. ઓઝત નદીનો આરંભ આ ગામની સીમમાંથી થાય છે.

આ ગામમાં આહીર જ્ઞાતિના કરસન બાંભણીયા, કણબી જ્ઞાતિમાં સુહાગીયા ભગો-મૂળો અને ભાયો, સાવલિયા રૂડો અને હીરો વગેરે કેટલાક હરિભક્તો રહેતા હતા. એકવાર ભગવાન સ્વામિનારાયણ ગોરવિયાળી પધાર્યા હતા અને ઓઝત નદીમાં સ્નાન કર્યું હતું.

આ ગામ માથાભારે ચારણોનું ગામ હતું, એમણે ગામની કેટલીક ઉતાર બાઈઓને મહારાજ અને સાધુઓને હેરાન કરવા મોકલી હતી.

આ જોઈને મહારાજે હરિભક્તોને કહ્યું, ‘‘ભક્તો આ ગામ કુગ્રામ છે, માટે અમારા હરિભક્તોએ આ ગામમાં ન રહેવું.’’

મહારાજની આજ્ઞાને શિરોધાર્ય કરીને કરસન બાંભણીયા અમરેલી જિલ્લામાં બગસરાની પાસે હામાપર રહેવા ગયા હતા અને બાકીના હરિભક્તો પીઠવડીમાં જઈને વસ્યા હતા.

કરસન બાંભણીયા શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુઓના કૃપાપાત્ર હતા.

કરસન બાંભણીયાને પાંચ પુત્રો હતા. એમાંથી નાના પુત્રનું નામ પાંચો હતું. પાંચાની પંદર વર્ષની ઉંમર હતી.

એકવાર કરસન બાંભણીયા પાંચાને લઈને મહારાજના દર્શન માટે ગઢડા ગયા.

મહારાજે કરસન બાંભણીયાને કુશળ સમાચાર પૂછયા, ‘‘કેમ કરસન ભગત ! નવા ગામમાં ફાવે છે ને ?’’

કરસન બાંભણીયાએ કહ્યું, ‘‘હા, મહારાજ ! આપની કૃપાથી બધું બરાબર ગોઠવાઈ ગયું છે, આપ જેવા ધ્યાન રાખનારા ધણી બેઠા છે, પછી અમારે શું ચિંતા કરવાની હોય ?’’

કરસન ભગતની વાત સાંભળી મહારાજ ખૂબ જ રાજી થયા.

મહારાજના દર્શન કરી કરસન ભગત ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને હાથ જોડી વિનંતી કરતા કહ્યું, ‘‘સ્વામી ! આ મારા પાંચાને તમે અહીં થોડો સમય રાખો, એને થોડું ભણાવો, જેથી એને શિક્ષાપત્રી અને વચનામૃત વાંચતા આવડી જાય. ભણવાની સાથે સાથે આપ કહેશો, તે સેવા પણ કરશે.’’

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ‘‘ભલે, ભગત ! અમે પાંચાને સાચવીશું અને ભણાવીશું.’’

આમ પાંચાને સ્વામી પાસે મૂકી કરસન ભગત હામાપર ગયા.

એવામાં એક પ્રસંગ બન્યો. માંડવધારના સીમાડે દાદા ખાચરનું એક તકરારીયું ખેતર હતું. ભડલીના ભાણ ખાચર અને દાદા ખાચર વચ્ચે આ ખેતરની માલિકી માટે વિવાદ  ચાલતો હતો.

ભાણ ખાચરની ઉશ્કેરણીથી આરબ જમાદાર ખબડ અને મતારાએ ખેતરનું રક્ષણ કરી રહેલા પાર્ષદો ઉપર હુમલો કર્યો.

આ વાતની ગઢપુરમાં ખબર પડતાં મહારાજના પાર્ષદો હથિયારો સજ્જ કરી ખેતર તરફ દોડ્યા.

ભીમ ડાભીએ પાંચાને કહ્યું, ‘‘એલા, પાંચા ! આવા ધીંગાણા ટાણે આહિરનો દીકરો થઈ, શું હાથ જોડીને બેઠો છો ? હાલ હાર્યે.’’

ભીમ ડાભીના કહેવાથી પાંચાને શૂરાતન ચડ્યું અને એ પણ બંદૂક લઈને ધીંગાણે ઉપડ્યો.

વીર ભગુજીની આગેવાની નીચે પાર્ષદોની જીત થઈ, ખબડ-મતારો મરાણા.

આ ધીંગાણામાં કેટલાક પાર્ષદો ઘવાયા હતા. ખુદ વીર ભગુજીને જનોઈવઢ ઘા પડ્યો હતો અને પાંચો પણ બંધુકની જામગરી ચાંપતા ઘવાયો હતો.

ગઢપુરમાં બધા જ પાર્ષદોને પાટા-પીંડી કરવામાં આવ્યા.

ગોપાળાનંદ સ્વામીએ ભીમ ડાભીને ઠપકો દીધો, ‘‘તું આ કાચી ઉંમરના છોકરાને ધીંગાણે શા માટે લઈ ગયો ? એ પારકી થાપણ છે. એને કાંઈક થઈ ગયું હોત તો ?’’

ભીમ ડાભી બોલ્યા, ‘‘સ્વામી ! મારી ભૂલ થઈ.’’

પાંચાએ કહ્યું, ‘‘સ્વામી ! એમાં ભીમ ડાભીનો વાંક નથી. હું આહિરનો દીકરો છું, આવે ટાણે બેઠો રહું, તો દાદા ખાચરના રોટલા ખાધા તે એળે જાય અને આવા કામમાં કદાચ મોત મળ્યું હોત, તોપણ મને વાંધો નહોતો.’’ પાંચાની શૂરવીરતા

અને સમજણ જોઈને ગોપાળાનંદ સ્વામી ખૂબ જ રાજી થયા.

એમણે પાંચાને માથે હાથ મેલી આશીર્વાદ આપતા બોલ્યા, ‘‘પાંચા ! તું થોડા સમયમાં સાજો-નરવો થઈ જશે અને તારું નામ પાંચો છે તો મહારાજ તને એકસોને પાંચ વર્ષની આવરદા આપશે. તારે તો હજી સત્સંગમાં ખૂબ સેવા કરવાની છે.’’

આ બાજુ હામાપરમાં કરસન બાંભણીયાને ખબર પડી કે, પાંચો ધીંગાણામાં ઘવાયો છે. એટલે તેઓ મારતી ઘોડીયે ગઢપુર પહોંચ્યા. એમણે રસ્તામાં સંકલ્પ કર્યો કે, ‘‘જો પાંચો જીવતો રહી જાય, તો મારે એને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીની સેવામાં સોંપી દેવો.’’

કરસન બાંભણીયાએ ગઢપુર આવી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીના દર્શન કર્યા.

સ્વામીએ કહ્યું, ‘‘કરસન ભગત ! ચિંતા કરશો નહિ. તમારા છોકરાને અમે એકસોને પાંચ વર્ષ જીવવાનું વરદાન આપ્યું છે.’’

કરસન ભગત બોલ્યા, ‘‘સ્વામી ! પાંચાને આપના હાથમાં સોંપ્યો પછી ચિંતા તો શેની હોય ? આ તો માવતરનો જીવ એટલે દોડીને આવવાનું મન થયું.’’

મહારાજની કૃપા અને સ્વામીના આશીર્વાદથી પાંચો સાવ સાજો થયો.

પોતાના સંકલ્પ પ્રમાણે કરસન ભગતે એમને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીની સેવામાં સમર્પી દીધો. સ્વામીએ એને પાર્ષદી દીક્ષા આપી ‘પાંચા ભગત’ નામ રાખ્યુ.

પાંચા ભગતે વર્ષો સુધી સ્વામીની અનુવૃત્તિમાં રહીને જૂનાગઢ મંદિરની સેવા કરી. સ્વામીએ જ્યારે બગસરાનું મંદિર બંધાવ્યું ત્યારે પાંચા ભગતને બગસરા મંદિરની સેવા-પૂજા અને દેખરેખ માટે મૂક્યા હતા.

પાંચા ભગતના સમાગમથી બગસરાના સત્સંગને ખૂબ જ બળ મળ્યું હતું.

## દુકાળમાં દાગીના કૃષ્ણાર્પણ કર્યો

કરસન બાંભણીયા મહાન ભક્તરાજ હતા. તેઓ હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વ ક્રિયામાં મહારાજની મૂર્તિને સંભારતા હતા.

જૂનાગઢથી સંતો જ્યારે ગામડાંઓમાં વિચરણ કરવા જતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી સંતોને ભલામણ કરીને કહેતા કે, ‘‘કેટલાકને દર્શન દેવા જાવું અને કેટલાકના દર્શન કરવા જાવું. હામાપરના કરસન ભગત દર્શન કરવા જેવા હરિભગત છે. ’’

કરસન ભગત અવાર-નવાર જૂનાગઢ સ્વામીના સમાગમ માટે જતા હતા અને આગ્રહ કરીને સ્વામી અને સંતોને હામાપર લઈ આવતા હતા.

કરસન ભગત ખાધે-પીધે સુખી હતા. તેઓનો વ્યવહાર ખૂબ મોટો હતો, મોટી ખેતી હતી. ગાયો-ભેંસો વગેરે માલ-ઢોરનો પાર નહોતો. એમને ત્યાં અનેક માણસો કામ કરનારા હતા. પરંતુ તેઓ જળમાં કમળ રહે એમ નિર્લેપભાવે સંસારમાં રહેતા હતા. ભગવાન સ્વામિનારાયણના એકાંતિક ગૃહસ્થ ભક્તોની આ વિશિષ્ટતા હતી. શ્રીહરિની કૃપા અને સમર્થ સદ્‌ગુરુઓના સમાગમથી એક નહીં અનેક ભક્તો જનક, અંબરીષ કરતાંય ઊંચી સ્થિતિને પામ્યા હતા.

કરશન ભગત વર્ષો વર્ષ એક ખાંડી બાજરો જૂનાગઢ મોકલતા.

એવામાં એકવાર વર્ષ નબળું આવ્યું. ચારે બાજુ દુષ્કાળની અસર વર્તાવા માંડી. કરસન બાંભણીયાના મનમાં થયું કે, ‘‘આવા નબળા વર્ષમાં મારો ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મંદિરનો નિભાવ કઈ રીતે કરતા હશે ? મારે આવા કપરા કાળમાં સ્વામીને મદદ કરવી જોઈએ.’’

આમ વિચારી કરસન ભગતે ઘરના ઘરેણાંઓનો ડબરો ભર્યો, જૂનાગઢ ગયા અને સ્વામીના ચરણમાં ડબરો મૂક્યો.

સ્વામીએ પૂછ્યું, ‘‘ભગત ! આ શું લાવ્યા ?’’

કરસન ભગતે કહ્યું, ‘‘સ્વામી ! આ ડબરામાં દાગીના છે. વર્ષ નબળું છે. મંદિરના વ્યવહારના નિભાવ માટે આ ઘરેણાં હું આપને અર્પણ કરવા લાવ્યો છું.’’

સ્વામીએ કહ્યું, ‘‘પણ, કરસન ભગત ! તમારો પરિવાર ખૂબ મોટો છે. તમારે ઢોર-ઢાંખર પણ ઘણા છે. આ બધું અમને આપી દેશો, તો તમારો નિભાવ કેમ થશે ? માટે તમે ઘરેણાં પાછા લઈ જાવ.’’

કરસન ભગતે કહ્યું, ‘‘સ્વામી ! મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે, તે પ્રમાણે મેં આખુ વર્ષ ચાલે એટલું અનાજ કોઠીમાં ભરી રાખ્યું છે અને ઢોર-ઢાંખર માટે ઘાસ-ચારાનો પણ સંગ્રહ કરી રાખ્યો છે. માટે મારી ચિંતા કર્યા સિવાય આપ આ સેવા સ્વીકારી લ્યો.’’

ભગતે વિનંતી કરી પણ સ્વામી માન્યા નહિ, એટલે ભગતની આંખોમાં આંસુડાં આવી ગયા.

ભગતને વધારે પડતાં કોચવાતા જોઈને સ્વામીએ ઘરેણાંનો ડબરો લઈ લીધો અને કોઠારમાં એક બાજુ રખાવી દીધો.

કરસન ભગત રાજી થઈને હામાપર ગયા.

બીજું વર્ષ સારું થયું, એટલે સ્વામીએ પેલો દાગીનાનો ડબરો આગ્રહ કરીને ભગતને પાછો આપ્યો.

આટલું મોટું સમર્પણ કરનાર કરસન ભગતની શ્રદ્ધાને ધન્ય છે અને આટલું મોટું દાન પાછું ઠેલનાર સ્વામીને પણ હજારો હજાર વંદન છે. મોટા પુરુષોમાં ધર્મને નામે પણ સ્વાર્થનું નામો-નિશાન હોતું નથી.

## કરશન બાંભણીયાના બળદનું કલ્યાણ

હામાપરમાં એક ભાવિક કુંભાર રહેતો હતો. જ્યારે જ્યારે સ્વામી અથવા સંતો હામાપર કરસન ભગતને ઘેર પધારતા ત્યારે કરસન ભગત એ કુંભારને પાણી ભરવા તેડાવતા અને કુંભાર પણ ભારે હોંશથી એ સેવા કરતો.

કરસન બાંભણીયાને ત્યાં એક બળદ હતો. બળદ સાવ સોજો-સારો હતો. પૂર્વ ભવના કઠણ કર્મોના થરને કાપવા માટે જ જાણ્યે ભગવાને એને કરસન ભગતને ત્યાં મોકલ્યો હતો !

જ્યારે જ્યારે સ્વામી હામાપર બાજુના ગામડાંઓમાં વિચરણ કરવા પધારતા ત્યારે સ્વામીના એકાગાડીમાં આ બળદને જોડવામાં આવતો. આ બળદ ઉપર સ્વામી જેવા મહાન સંતની કૃપાદૃષ્ટિ થઈ હતી.

સાધારણ જીવને પણ બ્રહ્મરુપ કરી નાખે એવી આ દૃષ્ટિના પ્રતાપે બળદ જેવા આ પામર પશુનું કામ થઈ ગયું હતું.

બળદનો અંત સમય આવ્યો ત્યારે સાક્ષાત્ ભગવાન શ્રીહરિ બળદને તેડવા આવ્યા.

આ સમયે મહારાજે કૃપા કરીને પેલા સેવાભાવી કુંભારને દિવ્ય દર્શન દીધા.

રાત્રિનો સમય હતો. મહારાજ ધોળા હાથી ઉપર બિરાજમાન થયા હતા. સાથે અનેક સંતો હતા અને બધા કરસન બાંભણીયાના ઘર તરફ જતા હતા.

કુંભારના મનમાં થયું, “અરે ! જ્યારે જ્યારે કરસન ભગતને ત્યાં સંતો પધારે છે ત્યારે ત્યારે મને અચૂક પાણી ભરવા માટે બોલાવે છે. આજે કેમ ન બોલાવ્યો ? ” આમ વિચારી કુંભાર દોડતો ભગતને ઘેર પહોંચ્યો.

કરસન ભગત ફળિયામાં ખાટલા ઉપર બેસી માળા કરી રહ્યા હતા. મહારાજ કે સાધુ ક્યાંય દેખાતા નહોતા.

કુંભારે ભગતને પૂછ્યું, “ભગત ! હમણાં મહારાજ અને સાધુ અહીં આવ્યા હતા તે ક્યાં ગયા ?”

ભગતે આશ્ચર્યથી કુંભારની સામે જોયું અને બોલ્યા, “તું શું કહે છે ? અહીં તો કોઈ આવ્યું નથી.”

કુંભારે કહ્યું, ‘‘પણ, મેં હમણાં જ ધોળા હાથી ઉપર બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ અને કેટલાય સંતોને તમારા ઘર તરફ આવતા સગી આંખે જોયા એનું શું ?’’

કરસન ભગતને અચાનક કંઈક યાદ આવ્યું અને બોલ્યા, ‘‘મને લાગે છે કે, મારો બળદ માંદો હતો, તો મહારાજ એને તેડવા તો નથી આવ્યા ને ? ચાલ તપાસ કરીએ.’’

ભગતે હાથમાં દીવો લીધો, બેય જણા ફરજામાં ગયા અને જોયું તો, ખરેખર બળદે દેહ મેલી દીધો હતો.

આવી દિવ્ય ઘટના નજરો-નજર નિહાળીને કુંભારને સત્સંગનો ભારે મહિમા સમજાયો. એણે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા અને સત્સંગી થયો.

## નાના માણસની મોટી વાત !

એકવાર કેટલાક સંતો ગામડાંઓમાં ફરતાં ફરતાં અમરેલી પધાર્યા હતા. કુંભાર પણ કંઈક કામ પ્રસંગે અમરેલી આવ્યો હતો. તે સંતોના દર્શન કરવા મંદિરે આવ્યો.

એ જ સમયે અમરેલીના કેટલાક શેઠીયાઓ પણ સંતોના દર્શને આવ્યા હતા.

એ જમાનામાં લોકો સોના-ચાંદી જેવી કિંમતી વસ્તુ કે રૂપિયાને કોથળીમાં મૂકી કેડે બાંધતા અથવા તો માથાની પાઘડીમાં રાખતા.

પેલા શેઠીયાઓમાંથી એક શેઠીયાએ પોતાની પાઘડીમાં સોનાની ગીની રાખી હતી. સંતોને પગે લાગવા એણે માથેથી પાઘડી ઉતારી ત્યારે એના ધ્યાન બહાર ગીની નીચે પડી ગઈ.

શેઠીયાઓએ થોડીવાર સંતો સાથે સત્સંગ કર્યો પછી વિદાય લીધી. સંતો પણ નદીએ સ્નાન કરવા પધાર્યા.

આ બાજુ પેલો સેવાભાવી કુંભાર હાથમાં સાવરણી લઈ મંદિર વાળવા લાગ્યો. એના હાથમાં પેલી સોનાની ગીની આવી, એને થયું, ‘નક્કી પેલા શેઠીયાઓ સ્વામીના દર્શને આવ્યા હતા, એની આ ગીની અહીં પડી ગઈ લાગે છે.’

કુંભાર નાના વરણનો હતો, પણ એની ધર્મનિષ્ઠા જબરી હતી.

ભગવાન સ્વામિનારાયણના સત્સંગીઓ પારકી વસ્તુઓને ધૂળ સમાન ગણતા.

પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે,

**પડી વસ્તુ કોઇની હાથે નવ ઝાલે રાજ.**

**અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર.**

કુંભારની અર્થિક પરિસ્થિતિ વ્યવહારે સાધારણ હતી. સોનાની ગીની મળી ત્યારે મંદિરમાં કોઈ હાજર નહોતું, 'સોનું દેખીને તો મુનિવરોના પણ મન ચળે' પરંતુ આ કુંભાર હરિભગતનું મન ચલાયમાન ન થયું. સત્સંગનો આ જ તો મોટો પ્રભાવ હતો.

સંતો સ્નાન કરીને પાછા આવ્યા એટલે કુંભારે સોનાની ગીની સ્વામીને આપી, બધી વાત કરી.

કુંભાર ભક્તની આવી પ્રામાણિકતા જોઈને સંતો એના ઉપર ખૂબ જ રાજી થયા અને એ ગીની જેની હતી, એને પહોંચાડી દીધી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'સત્સંગનો પ્રતાપ જબરો છે, સત્સંગમાં હરિભક્તોનું તો કલ્યાણ થાય જ છે પણ સાથે સાથે એમના જોગમાં આવેલા પામર જીવ અને પશુઓનું પણ કલ્યાણ થઈ જાય છે.'

ગુણાતીતાનંદ સ્વામી જેવા સંત અને કરસન બાંભણીયાના જોગમાં આવેલા કુંભાર અને બળદ બેયનું કલ્યાણ થઈ ગયું.

# સ્વામી રામદાસજી

## ઊંચાઇ અને બળ કામમાં આવ્યા

ગઢપુરમાં સ્વામી રામદાસજી કરીને મહારાજના દીક્ષિત સંત હતા. તેઓ મુક્તાનંદ સ્વામીની આજ્ઞા લઇ ત્યાગી થયા હતા.

તેઓ પાર્ષદના વેશમાં હતા ત્યારે શ્રીજી મહારાજે સારા ધર્મવાળા જાણી એમને ધર્મકુળની ગાડી હાંકવાની સેવા સોંપેલી. મહારાજની આજ્ઞા પ્રમાણે તેઓ ખૂબ શ્રદ્ધાથી એ સેવા કરતા.

એ સમયે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના મંદિરનું નિર્માણ કામ ચાલતું હતું.

સ્વયં શ્રીજી મહારાજ પણ આ મંદિરના સેવા-કાર્યમાં જોડાયા હતા. સ્વયં મહારાજને સેવા કરતા જોઇ સંતો-હરિભક્તો પણ રાત્રિ-દિવસ ખૂબ સેવા કરતા હતા. એમાં પણ આ પાર્ષદની તો વાત જ જુદી હતી.

તેઓનું શરીર પહાડી હતું, શરીરનો બાંધો મજબૂત હતો અને ઊંચાઈ તો પાંચ હાથ પૂરી હતી. સેવામાં એમનો ઉત્સાહ અનેરો હતો.

એક વખત શ્રીજી મહારાજ સંતો-પાર્ષદો પાસે બારણા ઉપર પત્થર ચડાવી રહ્યા હતા.

એ સમયે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ એ કાર્યમાં જોડાયેલા હતા. એવામાં સ્વામીને કાંઈ ખ્યાલ ન રહ્યો અને પોતાની કોણી એ વજનદાર પત્થર નીચે આવી ગઈ.

આ જોઈ શ્રીજી મહારાજ બેબાકળા થઈ બોલ્યા, ‘‘અરે ! લ્યો, લ્યો, જલદી પત્થર ઊંચો કરો, આ સાધુની કોણી દબાઈ ગઈ છે.’’

મહારાજનો અવાજ સાંભળીને તરત જ વીજળી વેગે પેલા પાર્ષદે પોતાના ખંભે નાખેલી પછેડીનો ગોટો વાળી, માથા ઉપર મૂકી પત્થરમાં એવું માથું ભરાવ્યું

કે, આખો પત્થર ઊંચો થઈ ગયો. તરત જ સ્વામીએ પત્થર નીચેથી પોતાનો હાથ ખેંચી લીધો.

આ જોઈ મહારાજ એ પાર્ષદ ઉપર ખૂબ રાજી થયા અને બોલ્યા, ‘‘વાહ ! ભગત ! વાહ ! તમને ધન્ય છે. આજ તમારી ઊંચાઈ અને બળ બેય ભારે કામમાં આવી ગયા.’’

મહારાજે મુક્તાનંદ સ્વામીને વાત કરી અને એમને સાધુ કર્યા. રામદાસજી નામ રાખ્યું. દાસપંક્તિના સંતોમાં એ પ્રથમ સંત હતા.

સ્વામી રામદાસજી મુક્તાનંદ સ્વામીના શિષ્ય હોવાથી તેઓ મુક્તાનંદ સ્વામીના મંડળમાં રહેતા હતા.

મુક્તાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી તેઓ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી જૂનાગઢ આવ્યા હતા અને ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહીને જીવનપર્યંત જૂનાગઢ મંદિરની સેવા કરી હતી.

ગુણાતીતાનંદ સ્વામી ગામડાંઓમાં ફરવા જાય ત્યારે મંદિરનો બધો વ્યવહાર સ્વામી રામદાસજીને સોંપીને જતા અને સ્વામી રામદાસજી પણ મંદિરનો વ્યવહાર કુશળતાપૂર્વક ચલાવતા.

સ્વામી રામદાસજીને માંદાની સેવા કરવામાં ખૂબ જ રુચિ હતી. તેઓ શરીરને ગણકાર્યા સિવાય મંદિરની ટેલ-ચાકરી કર્યા કરતા હતા.

એમને ધ્યાન-ભજનનું ભારે અંગ હતું. નાના નવા સંતોને સેવાની સાથે ધ્યાન-ભજનની રીત પણ શીખવતા.

## રામદાસજી અખંડ મૂર્તિ દેખતા થયા

વંથલીમાં મહામુક્તરાજ કલ્યાણભાઈ વસતા હતા.

કલ્યાણભાઈ મોક્ષમાર્ગ અને વ્યવહારમાર્ગ બન્નેમાં કુશળ હતા.

ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાપુરુષ પણ જૂનાગઢ મંદિરની વ્યવહાર સંબંધી વિચારણા કલ્યાણભાઈ સાથે કરતા. ક્યારેક સ્વામી કાગળ-પત્રથી પણ કલ્યાણજીભાઈને પૂછવા જેવી બાબત પૂછાવી લેતા.

એક દિવસની વાત છે. સ્વામીને વંથલી પત્ર મોકલવો હતો. એમણે સંતોને પૂછ્યું કે, ‘‘અમારો પત્ર વંથલી કોણ લઈ જશે ?’’

આ સમયે રામદાસજી ત્યાં હાજર હતા, એમણે કહ્યું, ‘‘સ્વામી ! હું લઈ જઈશ.’’

આવા ધ્યાની ભજનિક સંત સ્વામી રામદાસજી પત્ર લઈ વંથલી જવા તૈયાર થયા, એટલે ગુણાતીતાનંદ સ્વામી ખૂબ જ રાજી થયા.

એમણે કહ્યું, ''સ્વામી ! તમે જતાં અને આવતાં મારગમાં મહારાજની મૂર્તિને સંભારતા સંભારતા અખંડ ભજન કરજો.''

સ્વામી રામદાસજીએ સ્વામીના વચનમાં શ્રદ્ધા રાખીને વંથલી જતાં આવતાં મહારાજની મૂર્તિને સંભારીને ભજન કર્યું. પરિણામે એમને હૃદયમાં મહારાજની મૂર્તિના અખંડ દર્શન થવા લાગ્યા.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા, ''ક્રિયા તો બધા કરાવે છે પરંતુ અમે ક્રિયા કરાવીએ છીએ એમાં ભગવાન ભેળા રખાવીએ છીએ.''

## સ્વામી રામદાસજીનો અક્ષરવાસ

વિ. સં. ૧૯૧૨ ની સાલ હતી. ગુણાતીતાનંદ સ્વામી પ્રબોધિનીનો સમૈયો કરવા માટે વડતાલ પધાર્યા હતા. સ્વામી રામદાસજી પણ સાથે હતા.

એક દિવસ સ્વામી રામદાસજી અચાનક બીમાર થઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામી એમની સારવાર કરાવવા લાગ્યા તેમજ પાસે બેસીને શ્રીહરિના મહિમાની વાતો સંભળાવવા લાગ્યા.

એક દિવસ સ્વામી રામદાસજીએ કહ્યું, ''સ્વામી ! મારે હવે આ લોકમાં નથી રહેવું. મને રજા આપો તો હું મહારાજના ધામમાં જાઉં.''

રામદાસજીની વાત સાંભળી સ્વામીને આંચકો લાગ્યો, સ્વામી કહે, ''અમારે જૂનાગઢ મંદિર ઉજ્જડ કરવું નથી. તમે ધામમાં જાઓ તો મંદિરની સેવા કોણ કરશે ? માટે શરીરનો મંદવાડ દૂર કરો અને સાજા થઈ જાઓ.''

સ્વામીના આગ્રહથી રામદાસજીએ ધામમાં જવાનો સંકલ્પ પડતો મૂક્યો અને સાજા થયા.

ત્યાર પછી તેઓ સ્વામી સાથે જૂનાગઢ આવ્યા.

જૂનાગઢ આવ્યા બાદ સ્વામી રામદાસજીને પેટમાં પીડા ઉપડી એટલે ગુણાતીતાનંદ સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામીને આજ્ઞા કરી કે 'તમે એમના પેટ ઉપર ચૂનો ને મધ ચોપડો એટલે પીડા મટી જશે.'

બાલમુકુંદદાસજી સ્વામી ચૂનો ને મધ ચોપડવા ગયા ત્યારે સ્વામી રામદાસજી બોલ્યા, 'સાધુરામ ! આ લોકમાં રે'વું હોય તો ચૂનો ને મધ ચોપડાય! અમારે હવે

આ લોકમાં રહેવું નથી માટે મધ ચૂનો ચોપડવો નથી.'

સ્વામી બાલમુકુંદદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, સ્વામી ! 'સ્વામી રામદાસજી મધ અને ચૂનો ચોપડવાની ના પાડે છે.'

સ્વામી બોલ્યા, 'સાધુરામ ! કાંઈ વાંધો નહી. એ રાજી થાય એમ જ કરો. એ મહારાજ વખતના જૂના સંત છે. વર્ષોથી અમારી પાસે રહે છે. હવે આવરદા પૂરી થઈ છે માટે તે ધામમાં જશે.'

રાત્રિને સમયે સ્વામીને પેટમાં ખૂબ જ પીડા ઉપડી. ગુણાતીતાનંદ સ્વામી રામદાસજી સ્વામીની પાસે પધાર્યા અને કહ્યું, 'સ્વામી ! હુતાશણીનો સમૈયો અહીં થાય તો સારું.'

સ્વામી રામદાસજી બોલ્યા, 'સ્વામી! હવે તો સમૈયો અહીં નહીં, ધામમાં થશે.'

'મહારાજ અને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી મારે વર્ષો સુધી તમારા જોગમાં રહેવાનું થયું એ મારા બહુ મોટા ભાગ્ય છે. હવે મને રાજી થઈને ધામમાં જવાની રજા આપો.'

ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજની પ્રસાદીનો હાર મંગાવ્યો અને સ્વામી રામદાસજીને પહેરાવીને કહ્યું, 'સ્વામી ! લ્યો આ વિદાયનો હાર. ધામમાં મહારાજ અને સર્વ મુક્તોને અમારા જય સ્વામિનારાયણ કહેજો.' આમ કહીને સ્વામી પોતાના આસને પધાર્યા અને આ બાજુ મહારાજ સ્વામી રામદાસજીને ધામમાં લઈ જવા પધાર્યા.

સ્વામીને મહારાજનાં દર્શન થયા અને સ્વામી એકદમ બેઠા થઈ ગયા ને મહારાજને ભેટતા હોય એમ ચેષ્ટા કરતા કરતા સર્વને 'જય સ્વામિનારાયણ' કહી ધામમાં પધાર્યા.

સ્વામી રામદાસજીએ તીર્થભૂમિ પંચાળામાં હરિમંદિર કરાવ્યું હતું અને ગુણાતીતાનંદ સ્વામીના હસ્તે મૂર્તિ પધરાવી હતી. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજી હતા. એમના શિષ્ય સ્વામી અક્ષરપુરુષદાસજી હતા. તેઓ શતાયુ પુરુષ હતા. એમને ગુણાતીતાનંદ સ્વામીમાં અપાર હેત હતું. એમણે ગુણાતીતાનંદ સ્વામીના જીવનના અનેક પ્રસંગો લખ્યા છે. તેઓ વિશેષપણે પંચાળામાં રહેતા. અક્ષરપુરુષદાસજી સ્વામીના મંડળમાં સ્વામી ઉત્તમચરણદાસજી હતા એમણે પંચાળામાં શિખરબધ્ધ મંદિર કરાવ્યું હતું અને પંચાળાતીર્થનો ખૂબ જ વિકાસ કર્યો હતો.

# સમઢિયાળાના વીરા શેલડીયા

સમઢિયાળામાં મહાન ભક્તરાજ વીરા શેલડીયા અને હરજી વેકરિયા નિવાસ કરતા હતા. શ્રીજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોનો એમના ઉપર ખૂબ જ રાજીપો હતો.

પહેલા આ બંને ભક્તો સાવરકુંડલા તાબાના મિતિયાળા ગામે રહેતા હતા. આ ગામ કાઠી દરબારો અને મુસલમાનોનું ગામ હતું.

વીરા શેલડીયા અને હરજીબાપાને કૃપાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો. તેઓને મહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હતો. તેઓ અવારનવાર મહારાજના દર્શન માટે ગઢપુર જતા હતા.

બંને જણાએ સત્સંગ સ્વીકાર્યો, એટલે ગામધણી દરબાર હાદો ખુમાણ વગેરે દરબારો એમને ભારે પજવતા હતા; પરંતુ આ ભક્તોની નિષ્ઠા મેરુ જેવી અચળ હતી.

એક વખત વીરા શેલડીયા ખેતરેથી લીલી ચાર્યનો ભારો માથે લઈ ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં ગામના દરબારગઢની ડેલીએ બેઠેલા હાદા ખુમાણને વીરા શેલડીયાની મજાક કરવાનું મન થયું.

દરબાર બોલ્યા, “એલા, વીરા ! ઊભો રહે.”

વીરો ભગત ઊભા રહ્યા અને બોલ્યા, “બોલો, બાપુ ! શું છે ?”

દરબાર બોલ્યા, “એલા, વીરા ! તારા ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં રહે છે ?”

વીરા ભગતે કહ્યું, “હા, બાપુ.”

દરબારે કહ્યું, “અમે એવું સાંભળ્યુ છે કે, તારા ભગવાન ગઢડાની કાઠિયાણી બાઈઓને લઈને હિંદુસ્તાન તરફ ભાગી ગયા છે અને એને ગોતવા માટે વાંહે ઘોડેસ્વારો છૂટ્યા છે.” વીરા ભગતે પૂછ્યું, ‘બાપુ! કેટલી બાઈને લઈને ગયા છે ? દરબારે કહ્યું, ચાર-પાંચને લઈને ગયા છે, એવું સંભળાય છે.’

આટલું સાંભળતા જ વીરા શેલડીયાએ લીલી ચાર્યનો ભારો નીચે મૂક્યો

અને "વાહ ! મારો ભગવાન ! વાહ ! મારા સ્વામિનારાયણ ! વાહ ! તારી લીલા !" એમ કહીને રસ્તા ઉપર નાચવા લાગ્યા.

ડેલીયે બેઠેલા દરબારોને થયું, "આ કણબો ગાંડો તો નથી થઈ ગયોને ?"

એક જણો બોલ્યો, "એલા, વીરા ! તારો ભગવાન આવા કાળા કામ કરે, ઈ સાંભળીને તને નાચવાનું સૂઝે છે !"

વીરો શેલડીયો બોલ્યા, "તમે કાન ખોલીને સાંભળો. મારો ભગવાન ચાર પાંચ બાઈઓને લઈને જ ગયા છે ને ? જો એ સોળ હજાર એકસો આઠ બાઈઓને લઈ જાય તો હું એને કૃષ્ણ જેવા કહું અને વધારે લઈ જાય તો એથી મોટા ભગવાન કહું !"

વીરા શેલડીયાનો આવો જડબાતોડ જવાબ સાંભળીને દરબારો ડઘાઈ ગયા અને બોલ્યા, "મારો કણબો ખરો છે ! એને સ્વામિનારાયણનો અવગુણ આવે તેમ લાગતું નથી !"

વીરા શેલડીયા સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! ભજન કરતા ચાર્યનો ભારો માથે લઈને ચાલતા થયા.

## મિતિયાળાથી સમઢિયાળા

મિતિયાળામાં અનાડી લોકો તરફથી દિવસે દિવસે હેરાનગતિ વધવા લાગી હતી. છતાં વીરા શેલડીયા અને હરજી વેકરિયા ખૂબ દૃઢતા સાથે સત્સંગ રાખતા હતા.

એક સમયની વાત છે. ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી રહ્યા હતા ત્યારે બંને ભક્તો પોતાના પરિવાર સહિત ગઢપુર દર્શને ગયા.

પાછળથી હાદા ખુમાણના કહેવાથી કેટલાક અનાડી લોકોએ એમના ઘર-ખોરડાં બાળી નાખ્યા. બંને ભક્તો જ્યારે પાછા ફર્યા ત્યારે પેલા દરબારોએ મેણાં મારતા કહ્યું, "એલા, પટેલિયાઓ ! તમને તમારો સત્સંગ સારો ફળ્યો. તમારા ઘર-ખોરડાં ગયા !"

વીરા શેલડીયાએ કહ્યું, 'બાપુ ! અમે ગઢડા ગયા એમાં અમારા ભગવાને ભારે રક્ષા કરી. અમે બચી ગયા. અમારા બૈરા છોકરાં બચી ગયાં અને જુઓ, આ કોઠીના દાણા તો સહી સલામત છે.

અમારા બળદગાડાં બચી ગયાં અને ખેતર વાડીને તો કાંઈ થયું નથી. ઘરના

છાજ બળ્યા ઇ તો નવા નાખી દઇશું. અમારી તો મહારાજે ભારે રક્ષા કરી.''

વીરા ભગતનો જડબાતોડ જવાબ સાંભળીને દરબારો બોલ્યા, ''મારો, કણબો ! ખરો છે !''

આમ મિતિયાળામાં ઉત્તરોતર ઉપાધિઓ વધતી જતી હતી.

એક વખત વીરા શેલડીયાએ ગઢપુરમાં મહારાજને બધી વાત કરી.

મહારાજે વીરા શેલડીયાને કહ્યું, ''વીરા ભગત ! અમારા ભક્તોને અમારી આજ્ઞા છે કે, જ્યાં આવી ઉપાધિઓ થતી હોય, તે મૂળ વતનનું ગામ હોય કે પોતાના ગરાસનું ગામ હોય, તે છોડીને બીજે રહેવા જવું, અમને લાગે છે કે તમે મિતિયાળાનો ત્યાગ કરો અને ગાયકવાડી અમરેલી પરગણાના ઓઢાના સમઢિયાળા જઇને વસવાટ કરો.''

વીરા શેલડીયાએ મહારાજની આજ્ઞાને મસ્તક ઉપર ચડાવી. એમણે મિતિયાળા આવી હરજીબાપા વેકરિયાને વાત કરી અને બંને જણા મહારાજના વચને મિતિયાળા છોડી ઓઢાના સમઢિયાળા જઇને વસ્યા.

વીરા શેલડીયાને ત્યાં મહારાજની કૃપાથી ત્રણ દીકરા હતા. ગોવિંદભાઇ, લક્ષ્મણભાઇ અને મૂળજીભાઇ.

હરજી બાપા વેકરિયાને પણ ત્રણ દીકરાઓ હતા. અરજણભાઇ, મૂળજીભાઇ અને ઓઘાભાઇ.

એકમાંથી અનેક થાય એ રીતે શેલડીયા અને વેકરિયા પરિવાર વડલાની જેમ વધ્યા હતા અને ગામમાં સત્સંગનો સારો ફેલાવો થયો હતો.

શ્રીજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોનો આ પરિવારો ઉપર ખૂબ જ રાજીપો હતો.

સમઢિયાળામાં શરૂઆતમાં તો કુસંગીઓ તરફથી હેરાનગતિ થતી હતી. પરંતુ ધીરે ધીરે બધું થાળે પડતું ગયું.

વીરા ભગત અને હરજીભાઇ ગામલોકો સાથે ભારે હળીમળીને રહેતા હતા, તેથી દિવસે દિવસે ઉપાધિઓ ઓછી થતી ગઇ.

વીરા શેલડીયાએ શ્રીજી મહારાજના વચનને યાદ રાખી મૂળજીને ભણાવ્યા. મૂળજી હોશિયાર તો હતા જ, વળી મહારાજના આશીર્વાદ હતા, એટલે તેઓ ભણવામાં ખૂબ આગળ વધ્યા. તેમની કુશાગ્ર બુદ્ધિ જોઇને અમરેલીના ગાયકવાડી સૂબાએ એમને ઓઢાના સમઢિયાળાની પટલાઇ સોંપી.

સૂબાને મૂળજીભાઇ સાથે ખૂબ સારી ભાઇબંધાઇ થઇ, તેઓ અવાર-નવાર

સમઢિયાળા આવતા અને મૂળજીભાઈને ત્યાં ઉતરતા.

મહારાજે મૂળજીને નાની ઉંમરે જે આશીર્વાદ આપ્યા હતા, તે ફળ્યા.

મૂળજીભાઈની શાખ એવી વધી કે, આસપાસના વિસ્તારોમાં વસતા ઘાંચી, પિંજારા અને દરબારો પણ એમનાથી ડરવા લાગ્યા હતા.

## વીરા ભગત ! આ છોકરાને ભણાવજો

એકવાર વીરા શેલડીયા પોતાના દીકરા મૂળજીને લઈને ગઢપુર શ્રીજી મહારાજના દર્શને આવ્યા.

વીરા શેલડીયાને જોઈને મહારાજ ખૂબ રાજી થયા.

આ સમયે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના મંદિરના નિર્માણ કાર્યનો આરંભ થયો હતો. મંદિર નિર્માણ માટે દાદા ખાચરના દક્ષિણાદા બારના ઓરડાને પાડવાનું કામ ચાલી રહ્યું હતું. આ કામ ભીમભાઈ ડાભી વગેરે ભક્તજનો કરી રહ્યા હતા. ઓરડાઓનું બાંધકામ ખૂબ જૂનું છતાં મજબૂત હતું. એની દીવાલમાં કોશ-કોદાળી ખૂંચતા નહોતા એટલા ડાભીનો ગજ વાગતો નહોતો.

મહારાજે કહ્યું, ‘‘એલા, ભીમ ! એ કોદાળી આ મૂળજીને દે, કણબીને હાથે કોદાળી સારી હાલે !’’

મહારાજના કહેવાથી ભીમભાઈ ડાભીએ કોદાળી મૂળજીને આપી. મૂળજીએ પોતાની આગવી બુદ્ધિ વાપરી ભીંતને મૂળમાંથી કોતરી નાખી, પછી થોડા માણસોને બોલાવી જોરથી ધક્કો માર્યો તો આખી ભીંત પડી ગઈ.

મૂળજીની આવી કોઠાસૂઝ જોઈને મહારાજ અત્યંત રાજી થયા અને મૂળજીને ગુલાબનો હાર પહેરાવી માથે હાથ મેલી આશીર્વાદ આપ્યા. મહારાજે કહ્યું, ‘‘વીરા ભગત ! આ તમારો છોકરો ખૂબ જ હોશિયાર છે. એને ભણાવજો. આગળ જતાં એ ગામની પટલાઈ ભોગવશે અને પરગણાનો આગેવાન થશે અને શૂરવીર એવો થશે કે ઘાંચી, પીંજારા અને દરબારોને પણ વશ કરશે.’’

## મહારાજ ! અમને બે દુકાળ ન પોસાય

એક વખત વર્ષ ખૂબ નબળું થયું. ચારે બાજુ ભારે દુકાળ જેવું હતું. દુકાળના સમયમાં મહારાજે હરિભક્તોને તકલીફ ન પડે એટલા માટે બધા જ સાધુઓને ગઢપુર તેડાવી લીધા હતા.

સંતો ગામડાંઓમાં ફરતા બંધ થયા એટલે હરિભક્તોને પાણીની તાણ્યની પેઠે સત્સંગની તાણ્ય પણ વરતાવા લાગી.

મહારાજ સંતોને ગામડે ફરવા મોકલે એવી વિનંતી કરવા સમઢિયાળાના વીરા શેલડીયા, બારપટોળીના કાળુ વાવડીયા, પીઠવાજાળના ખીમા ડોબરીયા વગેરે હરિભક્તો મહારાજ પાસે આવ્યા અને બે હાથ જોડી કહ્યું, “મહારાજ ! તમે સંતોને અમારે ગામ સત્સંગ કરાવવા મોકલો.”

મહારાજે કહ્યું, “ભક્તો ! દુકાળનું વર્ષ છે, સર્વત્ર દાણા-પાણીની તાણ્ય છે, સાધુઓ આવશે તો એને નભાવવા તમને કઠણ પડશે.”

ખીમા ડોબરીયા બોલ્યા, “મહારાજ ! અમને બે દુકાળ ન પોષાય !”

અંતર્યામી મહારાજ ખીમા ડોબરીયાના કહેવાનો મર્મ જાણતા હતા છતાં પૂછ્યું, “ભક્તો ! એક દુકાળની વાત તો અમારી સમજમાં આવી પણ બીજો દુકાળ એટલે શું ?”

ખીમા ડોબરીયાએ કહ્યું, “મહારાજ ! એક તો વરસાદ ન આવ્યો એ દુકાળ અને બીજો સાધુ ન આવે એ દુકાળ !”

વીરા શેલડીયા બોલ્યા, “મહારાજ ! પેલો વરસાદ અમારા ખેતર લીલાં રાખે છે અને આ સાધુ અમારો સત્સંગ લીલો રાખે છે.”

કાળુ વાવડીયાએ કહ્યું, “મહારાજ ! વરસાદ ન વરસ્યો એટલે અમારા ખેતર સૂકાણાં અને સાધુ નહિ આવે તો અમારો સત્સંગ સૂકાઈ જશે.”

હરિભક્તોની આવી ઉત્તમ ભાવના અને સમજણ જોઈને ભગવાન શ્રીહરિ અત્યંત રાજી થયા અને બોલ્યા, “ભક્તો ! તમને ધન્ય છે ! અમે સાધુના મંડળને તમારા ગામડાઓમાં સત્સંગ કરાવવા માટે મોકલીશું, પણ અમારી એક આજ્ઞા તમારે માનવી પડશે.”

હરિભક્તોએ કહ્યું, “બોલો, મહારાજ ! શી આજ્ઞા છે ?”

મહારાજે કહ્યું, “અમારા સાધુ કોઈને ભારે પડે તેવું અમારે કરવું નથી. સાધુ તમારે ત્યાં ફરવા આવે તો ખરા; પરંતુ આવા દુકાળમાં તમારા ઘરમાં જે અનાજ વપરાતું હોય એ જ અનાજની રસોઈ સાધુને દેવી પણ ભારે રસોઈ ન દેવી.”

હરિભક્તોએ કહ્યું, “ભલે, મહારાજ ! એ બધું તો સમય અને સંજોગને અનુસારે થઈ રહેશે, તમે કૃપા કરી સાધુઓને મોકલો, સાધુ અમને ભારે નહિ પડે.”

ભક્તોનો શુદ્ધ ભાવ જોઈને મહારાજ રાજી થયા અને બોલ્યા, “ભલે, અમે તમારી માગણી પૂરી કરીશું”

મહારાજે વાત મંજૂર રાખી એટલે સર્વે હરિભક્તો ખૂબ જ રાજી થયા.

મહારાજે હરિભક્તોની માગણી પૂરી કરવા કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને રામાનુજાનંદ સ્વામી વગેરે દસબાર સંતોને અમરેલી અને બાબરિયાવાડ વિસ્તારના ગામડાંઓમાં ફરવા મોકલ્યા.

પછી તો ચારે બાજુથી હરિભક્તોની સાધુઓને મોકલવા માટેની માગણીઓ આવવા માંડી અને મહારાજ પણ વિવેકપૂર્વક જ્યાં જેટલા સાધુ મોકલવા ઘટે એટલા મોકલી હરિભક્તોના ભાવ પૂર્ણ કરવા માંડ્યા.

દુકાળના કઠણ કાળમાં પણ હરિભક્તોની ઉત્તમ ભાવના જોઈને ભગવાન શ્રીહરિના અંતરમાં અત્યંત આનંદ થતો હતો. ક્યારેક ક્યારેક તો મહારાજ ગદ્‌ગદિત થઈ જતા હતા  અને એમની આંખોમાંથી અશ્રુબિંદુઓ ખરી પડતા.

આ બાજુ આત્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી વગેરે સંતો અમરેલી, બાબરિયાવાડ વિસ્તારના ગામડાઓમાં ફરવા લાગ્યા.

તેઓ હરિભક્તોની પરિસ્થિતિ જોઈને જ્યાં જેટલું રોકાવું ઘટે એટલું જ રોકાતા અને હરિભક્તોને સહેજ પણ તકલીફ ન પડે તેમ રહેતા હતા.

## ગુણાતીતાનંદ સ્વામી સમઢિયાળામાં

ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો ચાર મહિના બારપટોળી બાજુ વિચર્યા, ચાર મહિના પીઠવાજાળ વિસ્તારમાં રહ્યા અને ત્યાંથી ફરતા ફરતા સંતો ઓઢાના સમઢિયાળા પધાર્યા. અહીં પણ સંતો ચાર મહિના રહ્યા.

વીરા શેલડીયા, હરજી બાપા વેકરિયા તથા સર્વે હરિભક્તોને આવા મહાન સંતોના આગમનથી દુકાળમાં પણ સુકાળ થયો.

કૃપાનંદ સ્વામી અને રામાનુજાનંદ સ્વામીને ધ્યાનના અંગ હતા તેથી તેઓ ઘણો ખરો સમય ધ્યાનમાં જ વીતાવતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું કથા-વાર્તાનું જબરું અંગ હતું તેથી સ્વામી હરિભક્તોને કથા-વાર્તાનું ખૂબ જ સુખ આપતા હતા.

દુકાળનું વર્ષ હોવાથી હરિભક્તો પણ લગભગ નવરા જેવા જ હતા, તેથી દિવસે અને મોડી રાત સુધી તેઓ સ્વામીનો સમાગમ કરતા થાકતા નહોતા.

સ્વામીના મુખેથી વરસતા બ્રહ્મરસનું પાન કરીને હરિભક્તોના હૃદયમાં સત્સંગ ખૂબ જ લીલો થયો હતો અને દુકાળના દુઃખ હળવા થયા હતા.

વીરા શેલડીયાના વચ્ચેટ દીકરાનું નામ લક્ષ્મણ હતું. લક્ષ્મણ ભારે મુમુક્ષુ અને યોગભ્રષ્ટ જીવ હતો.

સ્વામી કથા-વાર્તા કરતા હોય ત્યારે તે દરરોજ સ્વામીને એક પ્રશ્ન પૂછતો એટલે સ્વામી ખૂબ રાજી થતા અને એનો ઉત્તર આપી લક્ષ્મણને રાજી કરતા.

એક સમયે સ્વામી કથા-વાર્તા કરી રહ્યા હતા. લક્ષ્મણ સભામાં બેઠો હતો અને એકાગ્ર ચિત્તથી સ્વામીના વચનરૂપી અમૃતનું પાન કરી રહ્યો હતો.

એવામાં અચાનક સ્વામીના શરીરમાંથી તેજ પ્રગટ્યુ અને લક્ષ્મણને એ તેજમાં ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શન થયા.

લક્ષ્મણ તો ગદ્‌ગદ્ બની ગયો અને એની આંખમાંથી આંસુડાં વહેવા લાગ્યા. લક્ષ્મણને થોડીવાર આવું દિવ્ય દર્શન થયું પછી મહારાજ અદશ્ય થઈ ગયા અને તેજ સ્વામીમાં પાછું સમાઈ ગયું.

લક્ષ્મણને પ્રતીતિ થઈ કે,મહારાજ સ્વામીના હૃદયમાં અખંડ બિરાજે છે.

એ ઊભો થઈ માંડ્યો સ્વામીને દંડવત્ કરવા. સ્વામી પણ લક્ષ્મણની સામે જોઈ મંદ મંદ હસવા લાગ્યા.

## આ પ્રસાદી સાધુઓને આપજો

ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો સમઢિયાળામાં બિરાજમાન હતા. વીરા શેલડીયાને થયું મારે ગઢપુરમાં મહારાજનો થાળ કરાવવો છે, તો હું ગઢપુર જઈ આવું.

એમણે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આપની રજા હોય તો મારે ગઢપુર મહારાજને થાળ રસોઈ દેવા જવું છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘ભલે વીરા ભગત ! સુખેથી સીધાવો. તમારો મનોરથ પૂરો કરો. ગઢપુરમાં મહારાજને બધા સારા સમાચાર આપજો અને અમારા જય સ્વામિનારાયણ કહેજો.’’

વીરા શેલડીયા ગઢપુર આવ્યા, મહારાજના દર્શન કર્યા અને થાળ કરાવ્યો.

થાળ જમતી વખતે મહારાજે વીરા શેલડીયાને બોલાવ્યા અને પૂછ્યું, ‘‘સંતોનું મંડળ સમઢિયાળા આવ્યું છે ?’’

વીરા શેલડીયાએ કહ્યું, ‘‘હા, મહારાજ ! સંતો આવ્યા છે. સંતો ખૂબ જ સારા છે, કૃપાનંદ સ્વામી અને રામાનુજાનંદ સ્વામી તો લગભગ આખો દિવસ

ધ્યાન-ભજનમાં ગાળે છે અને ગુણાતીતાનંદ સ્વામી કથા-વાર્તા કરવામાં થાકતા નથી. સ્વામીની કથા-વાર્તા સાંભળીને સર્વ સત્સંગીઓને ખૂબ આનંદ આવે છે.''

વીરા શેલડીયાની વાત સાંભળીને મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા, ''વીરા ભગત ! અમારા એ નિર્ગુણાનંદજીની તો વાત જ ન્યારી છે. એમની વાતું તો વજ્રસાર જેવી વાસનાને પળવારમાં તોડી જીવને અમારી મૂર્તિમાં જોડી દે એવી છે.''

વીરા શેલડીયાએ કહ્યું, ''હા,મહારાજ ! આપની વાત તદ્દન સાચી છે.''

મહારાજ પ્રેમથી વાતો કરતા જતા હતા અને થાળની પ્રસાદી વીરા શેલડીયાને આપતા જતા હતા.

મહારાજે ભોજન પૂરું કર્યું અને બ્રહ્મચારીને કહ્યું, ''બ્રહ્મચારી ! આ થાળની પ્રસાદી ટોપલામાં બાંધીને તૈયાર કરો, અમારે આ પ્રસાદી સમઢિયાળા અમારા નિર્ગુણાનંદ અને બીજા સાધુઓ માટે મોકલવાની છે.''

મૂળજી બ્રહ્મચારીએ પ્રસાદનો ટોપલો તૈયાર કર્યો.

મહારાજે પોતાને હાથે એ ટોપલો વીરા શેલાડીયાને આપ્યો અને કહ્યું, ''આ પ્રસાદી સાધુઓને આપજો.''

વીરા શેલડીયાએ કહ્યું, ''ભલે, મહારાજ !''

એ ટોપલામાં માત્ર પ્રસાદી નહોતી ભરી, પરંતુ એમાં મહારાજનો ભારોભાર રાજીપો ભર્યો હતો.

વીરા શેલડીયા સમઢિયાળા આવ્યા. સંતોને મહારાજના બધા સમાચાર કહ્યા અને મહારાજના રાજીપારૂપ પ્રસાદનો ટોપલો સંતોને આપ્યો.

મહારાજના હાથની પ્રસાદી પામીને સ્વામી વગેરે સર્વ સંતો અત્યંત ધન્યતા અનુભવવા લાગ્યા.

આ રીતે કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોના આશીર્વાદ અને સમાગમથી ઓઢાના સમઢિયાળાનો સત્સંગ ભારે લીલો થયો.

દુકાળના દિવસો પૂર્ણ થયા પછી પણ ગુણાતીતાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી જેવા મહાન સંતો અવાર-નવાર સમઢિયાળા પધારતા હતા અને સત્સંગના બગીચાને લીલો રાખતા હતા.

સમય જતાં આ ગામમાં ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી વ્રજ્યાનંદ સ્વામી અને રાઘવાનંદ સ્વામીની દેખરેખ નીચે સુંદર હરિમંદિર તૈયાર થયું.

આ મંદિરના બાંધ-કામ માટે ગુણાતીતાનંદ સ્વામીએ સુંદર કોતરણીવાળી ચાર થાંભલીઓ મોકલી હતી જે વર્ષો સુધી દર્શન આપતી હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી અવાર-નવાર ઓઢાના સમઢિયાળા પધારતા હતા. સ્વામીના જોગમાં આવતા બાળધા પરિવારના કાનજી હીરજીને સત્સંગ થયો હતો. એમણે સ્વામીના હાથે કંઠી બંધાવી હતી. એજ રીતે એમના ભાઈઓ શામજીભાઈ, સવજીભાઈ, ગોવિંદભાઈ વગેરે પણ સત્સંગી થયા હતા.

કાનજી બાપાને ત્યાં પુનાભાઈ, ભગવાનભાઈ, હરિભાઈ, મનુભાઈ, રવજીભાઈ આ પાંચ પુત્રો થયા હતા. આ વિશાળ બાળધા પરિવાર સત્સંગમાં જોડાતા લગભગ આખું ગામ સત્સંગના રંગે રંગાઈ ચૂક્યું હતું.

આજે પણ આ ગામમાં ખૂબ સારો સત્સંગ છે.

નોંધ :- જૂનાગઢનું શિખરબદ્ધ મંદિર થઈ રહ્યું હતું ત્યારે વીરા શેલડીયા સમઢિયાળાથી હરિભક્તોને સાથે લઈને પાયા ખોદવા ગયા હતા અને ખૂબ સેવા કરી બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો મેળવ્યો હતો.

વીરા શેલડીયાના પુત્ર ગોવિંદભાઈને ત્યાં રામ, નરશી, જસમત અને હીરજી એમ ચાર પુત્રો થયા હતા.

વીરા શેલડીયાના બીજા પુત્ર મૂળજીભાઈને ત્યાં કાળાભાઈ, ભીમજી, કાનજી, ધરમશી અને રામજી આમ પાંચ પુત્ર થયા હતા.

વીરા શેલડીયાના ત્રીજા પુત્ર લક્ષ્મણભાઈને ત્યાં પ્રેમજી, કુરજી અને ભાદાભાઈ એમ ત્રણ પુત્રો થયા હતા.

આમાંથી ગોવિંદભાઈ અને મુળજીભાઈના પુત્રો રૂગનાથપુરમાં રહેવા ગયા હતા.

## ચારણનો ઉજ્જડ ટીંબો

ઓઢાના સમઢિયાળાથી થોડે દૂર દેદુમર નામની નદી વહેતી હતી. નદીની આસપાસ વખંભર કોતરો હતા. કાંટાળી ઝાડીનાં જંગલ હતા, હિંસક પ્રાણીઓ રહેતા હતા, ધોળે દિવસે પણ નીકળતા બીક લાગે એવી એ જમીન હતી. આસપાસની વસ્તી પણ સારી નહોતી.

આવી આ ધરતીમાં દેદુમર નદીને કાંઠે ચારણોનો ઉજ્જડ થઈ ગયેલો એક ટીંબો હતો.

અમરેલીના સૂબા સાહેબને વિચાર આવ્યો કે, 'આ ટીંબો ફરીને વસાવવો.'

એમણે સમઢિયાળાના મૂળજીભાઈ શેલડીયાને વાત કરી, 'આ ઉજ્જડ ટીંબાને તમે વસાવો તો, હું તમને બધી રીતે મદદ કરું.'

પરંતુ આવી અઘોર કાંટાળી ઝાડી અને અસુરક્ષિત જગ્યા ઉપર મૂળજી ભાઈને ટીંબો વસાવવાનું મન ન થયું એટલે એમણે વિવેકથી સૂબા સાહેબને કહ્યું કે, ''સાહેબ ! આપ કહો તો, આ જગ્યાએ ટીંબો તો વસાવું પરંતુ અહીંયા કોઈ સારું માણસ વસવાટ કરવા નહિ આવે.''

મૂળજીભાઈની દલીલ સાંભળી સુબા સાહેબે વિચાર માંડી વાળ્યો.

એવામાં એક વખત દુષ્કાળ પડ્યો. લોકો પોતાના માલ-ઢોરના નિભાવ માટે ગીર તરફ જવા માંડ્યા.

સાવરકુંડલા તાબાના ભુવા ગામના પટેલ ખોડાભાઈ ભાલાળા પોતાના માલ-ઢોરને લઈને આ ઉજ્જડ ટીંબા પાસેથી પસાર થયા.

ટીંબાથી થોડે દૂર મૂળજીભાઈનું ખેતર હતું. લીલી ચાર્ય ઊભી હતી. ખોડા પટેલે એ ચાર્યમાં પોતાના માલ-ઢોરને ચરવા છૂટા મૂકી દીધા. મૂળજીભાઈએ ઢોર વાડામાં પૂર્યા. આ રીતે ચરિયાણ બાબતે મૂળજીભાઈ અને ખોડા પટેલને બોલા-ચાલી થઈ.

ખોડા પટેલ ડંખીલા સ્વભાવવાળા હતા. એણે વટે ભરાઈને નિર્ણય કર્યો કે, ''આ ઉજ્જડ ટીંબાને વસાવીશ અને મૂળજીભાઈની જમીન જપ્ત કરીશ.''

મૂળજીભાઈએ આ ટીંબો વસાવવાની સૂબાને ના પાડી હતી, એની ખોડા પટેલને ખબર હતી.

ખોડા પટેલે અમરેલીના સૂબાને કહ્યું, ''સાહેબ ! ચારણોના એ ઉજ્જડ ટીંબાને વસાવવાનો તમારો સંકલ્પ પૂરો કરવાની મારી ઈચ્છા છે.''

સૂબા બહુ ચતુર હતા. એમણે વિચારીને કહ્યું કે, ''હું થોડા દિવસમાં તમને જણાવું છું.''

સૂબાને મૂળજીભાઈ સાથે હેત હતું. એમણે તાબડતોબ મૂળજીભાઈને અમરેલી તેડાવ્યા. ખોડા પટેલવાળી વિગત જણાવી કહ્યું, ''મારે તમારી સાથે હેત છે માટે મારી પહેલી પસંદગી તમારા ઉપર છે. માટે તમે એકાદ અઠવાડિયામાં વિચાર કરી અને તમારો નિર્ણય જણાવો. જો તમે આ ટીંબો વસાવવાનો નિર્ણય કરશો તો, હું તમને બધી જ રીતે મદદ કરીશ પરંતુ જો તમે આ ટીંબો નહીં વસાવો તો ન છૂટકે મારે આ કામ ખોડા પટેલને સોંપવું પડશે.''

મૂળજીભાઈ માટે ધર્મસંકટ એ હતું કે, “એમના ખેતર ઉજ્જડ ટીંબાની હદમાં આવતા હતા. હીરજી બાપા વેકરિયાના પુત્ર અરજણભાઈ વેકરિયાની જમીન પણ ટીંબાની હદમાં હતી.

પરિસ્થિતિ એવી સર્જાણી હતી કે, કાં તો આ ભક્તોએ પોતાની જમીન છોડી દેવી પડે અથવા તો નવો ટીંબો વસાવવો પડે.

આ બંને હરિભક્તોનો પરિવાર સમઢિયાળામાં ઠરીને ઠામ થયો હતો. એટલે મૂળજીભાઈ શેલડીયા કે અરજણ બાપાની ઈચ્છા ઉજ્જડ ટીંબે વસવાટ કરવાની નહોતી.

એમને માટે ગામ છોડવું કે જમીન છોડવી ? એ મોટો પ્રશ્ન હતો.

બંને જણાએ વિચાર કર્યો કે, “આપણે જૂનાગઢ જઈએ અને ગુણાતીતાનંદ સ્વામીને આપણી મૂંઝવણ રજૂ કરીએ. પછી સ્વામી જેમ કહે એમ કરવું.”

## રૂગનાથપુરનું તોરણ બાંધ્યું

મૂળજીભાઈ શેલડીયા અને અરજણભાઈ વેકરીયા સમઢિયાળાથી જૂનાગઢ ગયા. સ્વામીના દર્શન કર્યા, ભુવાના ખોડા પટેલ ભાલાળાએ ઊભી કરેલી ઉપાધિની બધી વાત કરી અને કહ્યું, “સ્વામી ! અમારે સમઢિયાળામાં રહેવું સર્વ રીતે સાનુકૂળ છે,જ્યારે ઉજ્જડ ચારણોના ટીંબાની ધરતી તો લૂંગડાંય ફાડી નાખે એવી કાંટાળી ઝાડીથી ભરી છે, ધોળે દિવસે પણ ડર લાગે એવા દેદુમર નદીના કોતરો છે, ચારે બાજુ હાલતાં લૂંટી લ્યે તેવી વસ્તી છે. માટે આપ કૃપા કરીને શું કરવું ? એ મારગ અમને બતાવો.”

સ્વામી તો ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળના જાણનારા હતા. ભુવાના ખોડા પટેલ હરિભક્તોને હેરાન કરે છે એ સાંભળીને સ્વામીએ અલમસ્તાઈમાં કહ્યું, “પટેલિયાઓ ! ઈ ભુવાની ‘ખોડી ભાલાળી’ શું ગામ વસાવશે ? ગામ તો તમારે વસાવવાનું છે. અને એમાં જ તમારું હિત છે. કારણ કે તમે જમીન છોડી દેશો તો તમારે આજીવિકાનું કોઈ સાધન નહિ રહે અને દાણા-પાણી વિના દુઃખી થશો.માટે તમે મહારાજનું નામ લઈને અમરેલીના સૂબા સાહેબ કહે છે એમ એ ટીંબો વસાવો.”

“અમારા તમને આશીર્વાદ છે કે, મહારાજ તમને ત્યાં ખૂબ સુખી કરશે. વળી ટીંબાની પાસે વહેતી દેદુમર નદી બારમાસી નદી થશે, એટલે તમને ક્યારેય

પાણીની તાણ નહિ પડે. વધારામાં તમે નવું ગામ વસાવશો એમાં સત્સંગ પણ ખૂબ વધશે.''

આમ, સ્વામીએ આજ્ઞા કરી એટલે બંને વિશ્વાસુ હરિભક્તોએ સ્વામીની વાત સ્વીકારી લીધી પણ વિનંતી કરતા કહ્યું, ''સ્વામી ! અમારા નવા ગામનું તોરણ બાંધવા આપે પધારવું પડશે.''

સ્વામીએ કહ્યું, ''ભલે, તમે મૂરત કઢાવજો, અમે ચોક્કસ આવીશુ.''

અરજણ બાપા વેકરિયા અને મૂળજીભાઈ શેલડીયા સ્વામીના આશીર્વાદ લઈને સમઢિયાળા આવ્યા.

મૂળજીભાઈએ સૂબાને કહ્યું, ''અમે ટીંબો વસાવીશું.''

સૂબા સાહેબ રાજી થયા.

ટીંબાની આસપાસની જમીનની માપણી કરી ગામ-સીમની હદ નક્કી કરવામાં આવી.

ગામનું તોરણ બાંધવાનું મૂરત નક્કી થયું. બંને ભક્તો જૂનાગઢ ગયા. સ્વામીને બધી વાત કરી.

સ્વામી કૃપા કરીને ચારણ ટીંબે પધાર્યા અને વિ. સં ૧૯૨૨ ની સાલમાં નવા ગામનું તોરણ બાંધ્યું. નવા ગામનું નામ શું રાખવું ? એ અંગે વિચારણા ચાલી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''આ ટીંબાના વસવાટની બધી કામગીરી સૂબા સાહેબના વહીવટી અધિકારી રૂગનાથભાઈ સંભાળે છે માટે આ ગામનું નામ 'રૂગનાથપુર' રાખવું. ભગવાન રામચંદ્રજી રઘુનાથ નામે ઓળખાય છે. એનો અપભ્રંશ શબ્દ 'રૂગનાથ' છે, એ દષ્ટિએ પણ આ ગામનું નામ 'રૂગનાથપુર' રહે એ ઉત્તમ વાત છે.''

આટલી વાત કરી વળી સ્વામી બોલ્યા, ''આ કામમાં ભુવાના ખોડા પટેલ ભાલાળાએ આડો પગ કર્યો હતો, માટે રૂગનાથપુરની પાછળ ખોડી શબ્દ પણ જોડજો, જેથી લોકોને યાદ રહે કે, કોઈને માટે હેરાનગતિ ઊભી કરીએ તો 'ખોડા'માંથી 'ખોડી' થઈ જતા વાર ન લાગે.''

આમ આ ગામનું નામ ચોપડે 'રૂગનાથપુર' લખાયું અને લોકજીભે 'રૂગનાથપુર-ખોડી' પ્રસિદ્ધ થયું.

રૂગનાથપુર ગામને આશીર્વાદ આપતા સ્વામીએ કહ્યું, ''આ ગામ ગોકુળિયું ગામ થશે. આ ગામના પાદરમાં વહેતી દેદુમર નદીમાં ક્યારેય કાળ-દુકાળે પણ

પાણી ખૂટશે નહિ. આ નદીના નામની પાછળ 'મર' શબ્દ આવે છે, એ બદલીને હવે આજથી આ નદીનું નામ 'દેદુમેહ' રાખજો.''

''આ ગામમાં વસનારા ખૂબ જ સુખી થશે અને જ્યાં સુધી ન્યાય-નીતિમાં રહેશો ત્યાં સુધી પાંચ વર્ષના દીકરાનું સ્નાન એના માવતરને કરવું નહિ પડે. તમે એકના અનેક થશો અને આ ગામમાં અમરવેલની જેમ સત્સંગ વધશે.''

આમ સ્વામીના આશીર્વાદથી રૂગનાથપુરનું તોરણ બંધાયું. શરૂઆતમાં રૂગનાથપુરમાં શેલડીયા અને વેકરિયા પરિવાર વસ્યા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ તોરણ બાંધી ગામને આશીર્વાદ આપ્યા છે એની જાણ થતાં ભાડેરથી સાવલિયા જીવાભાઈ ભવાનભાઈનો પરિવાર પણ રૂગનાથપુરમાં વસ્યો, એજ રીતે એક નદીમાં બીજી નદી મળે એમ પાતાભાઈ મેઘજીભાઈ સુતરિયાનો પરિવાર પણ રૂગનાથપુરમાં આવીને વસ્યો.

સમય જતાં એમાં ભુવા પરિવારનો ઉમેરો થયો. આજે આ આખું ગામ સત્સંગી છે.

ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી ગામમાં નાનકડું મંદિર થયું હતું. ગામનો ચોરો ગણો તો ચોરો અને મંદિર ગણો તો મંદિર. જે ગણો તે માત્ર સ્વામિનારાયણ મંદિર છે.

ગામમાં સંધ્યા ટાણે બીજી કોઈ ઝાલર વાગતી નથી. હા, ગામમાં શિવાલય અવશ્ય છે, જે ટીંબો વસ્યો ત્યારનું છે.

આ ગામમાં બાઈઓ-ભાઈઓમાં અનેક મહાન મુક્તો થઈ ગયા છે. અનેકને મહારાજે સાક્ષાત્‌ દર્શન દીધા છે. અનેકને અંત સમયે મહારાજ દિવ્યરૂપે તેડવા આવેલા છે.

આ ગામની દીકરીઓ પરણીને જ્યાં જ્યાં સાસરે ગયેલી છે, ત્યાં ત્યાં પણ એમણે સત્સંગનું સારી રીતે જતન કર્યું છે અને સત્સંગનો વિસ્તાર કર્યો છે. આ ગામમાંથી અનેક મુમુક્ષુઓ સાધુ થયા છે.

આ ગામના ઘણા કોળી, વાઘરી, હરિજન અને ભરવાડ પરિવારો પણ સત્સંગી થયા છે અને અનેક પ્રકારની કુટેવો છોડીને સુખિયા થયા છે.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ ગામના મંદિરમાં હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરેલી છે. આ હનુમાનજી મહારાજ ખૂબ પ્રતાપી છે, એમણે ઘણા પરચા

આપેલા છે અને હરિભક્તો તેમજ એમના માલ-ઢોર અને ખેતીવાડીની રક્ષા કરેલી છે.

હનુમાનજી મહારાજ રૂગનાથપુર ગામના હજરાહજૂર રક્ષક દેવ છે. દર શનિવારે હનુમાનજી મહારાજ પાસે શ્રીફળના ઢગલા થાય છે અને તેલના ડબ્બા ભરાય છે.

સ્વામીના આશીર્વાદથી દેદુમેહ નદીનું પાણી ભર ઉનાળે પણ વહે છે. વચ્ચે થોડો સમય આ વહેતા પાણીને ખેડૂતોએ મશીન મૂકીને ચૂસી લેવાનો પ્રયાસ કર્યો હતો અને નદી સૂકાવા લાગી હતી ત્યારે મનમાં થતું હતું કે, 'સ્વામીએ આ નદીને બારેમાસ વહેવાના આશીર્વાદ આપ્યા છે, તે શું ખોટા પડશે ?'

એવામાં ગુરુકુલ દ્વારા જલમંદિર-નિર્માણની યોજનાઓ જાહેર થઈ. ગામલોકોએ એ વાતને ઉત્સાહથી વધાવી લીધી અને ગુરુકુલ, ગામલોકો અને સરકારના સહકારથી નદી ઉપર અનેક ચેક-ડેમો બંધાયા, પરિણામે ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ આજે પણ આ ગામ ઉપર ફળેલા હોય, એવું નજરે અનુભવાય છે.

ખરેખર, રૂગનાથપુર ગામ નાનકડું પણ ખાધે-પીધે સુખી એવું ગોકુળિયું ગામ બન્યું છે. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદનું આ પરિણામ છે.

# કોળી ભગત વીરા સાંખડ

બાબરિયાવાડમાં ટીંબી ગામે કોળી ભક્ત વીરા સાંખડ રહેતા હતા. એમના પિતાશ્રીનું નામ રામભાઈ હતું.

રામભાઈ પહેલા ભેરાઈ ગામે રહેતા હતા. તેઓનો સ્વભાવ ઉગ્ર હતો, એટલે અહીંના આહિરો સાથે એમને વેર-ઝેર થયા હતા.

રામભાઈએ ચાર આહિરોને ઠાર માર્યા હતા. પરિણામે રામભાઈના જાન ઉપર જોખમ ઊભું થયું એટલે તેઓએ ભેરાઈ છોડી વડલીમાં વસવાટ કર્યો હતો.

રામભાઈને વડલીના લોકો સાથે પણ ઝઘડો થયો.પરિણામે તેઓ વડલી છોડીને ચોરાળી-મોલીમાં રહેવા ગયા.

મોલીમાં પણ તેઓ વધારે ટકી શક્યા નહિ અને ટીંબી રહેવા ગયા.

'બાર ગાવે બોલી બદલે, તરુવર બદલે શાખા,'

બુઢાપણમાં કેશ બદલે પણ લખણ ન બદલે લાખા.

રામભાઈ ગામ બદલતાં રહ્યા પણ એમનો સ્વભાવ તો એવોને એવો રહ્યો.

રામભાઈ ઉગ્ર સ્વભાવના હતા પરંતુ એમના દીકરા વીરો ભગત ખૂબ શાંત પ્રકૃતિના હતા. એમને આ રોજના વિખવાદ, રોજના ઉચાળા ભરવા અને રોજ ગામડાં બદલતા રહેવા ગમતા નહોતા.

તેઓ પિતાશ્રીના ઉગ્ર સ્વભાવથી અત્યંત થાકી ગયા હતા. એમનું મન અશાંત રહેતું હતું. તેથી તેઓ પોતાના મનની શાંતિનો ઉપાય શોધી રહ્યા હતા.

આ જ અરસામાં કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી બાબરિયાવાડ અને નાઘેરના ગામડાંઓમાં ફરતાં ફરતાં ટીંબી પધાર્યા હતા.

ટીંબીમાં ગામના પાદરમાં રૂપેણ નદીને કિનારે, વડલાના વૃક્ષ નીચે સંતોનો ઉતારો હતો.

સંતોના મુખેથી કથા-વાર્તા સાંભળવા માટે ગામના ભાવિક લોકો ભેગા થતા હતા અને આવા પવિત્ર સંતો પોતાને ઘેર બેઠા મળ્યા, એટલે ગામલોકોને લાગતું હતું કે, આ તો આપણે ત્યાં ઘરે બેઠા ગંગા આવી છે.

એમણે જાતજાતના બાવા-સાધુ જોયા હતા પરંતુ આવા પવિત્ર-ભજનિક સંતોના દર્શન એમને ભાગ્યે જ થયા હતા.

ગામને પાદર સંતો પધાર્યા છે, એ વાત સાંભળીને વીરા સાંખડ સંતોના દર્શને આવ્યા. બંને મહાન સંતોના દર્શન કરતાં વીરા ભગતને અંતરમાં અત્યંત શાંતિ થઈ ગઈ. તેઓ રોજ સ્વામી પાસે આવવા લાગ્યા અને સ્વામીના મુખથી કથા-વાર્તા સાંભળવા લાગ્યા.

સ્વામીના ધારદાર ઉપદેશ વચનો એમના અંતરની આરપાર ઉતરી ગયા.

વીરા સાંખડે સ્વામીના હાથે કંઠી બાંધાવી અને તેઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા.

કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોનો સમાગમ કરવાથી એમના અંતરમાં દિવસે દિવસે ભગવાન પ્રત્યેની ભક્તિ વધવા લાગી.

ધીમે ધીમે તેઓને ઉત્તમ એકાંતિકી ભક્તિની સ્થિતિ પ્રાપ્ત થઈ.

એમની શ્રદ્ધા અને ભક્તિથી ભગવાન વશ થઈ ગયા.

એક સમય એવો આવ્યો કે, બાબરિયાવાડમાં ભગવાન સ્વામિનારાયણ કોઈને અંત સમયે તેડવા જતા તો પહેલા વીરા ભગતને દર્શન દેતા અને કહેતા કે, ‘‘અમે ફલાણા ભગતને તેડવા જઈએ છીએ.’’

કોળી જ્ઞાતિમાં આવા ભક્ત પેદા થાય, એતો ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતનો જ પ્રભાવ માનવો જોઈએ.

## ખેતરને રખોપા રામના

વીરા સાંખડ વ્યવહારની ઝાઝી માથાકૂટ કરતા નહિ. પોતાના ખેતરમાં કોઈના માલ-ઢોર ચરી જાય, તોપણ તેની ઉપાધિ કરતા નહિ. છતાં પણ એમની ઉપજ ગામ કરતાં વિશેષ રહેતી.

જે ભક્ત અનન્ય ભાવે શ્રીહરિનું ભજન કરે છે. એના યોગક્ષેમનું વહન સ્વયં શ્રીહરિ કરે છે. એક વખત વીરા ભગતના ખેતરમાં બાજરો પાકીને તૈયાર થયો હતો. લણણીનો સમય નજીક હતો.

એવામાં આસપાસના કેટલાક અનાડી લોકોએ વિચાર કર્યો, ‘‘ભગતના ખેતરમાં પાક તૈયાર છે, રખોપું રાખનાર કોઈ છે નહીં. ભગત રાત્રે ખેતરે આવતા નથી, પડ સાવ રેઢું છે, તો આપણે રાત્રે જઈને બાજરો લણી લેવો.’’

આ રીતે સંતલસ કર્યા પછી રાત્રિના સમયે વીસ-પચ્ચીસ માણસો ભગતના

ખેતરમાં બાજરો લણવા આવ્યા.

તેઓ જેવા ખેતરમાં પ્રવેશ કરવા ગયા એજ વખતે માણકીએ બિરાજમાન મહારાજને ખેતરનું રખોપું કરતાં જોયા. મહારાજે હાંક મારી એટલે તે લોકો ભયભીત થઈને ભાગી છૂટ્યા.

આમ બે-ત્રણવાર પ્રયાસ કરી જોયો પરંતુ એમનો ગજ વાગ્યો નહિ. એમના મનમાં થયું કે, નક્કી ભગતે કોઈ રખોપિયો રાખ્યો લાગે છે.

એક વખત આ ટોળીના બે-ત્રણ આગેવાનોથી રહેવાયું નહિ. એમણે વીરા ભગતને કહ્યું, ‘‘ભગત ! તમે રખોપિયો ભારે જબરો રાખ્યો છે. આખી રાત આળસ રાખ્યા વગર ઘોડીએ ચડીને તમારા ખેતર ફરતાં આંટા મારે છે. તમે આવો રખોપિયો ક્યાંથી ગોત્યો ?’’

આ લોકોની વાત સાંભળી વીરા સાંખડ સમજી ગયા કે, ‘નક્કી મારો મહારાજ મારા ખેતરનું રખોપું રાખી રહ્યા છે.’

વીરા ભગતે કહ્યું, ‘‘ભાઈઓ ! મેં તો મારું ખેતર ભગવાનને ભળાવી દીધું છે. હવે એ ખેતરની રક્ષા કેમ કરવી ? એ એમના હાથમાં છે.’’

વીરા ભગતની વાત સાંભળીને આ અનાડી લોકોને ભારે આશ્ચર્ય થયું. એમણે વિચાર્યું, જેના ખેતરની રક્ષા સ્વયં ભગવાન કરતા હોય, એવા ભગતના ખેતરમાં આપણાથી ચોરી ન કરાય. એમણે નિખાલસ દિલે વીરા ભગતની આગળ પોતાના પાપનો એકરાર કર્યો. વીરા ભગતનું દિલ તો બહુ મોટું હતું. એમણે કહ્યું, ‘‘ભલા માણસ ! તમારે બાજરાની જરૂર હોય તો ગમે ત્યારે આવીને મારી પાસેથી લઈ જજો. તમારે આવા રાત-ઉજાગરા કરવાની જરૂર નથી !’’

વીરા ભગતની વાત સાંભળી ચોરલોકોને ભારે પસ્તાવો થયો, એમણે ભગતની માફી માગી.

આ વાત વાયુવેગે ચારે તરફ પ્રસરી. લોકોના દિલમાં વીરા ભગત પ્રત્યે ખૂબ જ ભાવ અને આદર પેદા થયા.

## ટીંબીના ઘેલાભગત ધામમાં ગયા

વીરા ભગત પોતે તો સત્સંગી થયા જ હતા પરંતુ તેમણે પોતાના લગભગ બધા સગાં-વહાલાંઓમાં સત્સંગ કરાવી દીધો હતો.

એક એમના પિતા રામભાઈ સાવ કોરા રહી ગયા હતા. રામભાઈ હોકાના હરેડ બંધાણી હતા. તેઓ હાથમાં હોકો રાખીને જ ભેંસો ચારવા જતા.

વાત વાતમાં ઝઘડો કરવો એ સ્વભાવ તો ગયો જ નહોતો.

વીરા ભગત એમને ખૂબ સમજાવતા. સાધુ-સંતો આવે ત્યારે એમની પાસે કથા-વાર્તા સાંભળવા લઈ જતા.

પછી ધીરે ધીરે એમનો સ્વભાવ શાંત થયો હતો છતાં એક વખત તો એમને ટીંબી છોડીને બારમણ રહેવા જવું પડ્યું હતું.

વીરા ભગત પોતાના પિતાની સાથે જ્યારે બારમણ રહેતા હતા ત્યારે એક સમયે મહારાજે એમને દર્શન દીધાં અને કહ્યું, “વીરા ભગત ! અમે ટીંબીમાં તમારા સાળા ઘેલા ભગત રહે છે એને આજે રાત્રે અમારા ધામમાં લઈ જઈએ છીએ.” આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

મહારાજની વાત સાંભળીને વીરા ભગત તુરત જ બારમણથી ચાલતા થયા અને દિવસ ઉગતા સુધીમાં તો ટીંબી પહોંચી ગયા.

બરાબર એજ સમયે ટીંબીના વાઘજી મહારાજ પોતાની ભેંસોને લઈને પ્રહર ચારવા જતાં હતા.

એમણે વીરા ભગતને પૂછ્યું, “અરે ! ભગત ! અત્યારે વહેલી સવારે તમે ક્યાંથી ?” વીરા ભગતે કહ્યું, “હું બારમણથી આવું છું, કારણ કે મારા સાળા ઘેલા ભગત આજે રાત્રે ધામમાં ગયા છે.”

વાઘજી મહારાજે કહ્યું, “અરે ! ભગત ! અમે ગામમાં રહીએ છીએ, છતાં અમને ખબર નથી તો તમને ખબર ક્યાંથી પડી ?”

વીરા ભગતે કહ્યું, “વાઘજી મહારાજ ! આજે રાત્રે ભગવાન સ્વામિનારાયણે મને દર્શન દઈને આ વાત કરી, એટલે હું રાત્રે જ બારમણથી નીકળીને ટીંબી આવ્યો છું.”

વાઘજી મહારાજ તો આશ્ચર્યથી વીરા ભગતની વાત સાંભળી રહ્યા.

વીરા ભગત ઘેલા ભગતને ઘરે પહોંચ્યા.

વીરા ભગતના સગાં-સંબંધીઓને પણ આશ્ચર્ય થયું કે, “ઘેલા ભગત ધામમાં ગયા, એ વાતની હજી આપણે કોઈને જાણ કરી નથી, તો ભગતને કેમ ખબર પડી ?” વીરા ભગતે તેમને પણ પોતાને મહારાજે દર્શન દઈને સમાચાર આપ્યા, એ વાત કરી ત્યારે બધાને આશ્ચર્યનો અવધિ ન રહ્યો.

આ અલૌકિક વાત સાંભળીને વાઘજી મહારાજ અને બીજા કેટલાય કોળી લોકો ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા.

## મંદિર માળવા રહેણાંકના નળીયા ઉતારી દીધા

વીરા ભગતના શ્રદ્ધા અને સમર્પણ ગજબના હતા.

એક સમયની વાત છે. સદ્‌ગુરુ વ્રજ્યાનંદ સ્વામી બ્રાહ્મણના સમઢિયાળા ગામે મંદિર બંધાવી રહ્યા હતા. એ સમયે સ્થાનિક હરિભક્તોની આર્થિક સ્થિતિ બહુ સધ્ધર નહોતી. બધાએ જેમતેમ કરીને થોડો ઘણો ફંડ-ફાળો ભેગો કર્યો હતો.

થોડું ફંડ, થોડા રૂપિયા અને વધારે જાત મહેનતથી વ્રજ્યાનંદ સ્વામીએ ગાર-માટી અને પથ્થરાઓનું મંદિર આદર્યું હતું.

મંદિરનો કોઠલો તૈયાર થઈ ચૂક્યો હતો. હવે એની ઉપર નળિયા ઢાંકવાના હતા. એ માટે નળિયાની જરૂર હતી, પરંતુ નળિયા તાત્કાલિક મળી શકે એમ નહોતા. ચોમાસું આંબવા આવ્યું હતું. જો સમયસર મંદિર માળી લેવામાં ન આવે, તો વરસાદને લીધે ગારથી ચણેલા ભીતડાં ધોવાઈ જવાની ભીતિ હતી.

આ અરસામાં વીરા સાંખડ સ્વામીના દર્શન માટે સમઢિયાળા આવ્યા હતા.

સ્વામીએ કહ્યું, ‘‘વીરા ભગત ! જેઠ માસ બેસી ગયો છે. ચોમાસા પહેલા મંદિર માળવું જરૂરી છે પણ નળિયા મળતાં નથી. તમારા ગામમાં ક્યાંય નળિયા મળી શકે એમ છે ?’’

વીરા ભગતે એજ સમયે ઝડપથી કલ્પી ન શકાય એવો નિર્ણય કર્યો.

એમણે કહ્યું, ‘‘મા-બાપ ! નળિયા તૈયાર જ છે.ગાડાં મોકલો એટલે ભરાવી દઉં.’’ સ્વામીએ હરિભક્તોને તૈયાર કરી ગાડાં મોકલ્યા. સાથે બે સાધુઓને પણ મોકલ્યા.

વીરા સાંખડ ગાડાઓને સીધાં પોતાના ઘરે લઈ ગયા અને પોતાના રહેણાંક ઉપરથી નળિયા ઉતારી ગાડામાં ભરવા લાગ્યાં!

ગાડાવાળા હરિભક્તો અને સાધુઓ ના પાડવા લાગ્યા, ‘‘અરે ભગત ! તમે આ શું કરો છો? સ્વામીએ વેચાતા નળિયા લેવાનું કહ્યું છે. આ ઘરના નળિયા ઉતારવાનું નથી કહ્યું. તમે રહેણાંકના નળિયા ઉતારવાનું રહેવા દ્યો. હમણાં ચોમાસુ આવી જશે. પરિવારને નોધારું રહેવું પડશે.’’

વીરા ભગતે કહ્યું, ‘‘સ્વામી! અમે તો કોળી કહેવાઈએ. અમારા ઘર ઉપર નળિયા ન હોય. ઘાસના છાજ હોય! આ ઘર ઉપર જ નળિયા દેખાય છે, એ તો સ્વામી જેવા સંતોનો પ્રતાપ છે. અમે તો ગમે એમ કરીને અમારું ફોડી લેશું પણ ભગવાનનું મંદિર અધૂરું રહી જાય, એ શું કામનું ?’’ એમ કહી સંતો હરિભક્તો

ના પાડતા રહ્યા અને ભગતે નળિયાથી ગાડાં ભરી દીધાં.

હરિભક્તો અને સંતોએ સમઢિયાળા આવી વ્રજ્યાનંદ સ્વામીને બધી વાત કરી.

વીરા ભગતનું સમર્પણ જોઈને વ્રજ્યાનંદ સ્વામી ખૂબ રાજી થયા.

વીરા સાંખડના નળીયાના સમર્ણપણથી સમઢિયાળાનું મંદિર માળાઈ ગયું. એટલામાં ચોમાસું પણ બેસી ગયું.

કહેવાય છે કે આ ચોમાસાના વરસાદમાં મહારાજે વીરા સાંખડના પરિવારની અદ્‌ભૂત રક્ષા કરી હતી.

નવાઈની વાત એ હતી કે, બધે જ વરસાદ વરસતો હતો પણ વીરા સાંખડના માળણ વગરના ઘર ઉપર એક પણ છાંટો પડતો નહોતો. કોઈ અદશ્ય અવકાશી આવરણ વીરા સાંખડના ભીતડાં ઉપર ઊભેલા ઘરની રક્ષા કરી રહ્યું હતું.

ભગવાન શ્રીહરિ જ્યારે દાદા ખાચરને પરણાવવા ભટ્ટવદર આવેલા ત્યારે ઘેલા કોળી, જોગા કોળી અને પોતાના પિતા રામભાઈને સાથે લઈને વીરા સાંખડ મહારાજના દર્શન માટે ભટ્ટવદર ગયા હતા અને ત્યાં એમણે દેહે કરીને ખૂબ સેવા કરીને મહારાજનો રાજીપો લીધો હતો.

વીરા ભગતના નાનાભાઈનું નામ રાણો હતું. તેઓ જન્મથી અંધ હતા. તેમણે આખી જિંદગી બ્રહ્મચર્ય પાળ્યું હતું અને અંધ હોવા છતાંય બ્રાહ્મણની પેઠે સોળે રહીને પોતાની બધી ક્રિયા કરતા હતા.

વીરા ભગતના બહેનનું નામ કુરીબાઈ હતું.તેઓ ખૂબ સારા ભક્તરાજ હતા અને તેઓને શરીર છોડવાનું થયું એ પહેલા ત્રણ દિવસે મહારાજે દર્શન દીધા હતા અને કહ્યું હતું કે, ‘‘અમે તમને ત્રણ દિવસ પછી ધામમાં તેડી જશું’’ અને એજ પ્રમાણે ભગવાન શ્રીહરિ એમને ધામમાં તેડી ગયા હતા.

એક કોળી જેવી જ્ઞાતિમાં આટલા આટલા મહાન ભક્તો પ્રગટે, એ ભારે આશ્ચર્યની વાત છે.

વીરા ભગતને ત્રણ દીકરા હતા. ભીમ, અમરો અને કાનો.

ત્રણેય ખૂબ સારો સત્સંગ રાખતા હતા.ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. એમાંય અમરા ભગતે તો આખી જિંદગી બ્રહ્મચર્ય પાળીને મહારાજનું ભજન કર્યું હતું અને ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતનો ખૂબ રાજીપો મેળવ્યો હતો.

# ધન્ય ધોરાજી ધામને

## ધોરાજીના માવજી દવેના દીકરાઓને રામાયણના કાંડ આપ્યા

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધોરાજી સોરઠની પંચતીર્થીનું મહત્ત્વનું તીર્થધામ છે.

ધોરાજીમાં રામાનંદ સ્વામીના સમયનો સત્સંગ છે.

ધોરાજીમાં માવજી દવેનો પરિવાર વસતો હતો. આ પરિવાર ઉપર રામાનંદ સ્વામી, શ્રીજી મહારાજ તેમજ ગુણાતીતાનંદ સ્વામી વગેરેનો ખૂબ જ રાજીપો હતો.

માવજી દવે રામાનંદ સ્વામી સમયના સત્સંગી હતા. રામાનંદ સ્વામીએ ધોરાજીમાં સદાવ્રત બાંધ્યું હતું.

સ્વામીની આજ્ઞાથી માવજી દવે સદાવ્રતનો બધો કારોબાર સંભાળતા હતા અને જે સાધુ-સંતો, ભગત-ભીખારી અભ્યાગત આવે, એમની સેવા કરતા હતા.

માવજી દવેને ચાર દીકરા હતા. હરજીવન, રાઘવજી, વાલજી અને કેશવજી.

માવજી દવેના એક બહેન હતા એનું નામ ગંગાબહેન હતું, જે વિધવા થયેલા હતા.

ચારેય દીકરાઓની ઉંમર નાની હતી અને ભગવાનની કોઈ અકળ ઈચ્છાથી માવજી દવે અક્ષરવાસી થયા.

માવજી દવેના વિધવા બહેન આ નાના છોકરાઓની સાર-સંભાળ લેતા હતા.

એકવાર ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને સાથે લઈને ધોરાજી માવજી દવેના ઘેર પધાર્યા હતા. આસપાસના હરિભક્તો ખીમાણી ગરાસીયાઓ અને એમને ઘેરથી બૈરાઓ મહારાજના દર્શન માટે માવજી દવેને ઘેર આવ્યા.

મહારાજે નાનકડી સભા ભરી.માવજી દવેના બહેન ગંગાબાઈએ ચારેય છોકરાઓને મહારાજને પગે લગાડ્યા.

મહારાજે ચારેય ભાઈઓ ઉપર કૃપાદૃષ્ટિ કરી.

ગંગાબાઈ બોલ્યા, ‘‘મહારાજ ! માવજી દવે તો ધામમાં ગયા. હુંય હવે ખર્યું

પાન છું. મને આ છોકરાઓની ચિંતા થાય છે. છોકરાઓ સાવ નાના છે. તમે આ છોકરાઓનું ધ્યાન રાખજો.''

મહારાજે કહ્યું, ''બહેન ! તમે એની ચિંતા કરશો નહિ, અમારા થઈને રહે, એની જવાબદારી અમારી છે.''

આટલું કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આપણી પાસે કાંઈ પુસ્તક-પાનું હોય, આપણે આ છોકરાઓને ભેટ દેવી છે.''

એ સમયે કેટલાક સંતો છૂટા પાનાઓમાં રામાયણનું લેખન કરી રહ્યા હતા.

સ્વામીએ કહ્યું, ''મહારાજ ! રામાયણના હસ્તલિખિત ચાર કાંડ છે''

મહારાજે કહ્યું, ''સ્વામી ! આપણે એ બ્રાહ્મણના દીકરાઓને રામાયણના કાંડ આપીએ. બ્રાહ્મણોને પુસ્તકનું દાન આપવાથી ભારે પુણ્ય થાય છે.''

એ જમાનામાં હસ્તલિખિત પુસ્તકોનું દાન કરવું, બહુ મોટી વાત ગણાતી.

મુક્તાનંદ સ્વામીએ સંતોને સંકેત કર્યો એટલે સંતોએ રામાયણના ચાર કાંડ લાવી મહારાજની પાસે હાજર કર્યા.

માવજી દવેના મોટા દીકરા હરજીવન બાર-તેર વર્ષની ઉંમરના હતા. તેઓ થોડું ભણ્યા હતા પરંતુ મહારાજે કોઈ અકળ લીલા કરી. એમણે હરજીવનથી નાના ભાઈઓને રામાયણના એક-એક કાંડ આપ્યા પણ હરજીવન દવેને એક પણ કાંડ ન આપ્યો.

મહારાજની આ લીલાને કોઈ સમજી શક્યું નહિ. દરબારોની બાઈઓમાંથી કોઈ બોલ્યું, ''મહારાજ પણ ખરા છે. નાનકડાં છોકરાઓને એકડોય લખતા આવડતું નથી, એ આ પુસ્તક લઈને શું કરશે.''

બાઈઓની વાત સાંભળી મહારાજ હસ્યા અને છોકરાઓને પૂછ્યું-

**'શું ભણ્યા છો વેદ કે પુરાણ, તમે બોલો કંઇક ગિરવાણ.'** (હરિલીલામૃત)

છોકરાઓ કહે, 'મહારાજ અમે કાંઈ ભણ્યા નથી.'

મહારાજ હસીને બોલ્યા, ''મોરના ઈંડાને ચિતરવા ન પડે, એમ બ્રાહ્મણના છોકરાઓને વેદજ્ઞાન તો પૂર્વ જન્મથી હોય.''

આટલું કહી મહારાજે છોકરાઓને કહ્યું, ''તમે કાંડના પાના ખોલો અને વાંચવા માંડો.''

મહારાજના કહેવાથી નાના છોકરાઓએ પાના ખોલ્યા અને

**પછી બોલ્યા કડેડાટ પાઠ, જોઇ રાજી થયા પોતે નાથ,**
**એવી રીતે બોલ્યા ભણ્યા વિના, જોઇ સભા સર્વે થઇ લીના.** (હરિલીલામૃત)

નાના નાના અભણ છોકરાઓને આ રીતે રામાયણ વાંચતા જોઈને સર્વેને ખૂબ જ આશ્ચર્ય થયું.

મહારાજે ગંગાબાઈને કહ્યું, ''આ રામાયણની પોથીઓ આ બધા ભાઈઓના આજીવિકાનું સાધન બનશે અને તેઓ ખૂબ જ સુખી થશે.''

માવજી દવેના બહેનને મનમાં થયું, ''મહારાજે નાના ત્રણ ભાઈઓને આશીર્વાદ આપ્યા પણ મોટાને કેમ કોરો રાખ્યો ? તે સમજાયું નહિ.''

મહારાજને પૂછવાનો વિચાર થયો પણ પૂછી શક્યા નહિ.

બધો પ્રસંગ પૂરો થયા બાદ મુક્તાનંદ સ્વામીથી રહેવાયું નહિ એટલે બોલ્યા, 'મહારાજ! આપ તો સમર્થ છો. જે કરો તે વિચારીને જ કરો પરંતુ થોડું અયોગ્ય કાર્ય થયું છે.'

મહારાજ હસીને કહે, 'સ્વામી! શું અયોગ્ય થયું છે?'

સ્વામી કહે, 'મહારાજ! તમે મોટા હરજીવનને રામાયણનો કાંડ કેમ ન આપ્યો ?'

મહારાજ કહે, 'હશે સ્વામી ! અમને રુચ્યું તે કર્યું.'

મહારાજની વાત સાંભળી 'ધણીનો કોઈ ધણી નથી' એમ માની મૌન થઈ ગયા.

આ વાતને થોડો સમય વીત્યો. ફરીથી મહારાજ વરજાંગ જાળીયાથી ધોરાજી પધાર્યા હતા. મુક્તાનંદ સ્વામી મહારાજની સાથે હતા.

માવજી દવેના બીજા નંબરના પુત્ર રાઘવજી  મહારાજના દર્શને આવ્યા.

મહારાજે જાણતા છતાં અજાણ્યા થઈને પૂછ્યું, ''રાઘવજી ! તમારા મોટા ભાઈ હરજીવન શું કરે છે ?''

રાઘવજીએ કહ્યું, ''મહારાજ ! આપ ધોરાજી પધારેલા અને અમારા પરિવારને આશીર્વાદ આપેલા. એ પછી છ મહિનામાં જ હરજીવન દેહ મેલી ધામમાં સીધાવ્યા.''

રાઘવજીની વાત સાંભળી મહારાજે મુક્તમુનિ તરફ સંકેતભરી નજર કરી.

મુક્તાનંદ સ્વામી એ નજરનો અર્થ સમજી ગયા.

સ્વામીએ મહારાજને બે હાથ જોડીને મહારાજને કહ્યું, ''મહારાજ ! માફ કરજો. આપની ભૂલ કાઢી, એ મારી બહુ મોટી ભૂલ થઈ. મને શું ખબર કે, આપે હરજીવનનું ભવિષ્ય વાંચી લીધું હતું.''

મહારાજ હસીને બોલ્યા, ''સ્વામી !અમને હરિજીવનના ભવિષ્યની ખબર હતી. અમારાથી એ વખતે આ વાત તમને થઈ શકે એમ નહોતી.''

"બીજું સ્વામી ! ગરાસીયાને જમીન વહાલી હોય, વાણિયાને ધન વહાલું હોય, બ્રાહ્મણોને પુસ્તક વહાલું હોય. અમે જો એ સમયે હરજીવનને રામાયણનો કાંડ આપ્યો હોત, તો હરજીવન ધામમાં ગયા પછી રામાયણના એ કાંડને કોણ સાચવત ? એક કાંડની વહેંચણી માટે આ ત્રણેય ભાઈઓમાં કાંડ સર્જાયા હોત !"

સ્વામી બોલ્યા, "આપની વાત સાચી છે મહારાજ !"

મહારાજે જેતલપુરમાં યજ્ઞ કર્યો ત્યારે વાલજી અને રાઘવજીને ત્યાં તેડાવ્યા હતા પરંતુ અમદાવાદના સૂબાની આડોડાઈને કારણે મહારાજે જેતલપુરનો યજ્ઞ બંધ રાખી ડભાણમાં યજ્ઞ કર્યો હતો.

રાઘવજી અને વાલજી જેતલપુર પહોંચ્યા, ત્યાં સાંભળ્યું કે, યજ્ઞ બંધ રહ્યો છે. બંને જણા મહારાજના દર્શન માટે ડભાણ ગયા.

બેયને જોઈને મહારાજ ખૂબ રાજી થયા. મહારાજે પોતાના બન્ને હાથના અંગૂઠામાં વેઢ પહેર્યા હતા, તે ઉતારીને બંને ભાઈઓને દાનમાં આપ્યા.

મહારાજની કૃપા પ્રસાદી પામીને બંને ભાઈઓ અત્યંત ધન્ય થઈ ગયા અને ધોરાજી પાછા આવ્યા.

## ગઢની રાંગનો રસ્તો બંધ કરાવ્યો

ધોરાજીમાં ભગવાન સ્વામિનારાયણ અનેકવાર પધાર્યા છે. અહીં મહારાજે ખૂબ લીલાઓ કરેલી છે.

મહારાજ ધોરાજી પધારતા ત્યારે ક્યારેક માવજી દવેના ઘરે તો ક્યારેક ગરાસીયા બકાભાઈ ખીમાણીને ઓરડે ઉતરતા, ચોકમાં સભા કરતા, થાળ જમતા અને પોઢતા.

ગુણાતીતાનંદ સ્વામીને ધોરાજી તીર્થ ખૂબ જ ગમતું. તેઓ અવાર-નવાર ધોરાજી પધારતા હતા. સ્વામીએ શ્રીજી મહારાજ ઉતરતા એ પ્રસાદીની જગ્યા ખીમાણી ગરાસીયાઓ પાસેથી મેળવીને નાનું હરિમંદિર કરાવ્યું હતું.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી ધોરાજી પધાર્યા હતા. મંદિરમાં ઉતર્યા હતા. મંદિરની બાજુમાં જ ગામના ગઢની દીવાલ હતી. ગઢ ઘણો લાંબો હતો. દીવાલ ઉપરના ભાગે સાત ફૂટ જેટલી પહોળી હતી. દીવાલ ઉપરથી ગાડાંઓ અને માણસો અવર-જવર કરતા હતા.

ગઢની આ દીવાલ ઉપરથી અવાર-નવાર બૈરાઓ પસાર થતા હતા. મંદિરના ફળિયામાં સાધુઓ ઊભા હોય અને ગઢની દીવાલ ઉપરથી બૈરાઓ પસાર થાય,

તે સ્વામીને રુચ્યું નહિ.

ધોરાજી ગોંડલ રાજનું ગામ હતું. રાજ વતી માધવજીભાઈ દવે ધોરાજીનો કારભાર સંભાળતા હતા.

સ્વામીએ માધવજીભાઈ દવેને બોલાવ્યા અને કહ્યું, "માધવજીભાઈ ! ગઢની દીવાલ ઉપરનો રસ્તો બંધ થાય તો સારું, કારણ કે ગઢની દીવાલ ઉપરથી બૈરાઓ પસાર થાય છે. અહીં મંદિર બાજુમાં જ હોવાથી સંતોની મર્યાદા સચવાતી નથી. આપ ગોંડલ નરેશ સંગ્રામસિંહજીને વાત કરીને આ કાર્ય પૂર્ણ કરાવો."

માધવજીભાઈએ કહ્યું, "ભલે, સ્વામી ! હું એનો બંદોબસ્ત કરાવું છું."

આ દીવાલ ઉપરનું હલાણ ખીમાણી ગરાસીયાઓનું હતું. ખીમાણી ગરાસીયાઓ ગોંડલ રાજ્યના ભાયાતો ગણાતા હતા.

એમને હાલવા માટે બીજો કોઈ રસ્તો હતો નહિ, એટલે ન છૂટકે ગઢની દીવાલ ઉપરથી હાલવું પડતું હતું.

માધવજીભાઈ દવેએ મહારાજ સંગ્રામસિંહજીની અનુમતિ મેળવીને બકાભાઈ ખીમાણી વગેરે ગરાસીયાઓને બોલાવ્યા અને બધી વાત સમજાવી.

ખીમાણી ગરાસીયાઓએ કહ્યું, "અમે ગઢની દીવાલ ઉપરથી હાલવાનું બંધ કરીયે, એમાં અમને વાંધો નથી પણ તમે અમને હલાણની વ્યવસ્થા કરી આપો."

માધવજીભાઈએ મંદિરના ભંડારની પાછળથી હાલવા માટેનો રસ્તો કાઢી આપ્યો અને ગઢની રાંગ ઉપરનો રસ્તો બંધ કરાવ્યો.

## મુસલમાનની ગુણ ગાવાની ટેવ કામમાં આવી

એકવાર ગુણાતીતાનંદ સ્વામી માધવજીભાઈ દવેના ઘરે બિરાજમાન હતા.એવામાં એક મુસલમાન કંઈ કામકાજ અંગે માધવજીભાઈને મળવા આવ્યો.

એણે જ્યાં સ્વામીના દર્શન કર્યા ત્યાં એનું હૈયું ટાઢું થઈ ગયું, એટલે એ બોલવા લાગ્યો, "અરે ! આ સ્વામી તો ખુદાના ઓલિયા છે ઓલિયા ! "આમ કહી એણે ભાવથી સ્વામીને વંદન કર્યા.

મુસલમાન ગયો એટલે સ્વામી બોલ્યા, "માધવજીભાઈ ! આ મુસલમાન તો ખરો નીકળ્યો."

માધવજીભાઈએ કહ્યું, "સ્વામી ! એ તો આખો દિ જેના તેના વખાણ કર્યા જ કરે છે. બીજાના વખાણ કરતા રહેવાની એને ટેવ પડી ગઈ છે."

સ્વામીએ કહ્યું, "માધવજીભાઇ ! જેની તેની નિંદા કરવી એના કરતાં વખાણ કરવાની ટેવ સારી ગણાય. ટેવ હોય તો ટેવ, પણ આજે એની ટેવ કામમાં આવી ગઈ." આટલું કહી સ્વામી મંદિરે પધાર્યા.

બીજે દિવસે સ્વામીએ માધવજીભાઈને મંદિરે બોલાવ્યા અને કહ્યું, "માધવજીભાઈ ! આ કૂવા પાસેની જે વંડી છે, તે નીચી છે, એટલે બહાર માણસોની અવર-જવર થાય છે, તે દેખાયા કરે છે, માટે વંડી થોડી ઊંચી કરીએ તો સારું."

માધવજીભાઈને ગઈ કાલનો પ્રસંગ યાદ આવ્યો. એમણે સ્વામીને કહ્યું, "સ્વામી ! ગઈ કાલે જે મુસલમાન આવ્યો હતો, એ ચૂનો અને પથ્થર રાખે છે, આપણે વંડી માટે માલ-સામાન એની પાસેથી મંગાવીએ તો સારુ રહેશે."

સ્વામીએ કહ્યું, "બહુ સારુ, બોલાવો એને "

માધવજીભાઈએ માણસ મોકલ્યો અને મુસલમાનને કહેવડાવ્યું કે, "તને સ્વામી મંદિર બોલાવે છે."

સ્વામી બોલાવે છે, એ વાત સાંભળતાં જ મુસલમાન દોડતો આવ્યો અને સ્વામીને પગે પડી બોલ્યો, "બોલો, મહારાજ ! મારા જેવા નાચીજ ગુલામનું શું કામ પડ્યું?"

સ્વામી બોલ્યા કે, "અમારે આ વંડી ઊંચી કરાવવી છે, એ માટે થોડા બેલા અને ચૂનો જોઈએ છે, તું આપીશ ?"

મુસલમાને કહ્યું, "અરે ! મહારાજ ! મારું જે કાંઈ છે, એ બધું તો આપ જેવા ઓલિયા પુરુષની દુવાને લીધે છે. આપને જેટલા જોઈએ, એટલા બેલા અને ચૂનો હું પૂરો પાડીશ."

માધવજીભાઈ તો આ મુસલમાનનો ભાવ જોઈ દંગ રહી ગયા.

સ્વામીએ કહ્યું, "માધવજીભાઈ ! જોયુંને, સાધુના વખાણ કરવાથી આ જીવ કેવો ખાટી ગયો !"

માધવજીભાઈએ કહ્યું, "હા, સ્વામી ! આપ જેવા પ્રગટ પુરુષોત્તમ નારાયણના સાધુની વાત જ નોખી છે. તમે તો જીવના સ્વભાવ અને અંતઃકરણ બેયને ફેરવી નાખો એવા સમર્થ છો."

ગઢની જૂની દીવાલ હાલમાં મંદિરમાં ભળી ગયેલી છે. એટલે એનું નામોનિશાન રહ્યું નથી. પ્રસાદીનો કૂવો આજે પણ વિદ્યમાન છે.

## લાલવડે હનુમાનજી પધરાવ્યા

ધોરાજીના લાલવડની નીચે શ્રીજી મહારાજે રંગોત્સવ કર્યો હતો.

આ મહાપ્રસાદીભૂત સ્થાનમાં હરિભક્તોની વિનંતીથી સદ્‌ગુરુ ગણાતીતાનંદ સ્વામીના શિષ્ય સ્વામી માધવચરણદાસજીએ સ્વામીની આજ્ઞાથી હનુમાનજીની દેરી કરાવી હતી.

આ દેરીમાં હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરવા માટે સ્વામી ધોરાજી પધાર્યા હતા.

હરિભક્તોએ નક્કી કર્યું કે, ‘‘સ્વામી લાલવડની પ્રસાદીભૂત જગ્યાએ પ્રતિષ્ઠા માટે પધારે ત્યારે બધા સંઘ માટે અહીંયા જ રસોઈ કરવી અને આંનદ ઉત્સવ કરવો.’’ આમ વિચારી હરિભક્તોએ લાલવડ નીચે જ રસોઈની બધી તૈયારી કરાવી. હરિભક્તોનો મનોરથ પૂર્ણ કરવા સ્વામી સંતો-હરિભક્તોના સમુદાય સાથે લાલવડે પધાર્યા.

શ્રીહરિ અને રામાનંદ સ્વામીના કૃપાપાત્ર માવજી દવેના દીકરા રાઘવજી દવે પાસે સ્વામીએ વેદોક્ત વિધિ કરાવી ખૂબ ધામધૂમથી હનુમાનજીની પ્રતિષ્ઠા કરી અને આરતી ઉતારી.

પ્રતિષ્ઠાવિધિ પૂરો થઈ રહ્યા પછી સ્વામીએ હનુમાનજીને ટોપરું અને ખાંડ ધરાવી સૌને પોતાને હાથે પ્રસાદી આપી.

## કેશવજી દવેની ગાયનું કલ્યાણ કર્યું

આ જ અરસામાં માવજી દવેના બીજા દીકરા કેશવજી દવે ગાયના દૂધમાંથી બનાવેલું ગોરસ એક મોટી તાંસળીમાં ભરી સ્વામી પાસે લાવ્યા.

કેશવજી દવેએ સ્વામી પધારવાના છે, એ જાણીને બે દિવસથી ગાયના દૂધનું ગોરસ એકઠું કરી રાખ્યું હતું.

તેઓ સ્વામીને પગે લાગ્યા અને ગોરસની તાંસળી સ્વામીના ચરણમાં મૂકી.

સ્વામીએ પૂછ્યું, ‘‘ભૂદેવ ! આ શું લાવ્યા ?’’

કેશવજી દવેએ કહ્યું, ‘‘સ્વામી ! આ મારી ગાયના દૂધનું ગોરસ છે, તે આપના માટે લાવ્યો છું.’’

સ્વામીએ સ્વામી રામદાસજીને બોલાવ્યા અને કહ્યું, ‘‘સાધુરામ ! લ્યો, આ ગોરસની તાંસળી લઈ જાવ અને આજે ઠાકોરજીને થાળમાં ધરાવજો.’’

ગમે તે પ્રસંગ હોય સ્વામીના અંતરમાં સહજ ભાવે કથાવાર્તાની ભારે રુચિ રહેતી. જીવોના અંતરના અજ્ઞાનને દૂર કરી શ્રીહરિમાં જોડવાનું સ્વામીનું તાન હતું. પ્રતિષ્ઠા વિધિ પૂરો થયા બાદ સ્વામીએ લાલવડ નીચે સભા કરી. સભામાં પ્રગટ ભગવાન શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરી. ધોરાજીના હરિભક્તોના અંતરમાં શ્રીહરિની નિષ્ઠા દૃઢ કરાવી.

આ બાજુ રસોઈ તૈયાર થઈ, એટલે સહુ સંતોની પંક્તિ થઈ. કેશવજી દવેની ભાવના જોઈને સ્વામી ગોરસ જમ્યા અને સહુ સંતોની પંક્તિમાં પણ થોડી થોડી પ્રસાદી પીરસાવી.

ત્યાર બાદ સ્વામી સૌ સંતો-હરિભક્તોની સાથે ગામમાં મંદિરે પધાર્યા.

હરિભક્તોનો આગ્રહ જોઈને સ્વામી મંદિરમાં બે દિવસ રોકાયા. હરિભક્તોએ ઘરે ઘરે સ્વામીની પધરામણી કરાવી ધોતિયાં ઓઢાડી પૂજા કરી. પછી સંત-મંડળ સાથે જૂનાગઢ પધાર્યા.

આ બાજુ ધોરાજીમાં એક અલૌકિક ઘટના બની.

કેશવજી દવેની ગાય માંદી પડી. શિયાળાની ઋતુ હતી. પોષ મહિનાના દિવસો હતા. રાત્રિનો સમય હતો. કેશવજી દવે ફળિયામાં સૂતા હતા.

વહેલી સવારે એમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એમને 'મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી ગાયને ધામમાં તેડવા માટે ગાયની કોડમાં પધાર્યા છે,' એવા દર્શન થયા.

કેશવજી દવેએ જાગીને તરત જ પોતાના દીકરા પીતાંબરને જગાડ્યો અને કહ્યું, "એલા, પીતાંબર ! ઊઠ ઊઠ જો, મહારાજ આપણી ગાયને ધામમાં તેડી ગયા હોય, એમ લાગે છે."

બંને બાપ-દીકરો હાથમાં દીવો લઈ ગાયની કોઢમાં આવ્યા. જ્યાં આવીને જોયું તો ખરેખર ગાયે દેહ છોડી દીધો હતો.

કેશવજી દવેએ પોતાના દીકરા પીતાંબરને કહ્યું, "બેટા ! થોડા સમય પહેલા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી લાલવડે જ્યારે હનુમાનજીની પ્રતિષ્ઠા કરવા પધારેલા ત્યારે હું સ્વામી માટે આપણી આ ગાયના દૂધનું ગોરસ લઈ ગયો હતો."

"આપણી ગાય ભારે ભાગ્યશાળી નીવડી. મોટા સત્પુરુષના ઉપયોગમાં એનું ગોરસ આવ્યું, એટલે શ્રીજી મહારાજ કૃપા કરીને એને પોતાના ધામમાં તેડી ગયા." "પીતાંબર ! આ સત્સંગનો એવો મોટો પ્રતાપ છે કે, સત્પુરુષના ઉપયોગમાં આવેલા પશુપંખીનું પણ મહારાજ કલ્યાણ કરે છે."

## ધોરાજીમાં શિખરબદ્ધ મંદિર થશે

એકવાર મહારાજ ધોરાજી પધાર્યા ત્યારે આગમવાણી ભાખતા કહ્યું હતું કે ‘આ ભૂમિ ભારે ભાગ્યવંતી છે. અહીં ભવિષ્યમાં મોટું શિખરબદ્ધ મંદિર થશે.‘

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી અને શ્રીજી મહારાજની કૃપાદૃષ્ટિ તેમજ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ધોરાજીમાં સત્સંગનો બગીચો ખૂબ ફૂલ્યો અને ફાલ્યો. ગામમાં મોણપરા, વાગડીયા, માવાણી વગેરે કણબી પરિવારો, કડીયા પરિવાર, કુંભારો તેમજ ખીમાણી દરબારો પણ સત્સંગી થયા.

ગુણાતીતાનંદ સ્વામી પછી પણ સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી નિર્ગુણજીવનદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, જેતપુર કોઠારી સ્વામીહરિકૃષ્ણદાસજી વગેરે મોટા મોટા સંતો ધોરાજીમાં પધારતા રહ્યા અને સત્સંગનું પોષણ કરતા રહ્યા.

સ્વામી બાલમુકુંદદાસજીના શિષ્યોમાં સ્વામી માધવપ્રસાદદાસજી નામે પવિત્ર સંત હતા. તેઓ નાની ઉંમરે સ્વામી પાસે સાધુ થવા આવી ગયા હતા. સ્વામીની સાથે તેઓ સાત વર્ષ રહ્યા હતા.

બાલમુકુંદદાસજી સ્વામી ધામમાં ગયા પછી તેઓ સ્વામી બાલમુકુંદદાસજીના મોટા શિષ્ય નિર્ગુણદાસજીની સેવામાં જોડાયા હતા. ઉપરાંત તેઓએ સ્વામી બાલમુકુંદદાસજીના બીજા શિષ્ય સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજીનો પણ રાજીપો મેળવ્યો હતો.

મોટી ઉંમરે સ્વામી માધવપ્રસાદદાસજી જેતપુરમાં કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી સાથે રહેતા હતા.

કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી સ્વામી માધવપ્રસાદદાસજીએ ધોરાજીના સત્સંગનું ખૂબ જ પોષણ કર્યુ હતું.

સ્વામી માધવપ્રસાદદાસજીના શિષ્ય પુરાણી સ્વામી મોહનપ્રસાદદાસજી ખૂબ જ પવિત્ર સંત છે. એમણે ધોરાજીમાં સુંદર શિખરબંધ મંદિર કરાવેલું છે અને વર્ષો પહેલાં શ્રીહરિએ ભાખેલી ભવિષ્યવાણી સત્ય કરી છે.

## ધોરાજીના માવજી દવેનો પરિવાર

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી, શ્રીહરિ તથા ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી માવજી દવેના પરિવારમાં સત્સંગ સારો સચવાયેલો છે અને મોટા મોટા સંતોનો

રાજીપો મેળવેલો છે.

માવજી દવેના પુત્ર રાઘવજી દવેને ત્યાં હીરજીભાઈ નામના પુત્ર થયા હતા. હીરજીભાઈને ત્યાં હરિશંકરભાઈ નામે પુત્ર હતા. હરિશંકર દવેએ બ્રહ્મચારી અચિંત્યાનંદજી સ્વામી પાસે રહીને સંસ્કૃતનો ખૂબ સારો અભ્યાસ કર્યો હતો.

તેઓ ખૂબ સારી કથા કરતા. તેઓ જ્યારે કરુણ સ્વરે દ્રૌપદી-વસ્ત્રાહરણ છંદ બોલતા ત્યારે મોટા મોટા સદ્‌ગુરુ સંતોના નેત્રોમાંથી પણ આંસુડાંની ધારા વહેવા લાગતી હતી.

હરિશંકરભાઈને ત્યાં મૂળશંકરભાઈ નામે પુત્ર થયા. જેઓ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના શિષ્ય હતા.

મૂળશંકર દવેના પુત્ર ભાનુશંકર દવે હતા. તેઓ ખૂબ સારું વૈદુ જાણતા.તેઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર હતા.

ભાનુશંકર દવેના સુપુત્ર શ્રીમુકુંદભાઈ આજે ધોરાજીમાં વિદ્યમાન છે. પોતે ખૂબ જ સારા કર્મકાંડી વિદ્વાન છે.

ભગવાન સ્વામિનારાયણે રાઘવજી દવેને રાજી થઈને રામાયણનો જે ઉત્તરકાંડ આપ્યો હતો, તે મુકુંદભાઈએ આજે પણ સારી રીતે સાચવ્યો છે. પરિવાર ખૂબ જ સુખી છે.

માવજી દવેના બીજા વંશ-વારસોમાં મનહરભાઈ દવે પણ હાલ ધોરાજીમાં હયાત છે.

શ્રીહરિ અને ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદને લીધે માવજી દવેના આ વંશ-વારસો વ્યવહારે ખૂબ જ સુખી છે, ખૂબ સારો સત્સંગ રાખે છે અને મંદિરના મુખ્ય ઋત્વિજ તરીકે સેવા આપે છે.

## કંડોરણામાં કેશવજી દવેનો મનોરથ પૂર્ણ કર્યો

સમય જતા રાઘવજી દવે અને વાલજી દવે ધોરાજીમાં જ વસ્યા અને કેશવજી દવેને કંડોરણા ગોરપદું મળેલું તેથી પાછલી ઉંમરમાં તેઓ કંડોરણામાં રહેતા.

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સ્વામી બાલમુકુંદદાસજી વગેરે સંતોને લઈને કંડોરણા પધાર્યા હતા.

સ્વામી કંડોરણા પધાર્યા એટલે કેશવજી દવેને ખૂબ જ આનંદ થયો. કેશવજી દવેએ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! મારે આપની પૂજા કરવી છે, રસોઈ દેવી છે અને વર્ષો પહેલાની મારા મનની એક ઈચ્છા અધૂરી રહી ગઈ છે, તે પૂરી કરવી છે.’’

સ્વામીએ કહ્યું, "કેશવજી ! એવી તમારી કઇ ઇચ્છા અધૂરી રહી ગઇ છે ?"

કેશવજી દવેએ કહ્યું, "સ્વામી ! એકવાર શ્રીજી મહારાજ કંડોરણે પધાર્યા હતા. મારે મહારાજને જમાડવા હતા પણ જમાડી શક્યો નહોતો."

સ્વામીએ કહ્યું, "કેશવજી ! ઘર આંગણે ગંગા આવી અને કોરા કેમ રહ્યા ?"

કેશવજીએ કહ્યું, "સ્વામી ! મહારાજે કંડોરણામાં ચોરાસી કરી હતી એમાં મને પણ તેડાવ્યો હતો. હું યજમાન વૃત્તિ માટે દૂર ગયો હતો. મને સમાચાર મળ્યા એટલે હું દોડતો આવ્યો પણ ત્યાં તો મહારાજ કંડોરણાથી ધોરાજી જવા નીકળી ચૂક્યા હતા."

"હું મહારાજની પાછળને પાછળ દોડ્યો. રાત્રિનું અંધારુ ંથઇ ચૂક્યુ હતું, મારા મનમાં મહારાજને મળવાની તાલાવેલી હતી, એટલે દેહને ગણકાર્યા સિવાય દોડ્યો જતો હતો.

મનમાં અવઢવ હતી કે,મહારાજ મળશે કે નહિ મળે ? ત્યાં તો મને મહારાજનો અવાજ સંભળાયો.

મહારાજ ઘોડા ઉપરથી ઉતરી રસ્તાને કાંઠે બેઠા હતા અને નાજા જોગીયાને કહી રહ્યા હતા, "નાજા ! જુઓ તો આ કોણ દોડ્યું આવે છે ?"

"નાજા જોગીયા મારા તરફ આગળ વધ્યા, મને ઓળખી ગયા. એણે મહારાજને કહ્યું, "મહારાજ ! આ તો ધોરાજીવાળા માવજી દવેનો દીકરો કેશવજી છે."

મહારાજે મને દૂરથી જ કહ્યું, "એલા,કેશવજી ! તારી પાસે લોટો હોય તો પાણી ભરતો આવ, અમને તરસ બહુ લાગી છે."

મહારાજની વાત સાંભળતા મારા અંતરમાં આનંદ થયો કે, મારા મોટા ભાગ્ય કે આજે મને મહારાજની સેવાનો અવસર મળ્યો.

મારા લોટામાં ભાતા માટેની કુલેર ભરી હતી, તે મે ંએકદમ ઠલવી નાખી, લોટો સાફસૂફ કરી, પાણી ભરી મહારાજ પાસે લાવ્યો.

મહારાજે લોટાના મોઢે ગરણું માંડી પાણી પીવાનું શરૂ કર્યું.

પાણી પીતા પીતા મહારાજ બોલ્યા, "એલા, કેશવજી ! આમાં તો ઘીની વાસ આવે છે."

મેં કહ્યું, "હા, મહારાજ ! એમાં કુલેર ભરી હતી પણ પાણી ભરવા માટે મેં કુલેર રસ્તામાં નાખી દીધી."

મહારાજે કહ્યું, ''એલા, કેશવજી ! અમને કેટલી ભૂખ લાગી હતી ! જો કુલેર રાખી હોત, તો અમને જમવામાં કામ તો આવત.''

મેં કહ્યું, 'મહારાજ ! ભારે કરી. મેં તમને ભૂખ્યા રાખ્યા.'

મહારાજ કહે, 'કેશવજી! અમને ખૂબ તરસ લાગી હતી. તમે અમને પાણી પાયું એટલે અમે ખૂબ જ પ્રસન્ન થયા છીએ. માટે તમારી જે ઈચ્છા હોય તે માગો.'

મેં કહ્યું, 'મહારાજ ! જો તમે મારા ઉપર રાજી થયા હો તો તમારા જમણા ચરણનો અંગૂઠો મારા મોઢામાં આપો જેથી મારી ભવોભવની ભૂખ તરસ ભાંગી જાય.

'મહારાજે રાજી થઈને પોતાના જમણા ચરણનો અંગૂઠો મારા મુખમાં મૂક્યો. સ્વામી ! એ અંગૂઠાના અમૃતરસના આસ્વાદનો આનંદ મારાથી વર્ણવી શકાય એમ નથી. જ્યારથી એ અંગૂઠો ચૂસ્યો છે ત્યારથી વિષય વાસનાની ભૂખ ટળી ગઈ છે અને મહારાજની મૂર્તિ હૃદયમાં સ્થિર થઈ ગઈ છે.'

સ્વામી બોલ્યા, 'દવે ! તમે તો ખાટી ગયા. આવો લાભ તો મોટા મોટા મુક્તોને પણ માંડ મળે. કેશવજી દવે બોલ્યા, 'સ્વામી ! પણ મહારાજને ભૂખ્યા રાખ્યા એનો વસવસો મનમાં રહી ગયો.

વાતનું સમાપન કરતાં કેશવજી દવેએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! હવે જો તમે મારા હાથની રસોઈ જમો તો મારા અંતરમાં વિશેષ ટાઢક થાય.''

કેશવજી દવેની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા. સ્વામી કંડોરણામાં રાત રોકાયા. કેશવજી દવેએ પવિત્રતાપૂર્વક ભારે ભાવથી રસોઈ તૈયાર કરી. સ્વામી બાલમુકુંદદાસજીએ થાળ ધર્યો. સ્વામી અને સંતો પ્રેમથી જમ્યા.

કેશવજી દવેએ બીજે દિવસે પણ આગ્રહ કરીને સ્વામીને રોક્યા. એણે ખૂબ ભાવથી જાતે લાડુની રસોઈ તૈયાર કરી.

શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી સ્વામી મિષ્ટાન્ન જમતા નહોતા. તેથી સ્વામી સાદું ભોજન જમ્યા. પરંતુ સ્વામીએ આગ્રહ કરી કરીને પોતાને હાથે પીરસી સંતો અને હરિભક્તોને જમાડ્યા.

કેશવજી દવે રાજી રાજી થઈ ગયા.

ભોજન બાદ એમણે સ્વામી તથા સર્વ સંતોની પૂજા કરી ધોતીયા ઓઢાડ્યા પછી હાથ જોડીને બોલ્યા,

''સ્વામી ! હવે મને અંતરમાં ટાઢક થઈ. કારણ કે આપ મહારાજની મૂર્તિને

હૃદયમાં અખંડ ધારી રહ્યા છો. એટલે હું માનું છુ કે, આપ જેવા મોટા સંત જમે એટલે હાર્યે મહારાજ પણ જમે અને આપ જેવા સંતની પૂજા કરીએ એટલે હાર્યે મહારાજની પણ પૂજા થઈ જાય.''

કેશવજી દવેનો ભાવ જોઈને સ્વામી તથા સર્વ સંતો અત્યંત રાજી થયા.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

**સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે ભેળો હું ભમું રે.**

## કેશવજી દવેને મહારાજ તેડવા આવ્યા

કેશવજી દવે મહાન મુક્તરાજ હતા. એમને એકસઠ વખત મહારાજના દર્શન થયા હતા.

કેશવજી દવે વૃદ્ધ થયા. શરીરે મંદવાડ હતો. તેઓ મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા, ''હે મહારાજ ! હવે મને ધામમાં લઈ જાઓ.''

મહારાજે કેશવજી દવેની પ્રાર્થના સાંભળી. મહારાજ ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોને લઈ કેશવજી દવેને તેડવા પધાર્યા.

મહારાજ દિવ્ય સુવર્ણમય પાલખીમાં બિરાજમાન હતા. સંતો-ભક્તો કીર્તન કરતાં કરતાં સાથે ચાલી રહ્યા હતા.

કંડોરણામાં ભાટીયા વીરુબાઈ કરીને સત્સંગના ગુણભાવવાળા હરિભગત બહેન હતા.

મહારાજે વીરુબાઈને વહેલી સવારે દિવ્ય રૂપે દર્શન દીધા. વીરુબાઈને ભારે આશ્ચર્ય થયું.એ વિચારવામાં પડ્યા, 'આ તેજસ્વી પુરુષ કોણ હશે? અને ક્યા જતાં હશે?'

એ જ સમયે મહારાજે પોતાની સાથેના બે પાર્ષદોને કહ્યું, ''તમે જાવ અને પેલી બાઈને એલચી અને સાકરની પ્રસાદી આપો.''

મહારાજના દિવ્ય પાર્ષદો વીરુબાઈની પાસે આવ્યા અને એમને સુગંધીદાર લીલી એલચી અને એકદમ શ્વેત રંગની સાકર આપી.

વીરુબાઈએ પૂછ્યું, ''તમે કોણ છો ? અને પેલા પાલખીમાં બેઠા છે, એ કોણ છે ?''

પાર્ષદોએ કહ્યું, ''પાલખીમાં બેઠા તે ભગવાન સ્વામિનારાયણ છે અને અમે એના પાર્ષદ છીએ.''

વીરુબાઈએ પૂછ્યું, “તમે ક્યાં જાઓ છો ?”

પાર્ષદોએ કહ્યું, “ધોરાજીવાળા કેશવજી દવે માંદા છે, એને તેડવા જઈએ છીએ. તમે થોડીવાર પછી એમની ખબર કાઢવા જજો એટલે તમને અમારી વાતની ખાતરી થશે.”

વીરુબાઈએ પોતાના ભાઈને જગાડીને બધી વાત કરી. વીરુબાઈના ભાઈને પણ આવી વાત સાંભળીને ભારે આશ્ચર્ય થયું.

આ બાજુ કેશવજી દવેએ પોતાના પરિવારજનોને કહ્યું, “ગુણાતીતાનંદ સ્વામી વગેરે સર્વે મોટા મોટા સંતોને સાથે લઈને મહારાજ મને તેડવા આવ્યા છે. હું મહારાજના ધામમાં જાઉં છું.” આમ કહી એમણે દેહ છોડી દીધો.

વીરુબાઈ પોતાના ભાઈ સાથે કેશવજી દવેની ખબર કાઢવા એમને ઘરે પહોંચ્યા તો ખબર પડી કે, કેશવજી દવે અક્ષરધામ સીધાવી ગયા છે.

વીરુબાઈએ કેશવજી દવેના દીકરા ચકુભાઈને કહ્યું, “ચકુ ! તારા બાપાને મહારાજ ધામમાં તેડી ગયા છે. આજે વહેલી સવારે મહારાજે મને દિવ્ય રૂપે દર્શન દીધા હતા, આ એલચી અને સાકરની પ્રસાદી આપી હતી અને “કેશવજી દવેને ધામમાં તેડવા જઈએ છીએ,” એમ કહ્યું હતું.”

“આવી સુગંધીવાળી તાજી લીલી એલચી અને આવી ધોળી સાકર આ લોકમાં મેં મારી જિંદગીમાં ક્યારેય જોઈ નથી.”

વીરુબાઈની વાત સાંભળી તેમજ શ્રીજી મહારાજના દિવ્ય દર્શનની નિશાની રૂપ એલચી તથા સાકર જોઈને બધાને અત્યંત આશ્ચર્ય થયું.

# થાણાગાલોળના માવા ભગત

શ્રીજી મહારાજ જ્યારે ગઢપુરથી જૂનાગઢ જતાં ત્યારે રસ્તામાં થાણાગાલોળ ગામ આવતું, એટલે મહારાજ અનેકવાર આ ગામમાં પધારેલા છે.

થાણાગાલોળમાં જસાભાઈ નામના રાજગોર ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા.

એમને ત્યાં મોટા મોટા સંતો અને હરિભક્તો અવાર નવાર આવતા રહેતા હતા અને જસા ગોર એ બધાની ખૂબ જ મહિમાપૂર્વક સેવા કરતા હતા.

આ થાણાગાલોળ ગામમાં માવા ભગત નામના ઉત્તમ મુમુક્ષુ હતા. તેઓ ખરેખરા રામભક્ત હતા. તેઓ રામ રામ રટણ કરતાં કરતાં ગામના પાદરમાં આવેલા પીપળાને પ્રદક્ષિણા કરતા.

માવા ભગતે પીપળાને એટલી બધી પ્રદક્ષિણા કરી હતી કે પ્રદક્ષિણાનો ગોળ માર્ગ ઊંડી કેડીમાં ફેરવાઈ ગયો હતો.

એકવાર માવા ભગતે નિર્ણય કર્યો, ‘‘કાં તો આ દેહે કરીને પ્રગટ ભગવાનને મેળવવા, કાં તો દેહને પાડી નાખવો.’’ આવો નિરધાર કરીને માવા ભગત ગામના પાદરમાં રહેલા શિવાલયમાં ઉપવાસ ઉપર બેસી ગયા.

બે-ત્રણ દિવસ પસાર થયા ત્યારે આકાશમાંથી આકાશવાણી થઈ, ‘‘માવા ! દેવોને દુર્લભ એવો આ માનવદેહ આમ પાડી ન નખાય, હાલમાં પૃથ્વી ઉપર બોલતાં-ચાલતાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે, તમે એનો આશરો કરો, એટલે તમારું કલ્યાણ થશે.’’

## કલ્યાણ તો સ્વામિનારાયણને ત્યાં છે

એકવાર થાણા ગાલોળના પાદરમાં બાવાઓની જમાત આવેલી હતી, માવા ભગતને સાધુ-સંતો પ્રત્યે ખૂબ જ ભાવ હતો એટલે તેઓ જમાતની સેવામાં જોડાઈ ગયા હતા.

જમાતના મહંત સાત્ત્વિક અને ભજનિક રામાનંદી સંત હતા. એમણે જમાતના બધા સાધુ-સંતોને ભેળા કરી કહ્યું, ''કલ્યાણ તો આજે સ્વામિનારાયણ પાસે છે.''

સાધુની મંડળીમાંથી કોઈ બોલ્યું, ''મહંતજી ! તમે એ પાખંડીના વખાણ કેમ કરો છો ?''

મહંત બોલ્યા, ''મહાપુરુષો ! આપણે રાગ-દ્વેષથી સ્વામિનારાયણની નિંદા ટીકા કરીએ છીએ પરંતુ સ્ત્રી-ધનના પ્રસંગથી આપણી સાધુતાના તેજ હરાઈ ચૂક્યા છે, જ્યારે સ્વામિનારાયણના સાધુઓ ધન સ્ત્રીના જોગથી સર્વથા દૂર છે.''

''આવા કળિયુગમાં ધન અને નારીમાં જે ન લોભાય એવા મહાપુરુષોને શાસ્ત્રોમાં બે ભૂજાવાળા અને બે પગવાળા ભગવાન કહેવામાં આવ્યા છે.''

માવા ભગત સૌની પાછળ બેઠા બેઠા મહંતજીની વાત સાંભળી રહ્યા હતા.

સ્વામિનારાયણ મંત્રના શ્રવણથી એમના અંતરમાં ભારે ટાઢક થતી હતી. એમના મનમાં જિજ્ઞાસા થઈ ''સ્વામિનારાયણ કોણ હશે ?''

★ ★ ★ ★ ★

બાવા-સાધુઓની જમાતે વિદાય લીધા બાદ સ્વામિનારાયણ ભગવાનના પરમ અનુયાયી જેતપુરના જીવા જોષીના દીકરા શિવા જોષી થાણા ગાલોળમાં ભાગવતની કથા કરવા આવ્યા.

માવા ભગત ભારે સત્સંગ પ્રેમી તો હતા જ એટલે તેઓ પ્રેમથી કથાનું શ્રવણ કરતા હતા. એમના અંતરમાં શિવા જોષી પ્રત્યે ભાવ જાગૃત થયો.

શિવા જોષીના લલાટમાં તિલક-ચાંદલો જોઈને માવા ભગતને થતું હતું કે, ''આ ક્યા પંથનું ટીલું હશે ?'' અવસર મળતા માવા ભગતે શિવા જોષી પાસે પોતાના મનની જિજ્ઞાસા વ્યક્ત કરી.

શિવા જોષીએ માવા ભગતને ભગવાન સ્વામિનારાયણનો મહિમા કહ્યો અને કહ્યું કે, 'હું એમનો આશ્રિત છું, મારા કપાળમાં જે તિલક-ચાંદલો છે તે સ્વામિનારાયણ પંથનો છે.'શિવા જોષીના મુખેથી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સાંભળી માવા ભગતના મનમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણના દર્શન માટેની પ્રબળ આતુરતા પ્રગટી.

## મુક્તમુનિ અને માવા ભગતનું મિલન

માવા ભગતના પૂર્વના પુણ્ય ઉદય થઈ રહ્યા હોય એમ થોડા દિવસમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સંતોના મંડળ સાથે થાણાગાલોળ પધાર્યા.

સ્વામી જસા ગોરને સાથે લઈ ગામથી થોડે દૂર વહેતી ગાલોલ નદીમાં સ્નાન કરવા જઈ રહ્યા હતા.

માવા ભગતે હંસોની હાર હાલી જતી હોય, એવા આ પવિત્ર સંતોને જોયા, એટલે એમના હૃદયમાં ખૂબ જ ભાવ થયો. જમાતી બાવાઓ કરતાં આ સાધુઓની રીતભાત સાવ જુદી જ જણાતી હતી.

'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરતાં કરતાં સંતો નદીએ જઈ રહ્યા હતા. 'સ્વામિનારાયણ' નામ સાંભળીને માવા ભગતને જમાતના મહંતે ભગવાન સ્વામિનારાયણની કરેલી વાત યાદ આવી ગઈ.

માવા ભગતનું દિલ આ સંતો તરફ આકર્ષાયું. તેઓ પણ સંતોની સાથે નદીએ આવ્યા.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતોએ નદીમાં સ્નાન કર્યું પછી બધા જ સંતો નદીને કિનારે ધ્યાન કરવા બેઠા.

આવા ભજનાનંદી અને ધ્યાનાનંદી સાધુઓને જોઈને માવા ભગતને હૃદયમાં અપાર શાંતિ થઈ.

સ્વામી ધ્યાનમાંથી જાગ્યા, એટલે માવા ભગત સ્વામીની પાસે આવી, પગે લાગીને બેઠા.

મુક્તાનંદ સ્વામીએ એમને ભગવાન સ્વામિનારાયણના મહિમાની વાતો કરી.

મહારાજના લીલામય ચરિત્રોને સાંભળીને માવા ભગતના અંતરમાં અતિ આનંદ થયો. એમણે સ્વામીને કહ્યું, "સ્વામી ! મને સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરાવો."

સ્વામીએ કહ્યું, "માવા ભગત ! મહારાજ અત્યારે સોરઠમાં વિચરે છે અને બાજુના સાંકળી ગામે પધાર્યા છે અને રામજી સુતારને ઘરે બિરાજે છે. એવા સમાચાર છે. "

સાંકળીમાં રામાનંદ સ્વામી વખતથી સત્સંગ હતો. અહીંયા રામાનંદ સ્વામી અને મહારાજ અવાર-નવાર પધારતા.

સ્વામીની વાત સાંભળી માવા ભગતે મહારાજના દર્શન માટે સાંકળી જવાનો વિચાર કર્યો.

માવા ભગત જેતપુરવાળા શિવા જોષીને સાથે લઈને રામજી સુતારને ઘરે પહોંચ્યા, તો ખબર પડી કે, મહારાજ આજે જ સવારે સાંકળીથી નીકળી ફરેણી ગયા છે.

રામજી સુતાર અને એમના માતુશ્રી લાડુબાઈ ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. એમણે માવા ભગતને મુમુક્ષુ જાણી ખૂબ આદર-સત્કાર કર્યો અને રાત્રે વાળુ-પાણી કરાવ્યા.

રાત્રે બધા સત્સંગ કરવા બેઠા. રામજી સુતારના માએ માવા ભગતને ભગવાન સ્વામિનારાયણનો ખૂબ જ મહિમા સમજાવ્યો.

થોડા સમય પહેલા આકાશવાણીએ સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાની વાત કરી હતી.

ત્યારબાદ જમાતના મહંતે સ્વામિનારાયણ ભગવાનનાં ગુણ ગાયા હતા.

જેતપુરના શિવા જોશીએ પ્રગટ ભગવાનની સ્વામિનારાયણના ઐશ્વર્ય પ્રતાપની વાત કરી હતી.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણનો મહિમા ગાયો હતો અને બાકી હતું તે સાંકળીના લાડુબાએ પૂરું કર્યું હતું.

અત્યાર સુધી માવા ભગત રામ રામ ભજન કરતા હતા. પરંતુ ભગવાન સ્વામિનારાયણનો આવો અપૂર્વ મહિમા સાંભળ્યા પછી તેઓ ‘સ્વામી રામ સ્વામી રામ’ ભજન કરવા માંડ્યા.

## માવાભગતનો નિર્વિકલ્પ નિશ્ચય

વહાણના નાંગળ સાગરના પેટાળની ધરતીમાં જેમ ઊંડા ખૂંતે એમ મજબૂત થતાં જાય એમ માવા ભગતના અંતરમાં મહારાજનો નિશ્ચય મજબૂત થવા લાગ્યો.

બીજા દિવસે કામકાજનો પ્રસંગ હોવાથી શિવા જોષી જેતપુર ગયા અને માવા ભગત સુથાર ડોશી લાડુમાની રજા લઈ ફરેણી ગયા. ત્યાં સાંભળ્યુ કે મહારાજ તો પીપલાણા પધારી ચૂક્યા છે. માવા ભગત થાક્યા વગર કે હિંમત હાર્યા વગર પીપલાણા ગયા. માવા ભગતની મુમુક્ષુતા દાદ માગી લે તેવી હતી.

પીપલાણામાં મહારાજના દર્શન કરતાં જ માવા ભગતના અંતરમાં અલૌકિક અનુભૂતિ થવા લાગી.

જાણે યુગયુગની ઓળખાણ તાજી થતી હોય એમ એમને લાગવા માંડ્યું.

મહારાજે મીઠી દૃષ્ટિએ માવા ભગતને આવકારતા કહ્યું, ‘‘આવો માવા ભગત આવો ! અમે તો કે દિવસના તમારી રાહ જોતા હતા.’’

માવા ભગત બોલ્યા, ‘‘મહારાજ! મારો જીવ પણ કે દિવસનો આપને મળવા ઝંખતો હતો.’’ માવા ભગત શ્રીહરિના આશ્રિત થયા.

મહારાજ થોડો સમય પીપલાણા રોકાયા. પછી સખા પાર્ષદો સાથે આખા ગામે લાડકીબાઈ ભાટને ત્યાં પધાર્યા. માવા ભગતને પણ મહારાજે સાથે લીધા.

બરાબર આ જ સમયે આખાના ભાટ લોકો અને મૂળજી લુવાણા વચ્ચે ભારે ધીંગાણું થયું અને એમાં મૂળજી મરાણા. મૂળજી લુવાણાના મરણથી મહારાજના પાર્ષદો કાઠી દરબારો ઉદાસીન અને ગમગીન હતા. માવા ભગત શાંતભાવે મહારાજની આ લીલાના દર્શન કરી રહ્યા હતા.

કોઈ કોઈ દરબારોના મનમાં થયું. 'મહારાજની નજર સામે એનો ભગત બરછીના ઘાથી મરાણો છે. પોતે ભગવાન કહેવાતા હોવા છતાં એને જીવાડ્યો નથી ત્યારે આ નવા આવેલા ભગતને સ્વામિનારાયણ ભગવાન હશે કે નહિ ? એવી શંકા થયા વિના રહે નહિ.'

દરબારોમાંથી કોઈ બોલ્યું, "મહારાજ ! આજે  આ નવા ભગતના નિશ્ચયનું હાંડલુ ફૂટી જશે !"

દરબારની વાત મહારાજે સાંભળી અને બોલ્યા, "દરબાર ! આ ભગત તો જુદી માટીના છે, આ તો અમારા જુગ જુગ જૂના ભગત છે આવા નાનકડાં ધીંગાણાની વાત જાવા દો આણે તો રામાવતાર અને કૃષ્ણાવતારમાં મોટા મોટા રણ સંગ્રામ જોયા છે. એમનું માટલું ફૂટે એવું નથી, એમનો નિશ્ચય તો હિમાલય જેવો અડગ છે. આ ભગત તો પૂર્વના મુક્ત છે."

આ રીતે ભગવાન શ્રીહરિએ સ્વયં માવા ભગતની પ્રશંસા કરી હતી.

## કોઠીએ દાણા અખૂટ થયા

માવા ભગત વ્યવહારે ખૂબ સુખી હતા, સારી એવી ખેતી હતી. કહ્યાગરા દીકરાઓ હતા. પરંતુ સત્સંગી થયા પછી તેમણે વ્યવહારિક પ્રવૃત્તિઓ ખૂબ જ ઓછી કરી નાખી હતી.

જૂનાગઢમાં જ્યારે શિખરબદ્ધ મંદિર થઈ રહ્યું હતું ત્યારે માવા ભગત ત્યાં અવાર નવાર જતા અને ખૂબ સેવા કરતા.

આ સમયે તેઓ સમર્થ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વિશેષ જોગમાં આવ્યા હતા. સ્વામીના સમાગમને લીધે તેઓના હૃદયમાં એકાંતિકી ભક્તિ સોળે કળાએ ખીલી હતી.

તેઓ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ત્યાગાશ્રમના જેવું જ જીવન ગાળતા હતા. તેઓ ભોજનમાં રોટલો, છાશ અથવા ખીચડી સિવાય બીજું કાંઈ લેતા નહિ.

તેઓ કેટલોક સમય ફલાહાર કરીને રહેતા, કેટલોક સમય એક જ વખત અન્ન લેતા. વ્રત, તપ, સેવા અને ભજન એમના જીવનમાં સહેજે વણાયેલા હતા.

મોટા ભાગે તેઓનો સમય સ્વામિનારાયણ મહામંત્રની માળા કરવામાં તથા મહારાજની મૂર્તિના ધ્યાનમાં જતો.

વિ. સં. ૧૮૯૫ ની સાલ હતી. પંચાણવો કાળ પડ્યો હતો. માણસો અને માલઢોરને ભારે તકલીફ હતી. આ અરસામાં ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા હતા.

માવા ભગતે વિચાર કર્યો, “બે મહાન સદ્‌ગુરુઓ જૂનાગઢ બિરાજે છે. તો હું એમના દર્શન કરી આવું.”

આમ વિચાર કરી માવા ભગત જૂનાગઢ આવ્યા. બંને મહાન સદ્‌ગુરુઓને પગે લાગી સભામાં બેઠા.

ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, “જોગી ! આ પંચાણવા કાળમાં માવા ભગત કાળ કેમ ઉતરશે ?”

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, “સ્વામી ! તમે દયા કરો, એટલે ભગત કાળ ઉતરી જશે.”

ગોપાળાનંદ સ્વામીએ માવા ભગતને પૂછ્યું, “ભગત ! તમારા ઘરમાં દાણા કેટલા છે ?”

માવા ભગતે કહ્યું, “સ્વામી ! કોઠીમાં એક ખાંડી બાજરો ભર્યો છે.”

સ્વામીએ કહ્યું, “ભગત ! કોઠીનું ઢાંકણું ઉપરથી છાંદી દેજો અને નીચેના સાણેથી બાજરો કાઢજો, થોડો ખાવામાં વાપરજો, થોડો વેચજો, એમાંથી જે રૂપિયા આવે, એના ઘી-ગોળ વગેરે લેજો, મહારાજ તમને કાળ પાર ઉતરાવી દેશે.”

માવા ભગત ઘરે ગયા અને સ્વામીએ કહ્યા પ્રમાણે કોઠીનું ઢાંકણું છાંદી દીધું અને સાણેથી દાણા કાઢવા માંડ્યા.

સ્વામીના આશીર્વાદથી માવા ભગતની કોઠી અખૂટ ધાન્ય-ભંડાર બની ગઈ.

ભગતના ઘરનો વરો મોટો હતો, છતાં કોઠીના દાણા ખૂટ્યા નહિ.

દુકાળના કપરાં દિવસોમાં ભગત ગરીબ-ગુરબા અને અભ્યાગતોને પણ ભરપેટ ભોજન કરાવતા હતા.

આમ દુકાળના કપરા દિવસો સ્વામીની દયાથી સરળતાથી પાર પડ્યા.

બીજું વર્ષ સારું થયું. બાજરો ઘણો પાક્યો. ખળેથી બાજરાના ગાડાં ઘરે આવ્યા. માવા ભગતે એમના દીકરા જેરામને કહ્યું, “જેરામ ! કોઠીનું ઢાંકણું ઉઘાડીને

જોતો ખરો ! દાણા કેટલા ભર્યા છે ?કોઠી ખાલી થઈ હોય, તો આ દાણા એમાં નાખીએ.''

જેરામે કોઠીનું ઢાકણું ખોલ્યું તો ખોઠી મથાળા સુધી ભરેલી હતી. આખું વર્ષ દાણા વપરાયા છતાં કોઠીમાંથી બાજરાનો એક દાણો ઓછો થયો નહોતો.

આ જોઈને જેરામને અને બધા જ પરિવારજનોને અત્યંત આશ્ચર્ય થયું.

માવા ભગતના દીકરાઓ ભારે વ્યવહારકુશળ હતા. તેઓ ઉંમરલાયક થયા ત્યારે માવા ભગતે બધો જ વ્યવહાર દીકરાઓને સોંપી દીધો હતો અને પોતે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે પાર્ષદ થઈને રહ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીના જોગથી એમના હૃદયમાં જ્ઞાન અને ધ્યાન બંને અંગો અત્યંત સુદૃઢ થયા હતા.

કાચબો જેમ પોતાના અંગોને સંકેલે, કરોળિયો જેમ પોતાની લાળને ગળે, એજ રીતે માવા ભગત પોતાની વૃત્તિઓને અંતર સન્મુખ વાળીને ધ્યાનમાં બેસતા ત્યારે તેઓ દેહદશા વિસરી જતા હતા. શરીર ઉપર કીડી-મકોડી ચડે, શરીર ઉપરથી સર્પ પસાર થઈ જાય, તોપણ માવા ભગતને એનો કોઈ ખ્યાલ રહેતો નહિ. તેઓ મહારાજની મૂર્તિમાં અત્યંત નિમગ્ન બની જતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી માવા ભગતની સ્થિતિ ઉત્તમ યોગીઓ જેવી થઈ હતી.

## માવા ભગતની અંતરવૃત્તિ

માવા ભગતને ગુણાતીતાનંદ સ્વામી સાથે ભારે હેત હતું. સ્વામીના વચનમાં એને પૂર્ણ વિશ્વાસ હતો. તેઓ ઘરબાર છોડીને જૂનાગઢ મંદિરમાં જ વધારે રહેતા. સ્વામીનો સમાગમ કરતા, ધ્યાન ભજનનો અભ્યાસ કરતા અને મંદિરની નાની મોટી સેવા કરતા.

માવા ભગત જ્યારે ધ્યાનમાં બેસતા ત્યારે કાચબાની જેમ ઈન્દ્રિયોની સર્વ વૃત્તિઓને સંકેલી હદયમાં રહેલી શ્રીહરિની મૂર્તિમાં જોડી દેતા. પછી એમને દેહ દશાનું કાંઈ ભાન રહેતું નહિ. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ બાહ્ય ક્રિયાઓ કરતા તો પણ તેમની વૃત્તિ મહારાજની મૂર્તિ સાથે જ જોડાયેલી રહેતી.

કોઈ જાતની યોગકળાના અભ્યાસ વિના માવા ભગતને આવી ઉત્તમ યોગી જેવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. પ્રગટ ભગવાન શ્રીહરિ અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતની કૃપાનું આ ફળ હતું.

એક સમય વડતાલથી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા હતા. સાથે ગાદીવાળા તથા કેટલીક સાંખ્યયોગી બાઈઓ પણ હતા.

ગાદીવાળાને વંથલી દર્શન કરવા જવાની ઈચ્છા હતી. એમણે મહારાજશ્રીને વાત કરી.

મહારાજશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''કોઈ વેલડું હાંકનારો સારો ભગત હોય તો ગાદીવાળાને વંથલી દર્શન કરવા જવું છે.''

સ્વામીએ માવા ભગતને આજ્ઞા કરી કે, ''ભગત ! તમે વેલડું લઈને જાવ, અને બધી બાઈઓને વંથલી દર્શન કરાવી આવો.''

સ્વામીની આજ્ઞા થઈ એટલે માવાભગતે શંકરના પોઠિયા જેવા બળદ જોડી વેલડું તૈયાર કર્યું. ગાદીવાળા સાંખ્યયોગી બાઈઓ સાથે વેલડામાં બેઠા. ભગત મહારાજને સંભારીને વેલડું હાંકવા લાગ્યા.

ભગતના મનમાં હોંશ હતી કે, ગાદીવાળા સાથે છે એટલે વેલડામાં ભજન-કીર્તન થશે, ભક્ત-ચિંતામણિના પાઠ થશે એટલે વાટમાં આનંદ આવશે. પરંતુ ભગતની આશા ઠગારી નીવડી.

ગાડામાં બેઠેલા બાઈઓએ સ્ત્રી-સહજ સ્વભાવ પ્રમાણે કાબરોની જેમ કલબલાટ કરી મૂક્યો.

ભગતને થયું, ''આ તો ભારે થઈ ! આ કલબલાટમાં તો મારે પણ ભજન નહિ થાય.''

ભગતે મહારાજને સંભારી પોતાની સર્વ વૃત્તિઓને પાછી વાળી હૃદયમાં રહેલ મહારાજની મૂર્તિમાં જોડી દીધી.

હવે વેલડું વંથલીના માર્ગે ચાલ્યું જાય છે, ભગત ગાડાની ઉંધ ઉપર બેઠા છે, આંખો ખુલ્લી છે પણ અવસ્થા સમાધિની છે. પરિણામે વેલડામાં શું થાય છે એની ભગતને કાંઈ ખબર નથી. રસ્તામાં ખેંગાર વાવ આવી. ગાદીવાળાને તરસ લાગી. એમણે ભગતને વેલડું ઊભું રાખવા કહ્યું, પણ કોણ સાંભળે ? ભગત તો અંતરમાં ઊંડા ઊતરી ગયા હતા.

ગાડામાં બેઠેલી બાઈઓ રાડ્યો પાડતી રહી પણ વેલડું છેક વંથલી જઈને જ ઊભું રહ્યું. શ્રીહરિની ઈચ્છાથી માવા ભગત સમાધિ અવસ્થામાંથી બહાર આવ્યા. બધાએ વંથલી દર્શન કરી લીધા એટલે ભગતે વેલડું જૂનાગઢને માર્ગે પાછું વાળ્યું અને પોતે ફરીથી વૃત્તિ સંકેલી, મહારાજની મૂર્તિમાં મન જોડી ઊંડા ઉતરી ગયા.

રોજના કેળવાયેલા બળદ જૂનાગઢ મંદિરે આવીને ઊભા રહ્યા.

ગાદીવાળાને માવા ભગત ઉપર ભારે ગુસ્સો ચડ્યો હતો, એમણે આચાર્ય મહારાજશ્રીને ફરીયાદ કરતા કહ્યું, કે, "સ્વામીએ અમારી સાથે કેવો બહેરો, મૂંગો અને જડ જેવો ભગત મોકલ્યો. રસ્તામાં અમને તરસે મારી નાખ્યા. તમારે સ્વામીને કહેવું જોઈએ. આવા માણસોને મંદિરમાં રાખવાનું શું કામ છે ?

ગાદીવાળાની વાત સાંભળી મહારાજશ્રીએ સ્વામીને કહ્યું, "સ્વામી ! તમે કેવો જડ જેવો માણસ ગાદીવાળા સાથે વંથલી મોકલ્યો!"

સ્વામીએ કહ્યું, "બાપજી! શું તકલીફ થઈ ?"

મહારાજશ્રીએ સઘળી ઘટના કહી સંભળાવી.

સ્વામીએ કહ્યું, "મહારાજશ્રી મેં મંદિરમાં સૌથી ચડિયાતા મુક્ત જેવા ભગતને ગાદીવાળા સાથે મોકલ્યા હતા. માટે આવું કોઈ દિવસ બને જ નહિ છતાં આવું કેમ બન્યું ? તેની પૂરી વિગત મારે જાણવી પડશે."

આટલું કહી સ્વામીએ માવા ભગતને બોલાવ્યા અને વાટની વાત પૂછી.

માવા ભગતે સરળભાવે કહ્યું, "સ્વામી ! ધર્મકુળ અને એમાંય પાછા ગાદીવાળાનું વેલડું હાંકવા મળ્યું એટલે હું મારી જાતને ભાગ્યશાળી માનતો હતો. મને હતું કે વેલડામાં ભજન-કીર્તન થશે, એ સાંભળતાં સાંભળતા હું વેલડું હાંકયે રાખીશ. પરંતુ વેલડામાં બધા ભજનને બદલે કલબલાટ કરતા હતા એટલે હું તો મારી વૃત્તિઓ સંકેલીને ઊંડો ઊતરી ગયો હતો. પરિણામે વાટમાં શું થયું ? એની મને કાંઈ ખબર નથી."

ભગતની વાત સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ આચાર્ય મહારાજશ્રીની સામે જોયું. સ્વામી બોલ્યા, "મહારાજશ્રી ! સાંભળો, આ મૂળ કારણ ! ધર્મકુળની શોભા કલબલાટ કરનારી કાબરોથી નથી. ભજન-ભક્તિ કરે અને કરાવે એવી બાઈઓથી છે, માટે ગાદીવાળાની આસપાસમાં વીણી વીણીને સારી બાઈઓને મૂકવી જોઈએ નહિતર સત્સંગમાં સમાસ કેમ થશે ?"

સ્વામીની વાત સાંભળી મહારાજશ્રી શરમથી નીચું જોઈ ગયા.

એમણે ગાદીવાળાને કહ્યું, "વાંક તમારો અને મોટા સાધુનો ઠપકો અમારે સાંભળવો પડ્યો."

ગાદીવાળાને પણ માવા ભગતની સત્ય વાતને સ્વીકારવા સિવાય છૂટકો નહોતો.

## ઉત્તમ વક્તા માવા ભગત

માવા ભગત જ્ઞાનવાર્તા પણ અસરકારક રીતે કરતા. એમની વાણીમાં હાસ્યરસ છલકાતો રહેતો. ઘણી ઊંચી વાતને તેઓ લૌકિક દૃષ્ટાંતો દ્વારા સરળતાથી સાંભળનારાને ગળે ઉતારી દેતા.

ક્યારેક ક્યારેક ગુણાતીતાનંદ સ્વામી માવા ભગતને કહેતા કે, ‘‘માવા ભગત ! હવે તમે વાતો કરો અને બધાની ઊંઘ ઉડાડો.’’

એકવાર કોઈએ પૂછ્યું, ‘‘માવા ભગત ! આ જગતના જીવ આખી જિંદગી શું કરે છે ?’’

માવા ભગતે ટૂંકો પણ ચોટદાર જવાબ દીધો, ‘‘જગતના જીવ ધૂળમાંથી ધાન કરે છે અને ધાનમાંથી ધૂળ કરે છે અને હરિભજન વિના આમને આમ જિંદગી કાઢી નાખે છે!’’

માવા ભગતે અસરકારક ઉપદેશ આપી અનેક મુમુક્ષુઓને સાધુ કર્યા હતા.

માવા ભગતના પુત્ર જેરામ ભગત પણ પોતાના એક દીકરાને સાથે લઈને જૂનાગઢમાં સાધુ થયા હતા.

જેરામ ભગત પણ માવા ભગતની જેમ જ મહિમાવાળા અને સેવાભાવી હતા. એમના પુત્ર સાધુ થયા પછી એનું નામ ‘‘સ્વામી ધર્મવલ્લભદાસજી’’ હતું. તેઓ અત્યંત પવિત્ર સંત હતા. એમને પાંચસો કીર્તનો કંઠે હતા.

માવા ભગતની બહેનો-દીકરીઓ જ્યાં જ્યાં સાસરે ગઈ હતી, ત્યાં મુશ્કેલીઓ વેઠીને પણ સત્સંગ રાખ્યો હતો અને સત્સંગ ફેલાવ્યો હતો.

આ રીતે માવા ભગતના પરિવારમાં ત્રણ-ત્રણ પેઢી સુધી ખૂબ સારો સત્સંગ હતો.

ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સંતના જોગથી સત્સંગમાં માવા ભગત જેવા અનેક મહાન ભક્તો થયા હતા.

# ગોદડીવાળા ફકીર

## માણાવદરના નવાબને તેજોમય દર્શન

સ્વામિનારાયણ સંપ્રદાયમાં માણાવદર ગામ અને મયારામ વિપ્રની કથા સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

ભગવાન સ્વામિનારાયણ અહીં અવાર નવાર પધારેલા છે.

માણાવદરમાં મયારામ વિપ્રે ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો હતો કે, 'હે મહારાજ! કામ, લોભ, રસાસ્વાદ, માન અને સ્નેહ આ પાંચ અધર્મસર્ગના દોષો કઈ રીતે જીતાય ?'

ભગવાન સ્વામિનારાયણે આ પ્રશ્નનો વિસ્તારપૂર્વક જવાબ દીધો હતો, જે સત્સંગિજીવનમાં સુપ્રસિદ્ધ છે. ભગવાન સ્વામિનારાયણે માણાવદરમાં પોતાનું અલૌકિક ઐશ્વર્ય વાપરીને અદ્‌ભૂત સમાધિ પ્રકરણ ચલાવેલું.

માણાવદરના નવાબ ગજેફરખાનના સાળા, રાજ્યના કાજી એટલે ન્યાયાધીશ હતા. નવાબ ગજેફરખાને એમને ભગવાન સ્વામિનારાયણની સમાધિની ખરાઈ-ખોટાઈની પરીક્ષા કરવા માટે મોકલેલા.

ભગવાન સ્વામિનારાયણે એમને તથા એમની સાથેના મુસલમાનોને સમાધિ કરાવી હતી અને એ સમાધિમાં એક લાખ અને એંસી હજાર નૂરી ફિરસ્તાઓ જેમની બંદગી કરતા હોય એવા ખુદ ખુદારૂપે ભગવાન સ્વામિનારાયણે દર્શન આપ્યા હતા. નવાબ ગજેફરખાન પાક દિલના મુસલમાન હતા. તેઓ મુસલમાન હોવા છતાં સર્વ ધર્મોને આદર આપતા હતા.

ભગવાન સ્વામિનારાયણના સમાધિના ઐશ્વર્યને જોઈને તેઓ ભારે પ્રભાવિત થયા હતા અને એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણ ખુદ ખુદા છે એવો ભાવ જાગ્યો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અવાર નવાર માણાવદર પધારતા. મયારામ

ભટ્ટને ઘરે ઉતરતા. ભગવાન શ્રીહરિના સર્વોપરી મહિમાની બળ ભરી વાતો કરતા. જેથી માણાવદરના સત્સંગનો પાયો ભારે મજબૂત થયો હતો.

ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી અહીંયા અનેક ઉત્તમ સ્થિતિવાળા મહામુક્તો થયા હતા, એમાં પણ અરજણબાપા ઝાલાવાડીયા તો સમાધિનિષ્ઠ હરિભક્ત હતા.

વિ.સં. ૧૮૯૨ની સાલ હતી. શિયાળાનો સમય હતો. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં બિરાજમાન હતા. એ સમયે માણાવદરથી પૂંજાભાઈ, અરજણબાપા ઝાલાવાડીયા, પ્રેમજીભાઈ જેતપરીયા વગેરે હરિભક્તો જૂનાગઢ આવ્યા અને સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી ! આપ માણાવદર પધારો.'

સ્વામીએ વિનંતી માન્ય રાખીને કહ્યું, 'ભલે, અમે આવતીકાલે માણાવદર આવીશું.' બીજે દિવસે ગાડું જોડાવી સ્વામી માણાવદર પધાર્યા અને મયારામ ભટ્ટને ઘરે ઉતર્યા. માણાવદરના નવાબ ગજેફરખાનને કોઈએ કહ્યું કે, 'સ્વામિનારાયણના મંદિરે જૂનાગઢથી કોઈ મોટા ઓલિયા આવ્યા છે.'

નવાબ બોલ્યા, 'એવા મોટા ઓલિયા આવ્યા હોય તો આપણે એના દીદાર કરવા જાવું છે.'

નવાબના વજીરે મંદિરમાં સમાચાર મોકલ્યા કે, 'સાંજે ચાર વાગ્યે નવાબ સાહેબ સ્વામીના દર્શને આવશે.'

સ્વામીએ નવાબને બેસવા માટે પોતાના આસનની સામે જ ગાદીતકીયો નંખાવ્યો. નવાબસાહેબ પધાર્યા. સ્વામીએ નવાબનું સ્વાગત કર્યું અને ગાદીતકીયે બેસવા કહ્યું. નવાબ બોલ્યા, 'આપ જેવા ઓલિયાની સામે અમારે આવા ઊંચા આસને ન બેસાય.' એમ કહી તેઓ નીચે જમીન ઉપર જ બેસી ગયા.

સ્વામી પોતાના આસને બિરાજમાન હતા, શિયાળાનો સમય હોવાથી સ્વામીએ ત્રણ વળી પાતળી ગોદડી ઓઢી હતી.

આ ગોદડી શ્રીજી મહારાજની પ્રસાદીની હતી. મહારાજે રાજી થઈને સ્વામીને ઓઢાડી હતી. ગોદડી જૂની હોવાથી ફાટી ગઈ હતી અને એમાં ક્યાંક ક્યાંક લીરા લટકતા હતા.

સ્વામીની મુખમુદ્રા પ્રભાવશાળી હતી. કમળની પાંખડી જેવા વિશાળ નેત્રો હતા. વિશાળ ભાલમાં તિલક અને ચાંદલો શોભી રહ્યા હતા. પોપટની ચાંચ જેવી અણીદાર નમણી નાસિકા હતી. હાથમાં બ્રહ્મશસ્ત્ર જેવી માળા હતી. લીરા વાળી ફાટેલી ગોદડી ઓઢી હતી.

અલ્લાહના આ મહાન ઓલિયાની આવી સાદાઈ નવાબના દિલને સ્પર્શી ગઈ.

સ્વામી કુર્રાનના કલમાઓ ટાંકી વાતો કરવા લાગ્યા.

નવાબ એકાગ્ર બની સ્વામીની વાતો સાંભળવા લાગ્યા.

એવામાં અચાનક સ્વામીએ ઓઢેલી ગોદડીના લીરે લીરેથી શીતળ શાંત તેજ પ્રગટ્યું અને ચારે તરફ પ્રસરવા લાગ્યું.

નવાબને એ તેજમાં મહાન નૂરી ફિરસ્તા રૂપે સ્વામીના દર્શન થયા.

નવાબ ગજેફરખાન અત્યંત આશ્ચર્યથી 'અહો ! અહો!' કરવા લાગ્યા અને કુર્નીશ બજાવી વંદન કરવા લાગ્યા.

થોડી વારમાં એ તેજ પાછું સંકેલાઈ ગયું.

નવાબ હાથ જોડીને બોલ્યા, 'ક્યા તાજુબકી બાત હૈ ? ઐસા પ્રતાપ તો હમને કુછ સાલ પહલે ભગવાન સ્વામિનારાયણ મેં દેખા થા. આજ ઉનકે ઓલિયામેં યે પ્રતાપ દેખા. આજ આપકે દીદાર સે મૈં ધન્ય હો ગયા, આપ તો ફરિસ્તા હૈ ફરિસ્તા.'

નવાબની વાત સાંભળી સ્વામી મંદમંદ હસવા લાગ્યા.

નવાબે હાથ જોડીને કહ્યું, 'સ્વામીજી! આપ યહાં મંદિર કરો. મંદિરમેં કનૈયાકુ પધરાવો. સ્વામીએ કહ્યું, 'પણ કનૈયાને પધરાવવામાં તો ખરચ થાય અને મંદિરના નિભાવ માટે પણ પૈસાની જરૂર પડે.'

નવાબ બોલ્યા, 'સ્વામી! આપ ખરચ કી ચિંતા મત કરો. સારા ખરચ હમ દેંગે. ઔર મંદિર કે કાયમી નિભાવ કે લિયે ભી વ્યવસ્થા કર દેંગે.'

નવાબની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, 'ભલે, અમે તમારો સંકલ્પ પૂરો કરીશું.'

નવાબે સ્વામીને વંદન કરી વિદાય લીધી.

સ્વામી બે-ચાર દિવસ માણાવદર રોકાયા પછી જૂનાગઢ પધાર્યા.

## માણાવદરમાં લાલજી પધરાવ્યા

સ્વામીએ થોડા સંતોને માણાવદર મોકલ્યા અને તાત્કાલિક ધોરણે મંદિર નિર્માણનો આરંભ કરાવ્યો.

થોડા સમયમાં વડતાલમાં રામનવમીનો સમૈયો આવી રહ્યો હતો. સ્વામી સંતો-હરિભક્તોનો સંઘ લઈ વરતાલ પધાર્યા.

વડતાલમાં સ્વામીએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને નવાબના સંકલ્પની વાત કરી. રઘુવીરજી મહારાજ ખૂબ જ રાજી થયા અને માણાવદરમાં મંદિર નિર્માણની વાતને વધાવી લીધી. સ્વામી વડતાલથી જૂનાગઢ પરત પધાર્યા.

આ બાજુ માણાવદરમાં નવાબ સાહેબની આજ્ઞાથી રાજ્યના પૂરા સહકાર સાથે મંદિર-નિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું.

સંતો-હરિભક્તો ભારે ઉત્સાહથી જાત મહેનત કરી રહ્યા હતા. જોતજોતામાં મંદિરનું નિર્માણકાર્ય પૂરું થયું.

સ્વામીએ જૂનાગઢથી પત્ર લખી રઘુવીરજી મહારાજને મૂર્તિપ્રતિષ્ઠા માટે પધારવા વિનંતી કરી.

વિક્રમ સંવત્ ૧૮૯૨ના વૈશાખ સુદી-૩ના મંગલ દિવસે મૂર્તિપ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત આવ્યું હતું. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ વગેરે સર્વ સંતોને સાથે લઈને રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા. જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી મહારાજશ્રી તથા સંતો પાર્ષદોને સાથે લઈને માણાવદર પધાર્યા.

માણાવદરમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવ્ય ઉત્સવ થયો. શ્રીજી મહારાજે પૂજેલા લાલજીની મંદિરમાં વેદોક્તવિધિથી પ્રતિષ્ઠા કરવામાં આવી. રઘુવીરજી મહારાજે પ્રતિષ્ઠાની આરતી ઉતારી. ચારે બાજુ જય જયકાર થયો.

નવાબનો સંકલ્પ હતો કે, 'કનૈયા કા મંદિર કરો' એ સંકલ્પને ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસાદીના લાલજી પધરાવીને પૂર્ણ કર્યો.

આ પ્રસંગે નવાબ સાહેબ ખાસ દર્શને પધાર્યા. પ્રતિષ્ઠા મહોત્સવનો તમામ ખર્ચ એમણે આપ્યો અને મંદિરના કાયમ નિભાવ માટે માણા-માપ બાંધી દીધા.

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સર્વે મહાન સંતોએ નવાબને આશીર્વાદ આપ્યા.

નવાબે હાથ જોડીને કહ્યું, 'હમારા અચ્છા કરના, હમ પર રહમદૃષ્ટિ રખના તાકિ હમેં જન્નતમેં સ્થાન મિલે.' એક પાક દિલના મુસલમાનની આ વાત સાંભળી મહારાજશ્રી તેમજ ઉપસ્થિત સર્વ મહાન સંતો ખૂબ જ રાજી થયા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'નવાબ સાહેબ! તમે ખુદાનું કામ કર્યું છે એટલે ખુદા તમારું ધ્યાન રાખશે અને કલ્યાણ કરશે.'

માણાવદરનું કાર્ય પતાવી ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા અને રઘુવીરજી મહારાજ વડતાલ ગયા.

માણાવદર સોરઠની પંચતીર્થીનું મહત્ત્વનું તીર્થ છે. થોડા વર્ષ પહેલા જૂનાગઢના પવિત્ર સંત સ્વામી ધર્મપ્રકાશદાસજીએ અહીં શિખરબધ્ધ મંદિર કરાવેલું છે.

## માણાવદરના નવાબનો અંતકાળ સુધાર્યો

આ બાજુ માણાવદરમાં નવાબ સાહેબનો અંત સમય આવ્યો.

નવાબ સાહેબ પલંગમાં સૂતા હતા. એમને ભગવાન સ્વામિનારાયણ અને સ્વામીના તેજોમય દિવ્યદર્શન થયા.

નવાબ એકદમ બેઠા થઈ ગયા અને આકાશ સામે મીટ માંડી હાથ જોડ્યા.

નવાબ સાહેબને આમ હિંદુની પેઠે હાથ જોડતા જોઈ આસપાસના લોકોને આશ્ચર્ય થયું કે, 'નવાબ સાહેબ આમ કોને હાથ જોડી રહ્યા છે ?'

ત્યાં તો નવાબ બોલ્યા, 'દેખો દેખો ! યે લીરા લીરા ગોદડીવાલા ફકીર હમેં દર્શન દેને આયે હૈ, અલ્લાહ કા નૂર જૈસા ઉનકા નૂર હૈ, ઔર દેખો લોગો કો સમાધિ કરાનેવાલે ભગવાન સ્વામિનારાયણ ભી ઉનકી સાથ મેં આયે હૈ.'

'યે ગુદડીવાલે ફકીરને હમેં જન્નતમેં લે જાને કે લીયે કોલ દીયા થા, વે અપના વચન પૂરા કરને આયે હૈ. અબ મૈં ઉનકે સાથ જન્નત મેં જા રહા હું.'

આટલું કહીને નવાબ સાહેબે શરીર છોડી દીધું.

આ દિવ્ય ઘટનાથી સર્વને અત્યંત આશ્ચર્ય થયું. નવાબના બધા જ સંબંધીઓ, 'વાહ ખુદા, હે રહીમાને રહીમ, આપને હમારે નવાબ સાહબ પર કૈસી અદ્‌ભૂત રહમ કી.' વળી નવાબ મુસલમાન હતા. રાજા હતા એટલે સહેજે જ એમના આચાર વિચાર સારાં નરસાં હોય જ, પરંતુ ભગવાન સ્વામિનારાયણ અને સ્વામી જેવા સંતો શરણાગત વત્સલ હોય છે.

દીનાનાથ ભટ્ટે 'ભવસંભવ' સ્તોત્રમાં કહ્યું છે કે, 'હે ભગવાન ! કરુણાના સાગર છો, આશ્રિતના પર્વત જેવા અપરાધને ગણતા નથી અને અણુ જેવા ઉપકારને મેરુ જેવા માનો છો, આપને હું વંદન કરું છું.'

પવિત્ર ભાવના, સત્સંગ માટે સમર્પણ અને મોટાની રહેમ દૃષ્ટિને લીધે નવાબ સાહેબ ભવસાગર તરી ગયા.

ભગવાન સ્વામિનારાયણ અને સ્વામી જેવા મહાન સંતોના ઐશ્વર્યપ્રતાપ અજોડ છે. તેઓ થોડી વાતમાં પણ રાજી થઈને જીવોનું કલ્યાણ કરે છે.

# અલમસ્ત ઓલીયા

## સ્વામીને કઠોદરનો રોગ

એકવાર સ્વામીને કઠોદરનો રોગ થયો હતો.

મહારાજ ધામમાં ગયા પછી સ્વામી દૂધ કે ગળ્યું-ચીકણું જમતા નહોતા.

દેહની બેદરકારી અને રૂખા-સૂખા ખોરાકને લીધે સ્વામીને આ રોગ લાગુ પડ્યો હતો. સ્વામીનું શરીર સૂકાવા લાગ્યું હતું.

ભક્તોને લાગતું હતું કે, ‘‘સ્વામી હવે દેહ છોડી દેશે.’’

એટલે બધા જ મહારાજને પ્રાર્થના કરી વિનવતા હતા કે, ‘‘હે મહારાજ ! તમે હમણાં સ્વામીને ધામમાં તેડી ન જશો.’’

વિ. સં. ૧૮૯૬ ની સાલ હતી.ચૈત્રી નવમીના સમૈયા ઉપર સ્વામી વડતાલ પધાર્યા હતા.

રઘુવીરજી મહારાજે સ્વામીનું શરીર જોયું. એમને અત્યંત દુઃખ થયું.

એમણે સ્વામીને દેહનો આટલો બધો અનાદર કરવાની ના પાડી અને કહ્યું, ‘‘સ્વામી ! તમારે અમારા ખાતર પણ હમણાં દેહ રાખવો પડશે.’’

મહારાજશ્રીની વાત સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા, ‘‘બાપજી ! દેહને રાખવો અને નહિ રાખવો એતો મહારાજના હાથમાં છે.’’

રઘુવીરજી મહારાજે મહારાજને ખૂબ પ્રાર્થના કરી કે, ‘‘હે મહારાજ ! તમે સ્વામીને હમણાં ધામમાં લઈ જશો નહિ.’’

આજ સમયે આખામાં લાડકીબાઈને નિરાવરણ દૃષ્ટિથી ખબર પડી ગઈ હતી કે, સ્વામી દેહ મેલવાની તૈયારી કરી રહ્યા છે.

લાડકીબાઈએ સમાધિમાં જઈને મહારાજને પ્રાર્થનાકરી કે, ‘‘મહારાજ ! તમે સ્વામીને ધામમાં લઈ જશો, તો સત્સંગ સાવ નોધારો થઈ જશે. માટે દયા કરી સ્વામીને હમણાં પૃથ્વી ઉપર રહેવા દેજો.’’

મહારાજે હસીને કહ્યું, "ભલે, લાડકીબાઇ ! અમારી મરજી પણ હમણાં સ્વામીને ધામમાં લઇ જવાની નથી."

આ બાજુ વડતાલમાં રઘુવીરજી મહારાજ પોતાને મેડે બિરાજતાં હતા અને સ્વામીની માંદગીની ચિંતા કરતાં હતા.

એજ સમયે ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજના દર્શને આવ્યા.

રઘુવીરજી મહારાજે ફરીથી સ્વામીને કહ્યું, "સ્વામી ! તમે થોડો દેહનો આદર રાખો તો સારું."

એ વખતે સ્વામી રામદાસજી મહારાજશ્રીની પાસે બેઠા હતા.

કચ્છના રવજી સુથારને મહારાજે પાછલી અવસ્થાએ સાધુ કર્યા હતા અને રામદાસજી નામ રાખ્યું હતું.

રામદાસજી સારું એવું વૈદુ જાણતા હતા. રઘુવીરજી મહારાજે રામદાસજીને કહ્યું કે, "તમે સ્વામીને કંઈક ઔષધ આપો કે જેથી સ્વામીને કઠોદરનો રોગ જાય."

સ્વામી રામદાસજી ત્યારે વિશેષ કરીને બરવાળામાં રહેતા હતા. એમણે કહ્યું, "સ્વામી ! તમે મારી પાસે એક મહિનો બરવાળામાં રહો. તમે મને વાતો સંભળાવો અને હું તમારી દવા કરું."

સ્વામી કહે જૂનાગઢ છોડીને મારાથી એક મહિનો બરવાળા રોકાઈ શકાય નહિ. તમે મને ગોળીઓ આપો, હું જૂનાગઢ જઈને દવા કરીશ."

સ્વામી રામદાસજીએ સ્વામીને બાજરાના દાણા જેવડી ત્રીસ ગોળી આપી અને કહ્યું, "એક ગોળી રોજ લેજો. આ ગોળીથી તમને રેચ લાગશે અને પેટના રોગ નીકળી જશે. જમવામાં માત્ર ખીચડીનો આહાર લેજો."

રામદાસજીએ આપેલી ગોળીએ અકસીર કામ કર્યું. ત્રીસ દિવસમાં સ્વામીના શરીરે આરામ થઈ ગયો. સ્વામીનો કઠોદરનો રોગ મટી ગયો. એમાં દવા કરતાંય રઘુવીરજી મહારાજ અને આખાના લાડકીબાઈની પ્રાર્થના વધારે કામ કરી ગઈ.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા, "આવરદા તો અઠાવન વર્ષથી વધુ નથી. એમ જન્મોત્રીમાં લખ્યું હતું. ૧૮૯૬ માં કઠોદર થયું ત્યારે જ આવરદા પૂરી થઈ ગઈ હતી; છતાં મારો દેહ પચ્ચીસ વર્ષથી આવરદા વિના રહ્યો છે. તે મહારાજની ઈચ્છાથી મુમુક્ષુઓના રૂડાં વાસ્તે રહ્યો છે."

સ્વામી કહેતા, "વિ. સં.૧૯૧૩ માં અમે ઉપશમમાં ઉતરી ગયા હતા પણ લાડુ ડોશી અમને આડાં ફર્યા અને ધામમાં જવા ન દીધા."

“વિ. સં. ૧૯૧૯ માં મંદવાડ આવ્યો હતો. તેમાં પણ મહારાજની ઈચ્છાથી જ દેહ રહ્યો. તે પણ સોરઠ દેશના હરિભક્તોને સુખ દેવા માટે રહ્યો છે.”

## યોગીઓની અલમસ્ત લીલા

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી યોગીરાજ ગોપાળાનંદ સ્વામી અવારનવાર જૂનાગઢ પધારતા હતા.

ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીને પરસ્પર ખૂબ જ હેત હતું. બંને મહાપુરુષો એકબીજાનો યથાર્થ મહિમા જાણતા હતા. આ બંન્ને મહાન સંતો શ્રીજી મહારાજની ડાબી જમણી આંખ સમાન હતા.

બંનેમાં અપાર સામર્થ્ય હતું. છતાં બંને પોતાના સામર્થ્યને ઢાંકીને સામાન્ય દેહધારીઓની જેમ રહેતા હતા. છતાંય ક્યારેક ક્યારેક વાદળાઓ અચાનક વરસે એમ બંનેના ઐશ્વર્યો પ્રગટ થયા સિવાય રહી શકતા નહોતા.

એક સમયની વાત છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા હતા. સવારના સમયમાં સ્વામી પૂજાપાઠમાંથી પરવારી ધર્મશાળા તરફ નીકળ્યા હતા. એ સમયે પાર્ષદો દાતરડી-બંધિયા લઈને બહાર જવાની તૈયારીઓ કરી રહ્યા હતા.

ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે, ‘આ શું તૈયારી કરી છે ?’

પાર્ષદોએ કહ્યું, ‘સ્વામી! મંદિરની ગાયો માટે લીલું ઘાસ વાઢવા ડુંગરાઓમાં જઈએ છીએ.’

સ્વામીએ કહ્યું, ‘તમે જુઓ પેલા ભેંસલા ડુંગર ઉપર કાળા ડીબાંગ વાદળા બેઠા છે. આજે વરસાદ બહુ થશે માટે બહાર જવાનું બંધ રાખો.’ આટલું કહી સ્વામી પોતાના આસને પધાર્યા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ના પાડી તેથી પાર્ષદોએ ઘાસ વાઢવા જવાનું બંધ રાખ્યું, દાતરડા-દોરડા એક બાજુ મૂક્યા, શિક્ષાપત્રી વગેરે સદ્‌ગ્રંથો હાથમાં લીધા અને પાઠ કરવા બેસી ગયા.

થોડી વાર થઈ ત્યાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા. પાર્ષદોને પાઠ કરતા જોઈ સ્વામીએ પૂછ્યું, ‘તમે ઘાસ વાઢવા કેમ નથી ગયા ?

પાર્ષદોએ કહ્યું, “ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે ‘આજે વરસાદ બહુ થશે માટે બહાર જશો નહિ’ એટલે અમે ઘાસ વાઢવા ગયા નથી.”

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, ‘પાર્ષદો! આપણી ગાયો લીલા ઘાસની હેવાયું છે તે ઘાસ વિના દોવા નહિ દ્યે, અને ગાયો દોવા ન દ્યે, તો ઠાકોરજીના થાળમાં શું ધરવું ? માટે જુઓ વરસાદને વરસવું હશે તો તમે પાછા આવશો, પછી પણ

વરસશે, માટે તમે વરસાદની ચિંતા છોડી ઘાસ વાઢી આવો.'

સ્વામીએ આજ્ઞા કરી એટલે પાર્ષદોએ પુસ્તકો હેઠા મેલ્યા દોરડા-દાતરડા હાથમાં લીધા અને ઘાસ વાઢવા ઊપડી ગયા.

આ બાજુ એકાદ કલાક થઈ હશે. ગોપાળાનંદ સ્વામીએ આકાશ સામે મીટ માંડી, આકાશમાં વાદળાઓની ઘનઘોર ઘટાઓ ઘેરાયેલી હતી. 'હમણાં વરસશે, હમણાં વરસશે' એમ થતું હતું, પરંતુ વરસાદ વરસતો નહોતો.

ગોપાળાનંદ સ્વામી થોડી થોડી વારે આકાશ સામે જોતા હતા અને વિચારતા હતા કે, 'આ વરસાદ વરસુ વરસુ થાય છે પણ વરસતો કેમ નથી ?'

આમ ને આમ ઘણો સમય પસાર થયો. ઘાસ વાઢવા ગયેલા પાળાઓ લીલા ઘાસના ગાંસડાઓ બાંધી પાછા આવ્યા.

ગોપાળાનંદ સ્વામીએ પાર્ષદોને પૂછ્યું, 'અમે ના પાડી હતી છતાં કેમ ગયા ?'

પાર્ષદોએ કહ્યું, 'સ્વામી ! તમે ના પાડી પણ ગુણાતીતાનંદ સ્વામીએ આજ્ઞા કરી એટલે અમારે ગયા સિવાય છૂટકો નહોતો.'

વીજળીનો ઝબકારો થાય એમ સ્વામીના મગજમાં ઝબકારો થયો અને બોલ્યા, 'અહો! હવે સમજાયું કે આ જૂનાગઢના જોગીએ વરસાદને ઠોઈ રાખ્યો છે.'

સ્વામીએ હસીને કહ્યું, 'પાર્ષદો ! આ જૂનાગઢના જોગી તો જબરા છે, તમે પલળો નહિ અને ગાયોને લીલું ઘાસ મળે એટલે એણે ઈન્દ્ર રાજાના હાથપગ બાંધી દીધા છે.' ગોપાળાનંદ સ્વામીએ આટલી વાત કરી એટલામાં તો પાણીનો બંધ તૂટે અને પાણી પૃથ્વી પર રેલાય એમ આકાશના બંધ તૂટ્યા અને ધોધમાર વરસાદ શરૂ થયો ! આ બંને મહાન જોગીઓમાં એકબીજાથી કોણ ચઢે ? એ કહેવું જ મુશ્કેલ હતું. બંને વચ્ચે ઐશ્વર્ય પ્રદર્શનની કોઈ હોડ્ય નહોતી, જે થઈ રહ્યું હતું એ તો એમની અકળ અલમસ્તાઈથી થઈ રહ્યું હતું

નોંધ : સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી સ્વામી સાધુ થવા આવ્યા હતા અને પાર્ષદ થઈને ગુણાતીતાનંદ સ્વામી પાસે રહ્યા હતા ત્યારે આ પ્રસંગ બન્યો હતો. તેઓ આ દિવ્ય પ્રસંગને અવારનવાર સંભારતા અને મોટા પુરુષોનું ઐશ્વર્ય કેવું હોય ? એની વાત કરતા.

## સમર્થ સ્વામી મહાપુરુષદાસજી

જૂનાગઢ દેશમાં મહાપુરુષદાસજી સ્વામી નામે સુપ્રસિદ્ધ વચનસિદ્ધ સંત થયા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ બંને

સમર્થ સંતોની એમના ઉપર પૂર્ણ કૃપા હતી.

મહાપુરુષદાસજી સ્વામીનો જન્મ વિ.સં ૧૮૭૪ની સાલમાં ઉપલેટા પાસેના ભાયાવદર ગામે થયો હતો. એમના પિતાનું નામ 'દેવકૃષ્ણ જોષી' હતું. એમનું પૂર્વાશ્રમનું નામ 'રામજી જોષી' હતું.

રામજીનો જન્મ થયો એ અરસામાં ભગવાન સ્વામિનારાયણ ભાયાવદર પધાર્યા હતા. મહારાજે આ નાનકડા સવા વર્ષના રામજીને પોતાને હાથે વર્તમાન ધરાવ્યા હતા અને કહ્યું હતું, "દેવકૃષ્ણભાઈ ! આ તમારો છોકરો તો માર્કન્ડેય ઋષિનો અવતાર છે."

આમ કહીને મહારાજે નાનકડાં રામજીના મુખમાં પોતાના જમણા ચરણનો અંગૂઠો મૂક્યો હતો.

હજારો યુગો પહેલા માર્કંડેય મુનિએ વડલાના પાંદડામાં પોઢેલા અને જમણા ચરણના અંગૂઠાને મુખમાં રાખી ચૂસતા વટપત્રાશયી બાલમુકુંદ ભગવાનના દર્શન કર્યા હતા. જાણે એના ફળ સ્વરુપે આજે પરાત્પર પુરુષોત્તમ નારાયણ પોતાના જમણા ચરણનો અંગૂઠો આ નાનકડા રામજીના મુખમાં મૂકી રહ્યા હતા.

રામજીને પણ જાણે પોતાના પૂર્વભવનું સ્મરણ થયું હોય એમ બે હાથે મહારાજનો ચરણ પકડી અંગૂઠો ચૂસી રહ્યા હતા.

મહારાજ આ યોગભ્રષ્ટ આત્માને જોઈને મંદમંદ હસી રહ્યા હતા. આજ માર્કંડેય મુનિએ નાનપણમાં શ્રીહરિના નામ પાડ્યા હતા. આજે જાણે શ્રીહરિ એનો પુરસ્કાર આપી રહ્યા હતા ! અને આ પુરસ્કાર કોઈ નાનોસૂનો નહોતો ! મોટા મોટા મુનિવરોને જે ચરણકમળના મકરંદનો આસ્વાદ દુર્લભ છે એ આસ્વાદ આજે નાનકડા રામજીને મળી રહ્યો હતો.

વિ.સં.૧૮૮૪ વૈશાખ વદી બીજના રોજ મહારાજે જૂનાગઢમાં રાધારમણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારે રામજી જોષી દસ વર્ષના હતા અને આ પ્રસંગે હાજર હતા.

એકવાર ભાયાવદરમાં રામજી જોષીને સમાધિ થઈ. સમાધિમાં દિવ્ય તેજોમય અક્ષરધામમાં બિરાજમાન ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શન થયા. મહારાજની એક બાજુ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી બિરાજમાન હતા, બીજી બાજુ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બિરાજમાન હતા. ફરતી અનંત અક્ષરમુક્તોની દિવ્ય અને વિશાળ સભા શોભી રહી હતી.

આવા દિવ્ય દર્શન થતાં રામજી જોષીને આનંદ આનંદ થઈ ગયો હતો.

રામજી જોષી સંસારના જીવ નહોતા. રામજી જોષીના અંતરમાં તીવ્ર વૈરાગ્ય હતો. એમનું મન ક્યારનુંય સંસાર છોડવા માટે તડપી રહ્યું હતું પરંતુ સંસારીઓએ એમને પરાણે સંસારમાં જકડી રાખ્યા હતા.

એમને કોઈ રીતે સંસાર કરવો નહોતો. છતાં એમના પિતાએ એમને બહુ નાની ઉંમરે પરાણે પરણાવી દીધા હતા.

શ્રીજી મહારાજ પૃથ્વી ઉપરથી અંતર્ધ્યાન થયા, એ સમાચાર જ્યારે બાર વર્ષના રામજીને મળ્યા ત્યારે તેઓ અત્યંત દિલગીર થયા.

રામજી જોષી મહારાજને સંભારીને વિલાપ કરતા હતા. એવે સમયે મહારાજે ફરીથી એમને દર્શન દીધાં અને કહ્યું, ‘‘રામજી ! તમારે દિલગીર થવાની જરૂર નથી. અમે સત્સંગમાં સદૈવ પ્રગટ છીએ. તમે વડતાલ જાઓ અને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીની પાસે રહીને એમનો સમાગમ કરો.’’

મહારાજે આજ્ઞા કરી એટલે કોઈને ગણકાર્યા સિવાય તેઓ તુરંત વડતાલ પહોંચ્યા અને ગોપાળાનંદ સ્વામીની સેવામાં જોડાયા.

રામજી જોષી મન, વચન, કર્મથી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામીએ આ પૂર્વ જન્મના જોગીને અનેક પ્રકારની યોગકળાઓ શીખવી. એકવાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી રામજી જોષી ઉપર અત્યંત રાજી થયા અને કહ્યું, ‘‘રામજી! તું કંઈક વરદાન માગ.’’

રામજી જોષીએ કહ્યું, ‘‘સ્વામી ! મારે બીજું તો કાંઈ જોઈતું નથી પરંતુ આપ કૃપા કરો, મને પંચવિષય ઝેર જેવા થઈ જાય અને મહારાજની મૂર્તિ અખંડ દેખાય !’’ ગોપાળાનંદ સ્વામીએ રામજી જોષીને માથે હાથ મેલી આશીર્વાદ આપ્યા અને કહ્યું, ‘‘રામજી! તને એ બેય વસ્તુ સિદ્ધ થશે !’’

મોટા મોટા યોગીઓને દુર્લભ એવી એ બેય વાત ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી રામજી જોષીને નાની ઉંમરે જ સિદ્ધ થઈ; ઉપરાંત તેઓ સમાધિનિષ્ઠ અને વચનસિદ્ધ જોગી થયા.

એકવાર રામજી જોષીએ ગોપાળાનંદ સ્વામીને વિનંતી કરી, ‘‘સ્વામી ! આપ કૃપા કરી મને દીક્ષા અપાવી બ્રહ્મચારી કરો.

ગોપાળાનંદ સ્વામીએ ભવિષ્ય ભાખતા કહ્યું, ‘‘રામજી ! તમે પરણેલા છો. તમને હમણા બ્રહ્મચારી નહિ કરીએ. આજથી પાંચ વર્ષ બાદ તમારા ઘરના ધામમાં જશે પછી તમને બ્રહ્મચારી કરીશું.’’

‘‘બીજું અમને એમ થાય છે કે, હવે તમે જૂનાગઢ રહો. ‘જૂનાગઢના જોગી’

મહા સમર્થ છે. એમનો તમે સમાગમ કરો. એમનામાં અને અમારામાં તમે કોઈ ભેદ માનતા નહીં.''

ગુરુદેવ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા થઈ એટલે રામજી જોષી જૂનાગઢ આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા.

રાજર્ષિ જનકને બે ગુરુ હતા. અષ્ટાવક્ર અને યોગેશ્વર. અષ્ટાવક્ર પાસેથી જનકને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું. યોગેશ્વર પાસેથી જનક ભાગવત સંત સમાન બન્યા હતા. એજ રીતે રામજી જોશીને ગુણાતીતાનંદ સ્વામી પાસેથી સાંખ્યજ્ઞાન અને ગોપાળાનંદ સ્વામી પાસેથી યોગવિજ્ઞાન પ્રાપ્ત થયા હતા.

થોડા વર્ષમાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું એમ એમના પત્નીનો અક્ષરવાસ થયો, એટલે રામજી જોષીને બ્રહ્મચારી થવાનો માર્ગ મોકળો થયો.

એમણે ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરી કે, ''સ્વામી ! મારે હવે ભલું થયું ભાંગી જંઝાળ, સુખે ભજશું શ્રીગોપાળ. કૃપા કરી મને બ્રહ્મચારી થવાની રજા આપો.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''ભલે, રામજી ! અત્યારે રઘુવીરજી મહારાજ ગઢપુર બિરાજે છે. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પણ સાથે જ છે. અમે બ્રહ્મચારી વાસુદેવાનંદજી ઉપર ચિઠ્ઠી લખી આપીએ છીએ. આપ ગઢપુર જાવ. ત્યાં રઘુવીરજી મહારાજ તમને બ્રહ્મચારીની દીક્ષા આપશે.''

રામજી જોષી ગઢપુર ગયા. ગોપાળાનંદ સ્વામીના દર્શન કર્યા. સ્વામીએ હસીને કહ્યું, ''કેમ, રામજી! જૂનાગઢના જોગીએ બ્રહ્મચારી થવા મોકલ્યા છે. ?''

રામજી જોષી બોલ્યા, ''હા, સ્વામી ! આપે ભવિષ્ય ભાખ્યું હતું, તેમ ઘરવાળા ધામમાં ગયા. હવે, આપ પણ રાજી થઈને મને બ્રહ્મચારી થવાની રજા આપો.'' ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''રામજી ! હવે અમે પણ તમારો મનોરથ પૂર્ણ કરીશું.''

ગોપાળાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને વિનંતી કરી કે, ''હવે, આ રામજીને બ્રહ્મચારીની દીક્ષા આપો.''

રઘુવીરજી મહારાજે સારંગપુરમાં રામજી જોષીને દીક્ષા આપી બ્રહ્મચારી 'મહાપુરુષાનંદજી' નામ રાખ્યું.

આ સમયે હજી ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં હનુમાનજી મહારાજ પધરાવ્યા નહોતા.

મહાપુરુષાનંદજીને દીક્ષા પહેલા મળી પછી વિ. સં. ૧૯૦૫ આસો વદી

પંચમીના રોજ સ્વામીએ કષ્ટભંજન દેવ પધરાવ્યા. એટલે બ્રહ્મચારી મહાપુરુષાનંદજી રમૂજમાં પોતાને ‘હનુમાનજીના મોટા ભાઈ’ કહેતા હતા.

બ્રહ્મચારીની દીક્ષા બાદ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી બ્રહ્મચારી મહાપુરુષાનંદજી જૂનાગઢ રાધારમણ દેવની સેવામાં જોડાયા હતા. દેવ સેવાની સાથોસાથ તેઓ ગુણાતીતાનંદ સ્વામીનો ખૂબ જ સમાગમ કરતા.

ગોપાળાનંદ સ્વામી વર્ષો વર્ષ જૂનાગઢ પધારી ક્યારેક એક મહિનો રોકાતા, ક્યારેક બે મહિના રોકાતા. સ્વામી પધારે ત્યારે મહાપુરુષાનંદજીને વિશેષ આનંદ થતો. દેવસેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરીને બંને મહાન સદ્‌ગુરુઓના મુખેથી કથા-વાર્તા શ્રવણનો અલભ્ય લાભ લેતા.

## વર્ણાશ્રમની વાડ્ય તોડી !

એક સમયની વાત છે. ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા હતા. જૂનાગઢના સભા-મંડપમાં દરરોજ સંતો-હરિભક્તોની વિશાળ સભા થતી. ક્યારેક ગોપાળાનંદ સ્વામી મહારાજના મહિમાની વાતો કરતા, તો ક્યારેક ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવાની વાત કરતા.

ગરમીના દિવસો શરૂ થઈ ચૂક્યા હતા. શ્રદ્ધાળુ સંતો-પાર્ષદો મોટા કપડાના પંખાની દોરી ખેંચી સભામાં પવન નાખતા. કોઈ શ્રદ્ધાળુ સંત મોટા તુંબડામાં પાણી ભરી લાવતા, એમાંથી નાની તુંબડી ભરી સદ્‌ગુરુ સંતોને જળ પાતા ત્યારબાદ એ જ પ્રસાદીની તુંબડીથી બીજા સંતોને જળ પાતા.

મહાપુરુષાનંદજી બ્રહ્મચારી હોવાને નાતે એ સમયના નીતિ-નિયમોને લીધે એમને મોટા સંતોની આ દુર્લભ પ્રસાદી મળી શકતી નહોતી.

એમના મનમાં થયા કરતું હતું કે, ‘આવા બે બે મહાન સત્પુરુષો અહીં બિરાજે છે, ક્યારેક સભામાં, ક્યારેક પંક્તિમાં બધા સંતોને એમની પ્રસાદીનો લાભ મળે છે, પણ આ લાભ મને મળી શકતો નથી.’

‘મોટા સંતોની પ્રસાદી મળવામાં આડું આવે એવું આ બ્રહ્મચારીપણું શું કામનું ? આના કરતાં હું સાધુ થયો હોત, તો સારું હતું !’

આમ વિચારતાં વિચારતાં બ્રહ્મચારીએ પોતાના મનમાં એક આશ્ચર્યજનક નિર્ણય લઈ લીધો.

દરરોજના ક્રમ પ્રમાણે સભા ભરાયેલી હતી. સેવાભાવી સંત સદ્‌ગુરુ સંતોને જળપાન કરાવી રહ્યા હતા.

સર્વપ્રથમ મહાયોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ ઊંચેથી જળપાન કર્યું, ત્યાર પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ જળપાન કર્યું, પાછળના સંતોને પ્રસાદી મળે એ માટે બંને સદ્‌ગુરુ સંતોએ જળપાન કરતી વખતે થોડું થોડું જળ તુંબડીમાં રહેવા દીધું હતું.

જળપાન કરાવનારા સંતે ત્રીજીવાર તુંબડી ભરી. એજ વખતે સભામાં બેઠેલા બ્રહ્મચારી મહાપુરુષાનંદજી એકદમ ઊભા થયા, હનુમાનજીની જેમ કૂદકો મારી સાધુના હાથમાંથી પાણીની તુંબડી લઈ લીધી અને ગડગડાટ બધું પાણી પી ગયા.

બ્રહ્મચારી થઈને સાધુની તુંબડીએ પાણી પીધું, એટલે સભામાં ઉહાપોહ થઈ પડ્યો.

સભામાં બેઠેલા કેટલાક સાધુ બોલી ઊઠ્યા, "અરે બ્રહ્મચારી ! આ તમે શું કર્યું ? બ્રહ્મચારી થઈને સાધુની તુંબડીનું પાણી પીવાતું હશે !"

કેટલાકે કહ્યું, "બ્રહ્મચારી ! તમે તો હવે અભડાઈ ગયા !"

સભામાં હો હા થઈ રહી હતી પરંતુ બંને મહાન સદ્‌ગુરુઓ મંદ મંદ હાસ્ય કરી રહ્યા હતા. તેઓ બ્રહ્મચારીના અંતરના ભાવને યથાર્થ સમજતા હતા.

આ બાજુ બ્રહ્મચારી ઠાવકું મોઢું રાખી સભાને બે હાથ જોડી દંડવત્ કરતા કરતા બોલ્યા, "અભડાણો, મહાપુરુષો! અભડાણો , હવે તમારે મને જે પ્રાયશ્ચિત આપવું હોય એ આપો."

ગોપાળાનંદ સ્વામીએ મોં મલકાવતા ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું, "જોગી ! આને શું પ્રાયશ્ચિત આપીશું ?"

સ્વામીએ હસીને કહ્યું, "હવે એને નંદમાંથી દાસ બનાવી દો, અર્થાત્ બ્રહ્મચારીને બદલે સાધુ બનાવી દ્યો."

ગોપાળાનંદ સ્વામી પણ હસીને બોલ્યા, "જોગી ! તમારી વાત બરાબર છે. એને પણ એ જ જોઈએ છે !"

આ રીતે બ્રહ્મચારી મહાપુરુષાનંદજીને પ્રાયશ્ચિત રૂપે રઘુવીરજી મહારાજ પાસે ફરીથી સાધુની દીક્ષા અપાવવામાં આવી અને 'મહાપુરુષદાસજી' નામ રાખવામાં આવ્યું.

સ્વામી મહાપુરુષદાસજીને તો આ જ જોઈતું હતું.આવા મહાન સદ્‌ગુરુ સંતોના પ્રસાદમાં આડી આવે, એવી વાડ્ય એમને જોઈતી નહોતી.

વર્ણ અને આશ્રમની વાડ્યોથી મુક્ત થવું કઠણ છે. બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ એ વાડ્ય વટાવી દીધી, હવે એ 'મહાપુરુષાનંદ' મટીને

'મહાપુરુષદાસ' થઈ ગયા.

હવે એક વાત એવી બની, બ્રહ્મચારી મહાપુરુષાનંદજી બ્રહ્મચારી મટી સાધુ થયા એટલે કેટલાક બ્રહ્મચારીઓ એમને વટલાઈ ગયેલા માનતા હતા અને મે'ણાં મારીને કહેતા હતા કે, "વર્ણાશ્રમના ધર્મ લોપ્યા એટલે સ્વામિનારાયણ તમારું કલ્યાણ નહિ કરે."

સ્વામી મહાપુરુષદાસજી આ બધું સહન કરતા પણ વારંવારના શબ્દોથી 'વાછડાંનો વાઘ બની જાય' એ રીતે એમના મનમાં ક્યારેક ક્યારેક થતું હતું કે, 'મારાથી ભૂલ તો નથી થઈ ને ?'

આવા વિચારથી એમના મનમાં ક્યારેક ક્યારેક ભારે મૂંઝવણ થતી.

સ્વામી મહાપુરુષદાસજીની આ મૂંઝવણને દૂર કરવા માટે ભગવાન શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને દર્શન દીધાં અને કહ્યું, "આ તમારો ચેલો ખોટી રીતે મૂંઝાઈ રહ્યો છે, તમે એના મનનું સમાધાન કરો." આટલું કહી મહારાજ અદશ્ય થઈ ગયા.

ગોપાળાનંદ સ્વામીએ મહાપુરુષદાસજીને બોલાવ્યા અને પૂછ્યું, "મહાપુરુષદાસ ! તમને એવી તે શી મૂંઝવણ છે ? કે સ્વયં મહારાજને તમારી ચિંતા કરવી પડે છે ?"

સ્વામી મહાપુરુષદાસજીએ હાથ જોડીને પોતાના મનની વાત સ્વામીને જણાવી.

સ્વામીએ હસીને કહ્યું, "મહાપુરુષદાસ ! અમે અને ગુણાતીતાનંદ સ્વામી બંને જન્મે બ્રાહ્મણ છીએ, શુકાનંદ સ્વામી જેવા બીજા પણ ઘણા બ્રાહ્મણીયા સાધુ છે, તો શું અમે વર્ણાશ્રમ ધર્મ લોપ્યા ? ભગવાન સ્વામિનારાયણ અમને ધર્મલોપનો દંડ દેશે ? અમારું કલ્યાણ નહિ કરે ? તમે અમારી સામે જોયા સિવાય નકામા મૂંઝવણ રાખો છો." "જો અમારું કલ્યાણ નહિ થાય, તો તમારુંય નહિ થાય અને અમારું થશે, તો તમારુંય થશે !"

"મહાપુરુષદાસ ! મુક્તમુનિએ કીર્તનમાં કહ્યું છે તે સાંભળો,

"વર્ણ આશ્રમ તણી આડ્ય મહા વિકટ છે. તે કેમ પાધરી વાટ પ્રીછે."

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે,

"વર્ણ અને આશ્રમનું માન ન હોય, એવા સાધુ તો અમે એક જ છીએ."

"સાધુરામ ! ધર્મની ગતિ ગહન છે. આમાં તો વિવેક સાથે મહાપુરુષોને માર્ગે ચાલે એ જ પાર પડે છે. માટે તમારા મનની મૂંઝવણમાંથી મુક્ત થઈ જાવ. તમારી બાધિતાનુવૃત્તિનો ત્યાગ કરો અને સુખેથી મહારાજનું ભજન કરો. તમારા કલ્યાણમાં કોઈ શક નથી, સ્વયં ભગવાન સ્વામિનારાયણ તમારા ઉપર મહેરબાન છે."

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વચનથી સ્વામી મહાપુરુષદાસજી જાગૃત થઈ ગયા એમના મનની શંકા ખોટા રુંવાડાની જેમ ખરી ગઈ.

સ્વામી મહાપુરુષદાસજી પોતાના નામ પ્રમાણે જ અલમસ્ત વચનસિદ્ધ મહાપુરુષ હતા. એમણે આપેલા પરચા-ચમત્કારોની વાતો સંપ્રદાયમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે જૂનાગઢ દેશના નાના મોટા ગામડાંઓમાં ખૂબ જ વિચરણ કર્યું હતું, અનેક મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા, અનેક નૂતન મંદિરોના નિર્માણ કરાવ્યા હતા, અનેક જગ્યાએ હનુમાનજી મહારાજ પધરાવ્યા હતા, જે હનુમાનજી મહારાજ આજે પણ ચમત્કારિક રીતે હરિભક્તોની રક્ષા કરે છે. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી બેય મહાપુરુષોનો મહિમા સ્વામી મહાપુરુષદાસજી બરાબર સમજતા હતા.

ગોપાળાનંદ સ્વામીના શિષ્ય હોવા છતાં એમણે ગોપાળાનંદ સ્વામીના વચને વર્ષો સુધી ગુણાતીતાનંદ સ્વામીને સર્વ પ્રકારે સેવ્યા હતા.

તેઓ અઢાર વર્ષ ગોપાળાનંદ સ્વામી પાસે રહ્યા અને બત્રીસ વર્ષ ગુણાતીતાનંદ સ્વામી પાસે રહ્યા.

એમને મન આ બંને મહાપુરુષો શ્રીજી મહારાજની ડાબી-જમણી આંખ સમાન હતા.

આજે સંપ્રદાયમાં અક્ષરબ્રહ્મ કોણ છે ? અને કોણ નહિ ? એવા બિનજરૂરી વિવાદોથી આ સમર્થ સંત સર્વ પ્રકારે મુક્ત હતા. એમણે બેય મહાપુરુષો વચ્ચે ક્યારેય ભેદ-રેખા દોરી નહોતી.

કાશ ! સંપ્રદાયના કેટલાક અનુયાયીઓ જો મહાપુરુષદાસજી સ્વામીના મધ્યસ્થ માર્ગને અનુસર્યા હોત, તો આજે સંપ્રદાયનું સ્વરૂપ કંઈક જૂદું જ હોત !

સ્વામી મહાપુરુષદાસજી વિ.સં.૧૯૫૦ ભાદરવા વદી પંચમીના દિવસે સ્વતંત્ર થકા અક્ષરધામ સીધાવ્યા હતા.

રાજકવિ માવદાનજીભાઈ રત્નુએ ‘જૂનાગઢના જોગી’ એ નામે સ્વામી મહાપુરુષદાસજીનું જીવન વિસ્તૃત રીતે આલેખ્યું છે.

## ગોપાળાનંદ સ્વામીની ઉપાધિ ટાળી

ભગવાન શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને બેય દેશમાં મોટેરા નીમ્યા હતા. ગોપાળાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ અને ઐશ્વર્ય સત્સંગમાં પ્રસિદ્ધ હતા.

શ્રીહરિ તથા મુક્તાનંદ સ્વામીના અક્ષરધામ ગમન બાદ ગોપાળાનંદ સ્વામી

સત્સંગનો મોટો આધાર હતા. હજારો હરિભક્તોને સ્વામીમાં ભરપૂર શ્રદ્ધા અને આસ્થા હતા. પરંતુ જગતના સહજ ક્રમ પ્રમાણે કેટલાક લોકોથી ગોપાળાનંદ સ્વામીની મોટાઇ ખમાતી નહોતી. એમના હૈયા ઈર્ષ્યાથી સળગતાં હતાં. આખરે વાત વધારે આગળ વધી.

'ભરસભામાં ગોપાળાનંદ સ્વામીનું અપમાન કરી, હાલે તો ધોળા પણ પહેરાવી દેવાનો' કારસો રચાયો. એ માટે બન્ને દેશના આચાર્યો અને સંતોની વિશાળ સભાનું આયોજન થયું. ક્ષમાના સાગર ગોપાળાનંદ સ્વામી મૌન ભાવે બધું જોતા રહ્યા અને સહન કરતા રહ્યા.

આ બધા સમાચાર જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોચ્યા. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી તાત્કાલિક વરતાલ પધાર્યા. પ્રથમ સ્વામી સીધા ગોપાળાનંદ સ્વામીને મળ્યા. ઘરમાંથી ઊભી થયેલી ઉપાધિને લીધે સ્વામી ભારે ઉદાસ હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સ્વામી ! તમે મૂંઝાશો નહીં. તમે આવતી કાલની સભામાં હાજર ન રહેશો. બાકીનું હું સંભાળી લઈશ.'

ગોપાળાનંદ સ્વામીને મળીને સ્વામી સીધા આચાર્ય મહારાજ શ્રી રઘુવીરજી મહારાજ પાસે ગયા અને કહ્યું, 'બાપજી! શ્રીહરિએ ધર્મકુળને ભોળું કહ્યું છે. તમારે આવા લોકોની વાતોથી ભરમાવું ન જોઇએ. ગોપાળાનંદ સ્વામી કોણ છે? એ તમે ક્યાં નથી જાણતા! આવતી કાલની સભામાં જે થાય તે જોયા કરજો અને મૌન રહેજો.' રઘુવીરજી મહારાજ સ્વામીની વાત સમજી ગયા.

ત્યાંથી સ્વામી સીધા નિત્યાનંદ સ્વામી પાસે ગયા અને કહ્યું, 'સ્વામી તમારી નજર સામે આ શું થઇ રહ્યું છે?'

નિત્યાનંદ સ્વામી કહે, 'સ્વામી ! હું બધું જાણું છું. પણ આગેવાની ભગવદાનંદે લીધી છે, એનું શું કરવું?

સ્વામી સીધા ભગવદાનંદ સ્વામીના આસને ગયા.ભગવદાનંદ સ્વામીએ બેસવા ગોદડી પાથરી, તો પગે ઠોકર મારીને ફગાવી દીધી અને કહ્યું. ''આ શું માંડીને બેઠા છો? ગોપાળાનંદ સ્વામી એકલા છે, એમ જાણશો નહીં. ભલે અહીં તમે મોટેરા રહ્યા, પણ અક્ષરધામમાં મોટેરો હું છું. માટે જો કંઈ ઉન્મત્તાઈ કરશો તો ત્યાં તડકે ઊભા રાખીશ. ભગવાન અન્યથાકર્તું છે. અક્ષરધામમાં તડકો નહીં હોય તો તમારે માટે નવો કરીશ.''

સ્વામીના ધારદાર વચનોથી ભગવદાનંદ સ્વામી હેબતાઇ ગયા. એમને

પોતાની ભૂલ સમજાઇ ગઇ. એણે ક્ષમા માગી.

સ્વામીએ એમને કહ્યું, 'કાલની સભામાં કોઇ આગેવાની લેશો નહીં, અને મૂંગા રહેજો.'

ભગવદાનંદ સ્વામીએ કહ્યું, 'ભલે સ્વામી ! આપે કહ્યું એમ જ થશે.'

બીજા દિવસે સભા થઇ. આચાર્યશ્રી સભામાં બિરાજમાન હતા. સૌ સંતો પણ હાજર હતા. સભા ખીચોખીચ ભરાયેલી હતી. આજની સભાની ગંભીરતા કાંઇક જુદી હતી. સભા કેવું રુપ લેશે તેનું કોઇને અનુમાન નહોતું.

ગોપાળાનંદ સ્વામી વિરુદ્ધ ચળવળ કરનારા લોકો પોતાની યુક્તિ-પ્રયુક્તિઓ ગોઠવી રહ્યા હતા. રોજના ક્રમ પ્રમાણે કથા થઇ. આચાર્યશ્રી મૌન હતા. સદ્ગુરુઓ ગંભીર હતા. કોઇ કાંઇ બોલતું નહોતું.

આખરે એક સાધુથી ન રહેવાયું. એમણે સભામાં આચાર્યશ્રીને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો, 'ધર્મદેવને દીકરા કેટલા?'

સાધુના પ્રશ્નમાં બદઇરાદો એવું કહેવાનો હતો કે 'જો ધર્મદેવને ત્રણ જ દીકરા હોય તો આ ગોપાળાનંદ સ્વામી ચોથા દીકરાની જેમ કેમ વર્તે છે અને કેમ મનાય છે અને પૂજાય છે ?'

સાધુએ પ્રશ્ન પૂરો કર્યો ન કર્યો ત્યાં ગુણાતીતાનંદ સ્વમીએ સિંહગર્જના કરી સામે પ્રશ્ન કર્યો, 'સાધુરામ! તમે સત્સંગમાં આવ્યા એને કેટલા વર્ષ થયા?' જૂઓને માથે ધોળા આવી ગયા છે! આટલા આટલા વરસ સત્સંગમાં ગાળ્યાં છતાં હજુ તમને ધર્મદેવના દીકરા કેટલા? એ ખબર ન હોય તો તમારાં વરસ ધૂળમાં મળ્યાં.'

પછી તો સ્વામીની વાણીનો ગજબ પ્રવાહ વહેતો થયો. સ્વામીએ પ્રતાપી વેણે કહ્યું, 'આ શું માંડીને બેઠા છો? મોટા પુરુષોનો દ્રોહ તમને ભારે પડશે. મહારાજ પણ માફ નહિ કરે. હજુ તો ધર્મામૃતના કરનારા બેઠા છે અને શ્રીજીના મૂંડેલા સાધુઓ પણ બેઠા છે, છતાં ધર્મામૃતની આજ્ઞાઓ લોપાઇ રહી છે. એ માટે શરમ આવવી જોઇએ.'

આ વાત કરતા કરતા સિંહ જેમ મુખ ફેરવે એમ સ્વામીએ આચાર્યશ્રી સામે જોયું અને કહ્યું, 'તમે ધર્મના આચાર્ય છો. ધર્મની રક્ષા માટે મહારાજે તમને નીમ્યા છે. તમે શુદ્ધ ધર્મ પ્રવર્તાવો. તમે ન વાર્તાઓ તે તમને ખોટ્ય અને અમે ન વર્તીએ તો અમને ખોટ્ય.'

સ્વામીના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ અને વચનોથી પૂરી સભામાં સન્નાટો વ્યાપી ગયો. કોઇ કાંઇ બોલી શકે એવી સ્થિતિ ન રહી અને સભા બરખાસ્ત થઇ. સભા

પૂરી થયા પછી સ્વામી સીધા ગોપાળાનંદ સ્વામીના આસને ગયા અને સ્વામીને ભેટી પડ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સ્વામી! મહારાજને પ્રતાપે વાદળાં વિખરાઈ ગયાં છે.'

ધીરગંભીર ગોપાળાનંદ સ્વામીની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં.

## આ સાધુ તો આખો વડતાલ દેશ સાચવશે

સ્વામી બાલમુકુંદદાસજી ઉપર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો ખૂબ જ રાજીપો હતો.

બાલમુકુંદદાસ સ્વામીનો જન્મ એમના મોસાળ કાલેજ ગામમાં લુહાણા જ્ઞાતિમાં થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ ગોરધનદાસ હતું.

વિ. સં. ૧૯૦૭ ની સાલમાં ચૈત્રી હરિનવમીના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામી પાર્ષદ ગોરધન ભગતને લઈને વડતાલ પધાર્યા હતા.

એજ વખતે અમદાવાદથી સ્વામી મહાનુભાવાનંદજીના શિષ્ય સ્વામી નિર્ગુણદાસજી પણ પધાર્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામી આ બંને નવ યુવાન સંત-પાર્ષદને લઈને ગોપાળાનંદ સ્વામીના દર્શને આવ્યા.

બંનેએ ગોપાળાનંદ સ્વામીને દંડવત્ કર્યા ત્યારે સ્વામીએ પોતાની મહા ચમત્કારિક લાકડી બંનેના ખંભા ઉપર મૂકી કહ્યું હતું કે, "જોગી ! આ બેય તો સારાએ સત્સંગની ધોંસરી ઉપાડે એવા છે."

"આ બેય તો મહારાજે અક્ષરધામમાંથી મોકલેલા મુક્ત છે."

"ભગવાન સ્વામિનારાયણ અંતર્ધ્યાન થયા ત્યારે બેય દેશને સાચવવાની જવાબદારી અમને સોંપી હતી. હવે અમારે પણ ધામમાં જવાની તૈયારી થઈ ગઈ છે." "અમે ધામમાં જઈશું પછી બંને દેશના સત્સંગને આ બેય સાચવશે. મહારાજે એમને એટલા માટે જ અક્ષરધામમાંથી મોકલ્યા છે."

બાલમુકુંદદાસ સ્વામીની આવરદા ખૂબ ટૂંકી હતી પરંતુ ગોપાળાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી અને એમની આવરદા પંચ્યાસી વર્ષ સુધી લંબાવી દીધી અને કહ્યું હતું કે, "જોગી ! આ ગોરધન ભગતને બે વર્ષ પાર્ષદ રાખજો, પછી સાધુ કરજો." ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "ભલે, સ્વામી ! આપ જેમ કહેશો, એમ કરીશ."

વિ. સં. ૧૯૦૮ ની સાલમાં ગોપાળાનંદ સ્વામી ધામમાં પધાર્યા હતા.

વિ. સં. ૧૯૦૯ માં ચૈત્ર સુદી નવમીના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા હતા અને આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે ગોરધન ભગતને દીક્ષા અપાવી બાલમુકુંદદાસજી નામ રાખ્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામીની ઈચ્છા હતી કે, ''બાલમુકુંદદાસ સંસ્કૃતનો અભ્યાસ કરે તો સારું''

બાલમુકુંદદાસ સ્વામીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીમાં અસાધારણ હેત હતું. એમના મનમાં થયું, ''જો હું ભણવામાં રોકાઈશ, તો સ્વામીથી જુદું પડવું પડશે.''

વાછરડાંને ગાયથી જુદું પડવું ન ગમે, એ જ રીતે બાલમુકુંદદાસ સ્વામી કોઈ રીતે સ્વામીથી જુદા પડવા માગતા નહોતા.

સ્વામીએ ભણવાની વાત કરી એટલે બાલમુકુંદદાસ સ્વામી રડવા માંડયા.

સ્વામીએ પૂછ્યું, ''સાધુરામ ! કેમ કોચવાવ છો ?''

બાલમુકુંદદાસ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! મને તો ભણવા કરતાંય તમારી સેવામાં રહેવાય એમાં વધારે આનંદ આવશે.''

ગુણાતીતાનંદ સ્વામી બાલમુકુંદદાસ સ્વામીની પોતા પ્રત્યેની આત્મબુદ્ધિને જાણતા હતા. તેઓ પણ આ સંતને પોતાની પાસે જ રાખીને પોતાનું જ્ઞાન અને ઐશ્વર્યનો વારસો સોંપવા માગતા હતા.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે, ''આ સંત વડતાલ દેશને સાચવશે. એનો અર્થ માત્ર વ્યવહાર સાચવવાની વાત નહોતી, પરંતુ સર્વ કારણના કારણ અને સર્વ અવતારના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના દૃઢ કરાવવી એ જ સત્સંગની સાચી જાળવણી હતી.

ગુણાતીતાનંદ સ્વામીને એ પણ ખ્યાલ હતો કે, ''મારું શરીર ન હોય ત્યારે શ્રી હરિના હૃદગત અભિપ્રાયને સાચવીને સત્સંગમાં એનું પ્રવર્તન કરવા માટે જ મહારાજે આ મુક્તને અક્ષરધામમાંથી મોકલ્યા છે.''

સ્વામી એ પણ જાણતા હતા કે, ''વિદ્યા કરતાંય બ્રહ્મવિદ્યા ભણવી એ શ્રેષ્ઠ છે'' અને એ વિદ્યા ભણાવવા માટે સ્વામી આ સંતને પોતાની પાસે જ રાખવા માગતા હતા, છતાં બ્રહ્મવિદ્યાના રક્ષણ માટે પણ શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી હતો.

સ્વામીએ બાલમુકુંદદાસ સ્વામીને કહ્યું, ''સાધુરામ ! અમારે તો તમને કાયમ અમારી સાથે જ રાખવા છે, જરાય જુદા પડવા દેવા નથી. અમે તમને એ

રીતે વિદ્યાભ્યાસ કરાવીશું, કે તમારે અમારાથી જુદું નહિ પડવું પડે.''

સ્વામીની વાત સાંભળતા બાલમુકુંદદાસ સ્વામીને હૈયામાં ધરપત આવી.

સ્વામીએ બ્રહ્મચારી અચિંત્યાનંદજીને કહ્યું, ''તમે આ બાલમુકુંદદાસજીને સંસ્કૃતનો વિદ્યાભ્યાસ કરાવો.''

બ્રહ્મચારી અચિંત્યાનંદજી એમને ભણાવવા માંડ્યા.

સ્વામી બાલમુકુંદદાસજી અત્યંત કુશાગ્ર બુદ્ધિના હોવાથી ટૂંક સમયમાં જ એમણે વ્યાકરણ-કાવ્યનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ગુણાતીતાનંદ સ્વામી પાસે વાસુદેવ મહાત્મ્યની કથા કરી પોતાના વિદ્યાભ્યાસને સનાથ કર્યો.

બાલમુકુંદદાસ સ્વામીની કથા-શૈલી ખૂબ સુંદર અને રસાળ હતી. એમના શબ્દોમાં શાસ્ત્રોનો ભાવ યથાર્થ નિરુપણ થતો હતો. ઉપરાંત, એમના શબ્દો એમના સાધુતાભર્યા જીવનમાંથી આવતા હતા, એટલે સાંભળનારાને હૃદયમાં આરપાર ઉતરી જતાં હતા.

એમના મુખેથી કથા સાંભળી સ્વામી ખૂબ જ રાજી થયા. સ્વામીના મનમાં થયું, ''મેં આ જૂનાગઢને કથા-વાર્તાનો અખાડો બનાવ્યો છે, આ સાધુ મારા કથા-વાર્તાના વારસાને સાચવે તેવા છે.''

સ્વામીએ બાલમુકુંદદાસ સ્વામીને હૃદયના આશીર્વાદ આપતાં કહ્યું, ''સાધુરામ ! તમને ભણાવવાનો મારો સંકલ્પ પૂરો થયો.''

બાલમુકુંદદાસ સ્વામીએ સહેજ હસીને કહ્યું, ''સ્વામી ! મારો પણ ભણવાનો સંકલ્પ પૂરો થયો. હવે આપ કૃપા કરી મને તમારી સેવામાં રાખો અને બ્રહ્મવિદ્યા ભણાવો.''

સ્વામી બોલ્યા, ''સાધુરામ ! અમારા અંતરની પણ એ જ ઈચ્છા છે. અમારે તમને હવે અમારી હાર્યે જ રાખવા છે.''

વિ. સં. ૧૯૦૫ માં બાલમુકુંદદાસ સ્વામી સાધુ થવા આવ્યા ત્યારથી માંડીને સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી અઢાર-અઢાર વર્ષ સુધી એકધારા ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહીને સ્વામીનો અઢળક રાજીપો મેળવ્યો હતો.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતે ધામમાં પધાર્યા ત્યાં સુધી સ્વામી બાલમુકુંદદાસજીને પોતાની પાસેને પાસે રાખ્યા હતા અને પોતાનો હૃદ્‌ગત્ અભિપ્રાય ઘૂંટી ઘૂંટીને પાયો હતો.

બાલમુકુંદદાસ સ્વામીએ પણ તપેલી ધરતી વરસાદને ઝીલે, એ રીતે સ્વામીના એ બ્રહ્મરસના વારસાને બરાબર ઝીલ્યો હતો.

ગુણાતીતાનંદ સ્વામીએ જોયું કે, ‘‘આ સંત મારા હૃદ્ગત્ અભિપ્રાયને જાણે છે, ઉપરાંત ખૂબ વિવેકી અને સમજણથી ભરેલા સંત છે, એટલે સહજાનંદી જ્ઞાન-વારસાનું યથાર્થ જતન કરશે.’’

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીનું મન બાલમુકુંદદાસજી ઉપર ઠર્યું હતું.

## સદ્ગુરુઓનો અલૌકિક સંવાદ

એકવાર વડતાલમાં ત્રણ મહાન સંતો એકાંતમાં બેસીને ચર્ચા કરી રહ્યા હતા.

એક હતા મહાન યોગીરાજ ગોપાળાનંદ સ્વામી, બીજા હતા ભગવાન શ્રીહરિના કૃપાપાત્ર લહીયા શુકાનંદ સ્વામી, ત્રીજા હતા અક્ષરબ્રહ્મનો અવતાર સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી.

પૂર્વાશ્રમની દૃષ્ટિએ ત્રણેયના શરીર બ્રાહ્મણના હતા.

સર્વોપરી ભગવાનના સર્વોપરી સંતો વચ્ચે અદ્ભૂત સંવાદ ચાલતો હતો. સંવાદના કેન્દ્રમાં પ્રશ્ન હતો ધામમાં જવાનો સમય થાય ત્યારે શરીર કેમ છોડવું ?

ભલભલા યોગીઓ અને સિદ્ધોને પણ સાંભળવામાં અત્યંત આકર્ષણ થાય અને સામાન્ય સંસારીને ગમ ન પડે તથા ધ્રુજારી છૂટે એવો આ પ્રશ્ન હતો.

સર્વતંત્ર સ્વતંત્ર શ્રીહરિની ઉપાસનાથી કાળ, માયા અને કર્મના પ્રભાવથી રહિત સ્વતંત્ર રીતે વર્તતા આ મહાપુરુષો હતા.

દેહમાં હોવા છતાં આ મહાપુરુષો દેહાતીત હતા. ગુણમાં હોવા છતાં આ મહાપુરુષો ગુણાતીત હતા. આ મહાપુરુષોના જીવન અનેક દિવ્ય ચમત્કારોથી ભરપુર હતા.

આ મહાપુરુષોના વચને કંઈકને સમાધિઓ થતી. કંઈક સકામ ભક્તોના મનોરથો પૂર્ણ થતા. આ મહાપુરુષો મહાસમર્થ હતા. મહાસમર્થ હોવા છતાં ધીરજ અને ક્ષમાનો સાગર હતા. આ સંતોએ અનેક વાર તુચ્છ જીવોના અપમાન સહ્યા હતા.

દેહમાં અવતરવું અને દેહનો ત્યાગ કરવો એ આ મહાપુરુષોના હાથની રમતની વાત હતી. આવા મહાપુરુષો પરસ્પર વાતો કરી રહ્યા હતા કે આપણે શરીર કઈ રીતે છોડીશું ? સર્વ પ્રથમ મહાસિદ્ધ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી બોલ્યા, ‘આપણે તો મહારાજની આજ્ઞાથી દેહમાં રહ્યા છીએ. જ્યારે મહારાજનો હુકમ થશે ત્યારે યોગ ક્રિયાથી સુષુમ્ણા માર્ગે પ્રાણને ચડાવી બ્રહ્મરન્ધ્રને ભેદીને મહારાજ પાસે પહોંચી જઈશું.’

ગુણાતીતાનંદ સ્વામીએ મંદમંદ હસતા ડીલ ઉપર ચાદર ઓઢી હતી તે નીચે ઉતારી અને બોલ્યા, 'બાપની આજ્ઞા થશે ત્યારે આપણે તો આ ચાદર ઉતારી એમ દેહની ચાદર ઉતારી ધામમાં પહોંચી જઈશું.'

શુકાનંદ સ્વામી બોલ્યા, 'મને નથી ગોપાળાનંદ સ્વામી જેવી યોગક્રિયા આવડતી કે નથી જૂનાગઢના જોગીના જેવું સામર્થ્ય. હું તો મહારાજને પ્રાર્થના કરીશ કે, 'હે મહારાજ! શરીર છોડતી વખતે એક સાથે પીડા ન દેશો, એક વર્ષ સુધી ઝીણો ઝીણો તાવ દેજો. જેથી દેહ સાથેના મનનાં બધા જ બંધનો શિથિલ થઈ જાય. પછી માખણમાંથી મોવાળાને ખેંચે તેમ મને તમારી પાસે લઈ લેજો.'

અને ખરેખર ત્રણેય મહાપુરુષોએ પોતે કરેલી મંત્રણા પ્રમાણે જ શરીર છોડ્યા હતા.

## પાષાણગોષ્ઠી અને પુરાણી

એક વાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંતો-પાર્ષદોને લઈને મંદિર સામેની વાડીએ ગયા હતા.

સંતો-પાર્ષદો ધર્મશાળાના બાંધકામ માટે વાડીમાં પથ્થર ભાંગવાનું કામ કરી રહ્યા હતા અને સ્વામી એક વૃક્ષની નીચે બેસીને માળા કરતા હતા.

આ સમયે પાંચ-સાત વિદ્વાન બ્રાહ્મણો જૂનાગઢ મંદિરે સ્વામીના દર્શને આવ્યા. એમણે સ્વામીની ખ્યાતિ સાંભળી હતી. બ્રાહ્મણોને સ્વામી સાથે જ્ઞાન-ચર્ચા કરવી હતી.

બ્રાહ્મણોને સભા-મંડપમાં સ્વામી હરિસેવાદાસજીનો ભેટો થયો.

બ્રાહ્મણોએ પૂછ્યું કે, 'અમારે મંદિરના મહંતને મળવું છે અને એમની સાથે જ્ઞાન ગોષ્ઠી કરવી છે તો, મંદિરના મહંત ક્યાં મળશે ?'

સ્વામી હરિસેવાદાસજીએ કહ્યું, 'મહંત તો મંદિરની સામેની વાડીયે ગયા છે.' બ્રાહ્મણોએ કહ્યું, 'કોઈ જાણીતાને સાથે મોકલો અને અમને મહંતનો ભેટો કરાવો.'

સ્વામી હરિસેવાદાસજીએ એક પાર્ષદને સાથે મોકલ્યા.

પાર્ષદ બ્રાહ્મણોને વાડીએ લઈ ગયા અને દૂરથી સ્વામીની ઓળખાણ કરાવી.

બ્રાહ્મણોએ સ્વામીના દર્શન કર્યા અને કહ્યું, 'સ્વામી ! અમારે તમારી સાથે થોડી જ્ઞાનગોષ્ઠી કરવી છે.'

સ્વામી હસીને બોલ્યા, 'ભૂદેવો ! અહીં તો પાષાણગોષ્ઠી ચાલે છે, જ્ઞાનગોષ્ઠી કરવી હોય તો હાલો, મંદિરના સભા મંડપમાં જઈએ.'

આટલું કહી સ્વામી ઊભા થયા અને બાજુમાં ઘણથી પથ્થર તોડતા બાલમુકુંદદાસજીને કહ્યું, 'સાધુરામ ! તમે મારી સાથે કથા કરવા ચાલો, આપણે આ બ્રાહ્મણો સાથે જ્ઞાનગોષ્ઠી કરવી છે.'

સ્વામીની આજ્ઞા થતા બાલમુકુંદદાસજી સ્વામીએ ઘણ હેઠે મૂકી દીધો અને સ્વામીની સાથે ચાલ્યા.

સ્વામી મંદિરમાં પધાર્યા અને સભા-મંડપમાં પોતાના આસને બિરાજમાન થયા. બધા જ બ્રાહ્મણો સ્વામીની સામે બેઠા.

થોડી વારમાં સ્વામી બાલમુકુંદદાસજી હાથ-પગ ધોઈને સભા મંડપમાં પધાર્યા.

સ્વામીએ કહ્યું, 'સાધુરામ ! તમે થોડી વાર કથા કરો, પછી અમે બ્રાહ્મણો સાથે જ્ઞાન ચર્ચા કરીશું.'

સ્વામીની આજ્ઞા થઈ એટલે બાલમુકુંદદાસજી સ્વામી કથાના બાજોઠ ઉપર બિરાજમાન થયા.

બ્રાહ્મણોને થયું, 'આ પાણા ફોડનારો સાધુ શું કથા કરશે ?'

ત્યાં તો બાલમુકુંદદાસજી સ્વામીએ મધુર સ્વરે મંગલાચરણ કર્યું.

શુદ્ધ ઉચ્ચારો સાથે મંગલાચરણના શ્લોકોનું ગાન સાંભળતા બ્રાહ્મણોને આશ્ચર્ય થયું અને લાગ્યું કે, 'આ સાધુ માત્ર પથ્થર ફોડનાર લાગતા નથી !'

સ્વામી પાસે નિયમિત વાસુદેવ મહાત્મ્યની કથા ચાલી રહી હતી. બાલમુકુંદદાસ સ્વામીએ એ કથાને આગળ ચલાવી.

બાલમુકુંદદાસ સ્વામી વાસુદેવ મહાત્મ્યના શ્લોકોનું ગાન કરી એનો અર્થ કરવા લાગ્યા.

સ્વામીના મુખેથી આવી સુંદર કથા સાંભળતાં જ બ્રાહ્મણોનો ગર્વ ગળી ગયો. તેઓ એકાગ્રદષ્ટિથી કથાકાર સંતને નીરખવા લાગ્યા અને રસપૂર્વક કથા શ્રવણ કરવા લાગ્યા.

વાસુદેવ મહાત્મ્યનો અધ્યાય પૂરો થયો એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કથા બંધ રખાવી. બ્રાહ્મણોની સામે જોયું અને અંતર્યામીભાવે પૂછ્યું, 'ભૂદેવો ! શું વિચાર કરો છો ?'

બ્રાહ્મણો બોલ્યા, 'સ્વામી ! અમે આવું ધાર્યું નહોતું. અમને તો એમ હતું

કે, આ પત્થર ફોડનારો સાધુ શું કથા કરશે, પણ એમની કથા સાંભળતાં તો લાગે છે કે આ તો જબરા પુરાણી છે.'

સ્વામીએ કહ્યું, 'ભૂદેવો ! શું પત્થર ફોડે એ પાના ઉથલાવી ન શકે. ભગવાન સ્વામિનારાયણને ત્યાં તો જેને પત્થર ફોડતા આવડે છે એને શબ્દોની છીપલીઓ ફોડીને માંહ્યલા મોતીડાં વીણતા પણ આવડે છે.'

બ્રાહ્મણોએ કહ્યું, 'સ્વામી ! આજે એ વાતની અમને પ્રતીતિ થઈ છે. અમારી તો એવી ધારણા હતી કે, પત્થર ભાંગે એ પુરાણી ન હોય અને પુરાણી હોય તે પત્થર ન ભાંગે.'

સ્વામીએ કહ્યું, 'ભૂદેવો ! જ્ઞાનનું ફળ સેવા છે. જ્ઞાનની વાતો કરે અને સેવા ન કરે તો એનું જ્ઞાન પાંકડી ગાય જેવું વાંઝિયું કહેવાય.'

'પાંકડી ગાય દેખાવે સારી લાગે પણ ન વિંયાય કે ન દૂધ આપે. એ માત્ર પૂજવાના કામમાં આવે.'

એ જ રીતે સેવા-ભક્તિ વગરના વાંઝિયા પુરાણીઓ પાટે બેસાડીને પૂજવાના કામમાં આવે પરંતુ એનાથી જીવનું કલ્યાણ ન થાય.

બ્રાહ્મણોએ સ્વામીની વાતનો સ્વીકાર કર્યો અને બોલ્યા, 'આજે અમને સાચી જ્ઞાનગોષ્ઠી સાંભળવા મળી.'

આમ કહી બ્રાહ્મણોએ સ્વામીને અને એમના કૃપાપાત્ર કથાકાર શિષ્યને વંદન કરીને વિદાય લીધી.

# ટીંબીના અમરાભગત

## નૈષ્ઠિક બ્રહ્મચારી અમરા ભગત

ટીંબીના અમરા ભગત જ્ઞાતિએ કોળી હતા, મહા મુક્તરાજ હતા. એમના પિતા વીરા સાંખડ શ્રીજી મહારાજના કૃપાપાત્ર હતા.

અમરાભગત પણ પોતાના પિતાશ્રી જેવા જ ભક્તરાજ હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોના યોગમાં આવવાથી ઊના વિસ્તારની કોળી જ્ઞાતિમાં સત્સંગનો ખૂબ સારો વિકાસ થયો હતો. કોળી જ્ઞાતિનો સત્સંગ કાદવમાં ખીલેલા કમળ જેવો હતો.

આ બધા કોળી ભાઈઓએ ભગવાન સ્વામિનારાયણની કંઠી બાંધી હતી. અખાજ ખાવાનું બંધ કર્યું હતું. દારૂ-ચોરી, અવેરી છોડી દીધા હતા.

અમરા ભગત કોળી જ્ઞાતિના શિરમોડ ભક્ત હતા. ગુણાતીતાનંદ સ્વામીની એમના ઉપર ખૂબ જ કૃપા હતી.

સ્વામી જ્યારે ઊના બાજુ પધારે ત્યારે અમરા ભગત સ્વામીનો ખૂબ સમાગમ કરતાં. સ્વામી અવાર-નવાર એમને ગઢપુર-વડતાલ વગેરે સ્થળોએ દર્શને લઈ જતા હતા.

એક સમયે અમરા ભગત ગુણાતીતાનંદ સ્વામીની સાથે ગઢપુર આવ્યા. ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના દર્શન કરી અમરો ભગત ધન્ય ધન્ય થઈ ગયા.

ગઢપુરમાં સ્વામી રોકાયા ત્યાં સુધી અમરો ભગત પણ સાથેને સાથે રોકાયા.

અમરો ભગત રોજ વહેલા ઊઠી રસ્તો વાળતા, ચોક વાળતા, ઝાડા-પેશાબના ખાડાઓ સાફ રાખતા.

અમરા ભગતને આમ દોડી દોડીને ઉત્સાહથી સેવા કરતા જોઈને નાના-મોટા સર્વ સંતો આ યુવાન ઉપર ખૂબ જ રાજી થતા.

આ અરસામાં એકવાર ગઢપુરના સભામંડપમાં સંતો-હરિભક્તોની વિશાળ સભા ભરાયેલી હતી.

સભામાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે અનેક પવિત્ર નંદ સંતો બિરાજમાન હતા.

અમરા ભગત સભામાં દર્શને આવ્યા. અમરા ભગતની અઢાર વર્ષની ઉંમર હતી. ફૂટડું શરીર હતું, માથે ફાળિયું બાંધ્યું હતું, કેડીયું અને સુરવાળ પહેર્યા હતા. કપાળમાં ભડકા જેવા તિલક ચાંદલો કર્યા હતા. ગળામાં બેવડી તુલસીની કંઠી અને માળા ધારણ કર્યા હતા. મુખ ઉપર સત્સંગનું તેજ ઓપતું હતું. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ કોળી ભગતને ઘૂંટીઘૂંટીને બ્રહ્મરસ પાયો હતો.

અમરા ભગત ગામડાંના ભલા ભોળા ભગત હતા. એમને કાંઈ સભાના વિધિ વિધાનની પડી નહોતી. એ તો સીધા રઘુવીરજી મહારાજની પાટ પાસે પહોંચ્યા, માથેથી ફાળીયું ઉતાર્યું અને મોટેથી બોલ્યા, "મહારાજ! જય સ્વામિનારાયણ" કહેતા કહેતા અમરા ભગતે પોતાનું માથું રઘુવીરજી મહારાજના ખોળામાં મૂકી દીધું.

આખી સભાનું ધ્યાન અમરા ભગત તરફ આકર્ષાયું.

જૂના જમાનામાં કોળી જ્ઞાતિમાં માથા ઉપર ઓળિયા રાખવાનો રિવાજ હતો, માથાના વાળને ખંભા પાસેથી એકધારા કાપવામાં આવે, એને ઓળિયા કહેવાય. પહેલાના કોળી લોકોમાં આવા વાળ રાખવાનો રિવાજ હતો. આજે સુધરેલા લોકોમાં આવી ઓળિયાની ફેશન ફેલાયેલી જોવા મળે છે !

અમરા ભગતે જેવું માથું રઘુવીરજી મહારાજશ્રીના ખોળામાં મૂક્યું, એટલે એમના વાળના ઓળીયા ઊંધા થઈને મહારાજશ્રીના ખોળામાં આવી ગયા.

રઘુવીરજી મહારાજે આ પ્રેમી ભગતનો ભાવ જોઈને પોતાના બેય હાથે ભગતના ઓળિયા પકડ્યા અને કહ્યું, "ભગત ! વાળ સારા રાખ્યા છે !"

અમરા ભગતને તો ભગવાનના દીકરાએ માથે હાથ મૂક્યો અને ઓળીયા પકડ્યા, એટલે અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.

અમરા ભગતને થયું, આજ મારા ભાગ્ય ઊઘડી ગયા. કારણ કે ભગવાન જેવા આચાર્યે મારા વાળ પકડ્યા.

મોટા મોટા સદ્‌ગુરુ સંતો અને આખી સભા આ અનોખા પ્રસંગને નીરખી રહ્યા હતા. ભગતનો ભાવ અને આચાર્ય રઘુવીરજી મહારાજની વાત સાંભળી મોટા મોટા સંતો હસવા માંડ્યા અને અમરા ભગત ઉપર અંતરનો રાજીપો વરસાવવા માંડ્યા.

અમરા ભગત મહારાજશ્રીના દર્શન કરી, ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને મોટેથી "મા-બાપ ! જય સ્વામિનારાયણ" કહીને એણે સ્વામીના ખોળામાં

માથું મૂકી દીધું. માથાના વાળના ઓળિયા પાછા ઊંધા થઈ ગયા.

ગોપાળાનંદ સ્વામીએ પણ મંદ મંદ હસતાં હસતાં આ શ્રદ્ધાવાન મુક્તના માથા ઉપર બેય હાથ મેલી આશીર્વાદ દીધાં.

અમરાભગતે ગુણાતીતાનંદ સ્વામીના ખોળામાં માથું મૂક્યું. સ્વામીએ પણ એજ રીતે ઓળીયા પકડ્યા. પછી તો ભગતને માથે હાથ મૂકી એના ઓળિયા પકડવાની સંતોમાં પરંપરા ચાલી. અન્ય મોટા મોટા સંતોએ પણ અમરા ભગતના માથા ઉપર હાથ મેલ્યા અને આશીર્વાદ દીધા.

આજે અમરા ભગતના આનંદનો પાર નહોતો. મોટા મોટા સાધુઓએ એને માથે હાથ મેલ્યા હતા. અમરા ભગતને તો જાણ્યે બહુ મોટો પુરસ્કાર મળી ગયો હતો ! એણે મનમાં વિચાર કર્યો, ‘‘આજે મારા વાળ પ્રસાદીના થઈ ગયા ! ભગવાન જેવા આચાર્ય અને મોટા મોટા સાધુઓએ મારા માથા ઉપર હાથ મેલ્યા. હવે મારે મારા માથા ઉપર વાળંદને હાથ મેલવા દેવો નથી અને આ પ્રસાદીના વાળ ક્યારેય કપાવવા નથી.’’

વળી ભગતને વિચાર થયો, ‘‘વાળંદ તો મારા માથા ઉપર હાથ નહિ મેલે પણ હું લગ્ન કરું તો ક્યારેક ઘરવાળી માથા ઉપર હાથ મેલે અને મારા પ્રસાદીના વાળ અભડાઈ જાય.’’

આવું વિચારીને અમરા ભગતે એક અદ્‌ભૂત ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે, ‘‘હું ક્યારેય લગ્ન નહિ કરું.’’

ભગતની આ ભીષ્મ પ્રતિજ્ઞાથી સમસ્ત વાતાવરણમાં જય હો ! જય હો ! ના ઘોષ ઊઠ્યા.

ધર્મ જગતના ઈતિહાસમાં આ ઘટના અજોડ હતી.

પ્રસાદીના વાળને સાચવવા માટે અમરા ભગતે સંસાર હરામ કર્યો હતો અને આખી જિંદગી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતની કૃપાથી અમરા ભગતની સ્થિતિ ઉત્તમ યોગી જેવી બની હતી.

ભગતે છતે દેહે માયાના બધા જ આવરણ કાપી નાખ્યા હતા અને મહારાજની મૂર્તિમાં જોડાઈ રહ્યા હતા. મોટા મોટા સંતોની પાસેથી એવું સાંભળવા મળે છે કે, ‘‘ટીંબીમાં કોઈપણ બાઈને સુખ પ્રસવ ન થતો હોય અને અમરા ભગતને ખબર પડે તો ભગત પોતાની નાડીનો છેડો પાણીમાં બોળી મોકલતા. એ પાણી પીવાથી બાઈને સુખપૂર્વક પ્રસૂતિ થતી.

અમરા ભગતને મહારાજ અને મોટા સંતો મળ્યાનો ભારે કેફ હતો. તેઓ કહેતા કે, ‘‘હું તો બ્રહ્મચર્ય પાળું છું પરંતુ મારી ચોરણીની નાડી પણ બ્રહ્મચર્ય પાળે છે.’’

★ ★ ★ ★ ★

એક વખત ગુણાતીતાનંદ સ્વામી અમરા ભગતને સાથે લઈને ચૈત્રી સમૈયો કરવા વડતાલ પધાર્યા હતા. વડતાલમાં હાલ જ્યાં સભા-મંડપ છે, એના ઉપરના ભાગના મેડે સ્વામી અને સાથે આવેલા સંતો-હરિભકતોનો ઉતારો હતો.

દૂર ઉના તરફના દરિયા કાંઠામાં વસતાં આવા અમરા ભગત જેવા હરિભક્તોને વડતાલ ધામના દર્શન એટલે જાણે અડસઠ તીરથના દર્શન !

એકાદશીનો દિવસ હતો. તે દિવસે પ્રસાદમાં આખા કેળા વેચાયા હતા. સંતો-હરિભક્તો કેળાનો પ્રસાદ જમી રહ્યા હતા. એ વખતે અમરા ભગત મેડાની બહારની નાનકડી ઓસરીમાં બેસી, પોતાની કુહાડીથી કેળાને કાપી કાપી ટુકડા કરી કેળાનો પ્રસાદ જમી રહ્યા હતા.

કોઈ સાધુ આ જોઈ ગયા એટલે હસવા માંડ્યા. એણે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! જુઓ તો ખરા ! આ અમરા ભગતને કેળું ખાતા ક્યાં આવડે છે? કુહાડીએ કાપીને કેળા ખાય છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘સાધુરામ ! એને કેળું ખાતા નથી આવડતું પરંતુ માયાના આઠેય આવરણને કાપતાં આવડે છે. તમે ભલે સાધુ થયા પણ માયાના આવરણને કાપવાની કળા તમારે અમરા ભગતની પાસેથી શીખવી પડશે.’’

## શીદને રહીએ રે કંગાલ !

જીવનભર બ્રહ્મચારી રહેવાના સંકલ્પ બાદ અમરા ભગત ટીંબીના મંદિરમાં જ રહેતા અને ઠાકોરજીની સેવા કરતા.

એમના ઘરેથી મંદિરે સીધું-પાણી આવતા. અમરા ભગત જાતે ઠાકોરજીનો થાળ કરતા અને દિવસમાં માત્ર એકવાર ભોજન કરતા.

તેમણે ઘરે જવાનું બંધ કર્યું હતું, છતાં કુટુંબીઓને ‘પોતે માથે પડે છે’ એવું ન લાગે એટલે તેઓ ખેતરે જતાં, થાય એટલું કામ કરતા અને વધારે પડતો સમય મંદિરમાં જ ગાળતા.

જો કે,એમના પરિવારજનો અમરા ભગત પ્રત્યે ભારે આદર સેવતા, કામકાજ કરવાની ના પાડતા પણ ભગત માનતા નહીં.

અમરા ભગત કહેતા કે, “આળસુ થઈને પડી રહેવાય નહિ. શરીર ચાલે ત્યાં સુધી જાત મહેનતનું ખાવું પણ મફતનું ન ખાવું.”

ભગતની વ્યવહારિક સમજણ પણ જ્ઞાનમાર્ગ જેટલી જ ઉત્તમ હતી.

ટીંબીમાં વાણિયાઓનો ખૂબ સારો સત્સંગ હતો. આ બધા વણિક હરિભક્તોને અમરા ભગતનો ખૂબ મહિમા હતો.

ટીંબીના વચ્છરાજ શેઠને અમરા ભગત સાથે ખૂબ હેત હતું. તેઓ ઘણીવાર ભગતને આગ્રહ કરતા અને કહેતા, “ભગત ! તમારું જીવન તો સાધુ જેવું જ છે. માટે તમે અમારા ઘરનું સીધું-પાણી સ્વીકારો.”

વચ્છરાજ શેઠ ખૂબ આગ્રહ કરતા ત્યારે અમરા ભગત ક્યારેક એમને રાજી રાખવા એમની વાત સ્વીકારતા બાકી પોતાની રીતે જે મળે તેમાંથી નિર્વાહ કરી લેતા હતા.

સાદું જીવન, સાદું ભોજન, સાધારણ વ્યવહાર છતાં અમરા ભગત અહર્નિશ આનંદમાં રહેતા.

એક વખત વચ્છરાજ શેઠે અમરા ભગતને પૂછ્યું, “ભગત ! અમારી પાસે ઢગલાબંધ સંપત્તિ છે. છતાં અમને તમારા જેવો આનંદ આવતો નથી. તમારી પાસે જીવન-જરૂરિયાતની બહુ ઓછી સામગ્રી છે, છતાં તમે આટલા બધાં આનંદમાં રહો છો, તેનું કારણ શું ?”

અમરા ભગતે કહ્યું, “શેઠ ! આનંદ તો સહજાનંદ સ્વામીમાંથી આવે. વિષયો કે સંપત્તિમાંથી ન આવે! આપણને સર્વોપરી, સર્વાવતારી, સર્વ કારણના કારણ, ચિંતામણિ જેવા મહારાજ મળ્યા પછી આપણે કંગાલપણું શા માટે રાખવું જોઈએ ? નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે...

**શીદને રહીયે કંગાલ રે સંતો, શીદને રહીયે કંગાલ**
**જ્યારે મળ્યો મહા મોટો માલ રે, સંતો શીદને રહીયે રે કંગાલ.**

વચ્છરાજ શેઠને અમરા ભગતની આનંદપૂર્ણ અવસ્થા જોઈને મીઠી ઈર્ષ્યા થતી હતી.

અમરા ભગતનું શરીર પહાડી અને બળવાન હતું. એમના અંતરમાં ભગવાન અને સંતોની પ્રેમપૂર્વક સેવા કરવાનું તાન રહેતું.

તેઓ મનમાં મોજ ચડે એટલે જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા પહોંચી જતા. કયારેક બે મહિના, ક્યારેક ચાર મહિના જૂનાગઢમાં રહેતા, શ્રદ્ધાથી મંદિરની સેવા કરતા.

તેઓ હંમેશા મંદિરની ચારે બાજુનો વિશાળ ચોક વાળતા, બપોર અને સાંજ બંને વખત એંઠા વાસણો માંજતા.

મંદિરની ગાયો-ભેંસોનું વાસીદું વાળી છાણાં થાપતા, કારખાના માટે ચૂનાના મોટા મોટા આરા કરતા. વૃદ્ધ તથા માંદા સાધુના વસ્ત્રો ધોઈ દેતા, સેવા કરવામાં એમને ક્યારેય આળસ આડી આવતી નહિ.

બીજી મહત્ત્વની વાત એ હતી કે, આટલી આટલી સેવા-પ્રવૃત્તિ વચ્ચે પણ ગુણાતીતાનંદ સ્વામીની પાસે બેસી પાંચ વખત કથા-વાર્તા સાંભળવાનું અને સ્વામીનો સમાગમ કરવાનું તેઓ ચૂકતા નહિ.

અમરા ભગતની સેવામાં આવી શ્રદ્ધા જોઈને મંદિરના નાના-મોટા સર્વ સંતો અમરા ભગત ઉપર ખૂબ રાજી રહેતા , કોઈ સાધુ એમને રાજી થઈને શ્રીજી મહારાજના પ્રસાદીના વસ્ત્રના ટૂકડા આપતા, કોઈ સાધુ પ્રસાદીની મૂર્તિ આપતા, કોઈ સાધુ પુસ્તક કે પ્રસાદીની માળા આપતા.

અમરા ભગતની પાસે પ્રસાદીની વસ્તુઓનો સારો એવો જથ્થો ભેગો થઈ ગયો હતો.

અમરા ભગત આ બધી પ્રસાદીની થોકબંધ વસ્તુઓ પોતાની પૂજામાં રાખતા, રોજ દર્શન કરતા અને અલમસ્તાઈથી મહારાજનું ભજન કરતા.

## હું મોટો કે એ ધર્મગુરુ મોટા ?

એક વખત ટીંબીમાં કોઈ ધર્મગુરુ આવ્યા હતા. એમના શિષ્યોની જુવાન સ્ત્રીઓએ ભીના વસ્ત્ર પહેરી એકસો આઠ પાણીના બેડાથી એમને સ્નાન કરાવ્યું હતું અને આ સ્નાનનો ભારે મહિમા ગવાતો હતો.

શિષ્યો કહેતા હતા કે, “અમારા ગુરુએ પાણીના એકસોને આઠ બેડાથી સ્નાન કર્યું. આવા મોટા ધર્મગુરુ જગતમાં ક્યાંય ન હોય !”

થોડો સમય વીત્યો ત્યાં ભગવાન જેવા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી જેવા મહાન સંતોને સાથે લઈને ટીંબી પધાર્યા.

બપોર પછી ત્રણ-ચાર વાગ્યાના સમયે રઘુવીરજી મહારાજ, સાધુ-સંતો તથા હરિભક્તો સાથે ટીંબીના પાદરમાં વહેતી રૂપેણ નદીમાં સ્નાન કરવા પધાર્યા.

અહીં પાણીનો એક મોટો ધરો હતો. મહારાજશ્રીએ સંતો ભક્તો સાથે કીર્તન તેમજ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતાં કરતાં સ્નાન કર્યું.

એવામાં અચાનક અમરા ભગત બધાની વચ્ચે આવીને ઊભા રહ્યા અને તાળી પાડીને બોલ્યા, "તમે બધા કૃપા કરીને મારા ઉપર એક એક ખોબો પ્રસાદીનું પાણી નાખો. અમારા જેવા નાના માણસને આવો લાભ ક્યારે મળે ?"

અમરા ભગતના મહિમાને સૌ જાણતા હતા, એટલે મહારાજશ્રી સહિત બધાએ રાજી થઈને અમરા ભગત ઉપર એક એક ખોબો પાણી નાખ્યું.

અમરા ભગતના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. પછી તેઓ બોલ્યા, "મારે રઘુવીરજી મહારાજને એક પ્રશ્ન પૂછવો છે."

રઘુવીરજી મહારાજે કહ્યું, "બોલો, ભગત ! શું પ્રશ્ન પૂછવો છે ?"

અમરા ભગત ઠાવકું મોઢું રાખીને બોલ્યા, "આ પાણીનો મોટો ધરો ભર્યો છે. એમાં કેટલા બેડા પાણી હશે ?"

ભગતનો આવો વિચિત્ર પ્રશ્ન સાંભળીને બધાને આશ્ચર્ય થયું.

રઘુવીરજી મહારાજે કહ્યું, "ભગત ! આ ધરામાં કેટલાં બેડા પાણી ભર્યું છે એની ગણતરી માંડવી મુશ્કેલ છે. આમાં તો હજારો બેડાઓ પાણી ભર્યુ છે."

અમરા ભગત બોલ્યા, "મહારાજ ! અમારા ગામમાં થોડા દિવસ પહેલા એક બહુ મોટા કહેવાતા ધર્મગુરુ આવ્યા હતા. એમની જુવાન શિષ્યાઓએ એમને એકસો ને આઠ બેડા પાણીથી સ્નાન કરાવ્યું હતું, એટલે લોકો વખાણ કરતા થાકતા નથી અને કહે છે કે, આ તો બહુ મોટા ધર્મગુરુ કહેવાય."

"મહારાજ ! મારો પ્રશ્ન એ છે કે, એ એકસો આઠ બેડાથી નાહ્યા, જ્યારે આજે હું હજારો બેડાથી નાહ્યો, ઉપરથી આપ જેવા આચાર્ય તેમજ સંતોએ મારા માથા ઉપર ખોબલે ખોબલા પાણી નાખ્યું તો હું મોટો કે એ ધર્મગુરુ મોટા ?"

અમરા ભગતના સવાલનું રહસ્ય હવે સર્વને સમજાયું અને બધા હસી પડ્યા.

ગોપાળાનંદ સ્વામી બોલ્યા, "ભગત ! તમે આજે ભગવાનના દીકરાના હાથે સ્નાન કર્યું માટે તમારા જેવો મોટો તો આ બ્રહ્માંડમાં કોઈ નથી."

"બીજી મહત્વની વાત એ છે કે ધર્મગુરુ થઈને ધર્મની મર્યાદા લોપે, જુવાન સ્ત્રીઓના હાથે સ્નાન કરે, આવી ક્રિયાથી તો ધર્મને બદલે અધર્મ જ વધે."

"ત્રીજું ભગત ! તમે તો માથાના પ્રસાદીના વાળને પવિત્ર રાખવાને માટે કાયમ માટે સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને બ્રહ્મચારી રહ્યા છો, માટે તમારી તોલે કળિયુગના કોઈ ધર્મગુરુ આવી શકે તેમ નથી."

★ ★ ★ ★ ★

અમરા ભગત જ્યારે ધામમાં જવાના થયા ત્યારે એમણે અગાઉથી કહ્યું હતું કે, ‘‘હું આવતી જેઠ સુદ ચોથને દિવસે ભગવાનના ધામમાં જઈશ અને બરાબર એજ દિવસે ભગવાન શ્રીહરિ મોટા મોટા સંતોને સાથે લઈ તેમને તેડવા આવ્યા.

અમરા ભગતે કહ્યું, ‘‘જુઓ, મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી મને તેડવા આવ્યા છે અને હું એમની સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ..’’

આટલું કહીને અમરા ભગતે વિ. સં. ૧૯૫૭, જેઠ સુદી ચોથને દિવસે અક્ષરધામની વાટે પ્રયાણ કર્યું હતું.

મોટા પુરુષોની કૃપાથી કોળી જેવી પછાત કોમમાં જન્મેલા મુમુક્ષુઓ પણ કેવા મહાન મુક્તરાજ બની જાય છે, એનું આ ઉદાહરણ છે.

# જૂનાગઢના દીવાન બાઉદ્દીનજીભાઈ

## બાવકા ! હવેથી તારે લાકડાં કાપવા નહીં પડે

ગરવા ગીરનારની ગોદમાં જોગીઓનું ધામ જૂનાગઢ વસેલું છે. અહીં અનેક પાવનકારી તીર્થો છે. જૂનાગઢથી થોડે દૂર પ્રસિદ્ધ દામોદર કુંડ છે. દામોદર કુંડથી થોડે આગળ જતાં પ્રસિદ્ધ સોનરખ નદી આવેલી છે. એમાં તીર્થરૂપ નારાયણ ધરો આવેલો છે.

ગીરનારની ગોદમાંથી આ સોનરખ નદી પ્રગટેલી છે. આ સોનરખ નદીના નારાયણ ધરામાં ભગવાન સ્વામિનારાયણે પરમહંસોની સાથે અનેકવાર સ્નાન કરેલું છે અને ધરાને પરમતીર્થ બનાવેલ છે. એટલે સ્વામિનારાયણ સંપ્રદાયમાં નારાયણ ધરાનો ખૂબ જ મહિમા છે.

વિ. સં. ૧૯૦૬ ની સાલ હતી. જૂનાગઢના જોગી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કેટલાક સંતોને સાથે લઈને નારાયણ ધરાએ સ્નાન કરવા પધાર્યા હતા.

શિયાળાનો સમય હતો. મહા મહિનાનું માવઠું થયું હતું. ઠંડી જોર કરી રહી હતી. વાતાવરણ પણ ઠંડુ હતું અને નારાયણ ધરાનું પાણી પણ ઠંડું હતું.

આવી ઠંડીમાં આવા ઠંડા જળમાં સ્નાન કરવાથી એક વૃદ્ધ સંતને સખત ઠંડી ચડી, હાથ-પગ લાકડાં જેવા થઈ ગયા અને સાધુ અચેતન થઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ વિચાર્યું, ‘‘ક્યાંકથી સૂકાં લાકડાં મળે તો તાપ કરીને આ સાધુને તપાવીએ, તો સાધુ શુદ્ધિમાં આવે.’’

બરાબર આ જ સમયે જૂનાગઢની એક ગરીબ મુસલમાન કઠિયારણ ડોશીમા, પોતાની જુવાન દીકરી અને નાના દીકરા સાથે જંગલમાં લાકડાં કાપવા ગયેલા.

તેઓ લાકડાં કાપી, ભારા બાંધી, માથે મેલી જૂનાગઢ તરફ જઈ રહ્યા હતા અને જ્યાં સંતો બેઠા હતા, ત્યાંથી થોડે દૂર વિસામો ખાવા બેઠા હતા.

આજે એ ગરીબ કઠિયારા પરિવારના કઠણ પ્રારબ્ધના લેખ બદલી જવાની તૈયારી હતી.

સ્વામીએ સાથેના હરિભગતને કહ્યું કે, ‘‘દૂર પેલી કઠિયારણ બાઈ લાકડાંના ભારા લઈને બેઠી છે, એ જો થોડાં લાકડાં આપે તો લઈ આવો.’’

હરિભગત દોડતા ગયા અને પેલી બાઈને બધી વાત કરી. બાઈને સાધુ-સંતો, સાંઈ-ફકીર પ્રત્યે ખૂબ જ ભાવ હતો.

‘સંતોને લાકડાંની જરૂર પડી છે,‘ એ જાણીને બાઈએ પોતાના નાનકડાં છોકરાને કહ્યું, ‘‘એલા, બાવકા ! તું લાકડાં લઈને પેલા ફકીર પાસે જા અને તાપણું કરી સાધુને તપાવ. આવા ફકીરો રાજી થઈ, આપણને દુવા આપે તો આપણા જેવા ગરીબ માણસનું કામ થઈ જાય.’’

નાનકડો બાવકો અને હરિભગત લાકડાં લઈને સંતો પાસે આવ્યા. બાવકાએ કડું, કળી અને ચકમકથી અગ્નિ પેટાવ્યો.

ગુણાતીતાનંદ સ્વામી ઝડપથી ઉત્સાહપૂર્વક કામ કરી રહેલા આ જીવરા છોકરાને જોઈને અત્યંત રાજી થઈ રહ્યા હતા.

ધીમે ધીમે લાકડાંઓએ અગ્નિ પકડ્યો અને સારો એવો તાપ થયો.

પેલો બાવકો ભારે ઉત્સાહથી લાકડાંના નાના ટુકડા કરી અગ્નિમાં હોમી રહ્યો હતો. એક પવિત્ર સંતને તપાવવા માટે પ્રગટાવેલો આ અગ્નિ સેંકડો યજ્ઞો કરતાં પણ શ્રેષ્ઠ હતો અને બાવકાનું એક એક કાષ્ઠ એ યજ્ઞનું સમિધ હતું.

બાવકો ભઠ્ઠામાં લાકડાં હોમવામાં જરાય કસર રાખતો નહોતો.

આપણાં જેવા લોકોને લાકડાંની વાત બહુ સીધી-સાદી લાગે પરંતુ બાવકા માટે તો આ લાકડાંનો ભારો જીવનદોરી સમાન હતો. જૂનાગઢની બજારમાં આ લાકડા વેચાયા પછી જ આ કઠિયારા પરિવારને પેટ પૂરતું ખાવાનું મળવાનું હતું.

લાકડાંના ભઠ્ઠે તપાડવાથી પેલા વૃદ્ધ સાધુના શરીરમાં ગરમાવો પેદા થયો. તેઓ ધીમે ધીમે શુદ્ધિમાં આવવા લાગ્યા.

આ બાજુ બાવકાની મા દૂરથી કહેતી હતી કે, ‘‘બેટા ! જરાય કસર રાખીશ મા, આપણે આખી જિંદગી લાકડાંના ભારા ઉપાડ્યા પણ આજે આ લાકડાં કામમાં આવી ગયા!’’

આ ગરીબ કઠિયારા પરિવારનો ભાવ જોઈને ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીએ છોકરાને પૂછ્યું, ‘‘બેટા ! તમે જ્ઞાતિએ કેવા છો ? અને તારું નામ શું ?’’ છોકરાએ કહ્યું, ‘‘સાંઈ ! અમે ગરીબ મુસલમાન છીએ. મારું નામ બાઉદ્દીન છે પણ લોકો મને બાવકો કહીને બોલાવે છે.’’

‘‘મારા બાપ થોડા સમય પહેલા ગુજરી ગયા છે. હું, મારી બહેન લાડુ અને

મારી મા કઠિયારાનો ધંધો કરીએ છીએ, જંગલમાંથી લાકડાં લાવી જૂનાગઢમાં વેચીએ છીએ અને ગુજરાન ચલાવીએ છીએ.''

સ્વામીએ હરિભગતને કહ્યું, ''તમે બાવકાની માને આ લાકડાંની ભારીને બદલે જે જોઈએ તે દ્રવ્ય આપી રાજી કરો.''

પેલા હરિભગત બાવકાની મા પાસે ગયા અને લાકડાંનું મૂલ ચૂકવવા માંડ્યા.

બાવકાની માએ હાથ જોડીને કહ્યું, ''સ્વામીને કહો, અમારાથી સાંઈ ફકીર પાસેથી લાકડાંનું મૂલ લેવાય નહિ. બસ અમારા માટે દુવા કરજો અને અમારા પરિવાર ઉપર રહેમ નજર રાખજો.''

ગરીબ પરિવારની ગરવાઈ જોઈને સ્વામી અત્યંત રાજી થયા.

સ્વામીના અંતરમાં મોજ ચડી. સ્વામીને થયું, ''આ સેવાભાવી પરિવારનું દારિદ્ર દૂર કરવું જોઈએ.''

સ્વામી બોલ્યા, ''બાવકા ! તેં અમારા સાધુને તપાડ્યા, અમારી ટાઢ ઉડાડી, એજ રીતે મારો ઠાકોર તારી ગરીબાઈની ટાઢ ઉડાડી દેશે અને હવેથી તારે લાકડાં કાપવા નહિ પડે !'' સ્વામીના આશીર્વાદ મળતાં બાવકો ધન્ય ધન્ય થઈ ગયો. દૂર બેઠેલી એની માએ સ્વામીના મુખમાંથી નીકળેલા આશીર્વાદના શબ્દો સાંભળ્યા, એની આંખમાં જળજળિયાં આવી ગયા.

સ્વામીના આશીર્વાદ મેળવીને બાવકો એના મા તથા બહેન લાડુ જૂનાગઢને માર્ગે આગળ વધ્યા. આ બાજુ સ્વામી પણ બાવકાના લાકડાંના અગ્નિના હૂંફાળા તાપે થોડીવાર તાપીને મંદિરે પધાર્યા.

સૂરજ ઉગે અને થોડીવારમાં ધૂમ્મસ દૂર થઈ જાય, એજ રીતે અનાદિ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો આશીર્વાદ આજે ને આજે બાવકાના પ્રારબ્ધના કઠણ ધૂમ્મસને ઓગાળી નાખવાનો હતો.

## ઘોડાગાડીના ઘોડા અડ્યા

ત્રણેય જણાએ જૂનાગઢના ઉપરકોટના દરવાજેથી જેવો શહેરમાં પ્રવેશ કર્યો, એ જ સમયે જૂનાગઢના નવાબ બે ઘોડા જોડેલી બગીમાં બેસી પોતાના રસાલા સાથે ફરવા નીકળ્યા હતા.

નવાબ સાહેબના રસાલાને આવતો જોઈ મા, બહેન, દીકરો ત્રણેય જણા બજારના ઓટલે ચડી એક બાજુ ઊભા રહી ગયા.

ભગવાનને કરવું અને નવાબની ઘોડાગાડી જેવી આ લોકો પાસેથી પસાર થઈ,

એજ વખતે ઘોડાગાડીના ઘોડા અડ્યા, એટલે કે અટકીને ઊભા રહી ગયા અને નવાબ સાહેબનો રસાલો આગળ નીકળી ગયો.

અડેલા ઘોડાની આદત પ્રમાણે જો કોઈ એને પકડીને આગળ દોરે તો ઘોડા ચાલતા થાય.

નવાબની બગી ચલાવનાર માણસે જોયું તો, રસાલો દૂર નીકળી ગયો હતો. ઘોડાને દોરનારની શોધમાં એણે ચોતરફ દૃષ્ટિ કરી, એની નજર બાવકાં ઉપર પડી, એણે બાવકાને ઈશારો કરી પાસે બોલાવ્યો અને અડેલા ઘોડાને આગળ દોરવા કહ્યું.

બાવકાએ ઘોડાની લગામ પકડી, ઘોડાને આગળ દોર્યા. ઘોડા થોડું ચાલી અને પાછા અડ્યા, આમ બે-ત્રણવાર થયું. એટલે નવાબ સાહેબનું ધ્યાન-ભંગ થયું, એણે બગી હાંકનારાને પૂછ્યું, ‘‘શું થઈ રહ્યું છે ?’’

બગીવાને બધી હકીકત સમજાવી.

નવાબ સાહેબે કહ્યું, ‘‘એ છોકરાને બગીમાં બેસાડી દે. જેથી ફરી વખત આવું થાય તો કામ લાગશે.’’ આમ વાત કરતી વખતે નવાબ સાહેબની દૃષ્ટિ દૂર ઓટલા ઉપર ઊભેલા લાડુ બાઈ ઉપર પડી.

લાડુ ભલે ગરીબ પરિવારમાં જન્મી હતી પણ ભગવાને એને અનોખું રૂપ દીધું હતું અને એમાંય જુવાન ઉંમર હતી. રાજા, વાજા અને વાંદરા બધાયના મન સરખા. નવાબની આંખો લાડુ બાઈનું રૂપ જોઈને ખીલાની જેમ ખોડાઈ ગઈ.

એણે બગી હાંકનારાની પાસે બેઠેલા બાવકાને પૂછ્યું, ‘‘છોકરા ! પેલી બાઈ કોણ છે ?’’ બાવકાએ કહ્યું, ‘‘વૃદ્ધ છે એ મારા મા છે અને જુવાન છે એ મારી બહેન છે, લાડડી એનું નામ છે.’’

નવાબે પૂછ્યું, ‘તારું નામ શું ?’

બાવકાએ ટૂંકો જવાબ દીધો, ‘બાવકો.’

નવાબે પૂછ્યું, ‘જાતે કેવા છો ?’

બાવકાએ કહ્યું, ‘મુસલમાન.’

નવાબ કાંઈ બોલ્યા નહિ પણ એમણે લાડડી બાઈ સાથે નિકાહ કરવાનો નિર્ણય કરી લીધો.

## કઠિયારો દીવાન બન્યો

થોડો સમય ગયો, લાડડી બાઈના રૂપ ઉપર આફરીન નવાબે લાડડી બાઈ સાથે નિકાહ કર્યા અને એને પોતાના જનાનખાનામાં મોભાદાર સ્થાન આપ્યું.

લાડકી બાઈના ભાઈ બાવકાને પોતાની ઘોડશાળની દેખરેખ કરવા માટે નીમ્યો. બાવકાની બુદ્ધિ કુશાગ્ર હતી. એની કાર્ય કુશળતા ગજબની હતી. નવાબ સાહેબ અવાર-નવાર ઘોડશાળમાં પધારતા, એટલે બાવકાને નવાબ સાહેબ સાથે વારંવાર મુલાકાત થતી.

આ તેજસ્વી અને વિશ્વાસપાત્ર યુવાનની કુશળતાએ નવાબ સાહેબનું દિલ જીતી લીધું. નવાબ સાહેબે બાવકાને પોતાના ખાનગી દીવાન તરીકે નીમ્યો અને ગરીબ કઠિયારાનો છોકરો ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતના આશીર્વાદને પ્રતાપે બાવકો મટીને બાઉદ્દીન નામે પ્રસિદ્ધ થયો.

સમય જતાં નવાબ સાહેબે બાઉદ્દીનભાઈને રાજ્યના મુખ્ય દીવાન પદે નિયુક્ત કર્યા. બાઉદ્દીનભાઈ રાજ્યના દીવાન થયા પરંતુ તેઓ ગુણાતીતાનંદ સ્વામીનો આશીર્વાદ જીવનભર ભૂલ્યા નહોતા.

તેઓ અવાર-નવાર જૂનાગઢ મંદિરે સ્વામીના દર્શને પધારતા અને મંદિરની નાની-મોટી જરૂરિયાતો પૂર્ણ કરતા હતા.

એમણે દાંતરડાં, બંધિયો અને લાકડાં કાપવાની નાનકડી કુહાડી કાયમ માટે સાચવી રાખ્યા હતા.

તેઓ અવાર-નવાર કહેતા કે, ‘‘મારા પ્રારબ્ધમાં તો આ કુહાડી, દાંતરડી અને બંધિયો હતા, આજે જે કંઈ છે, એ ગુણાતીતાનંદ સ્વામી જેવા ઓલિયા સંતની દુવાને પ્રતાપે છે.’’

બાઉદ્દીનભાઈએ પોતાની ગરીબીને કાયમ યાદ રાખી હતી. તેઓ પ્રજાના દુ:ખ-દર્દને સારી રીતે સમજી શકતા હતા. તેઓએ જૂનાગઢ રાજ્યની પ્રજાને ખૂબ સુખી કરી હતી.

આજે વર્ષો વીત્યા. જૂનાગઢના ઈતિહાસમાંથી ભલભલા નવાબોના નામ ભૂંસાઈ ગયા પરંતુ દીવાન બાઉદ્દીનભાઈની યશોગાથા આજે પણ જૂનાગઢની ધરતીમાં જેમની તેમ ગવાઈ રહી છે.

જૂનાગઢની બાઉદ્દીનજી કોલેજ એનો બોલતો પુરાવો છે.

સમય ઉપર મેળવેલો સત્પુરુષનો રાજીપો ક્યારેય એળે જતો નથી.

મૂઠી તાંદૂલથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણે સુદામાને રાજા જેવી સમૃદ્ધિ આપી હતી. એજ રીતે નાનકડા લાકડાંના ભારાના બદલામાં ગુણાતીતાનંદ સ્વામીએ બાઉદ્દીનજીભાઈને જૂનાગઢ રાજ્યની દીવાનગીરી બક્ષી દીધી હતી !

# સદ્‌ગુરુ તારણહાર

## નાજા જોગીયાની કસર ટાળી

નાજા જોગીયા શ્રીજી મહારાજના હજૂરી પાર્ષદ હતા. એમણે વર્ષો સુધી મહારાજની ખૂબ સેવા કરી હતી. મહારાજની માણકીને સાચવી હતી અને મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

જ્યાં કાયા ત્યાં છાયા, એ ન્યાયે જ્યાં મહારાજ હોય ત્યાં નાજા જોગીયા હોય જ.

મહારાજ ધામમાં સિધાવ્યા પછી નાજા જોગીયાને સાધુ થવાનો સંકલ્પ થયો, એટલે રઘુવીરજી મહારાજે એમને દીક્ષા આપી સાધુ કર્યા અને 'ઘનશ્યામદાસજી' નામ રાખ્યું. એ સમયે ઘનશ્યામદાસજી નામના બે સાધુઓ હતા, એટલે બધા આમને મોટા ઘનશ્યામદાસજી કહીને બોલાવતા.

ઘનશ્યામદાસજી સ્વભાવે થોડા રજોગુણી હતા. તેઓ રજોગુણના ભાવો ઓછા કરવા ખૂબ દાખડો કરતા પણ રજોગુણની પ્રવૃત્તિ ઓછી થતી નહોતી.

એક વખત કોઈ સાધુએ એમને કહ્યું, "ઘનશ્યામદાસજી ! તમે જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જાવ. એ તમારો રજોગુણ કાઢી નાખશે."

ઘનશ્યામદાસજીએ કહ્યું, "સ્વામી ! તમારી વાત સાચી છે, ગુણાતીતાનંદ સ્વામી જીવની કસર માત્ર ટાળે એવા છે. માટે હું એમની પાસે જઈશ."

ઘનશ્યામદાસજી જૂનાગઢ આવ્યા અને સ્વામીનો સમાગમ કરવા લાગ્યા. ઘનશ્યામદાસજી સ્વામીની વાતો સાંભળતા અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરતા.

એકવાર તેઓ સભા-મંડપમાં માથે ઓઢી ધ્યાન કરી રહ્યા હતા. પરંતુ એમના મનની વૃત્તિ રજોગુણના પ્રભાવથી મહારાજની મૂર્તિ મૂકીને બીજે ભટકવા લાગી. એ જ વખતે સ્વામીએ તેમને ટપાર્યા અને કહ્યું, "ઘનશ્યામદાસ ! ધ્યાન કરો છો કે જ્યાં ત્યાં ભટક્યા કરો છો ?"

સ્વામીની વાત સાંભળી ઘનશ્યામદાસજીને ઝાટકો લાગ્યો. સ્વભાવ ઉપરના ટકોરા સહન કરવા તેઓ હજી જોઈએ એવા ટેવાયા નહોતા.

વળી અધૂરામાં પૂરું મહારાજના હજૂરી પાર્ષદ રહ્યા હતા, એટલે એમણે બધાના મુખેથી પોતાના વખાણ જ સાંભળ્યા હતા.

સ્વામીની ટકોર સાંભળીને તેઓ થોડા તપી ગયા અને બોલ્યા, “ સ્વામી ! ખોટું આળ કેમ નાખો છો ? હું ક્યાં જ્યાં ત્યાં રખડું છું, હું તો મહારાજનું ધ્યાન કરું છું.” સ્વામી અંતર્યામી ભાવે બોલ્યા, “ઘનશ્યામદાસ ! સાચું કહો, તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા ?”

સ્વામીનું આવુ અંતર્યામી ભાવથી પરિપૂર્ણ ઐશ્વર્ય જોઈને ઘનશ્યામદાસજી તો અવાક્ થઈ ગયા અને બોલ્યા, “સ્વામી ! માફ કરજો. તમારી વાત સાચી છે. મન ભારે આળવીતરું છે. એ ભગવાનને મૂકી ભેંસોમાં ભટકાણું! તમે કૃપા કરીને મારા જીવની ખોટ કાઢો.”

સ્વામીએ કહ્યું, “ઘનશ્યામદાસજી ! તમે ધ્યાનનો અભ્યાસ ચાલુ રાખશો અને સાથે સાથે નિર્માનીભાવે અમારો સમાગમ કરતા રહેશો, તો અમે તમારી બધી કસર કાઢી નાખીશું.”

ઘનશ્યામદાસજીએ કહ્યું, “સ્વામી ! હું એટલા માટે જ અહીં આપને આશરે આવ્યો છું. આપ મને કહેવામાં કોઈ સંકોચ રાખશો નહિ.”

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાથી ઘનશ્યામદાસજીની કસર માત્ર ટળી ગઈ.

## જેમલ મેરનો ઉદ્ધાર

એકવાર ભગવાન શ્રીહરિ જૂનાગઢ પધાર્યા હતા. મહારાજ દામોદર કુંડે સ્નાન કરવા માટે સંતો અને ભક્તો સાથે જઈ રહ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણનું અવતરણ અસુરોને મારવાનું નહોતું, અસુરોને તારવાનું હતું. ભગવાન સ્વામિનારાયણે તલવાર અને તીર-કામઠાને બદલે માળાને સહારે આસુરી વૃત્તિઓનો સંહાર કર્યો હતો.

મારવા સહેલા છે, તારવા કઠણ છે. અસુરોને મારી શકાય છે. અસુરોને અસુર બનાવનાર આસુરીવૃત્તિઓનો સંહાર વધારે કઠણ છે.

ભગવાન સ્વામિનારાયણે એ કઠિન કામ ભારે સરળતાથી પૂર્ણ કર્યું હતું.એમણે ક્યારેક કલ્પી ન શકાય એવા ચમત્કારોથી તો ક્યારેક ધારદાર ઉપદેશોથી અનેક

આસુરી જીવોને દૈવી બનાવ્યા હતા.

એમના યોગમાં આવેલા અનેક ચોર-લૂંટારાઓ, હત્યારાઓ એમના અલૌકિક પ્રભાવથી મહાન ભક્તો બન્યા હતા. જે હાથમાં તલવારો અને ભાલા રહેતા, એ હાથમાં માળાઓ ફરવા લાગી હતી.

જે લોકો સત્તા કે શક્તિને જોરે ભક્ષક બન્યા હતા, એ જ લોકો સમાજના રક્ષકો થયા હતા. પરિણામે આમ જનતામાં સુખ-શાંતિ અને નિર્ભયતાનું વાતાવરણ સર્જાયું હતું. કોઈપણ રીતે આમ જનતાનું કલ્યાણ કરવું, એ ભગવાન સ્વામિનારાયણના અવતરણનું શ્રેષ્ઠ કાર્ય હતું.

સત્સંગના ઈતિહાસમાં જોબન પગીનો ઈતિહાસ જાણીતો છે. આવા એક જોબન પગી નહિ, અનેક જોબન પગીઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિતો થઈ ઉત્તમ એકાંતિક ભક્તો બન્યા હતા. જોબન પગી જેવો જ એક નામીચો લૂંટારો જેમલ મેર હતો. તે શરીરે પાંચ હાથ પૂરો અને શૂરવીર હતો.

સડોદર ગામ અને ગિરનારની દક્ષિણ-પશ્ચિમ તરફનો એક વિશાળ ડુંગર પ્રદેશ એને જૂનાગઢ નવાબ તરફથી ગરાસમાં મળ્યા હતા.

દામોદર કુંડને માર્ગે ગિરનારની ગુફામાં તેનો અડ્ડો રહેતો. ગિરનારના આજુબાજુના જંગલમાં જેમલ મેરની હાંક વાગતી.

હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજ લખે છે...

**“ગિરનારનો જેમલ મેર, જેની વાગતી હાંક ચોમેર,”**

જેમલ મેર કર ઉઘરાવવાને બહાને ગિરનારની યાત્રાએ આવતા યાત્રાળુઓને ધોળે દિવસે લૂંટતો હતો.

નવાબ સરકારના અધિકારીઓ પણ માથા ફરેલા માણસની ઉઘાડી લૂંટ સામે આંખ આડા કાન કરતા હતા.

એકવાર ભગવાન સ્વામિનારાયણ જૂનાગઢ પધાર્યા હતા. મહારાજ કાઠી સવારો, પાર્ષદોને સાથે લઈ ગિરનારના દામોદર કુંડે સ્નાન કરવા પધારી રહ્યા હતા. રસ્તામાં રાયણના વૃક્ષની નીચે મહારાજ થોડીવાર વિશ્રામ કરવા ઊભા રહ્યા.

સાથેના હરિભક્તોએ મહારાજને જેમલ મેરના ત્રાસની વાત કરી.

મહારાજે કહ્યું, “આપણે જેમલ મેરને મળવું છે.”

હરિભક્તોએ કહ્યું, “મહારાજ ! એ ભારે ક્રૂર છે. મળવા જેવો નથી.”

મહારાજે કહ્યું,“એવા ક્રૂરને કોમળ બનાવવા માટે તો અમે અવતાર ધારણ કર્યો છે. માટે આપણે એને મળવું છે.”

સંજોગવશાત્‌ પડખેની ગુફામાં જ જેમલ મેરની બેઠક હતી. મહારાજે સામે ચાલીને જેમલ મેરની ગુફાનો માર્ગ લીધો.

જેમલ મેરે દૂરથી મહારાજને જોયા. જેમલ મેરને થયું, "આ સિંહની બોડ્યમાં સામે ચાલીને શિકાર કોણ આવે છે ?"

જેમલ મેરને ખબર નહોતી કે, આજે ખુદ શિકારીનો જ શિકાર થઈ જવાનો હતો. જેવા મહારાજ નજીક પધાર્યા. જેમલ મેર અને મહારાજની ચાર આંખો ભેગી થઈ ત્યાં તો કોણ જાણે શું ચમત્કાર સર્જાયો. લોહચુંબકમાં લોખંડ ખેંચાય એમ જેમલ મેર મહારાજમાં ખેંચાઈ ગયો.

જેમલ મેરથી મહારાજને હાથ જોડાઈ ગયા અને બોલાઈ ગયું,"આવો મહારાજ ! આવો ! આવા પાપીને આંગણે આપ જેવા સાધપુરુષોરૂપી પરોણા ક્યાંથી ? અમારે લાયક કાંઈ સેવા હોય તો ફરમાવો."

મહારાજે પ્રભાવક નજરે જેમલ મેરની સામે જોયું અને બોલ્યા, "જેમલ ! અમે તને જગાડવા આવ્યા છીએ. આજ સુધી તું ઘોર ઊંઘમાં સૂતો છો."

"આજ સુધી તે અનેક વટેમાર્ગુઓને રંજાડ્યા છે, લૂંટ્યા છે, માર્યા છે. આજે અમે તને પાપના માર્ગેથી પાછો વાળવા આવ્યા છીએ."

"પાપી પેટનો ખાડો પૂરવા માટે નિર્દોષને રંજાડવા એ યોગ્ય નથી. એમાંય યાત્રાળુઓને લૂંટવા એ તો મહાપાપ કહેવાય. એમાં પણ આ ગિરનાર તો સિદ્ધોના બેસણા કહેવાય. આવી તીર્થભૂમિમાં કરેલા પાપ વજ્રલેપ થાય છે અને જમપુરીમાં જાતજાતની યમયાતના ભોગવવી પડે છે. માટે તું આ પાપનો ધંધો છોડી દે."

આ ભયંકર લૂંટારાને આટલી નિર્ભીકતાથી વાત કરનાર કોઈ મળ્યું નહોતું. મહારાજની પ્રતાપી નજર અને ધારદાર વાણીનો માર જેમલ મેરથી સહન થાય એમ નહોતો. જેમલ મેરે કહ્યું, "મહારાજ ! આ બધી જમપુરીની વાત સાચી છે કે ભોળા લોકોને ભરમાવવા માટે ઊભી કરેલી છે ?"

મહારાજે વિચાર્યું, આ જાડા લૂગડાંને ધોવા માટે ધોકાની જરૂર પડશે.

મહારાજ કાંઈ બોલ્યા નહિ, માત્ર હસ્યા. એ જ વખતે શ્રીહરિની મૂર્તિમાંથી અલૌકિક તેજ નીકળ્યું. આ તેજોમય સ્વરૂપના દર્શન કરતા જેમલ મેરને સમાધિ લાગી ગઈ. સમાધિમાં જેમલ મેરને જમપુરી દેખાણી, ભયંકર જમના દૂતો જુદા જુદા પાપ માટે જીવોને જે જાતજાતની યમયાતના આપી રહ્યા હતા, એ ત્રાસ એણે નજરે નિહાળ્યો. મહારાજે ચપટી વગાડી. જેમલ મેર સમાધિમાંથી જાગ્યો, એણે મહારાજના પગ પકડી લીધા.

શ્રીહરિના આ અલૌકિક પ્રભાવથી જેમલ મેરનો આત્મા જાગી ગયો. એના પૂર્વના પુણ્યનો ઉદય થયો. એમણે મહારાજને બે હાથ જોડીને કહ્યું,''મહારાજ ! મેં બહુ પાપ કર્યા છે. મને તમારે શરણે લઈ મારો ઉદ્ધાર કરો.''

મહારાજે જેમલ મેરને શરણે લીધો અને તારી દીધો. અનેક પ્રાયશ્ચિત કરવા છતાંય શુદ્ધિ ન થાય એવા એના પાપ હતા. પરંતુ શ્રીહરિની શરણાગતિથી જેમલ મેર એ પાપના સાગરને પળવારમાં તરી ગયો.

જેમલ મેરે હાથ જોડીને કહ્યું, ''મહારાજ ! મારે લાયક કોઈપણ આજ્ઞા કરો.

મહારાજે જેમલ મેરને આજ્ઞા કરી કે, ''જેમલ ! આજથી તું દારુ, માટી, પરસ્ત્રીના સંગનો ત્યાગ કરજે. જંગલના આ ઘોર રસ્તે જે યાત્રાળુઓ આવે એની રક્ષા કરજે. ''બીજું અમારે જૂનાગઢમાં મોટું મંદિર કરવું છે. આ બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી અમારી આજ્ઞાથી મંદિરની જવાબદારી સંભાળી રહ્યા છે. તું એમની આજ્ઞામાં રહેજે અને આ કાર્યમાં મદદ કરજે.''

આટલું કહી મહારાજ બોલ્યા, ''જેમલ ! આ અમારી આજ્ઞા માનીશ તો અમે માત્ર તારું જ નહિ, તારા વંશ-વારસોનું પણ કલ્યાણ કરીશું.''

મહારાજની કરુણામય વાણી સાંભળી જેમલ મેર ગદ્‌ગદ્‌ થઈ ગયો. એની આંખમાંથી આંસુડાંઓ વહેવા લાગ્યા. એણે કહ્યું, ''મહારાજ ! આજથી હવે હું આપની આજ્ઞા પ્રમાણે જ જીવન જીવીશ.''

સૌરાષ્ટ્રની મેર જ્ઞાતિ સ્વભાવથી શૂરવીર છે. ભગવાન સ્વામિનારાયણની કૃપાથી જેમલ મેરની શૂરવીરતાને સાચી દિશા મળી. જેમલ મેર ભક્ષક મટીને રક્ષક થયો. ગિરનારની યાત્રા કરવા આવનારા યાત્રાળુઓ નિર્ભય થયા.

જેમલ મેરને કલ્યાણનો કોલ આપી શ્રીહરિ દામોદર કુંડે પધાર્યા, સ્નાન કર્યું, સભા ભરી જ્ઞાનવાર્તા કરી પછી વાજતે ગાજતે જૂનાગઢ પધાર્યા.

શ્રીહરિની આજ્ઞાથી જૂનાગઢ મંદિરની મહંતાઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સંભાળી હતી. જેમલ મેર નિયમિત રીતે ગુણાતીતાનંદ સ્વામીના દર્શને આવતા અને સ્વામીનો સમાગમ કરતા. જેમલ મેરે યાત્રાળુ સંતો-હરિભક્તોના સંઘના રખોપિયા તરીકે આજીવન સેવા કરી હતી.

## સ્વામીનો વીરડો

જૂનાગઢ મંદિરમાં સુંદર ગૌશાળા હતી. ગુણાતીતાનંદ સ્વામી સ્વયં ખૂબ જ વહાલથી ગાયોની દેખરેખ રાખતા હતા.

ગાયોની સેવા પાછળ સ્વામીનો આશય ખૂબ ઊંચો અને ઉમદા હતો.

સ્વામીને મનમાં તાન હતું કે, “આ ગાયોનું દૂધ દેવને થાળમાં ધરાય, સંતો-ભક્તોના કામમાં આવે તો ગાયોનું પણ કલ્યાણ થાય.” પ્રગટ ભગવાન સ્વામિનારાયણના સંબંધથી પશુ-પંખીઓના પણ કલ્યાણ થયાના સેંકડો દાખલાઓ છે.

જૂનાગઢ મંદિરમાં ઘણી ગાયો હતી. ગાયો માટે ઘાસચારો તેમજ ચરિયાણની ખૂબ જ જરૂર હતી.

ગીરનારથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં જેમલ મેરની માલિકીનો એક ડુંગરો હતો. આ ડુંગરામાં ઘાસ અને લાકડું પુષ્કળ પ્રમાણમાં હતા.

સ્વામીને થયું,“જો જેમલ મેર એના ડુંગરામાં ગાયોને ચરવા દે અને ઘાસ વાઢવા દે, તો આ મુશ્કેલી દૂર થાય.”

સ્વામીએ જેમલ મેરને આ આ અંગે વાત કરી.

જેમલ મેરે કહ્યું, “સ્વામી ! આ ડુંગરો, ડુંગરાનું ઘાસ-લાકડું વગેરે બધું જ આપનું જ છે. આ ડુંગરામાં મંદિરની ગાયો ચરશે તો મારું પણ કલ્યાણ થશે, ઉપરાંત ડુંગરાની વીડીમાં જેટલું ઘાસ વાઢવું હોય, એટલું ઘાસ વાઢવાની પણ છૂટ છે.” મંદિરની ગાયો માટે ઘાસચારાનો પ્રશ્ન દૂર થયો, એટલે સ્વામી જેમલ મેર ઉપર ખૂબ જ રાજી થયા. ઉપરાંત જૂનાગઢ મંદિર તેમજ જૂની ધર્મશાળાના બાંધકામ માટે જેમલ મેરે જેટલું જોઈએ તેટલું લાકડું પોતાના ડુંગરેથી પૂરું પાડ્યું હતું.

સ્વામી અવાર-નવાર સંતો-પાર્ષદોને લઈને ક્યારેક ઘાસ વાઢવા માટે તો ક્યારેક લાકડાં કાપવા માટે જેમલ મેરને ડુંગરે જતા.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ જેમલ મેર ઉપર ખૂબ જ રાજી હતા.

જેમલ મેરના ડુંગરામાં તુલસીના વન હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી મહાપૂજામાં જેમલ મેરના ડુંગરેથી તુલસી મગાવતા અને એ તુલસીથી મહાપૂજા કરતા. ઘાસ વાઢવાની ઋતુ આવતી ત્યારે સંતો જેમલ મેરના ડુંગરાની તળેટીમાં રાવટીઓ નાખતા, વીડી વાઢતા, ઘાસ ભેગું કરતા.

ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલો સેવાયોગ આ સંતોના જીવનમાં પૂરેપૂરો વણાયેલો હતો. ઊંચી અવકાશી ફિલોસોફી કરતા સીધી-સાદી સેવા આ સંતોની સાધના હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ સેવાયોગની સાથોસાથ કથાવાર્તારૂપી સમાગમ યોગ સારી રીતે ઘૂંટ્યો હતો. સેવા અને સ્વામી જેવા મહાન સંતના

સમાગમથી હજારો સંતો-હરિભક્તો યોગીઓને પણ દુર્લભ એવી એકાંતિકી ભક્તિને સહજતાથી પામ્યા હતા.

એક સમયની વાત છે. વીડી વાઢવાનો સમય હતો. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી શિવાનંદ સ્વામી વગેરે સંતો-પાર્ષદોએ જેમલ મેરના ડુંગરામાં ધામા નાખ્યા હતા.

ડુંગરાની તળેટીમાં એક નાનકડી નદી વહેતી હતી. આ નદીમાં એક સજળ વીરડો હતો. ઉનાળામાં નદીનું વહેણ સૂકાય તોપણ આ સજળ વીરડો અભરે ભરેલો જ રહેતો હતો. વીરડાનું પાણી માણસો અને માલઢોરના પીવાના કામમાં આવતું.

એક સમયે વરસાદની અછત હતી, ઉનાળાના આકરા દિવસો હતા. સૂરજની કાળઝાળ ગરમીને લીધે વીરડાનું પાણી સૂકાઈ ગયું હતું. એટલે માણસો તેમજ માલઢોર માટે પાણીની ભારે તકલીફ પડી રહી હતી.

સંતો વીડી વાઢવા આવ્યા હતા, પરંતુ પાણીનો અભાવ ભારે મુશ્કેલી પેદા કરતો હતો. શિવાનંદ સ્વામીએ મંદિરમાં આવી ગુણાતીતાનંદ સ્વામીને પાણીની તકલીફની વાત કરી.

સ્વામી વીરડાવાળી જગ્યાએ પધાર્યા અને થોડે દૂર બેસી મહારાજનું ધ્યાન કરવા લાગ્યા. થોડીવાર થઈ ત્યાં અચાનક પાતાળમાંથી પાણી ફૂટ્યું, વીરડો ઊભરાયો, વીરડામાંથી નિર્મળ જળની ધારા વહેવા લાગી.

આ અદ્‌ભૂત દૃશ્ય જોતાં સર્વેને ભારે આશ્ચર્ય થયું. આ રીતે સ્વામીની કૃપાથી પાણીનો પ્રશ્ન હલ થયો.

આ દિવ્ય ઘટનાની સાક્ષી પૂરતો આ વીરડો આજે પણ વિદ્યમાન છે. કાળ-દુકાળે પણ એમાં પાણી ખૂટતું નથી. સમય જતાં આ વીરડા ઉપર નાની વાવ બંધાવી છે. વાવનું પાણી અખૂટ છે.

આ વાવ 'સ્વામીના વીરડા' તરીકે પ્રસિદ્ધ છે. જંગલખાતામાં આ વાવ ડેડકી વાવ તરીકે ઓળખાય છે.

## લીલાખાના મુંજો સુરુનો ઉદ્ધાર

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેતપુર અને ગોંડલ વચ્ચેના પ્રદેશોમાં વિચરણ કરતાં કરતાં ગોંડલ પાસેના લીલાખા ગામને સીમાડેથી વહેતી ભાદર નદીને કિનારે પધાર્યા. બપોર પછીનો સમય હતો. સૂર્યનારાયણ અસ્તાચળ તરફ ઢળી રહ્યા હતા. સ્વામીએ ભાદર નદીના રેતીના પટમાં વિશ્રામ લીધો.

સર્વે સંતો સાથે સ્વામીએ ભાદર ગંગામાં સ્નાન કર્યું.

ભાદર નદીના પહોળા પટમાં ભગવા વસ્ત્રો સૂકવ્યા પછી સ્વામી અને સર્વે સંતો નેત્રો મીંચી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા.

સૂર્યનારાયણના તાપની તીખાશ ઓછી થઈ ગઈ હતી. સુંદર શાંત વાતાવરણ હતું. ભાદર નદીના નિર્મળનીર ખળ ખળ કરતા વહી રહ્યા હતા. ભાદર નદીની બંને બાજુની હરિયાળી સીમમાં પંખીઓ કલરવ કરી રહ્યા હતા.

આવા શાંત સાત્ત્વિક વાતાવરણમાં જૂનાગઢના મહાન જોગી ધ્યાનસ્થ થઈ સમાધિ અવસ્થાનું સુખ ભોગવી રહ્યા હતા. સાથેના પરમહંસો પણ મહારાજની મૂર્તિમાં ગરકાવ બન્યા હતા.

આ અદ્‌ભૂત દિવ્ય-દર્શનથી ભાદર નદીની આસપાસની વનરાજી અને પશુ-પંખીઓ ધન્ય બની રહ્યા હતા.

પ્રગટ પુરુષોત્તમ નારાયણના મહાન સંતનો પ્રભાવ સર્વને પાવન કરી રહ્યો હતો.

બરાબર આ જ સમયે લીલાખાનો ભારાડી ગણાતો મુંજો સુરુ સીમમાં નિર્દોષ પંખીઓ અને સસલાના શિકાર કરી પાણી પીવા માટે ભાદર નદીને કિનારે આવ્યો. એના ખંભે બે જોટાળી બંદૂક ઝૂલી રહી હતી. બગલમાં શિકારનો થેલો ભેરવ્યો હતો. કેડે જમૈયો ખોસ્યો હતો. પાંચ હાથ પૂરી કાયા હતી, જોતા જ ડર લાગે એવો વિકરાળ ચહેરો હતો.

મુંજા સુરુ એટલે પાપનો પર્વત જોઈ લ્યો. જ્ઞાતિએ ચારણ હતો. મેંગણી દરબાર માનસિંહજીની કચેરીનો મુખ્ય સભાસદ હતો. લીલાખા ગામનો ગામધણી હતો. ભારે ભારાડી હતો. શિકારનો જબરો શોખીન હતો. ચોરી અને લૂંટફાટમાં પાવરધો હતો. દારુનું પાન અને ઘેંટાનું તાજુ માંસ ખાવાનો એને જબરો શોખ હતો.

મુંજા સુરુ રાત્રિના સમયે અંધાર-પછેડી ઓઢી ગોકળીયુની જોકમાં ખાબકતો, બે ઘેટાં બગલમાં દબાવતો, બે હાથમાં પકડતો અને એક મોઢામાં પકડતો. આમ પાંચ-પાંચ ઘેટાના ભાર સાથે વંડી ઠેકીને ભાગી નીકળતો. દોડવામાં એને કોઈ પહોંચી શકતું નહિ. લીલાખાના આસપાસના વિસ્તારમાં મુંજા સુરુની ભારે ધાક હતી. આ ભયંકર ભારાડી માણસના જીવનમાં આજે ભારે વળાંક આવવાનો હતો. આજે એના ભાગ્યનો ઉદય થવાનો હતો.

ભાદર નદીના પટમાં ધ્યાન કરતાં માનસરોવરના હંસ જેવા પરમહંસોને જોતા મુંજા સુરુના પગલાં થોડા થંભી ગયા.

'દર્શનાત્ હિ સાધવઃ' એ ન્યાયે જૂનાગઢના જોગીના દર્શન માત્રથી મુંજા સૂરુનું

હૈયું પલટા મારવા લાગ્યું.

સંતોથી થોડે દૂર નદીની હેઠવાસમાં એણે બંદૂક અને શિકારનો થેલો નીચે મૂક્યા. ભાદર ગંગાના નિર્મળ નીરમાં હાથ-મોઢું ધોયા. થોડીવાર વિસામો ખાવા બેઠો અને થોડે દૂર બેઠેલા સાધુઓને નીરખવા લાગ્યો.

એ જ સમયે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ધ્યાન પૂરું કરી નેત્રો ખોલ્યા. સ્વામીના નેત્રોમાંથી પાપી જીવોને પાવન કરનારો, પવિત્ર કરુણાનો પ્રવાહ વહી રહ્યો હતો. સ્વામીએ મુંજા સુરુ ઉપર મીટ માંડી.

મુંજા સુરુ અને સ્વામીના ચાર નેત્રો ભેગા થયા. સ્વામીની પ્રતાપી નજરનો ભાર મુંજા સુરુથી જીરવાયો નહિ. એ નીચું જોઈ ગયો.

સ્વામીએ મુંજા સુરુને નજીક બોલાવ્યો. લોઢાને લોહચુંબક ખેંચે એ રીતે મુંજા સુરુ ખેંચાઈને સ્વામી પાસે આવ્યો.

સ્વામી આ પાપી જીવને પારખી ગયા હતા અને સાથો સાથ એ જીવનો ઉદ્ધાર કરવાનો નિરધાર પણ કરી લીધો હતો.

લોક રીતે થોડો પરિચય પૂછ્યા બાદ સ્વામીએ કહ્યું, ‘‘મુંજાસુરુ ! પેલા થેલામાં શું ભર્યું છે?’’

મુંજા સુરુએ ખચકાતા ખચકાતા કહ્યું, ‘‘મહારાજ ! એમાં મેં કરેલો શિકાર ભર્યો છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘મુંજા સૂરુ...! આવા મૂંગા જીવને મારીને ક્યાં સુધી પેટ ભરશો ?’’

મુંજા સુરુએ કહ્યું, ‘‘મા-બાપ ! આ તો અમારા રોજના હેવા; મરતાં સુધીયે માણસના પડ્યા હેવા છૂટે નહિ.’’

સ્વામીએ કહ્યું, ‘‘મૂંજા સુરુ ! પેટના પાશેરના ખાડાને પૂરવા માટે આવા અસહ્ય પાપ સારા નથી. મુંજાસુરુ ! એટલું યાદ રાખજો આ લોકમાં હસી હસીને કરેલા કર્મનો બદલો જમપુરીમાં જમદૂતોનો માર ખાતા ખાતા રડી રડીને ભોગવવા પડે છે.’’

‘‘મુંજાસુરુ! જાણો છો? અફીણનું સેવન કરે તે એક કલ્પ સુધી, ભાંગ્યનું સેવન કરે તે ત્રણ કલ્પ સુધી અને દારુ-માંસનું સેવન કરે તે હજાર કલ્પ સુધી યમયાતના ભોગવે છે.’’

જમપુરીની વાત નીકળી એટલે મુંજા સુરુ મશ્કરીમાં હસ્યા અને બોલ્યા, ‘‘મા‘રાજ! આવી બધી વાત તો તમે બાવા-સાધુઓએ ભોળા લોકને ભરમાવવા

અને બીવરાવવા માટે ઊભી કરી છે.''

સ્વામીએ કહ્યું, ''મુંજા સુરુ ! શાસ્ત્રોની વાત ક્યારેય ખોટી હોય ન શકે !''

મુંજા સુરુએ કહ્યું, ''મા'રાજ ! નજરે જોયા સિવાય હું માનું નહિ.''

સ્વામીને થયું 'આ જાડું અને ખૂબ મેલું થયેલું કપડું ધોકાના માર સિવાય ધોવાશે નહિ.'

સ્વામીએ મુંજા સુરુ સામે નજર માંડી. ચપટી વગાડી અને એ જ સમયે મુંજા સુરુને સમાધિ થઈ ગઈ.

મુંજા સુરુ સમાધિમાં જમપુરીમાં ગયા અને ત્યાં એમણે નરકના ભયંકર કુંડોમાં હજારો જીવોને યમયાતના ભોગવતા નજરે જોયા. એટલું જ નહિ પોતે જે જે પશુ-પંખીઓનો શિકાર કરેલો એ પશુ-પંખીઓએ મુંજા સરુ ઉપર ભયંકર આક્રમણ કર્યું. તેઓ બધા અણીયાળા વજ્ર શીંગડાઓથી, તીખા વજ્ર નહોરોથી અને ભાલા જેવી વજ્ર ચાંચોથી મુંજા સુરુના શરીરને ચૂંથવા લાગ્યા.

મુંજા સુરુ ''બચાવો ! બચાવો !'' ની રાડોરાડ કરવા લાગ્યા. આમ, ઘણીવાર સુધી મુંજા સુરુએ જીવતે જીવ જમપુરીનું દુઃખ ભોગવ્યું.

સ્વામીએ દયા કરી ચપટી વગાડી, મુંજા સુરુને સમાધિમાંથી જાગૃત કર્યા. મુંજા સુરુ ભયથી થરથર ધ્રૂજતા હતા. એમનું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું હતું.

સ્વામીએ કહ્યું, ''કેમ, મૂંજા સુરુ ! જમપુરી નજરે જોઈ લીધી ? હવે તો માનશો ને ?''

મુંજા સુરુએ બે હાથ જોડ્યા, 'મા-બાપ ! હવે મને આમાંથી ઉગારી લ્યો. મેં ઘોર પાપ કર્યા છે.'

સ્વામીએ કહ્યું, ''મુંજા સુરુ ! પૃથ્વી ઉપર બોલતા ચાલતા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે. તમે એમના શરણે થાવ. તમારા જેવા હજારો પાપી જીવોને એમણે તારી દીધા છે.''

મુંજા સુરુ ભગવાન શ્રીહરિને શરણે થયા. સ્વામીએ એમને કંઠી બાંધી અને પંચ વર્તમાન પાળવાની આજ્ઞા કરી.

સમર્થ સદ્ગુરુના પ્રતાપથી મુંજા સુરુનું જીવન આશ્ચર્યકારક રીતે પલટાઈ ગયું. એના તમામ અપલક્ષણો છૂટી ગયા. હૃદયની ક્રૂરતાનું સ્થાન હવે કરુણાએ લીધું. મુંજા સુરુ ભારાડીમાંથી ભગત થયા.

મુંજા સુરુ સત્સંગી થયા એ વાતની સુવાસ આખા વિસ્તારમાં પ્રસરી ગઈ.

## મુંજાસુરુને ભલે મૂંડ્યો

મુંજા સુરુએ પાપકર્મ છોડ્યા એનો વિશેષ આનંદ ઘેટાં-બકરા પાળનારા ગોવાળિયાઓને થયો. કારણ કે મુંજા સુરુનો વધારેમાં વધારે ત્રાસ એમણે વેઠ્યો હતો.

સીમમાં ઘેટા-બકરા ચારતા ગોવાળિયાઓને મનમાં થયા કરતું કે 'આપણે ક્યારેક મુંજા સુરુને મૂંડનાર જૂનાગઢના જોગીના દર્શન કરવા છે.'

ભોળા ભરવાડોના મનોરથ ભગવાન પૂરા કરવા માગતા હોય એમ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં ફરીથી લીલાખા પધારેલા.

બપોર પછીનો સમય હતો. સ્વામી પાદરની વાડીએ સ્નાન કરવા પધાર્યા હતા.

થોડે દૂર ભરવાડો એના ઘેટા બકરાં ચારી રહ્યા હતા. એમને ખબર પડી કે મુંજાસુરુને મૂંડનાર જૂનાગઢના જોગી નજીકની વાડીએ બિરાજે છે. એટલે તેઓ દોડતા સ્વામી પાસે આવ્યા.

માથે પાઘડીયું, ખંભે ધાબળીયું, હાથમાં લાકડિયું, કેડ્યે લાલ વાદળી પછેડિયું, લાંબી લટકતી ફુમકાવાળી નાડીયું, ગોવાળિયાઓના વેશ પણ ગજબના હતા.

ભરવાડો સ્વામી પાસે આવી, કડીયાળી ડાંગુ એકબાજુ રાખી, ફાળીયાના છેડા ગળામાં ભેરવી લાકડી હેઠી પડે એમ ભફોભફ  સ્વામીના પગમાં પડ્યા. પગમાં પડતા જાય અને બોલતા જાય 'ભલે મૂંડ્યો ભલે મૂંડ્યો, મુંજા સુરુને ભલે મૂંડ્યો. ભલાભોળા ભરવાડોની અનોખી પ્રાર્થના સાંભળી સ્વામી અને સંતો હસવા માંડ્યા. સ્વામીએ પૂછ્યું, 'એલા ગોકળીયુ! આ ભલે મૂંડ્યો 'ભલે મૂંડ્યો શું છે?'

ગોવાળો કહે, 'મા-બાપ, તમે મુંજા સુરુને તમારી કંઠી પહેરાવી ભલે મૂંડ્યો ! ઈ ગામધણી મુંજા સુરુ તો ભારે ભરાડી હતો. અમારા વાઘ વધવા દેતો નહોતો. અમારા તાજા વીંયાયેલા ઘેટાંના બચલાંઓને ઉપાડી ભાગી જતો અને ખાઈ જતો. તમે હવે એને ભારે ભગત બનાવી દીધો !' હવે અમારી ઘેટાં બકરાની જોકું નિરભે થઈ ગઈ.

ભગવાન જેવા સાધુ ભરવાડોની વાત સાંભળી રહ્યા અને સર્વ ઉપર કરુણા દૃષ્ટિ ફેરવતા રહ્યા.

# બેય સમૈયા વરતાલમાં

## સ્વામી તમારે બેય સમૈયામાં વરતાલ આવવું

વિ.સં. ૧૯૦૮માં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ધામમાં પધાર્યા. વરતાલમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને સૂનુ સૂનુ લાગતુ હતું.

રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરી કે ‘‘સ્વામી! ગોપાળાનંદ સ્વામી હતા ત્યારે એમના સમાગમનું ભારે સુખ આવતુ અને આવડાં મોટા સંપ્રદાયને સારી રીતે ચલાવવામાં અમને એમની જબરી ઓથ હતી.’’

‘‘સ્વામી ધામમાં પધાર્યા પછી અમને ક્યાંય ગોઠતું નથી. હૈયામાં ભારે ખાલીપો અનુભવાય છે. એ ખાલીપો હવે તમારે ભરવાનો છે. અમારી વિનંતી છે કે હવે તમારે કાર્તીકી તેમજ ચૈત્રી બેય સમૈયામાં જૂનાગઢથી વરતાલ પધારવું. અહીં થોડાં દિવસ રોકાવું, અમને કથા-વાર્તાનું સુખ આપવું જેથી અમારા અંતરમાં આનંદ થાય.’’

રઘુવીરજી મહારાજની વાણીમાં સદ્‌ગુરુઓ પ્રત્યે હેયાનું હેત વરસતુ હતુ.

ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજની વાત સહર્ષ સ્વીકારી લીધી.

સ્વામી વર્ષના બન્ને સમૈયા ઉપર વરતાલ આવી સર્વને કથા-વાર્તાનું સુખ આપવા લાગ્યા.

## ઠાલાં હાલો છો કે ભર્યા ?

એકવાર દરવર્ષના ક્રમ પ્રમાણે સ્વામી કાર્તિકી પૂનમનો સમૈયો કરવા માટે વરતાલ જઈ રહ્યા હતા.

જૂનાગઢથી મજલે મજલે મુકામ કરતા સ્વામી ગઢપુર પહોંચ્યા. ગઢપુરથી સારંગપુર, બરવાળા થઈને નાવડાં ગામે રાત રહ્યા.

સ્વામી નાવડાંથી નીકળ્યા સોઢી ગામ પધાર્યા. અહીંયા રાત પડી ગઈ હતી.

સોઢીનું રણ ઉતરીને ધોલેરા પહોંચવાનું હતું. રાત્રિના અંધારામાં સંઘ ધીરે ધીરે મજલ કાપી રહ્યો હતો. સ્વામી રઘુવીરચરણદાસજી કડબની કોળી સળગાવીને અજવાળું કરતાં કરતાં સંઘની આગળ ચાલતા હતા.

સ્વામી ઘોડી ઉપર બિરાજમાન હતા. રસ્તે ચાલતાં ચાલતાં સ્વામીએ સંઘના સંતો અને હરિભક્તોને ટકોર કરતાં કહ્યું, "એલા, તમે બધા ઠાલાં હાલો છો કે ભર્યા ?"

સ્વામીના કથનનો મર્મ કોઈ સમજી ન શક્યા, એટલે એક હરિભક્તે પૂછ્યું, "સ્વામી ! ઠાલાં શું ? અને ભર્યા શું ?"

સ્વામીએ કહ્યું, "ભજન કરતાં કરતાં હાલો તો ભર્યા અને ભજન વગર હાલો તો ઠાલાં. ભક્તો! આપણે ભજનથી ભરેલું રહેવાય, ભજન તો ભારે રખોપિયો છે."

"આ સોઢીના રણમાં, અંધારી રાતે રઘુવીરચરણદાસ કડબનું અજવાળું કરે છે તો સંઘને પંથ કાપવામાં સહેલું પડે છે. એ જ રીતે અંતરમાં ભજનનું અજવાળું થાય તો ભવાટવીમાં ભૂલું ન પડાય."

સ્વામીને તો પોતાના અંતરમાં મહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી પરંતુ તેઓ પોતાના જોગમાં આવનારને પણ ભજનથી ભરપૂર કરી દેવા માગતા હતા.

આમ અંધારી રાતે પણ સ્વામી વાટમાં કથા-વાર્તા કરતા હતા અને હરિભક્તોના જીવનમાં અજવાળાં ભરતા હતા.

સોઢીનું રણ ઉતરી સ્વામી ધોલેરા પહોંચ્યા.

ધોલેરામાં સ્વામી બે દિવસ સુધી રોકાયા પછી ધોલેરાથી નીકળી રસ્તામાં આવતા હરિભક્તોના ગામોમાં રોકાતા રોકાતા હરિભક્તોને રાજી કરતાં કરતાં સ્વામી વડતાલ પધાર્યા. વરતાલમાં સ્વામીએ રઘુવીરજી મહારાજના સાનિધ્યમાં ધામધૂમથી કાર્તિકી સમૈયો કર્યો.

સ્વામી જ્યા બિરાજે ત્યાં કથાવાર્તાનો અખાડો મંડાયા સિવાય રહે નહીં. દૂર દૂરના હરિભક્તો ખેંચાઈ ખેચાઈને સ્વામીનો સમાગમ કરવા પહોંચી જાય. સ્વામી સર્વ હરિભક્તોના અંતરમાં શ્રીહરિની આજ્ઞા-ઉપાસના દૃઢ કરાવે.

## હવે લાડુ અમારે ગળે ન ઉતરે

વડતાલના પ્રબોધિનીના સમૈયા ઉપર ગામડે ગામડેથી સંઘો, સંતો-હરિભક્તો એકઠા થયા હતા. સ્વામી પોતાના સંઘ સાથે સભા-મંડપના મેડા ઉપર ઉતર્યા હતા.

મંદિરમાં રોજ જુદા જુદા હરિભક્તો તરફથી રસોઈઓ થતી હતી. એક

દિવસ વડોદરાના શ્રીમંત સરકાર સયાજીરાવ તરફથી રસોઈ હતી.

પવિત્રાનંદ સ્વામીએ બંધાવેલા પવિત્ર સભા-મંડપમાં સંતોની વિશાળ પંક્તિ થઈ હતી. આ પવિત્ર સભા-મંડપમાં કથા-વાર્તાનું પંચામૃત પણ પીરસાતું અને સમયે સમયે ભોજનરસ પણ પીરસાતો.

મોટી સંખ્યામાં સંતો-પાર્ષદો ભેગા થયા હતા એટલે રઘુવીરજી મહારાજને સંતોની પંક્તિમાં જાતે પીરસવાની હોંશ હતી.

રઘુવીરજી મહારાજ પીતાંબરી પહેરી, ખંભાનો ખેસ આડસોડે બાંધી સંતોની પંકિતમાં લાડુ પીરસવા લાગ્યા.

રઘુવીરજી મહારાજ પીરસે ત્યારે સ્વયં શ્રીહરિ પીરસતા હોય એમ લાગ્યા સિવાય રહે નહીં.

પીરસતાં પીરસતાં રઘુવીરજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચ્યા. સ્વામી ના પાડતા રહ્યા અને મહારાજશ્રીએ સ્વામીના પતરમાં બે લાડુ મૂકી દીધાં.

સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! માફ કરજો. મહારાજ ધામમાં ગયા પછી હું મીઠાઈ જમતો નથી.’’

રઘુવીરજી મહારાજે આગ્રહપૂર્વક કહ્યું, ‘‘સ્વામી ! આજે તો તમારે લાડુ જમવા જ પડશે.’’ એમ કહી સ્વામી બીજાને લાડુ આપી ન દે, એ માટે રઘુવીરજી મહારાજે સ્વામીના પતરમાં રહેલા બેય લાડુનો ભાંગીને ભૂકો કરી નાખ્યો. મહારાજશ્રી પીરસતાં પીરસતાં આગળ પધાર્યા.

આ બાજુ સ્વામી ભગવાન જેવા આચાર્યનું માન રાખવા ખાતર લાડુનો થોડો પ્રસાદ જમ્યા, બાકીના લાડુનો ભૂકો પોતાના શિષ્યોને આપી દીધો અને પોતે દાળભાત જમ્યા. સ્વામીની ધર્મનિષ્ઠા વિવેકભરી છતાં ગજબની હતી.

## લાખ મણ લોઢાની ગોળી તપી છે !

સ્વામિનારાયણ સંપ્રદાય એ ભક્તિ સંપ્રદાય છે. ભજન-ભક્તિ સાથે સેવા-પ્રવૃત્તિ ને ક્રિયા એનું અભિન્ન અંગ છે. સમગ્ર પૃથ્વી પર પથરાયેલા સ્વામિનારાયણના કોઈ પણ મંદિરમાં તાવડો એટલે કે રસોઈ-થાળ-અન્નકૂટ-સદાવ્રત, પાવડો એટલે કે ખેતી-વાડી-બાગબગીચા, તગારું એટલે કે નવા નવા મંદિરો તથા સ્થાનકોના બાંધકામ-જીર્ણોદ્ધાર અને નગારું એટલે કે આરતી-કીર્તન-ભજન-ધૂન-કથાવાર્તા વગેરે ક્યારેય ઠરવાનું નામ લેતા નથી.

બાહ્ય રીતે સેવા પ્રવૃત્તિમાં વિશેષપણે જોડાતા ત્યાગી-ગૃહીને સ્વામી જાણપણું આપી આ રીતે ટપારતાઃ

“મહારાજે ધૂધૂબાજ મારગ ચલાવ્યો છે. તે શું જે મંદિર, મેડિયું, ઘોડા, ગાડાં, આદિક અનેક વાતું પ્રવર્તાવી છે. પણ પોતાનો સિદ્ધાંત જે કરવાનું છે તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત તે શું ? જે નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું. પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ, પણ અંતે કરવાનું એ છે.”

એક વાર સમૈયા પછી કાર્તિક વદિ બીજના દિવસે વહેલી સવારે સ્વામી તથા તેમના મંડળના સંતો તથા વરતાલના સંતો અને હરિભક્તો વસો જવા નીકળ્યા. બપોરે વસો પહોંચ્યા.

વસોમાં વાઘજીભાઈ સ્વામીના સંગે અનન્ય ભક્ત થયા હતા. તેમના પિતાનું નામ હતું તુલસીભાઈ.

સ્વામી પધાર્યા એટલે તુલસીભાઈને બહુ જ આનંદ થયો. સ્વામીને તથા સંતમંડળને સારો ઉતારો આપી પોતે પ્રાર્થના કરીઃ “સ્વામી! માબાપ! આપ અહીં બે ચાર દિવસ રહો, ચારના આઠ દિવસ રહો પણ મારા દીકરા વાઘજીનું અંતર જેવું ટાઢું છે તેવું મારુ હૈયું ટાઢું કરી દ્યો.”

સ્વામી તેમની આ પ્રાર્થના સાંભળી મંદ મંદ હસવા લાગ્યા. સ્વામીએ તો તરત જ સભા કરી, સંતોને કીર્તનો બોલવાની આજ્ઞા કરી.

આ બાજુ તુલસીભાઈ પોતાને ઘેરથી સીધા-સામગ્રીની એક એક વસ્તુ જાતે લઈ આવવા લગ્યા. સ્વામીએ તુલસીભાઈને કહ્યું, “આમ, એકેકી વસ્તુ લાવો છો અને આટલા ફેરા થાય છે તે કરતાં બધી વસ્તુ સામટી ભેગી કરીને લાવો તો શું ખોટું !

તુલસીભાઈએ કહ્યું, “સ્વામી ! એમ કરું તો લવાય ખરું પરંતુ એકેક વસ્તુ વારંવાર લાવું તો અહીં આપનાં દર્શને વારંવાર અવાય અને પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે.

સ્વામી તેમની આ ભાવનાથી રાજી થયા. પરંતુ વિચાર્યુ કે “અજ્ઞાન દશામાં અશ્વમેધ યજ્ઞના ફળની અપેક્ષા રહે.પરંતુ જ્ઞાન થાય તો બ્રહ્મરુપ થઈ મહારાજની સેવામાં રહેવાનો સંકલ્પ થાય. ”

સ્વામીએ સભામાં કહ્યું, “જુઓ આ તુલસીભાઈ મોટા અમીન છે પણ સાધુની સેવા જાતે કરે છે. બીજા પાસે વસ્તુ ઉપડાવી લાવે તો તેનો રસોઈમાં ભાગ ગણાય. કેવો મહિમા છે?”

તુલસીભાઈ થોડી વાર સભામાં બેસે અને સ્વામી વાતો કરે. ત્યાં ફરી કાંઈક સાંભરે એટલે વસ્તુ લાવવા ઊઠે. વળી પાછા આવીને સભામાં બેસે અને સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરે, "સ્વામી ! મારા વાઘજી જેવું ટાઢું મને કરી દ્યો!" આમ બોલે અને વળી સભામાંથી ઊઠે એમ વારંવાર આવ જા કર્યા કરે. છેલ્લે દિવસે સ્વામીએ તેમને હાથ પકડીને સભામાં બેસાર્યા અને કહ્યું : "તુલસીભાઈ! તમને કેટલાં વરસ થયાં?" ત્યારે તેમણે કહ્યું, "સ્વામી ! બોંતેર થયાં હશે. "

એટલે સ્વામી હસ્યા. પછી કહ્યું, "જુઓ, તુલસીભાઈ ! જેમ લાખ મણ લોઢાની લોઢી ધગી હોય પછી તેના ઉપર પાણીના એક બે ઘડા ઢોળીએ તો ટાઢી થાય?"

તુલસીભાઈએ કહ્યું, "ના, સ્વામી  એમ ટાઢી ન થાય ."

સ્વામીએ કહ્યું, "એતો કોઈ સાધને કરીને એ લોઢીને ગંગા જેવી નદીના વિશાળ ધરામાં હડસેલી મેલીએ તો દિવસો સુધી  હવેલી જેટલી છોળ્યું ઊડે અને માંડ બે મહિને ટાઢી થાય. વળી આ તમારા દેશનો દડ (ધૂળ) વૈશાખના તાપે તપ્યો હોય અને તેમાં બે છાંટા વરસાદના પડે તો ઊલટો ધગી ઊઠે અને  ઉકળાટ કરે. તેમ આ બોંતેર વરસના ચૈત્ર-વૈશાખ માસના તાપથી તમારું હૈયું એટલું બધું  ધગી ગયું છે કે એક બે વાતોથી તે શાંત ન થાય."

એટલું કહીને સ્વામીએ કહ્યું, "જુઓ, આ તમારો વાઘજી તો અમારી વાંસે ફરે છે અને વહેવારની ઉથડક રાખતો નથી તો તેને  ટાઢું છે. તેમ તમે બે મહિના મારી સાથે ફરશો અને મારી વાતો સાંભળશો ત્યારે આ જગતના ફેર ઊતરશે અને બીજા બે મહિના વાતો સાંભળશો ત્યારે મારી વાતોનો ફેર ચઢશે."

પછી તુલસીભાઈએ કહ્યું, "તમે કહો છો તે ખરું છે. વાઘજી જેવું તો ન થવાય. એ તો બધું મૂકીને આપની પાસે દોડ્યો આવે  છે."

સ્વામી તો સાંભળી હસ્યા અને બોલ્યા, "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.

## આ ત્રીજા ફૂલ સુધી બ્રહ્મચારી પહોંચશે

એકવાર ગુણાતીતાનંદ સ્વામી ચૈત્રી સમૈયા ઉપર વરતાલ પધાર્યા હતા.

રઘુવીરજી મહારાજના હૃદયમાં ઘણા સમયથી થઈ રહ્યું હતું કે, "સંપ્રદાયમાં ગ્રંથો તો ઘણા છે પરંતુ ભગવાન સ્વામિનારાયણનું સર્વોપરીપણું સ્પષ્ટ રીતે નિરુપણ

થાય એવો ગ્રંથ રચાય તો સારું.''

આવા વિચારમાં ને વિચારમાં એકવાર રઘુવીરજી મહારાજ રાત્રિના શયન કરી રહ્યા હતા. એ વખતે ભગવાન સ્વામિનારાયણે રઘુવીરજી મહારાજને સાક્ષાત્ દર્શન આપ્યા અને આજ્ઞા કરી કે, ''તમે જે વિચાર કર્યો છે એને મૂર્તિમંત કરો, અમારા સર્વોપરીપણાનું નિરુપણ કરનારો ગ્રંથ રચાવો.'' આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા

વહેલી સવારનો સમય હતો. રઘુવીરજી મહારાજ સ્નાનાદિથી પરવાર્યા, પૂજાપાઠમાં બેઠા પરંતુ અંતરમાં મહારાજની આજ્ઞાના પડઘા ઊઠી રહ્યા હતા.

રઘુવીરજી મહારાજના હૃદયમાં થઈ રહ્યું હતું કે, આવો ગ્રંથ કઈ રીતે રચવો ? કોની પાસે રચાવવો ? આવો ગ્રંથ રચી શકે એવો સમર્થ વિદ્વાન કોણ મળે?

આમ ચિંતન કરતા કરતા રઘુવીરજી મહારાજે પોતાના ઉતારાને મેડે સભા કરી.

મોટા મોટા સદ્‌ગુરુઓ, સંતો-પાર્ષદો સભામાં ઉપસ્થિત હતા.

રઘુવીરજી મહારાજની પાસે ગુલાબના ત્રણ ફૂલ પડ્યા હતા.

મહારાજશ્રીએ ત્રણ ફૂલોની લાંબી હાર કરી અને પછી સભા સન્મુખ જોઈને મંદ મંદ હસતાં હસતાં આગલા ફૂલ ઉપર હાથ મૂકીને મર્મમાં બોલ્યા, ''કેટલાક આ ફૂલ સુધી પહોંચે છે''

પછી વચલા ફૂલ ઉપર હાથ મૂકીને બોલ્યા, ''કેટલાક આ ફૂલ સુધી પહોંચે છે''

પછી પોતાની સમીપે રહેલા છેલ્લા ફૂલ ઉપર હાથ મૂકીને કહ્યું કે, ''આ છેલ્લા ફૂલ સુધી તો કોઈ પહોંચતું નથી.''

એ સમયે સભામાં બિરાજમાન ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા.

એમણે એ છેલ્લું ફૂલ ઉઠાવી અચિંત્યાનંદ બ્રહ્મચારીને માથે મૂક્યું અને બોલ્યા, ''બાપજી ! આ ફૂલ સુધી આ બ્રહ્મચારી પહોંચશે.''

રઘુવીરજી મહારાજ હસીને કહે, ''સ્વામી ! પારસા આવ્યા કે શું ?''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! પાત્ર હોય તો પારસા તો આવે જ.''

વાછડાને જોઈને ગાયના આંચળમાંથી દૂધની ધારા ફૂટવા માંડે એને પારસો આવ્યો કહેવાય. વાછડાને જોઈને ગાયને પારસો આવે એમ સુપાત્ર શિષ્યને જોઈને સદ્‌ગુરુને પારસો આવતો હોય છે.

રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી પરસ્પર સંકેતમાં શું વાત કરી

રહ્યા છે, એની કેટલાક મહાન સંતો સિવાય ભાગ્યે જ કોઈને ગમ પડતી હતી. થોડીવાર કથાવાર્તા થયા પછી સભા બરખાસ્ત થઈ.

રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની હાજરીમાં અચિંત્યાનંદ બ્રહ્મચારી મહારાજને બોલાવીને કહ્યું, "વર્ણીરાજ ! તમારામાં ભક્તિ અને વિદ્વતા બંને છે. અમારા અંતરની ઈચ્છા છે કે તમે ભગવાન શ્રીહરિની દિવ્ય લીલાઓનો એક એવો ગ્રંથ રચો કે જે ભક્તિરસથી ભર્યો હોય અને સાથે સાથે એમાં શ્રીહરિનું સર્વોપરીપણું પ્રતિપાદિત થતું હોય."

અચિંત્યાનંદ બ્રહ્મચારી તો થોડીવાર મૂંઝાયા, 'આવો ગ્રંથ મારાથી કેમ થઈ શકશે ? અને મહારાજશ્રીને ના પણ કેમ પાડવી ?'

બ્રહ્મચારી મહારાજ બોલ્યા, "મહારાજ ! આ કાર્ય મારા માટે ખૂબ મુશ્કેલ છે.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "બ્રહ્મચારી મહારાજ ! ભગવાન જેવા આચાર્ય રઘુવીરજી મહારાજની ઈચ્છા છે, એટલે આ ગ્રંથ રચવામાં મહારાજ અવશ્ય તમને શક્તિ આપશે."

બ્રહ્મચારી બોલ્યા, "આપ બંને દયા કરશો તો જ આ કાર્ય મારાથી થઈ શકશે. બાકી મારો ગજ વાગે એમ નથી."

રઘુવીરજી મહારાજે રહસ્યની વાત કરતા કહ્યું, "વર્ણી ! ગઈ કાલે રાત્રે મહારાજે મને દિવ્ય દર્શન દઈને આવો ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે. મારા મનમાં થતું હતું કે આવો ગ્રંથ કરનાર વિદ્વાન કોણ મળશે ? ત્યાંતો કોઈને માથે હાથણી કળશ ઢોળે એમ આ જૂનાગઢના જોગીએ શ્રીજી મહારાજની ઈચ્છાથી જ આપને માથે ફૂલ મૂકીને કળશ ઢોળ્યો છે માટે અવઢવ છોડી ગ્રંથ રચવા માંડો."

અચિંત્યાનંદજી બ્રહ્મચારી બોલ્યા, "મહારાજશ્રી આપ જેવા બન્ને મહાન પુરુષોની આજ્ઞા છે એટલે હું અવશ્ય પ્રયાસ કરીશ ! "

બ્રહ્મચારીની સંમતિ સાંભળીને બન્ને મહાન પુરુષો ખૂબ જ રાજી થયા.

રઘુવીરજી મહારાજે મોટા મોટા સદ્‌ગુરુઓ પાસે જે કંઈ મહારાજની લીલાઓના ખરડા હોય, તે બ્રહ્મચારી મહારાજને આપવાની આજ્ઞા કરી.

ગ્રંથ લેખનની સામગ્રી ભેગી થવા લાગી પરંતુ બ્રહ્મચારી મહારાજ ભારે મૂંઝવણ અનુભવી રહ્યા હતા.

એક દિવસ રાત્રે ભગવાન સ્વામિનારાયણે બ્રહ્મચારી મહારાજને દર્શન દીધાં અને કહ્યું, "બ્રહ્મચારી ! તમે શા માટે ચિંતા કરો છો ? અમારી મૂર્તિને સંભારીને શ્લોક રચવા માંડો."

"લાલજી સુતાર તો સાવ અભણ હતા છતાં અમારા વચને મહાન કવિ થયા જ્યારે તમે તો મહાન્ વિદ્વાન છો. તમને ગ્રંથ રચવામાં કોઈ તકલીફ નહિ પડે." આટલું કહી મહારાજ અદશ્ય થઈ ગયા.

સાક્ષાત્ ભગવાન શ્રીહરિએ દર્શન દઈને ગ્રંથ રચવાનું કહ્યું, એટલે બ્રહ્મચારી મહારાજ ખૂબ જ હિંમતમાં આવી ગયા. પછી તો પાતાળમાંથી ગંગા ફૂટે એમ એમના મુખેથી નવા નવા શ્લોકોનો ધારા પ્રવાહ વહેવા લાગ્યો અને જોત-જોતામાં તેંત્રીસ હજાર શ્લોકોથી ભરપૂર 'શ્રીહરિલીલા કલ્પતરુ' ગ્રંથની રચના થઈ.

એ જમાનામાં પોતાની રચનાઓને પૂજ્ય પુરુષોના નામથી અર્પણ કરવાનો રિવાજ હતો. એ ન્યાયે આ ગ્રંથના કર્તા તરીકે રઘુવીરજી મહારાજનું નામ રાખવામાં આવ્યું છે. વક્તા તરીકે ગુણાતીતાનંદ સ્વામી અને શ્રોતા તરીકે મેંગણી દરબાર માનસિંહજી છે.

આ ગ્રંથ ઉપર ભગવત્પ્રસાદજી મહારાજે રસબોધિની ટીકા કરેલી છે.

લક્ષ્મીપ્રસાદજી મહારાજે આ ગ્રંથમાંથી સ્તોત્રો અલગ તારવી 'સ્તોત્રસિંધુ' નામે સંગ્રહ બહાર પાડેલો છે.

આ રચનાથી રઘુવીરજી મહારાજ અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતો ખૂબ જ રાજી થયા.

બ્રહ્મચારી મહારાજને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીમાં અસાધારણ હેત હતું.

એમણે જૂનાગઢમાં રહીને સંપ્રદાયની ખૂબ સેવા કરી. એ વખતે અનેક સ્થળોએ શાસ્ત્રાર્થોના આયોજન થતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી બ્રહ્મચારી મહારાજ ત્યાં જતા, શાસ્ત્રાર્થમાં વિજય મેળવતા અને ઉધ્ધવ સંપ્રદાયનો વિજય ડંકો વગડાવી તેઓ પાછા ફરતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી એમણે ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી મહિમાનું અમૃત પીધું હતું, એટલે એમના પ્રવચનોમાં તેમજ એમની રચનાઓમાં એ અમૃતરસનો પ્રસાદ વરસ્યા જ કરતો હતો.

શ્રીહરિલીલા કલ્પતરુમાં બ્રહ્મચારી મહારાજે શ્લોકે શ્લોકે એ અમૃતનો રસ અભરે ભર્યો છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજની કૃપાથી સંપ્રદાયને 'અચિંત્યાનંદ બ્રહ્મચારી' જેવા મહાન વિદ્વાન બ્રહ્મચારી અને 'શ્રીહરિલીલા કલ્પતરુ' જેવો અનુપમ ગ્રંથ પ્રાપ્ત થયો.

## ઢસા આંબરડીના જીવો દેસાઇ

વિ.સં. ૧૯૧૧ ની સાલ હતી. સદ્ગુરુ ગુણાતીતાનંદ વડતાલનો સમૈયો પૂર્ણ કરી જૂનાગઢ જઈ રહ્યા હતા. સ્વામીની સાથે સો-સવા સો સંતો-પાર્ષદો અને હરિભક્તોનો સંઘ હતો. સ્વામી શેત્રુંજી નદીના કિનારે વિશાળ વડલાની નીચે ઉતર્યા હતા.

એ વખતે ઢસા-આંબરડીમાં જીવા દેસાઈ કરીને પટેલ હતા. તેઓ ગામના મુખી હતા.

એમણે સાંભળ્યું કે, ભગવાન સ્વામિનારાયણના કોઈ પ્રતાપી સંત ગામના પાદરમાં શેત્રુંજીને કાંઠે વડલા હેઠે ઊતર્યા છે. એટલે તેઓ થોડા આગેવાન પટેલિયાની સાથે સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ પૂછ્યું, "પટેલ આપનું નામ શું ?"

જીવો પટેલ બોલ્યા, "મારું નામ જીવો દેસાઈ."

દેસાઈ અટક સાંભળી એટલે સ્વામીને પીઠવાજાળ અને ઓળિયામાં વસતા દેસાઈ પરિવારના સત્સંગીઓ યાદ આવ્યા. સ્વામીએ પૂછ્યું, "પટેલ ! આ પીઠવાજાળ અને ઓલીયા વાળા દેસાઈ તમારે કાંઈ સગાં થાય ?"

જીવો દેસાઈ બોલ્યા, "સ્વામી એ બધા જ દેસાઈ પરિવારો અમારા ભાઈઓ છે. અમે અવાર નવાર નાત્યના વરે તેમજ વાર-તહેવારે ભેગા થઈએ છીએ, એ હરિભક્તોએ જ અમને તમારા મહિમાની ખૂબ વાતો કહી છે, એટલે અમે તમારા દર્શને આવ્યા છીએ." સ્વામીએ હસીને કહ્યું, "જીવા પટેલ ! પીઠવાજાળ અને ઓળિયાથી તમારાં સગાં અહીંયા આવે તો તમે એની ભોજન-પાણીથી આગતા સ્વાગતા કરો કે નહિ ?"

જીવો દેસાઈ કહે, "સ્વામી ! એ તો કરવી જ પડે ને !"

સ્વામી હસીને કહે, "તો, અમે તો એના ગુરુ છીએ, અમારી આગતા સ્વાગતા નહિ કરો ?"

સ્વામીની મધુર વાણી સાંભળીને જીવા દેસાઈને અત્યંત આનંદ થયો.

એ બોલ્યા, "સ્વામી ! તમારા જેવા પ્રતાપી સંતોની અમારા ગામના પાદરમાં પધરામણી ક્યાંથી ? હું હમણાં જ સંઘ માટે સીધા-પાણીનો બંદોબસ્ત કરું છું."

" અમારા બાપદાદા પણ આપ જેવા અભ્યાગત સાધુસંતોની સેવા કરવાનું અમને ગળથૂથીમાં શીખવી ગયા છે."

"અહીં તો જમાતોના કેટલાય બાવાઓ આવે છે અને પરાણે 'કાલી રોટી અને સફેદ દાળ'ના સીધાં લઈ જાય છે. તમારી રીત-ભાત અને એની રીત-ભાતમાં ઘોડા-ગધેડાંનું અંતર છે ! આપ જેવા સત્પુરુષની સેવામાં વપરાવાથી અમારો કણિકો લેખે લાગશે."

પટેલની સમજણ ભરી વાત સાંભળીને સ્વામી રાજી થયા. સ્વામીના મનમાં થયું, "ખેતર ફળદ્રુપ છે, હવે એમાં સારાં બીજ વાવવાની જરૂર છે."

જીવા દેસાઈએ હાથ જોડીને કહ્યું, "મહારાજ ! આપ શેની રસોઈ કરશો ? તમે જે કહો, એ સીધાં-પાણીની અમે વ્યવસ્થા કરીએ."

સ્વામીએ હસીને કહ્યુ, "પટેલ ! અમે 'કાળી રોટી અને સફેદ દાળ' ખાનારા નથી, અમને તો અડદની દાળ અને બાજરાના રોટલામાં દેવતાઓના અમૃત કરતાંય વિશેષ સ્વાદ આવે." જીવા દેસાઈએ દૂધપાકની રસોઈ આપવાનો ખૂબ આગ્રહ કર્યો પરંતુ સ્વામી પોતાની વાતમાં અડગ રહ્યા.

સ્વામીની સાધુતા જોઈને જીવા દેસાઈને ખૂબ જ ગુણ આવ્યો. એમણે સ્વામીએ કહ્યું એ પ્રમાણે સીધું-પાણી, લાકડાં, અથાણાં, છાસ વગેરે હાજર કર્યા અને ખૂબ પ્રેમથી સ્વામી અને સંઘને જમાડ્યા.

એક બાજુ રસોઈ થતી હતી, તો બીજી બાજુ સ્વામી ઢસા-આંબરડીના મુમુક્ષુઓને જ્ઞાન-વાર્તા કરી રહ્યા હતા અને એમના હૃદયમાં એકાંતિક ભાગવત-ધર્મના બીજ વાવી રહ્યા હતા.

સ્વામીએ પૃથ્વી ઉપર પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિના ઐશ્વર્ય-પ્રતાપની ખૂબ વાતો કરી.

સ્વામીની વાતોથી જીવા દેસાઈ વગેરે મુમુક્ષુના હૃદય રંગાઈ ગયા.

જીવાભાઈ, નથુભાઈ, પૂંજાભાઈ વગેરે ઘણા મુમુક્ષુઓએ સ્વામીના હાથે કંઠી બંધાવી અને સત્સંગી થયા.

સ્વામીએ કહ્યું, "આજથી તમે ભગવાન સ્વામિનારાયણના પંચ વર્તમાન પાળજો, દારૂ-માંસથી છેટા રહેજો, ચોરી-અવેરી કરતા નહિ અને વટાળ પ્રવૃત્તિમાં પડતા નહિ. સ્વામિનારાયણ મહામંત્રની માળા કરજો અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની ઉપાસના કરજો."

"ભગવાન સ્વામિનારાયણ તમારા સૌનું કલ્યાણ કરશે અને તમે બધાં બધી રીતે સુખી થશો."

આ રીતે ઢસા-આંબરડીમાં સત્સંગના બીજ વાવી ગુણાતીતાનંદ સ્વામીએ વિદાય લીધી.

સ્વામીના આશીર્વાદથી ગામમાં સત્સંગ વિકસ્યો અને ગામ સુખી થયું.

## જૂનાગઢમાં હનુમાનજી-ગણપતિજી પધરાવ્યા

વિ.સ. ૧૯૧૧ ની સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને મનમાં થયું, “જૂનાગઢમાં રાધારમણદેવના ભવ્ય મંદિરમાં હનુમાનજી-ગણપતિજી પધરાવાય તો સારું.”

સ્વામીના સંકલ્પ પ્રમાણે હનુમાનજી-ગણપતિજીની દેરીઓ તૈયાર થઈ ગઈ. જામનગરના જેઠા કડીયાએ હનુમાનજી-ગણપતિજીની વિશાળ ભવ્ય મૂર્તિઓ તૈયાર કરી હતી.

હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠા વિધિ કરવાની હતી. ગુણાતીતાનંદ સ્વામીએ એ માટે મૂહૂર્ત પણ લઈ લીધું હતું.

પ્રતિષ્ઠાની આગલી રાતે હનુમાનજી મહારાજે અલૌકિક લીલા વિસ્તારી. હનુમંત તત્ત્વ એક હોવા છતાં એમણે અનેક રુપ ધર્યા અને આકાશ માર્ગે ધોલેરા પધાર્યા. ધોલેરામાં સ્વામી વિજ્ઞાનદાસજી યોગસમાધિવાળા સંત હતા. એમણે અદ્‌ભુત દૃશ્ય જોયું. ચારેય દિશાએથી અનેક સ્વરુપે હનુમાનજી મહારાજ આકાશ માર્ગે પધારી રહ્યા હતા.

સ્વામી વિજ્ઞાનદાસજીએ પૂંછ્યું, “તમે આટલા બધા હનુમાનજી એક સાથે ક્યાંથી ?”

હનુમાનજી મહારાજ બોલ્યા અમે ચારેય દિશામાં રહેલા વિવિધ સ્થાનકોના હનુમાનજી છીએ !

સ્વામીએ કહ્યું, “હનુમાનજી તો એક હોય તો તમે આટલા બધા કેમ દેખાવ છો ?” હનુમાનજી મહારાજે કહ્યું, “અમારા તો સેંકડો સ્થાનક છે અને સેંકડો રૂપ છે.”

સ્વામીએ કહ્યું, “તમે આટલા બધા એક સાથે મળીને ક્યાં જાઓ છો ?”

હનુમાનજી મહારાજ બોલ્યા, “આવતી કાલે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી હનુમાનજીની મૂર્તિ પધરાવે છે, એટલે અમે ત્યાં જઈએ છીએ.”

સ્વામીએ કહ્યું, “હનુમાનજી તો એકજ પધરાવવાના છે. તમે આટલા બધા ત્યાં જઈને શું કરશો ?”

હનુમાનજી મહારાજ બોલ્યા, "સ્વામી જેને પધરાવશે, તે ત્યાં રહેશે, બાકીના પોત-પોતાને સ્થાનકે પાછા જશે."

હનુમાનજી મહારાજના આવા અદ્‌ભૂત દિવ્ય દર્શન પામીને વિજ્ઞાનદાસજીને અત્યંત આશ્ચર્ય થયું.

આ બાજુ જૂનાગઢમાં હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા વખતે હનુમાનજી મહારાજની લાંબી હાર્ય થઈ ગઈ અને બધા હનુમાનજી "અમને પધરાવો, અમને પધરાવો" એમ સ્વામીને કહેવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, "અમારે આટલા બધા હનુમાનજીની જરૂર નથી. શ્રીહરિ જ્યારે નીલકંઠ વર્ણીના વેષે વન-વિચરણ કરતા હતા, ત્યારે તમારામાંથી જેમણે નીલકંઠ વર્ણીની સેવા કરી હતી, એ હનુમાનજી આગળ આવો. અહીં જૂનાગઢમાં અમે એને પધરાવીશું."

હનુમાનજીના સમુદાયમાંથી વન-વિચરણમાં સેવા કરનારા હનુમાનજી મહારાજ આગળ આવ્યા.

સ્વામીએ તેમને જૂનાગઢમાં પધરાવ્યા. બાકીના હનુમાનજી મહારાજ પોત-પોતાને સ્થાનકે પાછા ગયા.

હનુમાનજી મહારાજનો આ પ્રસંગ અત્યંત આશ્ચર્યકારક અને લીલામય છે. આ પ્રસંગમાં સ્વામીની સંકલ્પ સિધ્ધિ અને હનુમાનજી મહારાજની અનંત રુપ ધરવાની અલૌકિક શક્તિનું દર્શન થાય છે.

હનુમત્ તત્ત્વ તો એક જ છે પરંતુ ભક્તોની ઈચ્છાને આધીન થઈને તેઓ અનેક સ્વરૂપે બિરાજે છે અને ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે.

# વડતાલની ઐતિહાસિક છાવણી

## છાવણીની ભૂમિકા

એકવાર રઘુવીરજી મહારાજ કાનમ દેશ ફરવા પધાર્યા હતા. હરિભક્તોએ ભાવથી મહારાજશ્રીને ચરણે ભેટ ધરી હતી એથી થોડા રૂપિયા ભેગા થયા હતા.

રઘુવીરજી મહારાજ ભલે ગૃહસ્થ હતા છતાં ત્યાગી વૈરાગી સાધુ જેવા જ નિઃસ્પૃહી આચાર્ય હતા.

એમણે ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી, 'સ્વામી! મારી પાસે થોડા રૂપિયા ભેગા થયા છે. મારો વિચાર છે કે વરતાલમાં ચાર મહિના સુધી સત્સંગિજીવનની કથા બેસાડવી. ગઢપુર, જૂનાગઢ, વરતાલના સંતો-પાર્ષદો ભેગા કરવા અને અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજને પણ તેડાવવા. આ ચાર મહિના સુધી સત્સંગની છાવણી કરવા માટે આ રૂપિયા વાપરવા, એવો સંકલ્પ થાય છે.

રઘુવીરજી મહારાજની આવી નિઃસ્પૃહી વૃત્તિ અને સત્સંગના ઉત્કર્ષ માટેની ધગશ જોઈને સ્વામી રાજી થયા અને બોલ્યા, 'બાપજી! શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી સત્સંગ કથાવાર્તાનો અખાડો જોઈએ એવો મંડાયો નથી. વાળ્યા વગર મકાન રજે ભરાઈ જાય તેમ કથાવાર્તા વિના જીવ ઉપર માયાની ધૂળ ચડી જાય છે. માટે આપે આ ઘણો સારો વિચાર કર્યો છે. આ તો લેખે લાગે એવી વાત છે. આનાથી સત્સંગનો ભારે ઉત્કર્ષ થશે.'

સ્વામીનું અનુમોદન સાંભળી રઘુવીરજી મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, 'સ્વામી આ છાવણીમાં તમારે બધા દિવસ કથાવાર્તાનો લાભ દેવો પડશે.'

સ્વામીએ કહ્યું, 'ભલે મહારાજ ! અમે આ છાવણીમાં પૂરે પૂરી હાજરી આપીશુ.'

સ્વામીની વાત સાંભળી રઘુવીરજી મહારાજ ખૂબ રાજી થયા.

વિ. સં. ૧૯૧૨ ની સાલમાં રઘુવીરજી મહારાજે સ્વામીની પ્રેરણા મુજબ પોતાને ખર્ચે સત્સંગિજીવનની કથા બેસાડી અને ચાર મહિના સુધી છાવણી કરી.

છાવણીનો સમય નજીક આવ્યો એટલે રઘુવીરજી મહારાજને આપેલ વચનને પૂર્ણ કરવા સ્વામી બાલમુકુંદદાસ સ્વામી, રામદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, બ્રહ્મચારી અચિંત્યાનંદજી પાર્ષદ જોરા ભગત, પાર્ષદ જાગા ભગત વગેરે સંતો-પાર્ષદોને લઈને વડતાલ જવા નીકળ્યા.

રસ્તામાં પ્રથમ રાત્રિ સ્વામી થાણા-ગાલોળ રોકાયા. થાણાગલોળથી નીકળીને સ્વામી બોરડીવાળે સમઢિયાળે પધાર્યા. ત્યાંથી વડિયા થઈને દેરડી પધાર્યા. દેરડીમાં સ્વામી રાત રહ્યા. બીજે દિવસે એકાદશી હતી. એકાદશીની રાત સ્વામી દેવળીયામાં રહ્યા.

દેવળીયામાં વહેલી સવારે પારણાં કરી સ્વામી મોકા ખાચરને વાંકીયે પધાર્યા. ત્યાંથી ખંભાળે થઈને માંડવધારમાં રાત રહ્યા. માંડવધારથી વહેલી સવારે નીકળી ગઢપુર પહોંચ્યા.

સ્વામી ગઢપુર પધારી રહ્યા છે, એ ખબર ચારે બાજુ પ્રસરી ચૂક્યા હતા, તેથી બોટાદથી શિવલાલ શેઠ, ઇંગોરાળાથી હરજી પટેલ વગેરે હરિભક્તો સ્વામી સાથે સંઘમાં જોડાવા ગઢપુર પહોંચી ગયા હતા.

સ્વામી ગઢપુરથી નીકળી નીંગાળા થઈને કેરીયા પધાર્યા. સ્વામી કેરીયામાં સંઘ સાથે રાત્રિ રોકાયા.

## કેરીયાના ભગુભાઇ સ્વામીની વાત ન સમજ્યા

કેરીયામાં ભગુભાઈ પટેલ ખૂબ સારા હરિભગત હતા. વ્યવહારે સુખી હતા. શરીરે થોડા સુંવાળા હતા. સ્વામીએ ભગુભાઈને કહ્યું, “ભગુભાઈ ! તમે પણ અમારી સાથે સંઘમાં ચાલો.”

ભગુભાઈ શરીરથી સંઘનો ભીડો વેઠી શકે તેમ નહોતા એટલે એમણે કહ્યું, “સ્વામી ! મને સંઘમાં નહિ ફાવે. કારણ કે મારે ના‘વા માટે ઊનું પાણી જોઈએ અને જમવા માટે ઊની રોટલી જોઈએ અને ચાકરી કરનારો સેવક જોઈએ. સંઘમાં આ બધી વ્યવસ્થા થઈ શકે નહિ.”

સ્વામીએ કહ્યું, “ભગુભાઈ ! અમે તમને બધી વ્યવસ્થા કરી દઈશું. આ વાસુદેવાનંદ બ્રહ્મચારી તમને ગરમા-ગરમ રસોઈ જમાડશે. આ હરજી પટેલનો વાળંદ તમને ઊનું પાણી કરી આપશે અને પગચંપી પણ કરી આપશે. માટે હિંમત કરી હાર્યે હાલો.”

સ્વામીએ બહુ આગ્રહ કર્યો પણ ભગુભાઈ સંઘમાં જોડાવા તૈયાર ન થયા.

ભવિષ્યમાં ભગુભાઈને ભારે ઉપાધિ આવવાની હતી. ત્રિકાળદર્શી સ્વામી આ વાત જાણતા હતા. સ્વામી ભગુભાઈને એમાંથી ઉગારવા માગતા હતા એટલે ભાર દઈને હાર્યે હાલવાનો આગ્રહ કરતા હતા. પરંતુ વચનમાં વિશ્વાસની ખામીને લીધે ભગુભાઈ સ્વામીનો સંકેત સમજી ન શક્યા એટલે સાથે ચાલવા તૈયાર ન થયા.

સ્વામી બોલ્યા, “હશે, જેવી મહારાજની મરજી !”

સ્વામી કેરીયાથી ચાલ્યા રસ્તામાં ઝીંઝાવદર, કારિયાણી, બરવાળા, નાવડા વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં ગામ સોઢીને તળાવે જઈને રાત રહ્યા.

બીજે દિવસે બપોરે રાજભોગ આરતીના સમયે સ્વામી ધોલેરા પહોંચ્યા. ધોલેરામાં સ્વામી બે દિવસ રોકાયા.

સ્વામીની સાથે સંઘમાં જોડાવું, એ બહુ મોટો લાભ હતો એટલે ચારે બાજુથી ભક્તો સંઘમાં જોડાઈ રહ્યા હતા. સ્વામીના સંઘમાં જોડાવાથી જાત્રાની જાત્રા અને સાથે સ્વામીનો સમાગમ ! આમ બેવડો લાભ મળતો હતો. સંઘ હવે ઘણો મોટો થઈ ચૂક્યો હતો.

ધોલેરાથી નીકળી સ્વામી મોતી તળાવે રાત રહ્યા.

આ સમયે અચાનક વાદળાઓ થયા અને ગાજવીજ સાથે વરસાદ વરસવા લાગ્યો. ભક્તોએ સ્વામીને પ્રાર્થના કરી, “સ્વામી ! વરસાદ થશે, તો સંઘ ભારે મુશ્કેલીમાં પડશે.” સ્વામીએ કહ્યું, “તમે ચિંતા કરશો નહિ, આ મેઘરાજા તો દર્શને આવ્યા છે, તે હરિભક્તોને મુશ્કેલી પડે એવું કાંઈ નહિ કરે.”

સ્વામીના વચન સત્ય થયા. થોડીવારમાં વાદળાઓ વિખરાઈ ગયા.

બીજે દિવસે સ્વામી ત્યાંથી નીકળ્યા. શેળવો તથા ભોગાવો નદી ઉતરીને સ્વામી મોટી બોરુ પહોંચ્યા. બોરુથી નીકળી સ્વામી સાબરમતીને તીરે રાત રહ્યા. બીજે દિવસે સાબરમતી નદી ઊતરી મહિયારી, સીંજીવાડા, સોજીત્રા, મહેળાવ વગેરે ગામોના હરિભક્તોને સુખ આપતા આપતા સ્વામી વડતાલ પધાર્યા.

સ્વામી વરતાલ પહોંચ્યા ત્યારે સાથે એક હજાર માણસનો સંઘ ભેગો થઈ ચૂક્યો હતો.

## દિવ્ય અને ભવ્ય છાવણી

ભગવાન જેવા આદિ આચાર્ય રઘુવીરજી મહારાજની અધ્યક્ષતામાં આ છાવણી યોજાઈ રહી હતી.

વડતાલની છાવણી દિવ્ય અને ભવ્ય હતી.

શ્રીજી મહારાજનો જેમણે પ્રત્યક્ષ લાભ લઈ રાજીપો મેળવ્યો હતો, એવા મહારાજ છતાંના અનેક નંદ સંતો આ છાવણીમાં ઉપસ્થિત હતા.

બંને દેશમાંથી મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો છાવણીનો લાભ લેવા માટે એકઠા થયા હતા, જેમાં અનેક હરિભક્તો મહારાજ છતાંના હતા અને મહારાજના કૃપાપાત્ર હતા.

વડતાલ દેશમાંથી ગુણાતીતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, અદ્‌ભૂતાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી,બ્રહ્મચારી જગન્નાથાનંદ સ્વામી, બ્રહ્મચારી આનંદાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી, સ્વામી વાસુદેવચરણદાસજી, બ્રહ્મચારી અચિંત્યાનંદજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી વગેરે મહાન સંતો ઉપસ્થિત હતા.

હરિભક્તોમાં ઠાસરાવાળા લલુભાઈ દેસાઈ, ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, બોટાદના શિવલાલભાઈ, મનજી ઠક્કર, કારિયાણીના નથુ પટેલ, વસોના વાઘજીભાઈ, માન ગઢવી તથા ગિરિધર બારોટ, સારંગપુરના જેઠા ખાચર, ઝીંઝુવાડાના જીવરાજ શેઠ, દદુકાના દેવરાજભાઈ, આણંદના જીભાઈ શેલત, સુરતના કરસનજી દેસાઈ, કરુણાશંકરભાઈ, બાપુલાલભાઈ ચોકસી, પીજના શિવલાલભાઈ, સીંજીવાડાના જગરૂપ બારોટ, રાજકોટના જાદવજી મિસ્ત્રી વગેરે હજારો હરિભક્તો છાવણીનો લાભ લેવા માટે એકઠા થયા હતા.

અમદાવાદ દેશથી આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેમની સાથે આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, બદ્રિનાથાનંદ સ્વામી, ગુરુચરણરતાનંદ સ્વામી, સ્વામી નિર્ગુણદાસજી, સ્વામી વ્રજવલ્લભદાસજી, સ્વામી વૃંદાવનદાસજી વગેરે અનેક મહાન સંતો પધાર્યા હતા.

વિ. સં. ૧૯૧૨ અષાઢ સુદી એકાદશીના રોજ સત્સંગિજીવનની કથાનો આરંભ થયો. મહારાજશ્રી તેમજ મોટા મોટા સંતોએ કથાનો ક્રમ એવો ગોઠવ્યો હતો કે, મંગળા આરતી થયા બાદ, શણગાર આરતી થાય ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી સભામાં વાતો કરે.

શણગાર આરતી થયા બાદ રાજભોગ આરતી સુધી ભોળાનાથ ભટ્ટ કથા વાંચે.

ઠાકોરજીના ઉત્થાપન સમયથી લઈને સંધ્યા આરતી સુધી શુકમુનિ કથા વાંચે.

સાંજના સંધ્યા આરતી થયા પછી શયન આરતી સુધી શાસ્ત્રી બલરામદાસજી કથા વાંચે. મોટા મોટા મંદિરોના બધા સાધુ સ્થાનિક સેવા-પ્રવૃત્તિઓમાંથી એક સાથે છાવણીમાં આવી ન શકે એ સહજ હતું, તેથી રઘુવીરજી મહારાજે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

દરેક મંદિરમાંથી અરધા સાધુ બે મહિના સુધી કથા સાંભળવા રોકાય. પછી તેઓ જાય એટલે બાકીના અડધા સાધુઓ છાવણીમાં જોડાય. જેથી વારા-ફરતી બધાને આ દિવ્ય છાવણીનો લાભ મળે.

સત્સંગિજીવનની કથાની મંગલ શરૂઆત થઈ. કથા-વાર્તાથી સર્વના અંતરમાં ઘણો જ સમાસ થતો હતો. એમાં પણ જ્યારે ગુણાતીતાનંદ સ્વામી મહારાજના મહિમાનું યથાર્થ નિરુપણ કરી આજ્ઞા-ઉપાસનાની બળભરી વાતો કરતા હતા ત્યારે સર્વને અંતરમાં ભારે ઠંડક થતી હતી.

## ગુણાતીતાનંદ સ્વામી જ કથાવાર્તા કરશે

સ્વામી પુરુષોત્તમનારાયણના સર્વોપરીપણાની અને સાથે સાથે સ્વભાવ ટાળવાની વાતો કરતા, તેથી મુમુક્ષુઓને અત્યંત આનંદ આવતો હતો.

મોટા મોટા સદ્‌ગુરુ સંતો પણ સ્વામીની વાતો સાંભળવામાં તલ્લીન થઈ જતા હતા. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તો ચાતક જેમ સ્વાતિના બિંદુને ઝીલે એમ સ્વામીની કથા-વાર્તાનું ભારે પ્રેમથી શ્રવણ કરતા હતા, પરંતુ કેટલાકને એ વાતો રુચતી નહોતી. એ લોકોએ યુક્તિ-પ્રયુક્તિપૂર્વક સ્વામીને બદલે શુકમુનિ વાતો કરે, એવું ગોઠવ્યું.

શુકમુનિને આવી ગોઠવણી પાછળના આશયની ખબર નહોતી. તેઓએ સરળભાવે આ લોકોની વાતને સ્વીકારી લીધી અને વળતે દિવસે સવારની સભામાં શુકમુનિએ કથાવાર્તા કરવાનું શરુ કરી દીધું.

એ જ દિવસની રાત્રે શ્રીજી મહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દીધા અને કહ્યું, ‘‘આ ગુણાતીતાનંદ સ્વામીને અહીં શા માટે તેડાવ્યા છે ? જો એમને મુખેથી કથા-વાર્તા ન સાંભળવાની હોય, તો એમને જૂનાગઢ મોકલી દ્યો.’’ આટલું કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. દિવ્યરૂપે શ્રીહરિએ આપેલા આદેશથી રઘુવીરજી મહારાજ સાવધાન થઈ ગયા.

એમણે સભામાં જાહેર કર્યું કે, ‘‘સવારની કથામાં ગુણાતીતાનંદ સ્વામી જ કથા-વાર્તા કરશે.’’

કોઈની ખોટી વાતમાં આવી આ બાબતમાં નિમિત્ત બન્યા, એનું શુકમુનિના હૃદયમાં ભારે દુઃખ થયું. એમણે સ્વામીને હાથ જોડીને કહ્યું, ‘‘સ્વામી ! મને આવી કોઈ ખબર નહોતી.’’

સ્વામીએ હસીને કહ્યું, ‘‘શુકમુનિ ! જગતમાં આવું બધું તો ચાલ્યા જ કરે. અમારા મનમાં એનું કાંઈ નથી.’’

આમ કહીને સ્વામીએ ઉદાર દિલે વાત વાળી લીધી. આખરે તો શુકમુનિ અને સ્વામી વર્ષોથી એકબીજાના ગોઠિયા હતા.

## ભગુભાઇની સાન ઠેકાણે આવી

એક વખત ઠાકોરજીના ઉત્થાપનનો સમય હતો. સ્વામી ઠાકોરજીના દર્શન કરી સભા-મંડપ તરફ જઈ રહ્યા હતા, એજ વખતે કેરીયાના ભગુભાઈ ત્યાં આવ્યા અને સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.

ભગુભાઈએ મેલા-ઘેલા વસ્ત્રો પહેર્યા હતા. એમના મુખ ઉપર થાક અને હતાશાના વાદળા ઘેરાયેલા હતા.

ભગુભાઈને જોઈને સ્વામી હસવા લાગ્યા અને બોલ્યા,‘‘અરે ! ભગુભાઈ ! તમે તો છાવણીમાં આવવાની ના પાડતા હતા અને આમ અચાનક ક્યાંથી ?’’

ભગુભાઈએ કહ્યું, ‘‘સ્વામી ! વાત કરવા જેવી નથી. હું તો બે મહિનાથી અમદાવાદમાં હતો.’’

સ્વામીએ મર્મમાં કહ્યું, ‘‘ભગુભાઈ ! અમદાવાદ જેવા મોટા શહેરમાં તમને સ્નાન કરવા માટે ઊનું પાણી અને જમવા માટે ગરમ રોટલી મળતા તો હતા ને ?’’

ભગુભાઈ શરમાઈને નીચું જોઈ ગયા અને વીલે મોઢે બોલ્યા, ‘‘સ્વામી ! ગરમ પાણી અને ગરમ ભોજનની વાત જાવા દ્યો, તમારું વચન ન માન્યું તો મારે ભારે ઉપાધિ આવી.’’

સ્વામી અંતર્યામીભાવે બધું જ જાણતા હતા, છતાં પૂછ્યું,‘‘ભગુભાઈ ! એવી તે શું ઉપાધિ આવી પડી ?’’

ભગુભાઈ બોલ્યા, ‘‘સ્વામી ! મેં ઘર-ખેતીના કામ-કાજ માટે એક સાથી રાખ્યો હતો. એણે મારી જાણ બાર ચોરી કરી, પણ પકડાઈ ગયો. સાથીએ ચોરેલો માલ મેં સંઘર્યો છે એવી શંકાથી સરકારે મને અમદાવાદની જેલમાં પૂર્યો. બે મહિના હું જેલમાં રહ્યો. તમારી કૃપાથી નિર્દોષ છૂટ્યો. એટલે હું સીધો અહીં તમારા દર્શને આવ્યો છું. હવે, જેલમાં મને ગરમ પાણી અને ગરમ રસોઈ કોણ આપે ?’’

સ્વામીએ કહ્યું, ‘‘ભગુભાઈ ! તમારા ઉપર આપત્તિ આવવાની હતી, એની અમને ખબર હતી. એમાંથી તમને બચાવવા માટે જ અમે તમને સાથે લેવા માગતા હતા, પણ તમે અમારી વાતને સમજી ન શક્યા. તમને જેલમાંથી નિર્દોષ છોડાવવા માટે પણ અમે જ મહારાજને પ્રાર્થના કરી હતી.’’

ભગુભાઈ બોલ્યા, ‘‘સ્વામી ! હું તમારી વાતને સમય ઉપર સમજી ન શક્યો, એનું ફળ ભોગવવું પડ્યું, પછી તો મને ખૂબ જ પશ્ચાત્તાપ થયો પણ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ?’’

સ્વામીએ કહ્યું, ‘‘હશે ભગુભાઈ ! હવે એ બધી વાતને ભૂલી જાવ. આ છાવણીનો દિવ્ય પ્રસંગ ચાલે છે. એમાં રોકાઈ જાવ અને કથા-વાર્તા, દેવ-દર્શનનો લાભ લ્યો. અહીં છાવણી પ્રસંગે સત્સંગના બંને દેશમાંથી આચાર્યો અને મોટા મોટા સદ્‌ગુરુ સંતો ભેગા થયા છે. તમને આ બધાના એક સાથે દર્શન થશે. આવો અવસર ફરીથી નહિ મળે.’’ ભગુભાઈએ કહ્યું, ‘‘સ્વામી ! એકવાર આપનું વચન ન માન્યું, એટલે ભારે વીતી ચૂકી છે. હવે બીજી વાર એવી ભૂલ નહીં કરું. હવે તો આપ જેમ કહેશો, તેમ જ કરીશ.’’

સ્વામીની આજ્ઞાથી છાવણી પૂરી થઈ ત્યાં સુધી ભગુભાઈ વડતાલ રોકાયા અને પોતાનો જન્મારો સુધારી લીધો.

## જાદવજી મિસ્ત્રીને સમાધિ

વડતાલમાં યોજવામાં આવેલ આ છાવણી પ્રસંગે રાજકોટથી જાદવજી મિસ્ત્રી પોતાના કુટુંબ સાથે સમાગમનો લાભ લેવા આવ્યા હતા અને લીંબડાવાળા વંડામાં ઉતર્યા હતા.

જાદવજી મિસ્ત્રી સારા ભક્ત હતા અને સ્વામીના કૃપાપાત્ર હતા. છાવણી દરમ્યાન તેઓ દરરોજ સ્વામીની વાતો સાંભળવા પહોંચી જતા અને ખૂબ શ્રદ્ધાથી કથા-વાર્તા સાંભળતા.

એવામાં અચાનક એમને તાવ આવ્યો અને પથારીવશ થઈ ગયા.

જાદવજીભાઈને સભામાં જોયા નહિ, એટલે સ્વામીએ હરિભક્તોને પૂછ્યું કે, ‘‘આજે જાદવજીભાઈ કેમ દેખાયા નહિ ?’’

હરિભક્તોએ કહ્યું, ‘‘સ્વામી ! એ બીમાર છે. શરીરે ખૂબ તાવ છે, પથારીવશ થઈ ગયા છે અને લાગે છે કે, હવે એ દેહ મેલી દેશે.’’

જાદવજીભાઈની બીમારીના સમાચાર સાંભળીને સ્વામી બે-ત્રણ સંતો અને

આગેવાન હરિભક્તોને સાથે લઈને તેની ખબર કાઢવા આવ્યા.

સ્વામીના દર્શન થતાં જાદવજીભાઈને તાવની પીડા વિસરાઈ ગઈ અને અંતરમાં શાંતિ થઈ ગઈ.

જાદવજીભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! ભગવાન જેવા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને તમ જેવા મોટા મોટા સંતો અહીં બિરાજે છે, એમના દર્શન કરીને હું ધન્ય થઈ ગયો છું, સંસારમાં મને કોઈ પ્રકારની વાસના નથી, હવે મારે આ સંસારમાં રહેવું નથી, માટે કૃપા કરીને મને ધામમાં મોકલી દ્યો."

સ્વામીએ કહ્યું, "જાદવજી ! તારે હજુ ધામમાં જવાની ઘણી વાર છે. તારા માટે તો અહીંયા જ અક્ષરધામ છે. માટે ભજન કર. આ તારા સગાં-સંબંધીઓ તારી આવી અવસ્થા જોઈને ખૂબ દિલગીર છે, માટે અમે મહારાજને પ્રાર્થના કરીશું, એટલે તને સારું થઈ જશે."

આટલું કહી સ્વામીએ જાદવજીભાઈની છાતી ઉપર પોતાનો અમૃતમય હાથ ફેરવ્યો અને એ જ વખતે જાદવજીભાઈને સમાધિ થઈ ગઈ.

સમાધિમાં જાદવજીભાઈને અક્ષરધામના દિવ્ય દર્શન થયા. ચારે બાજુ દિવ્ય શીતળ, શાંત તેજ પ્રસરી રહ્યું હતું. અને એ તેજના મધ્યભાગમાં તેજોમય દિવ્ય સિંહાસન ઉપર પુરુષોત્તમ નારાયણ બિરાજમાન થયા હતા.

ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે દિવ્ય તેજોમય મુક્તો મહારાજની સેવામાં જોડાયેલા હતા. નાખી નજર ન પહોંચે એટલે સુધી દિવ્ય અક્ષરમુક્તોની વિશાળ સભા ભરાઈને બેઠી હતી. બધા એક નજરે મહારાજની સન્મુખ જોઈ રહ્યા હતા.

આ બધા મહામુક્તોના એક સરખા રૂપ અને તેજ જોઈને જાદવજીભાઈ કોઈને ઓળખી ન શક્યા.

મહારાજે જાદવજીભાઈ તરફ કરુણામયદષ્ટિ કરી એથી જાદવજીભાઈને આ બ્રહ્મરૂપ તેજોમય મુક્તો ઓળખવામાં આવ્યા.

જાદવજીભાઈને થયું, "ઓહો ! આ હું શું જોઈ રહ્યો છું ! રઘુવીરજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શુકમુનિ વગેરે તો વડતાલમાં બિરાજે છે અને અહીં ક્યાંથી ?

મહારાજે કહ્યું, "જાદવજી ! છાવણીમાં જે સભા ચાલી રહી છે એ સભા અને અહીંની સભામાં કોઈ અંતર નથી. જે અહીં છે, તે ત્યાં છે અને જે ત્યાં છે

એ અહીં છે.'' ''અમે ગઢડાના મધ્ય પ્રકરણના તેરમાં વચનામૃતમાં જે વાત કરી છે, એનું અનુસંધાન રાખજો.''

જાદવજીભાઈ આ દિવ્ય સમાધિમાં ગરકાવ થઈ ગયા. એમને દેહ અને દેશ બેયના ભાન વિસરાઈ ગયા. એમની સમાધિ ખૂબ લાંબી ચાલી.

આ બાજુ જાદવજીભાઈને સમાધિ કરાવી સ્વામી સભા-મંડપમાં પધાર્યા.

સાંજના ચાર વાગ્યાનો સમય થયો. એટલે સ્વામી ગોમતી કાંઠે સ્નાન કરવા જતી વખતે પાછા ફરીથી જાદવજીભાઈને દર્શન દેવા પધાર્યા.

જાદવજીભાઈ તો હજુ સમાધિમાં અક્ષરધામનું દિવ્ય સુખ માણી રહ્યા હતા.

સ્વામીએ જાદવજીભાઈની છાતી ઉપર હાથ ફેરવતા કહ્યું, ''જાદવજી ! એલા જાદવજી ! જાગ્ય. હવે જાગ્ય.''

જાદવજીભાઈએ આંખો ખોલી અને સમાધિમાંથી જાગ્યા. જાગતાની સાથે જ તેઓ 'અહો અહો' કરવા લાગ્યા અને અક્ષરધામના સુખનું વર્ણન કરવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, ''જાદવજી ! તારો ધામમાં જવાનો સંકલ્પ હતો તે પૂરો થયો. અમારે હજી તને થોડો સમય આ ધરતી ઉપર રાખવો છે અને તારે હાથે સત્સંગની સેવા કરાવવી છે. આજથી તારી દેહની માંદગી પણ ગઈ અને તારા જીવની માંદગી પણ ગઈ.''

આટલું કહી સ્વામીએ જાદવજીભાઈના મસ્તક ઉપર હાથ મેલ્યો.

સ્વામી જેવા સંતની કૃપાથી જાદવજીભાઈ નખશિખ નીરોગી થઈ ચૂક્યા હતા.

જાદવજીભાઈને સાજા કરી સ્વામી ગોમતી સ્નાન કરવા પધાર્યા.

## છાવણીની ફળશ્રુતિ

વિ. સં. ૧૯૧૨ અષાઢ સુદી એકાદશીથી આ છાવણીનો આરંભ થયો હતો અને કાર્તિક સુદી પૂર્ણિમાના દિવસે આ છાવણીની પૂર્ણાહૂતિ થઈ હતી.

આમ આ દિવ્ય છાવણી ચાર ચાર મહિના સુધી ચાલી હતી. જેથી સમસ્ત સત્સંગનું વાતાવરણ બ્રહ્મભીનું બન્યું હતું.

આ છાવણી માત્ર છાવણી નહોતી. આ છાવણી આત્મમંથન કરવાની પ્રયોગશાળા હતી. ભગવાન સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછીની આ અલૌકિક છાવણી હતી. છાવણી પાછળનો આશય હતો શ્રીજી સ્થાપિત ભાગવત ધર્મનું પોષણ કરવું અને ક્યાંય ગાફલાઈથી આચારમાં શૈથિલ્ય આવ્યું હોય તો એને દૂર કરવું.

ઉપરાંત આ છાવણીમાં સત્સંગના બગીચાનું કેમ જતન કરવું? શ્રીહરિએ

ચીંધેલી ધર્મમર્યાદાઓનું કઇ રીતે પાલન કરવું અને કરાવવું? વગેરે અનેક વિષયો ઉપર મંથન કરવામાં આવ્યું હતું, જેમાં મહત્ત્વની વાત તો મુમુક્ષુઓના ઘડતરની હતી.

સદ્‌ગુરુઓ મુમુક્ષુઓને યોગ્ય રીતે કેળવે નહીં અને લલોચપો રાખે તો ભવિષ્યની પેઢીના આત્મબળ નબળાં પડતા જાય, દેહાભિમાન વધતા જાય; ધર્મની મર્યાદાઓના બંધન શિથિલ થાય અને ધીરે ધીરે સમસ્ત સંપ્રદાય એની ઊંચાઇને ગુમાવીને અવગતિને પંથે ઉતરતો જાય.

આ અવગતિની પ્રક્રિયા ભારે ધીમી હોય છે. 'શું થઇ રહ્યું છે?' એની ખબર પણ ન પડે. અરે! વર્ષો પછી એવું બને કે મૂળ સિદ્ધાંતો ક્યાંય ખોવાઇ ગયા હોય અને મૂળ સિદ્ધાંતને નામે કોઇ સાવ નવી અને ભળતી જ આપાત રમણીય વાતો ગોઠવાઇ ગઇ હોય અને અજ્ઞાની સમાજ એ ભળતી વાતોને મૂળ સિદ્ધાંત માનીને ચાલતો હોય!

આ પ્રક્રિયા રોકવી હોય અને સંપ્રદાયના યથાર્થ રૂપને જાળવી રાખવું હોય તો સંપ્રદાયના આગેવાનોએ ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે.

રઘુવીરજી મહારાજે વરતાલમાં યોજેલી છાવણી આ બધા જ હેતુઓને સિદ્ધ કરવામાં સફળ નીવડી હતી.

એમાંય ગુણાતીતાનંદ સ્વામીની પુરુષોત્તમ નારાયણની અણીશુદ્ધ ઉપાસના અને મહિમાની વાતોએ, તેમજ પંચવર્તમાન પાળી, બ્રહ્મરુપ થઇ પરબ્રહ્મને ભજવાની સ્વામીની વાતોએ સર્વના અંતરમાં ભારે બળ અને પ્રેરણા પૂરા પાડ્યા હતા.

## તમારા નવાબને રાજી કરવા કે મારા નવાબને ?

એકવાર સ્વામી સમૈયા ઉપર વડતાલ પધાર્યા હતા. સ્વામી વડતાલ પધાર્યા તેની જાણ ખંભાતના હરિભક્તોને થઈ.

ખંભાતના હરિભક્તોને ઘણાં સમયથી અંતરમાં ખૂબ જ ઈચ્છા હતી કે, 'સ્વામી ! ખંભાત પધારે અને ખંભાતના ભક્તોને દર્શન-કથાવાર્તાનું સુખ આપે.'

ખંભાતથી પટેલ અંબાવીદાસ વગેરે ભક્તજનો સ્વામીને તેડવા માટે વડતાલ આવ્યા.

હરિભક્તોની વિનંતીને માન્ય રાખી સ્વામી બુધેજ થઈને ખંભાત પધાર્યા.

હરિભક્તોને ખૂબ જ હોંશ હતી એટલે એમણે સ્વામીના સામૈયાની મોટા પાયા ઉપર તૈયારીઓ કરી હતી.

આગેવાન હરિભક્તોએ ખંભાતના નવાબને વિનંતી કરી કે, 'અમારા મોટા ઓલિયા પુરુષ આવે છે. અમારે એમનું ધામધૂમથી સામૈયું કરવું છે 'તો આપ રહેમ કરી એમને બેસવા માટે આપનો ચાંદીનો મ્યાનો આપો.'

નવાબ ચુસ્ત મુસલમાન હતા. એના હૃદયમાં હિંદુઓ પ્રત્યે દ્વેષ હતો, પરંતુ કોણ જાણે કેમ ! એણે રાજસવારીનો ચાંદીનો મેનો આપવાની હા પાડી.

સ્વામી પધારી રહ્યા હતા. હરિભક્તો વાજતે ગાજતે સામે ગયા. સ્વામીનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું અને સ્વામીને ચાંદીના મેનામાં બેસવા વિનંતી કરી.

સ્વામીએ કહ્યું, 'અમને સાધુને આવો ચાંદીનો મેનો ન શોભે.'

હરિભક્તોએ કહ્યું, 'સ્વામી ! આ મ્યાનો નવાબે ખાસ મોકલ્યો છે.'

સ્વામી બોલ્યા, 'તમારી વાત સાચી, પરંતુ અમને સાધુને આવા રાજસી ઠાઠ ન પોસાય !' હરિભક્તોએ કહ્યું, 'સ્વામી ! કૃપા કરીને આપે બેસવું તો પડશે જ, કારણ કે અમે નવાબને માંડ મનાવીને આ મેનો લાવ્યા છીએ. આપ જો એમાં નહિ બેસો તો નવાબ નારાજ થશે.'

સ્વામી બોલ્યા, 'તમારો નવાબ નારાજ થાય એની ચિંતા કરીએ કે અમારો નવાબ નારાજ થાય એની ચિંતા કરીએ.'

'ભગવાન સ્વામિનારાયણે અમને આવા ઠાઠ કરવાની ના પાડી છે. માટે અમે એમાં નહિ બેસીએ.'

સ્વામીની મક્કમતા પાસે હરિભક્તોનું કાંઈ ચાલે તેમ નહોતું.

સ્વામી મહાસમર્થ હતા. નિર્ગુણ અને નિર્વિકારી હતા. છતાં એમણે મહારાજે બાંધેલી પંચવર્તમાનની મર્યાદા ક્યારેય લોપી નહોતી.

સોનેરી-રૂપેરી જરીયાની વસ્ત્રો, સોના-ચાંદી હીરા માણેક મોતીના આભૂષણો સ્વામીને કાળોતરા સર્પ જેવા લાગતા હતા.

સ્વામીની ત્યાગ-વૈરાગ્યની ખુમારી અનોખી હતી. એમણે ક્યારેય રાજસી ઠાઠ ભોગવ્યા નહોતા. સાધુઓ માટે મહારાજે બાંધેલી મર્યાદાના પાલનમાં તેઓ સદા સાવધાન હતા. આવા મહાપુરુષ સોના-ચાંદીના વાહનોમાં કેમ બેસે !

સ્વામી સીધા સાદા સિગરામમાં બિરાજમાન થયા.

સ્વામીએ સદૈવ પોતાની સાથે રહેતી, મહારાજે આપેલી પ્રસાદીની જીર્ણ શીર્ણ ગોદડી ઓઢી હતી.

સંતો-ભક્તો વાજિંત્રો વગાડી કીર્તન કરી રહ્યા હતા.

ખંભાતના લોકોએ ઠાઠમાઠથી રહેનારા ઘણા સંતો મહંતો જોયા હતા, પરંતુ

આ મહાન સંતની જીર્ણ શીર્ણ કંથા અને સાદગી, સર્વને આકર્ષી રહી હતી.

એમાંય સ્વામીએ સોના-ચાંદીથી મઢેલો નવાબનો મેનો પાછો મોકલ્યો એ જાણીને તો બધાને થયું હતું કે, 'ખરેખર, આ સાચા સિદ્ધપુરુષ છે.'

મેનો પાછો ગયો એ વાત નવાબને કાને પહોંચી ચૂકી હતી.

નવાબને આશ્ચર્ય થયું અને વિચાર્યું કે, 'આવા રાજસમ્માનમાં લોભાય નહીં તે ખરેખર કોઈ મોટા સિદ્ધ-અલમસ્ત ઓલિયા હોવા જોઈએ, નહિતર આવા ઠાઠ-માઠ તો સર્વને સારા લાગે.'

નવાબે પોતાના માણસોને પૂછ્યું, 'આ સોના-ચાંદીના વાહનોમાં બેસે નહિ એવા સિદ્ધપુરુષ કોણ છે ?'

માણસોએ કહ્યું, 'નવાબ સાહેબ ! આ કોઈ અલમસ્ત ગિરનારી સંત છે, જૂનાગઢમાં રહે છે. મોટા મંદિરના મહંત છે પણ દેખાવે કોઈને કળાવા દેતા નથી.'

નવાબે કહ્યું, 'જો ખરેખર,એમ હોય તો મારે એમના દીદાર કરવા છે, માટે જાવ, જઈને ખબર કરો કે નવાબ આવતીકાલે એ સંતના દર્શને આવશે.'

નવાબના માણસો સ્વામી પાસે આવ્યા અને કહ્યું, 'સાંઈ, અમારા નવાબ આવતીકાલે આપના દર્શને પધારશે.'

સ્વામીએ કહ્યું, 'ભલે, સુખેથી પધારે.'

બીજે દિવસે નવાબ દર્શને આવ્યા, સ્વામી સીધા-સાદા આસન ઉપર બેઠા હતા, નવાબ માટે રજવાડી આસન તૈયાર રાખવામાં આવ્યું હતું.

નવાબે જેવા સ્વામીના દર્શન કર્યા એ જ વખતે નવાબને સ્વામીની તેજોમય મૂર્તિના દર્શન થયા. નવાબને થયું, 'આ ગોદડીયા બાબા દેખાવે ભલે સીધા સાદા લાગે પણ વાસ્તવમાં નૂરી ફરિસ્તા જેવા છે.'

નવાબે સ્વામીને હાથ જોડીને કહ્યું, 'સાંઈ, હમારા અચ્છા કરના.'

સ્વામીએ નવાબને આશીર્વાદ આપી, કુર્રાનના કલ્માઓ ટાંકીને ઉપદેશની જોરદાર વાતો કરી.

નવાબના માણસો તથા હરિભક્તોને મનમાં થતું હતું કે, 'સ્વામી બીજી બધી વાત ભલે કરે, પણ મરી જવાનું છે, જગત નાશવંત અને દુઃખરૂપ છે એવી વાત ન કરે તો સારું' કારણ કે બધા લોકો નવાબના રંગીલા સ્વભાવને જાણતા હતા. બધાને એમ હતું કે, 'આ મોજ-મસ્તીમાં જીવનારા જીવને મરવાની વાતો નહિ ગમે.' પરંતુ સ્વામીએ એવી જ વાત ઉપાડી.

સ્વામી બોલ્યા, 'નવાબ સાહેબ ! આ દુનિયાના બધા રંગ-રાગ ચાર દિવસની

ચાંદની છે. કાલ સવારે કાળ આવીને ઊભો રહેશે. કરેલા પાપનો હિસાબ ખુદા જરૂર માગશે. માટે પાપથી પાછા વળવું, સારા કામ કરવા અને ખુદાની બંદગી કરવી.'

સ્વામી નીડરતા અને બેફિકરાઈથી સાચી વાત નવાબને સંભળાવી રહ્યા હતા. આસપાસના સાંભળનારા લોકોના મનમાં બીક લાગતી હતી કે, 'સ્વામીની આવી વાતું સાંભળીને આ રંગીલો રાજા ઊભો ન થઈ જાય તો સારુ.'' પરંતુ વાત એથી ઊલટી જ બની.

નવાબ સાહેબ હાથ જોડીને બોલ્યા, 'સાંઈ ! આપકી બાતો સે હૃદય મેં બહુત શાંતિ હોતી હૈ, ઐસી બાતે હમને કભી નહિ સુની. અભી ઔર બાતે સુનાઈએ!'

સ્વામીએ ઘણી વાર સુધી નવાબ આગળ કથાવાર્તા કરી.

નવાબ સાહેબ પણ ભારે રસપૂર્વક સ્વામીની વાતો સાંભળતા રહ્યા.

આખરે સ્વામીની વાતો સાંભળી ધન્ય થયેલા નવાબે વિદાય લીધી.

સ્વામી હરિભક્તોની સામે જોઈને એટલું જ બોલ્યા, 'તમે કહેતા હતા કે નવાબ નારાજ થશે ! પણ આ તો ઊલટાના રાજી થયા.'

હરિભક્તોને પોતે કરેલી વાત ઉપર શરમ આવી.

સ્વામી બોલ્યા, 'ભક્તો ! કાયમ માટે યાદ રાખો. મોટા નવાબને રાજી કરીએ તો નાના નવાબ સહેજે રાજી થઈ જાય અને નાના નવાબને રાજી કરવા મોટા નવાબને નારાજ કરો તો ક્યાંય ઠેકાણું ન પડે.'

આપણા માટે ભગવાન સ્વામિનારાયણથી મોટો કોઈ નવાબ નથી.

સ્વામીની વાત હરિભક્તોને હૈયા સોંસરવી ઊતરી ગઈ.

સ્વામીએ ખંભાતથી વિદાય લીધી, ધોલેરા પધાર્યા અને ધોલેરાથી જૂનાગઢ પધાર્યા.

# માણસાના વાલેરા વરુ

ઊના બાજુના ગીર પંથકમાં નોર-માણસા નામે ગામ આવેલું છે. જે માણસા નામે પણ ઓળખાય છે. આ ગામના ગામધણી દરબારનું નામ મામૈયા વરૂ હતું.

મામૈયા વરૂને બે પત્નીઓ હતી. એક માનીતી હતી અને બીજી અણમાનીતી હતી.

અણમાનીતા પત્ની દ્વારા મામૈયા વરૂને ત્યાં વાલેરા વરૂ નામનો દીકરો થયો હતો અને માનીતા પત્ની દ્વારા એમને ત્યાં સીદી વરૂ નામનો દીકરો થયો હતો.

માનીતા રાણી જુવાન હોવાથી મામૈયો વરૂ એમને આંખને ઈશારે નાચતા હતા.

★ ★ ★ ★ ★

આજ ગામના પાદરમાં ઘાસ-પાંદડા અને માટીના કૂબામાં 'મહરી' નામનો કોળી રહેતો હતો.

કૃપાનંદ સ્વામી જેવા ભગવાન સ્વામિનારાયણના સંતોનો જોગ થતા મહરી કોળી સત્સંગી થયો હતો. એણે અખાજ ખાવાનું બંધ કર્યું હતું અને ભગવાન સ્વામિનારાયણના પંચ વર્તમાનનું ચૂસ્તપણે પાલન કરતો હતો.

આખા ગામમાં માત્ર મહરી કોળી જ સત્સંગી હતો છતાં સત્સંગ રાખવામાં એ કોઈની શેહ-શરમ રાખતો નહોતો.

મહરી કપાળમાં મોટો ચાંદલો કરતો, ગળામાં મોટી માળા અને જાડી કંઠી પહેરતો અને શૂરવીરતાથી ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' ભજન કરતો.

મહરી ભારે કામઢો હતો. એ દોડી દોડીને મામૈયા બાપુના કામ કરતો.

સેવક સૌને ગમે એ ન્યાયે મહરી મામૈયા બાપુનો માનીતો હતો.

## સંતોને સૂંડલો ભરી લોટ આપ્યો

એક સમયની વાત છે. ભગવાન સ્વામિનારાયણના સંત કૃપાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી સંતમંડળ સાથે બાબરિયા વાડમાં વિચરણ કરતા કરતા મોટા માણસાના પાદરમાંથી પસાર થયા.

મહરી કોળીએ પોતાના પ્રાણપ્યારા સાધુઓને જોયા એટલે એકદમ વાટમાં આડો ફર્યો અને હાથ જોડીને આગ્રહ કર્યો, 'મા-બાપ મારે ત્યાં થાળ-રસોઈ કર્યા સિવાય આપને આગળ જવા નહિ દઉં.'

કૃપાનંદ સ્વામી કહે "મહરી ! તું અમને રોકાવાનો આગ્રહ કરે છે પણ અમે દસબાર જણા છીએ. મોળુ વરસ છે, તું સીધા પાણીનું શું કરીશ ?" મોટા મનનો મહરી બોલ્યો, "સ્વામી ! કૂબામાં બાજરાનાં દાણાની ભંભલી ભરી છે અને અડદની દાળ પણ છે. ખૂટશે તો બાપુને ત્યાંથી માગી લાવીશ પણ તમને આમને આમ મારા ગામના પાદરમાંથી ભૂખ્યા જવા નહીં દઉં."

આ નાના માણસનો મોટો ભાવ જોઈને ભગવાન જેવા સાધુઓ માણસાના પાદરમાં રોકાયા.

મહરી કોળીના ટીંબાથી થોડે દૂર ઝાડવાની ડાળીયે સંતોએ ઝોળીઓ ટીંગાડી.

સાચા સાધુઓને મન રાજા અને રંકના કોઈ ભેદ હોતા નથી.

મહરી કોળીએ કૂબામાં નાની નાની માટલીઓમાં જે થોડા ઘણા લોટ-દાળ હતા એ લાવી સ્વામી પાસે મૂક્યા. એટલાથી રસોઇ પૂરી થાય એમ હતું નહીં, એટલે સ્વામી અને સંતો માણસા ગામમાં ભિક્ષા માગવા નીકળ્યા. મહરી કોળી સાથે ચાલ્યો.

દરબારગઢની ડેલીએ મામૈયા વરૂ ડાયરો ભરીને બેઠા હતા. મહરી કોળી સંતોને લઈ સીધો દરબારગઢમાં જ આવ્યો. એના મનમાં હતું કે, 'દરબારને ત્યાંથી જોઈએ એટલું સીધું મળી જાય તો સાધુઓને બીજે માગવા જવું ન પડે.'

મામૈયા વરૂએ મહરી કોળી અને સાથે સાધુઓને જોયા એટલે બોલ્યા, 'એલા મહરી ! આ સાધુઓ કોણ છે ? અને ક્યાંથી આવ્યા છે ?'

મહરી કોળી બોલ્યો, 'બાપુ! આ સ્વામિનારાયણ ભગવાનના સાધુઓ છે, મારા ગુરુ છે, મારા આગ્રહથી ગામના પાદરમાં રોકાયા છે અને ભિક્ષા માગવા નીકળ્યા છે.'

ભગવાન જેવા મહાપ્રતાપી સંતોના દર્શન થતા મામૈયા વરૂના અંતરમાં શાંતિ થવા લાગી.

એ બોલ્યા, 'મહરી ! તું તો મારો સેવક છો, તારા સાધુ એ મારા સાધુ. હું અહીં બેઠો હોઉં અને આ સાધુઓને ગામમાં ઘરે ઘરે ભિક્ષા માગવી પડે એ ઠીક ન કહેવાય.'

આટલું કહી મામૈયા વરૂએ બાજુમાં જ રમતાં નાનકડાં વાલેરા વરૂને કહ્યું, 'વાલેરા ! આ મહરીને લઈ તમે દરબારગઢમાં જાવ અને તમારા મા ને કહો કે, સૂંડલો ભરીને લોટ આપે.'

આઠ-દસ વર્ષની ઉંમરના નાનકડાં વાલેરા વરૂને જાણે કોઈ પૂર્વ ભવના સગપણ હોય એમ આ સાધુઓને જોઈને ભારે આકર્ષણ અનુભવાતું હતું.

વાલેરા વરૂ દરબારગઢમાં જાતાં જાય અને પાછા વળીવળીને આ નોખી ભાતના સાધુઓને નીરખતા જાય.

વાલેરા વરૂએ દરબારગઢમાં જઈ માને સાધુ આવ્યાની વાત કરી. વાલેરાના મા શેલણા ભમોદરાના કાઠી કુળની દીકરી હતા, એમના અંતરમાં સાધુસંતો પ્રત્યે ભારે ભાવ હતો.

માએ કહ્યું, 'વાલેરા ! જો સામે લોટનો ઢગલો પડ્યો છે, તમે જાતે જ લોટનો સૂંડલો ભરી સાધુને આપો. બેટા! યાદ રાખજો, સાધુ-સંતોને વેશે ભગવાન વિચરતા હોય છે. એમને જમાડવાથી બહુ મોટું પુણ્ય થાય છે.'

વાલેરા વરૂ ટોપલામાં વધારે લોટ સમાય એ માટે કચરી કચરીને લોટનો સૂંડલો ભરવા લાગ્યા.

આ લોટના સૂંડલાના પુણ્ય પ્રતાપે તો વાલેરાને ભવિષ્યમાં ગરાસ મળવાનો હતો.

વાલેરા વરૂએ ઠાંસી ઠાસીને ભરેલો લોટનો સૂંડલો મહરી કોળીને આપ્યો.

મહરી કોળી લોટનો સૂંડલો લઈ બહાર આવ્યા.

ભગવાન જેવા પ્રતાપી સંતોની કૃપાદષ્ટિ વાલેરા ઉપર ઠરી અને વાલેરાના અંતરમાં ભવિષ્યમાં પાંગરનારા એકાંતિક ભક્તિના બીજ વવાઈ ગયા.

મામૈયા વરૂને આશીર્વાદ આપી સંતો ગામને પાદર આવ્યા, ઠાકોરજીનો થાળ કર્યો, બધા સંતો જમ્યા.

આમ નાના વરણના મહરી કોળીને રાજી કરી,'પાની તો બહતા ભલા અને સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે સંતોએ આગળની વાટ પકડી.

## વાલેરો બહારવટે ચઢ્યા

ઉપરની વાતને ઘણાં વર્ષ વીતી ગયા.

વાલેરા વરૂ અણમાનીતી રાણીના હોવાથી બાપુ મામૈયા વરૂ એમની ઉપેક્ષા કરતા અને સીદી વરૂને ભારે લાડ-પ્યાર કરતા હતા.

ભાગવતના મહારાજ ઉત્તાનપાદ જેવી મામૈયા વરૂની સ્થિતિ હતી.

કાઠીનો દીકરો કાયમ અપમાન સહન કેમ કરે ? વાલેરા વરૂની નાની ઉંમર હોવાથી એ કાંઈ બોલી શકતા નહોતા. એમણે નોર માણસા છોડી વીરડીમાં એમના મામાને ત્યાં નિવાસ કર્યો.

વાલેરો વરૂ અઢાર-વીસ વર્ષના નવજુવાન થયા. વાલેરા વરૂ નોર માણસાના અરધો અરધ ગરાસના વારસદાર હતા, પરંતુ બાપુ નવી રાણીની ચઢામણીથી વાલેરાને ભાગ આપવા તૈયાર નહોતા.

એક સમયે એમના મામા ડાયરો ભરીને બેઠા હતા.

કહુંબાપાણી લેવાઈ રહ્યા હતા. યુવાન વાલેરો પણ આ ડાયરામાં સામેલ હતા.

વાલેરાના મામાએ વાલેરાને ટકોર કરી, 'ભાણા ! હવે તું જુવાન થયો, આમને આમ હાથપગ બાંધીને ક્યાં સુધી બેસી રહીશ ? તારે તારો ગરાસ મેળવી લેવો જોઈએ.'

વાલેરાએ કહ્યું, 'મામા ! આપ જાણો છો, સમજાવટ કરી કરીને થાકી ગયા પણ બાપુ ગરાસ આપવાનું નામ લેતા નથી.'

મામાએ કહ્યું, 'ભાણા ! કાઠીના દીકરાથી હાથ જોડીને બેસી ના રહેવાય, લે આ પવનવેગી ઢેલ ઘોડી, ત્રણ-ચાર સાથીદારો અને ખેડ બહારવટું, ગરાસ માગી-ભીખીને ન મળે ! કાઠીનો દીકરો ગરાસ તો તલવારની ધારે મેળવે.'

આ રીતે મામાની સલાહથી વાલેરો બાપની સામે બહારવટે ચડ્યા.

નોર માણસાના વિસ્તારમાં વાલેરા વરૂની ધાક વાગવા લાગી. વાલેરાની ધાકથી નોર માણસાનો કોઈ ખેડુ સાંતી જોડી શકતો નહોતો, અને જો કોઈ સામો થઈને સાંતી જોડે તો વાલેરો એને કાંધ મારતા અને ગીરના ગાઢ જંગલોમાં ઊતરી જતા.

ગાંડી ગીર તો બહારવટિયાઓની મા ગણાય. નેકી-ટેકીને માટે રણે ચડેલા અને અન્યાયની સામે જ ઝઝૂમનારા બહારવટિયાઓ માટે આ માનો ખોળો સલામત આશ્રય સ્થાન હતું.

વાલેરાની રંજાડ ખૂબ વધી. ખેડૂતો ખેતરે જતા ડરવા લાગ્યા. મામૈયા વરુ પાસે રોજ રોજ ફરિયાદો આવવા લાગી. મામૈયા વરુએ વાલેરાને વશ કરવા ખૂબ પ્રયાસ કર્યા પણ પોતાના માણસોની ખુવારી સિવાય કંઈ હાથમાં ન આવ્યું.

## મહરી કોળીએ મારગ બતાવ્યો

એવામાં એક ઘટના બની.

નોર માણસાની સીમમાં વાલેરા વરૂને મહરી કોળીનો ભેટો થઈ ગયો.

મહરી કોળીને જોતા જ વાલેરાને બાળપણના સંભારણા તાજા થયા. મહરી કોળી ભલે કોળી હતો, પણ વાલેરાને ખોળામાં બેસાડીને ઉછેરનાર હતો. નાનપણનો એનો રમાડનાર હતો. પોતાની જનેતાના નાનામોટા બધા જ કામ મહરી કરતો. મહરીને જોતા જ વાલેરો વરૂ એમને ભેટી પડ્યા અને એમને ગળે ડૂમો ભરાઈ આવ્યો. મહરી કોળીની પણ એ જ દશા હતી.

મહરી કોળીએ મીઠા ઠપકાના સૂરે કહ્યું, ‘વાલેરા બાપુ ! આવું બધું ક્યાં સુધી ચાલશે! આ તો પખાલીને વાંકે પાડાને ડામ દેવાઈ રહ્યો છે. વાંક બાપુનો અને સજા પ્રજાને.’

વાલેરા વરૂએ કહ્યું, ‘મહરી ! મનેય આ ગમતું નથી! પણ બાપુ માને નહિ તો હું શું કરું ?’

આમ વાત કરતા કરતા વાલેરા વરૂને હૃદયમાં કંઈક સૂઝ્યું. એણે કહ્યું, ‘મહરી ! તું સાધુસંતોનો ભારે ભગત છે. તે કોઈ એવા પહોંચેલા સાધુ જોયા છે કે, જેના આશીર્વાદ લેવાથી મારો ગરાસ મને મળી જાય.’

મહરી કોળી બોલ્યો, ‘બાપુ ! એવા મહાન સંત તો સ્વામી ગુણાતીતાનંદજી છે. એમની કૃપા થાય તો ભલભલાના બેડાં પાર થઈ જાય, એવા એ સમર્થ સાધુ છે.’

વાલેરાએ કહ્યું, ‘મહરી ! એ સ્વામી મને ક્યાં મળે ?’

મહરીએ કહ્યું, ‘બાપુ ! સ્વામી બાબરિયાવાડ અને નાઘેરના ગામડાંઓમાં વારે ઘડીએ વિચરણ કરવા આવે છે. આપણા હૃદયની સાચી ભાવના હશે, તો સ્વામી અવશ્ય આપણને મળી જશે.’

અને ખરેખર થોડા દિવસમાં એમ જ થયું.

## જા તને સાત દિવસમાં ગરાસ મળશે !

જૂનાગઢના જોગંદર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઊના બાજુ જઈ રહ્યા હતા અને જે જગ્યાએ વાલેરા વરૂએ વિશ્રામ લીધો હતો. એ જ જગ્યાએ સ્વામી જઈ ચડ્યા.

સાધુઓને પોતાની તરફ આવતા જોઈ વાલેરાને થયું, 'આ કોણ હશે ? એમણે પોતાના માણસોને ઈશારો કર્યો.'

વાલેરાના માણસો વાટમાં સ્વામીને આડા ફર્યા અને બોલ્યા, 'મા'રાજ! તમે કોણ છો ? અને તમારે કઈ તરફ જવું છે ?'

ધીર ગંભીર પ્રભાવશાળી સંત ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'અમે ભગવાન સ્વામિનારાયણના સાધુ છીએ અને ઊના જઈ રહ્યા છીએ.'

પેલા માણસો બોલ્યા, 'મહારાજ ! આ મારગ ઊનાનો નથી. તમે ભૂલા પડી ગયા હોય એમ લાગે છે.'

સ્વામીએ કહ્યું, 'ભાઈ ! અમે ભૂલા પડ્યા નથી, પરંતુ ભૂલેલાઓને માર્ગે ચડાવવા માટે જ ફરીએ છીએ.'

સ્વામીની વાતને સમજી શકે એવી શક્તિ આ જાડધારા બહારવટિયાઓમાં ક્યાંથી હોય ! પરંતુ સ્વામિનારાયણ નામ પડતા વાલેરા વરૂ ચમક્યા. એ દોડતા સ્વામી પાસે આવ્યા.

સ્વામીએ વાલેરાને મીઠો આવકાર આપતા કહ્યું, 'આવો વાલેરા! આવો !'

અજાણ્યા સાધુના મોઢેથી પોતાનું નામ સાંભળતા વાલેરા વરૂને આશ્ચર્ય થયું. 'અરે ! આ સાધુને મારા નામની ખબર કઈ રીતે પડી ?'

અંતર્યામી સ્વામી બોલ્યા, 'વાલેરા ! અમે તો તમારા નામનેય જાણીએ છીએ, તમારા જીવનેય જાણીએ અને તમારા ભાવિને પણ જાણીએ છીએ. સાધુના જ્ઞાનના તળિયા જલદી હાથમાં આવતા નથી વાલેરા !'

વાલેરા વરૂ હાથ જોડીને બોલ્યા, 'મહારાજ ! આપનું નામ શું ?'

સ્વામી બોલ્યા, 'વાલેરા ! મારું નામ ગુણાતીતાનંદ ! માણસાના મહરી કોળીનો ગુરુ.'

સ્વામીનું નામ સાંભળતાં જ વાલેરા વરૂને મહરી કોળીની વાત યાદ આવી ગઈ. વાલેરા વરૂએ સ્વામીના પગ પકડ્યા અને કહ્યું, 'મા-બાપ! હું ક્યારનો તમારી જ રાહ જોતો હતો.'

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! એની અમને ખબર હતી એટલે જ અમે આવ્યા છીએ. વાલેરા! આમ, વાટમાં વાતું ન થાય. ચાલો એક બાજુ બેસીને નિરાંતે વાત કરીએ.'

ઘાટા વૃક્ષની છાયા નીચે સ્વામી અને વાલેરાએ બેઠક લીધી. સાથેના સંતોએ ઝાડવે ઝોળીઓ ટીંગાડી વિસામો લીધો.

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! તમે બહારવટું શા માટે ખેડો છો ?'

વાલેરાએ કહ્યું, 'સ્વામી ! મારા બાપુ મને ગરાસ દેતા નથી.'

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! વાંક બાપુનો અને ગરીબ પ્રજાને શા માટે પીડો છો ? નિર્દોષના હાયકારા જનમ જનમના પુણ્યને બાળીને ખાખ કરી નાખે છે.'

'વાલેરા ! તમે પૂર્વ ભવના પુણ્યશાળી જીવ છો પણ મારગ ભૂલી ગયા છો, એટલે અમે હમણાં જ તમારા માણસોને કહેતા હતા કે અમે ભૂલેલાઓને માર્ગે ચડાવવા માટે જ ફરીએ છીએ. તમે જે મારગ લીધો છે એ મારગ પાપનો છે, આ પાપના મારગેથી તમે પાછા વળી જાવ.'

સ્વામીના વેધક વચનોથી વાલેરાનું ભીંતર ભેદાવા લાગ્યું.

વાલેરાએ કહ્યું, 'સ્વામી ! આ પાપ તો મનેય ગમતા નથી. મારા બાપની આંખ ઉઘાડવા આ બધું કરવું પડે છે. આપ કહો છો તો આ મારગેથી પાછો તો વળી જાઉં, પણ મારા ગરાસનું શું ?'

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! ગરાસ મળે તો આ બધું છોડી દેશો?'

વાલેરાએ કહ્યું, 'હા, સ્વામી ! સૂરજનારાયણની સાખ્યે કહું છું કે ગરાસ મળી જાય તો હું આવા પાપ નહીં કરું.'

સ્વામીએ કહ્યું, 'તો જાવ વાલેરા !, આજથી સાતમે દિવસે તમારો ગરાસ તમને મળી જશે.'

વાલેરા વરૂ આશ્ચર્યથી સ્વામી સામુ જોઈ રહ્યા. એના મનમાં થયું 'આટલા આટલા દિવસ બહારવટુ ખેડ્યા પછી પણ જે ગરાસ ન મળ્યો એ સાત દિવસમાં કેમ મળશે ? આવી શંકામા ઘેરાયેલા વાલેરે પ્રશ્ન કર્યો, 'ખરેખર સ્વામી ?'

સ્વામીએ કહ્યું, 'હા, વાલેરા ! વિશ્વાસ રાખો, પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કરો, ભગવાન તમારા બધા જ ગુના માફ કરશે.'

સ્વામીના વચનથી વાલેરા વરૂનું અંતઃકરણ પલટી ગયું. એણે સ્વામીને ગુરુ ધાર્યા, કંઠી બંધાવી અને સત્સંગી થયા.

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા

છો, માટે હવેથી પાંચ વર્તમાન પાળજો, આજથી દારૂ પીશો નહિ, અખાજ ખાશો નહિ, ચોરી-લૂંટફાટ કરશો નહિ, બહેનું દીકરીઓની લાજમર્યાદા જાળવજો અને સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરજો.'

'વાલેરા ! અમારો તમને કોલ છે. આજથી સાતમે દિવસે તમે તમારા ગરાસના ધણી થશો.'

સ્વામીની વાત સાંભળતા વાલેરો વરૂ અત્યંત ભાવવિભોર થઈ ગયા.

એવામાં અચાનક એને કંઈક યાદ આવ્યું અને બોલ્યા, 'સ્વામી! મારે એક મુશ્કેલી છે.'

સ્વામી બોલ્યા, 'બોલો વાલેરા શું છે ?'

વાલેરાએ કહ્યું, 'સ્વામી ! મને સાત ગણતા નથી આવડતું તો મારે શું કરવું ?'

સ્વામીએ એક નાનકડી દોરી લઈ સાત ગાંઠોવાળી વાલેરાની કડીયાની કહે બાંધી દીધી અને બોલ્યા, 'લ્યો વાલેરા ! દરરોજ સૂરજ દાદો ઊગે ત્યારે એક ગાંઠ ખોલજો, સાતમી ગાંઠ ખુલશે તે દિ' તમને તમારો ગરાસ મળી જશે.'

વાલેરા વરૂ બોલ્યા, 'સ્વામી ! આ પે'લી ગાંઠ આજ ખોલું કે કાલ ખોલું.'

સ્વામી હસીને બોલ્યા, 'વાલેરા ! તમને ગરાસ મેળવવાની ઉતાવળ છે એટલે એક દિવસ ઓછો કરાવવો લાગે છે ! કાંઈ વાંધો નહિ, લ્યો પહેલી ગાંઠ અમે અમારે હાથે જ ખોલી દઈએ, સાત દિ'માં આજનો દિ' તમારે ગણી લેવો.'

આવા વચનસિદ્ધ ગુરુની પ્રાપ્તિથી વાલેરા વરૂને હૈયામાં આનંદ સમાતો નહોતો, એને વળી કંઈક યાદ આવ્યું અને બોલ્યા, 'સ્વામી મારે તમારી પાસેથી એક વચન લેવું છે ?'

સ્વામી બોલ્યા, 'બોલો, વાલેરા ! હજુ શું બાકી રહી જાય છે ? ભગવાન અને સાધુ તો કામધેનુ અને કલ્પવૃક્ષ જેવા હોય છે. એને સેવતા આવડે તો જે મનોરથ કરીએ, તે સર્વે ફળે છે.'

વાલેરા વરૂએ કહ્યું, 'સ્વામી ! મને મારા ભાગનો ગરાસ મળે ત્યારે નવા ગામનું તોરણ બાંધવા તમારે આવવું, એવો મને કોલ આપો.'

સ્વામી રાજી થઈને બોલ્યા, 'ભલે વાલેરા ! અમારું વચન છે, ગામનું તોરણ બાંધવા અમે અવશ્ય આવીશું પરંતુ અમારે પણ તમારી પાસેથી એક વચન લેવું છે.'

વાલેરા વરૂએ કહ્યું, 'બોલો, સ્વામી ! તમે જેમ કહેશો તેમ કરીશ.'

સ્વામીએ કહ્યું, 'વાલેરા ! નવા ગામનું તોરણ બાંધતી વખતે પહેલો પાયો

મંદિરનો નાખવો અને ત્યાં તમારે મંદિર બંધાવી દેવું. મંદિર હશે તો અનેક લોકો સત્સંગી થશે અને કુમાર્ગે જતા અટકશે.'

વાલેરા વરૂએ કહ્યું, 'ભલે સ્વામી ! આપની વાત મને મંજૂર છે.'

વાલેરા વરૂને આશિષ આપી જૂનાગઢના વચનસિદ્ધ જોગી તુલસીશ્યામને માર્ગે ઊના પધાર્યા.

## જૂનાગઢના જોગીની આશિષ ફળી

આ બાજુ દરરોજ સૂરજ ઊગે અને વાલેરો વરૂ દરરોજ એક ગાંઠ ખોલી રહ્યા છે. સાથોસાથ આખો દિવસ "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" મહામંત્રનું રટણ કરી રહ્યા છે.

આમ કરતાં કરતાં છ છ દિવસ આંખના પલકારાની જેમ વીતી ગયા, પરંતુ ગરાસ મળવાની કોઈ એંધાણી દેખાતી નથી.

સાથેના સાથીદારોએ કહ્યું, 'વાલેરા ! આમ ટીલાં ટપકાં તાણવાથી અને માળા ફેરવવાથી ગરાસ ન મળે, ગરાસ તો તલવારોની ધારે મળે.'

સાથીદારની વાત સાંભળી ઘડીવાર તો વાલેરાનો વિશ્વાસ ડગવા લાગ્યો પણ વળી એને એમ થયું કે, 'મારા ગુણાતીત ગુરુના વેણ ક્યારેય ખોટા ન પડે.'

વાલેરાએ પોતાના સાથીદારોને કહ્યું, "તલવારને તો મહિનાઓથી તા'ણી જોઈ, હવે માળાનો અખતરો કરી જોઈએ ?"

આમને આમ સાતમો દિવસ ઊગ્યો, વાલેરાએ સાતમી ગાંઠ છોડી એ જ વખતે એના બાતમીદારે આવીને ખબર કર્યા, 'બાપુ ! જલ્દી અહીંથી ભાગો, નવી માની ચઢામણીથી ખુદ મામૈયા બાપુ, આઠ-દસ ઘોડેસવારો સાથે તમને મારવા આવે છે.'

વાત સાંભળતાં જ વાલેરો વરૂ છલાંગ મારી પવનવેગી ઢેલ ઉપર ચડ્યા અને ઢેલને જાણે અજાણે તુલસીશ્યામને માર્ગે મારી મૂકી.

ગાંડી ગીરમાં ઘોડાના ડાબલા ગાજતા જાય છે. આગળ ઢેલ દોડી રહી છે અને પાછળ કાળઝાળ મામૈયો વરૂ મારતે ઘોડે દોડ્યા આવે છે, પણ પવનવેગી ઢેલને આંબવી એ કોઈ રમત વાત નહોતી.

ઢેલને દોડાવી રહેલા વાલેરા વરૂના હૃદયમાં વિચાર થયો કે, 'ગુણાતીત ગુરુએ કહ્યું હતું કે, સાતમે દિવસે તને ગરાસ મળશે, ગરાસ તો ન મળ્યો, પણ મોત મળવાની તૈયારી થઈ ! શું સ્વામીએ મને માણસાના ગરાસને બદલે સરગાપુરનો

ગરાસ મળવાની વાત કરી હતી !'

★ ★ ★ ★ ★

વાલેરો વરૂ જ્યાં આમ વિચાર કરે છે ત્યાં એક અણધારી ઘટના ઘટી.

વાલેરો વરૂ તુલસીશ્યામના આંગણે પહોંચ્યા અને એજ સમયે શેલણા, ભમોદરા અને વીરડી ગામના એમના મામાના પક્ષનો કાઠી ડાયરો તુલસીશ્યામને દર્શને આવ્યો હતો.

લગભગ પચ્ચીસ-ત્રીસ ઘોડેસવારો હતા.

મામાને જોતા જ વાલેરા વરૂએ ઢેલને ઊભી રાખી અને છલાંગ મારી નીચે ઊતર્યા. મામાએ પણ પરસેવાથી રેબઝેબ ભાણાને જોયો એટલે પૂછ્યું, 'કેમ વાલેરા ! આ શું રઝળપાટ માંડી છે?'

વાલેરાએ કહ્યું, 'મામા ! વાત કરવાનો સમય નથી, સ્વયં બાપુ વાર લઈને હાલ્યા આવે છે. હમણાં આંબી જશે.' ત્યાં તો ઘોડાઓના ડાબલા ગાજવા લાગ્યા.

મામા પક્ષનો કાઠી ડાયરો સતેજ થઈ ગયો આંખોના ઈશારે સંકેત થયો અને સૌએ પોતપોતાના ઘોડાઓ ઉપર રાંગ વાળી.

મામાએ કહ્યું, 'વાલેરા ! તું એક બાજુ થઈ જા, હવે તું એકલો નથી, આ મામૈયાનો ખેલ અમે ઘણા દિવસથી જોઈ રહ્યા છીએ, આજે ફેંસલો કરી લેવો છે.'

મામાએ આમ વાત કરી એટલામાં તો મામૈયા વરૂ પહોંચી ગયા.

આ બાજુ વાલેરા વરૂના મામા ત્રીસ-ત્રીસ ઘોડેસવારો સાથે આડા ઊભા રહ્યા.

આ સિંહ જેવા શૂરવીર કાઠી દરબારોએ પોતપોતાની તલવારો મ્યાનમાંથી બહાર કાઢી લીધી.

મામૈયા વરૂ તો જોઈ રહ્યા. આ રીતે સામનો થશે એની મામૈયા વરૂને સ્વપ્નેય ધારણા નહોતી.

વાલેરા વરૂના મામાએ મર્મ કર્યો, 'કેમ દરબાર ! આમ મારતે ઘોડે કઈ તરફ ? શું કોઈની જાનમાં જાવ છો?'

મામૈયા વરૂ બોલ્યા, 'દરબાર ! મામલો જે છે તે તમારી સામે છે. વાલેરાની રંજાડથી હું વાઝ આવી ગયો છું. વસ્તીનો ત્રાસ મારાથી ખમાતો નથી, એટલે વાલેરાને મારવા વાર લઈને ચડ્યો છું.'

વાલેરા વરૂના મામા બોલ્યા, 'દરબાર ! વાલેરાને હાથ અડાડતા પહેલા સાત વાર વિચાર કરજો. વાલેરો એકલો નથી અને અમે કાંઈ બંગડીઓ પહેરી નથી.'

મામૈયા વરૂ મામલો પામી ગયા.

વાલેરા વરૂના મામાએ કહ્યું, ‘દરબાર ! વાલેરાનો ગરાસ આપી દો એટલે વાત પતી જાય. ઓલી માનીતીનો છોકરો બહુ વહાલો છે ? દરબાર ! તમારી હવે વૃદ્ધ ઉંમર થઈ. આ ઉંમરે બાઈ માણહને ઈશારે નાચવું શોભતું નથી. બોલો વાલેરાના ગરાસનો ફેંસલો કઈ રીતે કરવો છે ? તલવારથી કે શ્યામની સાક્ષીએ સમાધાનથી !

મામૈયાને મનમાં થયું લડાઈનો કોઈ અર્થ નથી. અમે દસ છીએ તો એ ત્રીસ છે. લડાઈથી તો ગાંઠનું ગોપીચંદન પણ જાય એમ છે.

એમણે કહ્યું, ‘દરબાર ! આ તો ઘરનો મામલો છે, ઘરમાં જ પતી જાય તો સારું. આ દરરોજના કંકાસથી હુંય હવે થાક્યો છું. હાલો, આપણે શ્યામની સાક્ષીએ સમાધાન કરીને કહુંબા પાણી કરીએ.‘

બધો જ કાઠી ડાયરો તુલસીશ્યામના મંદિરમાં ભેગો થયો. શ્યામની સાક્ષીએ મામૈયા વરૂએ વાલેરા વરૂને એનો ભાગ આપવાનો કોલ દીધો અને સૌ કહુંબા પાણી લઈને છૂટા પડ્યા.

મામૈયા વરૂ કાઠીના દીકરા હતા, ડરપોક નહોતા, એ આમ જલદી ડરીને ભાગ આપી દે એમ નહોતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદની કોઈ અદ્‌ભુત અને અદૃશ્ય શક્તિ એમના અંતરમાં રહીને પ્રેરણા કરી રહી હતી.

ગુણાતીત ગુરુએ કહ્યું હતું, એ જ રીતે બરાબર સાતમે દિવસે વાલેરા વરૂને પોતાનો ગરાસ અણધારી રીતે પ્રાપ્ત થયો !

વાલેરા વરૂએ ગુરુના વચનમાં રાખેલો વિશ્વાસ ફળ્યો.

વાલેરા વરૂએ જ્યારે ડાયરાને આ વાત કરી ત્યારે સમસ્ત કાઠી ડાયરાના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મામૈયા વરૂને મને કમને ભાગ દેવો પડ્યો હતો એટલે એમણે ધૃતરાષ્ટ્રે જેમ પાંડવોને ઈન્દ્રપ્રસ્થની બંજર ભૂમિ આપી હતી એવી જ પચાસ સાંતીની જમીન મામૈયા વરૂએ વાલેરા વરૂને પધરાવી દીધી.

## સ્વામીએ માણસા ગામનું તોરણ બાંધ્યું

પાંડવોએ ભગવાન કૃષ્ણના વચનમાં વિશ્વાસ રાખીને પોતાનો ભાગ સ્વીકાર્યો હતો એ જ રીતે વાલેરા વરૂએ પણ ગુણાતીત ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને

બાપુએ જે ભાગ આપ્યો તે સ્વીકારી લીધો.

વાલેરા વરૂએ નોર માણસાથી થોડે દૂર પાટી માણસા નામનું ગામ વસાવ્યું.

ગુણાતીતાનંદ સ્વામી માણસા પધાર્યા અને નવા ગામનું તોરણ બાંધ્યું અને આશીર્વાદ આપ્યા કે અહીં વસનારા ખૂબ જ સુખી થશે.

વાલેરા વરૂએ કહ્યું, 'સ્વામી ! આપે આપના વચન પૂર્ણ કર્યા હવે મેં આપને આપેલ વચન પૂર્ણ કરવાનું છે. આપ બતાવો એ જગ્યાએ પહેલા મંદિરનો પાયો નાખીએ પછી ગામનો.'

સ્વામીએ સુંદર જગ્યા પસંદ કરી પોતાના પગથી લંબચોરસ લીટો કર્યો અને કહ્યું, 'વાલેરા ! આ જગ્યાએ મંદિર બાંધજો અને મંદિરથી થોડે દૂર દરબારગઢ બાંધજો.'

વાલેરા વરૂએ સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરી બેય બાજુ ઓસરી-ઉતારવાળુ ખૂબ સુંદર મંદિર બંધાવ્યું.

મંદિરની બાજુમાં જ દરબારગઢનું નિર્માણ કર્યું. ધીરે ધીરે આખું ગામ વસ્યું.

ગામમાં અને સીમમાં પાણીના તળ બહુ ઊંડા હતા એટલે લોકો જલ્દીથી માણસામાં રહેવા આવતા નહોતા.

વાલેરા વરૂ જૂનાગઢ ગયા અને સ્વામીને પાણીના દુઃખની વાત કરી.

સ્વામીએ કહ્યું "વાલેરા ! અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ મહારાજ તમારુ પાણીનું દુઃખ દૂર કરશે."

સ્વામીના આશીર્વાદથી ગામમાં અને સીમમાં પાણીના તળ ઊંચા આવ્યા.

પાટી માણસાની પ્રજા ખેતીવાડી, ખાધેપીધે ખૂબ જ સુખી થઈ. વાલેરા વરૂએ પોતાની રૈયતને પોતાના સંતાનની જેમ સાચવી.

વાલેરા વરૂ મહાન ભક્તરાજ થયા. એમના વંશમાં પણ ઉત્તરોત્તર એવા જ ભક્ત થતા રહ્યા.

વાલેરા વરૂને બે દીકરા થયા કાળાબાપુ અને ભગવાનબાપુ. કાળા બાપુને બે દીકરા થયા કથુ બાપુ અને ભાયા બાપુ. કથુ બાપુને બે દીકરા થયા દાદા બાપુ અને ચાંપરાજ બાપુ, ચાંપરાજ બાપુને ત્યાં એક મહાન મુક્તાત્માએ જન્મ ધારણ કર્યો. એનું નામ હતું આપા બાપુ.

આપા બાપુ આત્મનિવેદી ભક્ત હતા.

મોટા સંતો કહેતા કે, 'જેણે અંબરીષ રાજા ન જોયા હોય એણે આપા બાપુને જોઈ લેવા.'

આપા બાપુને ત્યાં કથુભાઈ નામના દીકરા થયા અને કથુભાઈને ત્યાં ઘનશ્યામભાઈ અને શિવરાજભાઈ નામના દીકરા થયા.

આજે પણ આ પૂરો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે.

સમય જતા વાલેરા વરૂએ બંધાવેલું મંદિર જીર્ણ થયું ત્યારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે મંદિરના પ્રસાદીના મૂળ પાયાને સાચવીને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

આ દિવ્ય પ્રસંગની ગાથા ગાતું એ મંદિર આજે પણ દસ્તાવેજી પુરાવા તરીકે મોજુદ છે.

## ઠાકરનો ચાકર વાલેરો

દરબાર વાલેરા વરુ ગામધણી દરબાર હતા. એમને ત્યાં કામ કરનારા અનેક નોકર ચાકર હતા છતાં  મંદિરમાં જાતે સંજવારી કાઢતા, જાતે દીવો કરતા, જાતે થાળ ધરતા.

એક સમયે દરબારને કંઈ કારણવશાત્ મંદિરે આવતા થોડું મોડું થયું, એટલે બાપુની સેવામાં રહેલા મેઘા વાળંદે સંજવારી કાઢી, ઠાકોરજીને જગાડ્યા, દીવાબત્તી કર્યા અને થાળ ધર્યો.

આજે આમ અણધારી રીતે ઠાકોરજીની સેવાનો અવસર મળવાથી મેઘા વાળંદના મનમાં આનંદ થઈ રહ્યો હતો.

થોડીવારમાં દરબાર આવ્યા, એમણે મેઘા વાળંદને પૂછ્યું, ‘‘એલા મેઘા ! આ બધું કોણે કર્યું ?’’

મેઘા વાળંદે કહ્યું, ‘‘બાપુ ! આપને મોડું થયું, એટલે મને લાભ મળી ગયો, આ બધી સેવા મેં કરી.’’

મેઘાના મનમાં એમ કે સાંભળીને બાપુ રાજી થશે પણ થયું ઉલ્ટુ !

દરબારે ખોટે ખોટી રીસ કરીને કહ્યું, ‘‘એલા, મેઘા ! તું હમણાં ને હમણાં હાલતો થઈ જા.’’

મેઘાએ કહ્યું, ‘‘બાપુ ! મારો શું વાંક ?’’

દરબારે કહ્યું, ‘‘જો, મેઘા ! હું ઠાકોરજીનો ચાકર છું, માટે મંદિરમાં ઠાકોરજીની સેવા હું કરીશ. તું મારો ચાકર છે માટે ડેલીયે તારે મારી સેવા કરવી પણ અહીં મારા ભાગની સેવા તું કરીશ તો કાઢી મેલીશ.’’

મેઘા વાળંદે કહ્યું, ‘‘પણ, બાપુ ! હું ક્યારેક લાભ લઉં તો, શું વાંધો છે ?’’

બાપુ મીઠું મીઠું મરકતા બોલ્યા, ‘‘માળા ! એમાં તને કાંઈ ખબર ન પડે.

જો સાંભળ ! તું ઠાકોરજીની સેવા કરે એટલે તું રાજા થા અને મારે તારા ગોલા થવું પડે, મારે એવો ખોટ્યનો ધંધો નથી કરવો. માટે તારે મારી સેવા કરવી અને મારે ઠાકોરજીની સેવા કરવી. ભાળ્ય, જો હવે પછી મારી સેવામાં ભાગ પડાવ્યો છે તો તારી ખેર નથી !''

મેઘા વાળંદે કહ્યું, ''ભલે, બાપુ ! પહેલો ગનો માફ કરો.''

ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી એક વખતના ખૂંખાર બહારવટિયા વાલેરામાં અંબરીષ રાજા જેવી ભક્તિ ઉતરી હતી.

એટલું જ નહિ, સ્વામીની કૃપાથી વાલેરા વરુના વચન ફળતા, કંઈક દુઃખીયા સુખિયા થતા, કંઈક વાંઝિયાઓને દીકરા મળતા.

## માણસાના દરબારોનો શિર સાટે સત્સંગ

વાલેરા વરુના વંશજ દરબાર આપા ભગત એક વાત કરતા તે આ પ્રસંગે અહીં ઉમેરવાનું મન થાય છે.

ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી વાલેરા વરુ સત્સંગી થયા. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી વાલેરા વરુનું પાટી માણસા ગામ ઉજ્જડ ભૂમિમાં નાનકડું સ્વર્ગ ઉતર્યું હોય એમ ખૂબ જ હરિયાળું અને સમૃદ્ધ થયું.

વાલેરા વરુ પોતાની ઉપજમાંથી ચોખ્ખો દશાંશ ધર્માદો કાઢતા હતા અને જૂનાગઢ રાધારમણદેવને મોકલતા. સાથોસાથ તુલસી-શ્યામની જગ્યામાં પણ ધર્માદા પેટે માણા-માપે પોતાના ભાગે આવતું અનાજ મોકલતા.

ભગવાન તુલસી-શ્યામ બાબરિયાવાડના કાઠીઓના આરાધ્ય દેવ છે. જે 'શ્યામ' એવા ટૂંકા હુલામણા નામે પણ પ્રસિદ્ધ છે.

કાઠી દરબારોની નાત દ્વારા તુલસી-શ્યામની જગ્યાના નિભાવ માટે દર વર્ષે માણા-માપે અનાજ મોકલવાનો ધારો ઘડવામાં આવ્યો હતો.

વાલેરા વરુ આ ધારાનું નિયમિત પાલન કરતા હતા પરંતુ તેઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા એ તુલસી-શ્યામની જગ્યાના તત્કાલીન મહંત અને કેટલાક કાઠીઓને ગમ્યું નહોતું. એટલે તેઓ વાલેરા વરુને કોઈપણ પ્રકારે હેરાન કરી નાત બા'ર કરવાનો પ્રયાસ કરતા હતા. પરંતુ વાલેરા બાપુની ધાક એવી હતી કે, કોઈ એમનું નામ લઈ શકે તેમ નહોતા. વાલેરા બાપુ ધામમાં પધાર્યા પછી આ લોકોએ એમના પરિવાર ઉપર ઉપાધિ વધારી મૂકી અને આ બાબતના ફેંસલા માટે બાબરિયાવાડી કાઠીઓની નાત ભરવાનું નક્કી કર્યું.

વાલેરા બાપુના દીકરા કાળા બાપુને તુલસી-શ્યામની જગ્યામાં બોલાવવામાં આવ્યા. દરબાર કાળા બાપુ તુલસી-શ્યામ જતાં પહેલા મંદિરમાં દર્શને આવ્યા અને મહારાજને પ્રાર્થના કરી, "મહારાજ! આ સંકટમાં તમે સાથે રહેજો !"

કાળુ બાપુએ નક્કી કર્યું હતું કે, "નાત બા'રા થવું પડશે તો નાત બા'રા થશું, પરંતુ સત્સંગ છોડવો નથી."

આવા દૃઢ નિરધાર સાથે કાળા બાપુ તુલસી-શ્યામ ગયા અને શ્યામને પણ ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી કે, "હે શ્યામ ! મેં તમારો કોઈ અપરાધ કર્યો નથી, માટે તમે પણ સહાયમાં રહેજો." તુલસીશ્યામની જગ્યામાં આભને પણ થોભા દીયે એવા એકેકથી ચડિયાતા કાઠી દરબારો ભેગા થયા હતા.

આગેવાન દરબારોએ મંદિરના જગ્યાના મહંતજીને કહ્યું, "બોલો, મહંતજી ! આ નાત શેને માટે ભેગી કરી છે ?"

મહંતજીએ કહ્યું, "આપણે વર્ષોથી શ્યામના સેવકો છીએ પણ આ માણસાના દરબારોને સ્વામિનારાયણના સાધુઓએ ભરમાવ્યા છે એટલે એમણે શ્યામનું શરણું છોડીને પાખંડનો આશ્રય કર્યો છે અને કાઠી કુળને લાંછન લગાડયું છે. માટે કાં તો એ એની કંઠીઓ તોડે અને કાં તો નાત એને નાત બા'રા મેલે."

નાતના આગેવાનોએ કાળા બાપુને પૂછ્યું, "બોલો, દરબાર ! તમારે આ અંગે શું કહેવું છે ?"

કાળા બાપુના હૃદયમાં સર્વોપરી અને સમર્થ ભગવાન શ્રી સ્વામિનારાયણનું બળ હતું. એટલે એમણે કોઈ જાતની શેહ-શરમ રાખ્યા સિવાય નીડરતાથી કહ્યું, "ભગવાન તો બધા એક છે પછી શ્યામ હોય કે સ્વામિનારાયણ ! અમારે કોની કંઠી બાંધવી કે ન બાંધવી? એનો નિર્ણય અમારે કરવાનો છે, બીજાએ નહિ.

આપણી નાતના રિવાજ પ્રમાણે શ્યામની જગ્યામાં મારે ભાગે દાન-ધર્માદામાં જે માણું-માપ દેવાનું છે તે હું નિયમિત મોકલાવું છું. પૂછો મહંતને! મારો ધર્માદો જગ્યામાં આવે છે કે નહિં?" નાતના આગેવાનોએ મહંતને પૂછ્યું, " બોલો, મહંતજી! કાળા બાપુની વાત સાચી છે? "

મહંતે માથું હલાવીને હા પાડ્યા સિવાય છૂટકો નહોતો.

આગેવાનોએ કહ્યું, "બોલો, કાળા બાપુ હવે તમારે બીજું શું કહેવું છે ?"

કાળા બાપુએ કહ્યું, "અમે સ્વામિનારાયણની કંઠી બાંધી એમાં એવો તે ક્યો ગુનો કર્યો છે ? કે આટલો બધો દેકારો કરવામાં આવે છે."

"સ્વામિનારાયણની કંઠી બાંધ્યા પછી અમે નાત્યનો ધારો તોડ્યો નથી.

અખાજ ખાતા નથી, દારુ પીતા નથી, બહેનો-દીકરીઓની લાજ લૂંટતા નથી તો અમે ક્યો એવો કાળો કામ કર્યો? કે આ રીતે અમને દંડ દેવા કાઠી ડાયરાને ભેગું થાવું પડ્યું !'' ''બીજું આ મહંતને ગાંજા અને ભાંગ વગર એક ઘડી હાલતું નથી, સવારના પો'રમાં ગાંજાના પાંદડાનું શાક ખાધા પછી એની આંખો ઉઘડે છે, એના મળતીયાઓની પણ એ જ દશા છે. આવા ગંજેરી ભંગેરીઓને અમારી વિરુદ્ધ વાતો કરવાનો શો અધિકાર છે ?''

કાળા બાપુની નિર્ભય અને ધારદાર વાણી સાંભળીને આખો ડાયરો સ્તબ્ધ બની ગયો. ટાંચણી પડે તોય સંભળાય એવી નીરવ શાંતિ પથરાઈ ગઈ.

ડાયરામાં શેલણા, ભમોદરા અને વીરડીના દરબારો બેઠા હતા. એ બધા ઊભા થઈ ગયા અને બોલ્યા, ''કાળા બાપુની વાત સાચી છે. તેઓ નિયમિત શ્યામનું માણું ભરી ધર્માદો આપે છે, કોઈ કાળા કામ કરતા નથી અને નાતનો કોઈ અપરાધ કર્યો નથી, જો એણે નાતનો કાંઈ ગુનો કર્યો હોય તો એનો નિર્ણય નાત કરે, પણ કોણે ક્યો ધર્મ પાળવો ? કે ન પાળવો, એમાં નાતે શું કામ માથું મારવું જોઈએ ? અમે જોઈ લઈએ છીએ કે માણસાના દરબારોને કોણ નાત બા'રા કરે છે ?''

નાતમાં ચારે બાજુ હો હા થઈ પડી. નાતના આગેવાનોએ વિચાર કર્યો કે, 'આવી બાબતમાં ન પડવામાં જ સાર છે. જેને જે ધર્મ પાળવો હોય તે પાળે, નાતને શું લેવા દેવા ?'

નાતના આગેવાનોએ મહંતજીને કહ્યું, ''મહંતજી ! ધર્મના ઘણા કામ કરવાના છે તે કરો, આવી બાબતોથી તો નાતમાં અંદરો અંદર વિખવાદ થાય અને નાત વેર વિખેર થઈ જાય.'' આમ, વાત કરતા કરતા ડાયરો હડુડાટ ઊભો થઈ ગયો અને કોઈ જાતના નિર્ણય વગર નાત વિખરાઈ ગઈ. ઉપાધિ ઊભી કરનારાઓના મોઢા કાળા મેસ જેવા થઈ ગયા.

સંકટના સમયે ભગવાને માણસાના વરુ દરબારોની સહાયતા કરી, લાજ સાચવી લીધી.

આનું નામ કાઢી તલવારે સત્સંગ કહેવાય.

શૂરવીર સત્સંગીઓ ગમે તેવી કસોટી આવે છતાં ધીરજ અને સત્સંગ છોડતા નથી. ગુણાતીતાનંદ સ્વામીની કૃપા અને એમના સમાગમથી પાટી માણસાના દરબારોમાં આવા શૌર્ય અને ધૈર્ય પ્રગટ્યાં હતા. એમણે શિર સાટે સત્સંગ રાખ્યો હતો.

# દાડમાના નથુ ભટ્ટ

દાડમાના નથુ ભટ્ટ મહાન મુક્તરાજ હતા. નથુ ભટ્ટનો વ્યવહાર સાધારણ હતો, છતાં નથુ ભટ્ટ નરસિંહ મહેતાની જેમ અહર્નિશ આનંદમાં રહેતા.

ભગવાન સ્વામિનારાયણનું ભજન નથુ ભટ્ટનું અખૂટ નાણું હતું અને ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો એમની સાચી મૂડી હતી. એમનો જીવ આ મહાન સદ્‌ગુરુ સાથે હેતથી જોડાયો. નથુ ભટ્ટના પ્રેમને વશ થઈને ગુણાતીતાનંદ સ્વામી અવાર-નવાર દાડમા પધારતા હતા.

વિ. સં. ૧૮૯૬ની સાલ હતી. સ્વામી દાડમા પધાર્યા હતા. સવારનો સમય હતો. સ્વામી સ્નાનાદિથી પરવારી પૂજા કરવા બેઠા.

પૂજામાં સ્વામી ધ્યાન મગ્ન બની ગયા. ઘણો સમય વીતી ગયો પછી સ્વામી ધ્યાનમાંથી જાગ્યા.

નથુ ભટ્ટે કહ્યું, ‘‘સ્વામી ! તમે તો આજ ખૂબ મહારાજને સંભાર્યા.’’

સ્વામી કહે, ‘‘ નથુ! અમારે મહારાજને સંભારવા પડતા નથી, મહારાજ તો અખંડ અમારી સાથેને સાથે હોય છે.’’

સ્વામીની વાત સાંભળી નથુ ભટ્ટને અત્યંત આશ્ચર્ય થયું. નથુ ભટ્ટ હૃદયના ભાવથી સ્વામીનો સમાગમ કરતા હતા અને જેમ જેમ સમાગમ કરતા ગયા, તેમ તેમ એમના અંતરમાં ભગવાન શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય દઢ થતો ગયો. તેઓ ગુણાતીતાનંદ સ્વામીની કથા-વાર્તા સાંભળ્યા સિવાય રહી શકતા નહોતા.

નથુ ભટ્ટ પવિત્ર બ્રાહ્મણ હતા.બ્રાહ્મણના આચાર-વિચારનું તેઓ પાલન કરતા હતા. મહિમાયે સહિત શ્રીહરિની ભક્તિ કરવી અને ભગવાનના એકાંતિક સત્પુરુષ સાથે જીવ જોડવો, એ નથુ ભટ્ટનું અંગ હતું.

## નથુભટ્ટને સમાધિ

એકવાર સ્વામી નથુ ભટ્ટને ત્યાં દાડમા પધાર્યા હતા. સ્વામી નથુ ભટ્ટને સમજાવી રહ્યા હતા, ‘‘નથુ ! મહારાજના અક્ષરધામની આગળ બીજા દેવતાઓના

લોક તો નરકના કુંડ જેવા છે.''

''અક્ષરધામમાં બિરાજમાન મહારાજની મૂર્તિના સુખની તો વાત જ અનોખી છે. ભગવાનના સુખની પાસે બ્રહ્માંડના મોટા મોટા ઈશ્વરોનું સુખ તુચ્છ જેવું છે.''

અંત્યના ૩૯ના વચનામૃતમાં મહારાજ કહે છે કે, ''જેમ ચક્રવર્તી રાજાને ગામડાંઓની ગણતરી ન હોય, તેમ ભગવાનને બ્રહ્માંડોની ગણતરી નથી.''

''જેમ કોઈ ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય, તે પોતાના ઘરમાં અનેક પ્રકારના ભોજન જમતો હોય અને તે જમીને ઉચ્છિષ્ટ બટકું રોટલો કૂતરાને નાખે, તે અતિશય તુચ્છ કહેવાય અને પોતે જમતો હોય, તે મહાસુખ કહેવાય. તેમ ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચ વિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિશય તુચ્છ છે અને પોતાને વિષે જે સુખ છે, તે તો મહા મોટું છે.''

નથુ ભટ્ટ ભારે એકાગ્રતાથી સ્વામીના મુખેથી કથા-વાર્તા સાંભળી રહ્યા હતા.

સ્વામીની વાતો સાંભળતાં સાંભળતાં નથુ ભટ્ટને મનમાં વિચાર થયો, ''સ્વામી વાત કરે છે, એની અનુભૂતિ મને ક્યારે થશે ?''

એ જ વખતે સ્વામીએ નથુ ભટ્ટને સમાધિ કરાવી.

નથુ ભટ્ટને કરોડે કરોડ સૂર્ય અને ચંદ્રને લજાવે એવું શીતળ-શાંત તેજ દેખાયું અને એ અક્ષરબ્રહ્માત્મક તેજના મધ્યને વિષે બિરાજમાન ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શન થયા. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી મહારાજની સન્મુખ હાથ જોડીને મહારાજની સેવામાં તત્પર થઈને ઊભા હતા.

ચકોર જેમ ચંદ્રની સામે જોઈ રહે, એમ અનંતકોટિ અક્ષરમુક્તોના મંડળો મહારાજની સામે એકદૃષ્ટિથી જોઈ રહ્યા હતા અને મૂર્તિના આનંદમાં ગરકાવ થયા હતા. આ દિવ્ય દર્શન કરતા નથુ ભટ્ટને અહો ! અહો !થવા લાગ્યું.

નથુ ભટ્ટ ઘણો સમય સુધી આ આનંદ સાગરમાં ગરકાવ રહ્યા.

સ્વામીએ નથુ ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા અને પૂછ્યું, ''એલા, નથુ ! હવે તો અમારી વાતની પ્રતીતિ આવી ને ?''

નથુ ભટ્ટે કહ્યું, ''હા, સ્વામી ! આજે આપે મને ધન્ય બનાવી દીધો.''

ગુણાતીતાનંદ સ્વામીએ નથુ ભટ્ટને મહારાજની મૂર્તિ સાથે જોડી દીધા હતા.

સ્વામીએ નથુ ભટ્ટને ઘેડ્ય પાડી હતી કે, ''નથુ ! સાધુ સાથે હેત કરાય પણ ઉપાસના તો મહારાજની જ કરાય. મહારાજે સ્વમુખે વચનામૃતમાં કહ્યું છે કે, ''ભગવાનમાં જેવું હેત કરવું, એવું મોટા મુક્ત સાધુ સાથે પણ ન કરવું.''

"નથુ ! તને મારી સાથે ખૂબ હેત છે પણ એક વાત સમજી લે. અમે તો પુરુષોત્તમ નારાયણની જાનડીયો છીએ. જાનડીયું જેમ વરરાજાના ગુણ ગાય, એમ અમે પુરુષોત્તમ નારાયણના ગુણ ગાઈએ છીએ."

"અક્ષરાદિક મુક્ત આ પુરુષોત્તમનારાયણના છે એમ માનીને હેત કરવું પણ વરવા જેવા તો એક પુરુષોત્તમ નારાયણ છે, એ વિવેક ક્યારેય ચૂકવો નહિ."

સ્વામીએ કરાવેલી દિવ્ય અનુભૂતિથી નથુ ભટ્ટ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિની શુદ્ધ ઉપાસનાનો મર્મ સમજી ગયા. તેમને મહારાજની મૂર્તિમાં અસાધારણ હેત થયું. તેઓ પતિવ્રતા ભાવે મહારાજનું આરાધન કરવા લાગ્યા.

## આવા ઘી ભરેલા રોટલા કરતાં લાડવા શું ખોટા?

વિ. સં. ૧૯૦૬ ની સાલમાં સ્વામી બાબરિયાવાડમાં વિચરણ કરી રહ્યા હતા.દાડમાથી નથુ ભટ્ટ સ્વામીના દર્શને આવ્યા અને સ્વામીને આગ્રહ કરવા લાગ્યા કે, "સ્વામી ! તમે દાડમા પધારો."

સ્વામી કહે, "નથુ ! તું દર વખતે અમે ના પાડીએ છીએ, છતાં પાકી રસોઈ કરી સાધુને જમાડે છે. માટે અમે નહિ આવીએ." નથુ ભટ્ટે કહ્યું, "સ્વામી ! જો આપ પધારો, તો જેમ તમે રાજી થશો, તેમ જ હું કરીશ."

સ્વામી કહે, "દાળ-રોટલા કર, તો જ અમે આવીએ."

નથુ ભટ્ટે કહ્યું, "ભલે, સ્વામી ! હું દાળ-રોટલા કરીશ.પણ આપ પધારો."

નથુ ભટ્ટનો ભાવ પૂરો કરવા માટે સ્વામી સંત-મંડળ સાથે દાડમા પધાર્યા.

આ બાજુ નથુ ભટ્ટે બાજરાના રોટલા કર્યા. રોટલા ફૂલીને દડા જેવા થયા. નથુ ભટ્ટે ફૂલેલા રોટલામાં ખૂબ ઘી નાખ્યું.

સ્વામી અને સંતોની પંક્તિ થઈ.નથુ ભટ્ટે રોટલા અને દાળ પીરસ્યા.

સ્વામીએ જેવો રોટલો ભાંગ્યો, તો રોટલો ઘીથી તરબતર હતો.

સ્વામીએ કહ્યું, "એલા, ભટ્ટડા ! તોય તેં તારું ધાર્યું કર્યું!"

નથુ ભટ્ટે હસીને કહ્યું, "સ્વામી ! મારે તો તમને લાડુ જમાડવા હતા પણ તમે ના પાડી એટલે રોટલા અને દાળ જ કર્યા છે, બીજું કાંઈ કર્યુ નથી."

સ્વામી હસીને બોલ્યા, "એલા ભામણ! આ તારા ઘીથી નીતરતાં રોટલા કરતાં લાડવા શું ખોટા?સાધુને આવા રસકસવાળા ભોજન પોસાય નહિ."

આમ કહી સ્વામીએ પતરમાં સારી પેઠે છાસ નાખી, રોટલો ચોળી રસકસ વગરનો કર્યો પછી જમ્યા.

## પાનબાઇએ કાંબીઓ વેચી સંઘ જમાડ્યો

વિ. સં. ૧૯૦૯ ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને લઈને બાબરિયાવાડના ગામડાંઓમાં ફરતા હતા.

નથુ ભટ્ટે સ્વામીને ખૂબ આગ્રહ કર્યો કે, ‘‘સ્વામી ! આપ આચાર્ય મહારાજને લઈને દાડમા પધારો.’’ સ્વામીએ કહ્યું, ‘‘નથુ ભટ્ટ ! તમારો વ્યવહાર સાધારણ છે, અમારો રસાલો મોટો છે, અમે ત્યાં આવીએ તો ખરચ થાય. માટે તમે અહીંયા જ મહારાજશ્રી અને સંતોના દર્શન કરી લ્યો, દાડમાનો આગ્રહ રહેવા દ્યો.’’

સ્વામીની વાત સાંભળી નથુ ભટ્ટ ગળગળા થઈ ગયા અને બોલ્યા, ‘‘મા-બાપ ! ખરચનું થઈ રહેશે. અમે બ્રાહ્મણના દીકરા છીએ. ખડીયો માગીને ખાઈએ છીએ, બે યજમાનના ઘર વધારે ફરીશું, એટલે જોઈએ એટલું મળી રહેશે. માટે કરુણા કરી શબરીની ઝૂંપડીએ રામ પધાર્યા હતા,એમ અમારે ત્યાં રઘુવીરજી મહારાજની પધરામણી કરાવો.’’ નથુ ભટ્ટના હૃદયનો શુદ્ધ ભાવ જોઈને સ્વામીએ આચાર્ય મહારાજને લઈને દાડમા આવવાની હા પાડી અને નથુ ભટ્ટને કહ્યું, ‘‘તમે ઘરે જાવ, તૈયારી કરો, અમે થોડા દિવસમાં દાડમા આવીએ છીએ.’’

નથુ ભટ્ટ ઘરે ગયા.સ્વામી અને આચાર્ય મહારાજ પધારશે, એ વાતથી નથુ ભટ્ટના અંતરમાં અતિ આનંદ હતો. પરંતુ ખાટલે મોટી ખોટ એ હતી કે, આટલા મોટા સંઘની આગતા-સ્વાગતા કરવા માટે ઘરમાં ફૂટેલી કોડી પણ નહોતી.

નથુ ભટ્ટને મનમાં મૂંઝવણ થાય, તે સહજ હતું.

નથુ ભટ્ટના પત્ની પાનબાઈ પણ ભટ્ટજી જેવા જ ભાવિક હતા.એમણે કહ્યું, ‘‘ભટ્ટજી !મૂંઝાવાની જરૂર નથી, આ મારી સોનાની કાંબીઓ છે, તે વેચી નાખો અને જે રકમ આવે, એમાંથી આપણે સંઘની આગતા-સ્વાગતા કરીશું.સ્વામી અને આપણા ધર્મગુરુ રઘુવીરજી મહારાજ આપણે ત્યાં પધારે, એથી રૂડો અવસર આપણા માટે બીજો ક્યો હોઈ શકે ?’’

પત્નીની વાત સાંભળી નથુ ભટ્ટને હૃદયમાં આનંદ થયો.

એમણે કાંબીઓ વેચી તો સો કોરી આવી. એમાંથી એંસી કોરી સીધાં-સામાન અને બીજી વ્યવસ્થા માટે વાપરી અને આચાર્ય મહારાજને ચરણે ધરવા માટે વીસ કોરી એક બાજુ મૂકી રાખી.

આચાર્ય મહારાજ અને સંતો-પાર્ષદોનો રસાલો દાડમા આવ્યો. નથુ ભટ્ટે ખૂબ ભાવથી વાજતે-ગાજતે મહારાજશ્રીનું સામૈયું કર્યું, અબીલ-ગુલાલ ઉડાડ્યા

અને ગામમાં સાકર વેંચી.

આજે સ્વામી જેવા મહાન સંત અને ભગવાન જેવા આચાર્ય એમને ઘરે પધાર્યા હતા. એકનો એક દીકરો પરણતો હોય અને બાપના હૈયામાં આનંદ મા'તો ન હોય, એમ નથુ ભટ્ટના હૈયામાં આનંદ સમાતો નહોતો.

નથુ ભટ્ટે સંઘને ઉતારા દીધા.ભોજન માટે ભાત-ભાતની રસોઈ તો પહેલેથી જ તૈયાર કરી રાખી હતી.

દાડમાના ભાવિક ભક્તજનો એકઠા થયા હતા. સંતો ધૂન-ભજન-કીર્તન કરી રહ્યા હતા. સ્વાગત સમૈયા પૂરા થયા. સંતો અને ભાવિક ભક્તોની સુંદર સભા થઈ. ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિના સર્વોપરી મહિમાની વાતો કરી.

ભોજનનો સમય થયો, એટલે નથુ ભટ્ટે મહારાજશ્રીને ભોજન કરવા પધારવા વિનંતી કરી.

મહારાજશ્રી, સ્વામી તથા સંતોને નથુ ભટ્ટે આગ્રહ કરી કરી ભાવથી જમાડ્યા.

ભોજન પૂરું થયા બાદ નથુ ભટ્ટ મહારાજશ્રી તેમજ સંતોનું પૂજન કરવા આવ્યા. એમણે મહારાજના ભાલમાં ચંદનની અર્ચા કરી, ગુલાબના હાર પહેરાવ્યા અને બચેલી વીસ કોરી રઘુવીરજી મહારાજને ચરણે ધરી. હજુ તો સંતોને ધોતિયા ઓઢાડવાનો એમનો સંકલ્પ બાકી રહી જતો હતો.

ગુણાતીતાનંદ સ્વામી અંતર્યામીપણે બધું જાણતા હતા, સ્વામીથી રહેવાયું નહિ, એટલે એમણે રઘુવીરજી મહારાજને કહ્યું, ‘‘મહારાજશ્રી ! આ નથુ ભટ્ટ તો સુદામો છે. આ બધો તાલ કરી રહ્યો છે પણ એના ઘરમાં ફૂટી કોડી પણ નથી.’’

‘‘આ બ્રાહ્મણનો ભાવ તો જુઓ. ઘરના બૈરાની કાંબીઓ વેચી, એમાંથી સો કોરી આવી, એમાંથી એંસી કોરી સ્વાગત-સામૈયા અને રસોઈ માટે વાપરી અને વીસ કોરી વધી હતી, તે આપને ચરણે ધરી. હવે આ બ્રાહ્મણ ધોયેલ મૂળા જેવો થઈ ગયો છે. ઘરમાં ફૂટી દમડી પણ બચી નથી.’’

સ્વામીની વાત સાંભળીને રઘુવીરજી મહારાજ કરુણાથી કંપી ઉઠ્યા. એમણે કહ્યું, ‘‘અરે ! સ્વામી ! નથુ ભટ્ટે આવું કર્યું છે !એની તો અમને ખબર જ નહોતી.’’

રઘુવીરજી મહારાજે નથુ ભટ્ટને કહ્યું, ‘‘ભટ્ટજી ! અમે તમારી આ સેવા નહિ લઈએ.’’

નથુ ભટ્ટે ખૂબ જ આગ્રહ કર્યો પણ રઘુવીરજી મહારાજ માન્યા નહિ. આખરે નથુ ભટ્ટે કહ્યું, ‘‘મહારાજ! એમ કરો અડધી કોરી રાખો અડધી પાછી આપો.’’

મહારાજશ્રીએ નથુ ભટ્ટને દસ કોરી પાછી આપી.

નથુ ભટ્ટ તો નથુ ભટ્ટ હતા. દસ કોરીમાંથી એમણે સંતોને ધોતિયા ઓઢાડવાનો જે સંકલ્પ કર્યો હતો, તે પૂર્ણ કર્યો. પોતે પાછા હતા એવા ને એવા કોરા કડાક થઈ ગયા ! સંતો-ભક્તો માટે પોતાની સોનાની કાંબીઓ અર્પણ કરનાર પાનબાઈને જેટલા વંદન કરીઓ તેટલા ઓછા છે.

★ ★ ★ ★ ★

પાનભાઈ નથુ ભટ્ટ કરતાંય સવાયા હતા. એમનો દેહ નારીનો હતો, આત્મા મહામુક્ત હતો.

એમના અંતરમાં મહારાજ અને સંતોનો અપૂર્વ મહિમા હતો.

પાનબાઈને મોટીબા તથા જીવુબા સાથે ખૂબ જ હેત હતું. તેઓ અવાર નવાર ગઢપુર જઈને મોટીબાનો સમાગમ કરતા હતા.

પાનબાઈના પ્રેમને વશ થઈ મોટીબા દાડમા પધાર્યા હતા.

મોટીબાનો મહિમા સત્સંગના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે.

મહારાજની મૂર્તિના ધ્યાનના પ્રતાપે મોટીબાને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત હતી.

મોટીબા દૃઢ બ્રહ્મચર્ય પાળતા હતા. પુરુષનો પડછાયો પણ પોતા ઉપર પડવા દેતા નહોતા. પુરુષ નજીક આવે તો મોટીબાને ઉલ્ટી થઈ જતી.

એકવાર પાનબાઈ મોટીબાને પગે લાગવા ગયા તો મોટીબા બોલ્યા, ‘‘પાનું ! તૂ દૂર રહેજે, મને અડીશ નહીં. તારા ઉદરમાં બાળક છે તે પુરુષ છે. મારે ઉપવાસ પડશે.’’

મોટીબાની વાત સાંભળી પાનબાઈને ભારે આશ્ચર્ય થયું.

પાનબાઈએ મોટીબાનો ખૂબ રાજીપો મેળવ્યો હતો.

## લાલજી ભટ્ટને ધામમાં મોકલ્યા

એક સમયે નથુ ભટ્ટના પિતાશ્રી લાલજી ભટ્ટ મહારાજશ્રીની પાટ પાસે બેઠા હતા.

સ્વામીએ પૂછ્યું, ‘‘એલા, નથુ ! આ કોણ છે ?’’

નથુ ભટ્ટે કહ્યું, ‘‘સ્વામી ! એ મારા પિતાશ્રી છે.’’

સ્વામી કહે, ‘‘નથુ ! આ તો વસિષ્ઠ મુનિ જેવા દેખાય છે.’’ આમ કહી સ્વામીએ લાલજી ભટ્ટના કપાળમાં કુંકુંમનો ચાંદલો કર્યો અને નથુ ભટ્ટે સ્વામીને જે ધોતિયું ઓઢાડ્યું હતું, તે લાલજી ભટ્ટને ઓઢાડી દીધું.

લાલજી ભટ્ટ સત્સંગી નહોતા. માતાજીના ચુસ્ત અનુયાયી હતા. નથુ ભટ્ટે

સત્સંગ સ્વીકાર્યો, તે એને મનમાં રુચતું નહોતું.

સ્વામીએ લાલજી ભટ્ટની પ્રસંશા કરી એટલે લાલજી ભટ્ટના હૃદયમાં સ્વામીનો ભારે ગુણ આવ્યો.

આ વાતને થોડો સમય વીત્યો. લાલજી ભટ્ટનો અંતકાળ આવ્યો.ગુણાતીતાનંદ સ્વામી મહારાજને સાથે લઈને લાલજી ભટ્ટને ધામમાં તેડવા આવ્યા.

લાલજી ભટ્ટ બોલ્યા, ‘‘એલા, નથુ ! તું જોતો ખરો, તારા ગુરુ મને અક્ષરધામમાં તેડી જવા આવ્યા છે અને હાર્યે તારા ભગવાન સ્વામિનારાયણ પણ છે, હું એમની સાથે ધામમાં જાઉં છું.’’ આટલું કહી લાલજી ભટ્ટે દેહ છોડી દીધો.

આજ અરસામાં સ્વામી ગોખરવાળા બિરાજતા હતા. પિતાશ્રીની અંતિમ વિધિ કરીને નથુ ભટ્ટ સ્વામીના દર્શન માટે ગોખરવાળા ગયા અને મરણનું સૂતક હોવાથી દૂરથી સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.

સ્વામીએ હસીને કહ્યું, ‘‘એલા, નથુ ! તારા બાપ ધામમાં ગયા એટલે તને સૂતક લાગ્યું, એમ તું માને છે પરંતુ અમે તારા બાપના પગનો અંગૂઠો પકડી, ધામમાં મોકલી દીધા, તો અમને સૂતક ન લાગ્યું હોય !’’ આમ કહી સ્વામી હસવા લાગ્યા.

નથુ ભટ્ટને પોતાના પિતાશ્રી ધામમાં ગયા એની પ્રતીતિ થઈ.

## તારા હાથના છેલ્લા પાપડ !

સ્વામી અમરેલીનું મંદિર કરાવી રહ્યા હતા.એ દરમિયાન દાડમાથી નથુ ભટ્ટ અવાર-નવાર સ્વામીના દર્શને આવતા હતા અને મંદિરના કામકાજમાં સેવા કરતા હતા.

એકવાર નથુ ભટ્ટ અને એમના પત્ની પાનબાઈ બંને જણા સ્વામીના દર્શને આવ્યા હતા સાથે ગોરસ અને પાપડ લાવ્યા હતા.

સ્વામીએ ઠાકોર જમાડતી વખતે નથુ ભટ્ટને કહ્યું, ‘‘નથુ ! અમે તારે ત્યાં ખૂબ આવ્યા. તારો વ્યવહાર સાધારણ હોવા છતાં તે અમને પ્રેમથી સાચવ્યા અને ખૂબ ભાવથી જમાડ્યા. હવે, તારા હાથના આ પાપડ છેલ્લી વાર ખાઈએ છીએ.’’

નથુ ભટ્ટ પાસે આગમ ભાખ્યા બાદ ટૂંક સમયમાં જ અમરેલીનું મંદિર પૂર્ણ કરાવ્યા બાદ સ્વામી ધામમાં પધાર્યા હતા.

# ઉપલેટાના પ્રસંગો

## લાલાભાઇ ઇન્દ્રને આદેશ કરે તો વરસાદ થાય

વિ. સં. ૧૯૧૪ ની સાલ હતી. આ વર્ષે વરસાદે થોડું લંબાવ્યું હતું. લોકોના મન ભારે ચિંતાતુર થયા હતા.

કેટલાક ભકતોને થયું, આપણે જૂનાગઢ જઈએ અને સ્વામીને વરસાદ માટે વિનંતી કરીએ. સ્વામી જેવા મહાપુરુષ કૃપાદૃષ્ટિ કરે તો વૃષ્ટિ થાય.

થોડા હરિભક્તો સાથે મળીને જૂનાગઢ આવ્યા. સ્વામીને પગે લાગ્યા અને કહ્યું, ‘‘મા-બાપ ! વરસાદે ખેંચાવ્યું છે, માણસો અને માલ-ઢોર દુઃખી થાય છે. આપ કૃપા કરો તો વરસાદ થાય.’’

સ્વામીને દયા આવી, સાથોસાથ પ્રગટ ભગવાનના આશ્રિત ગૃહસ્થ હરિભક્તો પણ કેટલા સમર્થ હોય છે એ બતાવવા માટે એમના મનમાં અનોખું ચરિત્ર કરવાની મોજ ચઢી.

ઉપલેટામાં લાલાભાઈ નામે મહાન ભક્તરાજ હતા. તેઓ અવાર-નવાર સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવતા હતા. એમની સ્થિતિ મોટા મોટા સાધુ-સંતોને પણ પ્રેરણારુપ હતી. તેઓ દર્શન કરવા જેવા એકાંતિક ભક્તરાજ હતા.

સ્વામીએ કહ્યું, ‘‘વરસાદ વરસાવવાનું કામ અમારું નથી, વરસાદ વરસાવવાનું કામ ઉપલેટાના લાલાભાઈનું છે. લાલાભાઈ ઈન્દ્રરાજાને કહે તો, ઈન્દ્રરાજા વરસાદ વરસાવે.’’

હરિભક્તોએ કહ્યું, ‘‘સ્વામી ! તમારે જેમ કરવું હોય તેમ કરો, તમે વરસાવો કે લાલાભાઈ વરસાવે. અમારે તો વરસાદ થાય, એટલે કામ થઈ જાય.’’

સ્વામીને હરિભક્તોની આ સાંસારિક વૃત્તિ જોઈ હસવું આવ્યું. સ્વામીને તો એ દેખાડવું હતું કે, પ્રગટ ભગવાન સ્વામિનારાયણના જોગમાં આવેલા હરિભક્તો પણ કેટલા પ્રતાપી હોય છે!

સ્વામી કહે, “ભક્તો અમે આજે જ બે સાધુને ઉપલેટા મોકલીએ છીએ. લાલાભાઈ ધારશે, એટલે તમારું કામ થઈ જશે.”

સ્વામીએ બે સાધુને કહ્યું, “તમે ઉપલેટા જાવ અને લાલાભાઈને કહો કે, વરસાદ વરસાવે.”

સ્વામીની આજ્ઞાથી બે સંતો ઉપલેટા ગયા અને સ્વામીએ કહી હતી, તે બધી વાત લાલાભાઈને કહી.

સ્વામીનો સંદેશ સાંભળી લાલાભાઈને મનમાં મૂંઝવણ થઈ. “સ્વામીએ તો કહ્યું, પણ હું કઈ રીતે વરસાદ વરસાવી શકું ?”

આમ મૂંઝવણને મૂંઝવણમાં લાલાભાઈ મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેઠા. ત્યાં તો મહારાજે લાલાભાઈને દર્શન દીધા અને બોલ્યા, “લાલાભાઈ ! શું મૂંઝાવ છો ?”

લાલાભાઈએ મહારાજને સ્વામીના સંદેશની વાત કરી.

મહારાજ હસીને કહે, “લાલાભાઈ ! વરસાદ વરસાવવો એ કાઈ મોટી વાત છે તમે ઈન્દ્રને આદેશ કરો, એટલે ઈન્દ્ર વરસાદ વરસાવે.”

મહારાજની વાત સાંભળી લાલાભાઈની મૂંઝવણ બેવડાઈ ગઈ.

સ્વામીએ વરસાદ વરસાવવાનું કહ્યું અને મહારાજ ઈન્દ્રને આદેશ દેવાની વાત કરે છે, આ બધું કેમ શક્ય બને ?”

લાલાભાઈએ મહારાજને પૂછ્યું, “મહારાજ ! મને ઈન્દ્ર ક્યાં મળે ?”

મહારાજે કહ્યું, “લાલાભાઈ ! તમને ખબર નથી, ઈન્દ્ર તો રોજ તમારા દર્શને આવે છે.”

લાલાભાઈએ કહ્યું, “મહારાજ ! મને તો દેખાતો નથી.”

મહારાજે હસીને કહ્યું, “લાલાભાઈ ! આજે સંધ્યા-આરતી સમયે તમને ઈન્દ્ર દેખાશે.” આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા. મહારાજના વચન પ્રમાણે સાંજે સંધ્યા-આરતી સમયે ઈન્દ્ર લાલાભાઈના દર્શને આવ્યો.

એની યુવાન અવસ્થા હતી. પૃથ્વી ઉપર ક્યાંય જોવા ન મળે, એવા સુંદર વસ્ત્રો ધારણ કર્યા હતા. માથે મુગટ પહેર્યો હતો. કાનમાં કુંડળ હતા અને નખશિખ સુંદર અલંકારોથી શોભતો હતો. દાઢી થોડી વધેલી હતી.

ઈન્દ્ર આવતાં વેંત લાલાભાઈને પગે લાગ્યો.

લાલાભાઈએ પૂછ્યું, “એલા, તું કોણ છો ?”

ઈન્દ્રએ કહ્યું, “હું ત્રિલોકીનો મહારાજ ઈન્દ્ર છું અને તમારા દર્શને

આવ્યો છું.'' લાલાભાઈ કહે, ''ઈન્દ્ર ! વરસાદ વિના માણસો અને માલ-ઢોર દુઃખી થાય છે. તો તું વરસાદ વરસાવ.''

લાલાભાઈની વાત સાંભળી ઈન્દ્ર મંદ મંદ હસતાં હસતાં આકાશમાં અદૃશ્ય થઈ ગયો અને વરસાદ કાંઈ આવ્યો નહિ.

લાલાભાઈ બીજે દિવસે ધ્યાનમાં બેઠા ત્યાં ફરીથી મહારાજના દર્શન થયા. મહારાજે મંદ મંદ હસતાં હસતાં પૂછ્યું, ''કેમ લાલાભાઈ ગઈકાલે ઈન્દ્ર તમારા દર્શને આવ્યો હતો ?''

લાલાભાઈ કહે, ''હા, મહારાજ ! આવ્યો હતો.''

મહારાજ કહે, ''લાલાભાઈ ! તમે એને વરસાદ વરસાવવાનું કહ્યું કે નહિ ?''

લાલાભાઈ કહે, ''મહારાજ ! કીધું તો ખરું પણ ઈ માળો કહે, 'પીરની માનતા માનો તો વરસાદ થાય' મે માનતા માનવાની ના પાડી તો માળો હસતા હસતા અદૃશ્ય થઈ ગયો.''

લાલાભાઈની નિષ્ઠા જોઈ મહારાજ રાજી થયા અને હસીને બોલ્યા, ''લાલાભાઈ ! આજે ઈન્દ્ર ફરીથી તમારા દર્શને આવશે. એને કહેજો કે, તું વરસાદ વરસાવ, નહિતર બીજા કેટલાય ઈન્દ્ર પડ્યા છે, એ વરસાવશે.''

લાલાભાઈ હાથ જોડીને કહે, ''હે મહારાજ ! તમે અનંત કોટિ બ્રહ્માંડના ધણી, તમે જે ધાર્યું હોય તે થાય. તો તમે જ વરસાદ વરસાવોને ! તમે અને સ્વામી મને શા માટે આમ ગોળ ગોળ કુંડાળે નાખો છો ?''

લાલાભાઈની વાત સાંભળી મહારાજ હસવા લાગ્યા. મહારાજ કહે, '' લાલાભાઈ ! તમારી વાત સાચી છે. અમે જે ધારીએ તે કરી શકીએ, પણ આ વખતે અમે આ કામ તમારી પાસેથી જ કરાવવાનું ધારી રાખ્યું છે. જગતના જીવોને ખબર પડવી જોઈએ કે, અમારા ભગત કેવા પ્રતાપી છે !'' આમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

તે દિવસે સાંજે પાછો ઈન્દ્ર આવ્યો અને લાલાભાઈને પગે લાગ્યો.

લાલાભાઈ કહે, ''એલા, તને કાલે કીધું હતું કે, વરસાદ વરસાવજે. પણ વરસાવ્યો નહિ, આજે તને ફરીને કહું છું. તું વરસાદ વરસાવ નહિતર બીજો ઈન્દ્ર વરસાદ વરસાવશે. તારા એકને માથે ભૂંગળું ભાંગ્યું નથી !''

દેવરાજ ઈન્દ્ર હાથ જોડીને બોલ્યો, ''બાપા ! જૂનાગઢથી બે સાધુ આવ્યા છે. એને સારી રીતે જમાડો અને સાધુ રાજી થાય, તો વરસાદ થાય.''

લાલાભાઈના મનમાં આશ્ચર્ય થયું, ''આ ખરો ખેલ હાલે છે. સ્વામીએ મને

વરસાદ વરસાવવા કહ્યું, મેં મહારાજને કહ્યું, મહારાજે ઈન્દ્રને કહેવાનું કહ્યું અને ઈન્દ્ર હવે સાધુ ઉપર વાત ઢોળે છે.''

પણ, સંત જમાડવાની વાત હતી, એટલે લાલાભાઈને ભારે હોંશ થઈ. એમણે કહ્યું, 'તારા પીરની માનતા માનવા કરતાં મારા સાધુ જમાડવામાં મને આનંદ આવશે, હું સાધુને જમાડીશ.'

લાલાભાઈએ ભાવથી રસોઈ કરાવડાવી અને સંતોને જમાડ્યા.

આ બાજુ સંતો જમીને જૂનાગઢ ગયા અને બીજી બાજુ ધોધમાર વરસાદ થયો. ભગવાન સ્વામિનારાયણ, એમના સંતો અને એમના હરિભક્તોનો મહિમા વર્ણવી શકાય તેમ નથી.

## બળી ગયું હોય તોય વણ ખોદશો નહીં

ઉપલેટામાં લાલાભાઈની જેમ જ અરજણભાઈ પણ મહાન ભક્તરાજ હતા. સ્વામીની કૃપાથી આ બન્ને ભક્તોને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી. તેઓ પણ અવાર-નવાર સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવતા હતા. તેઓ સ્વામીનો સમાગમ કર્યા સિવાય રહી શકતા નહોતા.

અરજણભાઈની ખેતી મોટી હતી. ખેતીવાડીની દેખરેખ રાખવા માટે સાથી રાખતા અને પોતે સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ મહિનો-મહિનો રોકાતા.

એકવાર શિયાળાનો સમય હતો. ખેડૂતોએ ખેતરમાં વણ (કપાસ)વાવ્યો હતા. ખૂબ ઠંડીને લીધે હિમ પડ્યું, એટલે વણ બળી ગયા.

જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીએ બે સાધુને મોકલી ગામડે ગામડે હરિભક્તોને કહેવડાવ્યું કે, ''ભલે વણ બળી ગયું હોય પણ ખોદશો નહિ, એમને એમ ઊભું રહેવા દેજો.''

સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને જાળિયાના અરજણભાઈ બાબરિયાએ, ઉપલેટાના લાલાભાઈ તથા અરજણભાઈએ, વંથલીના કલ્યાણભાઈએ, માણાવદરના અરજણ ઝાલાવાડીયાએ પોતાના વણ ખોદ્યા નહિ.

થોડો સમય થયો, ત્યાં ભગવાનની ઈચ્છાથી વાતાવરણ ઠીક થયું અને વણ પાછું કોળાયું અને કપાસનો સારો ઉતારો આવ્યો.

સ્વામીની પ્રાર્થનાથી મહારાજે હરિભક્તોની રક્ષા કરી.

સ્વામી દયાળુ સંત હતા. તેઓ માત્ર જીવના મોક્ષમાર્ગનું જ ધ્યાન નહોતા રાખતા, આશ્રિતોના વ્યવહારમાર્ગનું પણ ધ્યાન રાખતા હતા.

સ્વામીના આશીર્વાદથી અનેક હરિભક્તો આ લોકમાં સુખીયા થયા હતા અને દેહ મેલીને અક્ષરધામને પામ્યા હતા.

## લાલા બાપાને ઇન્દ્રે નદી પાર કરાવી !

એક સમયે સ્વામીએ જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો હતો. આ સમૈયા ઉપર દૂર દૂરથી હરિભક્તો એકઠા થયા હતા.

ઉપલેટાથી લાલાભાઈ પણ સમૈયાના દર્શન તેમજ સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવી રહ્યા હતા.

રસ્તામાં ભાદર નદી આવતી હતી. ચોમાસાની ઋતુ હતી, અનરાધાર વરસાદને લીધે નદીમાં ભારે પૂર આવ્યું હતું, કોઈ રીતે નદી ઉતરી શકાય તેમ નહોતું.

લાલાભાઈને થયું, 'આટલે સુધી પહોંચ્યો પણ હવે જૂનાગઢ નહિ પહોંચાય.'

એના હૃદયમાં ભારે દુઃખ થયું. એણે મનોમન મહારાજને અને સ્વામીને પ્રાર્થના કરી, "હે સ્વામી ! હવે તો તમે દયા કરો તો જ જૂનાગઢ પહોંચાશે."

લાલાભાઈ મનોમન આવી પ્રાર્થના કરતા હતા, ત્યાં કોણ જાણે ક્યાંથી અચાનક એક અતિ રૂપાળો અને ફૂટડો મહાવત હાથી લઈને આવ્યો.

આમ અચાનક હાથી સાથે મહાવતને આવેલો જોઈ લાલાભાઈને આશ્ચર્ય થયું. મહાવતે લાલાભાઈને કહ્યું, "ભગત ! તમારે નદી ઉતરીને જૂનાગઢ જવું હોય, તો હું તમને મારા હાથી ઉપર બેસાડીને સામે પાર લઈ જાઉ."

લાલાભાઈને થયું, "ખરેખર, આ તો સ્વામીએ મારી પ્રાર્થના સાંભળી લાગે છે."

તેઓ મહાવત સાથે હાથી ઉપર બેઠા. મહાવતે બે કાંઠામાં વહેતી ભાદર નદી પાર કરાવી પછી મહાવતે કહ્યું, "ભગત ! આ માર્ગ જૂનાગઢ તરફ જાય છે, માટે તમે અહીં ઉતરી જાવ. તમે તમારે રસ્તે આગળ વધો અને મારે જંગલને રસ્તે દૂર જવાનું છે, તેથી હું મારે રસ્તે આગળ વધુ."

લાલાભાઈએ કહ્યું, "પણ, ભાઈ ! તમે મને આટલી બધી મદદ કરી, કંઈક મહેનતાણું લ્યો, તમારો પરિચય દ્યો."

મહાવતે મર્મમાં કહ્યું, "ભગત ! પરિચયનું કાંઈ નહિ, તમારા જેવા ભગત પાસેથી અમારે મહેનતાણું લેવાનું હોય ? અમારે તો તમારી સેવા જ કરવાની હોય. ફરીથી નદી ઉતરવી હોય, ત્યારે યાદ કરજોને, આવી જઈશ."

આટલું કહેતાની સાથે જ હાથી અને મહાવત બેય જોત-જોતામાં અદૃશ્ય થઈ

ગયા. લાલાભાઈ આશ્ચર્યથી એમને અદૃશ્ય થતા જોઈ રહ્યા.

લાલાભાઈ જૂનાગઢ પહોંચ્યા, દેવના દર્શન કર્યા પછી સ્વામી પાસે આવી દંડવત્ કરવા લાગ્યા. સ્વામીએ હસીને અંતર્યામીભાવે લાલાભાઈને કહ્યું, ‘‘કેમ, લાલાભાઈ ! હાથીએ બેસીને ભાદર ઉતર્યા !’’

સ્વામીની વાત સાંભળતાં લાલાભાઈને થયું કે, સ્વામી ખરેખર અંતર્યામી મહાપુરુષ છે અને વાટની વાતને જાણતા લાગે છે.

લાલાભાઈએ કહ્યું, ‘‘હા, મા-બાપ ! હાથીએ બેઠો તો ખરો પણ હાથી ક્યાંથી આવ્યો ? અને ક્યાં ગયો ? તેની કાંઈ ખબર પડી નહીં ! ’’

સ્વામીએ કહ્યું, ‘‘લાલાભાઈ ! તમને સમૈયો અને સમાગમનું સુખ દેવા માટે અમે ઈન્દ્ર રાજાને આદેશ કર્યો હતો કે, ‘‘તું લાલાભાઈને નદી પાર કરાવી દે. એટલે દેવરાજ ઈન્દ્ર ઐરાવત લઈને તમને નદી પાર કરાવી ગયા.’’

સ્વામીની વાત સાંભળીને લાલાભાઈના અંતરમાં સ્વામીનો મહિમા વિશેષ સુદૃઢ થયો.

## લાલાબાપાને મહારાજ તેડવા આવ્યા

વર્ષો પછી લાલાભાઈ વૃદ્ધ થયા. એમના શરીરમાં થોડી માંદગી હતી. એમનો અંત સમય નજીક આવ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા હતા. મહારાજની સાથે ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો હતા.

લાલાભાઈએ જે હાજર હતા તે સર્વને ‘જય સ્વામિનારાયણ‘ કર્યા અને મહારાજની સાથે ધામમાં સિધાવ્યા.

આ સમયે લાલાભાઈના દીકરા હરિભાઈ દૂરના ખેતરે કામ કરવા ગયેલા. લાલાભાઈએ દેહ મૂકી દીધો છે, એ સમાચાર દેવા માટે કોઈ માણસ ખેતરે ગયો.

રસ્તામાં એને એક આહિર સામે મળ્યો. એણે પૂછ્યું, ‘‘એલા, ક્યાં જાય છે ?’’ આહિર બોલ્યો, ‘‘અરે ભાઈ ! લાલાભાઈએ દેહ મૂક્યો છે, હું હરિભાઈને ખબર દેવા જાઉં છું.’’

આહિર બોલ્યો, ‘‘લાલાભાઈ તો હમણાં જ ભગવાન સ્વામિનારાયણ અને સંતોની સાથે વરજાંગ જાળિયા જતા હતા, મેં મારી સગી આંખે જોયા.’’

પેલા માણસના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એણે કહ્યું, ‘‘લાલાભાઈએ દેહ મેલ્યો છે, એ વાત નક્કી છે, હું એમના ઘરેથી જ નીકળ્યો છું.’’

આહિરને મનમાં થયું, “નક્કી ભગવાન સ્વામિનારાયણે કૃપા કરીને મને આ દિવ્ય રૂપે દર્શન દીધાં છે. લાલાભાઈ ધામમાં ગયા, હાર્યે મને બડભાગી બનાવતા ગયા.” આમ વિચારી એ આહિર ભગવાન સ્વામિનારાયણનો સત્સંગી થયો.

## ઉપલેટાના અરજણભાઇની ઉત્તમ સ્થિતિ

ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ઉપલેટાના અરજણભાઈની સ્થિતિ ઉત્તમ યોગી જેવી હતી. એમણે પોતાની વૃત્તિઓનો સંયમ કેળવ્યો હતો.

એકવાર એમની દીકરીના સગપણનો સમય હતો. સામા પક્ષવાળા કન્યાને જોવા આવ્યા હતા. ઔપચારિક વિધિ પૂરો થયા પછી બધા સાથે બેસીને વાતો કરી રહ્યા હતા.

મહેમાનોમાંથી એક જણો બોલ્યો, “અરજણબાપા ! તમારી દીકરી આમ તો બધી રીતે બરાબર છે, પણ જરા ભીનેવાન છે અને એના નાક ઉપર સહેજ શીળીનો ડાઘ છે.”

અરજણબાપાએ બહુ સહજ રીતે કહ્યું, “હશે !”

મહેમાનોને આશ્ચર્ય થયું. તેઓ અંદરોઅંદર કહેવા લાગ્યા, “અરજણભાઈ ‘હશે’ એમ કેમ કહે છે ? તો એને એની દીકરીના મોઢા ઉપર શીળીનો ડાઘ હોય, એની ખબર નહિ હોય ?”

મહેમાનોની વાત સાંભળી અરજણભાઈ બોલ્યા, “તમને મારી વાત નહિ મનાય, પણ જો મેં મારી દીકરીનું મોઢું નીરખીને જોયું હોય, તો ભગવાન સ્વામિનારાયણ મારું કલ્યાણ ન કરે.”

સામાન્ય સંસારીને મગજમાં ઉતરે નહિ, એવી આ વાત હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમનું આ પરિણામ હતું.

સ્વયં ગુણાતીતાનંદ સ્વામી અરજણભાઈ અને લાલાભાઈની ઊંચી સ્થિતિની સ્વમુખે પ્રશંસા કરતા હતા. સ્વામીના જોગમાં આવેલા આ હરિભક્તો સંસારમાં રહેતા હતા પરંતુ જનક અને અંબરીષ રાજાની જેમ રહેતા હતા.

સ્વામીની કૃપાથી એમના દેહભાવ ટળી ગયા હતા. સ્વામીએ એમને છતે દેહે બ્રહ્મરુપ બનાવી પરબ્રહ્મમાં જોડી દીધા હતા.

સ્વામીની આજ્ઞાથી લાલાભાઈ, અરજણભાઈ વગેરે હરિભક્તોએ ઉપલેટામાં મંદિર કરાવ્યું હતું અને ધામમાં જતાં પહેલા સ્વામીએ એ મંદિરમાં પોતાને હાથે પ્રતિષ્ઠા કરી હતી.

## વાસનાએ વિઘ્ન કર્યું

અરજણભાઈની એક વાત જરા નવાઈ ભરેલી છે.

અરજણભાઈને ત્યાં જેરામ કરીને દીકરો હતો. જેરામ પણ ખૂબ સારો ભક્ત હતો. પાછલી ઉંમરમાં અરજણભાઈ ચાર વર્ષ સુધી બીમાર રહ્યા હતા. બાપાની માંદગી લાંબી ચાલી છતાં જેરામ અરજણબાપાની ખૂબ પ્રેમથી સેવા-ચાકરી કરતો હતો.

એકવાર ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય કૃષ્ણચરણદાસજી સંત-મંડળ સાથે ઉપલેટા પધાર્યા હતા. તેઓ અરજણ બાપાની ખબર કાઢવા આવ્યા.

જેરામે સ્વામીને કહ્યું, ‘‘મારા બાપા તો મહાન મુક્ત છે, મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરેના આશીર્વાદ મેળવ્યા છે, છતાં આમ કેમ થાય છે ? આટલી આટલી પીડા ભોગવે છે છતાં મહારાજ એને તેડવા કેમ નથી આવતા ? શું મહારાજ અને મોટા સંતો એમને ભૂલી ગયા હશે ?’’

સ્વામી બોલ્યા, ‘‘મહારાજ અને મોટા સંતો ભગતને ભૂલે એવા નથી. તેઓ તો બધું જ જાણતા હોય. તમે મહારાજને પ્રાર્થના કરો, એટલે મહારાજ હવે એમને તેડી જશે.’’

આટલું કહીને સ્વામીએ વિદાય લીધી અને તે જ દિવસે રાત્રે મહારાજે જેરામને દર્શન દીધા.

મહારાજે કહ્યું, ‘‘જેરામ ! તારા બાપાને અમે ભૂલ્યા નથી, પણ એને તારા દીકરામાં થોડી વાસના છે, એટલે અમે એને તેડવા આવતા નથી. તું એની વાસના તૂટે, એવું કાંઈક કર.’’

જેરામે કહ્યું, ‘‘મહારાજ ! હું શું કરું ? તો બાપાની વાસના તૂટે ?’’

મહારાજે હસીને કહ્યું, ‘‘તારા દીકરાને કહેજે કે, લાકડી લઈ ડોસાને ડારો દ્યે, એટલે વાસના તૂટી જશે.’’ આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

બીજે દિવસે જેરામે પોતાના છોકરાને મહારાજે કહી હતી, એ બધી વાત સમજાવી અને કહ્યું, ‘‘આપણે બાપાના જીવનું ભલું કરવું છે માટે તું ખોટે ખોટી લાકડી ઉગામી બાપાને ડારો દે એટલે બાપાને હેત મટી જશે.’’

છોકરાએ હાથમાં લાકડી લીધી અને બાપાને ડારો દીધો અને કહ્યું, ‘‘આવા મોટા ભગત થઈ, મહારાજને બદલે મારામાં શું મન રાખો છો ? મહારાજ સંભારો, નહિતર મારીશ.’’

છોકરાના વચનથી અરજણ બાપાને જાગૃતિ આવી ગઈ. તેઓ સાવધાન થઈ ગયા. એના મનમાં થયું 'અરે ! મેં આટલા આટલા વરસ સુધી સ્વામીનો સમાગમ કર્યો અને કાંઠે પહોંચ્યો ત્યાં વહાણ બુડાડવાનું કર્યું.' આમ પસ્તાવો કરી અરજણ બાપા વાસના માત્રનો ત્યાગ કરી મહારાજને સંભારવા લાગ્યા.

થોડો સમય થયો ત્યાં મહારાજે ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતો સાથે એમને દર્શન દીધાં અને ધામમાં તેડી ગયા.

શુકદેવજી નિર્ગુણ સ્થિતિને પામ્યા હતા. એના મનમાંથી સ્ત્રી-પુરુષના ભેદ મટી ગયા હતા છતાં સ્વપ્નમાં સંસાર માંડ્યો હતો. એજ રીતે ભલભલા ઉત્તમ એકાંતિક ભક્તોને પણ ક્યારેક માયાના આવરણ આડા આવી જતાં હોય છે પરંતુ મહારાજ અને મોટા સંતો કૃપા કરીને એ આવરણો તોડાવી નાખતા હોય છે.

અરજણ ભગતની સ્થિતિ અતિ ઊંચી હતી છતાં અદૃષ્ટવશાત્ દીકરાના દીકરામાં સહેજ વાસના બંધાણી હતી, પરિણામે લાંબા સમય સુધી માંદગી ભોગવવી પડી અને આખરે મહારાજે એમને સાવધાન કરી દીધા હતા.

## લક્ષ્મણ ભગતની વાડીમાં અખૂટ પાણી આપ્યુ

ઉપલેટા ગામ ઉપર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વિશેષ કૃપા હતી. અહીં લાલાભાઈ, અરજણભાઈ જેવા મહામુક્તો રહેતા હતા.

વિ. સં. ૧૯૧૨ ની સાલ હતી. આસો માસના દિવસો હતા. સ્વામી ઉપલેટા પધાર્યા હતા અને ઉતરાદા બારના જૂના મંદિરમાં ઉતારો કર્યો હતો.

અષાઢ મહિનાની હેલી વરસે એમ સ્વામી જ્યાં પધારે ત્યાં કથા-વાર્તાનો બ્રહ્મરસનો વરસાદ અનરાધાર વરસ્યા જ કરતો હોય.

સ્વામી પોતાની અમીદૃષ્ટિથી હરિભક્તોના આ લોકના દુઃખ કાપી નાખતા હતા અને મહારાજની મૂર્તિનું સુખ આપતા હતા.

સ્વામી ઉપલેટા બિરાજમાન હતા,એ સમયે આહિર લક્ષ્મણભાઈ અને નારણભાઈ સ્વામીની પાસે આવ્યા અને વિનંતી કરી, "સ્વામી ! ભાયાવદરને મારગે અમારી વાડી છે, અમે શેરડીનો વાઢ કર્યો છે. આપ કૃપા કરી વાડીયે પધારો અને વાડીને પાવન કરો." આહિર ભક્તોની વિનંતી સાંભળી સ્વામી સંત-મંડળ સાથે એમની વાડીએ પધાર્યા.

સ્વામીએ વાડીના કૂવે સ્નાન કર્યું પછી પીપરના વૃક્ષ નીચે ધ્યાન કરવા બેઠા,એ દરમ્યાન સંતો પણ સ્નાનાદિથી પરવારી ગયા હતા.

પ્રેમી હરિભક્તો બાજરાનો પોંક અને કુણાં કુણાં ચીભડાં લાવ્યા હતા.

સ્વામી ધ્યાનમાંથી જાગ્યા. સ્વામીએ પોતાના અંતરંગ સેવક સ્વામી બાલમુકુંદદાસજીને કહ્યું, ''સાધુરામ ! આ પોંક અને ચીભડાં મહારાજને ધરાવો.''

બાલમુકુંદદાસ સ્વામીએ આ બધો મેવો ખાખરાના પાનમાં મહારાજને ધરાવ્યો પછી મેવાની પ્રસાદી સ્વામીને આપી.

સ્વામી થોડી પ્રસાદી જમ્યા પછી સ્વામીએ પોતાને હાથે જ બધા સંતોને ચીભડાં અને બાજરાનો પોંક પીરસ્યો .

સ્વામીના હાથની પ્રસાદી પામીને સંતો અને હરિભક્તો ધન્ય ધન્ય થઈ ગયા.

સ્વામીએ વાઢ સામે દૃષ્ટિ કરી તો વાઢ થોડો લંઘાતો જોયો. સ્વામીએ લક્ષ્મણ ભગતને પૂછ્યું, ''એલા, લક્ષ્મણ ! તારો આ વાઢ કેમ લંઘાય છે ?''

લક્ષ્મણ ભગતે કહ્યું, ''સ્વામી ! કૂવામાં પાણી ઓછું છે,એટલે વાઢને જોઈએ એવું પાણી આપી શકાતું નથી. આપ દયા કરો, કૂવામાં પાણી થાય, તો જ વાઢ બચશે, એવું લાગે છે.''

સ્વામીએ કહ્યું, ''લક્ષ્મણ ! તું કૂવો થોડો ખોદજે, મહારાજ તને પાણી આપશે. અમારા હરિભક્તોના વાઢ પાણી વિના લંઘાય, એ ઠીક નહીં. પણ એક વાતનું ધ્યાન રાખજે. વાઢમાં ઠાકોરજીનો ભાગ રાખવાનું ભૂલતો નહિ.''

લક્ષ્મણ ભગતે કહ્યું, ''ભલે, સ્વામી ! હું વાઢમાં રાધારમણદેવનો ભાગ અવશ્ય રાખીશ.''

લક્ષ્મણ ભગતને આશીર્વાદ આપી સ્વામી ગામમાં પધાર્યા.

સ્વામીના આશીર્વાદથી લક્ષ્મણ ભગતની વાડીના કૂવામાં અખૂટ પાણી થયું. વાઢ પણ સારો થયો. લક્ષ્મણ ભગતે સ્વામીની આજ્ઞા પ્રમાણે વાઢમાંથી પૂરેપૂરો દશાંશ ભાગ દેવને અર્પણ કર્યો.

# સંસાર જેમને સ્પર્શ્યો નહીં

## વરજાંગ જાળિયાના અરજણ બાબરિયા

વરજાંગ જાળિયામાં અરજણભાઈ બાબરિયા કરીને એક આહિર ભક્ત રહેતા હતા. તેઓ સ્વામીના કૃપાપાત્ર હતા.

તેમનો વ્યવહાર સામાન્ય હતો. તેઓ વારંવાર જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા માટે જતા.

એક વખત તેઓ જૂનાગઢ રાધારમણદેવના દર્શન કરવા ગયા. દેવના દર્શન કરી સ્વામી પાસે આવ્યા અને પગે લાગીને બેઠા.

અરજણભાઈને આવેલા જોઈને સ્વામીએ કહ્યું, ‘‘ભગત ! તમે ઘણા સમય પછી જૂનાગઢ આવ્યા છો, માટે હમણાં અહીં રોકાવ અને કથા-વાર્તા સાંભળો.’’

સ્વામીની વાત સાંભળી અરજણભાઈએ કહ્યું, ‘‘સ્વામી! હમણાં મારે વ્યવહારે ભારે તકલીફ છે, માથે કરજ ચડી ગયું છે, કરજ ન ચૂકવાય તો ખાવાનો બાજરો પણ નહિ મળે અને રોટલાના પણ સાંસાં પડે, એવી પરિસ્થિતિ છે, કામ કર્યા વિના કરજ ઉતરે એમ નથી, એટલે હમણાં રોકાવાય એવું નથી.’’

સ્વામીએ કહ્યું, ‘‘ભગત ! તમે અહીં રોકાવ. અમે તમને કામ બતાવીશું. બાજરો તો અમારે દેવો છે ને ! અને અત્યાર સુધી તમે સ્વતંત્ર વ્યવહાર કર્યો. હવે તમે અમારી આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરો, એટલે બાજરો પણ ખૂબ થશે અને માથેથી કરજ પણ ઉતરી જશે.’’

અરજણભાઈને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો એટલે એમણે કહ્યું, ‘‘ભલે સ્વામી! હવેથી તમે જેમ કહેશો, તેમ કરીશ અને તમારી આજ્ઞા પ્રમાણે વ્યવહાર ચલાવીશ.’’ સ્વામીને તો ગાંઠનો બાજરો ખવડાવીને પણ જીવનું આત્યંતિક કલ્યાણ કરવાનું તાન રહેતું. ગાંઠનું ખવડાવી કલ્યાણ કરે એવા સદ્‌ગુરુ મળવા બહુ મુશ્કેલ છે.

અરજણભાઈ સ્વામીના વચને મંદિરમાં રોકાયા અને સ્વામીની આજ્ઞા પ્રમાણે મંદિરની નાની મોટી સેવા કરવા લાગ્યા.

એકવાર સ્વામીએ અરજણભાઈને કહ્યું, ‘‘ભગત ! તમારે રામનવમી, જન્માષ્ટમી, અન્નકૂટ અને હૂતાશની એ ચાર સમૈયામાં બધું ઘરકામ છોડીને અહીં આવવું અને ખેતીકામ માટે એક-બે સાથી રાખવા અને તમારે માત્ર વાવણી અને લણણી ટાણે જ ખેતરે જવું.’’

‘‘અને તમે ઢોર વધારે પડતા રાખો છો, તેથી પૂરું પડતું નથી. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે, ‘જેટલા માલ ઢોરનો નિર્વાહ થઈ શકે એટલા જ માલ-ઢોર રાખવા’’ વધારે ન રાખવા. ‘‘માટે ચાર સારી ભેંસો અને ચાર સારા બળદ રાખી બીજા બધા વેચી દેવા અને અવસર મળ્યે અહીં કથા-વાર્તા સાંભળવા પહોંચી જવું.’’

અરજણભાઈએ સ્વામીના વચન મસ્તક પર ચડાવ્યા અને સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા.

તેઓ ઉત્સવ પ્રસંગે જૂનાગઢ આવતા ત્યારે ખૂબ શ્રદ્ધાથી મંદિરની સેવા કરતા.

સમૈયામાં આવેલા હરિભક્તોની સરભરા કરવી, મંદિર વાળવું, એંઠા વાસણ માંજવા ઉપરાંત જાજરૂના ખાડા સાફ કરવા સુધીની નાનામાં નાની બધી જ સેવાઓ તેઓ કરતા.

મોક્ષના અનેક સાધનો છે. પરંતુ મુક્તાનંદ સ્વામી કહે છે, એમ...

**“નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો.”**

નીચામાં નીચી ટેલ-ચાકરી કરવી, એના જેવું કોઈ શ્રેષ્ઠ સાધન નથી.

સાવરણીથી કચરો વળાય, એમ સેવારૂપી સાવરણીથી પાપ અને કઠણ પ્રારબ્ધના કચરા જોતજોતામાં વળાય જાય છે.

અરજણભાઈની સેવા જોઈને સ્વામી તેમજ મંદિરના નાના-મોટા સંતો ખૂબ જ રાજી થતા. ધીરે ધીરે અરજણ ભગતનો વ્યવહાર સારો થવા લાગ્યો. બધું કરજ ચૂકવાઈ ગયું અને ખૂબ જ સુખી થયા. મોટા પુરુષની કૃપાદૃષ્ટિથી અરજણ ભગતના આ લોક અને પરલોક બેય સુધરી ગયા.

અરજણ ભગતે મન-વચન-કર્મથી સ્વામીનો સમાગમ કર્યો અને ઉત્તમ એકાંતિક ભક્તની પદવીને પામ્યા.

સ્વામી જેવા ભગવાનના એકાંતિક સત્પુરુષોના સેવનમાં ખૂબ લાભ સમાયેલો છે.

## માણાવદરના સમાધિનિષ્ઠ અરજણ ભગત

માણાવદરમાં અરજણભાઈ ઝાલાવાડીયા ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર મહાન ભક્તરાજ હતા.

વિ.સં.૧૯૧૩ ની સાલમાં જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો ભરાયો હતો.

અરજણભાઈ ઝાલાવાડીયા માણાવદરના કેટલાક હરિભક્તોને સાથે લઈને સમૈયાના દર્શન તેમજ  સ્વામીના સમાગમ માટે જૂનાગઢ આવ્યા હતા.

સમૈયો પૂરો થયા બાદ નવમીનો દિવસ હતો. બપોરનો સમય હતો. સ્વામી સભામાં વિરાજમાન હતા. હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

સ્વામી બાલમુકુંદદાસજી બપોરની કથા વાંચી રહ્યા હતા. કથા પૂરી થયા બાદ ગુણાતીતાનંદ સ્વામી મહારાજના અલૌકિક ઐશ્વર્યની વાતો કરી રહ્યા હતા. એમાં સમાધિ પ્રકરણની વાત નીકળી.

સભામાં આંકડીયાના ભક્તરાજ રૂગનાથ ત્રિવેદી બેઠા હતા. એમણે સ્વામીને હાથ જોડીને પૂછ્યું, ‘‘સ્વામી ! મહારાજ સમાધિ કરાવતા, એવી સમાધિ આજે કોઈને થતી હશે ?’’ સ્વામીએ કહ્યું, ‘‘રૂગનાથ ! સત્સંગનો પ્રતાપ જબરો છે. આજે પણ આપણા સત્સંગમાં ઘણા સમાધિનિષ્ઠ હરિભગત છે. માણાવદરના આ અરજણભાઈને  મહારાજની કૃપાથી સમાધિ થાય છે.’’

રૂગનાથ ત્રિવેદીએ કહ્યું, ‘‘સ્વામી ! કૃપા કરી અમને એ સમાધિના દર્શન કરાવો.’’

સ્વામીએ અરજણભાઈ તરફ દષ્ટિ સ્થિર કરીને કહ્યું, ‘‘અરજણ ! તું સમાધિમાં જા અને આ બ્રાહ્મણને વિશ્વાસ બેસે, એવી કાંઈક નિશાની લેતો આવ.’’

અરજણભાઈ મહારાજને સંભારી, નેત્રો મીંચી ધ્યાનમાં બેઠા કે તુરતજ એમને સમાધિ થઈ ગઈ.

તેઓ બદ્રિકાશ્રમમાં ગયા, ભગવાન નરનારાયણના દર્શન કર્યા.

અરજણભગતને આવકાર આપતા ભગવાન નરનારાયણે કહ્યું, ‘‘અરજણભગત ! સ્વામીએ મોકલ્યા ?’’

અરજણભાઈએ કહ્યું, ‘‘હા, પ્રભુ ! સ્વામીના કહેવાથી જ આવ્યો છું.’’

નરનારાયણ દેવે કહ્યું, ‘‘સ્વામીને સમાધિની નિશાની જોઈએ છે, તો તમે આ લીલા લવીંગ લેતા જાવ, જેથી હરિભક્તોને સમાધિનો વિશ્વાસ બેસે.’’ આમ કરી ભગવાન નરનારાયણ દેવે અરજણ ભગતને ખોબો ભરીને લીલા લવીંગ આપ્યા.

ભગવાન નરનારાયણદેવ અરજણ ભગતને બદ્રિકાશ્રમની બોરડીના તાજા બોર નિશાની તરીકે આપી શક્યા હોત ! પરંતુ પરમાત્માને પણ જાણે લીલા લવીંગ આપીને પોતાના અકલ્પનીય ઐશ્વર્યનું દર્શન કરાવવું હતું.

અરજણ ભગત સમાધિમાંથી જાગ્યા ત્યારે એમનો આખો ખોબો લીલા

લવીંગથી ભરાયેલો હતો. લીલા લવીંગની સુગંધ સર્વત્ર પ્રસરી રહી હતી.

સભામાં બેઠેલા ભક્તજનો આશ્ચર્યથી આ જોઈ રહ્યા હતા.

અરજણ ભગતે બદ્રિકાશ્રમની બધી વાત કરી, ભગવાન નરનારાયણે આપેલી તાજાં લવીંગની પ્રસાદી સ્વામીના ચરણે ધરી.

સ્વામી કહે, ‘‘લે રૂગનાથ ! આ નિશાની. આજે સત્સંગમાં મહારાજ સાક્ષાત્ બિરાજે છે. એમના ઐશ્વર્ય-પ્રતાપ આજે પણ જેમના તેમ છે.’’

આટલું કહી સ્વામી બોલ્યા, ‘‘રૂગનાથ ! સમાધિ કરતાંય સત્સંગનો મહિમા વિશેષ છે. સત્સંગ વિના સમાધિવાળાનેય કસર રહી જાય છે. એવી કસર ન રહે, એટલા માટે તો અમે આ જૂનાગઢમાં સત્સંગનો અખાડો માંડ્યો છે.’’

## ભાયાવદરના નૈષ્ઠિક બ્રહ્મચારી કેશવ ભગત

સૌરાષ્ટ્રમાં ઉપલેટા પાસે ભાયાવદર નામનું પ્રસિદ્ધ ગામ છે. અહીંયા શ્રીજી મહારાજના સમયથી બ્રાહ્મણો અને કડવા પાટીદારોને સત્સંગ છે.

સંપ્રદાયના સુપ્રસિદ્ધ વચનસિદ્ધ સ્વામી મહાપુરુષદાસજીનો જન્મ ભાયાવદરમાં થયો હતો.

વિ. સં. ૧૮૬૨ ની સાલમાં ભાયાવદરમાં બીજા એક મહાન ભક્તરાજનો જન્મ કણબી જ્ઞાતિમાં થયો હતો. એનું નામ કેશવ ભગત હતું. તેઓ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા.

તેઓ નાનપણથી જ શૂરવીર અને ચુસ્ત સત્સંગી હતા. ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સંતોનો એમના ઉપર રાજીપો હતો.

સ્વામી જેવા સંતોનો સમાગમ અને પૂર્વ જન્મના સંસ્કારોને યોગે કરીને એમના અંતરમાં સહજ વૈરાગ્ય પ્રગટ્યો હતો.

તેઓ દેહથી સંસારમાં હતા પરંતુ એમનું મન તો મહારાજની મૂર્તિમાં રમ્યા કરતું હતું.

ઉપલેટાના મહામુક્તરાજ સમાધિનિષ્ઠ લાલાભાઈ સાથે એમને ખૂબ જ હેત હતું.

તેઓ અવાર-નવાર જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા માટે જતા હતા.

એમને કોઈ રીતે સંસાર કરવો નહોતો. પરંતુ એ સમયના રિવાજ પ્રમાણે એમના નાનપણમાં જ લગ્ન થઈ ગયા હતા. પરંતુ કેશવ ભગતનું મન સંસારમાં લાગતું નહોતું.

એક દિવસ કેશવ ભગત ઘરમાંથી સાધુ થવા માટે ભાગી નીકળ્યા અને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચ્યા.

કેશવ ભગતના પિતાશ્રી પાછળને પાછળ જૂનાગઢ ગયા અને એમને પાછા ઘરે લઈ આવ્યા.

કેશવ ભગતે ઘરે આવીને આકરું તપ અને ભજન શરુ કરી દીધાં. તેઓ ચોવીશ કલાકમાં એક વખત અલ્પ ભોજન કરતા હતા અને રાત્રિના બાર વાગ્યા સુધી શીર્ષાસન કરી જપ કરતા હતા.

એક વખત એમના પિતાશ્રીએ એમને બાજરાનું રખોપું રાખવા માટે મોકલ્યા હતા.

ભગત ખેતરે તો ગયા પણ ખેતરનું ધ્યાન રાખવાને બદલે માંચડાની નીચે શીર્ષાસન કરીને ભજન કરવા લાગ્યા.

કેશવ ભગતના પિતા બે-ચાર બ્રાહ્મણ સત્સંગીઓની સાથે સીમમાં મોલ જોવા નીકળ્યા હતા. એમણે કેશવ ભગતને બાજરાના ખેતરમાં ઊંધે માથે તપ કરતા જોઈને ભારે આશ્ચર્ય થયું.

બ્રાહ્મણોએ કેશવ ભગતના પિતાશ્રીને કહ્યું, "તમારે ત્યાં આ છોકરો કોઈ મુક્ત લાગે છે." પરંતુ કેશવ ભગતના પિતાશ્રીનું સાંસારિક મગજ આવી કોઈ વાત સ્વીકારવા તૈયાર થતું નહોતું.

કેશવ ભગતને સંસાર બળતાં અગ્નિ જેવો લાગતો હતો. તેઓ બે-ત્રણવાર ભાગીને જૂનાગઢ ગયા પણ એમના બાપા એમને પરાણે પાછા તેડી લાવ્યા હતા.

એક વખત તો કેશવ ભગત ઘરેથી ભાગીને દૂર ગઢડા પહોંચી ગયા હતા, એમના મનમાં હતું કે, "અહીંયા હું આવ્યો છું, એની મારા બાપને ખબર નહિ પડે." પરંતુ એમના પિતાશ્રીને ગમે તે રીતે ભાળ મળી ગઈ. તેઓ ગઢડેથી એમને પાછા તેડી લાવ્યા હતા.

કેશવ ભગતે વિચાર્યું કે, "બાપા મને કોઈ રીતે રજા આપે તેમ નથી, હવે મારે સંસાર છોડવા માટે શું કરવું ?"

અચાનક એમના અંતરમાં કોઈની ધારણામાં ન આવે, એવો ઉપાય સૂઝી આવ્યો.

કેશવ ભગત બીજાની જેમ જ વ્યવહારનું કાર્ય કરવા લાગ્યા અને હૃદયથી મહારાજનું ભજન ચાલુ રાખ્યું.

એમના પિતાશ્રીને એવું લાગ્યું કે, હવે કેશવનું મન સંસારમાં ગોઠી ગયું લાગે છે.

કેશવ ભગતની જુવાન ઉંમર હતી, વિવાહ થઈ ચૂક્યા હતા, એમના પત્ની હવે આણું વળીને પતિને ઘેર આવી ગયા હતા.

કેશવ ભગતની વાત અનોખી હતી.તેઓ સંસારમાં રહેવા છતાંય અલિપ્ત રહેતા. પત્નીની સાથે રહેવા છતાંય બ્રહ્મચર્યનું પાલન કરતા હતા.

પતિ અને પત્ની એક જ ઓરડામાં રહેતા હોય, પરંતુ જુવાન પત્ની એમના ચિત્તને ચલાયમાન કરી શકી નહોતી.

કેશવ ભગત મોડી રાત સુધી ઓરડાને એક ખૂણે ઊભા રહી આખી રાત માળા ફેરવતા રહેતા, આમને આમ છ મહિના એક ઓરડામાં રાત રહ્યા પરંતુ એમના પત્નીએ કેશવ ભગતમાં ક્યારેય વિકાર જોયો નહિ. કેશવ ભગતના પત્નીને ભગત માટે અત્યંત અહોભાવ પેદા થયો.

એમણે પોતાના સાસુને કહ્યું, ‘‘મા ! આ તમારો દીકરો પરભવનો જોગી છે. ઋણાનુબંધે એ મારી સાથે ચાર ફેરા ફર્યો છે પરંતુ જો થાંભલાને સ્ત્રીનો ઘાટ થાય, તો તમારા દીકરાને સ્ત્રીનો ઘાટ થાય, એવું છે. આજ છ-છ મહિનાથી હું આ વાતની સાક્ષી છું. માટે તમે આ તમારા દીકરાને હવે સંસારમાં રોકવાનો પ્રયાસ કરવાનું છોડી દ્યો.’’

કેશવ ભગતના પત્નીની વાત સાંભળી એમના સાસુને પણ ખૂબ આશ્ચર્ય થયું. એમણે કેશવ ભગતના પિતાશ્રીને બધી વાત કરી અને આખરે પિતાએ કેશવ ભગતને ત્યાગી થવાની રજા આપી.

કેશવ ભગતના ત્યાગમાર્ગના સર્વ અવરોધો દૂર થયા, એટલે તેઓ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવવા નીકળ્યા.

રસ્તામાં ઉપલેટા આવ્યું. કેશવ ભગતને ઉપલેટાના સમાધિનિષ્ઠ લાલાબાપા સાથે ખૂબ જ હેત હતું, તેથી તેઓ ઉપલેટા રાત રોકાયા.

મોડી રાત સુધી લાલાબાપાએ કેશવ ભગતને મહારાજ અને મોટા સંતોના મહિમાની વાતો કરી.

રાત્રે લાલાબાપા સૂતા એટલે કેશવ ભગત અતિ મહિમા બુદ્ધિથી લાલાબાપાના પગ દાબવા માંડ્યા. પગ દાબતાં દાબતાં કેશવ ભગતે લાલાબાપાને પ્રશ્ન કર્યો, ‘‘બાપા ! મારા હૃદયમાં સ્ત્રીનો તો ઘાટ નથી પણ હવે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ કેમ રહે ? તેનો ઉપાય બતાવો.’’

આટલી વાત સાંભળતાં જ લાલાબાપા સૂતા હતા, તે એકદમ ઊભા થઈ ગયા અને કેશવ ભગતનો હાથ પકડીને બોલ્યા, ‘‘એલા, કેશવ ! તેં શું કીધું ? તને

સ્ત્રીનો ઘાટ થાતો નથી! ધન્ય છે તને ! હવે હું તને મારા પગ દાબવા નહિ દઉં.''

''મને સમાધિ થાય છે, તોપણ સ્ત્રી-છોકરા સાંભરે છે અને તને સ્ત્રીનો સંકલ્પ જ નથી થાતો ! ભગત ! તું તો મુક્ત છો મુક્ત.''

કેશવ ભગતે કહ્યું, ''બાપા ! એતો ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતની કૃપાદૃષ્ટિનો પ્રભાવ છે.''

લાલાબાપાએ કહ્યું, ''ભગત! તમારી વાત સાચી છે. તમે સ્વામી સાથે રહો અને સ્વામી તમને મૂર્તિ અખંડ સાંભરે એવો ઉપાય બતાવશે.''

કેશવ ભગત જૂનાગઢ આવ્યા, મંદિરમાં દર્શન કરી, સ્વામીની પાસે આવીને બેઠા.

સ્વામીએ અંતર્યામીભાવે કહ્યું, ''કેશવ ! તમે તો માયા જીતીને આવ્યા. નારદ, સૌભરી, બ્રહ્મા અને શિવજી જેવા મોટા ગણાતા ઋષિમુનિઓ અને યોગેશ્વરો પણ સ્ત્રીના સંસર્ગમાં આવવાથી એવા રહ્યા નહોતા, એમની યોગસાધનામાં ભારે વિઘ્ન આવ્યા હતા, જ્યારે તમે તો માયાને માથે પગ દઈને આવ્યા છો.''

કેશવ ભગતે કહ્યું, ''સ્વામી ! એ બધું તો આપની દયાને લીધે છે. હવે એથી આગળ મહારાજમાં મન જોડવાની રીત આપ મને શીખવો.''

સ્વામીએ કેશવ ભગતને માથે હાથ મેલ્યા અને કહ્યું, ''ભગત ! મહારાજ તમારો મનોરથ પૂર્ણ કરશે.''

સ્વામીના આ આશીર્વાદથી કેશવ ભગતને શ્રીહરિની મૂર્તિ સિદ્ધ થઈ હતી. તેમને ત્રણેય અવસ્થામાં મહારાજના દર્શન થતા. ભલભલા યોગીઓને પણ આવી સ્થિતિ દુર્લભ હોય છે. સ્વામી જેવા સમર્થ સંતની કૃપાથી કેશવ ભગતના હૃદયમાં આવી ઉત્તમ સ્થિતિ પ્રગટી હતી.

પ્રગટ પુરુષોત્તમ નારાયણના મહાન સંતોનો પ્રભાવ અજોડ હોય છે.

કેશવ ભગતને પગે થોડી ખોટ હતી, એટલે સ્વામીએ એમને સાધુ તો ન કર્યા પણ તેઓ આખી જિંદગી પાર્ષદ થઈને જૂનાગઢ મંદિરમાં રહ્યા અને ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે જીવનપર્યંત સેવા કરી.

કેશવ ભગતને તપ અને ભજનનું અંગ હતું. તેઓ ઉર્ધ્વરેતસ્ બ્રહ્મચારી હતા, એટલે બધા એમને બદ્રિકાશ્રમના મુક્ત તરીકે ઓળખતા.

કેશવ ભગત મંદિરની નાની-મોટી સેવાઓ કરતા, તપ કરતા ,ધ્યાન કરતા અને ભજન કરતા. સાથોસાથ સ્વામીનો સમાગમ કરતા.

## કેશવ ! ઐસી બાતે બાદમેં નહી મિલેગી

એક સમયે સ્વામી સર્વ શાસ્ત્રોના રહસ્યરૂપ જ્ઞાનવાર્તા સંભળાવી રહ્યા હતા. એ વખતે કેશવ ભગત દૂર બેસીને શિક્ષાપત્રીનો પાઠ કરતા હતા.

વયોવૃદ્ધ સંત રામાનુજાનંદ સ્વામીએ આ જોયું, એટલે તેઓ એકદમ ઊભા થઈને કેશવ ભગત પાસે આવ્યા અને એનું બાવડું જાલી પોતાની હિંદુસ્તાની ભાષામાં કહેવા લાગ્યા,

“બેટી કે બાપ, તુમ યહાં પાઠ કરતેં હો, ઉધર તેરા બાપ કૈસી બાતે કરતા હૈ, પાઠ કો છોડો ઔર ઊનકો સૂનો, ઐસી બાતે બાદમેં નહી મિલેગી, ફીર પસ્તાયેગા.”

રામાનુજાનંદ સ્વામીની વાત સાંભળી કેશવ ભગત એકદમ ઊભા થયા, શિક્ષાપત્રી એકબાજુ રાખી, સ્વામીની વાતો સાંભળવા બેસી ગયા.

કેશવ ભગતને થયું, “રામાનુજાનંદ સ્વામીએ મને સાવધાન ન કર્યો હોત, તો હું કેટલાં મોટા લાભથી વંચિત રહી જાત ?”

આ બાજુ રામાનુજાનંદ સ્વામીને થયું, ‘મારાથી આજે એક સારા ભગતને ઠપકો અપાઈ ગયો’, રામાનુજાનંદ સ્વામીને અંતરમાં થોડી ગ્લાનિ થઈ.

સ્વામીને થઈ રહ્યું હતું કે મારે કેશવ ભગતની માફી માગી એને રાજી કરવા જોઈએ.

સ્વામીને આસને કોઈ હરિભગત ચાર કેરી મૂકી ગયું હતું, એ લઈને સ્વામી કેશવ ભગત પાસે આવ્યા અને બોલ્યા, “કેશવ ! મૈં તેરેકું વઢ્યા, તો લે એ કેરી ઔર રાજી રહેના.”

કેશવ ભગતે હસીને કહ્યું, “સ્વામી ! તમારા જેવા સંત અમને સાવધાન નહિ કરે તો, બીજું કોણ કરશે ? તમારો ઠપકો તો મને ગોળથી પણ ગળ્યો લાગ્યો છે.” આટલું કહી કેશવ ભગતે કેરી લેવાની ના પાડી પણ રામાનુજાનંદ સ્વામીએ એમને પરાણે બે કેરી આપી.

આ ઘટના પછી કેશવ ભગત કોઈ દિવસ સ્વામીના મુખેથી કથા-વાર્તા સાંભળવાનું ચૂક્યા નહોતા.

ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી કેશવ ભગતને મહારાજની મૂર્તિ સિદ્ધ થઈ ચૂકી હતી. તેઓ સર્વ ક્રિયામાં મહારાજની મૂર્તિમાં રમતા થયા હતા.

એમના જીવનમાં એમણે જે સિદ્ધ કરવાનું હતું, તે સિદ્ધ થઈ ચૂક્યું હતું.

એમણે મહારાજને પ્રાર્થના કરી કે, “હે મહારાજ ! હવે મને તમારા ધામમાં લઈ જાવ.”

એક દિવસ રાત્રિનો સમય હતો. ગુણાતીતાનંદ સ્વામી પોતાના આસને બિરાજમાન હતા. એવામાં સ્વામીને મહારાજે દર્શન દીધાં અને કહ્યું, “સ્વામી ! આ તમારો ભગત મને વિનંતી કરે છે કે, ધામમાં તેડી જાવ. તો તમારી શું મરજી છે ?”

સ્વામીએ કહ્યું, “મહારાજ ! કેશવ ભગતે આખી જિંદગી ખૂબ સેવા કરી છે, એમણે જે સિદ્ધ કરવાનું હતું, તે કરી લીધું છે, માટે હવે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો.”

ગુણાતીતાનંદ સ્વામીની સંમતિ જોઈને મહારાજ બીજે દિવસે કેશવ ભગતને ધામમાં તેડી ગયા.

## ભાયાવદરના વસ્તા ભગત

ભાયાવદરમાં વસ્તા ભગત નામે મહાન એકાંતિક ભક્તરાજ થઈ ગયા. તેઓ કણબી જ્ઞાતિમાં જન્મ્યા હતા. એમના પિતાશ્રીનું નામ હંસરાજભાઈ હતું.

વસ્તા ભગતને વેલાભાઈ વગેરે બે ભાઈઓ હતા. પૂરો પરિવાર ગુણાતીતાનંદ સ્વામીના જોગથી સત્સંગી થયો હતો.

પરંતુ વસ્તા ભગતની વાત સાવ જુદી હતી. તેઓ શુદ્ધ મુમુક્ષુ હતા. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરીને એમના હૈયામાં વૈરાગ્ય પ્રગટ્યો હતો.

તેઓને નાની ઉંમરે પરણાવી દેવામાં આવ્યા હતા. પરંતુ એમનું મન સંસારમાં ક્યાંય ગોઠતું નહોતું. એમને તો આખી જિંદગી ગુણાતીતાનંદ સ્વામી પાસે રહી બ્રહ્મચર્ય પાળી દેવસેવા કરતાં કરતાં જીવન વીતાવી દેવાનો સંકલ્પ હતો.

તેઓને ઘર છોડવું હતું પણ તેઓના પિતા કોઈ રીતે તેમને ત્યાગી થવાની રજા આપે એમ નહોતા.

એક દિવસ ખુલ્લા પિંજરાનો પોપટ ઊડી જાય એમ વસ્તા ભગત ઘર છોડીને પોતાના અસલી ઘરે જૂનાગઢ સ્વામીના ચરણમાં પહોંચી ગયા.

હંસરાજભાઈને આ વાતની ખબર પડી એટલે તેઓ પાછળને પાછળ જૂનાગઢ પહોંચ્યા અને વસ્તા ભગતને પરાણે તેડીને ઘરે લઈ આવ્યા.

પરંતુ વસ્તા ભગતને હવે દુન્યવી બંધનો બાંધી શકે એમ નહોતા. તેઓ ફરીથી જૂનાગઢ ભાગી ગયા. હંસરાજભાઈ એમને પાછા તેડી આવ્યા.

વસ્તા ભગતના સસરા લાલભાઈ ગામના પ્રતિષ્ઠિત આગેવાન હતા. પોતાનો જમાઈ આમ વારે ઘડીએ બાવો થવા ભાગી જાય, એ એમના સંસારી દિલને રુચતું નહોતું.

એમણે હંસરાજભાઈને કહ્યું, ‘‘હંસરાજભાઈ ! અમે સારું ઘર જાણીને અમારી દીકરી તમારા દીકરા જોડે પરણાવી પણ હવે તો અમારી દીકરીને માથે દુઃખના દાભ ઉગ્યા. તમારો દીકરો આમ વારે ઘડીએ ઘર છોડી સાધુ થવા ભાગી જાય, એ કેમ ચાલે ?’’

વેવાઈની વાત સાંભળી હંસરાજભાઈને ભારે ચોટ લાગી. એમણે વસ્તા ભગતને ઓરડામાં પૂર્યા અને ઘરના થાંભલા સાથે બાંધી દીધા અને બહારથી સાંકળ ચડાવી દીધી.

વસ્તા ભગતે આ બંધન અવસ્થામાં કેટલાક દિવસ કાઢ્યા, પરંતુ જેમ જેમ ઉપાધિ વધતી ગઈ તેમ તેમ એમનો વૈરાગ્ય મજબૂત થવા લાગ્યો.

એક દિવસ રાત્રિના સમયે વસ્તા ભગત બંધન અવસ્થામાં ભજન કરી રહ્યા હતા. એ જ વખતે મહારાજે એમને દર્શન દીધાં.

વસ્તા ભગતને મહારાજના દિવ્ય દર્શન થતાં અત્યંત આનંદ થયો. કરુણાનિધાન મહારાજે વસ્તા ભગતના બધા બંધન ખોલી નાખ્યા અને એમને સંકલ્પ માત્રથી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચાડી દીધા.

સવારના પહોરમાં હંસરાજભાઈએ જોયું તો, વસ્તા ભગત જોવામાં આવ્યા નહિ. દરવાજે સાંકળ યથાવત્ હતી અને દોરડાના બંધનો ખુલ્લા પડ્યા હતા.

હંસરાજભાઈની લૌકિક બુદ્ધિ શ્રીહરિના દિવ્ય પ્રભાવને ઓળખી ન શકી. એને તો એમ જ લાગ્યું કે, ‘ગામના સત્સંગીઓએ મારા છોકરાને ભગાડી મૂક્યો છે.’

હંસરાજભાઈએ હરિભક્તો સાથે ખૂબ વઢવેડ કરી પરંતુ એ વઢવેડનો કોઈ અર્થ નહોતો.

હંસરાજભાઈ જૂનાગઢ ગયા, વસ્તા ભગત તથા સ્વામીને બે આકરા વેણ કહ્યાં અને વસ્તા ભગતને લઈને પાછા ઘરે આવ્યા.

આ વખતે એમણે વસ્તા ભગતને મજબૂત દોરડાથી હાથ, પગ અને કેડેથી બરાબર બાંધ્યા. ઓરડાની બહાર સાંકળ ચડાવી તાળું માર્યું, ચાવી પોતાની પાસે રાખી.

દોરડાથી મજબૂત રીતે બાંધેલા હોવાથી વસ્તા ભગત ભારે મુશ્કેલી અનુભવી રહ્યા હતા પણ તેઓનો નિશ્ચય મેરુ જેવો અચળ હતો. તેઓ બંધન અવસ્થામાં

મહારાજનું ભજન કરી રહ્યા હતા.

એ જ રાત્રે ફરીથી મહારાજે વસ્તા ભગતને દર્શન દીધાં. માયાના બંધનો તોડાવી નાખનાર મહારાજને માટે દોરડાના બંધન ખોલવા, એ કોઈ નવાઈની વાત નહોતી.

આ વખતે મહારાજે એમને ભાયાવદરથી ઉઠાવી અને સાંકળી મંદિરના ચોકમાં મૂકી દીધાં.

યોગાનુયોગ અહીં સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી બિરાજમાન હતા. તેઓ રાત્રે લઘુશંકા કરવા ઊભા થયા તો એમણે ચોકમાં વસ્તા ભગતને ભાળ્યા.

મહાપુરુષદાસજી સ્વામીએ આશ્ચર્યથી કહ્યું, “અરે ! ભગત ! તમે અટાણે, અધરાતે ભાયાવદરથી અહીં કેવી રીતે પહોંચ્યા ?”

વસ્તા ભગતે સ્વામીને બધી જ વાત કરી. મહાપુરુષદાસજી સ્વામી વસ્તા ભગતની ઉત્તમ ભક્ત અવસ્થા અને નિરાવરણ સ્થિતિ જોઈને અત્યંત રાજી થયા. તેઓ વસ્તા ભગતને લઈને જૂનાગઢ આવ્યા.

આ જ અરસામાં ગુણાતીતાનંદ સ્વામી ચૈત્રી પૂનમનો સમૈયો કરવા સંઘ લઈને વડતાલ પધાર્યા હતા. વસ્તા ભગતના ભાઈ વેલોભાઈ પણ સ્વામીની સાથે વડતાલ ગયા હતા.

આ બાજુ હંસરાજભાઈએ ફરીથી સત્સંગીઓ સાથે બહુ મોટો ઝઘડો કર્યો. એને તો મનમાં એમ જ હતું કે, ‘આ લોકો જ મારા વસ્તાને વારે ઘડીએ ભગાડી મૂકે છે.’

હંસરાજભાઈના સંસારી મગજને પોતાનો દીકરો મહારાજ અને સ્વામીની કૃપાથી નિરાવરણ દશાને પામ્યો છે, એની વાત સમજાય એવી નહોતી.

વડતાલ સમૈયે ગયેલા વેલાભાઈ ઘરે આવ્યા. પોતાના પિતાશ્રી હંસરાજભાઈ સત્સંગીઓ સાથે વારે ઘડીએ વિખવાદ કરે, એ એમને રુચ્યું નહિ. એમણે વસ્તાને પૂછ્યું, “વસ્તા ! સાચું બોલ, તને વારે ઘડીએ ઘરેથી કોણ ભગાડી જાય છે ?”

વસ્તા ભગતે કહ્યું, “ભાઈ ! મહારાજ વારે ઘડીએ મારી નિરાવરણ સ્થિતિ કરી નાખે છે. મને કોઈ બંધન કે દીવાલો નડતા નથી. આપણા બાપા સત્સંગીઓ સાથે નકામો ઝગડો કરે છે.”

વેલાભાઈને સ્વામીનો સમાગમ હતો, એટલે વસ્તા ભગતની વાત તરત ગળે ઉતરી ગઈ. એમણે એમના પિતાશ્રીને સમજાવવા પ્રયાસ કર્યો પણ હંસરાજભાઈ ન માન્યા તે ન જ માન્યા.

હંસરાજભાઈએ કહ્યું, "મેં એને આવડો મોટો કર્યો, હવે મારી વૃદ્ધાવસ્થામાં એને મારી સેવા કરવાની ફરજ નથી ?"

વેલાભાઈએ કહ્યું, "બાપા ! તમારી સેવા હું કરીશ. તમને જરાય ઓછું આવવા નહિ દઉં. માટે તમે વસ્તાને સ્વામી પાસે ત્યાગી થવાની રજા આપો."પરંતુ વેલાભાઈની વાત કોઈ રીતે હંસરાજભાઈને ગળે ઉતરે એમ નહોતી.

આ બાજુ મહારાજે વસ્તા ભગતને ત્રીજીવાર જૂનાગઢ પહોંચાડી દીધા.

હંસરાજભાઈ જરાય હાર માન્યા સિવાય પાછા જૂનાગઢ ગયા.

આ બાજુ વસ્તા ભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! મને હવે કોઈપણ ભોગે આ બંધનમાંથી છોડાવો. મને વારે ઘડીએ ઘરે જવું ગમતું નથી. મને ઘરબાર સળગતા અગ્નિ જેવા લાગે છે. તમે દયા કરી મારી ઉપાધિનો અંત લાવો."

સ્વામીએ કહ્યું, "વસ્તા ! હવે તારી ઉપાધિનો અવધિ આવી ગયો છે. તારે ત્યાગી થાવું છે કે ધામમાં જાઉં છે ?"

વસ્તા ભગતે કહ્યું, "સ્વામી ! જો આપ મને ધામમાં મોકલી દ્યો તો એથી વિશેષ રુડું શું હોઈ શકે ? મારી કાયમ માટેની ઉપાધિ શમી જાય."

સ્વામીએ કહ્યું, "તો, વસ્તા ! તું ભજન કરવા માંડ. બે દિવસ પછી મહારાજ તને ધામમાં તેડી જશે."

આ બાજુ ભાયાવદરથી હંસરાજભાઈ જૂનાગઢ આવ્યા અને એમણે સ્વામીને આકરા શબ્દોમાં કહ્યું, "મારો વસ્તો મને પાછો આપો."

સ્વામીએ કહ્યું, "હંસરાજભાઈ ! તમારો વસ્તો મંદિરની સેવા કરે અને ભગવાન ભજે તો વાંધો શું છે ?"

હંસરાજભાઈએ કહ્યું, "સ્વામી ! તમારે અહીં ક્યાં સેવા કરનારાની તાણ્ય છે અને ભગવાન ભજવા હોય તો ઘરે ક્યાં નથી ભજાતા ?"

સ્વામીને થયું, "આ સંસારી જીવ સત્સંગી છે છતાં સાચી વાત સમજશે નહિ."

સ્વામીએ કુનેહપૂર્વક કહ્યું, "હંસરાજભાઈ ! તમે બે દિવસ ખમી જાવ. તમે વસ્તાની પાસે જ રહો અને એનું ધ્યાન રાખો.બે દિવસ પછી તમે વસ્તાને તમારી સાથે લઈ જજો."

બે દિવસ પૂરા થવા આવ્યા. એ દરમ્યાન વસ્તા ભગતને તાવ આવ્યો. હંસરાજભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! વસ્તાને તાવ ચડ્યો છે."

સ્વામીએ મર્મમાં કહ્યું, "હંસરાજભાઈ ! ચિંતા કરશો નહિ. થોડા સમયમાં વસ્તો સાવ સાજો-સારો થઈ જશે. એને નખમાંય રોગ નહિ રહે."

સ્વામીની વાતના મર્મને સમજી શકે એવી બુદ્ધિ હંસરાજભાઈની નહોતી.

બે દિવસ પછી સવારમાં સ્વામી વસ્તા ભગતને દર્શન દેવા પધાર્યા. સ્વામીએ કહ્યું, “વસ્તા ! તારો સમય હવે પૂરો થાય છે. થોડીવારમાં મહારાજ તને તેડવા આવશે. તું હવે મહારાજ સિવાય ક્યાંય મન રાખીશ નહિ.”

વસ્તા ભગતે કહ્યું, “સ્વામી ! તમારી કૃપાથી મારું મન હવે મહારાજમાં જોડાઈ ચૂક્યું છે.”

સ્વામીએ કહ્યું, “બહુ સારું”

આટલું કહી વસ્તાને માથે હાથ મેલી આશીર્વાદ આપી સ્વામી ધર્મશાળામાં પધાર્યા ત્યાં રસ્તામાં હંસરાજભાઈ સામે મળ્યા.

હંસરાજભાઈએ કહ્યું, “સ્વામી ! વસ્તાને સારું થઈ જશેને ?”

સ્વામીએ કહ્યું, “હંસરાજભાઈ ! વસ્તાને હવે સાવ સારું થઈ ગયું છે. તમે અમારી વાત માન્યા નહિ. એટલે ન છૂટકે અમારે જે અમારો હતો એને અમારી પાસે બોલાવી લીધો છે અને હવે જે તમારું છે, એ ઉતારામાં ભોંય ઉપર પડ્યું છે. એને તમે તમારા ઘરે લઈ જાવ.”

હંસરાજભાઈને સ્વામીની આ રહસ્યમય વાણી સમજાય એમ નહોતી. તેઓ ઉતારે પહોંચ્યા તો વસ્તા ભગતે દેહ મેલી દીધો હતો.

હવે હંસરાજભાઈને સમજાયું કે, સ્વામીની વાતનો મર્મ શો હતો. હંસરાજભાઈ રુદન કરવા લાગ્યા. એના મનમાં ખૂબ પસ્તાવો થયો કે, “આનાં કરતાં મેં વસ્તાને સાધુ થવાની રજા આપી હોત, તો સારું હતું.”

અમૂલખ અવસર હાથમાંથી સરી જાય પછી ખરખરો કરવાનો કોઈ અર્થ નથી.

# ઉનાના પ્રસંગો

## ઉનાના શેઠીયાઓએ વાડા અર્પણ કર્યા

વિ. સં. ૧૯૧૧ નું વર્ષ હતું. ગુણાતીતાનંદ સ્વામી જળઝીલણીનો સમૈયો કરવા માટે ઊના પધાર્યા હતા.

એકાદશીના પવિત્ર દિવસે સ્વામીએ લાલજીને પાલખીમાં બેસાડી વાજતે ગાજતે શોભાયાત્રા કાઢી નગરમાં ફેરવ્યા અને મચ્છુન્દ્રી નદીમાં જળ ઝીલાવવા લાવ્યા.

સંતો-હરિભકતો ઉત્સાહથી કીર્તન-ભક્તિ કરી રહ્યા હતા.

સ્વામી લાલજીને જળ ઝીલાવી રહ્યા હતા.

સ્વામીએ ઘણીવાર સુધી જળ ઝીલાવ્યું પછી લાલજીને ફરીથી પાલખીમાં પધરાવ્યા અને વાજતે ગાજતે મંદિરમાં આવ્યા.

આ સમૈયામાં નાઘેર અને બાબરીયાવાડના ગામડાંઓમાંથી હજારો હરિભક્તો ભેગા થયા હતા.

ઉત્સવ પૂરો થયો પછી સૌ વિખરાયા.

સ્વામીને ઊનામાં સંતોને રહેવા માટે ધર્મશાળા કરાવવી હતી. એકાદશીના વળતે દિવસે વામન દ્વાદશીનો પવિત્ર દિવસ હતો.

સ્વામીએ વલ્લભજી શેઠ, કરમશી શેઠ, જેઠા શેઠ વગેરે શેઠીયાઓને ભેગા કર્યા અને કહ્યું, ‘‘શેઠીયાઓ ! આજે વામન દ્વાદશીનો દિવસ છે. આજે ભગવાન વામનજીએ બલિરાજા પાસે ત્રણ પગલાં જમીન માગી હતી અને બલિરાજાએ ભૂમિદાન આપીને વામનજીની ઈચ્છા પૂરી કરી હતી. આજના દિવસે ભૂમિદાનનો ભારે મહિમા છે.’’

‘‘અમારે પણ આજે તમારી પાસેથી ભૂમિદાન લેવું છે. અમારે સાધુઓને રહેવા માટે ધર્મશાળા બંધાવવી છે. તમારી પાસે મંદિરની બાજુમાં ખુલ્લા વાડા

પડ્યા છે. એ જો આપો તો ધર્મશાળા બાંધી શકાય.''

આ રીતે સામેથી સ્વામીએ સેવા ચીંધી, એટલે શેઠીયાઓ અત્યંત રાજી થયા અને હરખભેર પોતાના વાડા મંદિરને અર્પણ કર્યા.

સ્વામી શેઠીયાઓના આ ભૂમિદાનથી ખૂબ જ રાજી થયા અને પોતાના વિદ્વાન શિષ્ય રઘુવીરચરણદાસજીને ધર્મશાળા બાંધકામની જવાબદારી સોંપી.

## કુંભા વણઝરને ઘોડી આપી

આ સમૈયા ઉપર સમઢિયાળાથી ભોજાભગત પણ પોતાના પિતા કુંભા વણઝરને લઈને ઉના સમૈયાના દર્શન માટે આવ્યા હતા.

કુંભા વણઝર ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીના જોગમાં આવેલા હતા. ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કરતાં જ કુંભા વણઝરના અંતરમાં અતિ શાંતિ થઈ. મનમાં થયું, ''આ સાધુ ભારે સમર્થ લાગે છે.''

બંને બાપ-દીકરો બે દિવસ સુધી ઉના રોકાયા અને સ્વામીનો સમાગમ કર્યો. સ્વામીએ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના અલૌકિક ઐશ્વર્યની બળભરી વાતો કરી.

ભોજા ભગત તો સત્સંગના રંગે રંગાયેલા હતા.સ્વામીની વાત સાંભળીને કુંભા વણઝરના અંતરમાં પણ ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય થયો.

હાલવા ટાણે કુંભા વણઝરને સંકલ્પ થયો, ''સમઢિયાળા ઘણું દૂર છે. સ્વામી જો મને એની ઘોડી આપે તો સમઢિયાળા પહોંચવાનું સાનુકૂળ રહે.''

ગુણાતીતાનંદ સ્વામી અંતર્યામીભાવે કુંભા વણઝરનો સંકલ્પ જાણી ગયા અને બોલ્યા, ''ભગત ! સમઢિયાળા ઘણું દૂર છે. સાંજ પડવા આવી છે માટે સવારે શિરામણી કરીને જજો અને બીજું તમારું શરીર વૃદ્ધ થયું છે. તમને હાલીને જવામાં ભારે અગવડતા પડશે. માટે તમે અમારી ઘોડી લઈને જજો એટલે તમને સાનુકૂળતા રહેશે.''

ગુણાતીતાનંદ સ્વામી પોતાનો સંકલ્પ જાણી ગયા એટલે કુંભા વણઝરને ભારે આશ્ચર્ય થયું.

તેઓ સ્વામીને પગે લાગીને બોલ્યા, ''સ્વામી ! આપ મોટા પુરુષ ખરા. જેમ આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામી બીજાના અંતરની વાત જાણી જતા, એજ રીતે તમે પણ મારા મનની વાત જાણી ગયા.''

કુંભા વણઝરની વાત સાંભળીને સ્વામી મંદ મંદ હસવા લાગ્યા.

કુંભા વણઝર અને ભોજા ભગત સ્વામીની રજા લઈ સમઢિયાળા ગયા.

## ઊનામાં હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠા

ઊનામાં ગણેશ શેઠે બંગલા ઘાટના મંદિરમાં લાલજી પધરાવ્યા હતા. સ્વામીને અંતરમાં ઈચ્છા હતી કે, અહીંયા અમારે હનુમાનજી-ગણપતિ પધરાવવા.

સ્વામીએ પોતાના વિદ્વાન શિષ્ય રઘુવીરચરણદાસજીને આજ્ઞા કરી હતી કે તમે અહીં હનુમાનજી-ગણપતિજીની દેરીઓ તૈયાર કરાવો. કામ પૂરું થયે પ્રતિષ્ઠા કરવા અમે અહીં આવીશુ.

સ્વામીની આજ્ઞા પ્રમાણે રઘુવીરચરણદાસજીએ દેરીઓ તૈયાર કરાવી.

વિ. સં. ૧૯૧૩ ની સાલ હતી. સ્વામી હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠા માટે જૂનાગઢથી ઊના પહોંચ્યા હતા.

પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર બાબરિયાવાડ-નાઘેરમાંથી હરિભક્તોનો મોટો સમુદાય ઉપસ્થિત થયો હતો. જેમાં શ્રીજી મહારાજને મળેલા ખીમો સાંખડ, વીરો ભાલીયો, ખીમો ખાંટ, ભોજા ભગત, કુંભા વણઝર વગેરે હરિભક્તો પણ હતા.

ઊનાના વલ્લભજી શેઠે સ્વામીને કહ્યું, “સ્વામી ! આ પ્રતિષ્ઠાનો તમામ ખર્ચો હું આપીશ.” સ્વામીએ કહ્યું, “શેઠ ! આ તમારા જમાઈ પ્રભુદાસ આ સેવા લેવા માટે તૈયાર છે. તો તમે તેમને એ લાભ લેવા દ્યો. આખરે તો દીકરો અને દીકરી એક જ કહેવાય.”

સ્વામીની મરજી જોઈ વલ્લભ શેઠે હા પાડી. પ્રભુદાસે સારું એવું દ્રવ્ય વાપરી ધામધૂમથી પ્રતિષ્ઠા-ઉત્સવનો લાભ લીધો અને સ્વામીનો રાજીપો પ્રાપ્ત કર્યો.

ઉત્સવ પૂરો થયા બાદ વલ્લભજી શેઠે સ્વામીને કહ્યું, “સ્વામી ! આ મારા મોતીચંદને ત્યાં દીકરા જન્મે છે પણ ઉજરતા નથી. મોતીચંદ પણ માંદો રહે છે. આપ થોડી કૃપા કરો તો બધા સારાં વાનાં થાય.”

સ્વામીએ કહ્યું, “શેઠ ! તમે સિદ્ધેશ્વર મહાદેવની માનતા કરો એટલે મોતીચંદને ત્યાં દીકરા ઉજરશે અને મોતીચંદની માંદગી કાઢવી હોય તો એને અમારી સાથે જૂનાગઢ મોકલો.

વલ્લભજી શેઠે કહ્યું, “સ્વામી ! મોતીચંદ માંદો મટતો હોય, તો આપ એને અવશ્ય જૂનાગઢ લઈ જાવ.”

સ્વામીએ પ્રતિષ્ઠા-ઉત્સવ પછી ઊનાથી જૂનાગઢ જવા પ્રયાણ કર્યું. મોતીચંદને સાથે લીધા. રસ્તામાં આવતા ગામડાંઓના હરિભક્તોને સુખ દેતાં દેતાં સ્વામી જૂનાગઢ પધાર્યા.

રસ્તામાં મોતીચંદને ભારે તાવ આવી ગયો હતો. બધાને ચિંતા થતી હતી પરંતુ સ્વામીએ કહ્યું, ‘‘માયા એનું ધાર્યું કરવા માગે છે પરંતુ મહારાજ મોતીચંદની રક્ષામાં છે, એટલે એને કાંઈ નહિ થાય.’’

મોતીચંદ જૂનાગઢ પહોંચ્યા, મંદિરમાં દેવોના દર્શન કર્યા અને જાણે સ્વામીના આશીર્વાદ ફળતા હોય, એમ શરીરે સાજા-નરવા થઈ ગયા પછી સ્વામીએ એમને પાછા ઊના મોકલ્યા.

વલ્લભ શેઠે સ્વામીના વચને સિદ્ધેશ્વર મહાદેવની માનતા માની હતી, એ માનતા ફળી. મોતીચંદભાઈને ત્યાં દીકરા ઉજરવા લાગ્યા અને એનો વંશ-વેલો આગળ ચાલ્યો.

## શૂરવીર સત્સંગી શેઠ વલ્લભજી

ઊનાના ગણેશ શેઠના પરિવારમાં શેઠ વલ્લભજી થયા. ગણેશ શેઠ ધામમાં ગયા પછી વલ્લભજી શેઠ ઊનાના નગરશેઠ તરીકે ગણાતા હતા.

જૂનાગઢ રાજ્યના ઊના મહાલનો બધો જ કારોબાર શેઠની પેઢીયેથી થતો હતો.

વલ્લભજી શેઠ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

સ્વામીનો સમાગમ કરીને વલ્લભજી શેઠ ચુસ્ત સત્સંગી થયા હતા. તેઓ રોજ વહેલા ચાર વાગે ઊઠતા, ધ્યાન કરતા, માળા ફેરવતા પછી મંદિરે જઈ દર્શન કરતા અને સાધુ-સંતોને જે કંઈ જરૂરીયાત હોય તે પૂરી પાડતા.

સાંજના સમયે તેઓ નિયમિત મંદિરે જતા, કથા-વાર્તાનું શ્રવણ કરતા, ધૂન-કીર્તન, નિયમ-ચેષ્ટા કરતા. પછી ઘરે આવી સો માળા કર્યા પછી સૂતા.

તેઓ શૂરવીર સત્સંગી હતા અને માથા સાટે મંદિરનો પક્ષ રાખતા.

નગરશેઠ હોવાથી રાજમાં માનીતા હતા. હિંદુઓ અને મુસલમાનો પણ એમની આમન્યા જાળવતા.

ઊનાના મુસલમાનો દર વર્ષે તાજીયા કાઢતા અને શેઠની હવેલી આગળ થઈને મંદિર પાસેથી પસાર થતા અને શેઠની સલામી ઝીલી પછી આગળ વધતા.

એક દિવસ અચાનક અકસ્માતે પવનના ઝપાટાથી બાજુના મકાન ઉપરથી નળિયાનો એક ટુકડો તાજિયા ઉપર પડ્યો અને તાજીયાને નુકસાન થયું.

મુસલમાનોને થયું કે, ‘હિંદુઓ આપણું અપમાન કરે છે.‘ એટલે મુસલમાનો તોફાન કરવા લાગ્યા, કેટલાક આગેવાનોએ એમને શાંત કરવા પ્રયાસ કર્યા પણ તેઓ માન્યા નહિ અને મંદિર ઉપર હલ્લો કર્યો.

એ જ વખતે વલ્લભજી શેઠ નીડરતા પૂર્વક એકદમ દોડી મંદિરની ખડકી આડા ઊભા રહ્યા અને ઊંચે અવાજે બોલ્યા, “તમને તમારા તાજિયા વા‘લા છે, તો મને મારું મંદિર વહાલું છે. પહેલા મારું માથું પડશે પછી જ આગળ વધી શકાશે.”

“અને બીજું તમે સાંભળી લ્યો, આપણે કાયમ ભેળી જિંદગી ગુજારવાની છે. આ રીતે ઝઘડા કરવાની વાત એ કોઈ ધર્મ શીખવતો નથી.”

વલ્લભજી શેઠના પ્રભાવથી અને વિવેક ભરેલી વાણીથી બધા શાંત થયા.

વલ્લભજી શેઠ પણ ગણેશ શેઠની જેમ ખૂબ જ ઉદાર દિલના હતા. ગરીબ-ગુરબા, સાધુ-બ્રાહ્મણોને છૂટે હાથે દાન દેતા અને દેવમંદિરોમાં પણ ખૂબ જ સેવા કરતા હતા. વલ્લભજી શેઠને આંબાના મોટા મોટા બગીચા હતા. એમાં સો આંબાની કેરીઓ તેઓ દાન-પુણ્યમાં જ વાપરી નાખતા હતા.

## સુંદરજી શેઠ સ્વામીનો સંકેત સમજી શક્યા નહિ

વિ. સં. ૧૯૧૫ ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામી જલઝીલણીનો સમૈયો કરવા માટે ઊના જવા નીકળ્યા હતા.

રસ્તામાં આવતા હરિભક્તોના ગામડાઓને પાવન કરતા કરતા સ્વામી ઊના પાસેના વડવીયાળા ગામે પધાર્યા.

બીજે દિવસે સ્વામી ત્યાંથી નીકળીને કાજરડી થઈને તડગામ પધાર્યા. તડગામના રામજી શેઠે સ્વામીનું ભારે સ્વાગત કર્યું અને આગ્રહ કરીને સ્વામીને રોક્યા.

સાંજનો સમય હતો. ઊનાથી સુંદરજી શેઠ અને એમના જમાઈ પ્રભુદાસ સ્વામીના દર્શને આવ્યા હતા.

સુંદરજી શેઠને સ્વામી ઊના પધારે ત્યારે બ્રહ્મચારી અચિંત્યાનંદજી સ્વામી પાસે કથા કરાવવાનો વિચાર હતો. એમણે સ્વામીના દર્શન કરી પોતાના સંકલ્પની વાત રજૂ કરી.

સ્વામીએ મર્મમાં કહ્યું, “સુંદરજી ! મહારાજે ધાર્યું હોય એમ થાય. આપણે ઝાઝા સંકલ્પ-વિકલ્પ ન કરવા.”

સુંદરજી શેઠ સ્વામીનો સંકેત સમજી ન શક્યા. એમણે સ્વામીને કહ્યું, “સ્વામી ! આપ જલદી ઊના પધારો અને મારા કથાના સંકલ્પને પૂર્ણ કરો.”

સ્વામી બોલ્યા, "સુંદરજી ! ઊના પહોંચતા હજી અમારે પંદરેક દિવસ થઈ જશે." સુંદરજી શેઠના મનમાં થયું, "સ્વામી પંદર દિવસમાં ઊના પધારે એ પહેલા હું મારા ઘરને છોવરાવી લઉં."

આમ વિચાર કરી શેઠ બોલ્યા, "સ્વામી ! હવે અમે ઊના જઈશું."

સ્વામીએ કહ્યું, "શેઠ ! હમણાં આવ્યા છો, ઊના જવાની એવી શી ઉતાવળ છે ? બે-ચાર દિ રોકાવ અને કથા-વાર્તાનો લાભ લ્યો."

સુંદરજી શેઠે કહ્યું, "પણ, સ્વામી ! આપ પંદર દિવસમાં ઊના પધારો, એ પહેલા મારા ઘરને રંગ-રોગાન કરાવી લઉં તો સારું. કથામાં સગાં-વહાલા આવે તો ઘર સારાં લાગે."

સ્વામીએ ફરીથી મર્મમાં કહ્યું, "શેઠ ! આ દુનિયામાં કોઈના કાર્ય ક્યારેય પૂરા થયા નથી. માટે ઘર છોવરાવવાના સંકલ્પ-વિકલ્પ છોડો અને જીવ ઉપર ચડેલા માયાના રંગ ઉતારી ચૈતન્યને શુદ્ધ કરવાના સંકલ્પ કરો."

સ્વામીની વાણીમાં ભવિષ્યની કોઈ અણધારી ઘટનાનો સંકેત હતો અને એ સંકેત સ્પષ્ટ કહી શકાય તેમ પણ નહોતો.

સ્વામી કોઈપણ રીતે સુંદરજી શેઠના માથા ઉપર ભમતી ઘાતને ટાળવા માગતા હતા પરંતુ શેઠ કથા અને રંગ-રોગાનોના વિચારમાં મશગૂલ હતા, તેથી સ્વામીનું વચન માની શક્યા નહિ.

શેઠ પોતાના જમાઈની સાથે ઊના પાછા ગયા.

મકાનના રંગ-રોગાન માટે ચૂનાની જરૂર હતી. શેઠે ચૂનારાને કહ્યું, "તારી પાસે જેટલો ચૂનો તૈયાર હોય, એટલો આપ મારે ઘરને રંગ-રોગાન કરાવવા છે.

ચૂનારાએ કહ્યું, "શેઠ ! ચૂનો સાવ ખલાસ થઈ ગયો છે. જો તમે છાણાંની વ્યવસ્થા કરી આપો તો હું ભઠ્ઠો ચૂનો તૈયાર કરી આપું."

સુંદરજી શેઠે કહ્યું, "ભલે, હું હમણાં જ છાણાં મોકલાવું છું." આટલું કહી સુંદરજી શેઠ છાણાં લેવા માટે ભાવસારને ઘરે ગયા. ભાવસાર ઘરે હાજર નહોતા એની નાની દીકરી ઘરે હતી.

દીકરીએ કહ્યું, "બાપા ! છાણાં તો છે પણ ઉપર મેડે ખડક્યાં છે. કોઈ ઉતારનાર હોય તો કામ થાય."

શેઠને ઉતાવળ હતી, એટલે પોતે છાણાં ઉતારવા મેડે ચડ્યા.પરંતુ કોણ જાણે શું થયું ? શેઠ શરીરનું સમતોલપણું જાળવી શક્યા નહિ, એટલે મેડેથી નીચે પડ્યા. નીચે ઊંધો ખાટલો પડ્યો હતો. ખાટલાનો પાયો શેઠના પેટમાં લાગ્યો.

શેઠના પેટમાં ભયંકર આંટી પડી અને સખત દુ:ખાવો ઉપડ્યો.

શેઠથી કોઈ રીતે દુ:ખાવો સહન થાય તેમ નહોતો.શેઠના કુટુંબીઓએ તાબડતોબ ઊનાના વૈદ્યરાજને બોલાવવા માણસ મોકલ્યો પરંતુ વૈદ્યરાજ તો ગુણાતીતાનંદ સ્વામીના દર્શન માટે તડગામ ગયા હતા.

માણસને મારતે ઘોડે તડગામ મોકલવામાં આવ્યો. વૈદ્યરાજ સ્વામીની પાસે બેઠા હતા.

માણસે વૈદ્યરાજને બધી વાત કરી અને જલદી ઊના પધારવા વિનંતી કરી.

માણસની વાત સાંભળીને સ્વામી બોલ્યા, ‘‘વૈદ્યરાજ ! શેઠનું આયુષ્ય હવે પૂરું થઈ ચૂક્યું છે. અમે શેઠની આ ઘાત ટાળવા ઘણો પ્રયાસ કરી જોયો પણ શેઠ અમારી વાતને સમજી શક્યા નહિ. જેવી મહારાજની મરજી, છતાં આપ જાઓ અને આશ્વાસન ખાતર જે ઉપચાર કરવા ઘટે તે કરો.’’

વૈદ્યરાજ તાબડતોબ ઊના ગયા. સ્વામી પણ બીજે દિવસે ઊના પધાર્યા.

રાત્રિનો સમય હતો. શેઠની પીડા ખૂબ વધી ગઈ હતી. ઊનાના માધવજીભાઈએ સ્વામીના સેવક માધવચરણદાસજીને કહ્યું, ‘‘સુંદરજી શેઠની હાલત ખરાબ છે. સ્વામીને કહો કૃપા કરે તો કાંઈક ઠીક થાય.’’

માધવચરણદાસજીએ સ્વામીને વાત કરી. સ્વામી એટલું જ બોલ્યા, ‘‘મહારાજે ધાર્યું હશે એમ થશે.’’ આમ કહી સ્વામી પડખું ફેરવી ગયા.

સ્વામીની મરજી જોઈ નહિ, એટલે માધવચરણદાસજી સ્વામી સમજી ગયા કે,સુંદરજી શેઠ હવે લાંબુ નહિ ખેંચે !

એમણે માધવજીભાઈને બધી વાત કરી. માધવજીભાઈ રાત્રિના સમયે સુંદરજી શેઠને ઘરે ગયા પણ ત્યાં તો સુંદરજી શેઠે દેહ મેલી દીધો હતો.

સ્વામીએ જલઝીલણીનો સમૈયો પૂર્ણ કર્યો. સુંદરજી શેઠના પરિવારને આશ્વાસન આપવા માટે સ્વામી જલઝીલણીનો સમૈયો પૂર્ણ કર્યા બાદ દસ દિવસ રોકાયા. શેઠના પરિવારજનોને કથા-વાર્તા કરી, એમના હૈયાના ભાર હળવા કર્યા.

## મોતીચંદની જાન લૂંટાણી

વલ્લભજી શેઠના દીકરા મોતીચંદનો સંબંધ ધોરાજીના વણિક પરિવારમાં કરવામાં આવ્યો હતો.

વિ. સં. ૧૯૧૯ ની સાલ હતી. વલ્લભજી શેઠ ઊનાથી જાન લઈને દીકરાને પરણાવવા માટે ધોરાજી આવ્યા.

ધોરાજીમાં ધામ-ધૂમથી લગ્નવિધિ પતાવીને શેઠ રસાલા સાથે જૂનાગઢ પહોંચ્યા.

જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી બિરાજતા હતા. શેઠ સ્વામીના દર્શને આવ્યા.

આગમની એંધાણી પારખીને સ્વામીએ વલ્લભજી શેઠને કહ્યું, "શેઠ ! બપોર ઢળી ચૂક્યા છે, સાંજ પડવા આવી છે. આજની રાત્રિ તમે જૂનાગઢમાં જ રોકાઈ જાવ. કારણ કે તમારી સાથે જાનનો રસાલો છે. દર, દાગીના અને રૂપિયાનું જોખમ છે, આગળનો રસ્તો જોખમી છે, ચોર-લૂંટારાનો ભય છે."

વલ્લભજી શેઠ સ્વામીની વાત સમજી શક્યા નહિ. એમણે કહ્યું, "સ્વામી ! મારી સાથે રખોપિયા તરીકે આરબ સૈનિકોની ટુકડી છે. માટે કોઈ ભય જેવું નથી."

સ્વામીએ જોયું કે, "શેઠ જાન લઈને જવાના તાનમાં છે." એટલે સ્વામીએ કહ્યું, "શેઠ ! રસ્તામાં વસુપાડા ગામ આવશે. રાત પડે તો ગામમાં રાત રહેજો, પણ ગામથી બહાર રહેશો નહિ, એટલું ધ્યાન રાખજો."

વલ્લભજી શેઠ જાન લઈને જવાની ઉતાવળમાં હતા, એટલે સ્વામીની વાત ઉચક મને સાંભળી, હા એ હા કરી, ચાલતા થયા.

રસ્તામાં રાત પડી, વસુપાડા ગામ આવ્યું. શેઠ સ્વામીની આજ્ઞાને વિસરી ગયા અને ગામમાં રાત રહેવાને બદલે ગામની બહાર રાત રહ્યા.

શેઠને સ્વામીના વચન કરતાંય ચોકીદારોનો ભરોસો વધારે હતો.

આખી રાત્રિ તો હેમખેમ વીતી ગઈ પરંતુ વહેલી સવારે જે થવાનું હતું, તે જ થઈને રહ્યું. રોઝાના દિવસો ચાલતા હતા. આરબ સૈનિકોને આખો દિવસ કાંઈ જમવાનું હતું નહિ, એટલે તેઓ વહેલી સવારે સાથે મળીને જમવા બેઠા.

થોડે દૂર ચોર લોકો સંતાઈને આવા જ કોઈ અવસરની રાહ જોઈ રહ્યા હતા.

ચોકીદારો જમવામાં મશગૂલ હતા. જાનનો રસાલો હજુ ઊંઘમાં હતો. ચોર લોકો ઘરેણું-ગાઠું અને રૂપિયા લઈને ચાલતા થઈ ગયા.

બધા સવારે જાગ્યા ત્યારે ખબર પડી કે, જાન લૂંટાઈ ગઈ છે.

જાનનો રસાલો દુઃખી દુઃખી થઈ ગયો અને હાય વોય કરવા લાગ્યો.

વલ્લભજી શેઠને હવે સ્વામીના વચનો યાદ આવવા લાગ્યા અને પેટ ભરીને પસ્તાવો કરવા લાગ્યા પણ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ?

શેઠે જેમ-તેમ કરીને બધાને ઊના પહોંચાડ્યા અને પોતે જૂનાગઢ આવીને રાજમાં ફરિયાદ નોંધાવી પછી સ્વામીની પાસે આવીને રડવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, "શેઠ ! અમે તમને કેટલી વાર ચેતવ્યા પણ તમે ચેતો નહિ

તો અમે શું કરીએ ?''

વલ્લભજી શેઠે કહ્યું, ''સ્વામી ! મેં તમારું માન્યું નહિ, એનું જ આ પરિણામ છે. મારી હજારોની મત્તા લૂંટાઈ ગઈ.'' સ્વામી કહે, ''શેઠ ! હવે પસ્તાવો કરવો રહેવા દ્યો. ભગવાનની મરજી માની ધીરજ રાખો.''

શેઠે કહ્યું, ''સ્વામી ! પણ કાંઈક દયા કરો કે જેથી લૂંટાયેલો માલ પાછો આવે.''

શેઠની દયનીય સ્થિતિ જોઈને સ્વામીએ કરુણા કરી કહ્યું, ''શેઠ ! મહારાજ તમારા ઉપર દયા કરશે. ઘરેણું તો પાછું નહિ આવે પરંતુ તમારા રૂપિયા તમને મળી જશે.''

શેઠને થોડું આશ્વાસન અને ધીરજ પ્રાપ્ત થયા.

થોડા દિવસ પછી સ્વામીએ કહ્યું હતું, એમ જ થયું. ચોર લોકો પકડાયા, ચોર પાસેથી રૂપિયા મળ્યા પણ ઘરેણું-ગાઠું હાથમાં આવ્યું નહિ.

જે મળ્યું તેમાં સંતોષ માનીને શેઠે મહારાજ અને સ્વામીનો આભાર માન્યો.

મોટા પુરુષો જીવનું હિત કરવા ધારતા હોય, પરંતુ જો વચનમાં વિશ્વાસ ન હોય તો કામ ન થાય.

## સર્વોપરીની માનતા

વિ. સં. ૧૯૧૯ ની સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંત-મંડળ સાથે ઊના-અમરેલી વિસ્તારમાં વિચરણ માટે નીકળ્યા હતા.

આ અરસામાં ઊના ખાતે હિંદુ-મુસલમાનોની જબરજસ્ત તકરાર થઈ.

મુલસમાનોએ ગાયોની કતલો કરી, હિંદુઓને માર્યા, એમના ઘરબાર લૂંટ્યા અને સળગાવી દીધા.

ઊનાના નગરશેઠ વલ્લભજીભાઈ ઊનાના આગેવાન મહાજન કરમચંદભાઈ વગેરેને લઈને જૂનાગઢ નવાબ સાહેબ આગળ ફરિયાદ કરવા આવ્યા.

જૂનાગઢમાં તેઓ બે મહિના રોકાયા પણ કોઈએ તેમની રાવ-ફરિયાદ સાંભળી નહિ. પરિણામે ઊનાના આગેવાનોએ ભાવનગરમાં વસવાનો વિચાર કરી ઊનામાંથી ઉચાળા ભર્યા. ઊનાથી નીકળ્યા અને રસ્તામાં હળિયાદ ગામે મુકામ કર્યો.

આ અરસામાં વલ્લભજી શેઠના ભાઈ કલ્યાણજીભાઈ ઊના વિસ્તારમાં સ્વામીની સાથે ગામડાઓમાં ફરી રહ્યા હતા.

વલ્લભજી શેઠે કલ્યાણજી શેઠ ઉપર વિગતવાર કાગળ લખી ખેપિયો મોકલ્યો અને જણાવ્યું કે, ''આ બધા સમાચાર સ્વામીને આપજો અને સ્વામી આપણા ઉપર

દયા કરે, એવી વિનંતી કરજો.''

ખેપિયો કાગળ લઈને કલ્યાણજી શેઠ પાસે પહોંચ્યો. પત્ર વાંચીને કલ્યાણજી શેઠ અત્યંત ઉદાસ થઈ ગયા અને સ્વામી પાસે આવ્યા.

સ્વામીએ પૂછ્યું, ''કલ્યાણજી ! આટલો બધો ઉદાસ કેમ છો ?''

કલ્યાણજીભાઈએ કહ્યું, ''સ્વામી ! હળિયાદથી વલ્લભજી શેઠનો કાગળ આવ્યો છે.''

સ્વામીએ પૂછ્યું, ''વલ્લભજી કાગળમાં શું લખે છે ?''

કલ્યાણજી શેઠે પત્રની વિગત જણાવતા કહ્યું, ''સ્વામી ! વલ્લભજી શેઠ જણાવે છે કે, ઊનામાં મુસલમાનોએ ભારે તોફાન કર્યા છે અને હિંદુઓને ખૂબ માર્યા છે.'' ''અમે જૂનાગઢ નવાબ સરકારને ફરિયાદ કરી, એને બે મહિના થયા પરંતુ નવાબ સરકાર તરફથી કોઈ પગલાં લેવાયાં નથી.''

''પરિણામે અમારે ઊનાથી ઉચાળા ભરવા પડ્યા છે અને ભાવનગર વસવું એવો વિચાર કરીને હળિયાદ પહોંચ્યા છીએ.''

આટલી વિગત જણાવી કલ્યાણજી શેઠ બોલ્યા, ''સ્વામી ! આ તો ભારે થઈ. ભાવનગર જઈએ તો ઊના વિસ્તારની અમારી લાખો રૂપિયાની ઉઘરાણી ધૂળધાણી થઈ જાય એમ છે. માટે આપ કાંઈ દયા કરો તો બધું થાળે પડે.''

સ્વામીએ કહ્યું, ''કલ્યાણજી ! તમે માનતા માનો તો બધું સારું થાય.''

કલ્યાણજી શેઠે કહ્યું, ''સ્વામી ! તમે કહો તે માનતા માનીએ. કહો તો રાધારમણદેવના દરવાજા સોના-ચાંદીના કરી દઈએ, અને કહો તો રણછોડરાયની માનતા માનીએ, કહો તો સિદ્ધેશ્વર મહાદેવની માનતા માનીએ.''

સ્વામીએ કહ્યું, ''કલ્યાણજી ! અમારે રૂપિયાની માનતા મનાવવી નથી, અમારે તો સર્વોપરી સમજણની માનતા મનાવવી છે.''

કલ્યાણજી શેઠે કહ્યું, ''સ્વામી ! સમજણની માનતા કોને કહેવાય ? એની અમને ખબર ન પડે, અમે તો તમે કહો, તેમ કરીએ.''

સ્વામીએ કહ્યું, ''કલ્યાણજી ! તમે બધા ઊનાના શેઠીયાઓ ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને અક્ષરાદિક સર્વના નિયંતા છે, એવી દઢ સમજણ કરવાનો અને બીજાને એવી 'દઢ સમજણ' કરાવવાનો સંકલ્પ કરો તો સર્વોપરી ભગવાન શ્રીહરિ બધી જ રીતે તમારું સારું કરશે.''

સ્વામીના હૃદયમાં સમજણનું જેવું મહત્ત્વ હતું, એવું સંપત્તિનું નહોતું.

જગતમાં જાત જાતની માનતાઓ માનવામાં આવે છે પરંતુ આ માનતા તો

સાવ અનોખી હતી.

કલ્યાણજી શેઠે સ્વામીને હાથ જોડીને કહ્યું, ‘‘સ્વામી ! ભલે, આજથી અમે ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને અક્ષરાદિક સર્વના નિયંતા માનીશું અને બીજાને સમજાવવા પ્રયાસ કરીશું.’’

સ્વામીએ કહ્યું, ‘‘કલ્યાણજી ! તમે વલ્લભજીને કાગળ લખો એ પણ આવી માનતા માને.’’ કલ્યાણજી શેઠે સ્વામીના કહેવા પ્રમાણે પત્ર લખ્યો અને ખેપીયા સાથે હળિયાદ મોકલ્યો. વલ્લભજી શેઠે પણ સ્વામીની આજ્ઞા પ્રમાણે ‘સર્વોપરીની માનતા‘ માની અને કોઈએ ન ધાર્યો હોય એવો ચમત્કાર સર્જાયો.

જૂનાગઢના નવાબ સાહેબે કોઈક અદૃશ્ય આંતરિક પ્રેરણાથી દીવાનને પૂછ્યું, ‘‘ઓલા ઊનાના શેઠીયાઓ ફરિયાદ કરવા આવેલા, એનું શું થયું ?’’

દીવાને કહ્યું, ‘‘નવાબ સાહેબ ! એનો કોઈ નિર્ણય લેવાણો નહિ, એટલે ઊનાના શેઠીયાઓએ ઊનાથી ઉચાળા ભર્યા છે અને ભાવનગર રાજ્યમાં રહેવા જવા રવાના થયા છે અને હાલમાં હળિયાદ છે, એવા વાવડ મળ્યા છે.’’

નવાબ સાહેબે કહ્યું, ‘‘દીવાનજી ! ઊનાના શેઠીયાઓ ઉચાળા ભરી ભાવનગર રહેવા જાય, તો તો આપણા જૂનાગઢ રાજ્યની આબરૂ જાય અને આવા શેઠીયાઓ ઊના ખાલી કરે, તો રાજને પણ જબરુ નુકસાન જાય. માટે તમે હમણાંને હમણાં ત્યાંના વહીવટદારને આદેશ કરો કે, તેઓ તોફાનીઓને જેર કરી જેલ ભેગા કરે, પછી એ મુસલમાન હોય તોય શું ?’’ ‘‘બીજું જેની જેની માલ-મિલ્કતને નુકસાન થયું છે, એને પૂરતું વળતર ચૂકવવામાં આવે.’’

‘‘ત્રીજું ઊનાના આગેવાન શેઠીયાઓને પૂર્ણ આદર સાથે ઊના પાછા લઈ આવવામાં આવે અને અને કાયમ માટે એનો માનમોભો સાચવવામાં આવે.’’

નવાબ સાહેબના તાત્કાલિક ફરમાનો છૂટ્યા, ઊનાના તોફાનીઓ જેલ ભેગા થયા, હિંદુઓને માલ-મિલ્કતનું વળતર મળ્યું અને વલ્લભજી શેઠને પૂરા માન-સન્માન સાથે ઊના પાછા લાવવામાં આવ્યા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ મનાવેલી સર્વોપરી સમજણની માનતા કોઈએ ધારી નહોતી, એવી રીતે ફળી

## નાગબાઇના નેસમાં

એક વખત અચિંત્યાનંદ બ્રહ્મચારી, બાલમુકુંદદાસજી સ્વામી વગેરે સંતોને સાથે લઈને સ્વામી ઊના વિસ્તારમાં સત્સંગ વિચરણ માટે પધાર્યા હતા. સ્વામી

સાથે વીસ જેટલા સાધુ-બ્રહ્મચારીનો સંઘ હતો.

સ્વામી ઊનાથી કાંધી પધાર્યા અને કાંધીથી ભોજા ભગતના સમઢિયાળે પધાર્યા.

સ્વામી પધાર્યા છે, એ સમાચાર સાંભળીને નાગબાઈના નેસથી ખીમા વાઘ સ્વામીના દર્શને આવ્યા. ખીમા વાઘને દોઢસો જેટલી ભેંસો હતી, ઘી-દૂધનો મોટો વેપાર ચાલતો. મોટી ખેતી હોવાથી પોતાની જમીન બીજા ખેડૂતોને વાવેતર માટે આપતા, તેઓ વ્યવહારે ખૂબ સુખી હતા.

ખીમા વાઘે સ્વામીને પગે લાગીને વિનંતી કરી કે, "સ્વામી ! હે ગરુ ગુણાતીત ! તું ઘણા વખતે આ બાજુ આવ્યો છો, તો કીરપા કરીને મારા નેહમાં પધરામણી કર્ય."

પ્રેમી ભક્ત ખીમા વાઘનો ભાવભર્યો તુંકારો સ્વામીને ખૂબ મીઠો લાગ્યો.

સ્વામીને જૂનાગઢ જવાની ઉતાવળ હતી, એટલે સ્વામીએ ખીમા વાઘને કહ્યું, "ભગત ! આ વખતે અમારે જૂનાગઢ જવાની ઉતાવળ છે, એટલે હમણાં તમારા નેહમાં પધરામણી નહિ થાય પણ બીજી વખતે આવશું ત્યારે જરૂર તમારી ઈચ્છા પૂરી કરીશું."

પરંતુ ખીમો વાઘ માન્યા નહીં. એણે કહ્યું, "મા-બાપ ! કાલ કોણે દીઠી છે ? હું કેટલા દા'ડાથી તારી રાહ જોઉં છું, આ વખતે તો અમારા ગરીબના નેહડાને પાવન કરવું જ પડશે." ખીમા વાઘની આગ્રહભરી વિનંતી સાંભળીને સ્વામીએ પૂછ્યું, "ભગત ! તમારો નેહ કેટલો છેટો છે ?"

ખીમા વાઘે કહ્યું, "મા-બાપ ! ઝાઝો છેટો નથી, ખાલી પાંચ ગાઉ છે."

ખીમા વાઘનો ભાવ જોઈને સ્વામીએ કહ્યું, "સારુ ભગત ! બપોરા કરો, આજનો દિ અહીં ભોજા ભગતને ત્યાં રોકાવ. કાલ સવારે અમે તમારે ત્યાં આવવા નીકળીશું."

સ્વામીની વાત સાંભળી ખીમા વાઘના અંતરમાં અત્યંત આનંદ થયો.

બપોરે ઠાકોર જમાડ્યા, સાંજે કથા-વાર્તા થઈ. બીજે દિ સવારે સ્વામી સંઘ સાથે નાગબાઈને નેહ પધાર્યા.

નેહડાના પાદરમાં વીઘા એકનો વડલો હતો. ખીમા વાઘે ઘટાદાર વડની છાયામાં ઘાસની પથારી કરી, એના ઉપર ઘોડાના પીઠ ઉપર પાથરવાની દળીઓ બિછાવી દીધી.

સ્વામી તે આસન ઉપર બેઠા અને મહારાજના મહિમાની સર્વોપરીપણાની ખૂબ વાતો કરી.

ખીમા વાઘે દૂધપાકની રસોઈ કરાવી હતી. એણે સ્વામી તથા સંતો-બ્રહ્મચારીઓ બધાને ખૂબ ભાવથી આગ્રહ કરી કરીને જમાડ્યા.

ખીમા વાઘનો ભાવ જોઈને સ્વામી તે નેહમાં ત્રણ દિવસ સુધી રોકાયા અને કથા-વાર્તાનું સુખ દીધું.

સ્વામીની વાતો સાંભળીને ખીમા વાઘને મહારાજનો સર્વોપરી મહિમા સમજાયો અને ઉપાસનાની દૃઢતા થઈ.

ખીમા વાઘે સ્વામી તથા સંઘના સર્વે સંતો-બ્રહ્મચારીઓની પૂજા કરી, ધોતીયાં ઓઢાડ્યા અને સ્વામીના ચરણમાં એક હજાર રાળનો ઢગલો કરીને બોલ્યા, " લે, સ્વામી ! આ એક હજાર રાળ મારા રાધારમણદેવને ભેટ."

સ્વામીએ કહ્યું, "અરે ભગત ! આટલા બધા રાળ કેમ મેલ્યા ?"

ખીમા વાઘે કહ્યું, "સ્વામી ! તેં દીધા છે, તારા છે, તે તને જ આપું છું." આમ કહી એણે સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા.

ખીમા વાઘનો સમર્પણભાવ જોઈને સ્વામી ખૂબ રાજી થયા.

ખીમા વાઘનો સંકલ્પ પૂરો કરી સ્વામી ગીરમાં થઈને કાલસારી ગામે પધાર્યા. કાલસારીમાં પાંચ દિવસ રોકાયા. હરિભકતોને કથા-વાર્તાનું સુખ આપી, ઘરે ઘરે પધરામણી કરી, સ્વામી પાછા જૂનાગઢ પધાર્યા.

## ગારામાં ખૂંતેલું ગાડું બહાર કાઢ્યું

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંતો અને હરિભક્તો સાથે ચાલ્યા જતા હતા. સાથેના ગાડામાં ધર્માદાનો છૂટો બાજરો ભર્યો હતો.

શંકરના પોઠિયા જેવા બળદો ગાડે જોડ્યા હતા. સ્વામી હાથમાં માળા લઈને ગાડાની પાછળ ચાલી રહ્યા હતા. સંતો ભક્તો પણ ભજન-સ્મરણ કરતા કરતા વાટ કાપી રહ્યા હતા.

અગાઉ વરસાદ થયેલો હોવાથી રસ્તો ગારાવાળો હતો. બળદો મજબૂત હતા છતાં વજનદાર ગાડાને માંડ માંડ ખેંચી રહ્યા હતા.

એવામાં અચાનક ગાડાના બેય પૈંડા ઊંડા ગારામાં ખૂંતી ગયા.

ગાડાને ખેંચવા માટે બળદો જેમ જેમ પ્રયાસ કરવા લાગ્યા એમ એમ ગાડું ગારામાં વધારે ને વધારે ખૂંતવા લાગ્યું.

ગાડાનો ધરો ધરતી ને આંબી ગયો. ગાડા ખેડુએ ખૂબ મહેનત કરી જોઈ પણ હવે કોઈ રીતે ગાડું નીકળી શકે એમ નહોતું.

સંતો અને પાર્ષદો ગાડાને બહાર કાઢવા માટે મથવા લાગ્યા.

ગાડામાં છૂટો બાજરો ભર્યો હતો. ચારે બાજુ ગારો હતો એટલે ક્યાંય ગાડુ ખાલી કરી વજન ઓછો કરી શકાય તેવી પરિસ્થિતિ નહોતી.

સ્વામી હાથમાં માળા સાથે એકબાજુ ઊભા હતા અને ગાડું કાઢવા માટે મથી રહેલા સંતો-હરિભક્તોને પ્રોત્સાહિત કરી રહ્યા હતા.

એ વખતે એક અનાડી સાધુ સ્વામીને મે'ણું મારતા બોલ્યો, ''બ્રહ્માંડ તોડી નાખે એવું વાતું કરે છે અને ગાડું તો કાઢી શકતા નથી.''

સાધુના મે'ણાનો માર સાંભળતા જ સ્વામી પોતાના અસલી રંગમાં આવી ગયા. સ્વામી એકદમ ગાડાની પાસે પહોંચ્યા; ગાડું કાઢવા મથી રહેલા બધાને એક બાજુ થઈ જવાની હાકલ કરી. પછી સિંહ ગર્જના કરે એમ હાંકોટો મારી પોતાના ડાબા હાથથી બળદ સહિત આખું ગાડું ઉપાડી લીધું અને દૂર મૂકી દીધું.

સ્વામીનો આ અલૌકિક પ્રતાપ જોઈને બધા દંગ રહી ગયા.

જેમને એક એક રુંવાડે અનંત બ્રહ્માંડ ઉડતા હોય એવા સંતને માટે ગારામાંથી ગાડું કાઢવું એ તો રમત વાત કહેવાય!

માયાના કણમાં ખૂંતેલા જીવને દૃષ્ટિમાત્રથી બહાર કાઢી લે તેમજ જીવનો પગ પકડીને ઘા કરે તો માયાથી પર અક્ષરધામમાં પહોંચાડી દે એવા સમર્થ સ્વામી ગારામાંથી ગાડું બહાર કાઢે એ કોઈ નવાઈની વાત નથી !

ગાડું બહાર કાઢીને સ્વામીએ પ્રતાપી નજરે પેલા સાધુ સામે જોયું. સ્વામીની નજરનો તાપ એ સાધુથી સહેવાયો નહિ.

માયાથી પારના મુકતો પોતાના સમસ્ત ઐશ્વર્યને દબાવીને સામાન્ય જીવોના હિત માટે સામાન્ય જીવની જેમ જ વર્તતા હોય.

દેહાભિમાની જીવો મહાપુરુષોનું અસલ સ્વરૂપ ઓળખી શકતા નથી. ''દેહદર્શી દેખે પોતા જેવા સંસારી.'' દેહાભિમાની જીવોની દશા આવી જ હોય છે.

ગાયના આઉમાં ઈતરડી રહેતી હોય પણ એ ઈતરડીને વાછરડાને જેવો દૂધનો સ્વાદ આવે છે તેવો સ્વાદ આવતો નથી. એનું કામ તો ગાયનું લોહી પીવાનું જ હોય છે. એ જ રીતે કેટલાક જીવો મહાપુરુષોની સાથે જ રહેતા હોય છતાં એનું કામ તો ઈતરડીની પેઠે મહાપુરુષોનું લોહી પીવાનું જ હોય છે.

# માળીયાના આંબાવાડીયા

## માળીયાના હાટી દરબારોએ આંબા અર્પણ કર્યા

જૂનાગઢની બાજુમાં માળીયા હાટીના ગામ છે. અહીં હાટી દરબારો અને લુવાણાનો સારો એવો સત્સંગ છે. ગુણાતીતાનંદ સ્વામી તથા મોટા મોટા સંતો વારંવાર માળીયા પધારેલા છે.

માળિયા ગામે દરબાર બાબુભાઈ હતા. તેઓ ખૂબ સારા હરિભગત હતા અને ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

બાબુભાઈને કુટુંબીઓમાં પરસ્પર આંતરિક ક્લેશ થયેલો હતો. બાબુભાઈનો ગરાસ એમના સગાં-વહાલાઓએ પડાવી લીધો હતો. પરિણામે બાબુભાઈનો વ્યવહાર ખૂબ જ નબળો થઈ ગયો હતો.

એક સમયે માળિયાના મીઠા ઠક્કર સ્વામીના દર્શન માટે જૂનાગઢ આવતા હતા. બાબુભાઈના માતુશ્રીએ સ્વામી ઉપર એક વિનંતી પત્ર લખાવ્યો. પત્રમાં ઉપાધિની બધી વિગત જણાવી.

મીઠા ઠક્કર જૂનાગઢ આવ્યા અને સ્વામીને પત્ર આપ્યો અને કહ્યું, ‘‘સ્વામી ! દરબાર બાબુભાઈના માતુશ્રીએ ખાસ વિનંતી કરી છે કે, આપ મહારાજને પ્રાર્થના કરો તો બાબુભાઈનો ગરાસ પાછો મળે.’’

સ્વામીએ કહ્યું, ‘‘મીઠાભાઈ ! બાબુભાઈના માતુશ્રીને કહેજો, બાબુભાઈનો ગરાસ મળે એ માટે અમે રાધારમણદેવને પ્રાર્થના કરીશું. થોડો સમય ધીરજ રાખજો. ’’

ટૂંક સમયમાં જ બાબુભાઈને એમનો ગરાસ મળી જશે અને બાબુભાઈ બધી રીતે સુખી થશે. ’’

બીજું કહેજો કે, ગરાસ મળ્યા પછી દરબાર ગરાસમાંથી રાધારમણદેવનો ભાગ કાઢે.’’

આટલું કહી સ્વામીએ દરબાર બાબુભાઈ ઉપર આશીર્વાદનો પત્ર લખાવ્યો અને મીઠા ઠક્કરને આપ્યો.

મીઠા ઠક્કર આશીર્વાદનો પત્ર લઈ માળીયા ગયા. સ્વામીનો પત્ર મા દીકરાએ વાંચ્યો.

મા દીકરાએ સંકલ્પ કર્યો કે, "જો આપણો ગરાસ પાછો મળી જાય તો આપણું ત્રણસો આંબાનું આંબાવાડીયું છે. તે રાધારમણદેવને અર્પણ કરવું."

એક મહિનામાં જ સ્વામીના આશીર્વાદ ફળ્યા.

બાબુભાઈનો કુટુંબ-ક્લેશ કોઈ રીતે મટે એવો નહોતો પણ સ્વામીની પ્રાર્થનાથી મહારાજે સર્વના અંતર ફેરવી નાખ્યા, સગાં-વહાલાઓ સાથે સુખદ સમાધાન થયું, પરિણામે બાબુભાઈને એમનો ગરાસ પાછો મળ્યો.

બાબુભાઈ અને એમના માતુશ્રીને અંતરમાં આનંદ થયો. એમને થયું, "આ અશક્ય વાત સ્વામીના આશીર્વાદથી જ શક્ય થયેલી છે."

માએ કહ્યું, "બાબુ ! સ્વામીની દયાથી આપણો ગરાસ આપણને પાછો મળ્યો છે.તું જૂનાગઢ જા, સ્વામીના દર્શન કરતો આવ અને સ્વામીએ આપણને દેવનો ભાગ કાઢવાનું કહ્યું છે,એટલે આપણું આંબાવાડીયું દેવને અર્પણ કરતો આવ."

બાબુભાઈ જૂનાગઢ ગયા, દેવના દર્શન કર્યા, સ્વામીને પગે લાગ્યા.

સ્વામી બોલ્યા, "કેમ બાબુભાઈ તમારો ગરાસ મળી ગયો ને !"

બાબુભાઈ બોલ્યા, "હા, સ્વામી ! આપના આશીર્વાદથી જ આ બધું પાર પડ્યું અને ગરાસ મળ્યો."

સ્વામી હસીને કહે, "તો પછી અમારા રાધારમણદેવના ભાગનું શું કરશું ?"

બાબુભાઈએ કહ્યું, "સ્વામી ! મારા માતુશ્રીએ એટલા માટે જ મને અહીં મોકલ્યો છે. અમારું ત્રણસો આંબાનું આંબાવાડીયું અમે રાધારમણદેવને અર્પણ કરીએ છીએ."

બાબુભાઈની વાત સાંભળી સ્વામી ખૂબ જ રાજી થયા. બાબુભાઈએ કારભારી પાસે આંબાવાડીયાનો લેખ લખાવી સ્વામીને અર્પણ કર્યો.

સ્વામીએ કહ્યું, "દરબાર ! ભગવાન તમારો વ્યવહાર સારો કરશે પણ સત્સંગ ગૌણ થવા દેશો મા."

બાબુભાઈએ કહ્યું, "ભલે, સ્વામી ! આપ જેમ કહેશો, એમ જ અમે કરીશું." સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી માળીયાના શૂરવીર હાટી દરબારો શ્રીહરિના આશ્રિત થયા હતા. તેઓને સવામી પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. સ્વામીએ

અહીં અનેકવાર પધારી હરિભક્તોને ઘરે ઘરે પધરામણીઓ કરી એમના ઘર-પરિવારને પાવન કર્યા હતા.

બાબુભાઈ ઉપરાંત બીજાં અનેક દરબારોએ રાધારમણદેવને આંબા અર્પણ કર્યા હતા.

સ્વામીએ એ આંબાવાડીયાના જતન માટે ધ્યાની સંત ભગવાનદાસજીને માળીયા રાખ્યા હતા. એમની સાથે બીજા બે સંતો અને પાળાઓ પણ હતા.

સ્વામી ભગવાનદાસજી આંબાવાડીયાનું જતન કરતાં સાથોસાથ માળીયાના સત્સંગના બગીચાનું પણ જતન કરતા. સ્વામી ભગવાનદાસજીના જોગને લીધે માળીયાનો સત્સંગ ખૂબ વિકસ્યો હતો.

ઉનાળાના સમયમાં જ્યારે કેરીઓ પાકવા આવતી ત્યારે જૂનાગઢથી સંતો અને પાર્ષદો ગાડાઓ લઈને આવતા. આંબાના બગીચાઓમાં રાવટીઓ નખાતી, આંબાઓ વેડવામાં આવતા, વેડેલી કેરીઓના ગાડા ભરાઈ ભરાઈને જૂનાગઢ રવાના થતા. જૂનાગઢ મંદિરમાં એ કેરીઓ દેવનો થાળ અને સંતો-ભક્તો માટે રસોઈમાં વપરાતી. આ રીતે વર્ષો સુધી એ બાગના આંબાની કેરીઓ ભગવાન અને સંતોના ઉપયોગમાં આવતી રહી.

આજે પણ માળીયામાં હાટી દરબારોમાં સત્સંગનો રંગ ચડતોને ચડતો છે.

## ધ્યાની સંત ભગવાનદાસજી

ધ્યાની સંત ભગવાનદાસજીનો પ્રસંગ જાણવા જેવો અને માણવા જેવો છે. તેવો મૂળ પીપલગના હતા. એમને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે અપાર પ્રેમ અને વિશ્વાસ હતા.

ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી સંઘ લઈને વડતાલ જવા નીકળે ત્યારે ભગવાનદાસ સંઘમાં અચૂક જોડાય, સ્વામીનો સમાગમ કરે અને સેવા કરે.

ભગવાનદાસની ઉંમર જુવાન હતી. માતાપિતા તથા સગાં સંબંધીઓ એમને પરણાવવા માગતા હતા, પરંતુ ભગવાનદાસ પરણવા માટે તૈયાર ન હતા.

આખરે ભગવાનદાસના પરિવારજનોએ બળજબરીથી પરણાવવાનું નક્કી કર્યું. વાજતે ગાજતે જાન જોડી અને મૂરતિયાને માંડવે લઈ ગયા!

ભગવાનદાસે મનમાં વિચાર કર્યો "મારે તો સ્ત્રીના ભોગ સુખ હરામ છે. આ પરાણેના પરણ પછી પણ સંસાર તો માંડવો જ નથી, સાથે સાથે સામેની જુવાન બાઈનો ભવ બગડે એવું પણ કરવું નથી."

ભગવાનદાસે મનોમન યોજના ઘડી અને બહિર્ભૂમિ જવાને બહાને અધૂરા લગ્ને રાતોરાત જૂનાગઢ તરફ ભાગી નીકળ્યા. પીપલગ અને જૂનાગઢ વચ્ચે સેંકડો કિલોમીટરનું અંતર છે. એક રાતમાં આ અંતર કાપવું મુશ્કેલ હતું.

રસ્તામાં કોઈ જગ્યાએ ભગવાનદાસ થોડોક વિશ્રામ કરવા રોકાયા. થાકને લીધે એમની આંખ મીંચાઈ ગઈ અને ઘાટી ઊંઘ આવી ગઈ.

વહેલી સવારે ઊંઘ ઉડી તો પોતે જૂનાગઢ મંદિરના દરવાજાના ઓટલા ઉપર બેઠા હતા. ભગવાનદાસ તો આશ્ચર્ય નજરે જોઈ રહ્યા. આ કેમ થયું ? એ એમના મગજમાં બેસતું ન હતું.

આ બાજુ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ કોઈ માણસને મોકલીને દરવાનને કહેવાડ્યું કે “દરવાજા ખોલો અને દરવાજા બહાર અજાણ્યા મહેમાન આવ્યા છે, એને અંદર લાવો” સ્વામીના આદેશમાં સર્વજ્ઞપણું નીતરતું હતું.

ભગવાનદાસ અંદર આવ્યા અને સીધા સ્વામી પાસે ગયા. સ્વામીને દંડવત પ્રણામ કર્યા. સ્વામીએ ભગવાનદાસને માથે બેય હાથ મેલ્યા અને કહ્યું, “ભગવાનદાસ ! તમને ધન્ય છે તમે તો જુવાન ઉંમરે માયા જીતીને આવ્યા. આવું તો કોઈક જ કરી શકે ! તમે તો અદ્‌ભૂતાનંદ સ્વામી જેવું કર્યું.”

ભગવાનદાસ બોલ્યા, “સ્વામી! એ તો આપનો સમાગમ અને આપની કૃપાનું ફળ છે.”

ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી ભગવાનદાસની સ્થિતિ અત્યંત ઊંચી થઈ. ભગવાનદાસને ધ્યાનનું અંગ હતું. ભગવાનદાસ નખથી શિખા પર્યંત મહારાજની મૂર્તિના ધ્યાનનો અભ્યાસ કરતા.

ધીમે ધીમે ધ્યાન ગહન અને ગહન થતું ગયું. પણ એક મુશ્કેલી ઊભી થઈ . ભગવાનદાસ ચરણથી ધ્યાન શરુ કરે અને શ્રીહરિની નાભિ સુધી પહોંચે. ઊંડી ગોળ ગંભીર નાભિમાંથી શીતળ શાંત તેજના ફુવારા છૂટે અને ભગવાનદાસની તમામ વૃત્તિઓ નાભિમાં લીન થઈ જાય પછી તો કેટલો સમય પસાર થયો એની ખબર જ ન પડે. મુશ્કેલી એ થાય કે નાભિથી આગળ મૂર્તિનું ધ્યાન થઈ જ ન શકે.

મૂર્તિનું ધ્યાન પૂર્ણ ન થાય એટલે ભગવાનદાસનું મન મૂંઝાયા કરે.

એકવાર ભગવાનદાસજીએ પોતાની મૂંઝવણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીને જણાવી અને કહ્યું “સ્વામી મારાથી ધ્યાન પૂર્ણ થતું નથી, નાભિએ અટકી જવાય છે.” ગુણાતીતાનંદસ્વામી મંદમંદ હસીને બોલ્યા સાધુરામ ! એ તો મહારાજની નાભિ જ એવી છે. એમાં ભલભલા સલવાઈ જાય.

પૂર્વે બ્રહ્માજી નાભિનો પાર લેવા નાભિકમળની નાળમાં સો વર્ષ સુધી ચાલ્યા હતા પણ પાર પામી શક્યા નો'તા.

ભગવાનદાસે હાથ જોડીને કહ્યું 'સ્વામી ! મારા ઉપર દયા કરો અને મને નાભિથી આગળ વધાય એવું કરી દ્યો.'

શિષ્યની ઉત્કૃષ્ટ શ્રદ્ધા જોઈને સદ્‌ગુરુને હોંશ કેમ ન આવે? ભગવાનદાસની ઉત્કૃષ્ટ શ્રદ્ધા જોઈને ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા.

સ્વામીએ ભગવાનદાસજીને માથે બે હાથ મેલ્યા. ભગવાનદાસજીને સમગ્ર ચેતાતંત્રમાં અપૂર્વ દિવ્ય ઊર્જાનો સંચાર થયો. સ્વામીએ પ્રવાહિત કરેલી એ બ્રાહ્મી ઊર્જાએ ભીંતરના આવરણોને ઓગાળી નાખ્યા.

ભગવાનદાસજીની દેહદશા દિવ્ય ઊર્જામાં ડૂબી ગઈ અને ધ્યાનનો અવરોધ દૂર થયો. ભગવાનદાસ ધ્યાનની સર્વોચ્ચ સ્થિતિને પામ્યા. ભગવાનદાસને મહારાજની મૂર્તિ સિદ્ધ થઈ.

અનેક પ્રકારે યોગકળા સાધવાથી જે કાર્ય સિદ્ધ ન થાય, તે કાર્ય સમર્થ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુની કૃપાથી સિદ્ધ થયું. ત્યારબાદ ભગવાનદાસજી 'ધ્યાની ભગવાનદાસ' તરીકે પ્રસિદ્ધ થયા.

## બ્રહ્માજી કેવા હશે ?

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ધ્યાની સંત ભગવાનદાસજી માળીયામાં રહીને આંબાના બગીચાઓનું જતન કરાવતા અને સાથે સાથે હરિભક્તોના દિલમાં સત્સંગના બગીચાઓને પણ સમૃદ્ધ કરતા.

સ્વામી મોટે ભાગે આંબાના બાગમાં જ રહીને ધ્યાન-ભજનમાં લીન રહેતા.

એક દિવસની વાત છે, મધ્યરાત્રિનો સમય હતો. સ્વામી ભગવાનદાસજી ધ્યાન કરી રહ્યા હતા.

ધ્યાન કરતા કરતા સ્વામીને એક વિચાર સ્ફૂર્યો. 'બ્રહ્માજી કેવા હશે? બ્રહ્માજીને ચાર મુખ છે, એમ કહેવાય છે. તો એ ચારે મુખ ચારે દિશાઓમાં હશે કે સીધી લાઈનમાં હશે? ચાર મોઢા વાળા બ્રહ્મા કેવા લાગતા હશે ?'

આવા વિચારો આવવાની સાથે જ સ્વામીના નેત્ર ખુલ્લી ગયા. ધ્યાનમાં આવો વિચાર સ્વામીને વિક્ષેપરૂપ લાગ્યો. મનમાં થયું, 'અરે! અનંત કોટિ બ્રહ્માંડના સ્વામીને મેલીને ચક્રવર્તી સમ્રાટના નાનકડા ગામડાંના પટેલીયા જેવા બ્રહ્માને મેં શું કામ યાદ કર્યા ?'

સ્વામી આવો વિચાર કરતા હતા તો સામે કોઈ પુરુષ દંડવત્ કરતો દેખાયો. સુંદર પાતળા સોટા જેવી રૂપાળી કાયા હતી, ધોળા હંસની પાંખ જેવાં શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં, માથાનો સુવર્ણ મુગટ ધરતી ઉપર રાખી દીધો હતો.

સ્વામીએ અર્ધરાત્રે અજાણ્યા તેજસ્વી પુરુષને દંડવત્ કરતો જોઈ આશ્ચર્ય અનુભવ્યું અને પૂછ્યું 'ભાઈ! તું કોણ છે?'

દંડવત્ કરનાર પુરુષે કહ્યું, 'હું આ બ્રહ્માંડનો બ્રહ્મા છું. મને આપ જેવા પ્રગટ પુરુષોત્તમ નારાયણના સંતના દર્શનની હંમેશા ઈચ્છા રહ્યા કરે છે, પરંતુ આપ સંકલ્પ ન કરો ત્યાં સુધી મને દર્શન ન થાય. આજે આપે યાદ કર્યો અને હું હાજર થયો.'

સ્વામીએ કહ્યું, 'પણ તું બ્રહ્મા છો તે અમને કેમ માન્યામાં આવે? બ્રહ્માને તો ચાર મુખ હોય છે, તારે તો એક જ મુખ છે.'

બ્રહ્માજીએ હાથ જોડીને કહ્યું, સ્વામી! મારે મુખ તો એક જ છે, પરંતુ પરમાત્માએ મારા એક મુખમાં ચાર મુખની શક્તિ આપી છે એટલે લોકો મને 'ચતુરાનન' તરીકે ઓળખે છે.

સ્વામીએ કહ્યું, 'પણ અહીં મારા દર્શનથી તને શું વળે ? તું જૂનાગઢ જા અને ત્યાં અક્ષરબ્રહ્મનો અવતાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે એમના દર્શન કર, તો તારો બેડો પાર થઈ જાય.'

બ્રહ્માજીએ કહ્યું, 'સ્વામી! મને સ્વામીનાં દર્શનની ઘણી જ ઈચ્છા રહે છે, પણ મારાથી સ્વામીનાં દર્શન થઈ શકતા નથી. જગતના જીવોને અંધારાનાં આવરણ નડે છે. જ્યારે અમને દેવતાઓને અજવાળાનાં આવરણ નડે છે. સ્વામીનું શરીર આંખોને આંજી નાખે એવા તેજથી ભર્યું છે. જેને લીધે હું સ્વામીનાં દર્શન કરી શકતો નથી.

આટલું કહી બ્રહ્માજીએ સ્વામી ભગવાનદાસજીને વિનંતીના સ્વરમાં કહ્યું, 'સ્વામી ! તમે કૃપા કરો. મારી સાથે જૂનાગઢ આવો અને મારા વતી ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરો કે કૃપા કરી મને દર્શન આપે.'

સ્વામી ભગવાનદાસજીને બ્રહ્માજી ઉપર દયા આવી અને બોલ્યા, 'ભલે ભાઈ ! તારું કામ થતું હોય તો હું તારી સાથે આવું. સ્વામીને વિનવું અને તને દર્શન કરાવું.'

બ્રહ્માંડના ઈતિહાસમાં આજ સુધી બ્રહ્માજી ઉપર તપ કરીને બ્રહ્માજી દ્વારા વરદાનો મેળવી પોતાનું કાર્ય સિદ્ધ કરનારા ઘણા લોકો બ્રહ્માજીને મળ્યા હતા પરંતુ

બ્રહ્માજીનું કાર્ય સિદ્ધ કરાવે એવા સમર્થ પુરુષ તો બ્રહ્માજીને આજે મળ્યા!

બ્રહ્માજીએ પોતાના હંસ સમાન આકૃતિવાળા અને પંચભૂતના આવરણોને ભેદી શકનારા દિવ્ય વિમાનમાં સ્વામી ભગવાનદાસજીને બેસાડ્યા અને વિમાને જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું.

પલકવારમાં વિમાન જૂનાગઢ પહોંચ્યું. ધર્મશાળાના ચોકમાં વિમાન ઉતર્યું. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોતા બ્રહ્માજી વિમાનમાં જ બેસી રહ્યા અને સ્વામી ભગવાનદાસજી વિમાનમાંથી બહાર નીકળ્યા અને ગુણાતીત સભામંડપમાં પધાર્યા. આ દિવ્ય સભા મંડપમાં અનંત કોટિ બ્રહ્માંડ જેના રોમમાં અણુની જેમ ઉડતા ફરે એવા મહાસમર્થ ગુણાતીતાનંદ સ્વામી થાંભલાને ટેકે બેઠા હતા અને સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરી રહ્યા હતા.

સ્વામી ભગવાનદાસજી ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીની દૃષ્ટિ ભગવાનદાસજી ઉપર પડી. અંતર્યામી સ્વામીએ અજાણ્યાની જેમ પૂછ્યું, 'અરે ભગવાનદાસ! અટાણે મધરાત્રે તમે અહીં ક્યાંથી?'

ભગવાનદાસજી હાથ જોડીને બોલ્યા, 'સ્વામી! માળીયાથી આવું છું પણ એકલો નથી. ધર્મશાળાના ચોકમાં વિમાન ઊભું છે અને બ્રહ્માજી તમારા દર્શન માટે મંજૂરીની રાહ જોતા ઊભા છે.' આટલું કહી ભગવાનદાસજીએ જે દિવ્ય ઘટના ઘટી હતી તે જણાવી.

ભગવાનદાસજીની વાત સાંભળી સ્વામી મંદ મંદ હસ્યા અને બોલ્યા, 'ભગવાનદાસ! તમે ખરી લપ ભેળી લઈને આવ્યા! હવે તમે લાવ્યા છો તો ભલે આવીને દર્શન કરી જાય.'

જેને અનંત કોટિ બ્રહ્માંડની ગણતરી ન હોય એને એક બ્રહ્માંડના અધિપતિની શું ગણતરી હોય?

સ્વામીની આજ્ઞાથી બ્રહ્માજી સ્વામીના દર્શને આવ્યા. દંડવત્ પ્રણામ કર્યાં અને પોતાના કલ્યાણની કામના વ્યક્ત કરી.

સ્વામીએ બ્રહ્માજીને પ્રગટ પુરુષોત્તમ નારાયણના પ્રતાપ અને પ્રભાવની વાત કરી કહ્યું, 'બ્રહ્માજી ! તમે સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરજ્યો. તમારી સત્યલોકની સભામાં શ્રીહરિના સર્વોપરી મહિમાનું ગાન કરજ્યો અને સર્વને કહેજ્યો કે ચારે વેદ જેમનું સ્તવન કરે છે એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હાલમાં પૃથ્વી ઉપર સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે અને એમના આશ્રયથી હજારો હજાર જીવ આત્યંતિક કલ્યાણને પામી રહ્યા છે.

આટલું કહી વળી સ્વામી બોલ્યા, 'બ્રહ્માજી ! આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તમે તમારા સત્યલોકના નિવાસીઓ સાથે સત્યલોકમાં રહેશો અને પ્રગટ પુરુષોત્તમ નારાયણના લીલા ચરિત્રોના ગાન અને શ્રવણ દ્વારા બ્રહ્માંડની આવરદા પૂરી થશે ત્યારે આત્યંતિક કલ્યાણને પામશો.'

સ્વામીએ બ્રહ્માંડના સર્જનહારના અંતરમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણની ઉપાસના દૃઢ કરાવી.

ગુણાતીતાનંદ સ્વામીના મુખમાંથી વરસતા વચનોના વરસાદમાં બ્રહ્માજી રસતરબોળ થઈ ગયા.

બ્રહ્માજીએ હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! ખરેખર આપ જેવા અક્ષરમુક્તોએ અને પ્રગટ પુરુષોત્તમ નારાયણે અનંત કોટિ બ્રહ્માંડોમાંથી મારા આ નાનકડા બ્રહ્માંડને પસંદ કરી અહીં અવતરણ કર્યું અને અમને સર્વને પાવન કર્યા. એમાંયે આજે તમારા દર્શનથી અને તમારા અમૃત વચનોના શ્રવણથી હું ધન્ય ધન્ય થઈ ગયો છું.' આટલું કહી બ્રહ્માજીએ ફરીથી સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા અને વિદાય લીધી. બ્રહ્માજીએ ભગવાનદાસને પાછા માળીયે ઉતાર્યા અને સ્વયં સત્યલોકમાં ગયા.

નોંધ- સદ્ગુરુ નારાયણદાસજી સ્વામી જ્યારે સાધુ થવા આવ્યા અને પાર્ષદ તરીકે હતા ત્યારે તેઓ સંતો પાર્ષદો સાથે માળીયા કેરી વેડવા આવેલા.

સ્વામી ભગવાનદાસજીએ પોતાના આ દિવ્ય અનુભવની વાત સ્વમુખે સ્વામી નારાયણદાસજી વગેરે સંતો પાર્ષદોને કરેલી. વાતનું સમાપન કરતા સ્વામી ભગવાનદાસજીએ કહ્યું હતું કે પાર્ષદો તમે ભાગ્યશાળી છો કે પ્રગટ ભગવાનના ખોળે સાધુ થવા આવ્યા છો. મહારાજ તો ઠીક, મહારાજના મોટા સંતોનાં દર્શન 'ભવ બ્રહ્માદિક દેવાતાઓને પણ દુર્લભ છે.'

સ્વામી નારાયણદાસજી સ્વાનુભવની આ વાત અવાર નવાર કરતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આ વાત સ્વામીના મુખેથી સાંભળેલી. આ જ વાત ગુરુદેવ ઘણીવાર સભામાં કહેતા. આમ આ પ્રસંગ પરંપરાથી પ્રાપ્ત થયેલ છે.

## મીઠા ઠક્કરનો રોગ મટાડ્યો

હાટીના માળીયા ગામે લોહાણા જ્ઞાતિમાં મીઠા ઠક્કર નામના ભક્ત હતા. તેઓને ભગવાન સ્વામિનારાયણનો અનન્ય આશ્રય હતો. ગુણાતીતાનંદ સ્વામીના તેઓ કૃપાપાત્ર હતા.

વિ. સં. ૧૮૯૭ ની સાલમાં મીઠા ઠક્કરને ક્ષય રોગની બીમારી લાગુ પડી. એ જમાનામાં ક્ષય રોગ અસાધ્ય રોગ ગણાતો.

અનેક પ્રકારના ઉપચારો કર્યા પણ રોગ કાબૂમાં આવતો નહોતો.

અંધશ્રદ્ધાનો જમાનો હતો. આજના જેવા ઔષધના સાધનો ઉપલબ્ધ નહોતા. નાની-મોટી માંદગીમાં લોકો ઉપચાર કરતાંય મંત્રેલા દોરા-ધાગાનો સહારો વિશેષ લેતા. ભગવાન સ્વામિનારાયણે સમાજમાંથી આવા દોરા-ધાગાના વહેમ દૂર કરાવ્યા હતા અને લોકોને ભગવાનના અનન્ય આશ્રિત બનાવ્યા હતા.

મીઠા ઠક્કરના સગાં-સંબંધીઓ મીઠા ઠક્કરને મંત્રેલા દોરા-ધાગાનો સહારો લેવાનું દબાણ કરતા હતા.

મીઠા ઠક્કરે બધાને ચોખ્ખું સંભળાવી દીધું હતું કે, “મારે મંત્ર હોય તો એ એક જ છે અને એ છે સ્વામિનારાયણ મહામંત્ર અને મારે જો કોઈ દોરા-ધાગા હોય તો એ છે મારી ગળાની બેવડી કંઠી. ”

“મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની મરજી હશે તો દેહ રહેશે, નહિતર નહિ રહે. મારે દોરા-ધાગામાં પડવું નથી.”

ક્ષય રોગ વધતો ચાલ્યો. મીઠા ઠક્કરે કહ્યું, “ગુણાતીતાનંદ સ્વામીને તેડાવો. સ્વામી મારા તમામ રોગના હરનારા છે. સ્વામીના દર્શન થઈ જાય પછી મને મહારાજ ધામમાં તેડી જાય તોય વાંધો નથી.

આ અરસામાં સ્વામી માંગરોળ બિરાજતા હતાં. મીઠા ઠક્કરના પરિવારજનો સ્વામી પાસે માંગરોળ ગયા.

સ્વામીને વિનંતી કરતાં કહ્યું, “સ્વામી ! મીઠા ઠક્કર ક્ષય રોગથી પીડાય છે. આપ એને દર્શન દેવા માળીયા પધારો.”

હરિભક્તોની વિનંતી સાંભળી સ્વામી મીઠા ઠક્કરને દર્શન દેવા માળીયા પધાર્યા.

સ્વામી પધાર્યા એટલે મીઠા ઠક્કરને માંદગીનું દુઃખ ભૂલાઈ ગયું, એમના નેત્રમાં આનંદના અશ્રુ આવી ગયા. મીઠા ઠક્કરે સ્વામીને હાથ જોડીને કહ્યું, “સ્વામી ! હવે મને ધામમાં તેડી જાવ.”

આ દરમ્યાન મીઠા ઠક્કરના સંબંધીમાંથી કોઈ બોલ્યું, “સ્વામી ! આ મીઠા ઠક્કર મરણ પથારીએ પહોંચ્યા પણ દોરા-ધાગા કરવા દેતા નથી અને હવે તો વૈદુ કરવાની પણ ના પાડે છે.”

સ્વામી બોલ્યા, “દોરા-ધાગાને શું કરવા છે ? દોરા-ધાગા તો લૂગડામાં,

ખાટલામાં અને ગોદડામાં પાર વિનાના છે. માટે આશરો ભગવાનનો રખાય, દોરા-ધાગાનો નહિ અને ભગવાન જેવો બીજો કોઈ વૈદ્ય નથી.''

પછી મીઠા ઠક્કર સામે જોઈને સ્વામી બોલ્યા, ''મીઠા ! અમારે તમને હમણાં ધામમાં લઈ જવા નથી. અમે જૂનાગઢથી વૈદ્ય મોકલીએ છીએ. એને ઉપચાર કરવા દેજો.''

મીઠા ઠક્કરે કહ્યું, ''ભલે, સ્વામી ! જેવી આપની મરજી !''

મીઠા ઠક્કરને આશીર્વાદ આપી સ્વામી જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢ આવી સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી, ''મહારાજ ! મીઠો તમારો અનન્ય આશ્રિત છે. એને સાજો કરવો, તમારા હાથમાં છે. એ બીજા કોઈ વૈદ્યની દવા લેતો નથી. તો કૃપા કરો અને આપ જ વૈદ્યનું રૂપ ધારી મીઠા ઠક્કરને સાજો કરો. અમારે હજુ એના હાથે સત્સંગના અનેક કાર્ય કરાવવાના છે.''

સ્વામીની પ્રાર્થના સાંભળી મહારાજે વૈદ્યનું રૂપ ધર્યું. મહારાજ માળીયા પધાર્યા. મીઠા ઠક્કરના રોગનો ઉપચાર કર્યો અને એનો ક્ષય રોગ મટાડ્યો.

સ્વામી અને મહારાજની કૃપાથી મીઠા ઠક્કર વગર દોરા-ધાગાએ સાજા થઈ ગયા.

દેવાનંદ સ્વામી કીર્તનમાં કહે છે...

**વૈદ્ય મિલા વ્રજરાજ વિહારી, ઔષધ અમૃત પાયા.**

શ્રીહરિના અનન્ય આશ્રયથી મીઠા ઠક્કર ફાવી ગયા. ગુણાતીતાનંદ સ્વામીના વચને સ્વયં ભગવાને વૈદ્ય બનીને મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો.

આશ્રિતોના ભવરોગને પળમાત્રમાં હરી લેનારા શ્રીહરિને માટે ક્ષય રોગ મટાડવો કાંઈ મોટી વાત ન કહેવાય !

# શબ્દ બ્રહ્મથી સાક્ષાત્કાર

## શબ્દ બ્રહ્મથી પરબ્રહ્મનો સાક્ષાત્કાર

શબ્દ બ્રહ્મ છે. શબ્દમાં ગજબની તાકાત છે. શબ્દ હસાવે, શબ્દ રડાવે. શબ્દે ક્રોધનો અગ્નિ પ્રગટે, શબ્દે અંતર ટાઢું થાય.

બુદ્ધિપૂર્ણ શબ્દો દિમાગને પ્રસન્ન કરે, પ્રેમભરેલા શબ્દો દિલને પ્રસન્ન કરે. અનુભૂતિમાંથી પ્રગટેલો શબ્દ જીવની આરપાર ઉતરી જાય, પરંતુ શબ્દ જ્યારે બ્રહ્મનિષ્ઠ એકાંતિક સદ્‌ગુરુના મુખમાંથી નીકળે, ત્યારે દિલ, દિમાગ અને જીવના આવરણોને ભેદી તત્કાળ જીવને બ્રહ્મરુપ બનાવે.

ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના શબ્દો હતા. એ શબ્દોમાં ગજબની તાકાત હતી. સ્વામીની કથાવાર્તા ચાલુ હોય ત્યારે **'ન ભૂતો ન ભવિષ્યતિ'** જેવી અલૌકિક ઘટનાઓ ઘટતી. સ્વામીની વાતો સાંભળતા કોઈ શ્રોતા ભાવસમાધિમાં લીન થતા, તો કોઈ શ્રોતા ભગવાનની મૂર્તિના અલૌકિક બ્રહ્મતેજને જોઈ 'અહો! અહો!' બોલવા માંડતા અને ઉન્મત્ત થઈ જતા. પરબ્રહ્મ પરમાત્માની આવી અનુભૂતિના પ્રતાપે શ્રોતાના તમામ ભૌતિક આવરણો તૂટી જતા અને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થતી.

આવી ઉન્મત્ત દશાવાળા ભક્તોને નજીકના ઓરડામાં પૂરવામાં આવતા.

પરંતુ ઓરડામાં પૂરી તાળું મારનારો સભામાં આવે તે પહેલા ઓરડાની દીવાલોના આવરણોને ભેદીને નિરાવરણ સ્થિતિવાળો ભક્ત સભામાં આવી બેસી જતો.

અષ્ટાંગ યોગ સાધી સાધીને જન્મજન્માંતર વહી જાય, છતાં જે સ્થિતિ પ્રાપ્ત ન થાય, તે સ્થિતિ આ ગુણાતીત અક્ષરબ્રહ્મના શબ્દબ્રહ્મથી થતી.

'શબ્દ સાંભળતાની સાથે જ જીવના આવરણ ભાંગી જાય' એવી આ દિવ્ય ઘટનાઓ અજોડ છે.

**નો'તી દીઠી નો'તી સાંભળી એવી આ ઘટનાઓ છે.**

સામાન્ય રીતે શ્રવણ, મનન અને નિદિધ્યાસ પછી પરમાત્માનો સાક્ષાત્કાર થતો હોય છે. જ્યારે જૂનાગઢના ગુણાતીત સભા મંડપમાં સ્વામીના શબ્દો સાંભળતા જ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થતો હતો.

શાસ્ત્રમાં એવું સાંભળવા મળે છે કે સદ્‌ગુરુના મુખથી એકવાર **'તત્ત્વમસિ'** મંત્ર સાંભળે અને એ જ સમયે **'અહં બ્રહ્માસ્મિ'**નો અનુભવ થઈ જાય તો માનવું કે ઉત્કૃષ્ટ ગુરુ અને ઉત્કૃષ્ટ શિષ્યનો જોગ થયો છે. સમર્થ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વચને અનેક ઉત્કૃષ્ટ શિષ્યો બ્રાહ્મી સ્થિતિને પામી ચૂક્યા હતા.

## ગોવિંદ ભગતને નિરાવરણ કર્યા

આશરે વિ. સં. ૧૯૧૨ ની સાલ હતી. સ્વામી જૂનાગઢમાં ગુણાતીત સભા-મંડપમાં બિરાજમાન હતા. સ્વામીના મુખમાંથી અનોખો બ્રહ્મરસ વરસી રહ્યો હતો.

સ્વામીનો સમાગમ કરવા આવેલા હરિભક્તો અત્યંત ભાવથી એ રસનું પાન કરી રહ્યા હતા.

એ વખતે સભામાં રેંથળના ગોવિંદ ભગત બેઠા હતા. સ્વામીની વાતો સાંભળતાં સાંભળતાં ગોવિંદ ભગતના દેહાભિમાનના પડદાઓ તૂટી ગયા. એમને ભાવ-સમાધિ થઈ ગઈ અને શ્રીહરિની મૂર્તિનું અલૌકિક બ્રહ્મતેજ દેખાવા લાગ્યું.

આ કરોડો કરોડો સૂર્ય-ચંદ્રને લજાવે એવું શીતળ-શાંત તેજનું દર્શન ગોવિંદ ભગતથી સહન ન થયું. તેઓ મૂર્તિના તેજને જોઈને ગાંડા જેવા થઈ ગયા અને ''તેજ તેજ'' એવી ચીસો પાડવા માંડ્યા.

સ્વામીએ હરિભક્તોને કહ્યું, ''આ ભગતને ભંડકમાં પૂરી દ્યો.''

હરિભક્તોએ ગોવિંદ ભગતને ઉઠાવી ભંડકમાં પૂરી દીધાં અને બાહેર સાંકળ વાસી દીધી.

ગોવિંદ ભગતને ભંડકમાં પૂરીને હરિભક્તો પાછા સભા મંડપમાં આવ્યા ત્યાં એમને ભારે આશ્ચર્ય થયું. તેમણે જોયું કે, ''ગોવિંદ ભગત તો પાછા સભામાં આવીને બેસી ગયા છે.''

સ્વામીએ હસીને હરિભક્તોને કહ્યું, ''તમે આને હજુ ભંડકમાં કેમ નથી પૂર્યા ?''

હરિભક્તોએ કહ્યું, ''સ્વામી ! અમે હમણાં જ એમને ભંડકમાં પૂરી, અમારે સગે હાથે સાંકળ વાસીને આવ્યા છીએ. આ ભગત અમારી મોર્ય અહીં ક્યાંથી પહોંચી ગયા ?''

સ્વામીએ હસીને કહ્યું, “તમે બારણું બરાબર વાસ્યું નહિ હોય, આને ફરીથી ભંડકમાં પૂરો અને બરાબર બારણું વાસીને પાછા આવો.”

હરિભક્તોએ ગોવિંદ ભગતને પાછા ઉઠાવ્યા. ભંડક પાસે ગયા તો, બારણે સાંકળ બરાબર વાસેલી હતી.

હરિભક્તોએ સાંકળ ખોલીને ગોવિંદ ભગતને પાછા ભંડકમાં પૂર્યા. બારણું બરાબર બંધ કર્યું, સાંકળ વાસી અને તાળું પણ માર્યું. તાળું બરાબર બંધ થયું છે કે નહિ ? એની ખાતરી પણ કરી, પછી સભામાં આવ્યા, ત્યાં ફરીથી સૌના આશ્ચર્યની વચ્ચે ગોવિંદ ભગત પાછા સભામાં પહોંચી ગયા હતા.

હરિભક્તોના મગજમાં આ ઘટનાની કોઈ રીતે ઘેડ્ય પડતી નહોતી.

સ્વામીએ હસીને કહ્યું, “હવે દાખડો રહેવા દ્યો. ગોવિંદ ભગતને અમે નિરાવરણ કરી દીધા છે. હવે અત્યારે એને માયાના આઠેય આવરણો રોકી શકે એમ નથી. આ સ્થિતિ તો જેને અનુભવ થાય, એ જ સમજી શકે તેમ છે.” આટલું કહી સ્વામીએ કથા-વાર્તા પૂર્ણ કરી.

બ્રહ્મતેજના દર્શનનું ગાંડપણ ગોવિંદ ભગતના મગજમાંથી હજુ ઉતર્યું નહોતું.

સ્વામીની કથાવાર્તા સાંભળીને આવી અદ્‌ભૂત નિરાવરણ દશા પ્રાપ્ત કરી હોય એવા અનેક પ્રસંગો છે. એમાંથી માત્ર ઉદાહરણ રૂપે આ એક પ્રસંગ લખેલ છે.

## સ્વામી માધવદાસજીને સમાધિ

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સાંભળીને સંપ્રદાયના જુદા જુદા સ્થાનોમાંથી ઘણા સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો પણ સ્વામીની વાતો સાંભળવા જૂનાગઢ આવતા.

જૂનાગઢમાં માધવદાસજી કરીને મહારાજના દીક્ષિત દાસ પંક્તિના એક સંત હતા. તેમને સ્વામી સાથે અપાર હેત હતું.

એક વખત સ્વામી સભામાં કથા-વાર્તા કરી રહ્યા હતા. એ સભામાં માધવદાસજી પણ ઉપસ્થિત હતા.

સ્વામીની વાતો સાંભળતાં સાંભળતાં માધવદાસજી એકતાર થઈ ગયા અને એમને સમાધિ લાગી ગઈ. સમાધિમાં તેમને અક્ષરધામમાં શ્રીહરિના દિવ્ય દર્શન થયા. સ્વામીએ બે સાધુને આજ્ઞા કરી એમને એકબાજુ આસને સૂવડાવી દીધા.

તેઓ લાંબો સમય સુધી સમાધિમાં લીન રહી અક્ષરધામનું દિવ્ય સુખ ભોગવતા રહ્યા.

માધવદાસજીને સમાધિમાં શું અનુભવ થયો ? એ જાણવાની સર્વને ઇંતેજારી હતી.

જ્યારે તેઓ સમાધિમાંથી જાગ્યા ત્યારે સંતો તથા હરિભક્તોએ પૂછ્યું કે, "સ્વામી! તમને સમાધિમાં જે અનુભવ થયો હોય એ અમને કહો."

માધવદાસજીએ કહ્યું, "સમાધિમાં હું અક્ષરધામમા ગયો. ત્યા મને ચારે બાજુ દિવ્ય તેજનો ઝળહળાટ દેખાણો અને તેમાં મહા અલૌકિક જબર મોટું સિંહાસન દેખાણું ને તેમાં શ્રીજી મહારાજના દિવ્ય દર્શન થયા."

માધવદાસજીની વાત સાંભળીને બધાને આશ્ચર્ય થયું.

સંતો-હરિભક્તોએ માધવદાસજીને કહ્યું કે, "મહારાજે તમને જે જે કહ્યું હોય, તે કૃપા કરી કહો."

સંતો-હરિભક્તોની જિજ્ઞાસા જોઈને માધવદાસજી વિસ્તારથી વાત કરવા લાગ્યા. એમણે કહ્યું કે, "મહારાજે મને પૂછ્યું કે, તમે ગુણાતીતાનંદ સ્વામીને ઓળખો છો ?"

એટલે મેં કહ્યું કે, "હા, મહારાજ ! એ તો મારા ગુરુ છે અને તમે એમને જૂનાગઢના મહંત કર્યા છે."

શ્રીજી મહારાજ મને કહેવા લાગ્યા કે, "એ ગુણાતીત તો ગજબના છે. તેઓ અમારા અનાદિ મહામુક્ત અક્ષરબ્રહ્મરુપ છે, જેમ આકાશમાં રજકણ ઉડતા હોય એમ એમના રૂંવાડે રૂવાંડે અનંતકોટિ બ્રહ્માંડો ઊડે છે. એ એક રૂપે કરીને અનંતકોટિ બ્રહ્માંડોને ધારી રહ્યા છે, બીજે રૂપે કરીને મૂર્તિમાન અમારી સેવામાં છે. ત્રીજે રુપે કરીને જૂનાગઢની મહંતાઈ કરે છે."

"શાસ્ત્રોમાં બ્રહ્મનો ખૂબ મહિમા ગવાયો છે અને અમે તો એ બ્રહ્મ થકી પણ પર છીએ. ગુણાતીતાનંદ સ્વામી સહિત અનંત અક્ષરરૂપ મુક્તો દાસભાવે અમારી સેવા કરે છે."

અમે શિક્ષાપત્રીમાં એટલા માટે જ કહ્યું છે કે, "બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સેવા કરવી, એનું નામ જ સાચી મુક્તિ છે."

મહારાજની વાત સાંભળીને મેં કહ્યું, "અરે ! મહારાજ ! તમે તો મને આજે શાસ્ત્રોનું સઘળું રહસ્ય સમજાવી દીધું."

"હું વર્ષોથી સ્વામીનો સમાગમ કરું છું. પણ આપનો અને એમનો યથાર્થ મહિમા તો આજે આપે કહ્યો ત્યારે ખ્યાલ આવ્યો."

મહારાજે કહ્યું, "માધવદાસજી ! હવે તમે સમાધિમાંથી પાછા જાઓ."

આમ જ્યાં માધવદાસજી વાત કરતા હતા, એ જ સમયે સ્વામી ત્યાં આવ્યા અને હસતા હસતા કહેવા લાગ્યા કે, ‘‘માધવદાસ ! તમે શું અમારું નામ લઈને વાત કરી રહ્યા છો ?’’

કોઈ સાધુએ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આ માધવદાસજી સમાધિમાં મહારાજનો અને તમારો જે દિવ્ય અનુભવ કર્યો, તેની વાત કરી રહ્યા છે, એ વાત બરોબર છે કે કેમ ?’’

સ્વામીએ કહ્યું, ‘‘માધવદાસ ! અમને તો મહારાજનો મહિમા ગાવામાં તાન છે, અમારી વાત થાય, એમાં અમારી રુચિ નથી.’’

‘‘જીવને પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજવો પણ કઠણ છે, તો બીજાની વાતની ઘેડ્ય કેમ બેસે ? માટે અક્ષરના વિવાદમાં પડવું નહિ.’’

‘‘બ્રહ્મતત્ત્વ ગમે તેવું મોટું હોય, છતાં પરબ્રહ્મનું ગુલામ છે, એવું ભૂલવું નહીં.’’ ‘‘આપણે તો બ્રહ્મરૂપ થાવું અને પરબ્રહ્મને ભજવા, બીજી માથાકૂટમાં પડવું નહિ. એ તો જે હશે તે સમય ઉપર જણાઈ આવશે.’’

બીજી મહત્ત્વની વાત એ છે કે, ‘‘અક્ષરાતીત પુરુષોત્તમ નારાયણનો જેવો છે, તેવો યથાર્થ મહિમા જીવને સમજાવવો. એ અમારા અંતરનો આશય છે.’’

‘‘અને આ ભગવાન અને આ સાધુ આ બ્રહ્માંડમાં આવ્યા નથી ને આવવાના પણ નથી.’’

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીએ સંકેતમાં ઘણી બધી વાત સમજાવી દીધી. સાથોસાથ ખોટા વિવાદોથી મુક્ત રહી વિવેકથી વર્તવાની યાદી પણ આપી દીધી.

# કથાવાર્તાની પ્યાસ

## રઘુવીરજી મહારાજની કથાવાર્તા માટે અપૂર્વ પ્યાસ

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી વચ્ચે ગાઢ અનુરાગ અને આત્મીયતા હતી. બન્ને એકબીજાનો ખૂબ જ મહિમા સમજતા.

રઘુવીરજી મહારાજ ભગવાન રઘુનાથજીની પેઠે અત્યંત ધર્મનિષ્ઠ હતા અને સત્સંગના સંતો, પાર્ષદો, હરિભક્તોને પણ ટકોર કરીને ધર્મમય જીવન જીવવા માટે ભાર મૂકતા.

રઘુવીરજી મહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનો યથાર્થ મહિમા સમજતા અને ભગવાન શ્રીહરિ સર્વોપરી છે એવી બળભરી વાતો સભામાં કરતા. પોતે આચાર્ય હોવા છતાં પણ સ્વામી જેવા સંતોના મુખેથી કથાવાર્તા સાંભળવામાં એમને અતિશય રુચિ હતી.

મહારાજશ્રી જૂનાગઢ અવારનવાર પધારતા અને ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી ભગવાન શ્રીહરિના મહિમાની વાતો ભારે ભાવપૂર્વક સાંભળતા.

એક સમયની વાત છે રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારેલા. જૂનાગઢના ગુણાતીત સભામંડપમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કથા વાર્તાનો સોપો પડવા નો'તા દેતા. મંદિરમાં પાંચ પાંચ વખત કથાઓ થતી.

મંગળા આરતી પછી કથાવાર્તા શરૂ થાય તે શણગાર આરતી સુધી ચાલે. શણગાર આરતી પછી પણ કથાવાર્તા થાય આ સમયે મંદિરની સેવાઓમાં જોડાયેલાં સંતો સેવાકાર્યમાં જોડાય અને બાકીનાં સંતો-પાર્ષદો રાજભોગ આરતી થાય ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામીનાં મુખથી કથાવાર્તા સાંભળે .

રાજભોગ આરતી પૂરી થયા બાદ સંતોની જમવાની પંક્તિ થાય અને સર્વ સંતો જમ્યા પછી પાછા સભા મંડપમાં ભેગા થાય. પાછી કથાવાર્તા થાય.

બપોર વચ્ચે થોડો વિરામ રહે ત્યારબાદ ઠાકોરજી જાગે એ ઉત્થાપનનાં

સમય બાદ પાછી કથાવાર્તા શરુ થાય તે છેક સંધ્યા આરતી સુધી ચાલે.

વળી પાછી સંધ્યા આરતી પછીની કથાવાર્તા તો હોય જ. આમ ગુણાતીતાનંદ સ્વામીનાં મુખેથી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સર્વોપરીપણાની વાર્તાઓનો પ્રવાહ ગંગાધારાની પેઠે અવિરત વહેતો રહેતો. શ્રી રઘુવીરજી મહારાજ આ પાંચે-પાંચ કથામાં અચૂક ઉપસ્થિત રહેતાં પરંતુ રાજભોગ પછીની બપોરની કથામાં પહોંચવામાં મહારાજશ્રીને થોડી મુશ્કેલી થતી હતી.

મંદિરમાં રહેતાં સંતો-પાર્ષદો માટે તો રસોઈ તૈયાર હોય એટલે એ તો ઠાકોર જમાડીને તુરંત કથામાં પહોંચી જતા જ્યારે રઘુવીરજી મહારાજ તો રાજભોગ આરતી પછી પોતાનાં ઉતારાનાં મેડે પધારે, સેવક પાર્ષદે સગડી ઉપર પાણી ગરમ કરી રાખ્યું હોય, રઘુવીરજી મહારાજ આવી ખીચડી ઓરે, જે કાંઈ રીંગણા- બટેટા હોય એને ખીચડીમાં જ બાફવા મૂકી દે, સગડીને કોલસે બાટી બનાવે.

આમ મહારાજશ્રી જાતે રસોઈ કરે, જાતે થાળ ધરે અને પછી પોતે જમે એટલે વાર બહુ લાગે.

રઘુવીરજી મહારાજનાં મનમાં થયું, રસોઈમાં જ રોકાઈ રહીશ તો બપોરની કથાવાર્તાનો સ્વાદ ચૂકાઈ જશે. એટલે તેઓ જેવી તેવી કાચી-પાકી રસોઈ બનાવી, દેહને પોષણ થાય એટલું થોડું જમી બીજા સંતો કથામાં આવે ત્યાં સુધીમાં પોતે પણ કથામાં પહોંચી જતા. એક વાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનાં મનમાં થયું ‘મહારાજશ્રી આટલી ઝડપથી કથામાં આવી જાય છે તો તેઓ રસોઈ ક્યારે કરતા હશે? થાળ ક્યારે ધરતા હશે ? કયારે જમતા હશે?’

બીજા દિવસે સ્વામી રાજભોગ આરતી પછી મહારાજશ્રીનાં ઉતારાના મેડે પધાર્યા, જોયું તો રઘુવીરજી મહારાજ કાચી પાકી ખીચડી, કાચા-પાકા બટેટા અને કાચી પાકી બાટી ભગવાનને થાળમાં ધરાવી રહ્યા હતા.

સ્વામી બધો મામલો પામી ગયાં અને હાથ જોડીને કહ્યું ‘આજે અમને પણ થોડી પ્રસાદી આપો.’ રઘુવીરજી મહારાજે હસતા હસતા કહ્યું ‘જોગી! આ પ્રસાદી તમારે જમવા જેવી નથી.’ સ્વામીએ આગ્રહ ચાલુ રાખ્યો.

રઘુવીરજી મહારાજે ન છૂટકે ખાખરાનાં પડીયામાં થોડી પ્રસાદી સ્વામીને આપી, પરંતુ ગુણાતીતાનંદ સ્વામી એ પ્રસાદી જમવાં લાગ્યા. ખીચડી સાવ કાચી હતી, બાટી પણ અધકચરી પાકી હતી.

સ્વામીએ ખાખરાનો પડીયો નીચે મૂક્યો અને બોલ્યા ‘મહારાજ આવું કાચું જમો છો? તમારું પેટ દુ:ખશે.’ રઘુવીરજી મહારાજે મંદ-મંદ હસતાં-હસતાં કહ્યું

'સ્વામી ! કૂકડા ને ચકલાં કાચું જ ખાય છે ને! એમને કાંઈ થતું નથી અમનેય કાંઈ નહિ થાય. રસોઈમાં સમય જાય અને તમારી વાતું સાંભળવાનું રહી જાય એ ખોટ્ય મને ન પોસાય.'

ગુણાતીતાનંદ સ્વામી કહે 'મહારાજ એવું ન કરાય. બપોરની કથા હવે અમે અહીં જ તમારે ઉતારે કરીશું તમે નિરાંતે રસોઈ કરો, થાળ ધરો, ઠાકોર જમાડો. હું કથાવાર્તા ચાલુ રાખીશ, રસોઈ અને કથા આમ બેય કામ સાથે ચાલશે.'

રઘુવીરજી મહારાજે સ્વામીની ભાવપૂર્ણ વિનંતીને સ્વીકારી લીધી અને રસોઈ કરતા કરતા રાજયોગનું અવતરણ થયું.

## સ્વામી ! તમારી વિરુદ્ધ બે ફરિયાદ છે !

ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજને પરસ્પર અસાધારણ પ્રીતિ હતી. બંને ભગવાન શ્રીહરિના હૃદગત રહસ્યને યથાર્થ જાણતા હતા અને પરસ્પર ભારે આદર સેવતા હતા.

એક વાર રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારેલા. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીના સાન્નિધ્યમાં ભગવાનની અખંડ કથાવાર્તાનો અખાડો જામ્યો હતો.

જગતમાં સહેજે અને સર્વત્ર બને છે, એમ ગુણાતીતાનંદ સ્વામીની મોટાઈ કેટલાક લોકોથી સહન થતી નો'તી. એમનું અંતર સ્વામી પ્રત્યે રાગદ્વેષથી ધૂંધવાતું હતું.

આવા લોકોએ ભેગા મળીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ફરિયાદ કરી. 'મહારાજ, આપ સત્સંગના ધણી છો. આપે ગુણાતીતાનંદ સ્વામીને થોડો ઠપકો આપવાની જરૂર છે.'

વાત સાંભળતા રઘુવીરજી મહારાજને થોડો આંચકો લાગ્યો અને પૂછ્યું ' મહાપુરુષો! સ્વામીનો એવો કયો વાંક છે? જેના અંગે અમારે એમને ઠપકો આપવો પડે !

મહારાજશ્રીની વાત સાંભળી ટોળામાંથી એક જણ બોલ્યો 'મહારાજ ! ગુણાતીતાનંદ સ્વામી કથાવાર્તા કરે છે, પણ કોઈને નામધર્માદો આપવાની પ્રેરણા કરતા નથી. નામધર્માદાના ઉઘરાણા સિવાય આ મોટા મોટા મંદિરોના વહીવટ કેમ ચાલશે ? અને બીજી ફરિયાદ એ છે કે સ્વામી ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરીપણાનો મહિમા હદબાર ગાય છે, તેથી સત્સંગનું ખોટું દેખાય છે.'

રઘુવીરજી મહારાજે ભારે ધીરજ સાથે વાત સાંભળી અને કહ્યું, 'ભલે, અમે સ્વામીને વાત કરીશું.'

ફરિયાદીઓ ફરિયાદ કરીને ગયા. થોડી વારમાં ગુણાતીતાનંદ સ્વામી

મહારાજશ્રીને મળવા ઉતારાને મેડે પધાર્યા. મહારાજશ્રીને દંડવત્ પ્રણામ કરી સ્વામી બેઠા. મહારાજશ્રીએ મંદ મંદ હસતાં કહ્યું, 'સ્વામી તમે ભારે વાંકમાં આવ્યા છો. તમારા વિરુદ્ધ બે ફરિયાદ આવી છે!

સ્વામીએ સામે હસીને કહ્યું, 'મહારાજ આપ સત્સંગના ધણી છો!' અમારી કાંઈ ફરિયાદ હોય તો આપે અમોને અવશ્ય દંડ આપવો જોઈએ, પણ જો જો બારોબાર દંડ ન દેતા, સામે થોડો ખુલાસો કરવાની તક આપજો. આટલું કહી સ્વામી બોલ્યા 'બોલો મહારાજ! શું ફરિયાદ છે ?'

રઘુવીરજી મહારાજે સહેજ મોં મલકાવીને કહ્યું, 'સ્વામી એક ફરિયાદ એ છે કે તમે કોઈને નામધર્માદો આપવાની પ્રેરણા કરતા નથી. અને બીજી ફરિયાદ એ છે કે તમે શ્રીજી મહારાજનો સર્વોપરી મહિમા ખૂબ જ ગાઓ છો. તે કોઈને પચે છે, કોઈને નથી પચતો. લોકમાં સત્સંગનું ખોટું દેખાય છે.'

રઘુવીરજી મહારાજની વાત સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ! અમારા વિરુદ્ધની આ બંને ફરિયાદો સાવ સાચી છે. હવે અમારો ખુલાસો સાંભળો.'

"પહેલી વાત કરીએ નામધર્માદાની. આપના પિતાશ્રી શ્રીજી મહારાજને અક્ષરધામમાંથી અવનિ ઉપર અવતરવું હતું ત્યારે અક્ષરમુક્તોની સભા ભરી ઠરાવ કર્યો કે 'આપણે પૃથ્વી ઉપર એકાંતિક ધર્મની સ્થાપના કરી જીવોના આત્યંતિક કલ્યાણ કરવા માટે પ્રગટ થાવું છે.' આવો ઠરાવ થયો હતો. પણ ધર્માદો ઉઘરાવવા જાવું છે એવો ઠરાવ થયો નહતો."

"હવે તમે ભગવાનના દીકરા છો, તો લાગવગ લગાડી ધર્માદાનો નવો ઠરાવ લઈ આવો, તો ધર્માદો ઉઘરાવવાનું કામ કરીએ."

"અને બીજું મહારાજ! ધર્માદો ધર્માદો શું કરો છો? અમે તો જીવના અંતરમાં સ્વામિનારાયણને ઘાલી દઈએ છીએ. હવે એના હૃદયમાં સ્વામિનારાયણ બેઠા હશે, તો એ ધર્માદો બીજે ક્યાં આપવાના હતા? અહીંયા જ આપશેને? અને મહારાજ! રસ્તે ચાલતા હોઈએ ત્યારે સામે ગામ કેમ અને ક્યારે પહોંચાય? એની જ ચિંતા કરવાની હોય પણ જોડે છાણ કેટલું ચોંટ્યું ? એની ચિંતા ન કરાય!"

ગુણાતીતાનંદ સ્વામીના મુખમાંથી પ્રભાવક વાણી પ્રવાહ વહી રહ્યો હતો.

રઘુવીરજી મહારાજે પણ સ્વામીની વાતનો સ્વીકાર કરતા કહ્યું, 'સ્વામી, તમારી વાત સાવ સાચી છે, પણ અમારી નજરમાં ન આવી.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજ ! હવે અમારા માટેની બીજી ફરિયાદનો ખુલાસો સાંભળો.'

ગામડાંના ગરીબ ઘરનો છોકરો પરણવા જાતો હોય તોય જાનડીઓ એના ભારોભાર વખાણ કરી અને ગીત ગાતી હોય. આખા ગામની મજૂરી કરતી હોય તો ય જાનડીઓ ગીતમાં બોલતી હોય કે 'ફલાણા ગામનો રાજા પરણવા જાય છે.'

''વરરાજો ભેંસના વાંહા જેવો રૂપાળો હોય તોય જાનડીઓ ગાતી હોય કે 'વીરો મારો ઝગમગ થાય.' વરરાજાએ માગેલાં ઘરેણાં પહેર્યાં હોય તોય જાનડીઓ ગાતી હોય 'વીરનો સાફો સવા લાખનો.' આમ વરમાં કાંઈ ન હોય તોય જાનડીઓ વરને વખાણતી હોય.''

''મહારાજ ! અમે તો પુરુષોત્તમનારાયણની જાનડીઓ છીએ અને આ વરના મહિમાનો પાર ચાર વેદ પામી શકતા નથી. ષટ્શાસ્ત્ર અને અઢાર પુરાણ વર્ણન કરતા થાકે, તોય આ વર વાણીમાં સમાય એવો નથી. મનમાં મા'ય એવો નથી, શેષ અને શારદાય એના પારને પામી શકે એમ નથી.''

''અમે જે સર્વોપરી મહિમા ગાઈએ છીએ એ તો જીભ ઝાલીને બોલીએ છીએ, જેમ છે એમ તો હજી કહી શકાતું પણ નથી. અને કહેવા જઈએ તો સાંભળનારા ગાંડા થઈ જાય.''

સ્વામીની તેજસ્વી વાણીને સાંભળી રઘુવીરજી મહારાજ અપલક નયને સ્વામીના મુખ સામે જોઈ રહ્યા હતા અને સ્વામીએ પોતાની વાતને સમાપન તરફ લઈ જતા કહ્યું, 'મહારાજ ! ગમે તે હોય આખરે તો અમે તમારા બાપના ગુણ ગાઈએ છીએ. એનાથી કદાચ બીજાને પેટમાં દુ:ખે પણ તમને શું વાંધો છે?'

રઘુવીરજી મહારાજ બોલ્યા, 'સ્વામી આપની વાત સાવ સાચી છે. આપણે શ્રીજી મહારાજનો પ્રત્યક્ષ પ્રભાવ અને સર્વોપરી મહિમા નજરે નિહાળ્યો છે. આ તો કેટલાક સાધુ તરફથી વાત આવી એટલે આપને કહ્યું. આપ જે કરો છો તે યથાર્થ જ છે.' ગુણાતીતાનંદ સ્વામીએ સહેજ હસીને કહ્યું, 'મહારાજ ! એ તો તમે વાત માંડી ત્યારથી જ અમને ખબર પડી ગઈ હતી કે આ ફરિયાદ તમારા તરફથી નથી આવી, અમારી નાતમાંથી આવી છે, મહારાજ ! જગતનો નિયમ છે. સૌને સૌના નાતીલા નડે. એમાં આપનો કાંઈ કસૂર નથી.'

''શ્રીજી મહારાજ પણ અમને ભલામણ કરી ગયા હતા કે ધર્મકુળ સાવ ભોળું છે, રખે ને કોઈની વાતોમાં આવી જાય! માટે મોટેરા સંતો અને મોટેરા હરિભક્તો એમનું ધ્યાન રાખજો.'' રઘુવીરજી મહારાજે કહ્યું, 'હા સ્વામી ! તમારી વાત બરાબર છે' આમ કહી રઘુવીરજી મહારાજ ઊભા થયા અને ખૂબ હેતથી સ્વામીને મળ્યા. સ્વામી પણ અત્યંત રાજી થયા.

## આ પેંડા અમારાથી નહી જમાય

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મહારાજના હાથે ખૂબ લાડુ જમ્યા હતા. પ્રસાદીના ગોરસ અને દૂધપાક પીધા હતા પરંતુ મહારાજ ધામમાં ગયા પછી એમણે તમામ જાતની મીઠાઈઓનો ત્યાગ કર્યો હતો. સ્વામીએ જીવનભર ગળ્યું ચીકણું ખાધું નહોતું. દૂધ અને દૂધની વાનગીઓનો ત્યાગ તો એમણે મહારાજની મરજી જાણીને કર્યો હતો.

એકવાર રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા હતા. રઘુવીરજી મહારાજને શ્રીજી મહારાજ જેવો જ સંતોમાં ભાવ હતો. તેઓ સાધુ-સંતોને ખૂબ જ આદર આપતા, રસોઈ આપતા અને મહારાજની જેમ જ જાતે પીરસતા.

રઘુવીરજી મહારાજ જૂનાગઢમાં ભંડારના મેડા ઉપર બાજોઠ ઉપર બિરાજમાન હતા. ગુણાતીતાનંદ સ્વામી બાજુમાં બેઠા હતા. એવામાં કોઈ હરિભગત આવ્યા. એમણે મહારાજશ્રીની પાસે પેંડાનું પડીકું મૂકી દર્શન કરીને ગયા.

મહારાજશ્રીએ તાંસળી મંગાવી પેંડાના નાના નાના ટૂકડા કર્યા અને એ તાંસળી ગુણાતીતાનંદ સ્વામી તરફ સેરવી અને કહ્યું, “સ્વામી ! પેંડા જમો.”

સ્વામીની ધર્મનિષ્ઠા ભારે વિવેક ભરેલી હતી.

એમણે રઘુવીરજી મહારાજની આમાન્યા જાળવવા માટે સહેજ પેંડો ચાખ્યો પણ પછી ન ખાધો, એટલે મહારાજશ્રીએ કહ્યું, “સ્વામી જમોને.”

સ્વામી બોલ્યા, “બાપજી ! મેં આ સહેજ પેંડો ખાધો ત્યારે મને આપણા બાપ સહજાનંદ સ્વામીની મરજી યાદ આવી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે નિઃસ્વાદી સંતો યાદ આવ્યા. તેઓ ક્યારેય પેંડા કે ગળ્યું-ચીકણું ખાતા નહોતા. ત્યાર પછી સૌભરી ઋષિ અને એકલશ્રૃંગી વગેરે તપોધન ઋષિઓ યાદ આવ્યા. પેંડાએ એકલશ્રૃંગીને પાડી દીધા હતા. વિષયના સંગથી સૌભરી તપોભંગ થયા હતા.”

“મહારાજ ! આ બધુ સંભારુ છું એટલે હવે એટલે પેંડો ગળે ઉતરે એમ નથી.” આમ કહી સ્વામી ગળગળા થઈ ગયા.

રઘુવીરજી મહારાજ સ્વામીની ટેક જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને અંતરમાં અત્યંત રાજી થયા.

# ગણોદ દરબાર અભયસિંહજી

ગણોદના દરબાર અભયસિંહજી ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્ત હતા. તેઓ ગોંડલ રાજ્યના માનીતા હતા. એથી વિશેષ વાત તો એ હતી કે, તેઓ ઉત્તમ મુમુક્ષુ હતા.

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી કરીને ગણોદ દરબાર અભયસિંહજી જ્ઞાનની ઉત્તમ અવસ્થાને પામ્યા હતા.

લોધિકા દરબાર અભયસિંહજીએ ગોપાળાનંદ સ્વામીની કૃપાથી ધ્યાન સિદ્ધ કર્યું હતું. જ્યારે ગણોદ દરબાર અભયસિંહજીએ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી જ્ઞાન સિદ્ધ કર્યું હતું.

ઉપરાંત ગુણાતીતાનંદ સ્વામીએ બંને દરબારોને જ્ઞાન અને ધ્યાનના સંગમની ઉત્તમ રીતિ શીખવી હતી.

જ્ઞાન વિના ધ્યાનમાં ઉણપ રહી જાય છે અને ધ્યાન વિના જ્ઞાનમાં ઉણપ રહી જાય છે.

પરંતુ જો આ બંને સાધનોનો સંગમ થાય તો પરસ્પર એક-બીજાના સહકારથી એક-બીજાની ઉણપ દૂર થાય છે.

આ બેય સાધનોનું બીજું નામ સાંખ્ય અને યોગ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અને ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં આ બંને સાધનોનો સુભગ સમન્વય શીખવ્યો છે.

સત્સંગના ઈતિહાસમાં બંને અભયસિંહજીની કથાઓ સુવર્ણ અક્ષરે લખાયેલી છે.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે ‘હરિલીલામૃત’ જેવા મહાન ગ્રંથની રચના અચિંત્યાનંદ બ્રહ્મચારી અને દરબાર અભયસિંહજીના સંવાદમાં કરાવી છે.

## આ બ્રાહ્મણે તો ગંગાજીને પાવન કરી.

વિ. સં. ૧૯૧૩ ની સાલ હતી. દરબાર અભેસિંહજીના આગ્રહથી સ્વામી ગણોદ પધાર્યા હતા અને મંદિરમાં વિરાજમાન હતા.

ગણોદ દરબાર અભેસિંહજી તથા દરબાર ઝૂણોજી સ્વામીના દર્શને આવ્યા. એમની સાથે એક પવિત્ર ભૂદેવ હતા. તેઓ તાજેતરમાં જ કાશીની જાત્રા કરી, ગંગાજીમાં સ્નાન કરી પાછા આવ્યા હતા.

એ જમાનામાં યાતાયાતના સાધનો આજના જેવા હતા નહિ, એટલે ગંગાજીની યાત્રા કરવી, એ ભારે કઠણ કામ હતું.

ત્રણેય જણા સ્વામીને પગે લાગી પાસે બેઠા.

દરબાર અભેસિંહજીએ કહ્યું, “સ્વામી ! આ ભૂદેવ હમણાં જ ગંગાજીમાં સ્નાન કરી કાશીની જાત્રા કરીને પરત પધાર્યા છે.”

સ્વામીએ હસીને કહ્યું, “અરે ! ભૂદેવ ! તમે તો ગંગાજીને પાવન કરીને આવ્યા !” ભૂદેવ કહે, “અરે ! સ્વામી ! હું તો ગંગાજીમાં સ્નાન કરી પાવન થવા ગયો હતો, મારામાં ગંગાજીને પાવન કરવાની લાયકાત ક્યાંથી હોય ?”

દરબાર અભેસિંહજીએ પણ કહ્યું, “સ્વામી ! આપની વાત સમજાણી નહિ, આ બ્રાહ્મણ ગંગાજી જેવી પવિત્ર નદીને પાવન કઈ રીતે કરે ?”

સ્વામીએ કહ્યું, “દરબાર ! આ ભૂદેવને પ્રગટ  ભગવાન શ્રીહરિના એક વખત દર્શન થયેલા છે. પ્રગટ ભગવાન અને પ્રગટ ભગવાનના સંતના દર્શન જીવને બ્રહ્મરૂપ કરી નાખે તેવા હોય છે. શાસ્ત્રમાં પણ લખ્યું છે કે તીર્થોમાં તો સ્નાન કરે ત્યારે શુદ્ધ થાય, જ્યારે પ્રગટ ભગવાન અને પ્રગટ ભગવાનના સંત તો દર્શન માત્રથી જીવને શુદ્ધ કરી નાખે છે.”

“આ ભૂદેવને સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના ભલે એક જ વાર દર્શન થયા છે. તોપણ  એ દર્શનનો પ્રતાપ એવો મોટો છે કે, એને લીધે આ ભૂદેવ તીર્થોને પણ પાવન કરી નાખે એવા થઈ ગયા છે” “દરબાર ! આ સત્સંગનો પ્રતાપ મોટો છે. એ જલદી જીવને સમજાય એવો નથી.”

દરબાર અભેસિંહજીએ કહ્યું, “સ્વામી ! આ ભૂદેવ શ્રીહરિના એકવાર દર્શન કરીને આટલા બધા ઉત્તમ થઈ જતા હોય, તો અમે તો ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી સમજીએ છીએ, તમારા જેવા સમર્થ સદ્‌ગુરુનો રોજ સમાગમ કરીએ છીએ, મહારાજની આજ્ઞા પાળીએ છીએ અને સ્વામિનારાયણ મહામંત્રનું ભજન

કરીએ છીએ, તો અમારા તો કેટલાં પુણ્ય ભેગાં થયાં હશે !''

સ્વામી કહે, ''દરબાર ! તમારા પુણ્યનો તો પાર નથી. તમારા ભાગ્યના જો વખાણ કરીયે તો તમે કેફમાં એટલાં છકી જાવ કે, અહો ! અહો ! થઈ જાય અને વર્તમાન પણ પાળો નહિ.''

આટલું કહી સ્વામી બોલ્યા, '' દરબાર ! લ્યો તમારા પુણ્ય ગણાવીએ. જો વરસાદના બુંદ ગણી શકાય, જો વૃક્ષના પાંદડાં ગણી શકાય, જો પૃથ્વીના રજકણ ગણી શકાય, તો તમારા પુણ્ય ગણી શકાય, એટલા તમારા પુણ્ય છે.''

''ધરતીના પેટાળમાં ગરમીથી દેડકાને ભારે બફારો થતો હતો. દેડકી હવા ખાવા બહાર આવી ત્યાં વરસાદ વરસ્યો. ઠંડો પવન વાવા લાગ્યો એટલે પેલી દેડકી બોલી 'તકે તક તકે તક' એમ તમને મનુષ્યનો દેહ મળ્યો અને મહારાજ અને આવા સાધુનો જોગ થઈ ગયો છે, માટે તમારે તો તકેતક થઈ ગઈ. તમારા ભાગ્યનો પાર નથી.'' સ્વામીની મહિમાસભર વાત સાંભળીને દરબારો તથા ભૂદેવને અંતરમાં અહો અહો થવા લાગ્યું.

સ્વામીના મુખેથી મહિમા સભર કથાવાર્તા સાંભળી દરબારો અહોભાવથી ભરેલા હૈયા સાથે ઘરે ગયા

સ્વામીએ ઠાકોર જમાડ્યા અને થોડી વિશ્રાંતિ લીધી.

## સાધુરામ ! ભાદરમાં સ્નાન કરો

બપોર પછી ઠાકોરજીના ઉત્થાપનનો સમય થયો. સ્વામી બધા સંતો-હરિભક્તોને સાથે લઈ ભાદર નદીમાં સ્નાન કરવા પધાર્યા અને શ્રીજી મહારાજે જ્યાં ખૂબ સ્નાન કરેલું, એ આરે સ્વામીએ સ્નાન કર્યું.

સ્વામી સ્નાન કરીને બહાર પધાર્યા ત્યારે સ્વામીની સેવામાં રહેલા બાલમુકુંદદાસજી સ્વામીએ સ્વામીને પહેરવા માટે કોરું વસ્ત્ર આપ્યું.

સ્વામીએ પૂછ્યું, ''સાધુરામ ! તમે સ્નાન કર્યું ?''

બાલમુકુંદદાસ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! મારે બહિર્ભૂમિ જવું નહોતું એટલે મેં સ્નાન કર્યું નથી.''

સ્વામીએ કહ્યું, ''સાધુરામ ! ભાદર નદીનો આ આરો ભારે પ્રસાદીનો છે. અહીં મહારાજ, મુકુંદ બ્રહ્મચારી અને અમે અનેકવાર સ્નાન કર્યું છે. આ આરો તો ઉત્તમ તીર્થ છે. માટે અહીંયા સ્નાન કરવું જોઈએ.''

આવી મીઠી ટકોર કરી સ્વામી નદીના કિનારે ધ્યાનમાં બેઠા.

આ બાજુ સ્વામી બાલમુકુંદદાસજીએ સ્વામીના વચને આ પરમ તીર્થમાં સ્નાન કર્યું.

ધ્યાનથી પરવારી સ્વામી દરબાર અભયસિંહજીના દરબાર ગઢમાં પધાર્યા. અહીંયા સંતો-હરિભક્તોની સભા થઈ. ગુણાતીતાનંદ સ્વામીએ જગતના પદાર્થોમાં રહેલા દુઃખ, દોષ અને નાશવંતપણાની વાતો કરી.

ડહોળાયેલા પાણીમાં ફટકડી નાખવામાં આવે અને પાણી નિર્મળ થઈ જાય, એમ સ્વામીની વાતો સાંભળીને દરબાર અભયસિંહજીનું મન નિર્મળ થઈ રહ્યું હતું. એમના ચિત્તમાં રહેલા રજોગુણ-તમોગુણના પાશ દૂર થઈ રહ્યા હતા.

સ્વામીના સમાગમથી દરબાર અભયસિંહજીનું મન નિર્વાસનિક થઈને મહારાજની મૂર્તિમાં વિશેષને વિશેષ જોડાવા લાગ્યું હતું.

પોતાના ઉત્તમ અંતેવાસી શિષ્ય દરબાર અભયસિંહજીના મનને નિર્મળ કરવા માટે જ સ્વામી ગણોદ પધાર્યા હતા.

દરબાર અભેસિંહજી તથા અન્ય સર્વને જ્ઞાનવાર્તાથી કૃતાર્થ કરી સ્વામી મંદિરે પધાર્યા.

## સ્વામીની હાર્યે મહારાજ જમે છે

એક દિવસ બપોરનો સમય હતો. સ્વામી મંદિરના ભંડારમાં મહારાજની મૂર્તિને સંભારીને ભોજન કરી રહ્યા હતા. દરબાર અભયસિંહજી તથા ઉપલેટાના લાલાભાઈ ભંડારની જાળીમાંથી સ્વામીના દર્શન કરી રહ્યા હતા.

એ સમયે લાલાભાઈને સ્વામીની હાર્યે જાણે મહારાજ જમતાં હોય એવા અદ્‌ભૂત દર્શન થયા. આ દિવ્ય દર્શનથી લાલાભાઈના નેત્રોમાંથી જળ વરસવા માંડ્યું. એમણે દરબાર અભેસિંહજીને કહ્યું, “દરબાર ! જુઓ તો ખરા, સ્વામી એકલા જમતા નથી, હાર્યે મહારાજ જમે છે.”

દરબાર અભેસિંહજી પણ ભારે સુપાત્ર ભક્ત હતા પરંતુ જેવા દિવ્ય દર્શન લાલાભાઈને થયા એવા દરબારને ન થયા. દરબારને સ્વામીમાં ભારે દિવ્ય બુદ્ધિ હતી. એમણે કહ્યું, “લાલાભાઈ ! તમે ભાગ્યશાળી છો કે તમને આવી દિવ્યદૃષ્ટિ મળી, અમે હજુ એને પાત્ર થયા નથી લાગતા.”

બન્ને ભક્તો અહોભાવથી સ્વામીને જમતા નીરખી રહ્યા પછી મંદિરમાં જઈને બેઠા એટલામાં જાળિયાથી સામત ભગત સ્વામીના દર્શને આવ્યા.

લાલાભાઈએ સામત ભગતને કહ્યું, “ભગત ! જાવ જાવ દર્શન કરો. આજે

તો સ્વામીની હાર્યે મહારાજ જમે છે.''

લાલાભાઈના કહેવાથી સામત ભગત ભંડારમાં સ્વામી જમતા હતા ત્યાં દર્શન કરવા ગયા પણ સામત ભગતને એકલા સ્વામી જ જમે છે એવું દેખાયું.

સામત ભગત બોલ્યા, ''લાલાભાઈ ! મને તો સ્વામી જમતા હોય એવું દેખાય છે, મહારાજ દેખાતા નથી.''

લાલાભાઈએ કહ્યું, ''તમને ભલે ન દેખાય, મને દેખાય છે, એનું શું !''

બંને ભક્તોનો સંવાદ સાંભળી થોડે દૂર જમી રહેલા સ્વામી મંદ મંદ હસવા લાગ્યા. સ્વામીને મનમાં થયું, ''દૃષ્ટિ દૃષ્ટિમાં કેટલો ભેદ છે !''

## ભીંડોરાના આહિર ભક્ત વીજોભાઇ

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ગણોદમાં દરબાર અભયસિંહજીને ત્યાં બિરાજમાન હતા.

એ સમયે ગણોદ બાજુના ભીંડોરા ગામના આહિર ભક્ત વીજો સ્વામીને ભીંડોરા તેડી જવા આવ્યા.

વીજો ભગત આહિર ઘણા જ ભાવિક ભકત હતા. વીજા ભગતને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઉપર અસાધારણ પ્રેમ અને વિશ્વાસ હતા.

સ્વામી પણ આ પ્રેમી અને શ્રદ્ધાવાન આહિર ભગત ઉપર ખૂબ રાજી હતા.

વીજા ભગતે સ્વામીને વિનંતી કરી, ''મા-બાપ ! ભીંડોરા પધારો અને અમારી ગરીબની ઝૂંપડીને પાવન કરો.''

વીજા ભગતની ઈચ્છાને પૂર્ણ કરવા માટે સ્વામી સંતો-પાર્ષદો અને હરિભક્તોને લઈને ભીંડોરા પધાર્યા.

વીજા ભગતના હૈયામાં આજે આનંદ ઉછાળા મારી રહ્યો હતો. આ શ્રદ્ધાવાન આહિર ભગતને તો જાણે સ્વામી પધાર્યા એટલે સાક્ષાત ભગવાન પધાર્યા!

વીજા ભગતે સ્વામીને કહ્યું, ''સ્વામી ! આપની અને મહારાજની દયા છે. ઘરે ખૂબ દૂઝાણું છે. ઘી-દૂધની છોળો ઉછળે છે, માટે આપ કૃપા કરી દૂધપાકની રસોઈ કરાવો અને બધા સંતો-હરિભક્તોને ખૂબ જમાડો અને ઉપરથી ખૂબ દહીં પીરસો, એવી મારા અંતરની ઈચ્છા છે.'' વીજા ભગતના હૃદયના ભાવને પૂર્ણ કરવાને માટે સ્વામીએ દૂધપાકની રસોઈ કરાવડાવી.

એક બાજુ રસોઈ તૈયાર થવા માંડી. બીજી બાજુ સ્વામી બાલમુકુંદદાસજી સ્વામી પાસે બેસીને કથા વાંચવા લાગ્યા. રસોઈ તૈયાર થઈ ત્યાં સુધી સ્વામીએ

જ્ઞાન-વાર્તા કરી.

સ્વામીની વાતો સાંભળીને વીજા ભગત આહિર અને બીજા ભક્તજનોને અત્યંત આનંદ આવતો હતો.

સ્વામીની વાતો સીધી-સાદી અને સરળ હતી, છતાં એ વાતો વજ્રસાર જેવી વાસનાને ભેદી નાખનારી રહેતી. રસોઇ તૈયાર થઇ, ઠાકોરજીને થાળ ધરવામાં આવ્યા પછી સંતોની પંક્તિ થઇ.

પીરસનારા સંતોએ સ્વામીના પતરમાં દૂધપાક પીરસ્યો પછી બધા સંતોને પણ દૂધપાક પીરસવામાં આવ્યો.

વીજા ભગત જેવા પ્રેમી ભક્તના ભાવને પૂર્ણ કરવા માટે સ્વામીએ એક ઘૂંટડો દૂધપાક પી અને પતરમાં જે દૂધપાક હતો તે બાજુમાં જ બેઠેલા પોતાના અંતરંગ શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજીના પતરમાં પીરસી દીધો.

સ્વામીના પત્તરની પ્રસાદી મળી એટલે સ્વામી બાલમુકુંદદાસજીના અંતરમાં ખૂબ જ આનંદ થયો.

વીજા ભગત બોલ્યા, ‘‘મા-બાપ ! એવું કેમ કર્યું. ?’’

સ્વામી કહે, ‘‘ભગત ! મહારાજની મરજી સમજીને અમે દૂધ છોડ્યું છે અને મહારાજ ધામમાં ગયા પછી અમે ગોળ, ખાંડ વગેરે નહિ જમવાનું નિયમ લીધું છે.’’

વીજા ભગતના અંતરમાં સ્વામીને જમાડવાની ઘણી હોંશ હતી પરંતુ નિયમની વાત આવી, એટલે વીજા ભગત કાંઇ બોલી શક્યા નહિ.

સ્વામી માધવચરણદાસજીએ કહ્યું, ‘‘સ્વામી ! આપે આવું નિયમ કેમ લીધું ?’’

સ્વામી કહે, ‘‘સાધુરામ ! શ્રીજી મહારાજ પોતાના હાથે અમને પંક્તિમાં આગ્રહ કરી કરીને પીરસતા અને ખૂબ જમાડતા. એમના હાથે ખૂબ દૂધપાક પીધા, લાડુ ખાધા, હવે બાપ ધામમાં ગયા પછી બીજાના હાથનું અમને ફાવતું નથી.’’

સ્વામી માધવચરણદાસજીએ કહ્યું, ‘‘પણ, સ્વામી ! આપ આવા આકરા નિયમ ન રાખો તો ? આપ થોડું જમો તો આ હરિભક્તો કેવા રાજી થાય !’’

સ્વામીએ કહ્યું, ‘‘સાધુરામ ! આ સંસારના ગમે તેવા ઉત્તમ પંચ વિષય હોય પણ અમને બાધ કરી શકે તેમ નથી. અમે જે પાળીયે છીએ, તે તો તમારા બધાના માટે પાળીયે છીએ. કારણ કે જગતનો નિયમ છે. ગુરુ પૂરેપૂરું પાળે ત્યારે ચેલો માંડ ચોથા ભાગનું પાળે. જો નિયમ ન રાખીએ તો આ જીવ ઉતરતાં ઉતરતાં ક્યાંય ઉતરી જાય એવો છે.’’

આમ, સ્વામી ઠાકોર જમાડતા જતા હતા અને સાથે સાથે જ્ઞાન-વાર્તા કરી મુમુક્ષુઓને સાવધાન કરતા જતા હતા.

સ્વામી થોડું જમીને ઊભા થયા પછી વીજા ભગતનો ભાવ પૂરો કરવા માટે સ્વામીએ પોતે સંતો-હરિભક્તોને આગ્રહ કરી કરીને દૂધપાક પીરસ્યો. દૂધપાકનું ભોજન પૂરું થયું, એટલે સ્વામીએ બધાને ખૂબ જ દહીં પીરસ્યું અને જમાડીને તૃપ્ત કર્યા. જમ્યા પછી પાછી કથા થઈ. ભોજનને પચાવવા માટે કુશળ વૈદ્ય જેમ પાચનની ગોળી આપે, એજ રીતે સ્વામી જ્ઞાન-વાર્તા રૂપી ગોળીથી સર્વને અંતરથી નીરોગી રાખતા હતા.

સ્વામી કહેતા, ‘‘મુમુક્ષુને હાંકલા-પડકારા કરનારા જોઈએ. નહિતર વાડામાંથી વાઘ બકરું ઉપાડી જાય. ’’

‘‘ગૃહસ્થને ત્યાં ઉત્તમ ખાન-પાનાદિકનો યોગ થવા માંડે અને જો સાવધાન રાખનાર કોઈ સદ્‌ગુરુનો જોગ ન હોય, તો જીવને ભોગ-સુખમાં બંધાઈ જતાં વાર લાગતી નથી. ’’

વીજા ભગત આહિરને રાજી કરીને સ્વામી પાછા ગણોદ પધાર્યા.

## ભણે એવા છે એને ભણાવતા નથી

સ્વામી ભીંડોરાથી ગણોદ આવી રહ્યા હતા. બ્રહ્મચારી અચિંત્યાનંદજી મહારાજે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! તમે ભણે એવા છે એને ભણાવતા નથી.’’

સ્વામીએ કહ્યું, ‘‘બ્રહ્મચારી ! કોણ ભણે એવું છે ?’’

બ્રહ્મચારીએ કહ્યું, ‘‘સ્વામી ! આ બાલમુકુંદદાસજી ખૂબ કુશાગ્ર બુદ્ધિવાળા છે અને ભણે એવા છે.’’

સ્વામી કહે, ‘‘બ્રહ્મચારી ! જેટલી જરૂર હતી, એટલું એણે ભણી લીધું. હવે જે ભણવા જેવું છે. એ તો અમે પોતે એને હાર્યે રાખીને ભણાવીએ છીએ.’’

‘‘બ્રહ્મચારી ! સંસ્કૃતના ગ્રંથો તો ઘણા ભણશે અને ભણાવશે. પરંતુ ભણવા જેવી બ્રહ્મવિદ્યા કોણ ભણશે ? અને કોણ ભણાવશે ? અમારે તો અમારી સાથે હેત રાખે એને બ્રહ્મવિદ્યા ઘૂંટી ઘૂંટીને પાઈ દેવી છે.’’

બ્રહ્મચારી મહારાજે હાથ જોડીને કહ્યું, ‘‘સ્વામી ! આપે ખરી વાત કરી. આ તો અમે શાસ્ત્રના જીવ એટલે કહ્યું પરંતુ આપને સૂઝે એવું બીજાને ન સૂઝે. આપ જે કરી રહ્યા છો, તે અતિ ઉત્તમ છે અને આ બાલમુકુંદદાસજીનું પાત્ર પણ એટલું જ શ્રેષ્ઠ છે.’’

સ્વામીએ કહ્યું, "હા, બ્રહ્મચારી મહારાજ ! આ સાધુ બ્રહ્મવિદ્યાને ભણે એવા પણ છે અને હાર્યે પચાવે એવા પણ છે. ઘણા શાસ્ત્ર ભણે છે પણ શાસ્ત્ર પચતા નથી એટલે માની અને અટંટ થઈ જાય છે અને અધૂરામાં પૂરું પુરુષોત્તમ નારાયણ જેવા છે, એવું સમજવામાં એને શાસ્ત્રોના શબ્દો આડા આવે છે."

"એજ રીતે અમારી પાસે ઘણા રહે છે. બ્રહ્મવિદ્યા ભણે છે પણ એને બ્રહ્મવિદ્યા પચતી નથી. અધૂરો ઘડો છલકાય એમ છલકાય જાય છે અને વિવેક બા'રા વરતવા લાગે છે અને ભણનારાને વાંકે ભણાવનારા વગોવાય એમ અમને પણ ધર્મસંકટમાં મૂકે છે. એટલા માટે તો અમે ઘણાને વિમુખ જાણી અમારાથી દૂર કરી દીધા છે."

આટલું કહી વળી સ્વામી બોલ્યા, "બ્રહ્મચારી ! બ્રહ્મવિદ્યા તો સિંહણના દૂધ જેવી છે. સિંહણનું દૂધ શુદ્ધ સોળવલું સોનાનું પાત્ર હોય, એમાં જ ટકી શકે, એમ આ બ્રહ્મવિદ્યા પણ ઉત્તમ પાત્રમાં જ ટકી શકે. બીજા પાત્રને તો તોડીને બા'ર નીકળી જાય."

"આ બ્રહ્મવિદ્યા તો જેવા તેવાને ગાંડા કરી નાખે એવી છે."

સ્વામીની વાતોમાં આડકતરી રીતે સ્વામી બાલમુકુંદદાસજી પ્રત્યે પોતાના અંતરનો રાજીપો વરસી રહ્યો હતો.

સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામીને આજે પોતાના પતરની પ્રસાદી જ નહોતી પીરસી પરંતુ વાટમાં વાતો કરતા કરતા પ્રસાદીની હાર્યે હાર્યે બ્રહ્મરસ પણ પીરસી દીધો હતો.

આમ સંવાદ કરતા કરતા સ્વામી ગણોદ પધાર્યા.

# કાલસારીના કોળીઓમાં સત્સંગ

ગરવા ગીરનારની ગોદમાં સરવા સોરઠ દેશમાં વિસાવદરની બાજુમાં કાલસારી નામનું નાનકડું ગામડું આવેલું છે. ગામના પાદરમાં અલ્લડ પહાડી કન્યા જેવી પોપટડી નદી વહે છે. ગામમાં કોળીઓની ઘણી વસ્તી છે.

કાલસારી ગીરનું નાકું ગણાતું. એટલે ઉના બાજુ જતા આવતા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો અવાર નવાર કાલસારી પધારતા.

સ્વામી જેવા સમર્થ સંતોના જોગથી કાલસારીમાં કોળી જેવી પછાત જ્ઞાતિમાં સારો એવો સત્સંગ થયો હતો.

સામાન્ય રીતે એક સમયે ચોરી-લૂંટફાટ, દારૂમાંસ વગેરેમાં કોળી જેવી પછાત જ્ઞાતિઓ અગ્રેસર હતી પરંતુ ગુણાતીતાનંદ સ્વામી જેવા ભગવાન સ્વામિનારાયણના મહાન સંતોના સમાગમથી આ પછાત જ્ઞાતિઓએ બધા જ દૂષણોનો ત્યાગ કર્યો હતો. તેઓ નિર્વ્યસની અને સદાચારી જીવન જીવતા થયા હતા.

ભગવાન સ્વામિનારાયણે સત્સંગીઓને પાંચ વર્તમાન આપેલા છે. દારુ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને વટાળપ્રવૃત્તિ ન કરવી.

ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાન સંતોને પ્રતાપે પછાત ગણાતી કોમો પણ આ પંચ વર્તમાન પાળતી હતી અને બ્રાહ્મણ જેવા ઉજળા આચાર રાખતી હતી.

એમાંય કાલસારીના કેટલાક કોળી ભક્તો તો, ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતના સમાગમથી ઉત્તમ એકાંતિક ભક્ત થયા હતા.

ગોવિંદ ભગત, પૂંજા ભગત, ડુંગર ભગત અને હીરા ભગત એમાં મુખ્ય હતા.

એક જમાનામાં ક્યાંય ચોરી, લૂંટફાટ થતી તો, રાજ્યના ફોજદાર તપાસ કરવા માટે જે-તે વિસ્તારમાં જતા. ગામને ચોરે નગારું વગાડવામાં આવતું. નિયમ એ હતો કે, નગારું વાગે એટલે ગામના તમામ શકમંદોએ ફોજદાર પાસે ફરજિયાત હાજર થવું પડતું.

એકવાર જૂનાગઢ રાજ્યના ફોજદાર તપાસ માટે કોળીઓના ગઢ ગણાતા કાલસારી આવ્યા હતા. એમણે જોયું તો, શકમંદોની યાદીમાં કોઈ કોળીનું નામ નહોતું. ફોજદારે ગામના પટેલને પૂછ્યું, ‘‘આ તો ભારે નવાઈની વાત છે. આ યાદીમાં શકમંદ તરીકે ક્યાંય કોળી કેમ દેખાતા નથી ?’’

પટેલે કહ્યું, ‘‘સાહેબ ! આ ગામના કોળીઓ ભગવાન સ્વામિનારાયણના સત્સંગી થયા છે અને ભગવાન સ્વામિનારાયણે આપેલા પંચ વર્તમાન પાળે છે માટે એમના જીવન તો ઉજળિયાતને પણ શરમાવે એવા છે.’’

પટેલની વાત સાંભળી ફોજદાર તો આભા બની ગયા.

આમ, સ્વામી જેવા મહાન સંતોના સમાગમથી કોળી જ્ઞાતિની શાખ ભારે ઉજળી થઈ હતી.

ધીરે ધીરે કાલસારીના કણબી પરિવારો પણ સત્સંગના રંગે રંગાયા હતા. પંચાળાથી કેટલાક સત્સંગી લુવાણા પરિવાર પણ અહીં આવીને વસ્યા હતા.

આ રીતે કાલસારીમાં સત્સંગ ખૂબ જ ફૂલ્યો-ફાલ્યો હતો.

કાલસારીમાં ગુણાતીતાનંદ સ્વામીએ સુંદર નાનકડું હનુમાનજીનું મંદિર કરાવેલું અને એમની ગામના રક્ષક દેવ તરીકે સ્થાપના કરી હતી. પછીથી નાનકડું હરિમંદિર કરાવ્યું હતું. કાલસારીના એક હરિભક્તે જૂનાગઢ રાધારમણ દેવને પોતાનું ખેતર અર્પણ કર્યું હતું. આ ખેતરની સાર-સંભાળ રાખવા માટે સ્વામીએ પાર્ષદ જોરા ભગતને કાલસારી મૂક્યા હતા.

જોરા ભગત શ્રીજી મહારાજના કૃપાપાત્ર ભક્ત હતા. જૂનાગઢમાં રહીને એણે સ્વામીનો ખૂબ સમાગમ કર્યો હતો. એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા ભારોભાર ભર્યો હતો. તેઓ મહારાજ અને મોટા સંતોના મહિમાની બળભરી વાતો કરતા, તેથી કાલસારીના હરિભક્તોને ખૂબ સારો સમાસ થતો હતો.

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંત-મંડળ સાથે કાલસારી પધાર્યા હતા. સ્વામીના પધારવાથી કાલસારીના હરિભક્તોને અંતરમાં આનંદ સમાતો નહોતો.

## ટીંબરવાનો જીવ ગોવિંદભાઇનો દીકરો થશે

સ્વામી બપોર પછી ઠાકોરજીના ઉત્થાપન સમયે પોપટડી નદીમાં સ્નાન કરવા પધાર્યા.નદીથી થોડે દૂર મંદિરનું ખેતર હતું. નાહીને સ્વામી ખેતરે પધાર્યા. ખેતરમાં સરસ મજાનો બાજરો ઊભો હતો.

હરિભક્તોએ બાજરાનો પોંક પાડ્યો. સંતોએ ઠાકોરજીને ધરાવ્યો. સ્વામી થોડો પોંક જમ્યા અને પછી બધા સંતો અને સત્સંગીઓને પણ પોંકનો પ્રસાદ આપ્યો.

સ્વામીએ જોરા ભગતને પૂછ્યું, "આપણા આ ખેતરનું ધ્યાન રાખવામાં તમને કોણ મદદ કરે છે ?"

ડુંગર ભગતે બાજુમાં ઊભેલા ગોવિંદભાઈ કોળીના ખંભા ઉપર હાથ મૂકીને કહ્યું, "સ્વામી ! આ ગોવિંદભાઈ કોળી ખૂબ સારા સત્સંગી છે. પોતાના ખેતરનું કામ છોડીને પણ અહીં સેવા કરવા આવે છે અને ખેતરનું ખૂબ જ ધ્યાન રાખે છે."

સ્વામીએ પ્રસન્નતા ભરી નજરે ગોવિંદભાઈની સામે જોયું.

જોરા ભગતે વાત આગળ વધારતા કહ્યું, "સ્વામી ! મારી એક વિનંતી છે."

સ્વામીએ કહ્યું, "બોલો, શું છે ?"

જોરા ભગતે કહ્યું, "સ્વામી ! આ ગોવિંદભાઈની ઉંમર પંચાવન વર્ષની છે પણ એમને દીકરો નથી. આપ મહારાજને પ્રાર્થના કરો તો, મહારાજ દયા કરી એમને દીકરો આપે."

જોરા ભગતની વાત સાંભળીને સ્વામીના હૃદયમાં આ સેવાભાવી કોળી હરિભગતનો મનોરથ પૂર્ણ કરવાની મોજ ચડી.

સ્વામી બોલ્યા, "એમાં શું ? મહારાજ ગોવિંદને દીકરો દેશે."

બાજુમાં એક ટીંબરવાનું મોટું ઝાડ ઊભું હતું. સ્વામીએ કહ્યું, "જોરા ભગત ! પાણી લાવો. આપણે આ ટીંબરવાના ઝાડને વર્તમાન ધરાવીને કાપી નાખીએ. ટીંબરવામાં જે જીવ છે, તે ગોવિંદ ભગતના ઘરે દીકરા તરીકે જન્મ લેશે."

જોરા ભગત પાણી લાવ્યા. સ્વામીએ ઝાડને વર્તમાન ધરાવ્યા. સત્સંગીઓએ એ ઝાડને કાપી નાખ્યું.

ગોવિંદ ભગત એ ઝાડના મોટા જાડા થડને પોતાને ઘરે લાવ્યા અને માલ-ઢોર બાંધવાના ફરજામાં મૂક્યું. સમય જતા સ્વામીએ ત્યાં મંદિર કરાવ્યું ત્યારે તે ટીંબરવાના લાકડાંનો પાટડો બનાવી મંદિરમાં વાપર્યો.

સ્વામી જેવા મહાન સંતના આશીર્વાદ ફળ્યા. ગોવિંદ ભગતને ત્યાં મોટી ઉંમરે દીકરો થયો. એમણે મંદિરમાં ખોબલે-ખોબલે સાકર વહેંચી અને દીકરાનું નામ 'ભીમ' રાખ્યું.

ભીમભાઈ મહાન ભક્તરાજ થયા. તેઓ મંદિરે આવતા અને ખૂબ ભજન કરતા.

કોઈ સાધુ-સંતો આવે ત્યારે ભીમભાઈ પાટડો બતાવીને કહેતા, "સ્વામી !

મારે તો પૂર્વ જનમમાં આ ઝાડવાનો દેહ હતો. આ તો ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતની દયા થઈ એટલે ટીંબરવો મટીને માણસનો દેહ મળ્યો છે અને એ પણ પાછો આવા દિવ્ય સત્સંગમાં.''

ભીમભાઈ પાટડાની સામે એક પગે ઊભા રહી માળા કરતા અને પોતાના મનને સમજાવતા, ''હે મનવા ! આ તારા પૂર્વ જનમના દેહને જોઈ લે અને હવે, ફરીથી લખ-ચોરાસીમાં દેહ ધરવા ન પડે, માટે ભજન કરી લે.''

ચોરાસીલાખ જાતની યોનિમાં જીવ ભટકે છે અને જાત-જાતના દુઃખ ભોગવે છે. આ લખ-ચોરાસી પૂરી થવી કઠણ છે પણ ભગવાન સ્વામિનારાયણ અને સ્વામી જેવા સંતોનો પ્રતાપ અનોખો છે. જો એમનો જોગ થાય, તો આ લાંબી જાત્રા પળવારમાં પૂરી થઈ જાય છે.

ઝાડવાના જીવને માનવના દેહમાં મૂકી દેવો એ વિજ્ઞાન પારના વિજ્ઞાનની વાત છે. એમાં ભલભલા બુદ્ધિશાળીઓની પણ ચાંચ ખૂંતે એમ નથી.

ગુણાતીતાનંદ સ્વામીના પ્રબળ પ્રતાપની ગાથા ગાતો એ પાટડો આજે પણ કાલસારીના મંદિરમાં વિદ્યમાન છે.

## ચીભડાંની ચીરે સમાધિ

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કાલસારી પધાર્યા હતા. કાલસારીના ભીમા ભગતે અને પૂંજા ભગતે સ્વામીને વિનંતી કરી કે, ''સ્વામી ! અમે મૈયારી પાસે નવી વાડી કરી છે. આપ કૃપા કરી ત્યાં ના'વા પધારો.''

ભક્તોની વિનંતી સાંભળી સ્વામી એમની નવી વાડીએ નાવા પધાર્યા. વાડીએ એક ઘેઘૂર વડલો હતો. સ્નાનાદિથી પરવારી સ્વામી વડલાના ઝાડ નીચે બેઠા અને મહારાજનું ધ્યાન કરવા લાગ્યા.

બાજુમાં ડુંગર ભગત કોળીની વાડી હતી. ભગત કોસ હાંકતા હતા. એમની વાડીમાં ચીભડાં ખૂબ સારા હતા. પૂંજો ભગત ડુંગર ભગતની વાડીએ ગયા અને બોલ્યા, ''અમારી નવી વાડીએ મહાન સંત પધાર્યા છે. એને જમવા માટે ચીભડાં આપશો ?''

ડુંગર ભગતે કહ્યું, ''ભગવાનની દયાથી ચીભડાંનો પાર નથી, જોઈએ એટલા લઈ જાવ.''

પૂંજા ભગતને માત્ર ચીભડાં નો'તા જોતા, એમના મનમાં તો આ મુમુક્ષુ જીવ સ્વામી જેવા સંતના જોગમાં આવે અને એનું કલ્યાણ થાય એવો ભાવ હતો. એથી

એમણે ડુંગર ભગતને કહ્યું, “એમ નહિ, તમે ચીભડાં લઈને સાથે ચાલો અને તમારે હાથે સ્વામીને ચીભડાં અર્પણ કરો. સ્વામી જેવા સત્પુરુષની કૃપાદૃષ્ટિ પડે તો તમારું કામ થઈ જાય.”

ડુંગર ભગત પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. એમના ભાગ્યનો આજે ઉદય થવાનો હતો.

એમણે પૂંજા ભગતની વાત સ્વીકારી લીધી, કોસ ઊભો રાખ્યો, ખેતરમાં ગયા, પોતાને હાથે સારામાં સારા ચીભડાં વીણ્યા અને સ્વામી પાસે આવી, સ્વામીના ચરણમાં ચીભડાં મૂકી, પગે લાગ્યા.

સ્વામી ધ્યાનમાંથી જાગ્યા. એમની દૃષ્ટિ ડુંગર ભગત ઉપર પડી અને એ પ્રતાપી દૃષ્ટિએ ડુંગર ભગતના ભાગ્ય જગાડી દીધા.

સંતોએ ઠાકોરજીને ચીભડાં ધર્યા. સ્વામીએ પ્રસાદી લીધી પોતાને હાથે સંતો-હરિભક્તોને પ્રસાદી આપવા લાગ્યા.

સ્વામીએ ડુંગર ભગતને કીધું, “ભગત ! લ્યો પ્રસાદી.”

ડુંગર ભગત બોલ્યા, “સ્વામી ! આપ લ્યો, અમે તો ચીભડાં દરરોજ જમીએ છીએ.”

સ્વામીએ આગ્રહ કરીને પ્રસાદી આપી.

ડુંગર ભગતે જેવી ચીભડાંની પ્રસાદી ખાધી, એજ વખતે એમને શીતળ શાંત તેજ દેખાવા લાગ્યું.

ભાગવતજીમાં કથા છે, પાંચ વર્ષના નારદજી પવિત્ર સંતોના હાથનો પ્રસાદ જમવાથી ધન્ય બન્યા હતા. એમને જગત નાશવંત દેખાવા લાગ્યું હતું અને વૈરાગ્યનો ઉદય થયો હતો.

અહીં ડુંગર ભગતને એવો જ કંઈક અલૌકિક અનુભવ થઈ રહ્યો હતો. સ્વામીના હાથની પ્રસાદી જમવાથી ડુંગર ભગતને તેજ દેખાવા લાગ્યું અને એ તેજમાં ભગવાન શ્રીહરિની દિવ્ય અને રમણીય મૂર્તિના દર્શન થયા.

જોગી-જતીઓ યોગ-સાધના કરી કરીને મરી જાય, છતાં ભગવદ્ સાક્ષાત્કાર થતો નથી,જ્યારે ડુંગર ભગતને માત્ર સ્વામી જેવા મહાન સંતના હાથની ચીર જમવાથી સાક્ષાત્કાર થયો હતો પરંતુ ડુંગર ભગતનું પાત્ર હજુ આ કૃપાના વરસાદને ઝીલી શકે તેવું થયું નહોતું. આ અણધારી દિવ્ય અનુભૂતિથી ડુંગર ભગત ભયભીત થઈ ગયા.

આ બાજુ શીતળ-શાંત તેજના મધ્યમાં બિરાજમાન શ્રીહરિ મંદ મંદ હસતાં હસતાં પોતાના કંઠમાંથી હાર કાઢી બોલ્યા, “ભગત ! લ્યો, આ હારની પ્રસાદી.”

ડુંગર ભગતે કહ્યું, "મારે હાર નથી જોઈતો !"

મહારાજે ખૂબ આગ્રહ કર્યો પણ ડુંગર ભગતે હાર ન લીધો, એટલે ન જ લીધો.

ડુંગર ભગતની ભાવ-સમાધિ ચાલી રહી હતી. સ્વામી ડુંગર ભગતની સામે જોઈને મંદ મંદ હસતા હતા. પડખે બેઠેલાઓને ડુંગર ભગતની ચેષ્ટાઓ સમજાતી નહોતી. આ બાજુ મહારાજ અદૃશ્ય થઈ ગયા. ડુંગર ભગત ભાવ-સમાધિમાંથી જાગ્યા. સ્વામીએ પૂછ્યું, "કેમ, ડુંગર ભગત ! કેમ છે ?"

ડુંગર ભગત બોલ્યા, "સ્વામી ! તમારી પ્રસાદી ખાધાં પછી તો મને શું થયું ? એ જ સમજાતું નથી !"

સ્વામીએ અજાણ્યાની જેમ પૂછ્યું, "શું થયું ?"

ડુંગર ભગતે કહ્યું, "મને તો તેજ તેજ દેખાયું અને તેજમાં રૂપાળી મૂર્તિ દેખાણી."

સ્વામીએ કહ્યું, "પછી શું થયું ?"

ડુંગર ભગતે કહ્યું, "એણે મને હાર પહેરાવવા બહુ આગ્રહ કર્યો પણ મેં હાર ન લીધો."

સ્વામીએ કહ્યું, "કેમ હાર ન લીધો ?"

ડુંગર ભગત કહે, "સ્વામી ! તમારી પ્રસાદી ખાધી ત્યાં મને ધાર્યું નહોતું તેવું થયું. હવે, જો હારની પ્રસાદી લઉં તો હું તો ગાંડો થઈ જાઉં."

સ્વામી ! મેં સાંભળ્યું છે કે, સ્વામિનારાયણની પ્રસાદી ખાઈને માણસો ગાંડા થઈ જાય છે. સ્વામિનારાયણનું પાણી પીવાથી ભેંસો ગઢડે જતી રહે છે."

ડુંગર ભગતની ભોળી વાણી સાંભળીને બધા હસવા માંડ્યા.

સ્વામીએ કહ્યું, "ડુંગર ભગતનો જીવ મુમુક્ષુ છે. આજે આપણે બી વાવ્યું છે, તે ભવિષ્યમાં જરૂર ઊગશે." આટલું કહી સ્વામી વાડીએથી મંદિરે પધાર્યા.

ત્યાર પછી સ્વામી સત્સંગમાં વિચરણ કરી જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢમાં સ્વામીએ પોતાના કૃપાપાત્ર શિષ્ય બાલમુકુંદદાસજી સ્વામીને કહ્યું, "સાધુરામ ! કાલસારીમાં અમે એક આંબાનું ઝાડ રોપ્યું છે, હવે તમે એનું જતન કરજો."

આમ કહી સ્વામીએ ડુંગર ભગતની બધી વાત કરી.

બાલમુકુંદદાસ સ્વામીએ કહ્યું, "ભલે, સ્વામી ! એ આંબાના ઝાડને અમે સાચવી લઈશું."

આ બાજુ ડુંગર ભગત પણ મંદિરે આવતા થયા. ધીરે ધીરે એને મહારાજનો મહિમા સમજાવા લાગ્યો તેઓ સારા સત્સંગી થયા..

મહારાજે કૃપા કરીને એમને દર્શન દીધાં ત્યારે પોતે બાળકપણું દાખવી મહારાજના હારનો જે અનાદર કર્યો હતો, તે સંભારીને એને પસ્તાવો થવા લાગ્યો.

સમય જતાં બાલમુકુંદદાસ સ્વામી કાલસારી પધાર્યા હતા.

સ્વામી ડુંગર ભગતને મળ્યા અને કહ્યું, "ડુંગર ભગત ! ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતે અમને તમારી ભલામણ કરી છે. સ્વામીએ તમને દિવ્ય અનુભૂતિ કરાવી હતી, તે યાદ છે ને !"

ડુંગર ભગત બોલ્યા, "સ્વામી ! એ દિવ્ય પળોને હું ક્યારેય ભૂલી શકું તેમ નથી પરંતુ અજ્ઞાનને લીધે મારી સાવ બાળ-બુદ્ધિ હતી, એટલે ત્યારે હું કાંઈ સમજી શક્યો નહોતો."

સ્વામીએ કહ્યું, "ડુંગર ભગત ! તમે ભાગ્યશાળી છો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાપુરુષનો તમને જોગ થયો. સાક્ષાત્ શ્રીજી મહારાજે તમને દિવ્યરૂપે દર્શન દીધા, આ કાંઈ નાની વાત છે !"

ડુંગર ભગત બોલ્યા, "સ્વામી ! તમારી વાત સાવ સાચી છે."

સ્વામીએ કહ્યું, " તો હવે, તમારે ક્યાં સુધી સંસારના માંદણામાં ખૂંતી રહેવું છે?છોડો બધું ને હાલો અમારી હારે જૂનાગઢ. મહારાજનું ભજન કરી મનુષ્યનો દેહ સુધારી લ્યો."

આ રીતે સ્વામીએ ડુંગર ભગતને વૈરાગ્યની વાતો કરી સંસાર હરામ કરાવી દીધો.

ડુંગર ભગત ઘરબાર-ખેતીવાડી બધું છોડીને સ્વામીની સાથે જૂનાગઢ આવ્યા.

એમની પાસે થોડી ઘણી રોકડ મૂડી હતી, તે એમણે રાધારમણદેવને અર્પણ કરી દીધી અને પોતે આજીવન પાર્ષદ તરીકે રહીને મંદિરની ખૂબ સેવા કરી.

## કાલસારીના હીરા ભગત

ગુણાતીતાનંદ સ્વામી જ્યારે જ્યારે ઊના બાજુ પધારતા, ત્યારે કાલસારી અચૂક રોકાતા અને હરિભક્તોને કથા-વાર્તાનું સુખ દેતા.

કાલસારીથી ઊના જવાનો રસ્તો વિકટ હતો અને ગીરના જંગલોમાં થઈને જવું પડતું. રસ્તામાં જંગલી જાનવરો અને ચોર લૂંટારાઓનો ડર રહેતો.

કાલસારીના શૂરવીર કોળી હરિભક્તો છેક ઊના સુધી સ્વામીની સાથે જતા.

ભગવાન રામે વનવાસ સમયે જ્યારે ચિત્રકૂટમાં નિવાસ કર્યો ત્યારે ત્યાંના વનવાસીઓએ ભગવાનની ખૂબ સેવા કરી હતી અને રાજીપો મેળવ્યો હતો. એજ રીતે આ કાલસારીના કોળી હરિભક્તોએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી જેવા મહાન સંતોનો રાજીપો મેળવ્યો હતો.

કાલસારીમાં કોળી જ્ઞાતિના હીરા ભગત ખૂબ સારા ભક્તરાજ હતા. તેઓ એકવાર સ્વામીની સાથે છેક ઊના સુધી ગયા હતા અને ત્યાં સેવામાં રોકાયા હતા.

હીરા ભગત અવાર-નવાર જૂનાગઢ આવતા અને ખૂબ સેવા કરતા. એમની સેવાથી રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામીએ એમના માથે હાથ મેલી આશીર્વાદ આપ્યા હતા, રાજીપાના હાર પહેરાવ્યા હતા અને પોતાને હાથે પ્રસાદી આપી જમાડ્યા હતા.

હીરા ભગત ખૂબ જ બળિયા હરિભગત હતા.

એકવાર કોઈ વાણિયાએ હીરા ભગતને મેણું માર્યું, “ભગત ! તમે ભગત કહેવાવ છો, પરંતુ સાચા ભગત તો નરસિંહ મહેતા ગણાય, કે જેને ભગવાને હાથોહાથ હાર આપ્યા હતા.”

હીરા ભગતે કહ્યું, “શેઠ ! નરસિંહ મહેતાએ તો આખી રાત કાલાવાલા કર્યા ત્યારે માંડ એક હાર આપ્યો હતો જ્યારે મને તો ભગવાને કેટલીય વાર હાથોહાથ હાર આપ્યા છે, માથે હાથ મેલ્યા છે અને મોઢામાં કોળિયા દઈને જમાડ્યો છે. લે બોલ, હવે તારે શું કહેવું છે ?”

હીરા ભગતનો આકરો-બાણ જવાબ સાંભળી વાણિયો બોલતો બંધ થઈ ગયો.

# આખાના લાડકીબાઈ

## લાડકીબાઇએ સ્વામીને ધામમાં જતા રોક્યા

આશરે વિ. સં. ૧૯૧૩ ની સાલ હતી. ચોમાસાનો સમય હતો. શ્રીહરિની કોઈ અકળ ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામીએ અચાનક ઉપશમ દશા ધારણ કરી હતી.

સ્વામી ચોવીસેય કલાક ઉપશમ અવસ્થામાં રહેતા અને ક્યારેક ક્યારેક ન સમજાય તેવું બોલતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી બીમાર છે, એ સમાચાર જોત-જોતામાં ચારે બાજુ પ્રસર્યા, એટલે ગામડાંઓમાં ફરતાં સંતોના મંડળો જૂનાગઢ આવવા લાગ્યા અને હરિભક્તો પણ સ્વામીના દર્શને આવવા લાગ્યા.

મહારાજ સ્વામીને સારુ કરે એટલા માટે ઠેર ઠેર ધૂન, ભજન અને પ્રાર્થના થઈ રહ્યા હતા.

આજ અરસામાં આખામાં લાડકીબાઈ નામના મહામુક્ત રહેતા હતા. તેઓ પીપલાણાના નરસિંહ મહેતાના દીકરી હતા.

લાડકીબાઈ ઉપર ભગવાન સ્વામિનારાયણની ખૂબ જ કૃપા હતી. મહારાજની કૃપાને લીધે લાડકીબાઈ સમાધિનિષ્ઠ બન્યા હતા અને એમને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

ભગવાન સ્વામિનારાયણ અનેક વખત આખા પધારતા અને લાડકીબાઈને ઘરે ઉતરતા હતા. જ્યારે જ્યારે મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી કે સંતો આખા-પીપલાણા બાજુ પધારવાના હોય, ત્યારે લાડકીબાઈને એની ખબર પડી જતી હતી અને સંઘ આખા પહોંચે એ પહેલા લાડકીબાઈ સીધું-પાણી રસોઈ વગેરે તૈયાર કરી રાખતા હતા.

સમસ્ત સોરઠના સત્સંગમાં લાડકીબાઈ પૂજ્ય અને આદરણીય ગણાતા હતા.

સ્વામીની માંદગીના સમાચાર સ્વામી યોગેશ્વરદાસજીને માંગરોળમાં મળ્યા, એટલે સ્વામી યોગેશ્વરદાસજી જૂનાગઢ જવા નીકળ્યા અને રસ્તામાં આખા ગામે આવ્યા.

લાડકીબાઈને નિરાવરણ દૃષ્ટિથી ખબર પડી ગઈ હતી કે, 'સ્વામી યોગેશ્વરદાસજી સંત-મંડળ સાથે આખા આવી રહ્યા છે.' એટલે સ્વામી આખા પધાર્યા એ પહેલા જ લાડકીબાઈએ રસોઈ તૈયાર રાખી હતી.

લાડકીબાઈએ કહેવડાવ્યું કે, "રસોઈ તૈયાર છે, માટે ઠાકોરજીને થાળ ધરી બધા સંતો જમો."

યોગેશ્વરદાસ સ્વામીએ પ્રત્યુત્તરમાં કહેવડાવ્યું કે, "લાડકીબાઈને કહેજો કે, સ્વામીના દર્શન કર્યા સિવાય અમારે અન્ન-જળ લેવા નથી."

લાડકીબાઈએ કહેવડાવ્યું કે, "સ્વામી યોગેશ્વરદાસજીને કહો કે, મેં સમાધિમાં જઈને મહારાજને પ્રાર્થના કરી છે કે, હે મહારાજ ! સ્વામીને હમણાં આ લોકમાં રહેવા દેજો. કારણ કે સ્વામીને લીધે તો સોરઠનો સત્સંગ લીલો છે."

"વિ. સં. ૧૮૯૬ માં સ્વામી માંદા થયા ત્યારે પણ અમે મહારાજને પ્રાર્થના કરી હતી અને મહારાજે અમારી પ્રાર્થના સાંભળીને સ્વામીને દેહમાં રાખ્યા હતા."

'અમને ભરોસો છે કે, આ વખતે પણ મહારાજ અમારી વાત અવશ્ય રાખશે. માટે તમે બધા સંતો પ્રેમથી ઠાકોર જમાડો.'

યોગેશ્વરદાસ સ્વામી લાડકીબાઈનો પ્રભાવ જાણતા હતા, એટલે એમણે લાડકીબાઈના કહેવાથી ભોજન લીધું.

## સ્વામી ધામમાંથી પાછા આવ્યા

સ્વામીએ જ્યારે ઉપશમ અવસ્થા ધારણ કરી ત્યારે પાર્ષદ જોરા ભગત હાટીના માળીયે હતા.

જોરા ભગત સ્વામીના દર્શન માટે માળીયાથી નીકળ્યા અને રસ્તામાં અજાબ ગામે રાત રહ્યા. યોગાનુયોગ લાડકીબાઈ પણ આખાથી અજાબ પધાર્યા હતા.

લાડકીબાઈને નિરાવરણ દૃષ્ટિથી ખબર પડી ગઈ હતી કે, જોરા ભગત આવી રહ્યા છે, એટલે એમણે જોરા ભગત માટે સાંજનું વાળું તૈયાર કરી રાખ્યું હતું.

જોરા ભગત આવ્યા એટલે લાડકીબાઈએ કહ્યું, "ભગત ! સાંજ પડી ગઈ છે, એટલે વાળું કરી લ્યો."

જોરા ભગતે કહ્યું, "બા ! સ્વામી માંદા છે, એમના દર્શન કર્યા વગર મારે કાંઈ લેવું નથી."

લાડકીબાઈએ કહ્યું, "જોરા ભગત ! જો મારી વાતમાં વિશ્વાસ બેસે તો સાંભળો. સ્વામીને આજે સારુ છે, સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામી પાસે રાબ કરાવી વાટકો ભરીને રાબ પીધી છે, માટે તમે વાળું કરી લ્યો."

લાડકીબાઈની નિરાવરણ દષ્ટિને જોરા ભગત જાણતા હતા એટલે એમણે લાડકીબાઈના વચનમાં વિશ્વાસ રાખી વાળું કર્યું.

સવારમાં જોરા ભગત જૂનાગઢ જવા નીકળ્યા ત્યારે લાડકીબાઈએ કહ્યું, "ભગત ! મારી વાતની ખાતરી કરવા માટે તમે સ્વામી બાલમુકુંદદાસજીને પૂછી લેજો કે, સ્વામીએ ગઈ કાલે સાંજે રાબ પીધી હતી કે નહિ ?"

આ બાજુ લાડકીબાઈએ કહ્યું હતું, એમ જ થયું હતું. સ્વામી કરુણા કરી ઉપશમ અવસ્થામાંથી બહાર આવ્યા અને બધાની સાથે પ્રેમથી વાતો કરવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, "આ તમે બધા શું ભેગા થયા છો ? હવે અમે સાજા થઈ ગયા છીએ. માટે ચિંતા કરશો નહિ."

આટલું કહી સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીની સામે જોઈને બોલ્યા, "સાધુરામ ! અમને ભૂખ લાગી છે. થોડી રાબ બનાવી લાવો, તો અમે પીએ."

સ્વામી બાલમુકુંદદાસજી રાબ બનાવી લાવ્યા અને સ્વામીએ વાટકો ભરીને રાબ પીધી.

બીજે દિવસે જોરા ભગત સ્વામી પાસે પહોંચ્યા. સ્વામી બાલમુકુંદદાસજી સ્વામી પાસે બેસીને કથા વાંચી રહ્યા હતા.

જોરા ભગતે પૂછ્યું, "સ્વામીને કેમ છે ?"

સ્વામી બાલમુકુંદદાસજીએ કહ્યું, "ભગત ! સ્વામીને સારુ છે. ગઈ કાલે તો સ્વામીએ વાટકો ભરીને રાબ પણ પીધી હતી."

સ્વામી બાલમુકુંદદાસજી પાસેથી સ્વામીની વાત સાંભળતા જોરાભગતને લાડકીબાઈની વાતની ખાતરી થઈ ગઈ.

સાંજના સમયે સ્વામી બાજરાનો રોટલો અને તાંદળજાની ભાજી જમ્યા. પછી સ્વામી પોતાના આસને બિરાજમાન થયા. સંતો, પાર્ષદો, હરિભક્તો સ્વામીની આસપાસ ગોઠવાઈ ગયા. સ્વામી બોલ્યા, "અમે તો મહારાજ પાસે અક્ષરધામમાં પહોંચી ગયા હતા. "

"મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી સર્વનો આગ્રહ

હતો કે, અમે ત્યાં જ રોકાઈ જઈએ. ''

''પરંતુ અમે તો રોકાવું કે ન રોકાવું, એ બાબત મહારાજની મરજી ઉપર છોડી દીધી હતી.''

''એટલામાં આખાની લાડુડોશીએ સમાધિમાં મહારાજને પ્રાર્થના કરી કે, ''હે મહારાજ ! તમે હમણાં સ્વામીને ધામમાં તેડી ન જશો, અમારે એમની ખૂબ જરૂર છે.''

''લાડુડોશીની પ્રાર્થના સાંભળી મહારાજે અમને પાછા દેહમાં જવાનું કહ્યું, એટલે અમે પાછા આવ્યા છીએ.''

સંતો બોલ્યા, ''સ્વામી ! અમે તો લાડકીબાઈનો જેટલો આભાર માનીએ એટલો ઓછો. જો એણે પ્રાર્થના ન કરી હોત, તો અમે નિરાધાર થઈ ગયા હોત''

## સ્વામીએ લાડકીબાઇની સમાધિ બંધ કરાવી

આમ સંવાદ ચાલતો હતો ત્યાં લાડકીબાઈના દીકરા કાનજી અને મકનજી સ્વામીના દર્શને જૂનાગઢ આવ્યા.

સ્વામી એમની સામે જોઈને હસ્યા અને કહ્યું, ''એલા કાનજી ! તારી માને કહેજે કે, હવે ધામમાં જવામાં અમને આડા ન ફરે, નહિતર હું એની સમાધિ બંધ કરાવી દઈશ.''

કાનજીભાઈ કહે, ''ભલે સ્વામી ! હું તમારો સંદેશો મારી માને પહોંચાડી દઈશ.''

લાડકીબાઈના બેય દીકરા સ્વામીના દર્શન કરી પાછા આખા ગયા અને એમણે મા લાડકીબાઈને સ્વામીનો સંદેશો સંભળાવ્યો.

લાડકીબાઈ હસવા લાગ્યા અને બોલ્યા, ''સ્વામી તો મોટા પુરુષ છે. એટલે ના પાડે, પણ મારે હમણા સ્વામીને ધામમાં જવા દેવા નથી.''

આ વાતને થોડા દિવસ વીત્યા. સ્વામીએ ફરીથી મંદવાડ ગ્રહણ કર્યો. આ વખતે તો બધાને ખરેખર એવું લાગતું હતું કે, ''સ્વામી હવે દેહ નહિ રાખે.''

સ્વામીની માંદગીના સમાચાર સાંભળીને ફરીથી ગામે ગામથી હરિભક્તો સ્વામીના દર્શને આવવા લાગ્યા.

આખામાં લાડકીબાઈએ પણ આ વાત નિરાવરણ દૃષ્ટિથી જાણી લીધી. એમણે સમાધિમાં જઈને મહારાજને પ્રાર્થના કરી, ''મહારાજ ! કૃપા કરીને હમણાં

સ્વામીને તેડી ન જશો. સ્વામીને ધામમાં લઈ જશો, તો હજારો હરિભક્તો દુઃખી થશે અને મંદિરનું પડી ભાંગશે.''

લાડકીબાઈની પ્રાર્થના સાંભળી મહારાજે કહ્યું, ''ભલે, લાડકીબાઈ ! અમે આ વખતે પણ તમારી પ્રાર્થના માન્ય રાખીએ છીએ.''

જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીને અંતર્યામીપણે આ વાતની ખબર પડી કે, ''આ વખતે પણ લાડુડોશીએ કારસ્તાન કર્યું છે !''

લાડુડોશીની સાન ઠેકાણે લાવવા સ્વામીએ સંકલ્પ કર્યો કે, ''હવે એ ડોશીને સમાધિ ન થાય.''

સ્વામીના સંકલ્પથી લાડકીબાઈનો સમાધિનો માર્ગ રુંધાઈ ગયો.

મહારાજ પાસે જવા-આવવાનો માર્ગ બંધ થઈ ગયો, એટલે લાડકીબાઈ ખૂબ જ અકળાયા.

એણે પોતાના દીકરા કાનજીને બોલાવીને કહ્યું, ''તું હમણાને હમણા જૂનાગઢ સ્વામી પાસે જા અને 'હવેથી મારી મા તમને ધામમાં જવામાં આડા નહિ આવે, માટે તમે કૃપા કરીને એમનો મહારાજને મળવાનો માર્ગ બંધ ન કરો' આટલી મારા વતી સ્વામીને વિનંતી કરી આવ.''

માની આજ્ઞાથી કાનજી જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીને પગે લાગી અને લાડકીબાઈએ કહેલો સંદેશ સંભળાવ્યો.

સ્વામી હસીને બોલ્યા, ''હવે એ ડોશીની સાન ઠેકાણે આવી ! ઠીક છે, હવે અમે પણ એને સમાધિમાં આડા નહિ આવીયે.''

આમ આ બંને અલૌકિક મહાપુરુષો એક-બીજાને આડા આવતા બંધ થયા !

સ્વામીના સંકલ્પથી લાડકીબાઈને ફરીથી સમાધિ થવા લાગી અને મહારાજે પણ સ્વામીને બીજા દસ વર્ષ સુધી આ લોકમાં રાખ્યા !

# આનંદસ્વામીની સાક્ષીએ

વિ. સં. ૧૯૧૪ ની સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલનો સમૈયો કરવા માટે સંતો-હરિભક્તોનો વિશાળ સંઘ લઈને વડતાલ પધાર્યા હતા.

અમદાવાદ અયોધ્યાપ્રસાદજી મહારાજની ઈચ્છા હતી કે, 'જૂનાગઢના જોગી મોટા મોટા સંતો અને હરિભક્તોને લઈને અમદાવાદ પધારે અને અમને કથા-વાર્તાનું સુખ આપે.'

અયોધ્યાપ્રસાદજી મહારાજના આગ્રહને માન આપીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા. એમની સાથે શુકાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે અનેક નંદ સંતો તેમજ બોટાદના શિવલાલ શેઠ જેવા મોટા મોટા હરિભક્તો સંઘમાં જોડાયા હતા.

મહારાજશ્રીએ ખૂબ ભાવથી સંઘનું સ્વાગત કર્યું. રોજ મંગળા અને શણગાર આરતીની વચ્ચે સભા થતી હતી.

પ્રાંતિજના ભૂધરભાઈનો આગ્રહ હતો કે, "ગુણાતીતાનંદ સ્વામી કથા-વાર્તા કરે" એટલે એમણે કથા બંધ રખાવી અને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરે એવો પ્રબંધ કર્યો.

ગુણાતીતાનંદ સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામી પાસે મધ્યનું નવમું વચનામૃત વંચાવી, એ વચનામૃતના અનુસંધાને શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરવા માંડી.

સ્વામીના મુખેથી વાતો સાંભળતા આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, વૃંદાવનદાસ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ એ સર્વને ભારે આનંદ આવતો હતો.

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિના સર્વોપરીપણાની ખૂબ વાતો કરી, એટલે અયોધ્યાપ્રસાદજી મહારાજને મનમાં થયું કે, "શું ખરેખર મહારાજ આવા સર્વોપરી છે ?" એમણે પોતાના મનની જિજ્ઞાસા સભામાં જ રજૂ કરી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘મહારાજ ! મારી વાત કદાચ ન મનાય, પણ આ આનંદ સ્વામી તો રામાનંદ સ્વામી વખતના સંત છે. એણે મહારાજનો પ્રબળ પ્રતાપ નજરે અનુભવ્યો છે, માટે મારી વાતમાં એ સાક્ષી પૂરે, તો જ મારી વાત સાચી માનવી.’’

આનંદ સ્વામી હિંદુસ્તાની સંત હતા. એમણે નિખાલસપણે કહ્યું, ‘‘અવધપ્રસાદ ! તુમ તો અભી છોટે લડકે જેસૈ હો, એ ગુણાતીત ઠીક કહ રહા હૈ.’’ સ્વામી આમ બોલ્યા ત્યાં આરતીનો ડંકો પડ્યો એટલે સભા સમાપ્ત થઈ.

બીજે દિવસે પાછી સભા શરૂ થઈ. સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામી પાસે ગઈકાલનું જ વચનામૃત વંચાવ્યું.

મહારાજના સર્વોપરીપણાની બળભરી વાતો કરવા લાગ્યા. પણ આજે સ્વામી એક એક વાતે આનંદ સ્વામીની સાક્ષી લેતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ આનંદ સ્વામીને ઉદ્દેશીને કહ્યું, ‘‘સ્વામી ! તમે દ્વારિકાની યાત્રાએ જતા હતા. તમે મોટા મહંત હતા. ત્રણસો સાધુ તમારી જમાતમાં હતા. હાથીની અંબાડીએ બેસતાં, સોનાના કડાં, સોનાના કુંડળ અને માણેક-મોતીની માળાઓ ધારણ કરતાં હતા. તમને રામાનંદ સ્વામીના દર્શન થયા, સ્વામીનો અલૌકિક પ્રતાપ તમે નજરે અનુભવ્યો. એટલે તમે બધો ઠઠારો છોડીને સાધુ થયા. એ વાત સાચી ?’’

આનંદ સ્વામી બોલ્યા, ‘‘હા, ગુણાતીત ! યે બાત સહી હૈ. સદ્‌ગુરુ રામાનંદ કા ઈતના પ્રતાપ થા. ઉસને મુજે ખીંચ લીયા. મૈંને તો રામાનંદજી જૈસે સદ્‌ગુરુ કે ચરનમેં હી દ્વારિકા માન લી.’’

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘સ્વામી ! ત્યાર પછી નીલકંઠ વર્ણીના તમને દર્શન થયા ત્યારે તમને શું અનુભવ થયો હતો ?’’

આનંદ સ્વામીએ કહ્યું, ‘‘ગુણાતીત ! નીલકંઠ તો નીલકંઠ થા. ઉસકી આંખોમેં તો જાદુ થા જાદુ! ઉસને તો રામાનંદ સ્વામી કો ભી વશ કર લીયા થા. આનંદ સ્વામી કી ક્યા બાત ?’’

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આનંદ સ્વામી ! તમને જમાતના બાવાઓને સાચવવાનો ભારે મહાવરો હતો. એટલે મહારાજે તમને બધા સાધુઓના ઉપરી બનાવ્યા. પરંતુ કેટલાય સાધુ તમારું માનતા નહોતા. એટલે તમે કંટાળી ગયા.’’

તમે મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! આ કામ મારાથી નહિ થાય. તમે કહો તે બીજું બધું જ કરું, કહો તો ભાઈરામદાસજીની આજ્ઞામાં રહું પણ આ સાધુઓને

સાચવવાની જવાબદારીમાંથી મને મુક્ત કરો. આમાં કેટલાંય મારું માનતા નથી અને મનફાવે એમ વર્તે છે. બોલો સ્વામી! આ વાત સાચી ?''

આનંદ સ્વામીએ કહ્યું, ''હા, ગુણાતીત ! યે બાત સહી હૈ.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! પછી મહારાજે તમને એ સાધુઓના પૂર્વ જન્મના અસલ રૂપ દેખાડ્યા તો એમાં કોઈ કોઈ તો બ્રહ્માંડના અધિપતિ ઈશ્વરો હતા, કોઈ કોઈ અનેક જુદાં જુદાં ધામોમાંથી આવેલા મુક્ત હતા, કોઈ મહાજ્ઞાનીઓ હતા, કોઈ મહાન તપસ્વીઓ હતા, કોઈ મહાન યોગીઓ હતા એ બધા જ પૂર્વના ઋષિમુનિઓ મહારાજ પાસે સાધુ થઈને રહેતા હતા અને મહારાજનું સર્વોપરીભાવે ભજન કરતા હતા.''

આ જોઈને તમને ભારે આશ્ચર્ય થયું અને તમે બોલ્યા, ''અરે ! મહારાજ ! યે તો બડે બડે સિદ્ધ લોગ હૈ, યે મેરા કૈસે માને ?''

મહારાજે કહ્યું, ''સ્વામી ! આ તો આ બધાના ઐશ્વર્ય અમે ઢાંકી રાખ્યા છે, એટલે સીધાં-સાદાં લાગે છે. આ લોકો તમારું ન માને, એમાં તમારે દુઃખી ન થાવું.''

આટલું કહી સ્વામી બોલ્યા, ''બોલો, આનંદ સ્વામી ! આ વાત સાચી ?''

આનંદ સ્વામી બોલ્યા, ''અરે ! ગુણાતીત ! વો બાત ભી સહી હૈ.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! પર્વતભાઈને મહારાજે ચોવીસેય અવતારોને પોતામાંથી પ્રગટ થતાં અને પોતામાં લીન થતાં દેખાડ્યા, એ વાત સાચી ?''

આનંદ સ્વામીએ કહ્યું, ''હા, ગુણાતીત ! વો બાત ભી સહી હૈ.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! સ્વરુપાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ મહામંત્ર'થી જમપુરી ખાલી કરી અને અનેક નારકી જીવોનો ઉધ્ધાર કર્યો, એ વાત સાચી ?''

આનંદ સ્વામી બોલ્યા, ''અરે ! ગુણાતીત ! વો બાત ભી સહી હૈ.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! મહારાજે સમાધિ પ્રકરણ દ્વારા જે જેના ઈષ્ટદેવ હતા, એના સાક્ષાત્ દર્શન કરાવ્યા અને એ બધા જ ઈષ્ટદેવોએ પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કરવાની વાત કરી હતી, એ વાત સાચી ?''

આનંદ સ્વામી બોલ્યા, ''ગુણાતીત ! વો બાત ભી સહી હૈ, અરે ! હિંદુઓ તો ઠીક, મુસલમાન લોગ ભી સમાધિમેં એક લાખ એંસી હજાર પૈગંબર સ્વામિનારાયણ કી બંદગી કરતે હૈ એસા દેખકરકે ભગવાન સ્વામિનારાયણ કે આશ્રિત હો ગયે થે.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "સ્વામી ! હૃદયના કામાદિક દોષ ટળવા મુશ્કેલ છે પરંતુ ભગવાન સ્વામિનારાયણે દૃષ્ટિમાત્રથી એ દોષોને હરી લીધા અને સાધુઓના અંતર વાદળા વિનાના આકાશ જેવા નિર્મળ કરી દીધાં. આ વાત સાચી ?"

આનંદ સ્વામી બોલ્યા, "અરે ! ગુણાતીત ! વો બાત ભી સહી હૈ. જબસે હમ ઉનકી મૂર્તિકા ધ્યાન કરતે હૈ, તબસે હમારે ભીતર જગત કા કોઈ ઘાટ નહિ હોતા હૈ. ઈસકા હમ સાક્ષી હૈ. અરે ! ઉનકી મૂર્તિકે ધ્યાનસે કઈ લોગો કો નિરાવરણ દૃષ્ટિ ઔર નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત હુઈ હૈ. ઐસા ઐશ્વર્ય તો ન કોઈ યોગીમેં મિલતા હૈ, ન યોગેશ્વરોમેં મિલતા હૈ, મહારાજ તો મહારાજ હૈ."

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "સ્વામી ! ભાઈરામદાસજી ધામમાં જવાના થયા ત્યારે એમણે મહારાજની હાજરીમાં પરમહંસોની સભામાં કહ્યું હતું કે, "આ સ્વામિનારાયણ ભગવાન જેવો કોઈ થયો નથી અને થશે પણ નહિ. એ વાત સાચી ?"

આનંદ સ્વામીએ કહ્યું, "અરે ! ગુણાતીત ! ઉસ સભામેં હમ ભી હાજીર થે. ભાઈ રામદાસજીને દેહ છોડનેસે પહેલે મહારાજકી પૂજા કી થી ઔર સભીકી ઉપસ્થિતિમેં ઉન્હોને યે બાત કહી થી."

ગુણાતીતાનંદ સ્વામી અને આનંદ સ્વામીનો આ દિવ્ય સંવાદ ગંગાના પ્રવાહની જેમ વહી રહ્યો હતો. અયોધ્યાપ્રસાદજી મહારાજ સહિત પૂરી સભા જાણે ભાવસમાધિમાં નિમગ્ન થઈ ગઈ હતી.

શ્રીહરિનો આવો સર્વોપરી મહિમા સાંભળીને દાદા અવધપ્રસાદજી મહારાજના નેત્રોમાંથી આંસુડાં વહી રહ્યા હતા.

આનંદ સ્વામીએ કહ્યું, "અરે ! ગુણાતીત ! તુમને તો કમાલ કર દીયા. આજ મુજે બહુત પુરાની બાતે યાદ દીલાયી, યે બાતે સુન સુનકરકે મેરી છતીયાં ફટી જા રહી હૈ, સ્વામિનારાયણ જૈસા કોઈ હુઆ નહિ હૈ ઔર હોગા ભી નહિ."

આટલું કહીને આનંદ સ્વામીએ દાદા અવધપ્રસાદજી મહારાજને કહ્યું, "મહારાજ ! યે ગુણાતીત તો ગુણાતીત હૈ. ઈનકી બાતે સુનતે હી લોગ બ્રહ્મરૂપ હો જાતે હૈ."

"અરે ! દેખો જૈસે ચમક કા પહાડ હોતા હૈ ઔર ઉસમેં લોહા ખીંચ જાતા હૈ, ઐસે હી યે ગુણાતીત કે પીછે લોગ ખીંચ જાતે હૈ."

"અવધપ્રસાદ ! દેખો તો સહી એ શિવલાલ શેઠ, બોટાદ કા નગર શેઠ હૈ,

લખેશરી શાહુકાર હૈ, ઉસકો યે ગુણાતીતને ક્યા જાદુ કર દીયા હૈ, સબ છોડકરકે ઉસકે પીછે પાગલ હો ગયા હૈ.''

સ્વામીની હિંદુસ્તાની લઢણની વિનોદભરી વાતો સાંભળીને સભા આનંદિત થઈ રહી હતી. આનંદ સ્વામીએ કહ્યું, ''અરે ! અવધપ્રસાદ ! તેરે બાપને મુજે એક બાત કહી થી. એ નિર્ગુણાનંદ તો બહુત બડા સાધુ હૈ. ઈસકી મહાનતા તો જબ હમ ધરતી પર નહિ હોંગે તબ લોગો કે જાનનેમેં આયેગી.''

સ્વામીનું અમદાવાદ આવવું ખૂબ સાર્થક રહ્યું હતું. મહાનુભાવાનંદ સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, નિર્ગુણદાસજી સ્વામી વગેરે અમદાવાદના ધુરંધર સંતો તેમજ સ્વામીની સાથે વડતાલથી પધારેલા નંદ સંતો સ્વામીની વાતો સાંભળીને આનંદ સાગરમાં ગરકાવ રહેતા હતા.

વધારે આનંદ તો નિર્ગુણદાસજી સ્વામી અને બાલમુકુંદદાસજી સ્વામીને થતો હતો. બંને જોડીદાર હતા. બંને મહારાજની ઈચ્છાથી અક્ષરધામમાંથી આવેલા મુક્તો હતા. બંને ઉપર ગોપાળાનંદ સ્વામીનો અઢળક રાજીપો હતો. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી બંને મહાપુરુષો અમદાવાદ અને વડતાલ બેય દેશની જવાબદારી સંભાળવા માટે અગ્રસર થઈ રહ્યા હતા.

જ્યારે જ્યારે ફુરસદનો સમય હોય ત્યારે બંને સંતો એકાંતમાં બેસીને મહારાજ અને મોટા સદ્‌ગુરુઓના મહિમાની તેમજ પંચ વર્તમાનમાં દૃઢતાની વાતો કરતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ ખાતે દસ દિવસ રોકાયા. અયોધ્યાપ્રસાદજી મહારાજ રોજ સાધુઓને રસોઈ આપતા હતા અને પોતે અબોટીયું પહેરી બ્રાહ્મણીયા વેશમાં સંતોને આગ્રહ કરી કરીને પીરસતા હતા અને જમાડીને તૃપ્ત કરતાં હતા.

આખરે ગુણાતીતાનંદસ્વામીએ અયોધ્યાપ્રસાદજી મહારાજની અનુજ્ઞા લઈને જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું. શુક સ્વામી વગેરે સંતો વડતાલ તરફ પધાર્યા.

વિદાય વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજ અને અમદાવાદના પવિત્ર સંતોએ વિનયપૂર્વક સ્વામીને કહ્યું, ''જોગી! આ જ રીતે અવાર-નવાર અમદાવાદ પધારતા રહેજો અને કથા-વાર્તાનો લાભ આપતા રહેજો.''

## કાંધના ક્યારા કોરા ન રહી જાય !

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ''ગઢપુરમાં મહારાજે કહ્યું હતું કે, ''કથા-વાર્તા શ્રેષ્ઠ છે'' ત્યારથી અમે પુસ્તકનું બંધણું બાંધ્યુ જ નથી અને કથા-વાર્તામાં સોપો

પડવા દીધો નથી.'' ભાગવત્ જેવા સત્શાસ્ત્રોમાં સર્વત્ર સત્સંગનો મહિમા ખૂબ જ કહેવામાં આવ્યો છે. વચનામૃતને પાને પાને મહારાજે ''સર્વ સાધનમાં શ્રેષ્ઠ સત્સંગ છે'', એવી વાત કરી છે.

સત્સંગનો અર્થ છે, હૃદયથી સાચા સંતનો સમાગમ કરવો અને એવા ઉત્તમ એકાંતિક સંતના મુખેથી થતી કથા-વાર્તાનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવું..

ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢને કથા-વાર્તાનો અખાડો બનાવ્યો હતો. સ્વામીને કથા-વાર્તામાં ભારે રુચિ હતી. કથા-વાર્તાનો પ્રસંગ હોય ત્યારે ગમે તેવી વ્યવહારિક ક્રિયા હોય તોપણ સ્વામી એને ઠેલી દેતા.

એકવાર શણગાર આરતી થયા પછી સ્વામી સભા-મંડપમાં બેસીને કથા-વાર્તાની શરૂઆત કરી રહ્યા હતા. એવામાં એક ઘી વેચવાવાળો પોઠિયા ઉપર ઘીના કૂડલા લઈને ઘી વેચવા આવ્યો અને કોઠારી ત્રિકમદાસજીને મળ્યો.

મંદિરમાં ઘીની જરૂર હતી પરંતુ જ્યાં સુધી સ્વામી કોઠારમાં ન પધારે ત્યાં સુધી ઘી લઈ શકાય એમ નહોતું. કોઠારીએ ઘી વેચવાવાળાને કહ્યું, ''તું થોડીવાર ચોકમાં ઊભો રહે, હું સ્વામીને વાત કરું છું.''

આટલું કહી કોઠારી સભા-મંડપમાં ગયા અને ધીરે રહીને સ્વામીના કાનમાં કહ્યું, ''સ્વામી ! ઘી વેચવાવાળો આવ્યો છે. ઘી ખાતરીવાળું છે, ભાવ-તાલ પણ બરાબર છે, આપ થોડીવાર કોઠારમાં આવો તો ઘી લઈ લઈએ.''

સ્વામીએ કહ્યું, ''તમે ઘીવાળાને થોડીવાર રોકો, હું હમણા આવું છું.''

કથા-વાર્તામાં વિક્ષેપ થાય, એ સ્વામીને જરાય ગમતું નહોતું. સ્વામીએ કથા-વાર્તા ચાલુ જ રાખી.

કોઠારીને થયું, ''બહુ વાર લાગશે, તો પોઠિયાવાળો નીકળી જશે અને આવું સારું અને વ્યાજબી ભાવવાળું ઘી ફરીથી જલદી હાથમાં નહિ આવે.''

કોઠારી ઘણા ઉતાવળા થતા હતા પણ સ્વામીને કથા-વાર્તા પૂરી કરવામાં કોઈ ઉતાવળ નહોતી. એ તો રોજની જેમ અનરાધાર બ્રહ્મરસ વરસાવ્યે જતા હતા.

હવે, બનેલું એવું કે, પેલો પોઠિયાવાળો ચોકમાં એકબાજુ પોઠિયો ઊભો રાખી સભા-મંડપને ખૂણે ઊભો રહીને સ્વામીની કથા-વાર્તા સાંભળતો હતો. એને સ્વામીના મુખેથી કથા-વાર્તા સાંભળવમાં ભારે રસ પડી રહ્યો હતો. આવા ઓલિયા પુરુષ એણે પહેલીવાર જોયા હતા. આખરે કોઠારીની ધીરજ ખૂટી. તેઓ સ્વામી પાસે ગયા અને કહ્યું, ''સ્વામી ! મોડું થશે, તો ઘીવાળો ચાલ્યો જશે.''

એજ વખતે દૂરથી પોઠિયાવાળો બોલ્યો, ''સ્વામી ! મારે જરાય ઉતાવળ

નથી. તમારી કથા-વાર્તા ચાલુ રાખો, મને સાંભળવામાં મજા આવે છે. કથા-વાર્તા પૂરી થાય ત્યાં સુધી હું રાહ જોઉં છું.''

પોઠિયાવાળાની વાત સાંભળી કોઠારી સ્તબ્ધ બની ગયા.

આખરે સ્વામી કથા-વાર્તા પૂરી કરી. કોઠારમાં પધાર્યા. પોઠીયાવાળાને ભાવ-તાલમાં રાજી કરી ઘી લીધું.

પોઠિયાવાળાએ પણ ભાવમાં સારો એવો ફેરફાર કરી ઘણા સસ્તા ભાવે ઘી આપ્યું અને બોલ્યો, ''સ્વામી ! આ અમારી નાના માણસની સેવા માનજો અને અમારું ભલું થાય એવા આશીર્વાદ આપજો. આપ જેવા મહાપુરુષના દર્શન હું આજ પ્રથમવાર કરી રહ્યો છું.'' ઘીવાળાની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીએ એને રૂડા આશીર્વાદ દીધાં.

સ્વામીએ કોઠારીને કહ્યું, ''કોઠારી ! આ અજાણ્યા માણસને પણ આપણી કથા-વાર્તા કેવી ગમે છે ! તમે બધા તો કાયમ સાથે રહો છો. ક્યાંક કાંધના ક્યારા કોરા ન રહી જાય! તેનું ધ્યાન રાખજો. આ પોઠિયાવાળાનો ધડો લેજો.''

સ્વામીની વાત સાંભળીને કોઠારી ત્રિકમદાસજીના અંતરમાં પણ જાગૃતિ આવી ગઈ. પછી તો તેઓ પણ સેવા પ્રવૃત્તિઓમાંથી ગમે તેમ કરીને સમય કાઢી સ્વામીની વાતો સાંભળવા લાગ્યા.

સ્વામીની કથા-વાર્તાની શૈલી અભણ-અજ્ઞાનીઓથી માંડીને મોટા મોટા વિદ્વાનોને પણ હૃદયમાં આરપાર ઉતરી જાય એવી હતી. સ્વામીની કથા-વાર્તાનું શ્રવણ કરી કરીને અનેક ઉત્તમ એકાંતિક ભક્તો થયા હતા, અનેકને નિરાવરણ દૃષ્ટિ અને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

## આંબલીના પાંદડે પત મટાડી

માંગરોળના પાદરમાં આંબલીનું ઝાડ હતું. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે માંગરોળ પધારતા ત્યારે આંબલીના ઝાડ નીચે બેસીને સભા કરતા.

આંબલી ઘેઘૂર-ઘટાદાર હતી. માણસો અને પશુઓને ભારે વિસામારૂપ હતી.

એકવાર માંગરોળના નવાબ સાહેબ માંગરોળનો ગઢ સમો કરાવી રહ્યા હતા. તે કાર્ય નવાબે રાજકોટના કડીયા મિસ્ત્રીને સોંપેલું. મિસ્ત્રીએ કામ શરૂ કર્યું.

ગઢને સમો કરવામાં સારા અને મજબૂત લાકડાંની જરૂર હતી.

હવે પેલી માંગરોળના પાદરમાં જે શ્રીહરિની પ્રસાદીની આંબલી હતી એનું લાકડું ખૂબ મજબૂત અને સારું હતું, એટલે મિસ્ત્રીએ ગઢ માટે તે આંબલીનું લાકડું

વાપરવાનું નક્કી કર્યું. મિસ્ત્રી પોતાના માણસો સાથે આંબલી કાપવાના હથિયારો લઈ માંગરોળના પાદરમાં આવ્યા.

એ સમયે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ ત્યાં બિરાજતા હતા.

સ્વામીએ મિસ્ત્રીને પૂછ્યું, "તમારે આવી સરસ આંબલી શા માટે કાપવી છે?"

મિસ્ત્રીએ કહ્યું કે, "અહીં નવાબના ગઢનું સમારકામ ચાલે છે, તે માટે સારા-મજબૂત લાકડાની જરૂર છે, માટે આ આંબલીનું ઝાડ કાપવા આવ્યા છીએ."

સ્વામીએ મિસ્ત્રીને કહ્યું, "અરે ! ભાઈ, લોકો માલ-ઢોર અને માણસોના છાંયડાં માટે ઝાડ વવરાવે છે અને તમે આ ઘેઘૂર-ઘાટા છાંયડાંવાળી આંબલી કાપવા માટે આવ્યા છો. ગામની સીમમાં બીજા સારા ઝાડવાની ક્યાં તાણ છે ?"

"બીજું કે, આ આંબલી તો સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની છે. માટે તમે આને કાપવાનું રહેવા દ્યો તો ઠીક."

સ્વામીની વાત સાંભળી મિસ્ત્રી આંબલીને કાપવાનું માંડી વાળી પોતાના માણસો સાથે ત્યાંથી જતો રહ્યો.

મિસ્ત્રીએ ત્યાંથી વિદાય લીધી, એ જ સમયે એક વટેમાર્ગુ રોગી બાવો ત્યાં આવ્યો અને સ્વામીને પગે લાગી બોલ્યો, "મહારાજ ! મારી ઉપર કૃપા કરો. મારા શરીરમાંથી પત નીકળ્યા કરે છે. હું ખૂબ દુઃખી છું."

બાવાની દુઃખભરી વાત સાંભળી સ્વામીએ કહ્યું, "જો તારે તારો રોગ મટાડવો હોય તો આ આંબલી લંઘાય છે એને દરરોજ પાણી પાજે અને આંબલીના પાંદડાને લઢીને તારા હાથ-પગમાં લગાડજે. જેમ જેમ આંબલી લીલી થતી જશે, એમ એમ તારો પતનો રોગ સૂકાતો જશે." સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી બાવો દરરોજ નિયમિત રીતે આંબલીને પાણી પાવા લાગ્યો અને આંબલીના પાંદડા લઢી પોતાના હાથે-પગે પાટા બાંધવા લાગ્યો.

જોતજોતામાં આંબલી લીલીછમ અને ઘેઘૂર થઈ અને બાવાજીનો પતનો અસાધ્ય રોગ નિર્મૂળ થયો. આંબલીને પાંદડે પતના રોગ મટ્યા હોય એવા દાખલા નથી. જે થયું તે માત્ર સ્વામીના આશીર્વાદથી થયું.

## કલ્યાણજી ઠક્કરને સાત દીકરા દીધા

જામનગરના કાલાવડ વિસ્તારમાં ખંઢેરા ગામ આવેલું છે. આ ગામમાં કલ્યાણજી ઠક્કર રહેતા હતા. તેઓ સત્સંગમાં બળિયા હતા. આખા ગામમાં એમનું

એક જ ઘર સત્સંગીનું હતું. તેઓ શૂરવીરતાથી સત્સંગ રાખતા હતા.

એમને ગુણાતીતાનંદ સ્વામી ઉપર ભારે શ્રદ્ધા હતી.

કલ્યાણજી ઠક્કરને મનમાં થતું હતું કે, 'સ્વામી મારે ત્યાં પધારે અને મને સેવાનો અવસર આપે.' કલ્યાણજીભાઈનો મનોરથ પૂરો કરવા માટે સ્વામી સંત-મંડળ સાથે ખંઢેરા પધાર્યા.

સ્વામીના આગમનથી કલ્યાણજી ઠક્કરને ખૂબ આનંદ થયો. તેમણે ભારે ભાવથી સાધુઓ માટે રસોઈની સામગ્રી એકઠી કરી રાખી હતી. સંતોએ રસોઈ તૈયાર કરી, કલ્યાણજીભાઈએ સ્વામી તથા સંતોને ખૂબ આગ્રહ કરી કરીને જમાડ્યા.

કલ્યાણજીભાઈની ભાવભક્તિ જોઈને સ્વામી ખૂબ રાજી થયા અને બે દિવસ સુધી કલ્યાણજી ઠક્કરને ઘેર રોકાયા. સ્વામી જૂનાગઢ જવા માટે તૈયાર થયા ત્યારે કલ્યાણજીભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી ! આ ગામમાં હું એક જ સત્સંગી છું. અમારા ગામમાં સત્સંગ વધે, એવા આશીર્વાદ આપો."

સ્વામીએ કહ્યું, "કલ્યાણજી ! આ ગામનું પાણી ભારે છે, આ ગામની જમીન કઠણ છે, એ જલ્દી ગળે એમ નથી માટે ગામમાં તો સત્સંગ નહિ વધે પણ તારા ઘરમાં સત્સંગ ખૂબ વધશે."

આમ કલ્યાણજી ઠક્કરને આશીર્વાદ આપી સ્વામી જૂનાગઢ પધાર્યા.

સમય જતાં સ્વામીના આશીર્વાદ ફળ્યા. કલ્યાણજી ઠક્કરને ત્યાં મોટી ઉંમરે સાત દીકરા થયા, સાતે સાત દીકરા સારા હરિભગત થયા.

શેષનાગના માથા ઉપર ખીલી મારતા હોય, એમ એમણે ગામ વચ્ચે જ બે માળનું ખૂબ વિશાળ મંદિર કરાવ્યું અને મહારાજની મૂર્તિ પધરાવી.

કલ્યાણજીભાઈ દરરોજ મંદિરે આવતા અને આખો દિવસ ભજન-સ્મરણ કર્યા કરતા. કોઈ સાધુ-સંતો પધારતા ત્યારે દોડી દોડીને સેવા કરતા.

કલ્યાણજીભાઈ વૃદ્ધ થયા. એમનો અંતકાળ નજીક આવ્યો.

ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોને લઈને શ્રીજી મહારાજ હાથી ઉપર બેસીને કલ્યાણજીભાઈને તેડવા પધાર્યા.

કલ્યાણજીભાઈએ પોતાના દીકરાઓને કહ્યું, "જુઓ, આ શ્રીજી મહારાજ હાથીની અંબાડીએ બેસીને મને તેડવા આવ્યા છે. ગુણાતીતાનંદ સ્વામી સાથે છે. હું તેમની હાર્યે ધામમાં જાઉં છું. તમે સત્સંગ જાળવી રાખજો."

આટલી ભલામણ કરી કલ્યાણજીભાઈએ બધાને જય સ્વામિનારાયણ કહ્યા અને ભૌતિક દેહનો ત્યાગ કરીને મહારાજના અક્ષરધામમાં સિધાવ્યા.

## અમારી ઝોક લજવશો નહિ

એક સમયની વાત છે.

જૂનાગઢ મંદિરમાં સારી દૂઝણી ગાયોની જરૂર હતી. આળેસના ચારણ ખીમા ભગતે જૂનાગઢ મંદિરને ગાય આપવાનો સંકલ્પ કર્યો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વેરાભાઈ અને જોરા ભગતને કહ્યું, "આપણી મંદિરની ગાયો વસૂકવા આવી છે, રાધારમણદેવ દૂધ વગરના રહે, એ કેમ પોસાય ? તમે બંને જણ આળેશ નેસ જાવ અને ગાય લઈ આવો."

સ્વામીની આજ્ઞાથી વેરાભાઈ અને જોરા ભગત આળેશને નેસ ગયા અને ખીમા ભગતને મળ્યા.

બંને ભક્તોને જોઈ ખીમા ચારણને ખૂબ જ આનંદ થયો. એણે ભાવથી મીઠો આવકારો દીધો, સ્વામીના બધા સમાચાર પૂછ્યા.

જોરા ભગતે સ્વામીએ જે હેતુ માટે મોકલ્યા હતા, તેની વાત કરી.

ખીમા ચારણને અંતરમાં અત્યંત આનંદ થયો અને બોલ્યા, "દેવને માટે અમારું દૂઝાણું કામમાં આવે એથી રૂડું બીજું શું હોઈ શકે ? માટે પ્રેમથી ગાય લઈ જાવ."

ખીમા ભગતે સારામાં સારી દૂઝણી ગાય દેવને અર્પણ કરી.

બંને ભક્તો ગાય લઈને ચાલતા થયા.

આ સમયે ખીમા ચારણના ઘરવાળા પાણી ભરવા ગયા હતા. તે બેય ભક્તોને સામે મળ્યા.

ચારણ્ય બાઈએ પૂછ્યું, "આ અમારી ગાય ક્યાં લઈ જાવ છો ?"

જોરા ભગત બોલ્યા, "બહેન ! ખીમા ભગતે આ ગાય રાધારમણદેવને દાનમાં દીધી છે. માટે લઈ જઈએ છીએ."

ચારણ્ય બાઈ બોલી, "ભગત ! ગાયને પાછી વાળો અને અમારી ઝોકમાં લઈ લ્યો." ભગતે કહ્યું, "બેન ! અમારે જૂનાગઢ જવાની ઉતાવળ છે માટે ખોટી કરો મા."

ચારણ્ય બાઈ બોલી, "ભગત ! તમારી બધી વાત સાચી પણ અમારે ગાયને જૂનાગઢ મોકલતા પહેલા અમારી ઝોકના રિવાજ પ્રમાણે નાનકડો વિધિ કરવો પડે. એ વિધિ કર્યા સિવાય હું ગાયને લઈ જવા નહિ દઉં."

બેય ભક્તો ન છૂટકે ગાય લઈને પાછા વળ્યા.

ચારણ્ય બાઈએ પાણીની હેલ્ય હેઠી મૂકી, હાથમાં કંકાવટી અને ચોખા લીધા,

ગાયના કપાળમાં ટીલું કર્યું, ચોખાથી ગાયને વધાવી, પગે લાગી પછી ગાયના કાન પાસે મોઢું રાખી અને બાઈ બોલ્યા, "મારી માવડી, લીલુડી ગાવડી ! શીંગડે મારીશ મા, પૂંછડે મારીશ મા, પાટુએ મારીશ મા, ટાણે-કટાણે દો'વા દેજે. આ મારી ઝોકને લજવીશ મા."

વેરોભાઈ અને જોરો ભગત તો આ અનોખા વિધિને જોતા જોતા બાઈના શબ્દોને સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા.

વિધિ પૂરો કર્યા પછી બાઈ બોલી, "લ્યો, ભગત ! હવે મારી 'લીલુડીને' લઈ જાવ."

બંને ભક્તો ગાયને લઈને જૂનાગઢ આવ્યા અને બનેલી બધી જ હકીકત સ્વામીને જણાવી.

ચારણ્ય બાઈની ડહાપણ ભરી વાત સાંભળીને ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા.

સંધ્યા આરતી પછી સભા થઈ, સ્વામીએ જોરા ભગતને કહ્યું, "ભગત ! તમે પેલો ઝોકવાળો પ્રસંગ સભામાં કહો."

સ્વામીની આજ્ઞા થઈ એટલે જોરા ભગતે આખો પ્રસંગ સભામાં સંભળાવ્યો.

જોરા ભગતે વાત પૂરી કરી એટલે સ્વામી બોલ્યા, "નેહડાની એક અભણ બાઈને પણ પોતાની ઝોકની આબરૂની કેટલી બધી ચિંતા છે ! આપણે તો સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની ઝોકના છીએ. આપણી ઝોકની આબરૂ રાખવી આપણા હાથમાં છે."

"અમારી તમને બધાને ભલામણ છે. આ સૂરજ સરખી સહજાનંદી ગોદડીમાં ક્યાંય દાગ લાગવા દેશો મા. આ ઝોકની લાજ રાખજો."

આટલી વાત કરી સ્વામી એક સાખી બોલ્યા...

**લાજે લુગડા પહેરીયે, લાજે દીજે દાન,**
**લાજ વિનાના માનવી, એના લાંબા લાંબા કાન.**

સ્વામીએ કહ્યું, "એક લાજ હોય તો ધર્મ પળે અને બીજું સમજણ હોય તો ધર્મ પળે. માણસની શોભા લાજમાં છે. લાજ-શરમ ન હોય તો માણસ અને લંબકર્ણમાં કોઈ ફરક નથી."

સ્વામીની ટકોર સભાજનોના અંતરને સ્પર્શી ગઈ.

આ બાજુ પેલી ગાય પણ જબરી નીકળી. ગમે ત્યારે ટાણે-કટાણે દૂધની જરૂર પડતી ત્યારે દો'વા દેતી અને ચારણ્ય બાઈની ઝોકની લાજ જાળવી લેતી.

## સ્વામિનારાયણ જેવો કોઈ થયો નથી અને થશે નહીં

જામનગર જિલ્લામાં દ્વારિકા બાજુ તરઘડી દેવળીયા ગામ આવેલું છે. આ ગામમાં દરબારો તેમજ વણિક જ્ઞાતિમાં ગુણાતીતાનંદ સ્વામીના સમયનો સત્સંગ છે.

આ તરઘડી દેવળીયા ગામમાં દરબાર વેરોજી નામના મહાન ભક્તરાજ થયા. તેઓને ગુણાતીતાનંદ સ્વામી સાથે ખૂબ જ હેત હતું.

એક વાર દરબાર વેરોજી સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવ્યા.

જૂનાગઢમાં રાધારમણદેવના દર્શન કરી વેરાજી સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ વેરાજીને તરઘડી દેવળીયાના હરિભક્તોના કુશળ સમાચાર પૂછ્યા.

વેરાજીએ કહ્યું, 'સ્વામી ! આપની કૃપાથી બધી રીતે સારાં વાના છે. બધા જ હરિભક્તો સુખિયા છે.'

સ્વામીએ કહ્યું, 'દરબાર ! કેમ આવવાનું થયું ?'

દરબાર બોલ્યા, 'સ્વામી ! ઘણા સમયથી આપના દર્શન કરવાની અને આપના મુખેથી કથાવાર્તા સાંભળવાની તાણ્ય રહેતી હતી એટલે આવ્યો છું.'

કોઈ જીવ વ્યવહારમાંથી નિવૃત્તિ લઈને ભજનસ્મરણ અને સમાગમ કરવા આવે એટલે સ્વામી ખૂબ જ રાજી થતા.

સ્વામીની વાતોમાં એક મહત્ત્વનું સૂત્ર છે. 'કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો.'

દરબાર વેરાજી સમાગમ કરવા આવ્યા છે એ વાત જાણીને સ્વામી દરબાર ઉપર અત્યંત રાજી થયા.

દરબાર વેરાજી થોડા દિવસ જૂનાગઢ રોકાયા અને સ્વામીનો સમાગમ કર્યો.

સ્વામી જેવા મહાપુરુષના મુખેથી કથાવાર્તા સાંભળીને દરબાર વેરાજીને જગતનું નાશવંતપણું સમજાયું અને એમના અંતરમાં સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના સુદૃઢ થયા.

થોડા દિવસ સ્વામીનો સમાગમ કરી દરબાર પોતાને ઘેર જવા તૈયાર થયા અને સ્વામીની રજા લેવા માટે આવ્યા.

જૂનાગઢમાં હાલમાં સભામંડપની પાછળ દક્ષિણબાજુએ નાની વેદિકા છે.

પંચાળાના પ્રસાદીના પથ્થરમાંથી ચરણારવિંદ કોતરાવીને એ વેદિકા ઉપર પધરાવવામાં આવ્યા છે.

આ જગ્યાએ પહેલા ગુણાતીતાનંદ સ્વામીને સ્નાન કરવા માટેની ચોકડી હતી.

દરબાર વેરાજી સ્વામીની રજા લેવા આવ્યા ત્યારે સ્વામી બહિર્ભૂમિ જઈને આવ્યા હતા અને હરજીવન ભગત સ્વામીને હાથ ધોવરાવી રહ્યા હતા.

દરબાર વેરાજીને જોયા એટલે સ્વામીએ કહ્યું, 'કેમ દરબાર ! તૈયાર થઈને આવ્યા ?' દરબાર વેરાજી બોલ્યા, 'સ્વામી ! ઘણા દિવસ રોકાયો હવે ઘરે જવું છે એટલે રજા લેવા આવ્યો છું.'

સ્વામી બોલ્યા, 'ભલે દરબાર ! સુખેથી પધારો.'

દરબાર બોલ્યા, 'સ્વામી! જતાં જતાં મારે એક વાત કરવી છે.'

સ્વામીએ કહ્યું, 'બોલો દરબાર, શું કહેવું છે ?'

દરબાર વેરોજી બોલ્યા, 'સ્વામી ! અમે તો સંસારી અને જાડા લોક કહેવાઈએ, અમારી બુદ્ધિ પણ જાડી એટલે અમને શાસ્ત્રમાં વિશેષ સમજણ પડે નહિ, આપે હૃદય વીંધી નાખે એવી વાણીથી અમને કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યું છે, પણ અમને બધું યાદ રહે નહિ, માટે બધી વાતનો સાર એક વાતમાં આવી જાય, એવી એક વાત સંક્ષેપથી કરો. એવી મારી વિનંતી છે.'

દરબારની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા અને રંગમાં આવી ગયા.

સ્વામી એક ધોતી ભર ઊઘાડે ડીલે ઊભા થઈ ગયા અને હાથ ઊંચા કરીને બોલ્યા, 'દરબાર ! સારમાં સાર વાત સાંભળો.'

''ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી, સર્વકારણના કારણ અને સર્વ અવતારોનાં અવતારી છે.''

'સ્વામિનારાયણ ભગવાન જેવો કોઈ થયો નથી અને થશે પણ નહિ. અક્ષરબ્રહ્મ વગેરે અક્ષરાદિક મુકતો ગમે તેવા સમર્થ હોય પરંતુ ભગવાન સ્વામિનારાયણના દાસ થઈને વરતે છે.'

માટે સારમાં સાર વાત એ છે કે 'તમે આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીભાવે ઉપાસના કરજો. સ્વામિનારાયણ મહામંત્રની માળા કરજો અને એમની આજ્ઞાનું પાલન કરજો.'

દરબાર વેરાજીએ વાતની ખરાઈ કરવા કહ્યું, 'સ્વામી ! આમાં બધી વાત આવી ગઈ ?' સ્વામી કહે, 'હા દરબાર ! આમાં સર્વ શાસ્ત્રો અને સર્વ વાતોનો સાર આવી ગયો.'

સ્વામીએ આપેલી આ સારરૂપ વાતની પ્રસાદીથી દરબાર વેરાજી ધન્ય ધન્ય

થઈ ગયા !! સ્વામી સ્નાન કરવા પધાર્યા અને દરબાર વેરાજી તરઘડી દેવળીયા જવા રવાના થયા.

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી તરઘડી દેવળીયામાં સત્સંગના મૂળ મજબૂત થયા.

પછી તો સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી જેવા મહાન સંતો અવારનવાર તરઘડી દેવળીયા પધારતા અને કથાવાર્તાથી સત્સંગનું પોષણ કરતા.

આજે પણ દેવળીયા ગામમાં દરબાર જ્ઞાતિમાં ખૂબ સારો સત્સંગ છે.

તરઘડી દેવળીયાના વણિક ભક્તજનો વિદેશોમાં વસેલા છે અને ત્યાં પણ સારી રીતે સત્સંગ સાચવ્યો છે અને મોટા મોટા મંદિરો બંધાવ્યા છે.

## વાલજીને ઓણ સાલ પરણાવીશ નહિ

વિ. સં. ૧૯૧૪ ના સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ ખાતે બિરાજમાન હતા.

એ વખતે આખાથી ઊનેવાળ વિપ્ર મૂળજી સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ મૂળજીને કુશળ સમાચાર પૂછ્યા.

મૂળજીએ કહ્યું, “સ્વામી ! આપની કૃપાથી બધી રીતે સારું છે અને ઓણ સાલ મારા પુત્ર વાલજીના વિવાહ કરવાનું વિચારાઈ રહ્યું છે, તો લગ્ન લઉં કે ન લઉં ?”

સ્વામી થોડીવાર વિચારી રહ્યા અને પછી બોલ્યા, “મૂળજી ! એક વર્ષ જાળવી જા. આ વર્ષ વાલજી માટે થોડું ભારે છે. માટે ઓણ સાલ વાલજીના લગ્ન લેતો નહિ.” મૂળજી વિપ્રને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો. “સ્વામી જે કહે, તે હિતમાં જ હોય.” આમ વિચારી એણે વાલજીના લગ્ન કરવાનું એક સાલ પૂરતું માંડી વાળ્યું.

હવે બન્યું એવું કે, મૂળજી વિપ્રના વેવાઈને ખરચ ઓછો થાય, એ માટે બે દીકરીઓ એક સાથે પરણાવવી હતી, એટલે એ કોઈ રીતે એક સાલ ખમવા તૈયાર થયા નહિ. પરિણામે મૂળજી વિપ્રને સ્વામીની મરજી લોપીને ન છૂટકે વાલજીના લગ્ન લેવા પડ્યા.

સ્વામીનું વચન મનાણું નહિ, એટલે મૂળજી વિપ્રને દુઃખ તો થયું પણ બીજો

રસ્તો નહોતો. દીકરાના લગ્ન પૂરા થયા પછી મૂળજી વિપ્ર સ્વામીના દર્શન માટે જૂનાગઢ આવ્યા.

મૂળજી વિપ્રે વાલજીના વિવાહ કર્યા, એ વાતના સમાચાર સ્વામીને મળી ચૂક્યા હતા.

સ્વામીએ ઠપકાના સૂરમાં કહ્યું, ‘‘એલા, બ્રાહ્મણ ! ના પાડી હતી, તોય દીકરાના લગ્ન લીધા ?’’

મૂળજી વિપ્રે હાથ જોડી ક્ષમા માગતા કહ્યું, ‘‘સ્વામી ! વેવાઈના દબાણ આગળ મારું કાંઈ ચાલ્યું નહિ.’’

સ્વામી કહે, ‘‘હશે, હવે એક ખ્યાલ રાખજે. વાલજીને તું ક્યારેય સિંચોડો ચાલતો હોય, ત્યાં જાવા દેતો નહિ.’’

‘‘તે અમારી એક આજ્ઞા ન પાળી પરંતુ જો આ બીજી આજ્ઞા નહિ પાળે તો પસ્તાવું પડશે અને માથે હાથ દઈને રોવું પડશે.’’

વાત્સલ્યમૂર્તિ સ્વામી ભવિષ્યમાં વાલજી ઉપર મોતની ઘાત આવવાની હતી, તેનાથી વાલજીને બચાવવા માગતા હતા અને તેથી જ સ્વામી મૂળજી વિપ્રને વારંવાર ચેતવતા હતા.

મૂળજી વિપ્રે કહ્યું, ‘‘ભલે, સ્વામી ! આ વખતે આપની આજ્ઞા પાળવામાં હું ખાસ કાળજી રાખીશ.’’ આટલું કહી મૂળજી વિપ્ર પોતાને ઘરે ગયા.

સમય વીતતો ચાલ્યો. મૂળજી વિપ્રે પોતાના જ ખેતરે શેરડીનો વાઢ વાવ્યો હતો. ફાગણ-ચૈત્ર માસમાં શેરડી પાકી હતી, એટલે એણે વાડીએ જ સીંચોડો બેસાડ્યો હતો.

મૂળજી વિપ્રે વાલજીને વાડીએ જવાની સખત બંધી કરી હતી અને પોતે પણ વાલજી સીંચોડે જાય નહિ, એની ખાસ કાળજી રાખતા હતા.

વાલજીને અંદર ખાનેથી આ બંધન ગમતું નહોતું પરંતુ એ બાપાની આજ્ઞા લોપી શકે એમ નહોતો.

એવામાં એક દિવસ મૂળજી વિપ્રને કંઈક કામ પ્રસંગે બહાર ગામ જવાનું થયું. બાપા બહાર ગયા એટલે વાલજીને લાગ આવી ગયો.

વાલજીનું મોત વાલજીને સીંચોડે બોલાવી રહ્યું હતું. બાપાની ગેરહાજરીમાં ત્રણ-ચાર મિત્રોને લઈ વાલજી સિંચોડે પહોંચ્યો.

વાલજીને સિંચોડામાં શેરડી નાખવાની કમત્ય સૂઝી. એ જેવો સિંચોડામાં શેરડી નાખવા ગયો, એવો જ એનો હાથ લોખંડના સિંચોડામાં આવી ગયો.

વાલજી સિંચોડામાં અટવાણો, એનો હાથ છોતા જેવો થઈ ગયો અને પોતે બેશુદ્ધ બની ગયો.

તાબડતોબ ગાડામાં નાખીને વાલજીને ઘરે લઈ જવામાં આવ્યો. સારવાર શરૂ કરવામાં આવી પરંતુ વાલજી બચી શક્યો નહિ.

શરીરમાં અચાનક ચમક ઉપડી અને વાલજીએ દેહ છોડી દીધો.

મોટા પુરુષની આજ્ઞા લોપવાથી વાલજીનો જીવ ગયો, યુવાન બ્રાહ્મણ બાઈને રંડાપો આવ્યો અને મૂળજી વિપ્રે જુવાન દીકરો ખોયો.

## ચકુભાઇ નાગર નિઃસ્વાદી થયા

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે, 'મોટા પુરુષને જેવા જાણે એવો પોતે થાય, મોટા પુરુષને નિર્દોષ સમજે તો તે સર્વદોષથી રહિત થઈ જાય અને મોટા પુરુષને દોષી સમજે તો તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.'

જૂનાગઢમાં ચકુભાઈ નાગર હતા. તેઓ ખૂબ સારા ગવૈયા હતા. ચકુભાઈ નાગર પ્રેમાનંદ સ્વામી પાસેથી ગાવણું શીખ્યા હતા.

પ્રેમાનંદ સ્વામી ચકુભાઈના સંગીત ગુરુ હતા. ગુણાતીતાનંદ સ્વામી ચકુભાઈના જ્ઞાનગુરુ હતા.

ચકુભાઈ નાગરને ગુણાતીતાનંદ સ્વામી સાથે ખૂબ જ હેત હતું. તેઓ દરરોજ મંદિરે આવતા અને સ્વામીના મુખેથી કથાવાર્તા સાંભળતા.

ચકુભાઈ નાગર હરિભક્ત સારા હતા પણ રસાસ્વાદી ખૂબ હતા.

જમતી વખતે ભોજનનાં સ્વાદમાં સહેજ પણ ફરક હોય તો તેઓ ભારે અકળાઈ જતા અને ઘરના મનુષ્યને ધખી વઢીને વારો કાઢતા.

ચકુભાઈ જમવા આવે ત્યારે ઘરના સભ્યોના શ્વાસ ઊંચા થઈ જતા.

ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તામાં વિષય ખંડનની વાત આવે ત્યારે ચકુભાઈ પોતાના દોષ વિશે થોડા જાગૃત થતા. પોતાને રસાસ્વાદ પરેશાન કરે છે એ એને સમજાતું. રસાસ્વાદને લીધે ઘરમાં કાયમને માટે થતો કંકાસ પણ તેઓ જાણતા હતા. તેઓ રસાસ્વાદથી છૂટવા માટે પ્રયાસ પણ કરતા પણ તેમની રસાસક્તિ દૂર થઈ શકતી નહોતી.

એક સમયે ચકુભાઈ નાગર દરરોજની જેમ મંદિરમાં દર્શને આવ્યા.

મંદિરમાં દેવદર્શન કરી ચકુભાઈ દરરોજના નિયમ પ્રમાણે સ્વામીના દર્શન કરવા માટે સંતોની ધર્મશાળામાં આવ્યા, પરંતુ સ્વામીને ત્યાં જોયા નહિ.

ચકુભાઈએ કોઈ સંતને પૂછ્યું, 'સ્વામી ક્યાં છે ?'

સાધુએ કહ્યું, 'સ્વામી ભંડારમાં શિરામણી કરવા ગયા છે.'

સત્સંગનો જૂનો જમાનો હતો. મોટે ભાગે સંતો બપોરના એક જ સમયે ભોજન કરતા હતા.

પરંતુ જૂનાગઢ મંદિરમાં કારખાનાના કામ ચાલતા હોય, વીડીઓમાં ઘાસ વાઢવા માટે, કારખાના માટે લાકડાં કે વાંસ કાપવા માટે, પડીયા-પતરાંવળાં બનાવવા માટે ખાખરાના પાન લેવા માટે જંગલમાં દૂર દૂર જવાનું હોય, આ બધી જ સખત પરિશ્રમ માગી લે એવી સેવા પ્રવૃત્તિ એક સમય ભોજનથી ન થઈ શકે. એટલે સ્વામીએ વિવેકપૂર્વક સેવા કરનારાઓને એક સમય ભોજનના નિયમમાંથી મુક્તિ આપી હતી.

સવારમાં શિરોમણી કરી બપોરના ભાતા ભેળા લઈ સંતો-પાર્ષદો સીમમાં સેવા માટે પ્રયાણ કરતા. શિરામણી કરવામાં નાના સંતોને કોઈ સંકોચ ન રહે એટલે સ્વયં ગુણાતીતાનંદ સ્વામી પણ ભંડારમાં શિરામણી માટે પહોંચી જતા.

ગુણાતીતાનંદ સ્વામી ધર્મનિષ્ઠ સંત હતા, પરંતુ એમના ધર્મપાલનમાં કોઈ જડતા નહોતી, પણ એમાં ભારોભાર વિવેકભર્યો હતો.

એ શિરામણી કાંઈ આજના જેવી ન હોય, સાંજના વધેલા બાજરાના રોટલાને શેકીને કડકડીયા બનાવવામાં આવે એને 'ખુરમા' કહેવાય. આ ટાઢા રોટલાના ખુરમા અને ખાટી છાસ એ જમાનાની શિરામણી હતી.

'સ્વામી શિરામણી કરવા ભંડારમાં ગયા છે' એ વાત સાંભળીને ચકુભાઈને દિલમાં થયું કે, 'મારે સ્વામી શિરામણી કરતા હોય એવા દર્શન કરવા છે.' સાથે સાથે એમનું એવું પણ થયું કે, 'આવડાં મોટા મંદિરના મહંત છે એટલે સ્વામી શિરામણીમાં પણ ભાતભાતના અનેક ભોજન લેતા હશે.'

ચકુભાઈ આમ વિચારતા વિચારતા ભંડારમાં પહોંચ્યા.

આ બાજુ સ્વામીના સેવકે સ્વામીના પતરમાં કડકડીયો રોટલો મૂક્યો.

લાકડાના પતરમાં રોટલો પડ્યો એટલે અવાજ થયો. એ અવાજ સાંભળીને ચકુભાઈ નાગરને થયું કે, 'સ્વામી નક્કી પાકના લાડુ જમતા લાગે છે,' ત્યાં તો સેવક ખાટી છાસ લઈને સ્વામીને પીરસવા આવ્યા. છાસની ખાટી ગંધ ચકુભાઈ દૂર ઊભા હતા ત્યાં પહોંચી.

છાસ અતિ ખાટી હતી, એટલે સ્વામીએ સેવકને કહ્યું થોડું રામરસ (મીઠું) લાવો.

ચકુભાઈ નાગરની કલ્પના કંઈક જુદી હતી અને વાત સાવ જુદી નીકળી!

ટાઢા રોટલાના ખુરમા અને ખાટી છાસ જમતા જોઈ ચકુભાઈના મનમાં આશ્ચર્યનો પાર ન રહ્યો. એના મનમાં થયું, 'અરે ! આવા મોટા સાધુ ખુરમા અને ખાટી છાસ જમે છે!

સ્વામીનું આવું નિઃસ્વાદી વ્રત જોઈને ચકુભાઈને પોતાના રસાસ્વાદીયા સ્વભાવ માટે ભારે બળતરા થઈ.

સ્વામીએ ચકુભાઈને જોયા એટલે હાથ ઊંચો કરી જે નારાયણ કર્યા.

ચકુભાઈ દૂરથી સ્વામીને પગે લાગ્યા અને બોલ્યા, 'સ્વામી ! શિરામણીની પ્રસાદી આ બાજુ મોકલજો.'

સ્વામી હસીને કહે, 'ચકુભાઈ ! તમારા જેવા સ્વાદીયા નાગર બ્રાહ્મણને આજની પ્રસાદી ચાલે એવી નથી.'

સ્વામીએ બરાબર સમય ઉપર જે વેણ ઉચ્ચાર્યા એનાથી ચકુભાઈ નાગરનું હૃદય વીંધાઈ ગયું.

એને પોતાના રસાસ્વાદ ઉપર ભારોભાર પસ્તાવો થવા લાગ્યો.

કોણ જાણે શું આશ્ચર્ય થયું. સ્વામી જેવા સંતને પરમ નિઃસ્વાદી જાણ્યા બાદ ચકુભાઈ નાગરનો રસાસ્વાદ ક્યાંય ઊડી ગયો !

ચકુભાઈ નાગર ઘરે આવ્યા. બપોરના સમયે જમવા બેઠા. એમના પત્ની એમને પીરસી રહ્યા હતા. મનમાં બીક હતી કે, 'હમણાં ધખશે, વઢશે અને ઝઘડો કરશે.' પણ ચકુભાઈ કંઈ બોલ્યા નહિ. ઘરના સભ્યોને ભારે આશ્ચર્ય થયું.

આમને આમ ચાર પાંચ દિવસ વીત્યા એટલે એમનાં પત્નીથી રહેવાયું નહીં. એમણે પૂછ્યું, 'અમે આ શું ચમત્કાર જોઈ રહ્યા છીએ? ગમે તેવી સારી રસોઈ હોય તોય પણ કંઈકને કંઈક વાંક-ખોટ્ય કાઢીને તમે વઢ્યા સિવાય રહ્યા નથી અને આ ચાર પાંચ દિવસથી કંઈ બોલ્યા નથી .એનું શું કારણ છે?'

ચકુભાઈ બોલ્યા, 'કારણ તો મનેય સમજાતું નથી, પરંતુ ચાર પાંચ દિવસ પહેલા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું નિઃસ્વાદીપણું જોઈ મારા મનમાં અત્યંત અહોભાવ થયો હતો ત્યારથી મારો રસાસ્વાદ સમાપ્ત થઈ ગયો છે ! મોટા પુરુષને વિષે ગુણબુદ્ધિનું જ આ પરિણામ છે એવું મને લાગે છે.'

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણના શબ્દો ખરેખર ચમત્કારિક છે. 'મોટા પુરુષને જેવા જાણે એવો પોતે થાય.'

## ધન સ્ત્રીના ત્યાગી સાધુ લેતા આવજો

વડતાલની છાવણી પૂરી કરી, ગુણાતીતાનંદ સ્વામી પાછા જૂનાગઢ પધાર્યા હતા.

આ અરસામાં જૂનાગઢના દીવાન હરિદાસજી અને કેટલાક નાગર બ્રાહ્મણો કાશીની જાત્રા કરવા માટે જઇ રહ્યા હતા. જાત્રાએ નીકળતા પહેલા તેઓ સ્વામીના આશીર્વાદ લેવા માટે મંદિરે આવ્યા અને સ્વામીના દર્શન કરી થોડીવાર સભામાં બેઠા.

દીવાન હરિદાસજીએ કહ્યું, ‘‘સ્વામી ! અમે જાત્રાએ જઈએ છીએ, તો રૂડા આશીર્વાદ આપો.’’ સ્વામીને થયું, ‘‘અડસઠ તીરથ જેમના ચરણમાં હોય, એવા સંત સામે બેઠા છે પણ જીવને સમજાતા વાર લાગે છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘દીવાનજી ! અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ, તમારી યાત્રા સુખરૂપ પૂરી થાય.’’

દીવાનજીએ વિવેકથી સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! અમે જાત્રાથી પાછા વળીએ ત્યારે તમારા માટે શું લેતા આવીએ ?’’

દીવાનજીની વાત સાંભળીને સ્વામીને મનોમન હસવું આવ્યું અને સ્વામી બોલ્યા, ‘‘દીવાનજી ! અમારે તો મહારાજ મળ્યા, એટલે પૂર્ણકામ છીએ. અમારે બીજી કોઈ વસ્તુની જરૂર નથી.’’

દીવાનજીએ ફરીથી આગ્રહપૂર્વક કહ્યું, ‘‘સ્વામી ! આપની વાત સાચી છે છતાં પણ અમારે લાયક કંઈક સેવા ચીંધો, તો અમને આનંદ થશે.’’

સ્વામીને મનમાં થયું, ‘‘દીવાનજી સાત્ત્વિક જીવ છે. માટે સાચી વાત સમજાય, એવું તો કરવું પડશે.’’ આમ વિચારી સ્વામી બોલ્યા, ‘‘દીવાનજી ! આ તમારી સામે સભામાં સાધુઓ બેઠા છે, એને જુઓ છો ને ?’’

દીવાનજીએ કહ્યું, ‘‘હા, સ્વામી ! ભારે પવિત્ર સંતો છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘દીવાનજી ! તમે જાત્રાએ જશો, ત્યાં તો અનેક સાધુ-સંતો રહેતા હશે, એમાંથી ધન અને સ્ત્રી, આ બેથી વિરક્ત હોય, એવા બે સારા સાધુ લેતા આવશો, તો અમને મંદિરની સેવામાં કામ લાગશે.’’

દીવાનજી ભારે ચતુર હતા પણ જાત્રાએ જવાની ઉતાવળમાં સ્વામીના વચનનો મર્મ પામી શક્યા નહિ. એમણે કહ્યું, ‘‘સ્વામી ! ભલે, અમે અવશ્ય બે સારા સાધુ શોધીને લેતા આવશું.’’

દીવાનજીની વાત સાંભળી સ્વામી હસ્યા પણ કાંઈ બોલ્યા નહીં.

દીવાનજી સંઘ લઈને જાત્રાએ નીકળ્યા. દીવાનજી જ્યાં જ્યાં જતાં તીર્થોમાં

સ્નાન કરતાં, દેવ-દર્શન કરતાં, તીર્થવાસી સાધુ-સંતોની સેવા કરતાં.

એમના મનમાં સ્વામીની આજ્ઞા રમી રહી હતી, ધન અને સ્ત્રીના ત્યાગી હોય,એવા બે સારા સાધુ લેતા આવજો.

દીવાનજી આવા સારા સાધુની તપાસ કરતા રહેતા . સાધુ તો ઘણા હતા પણ ધન અને સ્ત્રી, બેયના ત્યાગી હોય, એવા સાધુ મળવા ભારે મુશ્કેલ હતા.

દીવાનજી કાશીની જાત્રા પૂરી કરી પાછા આવ્યા, પણ એમને ક્યાંય સ્વામીએ મંગાવેલું સંપેતરું મળી શક્યું નહિ !

દીવાનજી ફરીથી સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ હસીને પૂછ્યું, ''કેમ, દીવાનજી ! અમારું સંપેતરું લઈ આવ્યા ?''

શાણા દીવાનજીએ બે હાથ જોડીને કહ્યું, ''મા-બાપ ! તમારું સંપેતરું તો તમારી પાસે જ છે. તમારી પાસે જેવા સાધુ છે, એવા સાધુ બ્રહ્માંડમાં ક્યાંય મળે એમ નથી.''

''અમે ઘણા ઘણા સાધુ-સંતોને મળ્યા. કોઈ સારી કથા-વાર્તા કરતા હતા, કોઈ યોગ-સાધના કરતા હતા, કોઈ ભજન-સ્મરણ કરતા હતા, કોઈ ભારે તપસ્વી હતા, પણ ધન અને સ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ કર્યો હોય, એવા સાધુ અમારા જોવામાં ક્યાંય આવ્યા નહિ.''

સ્વામીએ કહ્યું, દીવાનજી ! માણસો જાત્રાએ જાય છે પણ આવા પવિત્ર સંતોના ચરણમાં તો અડસઠ તીરથ વસતા હોય છે પરંતુ એ વાત જીવને સમજાઈ જાય તો કામ થઈ જાય. ધન અને સ્ત્રીનો હૃદયથી ત્યાગ કર્યો હોય એવા સાધુનો મહિમા શાસ્ત્રોમાં લખાયો છે.

कनक कान्तासूत्रेण वेष्टितं सकलं जगत् ।
तासु तेषु विरक्तो यो द्विभुजो परमेश्वरः ॥

''સ્ત્રી અને સુવર્ણના દોરડાંથી સમસ્ત જગત બંધાયેલું છે. એ બન્નેથી જે વિરક્ત હોય તે બે હાથ અને બે ચરણવાળો ભગવાન છે.

## માંદલે શરીરે મૂળી કેમ જશો ?

પંચાળામાં ચારણ જ્ઞાતિના ખીમા ટાલીયા નામના હરિભક્ત રહેતા હતા. તેઓ ખૂબ સારા ભક્ત હતા. સમય જતા તે પોતાના પુત્ર-પરિવાર સાથે આળેશના નેસમાં રહેવા ગયા હતા.

તેઓએ ઘણી ભેંસો રાખી હતી. એમને ત્યાં ઘી-દૂધનો પાર નહોતો. તેઓ નિયમિત રીતે રાધારમણદેવનો ધર્માદો કાઢતા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો એમના ઉપર ખૂબ રાજીપો હતો. જૂનાગઢમાં અન્નકૂટનો સમય આવે એટલે સ્વામી સ્વયં ઘી એકઠું કરવા માટે નેસડાઓમાં જતા.

સ્વામી જૂનાગઢથી નીકળી જાળીયે પધારતા. જાળીયાના આહિર રાણીંગભાઈ, સામતભાઈ અને કરમણભાઈને સાથે લઈને નેસડાઓમાં ફરતા ફરતા આળેશના નેસ પધારતા.

સ્વામીને પધારેલા જોઈ ખીમો ચારણ અને એમનો સમસ્ત પરિવાર ખૂબ જ રાજી થતા અને અન્નકૂટ માટે ઘીનું કુડલું ભરી દેતા.

સ્વામીના સમાગમથી ખીમા ભગતના હૈયામાં મહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ થઈ હતી.

એક વખત અન્નકૂટનો સમૈયો નજીક આવી રહ્યો હતો. સ્વામી કાર્યવશાત્ ઘી ઉઘરાવવા માટે નીકળી શકે તેમ નહોતા, એટલે સ્વામીએ કોઈ બે સાધુને કહ્યું કે, ‘‘તમે આળેશના નેસમાં જઈને ખીમા ભગતને ત્યાંથી ઘી લઈ આવો.’’

પેલા બેય સાધુ સ્વભાવના જાડા અને મનનું ધાર્યું કરે તેવા હતા. એમણે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! અમે એટલે બધે દૂર ચાલીને કેમ જઈએ ? અમારા શરીર સાવ માંદલા જેવા છે ?’’ સ્વામીને આ બેયની અજ્ઞાનતા ઉપર દયા આવી. એ કાંઈ માંદા નહોતા, શરીરે નબળા નહોતા, પણ જવાની દાનત નહોતી એટલે શરીરનું બહાનું કાઢતા હતા.

બ્રહ્માંડના અધિપતિ દેવતાઓ પણ જેમની આજ્ઞામાં વરતે તેવા સ્વામીએ વાત પડતી મેલી અને સ્વામી હરિપ્રસાદદાસજી અને સ્વામી વામનપ્રસાદદાસજીને ઘી લેવા ખીમા ભગતને ત્યાં મોકલ્યા.

સ્વામીની આજ્ઞા થવાથી બંને સાધુઓ અત્યંત હરખેથી ઘી લઈ આવ્યા અને સ્વામીનો રાજીપો મેળવી લીધો.

હવે, બન્યું એવું કે, મૂળીમાં વસંત પંચમીનો સમૈયો નજીક આવી રહ્યો હતો. મૂળીનો આ સમૈયો પૂરા સત્સંગમાં વખણાતો. આ સમૈયામાં હજારો હરિભક્તો ભેગા થતા. દેશ-દેશના સાધુ-સંતો પણ પધારતા અને અમદાવાદથી આચાર્ય શ્રીકેશવપ્રસાદજી મહારાજ પણ આ પ્રસંગે ખાસ પધારી સર્વને દર્શન દેતા અને રંગોત્સવનું સુખ આપતા.

હવે,પેલા બે સાધુઓ કે જેમણે શરીરનું બહાનું કાઢીને ઘી લેવા જવાની ના

પાડી હતી. તેઓના હૈયામાં મૂળીના સમૈયામાં જવાનો ભારે અભરખો હતો.

બેય જણા ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયા અને કહ્યું, "સ્વામી ! અમારે મૂળી જવું છે, તો રજા આપો."

આ સાધુઓની આગળની વાત સંભારીને સ્વામીને મનોમન હસવું આવ્યું અને બોલ્યા, "સાધુરામ ! તમારા શરીર તો સાવ માંદલા છે, હાલી શકવાની ત્રેવડ નથી, મૂળી આંહીથી ખૂબ દૂર છે, તો તમે કેમ પહોંચશો ?"

પેલા સાધુ બોલ્યા, "સ્વામી ! એ તો ધીરે ધીરે ચાલતા પહોંચી જશું, વાંધો નહિ આવે."

સ્વામીને થયું, "જીવની અવળાઈ તો જુઓ, મન ધાર્યું કરવામાં જીવને મજા આવે છે. મનધારી વાત ન હોય તો માંદા થઈ જાય છે અને મનધાર્યું હોય તો સાજા થઈ જાય છે!"

"ઘણા જીવ મોટા સત્પુરુષોની ભેળા રહેતા હોય પરંતુ સત્પુરુષોની રુચિ સમજી શકતા નથી અને કરોળિયાના જાળા જેવી મનની ધારણાઓના જાળામાં ગૂંચવાઈ મરે છે."

## વિહારીલાલજી મહારાજને વર્તમાન

આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજનો જન્મ વિ.સં.૧૯૦૮ ના ચૈત્ર વદી અમાસને દિવસે સરવાર દેશમાં બુમોલી ગામે તેમના મામાને ત્યાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ કૃષ્ણપ્રસાદજી મહારાજ હતું. કૃષ્ણપ્રસાદજી મહારાજ મોટે ભાગે વડતાલમાં જ રહેતા હતા.

થોડા મોટી ઉંમરના થયા ત્યારે કૃષ્ણપ્રસાદજી મહારાજ તેમને તેડવા સરવાર દેશ ગયા હતા.

આશરે વિ.સં. ૧૯૧૫ ની સાલ હતી. કૃષ્ણપ્રસાદજી મહારાજ એમના પત્ની તેમજ બાળ લાલજી વિહારીલાલજીને લઈને વડતાલ પધાર્યા હતા.

આજ અરસામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ ચૈત્ર સુદી નવમીનો સમૈયો કરવા માટે વડતાલ પધાર્યા હતા.

કૃષ્ણપ્રસાદજી મહારાજ અને એમના પત્નીને મનમાં થયું, "આપણા બાળકને સ્વામી જેવા સમર્થ પુરુષ કંઠી બાંધી અને આશીર્વાદ આપે તો સારું !"

કૃષ્ણપ્રસાદજી મહારાજ અને તેમના હજુરી સેવક પુરબીયા વિશ્રામ બાલ વિહારીલાલજીને સાથે લઈને સ્વામી પાસે આવ્યા.

કૃષ્ણપ્રસાદજી મહારાજને આવેલા જોઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એકદમ ઊભા થયા અને ભાવથી ધર્મકુળનું સ્વાગત કર્યું.

કૃષ્ણપ્રસાદજી મહારાજે બાળ વિહારીલાલજી મહારાજને સ્વામીના ચરણ પાસે મૂક્યા અને કહ્યું, આપ આને આશીર્વાદ આપો અને વર્તમાન ધરાવો.

સ્વામી અત્યંત રાજી થયા અને વિહારીલાલજી મહારાજને વર્તમાન ધરાવી સ્વામી બોલ્યા, ''આ બાળક તો સંપ્રદાયના મહાન આચાર્ય થશે.''

આ પાવનકારી પ્રસંગને યાદ કરીને વિહારીલાલજી મહારાજે કીર્તનકૌસ્તુભમાળામાં કહ્યું છે,

**"અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી, એણે આપ્યા વર્તમાન,**
**પોતે પાળીને પછી પળાવે, જનને દે છે ઘણું જ્ઞાન રે..**
**આવોજી અવતારી..."**

સમય જતાં સ્વામીના આશીર્વાદ ફળ્યા. વિહારીલાલજી મહારાજ સંપ્રદાયના મહાન આચાર્ય થયા.

ભગવાન સ્વામિનારાયણ સ્વધામ પધાર્યા બાદ વિહારીલાલજી મહારાજનો સમય સુવર્ણકાળ ગણાય છે.

વિહારીલાલજી મહારાજ સ્વયં મહાન વિદ્વાન અને વિદ્વાનોને આદર આપનારા હતા.

તેઓ ધર્મમર્યાદાનું દૃઢતાથી પાલન કરતા હતા અને સંતો-હરિભક્તોને પણ ધર્મમર્યાદામાં વર્તાવતા હતા.

વિહારીલાલજી મહારાજના ધર્મમય જીવનથી સંપ્રદાય અને ધર્મકુળની કીર્તિ વિશેષ ઉજ્જવળ બની હતી.

વિહારીલાલજી મહારાજને પંચવર્તમાનનું પાલન કરનારા ભગવાનના એકાંતિક સાધુઓ ઉપર ખૂબ જ હેત હતું. મોટા મોટા નંદ સંતોને એમણે રાજી કર્યા હતા.

તેઓ અવાર-નવાર છાવણીઓ (શિબિર) કરતા. સમસ્ત વડતાલ દેશના સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ આ છાવણીમાં એકઠા થતા. દિવસો સુધી જ્ઞાન-વાર્તાઓ થતી.

આવી છાવણીઓને લીધે સત્સંગમાં ખૂબ જ જાગૃતિ આવતી હતી. આચાર-વિચારમાં ક્યાંક થોડી શિથિલતા આવી ગઈ હોય તો તે દૂર થતી.

વિહારીલાલજી મહારાજે ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીની વસ્તુઓ સુરક્ષિત રહે અને દીર્ઘ કાળ સુધી જળવાઈ રહે તે માટે મંદિરથી દક્ષિણાદિ કોરે

અતિ દિવ્ય અને ભવ્ય અક્ષરભુવન બંધાવેલું છે. જેમાં શ્રીહરિની પ્રસાદીની અમૂલ્ય વસ્તુઓનો કાળજીપૂર્વક સંગ્રહ કરવામાં આવેલો છે.

વિહારીલાલજી મહારાજના સમયમાં સંપ્રદાયમાં સાહિત્યના સંશોધનનું કાર્ય મોટા પાયે થયું હતું.

મહારાજશ્રીએ ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિ અને ભગવાન સ્વામિનારાયણના અનન્ય અનુયાયી શ્રીદલપતરામને પૂર્ણ માન-સન્માન સાથે વડતાલ મહિનાઓ સુધી રોક્યા હતા અને એમના દ્વારા શ્રીહરિલીલામૃત જેવા અનુપમ ગ્રંથની રચના કરાવી હતી.

એ સમયના મોટા મોટા સદ્‌ગુરુ સંતોએ જૂના જૂના હસ્તલિખિત ખરડાઓ એકઠા કરી એનું સંશોધન કરી ભગવાન સ્વામિનારાયણના આ દિવ્ય લીલામય ગ્રંથની રચનામાં ખૂબ જ સહયોગ આપ્યો હતો.

## સ્વામિનારાયણને ત્યાં તો વાળે એ મહંત

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાણી અને વર્તનની સુગંધ સમસ્ત સત્સંગમાં અને વિશેષ કરીને સોરઠમાં પ્રસરેલી હતી. સ્વામીના પ્રભાવથી પરોક્ષના સંતો-મહંતો અને અનુયાયીઓ પણ આકર્ષાયા હતા.

કહેવાય છે કે સૌરાષ્ટ્રની પ્રાચીન અને પ્રસિધ્ધ જગ્યાના મહંત ગુણાતીતાનંદ સ્વામીને મળવા માટે જૂનાગઢ મંદિરે આવ્યા હતા.

એમણે ભારે રેશમી વસ્ત્રો ધાર્યા હતા. સ્ફટિક, માણેક, મોતીની માળાઓ પહેરી હતી. હાથમાં સોનાના કડાં શોભતા હતા.

સવારનો સમય હતો. ગુણાતીતાનંદ સ્વામી દરરોજના ક્રમ પ્રમાણે મંદિરનો ચોક વાળી રહ્યા હતા. પેલા મહંતે ગુણાતીતાનંદ સ્વામીને ક્યારેક જોયેલા નહિ, એટલે સ્વામીને ઓળખતા નહોતા.

એમણે ચોક વાળી રહેલા સ્વામીને જ પ્રશ્ન કર્યો કે, ‘‘મારે અહીંના મહંતને મળવું છે. તો ક્યાં મળશે ?’’

‘દેહદર્શી દેખે પોતે જેવા સંસારી’ એ ન્યાયે તરણેતરના મહંતે આવા મોટા મંદિરના મહંત વિષે ભારે ઠાઠ-માઠ વાળી કલ્પના કરી રાખી હતી.

‘મંદિરના મહંત સાવરણો લઈને ચોક વાળતા હોય’ એવી તો એને કલ્પના પણ ક્યાંથી હોય ?

ચોક વાળતા-વાળતા સ્વામીએ કહ્યું, ‘‘આ સભામંડપના પેલા થાંભલા પાસે

બેસો, થોડીવારમાં મંદિરના મહંત ત્યાં આવશે.''

તરણેતરના મહંત દિવ્ય ગુણાતીત સભામંડપના ગુણાતીત થાંભલા પાસે બેસી મહંત આવે એની રાહ જોવા લાગ્યા.

આ બાજુ સ્વામીએ સાવરણો એક બાજુ મૂક્યો, હાથ-પગ ધોયા પછી સભા-મંડપમાં પધાર્યા અને થાંભલા પાસેથી પોતાની બેઠકે બિરાજમાન થયા.

પેલા મહંત આભા બનીને સ્વામીની સામે જોઈ રહ્યા. એને થયું, ''અરે ! આ તો જે ચોક વાળતા હતા એ જ સંત છે.''

મહંતે પ્રશ્ન કર્યો, ''મહારાજશ્રી ! આપશ્રી જ મહંત છો ?''

સ્વામીએ હસીને કહ્યું, ''હા મહંતજી! અહીના મહંત અમે જ છીએ.''

સ્વામીનું સાદું આસન, સાદા વસ્ત્રો, અને પ્રતાપી મુખમુદ્રા મહંતના અંતરમાં પ્રભાવ પાથરી રહી હતી. મહંત અંગેની એની બધી જ ધારણાઓ ઊંધી ચતી થઈ ગઈ હતી. સ્વામીના સીધાં-સાદાં વસ્ત્રો અને સામે મહંતના ભારે ભારે વસ્ત્રો અને કિંમતી આભૂષણો જાણે ઝાંખા પડી રહ્યા હતા.

મહંતના મનમાં ભારે આશ્ચર્ય થઈ રહ્યુ હતું કે, ''અરે ! મહંત થઈને ચોક વાળે !''

એમનાથી રહેવાયું નહિ એટલે પૂછ્યું, 'આપ મહંત થઈને ચોક વાળો છો ? આપને ત્યાં સેવા ચાકરી કરનાર ચેલા કે નોકર ચાકર નથી ?'

સ્વામી બોલ્યા, ''મહંતજી ! અમારે ત્યાં ચેલાઓનોય પાર નથી અને સેવકોનોય પાર નથી, પરંતુ ભગવાન સ્વામિનારાયણને ત્યાં તો વાળે એ જ મહંત કહેવાય ! અમારો મારગ તો સેવાનો મારગ. માન-મોટ્યપ અને રાજસી ઠઠારા અમને ન પોસાય.''

મહંતજી દૈવી જીવ હતા, એમણે સ્વામીને વંદન કર્યા અને કહ્યું, ''સ્વામી ! સાચા મહંત કોને કહેવાય ? એની આજ ખબર પડી.''

મહંતજીએ કહ્યુ, ''સ્વામી ! તમે અહીં કેટલા વર્ષથી મહંતાઈ કરો છો ?''

સ્વામીએ કહ્યુ, ''મહંતજી ! અમે અહીં ચાલીસ વર્ષથી મહંતાઈ કરીએ છીએ.''

મહંતને મનમાં આશ્ચર્ય થયું, ''અરે ! આ સ્વામી ચાલીસ વર્ષથી મહંતાઈ કરે છે ! કોઈને એની મહંતાઈ લઈ લેવા માટે હરિફાઈ જાગતી નહિ હોય ?''

મહંતજીના વિચારોને અંતર્યામીપણે પારખી સ્વામી ઊભા થયા, થાંભલાની ખીલીએ ટીંગાતી પોતાની ઝોળી નીચે ઉતારીને સ્વામી બોલ્યા, ''મહંતજી ! આ

ઝોળીમાં રહેલી પૂજા, માળા, મૂર્તિ, લાકડાનું તિલકીયુ અને ગોપી-ચંદન આટલી જ મારી મૂડી છે. આમાં કોને લોભ-લાલચ જાગે કે મારો હરીફ થાય !''

વળી સ્વામી બોલ્યા, ''મહંતજી ! માઠું ન લગાડશો, મારે તમને એક વાત પૂછવી છે, મારી ચાલીસ વર્ષની મહંતાઈ દરમ્યાન તમારે ત્યાં કેટલાંય મહંત ગુજરી ગયા. તમે હૈયા ઉપર હાથ રાખીને કહો, આમાંથી એકેય મોતે મૂવા છે ?''

મઠની મિલ્કતના ધણી થવા માટે ઉત્તરોત્તર શિષ્યોએ કરેલા કાવા-દાવા તરફ સ્વામી ઈશારો કરી રહ્યા હતા.

સ્વામીનો સવાલ સાંભળી મહંતને આંચકો લાગ્યો, એમણે નિખાલસભાવે એકરાર કર્યો, ''સ્વામી ! આપની વાત સાચી છે !''

સ્વામીએ કહ્યું, 'મહંતજી ! આ કોઈ એક મઠની વાત નથી, બીજી પણ ઘણી સમૃધ્ધ જગ્યાઓ છે. એમાંથી પણ કેટલાકના એવા જ હાલ થયા છે. કાંતો કોઈ કમોતે મરે છે, કાંતો કોઈ વધારે પડતા ભોગથી મરે છે, કાંતો કોઈને લાલચુ ચેલાઓ વહેલા સ્વધામ પહોંચાડી દે છે.'

સ્વામીએ વાણીનો પ્રવાહ આગળ ધપાવતા કહ્યું, ''મહંતજી ! ધન-સંપત્તિના અંગત સંગ્રહો ધર્મગુરુઓની શોભા નથી, સાધુ તો નિસ્પૃહી અને અપરિગ્રહી હોવા જોઈએ, સાધુઓ જો સંગ્રહ કરવા માંડે તો એમાં અને સંસારીઓમાં શો ભેદ ?''

સ્વામીના હિત વચનો મહંતજીના અંતરમાં કોતરાઈ રહ્યા હતા. એમના હૈયામાં સ્વામી પ્રત્યે ભારે અહોભાવ પેદા થયો હતો.

સ્વામીની વાત આંખો ઉઘાડી નાખનાર હતી. ગુણાતીતાનંદ સ્વામીના વચને મહંતજીનો આત્મા જાગી ગયો.

ગોરખ જતિ કહે છે...

**જાગતા નર સેવીએ સાધો ! જાગતા નર સેવીએ**

ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢના જાગતા જોગી હતા.

# હાલારના મુક્ત રામ ભંડેરી

ભગવાન સ્વામિનારાયણના સમયમાં હાલારમાં અઢાર મુકતો થયા હતા.

તેમાંના એક હતા રામ ભંડેરી. રામ ભંડેરી સંજોગવશાત્ અમરેલી પાસેના ચાડીયા ગામે જઈને વસ્યા હતા.

રામ ભંડેરી ઉપર ભગવાન સ્વામિનારાયણનો ખૂબ જ રાજીપો હતો.

શ્રીજી મહારાજે પોતાનો દિવ્ય અલૌકિક પ્રતાપ જણાવીને અનેકવાર રામ ભંડેરીની રક્ષા કરી હતી.

રામ ભંડેરીએ ગુણાતીતાનંદ સ્વામી સાથે પોતાનો જીવ જોડ્યો હતો. તેઓ સ્વામીનો સમાગમ કરવા માટે અવાર-નવાર જૂનાગઢ જતા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ રામ ભંડેરીનો મહિમા યથાર્થ જાણતા હતા. બન્ને બાળ ગોઠિયા હતા. સાધુના મંડળો જ્યારે ગામડે ફરવા જતા ત્યારે સ્વામી ભલામણ કરતા કે, ''સાધુની રીતભાત એવી હોવી જોઈએ કે જેથી હરિભક્તોને ગુણ આવે.''

**"સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય."**

''ઘણા હરિભક્તો એવા હોય કે જેને ઉપદેશ આપવાનો હોય. જ્યારે કેટલાક હરિભક્તો એવા હોય, જેનો સમાગમ આપણે સાધુએ કરવાનો હોય.''

વળી સ્વામી ભલામણ કરતા કે, ''કેટલાકને દર્શન દેવા જાવું અને કેટલાંકના દર્શન કરવા જાવું.''

સંતો પૂછે કે, ''સ્વામી ! દર્શન કરવા જેવા હરિભક્ત કોણ કોણ છે ?''

ત્યારે સ્વામી કહેતા કે 'નેનપુરના દેવજી ભગત, હામાપરના કરસન બાંભણિયા, બગસરાના વેલાભાઈ સથવારા અને ચાડીયાના રામ ભંડેરી વગેરે હરિભક્તો દર્શન કરવા જેવા છે.'

આ બધા હરિભક્તોએ ભગવાન સ્વામિનારાયણનો ખૂબ જ રાજીપો મેળવેલો છે.

આ રીતે સ્વયં ગુણાતીતાનંદ સ્વામી રામ ભંડેરીની પ્રશંસા કરતા.

એક વાર ગુણાતીતાનંદ સ્વામી અમરેલી વિસ્તારમાં વિચરણ કરતાં કરતાં ચાડીયા ગામે રામ ભંડેરીને ત્યાં પધાર્યા.

સ્વામીના આગમનથી રામ ભંડેરી ખૂબ જ રાજી થયા. રામ ભંડેરી અને સ્વામી કલાકો સુધી સાથે બેસીને મહારાજના મહિમાની વાતો કરતા.

એવામાં એક પ્રસંગ એવો બન્યો કે, સ્વામી ચાડીયા પધાર્યા છે એ જાણીને જાળિયાના જેઠા ભગત સ્વામીના દર્શને આવ્યા.

જેઠા ભગત બાળા ભોળા ભગત હતા, એમણે સ્વામીની પાસે શ્રીફળ મૂક્યું અને ખિસ્સામાંથી રાણી સિક્કાનો એક રૂપિયો કાઢી સ્વામીના ચરણ ઉપર મૂક્યો અને પગે લાગ્યા.

આ જોઈને એક સાધુથી રહેવાયું નહિ, એ તરત બોલી ઊઠ્યા, ‘અરે ભગત! શું કરો છો ? સ્વામીના પગ ઉપર રૂપિયો ન મેલાય, રૂપિયાને અડવાથી સ્વામીને ઉપવાસ કરવો પડે.’

સાધુના આ આકરા વેણથી બિચારો જેઠો ભગત હેબતાઈ ગયો. આ જોઈને સ્વામી બોલ્યા, ‘સાધુરામ! રૂપિયો અડવાથી ઉપવાસ ન પડે, રૂપિયા રાખવાથી ઉપવાસ પડે. પગને રૂપિયો અડે તો પગ ધોવાથી શુદ્ધિ થઈ જાય પણ જે સાધુ પોતાના અંગત સ્વાર્થ માટે રૂપિયા રાખશે એને તો બહુ ભારે પ્રાયશ્ચિત્ત કરવા પડશે.’

આટલું કહી સ્વામીએ પોતાના પગ ઉપર રહેલા રૂપિયાને ધીમેથી નીચે સરકાવ્યો અને રામ ભંડેરીને કહ્યું, ‘રામ ! આ રૂપિયો લઈ લ્યો, પછી દેવને કોઠારે જમા કરાવી દેજો.’ ધર્મ પાળવામાં કેમ વિવેક રાખવો એની રીત સ્વામીએ સમજાવી.

એકવાર જેઠાભગતની મુમુક્ષુતા જોઈને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું કે આ જેઠો તો સાધુ થાય એવો છે. સમય જતાં સ્વામીના વચન પ્રમાણે જેઠા ભગત સાધુ થયા હતા એમનું નામ નિર્ગુણદાસજી હતું. તેઓ બાલમુકુન્દદાસજી સ્વામીની આજ્ઞાથી જેતપુર મંદિરમાં વધારે રહેતા હતા.

## બાજરાના ડૂંડાનો ઉપદેશ

સ્વામી ચાડીયા ગામે વિરાજતા હતા. સ્વામીના મુખેથી ગંગાની ધારા જેવો કથાવાર્તાનો પ્રવાહ વહી રહ્યો હતો. બપોર થવા આવ્યા. સંતોએ રસોઈ તૈયાર કરી દીધી હતી. ઠાકોરજીને થાળ ધરવામાં આવ્યા. જમવા માટે સંતોની પંક્તિ થઈ.

રામ ભંડેરી અને જેઠો ભગત દૂરથી દંડવત્ કરી ઠાકોર જમાડી રહેલા

સ્વામીના દર્શન કરવા લાગ્યા.

આજ પોતાને ત્યાં સંતમંડળ સહિત સ્વામી પધાર્યા એનો રામ ભંડેરીને ખૂબ જ આનંદ હતો.

બપોર પછી સ્વામી રામ ભંડેરીની વાડીયે સ્નાન કરવા પધાર્યા. સ્વામી તથા સંતો સ્નાન કરી મહારાજનું ધ્યાન ધરવા લાગ્યા.

થોડી વાર પછી સ્વામીએ નેત્રો ખોલ્યા, સ્વામીની દૃષ્ટિ ખેતરમાં ઊભેલા બાજરીના થૂંબડા ઉપર પડી.

થૂંબડું ભારે જામ્યું હતું. એક જ થૂંબડામાંથી સાત થરા ડૂંડા થયા હતા.

સ્વામી બોલ્યા, 'રામ ! બાજરાનું આ થૂંબડું તો ભારે છે !'

રામ ભંડેરીનું ધ્યાન પણ થૂંબડા તરફ ખેંચાયું.

સ્વામી બોલ્યા, 'રામ ! જુઓ આ એક ડૂંડું સૌથી મોટું છે. એમાં દાણા પણ ઘણા છે.'

રામભાઈ બોલ્યા, 'હા સ્વામી ! વાત બરાબર છે.'

સ્વામી કહે, 'રામ ! જુવો બીજા ડૂંડા ઉત્તરોત્તર એક બીજાથી નાના અને સાતમું ડુંડું તો હજુ માંડ માંડ છોડ બા'રું નીકળી રહ્યું છે.'

રામ ભંડેરી સમજી ગયા કે, સ્વામી ડૂંડાની વાત દ્વારા કંઈક ઉપદેશ દેવા માગે છે.

એમણે સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી ! આપ શું કહેવા માગો છો ? તે અમને વિગતે સમજાવો ?'

સ્વામી બોલ્યા, 'રામ ! બાજરાના થૂંબડાના આ સાત ડૂંડામાં નાના મોટાનો ભારે ભેદ છે. એ જ રીતે કલ્યાણમાં પણ ભેદ છે.'

'સર્વોપરી સર્વાવતારી ભગવાન શ્રીહરિને જેવા જાણીને ઉપાસના કરે એવી એને પ્રાપ્તિ થાય છે. માટે બાજરાના ડૂંડાની જેમ કલ્યાણમાં પણ ભારે ભેદ રહી જાય છે. માટે આપણને મળેલા મહારાજને સર્વકારણના કારણ, સર્વોપરી અને સર્વાવતારી જાણીને ઉપાસના કરવી. બીજું એકલો મહિમા સમજવાથી પણ નહિ ચાલે, મહિમાની સાથે સાથે શ્રીજી મહારાજે બાંધેલી મર્યાદામાં રહેવું પડશે, તો જ ડૂંડે દાણા ચડશે, નહિતર નહિ ચડે !'

ત્રીજું રખોપું ન રાખો તો પંખી દાણા ચણી જાય. એમ સદ્‌ગુરુનું રખોપું નહીં હોય તો ભરેલું ખેતર પણ ખવાઈ જશે, અને પછી તો ખાલી ખોખા રહેશે માટે મહારાજના એકાંતિક સત્પુરુષો સાથે જીવ જોડવો.

સ્વામીની વાત સાંભળી રામ ભંડેરીને ખૂબ જ આનંદ થયો. ડૂંડાની સાધારણ વાતમાંથી સ્વામીએ કેટલું મોટું રહસ્ય સમજાવ્યું !

સ્વામીની વાર્તા શૈલી અદ્‌ભુત હતી. તેઓ ઝીણામાં ઝીણી વાતને જાડા દૃષ્ટાંત સાથે જોડી, સીધી સાદી સરળભાષામાં જીવને ગળે ઉતારી દેતા.

## રામ ભંડેરીને મંદિર પાછું મળ્યું

ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રામ ભંડેરીએ પોતાના ગામમાં નાનકડું મંદિર કર્યું હતું.

હવે બન્યું એવું કે, ગામનાં ગાયકવાડી પટેલ દેવશી સત્સંગના દ્વેષી હતા. તેઓ યેનકેન પ્રકારેણ રામ ભંડેરીને હેરાન કર્યા કરતા.

રામ ભંડેરીએ મંદિર કર્યું એ દેવશી પટેલને ગમ્યું નહિ.

ગામમાં એક માથાભારે માણસ હતો, તે પટેલનો માનીતો હતો. ઢોરને પાણી પીવાનો અવેડો ભરતો એટલે તે અવેડીયો કહેવાતો.

દેવશી પટેલે એ અવેડીયાને ચડાવ્યો અને કહ્યું, ‘તું આજથી મંદિરમાં રહેવા જા.’

અવેડીયાએ દેવશી પટેલના કહેવાથી મંદિરમાં ધામા નાખ્યા અને ત્યાં એલફેલ વર્તન કરવા લાગ્યો.

રામ ભંડેરીને ભારે મૂંઝવણ થઈ અને એમણે મંદિરમાંથી મૂર્તિ લઈ વાડીએ પધરાવી અને મંદિર ખાલી કરી દીધું.

અવેડીયાએ આ રીતે પટેલની ચડામણીથી મંદિરનો કબજો કર્યો એટલે રામ ભંડેરીને અંતરમાં ખૂબ દુઃખ થયું.

રામભાઈએ અમરેલીના ગાયકવાડી અમલદારો પાસે ઘણી ફરિયાદો કરી પણ ગામના પટેલ ભારે પહોંચવાળા હોવાથી કોઈએ રામ ભંડેરીની ફરિયાદ સાંભળી નહિ. આખરે રામ ભંડેરી જૂનાગઢ ગયા અને ગુણાતીતાનંદ સ્વામીનાં દરબારમાં ધા નાખી!

સ્વામીએ કહ્યું, ‘રામ ! તમે મૂંઝાશો નહિ, ટૂંક સમયમાં મહારાજ સારાવાનાં કરશે અને મંદિર પાછું મળશે.’

સ્વામીની વાત સાંભળી રામ ભંડેરીના અંતરમાં શાંતિ થઈ. તેઓ પાછા પોતાને ગામ આવ્યા. થોડા દિવસ પસાર થયા ત્યાં સ્વામીના વચન સત્ય થવાની ઘડીઓ આવી પહોંચી.

વડોદરાના ગાયકવાડ સરકાર ગણપતરાવ પ્રજાના સુખદુઃખની સંભાળ લેવા માટે અમરેલી પધાર્યા. એમણે ચારે બાજુ ગામોગામ ઢંઢેરો પીટાવ્યો કે કોઈને કાંઈ પણ રાવ-ફરિયાદ હોય તો તેઓ વગર સંકોચે નામદાર મહારાજા પાસે પોતાની વાત રજૂ કરી શકે છે.

ગામડે ગામડે થઈ રહેલી આ ગાયકવાડી ઘોષણાને રામ ભંડેરીએ સાંભળી. તેઓ અમરેલી ગયા.

એમણે મહારાજ ગણપતરાવ પાસે નમ્રભાવે રજૂઆત કરી કે 'ગામમાં હું એક જ સત્સંગી છું. મેં એકલે હાથે ભગવાન સ્વામિનારાયણનું મંદિર કર્યું છે, પરંતુ ગામના પટેલે માથાભારે માણસ દ્વારા મંદિરનો કબજો લઈ લીધો છે તેથી મારે ભગવાનની મૂર્તિને વાડીયે લઈ જવી પડે છે, તો કૃપા કરી મને મંદિર પાછું અપાવો.'

ગાયકવાડ સરકારને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે ભારે ભાવ હતો.

એમણે તરત આદેશ કર્યો કે, 'આ ભગતને એમનું મંદિર પાછું સોંપવામાં આવે, એમાં જે અવરોધ કરે એને હદપાર કરવામાં આવે. ગામનો પટેલ અમારા આ આદેશનો અમલ ન કરે તો એની પટલાઈ પાછી ખેંચી લેવામાં આવે.'

મહારાજા ગણપતરાવ આ આદેશ કરી રહ્યા હતા એ જ સમયે ચાડીયા ગામનો વાળંદ ત્યાં બેઠો હતો, ગાયકવાડનો હુકમ સાંભળી વાળંદ એકદમ ઉતાવળો પટેલને ચાડી ખાવા ચાડીયા તરફ રવાના થયો, વાણંદ અસલ ચાડિયાનો નીકળ્યો !

વાણંદને રસ્તામાં જ દેવશી પટેલ સામે મળ્યા. તેઓ અમરેલી આવી રહ્યા હતા. વાણંદે રાજકચેરીમાં બનેલી સર્વ વિગત જણાવી, વાત સાંભળતા જ દેવશી પટેલના હાજા ગગડી ગયા. તેઓ અમરેલી જવાને બદલે તુરત જ પાછા વળ્યા અને ચાડીયા આવ્યા. રામ ભંડેરી ગાયકવાડના હુકમ સાથે ચાડીયા આવ્યા, પટેલે રામભાઈને સામેથી બોલાવીને મંદિર પાછું સોંપી દીધું અને રામ ભંડેરીને હેરાન કરવાની ખો કાયમ માટે ભૂલી ગયા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ભગવાન શ્રીહરિએ બધા જ સારાવાના કર્યા.

## માવજીનું દારિદ્ર દૂર કર્યું

રાજકોટમાં માવજીભાઈ નામે કડીયા હરિભગત હતા. ભગત ખૂબ સારા હતા પરંતુ પૂર્વના પ્રારબ્ધ કઠણ હોવાથી ગરીબાઈ આંટો લઈ ગઈ હતી.

ઘરના બે છેડા ભેળા કરવા એમને માટે ખૂબ કઠણ હતા.

માવજીભાઈને ગુણાતીતાનંદ સ્વામી ઉપર ખૂબ હેત હતું. તેઓ અવાર-નવાર જૂનાગઢ જતા હતા. સ્વામીનો સમાગમ કરતા હતા અને દેહે કરીને નાની-મોટી સેવાઓ કર્યા કરતા હતા.

તુલસીદાસજીએ કહ્યું છે,

**"પડા રહે દરબારમેં, ધક્કા ધણીકા ખાય,**
**કબહુક લહેર સમુદ્ર કી, દુ:ખ દારિદ્ર જાય."**

એક વખત ગુણાતીતાનંદ સ્વામીના મનમાં થયું, "આ માવજી ભગત સારો છે પણ વ્યવહારે નબળો છે. મહારાજ આનું દારિદ્ર ટાળે."

આવો કરુણામય સંકલ્પ કરી સ્વામીએ કહ્યું, "એલા માવા ! તારા ખીસ્સામાં કેટલા રૂપિયા છે ?"

માવજીભાઈ બોલ્યા, "સ્વામી ! રૂપિયો તો નથી પણ વાટ-ખર્ચીના ચાર આના છે."

સ્વામી કહે, "માવા ! તું સાધુને રસોઈ આપ."

માવજીભાઈએ કહ્યું, "સ્વામી ! રસોઈ દેવાનું તો ઘણું મન થાય છે પણ પૈસા ક્યાં ?"

સ્વામી કહે, "આ ચાર આના છે ને !"

માવજીભાઈ હસીને કહે, "સ્વામી ! ચાર આનામાં થોડી રસોઈ થાય !"

સ્વામી કહે, "માવા ! રસોઈ તો તુલસીને પાંદડેય થઈ જાય, ચાર આના તો બહુ કહેવાય."

"તું એમ કર. મોદીખાને જા અને ચાર આનાના દાળિયા લઈ આવ. આજ મારે તારા દાળિયા ખાવાનો વિચાર થયો છે."

માવા ભગતને કલ્પના નહોતી કે સ્વામી દાળિયા ખાઈને મારું દારિદ્ર કાઢવા માગે છે!

સ્વામીની આજ્ઞા થઈ એટલે માવજીભાઈ ભારે હરખભેર દાળિયા લેવા ગયા.

રસ્તામાં એક સાધુ મળ્યા. એણે પૂછ્યું, "માવજીભાઈ ક્યાં જાવ છો ?"

માવજીભાઈએ કહ્યું, "સ્વામીએ કીધું છે માટે દાળિયા લેવા જાઉં છું."

સાધુને સ્વામી હાર્યે ફાવતું નહોતું, એટલે એણે યુક્તિપૂર્વક કહ્યું, "માવજીભાઈ ! સ્વામી ધર્મનિષ્ઠ સંત છે વળી દિવસમાં એકવાર જમે છે, પછી અનાજ લેતા જ નથી, તો તમારા દાળિયા સ્વામી કેમ ખાશે ? એમાંય બજારના દાળીયા તો સ્વામી

ખાશે જ નહીં, માટે ખોટી દોડાદોડ કરો મા.''

માવજીભાઈ સાધુની યુક્તિ પારખી શક્યા નહિ. એને મન તો બધા સાધુ સરખા, એટલે સાધુની વાત સાંભળી માવજીભાઈ પાછા વળી ગયા અને સ્વામી પાસે આવ્યા.

સ્વામીએ પૂછ્યું, ''માવા ! દાળિયા લાવ્યો ?''

માવજીભાઈએ રસ્તામાં સાધુ મળ્યા, એ બધી વાત કરી.

સ્વામી સાધુની અવળાઈ જોઈને હસ્યા અને કહ્યું, ''માવા ! લોકમાં કહે છે. 'સારા કામમાં સો વિઘન' તનેય બલિરાજાની પેઠે શુક્રાચાર્ય આડો આવ્યો ખરો. એ સાધુ નહોતો પણ એના જીવમાં તારા પ્રારબ્ધે પ્રવેશ કર્યો હતો. પણ આજ અમે તારા પ્રારબ્ધનું કાંઈ હાલવા દેવાના નથી. તું પાછો જા અને કોઈનુંય સાંભળ્યા સિવાય દાળિયા લઈ આવ.''

માવજીભાઈ સ્વામીના વચને વાણિયાની હાટ્યે ગયા. સોંઘવારીનો જમાનો હતો. ચાર આનામાં ખોઈ ભરીને દાળિયા આવ્યા.

માવજીભાઈ દાળિયા લઈને સ્વામી પાસે આવ્યા. સ્વામીએ ભંડારી ગોવિંદચરણદાસજીને કહ્યું, ''સાધુરામ ! આ દાળિયાનો ભૂકો કરી નાખો, આપણે એ ભૂકો પંક્તિમાં પીરસવાનો છે.''

ગોવિંદ સ્વામીએ દાળિયાનો ભૂકો તૈયાર કર્યો. બપોરે સંતોની પંક્તિ થઈ.

સ્વામીએ દાળિયાનો એ ભૂકો સંતોના પત્તરમાં પીરસાવ્યો અને પછી સ્વામી પંક્તિમાં ઊભા થઈને બોલ્યા, ''પરમહંસો ! આજે આપણે આ માવાનું દારિદ્ર ખાઈ જવું છે. ભગવાન કૃષ્ણે ત્રણ મૂઠી તાંદુલમાં સુદામાને અઢળક સંપત્તિ આપી હતી, એજ રીતે આપણે માવાને ન્યાલ કરવો છે, માટે જમતી વખતે તમે બધા મહારાજને પ્રાર્થના કરજો કે, મહારાજ માવાના કઠણ પ્રારબ્ધને દૂર કરી એને ન્યાલ કરે અને એનું દ્રવ્ય સત્સંગ માટે વાપરે.''

પ્રગટ પુરુષોત્તમ નારાયણના પવિત્ર સંતો માવાના દાળિયા જમ્યા. સ્વામીના વચને અને પરમહંસોની પ્રાર્થનાથી માવાના ભાગ્ય આડેનું પાંદડું ખસવાનું થયું.

બે-ચાર દિવસ પસાર થયા એટલે સ્વામીએ માવજીભાઈને કહ્યું, ''એલા, માવા ! તું જાતનો કડીયો છો, સારો કારીગર છો, આમ બેસી રહે એ ન ચાલે. તું કરાંચીએ કમાવા જા.'' માવજીભાઈએ કહ્યું, ''સ્વામી ! આપ મારી નિર્ધનતાને જાણો છો. મારી પાસે કરાંચી જવા માટે વહાણના ભાડાની અને વાટ-ખર્ચીની ફૂટી દમડીય નથી. હું કરાંચી કેમ કરીને જાઉં ?''

“બીજું, હું ત્યાં કોઈને ઓળખતો પણ નથી. ઓળખાણ-પીછાણ વગર મને ત્યાં કામે કોણ રાખે ?”

સ્વામીએ કહ્યું, “માવા ! તારી માએ ઘંટીના થાળા નીચે કુલડીમાં સો રૂપિયા દાટી રાખ્યા છે. તું એને મારું નામ લઈને કહેજે એટલે રૂપિયા કાઢી આપશે,એનાથી તારો ખર્ચાનો પ્રશ્ન હલ થઈ જશે અને કરાંચી પહોંચ્યા પછી આગળનું કામ મહારાજ સંભાળી લેશે.”

માવજીભાઈએ કહ્યું, “સ્વામી ! તો, જેવી તમારી આજ્ઞા.”

માવજીભાઈ રાજકોટ પોતાને ઘરે ગયા અને માને કહ્યું, “મા ! આપણા ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ મને કરાંચી જવાની આજ્ઞા કરી છે, તેથી મારે કરાંચી જવું છે. ખરચ માટે થોડા રૂપિયાની જરૂર છે. મને થોડા રૂપિયા આપો.”

માએ કહ્યું, “પણ મારી પાસે રૂપિયા નથી, ક્યાંથી આપું ?”

માવજીભાઈએ કહ્યું, “મા ! સ્વામીએ કહ્યું છે, ઘંટીના થાળા નીચે રૂપિયા દાટ્યા છે તે કાઢી આપવાના છે.”

માવજીભાઈના માતુશ્રીને ભારે આશ્ચર્ય થયું.એ રૂપિયા એની મરણ મૂડીના હતા. જીવનભર મહેનત-મજૂરી કરીને મેળવેલા હતા પણ ડોશીને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો. સ્વામીની આજ્ઞા થઈ એટલે એણે રૂપિયા કાઢી દીધા.

માવજીભાઈ વેરાવળ બંદરેથી વહાણમાં બેસી કરાંચી પહોંચ્યા.

## માવા મુસાની કંપની

એવામાં ભગવાન સ્વામિનારાયણની પ્રેરણાથી અણધાર્યો પ્રસંગ ઊભો થયો.

કરાંચીમાં મુસાભાઈ કરીને શ્રીમંત ખોજા રહેતા હતા. મોટા મોટા અંગ્રેજ સાહેબો સાથે એને ઘરોબો હતો. તેઓ જમીનની લે-વેચ અને બાંધ-કામનો ધંધો કરતા હતા. એમને બાંધ-કામ માટે સારા કડીયા-કારીગરની જરૂર હતી, એટલે કરાંચી બંદરે સારા કારીગરની શોધ માટે આવ્યા હતા.

આ બાજુ માવજીભાઈ કરાંચી બંદરે પહોંચ્યા. વહાણમાંથી નીચે ઉતર્યા. માથે કાળી ટોપી, ડિલ ઉપર કાળી બંડી, અરધી બાંહ્યનું સફેદ પહેરણ અને સાદું સફેદ પાટલૂન પહેર્યા હતા, ગળામાં કંઠી અને માળા હતા. કપાળમાં ભડકા જેવો તિલક-ચાંદલો કર્યો હતો. હાથમાં બાંધ-કામના સાધનોની થેલી હતી. એમાં ચૂનાયડું, ઓળીંભો, હથોડી, ટાંકણું અને કાટખૂણો વગેરે સાધનો ભરેલા હતા.

માવજીભાઈ કરાંચીમાં કોઈને ઓળખતા નહોતા. ક્યાં જવું ? શું કરવું ? કાંઈ સૂઝતું નહોતું. એ તો સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી કરાંચી બંદરે ઉતરી પડ્યા હતા.

જેવા માવજીભાઈ ઉતર્યા એજ વખતે મુસા શેઠ કારીગર શોધવા બંદરે આવ્યા. એમણે માવજીભાઈને જોયા. દેખાવ ઉપરથી પારખી ગયા કે, આ કોઈ કારીગર લાગે છે.

મુસાભાઈએ માવજીભાઈને પૂછ્યું, “ક્યાંથી આવો છો ?”

માવજીભાઈએ કહ્યું, “જૂનાગઢથી.”

મુસા શેઠે પૂછ્યું, “નામ શું ?”

માવજીભાઈએ કહ્યું, “માવજી.”

મુસા શેઠે કહ્યું, “કારીગર લાગો છો !”

માવજીભાઈએ કહ્યું, “હા.”

મુસા શેઠે કહ્યું, “મારું નામ મુસાભાઈ છે. અમે જાતે ખોજા છીએ. અમારે બાંધ-કામનો ધંધો છે, કારીગરની જરૂર છે. તમે મારે ત્યાં કામે આવશો ?”

માવજીભાઈને થયું, આ તો મહારાજે જ સ્વામીના વચને કોઈને સામેથી મોકલ્યા લાગે છે! એમણે તુરત હા પાડી.

માવજીભાઈ મુસા શેઠને ત્યાં સારે પગારે કામે લાગ્યા.

માવજીભાઈ દિલ દઈને કામ કરવા લાગ્યા. સાથોસાથ દરરોજ સવારે વહેલા ઊઠીને સ્નાનદિથી પરવારી પૂજા-પાઠ કરતા અને અત્યંત પ્રેમથી સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા.

મુસા શેઠ માણસ પારખું હતા. એમણે માવજીભાઈની કામની આવડત અને પ્રામાણિકતા પીછાણી લીધા હતા.

માવજી ભાઈને રોજ પૂજાપાઠ કરતા જોઈને મુસાભાઈના અંતરમાં થતું હતું કે, “માવજી ખુદાની બંદગી કરે છે. માટે આ નેકદિલ ઈન્સાન તો છે જ સાથે સાથે ખુદાનો બંદો પણ છે.”

દિવસે દિવસે માવજીભાઈમાં મુસા શેઠનો વિશ્વાસ વધવા લાગ્યો હતો.

મુસા શેઠ માવજીભાઈની ઉપર રાજી થઈને એમને ધીમે ધીમે બઢતી આપી અને મુકડદમ બનાવ્યા અર્થાત્ પોતાને ત્યાં કામ કરનારા બધા જ કારીગરોના ઉપરી બનાવ્યા. માવજીભાઈના પગાર અને આમદની વધવા લાગ્યા.

મુસા શેઠ વૃદ્ધ થયા હતા. દીવા તળે અંધારું એ ન્યાયે શેઠના છોકરાઓમાં

કાંઈ ખાસ દમ નહોતો.

મુસા શેઠે માવજીભાઈને કહ્યું, “માવજી ! મારે તને ધંધામાં ભાગીદાર કરવાનો વિચાર છે.”

માવજીભાઈએ કહ્યું, “શેઠ ! તમે જાણો છો. હું તો મજૂર માણસ છું. મારી પાસે ધંધામાં રોકવાના પૈસા નથી.”

મુસા શેઠે કહ્યું, “માવજી !મૂડી મારી અને મહેનત તારી, પછી તને કાંઈ વાંધો છે ?”

માવજીભાઈ શેઠની વાતને સાંભળીને આભા બની ગયા. એને તો સીધી લોટરી લાગી હોય એમ થયું! સાથે સાથે એ પણ થયું કે ‘મહારાજ અને સ્વામીની કૃપા સિવાય આ શક્ય જ નથી.‘

માવજીભાઈએ હા પાડી, એટલે શેઠે પહેલા ચાર આની ભાગ નક્કી કર્યો. પછી ધીમે ધીમે મુસા શેઠે અરધો-અરધ ભાગ આપ્યો.

મુસા શેઠે કંપનીમાં પોતાના નામની સાથે માવજીભાઈનું નામ જોડી કંપનીનું નામ ‘માવા-મુસાની કંપની‘ રાખ્યું.

માવજીભાઈ અને મુસા શેઠની ઈમાનદારી અને આવડતને લીધે, એમને મોટા મોટા કામ મળી રહ્યા હતા. મોટા મોટા અંગ્રેજ સાહેબો પણ એમને કામ સોંપતા હતા.એમના કામની કદર કરીને અંગ્રેજ સાહેબોએ એમને કરાંચીની ગોદી બાંધવાનું કામ પણ સોંપ્યું હતું.

કરાંચીમાં માવજીભાઈ અઢળક નાણું કમાણાં.

ચાર આનાના દાળિયામાં મહારાજ અને સ્વામીએ એમને સુદામાની પેઠે ન્યાલ કરી દીધા.

સમય જતાં મુસા શેઠ જન્નત-નશીન થયા. માવજીભાઈને થયું કે, શેઠના છોકરાઓ સાથે એમને વધારે વખત નહિ ફાવે. એટલે તેઓ અગમચેતી વાપરીને ધીમે ધીમે ધંધામાંથી નીકળી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ એમને સાવધાન કર્યા હતા કે, “માવજી ! તું હવે ખૂબ કમાણો, વધારે લોભ કરીશ નહિ, જે મૂડી ભેળી થઈ છે એ લઈને હવે દેશમાં આવતો રહે.”

સ્વામીના વચને માવજીભાઈ દેશમાં પાછા આવ્યા. સાથે અઢળક નાણું લેતા આવ્યા.

પૈસો ઘણાને મળે છે પણ પચવો કઠણ છે. સ્વામીની કૃપા હોવાથી અને

સ્વામીનો હૃદયથી સમાગમ કર્યો હોવાથી માવજીભાઈએ પૈસો પચાવી જાણ્યો હતો.

આટલી આટલી સંપત્તિ મળી હતી છતાં માવજીભાઈના અંતરમાં એનું કોઈ માન-અભિમાન નહોતું. એણે પોતાની કમાણીમાંથી ખૂબ મોટી સખાવતો કરી હતી. શ્રીજી મહારાજે બંધાવેલા બધા જ મંદિરોમાં કાયમી થાળ અને રસોઈ માટે અનામત ભંડોળો જમા કરાવ્યા હતા.

જૂનાગઢ અને રાજકોટ ખાતે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામીની દેખરેખ નીચે એમણે મોટા મોટા ઉત્સવ-સમૈયાઓ કરાવ્યા હતા. કથા-પારાયણો કરાવી હતી, બેય દેશના આચાર્યો અને સંતોને ભેગા કર્યા હતા અને જે દિવસે રૂપિયો ગાડાના પૈડા જેવડો મોટો હતો, તે સમયે એમણે સત્સંગના ઉત્કર્ષ માટે હજારો રૂપિયા વાપર્યા હતા.

એમને ત્યાં ચાર દીકરાઓ હતા. લક્ષ્મણદાસ, કરમશીદાસ, રામજીદાસ અને કરશનદાસ.

તેઓ પણ ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા અને પોતાના પિતાશ્રીના પગલે પગલે ચાલી સત્સંગના ઉત્કર્ષ માટે પોતાની સંપત્તિ છૂટે હાથે વાપરતા હતા.

આજે પણ સત્સંગના ઈતિહાસમાં માવજીભાઈનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે.

સમર્થ સંતની કૃપા જીવને ક્યાંથી ક્યાં પહોંચાડી દે છે! એનો આ જીવતો-જાગતો દાખલો છે.

# ગઢપુર તથા જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા

## ભગવાન સ્વામિનારાયણનો અનોખો ઉપાસના માર્ગ

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, ‘‘અમે વિચારીને જોયું તો, અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે, તેથી ભગવાનની ભક્તિ થાય નહિ. પરિણામે ઉપાસનાનો ભંગ થાય છે’’

‘‘પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે એના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે, માટે અમે પરમેશ્વરની ઉપાસના રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનના મંદિરો કરાવ્યા છે, તેમાં જો થોડો ત્યાગ હશે તો પણ ઉપાસના રહેશે. તેણે કરીને ઘણા જીવનું કલ્યાણ થશે.’’

ભગવાન સ્વામિનારાયણે બંધાવેલા મંદિરો સાગર જેવા વિશાળ સનાતન ધર્મના મૂર્તિમંત રૂપ છે.

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી અને સર્વ અવતારોના અવતારી ભગવાન હતા. લાખો નરનારીઓ એમને પોતાના ઈષ્ટદેવ માનતા હતા, છતાં પણ એમણે ભારે ધાર્મિક ઉદારતા દાખવીને વિવિધ દેવોને પધરાવ્યા અને સનાતન ધર્મની વિવિધ ધારાઓનો સુભગ સમન્વય સાધ્યો હતો.

સનાતન હિંદુ ધર્મ પાંચ ધારાઓમાં વહેંચાયેલો છે. આ પાંચેય ધારાઓમાં વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યની આરાધ્ય ઈષ્ટદેવ તરીકે ઉપાસના કરવામાં આવે છે.

ભગવાન સ્વામિનારાયણના મંદિરો આ પાંચે પાંચ ધારાઓના સંગમ સમાન છે.

વિશેષમાં એમણે પોતાના કુળદેવ હનુમાનજી મહારાજની સ્થાપના કરી ખૂટતી કડી ઉમેરી દીધી હતી.

ઉપનિષદોના ઋષિઓ કહે છે કે, 'સત્ય એક છે જે વિવિધરૂપે પ્રકાશે છે.'

શાસ્ત્રો, પુરાણો અને વેદોનો સાર છે કે, 'એક માત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ પતિવ્રતાભાવે ધ્યાન અને ઉપાસના કરવા યોગ્ય છે.'

'એ જ પુરુષોત્તમ નારાયણ વિશ્વના વિવિધ દેવી, દેવતાઓમાં પાત્રની તારતમ્યતાએ કરીને વધુ ઓછા અંશે પ્રકાશે છે.'

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, 'કોઈ દેવની નિંદા ન કરવી.'

પરમાત્માના અંશ કે અંશાંશ શક્તિઓનો અનાદર એ સ્વયં પરમાત્માનો જ અનાદર છે.

ભગવાન સ્વામિનારાયણનું હૃદય ગગન કરતાંય વિશાળ હતું. એમણે ક્યારેય, કોઈ દેવી-દેવતા, વિભૂતિઓ કે અવતારોનો અનાદર કરવાનું શીખવ્યું નથી.

હા, એક વાત નિશ્ચિત છે કે, દેવી-દેવતાઓને નામે જે હિંસા, સુરાપાન અને વ્યભિચાર જેવા અનાચાર ચાલી રહ્યા હતા, તેના તેઓ ઘોર વિરોધી હતા.

દેવી-દેવતાઓને નામે ચાલી રહેલા વહેમો, અંધશ્રદ્ધાઓ અને અનાચારો દૂર કરી સદ્ધર્મની સ્થાપના કરવી એ એમના અવતારના હેતુઓ માંહેનો એક હેતુ હતો.

ભારતવર્ષમાં ધર્મક્ષેત્રે વિશાળ ફલક ઉપર એક માત્ર પરમેશ્વર સર્વોપરી નારાયણની ઉપાસનાને ભૂલીને લોકોમાં સ્વતંત્ર બહુદેવવાદ પ્રસરેલો હતો.

તમોગુણી અને રજોગુણી શ્રદ્ધાવાળા માણસો એક સર્વોપરી પરમાત્મ સત્તાને ભૂલીને નાનામોટા દેવી દેવતાઓના જંગલમાં અટવાઈ ગયા હતા અને સર્વોપરી નારાયણ તત્ત્વને લગભગ વિસરી ચૂક્યા હતા.

ભગવાન સ્વામિનારાયણે આ અજ્ઞાનતાને દૂર કરવા માટે એક અનોખો જ્ઞાનમાર્ગ અપનાવ્યો હતો.

એમણે જુદા જુદા દેવી દેવતાઓને ભગવાન પુરુષોત્તમ નારાયણની અંતર્યામી શક્તિરૂપી દોરામાં પરોવી, એક સુંદર માળા બનાવી હતી અને 'અનેકતામાં એકતા'ની એ માળાને એમણે સર્વોપરી ભગવાન પુરુષોત્તમનારાયણના કંઠમાં આરોપી હતી. આ રીતે એમણે વિશ્વના કોઈ ધર્મમાં ન હોય તેવો વેદોનો 'એકેશ્વરવાદ' ફરીથી પ્રસ્થાપિત કર્યો હતો.

આ એકેશ્વરવાદમાં સર્વોપરી પરમાત્માની ઉપાસના હતી, પરંતુ કોઈ દેવીદેવતાઓ પ્રત્યે દ્વેષ કે અનાદરની ગંધ પણ નહોતી.

ભગવાન સ્વામિનારાયણની આ ધાર્મિક ઉદારતા લોકોને દેખાડવા માટે કે આકર્ષવા માટે નહોતી. આ ઉદારતા એમના આકાશ જેવા હૃદયમાંથી સહજભાવે ઊઠી હતી.

ઉપાસનામાર્ગની એક બીજી મહત્ત્વની વાત સમજવા જેવી છે. દરેક પંથના અનુયાયીઓને પોતાના ઈષ્ટદેવમાં નિષ્ઠા હોય તે સહજ છે. એટલે પ્રત્યેક સંપ્રદાયના મંદિરોમાં કેન્દ્રસ્થાને પોતાના ઈષ્ટદેવની મૂર્તિઓની સ્થાપના થતી આવી છે. જે તે પંથના મંદિરોમાં આપણે એ પ્રકારે જે તે ઈષ્ટદેવના દર્શન આજે પણ આપણે કરીએ છીએ.

પોતાના ઈષ્ટદેવમાં નિષ્ઠા રાખવી એ મહત્ત્વનું છે પરંતુ અન્યની 'ઈષ્ટનિષ્ઠા'નો અનાદર કરવો એ આખરે તો પરમાત્માની વ્યાપક સત્તાના અપમાન કરવા બરાબર છે.

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન હતા. એમનું અવતરણ આકસ્મિક નહોતું. પૃથ્વી ઉપર એમનું અવતરણ થયું એ પહેલા હજારો વર્ષ પૂર્વે વેદવ્યાસજી જેવા મહાપુરુષોએ શાસ્ત્રોમાં એમના આગમનની ભવિષ્યવાણીઓ ભાખી હતી.

એમના લોકોત્તર ઐશ્વર્ય અને પ્રતાપને લાખો લોકોએ અનુભવ્યો હતો અને આજે પણ અનુભવે છે.

એમના જીવન દરમ્યાન જ લાખો લોકો એમને પોતાના ઈષ્ટદેવ તરીકે ઉપાસતા હતા.

આ સત્સંગીઓની ઉપાસનાને મજબૂત અવલંબન મળે એ માટે અન્ય સ્વરુપોની સાથે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની સ્થાપના આવશ્યક હતી.

ભગવાન સ્વામિનારાયણે પોતાની હયાતીમાં જ વડતાલમાં પોતાના અન્ય અવતાર સ્વરુપોના સાથે પોતાનું જ સ્વરૂપ "હરિકૃષ્ણ મહારાજ" ની પ્રતિષ્ઠા કરી હતી અને પોતાના આશ્રિતોની હૃદયની માંગને પૂર્ણ કરી હતી.

સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલ સ્થિત 'હરિકૃષ્ણ મહારાજ' ઉપાસ્ય ઈષ્ટદેવ તરીકે પ્રસિદ્ધ છે.

હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરતી વખતે સ્વયં ભગવાન સ્વામિનારાયણે કહ્યું હતું કે, 'અમારા અક્ષરધામના સ્વરૂપમાં, અમારા આ અર્ચા સ્વરૂપમાં અને અમારામાં અણુ માત્રનો ફરક નથી. અમારો આ દેહ નહિ હોય તો પણ અમે આ મૂર્તિમાં અખંડ બિરાજમાન રહેશું અને ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરીશું, માટે તમે બધા આ સ્વરુપની ઉપાસના કરજો.'

ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલી આ પરંપરાને અનુસારીને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં અવતાર સ્વરૂપોની સાથોસાથ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાની પરંપરા આજ પર્યંત ચાલુ છે.

## હરિકૃષ્ણ મહારાજ પધરાવો પછી ધામમાં લઇ જઇશું

ભગવાન સ્વામિનારાયણે જૂનાગઢ અને ગઢપુરમાં સુંદર મંદિરો બંધાવ્યા હતા. જેમાં નંદસંતો તથા ભક્તોને પોતાના ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજની ખોટ સર્વને વરતાતી હતી. એટલે આગેવાન સંતો-હરિભક્તોના અંતરમાં પ્રબળ સંકલ્પ હતો કે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની પાસે અને જૂનાગઢમાં રાધારમણ દેવની પાસે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવામાં આવે.

સમય ધીમે ધીમે પસાર થઈ રહ્યો હતો. બંને સ્થળે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પધારાવવાનું કાર્ય હજુ પૂર્ણ થઈ શક્યું નહોતું.

ગઢપુરમાં દાદા ખાચરના મોટા બહેન મહામુક્તરાજ જીવુબા હજુ હયાત હતા. તેઓનું શરીર હવે ધીરે ધીરે વૃદ્ધ થવા લાગ્યું હતું.

મહારાજ ધામમાં ગયા પછી તેઓ સર્વથા ઉદાસ રહેતા હતા અને મહારાજને પ્રાર્થના કરતા હતા કે, ‘મહારાજ મને હવે તમારા ધામમાં લઈ જાવ, આપના વિના હવે આ પૃથ્વી ઉપર રહેવું ગોઠતું નથી.’

એક દિવસ જીવુબા ધ્યાનમાં બેસી મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા. એ જ સમયે મહારાજે એમને સાક્ષાત્‌ દર્શન દીધા.

મહારાજના તેજોમય દિવ્યદર્શન થતા જીવુબા ગદ્‌ગદ્‌ થઈ ગયા અને હાથ જોડીને કહેવા લાગ્યા, ‘મહારાજ ! હવે અમારાથી તમારો વિરહ ખમાતો નથી, કૃપા કરી અમને તમારી પાસે તેડી જાવ.’

મહારાજે મંદમંદ હસીને કહ્યું, ‘જીવુબા! ગોપીનાથજી મહારાજની પાસે અમારું સ્વરૂપ પધરાવવાનું કાર્ય તમે પૂર્ણ કરો, ત્યાર પછી જ અમે તમને ધામમાં તેડી જશું.’

જીવુબાએ હાથ જોડીને કહ્યું, ‘ભલે મહારાજ ! જેવી તમારી આજ્ઞા!’

જીવુબાએ આગેવાન સંતો હરિભક્તોને શ્રીજી મહારાજે દિવ્ય સ્વરૂપે કરેલા આદેશની વાત જણાવી અને તાત્કાલિક આ કાર્ય પૂર્ણ કરવા કહેવડાવ્યું.

આ જ અરસામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલનો સમૈયો પૂરો કરી ગઢપુર પધાર્યા હતા.

જીવુબાએ પોતાના હૃદયની વાત સ્વામી સુધી પહોંચાડી.

ગઢપુરના બ્રહ્મચારી અનંતાનંદજી, અગ્રણી સાધુઓ તેમજ હરિભક્તોએ પણ સ્વામીશ્રીને કહ્યું કે, 'અમારે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની બાજુમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવવાનો વિચાર છે.'

બંને બહેનો તથા આગેવાન સંતો હરિભક્તોની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, 'આપ સર્વનો વિચાર અત્યંત સુંદર છે, અમારે પણ જૂનાગઢમાં રાધારમણ દેવની બાજુમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવી છે તો આપણે કોઈ કુશળ કારીગર પાસે બંને મૂર્તિઓ એક સાથે ઢળાવીએ.'

એ સમયે વડોદરામાં મૂર્તિ ઢાળનારા કુશળ કારીગરો હતા, એટલે 'બંને મૂર્તિઓનું કામ વડોદરા કરવું' એવું નક્કી કરવામાં આવ્યું.

મૂર્તિઓમાં ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીના ધાતુના પાત્રો નાખવાનો સર્વને ઉમંગ હતો.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'ગઢપુરમાં શ્રીજી મહારાજ ખૂબ રહ્યા છે એટલે અહીંયા પ્રસાદીના ધાતુના વાસણો ખૂબ છે, જૂનાગઢમાં ધાતુના વાસણો છે તો ખરા પણ ઓછા છે. બન્ને સ્થાનની પ્રસાદીની ધાતુઓ ભેગી કરી બન્ને મૂર્તિઓમાં સમાન ભાગે નાખજો. એમાં ફેરફાર કરશો નહિ.'

ગઢપુરમાંથી મૂર્તિમાં નાખવા માટે પ્રસાદીના વાસણો પસંદ કરવામાં આવ્યા. જૂનાગઢથી પણ સ્વામીએ પ્રસાદીના વાસણો મોકલાવ્યા.

બ્રહ્મચારી અનંતાનંદજી અને કેટલાક કાર્યકુશળ સાધુઓ મૂર્તિ ઢળાવવા માટે વડોદરા ગયા.

જૂનાગઢથી સ્વામીએ વાસુદેવાનંદ બ્રહ્મચારીને વડોદરા મોકલ્યા.

## ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા

મૂર્તિઓ ઢાળવાનું કામ શરૂ થયું, પરંતુ માનવ સહજ સ્વભાવ પ્રમાણે ગઢપુરના બ્રહ્મચારી મહારાજે ગઢપુરની મૂર્તિમાં પ્રસાદીના વાસણો વધુ નાખ્યા.

કારીગરે બીબું બનાવી પીગળાવેલી પંચ ધાતુઓનો રસ બીબાંમાં રેડી મૂર્તિ ઢાળી પણ મૂર્તિ બરાબર બની નહિ. કારીગરોએ ધાતુઓને ફરીથી ઓગાળી મૂર્તિ ઢાળી. બીજી વાર પણ મૂર્તિ ખંડિત નીકળી.

કારીગરો કુશળ હતા. આવું કેમ થઈ રહ્યું છે ? તે એમને સમજાતું નહોતું. બંને બ્રહ્મચારીઓને પણ મૂંઝવણ થઈ રહી હતી કે 'આવું કેમ થાય છે ?'

બંને બ્રહ્મચારીઓને ગુણાતીતાનંદ સ્વામી ઉપર ખૂબ હેત હતું. સ્વામીના ઐશ્વર્ય પ્રતાપને તેઓ જાણતા હતા. એટલે બંનેએ મળીને જૂનાગઢ સ્વામીને સમાચાર મોકલ્યા કે, 'મૂર્તિ ઢાળીયે છીએ, પણ મૂર્તિ બરાબર આવતી નથી.'

સ્વામીને સમાચાર મળ્યા, સ્વામી અંતર્યામી ભાવે જે થઈ રહ્યું હતું તે જાણતા હતા તેથી જવાબ લખ્યો, 'તમે પ્રસાદીની વસ્તુઓ નાખવામાં પક્ષપાત કર્યો છે, એટલે મૂર્તિ સરખી બનતી નથી. જ્યાં પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર. માટે બંને મૂર્તિમાં સરખે ભાગે પ્રસાદીની વસ્તુઓ નાખો તો જ મૂર્તિ સરખી આવશે.'

સ્વામીનો જવાબ મળતાં જ અનંતાનંદ સ્વામી થયેલી ભૂલને સમજી ગયા.

સ્વામીની ટકોરથી તેઓ સાવધાન થઈ ગયા અને સ્વામીના કહેવા પ્રમાણે પ્રસાદીના વાસણો સાથેનો ધાતુનો બધો જ જથ્થો ભેગો કરી દેવામાં આવ્યો. પછી બીબા પ્રમાણે બે ભાગ કરી મૂર્તિઓ ઢાળવામાં આવી. સર્વના આશ્ચર્ય વચ્ચે મૂર્તિઓ ખૂબ જ રમણીય અને આકર્ષક બની.

મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે મુહૂર્ત જોવડાવવામાં આવ્યું.

વિક્રમ સંવત્ ૧૯૧૬ના ફાગણ સુદી પાંચમના રોજ ગઢપુરમાં અને વિ. સં. ૧૯૧૬ ફાગણ વદી બીજના રોજ જૂનાગઢમાં પ્રતિષ્ઠા મહોત્સવ રાખવામાં આવ્યો.

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ગઢપુર પધાર્યા. હજારો હરિભક્તો, સંતો-પાર્ષદો, બ્રહ્મચારીઓ એકઠા થયા અને ભારે ધામધૂમપૂર્વક રઘુવીરજી મહારાજના હસ્તે મંદિરના મધ્ય ખંડમાં ગોપીનાથજી મહારાજની બાજુમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી.

બોટાદના ભગાદોશી અને શિવલાલ શેઠે આ પ્રસંગે મૂર્તિનો બધો જ ખર્ચ ઉપાડી લીધો હતો.

## જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા

ગઢપુરમાં પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કર્યા પછી રઘુવીરજી મહારાજને જૂનાગઢ હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા માટે જવાનું હતું.

જૂનાગઢમાં પ્રતિષ્ઠા મહોત્સવ માટે જોરદાર તૈયારીઓ થઈ ચૂકી હતી.

રઘુવીરજી મહારાજ જૂનાગઢ જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં કેટલાક કારણોવશાત્ એમના જૂનાગઢ જવામાં રૂકાવટ ઊભી થઈ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને આ વાતની ખબર પડી.

સ્વામી થોડા ઉદાસ થયા. રાત્રિનો સમય હતો. સ્વામી ધ્યાનમાં બેઠા અને મહારાજને પ્રાર્થના કરી 'મહારાજ ! તમારા દીકરાને સમજાવવા એ તમારા હાથમાં છે. અહીંયા આટલી બધી તૈયારીઓ થઈ ચૂકી છે અને હવે જો રઘુવીરજી મહારાજ ન આવે તો સમગ્ર સંપ્રદાયનું ખોટું દેખાશે.'

ભગવાન શ્રીહરિએ સ્વામીની પ્રાર્થના સાંભળી અને ગઢપુરમાં રઘુવીરજી મહારાજને ઊંઘમાંથી ઊઠાડી દર્શન દઈને કહ્યું, 'તમે જૂનાગઢ જવાનું કેમ બંધ રાખ્યું ? કોઈની વાત સાંભળ્યા સિવાય અને કોઈ જાતની ચિંતા કર્યા સિવાય તમે જૂનાગઢ પહોંચો અને અમારી મૂર્તિની સ્થાપના કરો એમાં જ અમારો રાજીપો છે.'

મહારાજે દિવ્યરૂપે દર્શન દીધા એટલે રઘુવીરજી મહારાજ સહેજ પણ વિલંબ કર્યા સિવાય જૂનાગઢ પધાર્યા. મહારાજશ્રીના પધારવાથી સ્વામીની ચિંતા દૂર થઈ. સર્વને આનંદ આનંદ થઈ ગયો.

પ્રતિષ્ઠાની શુભ ઘડી નજીક આવી. જૂનાગઢ મંદિરના પૂર્વ ખંડમાં રાધારમણ દેવની બાજુમાં વેદોક્ત વિધિથી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી.

રઘુવીરજી મહારાજ હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાની આરતી ઉતારી રહ્યા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બાજુમાં ઊભા રહી એકાગ્ર દષ્ટિથી દર્શન કરી રહ્યા હતા.

આરતીની છેલ્લી કડી આવી ત્યારે રઘુવીરજી મહારાજે આરતી ગુણાતીતાનંદ સ્વામીના હાથમાં આપીને કહ્યું, 'સ્વામી ! છેલ્લી કડીની આરતી તમે ઉતારો.'

રઘુવીરજી મહારાજના કહેવાથી ગુણાતીતાનંદ સ્વામીએ આરતી ઉતારી.

આ રીતે ભગવાન જેવા આચાર્ય રઘુવીરજી મહારાજ અને અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના સાંનિધ્યમાં હરિકૃષ્ણ મહારાજનો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી પૂર્ણ થયો.

આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે એક અલૌકિક ઘટના ઘટી. પ્રતિષ્ઠાની આરતી ઉતરી રહી હતી ત્યારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી દિવ્ય તેજ પ્રગટ્યું અને ધીમે ધીમે આખું મંદિર તેજથી ઊભરાઈ ગયું.

પ્રતિષ્ઠા ઉત્સવમાં ઉપસ્થિત સેંકડો નરનારીઓ આ દિવ્ય અલૌકિક તેજને જોઈને આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયા અને આ મૂર્તિમાં શ્રીજી મહારાજ હાજરાહજૂર રહ્યા છે એવી સર્વને પ્રતીતિ થઈ.

આ ઉત્સવ પ્રસંગે મંદિરમાં પાણીની ખૂબ જ ખેંચ હતી પરંતુ સ્વામીની પ્રાર્થનાથી મહારાજે કૂવાના તળ અખૂટ બનાવી પાણી પૂરું પાડ્યું હતું.

સમૈયો પૂર્ણ થયો. પાછી પાણીની ખેંચ વરતાવા લાગી એટલે સ્વામી ધ્યાનમાં બેઠા અને મહારાજને પ્રાર્થના કરી કે “હવે તમારા પુત્રને પ્રેરણા કરો કે તેઓ અહીંથી વિદાય લ્યે. તેઓ અહીં હશે ત્યાં સુધી માણસોની ભીડ ઓછી નહીં થાય અને પાણી પુરું નહીં પડે.”

મહારાજે પાછા રઘુવીરજી મહારાજને દર્શન દીધા અને કહ્યું “અહીં પાણીની ખેંચ છે. સ્વામી મૂંઝાય છે માટે તમે અહીંથી વિદાય લ્યો.”

રઘુવીરજી મહારાજે મહારાજના કહેવાથી વિદાયની તૈયારી કરી. મહારાજશ્રીને હવે ભાવનગર જવાનું હતું. બોટાદના શિવલાલ શેઠે ભાવનગરમાં રઘુવીરજી મહારાજને ધામધૂમથી પધરાવવાનું આયોજન કર્યું હતું.

રઘુવીરજી મહારાજે સ્વામીને પણ આગ્રહ કરીને સાથે લીધા હતા. મહારાજશ્રીએ રસ્તામાં સ્વામીને હસતા હસતા કહ્યું “સ્વામી ! તમે બે વાર મહારાજ પાસે અમને કહેવડાવ્યું એને બદલે તમે જ અમને સીધી વાત કરી હોત તો !”

સ્વામી કહે “બાપજી ! આપ મોટા ગણાવ અમારાથી કેટલીક વાત સીધી આપને ન કહેવાય.” આમ કહી સ્વામી પણ હસવા માંડ્યા.

# બોટાદના શિવલાલ શેઠ

## જૂનાગઢના જોગી તારો આધાર થશે

બોટાદના ભગા દોશી ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા. એમને ત્યાં એક મહામુક્તે જન્મ લીધો હતો. એમનું નામ શિવલાલ શેઠ હતું. ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતો એમને સીરપુરના સિદ્ધવલ્લભ રાજાનો અવતાર કહેતા.

ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીના વેષે વન-વિચરણ કરતાં કરતાં સીરપુર પધાર્યા હતા. સીરપુરના મહારાજા સિદ્ધવલ્લભે એમનો આશ્રય કર્યો હતો, એ વાત સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

ભગવાન નીલકંઠ વર્ણીના આશીર્વાદથી એમણે શિવલાલ શેઠ રૂપે સત્સંગમાં જન્મ ધારણ કર્યો હતો.

શિવલાલભાઈની દસ વર્ષની ઉંમર હતી ત્યારે તેઓ પોતાના પિતા ભગા દોશી સાથે ચૈત્રી સમૈયા ઉપર વડતાલ ગયા હતા.

એમણે રઘુવીરજી મહારાજને કહ્યું, ‘‘મને સંસાર ગમતો નથી, મને સાધુ કરો.’’

દસ વર્ષના છોકરાની સાધુ થવાની વાત સાંભળી રઘુવીરજી મહારાજ અત્યંત આશ્ચર્યથી એમની સામે જોઈ રહ્યા.

રઘુવીરજી મહારાજે કહ્યું, ‘‘શિવલાલ ! તમારી ઉંમર નાની છે, માટે અમે તમને હમણાં સાધુ નહિ કરીએ.’’

આ રીતે સમજાવીને રઘુવીરજી મહારાજે શિવલાલભાઈને સાધુ થવાની ના પાડી હતી.

શિવલાલ શેઠને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે અનન્ય ગુરુભાવ હતો. તેઓ નિયમિત રીતે સ્વામીનો સમાગમ કરવા જતા હતા.

વિ.સં.૧૯૦૮ ની સાલ હતી. વડતાલનો ચૈત્રી પૂનમનો સમૈયો પૂર્ણ કરી

રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંત-મંડળને સાથે લઈને ઉમરેઠ પધાર્યા હતા.

ગોપાળાનંદ સ્વામી દરરોજ સભામાં મહારાજના અલૌકિક ઐશ્વર્ય અને સર્વોપરીપણાની વાતો કરતા હતા અને સર્વને સુખ આપતા હતા.

ઉમરેઠમાં નૃસિંહ-ચતુર્દશીનો ઉત્સવ પૂર્ણ કરી રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી વૈશાખી પૂર્ણિમાનો સમૈયો કરવા વડતાલ પધાર્યા અને ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા.

ગોપાળાનંદ સ્વામીના કાન નીચે રતવાની ફોડલી થઈ હતી, ફોડલી વકરી હતી પરિણામે સ્વામીને શરીરે તાવ આવ્યો હતો.

હકીકતમાં, સ્વામી હવે આ લોકમાંથી ઉદાસ થયા હતા. એમણે શરીર છોડવા માટે જ મંદવાડ ગ્રહણ કર્યો હતો.

સ્વામીના મંદવાડની વાત ચારે બાજુ પ્રસરી ગઈ હતી એટલે દૂર-દૂરથી હરિભક્તો સ્વામીના દર્શને આવતા હતા.

બોટાદ શિવલાલ શેઠને ખબર પડ્યા કે, સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો છે એટલે એ તુરત જ વડતાલ આવ્યા.

શિવલાલ શેઠ મંદિરમાં દર્શન કરી સ્વામીના આસને આવ્યા અને દર્શન કરીને બેઠા.

શિવલાલ શેઠને અંતરમાંથી અવાજ આવ્યો કે, "કદાચ, સ્વામી ! હવે આ લોકમાં નહિ રહે !"

સ્વામીના આ લોકમાંથી વિદાય માત્રના સંકલ્પથી શિવલાલ શેઠને હૃદયમાં દુઃખ થયું અને આંખમાં આંસુડાં આવી ગયા.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "શિવલાલ ! શા માટે કોચવાય છે ?"

શિવલાલ શેઠે કહ્યું, "સ્વામી ! આપની આ ઉદાસીનતા જોઈને અમને લાગે છે કે, હવે તમે આ લોકમાં નહિ રહો!"

ગોપાળાનંદ સ્વામી બોલ્યા, "શિવલાલ ! તારી વાત ખરી છે. અમે શરીર છોડવા માટે જ મંદવાડ ધારણ કર્યો છે!"

સ્વામીની વાત સાંભળતાં જ શિવલાલ શેઠથી ધ્રૂસકુ મૂકાઈ ગયું.

સ્વામીએ કહ્યું, "ગાંડા ! શા માટે રડે છે ? વહેલા-મોડું સૌ કોઈએ આ લોકમાંથી એક દિવસ જવું જ પડે છે !"

શિવલાલ શેઠે કહ્યું, "સ્વામી ! પણ તમે આ રીતે ચાલ્યા જાવ, તો સત્સંગમાં

અમારો આધાર કોણ ? અમે કોનો સમાગમ કરીએ ? અને સત્સંગનું સુખ લઈએ.''

ગોપાળાનંદ સ્વામીએ કહ્યુ, ''શિવલાલ ! મારું શરીર છૂટે પછી તું જૂનાગઢ જજે અને જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરજે. જૂનાગઢના જોગી તારો આધાર બનશે.''

શિવલાલ શેઠને જૂનાગઢ જવાની ભલામણ કરી ગોપાળાનંદ સ્વામીએ આ લોકમાંથી સ્વતંત્ર થકા વિદાય લીધી.

ગોપાળાનંદ સ્વામીના સ્વધામ ગમન બાદ શિવલાલ શેઠ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના દર્શને ગયા.

શિવલાલ શેઠને જોઈ સ્વામી અંતર્યામીભાવે બોલ્યા, ''કેમ ? શિવા ! જોગીરાજની ભલામણથી આવ્યાને !''

શિવલાલ શેઠે હાથ જોડીને કહ્યું, ''હા, સ્વામી ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીની ભલામણથી જ આપની પાસે આવ્યો છું. સ્વામી ધામમાં ગયા બાદ હવે, તમારે જ આ જીવનો આધાર થવાનું છે.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''ભલે, શિવલાલ ! તો સમય કાઢીને સમાગમ કરવા માટે અવાર-નવાર જૂનાગઢ આવતા રહેજો. જૂનાગઢમાં તો અમે કથા-વાર્તાનો અખાડો માંડ્યો છે.''

શિવલાલ શેઠે હાથ જોડીને કહ્યું, ''સ્વામી ! હું તો જૂનાગઢ આવતો રહીશ, પરંતુ તમે પણ વડતાલ સમૈયે જતાં-આવતાં રસ્તામાં બોટાદ પધારતા રહો અને અમને લાભ આપતા રહો, એવી અમારી વિનંતી છે.''

સ્વામી બોલ્યા, ''શિવલાલ ! જો કોઈ સત્સંગનો ભૂખ્યો હોય તો અમે પીરસવા માટે તૈયાર જ છીએ.''

આ રીતે જૂનાગઢના જોગી અને શિવલાલ શેઠની ગુરુ-શિષ્યની જોડી જામી ગઈ.

એક સદ્ગુરુએ શરીર છોડતા પહેલા મુમુક્ષુનો જીવ બીજા સદ્ગુરુના હાથમાં સોંપી દીધો.

## કોણ એ લાકડું ચાવે છે ?

શિવલાલ શેઠ નગરશેઠના દીકરા હતા, અપાર સમૃદ્ધિના સ્વામી હતા, ચાંદીની થાળીમાં જમનારા હતા. નાતમાં આબરુ અને પ્રતિષ્ઠા હતી.

તેઓના મનમાં ધન-સંપત્તિની કોઈ ધાંખના નહોતી, હાણ-વૃદ્ધિની કોઈ ચિંતા નહોતી. માન-સન્માનનો કોઈ મોહ નહોતો.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે તેમ તેઓ જળમાં કમળ રહે એમ સંસારમાં અનાસક્ત ભાવે રહીને પોતાના કર્તવ્યો બજાવતા હતા. એ જ્યારે પૂજા કરવા બેસતા ત્યારે એમની પૂજામાં સાક્ષાત્‌ શ્રીહરિ પ્રગટ થઈને દર્શન દેતા હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુઓની કૃપાથી શિવલાલ શેઠની સ્થિતિ ઉત્તમ રાજર્ષિ જેવી થઈ હતી.

શિવલાલ શેઠના પિતાશ્રી ભગા દોશી ઉત્તમ ભક્ત હતા અને ભગવાન સ્વામિનારાયણના અત્યંત કૃપાપાત્ર હતા, પરંતુ તેઓ થોડા વ્યવહારું જીવ હતા. જ્યારે એમના યુવાન પુત્ર શિવલાલ શેઠ લૌકિક વ્યવહારમાંથી સંપૂર્ણપણે નિર્લેપ રહીને ભજન-સ્મરણ તેમજ સ્વામી જેવા સત્પુરુષોનો સમાગમ કરતા હતા.

ગમે તેવી વ્યાવહારિક પ્રવૃત્તિઓમાંથી સમય કાઢી તેઓ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા પહોંચી જતા હતા અને સ્વામી પણ શિવલાલ શેઠ ઉપર અત્યંત રાજી હતા અને અવાર-નવાર બોટાદ પધારતા રહેતા.

શિવલાલ શેઠ લખેશરી શ્રીમંત હતા, છતાં સ્વામી ક્યારેય લલો-ચપો રાખતા નહિ. સમયે સમયે કડવાં વેણરૂપી ઔષધ પાઈને પણ સ્વામી એના જીવને નીરોગી કરતા હતા.

શિવલાલ શેઠ પણ અતિ મહિમાબુદ્ધિથી સ્વામીના વચનોનું અમૃતની પેઠે પાન કરતા હતા.

એક સમયની વાત છે. શિવલાલ શેઠ જૂનાગઢ પધાર્યા હતા. સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. શિવલાલ શેઠ આ સભામાં હાજર હોય જ એમાં કોઈ નવાઈની વાત નહોતી.

હવે, બનેલું એવું કે, શિવલાલ શેઠને પેટમાં જરા ગડબડ જેવું હતું એટલે તેઓએ મોઢામાં કાચી સોપારીનો કટકો રાખ્યો હતો. શિવલાલ શેઠ દાંતથી એ કટકાને ભાંગતા ત્યારે કટ કટ અવાજ આવતો હતો.

સ્વામી સમજી ગયા કે, શિવલાલ સોપારી ખાય છે. સ્વામીએ ભર સભામાં કહ્યું, “કોણ એ લાકડાંનો ટુકડો ચાવે છે ?”

વાણિયાના દીકરા શિવલાલ શેઠ સ્વામીની ટકોર સમજી ગયા અને એકદમ ઊભા થઈ, બહાર જઈ સોપારી થૂંકી, પાછા સભામાં આવી, હાથ જોડી નિખાલસભાવે એકરાર કરી બોલ્યા, “સ્વામી ! ક્ષમા કરજો, એ હું હતો. આજે તમે ટકોર કરી એટલે હવે એ મારી કુટેવ કાયમ માટે ગઈ. આજથી સોપારી ખાવી હરામ !”

સ્વામી હસ્યા અને બોલ્યા, “શિવલાલ ! અમારે માત્ર તારી સોપારી હરામ

કરાવી નથી, અમારે તો તને માયા પણ હરામ કરાવી દેવી છે. ગોપાળાનંદ સ્વામીએ અમને તારી ભલામણ કરી છે અને તે અમારામાં જીવ જોડ્યો છે, એટલે અમે તારામાં રંચ માત્ર કસર રહેવા દેવાના નથી.''

શિવલાલ શેઠે હાથ જોડીને કહ્યું, ''હા, સ્વામી ! એ મારા ઉપર આપની મોટી કૃપા લેખાશે.''

## કરોડ મણ ઢુંસા લેવાનો વિચાર થાય છે?

એક સમયે શિવલાલભાઈ જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા.

એ દરમ્યાન એક દિવસ તેઓ શહેરમાં ફરવા ગયા. એમાં એક જગ્યાએ સોનું વેચાતું હતું. શિવલાલભાઈને ભાવ વ્યાજબી લાગ્યો, એટલે સોનું લીધું.

થોડે દૂર ગયા ત્યાં સોનાના ભાવમાં વધારો જોયો, એટલે શિવલાલભાઈએ સોનું વેચી નાખ્યું.

આ લે-વેચમાં રૂપિયા દોઢસોનો નફો થયો. લાખો રૂપિયાના આસામી શિવલાલભાઈને આ દોઢસો રૂપિયાની કોઈ ગણતરી નહોતી. એમને મન તો આ રમત વાત હતી.

એમને થયું, 'આ રૂપિયા તો સાવ મફતમાં મળ્યા છે. એમાંથી મારે જૂનાગઢમાં દેવને થાળ અને સંતોને રસોઈ આપવી, જેથી સ્વામી અને સંતો મારા ઉપર રાજી થાય.' આમ વિચાર કરતાં કરતાં રસોઈ દેવાના હરખમાં શિવલાલભાઈ મંદિરે આવ્યા.

આજની કથામાં શિવલાલભાઈ ઉપસ્થિત નહોતા. કથા-પ્રસંગ ખૂબ સારો હતો.

સ્વામી જેવા સદ્‌ગુરુના અંતરમાં ઉત્તમ મુમુક્ષુ શિષ્યને રહસ્યની વાત પાઈ દેવાનો સંકલ્પ હોય, તે સહજ છે. તેથી સ્વામીને સભામાં શિવલાલભાઈની ગેરહાજરી ખટકતી હતી.

શિવલાલભાઈ દોઢસો રૂપિયા લઈને સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ કહ્યું, ''શિવલાલ ! આજે કથા-વાર્તા છોડીને ક્યાં ગયો હતો ?''

શિવલાલ શેઠે કહ્યું, ''સ્વામી ! આજે કામ પ્રસંગે શહેરમાં ગયો હતો અને ત્યાંથી જૂનાગઢમાં સંતોને રસોઈ આપવાનો વેંત કરીને આવ્યો છું.''

સ્વામીએ કહ્યું, ''કઈ રીતે રસોઈનો વેંત કર્યો ?''

શિવલાલભાઈએ કહ્યું, ''સ્વામી ! એક જગ્યાએ સોનું વેચાતું હતું, તે લીધું અને બીજી જગ્યાએ વેચ્યું તો એમાંથી દોઢસો રૂપિયાનો નફો રહ્યો. મારે આ દોઢસો

રૂપિયા જૂનાગઢમાં દેવને થાળ તથા સંતોને રસોઈ દેવા માટે વાપરવા છે.''

શિવલાલભાઈના હૈયામાં રસોઈ દેવાનો હરખ સમાતો નહોતો પણ આ તો સામે ગુણાતીતાનંદ સ્વામી હતા. આ સ્વામી કોઈ રસોઈ આપે એનાથી રાજી થાય એવા નહોતા. એમને તો કોઈપણ રીતે જીવનું કલ્યાણ થાય એમાં જ રાજીપો હતો.

સ્વામીએ શિવલાલને કહ્યું, ''શિવલાલ! તને સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દિવસ કરોડ મણ ફૂંસા લઈને કમાણી કરવી, એવો સંકલ્પ થાય છે ?''

શિવલાલભાઈએ કહ્યું, ''ના, સ્વામી ! એવો સંકલ્પ તો કોઈ દિ' થાતો નથી.''

સ્વામીએ કહ્યું, ''અમને તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિ-પુરુષ અને એનું કાર્ય ફૂંસા જેવું લાગે છે, એમાં કાંઈ માલ જણાતો નથી. તું આવી કથા-વાર્તાનો લાભ મૂકી સોનું લેવા-દેવામાં રોકાણો, તેં શી કમાણી કરી ?''

સ્વામીના વચનોએ શિવલાલભાઈના અંતરમાં બુદ્ધિનો જે ડોળ ચડ્યો હતો, તે ટાળી નાખ્યો.

'સદ્‌ગુરુ શબ્દની શારડી ઊતરી આરપાર.' સ્વામીનાં વેણેવેણે શિવલાલ શેઠનો સાત્ત્વિક અહંકાર ઓગળી ગયો એમણે બે હાથ જોડીને કહ્યું, 'સ્વામી મારી ભૂલ થઈ. મારે આવું નહોતું કરવું જોઈતું, તમ જેવા સાધુનો સંગ મેલી સોનામાં મન પરોવાયું એ મારી કસર છે.'

શિષ્યનો નિખાલસ દિલનો એકરાર સાંભળી સદ્‌ગુરુનું હૃદય કોળી ઊઠ્યું અને વાત્સલ્યથી ઊભરાયું. શિવલાલ શેઠને માથે બેય હાથ મેલી સ્વામી બોલ્યા, 'શિવલાલ! તારી કસર ટાળવા તો તું અહીં આવ્યો છો. મારે તારી કસર માત્ર ટાળીને આ ને આ દેહે નિર્વાસનિક કરી બ્રહ્મરૂપ કરવો છે અને મહારાજમાં જોડી દેવો છે.'

શિવલાલ શેઠે નતમસ્તકે સ્વામીની વાતને વધાવી લીધી.

ઈતિહાસ સાક્ષી છે કે ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠની કસરમાત્ર ટાળી નિર્વાસનિક કરી છતે દેહે બ્રહ્મરૂપ બનાવી દીધા હતા.

## સાંખડાવદરનો સેવાયોગ

જૂનો જમાનો હતો. સત્સંગની શરૂઆત હતી, સ્થાનો બંધાઈ રહ્યા હતા. સંપત્તિ અને સાધનસામગ્રી ઓછા હતા, એટલે સ્થાન નિર્માણના કે રોજિંદા વ્યવહારનાં નાના-મોટા સેવાકાર્યો સંતો અને હરિભક્તો જાતે જ કરતા.

પથ્થર કાઢવા, પથ્થર ઘડવા, લાકડા કાપવા, લાકડા વેરવા, પતરાવળા બનાવવા, લખવા માટેના પુસ્તક પાનાંઓ તૈયાર કરવા. લોટ દળવા, થાળ કરવા, ઠામવાસણ માંજવા વગેરે તમામ સેવાકાર્યો સંતો ને હરિભક્તો જાતે કરતા.

ભગવાન સ્વામિનારાયણે કોઈ ગજબ રીતે ગીતાનાં કર્મયોગને સેવાયોગમાં પલટાવી દીધો હતો.

સેવાયોગમાં સમજણ, સમર્પણ જળવાઈ રહે, સેવારૂપ પ્રવૃત્તિમાર્ગ અધ્યાત્મમાર્ગને ભૂલાવી ન દે અને મુક્તિનું પરમ સાધન સેવા બંધનરૂપ ન થઈ જાય એ માટે મુમુક્ષુને સંતસમાગમ અને કથાવાર્તાનો ભારે જોગ હોવો જરૂરી છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સેવાયોગની હારોહાર કથાવાર્તાનો જોગ પૂરેપૂરો વણી લીધો હતો.

નાના-મોટા સેવાકાર્યો ચાલતાં હોય ત્યારે પણ સ્વામી ખંત રાખીને કથાવાર્તા ભૂલવા દેતા નહોતા. પરિણામે સેવામાં સ્મરણ અને શ્રીહરિનાં સર્વોપરી મહિમાનો સંબંધ ભારોભાર ભરેલો રહેતો. પરિણામે સેવાનો રંગ જ કાંઈક જુદું રૂપ ધારણ કરતો.

જૂનાગઢની બાજુમાં 'સાંખડાવદર' ગામ છે. બીલખા દરબારે તેમજ જૂનાગઢના નવાબે સાંખડાવદરના સીમની વીડીઓ જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરને અર્પણ કરેલી.

ભાદરવા-આસોના મહિનામાં ઘાસની વીડીઓ વઢાતી. વીડીઓ વાઢવા માટે કોઈ મજૂર રાખવામાં આવતા નહીં, સંતો અને હરિભક્તો સાંખડાવદરની સીમમાં પહોંચતા, સીમમાં ડેરા તંબુ નખાતા અને હરખભેર વીડી વાઢવાનું કામ ચાલતું.

ગુણાતીતાનંદ સ્વામી સ્વયં આ સેવાકાર્યમાં સાથે રહેતા. સ્વામી હોય ત્યાં કથાવાર્તાનો અખાડો તો સાથે જ હોય.

એક સાથે અનેક દાતરડાં ઘાસ વાઢતા હોય. એમની પાછળ હાથમાં માળા લઈને જૂનાગઢનો જોગંદર ટહેલતો હોય. બાજુમાં બોટાદના નવલખા શેઠ ભગાદોશીના સુપુત્ર મહામુક્તરાજ શિવલાલ શેઠ હાથમાં વચનામૃતનાં પાનાં લઈને વચનામૃત વાંચતાં હોય, વીડી વઢાતી હોય પણ સૌનાં મન વચનામૃતમાં જ પરોવાયાં હોય.

સ્વામી અને શિવલાલ શેઠ હારેહારે હાલતા હોય. વચનામૃત પૂરું થાય અને 'ઇતિ વચનામૃત' આવે ત્યારે સર્વ સંતો હરિભક્તો વીડી વાઢવાનું બંધ કરે, દાતરડાં પડતા મેલે અને બધાનાં મુખ સ્વામી સન્મુખ થાય. સ્વામી વચનામૃતનાં મર્મો સમજાવે અને શ્રીહરિની સર્વોપરી મહિમાની વાત કરે, પછી હરે! એમ બોલે ત્યારે ફરીથી વચનામૃત વાંચવાનું અને વીડી વાઢવાનું કાર્ય શરૂ થાય.

સેવા અને સત્સંગનો આવો અનોખો સંગમ ન ભૂતો ન ભવિષ્યતિ જેવો હોય.

ઉનાળાનો તાપ હોય, ગીર તપી હોય, વીડી વાઢવાનું આકરું સેવાકાર્ય હોય, ઉનાળાની ગરમીથી શરીર તપતાં હોય પણ આ બ્રહ્મરસનાં વરસાદથી સર્વના અંતર તો હેમાળાં જેવા ટાઢાબોળ થઈ જતા હોય.

## સમાગમમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા

જૂનાગઢ એટલે અખંડ કથાવાર્તાનો અખાડો. જ્યારથી શ્રીહરિની રુચિ જાણી હતી, ત્યારથી ગુણાતીતાનંદ સ્વામીએ આ રીતે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ ભજવાનો આ અખાડો માંડ્યો હતો.

લોહચુંબકથી લોખંડ ખેંચાય એમ ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તાથી આકર્ષાઈને ગુજરાત ભરમાંથી ભક્તજનો સ્વામીનો સમાગમ કરવા માટે એકઠા થતાં હતાં. એમાં પણ બોટાદના શિવલાલ શેઠની વાત જ કાંઈક અનોખી હતી.

શિવલાલભાઈ દર વર્ષે સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવતા અને બબ્બે મહિનાઓ સુધી રોકાઈને સ્વામીનો સમાગમ કરતા.

કોઈવાર તો સ્વામી સાંખડાવદરની વીડીમાં સંતો અને હરિભક્તોને લઈને ઘાસ વઢાવવા ગયા હોય, ત્યારે શિવલાલભાઈ પણ સ્વામીની સાથે વીડીમાં પહોંચી જતા. દસ-દસ, પંદર-પંદર દિવસ ત્યાં રોકાતા અને  સ્વામીનો સમાગમ કરતા.

શિવલાલભાઈ લાખો રૂપિયાના આસામી હતા. એમને ઘરે દોમદોમ સાહ્યબી હતી. સૂવા માટે રૂના પોચા પોચા ગાદલા અને ગાલ-મશુરીયા હતા. જમવામાં ભાત-ભાતના ભોજન હતાં. ઘરમાં દહીં, દૂધ, ઘી, માખણની રેલમછેલ હતી.

સાંખડાવદરની વીડીમાં કોઈ સગવડતા નહોતી. સૂતી વખતે પાથરવા માટે સારું ગોદડું કે ગાદલું પણ નહોતું. શિવલાલભાઈ પથરાળ જમીનમાં પડ્યા રહેતા, અડદની દાળ અને બાજરાના રોટલાનું સીધુ-સાદું અને ટાઢું ભોજન જમતા.

સ્વામીનો સમાગમ કરવામાં એમને કોઈ અગવડતા આડી આવતી નહોતી.

ટાઢ તડકો, ભૂખ તરસ, માન અપમાન કે શરીરના સુખ દુઃખને એમણે ગણકાર્યા નહોતા.

શિવલાલ શેઠને સ્વામીના વચનોમાં અગાધ શ્રદ્ધા હતી. સ્વામીનું વચન શિવલાલભાઈનું જીવન હતું.

જેમ શુકદેવ અને પરીક્ષિત હતા, જેમ નવ યોગેશ્વરો અને જનક હતા, જેમ કૃષ્ણ અને અર્જુન હતા, એમ આ ગુણાતીતાનંદ સ્વામી અને શિવલાલ શેઠની ગુરુ

શિષ્યની જોડ હતી. શિવલાલ શેઠને સ્વામીનો સમાગમ કરી અંતરની કસર માત્ર ટાળવી હતી અને સ્વામીને શિવલાલના અંતરમાં રંચમાત્ર કસર રહેવા દેવી નહોતી. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે ‘વક્તા સુધો શાંત હોય અને શ્રોતા ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો હોય તો ભગવાનનો જેવો છે એવો મહિમા યથાર્થ સમજાય.’

ગુણાતીતાનંદ સ્વામી ઉત્તમ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ હતા અને શિવલાલ શેઠ ઉત્તમ મુમુક્ષુ હતા. ગુરુશિષ્યની આ જોડી અદ્‌ભુત હતી.

★ ★ ★ ★ ★

શિવલાલભાઈ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવતા ત્યારે તન, મન, ધનથી દેવની સેવા કરતા. ઠાકોરજીને વસ્ત્ર, વાઘા, દાન-ભેટ અર્પણ કરતા.

માંદા સંતોની જાતે સેવા કરતા. એમને જોઈએ તે ફળ, ફૂલ, દવા વગેરે પદાર્થ ભાવથી લાવી આપતા.

એ સમયમાં છાપખાના હતા નહિ, એટલે હસ્તલિખિત પુસ્તકોનું ખૂબ મહત્વ હતું.

કોઈ નાનું સરખું પણ પુસ્તક લખાવીને આપે તો લેનારને અત્યંત આનંદ થતો.

એ સમયે વચનામૃત કે ભક્તચિંતામણિનું એક પુસ્તક કોઈ લહીયા પાસે લખાવવામાં આવે, તો એ જમાનામાં આશરે રૂપિયા પચાસથી સાંઠનો ખરચ થતો.

શિવલાલભાઈએ સારા લહીયાઓ પાસે અમદાવાદી દેશી કાગળમાં આવા ઘણાં પુસ્તકો લખાવ્યાં હતાં અને સાધુ-સંતોને ભેટમાં આપ્યા હતા.

## સંસારથી ન્યારા શિવલાલભાઇ

ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોના સમાગમથી શિવલાલભાઈની સ્થિતિ ઉત્તમ યોગી જેવી થઈ હતી.

એમણે પોતાની મનની વૃત્તિને પાછી વાળી એકાગ્ર ચિત્તે મહારાજનું ધ્યાન કરવાનું અંગ કેળવ્યું હતું.

હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં-બેસતાં કે વ્યાવહારિક કાર્ય કરતી વખતે પણ તેઓ મહારાજનું સ્મરણ કર્યા કરતા હતા.

તેઓ રસ્તા ઉપર નીકળતા, તોપણ એમની દૃષ્ટિ ક્યારેય આડી અવળી થતી નહોતી.

એક સમયે કંઈક માંગલિક પ્રસંગ હોવાથી બધા સગાં-સંબંધીઓ ભેગા થયેલા. પ્રસંગ પૂરો થયા પછી સૌ સૌને ઘરે ગયા પરંતુ શિવલાલભાઈના સાળી

કોઈ કારણસર ચાર માસ સુધી શિવલાલાભાઈને ઘરે રોકાયા.

શિવલાલભાઈનો પરિવાર મોટો હતો. શિવલાલભાઈને કામથી કામ અને ભજનથી ભજન, એ સિવાય બીજી બાબતમાં માથાકૂટ કરતા નહિ.

શિવલાલભાઈના સાળી ચાર ચાર મહિનાથી શિવલાલભાઈના ઘરે હતા. તેઓ રોજ શિવલાલભાઈને રસોઈ કરીને પીરસતાં.

જમતી વખતે પણ શિવલાલભાઈની વૃત્તિ મહારાજની મૂર્તિમાં એકાગ્ર રહેતી. શિવલાલભાઈનું મન ભોજનને બદલે ભજનમાં જ રમતું. તેથી કોણ રસોઈ કરે છે ? કે કોણ પીરસે છે ? એનો એને સહેજ પણ ખ્યાલ રહેતો નહિ.

એક વખત શિવાલાલભાઈના સાળી એમને પીરસી રહ્યા હતા. એવામાં શિવલાલભાઈની દૃષ્ટિ અચાનક એમના ઉપર પડી.

શિવલાલભાઈએ સાળીને પૂછ્યું, “અરે ! તમે ક્યારે આવ્યા ?”

શિવલાલભાઈના પ્રશ્નથી એમના સાળીને ભારે નવાઈ લાગી, થોડું માઠું પણ લાગ્યું. તેઓ ઘરમાં બધાને કહેવા લાગ્યા, “હું ચાર ચાર મહિનાથી અહીં છું, છતાં શું એને ખબર નહિ હોય ?”

ઘરના સભ્યોએ કહ્યું, “શિવલાલભાઈની સ્થિતિ સામાન્ય સંસારીઓથી ન્યારી છે, માટે તમારે એનું માઠું ન લગાડવું.”

શિવલાલભાઈની દૃષ્ટિ ભારે નિયમમાં રહેતી. તેઓ ઘરેથી મંદિરે જતાં, મંદિરથી દુકાને જતાં પરંતુ દૃષ્ટિ નિયમમાં રાખી, ભજન કરતાં કરતાં જતાં એટલે આસપાસમાં શું થાય છે ? એની એમને કશી ખબર પડતી નહિ. શરીર શરીરનું કામ કરતુ, આંખો આંખોનું કામ કરતી. ચિત્ત હરિમાં રમતું રહેતું એટલે તેઓ આંખ અને શરીરથી અલિપ્ત રહેતા. ઉત્તમ યોગકળાના અભ્યાસીઓને સમજાય તેવી આ વાત છે. બન્યું એવું કે, એમની દુકાનની બાજુમાં રસ્તાના કાંઠા ઉપર જ એક ગાર-માટીનું ઘર હતું.

ઘરના માલિકે ગાર-માટીના ઘરને બદલે બે માળનું પાકું મકાન કર્યું. આ વાતને છ મહિના વીતી ગયા.

શિવલાલભાઈ અહીંથી રોજ પસાર થતા, પણ અહીં બે માળનું મકાન થઈ રહ્યું છે એનો શિવલાલભાઈને જરાય ખ્યાલ ન હતો. કારણ કે એમનું મન તો અન્યત્ર રમતું હતું.

એક દિવસ શિવલાલભાઈ એ ઘર પાસેથી પસાર થયા. એમને છીંક આવી એટલે દૃષ્ટિ ઉપર ગઈ. એમનો વૃત્તિભંગ થયો. એમને બે માળનું મકાન દેખાયું,

એટલે તરત બોલી ઊઠ્યા, ''અરે ! અહીં આ બે માળનું મકાન ક્યારે થઈ ગયું ?''

શિવલાલભાઈની વાત સાંભળી એમના સાથી મિત્રો હસવા માંડ્યા. એમણે કહ્યું, ''શિવલાલભાઈ ! આ મકાન તો છ મહિનાથી થઈ ગયું છે. તમને આજ ખબર પડી !''

સામાન્ય સાંસારિક બુદ્ધિના માણસોને પોતાની વાત કેમ સમજાવવી ? એ મોટો પ્રશ્ન હતો. એટલે શિવલાલભાઈ પણ થોડું હસીને મૌન રહી ગયા.

સંસારમાં રહેવું અને મનની વૃત્તિઓને આટલી સંયમિત રાખવી એ સાધારણ વાત નથી. મોટા સંતોના સમાગમને પરિણામે શિવલાલભાઈ આવી એકાગ્રદષ્ટિ સિદ્ધ કરી શક્યા હતા.

## એનું તપ એકડાં વગરના મીંડા છે !

એક વખત સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલમાં રામનવમીનો સમૈયો કરીને સંઘ સાથે જૂનાગઢ જવા નીકળ્યા હતા. બોટાદના શિવલાલ શેઠ પણ સંઘમાં સાથે હતા.

સ્વામી એક સીગરામમાં બેઠા હતા અને સંતો-ભક્તો મહારાજનું સ્મરણ કરતાં કરતાં ચાલ્યા આવતા હતા. ચાલતાં ચાલતાં વઢવાણથી નજીક ભોગાવાને કાંઠે આવ્યા.

ઉનાળાની ગરમી હતી, મધ્યાહ્‌નકાળ હતો, ધોમ ધખતો તાપ હતો, એ તાપમાં ભોગાવાની રેતી જાણે સળગી રહી હોય, એવું ભાસતુ હતું.

આવા અસહ્ય તાપમાં ભોગાવાની ધગધગતી રેતીમાં એક માણસ પંચ ધૂણી તાપતો હતો. ઉપર સૂરજનો તાપ હતો. નીચે ગરમ રેતી હતી, ફરતા અડાયા છાણાનો તાપ હતો, માથે ધગધગતા છાણાનું પાત્ર હતુ, ગરમ પવન વાતો હતો.

આવી આકરી તપસ્યા કરતા તપસ્વીને જોઈને શિવલાલભાઈ બોલ્યા, ''સ્વામી! જુવો તો ખરા, આવા ધોમ ધોખતા તાપમાં આ તપસ્વી કેવી ઘોર તપસ્યા કરી રહ્યો છે!''

ભગવાન જેવા સંત ગુણાતીતાનંદ સ્વામીએ એ તપસ્વીને દૂરથી જ આરપાર પીછાણી લીધો હતો. સ્વામી એ તપસ્વીના આશયને જાણી ગયા હતા.

સ્વામી બોલ્યા, ''શિવલાલ ! એ તપસ્વીનો દાખડો દાદ માગી લે તેવો છે પણ ખેદની વાત એ છે કે, એ બાપડાનો આવડો મોટો દાખડો એકડા વિનાના મીંડા જેવો છે. આ તપસ્વી પંચધૂણી તાપે છે પણ એ કર્મફળપ્રદાતા પરમેશ્વરમાં માનતો

નથી. એટલે આ દાખડાંનું કોઈ ફળ નથી.''

શિવલાલ શેઠે પૂછ્યું, ''સ્વામી ! આવું આકરું તપ કરે તોય એનું કાંઈ ફળ નહિ ?'' સ્વામીએ કહ્યું, ''શિવલાલ ! તું તો વેપારીનો દીકરો છો. એટલે વાત સમજી શકશે. તારા ચોપડામાં ગમે એટલા મીંડા કર પણ મીંડાની આગળ એકડો ન હોય તો એ મીંડાનું મૂલ્ય શું ? તેમ કર્મ ફળ પ્રદાતા ભગવાન પ્રત્યે શ્રદ્ધા ન હોય, એવા માણસના તપનું મૂલ્ય શું ? આવું તપ તો તામસી તપ કહેવાય. આવા તપથી બહુ બહુ તો આ લોકમાં કીર્તિ થાય, નાની મોટી થોડી સિદ્ધિઓ મળે. એથી વિશેષ કાંઈ ન થાય.'' ''કોઈ વહાણ વિના બાહુબળથી દરિયો તરવા જાય, તો ગમે એવો કુશળ તરવૈયો હોય તોપણ ડૂબી મરે. એમ ભગવાનના આશ્રય વિના ગમે એટલા કઠિન સાધન કરે તો પણ ભવસાગર પાર થવાતું નથી.''

''અને શિવલાલ બીજી વાત સાંભળી લે, તું મોટો શેઠીયો કહેવાય છે, અનેક સુખ-વૈભવ ભોગવે છે, તારે રહેવા માટે રાજભવન જેવા મોટા મોટા મેડી-મો'લાત છે, સેવા-ચાકરી કરનારા નોકર-ચાકરનો પાર નથી, દરરોજ ભાત-ભાતના ભોજન જમે છે, પંચધૂણી તાપતો નથી, તોપણ તારે પ્રગટ ભગવાન શ્રીહરિનો આશરો છે, માટે તને ભગવાન તેડવા આવશે.''

''ગમે તેવો ત્યાગી હોય, વૈરાગી હોય, તપસ્વી હોય પણ જો એ કર્મફળપ્રદાતા ભગવાનને કર્તા-હર્તા ન માનતો હોય અને કાળ, કર્મ, માયા અને સ્વભાવને કર્તા માનતો હોય, તો એ નાસ્તિક કહેવાય. નાસ્તિકના બધા સાધન માથા વગરના ધડ જેવા છે.''

''સંસારમાં રહેતો હોય, બૈરાં-છોકરાં હોય, રાજા જેવા સુખ ભોગવતો હોય પણ જો ભગવાનનો આશ્રય હોય, તો ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે '**मामेव ये प्रपद्यन्ते**'

મારી ત્રિગુણી માયા તરવી મુશ્કેલ છે પરંતુ જે ભક્ત મારો આશ્રય કરે છે, એ દુ:ખેથી પણ ન તરી શકાય એવી માયાને સુખપૂર્વક તરી જાય છે.''

ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશ વચનથી શિવલાલ શેઠને મોક્ષના સાધનનો સાચો મર્મ સમજાઈ ગયો.

## મારે તમારું ન માનવું; તમારે મારું ન માનવું

શિવલાલભાઈ નાની ઉંમરે ઘરભંગ થયા.

શિવલાલભાઈ તો નરસિંહ મહેતાની પેઠે, **''ભલું થયું ભાંગી જંજાળ, સુખે**

**ભજશું શ્રીગોપાળ"** એ ન્યાયે શ્રીહરિની મરજી જાણીને પરિસ્થિતિ સ્વીકારી લીધી.

ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સદ્ગુરુના જોગમાં આવ્યા પછી, આમેય એમના અંતરમાં સંસારની કોઇ વાસના નહોતી, પરંતુ ભગા દોશી તથા પરિવારના સભ્યોના મનમાં રહેતું હતું કે, "શિવલાલની નાની ઉંમર છે તેથી બીજા લગ્ન કરે તો સારું !"

નગરશેઠનું મોટું ઘર હોવાથી એમના બીજા લગ્ન માટે ઘણી જગ્યાએથી માગા પણ આવતા હતા.

ભગા દોશીએ અને બધા પરિવારજનોએ શિવલાલ શેઠને મનાવવા બહુ પ્રયાસ કર્યો, પરંતુ શિવલાલભાઇ આ અંગેની કોઇ વાત સાંભળવા જ તૈયાર નહોતા.

ક્યારેક ક્યારેક ગઢપુરથી મોટા મોટા સદ્ગુરુઓ બોટાદ પધારતા ત્યારે ભગા દોશી તેમને વિનંતી કરતા કે, "તમે શિવલાલને બીજું ઘર કરવા માટે સમજાવો."

ભગા દોશી જેવા મોટા શેઠની આમન્યા રાખી સંતો શિવલાલભાઇને સમજાવવા બેસતા ત્યારે શિવલાલભાઇ સંતોને બહુ વિનય-વિવેકથી પણ સ્પષ્ટપણે કહેતા, "સ્વામી ! તમારે તો ભગવાન ભજવાની અને નિર્વાસનિક થવાની વાત કરવી જોઇએ અને કોઇ સંસારની હેડ્ય-બેડીમાં પડવાની ના પાડે તો રાજી થવું જોઇએ. સંસારીઓ તો લગ્નની વાત કરે પણ આપે ન કરાય !"

શિવલાલ શેઠની વાત સાંભળી સાધુઓ શરમાઇ જતા.

એવામાં એક સમયે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ બોટાદ પધાર્યા હતા. ભગા દોશીને મનમાં થયું, "શિવલાલ કોઇનું માનતો નથી, પણ રઘુવીરજી મહારાજ તો આચાર્ય કહેવાય, એટલે એમનું જરૂર માનશે."

ભગા દોશીએ ખાનગીમાં મહારાજશ્રીને વિનંતી કરી કે, "બાપજી ! આપ શિવલાલને બીજા લગ્ન માટે મનાવો અને આજ્ઞા કરો."

રઘુવીરજી મહારાજે બહુ ઝાઝો વિચાર કર્યા સિવાય ભગા દોશીની મહોબતમાં આવીને કહ્યું, "ભલે, અમે એમને લગ્ન માટેની આજ્ઞા કરીશું"

મહારાજશ્રીની વાત સાંભળી ભગા દોશી રાજી થયા અને વિદાય લીધી.

થોડીવારમાં શિવલાલ શેઠ રઘુવીરજી મહારાજના દર્શને આવ્યા. રઘુવીરજી મહારાજે કહ્યું, "શિવલાલ ! આવો, આપણે એકાંતમાં થોડી વાત કરવી છે."

શિવલાલભાઇએ કહ્યું, "ભલે, મહારાજ !"

બંને જણા એકાંત ઓરડામાં, બંધ બારણે બેઠા.

શિવલાલભાઈએ કહ્યું, “બોલો, મહારાજ ! શું કહેવું છે ?”

રઘુવીરજી મહારાજ બોલ્યા, “શિવલાલ ! અમે ગુરુ અને તમે ચેલા એ વાત સાચી ?”

શિવલાલભાઈએ કહ્યું, “બાપજી ! એ બાબતમાં કોઈ શંકાને સ્થાન થોડું હોઈ શકે !” રઘુવીરજી મહારાજે કહ્યું, “તો, ગુરુની આજ્ઞા ચેલાએ માનવી જોઈએ કે નહિ ?”

શિવલાલભાઈ વાણિયાના દીકરા હતા. બંધ બારણે બેઠા ત્યારથી એ સમજી ગયા હતા કે, “બાપા, મહારાજશ્રી પાસે પહોંચી ગયા હોવા જોઈએ ! અને લગ્નની વાત નીકળશે !” શિવલાલભાઈએ મનોમન પરિસ્થિતિનો સામનો કરવાની પૂર્વ તૈયારી કરી લીધી હતી.

એમણે કહ્યું, “બાપજી ! ગુરુની આજ્ઞા તો શિષ્યોએ માનવી જ જોઈએ. ”

રઘુવીરજી મહારાજે કહ્યું, “તો, તમારે અમારી એક વાત માનવી પડશે.”

શિવલાલભાઈએ કહ્યું, “બાપજી! એમ એકતરફી ન ચાલે, ચેલો ગુરુનું માને તો ક્યારેક ગુરુએ પણ ચેલાની વાત માનવી જોઈએ. માટે આપણે એવો ઠરાવ કરીએ તમારી વાત હું માનું અને મારી વાત તમે માનો.”

રઘુવીરજી મહારાજ તો ભલા ભોળા બ્રાહ્મણ હતા, એટલે શિવલાલભાઈ શું કહેશે? એની એમને સ્વપ્નેય ધારણા નહોતી.

એમણે કહ્યું, “ભલે, શિવલાલ ! તમારી શરત મંજૂર છે. મારી વાત તમે માનો અને તમારી વાત હું માનીશ.”

શિવલાલભાઈ બોલ્યા, ‘તો બાપજી! બોલો શી આજ્ઞા છે?’

રઘુવીરજી મહારાજે કહ્યું, “જુઓ, શિવલાલ ! તમારી નાની ઉંમર છે. તમે ઘરભંગ થયા છો. બાપા સહિત પરિવારના બધા ઈચ્છે છે કે, ‘તમે બીજી વાર પરણો.’ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ક્યાંય ‘બીજું ઘર નહિ કરવાની’ સ્પષ્ટ આજ્ઞા કરી નથી. માટે અમારી પણ એવી ઈચ્છા છે કે, તમે બીજું ઘર કરો.”

શિવલાલભાઈ બોલ્યા, “મહારાજ ! મને હતું જ કે, તમે આ જ વાત કરશો. પણ આપણા ઠરાવ પ્રમાણે મારી વાત તમે માનો તો જ હું તમારી વાત માનીશ.”

રઘુવીરજી મહારાજને હજુ ખ્યાલ નહોતો કે, “શિવલાલભાઈ શું કહેશે ?”

એમણે કહ્યું, “બોલો, શિવલાલ ! તમારે શું કહેવું છે?”

શિવલાલભાઈ બોલ્યા, “મહારાજશ્રી ! તમે પણ મારી જેમ નાની ઉંમરે

ઘરભંગ થયા છો. મારે તો ત્રણ દીકરા પણ છે જ્યારે તમારે કોઈ વંશ-વારસ પણ નથી. વડતાલની ગાદીએ કોણ બસશે?એની સમગ્ર સત્સંગને ચિંતા છે. માટે તમે પણ વારસદાર માટે બીજું ઘર કરો.બીજું ઘર કરવામાં પહેલા તમે અને પછી હું !''

રઘુવીરજી મહારાજ આશ્ચર્યથી શિવલાલભાઈની સામે જોઈ રહ્યા, શિવલાલભાઈ આવો પ્રસ્તાવ મૂકશે એની તો મહારાજશ્રીને કલ્પના પણ નહોતી.

તેઓ બોલ્યા, ''શિવલાલ ! તું શું વાત કરે છે ? ભગવાન સહજાનંદસ્વામી મળ્યા એમની મૂર્તિનો અલૌકિક રસ ચાખ્યો હવે સંસારની ખાટી છાસ મને કોઈ રીતે ફાવે તેમ નથી.''

શિવલાલભાઈએ કહ્યું, '' તો, બાપજી ! જે ખાટી છાસ તમારે પીવી નથી, એ પીવાની આજ્ઞા મને શા માટે કરો છો ?''

રઘુવીરજી મહારાજ શિવલાલ શેઠની સામે જોઈ રહ્યા, એમના મનમાં થયું, ''અરે ! આ વાણિયાના દીકરાએ તો મને પણ બાંધી દીધો!

એમણે કહ્યુ, ''શિવલાલ ! આપણે ઠરાવ ફોક કરીએ. આપણે બીજા ઘર કરવાં નથી. આ બાબતમાં મારે તમારું ન માનવું અને તમારે મારું ન માનવું.''

શિવલાલભાઈ ઠાવકું મુખ રાખીને બોલ્યા, ''તો, ભલે, મહારાજ ! જેવી તમારી મરજી ! પછી કહેતા નહિ કે, શિવલાલ મારું ન માન્યો !''

વાણિયાના દીકરાની ડાહી વાત સાંભળી રઘુવીરજી મહારાજ હસવા માંડ્યા અને બોલ્યા, ''શિવલાલ ! તને બોલવામાં તો બ્રહ્માય પહોંચે તેમ નથી.''

મહારાજશ્રીની વાત સાંભળી શિવલાલભાઈ હસતા હસતા બોલ્યા, ''તો, ભલે, મહારાજ ! હવે હું જાઉં છું'' આમ કહી તેઓ મહારાજશ્રીને વંદન કરી ઓરડો ઉઘાડી ચાલતા થયા.

આ બાજુ ભગા દોશી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા કે, 'બંને જણા ક્યારના બંધ બારણે ચર્ચા કરે છે, એટલે આજે શિવલાલ અવશ્ય માની જશે !'

જેવા શિવલાલ ગયા કે ભગા દોશી મહારાજશ્રીની પાસે આવ્યા અને પૂછ્યું, ''કેમ, બાપજી ! શિવો માન્યો ?''

રઘુવીરજી મહારાજે કહ્યું, ''શેઠ ! માનવાની વાત રહેવા દો. એણે તો મનેય બંધનમાં નાખ્યો. આ ગુણાતીતાનંદ સ્વામીનો ચેલો તો ભારે જબરો નીકળ્યો. બીજું ઘર કરવા માટે શિવલાલ કોઈ રીતે માને તેમ નથી''

આટલું કહી મહારાજશ્રીએ બંને વચ્ચે જે સંવાદ થયો હતો, તે ભગા દોશીને સંભળાવ્યો.

મહારાજશ્રીની વાત સાંભળી ભગા દોશી ભારે નિરાશ થયા પણ એમનો સંસારી જીવ કોઈ રીતે હાર માને તેમ નહોતો.

## સ્વામીએ લલાટના લેખ વાંચ્યા

વિ.સં.૧૯૧૫ ની સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કાર્તિકી સમૈયા ઉપર વડતાલ જઈ રહ્યા હતા. સંતો-હરિભક્તોનો વિશાળ સંઘ સાથે હતો.

શિવલાલ શેઠને આપેલા કોલ પ્રમાણે રસ્તામાં સ્વામી બોટાદ રોકાયા. કથા-વાર્તાનો અખાડો મંડાયો.સ્વામીનો સમાગમ કરી બોટદવાસીઓ ધન્ય ધન્ય થઈ રહ્યા !! આ બાજુ ભગા દોશીના મનમાં શિવલાલને બીજું ઘર કરાવવાના વિચારો ઘુમરાયા જ કરતા હતા. પરંતુ શિવલાલભાઈની મક્કમતાને લીધે અત્યાર સુધી ભગા દોશી નિષ્ફળ રહ્યા હતા.

હવે એણે છેલ્લો પાસો ફેંકી જોવાનો વિચાર કર્યો. મનમાં થયું, ‘‘શિવલાલ કોઈનું ન માન્યો ? પરંતુ ગુણાતીતાનંદ સ્વામીનો તો અનન્ય શિષ્ય છે, માટે સ્વામીના વેણને ઈ પાછું નહિ ઠેલે !’’

ભગા દોશી સ્વામીને મળ્યા અને ભારપૂર્વક વિનંતી કરી કે, ‘‘સ્વામી ! તમે કોઈપણ રીતે શિવલાલને બીજું ઘર કરવા માટે મનાવો.’’

ભગા દોશીની વાત સાંભળી સ્વામી મનમાં હસ્યા, સ્વામીને થયું, ‘‘શેઠ ભગત સારા છે, શ્રીજી મહારાજના કૃપાપાત્ર છે પણ કોઈ સદ્‌ગુરુ સાથે જીવ જોડીને સમાગમ કર્યો નથી એટલે હજુ એના હૃદયમાંથી સંસારનો કાંટો નીકળ્યો નથી.’’

કલ્યાણની વાત અટપટી છે. માત્ર ભક્તિ કરવાથી કે દાન-ધર્માદો કરવાથી કામ પુરું થઈ જતું નથી. ભગવાન સ્વામિનારાયણના સંપ્રદાયનું હૃદય એકાંતિક સત્પુરુષોના સમાગમમાં છે. સમાગમ વગર જીવની ખામી જવી મુશ્કેલ છે. હા, પોતાના અનન્ય આશ્રિત ઉપર શ્રીહરિ કૃપા કરે તો, વાત જુદી છે.

ભગા દોશીની વાત સાંભળી સ્વામીને થયું, ‘‘આ શેઠનું મન મનાવવા ખાતર પણ મારે થોડો પ્રયાસ કરવો જોઈએ.’’

સ્વામીએ કહ્યું, ‘‘શેઠ ! શિવલાલને બોલાવો.’’

સ્વામીની આજ્ઞા થતા શિવલાલભાઈ હાજર થયા. એના મનમાં થતું હતું કે, ‘‘સ્વામી મને બીજું ઘર કરવાની આજ્ઞા ન કરે તો સારુ !!’’

જો કે, શિવલાલભાઈને હૃદયમાં ભારોભાર ભરોસો હતો કે, ‘‘સ્વામી તો જીવને નિર્વાસનિક કરી, બ્રહ્મરૂપ કરી, મહારાજમાં જોડનારા સંત છે. એ મને આવા

ધર્મસંકટમાં નહિ જ મૂકે.''

શિવલાલભાઇ સ્વામીને દંડવત્ કરીને પાસે બેઠા.

સ્વામીએ શિવલાલભાઈના લલાટ સામે જોયું અને સ્વામી ચમક્યા. લલાટના લેખ એવું કહેતા હતા કે, ''શિવલાલની આવરદા હવે પૂરા બે વર્ષની પણ નથી.''

સ્વામીને થયું, ''હવે, શિવલાલને પરણવાનું ન કહેવાય. સાથોસાથ આની આવરદા થઈ રહી છે એવું ભગા દોશીને પણ ન કહેવાય, કારણ કે ભગા દોશીને પોતાનો આ એકનો એક દીકરો પ્રાણ કરતાંય વહાલો હતો.''

''બીજી મહત્ત્વની વાત એ છે કે કદાચ હું આજ્ઞા કરું તો શિવલાલ મારી આજ્ઞા નહિ ઉથાપે. એ પરણશે. પરંતુ શિવલાલના ધામમાં ગયા પછી વાણીયાની જુવાન દીકરીને આખી જિંદગી વિધવાપણું વેંઢારવું પડે એનું શું?''

આવા બધાં જ પાસાંનો વિચાર કરી સ્વામીએ જુદી જ રીતે વાતનું મંડાણ કર્યું અને બોલ્યા, ''ભગા દોશી ! તમારો આગ્રહ છે, શિવલાલને પરણાવવાનો, પણ શિવલાલ બીજું ઘર નહિ કરવાની હઠ કરીને બેઠો છે.''

''શેઠ ! જુવાનીયાઓ થોડા વેગીલા હોય, લીધેલી હઠ જલદી છોડે નહિ. એમ કરો તમે બે વર્ષ ખમી જાવ. બે વર્ષમાં એના મનના વેગ ભાંગી જશે તો સારું છે, નહિતર અમે એમને પરાણે બીજું ઘર કરાવીશું.''

સ્વામીની વાત સાંભળી, બે વર્ષની મુદત પડી, એટલે શિવલાલભાઈને થોડી રાહત થઈ. ભગા દોશીને તો સ્વામીની વાત સ્વીકારવા સિવાય બીજો રસ્તો નહોતો.

આમને આમ આશરે દોઢેક વર્ષ પસાર થયું.

## તારા જીવ સામે જોઉં છું તો અર્ધો સત્સંગ રહ્યો છે !

આ દરમ્યાન સંપ્રદાયના બે ઐતિહાસિક પ્રસંગો બન્યા.

વિ.સં.૧૯૧૬ ની સાલમાં ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવવામાં આવ્યા અને આચાર્ય રઘુવીરજી મહારાજને ભવ્ય રાજ-સન્માન સાથે ભાવનગરમાં પધરાવવામાં આવ્યા.

આ બંને પ્રસંગનો તમામ ખર્ચ શિવલાલભાઈ અને ભગા દોશીએ આપ્યો હતો. ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા અને ભાવનગરમાં રઘુવીરજી મહારાજની પધરામણી આ બંને મહાન કાર્યો કરવાથી સંપ્રદાયના મોટા મોટા સદ્‌ગુરુઓ શિવલાલભાઈ ઉપર ખૂબ રાજી થયા હતા અને ચારે તરફથી પ્રશંસાના પુષ્પો વરસ્યા હતા.

પૈસો, પ્રસિદ્ધિ અને પ્રશંસા પચાવવા ભારે કઠણ હોય છે. ચારે બાજુ ખૂબ વખાણ થતા હોવાથી શિવલાલભાઈના અંતરમાં સહેજ સાત્ત્વિક અહંકાર ઉદય થયો. સોની જેમ સોનામાં ભળેલા ભેગને જાણી જાય છે એજ રીતે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ચકોર નજરથી શિવલાલભાઈના ચૈતન્યમાં ભળેલા સાત્ત્વિક અહંકારરૂપી ભેગને પારખી લીધો હતો.

પોતાના અંતેવાસી શિષ્યના અંતરમાં સહેજ પણ કસર રહી જાય તે સ્વામી જેવા સદ્‌ગુરુને કેમ પાલવે ?

કુશળ વૈદ્ય જેમ કાળજી રાખી દર્દીને નીરોગી કરે છે, એજ રીતે સદ્‌ગુરુ કડવાં ઔષધ પાઈને પણ શિષ્યના મનના રોગને હરી લે છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કુશળ વૈદ્યરાજની જેમ શિવલાલભાઈના જીવનું ભારે જતન કરતા હતા.

બધી ધામ-ધૂમ પૂરી થયા પછી સ્વામીએ શિવલાલભાઈને નીરોગી કરવા કડવું ઔષધ પાયું.

સ્વામીએ કહ્યું, “શિવલાલ ! તારા મનમાં તું એમ જાણે છે કે, ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજ અને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવીને મેં મોટુ કામ કર્યું. પણ તારા જીવ સામું જોઉં છું, તો અરધો સત્સંગ રહ્યો છે.”

ચારે બાજુથી પ્રશંસા થઈ રહી હોય ત્યારે કોઈ આવી વાત કરે તો સાંભળનારાને ભારે વસમી લાગે ! પરંતુ આ તો શિવલાલભાઈ હતા. તેની વાત જ કાંઈક નોખી હતી.

પોતાને નીરોગી કરે એવા સદ્‌ગુરુ સાથે એણે જીવ જોડ્યો હતો. એટલે એને સ્વામીની કડવી વાત પણ સાચી અને અમૃત જેવી લાગી.

સ્વામીના વચને શિવલાલભાઈનો અંતરાત્મા સચેત થઈ ગયો. તેઓ હાથ જોડીને બોલ્યા, “સ્વામી ! આપની વાત સાચી છે. હું ભૂલ્યો. હવે, મારા ચૈતન્યના ભેગને ટાળવા માટે દવા પણ આપને જ કરવાની છે.”

સ્વામી બોલ્યા, “શિવલાલ ! જેના-તેના શબ્દો સાંભળીને તારો જીવ સોરાઈ ગયો છે.

સાંભળ શિવલાલ! એકવાર ગાયનું વાછડું ભૂખ્યું થયું. મા સીમમાં ચરવા ગઈ હતી. ભૂખ્યું વાછડું સાંઢના ટોળામાં જઈ સાંઢના આઉમાં માથા મારવા માંડ્યું. એને એમ હતું કે, ‘મને અહીં દૂધ મળશે.’ દૂધ તો ન મળ્યું પણ સાંઢના પાટા ખાઈ-ખાઈને મોઢું સોજી ગયું તે સાંજે સગી મા આવી પણ વાછડું ધાવવા જેવું ન રહ્યું.

શિવલાલ જેના તેના શબ્દો સાંભળીએ તો જીવની આવી દશા થઈ જાય.

હવે,તો તું મારી સાથે રહીને થોડો સમય સમાગમ કરીશ, પછી સાજો થઈશ.''

શિવલાલભાઈએ સ્વામીની વાતને હૃદયથી સ્વીકારી લીધી.

સ્વામીએ શિવલાલભાઈને થોડા સમય સુધી સાથે રાખ્યા અને એમના અંતરમાં સત્કર્મ કરવાથી સાત્ત્વિક અહંકાર ઉદય થયો હતો તે મૂળમાંથી ટાળી નાખ્યો.

અધ્યાત્મ જગતમાં જીવની સૂક્ષ્મ કસર ટાળવાના આવા ઉદાહરણો વિરલ હોય છે.

## ભાયાત્માનંદ સ્વામીની સેવામાં

વિ.સં.૧૯૧૬ ની સાલ હતી. દર વર્ષના નિયમ પ્રમાણે ચૈત્ર સુદી નવમીનો સમૈયો કરવા માટે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંતો-હરિભક્તોના વિશાળ સંઘ સાથે નીકળ્યા હતા.

સ્વામીને મનમાં થતું હતું કે, ''શિવલાલનું આયુષ્ય હવે પૂરું થવામાં છે, માટે મારે હવે એને રેઢો મૂકવો નથી.''

ભગવાન અને સદ્‌ગુરુની કૃપા પારાવાર હોય છે. તેઓ જેનો હાથ પકડે છે એને જતનથી જાળવે છે.

સ્વામીએ શિવલાલભાઈને કહ્યું, ''શિવા ! હું વડતાલ સમૈયા ઉપર જાઉં છું, તારે મારી સાથે હાલવું છે ?''

શિવલાલભાઈ કહે, ''સ્વામી ! આપની સાથે રહેવા મળે, એ તો મારા અહોભાગ્ય ગણાય !''

સ્વામીએ શિવલાલભાઈને સાથે લીધા અને બોટાદથી વડતાલ જવા નીકળ્યા.

રસ્તામાં વાગડ ગામ આવતું હતું. વાગડ ગામમાં ભગવાન સ્વામિનારાયણના મહાન સંત ભાયાત્માનંદ સ્વામી રહેતા હતા. ભાયાત્માનંદ સ્વામીનું મૂળ નામ આત્માનંદ સ્વામી હતું.

ભાઈ રામદાસજી ધામમાં ગયા બાદ મહારાજે આત્માનંદ સ્વામીને પોતાના ભાઈ કરેલા,એટલે સ્વામી ભાયાત્માનંદ સ્વામી તરીકે પ્રસિદ્ધ થયા હતા.

ભાયાત્માનંદ સ્વામી વચનમૂર્તિ સંત હતા. એમણે જીવનભર શ્રીજી મહારાજની આજ્ઞા અક્ષરશઃ પાળી હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાથે તેઓને ખૂબ જ હેત હતું. આ બંને પરમહંસો વર્ષો સુધી સત્સંગમાં સાથે વિચર્યા હતા.

બંને સંતોના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી નિશ્ચય હતો. બંને મહાન પુરુષો ભગવાન સ્વામિનારાયણનો મહિમા યથાર્થ સમજતા હતા. બંને સંતો

પંચ વર્તમાન અને ધર્મ-નિયમમાં પૂરા શૂરા હતા. બંને એકબીજાનો મહિમા પૂરેપૂરો સમજતા હતા.

ભાયાત્માનંદ સ્વામીની ઉંમર એક સો ને પચ્ચીસ વર્ષની થઈ ચૂકી હતી. એમને નવા દાંત અને નવા કેશ ઉગ્યા હતા. સવા સો વર્ષની ઉંમરે પણ ભાયાત્માનંદ સ્વામીનું શરીર પ્રમાણમાં સારું હતું. વાણી, કાન અને આંખોના તેજ યથાવત્ હતા. શરીરમાં અશક્તિ અવશ્ય હતી, પરંતુ સાન-ભાન પૂર્ણ હતા.

વર્ષો પહેલા સત્સંગના દ્વેષી લોકોએ સ્વામીને ભિક્ષામાં વિષ આપેલું. મહારાજે સ્વામીની વિષથી રક્ષા કરી હતી, પરંતુ વિષની થોડી અસર શરીરમાં રહી ગઈ હતી.

સ્વામીને ભાલના વાગડ ગામનું પાણી માફક આવતું હતું, એટલે સ્વામી વધારે પડતું વાગડમાં મોરસીયા વાડીમાં રહેતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીને ખ્યાલ આવી ગયો હતો કે, ‘હવે સ્વામી વધારે સમય આ લોકમાં રહેવાના નથી‘ એટલે ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામીના છેલ્લા દર્શનનો સંકલ્પ કરી સંઘને વાગડમાં રોકવાનો નિર્ણય કર્યો.

સ્વામીએ અગાઉથી માણસ મોકલી પોતે આવી રહ્યા છે એ સમાચાર કહેવડાવ્યા.

ગુણાતીતાનંદ સ્વામી આવે છે તે વાત સાંભળી ભાયાત્માનંદ સ્વામી અતિ રાજી થયા હતા અને પૂછ્યું, “સાથે કેટલા માણસો છે ?”

સંદેશવાહકે કહ્યું, “સ્વામી ! લગભગ સો-સવા સો સંતો-હરિભક્તોનો સંઘ છે. સાથે બોટાદથી શિવલાલ શેઠ પણ જોડાયા છે.”

ભાયાત્માનંદ સ્વામીએ હસીને રમૂજમાં કહ્યું, “આ ગુણાતીતાનંદ તો અસલ ભરવાડ જેવો છે. ભરવાડની પાછળ જેમ પશુનું ટોળું ફરે એમ આની પાછળ મુમુક્ષુઓના ટોળા ફર્યા જ કરે છે. મહારાજે આ સાધુમાં ગજબનું આકર્ષણ મૂક્યું છે. એક ગોપાળાનંદ સ્વામીમાં અમે આવું આકર્ષણ જોયું હતું અને બીજું આ નિર્ગુણાનંદમાં છે.”

જોત-જોતામાં સંઘ આવી પહોંચ્યો. બંને મહાન પુરુષો એકબીજાને બથમાં ઘાલીને મળ્યા. બંનેના નેત્રોમાંથી અશ્રુબિંદુઓ પડવા લાગ્યા. સંઘના સંતો-હરિભક્તોએ પણ આ વયોવૃદ્ધ વચનમૂર્તિ સંતને દંડવત્ પ્રણામ કર્યા.

શિવલાલ શેઠને તો આજે અત્યંત આનંદ થઈ રહ્યો હતો. કારણ કે તેઓને ભાયાત્માનંદ સ્વામી સાથે વર્ષો જૂનું હેત અને ગુરુભાવ હતો.

સ્વામી બે-ત્રણ દિવસ વાગડ રોકાયા. આટલો મોટો સંતો-ભક્તોનો સમુદાય

લઈને સ્વામી વાગડ પધાર્યા એટલે વાગડ ગામના હરિભક્તોના અંતરમાં પણ આનંદ સમાતો નહોતો.

વાગડના હરિભક્તોએ ખૂબ જ ઉત્સાહ અને મહિમાથી સંઘની ખૂબ સારી સરભરા કરી.

ગુણાતીતાનંદ સ્વામી મોટા ભાગે ભાયાત્માનંદ સ્વામી પાસે જ બેસી રહેતા. બંને મહાન સંતો પરસ્પર મહારાજના મહિમાની અલૌકિક વાતો કરતા. પ્રગટ ભગવાન સ્વામિનારાયણે જે જે સુખ આપ્યું હતું, તે સંભારતા સંભારતા બંને સંતો ગદ્ગદ્ થઈ જતા હતા.

સાથેના સંતો-હરિભક્તો પણ બન્ને સંતોના મુખથી ભગવાન સ્વામિનારાયણની લીલામય જૂની જૂની વાતો સાંભળીને ભાવવિભોર બની જતા હતા.

વાગડ રોકાણ દરમ્યાન ગુણાતીતાનંદ સ્વામીને એક વાત ખટકી. આ વયોવૃદ્ધ સંતની સરખી સેવા કરે, એવો કોઈ સેવક એમના જોવામાં આવ્યો નહિ.

ગુણાતીતાનંદ સ્વામીને નાનપણથી માંદા સાધુની સેવાનું અંગ હતું. માંદા સાધુઓની સેવા કરી કરીને એમણે સંતો અને શ્રીજી મહારાજનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. માંદા સંતની સેવા કેમ થાય ? એ સ્વામી બરાબર જાણતા હતા.

સ્વામીને મનમાં થયું, ''સંઘમાંથી કોઈ સ્વામીની સેવામાં રોકાય તો સારું !'' આવું વિચારી સ્વામીએ સભામાં વાત મૂકી, ''આ ભાયાત્માનંદ સ્વામી અતિ પવિત્ર સંત છે. આવા સંતની સેવા કરવી એ જ સાચો સમૈયો છે. માટે કોઈ સેવાભાવી સંત સ્વામીની સેવામાં રોકાય તો સારું !''

સૌના મનમાં વડતાલનો સમૈયો કરવાનું તાન હતું. એટલે સ્વામીની વાત ઉપર કોઈએ લક્ષ્ય ન આપ્યું.

સ્વામીએ ફરીથી કહ્યું, ''આ સંતની સેવામાં જે રોકાશે એની સો જન્મની કસર શ્રીજી મહારાજ આને આ જન્મે ટાળીને બ્રહ્મરૂપ બનાવી, અક્ષરધામમાં પોતાની સેવાનું સુખ આપશે.''

સ્વામીની વાત સાંભળી બધા સંતો નીચું જોઈ ગયા. કોઈ રોકાવા તૈયાર ન થયું. જીવના હૃદયમાં રહેલી સમજણની કચાશને જોઈને સ્વામીને ખૂબ દયા આવી.

શિવલાલભાઈ સભામાં બેઠા બેઠા આ બધો તાલ જોઈ રહ્યા હતા. એમના મનમાં અકળામણ થઈ રહી હતી, સ્વામી જેવા મહાન પુરુષના વચન આમ વ્યર્થ જાય એ સારું ન લાગ્યું. એમનાથી રહેવાયું નહિ એટલે ઊભા થઈ ગયા અને હાથ

જોડીને બોલ્યા, "સ્વામી ! આપની આજ્ઞા હોય તો સ્વામીની સેવામાં હું રોકાવ."

"શિવલાલભાઈની પડ્યો બોલ ઝીલવાની તત્પરતા જોઈ સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, "શિવલાલ ! તું રોકાઈશ ! તું તો દોમ-દોમ સાહ્યબીમાં આળોટનારો છો ! ચાંદીની થાળીમાં જમનારો છો ! તારે ત્યાં કામ કરનારા નોકર-ચાકરોનો પાર નથી!"

"માંદા સંતની સેવા એ નાની-સૂની વાત નથી. તારાથી એ થશે ?"

શિવલાલ શેઠે વિનયપૂર્વક કહ્યું, "સ્વામી ! તમે જરાય ચિંતા કરો મા, હું આ ભગવાન જેવા સંતની સેવા ભાવથી કરીશ."

શિવલાલ શેઠની વાત સાંભળતા ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થઈ ઊભા થઈ ગયા. શિવલાલ શેઠને બાહુપાશમાં લઈ ભેટ્યા, માથે હાથ મેલીને બોલ્યા, "શિવલાલ ! તને ધન્ય છે ! તેં અમારા પડ્યા બોલને ઝીલ્યો, મહારાજ તારી રહી-સહી સર્વ કસર ટાળી, તને આને આ દેહે બ્રહ્મરૂપ કરી ધામમાં લઈ જશે." સ્વામીના આશીર્વાદ અને માંદા સંતની સેવા પ્રાપ્ત કરી શિવલાલભાઈ કૃતકૃત્ય થઈ ગયા.

વાગડથી વિદાય લેતી વખતી સ્વામીએ શિવલાલભાઈને ભલામણ કરી, "શિવા ! જોજે હો, આ સંત ભગવાન જેવા જ પ્રતાપી છે. એની સેવામાં કસર રાખીશ નહિ. બીજું તારે માત્ર સેવા કરવાની નથી. સ્વામીનો સમાગમ પણ કરવાનો છે.

સ્વામી મહારાજ સાથે ખૂબ રહ્યા છે, મહારાજનો રાજીપો મેળવ્યો છે, મહારાજનો મહિમા યથાર્થ જાણે છે. માટે સ્વામી જ્યારે સ્ફૂર્તિમાં હોય ત્યારે સ્વામી પાસેથી મહારાજના મહિમાની વાતો સાંભળજે. સેવા અને સમાગમથી તું ધન્ય થઈ જઈશ !

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ધામમાં જવાના થયા ત્યારે તારો હાથ મારા હાથમાં સોંપ્યો હતો. હવે, હું તારો હાથ આ ભગવાન જેવા સાધુના હાથમાં સોંપુ છું અને બીજું સાંભળી લે, તારી આવરદા પણ હવે લાંબી નથી. જે થોડા દા'ડા તારા હાથમાં છે એનો સદુપયોગ કરી લેજે."

શિવલાલ શેઠ સ્વામીની વાત સાંભળી અત્યંત ગદ્‌ગદ્ થઈ ગયા અને બોલ્યા, "સ્વામી ! આપે બીજું ઘર કરવા અંગે બે વર્ષની મુદત નાખી હતી, એનું રહસ્ય આજે સમજાયું. આપ જેવા સદ્‌ગુરુઓને પામી હું ધન્ય થઈ ગયો છું."

ગુરુ શિષ્યનો આ સંવાદ સાંભળી વાગડનું વાતાવરણ ડોલી ઉઠ્યું!

ભાયાત્માનંદ સ્વામીની રજા લઈને સ્વામી વડતાલ પધાર્યા.

## પખવાડીયા પછી મને પણ ધામમાં તેડી જજો

આ બાજુ શિવલાલભાઈ ભાયાત્માનંદ સ્વામીની મન, વચન, કર્મથી સેવા કરવા લાગ્યા.

સ્વામી સવારે ઊઠે અને રાત્રે સૂવે ત્યાં સુધી શિવલાલભાઈ ભારે શ્રદ્ધાપૂર્વક ઝીણામાં ઝીણી કાળજી રાખી સ્વામીની સેવા કરતા હતા.

સ્વામીનું શરીર વૃદ્ધ હોવાથી શરીર ઉપર કાબુ રહ્યો નહોતો, એટલે ઘણી વાર સ્વામીને પથારીમાં જ ઝાડો-પેશાબ થઈ જતો હતો.

મા જેમ બાળકને સ્વચ્છ કરે એજ રીતે શિવલાલભાઈ સ્વામીને સ્નાનાદિક ક્રિયા કરાવતા હતા.

આ નવલખો શેઠ ઝાડા પેશાબથી બગડેલી ગોદડીઓનું પોટલું બાંધી વાગડના તળાવે ધોવા લઈ જતા હતા.

આ રીતે શિવલાલભાઈએ લગભગ બે મહિના સુધી નીચામાં નીચી ટેલ-ચાકરી કરીને સ્વામીનું દિલ જીતી લીધું.

ગુણાતીતાનંદ સ્વામીની ભલામણ પ્રમાણે સ્વામી જ્યારે સ્ફૂર્તિમાં હોય ત્યારે શિવલાલભાઈ એમના મુખેથી મહારાજના દિવ્ય લીલા-ચરિત્રોનું શ્રવણ કરતા હતા.

એક દિવસ શિવલાલભાઈ સ્વામી પાસે બેઠા હતા. સ્વામી પણ થોડા સ્ફૂર્તિમાં હતા. શિવલાલભાઈની શ્રદ્ધાપૂર્વકની સેવાથી સ્વામી અત્યંત રાજી થયા હતા.

પૂર્ણિમાના ચંદ્રોદય સમયે મહાસાગરમાં ભરતી ચડે એજ રીતે સ્વામીના અંતરમાં અચાનક મોજ ઊભરાણી. સ્વામી પથારીમાંથી બેઠા થઈ ગયા અને બોલ્યા, ‘‘માગ્ય, શિવલાલ ! માગ્ય, તેં મારી કોઈથી ન થાય એવી સેવા કરી છે.’’

સ્વામીને આટલા બધા આનંદમાં જોઈ શિવલાલભાઈ પણ ખૂબ રાજી થયા અને બોલ્યા, ‘‘સ્વામી ! આપ રાજી થાવ એમાં મારે બધુંય આવી ગયું !’’

સ્વામી બોલ્યા, ‘‘એમ નહિ શિવલાલ ! કંઈક માગ્ય, તું લખેશરી શાહુકાર હોવા છતાંય, તેં મારી બગડેલી ગોદડીઓ ધોઈ છે અને મારી ખૂબ કાળજી રાખી છે.’’

શિવલાલભાઈ બોલ્યા, ‘‘સ્વામી ! મહારાજ અને આપ જેવા સદ્‌ગુરુઓની કૃપાથી મને આ લોકમાં શું નથી મળ્યું ? બસ, તમે રાજી રહો, એથી વિશેષ મારે કાંઈ માગવું નથી.’’

સ્વામીએ કહ્યું, ‘‘શિવલાલ ! તું મારી વાત ધ્યાનથી સાંભળી લે. મારી

આવરદા પૂરી થઈ ગઈ છે. આવતી કાલે બપોરે હું મહારાજના ધામમાં જવાનો છું. મને થાય છે કે જતાં જતાં તારી સેવાનો થોડો બદલો ચૂકવતો જાઉ. માટે કંઈક માગ્ય.''

સ્વામીની વાત સાંભળતાં શિવલાલભાઈને કંઈક યાદ આવ્યું અને બોલ્યા, ''સ્વામી ! હું જે માગીશ તે આપશો ?''

સ્વામી બોલ્યા, ''હા, શિવલાલ ! તું જે માગીશ તે આપીશ. મહારાજને પ્રતાપે કોઈ એવી વસ્તુ નથી કે જે હું તને ન આપી શકું.''

સ્વામીની વાતમાં એમનામાં રહેલું અસાધારણ ઐશ્વર્ય પ્રગટી રહ્યું હતું.

શિવલાલભાઈ બે હાથ જોડીને બોલ્યા, ''તો, સ્વામી ! મને એક વરદાન આપો, તમે ધામમાં જાવ પછી બે અઠવાડિયે મને પણ મહારાજને સાથે લઈને ધામમાં તેડવા આવજો.''

શિવલાલ શેઠની વાત સાંભળતા સ્વામી આભા બની ગયા અને ''હાં હાં'' કરતા શિવલાલભાઈના મોઢા આડો હાથ દઈ દીધો.

સ્વામી બોલ્યા, ''અરે ! શિવલાલ ! આ તે શું માગ્યું ? કાંઈક બીજુ ંમાગ્ય, કાંઈક બીજું માગ્ય.''

શિવલાલભાઈ બોલ્યા, ''સ્વામી ! જો વરદાન આપવું હોય તો આ જ, બાકી બીજું મારે જોતું નથી.''

સ્વામી બોલ્યા, ''શિવલાલ ! તેં તો ભારે કરી ! તું આવું માગીશ એવી તો મને કલ્પના પણ નહોતી. હજુ કહું છું, તું કંઈક બીજું માગ્ય.''

શિવલાલભાઈ બોલ્યા, ''સ્વામી ! આ સિવાય મારે બીજું કાંઈ ખપતું નથી. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને આપ જેવા સમર્થ સદ્‌ગુરુઓની કૃપાથી મારા હૃદયમાં હવે આ લોકની કોઈ વાસના રહી નથી. હવે તો જલદી આપ જેવા અક્ષરમુક્તોની પંકિતમાં બેસવાનું મળે , એની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.''

સ્વામી બોલ્યા, ''તો, ભલે, શિવલાલ ! પંદર દિવસ વીત્યા પછી તૈયાર રહેજે. અમે મહારાજને સાથે લઈને તને તેડવા આવીશું.''

સમર્થ સંતનું વરદાન મળતાં શિવલાલભાઈને અત્યંત આનંદ થયો.

બીજે દિવસે વિ.સં.૧૯૧૬ જેઠ સુદી છઠ્ઠનો દિવસ હતો. બરાબર બપોરે મહારાજ સ્વામીને તેડવા આવ્યા અને સ્વામીએ અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ જણાવી સ્વતંત્ર થકા દેહને છોડી દીધો અને મહારાજની સાથે ધામમાં સિધાવ્યા.

ગામના હરિભક્તોની સાથે મળીને સ્વામીની બધી જ ઔર્ધ્વદૈહિક ક્રિયા પૂર્ણ

કરી શિવલાલભાઈ બોટાદ પધાર્યા અને મહારાજ અને સ્વામી ક્યારે તેડવા આવે ? એની રાહ જોવા લાગ્યા.

## શિવલાલભાઇ ધામમાં સીધાવ્યા

શિવલાલભાઈએ પોતાના પિતા ભગા દોશીને વાત કરી કે, ‘‘બાપા ! હું થોડા દિવસમાં જ ભગવાનના ધામમાં જવાનો છું, માટે બહેનું-દીકરીઓને મળવા બોલાવવા હોય તો બોલાવી લ્યો.’’

ભગા દોશી શિવલાલભાઈની વાત સહન ન કરી શક્યા અને બોલ્યા, ‘‘આવી ગાંડી-ઘેલી વાત મેલી દે અને કરવાનું કામ કર. સાવ સાજો-સારો છો અને ધામમાં ક્યાંથી જવાનો હતો !’’

શિવલાલભાઈએ ગંભીરતાથી કહ્યું, ‘‘બાપા ! મારે ધામમાં જવાનું નક્કી જ છે. મારે કોઈને મળવાની ઈચ્છા નથી, પણ તમને બધાને પાછળથી ઓરતો ન થાય, માટે કહું છું. પછી જેવી તમારી મરજી !’’

ભગા દોશી બોલ્યા, ‘‘ગુણાતીતાનંદ સ્વામીના આ બધા ચેલા આવાને આવા વેવલા જ રહ્યા !’’ આમ કહીને ભગા દોશીએ વાત ઉડાડી દીધી.

શિવલાલભાઈને ધામમાં જવાને એકાદ અઠવાડિયું આડું રહ્યું. એમના શરીરમાં ઝીણો-ઝીણો તાવ આવવો શરૂ થયો.

ભગા દોશીના પેટમાં ફાળ પડી. એમને થયું કે, ‘કદાચ, શિવલાલ શરીર છોડી દેશે.‘

એમણે તાબડતોબ સગાં-વહાલા, બહેનું-દીકરીઓને બોલાવી લીધા.

શિવલાલભાઈએ હવે પોતાનો ખાટલો મંદિરમાં લેવડાવ્યો.

બોટાદ સ્વામિનારાયણ મંદિરમાં હાલ જયાં ગોપાળાનંદ સ્વામીએ બંધાવેલો સભા-મંડપ છે એની ઉપર લાકડાનો મેડો હતો. શિવલાલભાઈએ પોતાનો ખાટલો ત્યાં રખાવ્યો હતો.એમની પાસે નિરંતર ભક્તચિંતામણિનો પાઠ થયા કરતો હતો. વ્યાવહારિક વાતો કરવાની સદંતર બંધી હતી.

શિવલાલભાઈના શરીરમાં ધીરે ધીરે તાવ વધવા લાગ્યો હતો. સાથે સાથે ભગા દોશી વગેરે પરિવારજનોની ચિંતા પણ વધી રહી હતી, પરંતુ શિવલાલભાઈ પરમ આનંદમાં હતા.

ભગા દોશીએ શિવલાલભાઈને પૂછ્યું, ‘‘શિવા, તારે કોઈ અંતરની ઈચ્છા રહી જતી હોય તો બોલ્ય.’’

શિવલાલભાઈએ કહ્યું, “બાપ ! હવે ધામમાં જવાને ટાણે ઈચ્છા તો શું હોય ! પણ મનમાં એક વાતનો ખોટકો રહે છે.”

ભગા દોશીએ કહ્યું, “શિવલાલ ! બોલ્ય, તું જે કહેશે તે બધું જ પૂર્ણ કરવામાં આવશે.”

શિવલાલભાઈએ કહ્યું, “બાપા ! બીજી તો કોઈ ઈચ્છા નથી, પરંતુ બોટાદ પાસેના શિરવાણિયા ગામે ઘેલા ધાધલ રહે છે. શરીરે વૃદ્ધ છે, આંખે અંધ છે. મહારાજે એમની બહુ કસોટી કરી છે, છતાં એમની ધીરજ અને નિષ્ઠા ઓછા થયા નથી, મહારાજે સ્વયં મને દર્શન દઈને એને સાચવવાની ભલામણ કરી છે. બાપા ! એ ઘેલા ધાધલને સાચવવાની જવાબદારી હવે તમારી છે.”

ભગા દોશીએ કહ્યું, “શિવલાલ ! તું જરાય ચિંતા કરીશ નહિ. ઘેલા ધાધલને અમે સાચવી લઈશું.”

બાપાની વાત સાંભળીને શિવલાલભાઈના અંતરમાં સંતોષ થયો.

સમય પસાર થઈ રહ્યો હતો. જોત-જોતામાં ભાયાત્માનંદ સ્વામીએ આપેલી મુદત પૂરી થવા આવી હતી. અષાઢ સુદી દશમીનો દિવસ આવ્યો. સદ્‌ગુરુ ભાયાત્માનંદ સ્વામી મહારાજને સાથે લઈને શિવલાલભાઈને તેડવા પધાર્યા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ દિવ્યરૂપે મહારાજની સાથે હતા.

શિવલાલભાઈ બોલ્યા, “બાપા ! મહારાજ અને સદ્‌ગુરુઓ તેડવા આવી ચૂક્યા છે, હું હવે મહારાજના ધામમાં જાઉં છું.” આમ કહી શિવલાલભાઈએ બધાને હાથ જોડ્યા, છેલ્લા જય સ્વામિનારાયણ કર્યા, સ્વતંત્ર થકા શરીર છોડ્યું અને અક્ષરધામની વાટે પ્રયાણ કર્યું.

શિવલાલભાઈ પરમ ભાગ્યશાળી હતા. એક સમર્થ સદ્‌ગુરુ મળે તો પણ બેડો પાર થઈ જાય, જ્યારે શિવલાલભાઈને તો મહાયોગીરાજ ગોપાળાનંદ સ્વામી, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, વચનમૂર્તિ ભાયાત્માનંદ સ્વામી વગેરે ત્રણ-ત્રણ સમર્થ સદ્‌ગુરુઓનો જોગ થયો હતો.

# વંથલીના પ્રસંગો

## વંથલીના કલ્યાણભાઇ

વંથલીના કલ્યાણભાઈ મહા મુક્તરાજ હતા. ભગવાન સ્વામિનારાયણ એમને ત્યાં અનેક વખત પધારેલા અને પોતાનો અઢળક રાજીપો કલ્યાણભાઈ ઉપર વરસાવેલો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે કલ્યાણભાઈને અત્યંત હેત હતું.

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી કરીને કલ્યાણભાઈ ઉત્તમ એકાંતિક અને નિરાવરણ સ્થિતિને પામ્યા હતા. નંદસંતોના દર્શનથી જેમ કલ્યાણ થાય એમ કલ્યાણબાપાના દર્શનથી પણ મુમુક્ષુ ધન્ય બની જતા.

ગુણાતીતાનંદ સ્વામીને જેમ સત્સંગ, કથા-વાર્તા કરી જીવને મહારાજમાં જોડવાનું તાન રહેતું, એજ રીતે કલ્યાણભાઈ પણ લોકોને કથા-વાર્તા કરી મહારાજની મૂર્તિમાં જોડતા હતા.

કલ્યાણભાઈની સત્સંગ કરાવવાની રીત અદ્‌ભૂત હતી. કોઈને ઉછીનું-ઉધાર કાંઈ જોઈતું હોય, તો તે આપીને સત્સંગ કરાવતા. ક્યારેક કોઈને પોતાના ખેતરમાં ઘાસ વાઢવા દેતા, સાથે રહીને વઢાવતા, ઘાસના ભારા બાંધી દેતા અને પછી સત્સંગ કરાવતા.

વંથલી ગામના લક્ષ્મીદાસ પટેલ ખૂબ પ્રતિષ્ઠિત માણસ હતા. કલ્યાણભાઈને થયું કે, “જો પટેલ સત્સંગી થાય, તો ગામમાં સત્સંગ વધે.”

પટેલ લક્ષ્મીદાસ પાસે ઘણી જમીનો હતા. એમના ખેતરોની વચ્ચે કલ્યાણભાઈનું એક કેળવાયેલું ખેતર હતું. પટેલના મનમાં હતું કે, “જો આ ખેતર મળી જાય, તો મારી બધી જમીન એક શેઢે આવી જાય.”

કલ્યાણભાઈને પટેલની આ ઈચ્છાની ખબર પડી, એમણે સામે ચાલીને, બહુ ઓછા વળતરમાં, એ ખેતર પટેલને આપી દીધું.

કલ્યાણજી ભાઈની આવી ઉદારતા જોઈને પટેલ અત્યંત રાજી થયા. એમને કલ્યાણભાઈ સાથે સ્નેહ બંધાયો.

કલ્યાણભાઈએ એમને ધીમે ધીમે મંદિરે આવતા કર્યા.

એક દિવસ કલ્યાણભાઈ એમને ગુણાતીતાનંદ સ્વામીના દર્શને લઈ ગયા.

સ્વામીનો સમાગમ કરવાથી લક્ષ્મીદાસ પટેલને ભગવાન સ્વામિનારાયણનો યથાર્થ મહિમા સમજાયો. તેઓએ સ્વામીના હાથે કંઠી બંધાવી, વર્તમાન ધારણ કર્યા અને ભગવાન સ્વામિનારાયણના શ્રેષ્ઠ આશ્રિત થયા.

લક્ષ્મીદાસભાઈએ સત્સંગ સ્વીકાર્યો, એટલે એમની પાછળ વંથલીમાં બીજા અનેક પરિવારો સત્સંગી થયા અને વંથલી સત્સંગના ગઢ સમાન બન્યું.

## બોલતું ભાગવત !

એક વાર વંથલીમાં કોઈ ભટ્ટજી ભાગવતજીની કથા કરવા માટે આવ્યા. એમણે કલ્યાણબાપાની કીર્તિ સાંભળેલી એટલે તેઓ કલ્યાણબાપાને મળ્યા અને કહ્યું 'કલ્યાણભાઈ ! તમે મને અહીં વંથલીમાં ભાગવતજીની કથા થાય એવી ગોઠવણી કરી આપો.'

કલ્યાણભાઈએ કહ્યું, ''ભટ્ટજી! ભલે એવી ગોઠવણી તો થઈ જાય. ભગવાન, ભગવાનના અવતાર ચરિત્રો અને ભાગવતના ભક્તોની કથા સાંભળવી એનાથી રૂડો અવસર બીજો કયો હોઈ શકે? પણ મારો તમને એક પ્રશ્ન છે.''

ભટ્ટજીએ કહ્યું, 'બોલો બાપા, શું પ્રશ્ન છે ?'

કલ્યાણભાઈએ સહેજ મોં મલકાવીને કહ્યું, 'ભટ્ટજી! તમે ક્યારેય બોલતું ભાગવત જોયું છે ?'

કલ્યાણબાપાનો પ્રશ્ન સાંભળી ભટ્ટજી તો આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા, 'બાપા ! ભાગવત અને એય બોલતું ભાગવત ! બાપા, મેં ભાગવતની મૂંગી પોથી જોઈ છે પણ બોલતું ભાગવત જોયું નથી.' કલ્યાણબાપાએ કહ્યું, 'ભટ્ટજી તમારે બોલતું ભાગવત જોવું છે ?'

ભટ્ટજી કહે, 'પણ બાપા! બોલતું ભાગવત હોય ?'

કલ્યાણબાપાએ હસીને કહ્યું, 'હા ભટ્ટજી ! હોય, હોય! બોલતું ભાગવત પણ હોય!'

કલ્યાણબાપાની વાત સાંભળી ભટ્ટજીનું હૃદય કૌતુક અને ઉત્સુકતાથી ભરાઈ ગયું. એમના 'દિમાગમાં બોલતા ભાગવતની' વાત કોઈ રીતે બંધ બેસતી નો'તી

આવતી. એમણે કહ્યું, 'બાપા! ભાગવત ક્યારેય બોલે નહિ અને ખરેખર બોલતું ભાગવત હોય તો મારે જોવું છે, મને દેખાડો.'

કલ્યાણબાપા કહે, 'તો ભટ્ટજી હાલો મારી ભેગા જૂનાગઢ. હું તમને બોલતું ભાગવત દેખાડું.' ભટ્ટજી કલ્યાણબાપાની સાથે જૂનાગઢ આવ્યા.

જૂનાગઢમાં દિવ્ય ગુણાતીત સભામંડપમાં શ્રીહરિના લાડીલા સંતોની અને ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સભા મંડપમાં થાંભલાની પાસે ગાદી તકીયા ઉપર એક પ્રભાવશાળી સંત બેઠા હતા. સહેજ શ્યામ વર્ણ હતો, બેઠી દડીનો દેહ હતો, વિશાલ ભાલમાં તિલક અને ચાંદલો શોભતા હતા, તાજાં ખીલેલાં કમળની પાંખડી જેવા વિશાલ નેત્રો હતાં, લાંબી નમણી નાસિકા હતી, આજાન ભુજાઓ હતી, ખંભા ઉપર ખેસ, અડધું ખુલ્લું બદન હતું, ભગવી ધોતી પહેરી હતી.

એ મહાપ્રભાવશાળી સંતના દર્શન કરતાની સાથે જ ભટ્ટજીના અંતઃકરણના સંકલ્પો શમી ગયા.

કલ્યાણભાઈ અને ભટ્ટજી દૂરથી જ દર્શન કરી સભામાં બેસી ગયાં. એ મહાન સંતના મુખમાંથી ભગવાનની કથાવાર્તાનો અવિરત પ્રવાહ વહેતો હતો. એમના વેણે વેણે શાસ્ત્રોના રહસ્યો છતા થતાં હતાં. મુમુક્ષુના અંતરમાં રહેલા શંકા-કુશંકાઓના વાદળાં આપોઆપ વિખરાઈ જતાં હતાં અને ભીતર ભેદાતાં જતાં હતાં. ભગવાન શ્રીહરિના સર્વોપરી મહિમાની અમૃતધારામાં સ્નાન કરી શ્રોતાઓ જાણે સાક્ષાત્ બ્રહ્મ પરબ્રહ્મનો અનુભવ કરી રહ્યા હતા.

આ મહાન સંતના દર્શનથી અને એમના મુખમાંથી વહેતાં અમૃત વચનોથી ભટ્ટજીને કોઈક ભાવાતીત અનુભૂતિ થવા માંડી.

કલ્યાણબાપાએ ધીમે રહીને ભટ્ટજીના કાનમાં કહ્યું, 'ભટ્ટજી! આ અમારું 'બોલતું ભાગવત' છે અને એનું નામ'ગુણાતીતાનંદ સ્વામી' છે.

સ્વામીની વાતો સાંભળતા સાંભળતા ભટ્ટજી ભારે ભાવવિભોર થયા હતા એમણે કહ્યું 'કલ્યાણભાઈ ! તમારી વાત સાચી નીકળી. આજે મેં નજરોનજર 'બોલતું ભાગવત' નિહાળ્યું. હું ભાગવતની પોથી ઉપાડી ઉપાડીને મરી ગયો પણ ભાગવતનો મર્મ તો આટલા ટૂંકા સમયમાં આજ પામ્યો.

કલ્યાણભાઈએ ધીરે રહીને કહ્યું 'ભટ્ટજી! પોથીથી કાંઈ ન વળે. ભાગવતનું રહસ્ય તો ભાગવત સંતના સમાગમથી જ સમજાય.'

એટલામાં શ્રીપતિં શ્રીધરં થયું, કથાવાર્તા પૂરી થઈ કલ્યાણભાઈ અને ભટ્ટજી સ્વામી પાસે ગયા. સ્વામીએ ભારે ભાવથી આવકાર દીધો 'આવો ભટ્ટજી આવો.'

ભટ્ટજી બોલ્યાં, 'સ્વામી આ કલ્યાણભાઈએ આજે મને ન્યાલ કરી દીધો. હું આખી જિંદગી પોથી વાંચીને મરી જાત પણ પોથીનો મર્મ ન સમજાત! હવે આપ કૃપા કરી મને સર્વોપરી શ્રીહરિનો આશ્રિત બનાવો.'

સ્વામીએ ભટ્ટજીને વર્તમાન ધરાવ્યાં, ભટ્ટજી સત્સંગી થયા. ભટ્ટજીના ભવોભવના ફેરા ભાંગી ગયા.

## એના ચોરણાના પવને તમારા હૈયા શુદ્ધ થશે

કલ્યાણજીભાઈ વ્યવહારે ખૂબ સુખી હતા, મોટી ખેતી હતી. તેઓ ખેતીકામ માટે એક-બે સાથી અવશ્ય રાખતા હતા.

કલ્યાણભાઈ એ સાથીઓને પણ સત્સંગ કરાવતા અને ચુસ્ત હરિભગત બનાવી દેતા. કલ્યાણભાઈએ ઘણા મુમુક્ષુઓને સત્સંગ કરાવી અને એમના અંતરમાં વૈરાગ્ય જગાડ્યો હતો અને એમને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે લઈ જઈ, સાધુ કરાવ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામી અવાર-નવાર કલ્યાણભાઈની પ્રશંસા કરતા હતા.

એક વખત સ્વામી જૂનાગઢમાં સભા ભરીને બેઠા હતા. આ સભામાં શહેરના નાગર સદ્‌ગૃહસ્થો પણ સ્વામીના મુખેથી કથા-વાર્તાનું શ્રવણ કરવા આવ્યા હતા.

એવામાં વંથલીથી કલ્યાણભાઈ સ્વામીના દર્શન માટે આવ્યા. એમનો ખેડૂતનો વેશ હતો, જાડાં કપડાં પહેર્યા હતા. કાયમ ખેતરમાં,માલ-ઢોરમાં કામકાજ કરવાનું હોવાથી સહજ રીતે એમનાં કપડાંમાંથી થોડી વાસ આવતી હતી.

સભામાં બેઠેલા પેલા નાગર સદ્‌ગૃહસ્થો સ્વભાવે ભારે સુગાળવા હતા અને બગલાની પાંખ જેવા ઉજળા વસ્ત્રો પહેર્યા હતા.

કલ્યાણભાઈ જેવા સ્વામીના દર્શન માટે પહોંચ્યા, એજ સમયે કલ્યાણભાઈના કપડાંમાંથી થોડી વાસ આવી, એટલે પેલા નાગરોમાંથી કોઈકે ખીસ્સામાંથી રૂમાલ કાઢી પોતાના નાક આડો રૂમાલ રાખ્યો.

ગુણાતીતાનંદ સ્વામી આ જોઈ ગયા. એમણે તુરત જ કહ્યું, "નાગરો ! આ કલ્યાણભાઈ તો મહામુક્ત છે. તમારા કપડાં જેવા ઉજળા છે, એવું કલ્યાણભાઈનું દિલ ઉજળું છે.કલ્યાણભાઈ તો ખેડુ છે, એટલે એના કપડાંમાં થોડી વાસ હોય પરંતુ એના કરતાંય હજાર ગણી દુર્ગંધી તમારા હૃદયની વાસનાની છે. આ કલ્યાણભાઈના કપડાંનો પવન તમારા નાક દ્વારા અંદર જશે ત્યારે તમે ચોખ્ખા થશો."

ગુણાતીતાનંદ સ્વામીની આવી સ્પષ્ટ વાણી સાંભળી નાગરો સ્તબ્ધ થઈ ગયા.

## ખબડદાર ! જો સંકલ્પ કર્યા છે તો

ગુજરાતના એક સત્સંગી હતા. એમના મનમાં ખૂબ અશાંતિ રહ્યા કરતી હતી. એમણે ઘણા ઉપાય કર્યા પણ શાંતિ થઈ નહિ.

કોઈ હરિભક્તે એ સત્સંગીને કહ્યું, “તમે જૂનાગઢ જાઓ, જૂનાગઢમાં મહાસમર્થ સંત ગુણાતીતાનંદ સ્વામી રહે છે. એમના દર્શન-સમાગમ કરશો, તો તમારા હૈયામાં શાંતિ થશે.”

પેલા સત્સંગી જૂનાગઢ આવ્યા, સ્વામીને મળ્યા અને પોતાની અશાંતિની વાત કરી.

સ્વામીએ કહ્યું, “તમે એક મહિનો અહીં રોકાવ. મહારાજ તમને સારું કરશે.” સ્વામીના વચને પેલા હરિભગત રોકાયા.

સ્વામીના દર્શન, કથા-વાર્તાનું સેવન કરતાં કરતાં એક અઠવાડિયું વીત્યું પણ એના અંતરનો વિક્ષેપ મટ્યો નહિ, એટલે એને થયું કે, ‘હું છેક ગુજરાતથી કોઈની વાત સાંભળીને અહીં આવ્યો પણ અહીં મારું કામ થાય, એવું લાગતું નથી, એટલે હવે અહીં સમય બગાડવાનો અર્થ નથી.’

વળી એને મનમાં થયું કે, ‘સ્વામીએ મહિનો રોકાવાનું કહ્યું છે તો વચ્ચેથી રજા પણ કેમ લેવી?’

આવી ગડમથલમાં એમણે ચતુરાઈપૂર્વક માર્ગ કાઢ્યો. ‘અહીં સુધી આવ્યો જ છું, તો હું સોરઠની પંચતીર્થી કરી આવું, એટલામાં એક મહિનો થઈ જશે.’

આમ વિચારી એ હરિભગત સ્વામી પાસે આવ્યા અને બોલ્યા, “સ્વામી ! મારે સોરઠની પંચતીર્થી કરવાનો વિચાર થાય છે. માટે પંચતીર્થી કરીને પાછો આવું.”

સ્વામીએ એમને ખૂબ સમજાવ્યા પણ એ માન્યા નહિ. એટલે સ્વામીએ કહ્યું, “ભલે, જેવી તમારી મરજી.”

એ હરિભગત જૂનાગઢથી વંથલી આવ્યા. વંથલીમાં એમને કલ્યાણભાઈનો ભેટો થયો.

કલ્યાણભાઈએ અંતર્યામીપણે કહ્યું, “ભગત ! તમે સ્વામીનો સમાગમ મેલી પંચતીર્થી કરવા નીકળ્યા, તે ઠીક ન થયું. તમે ગમે એટલા તીર્થ કરશો, પરંતુ સ્વામી જેવા સત્પુરુષનો સમાગમ નહિ હોય, તો તમને અંતરમાં શાંતિ નહિ થાય, માટે સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી તમે જૂનાગઢમાં રહો.”

કલ્યાણભાઈએ સ્વામીનો ખૂબ જ મહિમા સમજાવ્યો, એટલે એ હરિભગત વંથલીથી જ પાછા જૂનાગઢ આવ્યા.

સ્વામીએ હસીને પૂછ્યું, “કેમ, ભગત ! આટલીવારમાં પંચતીર્થી પૂર્ણ થઈ ગઈ.”

પેલા ભાઈએ મર્મમાં કહ્યું, “હા, સ્વામી ! મને વંથલીમાં કલ્યાણભાઈ મળ્યા, એણે મારા બધા તીર્થ પૂરા કરાવી દીધા. કલ્યાણજીભાઈના સમાગમથી મને સમજાયું કે, તીર્થમાત્ર તો અહીં જૂનાગઢમાં તમારા ચરણમાં રહ્યા છે.”

હરિભગતની વાત સાંભળી સ્વામી મંદ મંદ હસવા લાગ્યા અને મનોમન કલ્યાણજીભાઈની સમજણને વખાણવા લાગ્યા.

સ્વામીએ એ હરિભગતને ઉદ્દેશીને સભામાં વાત કરી, “લાખ મણ લોઢાની લોઢી ધગી હોય, તેના ઉપર એક-બે ઘડા પાણીના ઢોળીયે, તેણે કરીને ઠરે નહિ, એને ઠારવી હોય તો, ગંગા જેવી નદીના ઊંડા ધરામાં નાખીયે, તોય દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઉછળે, ત્યારે માંડ ઠરે.”

“એમ પંચ વિષયે કરીને જીવનું હૈયું ધગી ગયું છે અને તે એમ માને જે, એક-બે દિવસ સ્વામી પાસે રહીને ટાઢો થઈ જાઉં, એમ ટાઢો થાય નહિ.”

પેલા હરિભગતને થયું, “સ્વામી અંતર્યામી ભાવે મારી જ વાત કરી રહ્યા છે.” એના અંતરમાં સ્વામી પ્રત્યે અહોભાવ જાગ્યો. આમને આમ થોડા દિવસ પસાર થયા.

એક દિવસની વાત છે. મંગળા આરતી પછીની કથા પૂરી થઈ હતી. શણગાર આરતીના દર્શન માટે સ્વામી, સંતો અને હરિભક્તો મંદિરના પગથિયાં ચડી રહ્યા હતા. એ જ સમયે પેલા ગુજરાતના હરિભગત સ્વામીની સાથે થયા.

સ્વામીએ તેના સામું જોઈને એનો હાથ પકડ્યો અને કહ્યું, “ખબડદાર, જો સંકલ્પ કર્યા છે તો !” અને એજ વખતે એ હરિભગતનું મન વાદળાં વિનાના આકાશ જેવું અત્યંત નિર્મળ થઈ ગયું અને અત્યંત શાંતિ અનુભવવા લાગ્યું.

શબ્દમાત્રથી મનની અશાંતિને હરી લેનારા આ જૂનાગઢના જોગીને જેટલા વંદન કરીએ, એટલા ઓછા છે.

ભાગવતજીમાં કહે છે યોગીઓ વર્ષો સુધી સાધના કરે છે, તોય એના અંતરમાં વાસનાના ધૂમાડાના ગોટા મટતા નથી જ્યારે સ્વામી કાંડુ પકડીને વાસનાના વંટોળને શાંત કરી દેતા હતા.

## કલ્યાણભાઇનો અક્ષરવાસ

મહામુક્ત કલ્યાણભાઈ જ્યારે ધામમાં જવાના થયા ત્યારે એમણે પોતાના સૌ સગાં-સંબંધીઓને અગાઉથી જણાવી દીધું હતું કે, 'અમુક દિવસે મહારાજ મને ધામમાં તેડી જશે. તમે બધા સત્સંગમાં દૃઢ રહેજો.'

કલ્યાણભાઈએ જે સમય આપ્યો હતો. બરાબર એ જ સમયે ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોને સાથે લઈને મહારાજ તેડવા આવ્યા હતા. કલ્યાણજીભાઈએ સૌને જય સ્વામિનારાયણ કહીને દેહ મેલી દીધો હતો. વિ. સં. ૧૯૨૮ ની આ સાલ હતી.

કલ્યાણબાપાને દેવજીભાઈ, શામાભાઈ અને ડાયાભાઈ એ ત્રણ દીકરાઓ હતા. તેઓ પણ ખૂબ સારા સત્સંગી હતા. તેમણે જૂનાગઢની બાજુમાં ઈવનગર અને નવાગામ, એ બે ગામ વસાવ્યા હતા.

કલ્યાણજીભાઈને લીધે વંથલી, નવગામ અને ઈવનગરમાં ખૂબ સારો સત્સંગ વિકસ્યો છે.

આજે પણ કલ્યાણજીભાઈના વંશ-વારસો ખૂબ સારો સત્સંગ રાખે છે.

## હવે અમને ક્યાં સુધી ગરીબ રાખવા છે ?

વંથલીમાં કલ્યાણબાપાના જોગથી જેમને સત્સંગ થયો એ લક્ષ્મીદાસ બાપાનો ઈતિહાસ જાણવા જેવો છે. લક્ષ્મીદાસ બાપાના પિતાશ્રી આંબા બાપા ગામના મુખી હતા. આ સમયે ભગવાન શ્રીહરિ વંથલી પધારેલા. મહારાજે ગ્રામજનોને પુછ્યું કે, 'ગામના મુખી કોણ છે ?'

ગ્રામજનોએ કહ્યું કે, ''અમારા ગામના મુખી આંબાબાપા છે.''

મહારાજે કહ્યું, ''અમારે તેમને મળવું છે, માટે બોલાવો.''

ગ્રામજનોએ કહ્યું, ''એમની તબીયત અત્યંત નાદુરસ્ત છે એટલે આવી શકે તેમ નથી.''

વર્ણીવેશે રહેલા શ્રીહરિ બોલ્યા, ''અમે અહીં બેઠા સંકલ્પ કરીએ છીએ કે, આંબાબાપાનું કલ્યાણ થશે અને એમના વંશમાં અનેક મહાન ભક્તો થશે.''

આંબાબાપાને ત્યાં લક્ષ્મીદાસ નામે પુત્ર થયા. મહામુક્તરાજ કલ્યાણ બાપાના જોગથી લક્ષ્મીદાસભાઈ પણ ખૂબ સારા ભક્ત થયા. પ્રારંભમાં લક્ષ્મીદાસભાઈની આર્થિક સ્થિતિ વિશેષ સધ્ધર નહોતી.

એકવાર રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા હતા. એ સમયે વંથલીથી કલ્યાણભાઈ, લક્ષ્મીદાસભાઈ અને કરમણભાઈ દર્શને આવ્યા અને મહારાજશ્રીને દંડવત્ કરી વિનંતી કરી કે, ''મહારાજ ! અમારા વંથલી ગામે પધારો અને અમને સર્વેને પાવન કરો.''

રઘુવીરજી મહારાજે કહ્યું, ''તમે ગુણાતીતાનંદ સ્વામીને કહો, એ જેમ કહેશે તેમ અમે કરીશું.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! વંથલી તો પધારવું જ પડશે. કારણ કે વંથલીમાં મુક્તોનો વાસ છે.''

સ્વામીના કહેવાથી રઘુવીરજી મહારાજ સંતો-હરિભક્તો સાથે વંથલી પધાર્યા અને લક્ષ્મીદાસ પટેલને ઘરે ઉતર્યા. વંથલીના બધા જ હરિભક્તોએ મળીને રસોઈ આપી.

ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાનું ખૂબ જ સુખ આપ્યું. વંથલીના હરિભક્તોનો ભાવ જોઈને રઘુવીરજી મહારાજ ખૂબ જ રાજી થયા.

બીજે દિવસે રઘુવીરજી મહારાજે વંથલીથી ચાલવાની તૈયારી કરી ત્યારે દયામૂર્તિ રઘુવીરજી મહારાજ બોલ્યા, ''હરિભક્તો ! તમે વ્યવહારે ગરીબ છો, અમારો સંઘ મોટો છે, માટે અમે વધુ નહિ રોકાઈએ.''

મહારાજશ્રીની વાત સાંભળી કલ્યાણભાઈ તથા લક્ષ્મીદાસ પટેલ બોલ્યા, ''ગરીબનિવાજ ! અમને ક્યાં સુધી ગરીબ રાખવા છે ? આપ જેવા મહાન પુરુષો અમારા સીધાં-પાણી સ્વીકારે તો અમારી ગરીબાઈ જાય.''

ભક્તોનો અપૂર્વ ભાવ જોઈ રઘુવીરજી મહારાજ રાજી થયા અને રોકાયા.

લક્ષ્મીદાસ પટેલે એકલાયે દૂધપાક-પુરીની રસોઈ આપી. રઘુવીરજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી તથા સંતો-હરિભક્તોએ પ્રસાદ લીધો.

રઘુવીરજી મહારાજના અંતરમાં કરુણા ઊભરાણી. એમણે પ્રસાદીનો થાળ લક્ષ્મીદાસ પટેલને આપ્યો અને કહ્યું, ''પટેલ ! આ પ્રસાદી તમારા સમસ્ત પરિવાર તથા તમારા દીકરા લાલને જમાડજો.''

લક્ષ્મીદાસ પટેલનો પરિવાર રઘુવીરજી મહારાજની પ્રસાદી પામીને ધન્ય બની ગયો.

લક્ષ્મીદાસ પટેલ પોતાના દીકરા લાલને સાથે લઈ રઘુવીરજી મહારાજના દર્શને આવ્યા અને ભાવથી દંડવત્ પ્રણામ કર્યા.

રઘુવીરજી મહારાજે પટેલના દીકરા લાલના માથા ઉપર હાથ મૂક્યો અને

કહ્યું, ‘‘પટેલ ! આ તમારા દીકરા ખૂબ જ બુદ્ધિવાળા થશે, ભવિષ્યમાં તમારી પટલાઈ પણ સંભાળશે અને સમસ્ત પરગણામાં તેમજ સત્સંગમાં સુપ્રસિદ્ધ થશે.’’

આ રીતે આશીર્વાદ આપી રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી સંતો-હરિભક્તો સાથે ભાડેર પધાર્યા.

## તમારા ઘરમાં લક્ષ્મીનો વાસ થશે

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વંથલીમાં મંદિર કરાવી રહ્યા હતા. લક્ષ્મીદાસભાઈ પાયો ખોદતાં હતા. અચાનક એમના હાથમાંથી કોદાળી છટકી અને પગમાં લાગી. પગમાંથી રુધિર વહેવા લાગ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ આ જોયું એટલે એકદમ દોડીને એમની પાસે ગયા અને પોતાની ચાદરમાંથી લીરો ફાડી પગે પાટો બાંધ્યો.

સ્વામીએ કહ્યું, ‘‘હવે તમે આરામ કરો. પાયો ખોદવો નથી.’’

લક્ષ્મીદાસભાઈએ કહ્યું, ‘‘સ્વામી ! અમારે કણબીને તો કામકાજ કરતાં આવી ભાંગતોડ થયા જ કરે, માટે ચિંતા કરશો નહિ અને મને પાયો ખોદવાની સેવા કરવા દ્યો.’’

લક્ષ્મીદાસભાઈની શ્રદ્ધા જોઈને સ્વામી અત્યંત રાજી થયા.

સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું, ‘‘લક્ષ્મીદાસ ! તમારું નામ લક્ષ્મીદાસ છે તે સાર્થક થશે. હવેથી તમારા ઘરમાં લક્ષ્મીનો વાસ થશે અને ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થશે.’’ સ્વામીના આશીર્વાદથી લક્ષ્મીદાસભાઈનો વ્યવહારા ખૂબ જ સારો થયો.

સ્વામીના આશીર્વાદથી લક્ષ્મીદાસભાઈ ઉપર લક્ષ્મીજી કૃપા વરસાવી રહ્યા હોય એમ એક સમયે તેઓ ખેતર ખેડાવી રહ્યા હતા ત્યારે ખેતરમાંથી અઢળક સોનું પ્રાપ્ત થયું. પરિણામે એ ખેતરનું નામ ‘સોનકટકી’ પડ્યું.

એજ રીતે બીજા ખેતરમાંથી રૂપાના ભરેલા ચરુ મળ્યા અને એ ખેતરનું નામ ‘રૂપારેલ’ પડ્યું. આજે પણ એ ખેતરો ‘સોનકટકી’ અને ‘રૂપારેલ’ નામથી જ પ્રસિદ્ધ છે.

ધીમે ધીમે લક્ષ્મીદાસભાઈની પાસે બાવીસો વીઘા જમીન થઈ. ઉપરાંત એમને ત્યાં અઢળક ધન-સંપત્તિની સાથોસાથ ત્રણસો જેટલાં ગાયો, બળદો અને ભેંસો વગેરે પશુઓ હતા. લક્ષ્મીદાસભાઈ ઉપર સ્વામીની કૃપા ફળતી રહી. લક્ષ્મીદાસભાઈ જૂનાગઢ રાજ્યના રેવન્યુ વિભાગના વડા બન્યા. નવાબ સરકારના માનીતા થયા. સમસ્ત વિસ્તારમાં ભારે આદરપાત્ર થયા.

રાજકોટના કર્નલ જે. ડબલ્યુ. વોટસન સાહેબે ગવર્નમેન્ટ ગેજેટમાં કાઠિયાવાડ સર્વ સંગ્રહ નામના પ્રકરણમાં પૃષ્ઠ નં ૫૭૫ ઉપર લક્ષ્મીદાસભાઈની સમૃદ્ધિની પ્રશંસનીય નોંધ લીધેલી છે. આ બુક આજે પણ રાજકોટના 'સર વોટસન મ્યુઝીયમ'માં સુરક્ષિત છે.

ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી જેમ સુદામા ન્યાલ થયા હતા, એ જ રીતે ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી લક્ષ્મીદાસભાઈને ત્યાં સમૃદ્ધિ ઉત્તરોત્તર વધતી ગઈ. સાથોસાથ સ્વામીનો સમાગમ કરવાથી લક્ષ્મીદાસભાઈના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના સુદૃઢ થઈ.

લક્ષ્મીદાસભાઈ તેમજ એમના વંશવારસોએ જૂનાગઢ શ્રીરાધારમણદેવ મંદિરની ખૂબ જ સેવા કરી છે અને માથા સાટે સત્સંગ રાખેલ છે.

લક્ષ્મીદાસભાઈને ત્યાં લાલાભાઈ નામે મહાન ભક્ત થયા. તેઓ પણ લક્ષ્મીદાસભાઈની પેઠે જ જૂનાગઢ રાજ્યના માનીતા હતા, ચુસ્ત સત્સંગી હતા અને કુશળ વહીવટદાર હતા.

જૂનાગઢના જોગી મહાપુરુષદાસજીની એમના ઉપર ખૂબ જ કૃપાદૃષ્ટિ હતી. સ્વામી મહાપુરુષદાસજી અનેક વખત વંથલી પધારતા. સ્વામી મહાપુરુષદાસજીએ વંથલીમાં અનેક પરચા આપેલા છે, જે રાજકવિ માવદાનજી લિખિત 'જૂનાગઢના જોગી' પુસ્તકમાં પ્રસિદ્ધ છે.

લાલાબાપાને ત્યાં પદમશીબાપા નામે મહાન ભક્ત થયા. તેઓ પણ જૂનાગઢ રાજ્યના રેવન્યુ વિભાગના વડા હતા. તેઓ નીડર, કુશળ વહીવટકર્તા અને લોખંડી પુરુષ હતા.

તેઓએ જૂનાગઢના મહાન સંતો શ્રીનારાયણદાસજી સ્વામી વગેરેનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. જૂનાગઢ મંદિરના વહીવટને સમૃદ્ધ કરવામાં તેઓનો સિંહફાળો રહ્યો છે. તેઓ શૂરવીરતાથી રાધારમણદેવનો પક્ષ રાખતા અને મંદિરને નુકશાન થાય તેવી કોઈપણ વાત તેઓ સાંખી શકતા નહિ. એક સમયની વાત છે. જૂનાગઢ મંદિરના ચાંદીના હજારો રૂપિયા છ કોથળાઓમાં ભરવામાં આવ્યા અને આચાર્ય મહારાજને નામે વડતાલ લઈ જવાની તૈયારી થઈ.

દેવની સંપત્તિને આમ સગેવગે થતી જોઈને જૂનાગઢના પવિત્ર સંતોના અંતરમાં ભારે દુઃખ થયું. એમણે આ સમાચાર તાત્કાલિક પદમશીબાપાને મોકલ્યા.

પદમશીબાપા એકદમ જૂનાગઢ આવ્યા અને જોયું તો, મંદિરને મોટું નુકશાન થઈ રહ્યું હતું.

આ સમયે જૂનાગઢના અગ્રણી સંત નારાયણદાસજી સ્વામી ગોંડલ બિરાજતાં હતા. પદમશીબાપા ગોંડલ ગયા અને સ્વામીને બધી વાત જણાવી અને કહ્યું, ''સ્વામી ! આ પૈસા વડતાલ આચાર્ય મહારાજશ્રીના નામથી લઈ જવામાં આવી રહ્યા છે, એને રોકું તો મને પાપ નહિ લાગેને ?''

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, ''પદમશીભાઈ ! ભગવાન સ્વામિનારાયણે કોઈને સંપ્રદાયની મિલ્કતના માલિક બનાવ્યા નથી. સંપ્રદાયની સ્થાવર-જંગમ સંપત્તિ દેવની છે, એ કોઈની વ્યક્તિગત મિલ્કત નથી. એનો અંગત ઉપયોગ કરવાનો કોઈનો અધિકાર નથી. દેવની મિલ્કત બચાવવામાં પાપ ન થાય, પુણ્ય જ થાય.''

સ્વામી જેવા મહાપુરુષની મરજી જાણી પદમશીબાપા જૂનાગઢ આવ્યા અને વડતાલ જઈ રહેલા પૈસાને તત્કાળ અટકાવી દીધા, એટલું જ નહિ, દેવની મિલ્કતનો કાયમી રીતે દુરુપયોગ અટકે તે માટે એમણે જૂનાગઢ કોર્ટમાં કેસ દાખલ કર્યો.

ભગવાન શ્રીહરિની કૃપાથી ચૂકાદો જૂનાગઢ મંદિરની તરફેણમાં આવ્યો અને કોર્ટે જૂનાગઢ મંદિરના વહીવટ માટે 'વહીવટી સ્કીમ'ની રચના કરવાનો આદેશ કર્યો. પરિણામે મંદિરને થતું નુકશાન અટકી ગયું.

પદમશીબાપાને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી માટે ખૂબ જ આદર હતો. પદમશી બાપા સ્વામીને સાચા સાધુ માનીને સ્વામીનો સમાગમ કરતા. સમય ઉપર તેઓએ સ્વામીનો ખૂબ જ પક્ષ રાખેલો.

એમણે જૂનાગઢ દેશના મહાન સંતોનો રાજીપો મેળવ્યો હતો. વડતાલના વહીવટદારો ઉપર પણ એમનો જબરો પ્રભાવ પડતો હતો.

પદમશીબાપાને ત્યાં પોપટબાપા નામે મહાન ભક્તરાજ થયા. તેઓએ પણ જૂનાગઢ રાધારમણદેવની શૂરવીરતાથી સેવા બજાવેલી છે. પોપટબાપાને ત્યાં ડો. મગનભાઈ નામે પુત્ર થયા. જેઓ આજે પણ જૂનાગઢ દેશના અગ્રણી હરિભક્ત તરીકે દેવની નિષ્ઠા અને વફાદારીપૂર્વક સેવા બજાવી રહ્યા છે. એમના પરિવારમાં પણ સારો સત્સંગ છે.

# લોધિકાના અભયસિંહજી

## અભયસિંહજીએ બોરડી વાળી જગ્યા અર્પણ કરી

લોધિકા દરબાર અભયસિંહજી મહાન મુક્ત જીવ હતા. એમના પિતાશ્રીનું નામ દરબાર જીજીભાઈ હતું. જીજીભાઈ ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી એમને ત્યાં કુંવર અભયસિંહજીનો જન્મ થયો હતો. અભયસિંહજી જુવાન ઉંમર તેમજ કુસંગને લીધે આડે માર્ગે ચડી ગયા હતા. શિકારના શોખીન થયા હતા પરંતુ આખરે ગોપાળાનંદ સ્વામીની કૃપાદૃષ્ટિથી મહાન ભક્તરાજ થયા હતા.

યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ દરબાર અભયસિંહજીને ધ્યાનની રીત શીખવી હતા. સ્વામીની કૃપાથી એમને ધ્યાન સિદ્ધ થયું હતું.

તેઓ દરરોજ કલાકો સુધી ધ્યાનમાં બેસતા એટલે તેઓ 'ધ્યાની અભયસિંહજી' તરીકે પ્રખ્યાત થયા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઉપરાંત મોટા મોટા સદ્‌ગુરુઓની એમના ઉપર ખૂબ કૃપા હતી. તેઓ અવાર-નવાર જૂનાગઢ જતા અને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા.

રાજકોટ નગરની બહાર બોરડીવાળી જગ્યા હતી. વર્ષો પહેલા ભગવાન સ્વામિનારાયણ જ્યારે ગવર્નર સર માલ્કમને મળવા આવ્યા ત્યારે આ બોરડીના વૃક્ષ નીચે ઉતર્યા હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વચને એ બોરડી નિષ્કંટક બની હતી. ગુણાતીતાનંદ સ્વામીના મનમાં હતું કે, 'આ જગ્યા અતિ પવિત્ર, પ્રસાદીની અને ઐતિહાસિક છે, તેથી એ જગ્યા દરબાર ખરીદીને દાનમાં આપે તો સારું. જેથી ભવિષ્યમાં અહીં મોટું મંદિર થઈ શકે.''

એકવાર દરબાર અભયસિંહજી જૂનાગઢ પધાર્યા હતા. દરબાર તરફથી દેવને થાળ તથા સંતોને રસોઈ આપવામાં આવી હતી. રાજભોગ આરતી પછી બધા સંતો પાર્ષદોએ પ્રસાદ લીધો.

ભોજન બાદ ગુણાતીત સભા-મંડપમાં બપોરની કથા શરુ થઈ. સ્વામીના શિષ્ય માધવચરણદાસજી વચનામૃત વાંચી રહ્યા હતા.

વચનામૃતની કથા પૂરી થઈ, એટલે સ્વામીએ થોડીવાર મહારાજના મહિમાની વાતો કરી. સ્વામીએ કહ્યું, “દરબાર ! ધ્યાનની સાથે જ્ઞાન પણ ખૂબ જરૂરી છે. મોટા સદ્‌ગુરુઓને સેવીને મહારાજનો મહિમા યથાર્થ સમજાયો હોય તો, ધ્યાનમાં વધારે સુખ આવે.” દરબાર અભયસિંહજીને ધ્યાનનું અંગ હતું, એમાં સ્વામી જ્ઞાનનું અમૃત મેળવી રહ્યા હતા.

સ્વામીની વાતો સાંભળીને દરબાર અભયસિંહજીને ખૂબ આનંદ થઈ રહ્યો હતો.

એમના અંતરમાં જે-કાંઈ થોડી ઘણી કસર રહેતી હતી, તે દૂર થઈ રહી હતી.

સ્વામીએ વાતો પૂરી કરી ત્યારે દરબાર અભયસિંહજીએ બે હાથ જોડીને કહ્યું, “સ્વામી ! આપના સમાગમથી આજે મને ખૂબ જ આનંદ થયો છે. અમારે લાયક કાંઈ સેવા હોય તો બતાવજો.”

સ્વામીએ કહ્યું, “દરબાર ! આજે તમે સંતોને રસોઈ આપી, તેથી અમે ખૂબ રાજી થયા છીએ. આપની રસોઈ જમ્યા પછી આ બધા સંતો ચોવીસ કલાક સુધી જે કાંઈ માળા-ધ્યાન-ભજન કરશે, એમાંથી તમને ભાગ મળશે.

દરબારે કહ્યું, “સ્વામી ! અમારા ગૃહસ્થની કમાણી આવા પવિત્ર સંતોના ઉપયોગમાં આવે, એથી વિશેષ રૂડું બીજું શું હોઈ શકે ? બીજું પણ અમારે લાયક કાંઈ હોય તો કહેજો.”

સ્વામીએ કહ્યું, “દરબાર ! અન્નદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન, અભયદાન વગેરે અનેક પ્રકારના દાન છે. એની પેઠે જ પૃથ્વીના દાનનો મહિમા પણ શાસ્ત્રોમાં ખૂબ લખ્યો છે. તમે રસોઈ આપી એનાથી તો એક દિવસનું પુણ્ય મળે, પણ જો તમે પૃથ્વીદાન કરો તો, પૃથ્વી રહે ત્યાં સુધી એનું પુણ્ય મળ્યા કરે !”

અભયસિંહજીએ પૂછ્યું, “સ્વામી ! આપની જે ઈચ્છા હોય તે બોલો.”

સ્વામીએ કહ્યું, “દરબાર ! શ્રીજી મહારાજ ગવર્નરસાહેબને દર્શન દેવા રાજકોટ પધારેલા ત્યારે બોરડીવાળી જગ્યાએ મહારાજ ઉતર્યા હતા, તે જગ્યા તમે મેળવીને મંદિર માટે દાન કરો.”

સ્વામીએ સામેથી સેવા ચીંધી, તેથી દરબાર અભયસિંહજી ખૂબ જ રાજી થયા.

સ્વામીની આજ્ઞાથી દરબાર અભયસિંહજીએ એ જમીન મેળવીને મંદિરને બક્ષિસ કરી. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય ધર્મસ્વરુપદાસજી સ્વામીએ વિ.સં. ૧૯૪૨ માં એ સ્થળે છત્રી કરાવી હતી.

ત્યાર પછી સદ્‌ગુરુ રૂગનાથચરણદાસજીએ એ સ્થળે કૂવો કરાવ્યો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો ‘‘આ સ્થળે ભવિષ્યમાં મોટું મંદિર થાય’’ એવો સંકલ્પ હતો, જે રાજકોટ સત્સંગ સમાજે વિ.સં. ૨૦૦૬ ની સાલમાં પૂર્ણ કર્યો હતો.

## અભયસિંહજીનો અક્ષરવાસ

લોધિકા દરબાર અભયસિંહજી ઉપર ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુઓનો રાજીપો હતો. એમણે સદ્‌ગુરુ મહાપુરુષદાસજીના અપાર આશીર્વાદ મેળવ્યા હતા.

એક સમયે તેઓ બીમાર થયા હતા. સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી પોતાના શિષ્ય સ્વામી રઘુવીરચરણદાસજીને સાથે લઈને તેમને દર્શન દેવા પધાર્યા.

દરબારે કહ્યું, ‘‘સ્વામી ! મને લાગે છે કે, મારા દેહનો હવે નિરધાર નથી. બે મહાન સદ્‌ગુરુઓની કૃપાને લીધે હું કૃતાર્થ થઈ ગયો છું; હવે દેહ પડી જાય, તોય મને વાંધો નથી, પરંતુ મારો એક સંકલ્પ આપે પૂર્ણ કરવાનો છે.’’

સ્વામી મહાપુરુષદાસજી બોલ્યા, ‘‘બોલો દરબાર ! શું સંકલ્પ છે.’’

‘‘સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી મેં રાજકોટમાં શ્રીજી મહારાજની પ્રસાદીની બોરડીવાળી જગ્યા ખરીદીને મંદિરને અર્પણ કરી છે અને ત્યાં છત્રી કરાવડાવી છે. એ વાડીમાં હજુ વધારે જગ્યા ખરીદી, વંડો વાળી, મંદિરને અર્પણ કરવાની છે. એના માટે મેં આ છ હજાર રૂપિયા અલગ કાઢી રાખ્યા છે, તો આ કામ આપ પૂરું કરાવજો.’’

સ્વામી મહાપુરુષદાસજી બોલ્યા, ‘‘ દરબાર ! એની ચિંતા કરશો નહિ. એ કામ આ રૂગનાથચરણદાસજી પૂરું કરાવી દેશે.’’

‘‘ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા મોટા સદ્‌ગુરુઓના આશીર્વાદ મેળવીને તમે ધન્ય થઈ ગયા છો, હવે મહારાજ તેડવા આવે એની રાહ જોજો, અને મહારાજ સિવાય ક્યાંય મન રાખશો નહિ.’’

આટલું કહી, દરબાર અભયસિંહજીનો માથે હાથ મેલી સ્વામી મહાપુરુષદાસજીએ વિદાય લીધી.

ભગવાન શ્રીહરિએ દરબાર અભયસિંહજીને દર્શન દીધાં અને કહ્યું,‘‘દરબાર ! આવતી કાલે મધરાતે અમે તમને ધામમાં તેડવા આવશું, માટે તૈયાર રહેજો.’’ દરબાર અભયસિંહજીએ કહ્યું,‘‘મહારાજ ! આપ સુખેથી પધારો. હું તૈયાર છું.’’

બીજે દિવસે સવારમાં એમણે પોતાના હાથે બ્રાહ્મણોને સોના-રૂપાના દાન દીધાં. ગામને ગોંદરે ગાયોને કપાસિયા અને ઘાસ નીર્યા

લોધિકા મંદિરના પૂજારી લાલજી મહારાજને કહ્યું કે, ''આજે રાત્રે ભગવાન સ્વામિનારાયણ મને તેડવા આવશે, માટે તમે મારી પાસે જ રહેજો.''

પૂજારી લાલાજી મહારાજે કહ્યું ''ભલે બાપુ !''

મધ્યરાત્રિનો સુમાર થયો. ભગવાન સ્વામિનારાયણ વિમાન લઈને દરબારને તેડવા આવ્યા. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો સાથે હતા.

ગામની બહાર પોલીસ થાણું હતું. થાણાનો જમાદાર રાત્રિના સમયે લઘુશંકા કરવા માટે ઉઠ્યો હતો. મહારાજે કરુણા કરીને એને દિવ્યરૂપે દર્શન દીધાં અને કહ્યું,''અમે દરબાર અભયસિંહજીને અક્ષરધામમાં તેડવા જઈએ છીએ. ''

મહારાજની વાત સાંભળી એટલે થાણેદાર તો આભો થઈ ગયો.

થાણેદારે પૂછ્યું,''મહારાજ ! મારા એવા ક્યા અહોભાગ્ય ? કે, તમે મને દર્શન દીધાં'' મહારાજ બોલ્યા,''એક તો તે અમારા ભક્ત અભયસિંહજીની નિષ્ઠાથી સેવા કરી છે. બીજું અવાર-નવાર મોટા મોટા સાધુ-સંતો લોધિકા પધારતા ત્યારે તે એના દર્શન કર્યા છે. ત્રીજું તે અમારા કેટલાંય ગરીબ હરિભક્તોની રક્ષા કરી છે. માટે અમે તને દર્શન દીધાં છે.''

આટલું કહી મહારાજ દરબાર અભયસિંહજીની પાસે પધાર્યા.

દરબાર અભયસિંહજી ઢોલીયામાં પોઢ્યા હતા. મહારાજ પધાર્યા એટલે એકદમ જાગી ગયા, ઢોલીયા ઉપરથી નીચે ઉતરી મહારાજને પગે લાગ્યા, પડખે સૂતેલા પૂજારીને જગાડ્યા.

દરબારે કહ્યું, ''પૂજારી ! જાગો, જુઓ, મહારાજ મને તેડવા આવ્યા છે ! સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી સાથે છે. તમે જલદી ગાયનું છાણ લાવી અહીંયા લીંપો, હવે મારે ધામમાં જવાનું છે.''

પૂજારીએ પૃથ્વી ઉપર છાણ લીંપ્યું. દરબાર લીંપેલી ધરતી ઉપર બેઠા, જે હાજર હતા તે બધાને હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહ્યા અને મહારાજના ધામમાં ગયા. એક વખતનો ભારાડી અને શિકારી જીવ, યોગીઓને પણ દુર્લભ એવી ધ્યાનની સ્થિતિ કેળવે અને અંતે જગજાહેર અક્ષરધામને પામે આ આશ્ચર્ય કારક વાત તો શ્રી હરિ અને સમર્થ સદ્‌ગુરુઓની કૃપાથી જ સંભવે.

# સ્વામી ! હવે ધામમાં મળીશું

## સમજે એ પાત્ર, ન સમજે એ કુપાત્ર

શ્રીરઘુવીરજી મહારાજના મનમાં જૂનાગઢ જઈ ગુણાતીતાનંદ સ્વામીની સાથે રહીને સ્વામીની વાતો સાંભળવાની ખૂબ જ ઈચ્છા રહ્યા કરતી હતી.

રઘુવીરજી મહારાજ ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી પોતે નિવૃત્ત થયા.

એવામાં વિ. સં. ૧૯૧૮ માં જૂનાગઢનો જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. રઘુવીરજી મહારાજ પોતાની ઈચ્છા પૂર્ણ કરવાને માટે જૂનાગઢ પધાર્યા.

ગુણાતીતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિનો સર્વોપરીપણાનો મહિમા સમજાવી રહ્યા હતા.

ભોળાનાથ શાસ્ત્રીને સ્વામીની સર્વોપરીપણાની વાત રુચતી નહોતી. એમની બુદ્ધિ લોક અને શાસ્ત્રમાં અટવાયેલી હતી. એમણે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! પાત્ર જોઈને વાતો કરો તો સારું.’’

સ્પષ્ટ વક્તા સ્વામીએ કહ્યું, ‘‘ભટ્ટજી ! અમારે તો હજારો જીવોને ટૂંકી અવધિમાં પુરુષોત્તમ નારાયણની સાચી ઓળખાણ કરાવવી છે. એમાં પાત્ર-કુપાત્ર જોવા બેસીએ તો આરો ક્યારે આવે ? અમારે તો સમજે એ પાત્ર અને ન સમજે એ કુપાત્ર.’’

સ્વામી અને ભટ્ટજીનો આમ સંવાદ ચાલ્યો ત્યારે બાજુમાં બેઠેલા રઘુવીરજી મહારાજ બોલ્યા, ‘‘ભટ્ટજી ! સ્વામીની વાત સાચી છે. વરસાદ વરસે ત્યારે વાડમાંય વરસે અને ખેતરમાંય વરસે, એમ આ તો સ્વામીના મુખેથી બ્રહ્મરસ વરસી રહ્યો છે. એમાં પાત્ર-કુપાત્ર જોવા ન બેસાય.’’

એકવાર રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આપ અતિ અદ્‌ભૂત વાતો કરો છો. આ વાતો તો કરોડો જન્મોની કસર ટાળી નાખે એવી છે.’’

સ્વામીએ કહ્યું, ''બાપજી ! હું તો મહારાજ બોલાવે એમ બોલું છું.''

રઘુવીરજી મહારાજે કહ્યું, ''હા, સ્વામી ! વાત સાચી છે. જેમ શુકજીના મુખમાં રહીને ભગવાન બોલતાં, એમ આપ વાતો કરો છો ત્યારે અમને લાગે છે કે, તમારામાં રહીને સાક્ષાત્ શ્રીજી મહારાજ બોલે છે.''

રઘુવીરજી મહારાજની આવી દિવ્ય સમજણ જોઇને સ્વામી કહેતા, ''આખા વડતાલમાં એક રઘુવીરજી મહારાજ મને બરાબર ઓળખે છે. ''

રઘુવીરજી મહારાજ લગભગ સાડા ત્રણ મહિના જૂનાગઢ રોકાયા. ત્યાર પછી તેઓએ વડતાલ જવાની તૈયારી કરી.

સ્વામીએ કહ્યું, 'બાપજી ! આપ કૃપા કરીને વડતાલ જતા જતા રસ્તામાં ગામડાંના હરિભક્તોને પણ દર્શન સમાગમનું સુખ આપતા જાવ.'

રઘુવીરજી મહારાજે કહ્યું, 'ભલે સ્વામી ! આપ અને હરિભક્તો જેમ રાજી થાય તેમ કરીશું. પરંતુ આપ પણ અમારી સાથે ચાલો.'

સ્વામીએ રઘુવીરજી મહારાજની વાત સ્વીકારી લીધી.

## ભાયાવદરના કુંભારનું કલ્યાણ

સ્વામી તથા રઘુવીરજી મહારાજ રસ્તામાં આવતા જૂનાગઢ દેશના ગામડાંઓના હરિભક્તોના મનોરથોને પૂર્ણ કરવા વિચરણ કરવા લાગ્યા.

જૂનાગઢથી સ્વામી ગણોદ અભયસિંહજીને ત્યાં પધાર્યા. ગણોદથી વરજાંગ જાળિયા પધાર્યા, ત્યાંથી ભાયાવદર પધાર્યા.

મહારાજશ્રી અને સ્વામી બન્ને સાથે ભાયાવદર પધાર્યા એટલે ગામના હરિભક્તોને ખૂબજ આનંદ થયો. ભાયાવદરમાં અમરેશ્વરભાઈને ત્યાં ઉતારો હતો. ગામના હરિભક્તો રસોઈ કરવા માટે માટીના કોરા વાસણ લેવા કુંભારવાડે ગયા પણ અહીંના કુંભારો સત્સંગ પ્રત્યે રાગ-દ્વેષવાળા હોવાથી કોઈએ વાસણ ન આપ્યા.

છેવટે એક કુંભાર ભાવિક નીકળ્યો. એમણે કહ્યું, ''કુંભારના ઘર તો સાધુ-સંતોના ઉતારા કહેવાય. અમે નાનું વરણ બીજી તો શી સેવા કરી શકીએ ? મારી પાસે જેટલા વાસણ પડ્યા છે, તે લઈ જાઓ.''

હરિભક્તો કુંભાર ભગતને ત્યાંથી વાસણ લઈ આવ્યા અને સ્વામીને કુંભાર ભગતની ભાવનાની વાત કરી.

સાંભળીને સ્વામી તથા રઘુવીરજી મહારાજ અત્યંત રાજી થયા.

રસોઈ તૈયાર થયા પછી મહારાજશ્રી, સંતો-પાર્ષદોએ પ્રસાદ લીધો.

સ્વામીએ પેલા ભાવિક કુંભારને બોલાવ્યો અને વધી હતી તે તમામ પ્રસાદી સ્વામીએ રાજીપા રૂપે કુંભારને આપી.

આ કૃપાપ્રસાદી મળવાથી કુંભાર તો રાજી રાજી થઈ ગયો.

રઘુવીરજી મહારાજે કુંભારને વાસણોના મૂલ્ય રૂપે થોડી કોરીઓ આપવા માંડી પણ કુંભારે કહ્યું, "મહારાજ ! મેં વાસણો કોરી સાટે વેચાતા નથી આપ્યા, મારા જીવના કલ્યાણ માટે આપ્યા છે. આપ મહાપુરુષો આ ગરીબ ઉપર રાજી રહેજો અને મારું કલ્યાણ કરજો."

નાના માણસની મોટી વાત સાંભળી રઘુવીરજી મહારાજ અને સ્વામી ખૂબ રાજી થયા.

સ્વામીએ કુંભારને કહ્યું, "ભગત ! આ રઘુવીરજી મહારાજ ભગવાનના દીકરા છે, એટલે એમનો હાથ પાછો ન ઠેલાય, તમે વધારે નહિ તો કાંઈ નહિ, પણ પ્રસાદ રૂપે પાંચ કોરી રાખો."

સ્વામીએ આગ્રહ કર્યો એટલે કુંભારે પ્રસાદીરૂપે પાંચ કોરી લીધી.

સ્વામીએ કહ્યું, "ભગત ! ક્યારેક કાંઈ મુશ્કેલી પડે તો અમને યાદ કરજો, અમે તમારી મુશ્કેલીઓ દૂર કરીશું."

આટલું કહી રઘુવીરજી મહારાજ અને સ્વામી કંડોરણા તરફ પધાર્યા.

આ બાજુ પેલા ભલા ભોળા કુંભારને સ્વામીનું પૂરું નામ યાદ રહ્યું નહિ, એટલે એ સ્વામીને "ગુણાનંદ ગુણાનંદ" કહીને યાદ કરતો.

સમય જતાં કુંભારને પેટમાં દરદ થયું, પેટ ફૂલીને દડા જેવું થઈ ગયું, પીડા થવા લાગી. ઘણા ઉપચાર કર્યા પણ સારું થયું નહિ.

એવામાં કુંભારને યાદ આવ્યું કે, "મારા ગુરુ ગુણાનંદ સ્વામીએ કહ્યું હતું કે, 'મુશ્કેલીમાં મને યાદ કરજે, હું જ્યાં હોઈશ ત્યાંથી હાજર થઈશ અને તારા દુઃખ-દર્દ મટાડીશ.' એ ગુરુ ગુણાનંદ અત્યારે ક્યાં હશે ?"

કુંભારે જેવો સંકલ્પ કર્યો એ જ સમયે ગુણાતીતાનંદ સ્વામીએ એને દિવ્ય રૂપે દર્શન દીધાં.

સ્વામીના દર્શન થતાં જ કુંભાર ભાવવિભોર થઈ ગયો અને બોલ્યો, "મારા ગુરુ ગુણાનંદ આવ્યા ખરા! વચન પાળ્યું ખરું!"

કુંભારનો ભાવ જોઈ સ્વામી મંદ મંદ હસીને બોલ્યા, "ભગત ! મને કેમ યાદ કર્યો ?"

કુંભારે કહ્યું, "સ્વામી ! મારા પેટમાં ભારે દરદ છે. પગ પાતળા દોરડા જેવા

થઈ ગયા છે અને પેટ મોટા ગોળા જેવું થઈ ગયું છે. ખાવાની કાંઈ રુચિ થતી નથી. રુચિ થાય તો ઘરના કોઈ ખાવા દેતા નથી. તમારી દયા થાય તો જ દરદ મટે, નહિતર મટે એવું લાગતું નથી.''

સ્વામીએ કહ્યું, ''ભગત ! તમને શું ભાવે ?''

કુંભારે કહ્યું, ''મને દહીં અને ધાન ભાવે.''

સ્વામીએ કહ્યું, ''તમે જરાય સંકોચ કે બીક રાખ્યા સિવાય ધરાઈને દહીં અને ધાન ખાજો. એનાથી તમારા પેટનો બધો બગાડ નીકળી જશે અને તમે સાજા થઈ જશો.'' આટલું કહી સ્વામીએ કુંભારના પેટ ઉપર હાથ ફેરવ્યો અને અદૃશ્ય થઈ ગયા.

કુંભારે સ્વામીના કહેવા પ્રમાણે દહીં અને ધાન ખાધું.

દહીં અને ધાન ખાવાથી કુંભારને રેચ લાગ્યો. એના પેટનો બધો બગાડ નીકળી ગયો, પેટ હળવું ફૂલ થઈ ગયું અને કુંભાર સાજો થયો.

કુંભારને ભગવાન સ્વામિનારાયણનો જોગ થયો નહોતો, એટલે તે ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ''ને બદલે ''ગુણાનંદ ગુણાનંદ'' ભજન કરતો હતો. આ કુંભારનો અંત સમય આવ્યો ત્યારે ગુણાતીતાનંદ સ્વામી મહારાજને લઈને એમને તેડવા આવ્યા હતા.

રઘુવીરજી મહારાજ અને સ્વામી જેવા સમર્થ સંતની કૃપાથી કુંભાર ખાટી ગયો. માટીના વાસણના બદલામાં અક્ષરધામને પામી ગયો.

## સ્વામી ! હવે આપણે ધામમાં મળીશું

ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ ભાયાવદરથી કંડોરણા પધાર્યા અને ત્યાંના હરિભક્તોના મનોરથ પૂરા કરી લોધિકા દરબાર અભયસિંહજીને ત્યાં પધાર્યા. ત્યાં બે દિવસ રોકાઈને રાજકોટ પધાર્યા. રાજકોટમાં સ્વામી અને મહારાજશ્રી લગભગ સાતેક દિવસ રોકાયા.

અહીંથી રઘુવીરજી મહારાજ વડતાલ જવા માટે છૂટા પડવાના હતા. સ્વામી, સંતો-પાર્ષદો અને હરિભક્તો રઘુવીરજી મહારાજને આજી નદી સુધી વળાવવા ગયા.

મહારાજશ્રીની સાથે સર્વેએ આજી ગંગામાં સ્નાન કર્યું. સંતોએ આજી નદીના રેતીના પટમાં વીરડો ગાળ્યો. સ્વામીએ અને મહારાજશ્રીએ વીરડાંનું નિર્મળ જળ પીધું.

રઘુવીરજી મહારાજ આગમના એંધાણ ભાખતાં હોય એમ બોલ્યા, ''સ્વામી ! હવે મારા દેહનો ભરોસો નથી. હવે ફરીથી ભેગા થવાય, એવું લાગતું નથી.''

સ્વામીએ કહ્યું, "મહારાજ ! આપણે તો સદૈવ ભેળા જ છીએ."

રઘુવીરજી મહારાજે કહ્યું, "સ્વામી ! મારે તમારી પાસેથી એક વચન માગવું છે."

સ્વામી અંતર્યામી ભાવે બોલ્યા, "મહારાજ ! બધુંય માગજો પણ તમે ધારો છો, એ ન માગતા."

રઘુવીરજી મહારાજ પણ સ્વામીનો મર્મ સમજી ગયા અને બોલ્યા, "સ્વામી ! અમારે એ જ માગવું છે. અમે શરીર છોડીએ પછી તમે હજુ પાંચેક વર્ષ આ લોકમાં રહો અને સત્સંગનું પોષણ કરો."

સ્વામીએ કહ્યું, "બાપજી ! હવે આ લોકમાં બહુ રહેવામાં સાર નથી. છતાં તમારી મરજી છે, તો અમે પાંચ વર્ષ રહીશું."

આમ વાત કરતાં કરતાં બંને મહાપુરુષો ઊભા થયા. વિદાયની ઘડી આવી ચૂકી હતી. બંને પરસ્પર એક-બીજાને બાથમાં લઈને મળ્યા. બંનેના હૈયા ગદ્‌ગદ્ થઈ ગયા. નેત્રમાંથી આંસુના બિંદુ ખરવા લાગ્યા. આસપાસના સંતો અને હરિભક્તો પણ ભાવવિહ્વળ થઈ ગયા.

વિદાય લેતી વખતે રઘુવીરજી મહારાજ બોલ્યા, "સ્વામી! હવે આપણે ધામમાં મળીશું."

સ્વામીએ રઘુવીરજી મહારાજને ભાવભીની વિદાય આપી. રઘુવીરજી મહારાજ રાજકોટથી ભૂપગઢ પધાર્યા. રઘુવીરજી મહારાજના આગમનથી ભૂપગઢના ભક્તોને સાક્ષાત ભગવાન શ્રીહરિ પધારવા જેટલો આનંદ થયો.

ભૂપગઢના ભક્તોનો ભાવ પૂર્ણ કરી મહારાજશ્રી ભાલમાં થઈને ભોગાવો ઉતર્યા.

ભોગાવો ઉતરતી વખતે મહારાજ બોલ્યા, "હવે, આપણે ફરીથી ભોગાવો ઉતરવો નથી."

મહારાજશ્રી ભાલ બારાના ગામડાંઓમાં હરિભક્તોને સુખ આપતાં આપતાં ગુજરાતના સોજીત્રા, મહેળાવ વગેરે ગામોમાં થઈને વડતાલ પધાર્યા.

વડતાલ પધાર્યા બાદ રઘુવીરજી મહારાજે વિ. સં. ૧૯૧૯ મહા સુદી બીજના દિવસે સ્વતંત્ર થકા દેહ ત્યાગ કર્યો.

સ્વામીએ પણ રઘુવીરજી મહારાજની વિનંતીને માન્ય રાખી પાંચ વર્ષ દેહ રાખ્યો. સ્વામીનો દેહ રાખવાનો હેતુ હતો- "અનંત જીવોને શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવી આત્યંતિક કલ્યાણ કરવુ."

## વીરપુરમાં જલાભગતને આશીર્વાદ

રઘુવીરજી મહારાજને વિદાય આપી સ્વામી રાજકોટથી જૂનાગઢ પધાર્યા. રસ્તામાં વાવડી, ગુંદાસરા વગેરે ગામોમાં હરિભક્તોને સુખ દેતા દેતા સ્વામી ગોંડલમાં રાત રહ્યા.

ગોંડલથી વહેલી સવારના નીકળી બપોર થતા થતા સ્વામી વીરપુર પહોંચ્યા. વીરપુરના પાદરમાં સ્વામીએ વિસામો લીધો.

અહીં બપોરા કરવાની સ્વામીની ઈચ્છા હતી. સ્વામીની ઘોડીને પણ ચાર્ય નાખવાની જરૂર હતી.

બરાબર એ જ સમયે વીરપુરના પટેલ દેવાભાઈ લીલી ચાર્યનો ભારો લઈને નીકળ્યા.

સ્વામીને જોયા એટલે દેવાભાઈએ ભારો નીચે મૂક્યો અને સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, ''દેવાભાઈ ! અમારી ઘોડીને ચાર્ય નાખવી છે. આ ઘાસની ભારી અમને આપશો ?''

દેવાભાઈ બોલ્યા, ''સ્વામી ! આપ જેવા સંતની ઘોડી માટે આ ખડનો ભારો કામમાં આવતો હોય, તો અમારો દાખડો લેખે લાગે.''

દેવાભાઈની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીની કૃપાદૃષ્ટિ પડતાં દેવાભાઈનું કામ થઈ ગયું.

સમય જતાં દેવાભાઈ સાધુ થયા હતા અને ઈશ્વરચરણદાસજી નામ પડ્યું હતું.

બપોરનો સમય થવા આવ્યો હતો. સંતો-પાર્ષદો માટે રસોઈ કરવાની હતી.

વીરપુરમાં જલા ભગતનું સદાવ્રત ચાલતું હતું. સ્વામીએ સંતોને સદાવ્રતમાં સીધું-પાણી લેવા મોકલ્યા.

ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા છે એ સાંભળીને જલા ભગતને અત્યંત આનંદ થયો. જલા ભગતે તો સાધુ-સંતો માટે જ જાણે દેહ ધર્યો હતો.

જલા ભગતને સાધુ-સંતો જીવથી પણ વહાલા હતા. સાધુ-સંતોને માટે એમણે પોતાનું સર્વસ્વ કુરબાન કર્યું હતું.

જલા ભગતે સંતોને ઘઉંનો લોટ અને ઘી-ગોળ આપ્યા અને પોતે પણ સંતોની સાથે સીધાં-સામગ્રીના ટોપલા લઈને સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીના દર્શન કરતાં જલા ભગતના અંતરમાં આનંદ થયો. સ્વામીએ પણ

જલા ભગત તરફ કૃપાદૃષ્ટિ કરી.

જલા ભગતની ઈચ્છા હતી કે, સંતો શીરો-પુરીની રસોઈ કરે અને જમે. પરંતુ સ્વામીએ કહ્યું, “જલા ભગત ! શીરો-પુરી અમને નહિ ફાવે, અમે તો દાળ અને બાટી બનાવીશું.”

જલા ભગતે કહ્યું, “સ્વામી ! જેમ આપ રાજી થાવ, તેમ કરો. સાધુની રીતમાં અમને કાંઈ ગતાગમ ન પડે.”

એક બાજુ સંતો ઠાકોરજીનો થાળ તેમજ રસોઈની તૈયારી કરવા લાગ્યા. બીજી બાજુ જલા ભગત સ્વામી પાસે બેસીને સત્સંગ કરવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, “જલા ભગત ! તમે ખૂબ ભાવથી સદાવ્રત ચલાવો છો અને અનેક સાધુ-સંતો, અભ્યાગતોના આશીર્વાદ મેળવો છો.”

જલા ભગતે કહ્યું, “સ્વામી ! હું તો સંતચરણનો દાસ છું. વીરપુરનું સદાવ્રત તો આપ જેવા મહાપુરુષોની કૃપાને લીધે ચાલે છે. એમાં મારું કાંઈ નથી.”

જલા ભગતના વિનય વચન સાંભળી સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા, “જલા ભગત ! જુઓને ભગવાનની આજ્ઞાથી આ ઈન્દ્ર રાજાએ પણ કેવડું મોટું સદાવ્રત માંડ્યું છે. ઈન્દ્ર વરસાદ વરસાવે છે, ધરતી હરિયાળી બને છે, ધન-ધાન્ય પાકે છે, કીડીને કણ અને હાથીને મણ મળી રહે છે, ઈન્દ્રના સદાવ્રત ઉપર આખી ધરતીના પ્રાણીઓ નભે છે.”

જલા ભગતે કહ્યું, “સ્વામી ! આપની વાત સાચી છે. મારા કરતાંય ઠાકોરજીનું સદાવ્રત બહુ મોટું છે. એના સદાવ્રત પાસે વીરપુરના સદાવ્રતની કોઈ વિસાત નથી.”

સ્વામીએ કહ્યું, “જલા ભગત ! તમે જેમ ભોજનનું સદાવ્રત માંડ્યું છે, એમ અમે પણ મોક્ષનું સદાવ્રત માંડ્યું છે.”

જલા ભગતે કહ્યું, “સ્વામી ! મારા ભોજનના સદાવ્રત કરતાંય તમારું મોક્ષનું સદાવ્રત મોટું કહેવાય. ભોજન તો શરીરને પોષણ કરે, જ્યારે મોક્ષના સદાવ્રતમાં તો જીવનું પોષણ થાય.”

જલા ભગતની સમજણ જોઈને સ્વામી ખૂબ રાજી થયા.

જલા ભગતે સ્વામીને વીરપુરમાં પોતાના સદાવ્રતમાં પધરામણી કરવા વિનંતી કરી.

સ્વામીએ કહ્યું, “જલા ભગત ! અમારે જેતપુર પહોંચવું છે, એટલે ત્યાં તો નહિ આવી શકીએ પણ તમે ભૂખ્યાને ભોજન જમાડો છો, એ જાણીને અમે

ખૂબ જ રાજી થઈએ છીએ. શાસ્ત્રમાં 'અન્નદાનથી મોટું પુણ્ય થાય છે,' એમ કહ્યું છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે, તમારા આ સદાવ્રતના કોઠારો ભગવાન અભરે ભરેલા રાખે.''

આમ જલા ભગતને આશીર્વાદ આપી સ્વામી જેતપુર પધાર્યા અને ત્યાંથી સાંકળી થઈને વડાલ પધાર્યા.

## વડાલના ડોશીને દેખતા કર્યા

વડાલમાં સ્વામીએ મંદિર કરાવ્યું હતુ પણ સત્સંગ સાવ પાંખો હોવાથી મંદિર વાળે ચોળે એવુંય કોઈ નહોતું.

એક ડોસીમા મંદિરમાં ભાવથી સેવા કરતા પણ વૃદ્ધાવસ્થાને લીધે એમની આંખોમાં ઝાંખપ આવી ગઈ હતી તેથી કાંઈ સૂઝતું નહોતું. પરિણામે મંદિરની સેવા થઈ શકતી નહોતી.

સ્વામીએ એક હરિભક્તને કહ્યું, ''તમે જઈને ડોશીને કહો, તેઓ મંદિરની સેવા પહેલાની જેમ જ કરે. મહારાજ એમની આંખોમાં તેજ આપશે અને ડોશી જીવશે ત્યાં સુધી મોતી પરોવશે.''

સ્વામીના આશીર્વાદથી ડોશીની આંખોમાંથી ઓલવાઈ ગયેલો જ્યોતિ પાછો આવ્યો.

ડોશી તો ધન્ય ધન્ય થઈ ગયા અને જીવ્યા ત્યાં સુધી મંદિરની સેવા કરી.

આ રીતે વિચરણ કરતા કરતા હરિભક્તોને સુખ આપતા આપતા સ્વામી જૂનાગઢ પધાર્યા.

## કલમ માટે કલ્પાંત ન કરાય

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિનો સુંદર મર્મ સમજાવ્યો છે.

સામાન્ય રીતે સાધુઓ નિવૃત્તિ માર્ગી હોય છે. છતાં પણ ભક્તિમાર્ગની પરંપરાને અનુસરીને સેવા-માર્ગમાં પ્રવૃત્ત રહેતા હોય છે.

નવધા ભક્તિના ભાગરૂપે સેવા રૂપી પ્રવૃત્તિ માર્ગમાં પ્રવર્તવા છતાંય તેઓ હૃદયથી નિવૃત્તિ પરાયણ રહીને શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન રહેતા હોય છે પણ સામાન્ય જીવો માટે આવી પ્રવૃત્તિમાં નિવૃત્તિની વાત સમજવી ભારે અઘરી છે.

એકવાર ભગવાન સ્વામિનારાયણ ધરમપુર પધાર્યા હતા ત્યારે કુશળકુંવરબાઈના પૌત્ર વિજયદેવજીએ બે વેગવાન ઘોડા ઉપર એક-એક પગ રાખી ઘોડાઓ દોડાવ્યા હતા અને દોડતે ઘોડે ડબલ સવારીએ વિજયદેવજીએ નિશાન વીંધવાનું અદ્‌ભૂત કૌશલ્ય મહારાજને બતાવ્યું હતું.

વિજયદેવજીનું કૌશલ્ય જોઈને મહારાજ બોલ્યા હતા કે, ''અમારા એકાંતિક સાધુઓ આવું જ આશ્ચર્યકારક કૌશલ્ય ધરાવે છે. તેઓ દેહની ક્રિયા અને વ્યવહારની ક્રિયાઓ તો કરે છે, પણ સાથોસાથ અમારી મૂર્તિમાં અખંડ અનુસંધાન રાખે છે તેઓ ક્યારેય મૂર્તિરૂપી નિશાનને ચૂક્તા નથી.''

ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિની આ વાતને આત્મસાત કરી હતી. પરિણામે સ્વામીના જીવનમાં પ્રવૃત્તિમાં નિવૃત્તિનો અપૂર્વ યોગ સહજ સિદ્ધ થયો હતો. ગમે તેટલી પ્રવૃત્તિઓ વચ્ચે પણ સ્વામી મહારાજની મૂર્તિનું અનુસંધાન ચૂકતા નહી. એમના યોગમાં આવે તેને પણ તેવી જ અપૂર્વ કળા સિધ્ધ કરાવી દેતા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી વગેરે મહાન સંતો એના ઉદાહરણ છે.

એક સમયની વાત છે, સ્વામી જૂનાગઢના મહંત હતા. મંદિરમાં વિકાસની સર્વ-પ્રવૃત્તિઓ સ્વામી સંભાળતા હતા. એવામાં બન્યું એવું કે, કેટલાક સંતો-પાર્ષદો સાંખડાવદરની વીડી વાઢવા ગયેલા એમાં મંદિરના બે બળદ ક્યાંક ખોવાઈ ગયા.

સ્વામીએ જોરાભતને કહ્યું, ''ગમે ત્યાંથી બળદ શોધી લાવો.''

જોરાભગતે કહ્યું, ''સ્વામી! આ અડાબીડ ગીરમાં બળદ શોધવા ક્યાં જાઉં?''

સ્વામીએ કહ્યું, ''જોરા ભગત! તમે કેમ ભૂલી જાઓ છો? મહારાજે તમને કોલ દીધો છે કે 'અમે તમારી જોડ્યમાં રહીશું, માટે મહારાજને સંભારો, એ તમારી હાર્યે હાલશે અને બળદ જ્યાં હશે ત્યાં લઈ જાશે.

જોરા ભગતે મહારાજને સંભાર્યા. મહારાજે જોરા ભગતને દર્શન દીધા. મહારાજ હાર્યે હાલ્યા અને જોરા ભગતને બળદ અને બળદના ચોર સુધી પહોંચાડી દીધા.

આ બાજુ ગુણાતીતનંદ સ્વામી અવાર નવાર બળદ આવ્યા કે નહીં એની ચિંતા કરી રહ્યા હતા.

એક દોઢ-ડાયા સાધુએ કહ્યું, ''સ્વામી ! બળદ, બળદ, શું કરો છો ? નિરાંતે માળા ફેરવોને!''

અજ્ઞાની સાધુની વાત સાંભળી સ્વામી ધીર-ગંભીરપણે મૌન રહ્યા, કોઈ જવાબ આપ્યો નહિ.

થોડા સમય બાદ જોરા ભગત બળદને શોધીને લઈ આવ્યા. હાર્યે ચોરને પણ પકડીને લાવ્યા.

સ્વામી કહે, "ભગત! બળદ તો ઠીક આ ચોરને કેમ લાવ્યા?"

જોરા ભગત કહે, "સ્વામી! આ ચોરને તમારી કથાવાર્તા સંભળાવી સત્સંગી કરવા માટે હાર્યે લાવ્યો છું. જેથી એના ચોરીના હેવા કાયમ માટે છૂટી જાય."

આ સાંભળીને સ્વામી હસવા લાગ્યા અને બોલ્યા, "તમે પણ ખરું કામ કર્યું."

સ્વામીએ ચોરને ધારદાર ઉપદેશ કરી ચોરીની આદત છોડાવી સત્સંગી કર્યો.

સ્વામી જેવા મહાન સંતના અલ્પ સમયના સત્સંગથી ચોરનો ઉધ્ધાર થયો.

થોડા દિવસ વીત્યા પછી એક બીના બની.

જૂના જમાનામાં લખવાની પધ્ધતિ આજના જેવી નહોતી. બરૂના ઘાસની દાંડીમાંથીં કલમ બનાવવામાં આવતી, ખડીયામાં શાહી ભરેલી રહેતી અને એમાં કલમ બોળી-બોળીને છૂટા પાનાઓ ઉપર લેખન કરવામાં આવતું. પેલા સ્વામીને સલાહ આપનારા દોઢદાહ્યા સાધુ સારા લહીયા હતા. તેઓ પુસ્તક લખવાનું કાર્ય કરતા.

કોઈ અનાડી માણસે એ સાધુની કલમ ભાંગી નાખી. કલમ નીવડેલી હતી, સાધુને એ કલમથી લખવામાં સારી ફાવટ આવી ગઈ હતી, મહત્ત્વની વાત તો એ હતી કે એ સાધુને એ કલમ સાથે મમતા બંધાઈ ગઈ હતી!

મનગમતી કલમ કોઈકે ભાંગી નાખી એ જોઈને પેલા સાધુ કલ્પાંત કરતાં કરતાં સ્વામી પાસે રાવ કરવા આવ્યા.

સાધુને રડતા જોઈ સ્વામીએ પૂછ્યું, "સાધુરામ ! કેમ રડો છો ?"

સાધુએ કહ્યું, "સ્વામી ! મારી કલમ કોઈએ ભાંગી નાખી!"

સ્વામી કહે, "સાધુરામ ! કલમ બીજી બનાવી લો, કલમ માટે કાંઈ કલ્પાંત થોડું કરાય !"

સાધુ બોલ્યા, "પણ સ્વામી ! કલમ ખૂબ સારી હતી, નીવડેલી હતી અને મારે એ એક જ કલમે પુસ્તક પૂરું લખવાનો સંકલ્પ હતો. હવે મારો એ સંકલ્પ અધૂરો રહેશે."

જીવની અજ્ઞાનતા જોઈને સ્વામીને દયા આવી. સ્વામીને એ સાધુએ કહેલી બળદની વાત યાદ આવી ગઈ. સાગરપેટા સ્વામી એ વાતને પી ગયા.

સ્વામીએ માત્ર એટલું કહ્યુ, "મહાપુરુષ ! ધીરજ રાખો, કલમ જેવી તુચ્છ વસ્તુની કા'ણ ન હોય."

સ્વામીની વાતનો મર્મ એ હતો કે કલમ કરતા મંદિરનો બળદ વધારે મૂલ્યવાન હતો.

બીજી મહત્ત્વની વાત એ હતી કે, બળદ કાંઈ સ્વામીનો અંગત નહોતો, સ્વામી કાંઈ બળદ માટે કલ્પાંત નહોતા કરતા. બળદ સાથે સ્વામીને મમતા નહોતી, બળદ વિના મંદિરના સેવા કાર્ય અટકી જતા હતા એટલે સ્વામી ચિંતા કરતા હતા.

સાધુને ભાન થયું, “અરે ! હું બળદ માટે સ્વામીને મે'ણા મારતો હતો. અને હું પોતે કલમ માટે કા'ણ માંડીને બેઠો છું.” સાધુ શરમાઈ ગયા અને મુખ નીચે ઘાલી ગયા.

સ્વામીની પરમ એકાંતિક સ્થિતિને સમજવાની હજી એને સમજણ નહોતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પરમ એકાંતિક સંત હતા. તેઓ મહારાજની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેનારા અને અતિશય ત્યાગી-વૈરાગી સંત હતા. તેઓને વ્યવહાર કાર્યમાં સહેજ પણ રુચિ નહોતી છતાં પણ મહારાજના વચને એમણે જૂનાગઢની મહંતાઈ સ્વીકારી હતી.

## ભીમા કડીયાને ન્યાલ કર્યો

જૂનાગઢમાં ભીમો કડીયો કરીને હરિભગત હતો. ભીમો કડીયો જ્યારે જરૂર પડે ત્યારે દોડી દોડીને સેવા કરતો, એટલે ગુણાતીતાનંદ સ્વામી એના ઉપર ખૂબ જ રાજી હતા.

ભીમા કડીયાનો આર્થિક વ્યવહાર નબળો હતો. મહેનત-મજૂરી કરીને માંડ ગુજરાન ચલાવતો હતો.

ભીમા કડીયાને થયું, “સ્વામી રજા આપે તો હું પરદેશ જાઉં તો બે પાંદડે થાઉં અને મારો વ્યવહાર સુધરે.”

આમ વિચારી ભીમો કડીયો સ્વામી પાસે આવ્યો અને પગે લાગી બેઠો.

સ્વામીએ પૂછ્યું, “એલા, ભીમા ! કેમ આવ્યો ?”

ભીમાએ કહ્યું, “સ્વામી ! આખો દિવસ મહેનત-મજૂરી કરું છું. ત્યારે માંડ માંડ પૂરું થાય છે. તમારી આજ્ઞા હોય તો હું કરાંચી જાઉં.”

સ્વામીએ કહ્યું, “ભીમા ! આપણે પરદેશ જાવું નથી, પરદેશમાં આપણો ધર્મ સચવાય નહિ. તને મહારાજ અહીં રોટલા આપશે.”

સ્વામીએ ના પાડી, એટલે ભીમાએ કરાંચી જવાનું માંડી વાળ્યું પણ તેને કરાંચી જવાના કોડ બહુ હતા.

ભીમાએ વિચાર કર્યો કે, ‘‘હું સ્વામીને પૂછવા જઈશ તો સ્વામી મને રજા નહિ આપે. માટે આ વખતે સ્વામીને પૂછ્યા સિવાય જ કરાંચી ઉપડી જાઉં.’’

એણે કરાંચી જવાની બધી તૈયારી કરી, ભાતું તૈયાર કરાવડાવ્યું અને રોજના ક્રમ પ્રમાણે દર્શન માટે મંદિરમાં આવ્યો.

મંદિરમાં દેવોના દર્શન કરી ભીમો સ્વામી પાસે દર્શને આવ્યો.

સ્વામીએ અંતર્યામીભાવે કીધું, ‘‘ભીમા ! અમે ના પાડી તોય તું કરાંચી જવાની તૈયારી કરીને બેઠો છે. પણ તારે કરાંચી જવું નથી. ખડીયો ખાલી કરી નાખ, ભાતું છોકરાને ખવડાવી દે. મહારાજનો ભરોંસો રાખ, મહારાજ તારો વ્યવહાર સારો કરશે. ’’

સ્વામીની વાત સાંભળી ભીમા કડીયાને અત્યંત આશ્ચર્ય થયું. એને થયું કે, સ્વામી અંતર્યામીભાવે મારી વાત જાણી ગયા.

ભીમો હાથ જોડીને બોલ્યો, ‘‘મા-બાપ ! હવે હું કરાંચી નહિ જાઉં.’’

સ્વામી કહે, ‘‘ભીમા ! તું રોજ અમારી પાસે કથા-વાર્તા સાંભળવા આવતો જા.’’

ભીમાએ પરદેશ જવાનું માંડી વાળ્યું અને નિયમિત સ્વામીનો સમાગમ કરવા માટે આવવા લાગ્યો.

સ્વામીના સમાગમથી ભીમજીની વૃત્તિ ધીરે ધીરે ભગવાન તરફ વળવા માંડી. સ્વામીના આશીર્વાદથી સારા કામ પણ મળવા માંડ્યા. ભીમાનો વ્યવહાર સુધરવા લાગ્યો.

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘ભીમા ! હવે મહારાજે તને સુખીયો કર્યો છે. તું હવે નવા મકાન બાંધ, અમે તારે ત્યાં પધરામણી કરીશું. અમારા શરીરનો હવે ભરોસો નથી.’’

ભીમા કડીયાએ સ્વામીની આજ્ઞાથી નવા મકાન બાંધ્યા. સ્વામીએ ભીમાને ત્યાં પધરામણી કરી થાળ, રસોઈ કર્યા અને સ્વામી તેમજ સંતોએ ઠાકોર જમાડ્યા.

સ્વામીએ કહ્યું, ‘‘ભીમા ! તું પરદેશ ન ગયો તો તને કેટલા લાભ થયા. વ્યવહાર સુધર્યો, નવા મકાન થયા અને સાથો સાથ રોજ દેવ-દર્શન તથા કથા-વાર્તાનો લાભ મળ્યો.

ભીમા કડીયાએ કહ્યું, ‘‘સ્વામી ! આપની કૃપાથી હું કૃતાર્થ થઈ ગયો છું. તમે મારા જીવનું ધ્યાન રાખતા રહેજો.’’

## ઓરડામાં તો વાઘ છે !

વિ. સં. ૧૯૧૯ ની સાલ હતી. શેલણાના ઓઘડ ખુમાણના આગ્રહથી સ્વામી શેલણા પધાર્યા હતા.

સ્વામી શેલણા પધાર્યા છે એ વાત વાયુવેગે ચારેબાજુના વિસ્તારોમાં પ્રસરી સ્વામીનો સમાગમ કરવા માટે દૂરદૂરથી હરિભક્તો શેલણા આવવા લાગ્યા.

દરબાર ઓઘડ ખુમાણ પણ ભારે ભાવથી રોજ નવી નવી રસોઈઓ દેતા હતા અને આવનારા હરિભક્તોને પણ સાચવતા હતા. સંતો હરિભક્તો જમે એમાં ઓઘડ ખુમાણને આનંદ આવતો હતો.

સ્વામી સવારથી મોડી રાત સુધી હરિભક્તોને કથા-વાર્તાનું સુખ આપતા હતા.

એક દિવસ ઓઘડ ખુમાણે કહ્યું, ‘‘સ્વામી ! આપ મારા દરબારગઢને પાવન કરવા પધરામણી કરો.’’

દરબારનો ભાવ જોઈ સ્વામી દરબારગઢમાં પધાર્યા.

દરબારે ઊંચા પરથારવાળી ઓંસરીમાં સ્વામીને બેસવા માટે આસન કર્યું હતું. સ્વામી ત્યાં બિરાજમાન થયા.

દરબારે ખૂબ ભાવથી સ્વામી અને સંતોનું પૂજન કર્યું. સ્વામીએ ઘણીવાર સુધી જ્ઞાન-વાર્તા કરી બધાને ખૂબ જ આનંદ આપ્યો.

દરબારની ઈચ્છા હતી કે, ‘સ્વામી મારા દરબારગઢના ઓરડાંઓને પાવન કરે અને અંદરના પટારા ઉપર હાથ મેલે.’

દરબારે હાથ જોડીને સ્વામીને વિનંતી કરી, ‘‘સ્વામી ! કૃપા કરી દરબાર ગઢના ઓરડાઓમાં પગલાં કરો.’’

સ્વામીએ દરબારની વિનંતી સાંભળી પરંતુ ઓરડામાં બહેનો બેઠા હતા એટલે સ્વામીએ દરબારની વાત ઉપર ધ્યાન દીધું નહિ.

દરબારે બીજી વાર વિનંતી કરી પણ સ્વામી કાંઈ બોલ્યા નહિ.

દરબારે ત્રીજીવાર વિનંતી કરી ત્યારે સ્વામીએ હસીને કહ્યું, ‘‘દરબાર ! એ ઓરડામાં તો વાઘ બેઠા છે ! એ ઓરડામાં અમારાથી ન જવાય. જઈએ તો વાઘ ખાઈ જાય.’’

સ્વામીની મર્મભરી વાણીમાં દરબારને બહુ ગમ પડી નહિ. એને તો એમ લાગ્યું કે, સ્વામીએ મારી વાત ઉપર લક્ષ્ય ન આપ્યું અને વાત ટાળી દીધી.

સ્વામી દરબારગઢમાં પધરામણી કરી અને પાછા ઉતારે પધાર્યા.

બાપુ સ્વામીને ઉતારા સુધી મૂકવા સાથે પધાર્યા.

દરબાર ઓઘડ ખુમાણને મનમાં રંજ રહી ગયો કે, સ્વામીએ મારા ઓરડા પાવન ન કર્યા. મારા પટારા પ્રસાદીના ન થયા !

દરબાર ઉદાસ ચહેરે ઘરે આવ્યા. બાપુને ઉદાસ જોઈને એમના કુંવરી રાજબાઈ બોલ્યા, ''બાપુ ! આજ આપણે ત્યાં સ્વામી જેવા સંત પધાર્યા અને તમે શા માટે ઉદાસ દેખાઓ છો ?''

બાપુએ કહ્યું, ''બેટા! બીજું તો કાંઈ નથી. સ્વામી દરબારગઢમાં પધાર્યા એનો આનંદ છે પણ સ્વામીએ આપણા ઓરડા પાવન ન કર્યા એનો અંતરમાં વસવસો થાય છે.''

રાજબાઈ આશ્ચર્યથી બાપુ સામે જોઈ રહ્યા અને બોલ્યા, ''બાપુ ! તમે શું વાત કરો છો ! ઓસરીમાંથી ઊભા થઈ સ્વામી સીધા ઓરડા તરફ જ આવ્યા. સ્વામી સાથેના પાર્ષદોએ અમને એકબાજુ થવાનું કહ્યું. અમે ઓરડામાંથી બહાર નીકળી દૂર ઊભા રહ્યા અને છેટેથી સ્વામીના દર્શન કર્યા. સ્વામીએ દરેક ઓરડામાં પધરામણી કરી, પટારા ઉપર હાથ મેલ્યા અને 'ઓરડા ખૂબ સુંદર છે' એવા વખાણ પણ કર્યા.''

આમ કહી રાજબાઈએ પટારા ઉપર પડેલો ગુલાબનો હાર બતાવ્યો અને કહ્યું કે, ''જુઓ, સ્વામીએ પટારા ઉપર આશીર્વાદનો આ હાર પણ મૂક્યો છે.''

દરબાર ભારે અવઢવમાં પડ્યા.

એમને થયું એક બાજુ સ્વામી મંદિરે પધારે છે, હું છેક સુધી સ્વામીને વળાવા જાઉં છું, બીજી બાજુ સ્વામી ઓરડામાં પધરામણી કરે છે ! આ બધું શું છે ? શું સ્વામીએ બીજા રૂપે ઓરડામાં પધારી મારા મનોરથને પૂર્ણ કર્યો ?

દરબાર ખાતરી કરવા મંદિરે આવ્યા. પોતે સ્વામીને પહેરાવેલો ગુલાબનો હાર સ્વામીના કંઠમાં છે કે નહીં તે જોવા લાગ્યા પણ હાર ભાળ્યો નહીં એટલે એમણે સ્વામી બાલમુકુંદદાસજીને પૂછ્યું, ''સ્વામીએ હાર પહેર્યો હતો તે શું કોઈ હરિભક્તને આપી દીધો ?''

બાલમુકુંદ સ્વામી બોલ્યા, ''દરબાર ! સ્વામી તમારે ત્યાંથી નીકળ્યા ત્યારથી હું સ્વામીની સાથે જ છું. સ્વામીના કંઠમાં મેં હાર જોયો જ નથી તો કોઈને આપવાની વાત જ ક્યાંથી આવે ?''

બેયનો સંવાદ સ્વામી સાંભળી ગયા ને હસતા હસતા બોલ્યા, ''દરબાર ! હાર ગોતો મા, બુદ્ધિને સ્થિર કરો, તમારા પટારા ઉપર પડેલો હાર અમે જ મેલીને

આવ્યા છીએ ! તમારો ઓરડા પ્રસાદીના કરાવવાનો મનોરથ હવે પૂર્ણ થઈ ગયો ને ?''

દરબારે અહોભાવથી સ્વામીના પગ પકડી લીધા અને બોલ્યા, ''મા બાપ ! મેં તમને આવા નહોતા ધાર્યા. આપે મારા ઉપર બહુ દયા કરી. ''

સ્વામીએ કહ્યું, ''દરબાર ! ઓરડામાં બહેનો હતા. અમારાથી મહારાજની મરજી લોપીને ત્યાં જવાય નહિ. મહારાજે મર્યાદા બાંધી છે તે સાધુઓના હિત માટે બાંધી છે. જો એ મર્યાદાનો લોપ થાય તો જેમ વાઘ માણસને ખાઈ જાય, એમ માયા સાધુના ત્યાગ-વૈરાગ્યને ખાઈ જાય. એટલે અમે કહ્યું હતું કે, ઓરડામાં વાઘ છે.''

''દરબાર ! અમે તમને બહુ કોચવાતા જોયા એટલે આખરે અમારે દિવ્ય રૂપે તમારો મનોરથ પૂર્ણ કરવો પડ્યો.''

સ્વામીની વાત સાંભળી દરબારને હૃદયમાં અજવાળું થયું કે, સ્વામી શા માટે ઓરડામાં જવાની ના પાડતા હતા!

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મહા સમર્થ હતા. એમને ક્યારેય માયા લોપી શકે નહીં. છતાં પણ તેઓ મહારાજે બાંધેલી પંચ વર્તમાનની મર્યાદા દૃઢપણે પાળતા હતા.

દરબારના પ્રેમને વશ થઈને સ્વામી શેલણામાં અઢાર દિવસ રોકાયા હતા અને દરબાર ઓઘડ ખુમાણ તથા તે વિસ્તારના હરિભક્તોને કથા-વાર્તાનું ખૂબ સુખ આપ્યું હતું.

દરબાર ઓઘડ ખુમાણનો મનોરથ પૂર્ણ કરી સ્વામી શેલણાથી જૂનાગઢ પધાર્યા.

## ખાખરાના પાનમાં ભાત રાંધ્યા !

વિ. સં. ૧૯૨૦ ની સાલ હતી. ગુણાતીતાનંદ સ્વામી સાંખડાવદરની વીડીમાં ખડ વઢાવી રહ્યા હતા. સંતો-પાર્ષદો અને સેવાભાવી હરિભક્તો વીડી વાઢવાની સેવામાં જોડાયા હતા.

વીડી વાઢતી વખતે પણ સ્વામીની કથા-વાર્તા તો ચાલુ જ રહેતી.

સ્વામીનો સમાગમ કરવા માટે દૂર દૂરથી આવતાં હરિભક્તો પણ આ સેવા-કાર્યમાં જોડાઈ જતા.

ઊના પાસેના ગરાળ ગામના ભૂધર શેઠ સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ આવ્યા હતા, પરંતુ સ્વામી સાંખડાવદર ગયા છે, એ જાણીને આ મુમુક્ષુ ભૂધર શેઠ પણ સાંખડાવદર પહોંચ્યા.

ભૂધર શેઠને આવેલા જોઈ સ્વામી રાજી થયા અને બોલ્યા, "શેઠ ! તમે તો અમને ગોતતાં ગોતતાં વીડીમાં પહોંચી ગયા !"

શેઠે કહ્યું, "હા, સ્વામી ! તમારો સમાગમ કરવાની ખૂબ ઇચ્છા હતી, એટલે આવ્યા સિવાય રહેવાણું નહિ."

સ્વામી કહે, "ભલે, તો અહીં રોકાવ."

શેઠ એક-બે દિવસ રોકાણા. સાંખડાવદરના બીડમાં રોકાવું, એ કઠણ કામ હતું. સૂરજનો તાપ હોય, પથરાળ ગીર તપતી હોય, ટાઢું ખાવાનું હોય અને આખો દિવસ સૂકાં ઘાસ હાર્યે બથોડા લેવાના હોય, આમાં સુંવાળા શરીરવાળા ભૂધર શેઠને ફાવે નહિ, એ સહજ વાત હતી.

શેઠ બે દિવસ રોકાયા પછી ઘરે જવાનો સંકલ્પ કરવા લાગ્યા.

સ્વામીએ અંતર્યામીભાવે શેઠના સંકલ્પને જાણી લીધો. સ્વામી બોલ્યા, "શેઠ ! સૂરજનો તડકો અને ટાઢા રોટલા ફાવતા નથી ને ?"

શેઠ શરમાઈ ગયા અને નિખાલસ એકરાર કરતા બોલ્યા, "હા, મા-બાપ !"

સ્વામીએ હસીને કહ્યું, "લ્યો, અમે તમને ગરમ ગરમ રસોઈ કરતાં શીખવી દઈએ."

આમ કહી સ્વામીએ મંગાળો મંડાવ્યો, ચૂલો સળગાવ્યો, ખાખરાના પાનનો મોટો પડિયો બનાવ્યો, એમાં પાણી ભર્યું અને મંગાળા ઉપર પડિયો મૂક્યો.

પાણી ગરમ થયું, એટલે સ્વામીએ એમાં ચોખા ઓરાવ્યા, સળગતાં તાપની વચ્ચે પાણી ઉકળતું હતું, પડિયામાં ભાત રંધાતાં હતા પરંતુ પાનના પડિયાને અગ્નિની આંચ આવતી નહોતી. થોડા સમયમાં ગરમા ગરમ ભાત તૈયાર થઈ ગયો.

ભૂધર શેઠ તો આ નવતર વાસણમાં ચડી રહેલા ભાતને જોતા જ રહ્યા.

એમણે કોઈ દિવસ બાપદાદાની જિંદગીમાંય 'ખાખરાના પાંદડામાં ભાત રંધાય' એવું જોયું નહોતું, જાણ્યું નહોતું અને સાંભળ્યુંય નહોતું.

સ્વામીએ પડીયામાં ચડેલા ભાતમાં ઘી-ગોળ નખાવી, ઠાકોરજીને ધરાવી, પડિયો શેઠને આપ્યો, "લ્યો, શેઠ ! ગરમા ગરમ ઘી-ગોળ અને ચોખા જમો."

ગરમા ગરમ ભાત અને એ પણ સ્વામીના હાથે પ્રસાદ રૂપે મળ્યા એટલે શેઠ રાજી રાજી થઈ ગયા.

મહાન સંતે કેટલા વાત્સલ્યથી શેઠ માટે ભાત રાંધી દીધા હતા!

સ્વામીએ કહ્યું, "શેઠ ! લ્યો, હવે તમે રોજ આ રીતે ખાખરાના પાનમાં ભાત રાંધો, ઘી-ગોળ નાખીને જમો અને અમારો સમાગમ કરો."

સ્વામીને તો ગમે તેમ કરીને જીવ સમાગમ કરે એનું તાન હતું.

સ્વામીના વચનથી શેઠ આ નવતર વાસણમાં ભાત રાંધી, ઘી-ગોળ નાખી, ગરમા ગરમ ભાત જમવા લાગ્યા અને સ્વામીની કથાવાર્તા સાંભળવા લાગ્યા.

જ્યાં ટાઢા રોટલા સિવાય કાંઈ ન મળે, એવી સાંખડાવદરની સીમમાં ગરમા ગરમ ચોખા મળવાથી શેઠને આનંદ આનંદ થઈ ગયો.

ભૂધર શેઠ થોડો સમય રોકાયા, સ્વામીનો સમાગમ કર્યો અને પછી સ્વામીની રજા લઈ પોતાને ગામ પાછા ગયા.

શેઠના ઘરવાળાએ શેઠને પૂછ્યું, "સ્વામી પાસે જઈને તમે શું શીખી આવ્યા ?"

શેઠ કહે, "ગાંડી ! કામ થઈ ગયું, હું તો ખાખરાના પાંદડામાં ચોખા રાંધતાં શીખી આવ્યો છું. હવે વાસણ લેવાની જરૂર નહિ પડે !"

શેઠાણી કાંઈ સમજ્યા નહિ. એમણે કહ્યું, "તમારું મગજ ઠેકાણે તો છે ને ? બાપદાદાની જિંદગીમાં ક્યારેય ખાખરાનાં પાંદડામાં ચોખા રંધાય એવું સાંભળ્યું છે ?"

શેઠ કહે, "પણ, તું જોતો ખરી, હમણાં હું તને દેખાડું."

શેઠે ખાખરાના પાન ભેળા કર્યા, મોટો પડિયો બનાવ્યો અને એમાં પાણી ભરી ચૂલા ઉપર મૂક્યો. મૂકતાં વેત ખાખરાના પાન સળગી ગયા, પાણી ચૂલામાં ગયું અને ચૂલો ઠરી ગયો!

શેઠાણી હસવા માંડ્યા, મનમાં થયું કે, 'શેઠને કાંઈ ગાંડપણ તો નથી વળગ્યુંને ?' હવે ભૂધર શેઠને ખ્યાલ આવ્યો કે, સાંખડાવદરમાં જે થયું, એ તો સ્વામીના પ્રતાપથી થયું હતું.

# તોરીના પ્રસંગો

## તોરીના દેવજી બાપા

અમરેલી જીલ્લામાં કુંકાવાવની પાસે તોરી ગામ આવેલું છે.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં તોરી ખાતે દેવજીભાઈ નામે ખૂબ સારા ભક્ત થઈ ગયા. તેઓ એકાંતિક અને ભારે શૂરવીર સત્સંગી હતા.

ગુણાતીતાનંદ સ્વામી અને બાલમુકુંદદાસ સ્વામીની એમના ઉપર ખૂબ જ કૃપા ઉતરી હતી.

દેવજીભાઈ સત્સંગી થયા, એ ગામના પટેલને ગમ્યું નહોતું. તેઓ વગર કારણે સત્સંગનો દ્વેષ કરતા હતા અને દેવજી ભગત તથા બીજા સત્સંગીઓને અનેક પ્રકારે કનડગત કરતા હતા.

એકવાર ગામના પટેલે દેવજીભાઈને કહ્યું, ''તું આ કંઠી તોડી નાખ, નહિતર હું તને નાત બહાર કરીશ.''

દેવજી ભગતે નિર્ભીકરીતે કહી દીધું, ''કંઠી તો મારા શિર સાટે છે. ગમે તે થાય, હું કંઠી કાઢવાનો નથી. અમે સત્સંગ રાખીએ એમાં તમને શો વાંધો છે ?''

દેવજી ભગતનો જવાબ સાભંળી પટેલ રોષે ભરાયા, એમણે દેવજી ભગતને નાત બહાર કર્યા અને અનેક પ્રકારે હેરાન કરવા લાગ્યા પરંતુ દેવજી ભગતે સત્સંગ છોડ્યો નહિ.

પટેલ દ્વારા સત્સંગીઓને  દિવસે દિવસે કનડગત વધી રહી હતી.

આ સમાચાર કુંકાવાવના લીંબા પટેલને મળ્યા. લીંબા પટેલ ખૂબ સારા સત્સંગી હતા. કુંકાવાવના ગામધણી દરબાર પણ લીંબા પટેલને પૂછીને બધો વ્યવહાર કરતા હતા.

લીંબા પટેલને થયું ''મારે તોરીના દેવજીભગત અને હરિભક્તોની મદદ કરી સત્સંગીઓનો પક્ષ રાખવો જોઈએ.''

લીંબા પટેલે તોરી આવીને દેવજી ભગતને વાત કરી કે, "તમે બધા સત્સંગીઓ કુંકાવાવ આવી જાવ. હું ગામધણી દરબારને વાત કરીને જોઈએ એટલી ખેતીની જમીન અપાવીશ. તમારે કાયમની ઝંઝટ મટે !"

દેવજી ભગતને થયું, "તોરીમાંથી ઉચાળા ભરતા પહેલા એક વખત જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જઈ આવું, સ્વામીને બધી વાત કરવી પછી સ્વામી જેમ કહે તેમ કરવું"

દેવજી ભગત જૂનાગઢ ગયા અને સ્વામીને બધી આપવીતી સંભળાવી.

સત્સંગીઓને થઈ રહેલી કનડગત સાંભળીને સ્વામીને ખૂબ દુઃખ થયું. સ્વામીનો પુણ્ય પ્રકોપ પ્રજ્વળી ઉઠ્યો.

સ્વામી બોલ્યા, "જોઈ લઉં છું, કોણ તમને તોરીમાંથી બહાર કાઢે છે ? તમારે તોરી છોડીને ક્યાંય જવું નથી. થોડા સમયમાં તમારી ઉપાધિઓ શમી જશે, તોરીમાં તમે ધારશો તે થશે."

સ્વામીના વચનોમાં વિશ્વાસ રાખી દેવજી ભગતે અને સત્સંગીઓએ કુંકાવાવ જવાનું માંડી વાળ્યું.

આ વાતને થોડા દિવસ પસાર થયા, એવામાં તોરીના પટેલના મા ગુજરી ગયા.

એમના કારજ નિમિત્તે પટેલના સગાં-વહાલા ભેગા થયા હતા.

પીઠવાજાળ અને ઓળિયા ગામના દેસાઈ પરિવારના લોકો પણ પટેલના સગાં થતા હોવાથી આ પ્રસંગે ઉપસ્થિત હતા.

તેઓ ખૂબ સારા સત્સંગી હતા. ભગવાન સ્વામિનારાયણની એમના પરિવારો ઉપર કૃપા ઉતરી હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો એમને જોગ હતો.

તોરીના હરિભક્તોએ આ લોકોને કહ્યું, "અમારા ગામમાં બે-ત્રણ પરિવારમાં જ સત્સંગ છે, એમાં પણ દેવજી ભગત ખૂબ સારા ભક્ત છે. પટેલ એમને વગર કારણે ખૂબ કનડગત કરે છે અને નાત બા'રા મૂક્યા છે. તમે ગમે એમ કરીને આ રંજાડ બંધ કરાવો."

સત્સંગીઓની વાત સાંભળીને દેસાઈ ભાઈઓને ખૂબ જ દુઃખ થયું. એમણે નિર્ણય કર્યો કે, 'આપણે સત્સંગીનો પક્ષ રાખવો જોઈએ.'

સાંજનો સમય થયો. પટેલે મહેમાનોને કહ્યું, "વાળુ કરવા ઊઠો."

ત્યારે મહેમાનો બોલ્યા કે, "તમે દેવજી ભગતને નાત બહાર શા માટે મૂક્યા છે ?"

પટેલે કહ્યું, “એ સ્વામિનારાયણીયો થયો છે, હું કહું તેમ કરતો નથી, એટલે એને નાત બહાર કર્યો છે.”

મહેમાનોએ કહ્યું, “પટેલ ! અમે પણ સ્વામિનારાયણીયા છીએ. અમારે સત્સંગ પહેલા; સગપણ પછી. અમે વાળુ કરવા નહિ ઊઠીયે. કાં અમને દેવજી ભગતની જેમ નાત બા'રા ગણો અથવા તો દેવજી ભગતને નાતમાં ભેળવી અમારી હાર્યે વાળુ કરવા બોલાવો.”

પટેલ માટે બીજો રસ્તો રહ્યો નહિ, એટલે મને કમને ‘શરમે ધરમે' દેવજી ભગતને નાતમાં ભેળવી સમાધાન કર્યું.

ધીરે ધીરે સમય જતાં સ્વામીના આશીર્વાદ ફળવા લાગ્યા.

દેવજી ભગત ખૂબ સારું વૈદુ જાણતા હતા એટલે સાજે-માંદે, નાના-મોટા સૌને દેવજી ભગતની જરૂર પડતી હતી.

દેવજી ભગત ભારે કાળજીથી માંદાઓની માવજત કરતા હતા. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ અને શ્રીહરિની કૃપાથી એમની દવાઓ અકસીર કામ કરતી હતી.

ગામમાં દિવસે દિવસે દેવજી ભગતની શાખ વધી રહી હતી.

ધીરે ધીરે ગામનું વાતાવરણ દેવજી ભગત તરફી થવા લાગ્યું. દેવજી ભગતની પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને સત્સંગની દઢતા જોઈને બધા એમને આદર અને માનની દૃષ્ટિથી જોવા લાગ્યા.

શ્રીહરિની કૃપા અને સ્વામીના આશીર્વાદથી દેવજી ભગતના મોટા ભાઈ જીવાભાઈ ગામના પટેલ થયા.

ગુણાતીતાનંદ સ્વામી પ્રસંગોપાત્ તોરી પધારતા અને કથાવર્તાનો લાભ આપતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા પછી બાલમુકુંદદાસજી સ્વામી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી રૂગનાથચરણદાસજી જેવા મહાન સંતો અવાર-નવાર તોરી પધારતા તેથી ગામનો સત્સંગ વધવા લાગ્યો. જેઓ સત્સંગનો દ્વેષ કરતા હતા તેઓ પણ સત્સંગી થયા.

ગુણાતીતાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુના સમાગમથી દેવજી ભગતની સ્થિતિ ખૂબ ઊંચી થઈ હતી. તેઓ મહારાજનું ખૂબ જ ભજન કરતા, તેમજ હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં, ખાતાં-પીતાં તેઓ મહારાજની મૂર્તિને અખંડ સંભારવાનો અભ્યાસ કરતા. દેવજી ભગત ગૃહસ્થ હતા, છતાં ઘરમાં જનક રાજાની જેમ અનાસક્તભાવે રહેતા હતા.

તેઓનું જીવન સાધુઓ માટે પણ પ્રેરણારૂપ હતું. તેઓ સંસારમાં હોવા છતાં સાધુઓની જેમ જ નિઃસ્વાદી, નિષ્કામી, નિર્લોભી વગેરે વર્તમાનોનું પાલન કરતા

## દેવજી બાપાને દેહ મેલાવ્યો

વિ. સં. ૧૯૭૮ ની સાલ હતી. દેવજી બાપાની ઉંમર ખૂબ થઈ ચૂકી હતી. તેઓ વૃદ્ધ થયા હતા. એમને હવે શરીર છોડવું હતું. તેઓ મહારાજને ખૂબ પ્રાર્થના કરતા હતા કે, ‘‘મહારાજ હવે મને ધામમાં તેડી જાઓ.’’

દેવજીબાપા બીમાર થયા. બાપાને બીમાર જાણી આંકડીયાથી પીતાંબર ત્રિવેદી દેવજીબાપાને મળવા તોરી આવ્યા. દેવજીબાપાએ કહ્યું, ‘‘પીતાંબર! મારે હવે ધામમાં જવું છે પરંતુ જતા પહેલા સાધુના દર્શન કરવાનો સંકલ્પ છે. તમે જૂનાગઢ જાઓ અને સ્વામી નારાયણદાસજીને મારા વતી વિનંતી કરો કે ‘મને દર્શન દેવા પધારે.’

પીતાંબરભાઈ દેવજીભગતનો મહિમા જાણતા હતા. તેઓ જૂનાગઢ ગયા અને નારાયણદાસજી સ્વામીને બધી વાત કરી.

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, ‘‘પીતાંબરભાઈ ! દેવજીબાપાને કહેજો કે મારાથી હમણાં તોરી આવી શકાય એમ નથી પરંતુ સ્વામી રૂગનાથચરણદાસજી એ વિસ્તારના ગામડાંઓમાં વિચરણ કરી રહ્યા છે. એમને તોરી તેડાવો.

સ્વામીના કહેવાથી પીતાંબરબાપા સ્વામી રૂગનાથચરણદાસજીને સંતમંડળે સહિત તોરી તેડી લાવ્યા.

સ્વામી રૂગનાથચરણદાસજી મંદિરમાં ઉતર્યા અને દેવજી બાપાને દર્શન દેવા એમને ઘેર પધાર્યા.

દેવજીબાપાએ સ્વામીને ધોતીયા ઓઢાડી પૂજા કરી અને કહ્યું, ‘‘સ્વામી! હવે મને ધામમાં મોકલી દ્યો.’’

રૂગનાથચરણદાસજી સ્વામીએ કહ્યું, ‘‘બાપા ! અમારો તોરી દેશમાં ફરવાનો વારો આવ્યો અને તમે ધામમાં જાવ એ કેમ ચાલે? તમે બેઠા હો તો કથાવાર્તાનું ખૂબ સુખ આવે. માટે હમણાં નહીં, બે વર્ષ પછી ધામમાં જજો.’’

સ્વામીની વાત સાંભળી દેવજીબાપા બોલ્યા, ‘‘ઠીક ત્યારે સ્વામી! બે વર્ષ સુધી તમારી કથાવાર્તા સાંભળી પછી ધામમાં જઈશું.’’

દેવજીબાપા સાજા થયા. તોરી દેશમાં બે વર્ષના વારા દરમિયાન શિયાળો,

ઉનાળો, ચોમાસાના બે બે મહિના સુધી સ્વામી રૂગનાથચરણદાસજી તોરીમાં રોકાતા. શ્રીજી મહારાજ અને મોટા સંતોની મહિમાભરી વાતો કરતા. દેવજીબાપા બહુ પ્રેમથી કથાવાર્તાનું શ્રવણ કરતા.

બે વર્ષનો વાયદો પૂરો થયો. દેવજીબાપા પાછા બીમાર થયા. એમણે પીતાંબરભાઈને આંકડીયાથી બોલાવીને કહ્યું, ''પીતાંબર! હવે સ્વામીએ આપેલો વાયદો પૂરો થાય છે. તમે જૂનાગઢથી રૂગનાથચરણદાસજી સ્વામીને તેડી લાવો. મારે હવે ધામમાં જવું છે.''

પીતાંબરભાઈ જૂનાગઢથી સ્વામી રૂગનાથચરણદાસજીને તોરી તેડી લાવ્યા.

સ્વામીએ કહ્યું, ''બાપા! તમે ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદદાસજી સ્વામી, મહાપુરુષદાસજી સ્વામી વગેરે સમર્થ સંતોને સેવ્યા છે અને રાજી કર્યા છે. એમને યાદ કરો.'' આટલું કહી સ્વામીએ દેવજીબાપાના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો અને કહ્યું, ''બાપા ! આ અક્ષરધામનો ચાંદલો! લ્યો હવે ધામમાં જવા તૈયાર રહેજો.''

આટલું કહી સ્વામી મંદિરે પધાર્યા. થોડા સમયમાં શ્રીહરિ મોટા સંતોને સાથે લઈ દેવજીભગતને તેડવા આવ્યા. દેવજીભગતે સર્વને 'જય સ્વામિનારાયણ' કહી દેહ મેલી દીધો.

## તોરીના ઘેલા મહારાજ

તોરીમાં જેવા દેવજી ભગત હતા એવા જ ઉત્તમ ભક્ત ઘેલા મહારાજ હતા. તેઓ જ્ઞાતીએ રાજગોર બ્રાહ્મણ હતા. ઘેલા મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ઘેલા મહારાજ ઉત્તમ એકાંતિક ભક્ત થયા હતા. એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, એવો સુદૃઢ નિશ્ચય થયો હતો.

તેઓ નિયમિત રીતે બાલમુકુંદદાસજી સ્વામી, રૂગનાથચરણદાસજી સ્વામી, નારાયણદાસજી સ્વામી જેવા મહાન સંતોનો સમાગમ કરતા હતા.

ઘેલા મહારાજ વૃદ્ધ થયા. એમને શરીરે મંદવાડ આવ્યો. એમણે પોતાના પરિવારજનોને કહ્યું, ''મારો દેહ હવે પડવાનો થયો છે. ખીજડીએથી ગીગા મહારાજને બોલાવો.''

ખીજડીએથી ગીગા મહારાજ આવ્યા એટલે ઘેલા મહારાજે કહ્યું, ''તમે

આવી ગયા સારું થયું, મારે તમારી હાજરીમાં દેહ મેલવો છે.''

ગીગા મહારાજે કહ્યું, ''તમે ક્યારે દેહ મેલશો ?''

ઘેલા મહારાજે કહ્યું, ''આજે રાતે વહેલી સવારે પાંચ વાગે મારો દેહ છૂટશે.''

ગીગા મહારાજે કહ્યું, ''તમે થોડું જમો.''

ઘેલા મહારાજે કહ્યું, ''મેં દૂધ પીધું છે. હવે આ શરીરમાં બીજું કાંઈ નાખવું નથી.''

આટલું કહી ઘેલા મહારાજે પોતાના પરિવારજનોને કહ્યું, ''તમારે બધાએ એકસાથે રાત્રિ ઉજાગરા કરવા નથી. તમારામાંથી ચાર ચાર જણા વારાફરતી જાગો.''

ઘેલા મહારાજના કહેવાથી જાગવા માટે વારા કાઢવામાં આવ્યા.

વહેલી સવારે ઘેલા મહારાજ જાગ્યા અને વારાવાળાને પૂછ્યું, ''કેટલા વાગ્યા છે ?''

વારાવાળાએ કહ્યું, ''બાપા ! સવારના ચાર વાગ્યા છે.''

ઘેલા મહારાજે કહ્યું, ''હવે બધાને જગાડો, ગાયનું છાણ લાવી જમીન ઉપર લીંપો, એના ઉપર તલ અને દરભ પાથરો, ઘીનો દીવો કરો અને બધા 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન કરવા લાગો.''

ગીગા મહારાજે કહ્યું, ''ઘેલા મહારાજ ! આમ બધા ભજન કરતા હોય, એમાં તમારે દેહ છોડવાની ક્ષણ ક્યારે આવી, એની અમને કેમ ખબર પડે ?''

ઘેલા મહારાજે કહ્યું, ''મને મહારાજ તેડવા આવશે ત્યારે હું ત્રણ ચપટી વગાડીશ, એટલે તમને બધાને ખ્યાલ આવી જશે કે, હવે મારે દેહ છોડવાનો સમય થઈ ગયો છે.''

ગીગા મહારાજ પરિવારના બધા સભ્યો સાથે મળીને ભજન કરવા લાગ્યા.

બરાબર પાંચ વાગ્યાનો સમય થયો, એટલે મહારાજ ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોને સાથે લઈને ઘેલા મહારાજને તેડવા પધાર્યા.

ઘેલા મહારાજે ત્રણવાર ચપટી વગાડી, 'જય સ્વામિનારાયણ' કહી દેહ મેલી દીધો.

મૃત્યુની ઘડીની આ રીતે આગોતરી જાણ કરી શરીર છોડવું, એ કાંઈ સાધારણ વાત નથી. આ તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની કૃપા અને સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની ઉપાસનાનું પરિણામ છે.

ઘેલા ભગતની દેહ છોડવાની અલૌકિક રીત જોઈને તોરીના ગ્રામજનોને ભારે આશ્ચર્ય થયું અને ઘણા જીવ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત બન્યા.

તોરીમાં દેવજી ભગત અને ઘેલા મહારાજ જેવા જ એક ત્રીજા ભક્તરાજ હતા. એનું નામ કચરા ભગત હતું. આ બધા મહાન ભક્તોને લીધે તોરીનો સત્સંગ ખૂબ ફૂલ્યો ફાલ્યો હતો.

એક સમયે તોરીમાં સત્સંગનો વિરોધ થતો હતો એજ તોરીમાં લગભગ અરધું ગામ સત્સંગના રંગથી રંગાઈ ગયું હતુ.

સંપ્રદાયમાં તોરીનો સત્સંગ ખૂબ જ વખણાતો રહ્યો છે. સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી, સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી, સદ્‌ગુરુ રૂગનાથચરણદાસજી સ્વામી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, જેતપુરના કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામી, પીપલાણાવાળા જોગી સ્વામી આ બધા જ મહાન સંતોએ તોરી ગામના સત્સંગનું પોષણ કરેલું છે.

જૂનાગઢ દેશમાં જેતપુર, પીપલાણા જેવા પવિત્ર તીર્થધામો ઉપરાંત, ગુરુકુલના નાના-મોટા ઉત્સવ પ્રસંગોએ તોરીના હરિભક્તોએ ખૂબ જ સેવાઓ કરેલી છે અને કરી રહ્યા છે.

# નવી ધર્મશાળાનું બાંધકામ

સમય જતાં જૂનાગઢ મંદિરમાં સાધુઓની સંખ્યા ખૂબ વધી, એટલે જૂની ધર્મશાળા અને જૂનો સભા-મંડપ ખૂબ જ સાંકડાં પડવા લાગ્યા, એટલે સ્વામીએ નવી ધર્મશાળા બાંધવાનો સંકલ્પ કર્યો.

વિ. સં. ૧૯૨૦ ની સાલમાં ભાદરવા માસમાં જૂની ધર્મશાળાને પાડી નાખવામાં આવી અને એ જ જગ્યાએ નવી ધર્મશાળા બાંધવાનો આરંભ કર્યો.

કહેવાય છે કે, જેમ મંદિરના નિર્માણકાર્ય વખતે નાગર બ્રાહ્મણો અવરોધો ઊભા કરતાં હતા, એજ રીતે આ ધર્મશાળાના બાંધકામમાં પણ કેટલાંક નાગરો અનેક પ્રકારે અવરોધો ઊભા કરતા હતા.

હકીકત એ બની હતી કે, ધર્મશાળાના પાયા પૂરવા માટે સંતો-પાર્ષદો કાળવામાંથી પથ્થરાઓ લાવતા હતા.

કેટલાક નાગર અમલદારોએ રાગ દ્વેષથી પ્રેરાઈને નવાબ સરકારને ફરિયાદ કરી, ‘‘કાળવાના પથ્થરાઓ તો રાજની મિલ્કત કહેવાય. આ સ્વામિનારાયણના સાધુઓ રાજની પરવાનગી વગર એ પથ્થરાઓ વાપરે છે.’’

નવાબ સાહેબ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે નાગરોના જૂના પુરાણા દ્વેષને જાણતા હતા, છતાં બધાના મનના સમાધાન ખાતર એમણે સ્વામીને દરબારમાં બોલાવ્યા.

સ્વામી દરબારમાં પધાર્યા, એટલે નવાબ સાહેબે સ્વામીને કુર્નીશ બજાવી વંદન કર્યા અને બેસવા માટે આસન આપ્યું.

નવાબ સાહેબે અમલદારોને કહ્યું, ‘‘બોલો, તમારે શી ફરિયાદ છે ?’’

અમલદારોએ કહ્યું, ‘‘આ સાધુએ કાળવામાંથી રાજની પરવાનગી વગર પથ્થર લીધા છે.’’

નવાબ સાહેબે સ્વામી તરફ નજર કરી કહ્યું, ‘સ્વામી આ અંગે આપને શું કહેવું છે ?’

સ્વામીએ કહ્યું, ‘‘હા, નવાબ સાહેબ અમે પથ્થર લીધા છે એ હકીકત છે પણ જો પથ્થરનો જ પ્રશ્ન હોય તો અમે રાજના પથ્થરા પાછા આપી દેશું.’’

એક નાગર અમલદાર બોલ્યો, ‘‘સ્વામીજી ! પથ્થરા તો તમે પાયામાં ચણી દીધા છે. પાછા ક્યાંથી આપશો ?’’

સ્વામી કહે, ‘‘અમે ક્યાંથી આપીએ? એ અમારે જોવાનું છે, તમારે નહીં, તમારે તો પથ્થરા હાર્યે કામ છે ને !’’

સ્વામીની વાત સાંભળી નવાબ હસ્યા અને બોલ્યા, ‘‘આ સંત તો ઓલિયા પુરુષ છે અને આકાશમાંથી પથ્થરા ઉતારે એવા છે. માટે સારાં કામમાં રાજ્યે થાય તો મદદ કરાય પણ વિઘ્ન ન કરાય.’’ આટલું કહી નવાબે કચેરી બરખાસ્ત કરી નાખી.

થોડા સમયમાં આશ્ચર્યકારક ઘટના બની. ધોધમાર વરસાદ વરસ્યો અને કાળવામાં પૂર આવ્યું. ઉપરવાસમાંથી હજારો પથ્થરાઓ તણાઈને કાળવામાં આવ્યા !

સ્વામીએ નવાબ સાહેબને કહેવડાવ્યું, ‘‘તમારા નાગર અમલદારોને કહેજો, અમે પથ્થરા પાછા આપી દીધા છે.’’

નવાબ સાહેબે અમલદારોને કહ્યું, ‘‘અમે નહોતા કહેતા કે, આ સાધુ તો ઓલિયા પુરુષ છે ! એ ગમે ત્યાંથી પથ્થરા લાવશે. માટે હવે પછી અમારી પાસે આ સાધુ અંગેની કોઈ રાવ-ફરિયાદ લાવશો નહિ.’’

## જામનગરના ભાણાભાઇને નિર્વાસનિક કર્યા

જામનગરના ભાણાભાઈ કડીયા ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. એમને બે દીકરા હતા.

ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં નવી ધર્મશાળાનું બાંધકામ કરાવતા હતા ત્યારે ભાણાભાઈ પોતાના મોટા પુત્ર જીવાને લઈને સ્વામીના દર્શન માટે જૂનાગઢ ગયા હતા.

સ્વામીએ કહ્યું, ‘‘ભાણાભાઈ ! નવી ધર્મશાળાનું બાંધકામ ચાલે છે. તમે સારા કારીગર છો, તો આ બાંધકામમાં સેવા કરવા થોડો સમય રોકાવ તો સારું.’’

સ્વામીએ આજ્ઞા કરી એટલે ભાણાભાઈએ હા પાડી અને કહ્યું, ‘‘ભલે, સ્વામી ! હું અને મારો દીકરો જીવો બંને સેવા કરવા રોકાઈશું.’’

બંને બાપ-દીકરાએ એક મહિનો સેવા કરી. હવે બનેલું એવું કે ભાણાભાઈના ઘરવાળા થોડા સમય પહેલા અક્ષરવાસી થયા હતા.

ભાણાભાઈ અને જીવાભાઈ બંને બાપ-દીકરો જૂનાગઢ હતા. ભાણાભાઈનો નાનો દીકરો એકલો જ ઘરે હતો. જામનગરમાં ઘર સાચવવાવાળું બીજું કોઈ નહોતું.

ભાણાભાઈએ પોતાના દીકરા જીવાને કહ્યું, ‘‘જીવા ! તારા મા અક્ષરવાસી થયા છે. ઘર સાચવનારું કોઈ નથી, હું અહીં ધર્મશાળાના બાંધકામની સેવામાં રોકાઈશ પરંતુ તું સ્વામીની રજા લઈને ઘરે જા.’’

જીવાભાઈ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહ્યું, ‘‘સ્વામી હું અને મારા બાપા ઘણા સમયથી અહીં સેવામાં છીએ, ઘરે મારા મા ગુજરી ગયા છે, એટલે ઘરનું ધ્યાન રાખનારું કોઈ નથી. આપ રજા આપો તો હું જામનગર જાઉં.’’

સ્વામીએ કહ્યું, ‘‘જીવા ! ભાણાભાઈ ભલે અહીં રોકાય. તું સુખેથી જામનગર જા.’’

એ જ વખતે જામનગરનો દેવો કડીયો પણ જામનગર જવા તૈયાર થયો હતો. રસ્તામાં ભાતાની જરૂર પડે, એટલે સ્વામીએ કોઠારમાંથી પુરીઓ મંગાવી, ખોબા ભરી ભરીને પૂરીઓ આપી અને પછેડીને છેડે બંધાવી.

સ્વામીએ બેયને કહ્યું, ‘‘પછેડીની ગાંઠ છોડતા નહિ. ભૂખ લાગે ત્યારે છેડો સહેજ ઢીલો કરીને પુરીઓ જમતા જજો. જામનગર સુધી તમારું ભાતું ખૂટશે નહિ.’’

સ્વામી પાસેથી વિદાય લેતી વખતે જીવાને વિચાર થયો કે, ‘હું કમાવા માટે પરદેશ જાઉં કે ન જાઉં ?‘ એ અંગે હું સ્વામીને પૂછી લઉં.

સ્વામીએ અંતર્યામી ભાવે કીધું, ‘‘જીવા ! પરદેશ જવાના મનસૂબા કરીશ નહિ. મહારાજ તને ઘરે બેઠા દાળ-રોટલા આપશે.’’

પોતાના સંકલ્પને સ્વામી જાણી ગયા, એ જોઈને જીવાને અત્યંત આશ્ચર્ય થયું અને સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી પરદેશ જવાનો મનસૂબો ટાળી નાખ્યો.

જીવો અને દેવો જૂનાગઢથી રવાના થયા. ત્રણ દિવસે જામનગર પહોંચ્યા. રસ્તામાં બેય જણાએ પુરીઓ ખાધે રાખી પરંતુ સ્વામીના આશીર્વાદથી પુરીઓ ખૂટી નહિ.

એક બાજુ જીવો જામનગર ગયો બીજી બાજુ ભાણાભાઈ ધર્મશાળાના બાંધકામમાં સેવા કરી સ્વામીને રાજી કરતા હતા.

એમના ઘરેથી ધામમાં ગયા હોવાથી ભાણાભાઈને બીજું ઘર કરવાનો સંકલ્પ થતો હતો. ભાણાભાઈને થયું, ‘‘હું સ્વામીને પૂછી જોઉં, જો સ્વામી રજા આપે તો જ મારે બીજું ઘર કરવું, નહિતર નથી કરવું.’’

ભાણાભાઈએ પોતાના મનની વાત સ્વામીને જણાવતા કહ્યું, ‘‘સ્વામી ! મને મારા સગાં-વહાલાં બીજું ઘર કરવાનો આગ્રહ કરે છે અને મને પણ સંસારના ઘાટ રહ્યા કરે છે. જો આપની આજ્ઞા હોય તો જ હું બીજું ઘર કરું.’’

સ્વામીએ કહ્યું, ‘‘ભાણાભાઈ ! તમે હવે વૃદ્ધાવસ્થાને ઉંબરે ઉભા છો. તમારે ઘરે બે ડાહ્યા છોકરા છે. તમને સાચવે એવા છે. હવે તમારે આ ઉંમરે બીજું ઘર કરીને શું કામ છે ? સુખેથી મહારાજનું ભજન કરો. છેલ્લો જન્મ કરી લ્યો. હવે આ ઉંમરે ફરીથી સંસારની હેડ્યબેડીમાં પગ ન નખાય.’’

સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી ભાણાભાઈએ બીજું ઘર કરવાનો સંકલ્પ માંડી વાળ્યો. ભાણાભાઈએ સંકલ્પ તો માંડી વાળ્યો પરંતુ એમના મનમાં સંસારની વાસનાના ઘાટ થયા કરતા હતા.

એમણે એક દિવસ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આપ કૃપા કરો તો મારા મનના ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય.’’

સ્વામીએ આ પરમ વિશ્વાસી અને મુમુક્ષુ એવા ભાણાભાઈની સામે કૃપાદષ્ટિથી જોયું અને એ જ સમયે ભાણાભાઈના અંતરમાંથી સંસારની વાસના કાયમને માટે સમાપ્ત થઈ ગઈ. ભાણાભાઈ સફેદ કપડે પણ ઉત્તમ સંત જેવા થયા.

આ રીતે બે મહિના સુધી જૂનાગઢમાં સેવા કરી, સ્વામીનો રાજીપો મેળવી, સ્વામીની આજ્ઞા લઈ, ભાણાભાઈ પાછા પોતાને ઘરે જામનગર આવ્યા.

ભાણાભાઈના બંને દીકરાઓએ બાપની ખૂબ સારી સેવા-ચાકરી કરી.

ભાણાભાઈનો અંત સમય આવ્યો ત્યારે ત્રણ દિવસ પહેલા સ્વામીએ અને મહારાજે એમને દર્શન દીધા અને કહ્યું, ‘‘આજથી ત્રીજે દિવસે અમે તમને ધામમાં તેડી જઈશું.’’

ભાણાભાઈએ પોતાના બેય દીકરાને વાત કરી કે, મહારાજ ત્રીજે દિવસે મને તેડવા આવશે.

અને બરાબર ત્રીજે દિવસે ભગવાન શ્રીહરિ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મહામુક્તોને સાથે લઈને ભાણાભાઈને તેડવા આવ્યા.

ભાણાભાઈએ સર્વને જય સ્વામિનારાયણ કહીને દેહ મેલી દીધો.

સ્વામી જેવા સમર્થ સંતની કૃપાથી ભાણાભાઈ ભવસાગર તરી ગયા. ભાણાભાઈએ બે મહિના સેવા કરી તો એના બદલામાં સ્વામીએ એને નિર્વાસનીક કરી અક્ષરધામ આપ્યું.

## ચૂનો ખુંદાવી કીડીયારાનો રોગ મટાડ્યો !

આ ધર્મશાળાના નિર્માણ કાર્યમાં સંતો-પાર્ષદો રાત્રિ દિવસ સખત પરિશ્રમ કરતા હતા.

સમસ્ત સોરઠમાંથી કડીયા, સુથાર, લુહાર હરિભકતો સેવા માટે આવતા હતા અને સ્વામીનો રાજીપો મેળવતા હતા.

ધર્મશાળાના બાંધકામ માટે ચૂનો પાડવો, ચૂનો પીસવો અતિ કષ્ટદાયક કામ હતું. હાથમાં ફફોલાં પડી જતાં, આંગળાઓના ગાળાઓ સડવા માંડતા, એમાંથી પાણી નીતરતા, બળતરા થતી છતાં સંતો-પાર્ષદો, હરિભકતો દેહને ગણકાર્યા સિવાય ઉત્સાહથી સ્વામીને રાજી કરવા સેવા-કાર્ય કરી રહ્યા હતા.

ધર્મશાળાનું બાંધકામ ચાલી રહ્યું હતું, એ વખતે ઉપલેટાથી નારણભાઈ આહિર સ્વામીના દર્શને આવ્યા.

નારણભાઈને કીડીયારાનો રોગ થયો હતો, આ રોગ ખાસ કરીને પગમાં થાય છે. આ રોગને લીધે પગ સડે છે. એમાં જીવાંત થાય છે. ઉધઈના રાફડામાંથી માટીના ઉકેરા નીકળે એમ આ રોગને લીધે માંસ પેશીઓમાંથી સડો બહાર આવે છે. એને ખાઈને પેલી જીવાંત જીવે છે.

ગામડાંઓમાં લોકોને ખબર હોય છે કે ઉધઈના રાફડાને ગમે એટલો ઊંડો ખોદવામાં આવે છતાં રાફડો જતો નથી. એજ રીતે આ કીડીયારાનો રોગ પણ અસાધ્ય મનાય છે.

નારણભાઈએ ઘણા ઉપચાર કર્યા પણ રોગ મટતો નહોતો. નારણભાઈને થયું, “હવે તો સ્વામી દયા કરી આશીર્વાદ આપે તો જ મારો આ રોગ મટશે, નહીંતર નહીં મટે.”

નારણભાઈએ સ્વામીને આ રોગ મટાડવા વિનંતી કરી.

સ્વામીએ કહ્યું, “આપણે અહીં સારા વૈદ્ય છે, એની પાસે દવા કરાવીએ.”

એ સમયમાં મંદિરમાં બ્રહ્મચારી હરિદર્શનાનંદ અને દ્વારાકાદાસ વૈદુ કરતા હતા.

સ્વામીએ એમને બોલાવીને કહ્યું, “આ નારણભાઈના રોગની દવા કરો.”

સ્વામીની આજ્ઞાથી એમણે નારણભાઈની દવા શરૂ કરી. પંદર દિવસ થયા પણ રોગમાં કાંઈ ફરક પડ્યો નહિ.

સ્વામીએ કહ્યું, “નારણભાઈ ! વૈદ્યોએ એનો પ્રયાસ કરી જોયો, હવે અમે

તમારું વૈદુ કરીએ. હાલો અમારી હાર્યે.''

સ્વામી એમને જ્યાં ચૂનાનો આરો થતો હતો ત્યાં લઈ ગયા અને કહ્યું, ''તમે આ ચૂનાના આરામાં પડો અને ચૂનો ફેરવવા લાગો.''

પગમાં કીડીયારાનો રોગ હોય અને ચૂનામાં પગ મૂકવા એતો ધગધગતા અગ્નિમાં પગ મૂકવા જેવી વાત કહેવાય. છતાં પણ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી નારણભાઈ ચૂનાની સેવામાં જોડાયા.

ચૂનાનો સ્પર્શ થવાથી કીડીયારાનો રોગ વકર્યો. નારણભાઈને અસહ્ય પીડા થવા લાગી. નારણભાઈએ કહ્યું, ''સ્વામી ! મારાથી આ પીડા સહન થતી નથી, આપ દયા કરો.''

સ્વામી હસ્યા, ''નારણભાઈ ! ચિંતા કરશો નહિ. બળતરા થશે પણ મહારાજ તમારો રોગ મટાડી દેશે.'' આમ કહી સ્વામીએ ભેંસનું છાણ મંગાવ્યું, એમાં મીઠું નાખ્યું, પછી થોડું પાણી નાખી રાબડું કરી ગરમ કર્યું પછી એ સતપ રાબડું નારણભાઈના પગ ઉપર સારી પેઠે ચોપડી પાટો બાંધ્યો.

સ્વામીએ કહ્યું, ''નારણભાઈ ! આ પાટો ત્રણ દિવસ રહેવા દેજો. ચોથે દિવસે ખોલજો.''

નારણભાઈએ ચોથે દિવસે પાટો ખોલ્યો, તો પગમાં રોગનું નામો નિશાન નહોતું.

કીડીયારાનો અસાધ્ય રોગ ચૂનો અને છાણના પ્રયોગથી મટે, એ વાતમાં કાંઈ માલ નથી !

સ્વામીએ પોતાનો અલૌકિક પ્રતાપ વાપરીને નારણભાઈનો રોગ મટાડ્યો હતો. નારણભાઈએ પણ ધર્મશાળાના બાંધકામમાં દેહે કરીને ઘણી સેવા કરી હતી.

ગુણાતીતાનંદ સ્વામીએ નારાયણભાઈના કીડીયારાના રોગને મટાડ્યો હતો એજ રીતે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ મેંગણી દરબાર માનસિંહજીનો કીડીયારાનો રોગ પીપળાની છાલ બાંધી મટાડ્યો હતો.

અલમસ્ત મહાપુરુષોની વાત ન્યારી છે. બીજો એવું કરવા જાય તો બોદા કમાનગરની જેમ સલવાય જાય.

# સાંકળી તથા બગસરાના મંદિરોનું નિર્માણ

## સાંકળીમાં મંદિર કરાવ્યું

જેતપુર પાસે સાંકળી ગામ આવેલું છે. સાંકળી ગામ સોરઠની પંચતીર્થીમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સાંકળી ખૂબ પધારેલા. રામાનંદ સ્વામી અહીં સદાવ્રત ચલાવતા.

અહીંની તેરકોશી વાડી પ્રસાદીની છે. શ્રીજી મહારાજે સંત-મંડળે સહિત આ વાડીને કૂવે અનેકવાર સ્નાન કરેલું છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની ઈચ્છા હતી કે, સાંકળીમાં મંદિર થાય તો સારું.

સ્વામીએ વચનસિધ્ધ સંત મહાપુરુષદાસજી સ્વામીને આજ્ઞા કરી કે, ‘‘તમે સાંકળીમાં મંદિર કરાવો.’’

સ્વામીની આજ્ઞાથી સ્વામી મહાપુરુષદાસજી સંત-મંડળ સાથે ગામ સાંકળી પધાર્યા.

સ્વામીએ બધા હરિભક્તોને ભેગા કરી સ્વામીના સંકલ્પની વાત કરી અને મંદિર માટે ફાળો કરવા કહ્યું.

બધા હરિભક્તોએ પોતપોતાની શકિત પ્રમાણે ફાળો કર્યો, ફાળામાં રૂપિયા ત્રણસો એકઠાં થયા.

સ્વામીએ યોગ્ય મૂહુર્ત જોવરાવીને મંદિરના પાયા ખોદાવાનું કાર્ય શરૂ કર્યું.

હરિભક્તોની ઉત્સાહભરી સેવાથી જોતજોતામાં મંદિર તૈયાર થઈ ગયુ.

સ્વામીએ ધોરાજીથી કાટમાળ મંગાવી, મંદિરને માળી માથે નળિયાં પણ ચડાવી દીધા. પછી ખર્ચનો હિસાબ કર્યો તો, રૂપિયા આઠસો થયા. ફાળો તો માત્ર

ત્રણસો રૂપિયાનો જ હતો, એટલે રૂપિયા પાંચ સો ખૂટ્યા.

એવામાં સાંકળીના આગેવાન હરિભક્ત ઉકા પટેલ સ્વામીના દર્શને આવ્યા.

મહાપુરુષદાસજી સ્વામીએ કહ્યું, "ઉકા પટેલ ! મંદિર તો તૈયાર થઈ ગયું પણ ફાળો રૂપિયા ત્રણસોનો છે. ખરચ રૂપિયા આઠસોનો થયો છે. રૂપિયા પાંચ સો ખૂટે છે, તે તમે આપો."

ઉકા પટેલે હાથ જોડીને કહ્યું, "મા-બાપ ! એટલા બધા રૂપિયા હું ક્યાંથી લાવું ?" સ્વામીએ કહ્યું, "પટેલ ! તમારી અનાજ ભરવાની કોઠીની નીચે રૂપિયા પંદરસો ભરેલું માટલું દાટેલુ છે. તે કાઢીને લઈ આવો."

ઉકા પટેલે ઘરે જઈને કોઠી ફેરવી જમીન ખોદી તો અચાનક ખજાનો હાથમાં આવે, એ રીતે રૂપિયા પંદરસો ભરેલું માટલું મળ્યું.

ઉકા પટેલને તો આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે માટલામાંથી પાંચસો રૂપિયા લીધા અને સ્વામી મહાપુરુષદાસજી પાસે આવીને રૂપિયા સો-સોની પાંચ ઢગલી કરી અને કહ્યું, "લ્યો, મા-બાપ ! આ રૂપિયા પાંચ સો, મંદિરનું દેવું ભરપાઈ કરો અને વધારે કાંઈ સેવા જોઈતી હોય, તો બોલો."

સ્વામીએ કહ્યું, "મારે મંદિરમાં કૂવો ગળાવવો છે, માટે હજુ સો રૂપિયા જોઈએ છે."

ઉકા પટેલે કહ્યું, "ભલે, સ્વામી ! બીજું કાંઈ ?"

સ્વામીએ કહ્યું, "મંદિરમાં ગાદલાં-ગોદડાં અને વાસણ વસાવવા છે, માટે સો રૂપિયા બીજા જોઈએ."

ઉકા પટેલે કહ્યું, "ભલે, સ્વામી."

સ્વામીએ કહ્યું, "ઉકા પટેલ ! અમે તમારી પાસેથી આટલા બધા રૂપિયા લીધા, તો તમને આંચકો નથી લાગતો ?"

ઉકા પટેલે કહ્યું, "સ્વામી ! મારી પાસે ક્યાં કાંઈ હતું ! આ તો તમારી કૃપાથી મળ્યું છે અને તમને રાજી કરવા વાપરું છું. રૂપિયા સાત સો દીધાં તોય હજી મારા ઘરમાં આઠસો રૂપિયા પડ્યા છે."

ઉકા પટેલની સમજણ જોઈને સ્વામી મહાપુરુષદાસજી અત્યંત રાજી થયા. આ રીતે સાંકળીનું મંદિર તૈયાર થયું.

વિ. સં. ૧૯૨૦ ની સાલ હતી. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાંકળી પધાર્યા. ધામધૂમથી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. આખા ગામમાં ટોપરું અને સાકર વહેંચ્યા.

મહાપુરુષદાસજી સ્વામીએ મંદિરમાં કૂવો ગળાવ્યો. વાસણ,પથારી-પાગરણ વગેરે સાધન-સામગ્રીથી મંદિરને ભરી દીધું. આજે પણ સાંકળીમાં ખૂબ સારો સત્સંગ છે.

પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ તેર કોશી વાડીએ શ્રીજી મહારાજ અને રામાનંદ સ્વામીના મહાપ્રસાદીના સ્થાને ઈંગ્લેન્ડમાં નિવાસ કરતા સરલીવાળા પ્રેમજી રામજી માયાના આર્થિક સહકારથી છત્રી બનાવેલી છે અને મંદિરમાં સાંકળીની લીલાઓનો વિસ્તાર પૂર્વક લેખ લખાવેલ છે.

## બગસરા ગામના મંદિરનો સંકલ્પ

અમરેલી પાસે બગસરા ગામ આવેલું છે, પુરાણોની માન્યતા પ્રમાણે અહીં યુગો પહેલા બગદાલવ ઋષિ થયા હતા. તેઓ હજારો વર્ષ સુધી જીવ્યા હતા. બગસરાના પાદરમાં વહેતી સાતલ્લી નદીનો કિનારો એમની તપોભૂમિ હતી.

લોક માન્યતા પ્રમાણે આ બગદાલવ ઋષિના નામ ઉપરથી જ ગામનું નામ બગસરા પડેલું છે.

પ્રગટ ભગવાન સ્વામિનારાયણના પરમહંસોના પ્રભાવથી આ ગામમાં સત્સંગનાં બીજ રોપાયા. ગામમાં સથવારા અને કણબી જ્ઞાતિમાં ખૂબ સારો સત્સંગ વિકસ્યો.

બગસરામાં વેલો સથવારો, મેપો સથવારો, રૂડો સથવારો, ડોસો ભગત વગેરે મહાન ભક્તો થયા. આ બધા ભક્તો શ્રીજી મહારાજના કૃપાપાત્ર હતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિના ૧૧૪ માં પ્રકરણમાં બગસરાના હરિભક્તોની નોંધ લીધેલી છે. સ્વામી લખે છે...

**બહુ ભક્ત બગસરે ગામ, કોળી હરિપાળ સુત રામ ।**
**રૈયો કાનો ભગો ઉકો રાણો, ભક્ત સંઘો ભગો કૃષ્ણ જાણો ॥**
**ભક્ત વેલો મેપો જોધો જન, કુરજી હરજી એ પાવન ।**
**દેવશી આદિ દૈ સતવારા, ભક્ત નાઇ રાજો માવો સારા ॥**
**નકિ વૈશ્ય એક નાનબાઇ, વસે જન એ બગસરા માંઇ ।**

ભક્તચિંતામણિના આ નામ જોતાં લાગે છે કે, બગસરામાં શ્રીહરિ તથા ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી સત્સંગનો ખૂબ સારો વિકાસ થયો હતો અને બગસરા વાળાંક દેશનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું હતું.

વાળાંક દેશમાં માલવણ, ઘુઘરાળા, ચિત્તળ, ઢોલરવા, માંડવડા, સનાળા, સૂડાવળ, દેરડી, પીઠવાજાળ, ચૂડા, હામાપર, બરવાળા, લાઠી, આસોદર, માચીયાળા, લૂણી, આંકડીયા, તોરી, ખંભાળીયા, કુકાવાવ, અમરેલી, ચાંપાથડ વગેરે સેંકડો ગામોનો સમાવેશ થાય છે. જેની ભક્તચિંતામણિ ૧૧૪ માં વિશેષ વિગત છે.

વાળાંક દેશના હરિભક્તોની નિષ્ઠાની પ્રશંસા કરતાં સ્વામી લખે છે કે...

**વંદુ હું ભક્ત વાળાંકના, જન વિશવાસી વિશેક ।**
**અચળ પ્રભુનો આશરો, વળી ગ્રહી ન મૂકે ટેક ॥**
**ઉદાર મન અતિ ઘણાં, જેને પ્રગટ પ્રભુશું પ્યાર ।**
**ભોળે ભાવે ભજે હરિ, છળ કપટ નહિ લગાર ॥**

બગસરાના સથવારા જ્ઞાતિના ભક્તજનો આર્થિક વ્યવહારે દુબળા હતા પણ આ ભક્તજનો ભક્તિ અને નિષ્ઠાની દૃષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને અન્ય અનેક મહાન સંતો અવાર-નવાર બગસરા પધારતા.

બગસરાના હરિભક્તોના અંતરમાં અહીં ભગવાન સ્વામિનારાયણનું મંદિર થાય એવી તીવ્ર ઈચ્છા હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ ઈચ્છતા હતા કે, બગસરામાં મંદિર થાય તો સારું !

બગસરાના સથવારા હરિભક્તો વ્યવહારે સાવ દુર્બળ હતા. છાજ નાખેલા છાપરાના ઘર હતાં. ઘરને ફરતા વાડા હતા.

બાજુમાં થોડી ખુલ્લી જમીન હતી. આસપાસમાં બ્રાહ્મણોના ઘર હતાં. બ્રાહ્મણોને આ ઘર દરબાર હરસુરવાળા તરફથી બક્ષિસ મળેલ હતાં. જો એ ઘર મળે તો મંદિર માટે અનુકૂળતા થાય તેમ હતું.

બ્રાહ્મણો આ ઘર મંદિર માટે આપવા તૈયાર હતા પરંતુ એમાં એક ભારે અવરોધ હતો. ગામધણી દરબાર હરસુરવાળા આ જમીન આપવા દેતા નહોતા.

ગામમાં સ્વામિનારાયણનું મંદિર થાય એ એને કોઈપણ ભોગે પસંદ નહોતું.

બગસરાના ગામધણી દરબાર હરસુરવાળા ભારે ફેલી અને વ્યસની હતા. તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ઘોર વિરોધી હતા. સ્વામિનારાયણનું નામ પડે એટલે તેઓ ગુસ્સે થતા અને ગાળો ભાંડતા. એમના મળતિયાં ભાયાતો પણ સંપ્રદાયના દ્વેષી હતા.

ભગવાન સ્વામિનારાયણના સાધુઓનું અપમાન કરવાની એક પણ તક તેઓ ચૂકતા નહોતા અને સત્સંગીઓને યેન કેન પ્રકારેણ હેરાન કરતા રહેતા હતા.

એક સમયની વાત છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં બિરાજમાન હતા એ સમયે કુંડલાથી આલા ખુમાણ, એમના ભાઈ માંચા ખુમાણ, બહેન કામલબાઈ વગેરે પૂરા પરિવારને સાથે લઈને જૂનાગઢ સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ આલા ખુમાણને કહ્યું, “દરબાર ! અમારે બગસરા મંદિર કરવું છે, પરંતુ જમીનનો મેળ પડતો નથી. તમારે દરબાર હરસુરવાળા સાથે કાંઈ ઓળખાણ હોય અને એને મનાવો તો કામ થાય તેમ છે.”

દરબાર આલા ખુમાણ બોલ્યા, “સ્વામી ! હરસુરવાળા અમારા માસીયાઈ ભાઈ છે પરંતુ એને સત્સંગ સાથે ભારે દ્વેષ છે. કાયમ ફેલી અને કુસંગી લોકોથી ઘેરાયેલા રહે છે. એને કોઈ સાચી સલાહ દેનારું પડખે નથી.

આપની મરજી જાણીને અમે એકવાર એમની પાસે મંદિર માટે જમીનની માગણી કરી હતી, પણ એમણે અમારું વેણ રાખ્યું નહિ, એટલે અમે એમની સાથે બોલ્યા વ્યવહાર તોડી નાખ્યો છે.”

આલા ખુમાણે રાખેલા સત્સંગના પક્ષની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા.

સ્વામી બોલ્યા, “ દરબાર ! તમે ફરીથી એકવાર પ્રયાસ કરી જુઓ.”

દરબારી સ્વભાવ પ્રમાણે મનની આંટી છોડવી ઘણી કઠણ છે પરંતુ આલા ખુમાણ ઉત્તમ મુમુક્ષુ હતા. ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે એમને અનન્ય ગુરુભાવ હતો. યેન કેન પ્રકારેણ તેઓ સ્વામીને રાજી કરવા માગતા હતા. માટે આલા ખુમાણે પોતાના મનનો આંટીદાર સ્વભાવ છોડી દીધો અને બોલ્યા, “ભલે, સ્વામી ! આપને રાજી કરવા હું બધું જ કરી છૂટીશ, એમાં મારા માન-મોભાને આડો નહિ લાવું, પણ મને લાગે છે કે, હરસુરવાળા માનશે નહિ.”

આલા ખુમાણની વાત સાંભળીને સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, “દરબાર ! તમે એકવાર પ્રયાસ કરી જુઓ, પછી જેવી મહારાજની મરજી !”

આલા ખુમાણે કહ્યું, “સ્વામી ! જેવી તમારી આજ્ઞા.”

મોટા સત્પુરુષના વચનને માથે ચડાવી આલો ખુમાણ બગસરા ગયા, પણ હરસુરવાળા એકના બે ન થયા.

આખરે આલા ખુમાણે કહ્યું, “ દરબાર ! હું તમારી પાસે આવવાનો નહોતો, પરંતુ મારા ગુરુની આજ્ઞાથી લાજ-શરમ છોડીને આવ્યો છું, હવે જો તમારે મારી

વાત ન માનવી હોય તો આજથી મારે બગસરાનું પાણી હરામ છે.''

આટલું કહી આલા ખુમાણ ત્યાંથી નીકળી ગયા.

તમામ ડાયરો સ્તબ્ધ બની ગયો, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દ્વેષને લીધે એમને સાચી વાત સૂઝી નહિ.

## દરબાર હરસુરવાળાએ મંદિર માટે જમીન આપી

આ ઘટનાને થોડો વખત વીત્યો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બગસરા પધાર્યા. સ્વામીની સાથે સ્વામીના શિષ્યો માધવચરણદાસજી, માધવપ્રિયદાસજી વગેરે સંતોનું મંડળ હતું.

હરસુરવાળાની આડોડાઈની વાત સ્વામી જાણી ચૂક્યા હતા. સ્વામીએ સાધુ માધવચરણદાસજી અને માધવપ્રિયદાસજીને કહ્યું, '' આપણે દરબાર હરસુરવાળાને મળવા જવું છે અને જમીન આપવા અંગે એમને સમજાવવા છે.''

સ્વામીની વાત સાંભળી માધવચરણદાસજી બોલ્યા, '' સ્વામી ! ત્યાં જવા જેવું નથી. દરબાર હરસુરવાળા માથાભારે છે. એ આપનું અપમાન કરશે.''

સ્વામી બોલ્યા, ''સાધુરામ ! નાડીપ્રાણ મહારાજના હાથમાં છે. હરસુરવાળો આપણને શું કરી શકવાનો હતો ! અને સાધુરામ, બીજી વાત આપણને સાધુને વળી માન અપમાન કેવાં?''

આટલું કહી સ્વામી દરબાર હરસુરવાળાના દરબારગઢની ડેલીએ પધાર્યા.

ડેલીએ દરબાર હરસુરવાળા ભાયાતોનો ડાયરો ભરીને બેઠા હતા. કસુંબા-પાણી પીધા હતા, અફીણના કેફમાં લાલઘૂમ આંખો હતી. આખો ડાયરો નશામાં ચકચૂર હતો.

સ્વામી સાથેના સંતો-ભક્તોને થયું, ''આજે ખરેખર કાંઈક નવા-જૂની થશે.'' અને ખરેખર નવા-જૂની થવાની જ હતી, પરંતુ શું થશે એની કોઈને પણ કલ્પના નહોતી!

સ્વામીએ જેવો ગઢની ડેલીમાં પગ મૂક્યો, એજ સમયે આખા ડાયરાએ સહિત હરસુરવાળાની લાલઘૂમ આંખો સ્વામી તરફ મંડાણી.

આમ, એકાએક સ્વામિનારાયણના સાધુઓને આવેલા જોઈ અને આખા ડાયરાને આશ્ચર્ય થયું અને કોઈ કાંઈ બોલવા જાય એ પહેલા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ભારે પ્રતાપી સ્વરે કહ્યુ, ''દરબાર ! જય સ્વામિનારાયણ ! ''

સ્વામીના શબ્દોમાં ભલભલા માતેલા સાંઢને ડારનારી અને નાથનારી તાકાત ભરી હતી. આ શબ્દોએ દરબાર હરસુરવાળા ઉપર ગજબની જાદુઈ અસર કરી.

કોઇ કાંઇ સમજે-વિચારે એ પહેલા અદ્‌ભૂત ઘટના બની.

દરબાર હરસુરવાળા એકદમ ડેલીયેથી ઊભા થઇ ગયા, ઠેકડો મારી નીચે આવ્યા, જય સ્વામિનારાયણ કહી લાકડીનો દંડ પડે એમ સ્વામીના ચરણોમાં પડી ગયા.

ડેલીયે બેઠેલા ભાયાતો તો ફાટી આંખે જોઇ રહ્યા!

સ્વામીએ દરબાર હરસુરવાળાને બેઠા કર્યા અને એના મસ્તક ઉપર બેય હાથ મેલ્યા. સ્વામીના પ્રભાવશાળી હાથ માથા ઉપર પડતાની સાથે જ દરબાર હરસુરવાળાનું સંપૂર્ણ હૃદય પરિવર્તન થયું.

દરબાર હાથ જોડીને બોલ્યા, “ અરે, સ્વામી ! તમે આમ અચાનક ક્યાંથી ? આપના આગમનથી આજ  અમારા આંગણા પાવન થયાં !”

સ્વામીએ કહ્યું, “દરબાર ! આજ અમે એક કામ લઈને તમારી પાસે આવ્યા છીએ ”

દરબારે કહ્યું, “સ્વામી ! જે કામ હોય તે હુકમ કરો ”

સ્વામીએ કહ્યું, “દરબાર ! અમારે બગસરામાં મંદિર કરવું છે. એ માટે તમારી પાસે જમીનનું દાન લેવા આવ્યા છીએ.”

દરબાર હરસુરવાળા બોલ્યા, “સ્વામી ! આપને જેટલી જોઈએ અને જ્યાં જોઈએ, એ જગ્યા પસંદ કરો, હું આપ કહો તે રીતે ચાંદા-સૂરજની સાંખે દસ્તાવેજ કરી દઉં ”

આસપાસના બધા લોકો આશ્ચર્યવિમૂઢ થઈને સ્વામી અને દરબારનો આ સંવાદ સાંભળી રહ્યા હતા.

ભાયાતોને મનમાં થતું હતું કે ‘દરબારને મજાક મસ્તી સૂઝી છે ? કે આ સ્વામિનારાયણના બાવાએ એના ઉપર કાંઇ જાદુ કર્યો છે.‘ તે કોઈને કાંઇ સમજાતું નહોતું.

દરબાર હરસુરવાળા હાથ જોડીને બોલ્યા, “સ્વામી ! જમીન તો ઠીક, તમે કહો તો મારો આ આખો દરબારગઢ તમને અર્પણ કરી દઉં, પણ મારી એક શરત છે.”

બધાના કાન સરવા થયા. દરબાર હરસુરવાળા શું શરત મૂકશે ? એ

સાંભળવાની સર્વને ઈંતેજારી થઈ.

સ્વામીએ કહ્યું, 'બોલો દરબાર! શી શરત છે?'

દરબાર બોલ્યા, "સ્વામી ! મારા માસીયાઈ ભાઈ આલા ખુમાણે મારી પાસે બબ્બે વાર જમીનની માગણી કરી, પણ કુસંગીઓની સલાહથી દોરવાઈને મેં એને બબ્બે વાર ના પાડી અને એના આત્માને ભારે દુઃખ પહોંચાડ્યું છે."

"આપ એને બગસરા બોલાવો અને અમારો મનમેળ કરાવો. એમની હાજરીમાં જ હું આપને જમીન લખી દઉં."

આટલું બોલતાં બોલતાં દરબાર હરસુરવાળાનું ગળું રુંધાઈ ગયું, એમનો અવાજ ભારે થઈ ગયો અને પશ્ચાત્તાપને લીધે એમની આંખોમાંથી અશ્રુબિંદુઓ ખર્યા.

હરસુરવાળાની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, "ભલે, દરબાર ! તમે તો ખૂબ રૂડી વાત કરી."

હરસુરવાળાને આશીર્વાદ આપી સ્વામી ઉતારે પધાર્યા.

સ્વામીએ કુંડલા સમાચાર મોકલી આલા ખુમાણ અને માંચા ખુમાણને તેડાવ્યા અને બધી જ વાત કરી.

બંને દરબારોના અંતરમાં સ્વામીનો આ પ્રતાપ જોઈને અત્યંત રાજીપો અને આશ્ચર્ય થયા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બંને દરબારોને અને હરસુરવાળાને સાથે લઈને જમીન જોવા નીકળ્યા અને જમીન પસંદ કરી.

દરબાર હરસુરવાળાએ જેટલી જોઈએ એટલી જમીન મંદિરને કાયમ માટે લખી આપી. આલા ખુમાણ, માંચા ખુમાણ અને દરબાર હરસુરવાળા પરસ્પર હેતથી મળ્યા.

આ રીતે સ્વામીએ પોતાનું અલૌકિક ઐશ્વર્ય વાપરીને ગામમાં મંદિર માટેની જમીન સંપાદન કરી અને સ્વામીએ પોતાના શિષ્ય માધવચરણદાસજીને મંદિરના બાંધકામની દેખરેખની જવાબદારી સોંપી.

સ્વામી માધવચરણદાસજી તથા હરિભક્તોએ જાત મહેનતથી જોત જોતામાં મંદિર તૈયાર કર્યું.

વિ. સં. ૧૯૨૩ના કારતક વદી બીજના દિવસે ગુણાતીતાનંદ સ્વામીએ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી પ્રતિષ્ઠા કરી હતી. સાથે સાથે હનુમાનજી,

ગણપતિજી પણ પધરાવ્યા હતા.

સ્વામીશ્રી જૂનાગઢમાં નવી ધર્મશાળા કરાવી રહ્યા હતા. જૂની ધર્મશાળાના જે કંઈ થાંભલા, પીઢડાં, પાટડાં, લાકડાં નીકળ્યાં તે સ્વામીએ બગસરા મોકલાવ્યા, જેથી બગસરા ખાતેનું સુંદર મંદિર સાવ ઓછા ખરચે તૈયાર થયું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ક્યારેક ક્યારેક કહેતા કે, " આપણે આ નવી ધર્મશાળા કરી, તે હવે, જૂની ધર્મશાળા ક્યાંય દેખાતી નથી."

બગસરાના હરિભક્તો આજની તારીખમાં કહે છે, "જૂની ધર્મશાળા જૂનાગઢમાં દેખાતી નથી પણ સ્વામીની કૃપાથી બગસરામાં એ ધર્મશાળાના આજે પણ દર્શન થાય છે."

પહેલા બાબરિયાવાડથી ધર્માદાનો બાજરો સીધો જૂનાગઢ લાવવામાં આવતો. ગાંડી ગીરને વીંધીને બાજરો જૂનાગઢ લાવવામાં ભારે અગવડતા પડતી હતી.

બગસરા બાબરિયાવાડથી નજીક થાય એટલે સ્વામીએ બગસરામાં અનાજના કોઠાર કરાવ્યા હતા અને આસપાસના વિસ્તારનો તેમજ બાબરિયાવાડનો બાજરો સીધો બગસરા આવે એવી વ્યવસ્થા ગોઠવી હતી.

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની મહાન પ્રસાદીરૂપ બગસરાનું મંદિર સ્વામીના અલૌકિક ઐશ્વર્યની ગાથાનું ગાન કરતું આજે પણ જેમનું તેમ ઊભું છે.

અ. નિ. મહામુક્તરાજ રવજી ભગતે વિ. સં. ૨૦૧૬માં મંદિરને રંગરોગાન કરાવ્યા હતા. થોડા નજીવા ફેરફાર કરી હનુમાનજી મહારાજ અને ગણપતિજીનાં સ્થાનક બદલ્યાં હતાં.

# વડતાલની ઉપાધિ

## વડતાલની ઉપાધિનો પ્રારંભ

શુકાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના લહીયા હતા, તેથી ભગવાન સ્વામિનારાયણનો જમણો હાથ ગણાતા. શુક સ્વામી ઉપર મહારાજ ખૂબ રાજી હતા.

સમસ્ત સત્સંગને શુકમુનિ સ્વામી પ્રત્યે ખૂબ આદર હતો.

શુકમુનિ શુકદેવજીની પેઠે જ નિર્વિકારી અને બ્રહ્મનિષ્ઠ હોવાથી શુકદેવજીનો અવતાર મનાતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી અને શુકમુનિને પરસ્પર ખૂબ હેત હતું. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘શુકમુનિ! નાઘેર- બાબરિયાવાડ છેવાડાનો વિસ્તાર કહેવાય, આપને એ બાજુ આવવાનું ઓછું થાય છે. હરિભક્તોને તમારા દર્શનની ખૂબ તાણ રહે છે. માટે તમે બાબરિયાવાડ તરફ પધારો.’’

શુકમુનિ પણ સ્વામીના કહેવાથી બાબરિયાવાડ તરફ વિચરણ કરવા આવ્યા. ગામડે-ગામડે દરેક હરિભક્તોનો આગ્રહ રહેતો કે, ‘સ્વામી આ બાજુ કેટલા વર્ષે માંડ પધાર્યા છે, તો થોડો સમય વધુ રોકાય. તેઓ મહારાજ સાથે વર્ષો સુધી રહ્યા છે, તેથી તેઓ એમણે અનુભવેલી પ્રગટ ભગવાનની લીલાઓ કહે, જેથી સત્સંગીઓના અંતરમાં સત્સંગનું પોષણ થાય.’’

હરિભક્તો આગ્રહ કરે એટલે સ્વામીને પણ રોકાવાનું મન થતું પરંતુ સ્વામીનો એક આગેવાન શિષ્ય મનધાર્યું કરવાવાળો હતો. એને વડતાલના સમૈયે જલદી પહોંચવાની ઉતાવળ હતી એટલે એ સ્વામીને વધારે રોકાવા દેતો નહિ.

ક્યારેક તો એનું વર્તન ભારે ઉદ્ધતાઈ ભર્યું બની જતું હતું અને સ્વામી જેવા સંત સાથે તોછડાઈથી વાતો કરવા માંડતો હતો.

જીવના અજ્ઞાનનો પાર નથી. અજ્ઞાની જીવ મોટા પુરુષની સાથે રહે છતાં મોટા પુરુષના આશયને સમજી શકતો નથી અને મનની માયામાં અટવાઈ જાય છે.

શુક સ્વામીના ચેલાને ખબર નહોતી કે, સત્સંગના મુમુક્ષુ ભક્તજનો અને શુક સ્વામી જેવા સંતના રાજીપામાં હજારો સમૈયાનું ફળ આવી જાય છે.

ફરતાં ફરતાં શુક સ્વામી સેંજળ આવ્યા. સેંજળના ગામધણી દરબાર માણશિયો ખૂબ સારા આત્મનિવેદી ભક્ત હતા. આવકમાંથી નિયમિત દશમો ભાગ કાઢી રાધારમણદેવને મોકલતા હતા.

એમના ગામમાં કોઈ ખેડૂત વસવાટ કરવા આવે તો એની સાથે પણ દશમો ભાગ ધર્માદામાં આપવાનો ઠરાવ કરતા અને પછી જ જમીન વાવવા આપતા.

માણશિયા ખુમાણના દીકરા દેહ મૂકી ગયા હતા, એટલે પૂરો દરબારગઢ શોકમગ્ન હતો, એવામાં શુક સ્વામી પધાર્યા, એટલે દરબારને થયું, આવા મહાન સંત પધાર્યા છે, એમને થોડો સમય રોકીશું અને એમના મુખેથી કથા-વાર્તાનું શ્રવણ કરીને શોકને હળવો કરીશું.''

દરબારે શુક સ્વામીને રોકાવા આગ્રહ કર્યો પણ સ્વામીના સેવકે સ્વામીને રોકાવા દીધા નહિ.

દરબાર માણશિયો ખુમાણ શુક સ્વામીના શિષ્યના આવા ઉદ્ધત વર્તનથી ખૂબ જ નારાજ થયા. એમણે જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને ફરિયાદ કરી.

વડતાલ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે પણ અનેક જગ્યાએથી એ સાધુ અંગેની ફરિયાદ પહોંચી. વડતાલના સમૈયે જ્યારે બધા ભેગા થયા ત્યારે રઘુવીરજી મહારાજે સાધુને ઠપકો આપ્યો અને કહ્યું, ''અહીં તમારા વિના શું અટકી પડતું હતું કે તમે આટલી ઉતાવળ કરીને શુક સ્વામીને વડતાલ લઈ આવ્યા. હરિભક્તોની કેટલી બધી રાવ-ફરિયાદ સાંભળવી પડી!''

ગુણાતીતાનંદ સ્વામીએ પણ સાધુને ઠપકો આપ્યો અને કહ્યું, ''શુક સ્વામી તમારા ગુરુ છે, તમારે એમની આજ્ઞામાં રહેવું જોઈએ એને બદલે તમે હુકમ ચલાવો છે, તેથી મહારાજ રાજી નહિ થાય.'' શુક સ્વામીના ચેલાને આ ઠપકો ભારે આકરો લાગ્યો, વાંક એનો હતો, છતાંય એણે ગુણાતીતાનંદ સ્વામીનો ભારે અભાવ લીધો અને આ ઘટનાએ એના અંતરમાં ભવિષ્યમાં ગુણાતીતાનંદ સ્વામીનો મોટો અપરાધ આચરવાની ઘટનાના બીજ વાવ્યા.

## ઉપાધીના આંતરબીજ

સૂરજ ઉગે અને પ્રકાશ સમસ્ત પૃથ્વી ઉપર છવાય એજ રીતે ગુણાતીતાનંદ સ્વામીનો પ્રભાવ સત્સંગમાં સર્વત્ર ફેલાયો હતો. લોહચુંબકના પર્વતમાં લોખંડ

આકર્ષાય એમ સ્વામી પ્રત્યે વિશાળ સંપ્રદાયના સંતો અને હરિભક્તોનું ગજબનું આકર્ષણ હતું. સ્વામીની વાતોના બ્રહ્મ પડછંદા સર્વત્ર ગૂંજી રહ્યા હતા.

શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીની પાછળ જેમ હજારો માણસો ઘેલા થઈને ફરતા. એજ રીતે ગુણાતીતાનંદ સ્વામીની પાછળ હજારો હરિભક્તોનો સમુદાય ફરી રહ્યો હતો.

મોટા મોટા શ્રીમંત શાહુકારો તથા ગામધણી દરબારોથી માંડીને નાનામાં નાના માણસો સ્વામી તરફ આકર્ષયા હતા. હિંદુઓ પણ આકર્ષાયા હતા અને મુસલમાનો પણ આકર્ષાયા હતા. અભણ પણ આકર્ષાયા હતા અને મોટા મોટા વિદ્વાનો પણ આકર્ષાયા હતા. સ્વામીના પ્રભાવથી પછાત ગણાતી અને જડ જેવી કોમો પણ સત્સંગના રંગે રંગાઈ ચૂકી હતી.

સ્વામીનો સમાગમ કરીને અનેક જીવો ઉત્તમ એકાંતિક ભક્ત બન્યા હતા. એમના જીવન મહારાજ જનક અને મહારાજ અંબરીષથી પણ સવાયા હતા.

ગુણાતીતાનંદ સ્વામીની વાતો ભલભલાના હૃદયની અજ્ઞાનગ્રંથીઓને ભેદી અને બ્રહ્મરૂપ બનાવી દેતી હતી. એમના ઐશ્વર્યનો પ્રભાવ ભલભલાની આંખોને આંજી નાખતો હતો.

સ્વામીનો આ પ્રભાવ કેટલાંક લોકો સહન ન કરી શકે અને સ્વામી પ્રત્યે ઈર્ષ્યા જાગે એ સહજ વાત છે! દુનિયાનો અનાદિકાળનો આવો જ ક્રમ રહ્યો છે.

બીજી બાજુ એવા દેહાભિમાની લોકો પણ હતા કે જેમને સ્વામીની પંચવર્તમાન પાળવાની અને સ્વભાવ ટાળવાની વાતો આકરી લાગતી હતી.

આવા લોકોએ ''સ્વામી પોતાને અક્ષરબ્રહ્મ કહેવડાવે છે અને પોતાની જાતને ભગવાનની જેમ પૂજાવે છે'' એવો પ્રચાર શરૂ કર્યો હતો.

ત્રીજી બાજુ આ સમયે કેટલાક લોકો એવા હતા કે જેઓ પોતાને ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો કહેડાવતા હતા છતાં ગુણાતીતાનંદ સ્વામીની રૂચિને અવગણીને સ્વામીનો મહિમા ગાવામાં ઉગ્રવાદી રીતે મંડ્યા હતા. આ લોકોએ સ્વામીના ધર્મસંકટરૂપી બળતા અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું હતું.

આવા લોકોને રોકવા સ્વામીએ ઘણીવાર પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ સ્વામીને ગુરુ તરીકે આગળ ધરતા હોવા છતાંય સ્વામીની આ અંગેની વાત માનવા તૈયાર નહોતા. આમાંથી કેટલાંકને તો સ્વામીની હાજરીમાં જ વિમુખ કરવાની ફરજ પડી હતી. આ લોકોના ઉગ્રવાદે સ્વામી માટે સત્સંગમાં જાત જાતની ભ્રમણાઓ ઊભી કરી હતી.

આ લોકો ઉપાસના તત્ત્વમાં ગુણાતીતાનંદ સ્વામીના નામે 'અક્ષરબ્રહ્મ' તત્ત્વનો ઉમેરો કરી રહ્યા હતા અને પેલા દેહાભિમાની તેમજ ઈર્ષાળુ લોકોને જાણ્યે અજાણ્યે હથિયાર પૂરા પાડતા હતા. જેને લીધે સ્વયં સ્વામી ધર્મસંકટમાં મૂકાયા હતા.

ચોથી મહત્ત્વની અને સમજવા જેવી વાત એ હતી કે સમસ્ત સંપ્રદાય એક માત્ર 'પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ'ની ઉપાસનામાં દૃઢપણે કેન્દ્રિત થયો હતો. એ ઉપાસનામાં પુરુષોત્તમનારાયણની સાથે સાથે અક્ષરબ્રહ્મનો ઉમેરો થાય એ કોઈને રુચતી વાત નહોતી એટલે સંપ્રદાયના આગેવાન મહાપુરુષો દ્વારા પણ આવી વાતનો વિરોધ થાય તે સહજ હતું.

દેહાભિમાની અને ઈર્ષાળુ લોકોની વાતને એકબાજુ રાખીએ તો પણ આવા સમજદાર વર્ગની વાત અવગણી શકાય એમ નથી.

અક્ષરબ્રહ્મને ઉપાસનામાં ઉમેરવાની વાત નહોતી શાસ્ત્ર સંમત કે નહોતી શ્રીજી સંમત. સ્વયં ગુણાતીતાનંદ સ્વામી પણ આવી વાતમાં સંમત નહોતા.

સ્વામીનું તાન સ્પષ્ટ હતું 'એક માત્ર સર્વોપરી, સર્વ કારણના કારણ, સર્વ અવતારોના અવતારી પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના જીવના હૃદયમાં સુદૃઢ કરાવવી.'

સ્વામી અક્ષરધામમાંથી પોતાના પ્રચાર પ્રસાર માટે અવતર્યા નહોતા. એમનું અવતરણ સર્વોપરી શ્રીહરિના ગુણાનુવાદ ગાવા માટે હતું.

ગુણાતીતાનંદ સ્વામીના અનેક મધ્યમમાર્ગી શિષ્યો હતા. તેઓ ગુણાતીતાનંદ સ્વામીના મહિમાને યથાર્થ સમજતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીની સાથે અત્યંત આત્મબુદ્ધિ અને સેવકભાવથી જોડાયેલા અનેક નંદસંતો હતા, અનેક મધ્યમમાર્ગી શિષ્યો-સંતો-પાર્ષદો, બ્રહ્મચારીઓ હતા, અનેક ઉત્તમ સ્થિતિવાળા ગૃહસ્થ ભક્તો હતા.

જેવા કે, રાઘવાનંદ સ્વામી, કેવલાત્માનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી, જ્ઞાની ધ્યાની સંત રામદાસજી, બ્રહ્મચારી વિશુદ્ધાત્માનંદ સ્વામી, વચનસિદ્ધ સ્વામી મહાપુરુષદાસજી, હરિલીલાકલ્પતરુના રચયિતા પરમ વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદ સ્વામી, સ્વામીના મુખ્ય શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજી, ધ્યાની સંત શ્રીકૃષ્ણસેવાદાસજી, સ્વામી શ્રીયોગેશ્વરદાસજી, સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજી, પાર્ષદવર્ય જોરા ભગત, કેશવ ભગત, વસ્તા ભગત, ઉપલેટાના મહામુક્તરાજ લાલાબાપા, આખાના લાડકીબાઈ, મુસ્લિમ ભક્ત ડોસા તાઈ વગેરે વગેરે... સ્વામીના કૃપાપાત્ર શિષ્યોની આ યાદી ઘણી લાંબી થાય એમ છે.

આ બધા મહાપુરુષોમાં ઘણા વચનસિદ્ધ હતા, સમાધિની ઉચ્ચત્તમ અવસ્થાને પામેલા હતા, બ્રહ્મનિષ્ઠ હતા સાથે શ્રોત્રિય પણ હતા.

ડોસા તાઈ જેવા કેટલાંય ભક્તો નિરાવરણ દેહવાળા હોવાથી એમને માયાના આઠ આવરણો આડા આવતા નહોતા, તેઓ મહાન યોગીઓની જેમ ગમે ત્યાં ગતિ કરી શકતા હતા.

સ્વામીનો યથાર્થ મહિમા સમજનારા લાડકીબાઈ જેવા કેટલાંય ભક્તો નિરાવરણદૃષ્ટિવાળા હતા, આ ભક્તો ગમે ત્યાં બેઠા હોય તોપણ તેમને શ્રીહરિની વિચરણ લીલાના સાક્ષાત્ દર્શન થતાં હતા અને સમાધિમાં અક્ષરધામમાં જઈને મહારાજની સાથે સંવાદ કરતા હતા.

સ્વામીના શિષ્યવર્તુળમાં કેશવ ભગત જેવા કેટલાય એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હતા કે જેઓ મહિનાઓ સુધી સ્ત્રીઓના સંપર્કમાં રહે તોપણ એમના મનમાં ક્યારેય વિકાર જાગતો નહોતો.

આ બધા જ મુક્તાત્માઓ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો પૂરેપૂરો મહિમા સમજતાં હતા અને એમના હૃદ્‌ગત અભિપ્રાયને પણ બરાબર જાણતા હતા.

આ મહત્ત્વપૂર્ણ બાબતને અવગણીને કેટલાક લોકો એવો પ્રચાર કરે છે કે, ‘‘એક બે પાર્ષદો જ સ્વામીનું રહસ્ય કે સિદ્ધાંત જાણતા હતા અને સ્વામીએ એમને પોતાનો જ્ઞાનવારસો સોંપ્યો હતો.’’ આમ કહેવું તે હકીકતથી વિપરીત છે. આવી અસત્ય વાતો કરવી કે પ્રવર્તાવવી તે ઉપરના મહાપુરુષોનો અપરાધ કરવા બરાબર છે.

કેટલાક લોકો એવો પ્રચાર કરે છે કે, ‘‘બાલમુકુંદદાસજી સ્વામી વગેરે સંતો સ્વામીનો સિદ્ધાંત અને મહિમા સમજતા હતા પરંતુ તેમને લોકવ્યવહાર જાળવવો પડતો હતો તેથી જેમ છે તેમ પ્રચાર પ્રસાર કરવાની એમનામાં હિંમત નહોતી.’’ આવી વાત કરવી તે પણ સત્યથી વેગળી હોવાથી યોગ્ય નથી.

બાલમુકુંદદાસજી સ્વામી જેવા સંતોએ ગજબની હિંમત સાથે ગુણાતીતાનંદ સ્વામીને ‘‘મૂળ અક્ષરબ્રહ્મ’’ તરીકે સત્સંગમાં પ્રવર્તાવ્યા હતા, ગામડે ગામડે શ્રીજી મહારાજની સન્મુખ સેવામાં બિરાજમાન હોય, એવી ગુણાતીતાનંદ સ્વામીની ચિત્રપ્રતિમાઓ પધરાવી હતી. એ ચિત્ર પ્રતિમાઓમાં મહારાજ અને સ્વામી વચ્ચે સ્વામિસેવકભાવ સ્પષ્ટ ઉભરી આવે એવો પૂર્ણ વિવેક જાળવ્યો હતો.

આશ્ચર્યની વાત એ છે કે, ગુણાતીત પરંપરાના આ મહાન સંતોને કેટલાંક લોકોને બાદ કરતાં રઘુવીરજી મહારાજ અને અવધપ્રસાદજી મહારાજ વગેરે બંને

દેશના આચાર્યો, મોટા મોટા સદ્‌ગુરુ સંતો, સત્સંગનો સ્તંભ ગણી શકાય એવા અગ્રણી હરિભક્તો ભારે આદર આપતા હતા. સામે ગુણાતીત પરંપરાના એ સંતોએ પણ સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોનું જીવની જેમ જતન કર્યું હતું અને હજારો મુમુક્ષુઓના હૃદયમાં એ સિદ્ધાંતો દૃઢ કરાવ્યા હતા.

બીજી નવાઈની વાત એ હતી કે, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી જેવા મહપુરુષોની અસલ શિષ્ય પરંપરામાં પરસ્પર રુચિભેદ કે વિચારભેદ હોવા છતાં આ બધા વચ્ચે પરસ્પર ગજબનો સંવાદ હતો.

"કોણ અક્ષરબ્રહ્મ ?" એ વિવાદ આ મહાપુરુષોને ક્યારેય નડ્યો હોય એવું લાગતું નથી. આ બધા મહાપુરુષોનું લક્ષ્ય અક્ષરબ્રહ્મમાં નહીં, અક્ષરાતીત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણમાં સમાન રીતે કેન્દ્રિત થયું હતું. બાકીની વાત એમણે સહુ સહુની શ્રદ્ધા અને લાગણી ઉપર છોડી હોય તેમ જણાય છે.

આ મહાપુરુષોએ મુખ્ય મુદ્દાને સમાન રીતે પકડ્યો હતો. બીજી વાત એમણે ગૌણ ગણી હતી. એમના જીવનમાં ભગવાન સ્વામિનારાયણ મુખ્ય હતા, સ્વામી કે ગોપાળાનંદ સ્વામી નહીં.

ગુણાતીતાનંદ સ્વામીની અસલ પરંપરા આ જ રીતને અનુસરતી હતી.

વાત સીધી અને સ્પષ્ટ હતી. 'મહારાજની બાંધેલી પંચ વર્તમાનની મર્યાદામાં રહેવું અને સર્વોપરી ભગવાન શ્રીહરિની પતિવ્રતાભાવે ઉપાસના કરવી.'

ભગવાન સ્વામિનારાયણે 'બ્રહ્મરુપ થઈને પરબ્રહ્મની ઉપાસના'ની વાત કરી હતી. આજ વાતનું પોષણ કરનાર ગુણાતીતાનંદ સ્વામીનો પણ એક જ સિદ્ધાંત હતો, "બ્રહ્મરૂપ થાવું અને પરબ્રહ્મને ભજવા."

સ્વામીએ હંમેશા પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના પ્રવર્તાવી છે, અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણની નહિ.

ગુણાતીતાનંદ સ્વામીએ ઉપાસના તત્ત્વમાં એક પુરુષોત્તમ નારાયણ સિવાય બીજા કોઈનો પ્રવેશ થવા દીધો નહોતો. તેઓ સ્પષ્ટ કહેતાં, "અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચારની નહીં."

સ્વામીની આ વાતને ઉપનિષદો, ગીતા, વચનામૃત અને પંચરાત્ર શાસ્ત્ર પણ પ્રમાણિત કરતા હતા. સ્વામી સ્પષ્ટપણે કહેતાં, "અક્ષરપર્યંત કોઈ પુરુષોત્તમ નારાયણ જેવો થવાને સમર્થ નથી."

વેદો અને ઉપનિષદોએ પણ આ જ વાતનું સમર્થન કર્યું છે.

સંપ્રદાયની વિશાળ ગુણાતીત પરંપરા પ્રત્યે મોટાભાગના સત્સંગને વાંધો ન હતો. તો કેટલાંક ગણ્યા ગાંઠ્યા લોકો સામે એમને વિમુખ કરવા પડે એટલી હદે વિરોધનો વંટોળ શા માટે ઉઠ્યો ?

સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીના નામે જે વિવાદો ઊભા થયા તેના મૂળ કારણોમાં એક તો કેટલાંક લોકો સ્વામીનું નામ આગળ ધરીને મૂળ સંપ્રદાયમાં પ્રસ્થાપિત ઉપાસનાના સિદ્ધાંતોનો ભંગ કરી રહ્યા હતા. બીજું આ લોકો સનાતન ધર્મશાસ્ત્રો અને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ જેમના પ્રત્યે પૂર્ણ આદર અને પ્રેમ ધરાવે છે. એવા રામકૃષ્ણાદિ અવતારો અને દેવી દેવતાઓની ઘોર નિંદા કરી રહ્યા હતા. ત્રીજું આ લોકો ખુદ ગુણાતીતાનંદ સ્વામી ક્ષોભમાં મૂકાય તે રીતે સ્વામીનો અતિ ઉગ્રવાદથી પ્રચાર પ્રસાર કરી રહ્યા હતા.

ન માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય, સમસ્ત ધર્મજગતના ઈતિહાસમાં દુઃખદ અને કડવું સત્ય એ છે કે બીજા લોકો મહાપુરુષો માટે ધર્મસંકટો ઉભા કરે તેતો સમજી શકાય છે પરંતુ ધર્મગુરુઓના નાસમજ અને અતિરેક વાદી શિષ્યોએ પોતાના ગુરુઓને જેવા મુશ્કેલીમાં મૂક્યા છે એવા કદાચ બીજા કોઈએ નથી મૂક્યા.

## ઉપાધિનું આયોજન

આ બધી પશ્ચાદ ભૂમિકાના સંદર્ભમાં કેટલાંક લોકોએ સાથે મળીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને ભર સભામાં આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ પાસે ઠપકો અપાવવો એવું આયોજન કર્યું હતું.

શુક સ્વામીના શિષ્યે એમાં આગેવાની લીધી હતી. એક-બે બ્રહ્મચારીઓ પણ એમની સાથે ભળ્યા હતા.

આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ અને કોઠારી ગોવર્ધનભાઈએ આ બ્રહ્મઅગ્નિમાં હાથ નાખવાની ચોખ્ખી ના પાડી દીધી હતી.

વિ.સં. ૧૯૨૨ ની સાલ હતી. વડતાલમાં કાર્તિકી પૂર્ણિમાનો સમૈયા ભરાયો હતો.સંતોનો વિશાળ સમુદાય અને દેશ-દેશાંતરના હજારો હરિભક્તો એકઠા થયા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જાણતા હતા કે, આ સમૈયામાં અવશ્ય કંઈક નવા-જૂની થવાની છે. છતાં તેઓ દર વર્ષની જેમ જ સમૈયા ઉપર વડતાલ આવ્યા હતા. વનમાં મૃગરાજ નિર્ભય ફરે એમ સ્વામી નિર્ભય હતા.

આ દરમ્યાન એક બ્રહ્મચારીએ કારસ્તાન કર્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામીનું મૂંડન કરવા આવનાર વાણંદને તેણે ભોળવ્યો અને

કહ્યું, ''જો, સ્વામી બહુ મોટા પુરુષ છે, તું આ વખતે જ્યારે સ્વામીનું મૂંડન કરવા જા, ત્યારે સ્વામીના થોડા નખ અને કેશ મારા માટે લઈ લેજે. માગીશ તો સ્વામી નહિ આપે, માટે સ્વામીને ખબર ન પડે એમ લઈ લેજે અને મને આપી દેજે અને જોજે આ વાત ક્યાંય બહાર પાડીશ નહીં.''

બિચારા વાળંદને આ નખ-કેશનો શું ઉપયોગ થવાનો છે? એની ખબર નહોતી. એણે તો બ્રહ્મચારીએ શીખવ્યા પ્રમાણે સ્વામીને ખબર પડે નહિ એમ નખ અને કેશ લઈ ભોળાભાવે બ્રહ્મચારીને આપી દીધા.

આ બાજુ વડતાલના વિશાળ ચોકમાં સભા ભરવામાં આવી હતી. સંતો અને હરિભક્તો સમાતા નહોતા. સભામાં અનેક પવિત્ર નંદ સંતો સહિત સંતોનો વિશાળ સમુદાય ઉપસ્થિત હતો. બ્રહ્મચારીઓ અને પાર્ષદો પણ મોટી સંખ્યામાં હતા. સંપ્રદાયના અગ્રગણ્ય હરિભક્તો પણ હાજર હતા.

આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ હજુ સભામાં પહોંચ્યા નહોતા.

કથા-વાંચનની સમાપ્તિ થઈ કે તરત જ પેલા બ્રહ્મચારી સભામાં ઊભા થઈને બોલ્યા, ''તમામ અગ્રણી સદ્‌ગુરુ સંતોને મારે એક વાત કરવાની છે. ''

આગેવાન સંતોએ કહ્યું, ''બોલો, શું કહેવું છે ?''

બ્રહ્મચારી બોલ્યા, ''આ નાના-મોટા સાધુ-પાર્ષદો કંઈક ભૂલ કરે છે તો, એને ભર સભામાં દંડ દેવામાં આવે છે પણ મોટા મોટાનું શું ?''

પવિત્રાનંદ સ્વામી બોલ્યા, ''એટલે, તમારે શું કહેવું છે ?''

બ્રહ્મચારીએ કહ્યું, ''આ જૂનાગઢના જોગી 'અક્ષરબ્રહ્મ' થઈને ફરે છે, ભગવાન થઈને પૂજાય છે, સત્સંગમાં આવું બધું ક્યાં સુધી ચલાવી લેવાનું છે ?''

બ્રહ્મચારીની વાત સાંભળતાં જ સભા સ્તબ્ધ થઈ ગઈ. સભામાં ટાંચણી પડે તોય સંભળાય એવો નિરવ સન્નાટો છવાઈ ગયો.

મહા સમર્થ અને તેજસ્વી મહાપુરુષ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને, ''આવી કાંઈક ઉપાધિ થશે જ, એનો અંદાજ તો એમને જૂનાગઢથી નીકળ્યા ત્યારનો આવી ગયો હતો'', તેઓ નેત્ર મીંચી શાંત ચિત્તે માળા હાથમાં લઈ મહારાજનું સ્મરણ કરી રહ્યા હતા.

બ્રહ્મચારીની વાતની એ સ્થિતપ્રજ્ઞ પુરુષ ઉપર કોઈ અસર વર્તાતી નહોતી.

બ્રહ્મચારીની આક્ષેપભરી વાત સાંભળી જૂનાગઢના જોગીએ નેત્રો ખોલ્યા અને બોલ્યા, ''બ્રહ્મચારી ! તમારી ગેરસમજ થાય છે. અમને કોઈ અક્ષરબ્રહ્મ કહે કે ન કહે એની અમને કાંઈ પડી નથી. અમારું તાન તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન

શ્રીસ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવામાં છે અને 'બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ' ભજવા એવું તો આપણો બાપ સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહી ગયો છે અને અમે પણ એ જ વાત ઉપર ભાર મૂકીએ છીએ.''

''અક્ષરબ્રહ્મ કોણ છે કે કોણ નથી ? એની માથાકૂટમાં અમારે પડવું નથી, એ તો ખરે ટાણે જે હશે તે ખબર પડશે.''

''અમે તો એવું સમજીએ છીએ, અક્ષર ગમે એવું સમર્થ હશે તોપણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું દાસ છે. અક્ષર પર્યંત કોઈપણ ભગવાન સ્વામિનારાયણ જેવો થવા સમર્થ નથી. એટલે અમે તો એકમાત્ર સર્વોપરી, સર્વાવતારી પુરુષોત્તમ નારાયણની જ ચોખ્ખી ઉપાસના પ્રવર્તાવીએ છીએ.

''અમને ક્યારેય ભગવાન કે ભગવાનના સમોવડીયા થવાના કોડ જાગ્યા નથી. પછી પૂજાવાની તો વાત જ ક્યાં ?

આમાં અમારી જો કાંઈ કસુર હોય તો આ સભા અમને દંડ દ્યે. બાકી અમારે નામે કોઈ ખોટી વાત ફેલાવતું હોય, એ કોઈએ ન માનવી.''

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતમાં વચનામૃત,વેદ-ઉપનિષદ્ અને સર્વ સત્શાસ્ત્રોનો સાર ભર્યો હતો.

મહાભારતના રણમેદાનમાં અર્જુનના ગાંડીવના ટંકારની જેમ વડતાલની સભામાં સ્વામીના શબ્દોના રણકારની જાદુઈ અસર થઈ. સદ્‌ગુરુ સંતોએ સ્વામીની વાતમાં મસ્તક હલાવીને સૂર પૂરાવ્યો.

પેલા બ્રહ્મચારી હજુ પોતાનો તંત છોડે તેમ નહોતા. એમને તો કોઈ રીતે સભામાં સ્વામીને અપમાનિત કરવા હતા.

એણે કહ્યું, ''તમે ભગવાન થઈને પૂજાતા નથી ? તો, તમારા ચેલાઓને ખાનગીમાં નખ-કેશ વગેરે પૂજવા શા માટે આપો છો ?''

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, ''બ્રહ્મચારી ! આવું અમે ક્યારેય કર્યું નથી, તમે કોઈની સાંભળેલી વાત કરતા હોય, એવું લાગે છે.'' આટલું કહી સ્વામી પાછા મૌન થયા અને નેત્ર મીંચી માળા ફેરવવા લાગ્યા.

હવે અદ્‌ભૂતાનંદ સ્વામીથી રહેવાયું નહિ એટલે બોલ્યા, ''બ્રહ્મચારી ! તમારી પાસે આ વાતનું શું પ્રમાણ છે ?''

બ્રહ્મચારીએ વાળંદ પાસેથી મેળવેલા નખ અને કેશના પડીકાનો સભામાં ઘા કર્યો અને કહ્યું, ''આ પ્રમાણ !''

પવિત્રાનંદ સ્વામીએ પૂછ્યું, ''બ્રહ્મચારી ! આ નખ અને કેશ તમને ક્યાંથી

મળ્યા ? અને એ સ્વામીના જ છે, એની શી ખાતરી ?''

બ્રહ્મચારીએ કહ્યું, ''સાધુનું મૂંડન કરનારો વડતાલનો વાળંદ સ્વામીના નખ-કેશ લઈને એમના ચેલાઓને આપવા જતો હતો તે મેં એની પાસેથી મેળવી લીધા છે.'' સત્સંગીઓનો વિશાળ સમુદાય તથા આગેવાન હરિભક્તો આ બધો તાલ જોઈ રહ્યા હતા.

## જગરૂપ બારોટની સિંહ ગર્જના

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઉપર આ અણધાર્યો અને આકરો વાર હતો. સ્વામીએ ક્યારેય કોઈને નખકેશ પૂજવા આપ્યા નહોતા એટલે સ્વામી અંતરમાં નિશ્ચિંત હતા. હવે એમણે આ વાત મહારાજના ભરોસા ઉપર છોડી દીધી હતી અને સ્વામીનો એ ભરોસો ખરો ઉતર્યો હતો.

સભામાં બેઠેલા સિંજીવાડાના જગરૂપ બારોટથી આ વાત સહન ન થઈ,એટલે એમણે ઊભા થઈને કહ્યું, ''સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અમે વર્ષોથી ઓળખીએ છીએ, સ્વામી સાથે અમારે અસાધારણ હેત છે, અમે સ્વામીનો વારંવાર સમાગમ કરીએ છીએ. સ્વામીએ હંમેશા શ્રીજી મહારાજની જ સર્વોપરીભાવે ઉપાસના કરવાની વાત કરી છે.''

''સ્વામી ક્યારેય ભગવાન થઈને પૂજાયા નથી, સ્વામીનું તો કાયમનું સૂત્ર છે, 'પોતામાં જોડે તે અસંત અને ભગવાનમાં જોડે તે સંત', માટે સ્વામી પોતાના નખ-કેશ પૂજવા આપે,એ વાત જ અસંભવ છે.''

''જે વાળંદે બ્રહ્મચારીને નખ-કેશનું પડીકું આપ્યું છે, તેને તાબડતોબ સભામાં બોલાવી, આ વાતની ખરાઈ કરવામાં આવે.''

વાળંદને તાત્કાલિક સભામાં હાજર કરવામાં આવ્યો.

જગરૂપ બારોટ સિંહની જેમ ગર્જના કરીને બોલ્યા, ''બોલ, હજામ ! આ નખ અને કેશ તને સ્વામીએ આપ્યા છે ?''

વાળંદને સભામાં શું ચાલી રહ્યું છે તેની કોઈ ગતાગમ નહોતી. એણે તો નિખાલસ ભાવે કહી દીધું, ''આ નખ-કેશ મને સ્વામીએ નથી આપ્યા.''

જગરૂપ બારોટે કહ્યું, ''તો, બોલ આ નખ-કેશ તને કોણે આપ્યા ?''

વાળંદે બ્રહ્મચારી તરફ હાથ લાંબો કરીને કહ્યું, ''ઓલા બ્રહ્મચારીના કહેવાથી મેં સ્વામીને ખબર ન પડે એમ નખ-કેશ લઈ લીધા હતા.''

આટલું કહી વળી વાળંદ બોલ્યો, ''બ્રહ્મચારી મને એવું કહેતા હતા કે,

'સ્વામી મોટા પુરુષ છે, મારે એના નખ-કેશ પૂજવા જોઈએ છે, સ્વામી મને સીધા નહિ આપે, તું સ્વામીને ખબર ન પડે તેમ લઈને મને આપી દેજે.' એટલે મેં નખ-કેશ લઈ બ્રહ્મચારીને આપ્યા. આમાં મારો કાંઈ વાંક-ગુનો હોય તો માફ કરજો.''

વાળંદની વાતથી જાણે સભામાં વીજળી પડી ! બ્રહ્મચારીને તો કાપો તોય લોહી ન નીકળે તેવી સ્થિતિ થઈ. બધા સદ્‌ગુરુ સંતોની તેજસ્વી નજરો એક સાથે બ્રહ્મચારી ઉપર મંડાણી.

એ નજરોના તાપને સહન કરવાની બ્રહ્મચારીની ત્રેવડ નહોતી. શુક સ્વામીના સાધુ તથા એના બીજા મળતિયાંઓના મોઢા શાહી જેવા કાળા થઈ ગયા. સૂરજ ઉપર ઉડાડેલી ધૂળ એની જ આંખોમાં પડી રહી હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એ જ સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં માળા ફેરવી રહ્યા હતા.

એક સમયે વડતાલની આવી જ સભામાં જ્યારે કેટલાક અનાડીઓએ ગોપાળાનંદ સ્વામીને ધોળા પહેરાવવાનું કર્યું હતું ત્યારે સ્વામી સિંહની જેમ ગર્જ્યા હતા અને ગોપાળાનંદ સ્વામીને ધર્મસંકટમાંથી ઉગારી લીધા હતા. પણ આજે તોપનું નાળચું પોતા તરફ મંડાયેલું હોવાથી સ્વામી વજ્રના પહાડની જેમ અડગ થઈને મૌનભાવે બધું સહન કરી રહ્યા હતા. સ્વામીએ તો સહન કરી લીધું પરંતુ હરિભક્તોથી સહન ન થયું એટલે સભા ઉકળી ઊઠી.

જગરૂપ બારોટે ફરીથી પ્રભાવશાળી અવાજે કહ્યું, ''સાધુ થયા છો, થોડી શરમ રાખો ! આવા રાગ-દ્વેષ તો ગૃહસ્થમાં પણ નથી હોતા ! તમારા વર્તનના ઠેકાણા નથી અને મહાપુરુષોનો અપરાધ કરો છો, એનાથી મહારાજ રાજી નહિ થાય.''

સભામાં આ બધો ખેલ ચાલી રહ્યો હતો, એ દરમ્યાન વડતાલના અગ્રણી સંત શાસ્ત્રી શ્રીબલરામદાસજી ઉતાવળે પગલે આચાર્ય મહારાજશ્રીના મેડા ઉપર ગયા અને મહારાજશ્રીને કહ્યું, ''બાપજી ! આપ સભામાં જલદી પધારો. સભામાં મોટા સદ્‌ગુરુઓનું આમ અપમાન થાય તે ઠીક નથી.''

આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ તુરત જ સભામાં પધાર્યા. સભામાં ભારે હો હા થઈ રહી હતી. મહારાજશ્રીએ પૂજારી બ્રહ્મચારીના કાનમાં કહ્યું, ''તમે મંદિર ઉપર જઈને તુરત જ શણગાર આરતી શરૂ કરો.''

બ્રહ્મચારી દેરા ઉપર ગયા, આરતી શરૂ કરી, સભા વિખરાઈ ગઈ.

સૌ ઉદ્વિગ્ન હૈયે શણગાર આરતીના દર્શન માટે મંદિર ઉપર ગયા.

ભર સભામાં સ્વામીનું આવું અપમાન થયું,તેથી ભગવત્પ્રસાદજી મહારાજને

ખૂબ જ દુઃખ થયું હતું.

બ્રહ્મચારીએ હરિકૃષ્ણ મહારાજની પ્રસાદીનો હાર આચાર્ય મહારાજને પહેરાવ્યો હતો, ભગવત્પ્રસાદજી મહારાજે પોતાના કંઠમાંથી એ હાર ઉતાર્યો અને પોતાના હૈયાના ભારને હળવો કરવા માટે સ્વામીના કંઠમાં પહેરાવ્યો અને બોલ્યા.“સ્વામી ! અજ્ઞાનીઓના અપરાધ સામે જોશો નહિ.”

સ્વામી કહે, “મહારાજ ! આપ ચિંતા કરશો નહિ. જીવ તો એવા જ હોય, અમારા મનમાં કાંઈ નથી.”

## ઉપાધિ સર્જકને આશીર્વાદ

નવાઈની વાત તો હવે બની. આચાર્ય મહારાજશ્રી પોતાના ઉતારાને મેડે પધાર્યા અને સ્વામી જાણે કંઈજ બન્યું નથી એવા સ્થિતપ્રજ્ઞ ભાવે ધર્મશાળામાં મોટા મોટા સંતોને મળવા ગયા. ત્યાં રસ્તામાં અચાનક આ સમસ્ત ઉપાધિ ઊભી કરનાર શુક સ્વામીના સાધુ સામે મળ્યા.

સ્વામીને જોતા જ એ લાજે-શરમે પગે લાગ્યો.

સ્વામી તો ક્ષમાનો સાગર હતા. એણે પોતાના કંઠનો હાર ઉતારી એ સાધુના ગળામાં પહેરાવી દીધો અને જાણે કાંઈ બન્યું નથી એમ હસતાં હસતાં માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

સ્વામીની ઉદારતા અને ક્ષમાની પરાકાષ્ટા જોઈને સાધુનું હૈયું ભરાઈ આવ્યું અને બોલ્યા, “સ્વામી ! માફ કરજો,મારા સ્વભાવને વશ થઈને મેં તમને અને મારા ગુરુને, બેયને ખૂબ દુભવ્યા છે.”

સ્વામીએ કહ્યું, “સાધુરામ ! હવે સાવધાન રહેજો. અમારા કરતાંય શુક સ્વામીની ચિંતા કરજો. શુક સ્વામી બહુ મોટા સાધુ છે. એમણે શ્રીજી મહારાજને ખૂબ રાજી કર્યા છે. આવા સદ્‌ગુરુ મળવા એ મોટા ભાગ્યની વાત છે. માટે તમે એમની રુચિમાં રહીને સેવા કરજો અને રાજી કરજો.”

સાધુની આંખમાંથી આંસુડાં વરસવા માંડ્યા. એણે કહ્યું, “સ્વામી ! હવેથી હું સાવધાન રહીશ.”

સ્વામી સાધુઓની ધર્મશાળામાં આવ્યા. ત્યાં સ્વામીને શુક સ્વામી, અદ્‌ભૂતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે મોટા મોટા સદ્‌ગુરુ સંતો મળ્યા.

બધાએ કહ્યું, “સ્વામી ! રાજી રહેજો. આજે સભામાં જે કાંઈ થયું, એનાથી અમને ખૂબ દુઃખ થાય છે.”

સ્વામીએ કહ્યું, ‘‘આ તો જગતનો ક્રમ છે. તે ચાલ્યા જ કરે. મહારાજે આપણને શિક્ષાપત્રીમાં ક્ષમાધર્મ શીખવ્યો છે. પહેલા બહારની ઉપાધિ સહન કરી ઉપાધિ કરનારાનું ભલું થાય એવું ચિંતવન કરતા હતા. હવે અંદરની ઉપાધિ સહન કરીશું અને એનું પણ ભલું થાય એવી મહારાજને પ્રાર્થના કરીશું.’’

સ્વામીની વાત સાંભળી બધા સદ્‌ગુરુ સંતોના હૈયામાં નિરાંત થઈ. સ્વામીના સાગર જેવા દિલને જોઈને બધા સ્વામીને અહોભાવથી વંદી રહ્યા. બધા પરસ્પર હેતથી મળ્યા અને વિખરાયા.

## જગરુપ બારોટના દીકરાને જીવતો કર્યો

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલથી જૂનાગઢ જવાની તૈયારી કરી રહ્યા હતા. એજ વખતે સિંજીવાડાના જગરૂપ બારોટ સ્વામીના દર્શને આવ્યા.

આજે ભર સભામાં જગરૂપ બારોટે સત્યનો પક્ષ રાખ્યો હતો, એટલે સ્વામી એમના ઉપર ખૂબ જ રાજી હતા.

સ્વામીએ જગરૂપ બારોટને કહ્યું, ‘‘જગરૂપ ! તું કેટલાય દિવસથી અમને સિંજીવાડામાં રસોઈ દેવાનો આગ્રહ કરે છે. આ વખતે જૂનાગઢ જતાં રસ્તામાં અમે સિંજીવાડા રોકાઈશુ અને તારો સંકલ્પ પૂરો કરીશું.’’

સદ્‌ગુરુ સામેથી વરસ્યા એટલે જગરૂપ બારોટને અત્યંત આનંદ થયો. તેઓ અગાઉથી તૈયારી માટે સિંજીવાડા પહોંચી ગયા.

આ બાજુ સ્વામી મહેળાવ વગેરે ગામોમાં હરિભક્તોને દર્શન, કથા-વાર્તાનું સુખ દેતાં દેતાં સિંજીવાડા પધાર્યા.

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં સિંજીવાડાના ભક્તોનાં નામ લખ્યા છે.

**‘ભક્ત ભારે જગરૂપ જેઠો, લખમણ લાભ લઇ બેઠો.**
**પટેલ ભક્ત બાપુ ગિરિધર, એ આદિ સીંજીવાડે સુંદર.’**

સ્વામીના પધારવાથી સિંજીવાડાના હરિભક્તોને ખૂબ જ આનંદ થયો. જગરૂપ બારોટે સંઘ માટે સીધાં-પાણીની બધી જ તૈયારી કરી રાખી હતી.

એવામાં અચાનક રાત્રે ન બનવાનું બની ગયું.

જગરૂપ બારોટને ત્યાં એકનો એક યુવાન દીકરો હતો. પ્રભુદાસ એનું નામ હતું. કોણ જાણે શું થયું ? અચાનક પ્રભુદાસે મધરાતે દેહ મેલી દીધો.

આખું કુટુંબ શોકમગ્ન થઈ ગયું.

જગરૂપ બારોટને બે વાતે દુઃખ થયું. એક તો જુવાન દીકરો ધામમાં ગયો અને બીજું હવે સૂતકને લીધે સૂતકીનું અન્ન સંતોને જમાડાય નહિ, એટલે સ્વામીને અને સંતોને જમાડવાનો અવસર હાથમાંથી સરી ગયો.

જગરૂપ બારોટ વહેલી સવારે સ્વામી પાસે આવી રડવા માંડ્યા. સ્વામી કહે, ‘‘જગરૂપ ! કેમ રડે છે ?’’ જગરૂપ બારોટે રાત્રે બનેલી બધી વાત કરી.

સ્વામી હસીને કહે, ‘‘એલા, જગરૂપ ! એમ કાંઈ અચાનક સાજો-સારો છોકરો થોડો ગુજરી જતો હશે! તને વહેમ પડ્યો લાગે છે.’’

જગરૂપ બારોટ બોલ્યા, ‘‘સ્વામી ! પ્રભુદાસે ખરેખર પ્રાણ છોડી દીધા છે. અમે એને રાતે જ ભોંય ઉપર લઈ લીધો છે.’’

સ્વામી કહે, ‘‘એવું ન બને, હાલ્ય હું જોવા આવુ છું.’’

સ્વામી જગરૂપ બારોટને ઘેર પધાર્યા. પ્રભુદાસનું મૃત શરીર ઓરડામાં ભોંય ઉપર સુવાડ્યું હતું. માથે ચાદર ઓઢાડેલી હતી.

સ્વામીએ પાસે જઈ પ્રભુદાસના માથા ઉપરથી ચાદર એકબાજુ કરી કાનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ પાંચ વાર બોલ્યા, ત્યાંતો પ્રભુદાસ આળસ મરડીને બેઠો થયો. સ્વામી બોલ્યા, ‘‘જો, જગરૂપ ! હું નહોતો કહેતો કે, તને વહેમ છે. એમ કાંઈ છોકરા થોડા મરી જતા હશે.’’

જગરૂપ બારોટ પગ પકડીને બોલ્યા, ‘‘મા-બાપ ! અમારું આખું ઘર સાક્ષી છે. પ્રભુદાસના ખોળિયામાં જીવ હતો જ નહિ, આ તો તમે દયા કરીને એને જીવતો કર્યો છે.’’ સ્વામી હસીને બોલ્યા, ‘‘જગરૂપ ! સાંભળ, આ ખોળિયામાં આગલો જીવ હતો, તે તારી સેવા કરે એવો નહોતો. હવે અમે એની જગ્યાએ બીજો સારો જીવ ગોતીને મૂકી દીધો છે.’’

આમ કહી સ્વામીએ પ્રભુદાસના માથા ઉપર હાથ મૂકીને કહ્યું, ‘‘હવે આ નવો જીવ સારો હરિભગત થશે અને તારી સેવા પણ કરશે.’’

જગરૂપ અને પરિવારના સભ્યોમાં આનંદ આનંદ થઈ રહ્યો.

જીવ બદલવાની આ વાત આજના વિજ્ઞાનની પાર પરાવિજ્ઞાનની વાત છે. જે સામાન્ય સંસારીઓ તો ઠીક ભલભલા બુદ્ધિજીવીઓને પણ સમજમાં આવે એવી નથી.

જેના સંકલ્પ માત્રથી બ્રહ્માંડોમાં ઉથલ-પાથલ થઈ જતી હોય, એવા સ્વામીને માટે એક જીવ બદલી નાખવો, એ તો રમતવાત કહેવાય !

# અવધપ્રસાદજી મહારાજનું આમંત્રણ

એક બાજુ ગુણાતીતાનંદ સ્વામીના 'બ્રહ્મ બોલ'ના પડછંદાઓ સારાએ સત્સંગમાં ગૂંજી રહ્યાં હતાં અને પડઘાઈ રહ્યાં હતાં.

બીજી બાજુ અમદાવાદ દેશની ગાદીએ શ્રી અવધપ્રસાદજી મહારાજ વિરાજમાન હતા. શ્રી અવધપ્રસાદજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી કથાવાર્તાનો અપૂર્વ આસ્વાદ માણેલો. એથી એમના મનમાં તીવ્ર ઈચ્છા હતી કે 'જૂનાગઢનાં જોગી ક્યારેક ફરીથી અમદાવાદ આવે અને એમના મુખેથી મહારાજનો સર્વોપરી મહિમા સાંભળું.'

અવધપ્રસાદજી મહારાજને જ્યારે આવા મનોરથ ઉઠી રહ્યા હતા ત્યારે વડતાલની ગાદીએ ભગવતપ્રસાદજી મહારાજ બિરાજતા હતા. અવધપ્રસાદજી મહારાજના મનમાં સ્વામીની સાથે ભગવત્પ્રસાદજી મહારાજ પણ પધારે એવી તીવ્ર તમન્ના હતી.

શ્રીહરિ જાણે અવધપ્રસાદજી મહારાજના મનોરથ પૂર્ણ કરવા માગતા હોય એમ ગુણાતીતાનંદ સ્વામી ચૈત્રી સમૈયો કરવા માટે વડતાલ પધાર્યા હતાં.

અવધપ્રસાદજી મહારાજને સમાચાર મળ્યાં કે 'જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા છે' મહારાજશ્રીના મનમાં થયુ આ અવસર મારે વધાવી લેવો જોઈએ.'

આ અરસામાં અવધપ્રસાદજી મહારાજને શરીરે થોડી કસર જેવું હતું.

એમણે ભગવતપ્રસાદજી મહારાજને સમાચાર મોકલ્યા કે 'મારે શરીરે કસર છે. તમે જૂનાગઢના જોગીને લઈને અહીં પધારો. જોગીના મુખેથી કથાવાર્તા સાંભળું અને તમારા હાથેથી રોટલો જમું એટલે મારો મંદવાડ મટી જશે.'

ભગવતપ્રસાદજી મહારાજને આ સમાચાર મળ્યા. તેઓ અત્યંત રાજી થયાં.

અવધપ્રસાદજી મહારાજને ભગવતપ્રસાદજી મહારાજ ઉપર ભારે ભાવ હતો અને ભગવતપ્રસાદજી મહારાજને પણ દાદા પ્રત્યે પૂજ્યભાવ અને મહિમાબુદ્ધિ હતા.

સત્સંગના આ સુવર્ણકાળમાં બંને ગાદીઓ આત્મીયતાના તાણાવાણાથી

વણાયેલી હતી. વ્યવહારિક બાધાઓના આઘાત-પ્રત્યાઘાત એ અનુબંધને શિથિલ કરી શકતા ન હતા. અવધપ્રસાદજી મહારાજના નિમંત્રણથી ભગવતપ્રસાદજી મહારાજ અમદાવાદ આવવા તૈયાર થયાં પરંતુ એ જ સમયે ઉમરેઠમાં મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ આવી રહ્યો હતો. ઉમરેઠના ભક્તજનો વડતાલ આવ્યા અને ભગવતપ્રસાદજી મહારાજને ઉમરેઠ પધારવા વિનંતી કરી.

ભગવતપ્રસાદજી મહારાજના મનમાં 'ઉમરેઠ જવું કે અમદાવાદ?' એવું ધર્મસંકટ ઊભું થયું.

મહારાજશ્રીએ મોટેરા સંતો સાથે ચર્ચા-વિચારણા કરી. ગુણાતીતાનંદ સ્વામીએ મારગ કાઢ્યો અને કહ્યું, 'બાપજી! ઉમરેઠ ભક્તોને રાજી કરવા આપ ઉમરેઠ પધારો અને ત્યાંનું કાર્ય પૂર્ણ કરી પછી અમદાવાદ પધારો. અમે અવધપ્રસાદજી મહારાજની ઈચ્છા પ્રમાણે અહીંથી સીધા અમદાવાદ જઈશું. આપણે અમદાવાદમાં ભેગા થઈશું.' સ્વામીની વાત સાંભળી ભગવતપ્રસાદજી મહારાજને અત્યંત આનંદ થયો અને એમણે સ્વામીની વાતને વધાવી લીધી.

ભગવતપ્રસાદજી મહારાજ ઉમરેઠ પધાર્યા અને ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા. જૂનાગઢના જોગીના પધારવાથી અવધપ્રસાદજી મહારાજના અંતરમાં અત્યંત આનંદ થયો.

અમદાવાદમાં કથાવાર્તાનો અખાડો મંડાયો. ભગવાન શ્રીહરિએ જ્યારથી કહ્યું હતું કે 'વાતો કરવી એ શ્રેષ્ઠ છે' ત્યારથી ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં કથાવાર્તા રોમ-રોમમા રમતાં હતાં. કથાવાર્તા કરવામાં સ્વામી ક્યારેય નો'તા થાકતા, નો'તા સંતૃપ્ત થતા કે નો'તા ક્યારેય સોપો પડવા દેતા!' સ્વામીની કથાવાર્તામાં વેણે વેણે શ્રીહરિનો સર્વોપરી મહિમા સ્હેજે વરસતો જ હોય.

અવધપ્રસાદજી મહારાજ સ્વામીની વાતો સાંભળીને અત્યંત રાજી થતાં. અમદાવાદના સભામંડપની બાજુના પ્રસાદીના ગાદીવાળા મેડે આચાર્ય મહારાજશ્રી બિરાજતા, સંતો પણ ત્યાં એકઠાં થતા અને ગુણાતીતાનંદ સ્વામી મહારાજની કથાવાર્તા કરતા.

એવામાં ઉમરેઠનું કાર્ય પતાવી ભગવતપ્રસાદજી મહારાજ પણ અમદાવાદ પધાર્યા. અવધપ્રસાદજી મહારાજને અત્યંત આનંદ થયો અને બોલ્યા 'ભગવત ! તું આવ્યો એટલે હવે મારો તાવ ગયો, એમાંય આ જોગીની વાતો તો રસાયણ જેવી છે. રોગ માત્ર ટાળી નાખે એવી છે. જોગીની વાતો સાંભળવામાં ધરવ થાતો નથી.'

ગુણાતીતાનંદ સ્વામીની વાતો બધાને જ ગમતી એવું નો'તું. ઘણાને એ વાતો

પચતી નો'તી એટલે યેનકેન પ્રકારેણ ગુણાતીતાનંદ સ્વામીને કથાવાર્તા કરતાં બંધ કરવાના પ્રયાસ થતા, પરંતુ સાક્ષાત્ શ્રીજી મહારાજે અવધપ્રસાદજી મહારાજને દર્શન દઈને કહ્યું હતું કે 'તમે જોગીને અહીં કથાવાર્તા કરવા માટે તેડાવ્યા છે, તો એમના મુખેથી કથાવાર્તા સાંભળ્યે રાખજો. જેની તેની વાતોમાં ભરમાશો નહિ. આ જૂનાગઢના જોગી અમારું હૃદગત રહસ્ય યથાર્થ જાણે છે. અમે એમને મુખોન્મુખ અમારું રહસ્ય પાયું છે. આ સાધુ અમારો યથાર્થ મહિમા સમજે છે.'

સાક્ષાત્ શ્રીજી મહારાજના વચનથી અવધપ્રસાદજી મહારાજ સાવધાન હતાં એટલે કોઈની કારી ફાવતી ન હતી. શ્રીહરિના સર્વોપરી મહિમાથી સભર અખંડ બ્રહ્મરસના વરસાદથી ગાદીવાળો મેડો રસતરબોળ થઈ રહ્યો હતો.

## તમારું માનવું કે તમારા બાપનું માનવું ?

એક બાજુ જૂનાગઢના જોગી અમૃતરસ વહાવી રહ્યાં હતાં. બીજી બાજુ, ભગવતપ્રસાદજી મહારાજ જાતે દાદાને ફાવે એવી રસોઈ કરીને જમાડી રહ્યા હતાં.

થોડાં દિવસમાં અવધપ્રસાદજી મહારાજનો મંદવાડ દૂર થયો. તેઓ સાવ સાજા થયા. મહારાજશ્રીના મનમાં થયું 'હવે હું સાજો થયો છું તો જાતે રસોઈ કરી ભગવાન શ્રીહરિના અત્યંત કૃપાપાત્ર અને લાડીલા એવા આ જૂનાગઢના જોગી અને સર્વ સંતોને જમાડું.'

મહારાજશ્રી સ્વયં રસોઈ કરીને સંતોને જમાડવાના હોય ત્યારે સંતોના આનંદનો પાર પણ કેમ રહે ?

દાદાએ સ્નાન કરી અબોટીયું પહેરી, મહારાજને સંભારી જાતે રસોઈ કરી, થાળ કર્યો પછી સંતોને જમવાની પંક્તિ કરી. મહારાજશ્રીએ મોટેરા મોટેરા સદ્‌ગુરુઓને ગાદીવાળે મેડે જમવા માટે નોતર્યા હતા.

સંતોની પંક્તિ થઈ મહારાજશ્રી આજે અત્યંત ભાવવિભોર હતા. આવા પરમહંસોને જમાડવાનો અવસર ક્યાંથી ? એમણે તમામ સંતોની આગળ ચાંદીના મોટા ખુમચા મૂક્યાં અને પોતે પીરસવાં તૈયાર થયા.

ચાંદીના વાસણ જોયાં એટલે ગુણાતીતાનંદ સ્વામીથી ન રહેવાયું. એમણે કહ્યું 'મહારાજશ્રી! આ ચાંદીના થાળ સાધુને ન શોભે. અમારાથી આમાં ન જમાય. અમારા માટે તો તમારા બાપે લાકડાનાં પત્તરમાં જમવાની આજ્ઞા કરી છે. માટે આ ચાંદીના વાસણો પાછા લેવડાવી લ્યો.'

મહારાજશ્રીએ કહ્યું, 'જોગી ! તમારી વાત સાચી છે. પરંતુ અમારે ગૃહસ્થોને

આવો અવસર ક્યારે આવે? અમારા ગૃહસ્થના સાધન સામગ્રી તમારા જેવાં પરમહંસના કામમાં આવે, તો લેખે લાગે.' સ્વામીએ કહ્યું, 'પણ બાપજી ! આ ચાંદીનાં વાસણમાં જમવાની શ્રીજી મહારાજની આજ્ઞા નથી.'

અવધપ્રસાદજી મહારાજ બોલ્યા, 'સ્વામી ! વાત સાચી છે, પણ હું અમદાવાદ ગાદીનો આચાર્ય તમને કહું છું કે આજે તો તમે આમાં જ જમો, તમને કોઈ બાધ નહિ આવે.' ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'બાપજી ! અમારે તમારી આજ્ઞા માનવી? કે તમારા બાપની આજ્ઞા માનવી ?'

આ મીઠી વડચડમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ થોડાં મૂંઝાયા અને મહારાજશ્રીની મૂંઝવણ પારખી ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'મહારાજશ્રી મુંઝાઓ મા! લ્યો અમે મારગ કાઢીએ!

મહારાજશ્રી તથા પંક્તિમાં બેઠેલા સર્વે સ્વામીની સામે જોઈ રહ્યા અને 'સ્વામી શું મારગ કાઢશે' એ સાંભળવા સૌ તત્પર થયા.

સ્વામીએ સેવક સંતને આજ્ઞા કરી 'સાધુરામ! આપણા પત્તર લાવો અને આ ચાંદીના ખુમચામાં મૂકો એટલે મહારાજશ્રીની આજ્ઞા પણ પળે અને એમના પિતાની આજ્ઞા પણ પળે.'

સ્વામીની વાત સાંભળતા અયોધ્યાપ્રસાદજી મહારાજના અંતરમાં અપાર આનંદ થયો. એમની વાણી ગદ્‌ગદ્ થઈ અને બોલ્યાં, 'જોગી ! ભલો મારગ કાઢ્યો.'

સ્વામી બોલ્યા 'બાપજી ! આપનું અંતર કોચવાય એ અમને ન પોસાય અને મહારાજની આજ્ઞા લોપાય એ તો અમને સાવ ન પોસાય. તમને ધર્મની રક્ષા માટે ગાદીએ બેસાડ્યા છે. તમે સર્વને ધર્મમાં નહિ વરતાવો તો બીજું કોણ વરતાવશે?'

અવધપ્રસાદજી મહારાજે કહ્યું 'જોગી! તમારી વાત સાવ સાચી છે. મહિમાને ઓથે પણ ધર્મનો લોપ થાય, તો ધર્મનંદન શ્રીહરિને ન ગમે.'

પંક્તિમાં બેઠેલાં સર્વ સદ્‌ગુરુ સંતો આ દિવ્ય સંવાદને સાંભળી રહ્યા હતા અને માણી રહ્યા હતા. થોડી વાર ભોજન પણ ભૂલાઈ ગયા હતા.

આખરે અવધપ્રસાદજી મહારાજની ભાવના પૂરી થઈ અને સર્વ સંતોના ધર્મ પણ સચવાયા, અમદાવાદના ગાદીવાળા મેડે સર્વોપરી શ્રીહરિનો જયજયકાર થયો.

# જામનગરના પ્રસંગો

## જામનગરમાં સત્સંગના બીજ રોપાયા

જામનગર હાલાર દેશનું મથક કહેવાય.

એક સમયે જામનગર નવા નગર તરીકે ઓળખાતું હતું.

વર્ષો પહેલાં સ્વરુપાનંદ સ્વામી દોઢસો સંતોના વિશાળ મંડળ સાથે અહીં પધાર્યા હતા. અહીયાં સંતોને આકરી તાવણીમાંથી પસાર થવું પડ્યું હતું.

'આ નવા પંથના સાધુઓ છે' એમ માનીને લોકો સંતોનો ભારે તિરસ્કાર કરતા. ભિક્ષા પણ પૂરી મળતી નહિં.

શાક-બકાલું વેચનારા લોકો તળાવમાં શાકભાજી ધોવા આવતા, ધોતી વખતે ખરી ગયેલાં શાકભાજીનાં પાંદડાઓ ખાઈને સંતો નિર્વાહ કરતા હતા.

આખરે જામનગર નરેશને આ પવિત્ર સંતોનો ભારે ગુણ આવ્યો હતો અને એમણે સીધા પાણીની વ્યવસ્થા કરાવી હતી.

નવાઈની વાત એ હતી કે રાજ તરફથી સન્માન પ્રાપ્ત થયું એટલે સાધુઓએ ત્યાંથી ઝોળીઓ ઉઠાવી અન્યત્ર પ્રયાણ કર્યું હતું. કારણ કે શ્રીજી મહારાજનો આદેશ હતો કે 'માન મળે ત્યાં ન રહેવું, અપમાન થાય ત્યાં રહેવું.'

સ્વરુપાનંદ સ્વામી જેવા મહાન સમર્થ સંતોએ શ્રીજી મહારાજની આજ્ઞા અણીશુદ્ધ પાળીને જામનગરમાં સત્સંગનાં બીજ રોપ્યાં હતાં.

## એકાદશીએ થાળ જમ્યા !

એક વખત જામનગરના કડિયા હરિભક્તો શ્રી ઉકાભગત, ઓધાભગત અને ભાણા ભગત ત્રણેયને વિચાર થયો કે ગઢડા જવું ને મહારાજને રસોઈ દેવી.

ત્રણેયની આર્થિક પરિસ્થિતિ સાધારણ હતી છતાં ભારે શ્રદ્ધાથી દરેકે અર્ધો અર્ધો રૂપિયો કાઢી અને દોઢ રૂપિયો ભેગો કર્યો અને થાળ દેવા ગઢડા આવ્યા !

શ્રીહરિ ગઢપુરમાં લીંબડાના વૃક્ષ નીચે બિરાજમાન હતા. ત્રણેય હરિભક્તોએ મહારાજના દર્શન કર્યાં.

મહારાજે પૂછ્યું, 'ભક્તો ! કયા ગામથી આવો છો?'

ભક્તોએ કહ્યું, 'મહારાજ ! અમે નવાનગરથી આવીએ છીએ.'

મહારાજે ત્રણેયનો પરિચય પૂછ્યો એટલે એમણે કહ્યું, 'મહારાજ ! અમે જ્ઞાતિએ કડીયા છીએ. અમારા નામ ઉકો, ઓધો અને ભાણો છે. અમે તમને થાળ જમાડવા માટે નવાનગરથી આવ્યા છીએ.' આમ કહીને તેઓએ દોઢ રૂપિયો મહારાજને ચરણે ધર્યો.

હરિભક્તોના હૃદયનો ભાવ જોઈ મહારાજ ખૂબ રાજી થયા.

મહારાજે મૂળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું, 'આ હરિભક્તો ખૂબ દૂરથી આવે છે. તેમનો ભાવ જબરો છે. તો આવતીકાલે એમના તરફથી થાળ કરજો.'

બ્રહ્મચારીએ કહ્યું, 'ભલે મહારાજ !'

બીજે દિવસે બ્રહ્મચારી મહારાજે સરસ થાળ તૈયાર કર્યો અને મહારાજને જમવા બોલાવ્યા. હવે બન્યું એવું કે તે દિવસે એકાદશી હતી એટલે મહારાજે કહ્યું 'બ્રહ્મચારી ! આજે તો એકાદશી છે. માટે અનાજનો થાળ અમે નહિ જમીએ.'

બ્રહ્મચારી ભોળાભાવે બોલ્યા, 'એકાદશી હતી તો કાલે કે'વુંતુને ! આજે સવારનો ચૂલા ફૂંકુ છું ત્યારે માંડ રસોઈ થઈ છે. હવે ન જમો તો કેમ ચાલે !'

બ્રહ્મચારીની વાત સાંભળી મહારાજ મરક મરક હસવા માંડ્યા અને બોલ્યા, 'પણ બ્રહ્મચારી ! આજે એકાદશીએ અનાજ થોડું જમાય ? આપણે બાંધેલ નિયમો આપણે તોડીએ એ કેમ ચાલે !'

બ્રહ્મચારી બોલ્યા, 'તો કાલે કેમ યાદ ન આવ્યુ ?'

મહારાજ કહે, 'બ્રહ્મચારી કાલે અમે ભૂલી ગયા કે આજે એકાદશી છે.'

હવે પેલા નવાનગરના હરિભક્તોએ કહ્યું, 'મહારાજ! અમે ગરીબ હરિભક્તો છીએ. માંડ દોઢ રૂપિયાનો મેળ પડ્યો છે. દૂરથી તમને જમાડવા આવ્યા છીએ. ફરીને અમને આવો અવસર મળે કે ન મળે, માટે આપ કૃપા કરી થાળ જમો. આપ તો ભગવાન છો, માટે આપને એકાદશીનો બાધ ન હોય.' આટલું બોલતા બોલતા હરિભક્તો ગળગળા થઈ ગયા.

હરિભક્તોના અંતરમાં થતું હતું કે 'આપણો દાખડો એળે જશે કે શું?'

શુદ્ધ હૃદયના હરિભક્તોને કોચવાતા જોઈને મહારાજ બોલ્યા, 'બ્રહ્મચારી ! અમે થાળ જમીશું. તમે થાળ તૈયાર કરો અમે હમણાં જ આવીએ છીએ.'

બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં બાજોઠ ઢાળી અને મહારાજની રાહ જોવા લાગ્યા. પ્રેમને આધીન પરમાત્મા જમવા પધાર્યા. થાળ જમીને મહારાજે થાળની પ્રસાદી નવાનગરના કડિયા હરિભક્તોને આપી.

પોતાનો થાળ મહારાજ જમ્યા એ જોઈને જામનગરના કડીયા હરિભક્તોના અંતરમાં આનંદ અને સંતોષ થયા.

શ્રીહરિ થાળ જમ્યા એની સાથેજ જામનગરના હરિભક્તોનું કઠણ પ્રારબ્ધ પણ દૂર થયું.

## અહીં શિખરબધ્ધ મંદિર થશે

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અનેકવાર જામનગર પધારેલા છે.

અહીંયા પ્રથમ કડીયા જ્ઞાતિમાં સત્સંગ થયો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ અહીંના હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા કે 'તમે બધા વ્યવહારે સુખીયા થશો.'

સ્વામીના આશીર્વાદથી જામનગરના હરિભક્તોનો વ્યવહાર ઘણો સારો થયો હતો.

સ્વામીના સમાગમથી આ બધા હરિભક્તોના અંતરમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના દૃઢ થઈ હતી.

એકવાર હરિભક્તોએ સ્વામીને પ્રાર્થના કરી કે 'સ્વામી ! તમે અમને એવા આશીર્વાદ આપો કે જામસાહેબ મંદિર માટે જમીન આપે અને અહીં મોટું શિખરબદ્ધ મંદિર થાય.'

હરિભક્તોએ સ્વામીને મંદિર માટે જગ્યા બતાવી.

સ્વામીએ જામનગરના હરિભક્તોને આશીર્વાદ આપતાં કહ્યું કે, 'જામસાહેબ તમારી ધારેલી જમીન આપશે પણ હમણાં તો તમે હરિમંદિર કરજો અને જૂનું મંદિર છે તે બાઈઓને આપજો. અમારા તમને આશીર્વાદ છે કે ભવિષ્યમાં અહીં મોટું મંદિર થશે અને તમારો મનોરથ પૂર્ણ થશે.'

વચનસિદ્ધ મહાપુરુષ સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી અવાર નવાર જામનગર પધારતા. સ્વામીના પ્રબળ પ્રતાપથી શ્રીજી મહારાજે અહીં અનેક પરચા આપ્યા હતા અને જામનગરમાં સત્સંગનો સારો એવો વિકાસ થયો હતો.

આમ મહાન સંતોના આશીર્વાદ મળતાં અહીંના હરિભક્તો સુખી થયા હતા.

નારાયણદાસજી સ્વામીની દેખરેખ હેઠળ જામનગર ખાતે શિખરબદ્ધ મંદિરનું નિર્માણ થયું હતું.

ગુણાતીતાનંદ સ્વામીએ વર્ષો પહેલાં કહ્યું હતું કે 'અહીં શિખરબદ્ધ મંદિર થશે.' એ વચન નારાયણદાસજી સ્વામીના પુરુષાર્થથી પૂર્ણ થયું હતું.

જામનગરમાં સ્વામી દસ-બાર દિવસ રોકાયા, હરિભક્તોને ખૂબ જ સુખ દીધું, પછી સ્વામી જામનગરથી અલૈયા, મોડા, વંથલી વગેરે ગામોમાં વિચરણ કરવા માટે નીકળ્યા.

સ્વામી જામનગરથી એક ગાઉ છેટે પધાર્યા, બપોરનો સમય થવા આવ્યો હતો, રસ્તાને કાંઠે સુંદર વાડી હતી, વૃક્ષોની છાયામાં સ્વામીએ વિરામ લીધો, એ દરમ્યાન બાલમુકુંદદાસ સ્વામીએ મંગાળો માંડીને સ્વામીને માટે બાજરાનો રોટલો અને રીંગણાનો ઓળો તૈયાર કર્યો, ઠાકોરજીને થાળ ધરાવ્યો અને સ્વામીને જમાડ્યા.

સ્વામી આ સેવક સાધુની સેવામાં શ્રદ્ધા અને તત્પરતા જોઈને ખૂબ જ રાજી થયા અને બોલ્યા, "સાધુરામ ! તમે આજે સરસ રોટલો અને ઓળો બનાવ્યો. અમે આજે ખૂબ ધરાઈને જમ્યા. અમારી ભૂખ આજ ભાંગી ગઈ."

સદ્‌ગુરુના અંતરમાંથી રાજીપાના શબ્દો નીકળ્યા એટલે સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીને અંતરમાં અત્યંત આનંદ થયો.

## જામનગરના કરમશી રેવા

સ્વામી જામનગરમાં બિરાજમાન હતા એ દરમિયાન એક પ્રસંગ બન્યો. સ્વામી જામનગરમાં ઘરે ઘરે પધરામણી કરી રહ્યા હતા. એ સમયે મૂળ જામનગરના પરંતુ પછીથી વાંકાનેરમાં વસતા હરિભગત કરમશી રેવા સ્વામીના દર્શને જામનગર આવ્યા.

કરમશી રેવા વ્યવહારે સુખી હતા અને સારું એવું દ્રવ્ય એકઠું કર્યું હતું. એમનું જામનગરમાં પણ ઘર હતું.

તેમના અંતરની ઈચ્છા હતી કે, સ્વામી મારે ઘરે પધરામણી કરે. કરમશી રેવાએ સ્વામીને વિનંતી કરી, "સ્વામી ! આપ મારે ઘરે પધરામણી કરવા પધારો."

સ્વામીએ કહ્યું, "કરમશી ! તેં નિષ્કામી વર્તમાન લોપ્યું છે, પ્રાયશ્ચિત પણ કર્યું નથી, માટે અમે તારે ઘરે નહિ આવીએ."

ભગવાન શ્રીહરિના પંચ વર્તમાન લોપે, એ સ્વામીને જરાય ગમતું નહોતું,

ગમે તેવો શ્રીમંત હોય છતાં એણે વર્તમાન લોપ્યા હોય, તો સ્વામી એની મહોબત રાખતા નહિ.

સ્વામીએ ના પાડી એટલે કરમશી રેવાને ખૂબ દુઃખ લાગ્યું. બીજે દિવસે કરમશી રેવા રસોઈ દેવા આવ્યા પણ સ્વામીએ એમની રસોઈ પણ સ્વીકારી નહિ, કરમશી રેવાએ ધોતિયાં ઓઢાડવાનું કર્યું, તો સ્વામીએ ધોતિયાંની પણ ના પાડી.

સ્વામીએ આમ ઉપરા ઉપરી કરમશી રેવાની ઉપેક્ષા કરી એટલે એને અંતરમાં ખૂબ દુઃખ થયું. એણે નાતના આગેવાન પટેલીયાઓને વાત કરી, એટલે નાતના આગેવાનો સાથે મળીને સ્વામી પાસે આવ્યા.

સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! એણે વર્તમાન લોપ્યું છે, એ વાત સાચી પરંતુ રાજાએ દંડ કર્યો નથી, નાતે નાત બહાર મૂક્યા નથી, માટે આપ પણ કરમશી ઉપર દયા કરો.’’

સ્વામીએ કહ્યું, ‘‘રાજાને કે નાતને એના મતલબ સાથે કામ છે, એટલે એ દંડ ન કરે, પરંતુ અમારે તો કરમશીના જીવનું કલ્યાણ કરવું છે, માટે એને દુઃખ લગાડીને કહીએ છીએ.’’

બધાએ કહ્યું, ‘‘સ્વામી ! આપની વાત સાચી છે, છતાં આપ તો માવતર કહેવાવ. કરમશી બહુ કોચવાય છે, એને રાજી કરો. છોરું કછોરું થાય પણ માવતર કમાવતર થતાં નથી.’’

આખરે બધાની વિનંતી સાંભળી સ્વામીએ કરમશીના ધોતિયાં સ્વીકાર્યા.

# અમરેલીમાં મંદિરનું નિર્માણ

અમરેલી ગાયકવાડી રાજ્યનું સૌરાષ્ટ્ર ખાતેનું કેન્દ્ર હતું. અમરેલીની આસપાસના ગામડાંઓમાં સત્સંગનો સારો એવો વિકાસ થયો હતો. આ વિસ્તારના સત્સંગના પોષણ માટે અમરેલીમાં મંદિર કરવું આવશ્યક હતું.

આંબા ગામના દેવશી લુહાર પોતાના દીકરાને પરણાવવા માટે અમરેલી આવ્યા હતા, ત્યારે ભગવાન સ્વામિનારાયણે દિવ્યરૂપે વણિકનો વેશ ધરીને દેવશી લુહારને રૂપિયા પાંચ સો પૂરા પાડ્યા હતા.

આમ અમરેલીમાં ભગવાન સ્વામિનારાયણનું દિવ્યરૂપે આગમન થયું હતું.

ભગવાન સ્વામિનારાયણના નંદ સંતો અવાર-નવાર અમરેલી પધારતા રહેતા હતા અને અમરેલીને કેન્દ્ર બનાવીને આસપાસના વિસ્તારોમાં સત્સંગનો પ્રચાર-પ્રસાર કરતા રહેતા હતા. અમરેલી વિસ્તારના ખારા પાટમાં મીઠા મહેરામણ જેવા અનેક મહાન સંતો અને એકાંતિક હરિભક્તો પ્રગટ્યા હતા.

અમરેલીના સત્સંગીઓના હ્રદયમાં ઈચ્છા હતી કે, અમરેલીમાં મંદિર થાય તો સારું, એટલે તેઓ અવાર-નવાર જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને અમરેલીમાં મંદિર કરવા માટે વિનંતી કરતાં હતા.

એકવાર ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને દર્શન દઈને કહ્યું હતું કે, "તમે અમરેલીમાં મંદિર કરો પછી જ હું તમને ધામમાં લઈ જઈશ."

વિ. સં. ૧૯૨૦ ની સાલમાં સ્વામીએ અમરેલીના મંદિરનું કામકાજ શરૂ કરાવ્યું હતું. અમરેલી વિસ્તારના ઓઢાના સમઢિયાળા, કેરાળા, ચરખા,નાના-મોટા ગોખરવાળા, કણકોટ, ચાંદગઢ, આંબા, વાંકિયા, તરવડા, બાબાપર, ભંડારીયા, પીઠવાજાળ, ચાડિયા, માળીલા, આંકડીયા, અમરાપર, નાની-મોટી કુંકાવાવ, માચીયાળા, શેડુભાર વગેરે અનેક ગામડાંઓમાંથી હરિભકતો પોત-પોતાના ગાડાં લઈને મંદિરમાં સેવા કરવા માટે આવતા હતા. આ હરિભકતોને સેવાની સાથે સાથે સ્વામીના સમાગમનો અપૂર્વ લાભ મળતો હતો.

હરિભક્તો ગાડાંમાં સીધાં-સામાનની સામગ્રી ભરીને લાવતા હતા. જેથી સેવા કરનારાઓ માટે રસોઈ-પાણીની કોઈ તંગી પડતી નહોતી.

## લાધાનો એકાંતરીયો તાવ કાઢ્યો

અમરેલી મંદિરનું કામ ચાલી રહ્યું હતું ત્યારે સલડીથી વાલો દેસાઈ પોતાના દીકરા લાધાને લઈને આવ્યા. વાલાએ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આ મારા દીકરા લાધાને એકાંતરીયો તાવ રહે છે. આપ કૃપા કરો તો સારું થાય.’’

સ્વામીએ વૈદ્ય હરિદર્શન સ્વામીને બોલાવ્યા અને કહ્યું, ‘‘તમે આ લાધાની દવા કરો.’’ હરિદર્શનાનંદ સ્વામીએ કહ્યું કે, ‘‘કડવુકરીયાતું અને લીંબડાના ગળાના ઉકાળામાં થોડી સાકર નાખીને પીશે, એટલે તાવ ઉતરી જશે.’’

વૈદ્ય સ્વામી હરિદર્શાનાનંદની વાત સાંભળી સ્વામી બોલ્યા, ‘‘લાધા ! આ વૈદ્ય સ્વામી ભલે તને કડવો ઉકાળો પીવાનું કહે, પણ એ કડવા ઉકાળાની તારે જરૂર નથી. તું રોજ સાકરનું પાણી પીજે, મહારાજ તારો તાવ ઉતારી દેશે.’’

આટલું કહી સ્વામી મંદિરમાં હનુમાનજી-ગણપતિજી ક્યાં પધરાવવા ? ઠાકોરજીનું સિંહાસન ક્યાં રાખવું ? એ બધી ભલામણ સ્વામી બાલમુકુંદદાસજી વગેરે સંતોને કરી.

મંદિરમાં પાણીની કાયમી જરૂરિયાત પૂરી પડે, માટે કૂવો ગાળવો જરૂરી હતો. સ્વામીએ નિશાન કર્યું અને કહ્યું, ‘‘આ જગ્યાએ કૂવો ગાળવો.’’ પછી કોણ જાણે સ્વામીને શું સૂઝયું, કે સ્વામી પોતે જાતે જ કૂવો ગાળવા માંડ્યા.

હરિભક્તોએ કહ્યું, ‘‘સ્વામી ! તમે રહેવા દ્યો, અમે કૂવો ગાળી નાખીશું’’

સ્વામી માન્યા નહિ અને બોલ્યા, ‘‘અમારે તો આ અમરેલી મંદિરને અમારી કાયમી સ્મૃતિ રહી જાય, એવું કરવું છે.’’ આમ કહી સ્વામીએ કૂવો ગાળવાનું ચાલુ રાખ્યું.

## મંદિરનો પાયો ફેરવ્યો

આ દરમ્યાન એક પ્રસંગ બન્યો. મંદિરની બાજુમાં જ એક મરાઠાનું ઘર હતું. મરાઠો શક્તિ પંથી હતો, એટલે એને સ્વામિનારાયણ ભગવાન માટે ભારે દ્વેષ હતો. એણે અમરેલીના સૂબાને ફરિયાદ કરી કે, ‘‘સ્વામિનારાયણવાળા મંદિર કરે છે, એણે મારી જમીન દબાવી છે.’’

મરાઠાની ફરિયાદ સાંભળીને સૂબા સાહેબ જાત તપાસ માટે આવ્યા.

એમણે સાધુઓને પૂછ્યું, ''આ મંદિરના મહંત કોણ છે ? અમારે એને મળવું છે.'' સંતોએ કહ્યું, ''જો, સામે કૂવો ગાળે છે, એ મંદિરના મહંત છે.''

સ્વામીને આ રીતે શ્રમયજ્ઞમાં જોડાયેલા જોઈને અમરેલીનો સૂબો તો આભો જ રહી ગયો. એને મનમાં થયું, ''ગાદીઓ શોભાવનારા મહંત ઘણા હોય પણ આમ સામાન્ય મજૂરની જેમ કૂવા ગાળે એવા સીધા-સાદા મહંત તો પહેલીવાર જોયા.''

સૂબા સાહેબ સ્વામી પાસે આવ્યા અને કહ્યું, ''મહંતજી ! આ મરાઠાની ફરિયાદ છે કે, તમે એની જમીન દબાવી છે.''

સ્વામીએ કહ્યું, ''અમે કોઈની જમીન દબાવી નથી, છતાં જાણે-અજાણે માપ-થાલમાં કાંઈ ભૂલ રહી ગઈ હોય, તો અમે પાયો ફેરવી નાખશું. અમારે કોઈની હરામની જમીન જોઈતી નથી.''

સૂબા સાહેબે પેલાને પૂછ્યું, ''બોલ, તારી કેટલી જમીન દબાણી છે ?''

પેલાએ કહ્યું, ''મારી એક વેંત જમીન દબાણી છે.''

સૂબા સાહેબે કહ્યું, ''વેંત જમીન માટે આવા સારાં સાધુ સામે ફરિયાદ કરતાં તને શરમ ન આવી ?'' સ્વામીએ કહ્યું, ''સૂબા સાહેબ ! એમને ઠપકો દેવાનું રહેવા દ્યો. અમે મંદિરનો પાયો ફેરવી નાખીએ છીએ.''

આટલું કહીને સ્વામીએ મંદિરનો પાયો ફેરવી નાખ્યો.

કહેવાય છે કે, આ અપરાધને લીધે મરાઠો નિર્વંશ ગયો હતો.

મંદિરના પાયા ઊભણી સુધી પૂરાઈ ચૂક્યા હતા. હવે અંદર પૂરણી કરવાની હતી. ભીમ એકાદશીનો સમૈયો નજીક હોવાથી સ્વામીને જૂનાગઢ જવું પડે તેમ હતું, એટલે સ્વામીએ સ્વામી બાલમુકુંદદાસજીને કહ્યું, ''સાધુરામ ! આ પૂરણીનું કામ હવે તમે કરાવજો. તમારે ભીમ એકાદશીના સમૈયે જૂનાગઢ આવવાની જરૂર નથી. આ સેવા એ જ તમારો સમૈયો માની લેજો.''

''મંદિરની પૂરણીનું કામ થઈ રહે પછી જન્માષ્ટમીનો સમૈયો કરવા માટે જૂનાગઢ આવજો.''

સ્વામી બાલમુકુંદદાસજીએ કહ્યું, ''સ્વામી ! અમારે તો તમારી આજ્ઞામાં બધા સમૈયા આવી જાય. એટલે આપ અહીંની જરાય ચિંતા કરશો નહિ.''

## કાળુ શીંગાળાનો તાવ કાઢ્યો

સ્વામીએ અમરેલીથી ચાલવાની તૈયારી કરી એ જ સમયે ચાડિયાના પમા શીંગાળાનો દીકરો કાળુ અમરેલી મંદિરમાં સેવા કરવા માટે ગાડું લઈને આવ્યો.

સ્વામી કાળુને જોઈને ખૂબ રાજી થયા.

કાળુએ સ્વામીના પગમાં પડીને કહ્યું, “સ્વામી ! મને ત્રણ વર્ષથી એકધારો એકાંતરીયો તાવ આવે છે. હવે તો હું આ તાવથી સાવ કંટાળી ગયો છે. આપ કૃપા કરો તો મને સારું થાય.” આટલું કહી કાળુ રડવા માંડ્યો.

સ્વામીએ કહ્યું, “કાળુ ! તું રડ્ય નહિ. મહારાજ તારો તાવ ભગાડી મૂકશે. તું એમ કર, અમારે હવે જૂનાગઢ જવું છે તેથી આ અમારી રાવટી છે, તે તું તારા ગાડામાં ચડાવી આંકડીયે મૂકી આવ. તું આટલું કામ કરીશ, એટલે તારો તાવ જતો રહેશે.”

કાળુ બોલ્યો, “સ્વામી ! પણ આજે જ મારે તાવનો વારો છે. તાવમાં હું આંકડીયા કઈ રીતે જઈ શકીશ ?”

સ્વામીએ કહ્યું, “કાળુ ! તારો તાવ આજથી જ ગયો સમજી લે. તું તાવની ચિંતા કર્યા સિવાય આંકડીયા જા.”

કાળુએ રાવટી ગાડામાં નાખી આંકડીયા તરફ ગાડું હાંક્યું, એના મનમાં હતું, હમણાં તાવ આવશે, હમણાં તાવ આવશે, પરંતુ સ્વામીની કૃપાથી કાળુનો તાવ ગયો તે ગયો, પછી કોઈ દિવસ કાળુને તાવ આવ્યો નહિ.

સ્વામી અમરેલીથી નીકળી આંકડીયા, નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, તોરી વગેરે ગામોમાં વિચરણ કરતા કરતા ચૂડા પધાર્યા.

## તૃણાવર્તનો સપાટો

સ્વામીની સાથે સંતોમાં રઘુવીરચરણદાસજી, માધવપ્રિયદાસજી, ધર્મજીવનદાસજી, કોઠારી ત્રિકમદાસજી તથા કુંકાવાવ-તોરીના હરિભક્તો હતા.

ચૂડામાં હરિભક્તોના આગ્રહથી સ્વામી રોકાયા. રસોઈ કરી, બધાએ પ્રસાદ લીધો. સ્વામી થોડો આરામ કરવા માટે આડે પડખે થયા.

બપોરનો બે વાગ્યાનો સમય હતો, સ્વામી થોડો આરામ કરતા હતા, પરંતુ પુરાણી રઘુવીરચરણદાસજી ચાલવા માટે આગ્રહ કરી રહ્યા હતા.

રઘુવીરચરણદાસજી સ્વામીના શિષ્ય હતા, પોતે ભણેલા અને વિદ્વાન હતા, એટલે એનો સ્વભાવ અહંકારી થતો જતો હતો. વાત-વાતમાં પોતાનું ધાર્યું કરવાની એમને ટેવ હતી.

એમણે સ્વામીને કહ્યું, “સ્વામી ! વાદળાં થવા માંડ્યા છે, આપણે અહીંથી નીકળી જવું જોઈએ.”

સ્વામીએ કહ્યું, “રઘુવીર ! બપોરનો તડકો છે, બધાને થોડો આરામ કરી લેવા દ્યો, પછી નીકળીએ.”

રઘુવીરચરણદાસજી સ્વામીની વાત માન્યા નહિ અને બધાને લઈને ચાલવા માંડ્યા. થોડે દૂર ગયા ત્યાં ભયંકર વાવાઝોડું શરૂ થયું. મોટા મોટા પથ્થરના કાંકરાઓ ઉડવા લાગ્યા. ધૂળની એવી ડમરી ચડી કે કાંઈ દેખાય જ નહિ.

સાથેનો સંઘ બધો તીતર-બીતર થઈ ગયો. સ્વામીની ગાડીના બળદને છોડીને ઝાડ સાથે બાંધી દેવામાં આવ્યા. સ્વામીની ગાડીને થોડા સાધુઓએ પકડી રાખી ત્યારે માંડ રહી. અધૂરામાં પૂરું અંધાધૂંધ વરસાદ શરૂ થયો. બધા વરસાદમાં પલળવા લાગ્યા. ઝાડવાની ઓથ ગોતી ઊભા રહ્યા.

એવામાં ભયંકર કડાકા સાથે ઝાડની મોટી ડાળ ભાંગી પરંતુ ભગવાનની કૃપાથી પડખે પડી એટલે બધા બચી ગયા.

બે ગાડામાં ભાતું ભર્યું હતું, એ બેય ગાડાં માર્ગ ભૂલી ગયા અને બીજે ગામ નીકળી ગયા. સ્વામી તો કોઠારી ત્રિકમદાસજીને પોતાની સાથે રાખી ગાડાની ઓથે સૂઈ ગયા. રઘુવીરચરણદાસ રીસમાં બોલ્યા, “આખા સંઘની માઠી દશા છે ત્યારે સ્વામી ગાડાની નીચે જઈને સૂઈ ગયા છે, એમને કોઈની કાંઈ પડી નથી.”

રઘુવીરચરણદાસજીની આ વાત જાગા ભગતથી સહન ન થઈ. એમણે કહ્યું, “ધણીનો કોઈ ધણી નથી. સ્વામીએ ના પાડી હતી, છતાંય તમે પરાણે ચાલ્યા. સ્વામીની મરજી લોપી એનું આ પરિણામ છે.”

રઘુવીરચરણદાસજી પાસે બોલવાનો કોઈ અવસર રહ્યો નહોતો. થોડા સમયમાં પવન અને વરસાદ બંધ થયા, એટલે બધા આગળ ચાલ્યા અને રાણપુર આવ્યા અને અહીંની નિશાળમાં ઉતારો કર્યો અને બધાએ પલળેલા વસ્ત્ર કોરા કર્યા.

સ્વામી પધાર્યા છે, એ વાતની ખબર પડતાં જ રાણપુરના હરિભક્તો દોડતા આવ્યા. એમણે સંઘ માટે સીધાં-પાણીની બધી વ્યવસ્થા કરી.

સ્વામી રાણપુરથી નીકળી જૂનાગઢ પધાર્યા.

આ બાજુ સંતો અને હરિભક્તોના ઉત્સાહભર્યા શ્રમથી એક જ વર્ષમાં અમરેલીનું મંદિર તૈયાર થઈ ગયું.

વિ. સં. ૧૯૨૧ વૈશાખ સુદી પૂનમના દિવસે સ્વામીએ મંદિરમાં ધામધૂમથી મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. ગામડે ગામડેથી હરિભક્તોનો મોટો સમુદાય એકઠો થયો.

આ રીતે મહારાજે સ્વામીને અમરેલી મંદિર કરવાની જે આજ્ઞા આપી હતી, તે સ્વામીએ ધામમાં જતાં પહેલા પૂર્ણ કરી.

# ગોંડલના પ્રસંગો

## શ્રીહરિની ગોંડલમાં પધરામણી

ગોંડલના રાજવંશ ઉપર ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતોની સદૈવ પૂર્ણ કૃપા રહી.

હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજે ગોંડલના દિવ્ય પ્રસંગો સુંદર રીતે વર્ણવેલા છે. મહારાજ ગોંડલમાં અનેક વખત પધાર્યા છે, ગોંડલી નદીમાં અનેકવાર સ્નાન કર્યું છે. અહીં અનેક સ્થાન પ્રસાદીનાં છે.

ગોંડલ નરેશ દેવાજીએ ભગવાન શ્રીહરિને ભારે ધામધૂમથી ગોંડલ પધરાવ્યા હતા. ભગવાન શ્રીહરિ ગોંડલના કૈલાસ બાગમાં પારસ પીપળા નીચે ઉતર્યા હતા.

ગોંડલ નરેશે અહીં શ્રીહરિના હસ્તે શાકોત્સવ કરાવ્યો હતો. આ શાકોત્સવમાં શ્રીહરિએ આઠ મણ રીંગણાને આઠ મણ ઘીમાં વઘાર્યા હતા. ઉપરાંત, જાત-જાતના મરી-મસાલા નાખ્યા હતા.

દરબાર દેવોજી પોતાના સુપુત્રો નથુજી, કાનોજી, મોતીજી અને ભાણાજીને સાથે લઈને મહારાજના દર્શન માટે બાગમાં પધાર્યા.

દરબાર દેવોજીએ મહારાજને વંદન કર્યા અને ચારેય પુત્રોને પણ પગે લગાડ્યા.

મહારાજે પૂછ્યું, "દરબાર ! આ કોના કુંવર છે ?"

દરબાર દેવોજી બોલ્યા, "મહારાજ ! આ ચારેય કુંવર આપની કૃપાથી થયા છે. માટે ચારેય આપના જ છે. "

મહારાજે હસીને મોતીજી અને ભાણાભાઈ, બેય કુમારોના મસ્તક ઉપર હાથ મૂક્યો અને રહસ્યભરી ભાષામાં કહ્યું, "દરબાર ! આ બે કુંવર અમારા થશે અને બીજા બે તમારા થશે." મહારાજના આશીર્વાદથી મોતીજી અને ભાણાભાઈ ખૂબ સારાં સત્સંગી થયા હતા.

દરબારોમાં દીકરીને દૂધ-પીતી કરવાનો કુરિવાજ ચાલ્યો આવતો હતો. ભગવાન

શ્રીહરિએ ગોંડલ નરેશ દેવાજીને ઉપદેશ આપીને ગોંડલ રાજ્યમાં એ કુરિવાજ બંધ કરાવ્યો હતો.

વિ. સં. ૧૮૬૮ માં દરબાર દેવોજી અક્ષરવાસી થયા પછી તેમના સુપુત્ર નથુજી ગાદીએ આવ્યા હતા. પરંતુ માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તેઓ સ્વર્ગવાસી થયા હતા.

ત્યાર પછી નથુજીના ભાઈ કાનોજી ગાદીએ બેઠા. તેઓએ સાત વર્ષ રાજ ભોગવ્યું અને તેઓ પણ સ્વર્ગવાસી થયા. ત્યાર પછી ભગવાન શ્રીહરિએ જેમના મસ્તક ઉપર હાથ મેલીને આશીર્વાદ આપ્યા હતા, તે મોતીજી ગાદીએ બેઠા. તેઓએ વિ. સં. ૧૮૯૭ સુધી દીર્ઘકાળ પર્યંત ગોંડલની ગાદીને ભોગવી હતી.

## વીજળીને ઝબકારે મોતી પરોવી લ્યો

દરબાર મોતીજી યુવાન હતા ત્યારે તેમણે મુક્તાનંદ સ્વામીનો સમાગમ કર્યો હતો અને શ્રીહરિના અનન્ય ભક્ત થયા હતા.

તેઓ જ્યારે ગાદીએ બેઠા ત્યારે તેમણે જૂનાગઢના શ્રીહરિના કૃપાપાત્ર જેઠા મહારાજને બોલાવ્યા અને મુક્તાનંદ સ્વામીને સંદેશ મોકલ્યો, “સ્વામી ! આપ મારા ગુરુ છો. આપની અને મહારાજની કૃપાથી હું ગોંડલની ગાદીએ બેઠો છું, મારે લાયક કાંઈપણ આદેશ હોય તો ફરમાવો.”

મુક્તાનંદ સ્વામીએ જેઠા મહારાજને કહ્યું, “જાવ, મોતીજીને કહેજો,

**“સુણો મોતી મોતી વીજળી ઝબકારે વીણી લહો.”**

સ્વામીના સંદેશમાં મર્મ હતો !

“મોતીજી! જીવન વીજળીના ઝબકારા જેવું છે. પ્રગટ પુરુષોત્તમ નારાયણ ધરતી ઉપર બિરાજે છે. એમનો લાભ લેવાનું રહી ન જાય.”

ચતુર રાજવી મોતીજી સ્વામીના આ સંદેશનો મર્મ પામી ગયા. એમણે ભગવાન શ્રીહરિને ગોંડલમાં પધરાવી, અનેરો લાભ લઈ, જીવનને સફળ કરી લેવાનો સંકલ્પ કર્યો.

એમણે પોતાના અંગત સચિવને પત્ર લખવા માટે તેડાવ્યા.

મોતીજી પત્ર લખાવવા બેઠા, એમાં એમણે મહારાજને સંબોધન કરતી વખતે “રાધાજી અને લક્ષ્મીજીના પતિ” એવી ઉપમા લખાવી.

રાજાનો અંગત મંત્રી મહારાજનો દ્વેષી હતો. એમણે કહ્યું, “આવી ઉપમા તો ભગવાનને હોય, સ્વામિનારાયણ તો માણસ છે. એને આવી ઉપમા ન લખાય.”

મંત્રી દ્વારા પોતાના ઈષ્ટદેવનું અપમાન સાંભળીને મોતીજીએ એને તત્કાળ નોકરીમાંથી દૂર કર્યો અને બીજા પાસે પત્ર લખાવી મહારાજને મોકલ્યો.

મોતીજીનો ભાવ પૂર્ણ કરવા માટે શ્રીહરિ ગોંડલ પધાર્યા.

મોતીજીએ ભારે ધામધૂમથી મહારાજનું સ્વાગત કર્યું, ભાવથી પૂજન-અર્ચન કર્યું અને જીવનને ધન્ય બનાવ્યું.

## દરબાર ભાણાભાઇએ હરિમંદિર કરાવ્યું

વિ. સં. ૧૮૯૭ માં દરબાર મોતીજી અક્ષરવાસી થયા એટલે એમના નાના ભાઈ ભાણાભાઈ ગાદીએ આવ્યા. તેઓ પણ મહારાજના કૃપાપાત્ર હતા.

ગોંડલ નરેશ ભાણભાઈ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને પોતાના ગુરુ માનતા. સ્વામીનો સમાગમ કરીને ભાણભાઈ ઉત્તમ સત્સંગી થયા હતા.

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે ગોંડલમાં ભગવાન સ્વામિનારાયણનું હરિમંદિર કરાવ્યું હતું. ગોપાળાનંદ સ્વામીએ આ મંદિરમાં ભગવાન શ્રીહરિની નારાયણજીભાઈએ દોરેલી એક ચક્ષુની ચિત્ર-પ્રતિમા અને ચરણારવિંદ પધરાવ્યા હતા.

આ ચિત્ર-પ્રતિમાનો ઈતિહાસ પણ અતિ અદ્‌ભૂત છે.

નારાયણજી સુતારે હૃદયના ભાવથી એક ચક્ષુની મૂર્તિનું રેખા-ચિત્ર તૈયાર કર્યું હતું. પણ હજુ એમાં રંગોની પૂરણી બાકી હતી.

નારાયણજીભાઈ આ રંગ પૂર્યા વગરના રેખાચિત્રને પોતાના ઓશિકા નીચે મૂકી સૂતા હતા. મધરાત ભાંગતા મહારાજે નારાયણજી સુતારને દર્શન દીધાં અને કહ્યું, “નારાયણજી ! આ મૂર્તિમાં અમારો વાસ છે. તું એને માથા નીચે દબાવીને કેમ સૂતો છે ?” આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

નારાયણજી સુતારને મનમાં પસ્તાવો થયો અને આ મૂર્તિમાં મહારાજનો પ્રગટ વાસ થઈ ચૂક્યો છે, એવી અનુભૂતિ થવાથી એમણે રેખાચિત્ર જેમનું તેમ રહેવા દીધું હતું. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ આ એક ચક્ષુની મૂર્તિ ગોંડલના આદ્ય હરિમંદિરમાં પધરાવી હતી.

દરબાર શ્રીભાણભાઈએ ગોપાળાનંદ સ્વામીના કહેવાથી શ્રીજી મહારાજ જે કૈલાસ બાગમાં અવાર-નવાર ઉતરતાં, એ જગ્યા મંદિરને કૃષ્ણાર્પણ કરી હતી અને ત્યાં સુંદર છત્રી બનાવી હતી.

ગોંડલ નરેશ ભાણભાઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અવાર-નવાર ગોંડલ

તેડાવતા હતા અને સ્વામીનો સમાગમ કરતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાથી ભાણાભાઈના અંતરમાં ભગવાન સ્વામિનારાયણના સર્વોપરીપણાનો નિશ્ચય સુદૃઢ થયો હતો.

એમણે પોતાના રાજ દરબારમાં ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજના સાંનિધ્યમાં ભાગવતજીની કથા બેસાડી હતી. એ કથાના વક્તા તરીકે સ્વામી વિશુદ્ધાત્માનંદજી હતા.

કથા-પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજ તેમજ ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સંતોનો મહિમા કહેતા હતા.

સ્વામીના મુખથી કથા-વાર્તા સાંભળતાં દરબાર ભાણાભાઈ અને ગોંડલવાસીઓના અંતરમાં ભારે શાંતિ થતી હતી.

ગોંડલ નરેશ ભાણાભાઈ દસ વર્ષ સુધી ગોંડલની ગાદી ભોગવીને વિ. સં. ૧૯૦૭ માં અક્ષરવાસી થયા હતા.

## ગોંડલના જેઠા મહારાજ

ગોંડલમાં ભગવાન સ્વામિનારાયણ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોના કૃપાપાત્ર ઘણા હરિભક્તો હતા. એમાં એક જેઠા મહારાજ હતા. તેઓ ગૌડ બ્રાહ્મણ હતા.

જેઠા મહારાજ થોડાં મંદ બુદ્ધિના હતા, એટલે તેઓ સંસ્કૃતનો કોઈ અભ્યાસ કરી શક્યા નહોતા.

જેઠા મહારાજમાં એક જબરો ગુણ હતો. એને રસોઈ ખૂબ સરસ આવડતી. સ્વાદિષ્ટ રસોઈ બનાવવામાં જેઠા મહારાજ અજોડ હતા.

ગોંડલ નરેશ હઠીસિંહજીએ મહારાજ અને મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને ગોંડલ તેડાવ્યા હતા ત્યારે તેમણે રસોડામાં જેઠા મહારાજને મુખ્ય રાખ્યા હતા.

જેઠા મહારાજ સુંદર રસોઈ કરતા, દોડી દોડીને સેવા કરતા, પરિણામે મહારાજ અને મોટા સંતો જેઠા મહારાજ ઉપર ખૂબ જ રાજી હતા.

જેઠા મહારાજ ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. એટલે એમની જ્ઞાતિના બીજા ગૌડ બ્રાહ્મણો જેઠા મહારાજ સાથે દ્વેષ રાખતા, એને 'અભણ, મંદબુદ્ધિ, ભોળો' કહીને હાંસી મશ્કરી કરતા, "જેઠિયો જેઠિયો" કહીને બોલાવતા અને અનેક પ્રકારે હેરાન પરેશાન કરતા રહેતા.

જેઠા મહારાજ જ્ઞાતિજનોના માન-અપમાન સહન કરતા હતા. પરંતુ જ્યારે

આ લોકો સત્સંગનુ ઘસાતું બોલતાં ત્યારે જેઠા મહારાજને ભારે અકળામણ થતી. એમના મનમાં થતું કે, 'જો હું થોડું ભણ્યો હોત, તો આ બધાને જડબાતોડ જવાબ દઈને એના મોઢા બંધ કરી શક્યો હોત.'

એવામાં મહારાજ ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોની સાથે ગોંડલ પધાર્યા.

જેઠા મહારાજે ગોપાળાનંદ સ્વામીની પાસે પોતાના મનની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, "સ્વામી ! મારી જ્ઞાતિમાં હું એકલો જ સત્સંગી છું. મારા જ્ઞાતિજનો સત્સંગના દ્વેષી છે અને સત્સંગ માટે મનફાવે તેવું બોલે છે,જાત-જાતના પ્રશ્નો પૂછે છે, હું એને જવાબ દઈ શકતો નથી, એટલે મન મારીને એની વાતો સાંભળી લેવી પડે છે. આપ મારા ઉપર કંઈક દયા કરો, જેથી હું આ બધાને જડબાતોડ જવાબ દઈ શકું."

જેઠા મહારાજની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું, "જેઠા મહારાજ ! જંગલમાં સિંહ તો એક જ હોય પણ બધા એનાથી ડરતા હોય." "ભલે, તમે સંસ્કૃત ભણ્યા નથી પણ આજથી તમે રામાયણની કથા કરજો, તમે જબરા કથાકાર થશો, ગમે તેવો વિદ્વાન કે શાસ્ત્રી-પુરાણી હશે, એ તમને વાદ-વિવાદમાં પહોંચી નહિ શકે."

"તમને કોઈ તુંકારો નહિ દઈ શકે, તમે આખા ગામના અદા કહેવાશો અને જેઠિયો મટીને "જેઠા મહારાજ" તરીકે ઓળખાશો."

શ્રીજી મહારાજે પણ જેઠા મહારાજને આશીર્વાદ આપી એની મંદબુદ્ધિને હરી લીધી હતી. અને એમને પ્રખર મેધાવી તેમજ જબરા હાજર જવાબી બનાવી દીધા.

જેઠા મહારાજ રામાયણના ઉત્તમ કથાકાર થયા. એમની કથામાં ભલભલા લોકો આકર્ષાવા લાગ્યા.

જેઠા મહારાજની રસોઈ જેવી સ્વાદિષ્ટ થતી, એનાથી અનેક ગણી રસાળ એમની કથા હતી.

હવે તેઓ જેઠિયો મટીને "જેઠા મહારાજ" બન્યા હતા. અને આખું ગામ એમને "અદા" તરીકે ઓળખવા લાગ્યું હતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અવાર-નવાર ગોંડલ પધારતા. જેઠા મહારાજ સ્વામીનો સત્સંગ કરીને શ્રેષ્ઠ સત્સંગી થયા હતા.

જેઠા મહારાજે ગુણાતીતાનંદ સ્વામી પાસેથી જ્ઞાનયોગ સિદ્ધ કર્યો હતો. કોઈ ગમે એવા પ્રશ્ન પૂછે, જેઠા મહારાજ એનો તુરત જ સમાધાનકારક ઉત્તર આપતા અને વિરોધીઓને જડબાતોડ જવાબ દેતાં.

જેઠા મહારાજ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી દરબારગઢમાં કથા કરવા જતા હતા અને સત્સંગનું પોષણ કરતા હતા.

ગોપાળાનંદ સ્વામી તેમજ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જેઠા મહારાજ ગોંડલની આસપાસના લોધિકા, મેંગણી, માખાવડ, ખાંભા, વાગુદડ, કાંગશિયાળી, કાળીપાટ વગેરે ગામોમાં જઈને ત્યાંના ગામધણી દરબારોને રામાયણની કથા સંભળાવતા હતા.

જેઠા મહારાજના મુખેથી રામાયણની કથા સાંભળવામાં મેંગણી દરબાર માનસિંહજી, લોધિકા દરબાર જીભાઈ બાપુ વગેરે સર્વને ખૂબ જ રસ પડતો હતો.

જેઠા મહારાજે આ બધા દરબારોને ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહીને સત્સંગમાં જોડ્યા હતા.

ગોંડલમાં જ્યારે જ્યારે ગોપાળાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતો પધારતા ત્યારે જેઠા મહારાજ ઘરે ઘરે જઈને બધાને ખબર આપી દેતા.

જેઠા મહારાજે આ બધા જ મોટા સંતોનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો.

ગોંડલ નરેશ મોતીભાઈ, ભાણાભાઈ, સંગ્રામસિંહજી વગેરે દરબારો જેઠા મહારાજને ભારે આદર આપતા, જેઠા મહારાજને જુએ એટલે દરબારો ઊંચે સ્વરે જય સ્વામિનારાયણ કહેતા અને ‘અદા’ કહીને બોલાવતા.

એકવાર દરબાર ભાણાબાપુએ જેઠા મહારાજને પૂછ્યું, “અદા! આ ગોંડલની ગાદી તપતી કેમ નથી ?”

અદાએ પોતાની આગવી, હળવી, રમૂજી, હાજર જવાબી શૈલીથી જવાબ દીધો, “બાપુ! હમણાં ચૈત્ર મહિનો આવશે. ચૈત્રનો તડકો પડશે, એટલે ગાદી તપશે અને ઉપરથી થોડાં નળિયા કાઢી નાખશો, તો સારી પેઠે તપશે.”

ભાણબાપુ હસીને કહે, “અદા! એમ નહિ. ગોંડલની ગાદીએ જે બેસે છે,તે થોડા વખતમાં ચાલ્યા જાય છે. લાંબા સમય સુધી કોઈ ગાદી ભોગવતું નથી. દરબાર નથુજી, કાનોજી વગેરે અમારા પૂર્વજ થોડો સમય ગાદી ભોગવી અને સ્વર્ગવાસી થઈ ગયા. આવું કેમ થાય છે ?”

જેઠા મહારાજે ઠાવકું મોઢું રાખીને કહ્યું, “તો એમ કહોને કે, તમારે લાંબો સમય ગાદી ઉપર બેસીને ગાદી તપાડવી છે !”

“બાપુ !ગાદી તપાડવી હોય કે ગાદી શોભાડવી હોય તો તમે ગામ વચ્ચે સ્વામિનારાયણનું મંદિર કરાવો અને એમના સાધુઓને ઉતરવાની ધર્મશાળા કરાવો,

તો ગાદી તપશે.''

''તમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છો, તમે મોટા મોટા સાધુઓને અહીં તેડાવો છો, માનો છો, પૂજો છો પરંતુ તમે વિચાર કર્યો કે, એ સાધુઓને ઉતરવા માટે ગામમાં કોઈ સ્થાન જ નથી. આમાં ગાદી તપે ક્યાંથી ?''

જેઠા મહારાજે ગોંડલ નરેશથી જરાય દબાયા વગર સાચી વાત કહી દીધી અને એ વાત ગોંડલ નરેશને ગળે પણ ઉતરી ગઈ.

ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી જેઠા મહારાજના હૈયામાં હિંમત અને જીભે સાક્ષાત્ સરસ્વતીનો વાસ થયો હતો.

જેઠા મહારાજની નિધડક, નિખાલસ દિલની વાત સાંભળી ભાણબાપુ હસવા માંડ્યા અને કહ્યું, ''અદા ! તમારી વાત સાચી છે. આ વાતનો તો મને ખ્યાલ જ ન રહ્યો.''

ભાણભાઈએ જેઠા મહારાજની વાત સ્વીકારી, ગોપાળાનંદ સ્વામીના હસ્તક, રાજના ખર્ચે, ગામ વચ્ચે પાકું હરિમંદિર કરાવ્યું અને ધર્મશાળા બંધાવી આપી.

એક વખત ગોપાળાનંદ સ્વામી ગોંડલ પધાર્યા હતા. જેઠા મહારાજે દરબાર ભાણભાઈને કહ્યું, ''સ્વામી પધાર્યા છે, સાંજે દર્શને આવજો.''

દરબારે કહ્યું, ''ભલે અદા ! હું સાંજે અવશ્ય સ્વામીના દર્શન માટે આવીશ.''

સાંજના સમયે દરબાર પોતાના રસાલા સાથે સ્વામીના દર્શને આવવા તૈયાર થયા અને જેવો ઓરડા બહાર પગ મૂક્યો એ જ વખતે કોઈએ પાછળથી છીંક ખાધી. દરબારના કારભારીએ કહ્યું, ''બાપુ ! અપશુકન થયા, હવે આપણે બહાર જવાય નહિ.''

ભાણબાપુ પણ ઝાઝો વિચાર કર્યા સિવાય પાછા વળી ગયા.

બીજે દિવસે ભાણબાપુ પાછા દર્શન કરવા જવા માટે તૈયાર થયા ત્યાં બિલાડી આડી ઉતરી.

દરબારના કારભારીએ કહ્યું, ''બાપુ ! આજે પણ અપશુકન થયા, હવે આપણે બહાર જવાય નહિ.'' કારભારી કોઈપણ રીતે સ્વામીના દર્શને જવાની વાત ટાળી નાખવા માગતો હતો.

આ બાજુ રાત્રે જેઠા મહારાજે વિચાર કર્યો, ''બબ્બે દિવસ થઈ ગયા, હજુ સુધી દરબાર કેમ દર્શને આવ્યા નહિ ? શું કાંઈ વિઘ્ન આવ્યું હશે ? બીમાર પડી ગયા હશે ? મારે બાપુની ખબર કાઢવા દરબારગઢમાં જવું જોઈએ.''

આમ વિચાર કરી જેઠો મહારાજ સૂતા અને બીજા દિવસે સવારમાં

દરબારગઢમાં પહોંચ્યા.

અદાને આવેલા સાંભળી ભાણબાપુ ઊંચે સ્વરે 'જય સ્વામિનારાયણ' કહેતા કહેતા સામે આવ્યા.

અદાએ પૂછ્યું, "દરબાર ! મેં તમને સમાચાર આપ્યા, બબ્બે દિવસ જતાં રહ્યા છતાં સ્વામીના દર્શને કેમ ન આવ્યા ?"

ભાણભાઈ બોલ્યા, "અદા ! એક દિવસ જેવો બહાર નીકળવા ગયો, એ જ સમયે કોઈએ છીંક ખાધી અને બીજે દિવસે બિલાડી આડી ઉતરી, એટલે કારભારી કહે, અપશુકન થયા, આપણે હવે બહાર જવાય નહિ. એટલે હું આવી શક્યો નથી."

જેઠા મહારાજે પોતાની આગવી છટામાં કહ્યું, "તમારે ક્યાં કોઈની જાનમાં જવાનું હતું, તે શુકન કે અપશુકન જોવા પડે. આવા મોટા સાધુ પધાર્યા, એમના દર્શન-સમાગમ વિના રહી જશો, તો એ જ મોટામાં મોટા અપશુકન કહેવાશે અને આવા સંતના દર્શન-સમાગમ કરશો તો ગમે એટલા અપશુકન હશે, તોય નાશ પામશે."

"દરબાર ! તમે ગોંડલ રાજના ધણી છો, તમારે તમારી બુદ્ધિ વાપરી કામ કરવા જોઈએ. જો કારભારી કહે, એમ જ કરવાનું હોય, તો તમે રાજા શેના ?"

"દરબાર ! આપના ભાઈ મોતીજીને મુક્તાનંદસ્વામીએ કહ્યું હતું, "સુણો મોતી મોતી, વીજળી ઝબકારે વીણી લહો."આ તો વીજળીને ઝબકારે મોતી વીણી લેવાની વાત છે. આવો અવસર કાંઈ વારે ઘડીએ આવતો નથી."

જેઠા મહારાજની હિતની વાત સાંભળી દરબારે કહ્યું, "અદા ! તમારી વાત સાચી છે. કારભારીએ મને ભરમાવ્યો. આજે સાંજે હું અવશ્ય સ્વામીના દર્શને આવીશ."

સાંજના સમયે દરબાર પોતાના રાજ-રસાલા સાથે ગોપાળાનંદ સ્વામીના દર્શને પધાર્યા.

જેઠા મહારાજે ગોપાળાનંદસ્વામી,ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતોને મન, વચન અને કર્મથી સેવ્યા હતા. તેઓ અવાર-નવાર જૂનાગઢ જતા અને સ્વામીનો સમાગમ કરતાં હતા. જેઠા મહારાજનો અંત સમય આવ્યો ત્યારે મહારાજ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતોને સાથે લઈને જેઠા મહારાજને તેડવા આવ્યા હતા.

જેઠા મહારાજે સર્વને જય સ્વામિનારાયણ કહીને દેહ મેલી દીધો હતો.

## સંગ્રામસિંહજી ગોંડલની ગાદીએ આવ્યા

દરબાર શ્રીભાણભાઈના અક્ષરવાસ બાદ એમના સુપુત્ર સંગ્રામસિંહજી ગોંડલની ગાદીએ આવ્યા હતા.

સંગ્રામજીને ત્યાં પથુભા નામના કુમાર થયા હતા.

પથુભાની ઉંમર નાની હતી ત્યાં એમના માતુશ્રી ગુજરી ગયા હતા.

સંગ્રામસિંહજીએ ડાહ્યા માણસોના કહેવાથી મીણાપુરના ઝાલા દરબાર સુરતાનજીના સુપુત્રી મોંઘીબા સાથે લગ્ન કર્યા હતા.

મીણાપુરના દરબાર સુરતાનજી, એમના સુપુત્રી મોંઘીબાઈ અને માણકી ઘોડીનો ઈતિહાસ સત્સંગમાં પ્રસિદ્ધ છે.

શ્રીહરિ જ્યારે માણકી ઘોડી લેવા મીણાપુર પધાર્યા હતા, ત્યારે એમણે નાનકડાં મોંઘીબાને આશીર્વાદ આપ્યા હતા, ‘‘તમે મોટા રાજમાં પરણશો અને મોંઘા-મૂલા થશો.’’ શ્રીહરિનો આ આશીર્વાદ ફળ્યો હતો. ગોંડલ નરેશને પરણીને મોંઘીબા મોંઘા-મૂલા થયા હતા.

મોંઘીબા ધર્મપુરના કુશળકુંવરબાઈ જેવા જ ભક્તિવાન મહારાણી હતા. તેઓ પરણીને ગોંડલ આવ્યા ત્યારે તેમના કુલપુરોહિત હરજીવન દવેને પોતાની સાથે લાવ્યા હતા. મહારાજ સંગ્રામસિંહજીએ હરજીવન દવેને પોતાના અંગત સચિવ તરીકે નીમ્યા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સ્વયં અવાર-નવાર ગોંડલ પધારતા રહેતા અને આ રાજપરિવારના અંતરમાં ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધાને પોષણ કરતા રહેતા હતા.

ગોંડલ નરેશ અને મોંઘીબાએ રઘુવીરજી મહારાજ, ભગવત્પ્રસાદજી મહારાજ વગેરે આચાર્યોને પણ રાજભવનમાં પધરાવ્યા હતા.

સ્વામીનો સમાગમ કરવાથી હરજીવન દવે અને એમના સુપુત્રો જેભાઈ, માધવજી, નરસિંહ તથા કેશવજી વગેરે ખૂબ સારા સત્સંગી થયા હતા. પરિણામે રાજપરિવારમાં સત્સંગનું બળ વધ્યું હતું.

## ગોંડલ નરેશને ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ

આમને આમ થોડા વર્ષ વીત્યા અને ભગવાનને કરવું અને ગોંડલ ગાદીના એકના એક વારસદાર કુંવર પથુભા નાની ઉંમરે સ્વર્ગે સીધાવ્યા.

પુત્રના અકાળ મરણથી ગોંડલ નરેશ સંગ્રામસિંહજી અને મોંઘીબાને ખૂબ શોક થયો. દરબાર સંગ્રામસિંહજી તો પુત્રના વિરહમાં ખાન-પાન વિસારી આક્રંદ કર્યા કરતાં હતા. એમને રાત્રિ કે દિવસ ક્યાંય ચેન પડતું નહોતું.

એક તો યુવાન કુંવરના મૃત્યુનું દુઃખ હતું અને અધૂરામાં પૂરું રાજાની આવી અર્ધ-ઉન્મત્ત જેવી સ્થિતિ થઈ હતી, તેથી મોંઘીબાને ભારે ચિંતા થતી હતી.

મોંઘીબાના મનમાં થયું કે, "સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ગોંડલ પધારે અને રાજાને જ્ઞાનોપદેશ કરે, તો જ દરબારનું હૈયું શાંત થશે."

એમણે પોતાના અંગત સચિવ હરજીવન દવેને આ અંગે વાત કરી.

હરજીવન દવેએ પોતાના પુત્ર માધવજી દવેને જૂનાગઢ મોકલ્યા અને સ્વામીને બધી વિગત જણાવી ગોંડલ પધારવા વિનંતી કરી.

રાજપરિવારની વિનંતી સ્વીકારી સ્વામી ગોંડલ પધાર્યા. એમણે દરબાર સંગ્રામસિંહજીને જગતના નાશવંતપણાનો જોરદાર ઉપદેશ કર્યો.

વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં આ ઉપદેશનું સુંદર નિરુપણ કર્યું છે. સ્વામીએ કહ્યું, "દરબાર ! જનમવું અને મરવું એ તો જીવનો સ્વભાવ છે. આ દુનિયામાં માંધાતા જેવા મોટા મોટા રાજા-મહારાજાઓ હતા પણ કોઈ પૃથ્વી ઉપર કાયમ ટક્યું નથી." "મહારાજ વિક્રમ પણ રહ્યા નથી અને સોનાની લંકાનો ધણી રાવણ પણ રહ્યો નથી."

"આ દુનિયામાં કોઈ અમરપટ્ટો લખાવીને આવતું નથી."

"પાણીમાં પરપોટા ઉદ્‌ભવે અને ફૂટે એમ જીવ જન્મે છે અને મરે છે."

"ફુલવાડીમાં રોજ ફૂલ ખીલે છે અને રોજ કરમાય છે. એજ રીતે કાળ સર્વનો કોળિયો કરી જાય છે."

"ઋણાનુબંધે પુત્ર-પરિવાર ભેગા થાય છે અને ઋણાનુબંધ પૂરો થતાં...

**"શિશુ જાય જુવાન જાય છે, ઘરડાંનું પણ મૃત્યુ થાય છે,**
**વળી કોઇક ગર્ભથી ગળે, પણ નક્કી કશી રીત ન મળે.**
**વિકરાળ કાળ ઝાળ છે, સઘળે વ્યાપી રહી વિશાળ છે,**
**જન દેવ-અદેવ જોઇએ, પણ અંતે ઉગરે ન કોઇએ."**

## જોશી હરિભટ્ટની કથા

સ્વામીએ કહ્યું, "નરેશ ! અહંતા અને મમતા એ જ દુઃખનું મૂળ છે. આ વિષે હું તમને એક પ્રાચીન કથા સંભળાવું."

એક સુંદર નગર હતું. એમાં હરિ ભટ્ટ નામે વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા, તેઓ સારા જ્યોતિષી હતા.

તેઓ વ્યવહારે સુખી હતા પરંતુ દૈવઈચ્છાથી એમને ત્યાં કોઈ સંતાન નહોતું.

ભગવાનની કૃપાથી એમને ત્યાં મોટી ઉંમરે એક પુત્રનો જન્મ થયો.

હરિ ભટ્ટ જોષીના અંતરમાં આનંદ સમાતો નહોતો. પુત્રનું મુખ જોયા પહેલા જ એણે પોતાનું પંચાંગ ખોલ્યું અને પુત્રના જન્મનક્ષત્ર ઉપરથી જન્મકુંડળી તૈયાર કરી અને ભવિષ્ય જોયું.

ગ્રહોનું ફળ વાંચતા હરિભટ્ટ જોષીને અંતરમાં આંચકો લાગ્યો. ગ્રહોનું ફળ એવું કહેતું હતું કે,

**'મુખ જોતાં સુત કે પિતા મરે.'**

હરિ ભટ્ટ જોષીના અંતરમાં દુઃખનો પાર ન રહ્યો.

એમણે આ ધર્મસંકટમાંથી ઉગરવાને માટે દીકરાનું મુખ જોયા સિવાય ઘરનો ત્યાગ કરી દીધો.

તેઓ ફરતાં ફરતાં કાશી પહોંચ્યા, કાશીની સમીપે એણે એક આશ્રમ બાંધ્યો.

હરિ ભટ્ટ વિદ્વાન તો હતા જ, એટલે એમણે જ્ઞાનવાર્તાથી સારી નામના મેળવી સારું શિષ્ય-મંડળ તૈયાર કર્યું.

આ બાજુ હરિ ભટ્ટ જોષીનો દીકરો સોળ વર્ષનો થયો.

એક વખત એવું બન્યું, એ કિશોર વયનો છોકરો પોતાના બાળમિત્રો સાથે ગેડી-દડે રમતો હતો.

રમતાં રમતાં કાંઈ ખ્યાલ ન રહ્યો અને દડો એક વૃદ્ધ ડોશીમાને વાગ્યો.

**"રમતાં દડી વાગી ડોશીને, દીધી ગાળ્યો રમનાર જોષીને"**

ક્રોધાયમાન થયેલા ડોશીએ કહ્યું, "એલા, નબાપા! તારા બાપનું ઠેકાણું નથી, એટલે તું ઉન્મત્ત થઈને જેને તેને દડા મારે છે !"

ડોશીમાના આકરા વેણ બાળકના હૈયાને વીંધી ગયા. એણે ઘરે આવી પોતાની મા પાસે વેન લીધું કે, મને મારા બાપા ક્યાં છે ? એ બતાવો.

દીકરાની વાત સાંભળી માએ એને ખૂબ સમજાવ્યો પણ એ કોઈ રીતે માનવા તૈયાર નહોતો.

માએ કહ્યું, "બેટા ! તારો જન્મ થયો ત્યારથી જ તારા પિતાશ્રી કાશીની જાત્રાએ નીકળી ગયા છે. હાલ ક્યાં છે ? એની મને ખબર નથી."

છોકરાએ હઠ લીધી કે, હું મારા પિતાશ્રીને શોધવા જઈશ. બાળહઠ પાસે

માનું કાંઈ ચાલ્યું નહિ, આખરે માએ પોતાના પાડોશમાં એક સજ્જન પરગજુ ભૂદેવ રહેતા હતા એની સાથે બાળકને પિતાની શોધમાં રવાના કર્યો.

બંને જણા ચાલતાં ચાલતાં પાંચસો ગાઉનો પંથ કાપીને કાશી પહોંચ્યા.

સાંજનો સમય હતો, બંને ખૂબ ચાલીને થાકી ગયા હતા, એવામાં એમણે એક આશ્રમ જોયો. બેમાંથી એકેયને ખ્યાલ ન હતો કે આ આશ્રમ હરિભટ્ટ જોશીનો હતો. તેઓ રાત્રિવાસો કરવા આશ્રમમાં આવ્યા અને મહંતપદે વિરાજમાન હરિભટ્ટ જોશીને રાત્રિવાસ કરવા દેવા માટે વિનંતી કરી.

આખરે મૃત્યુના દેવતાએ અહીં બાપ-દીકરાને ભેગા કર્યા. પરંતુ બેમાંથી એકેય એકબીજાને ઓળખી શકે એમ નહોતા.

વર્ષો જૂની વાત હોવાથી પેલા બિચારા ભૂદેવ પણ મહંતના વેશમાં રહેલા હરિ ભટ્ટ જોષીને ઓળખી ન શક્યા.

મહંતે દયા કરીને આશ્રમમાં રાત્રિવાસ રહેવા માટે મંજૂરી તો આપી પરંતુ બાપ-દીકરાની ચાર આંખ ભેગી થતાં જ ક્રૂર વિધાતાએ પોતાનો કારમો ખેલ શરૂ કરી દીધો. રાત્રિનો અંધકાર ચારે બાજુ પ્રસરી ચૂક્યો હતો, વિધાતાએ પોતાનો પંજો યુવાનીને ઉંમરે ઊભેલા છોકરા ઉપર ફેલાવ્યો.

રાત્રે છોકરાને કોગળિયાનો એટલે કે કોલેરાનો રોગ લાગુ પડ્યો. છોકરો ઉલટી ઉપર ઉલટી કરવા લાગ્યો.

મહંતને ખબર પડી, મહંતને કોગળિયાનો રોગ આશ્રમમાં ફેલાવાની બીક લાગી એટલે એણે મધરાતે જ બેયને પરાણે મઠના દરવાજેથી બહાર ધકેલી દીધા. છોકરા તથા પોડોશીના કોઈ કાકલૂદી કે આક્રંદ એણે સાંભળ્યા નહિ.

મહંતને ખબર નહોતી કે, 'હું મારા એકના એક દીકરાને ધક્કા મારીને મોતના મુખમાં ધકેલી રહ્યો છું.' ખૂબ ઉલટીઓ થવાથી છોકરાને ભારે તરસ લાગી. છોકરો 'પાણી પાણી' કરવા લાગ્યો.

**'જળ રે જળ બોલતો મૂવો, નહિ પાસે નદી કે નહિ કૂવો'**

ભૂદેવે પાણી માટે આશ્રમનો દરવાજો ખૂબ ખટખટાવ્યો પરંતુ નિર્દય મહંતે દરવાજો ન ખોલ્યો તે ન જ ખોલ્યો.

અંતે પેલો છોકરો 'પાણી પાણી' કરતો કરતો મધરાતે મરણને શરણ થયો.

છોકરાની સાથે આવેલો પાડોશી હૈયાફાટ રુદન કરવા લાગ્યો.

સૂર્યોદય થતાં ગામના લોકો એકત્રિત થઈ ગયા.

કૌતુક જોવા માટે પેલો મહંત પણ આશ્રમમાંથી બહાર આવ્યો. એણે જોયું

તો છોકરો મૃત્યુ પામ્યો હતો.

માણસોમાંથી કોઈએ પેલા ભૂદેવને એમનો તથા આ છોકરાનો પરિચય પૂછ્યો.

ભૂદેવે લોકોને માંડીને બધી વાત કરી, ‘‘અમારે ત્યાં હરિ ભટ્ટ કરીને વિદ્વાન જ્યોતિષી હતા.’’

પોતાનું નામ સાંભળતા મહંતના કાન ચમક્યા ! ભૂદેવે વાત આગળ ચલાવી.

‘‘હરિભટ્ટ જોશીને ત્યાં મોટી ઉંમરે દીકરો થયેલો પરંતુ વિધાતાના લેખ વસમા હતા, બાપ-દીકરાની ચાર આંખો ભેગી થાય તો બાપ અથવા દીકરો, બેમાંથી એકનું મૃત્યુ થાય.’’

મહંતજી ટોળામાંથી આગળ આવી ધ્યાનથી વાત સાંભળવા લાગ્યા.

ભૂદેવ બોલ્યા, ‘‘હરિ ભટ્ટ જોષી આ ધર્મસંકટમાંથી બચવા માટે વર્ષો પહેલા ઘરનો ત્યાગ કરીને નીકળી ગયા છે અને કાશી તરફ આવ્યા છે, અમે બેય જણા એમની શોધમાં નીકળ્યા હતા. આ યુવાન છોકરો હરિભટ્ટ જોશીનો પુત્ર છે. આ યુવાન છોકરાનું મૃત્યુ થતાં એની દુઃખીયારી માને હું શું જવાબ આપીશ ? ’’

એમ કહી પેલા બિચારા ભૂદેવ આક્રંદ કરવા લાગ્યા.

ત્યાંતો બધાના આશ્ચર્ય વચ્ચે પેલા મહંત દોડીને મરેલા છોકરાને બાજી પડ્યા અને માથા પછાડી રોવા લાગ્યા.

લોકોએ પૂછ્યુ, ‘અરે મહંતજી! તમે શા માટે રડો છો ?’

મહંતે કહ્યું, ‘વાત કરવા જેવી નથી, અરે ! આ તો મારો જ દીકરો છે. હે ભગવાન ! મેં જ મારા દીકરાને રાત્રે ધક્કા મારીને આશ્રમની બહાર કાઢ્યો. મેં નિર્દય પાપીયાએ એને પાણી પણ ન પાયું!’

પેલા ભૂદેવ અને ગામલોકો તો આવું અચાનક સર્જાયેલું દૃશ્ય જોઈને અચંબો પામી ગયા. આ નમેરા બાપને આશ્વાસન આપવું કે ફીટકાર વરસાવવો, એ લોકોને સમજાતું નહોતું.

વિધાતાનો આવો વરવો ખેલ તો કોઈએ કલ્પ્યો પણ નહોતો.

ગોંડલ નરેશને આ કથા સંભળાવી વાતનું સમાપન કરતાં સ્વામીએ કહ્યું, ‘‘દરબાર ! છોકરો તો એજ હતો પરંતુ પોતાનો માન્યો નહોતો ત્યાં સુધી મહંતને કાંઈ દયા કે દુઃખ નહોતા પણ ખબર પડી કે આ દીકરો મારો છે એટલે એના દુઃખનો પાર ન રહ્યો.’’

**‘‘નિજનો ન ગણ્યો જ જ્યાં સુધી, દિલમાં દુઃખ થયું ન ત્યાં સુધી,**
**નિજનો સુત જ્યાંથી જાણીયો, પ્રજળ્યો પૂર્ણ પીડાથી પ્રાણીયો**

**નિજનું કરી જે મનાય છે, ક્ષય થાતાં દિલ દુ:ખ થાય છે,**
**મમતા મનમાં ન હોય તો, દિલમાં દુ:ખ ધરે ન કોઇ તો.**
**મમતા મનમાંથી જો તજે, સુખશાંતિ જન તો સદા સજે,**
**મમતા દુ:ખ કેરું મૂળ છે, મમતામાં જ સહસ્ર શૂળ છે."**

સ્વામીએ કહ્યું, "નરેશ ! અહંતા અને મમતા જ દુ:ખનું મૂળ છે. માટે સત્સંગ કરી મમતાના મૂળ ઉખેડી નાખો!"

"દરબાર ! આત્મતત્ત્વ સર્વથી ન્યારુ છે. એને જન્મ-મરણાદિ કાંઇ નથી. એ અનંત અને અવિનાશી છે. એને કાળ મારી શક્તો નથી. અને જે અનાત્મ તત્ત્વ છે એનો નાશ થયા વગર રહેતો નથી. માટે નાશવંત પદાર્થનો શોક ન કરાય."

આમ અનેક રીતે સમજાવી સ્વામીએ દરબાર સંગ્રામસિંહજી અને મોંઘીબાના મનમાંથી પુત્રમરણનો જે શોક હતો, તે હળવો કર્યો.

## રાજકુમાર ભગવત્‌સિંહજીનો જન્મ

ગોંડલ રાજ્યનો હવે કોઈ વારસદાર રહ્યો નહોતો, તેથી મહારાજ સંગ્રામસિંહજી અને મોંઘીબાના મનમાં ભારે દુ:ખ રહેતું હતું.

એમણે સ્વામીને ગોંડલ તેડાવ્યા અને રાજભવનમાં પધરાવ્યા.

મહારાજા દશરથ પોતાના મનની મૂંઝવણ કુલગુરુ વસિષ્ઠ પાસે રજૂ કરતા, એ જ રીતે મહારાજ સંગ્રામસિંહજીએ પોતાના મનની મૂંઝવણ ગુણાતીતાનંદ સ્વામી પાસે રજૂ કરી અને કહ્યું, "સ્વામી ! ગોંડલની ગાદીનો વારસદાર મળે, એવા અમને આશીર્વાદ આપો."

ગુણાતીતાનંદ સ્વામીએ રાજી થઈને કહ્યું, "નરેશ ! ભા દેવાજીથી લઈને અત્યાર સુધી ચાર ચાર પેઢીથી તમે સત્સંગ રાખતા આવ્યા છો. માટે અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે, આવતા બાર મહિનામાં મહારાજ તમારો મનોરથ પૂર્ણ કરશે."

મહારાજ સંગ્રામસિંહજી અને મોંઘીબાને આશીર્વાદ આપી સ્વામી પાછા જૂનાગઢ પધાર્યા.

સ્વામીનો આશીર્વાદ ફળ્યો અને વિ. સં. ૧૯૨૧ ની સાલમાં મોંઘીબાને ત્યાં રાજકુંવરનો જન્મ થયો.

બધાને ખૂબ આનંદ આનંદ થયો.

મહારાજ સંગ્રામસિંહજી અને મોંઘીબાએ કુમારને આશીર્વાદ દેવા માટે

સ્વામીને ફરીથી ગોંડલ તેડાવ્યા.

ગોંડલ નરેશના પ્રેમને આધીન થઈ સ્વામી ગોંડલ પધાર્યા. મહારાજ સંગ્રામસિંહજીએ પોતાના રાજમહેલમાં સ્વામીની પધરામણી કરાવી, સ્વામીના ભાલમાં ચંદનની અર્ચા કરી ફૂલોના હાર પહેરાવ્યા, વસ્ત્રો ઓઢાડ્યા, મેવા-મીઠાઈઓના થાળ ધર્યા અને ચરણમાં પાંચ સો રૂપિયાની ભેટ મૂકી.

ત્યારપછી દરબાર નાના કુંવરને પગે લગાડવા માટે તેડી લાવ્યા.

સ્વામીએ કુંવરને માથે હાથ મૂક્યો, કંઠી બાંધી વર્તમાન ધરાવ્યા, કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો અને આશીર્વાદ આપતાં કહ્યું, "આ કુંવર તો ગોંડલની ગાદી દીપાવે તેવા થશે."

મોંઘીબાની ઈચ્છા હતી કે કુંવરનું નામકરણ સ્વામી કરે.

સ્વામીએ કુંવરનું નામકરણ કરતા કહ્યું, "આ કુંવર ભગવાનની કૃપાથી જનમ્યા છે, એટલે એનું નામ ભગવત્સિંહજી રાખજો."

સ્વામીની વાત સાંભળી મહારાજ સંગ્રામસિંહજી, દીવાન દવે માધવજી અને મોંઘીબા અત્યંત રાજી થયા.

સ્વામી થોડા દિવસ ગોંડલ રોકાયા અને ભક્તજનોને કથા-વાર્તાનું સુખ આપ્યું પછી સ્વામી જૂનાગઢ પધાર્યા.

મોંઘીબાના મનમાં શુભ વિચાર થયો કે, "સ્વામીના આશીર્વાદથી જ આપણે ત્યાં કુંવરનો જન્મ થયો છે, તો બદલામાં આપણે કાંઈક સેવા કરવી જોઈએ."

"ગોંડલમાં ઘણા મંદિરો છે પણ ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનું શિખરબધ્ધ મંદિર નથી. ગોંડલ નરેશ ભાણબાપુએ જેઠા મહારાજની પ્રેરણાથી હરિમંદિર કરાવ્યું છે પરંતુ એની જગ્યાએ ત્રણ શિખરનું સુંદર મંદિર થાય તો સારું. આ માટે જૂનાગઢ સ્વામીને વિનંતી કરવી અને મંદિર માટે જે કાંઈ જમીન કે ધન સંપત્તિની જરુર પડે તે રાજ તરફથી પૂરા પાડવા."

મોંઘીબાએ પોતાનો સંકલ્પ મહારાજા સંગ્રામસિંહજીને જણાવતાં કહ્યું, "જૂનાગઢમાં પંચાળા દરબાર ઝીણાભાઈએ મંદિર બનાવ્યું, ધોલેરામાં મહારાજ પૂંજાજીએ મંદિર કરાવ્યું, ગઢપુરમાં દરબાર દાદા ખાચરે મંદિર કરાવ્યું અને તેઓ અમર કીર્તિને પામ્યા છે, એ જ રીતે આપણે ગોંડલમાં ભગવાન સ્વામિનારાયણનું મંદિર કરાવીએ અને આપણી સંપત્તિને લેખે લગાડીએ."

દરબાર સંગ્રામસિંહજી મોંઘીબાની વાત સાંભળી અત્યંત રાજી થયા. એમણે પોતાના અંગત મંત્રી માધવજી દવેને બોલાવ્યા અને જૂનાગઢ સ્વામીને વિનંતી પત્ર

લખ્યો કે, "સ્વામી ! તમે ગોંડલમાં મંદિર બનાવો. રાજ તરફથી સર્વ સહાયતા કરવામાં આવશે."

ગુણાતીતાનંદ સ્વામીએ માધવજી દવેને કહ્યું, "માધવજી ! મોંઘીબાને કહેજો કે, અમે આ અંગે વડતાલ જઈને વાત કરીશું અને તમને જણાવીશું."

વિ. સં. ૧૯૨૩ ની સાલ હતી. સ્વામી દર વર્ષની જેમ સંઘ લઈને ચૈત્રી સમૈયો કરવાને માટે વડતાલ પધાર્યા હતા.

સ્વામીએ વડતાલમાં આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજને ગોંડલ નરેશના શુભ સંકલ્પની વાત કરી.

ભગવત્પ્રસાદજી મહારાજે શુકાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, અદ્‌ભૂતાનંદ સ્વામી, પુરુષાનંદ સ્વામી વગેરે સંતો તેમજ આગેવાન હરિભક્તોને એકઠા કરી ગોંડલ નરેશનો ગોંડલમાં મંદિર કરાવવાનો શુભ સંકલ્પ જણાવ્યો.

આ વાત સાંભળીને સંતો-હરિભક્તો અત્યંત રાજી થયા. આચાર્ય મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! ગોંડલમાં મંદિર કરાવવાની આપ બધી જ વ્યવસ્થા કરો.

સ્વામીએ કહ્યું, "અમે તો હવે વૃદ્ધ થયા છીએ, મારા શરીરનો કોઈ નિરધાર નથી, એટલે આ કાર્યની જવાબદારી અન્ય કોઈ યોગ્ય વ્યક્તિને સોંપો એવું અમને લાગે છે."

ભગવત્‌પ્રસાદજી મહારાજે કહ્યું, "સ્વામી ! ગોંડલના મંદિરનું કાર્ય પૂર્ણ કરાવી શકે એવો કોણ છે ?"

સ્વામીએ કહ્યું, "અમને લાગે છે કે આ કાર્ય બ્રહ્મચારી અચિંત્યાનંદજીની આગેવાની નીચે ધ્યાની સંત કૃષ્ણસેવાદાસજીને સોંપાય તો સારું, કારણ કે આ બન્ને રાજપરિવારથી ખૂબ જ પરિચિત છે. વળી ગોંડલના હરિભક્તોને પણ આ બન્નેમાં ખૂબ જ ભાવ છે."

આટલું કહી સ્વામી જૂનાગઢ પધાર્યા.

# જૂનાગઢને આખરી સલામ

સંવત ૧૯૨૩નો ભાદરવો માસ ચાલતો હતો. જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦-૪૦ વર્ષથી કથાવાર્તાનો અખાડો માંડ્યો હતો. સ્વામીના મુખથી વરસતા બ્રહ્મરસના વરસાદથી સોરઠની ધરા ધન્ય થઈ હતી. ન માત્ર સોરઠ, દૂર-દૂર ગુજરાતમાંથી પણ અનેક ભક્તજનો આ અષાઢી મેઘમાં ભીંજાવા માટે જૂનાગઢ આવતા હતાં અને ધન્ય થતા હતાં. શહેરે-શહેરે, ગામડે-ગામડે અને નેસડે-નેસડે શ્રીહરિના સર્વોપરી મહિમાના ફાલની સુગંધ ફેલાણી હતી.

અષાઢી હેલી મંડાણી હોય ત્યારે કાંઈ બધા જ ભીંજાય એવું નથી હો'તું. ઘણી વાર તો કાંધના ક્યારા જ કોરા રહી જતાં હોય છે.

ગમે એટલો વરસાદ વરસે, ખેતરની પાહ પલળી જાય પણ ખળા જેવી ટોરાઈ ગયેલી ધરતીમાં પાણી અંદર ન ઉતરે. ઉપરથી દડીને ચાલ્યું જાય!

ગુણાતીતાનંદ સ્વામી સમસ્ત મહાગુજરાતની ધરતીને શ્રીહરિના સર્વોપરી મહિમાથી રસતરબોળ કરી રહ્યાં હતાં ત્યારે જૂનાગઢમાં સ્વામીની સાથે જ રહેનારાઓમાંથી કેટલાકના અંતર ખળા જેવા ટોરાયેલા હતા. જેમાં આ અનરાધાર વરસાદની ધારાઓ ઊંડી ઊતરી શકતી ન હતી.

જૂનાગઢમાં બધું સમુ-સૂતરું ન હતું. જેને રુંવાડે રુંવાડે બ્રહ્માંડ ઉડતા હોય એવા અક્ષરબ્રહ્મને પણ આ લોકમાં નાતીલાઓની ઉપાધિઓ સહન કરવી પડતી હતી. દુર્ભાગ્યે આ ઉપાધિની આગેવાની સ્વામીના જ શિષ્ય રઘુવીરચરણદાસજીએ લીધી હતી.

આખરે સ્વામીનું અંતર ઉદાસ થયું અને જૂનાગઢને છોડવાનો સંકલ્પ કર્યો. સાથે સાથે આ લોકમાંથી પણ વિદાય લેવાનો સંકલ્પ કર્યો.

આ લોકની બલિહારી છે! ભગવાન રામ કે ભગવાન કૃષ્ણ જેવાને પણ જગતના જીવોએ સુખે જીવવા દીધા નથી.

ભાદરવા વદી-૩ ત્રીજનો દિવસ હતો. સવારના પહોરમાં સ્વામીએ પોતાના

હાથે સંતો અને હરિભક્તોને કાકડીની પ્રસાદી વહેંચી અને બોલ્યા, 'અમારા અંગની વાત નો'તી છતાંય બાપની આજ્ઞાથી ચાલીસ વરસ, ચાર મહિના અને ચાર દિવસ જૂનાગઢની મહંતાઈ કરી. હવે આ જૂનાગઢ જેને સંભાળવું હોય એ સંભાળી લ્યે. અમે હવે જૂનાગઢ છોડી સત્સંગમાં ફરશું.'

સ્વામી જૂનાગઢથી ઉદાસ થયા હતા અને મહંતાઈ છોડી દેવા માગતા હતા. મહંતાઈ કોને સોંપવી ? એ મોટો પ્રશ્ન હતો.

સ્વામીના શિષ્ય રઘુવીરચરણદાસજી ખૂબ ભણેલા હતા, વિદ્વાન હતા, પરંતુ એમને પોતાની વિદ્વત્તાનો અહં ઘેરી વળ્યો હતો.

એમનું બીજા પ્રત્યેનું વર્તન તોછડું અને તુમાખીભર્યું થતું જતું હતું.

સ્વામીએ એમને પાછા વાળવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્વામીને લાગ્યું હતું કે, 'આ તલમાં હવે તેલ નથી.'

રઘુવીરચરણદાસજીના મનમાં જૂનાગઢ મંદિરના મહંત થવાની ખૂબ જ એષણા હતી. પરંતુ એનો સ્વભાવ જોતા આટલા મોટા મંદિરનો વહીવટ તેઓ ચલાવી શકે એમ નહોતા.

આખરે ગુણાતીતાનંદ સ્વામીએ માર્ગ કાઢ્યો. એમણે ભગવદ્પ્રસાદજી મહારાજને કહ્યું, ''જૂનાગઢની મહંતાઈ અચિંત્યાનંદજી બ્રહ્મચારીને સોંપો અને ઉપમહંત તરીકે રઘુવીરચરણદાસજીને નીમો. એટલે એનો મહંત થવાનો અભરખો પૂરો થાય અને મંદિરનો વ્યવહાર પણ સારી રીતે ચાલે.''

આ રીતે વ્યવસ્થા કરી શ્રીહરિએ પોતાને સોંપેલી જવાબદારી પૂર્ણ કરી સ્વામીએ જૂનાગઢને આખરી સલામ ભરી.

બ્રહ્મચારી અચિંત્યાનંદજી, સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી કૃષ્ણસેવાદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી વગેરે શિષ્યોને સાથે લઈ સ્વામી વંથલી પધાર્યા.

સ્વામીના પધારવાથી વંથલીના મહામુક્તરાજ કલ્યાણજીભાઈને અંતરમાં અતિ આનંદ થયો. વંથલીમાં કથાવાર્તાનો અખાડો મંડાયો.

એક વાર કલ્યાણજીભાઈએ સ્વામીને પૂછ્યું, 'સ્વામી! અક્ષરબ્રહ્મ તે કેવું હશે?' સ્વામી કહે, 'કલ્યાણજી! અક્ષરબ્રહ્મ તો તારી સામે બેઠું છે, પણ જીવને માનવામાં આવતાં વાર લાગે!'

આખરે સ્વામીએ ભાગવતજીનો શ્લોક ટાંક્યો.

**"અયં નૃલોકે બત ભૂરિભાગા લોકં પુનાનાં મુનયોભિયન્તિ ।"**

(આ લોકમાં ગૃહસ્થના આંગણાને પાવન કરનારા મુનિઓ સામે ચાલીને મળે છે, પણ ઓળખનારા વિરલા હોય છે. જગત દુર્ભાગી છે કારણ કે તે ભગવાન શ્રીકૃષ્ણને ઓળખી ન શક્યું. જગત કરતાં યાદવો વધારે દુર્ભાગી છે, કારણ કે તેઓ તો ભગવાનની સાથે રહ્યા છતાં ઓળખી ન શક્યા.)

વાત કરતા કરતા સ્વામીના અંતરમાં જૂનાગઢની ઉપાધિઓના પ્રસંગો રમી રહ્યા હતા. પછી તો સ્વામીએ કલ્યાણભાઈને હૃદગત રહસ્યસમી ખૂબ વાતો કરી અને જગત પ્રત્યેની પોતાની ઉદાસીનતા પણ જણાવી અને કહ્યું 'હવે અમારે સત્સંગમાં નથી રહેવું દેહ, છોડી દેવો છે.'

કલ્યાણજીભાઈને સ્વામીની વાત સાંભળી ખૂબ દુઃખ થયું અને કહ્યું, 'સ્વામી! અમે તમારા વિના નોધારા થઈ જઈએ. અમે તમને ધામમાં જવા નહીં દઈએ.'

સ્વામી મર્મમાં બોલ્યા, 'એમાં કોઈનું ધાર્યું હાલતું નથી. ધણીએ ધાર્યું હશે તેમ જ થાશે.'

સ્વામી વંથલીથી નીકળ્યા અને સોરઠમાં વિચરણ કરતાં કરતાં ઉપલેટા પધાર્યા. ઉપલેટાના લાલાભાઈ અને અરજણભાઈ પણ મહામુક્ત હતાં. સ્વામીના પધારવાથી એમને અત્યંત આનંદ થયો.

સ્વામીએ એમને પણ પોતાની ઉદાસીનતાની વાત કરી અને હવે અક્ષરધામમાં જવું છે એમ કહ્યું.

બંને ભક્તોની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એમણે હાથ જોડીને કહ્યું, 'સ્વામી! એવું કરશો નહિ. તમે ધામમાં જાવ તો હજારો મુમુક્ષુઓનું કોણ? અમે તમને ધામમાં નહીં જવા દઈએ.'

સ્વામીએ કહ્યું, 'લાલાભાઈ એ હવે તમારા કોઈના હાથની વાત નથી. મહારાજની મરજી હશે એમ જ થશે.'

## ગોંડલ રાજનું નિમંત્રણ

આ જ સમયે ગોંડલના મહારાણી મોંઘીબાએ ગણોદ નરેશ અભેસિંહજીને સ્વામી પાસે મોકલ્યા અને ગોંડલ પધારવા વિનંતી કરી.

ભગવતસિંહજી નાની ઉંમરના હતાં. ગોંડલની ગાદીના વારસદાર હતાં પરંતુ શિયાળ જેવા ચાલાક અંગ્રેજો ગોંડલના રાજ્યને ખાલસા કરી અંગ્રેજ સલ્તનતમાં ભેળવી દેવા માગતાં હતાં. એટલે કુંવરના વારસાહકને માન્ય રાખતા નહોતા.

ગોંડલ રાજ્ય અને અંગ્રેજ સત્તા વચ્ચે ગાદીના વારસાને લઈને વિવાદ થયો.

કેસ ચાલ્યો અને એ કેસ છેક ઇંગ્લૅન્ડ પ્રિવિકાઉન્સિલ સુધી પહોંચ્યો. પ્રિવિકાઉન્સિલનો નિર્ણય શું આવશે? એની ચિંતા મહારાજ સંગ્રામસિંહજી અને મોંઘીબાને મનમાં સતાવતી હતી.

મોંઘીબાના મનમાં થયું. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ કુંવરને મળે તો કામ સરળ બને.

મોંઘીબાએ મહારાજા સંગ્રામસિંહજીને વાત કરી. મહારાજાએ ગોંડલના કારભારી દવે માધવજી અને ગણોદ નરેશ અભેયસિંહજીને તેડાવ્યા અને પોતાના મનની સર્વ વાત કરી કહ્યું 'તમે બંને જણ જાઓ અને સ્વામી જ્યાં હોય ત્યાંથી ગોંડલ તેડી લાવો અને નાના કુંવરને આશીર્વાદ અપાવો.'

દરબાર અભેયસિંહજીને ખબર પડી કે સ્વામી ઉપલેટા બિરાજે છે એટલે તેઓ દવે માધવજી સાથે ઉપલેટા આવ્યા અને સ્વામીને ગોંડલ પધારવા વિનંતી કરી.

દરબાર અભેયસિંહજીની વિનંતી સાંભળી સ્વામી મર્મમાં હસ્યાં અને બોલ્યાં 'અમે તો છેલ્લું કાર્ય ઉપલેટા પૂર્ણ કરવાનું ધાર્યું હતું, પણ હવે મહારાજની મરજી કાંઈક જુદી લાગે છે.'

## એકાદશીના પારણા

સ્વામીએ ઉપલેટાથી પ્રયાણ કર્યું. રસ્તામાં આવતા હરિભક્તોના ગામડાંઓને પાવન કરતા, કથાવાર્તાનો લાભ આપતા સ્વામી ગોંડલ તરફ આગળ વધ્યા. સ્વામી સાથે સંતમંડળ સહિત લગભગ ચાલીસ જણાનો સંઘ હતો.

વચ્ચે એકાદશીનો પવિત્ર દિવસ આવ્યો. સ્વામીએ આખો દિવસ ઉપવાસ કર્યો હતો અને વિચરણ પણ ચાલુ રાખ્યું.

રસ્તામાં સાંજ પડી. થોડે દૂર એક ગામ હતું. ગામનાં પાદરમાં સુંદર નદી વહેતી હતી. સ્વામીએ સંઘ સાથે નદીના રેતાળ પટમાં રાતવાસો કર્યો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના મનમાં થયું 'સ્વામીએ આખો દિવસ ઉપવાસ કર્યો છે. શરીર વૃદ્ધ છે. શરીરે અશક્તિ છે, સ્વામીને સવારમાં ગરમાગરમ બાટીના પારણાં કરાવીએ તો સારું.' પરંતુ થાળ કરવા માટેની કોઈ સામગ્રી સાથે નો'તી.

બાલમુકુંદદાસજી સ્વામી વહેલા ઊઠ્યા. સ્નાન, ધ્યાન, પૂજાપાઠથી વહેલા પરવારી એક સંત અને એક હરિભક્તને સાથે લઈ નજીકના ગામે ગયાં. બ્રાહ્મ મુહૂર્ત થઈ ચૂક્યું હતું. ગામ જાગી રહ્યું હતું. સ્વામી ગામમાંથી થોડી છાસ અને બાજરાનાં લોટની ભિક્ષા લઈ આવ્યા.

બાલમુકુંદદાસ સ્વામીએ નદીના પટમાં મંગાળો માંડ્યો. બાજરાના લોટની બાટી બનાવી અને થોડો બાજરાનો લોટ છાસમાં નાખી કોઈ જાતના મરીમસાલા સિવાયની વઘાર્યા ધુંગાર્યા વગરની માત્ર મીઠાની ગાંગડી નાખેલી કઢી બનાવી.

આ બાજુ ગુણાતીતાનંદ સ્વામી જાગીને સ્નાન-પૂજાપાઠમાંથી પરવારી ચૂક્યા ત્યાં આકાશમાં અજવાળું થઈ ચૂક્યું હતું.

બાલમુકુંદદાસ સ્વામી, સ્વામી પાસે આવ્યા અને બે હાથ જોડી વિનંતી કરી 'સ્વામી ! થોડા પારણા કરશો?'

સ્વામી આશ્ચર્યથી પોતાના આ અંતરંગ સેવક સામે જોઈ રહ્યા અને બોલ્યા, 'સાધુરામ! અત્યારમાં આ વહેલી સવારે પારણાની સામગ્રી ક્યાંથી?'

બાલમુકુંદદાસ સ્વામીએ કહ્યું 'સ્વામી! અમે વહેલા ઊઠીને પડખેના ગામમાંથી બાજરાનો લોટ અને છાસ માગી લાવ્યા છીએ. એમાંથી આ બાટી અને કઢી બનાવી છે. આપને કાલનો ઉપવાસ છે. આપ થોડું જમો તો સારું.'

ગુણાતીતાનંદ સ્વામી પોતાના અંતરંગ અંતેવાસી શિષ્યની શ્રદ્ધા અને ગુરુ પ્રત્યેના અસાધારણ હેતને જોઈ અત્યંત રાજી થયા અને બોલ્યા, 'સારુ સાધુરામ! લાવો અમારું પત્તર.'

બાલમુકુંદદાસ સ્વામીએ સ્વામી આગળ પત્તર મૂક્યું એમાં બાટી અને પેલી અજનબી કઢી પીરસ્યાં.

સ્વામી કઢીમાં બાટીને ચોળીને જમવા લાગ્યા.

ઉગમણી દિશાએ સૂર્યનારાયણે કોર કાઢી હતી. બાળ રવિ પોતાના કોમળ કિરણોથી આ દિવ્ય દૃશ્યને નિહાળી ધન્યતા અનુભવી રહ્યા.

એ જ સમયે ગણોદ દરબાર અભેયસિંહજી થોડે દૂર બેસી અત્યંત ભાવથી સ્વામીના દર્શન કરી રહ્યા હતાં.

વાછડાને જોઈ ગાય પારસો મેલે એમ અભેયસિંહજીને જોઈ સ્વામીના અંતરમાં હેત ઊભરાયું અને બોલ્યાં 'અભેસંગ ! ઓરા આવો અને પ્રસાદી લ્યો!'

સ્વામીની વાત સાંભળીને અભેયસિંહજીને અંતરમાં અત્યંત આનંદ થયો. દરબાર થોડાક નજીક આવ્યા.

સ્વામીએ હસીને કહ્યું, 'પ્રસાદી તો છે પણ લેશો શેમાં ? કાંઈ પાત્ર હોય તો લાવો.'

આંખમાં ઝળઝળિયાં સાથે અભેસિંહે પોતાનો ખોબો આગળ ધર્યો.

અભેસિંહના મનમાં હતું 'આજે હું ધન્ય થયો. મને સ્વામીના પત્તરની પ્રસાદી

મળશે.' સ્વામી હસ્યા અને બોલ્યા, 'એલા અભેસંગ ! તું તો ચાંદીની થાળીમાં જમનારો તને આ પ્રસાદી ખોબામાં ફાવશે?'

અભેસિંહજીએ કહ્યું, 'સ્વામી ! આ પ્રસાદી માટે તો બ્રહ્મા પણ માછલું થયાં હતાં! આ પ્રસાદી તો ભવ બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ છે, તો હું તો કંઈ વાડીનો મૂળો!'

અભેસિંહજીની મહિમા સભર વાણી સાંભળી સ્વામી અત્યંત રાજી થયાં અને સ્વામીએ અભેસિંહના ખોબામાં પ્રસાદી રેડી અને સાથોસાથ સેવક સંતોને પણ પ્રસાદી આપી, સર્વને ધન્ય કર્યા.

## ગોંડલની ગાદીનું રાજતિલક

સ્વામી ત્યાંથી ચાલતાં થયાં અને ફરતાં ફરતાં સંવત્ ૧૯૨૩ આસો સુદી નવમીના દિવસે સવારના સમયે ગોંડલ પધાર્યા. બીજા દિવસે દશેરાના રોજ સ્વામીએ મંદિરમાં 'વિજયાદશમી'નો મહોત્સવ કર્યો. હરિભક્તોએ ભારે ભાવથી સંતો સહિત સ્વામીની પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યા.

આસો સુદ-૧૧ને દિવસે સવારમાં સ્વામી કેસરબાગમાં પધાર્યા. આ સ્થાન ભગવાન શ્રીહરિનું પ્રસાદીનું સ્થાન છે. સ્વામીએ અહીંયા સંતો-હરિભક્તોની સભા કરી અને શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની બળભરી વાતો કરી. ત્યાર બાદ સ્વામી પાછા મંદિરે પધાર્યા.

તે જ દિવસે સાંજના સમયે ચાર વાગ્યે દરબાર ગઢમાંથી મહારાજા સંગ્રામસિંહજી અને મોંઘીબાએ અભેસિંહજી દરબાર વગેરે કારભારી મંડળને મંદિરે મોકલ્યું ને સ્વામીને દરબારગઢમાં પધારવાની પ્રાર્થના કરી.

સ્વામીએ વિનંતી ગ્રાહ્ય રાખી અને દરબારે મોકલેલી બગીમાં બેસી સ્વામી સંતમંડળ સાથે દરબારગઢમાં પધાર્યા.

દરબારગઢમાં દરબાર સંગ્રામસિંહજીએ કેસર, ચંદન અને પુષ્પોના હારથી ભારે ભાવથી સ્વામીનું પૂજન કર્યું અને કહ્યું 'સ્વામી! કૃપા કરી અહીં ગોંડલમાં ત્રણ શિખરનું મંદિર કરો. આચાર્યશ્રીને તેડાવો અને ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવો.'

સ્વામી બોલ્યા 'દરબાર ! અમારા શરીરનો તો હવે ભરોસો નથી પણ શ્રીહરિ તમારા મનોરથ પૂર્ણ કરશે. તમારા શુભસંકલ્પની વાત અમે વરતાલ પહોંચાડી દીધી છે.' આમ સંવાદ ચાલે છે ત્યાં મોંઘીબાએ નાના કુંવર ભગવતસિંહજીને શણગારી સ્વામી પાસે મોકલ્યા.

સ્વામીએ ભગવતસિંહની સામે જોઈને કહ્યું, 'આ કુંવર તો ભગવાનના આપેલાં છે. એટલે તો અમે એમનું નામ ભગવતસિંહજી રાખ્યું છે.'

આટલું કહી સ્વામીએ કુંવરના લલાટમાં કુંકુંમથી રાજતિલક કર્યું અને બોલ્યા 'આ ગોંડલની ગાદીનું રાજતિલક ! આજથી ગોંડલની ગાદી અમે ભગવતને દીધી.' સ્વામીના વચન સાંભળીને રાજાને, મોંઘીબાને અને કારભારીઓ સહિત સર્વને ખૂબ જ આનંદ થયો. સ્વામીના આશીર્વાદના પ્રભાવને સર્વે સારી રીતે જાણતા હતા.

સ્વામીના આશીર્વાદથી ન માની શકાય એવો ચમત્કાર થયો. ગોંડલની ગાદી અંગે ઈંગ્લૅન્ડની પ્રિવિકાઉન્સિલમાં જે કેસ ચાલતો હતો તેનો ચુકાદો ગોંડલ નરેશની તરફેણમાં આવ્યો.

## ગોંડલનું રાજ આપો તોય એ ન બને

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મહા સમર્થ સંત હતા. ઉપાધિઓના મધ્યમાં રહે છતાં તેઓ સર્વથા નિર્લેપ અને નિર્ગુણ હતા. સ્વામીના વચનમાત્રથી જીવો નિર્વાસનીક થતા હતા.

સ્વામીના અંતરમાં મહારાજની મૂર્તિ સિવાય બીજા કોઈ સંકલ્પો નહોતા. છતાં પણ સ્વામી ભગવાન શ્રીહરિએ બાંધેલી પંચવર્તમાનની મર્યાદાઓનું કાળજીપૂર્વક પાલન કરતા હતા.

સ્વામી સ્વતંત્રપણે દેહોત્સર્ગ કરવા ગોંડલ પધાર્યા હતા.

ભગવાન સ્વામિનારાયણના મહાન કૃપાપાત્ર મોંઘીબા સ્વામીના ઐશ્વર્ય પ્રતાપથી સારી રીતે પરિચિત હતા.

સ્વામીની કૃપાથી જ એમને ત્યાં કુંવર ભગવતસિંહજીનો જન્મ થયો હતો એટલે મોંઘીબાને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને ભાવ હતા.

એકવાર મહારાણીને મનમાં એવો ભાવ જાગ્યો હતો કે 'જો મને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના ચરણસ્પર્શ કરવાનો અવસર મળે તો હું ધન્યભાગી થઈ જાઉં.'

મહારાણીના આ નિર્મળ સંકલ્પમાં સ્વામિનારાયણ સંપ્રદાયની સ્ત્રીઓ અંગેની ધર્મમર્યાદા અવરોધરુપ હતી.

ભગવાન સ્વામિનારાયણે સંતોને અષ્ટાંગ બ્રહ્મચર્યના વર્તમાન આપ્યાં હતાં. એટલે મોંઘીબાનો આ સંકલ્પ કોઈ રીતે પૂર્ણ થઈ શકે તેમ નહોતો.

મોંઘીબાને સ્વામી જેવા સમર્થ સંતના ચરણ સ્પર્શ કરવાની ઈચ્છા ઉત્તરોત્તર વધી રહી હતી.

એકવાર મોંઘીબાએ હિંમત કરીને કારભારી દ્વારા સ્વામીને સંદેશો મોકલાવ્યો કે 'મારી આટલી વિનંતી માન્ય રાખવાની સ્વામી દયા કરે.' સાથોસાથ મોંઘીબાએ એમ પણ જણાવ્યું કે 'જો સ્વામી આટલી માગણી મંજૂર રાખે તો મારે ભાયાવદર ગામ ગોંડલ મંદિરને અર્પણ કરવું.'

મોંઘીબાના કારભારીએ સ્વામીની પાસે આવી મોંઘીબાની વિનંતી સંભળાવી અને એમણે કરેલો સંકલ્પ પણ જણાવ્યો.

કારભારીની વાત સાંભળી સ્વામીએ કહ્યું, 'કારભારી ! મોંઘીબાને કહેજો કે ભાયાવદર તો ઠીક તમારું આખું ગોંડલ રાજ્ય આપો તોય એ વાત નહિં બની શકે. અને બીજું આ અમારી વાતથી તમને ખોટું લાગે તો તમે રાજના માલિક છો. તમે આ ગોંડલ મંદિર માટે જમીન આપી છે તે પાછી લઈ લો તો પણ ભગવાનની આજ્ઞા લોપીને બાઈઓનો સ્પર્શ અમારાથી નહીં થઈ શકે.'

કારભારી સ્વામીની તેજસ્વી મુદ્રા અને પ્રતાપી નજરને સહન કરી શક્યા નહીં અને નીચું જોઈ ગયા. એમણે મોંઘીબા પાસે જઈ સ્વામીની વાત સંભળાવી.

મોંઘીબા પણ ભક્ત હતા એટલે એમના અંતરમાં પસ્તાવો થયો અને સ્વામી પાસે પોતે કરેલા અવિવેકની ક્ષમા માગતો સંદેશો પહોંચાડ્યો.

સ્વામીએ પણ કહ્યું, 'કારભારી ! મોંઘીબાની ભાવના ઉત્તમ ને પવિત્ર છે. પણ મહારાજે બાંધેલી મર્યાદાનો લોપ થઈ શકે નહીં.' આ રીતે સ્વામીમાં શ્રીહરિની સ્વરુપનિષ્ઠા અને ધર્મનિષ્ઠા બેય અજોડ હતા.

ભગવાન શ્રીહરિએ ગ.અં.પ્ર-૨૬માં વચનામૃતમાં કહ્યું છે કે 'જે સંત ઈન્દ્રિયો અંતઃકરણ આદિ માયાના ગુણને દાબીને વર્તે પણ એનાથી પોતે દબાય નહિ તથા જે સંત ભગવાન સંબંધી ક્રિયાને જ કરતા હોય તથા જે સંત પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય તથા પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરતા હોય એવા સંત ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.'

## સ્વતંત્રપણે દેહોત્સર્ગ

આસો સુદી-૧૨નો દિવસ આવ્યો. સ્વામીને શરીરે થોડી કસર જણાતી હતી. એ સમયે ગણોદ દરબાર અભેસિંહજીએ પોતાના ઉતારાના દરબાર ગઢમાં પધરામણી કરવા સ્વામીને વિનંતી કરી.

સ્વામીને શરીરે કસર હોવાથી કોઈએ કહ્યું ‘પધરામણી આવતીકાલ ઉપર રાખો.’ સાંભળીને સ્વામી બોલ્યા ‘આવતીકાલની કોને ખબર ? આપણે આજે જ અભેસિંહજીને રાજી કરવા છે.’

બપોર પછીનો સમય હતો. સ્વામી સંતમંડળ સહિત અભેસિંહજીના દરબાર ગઢમાં પધરામણી કરવા નીકળ્યા. રસ્તામાં કોઈકે સ્વામીના કાનમાં ધીરે સ્વરે કહ્યું ‘સ્વામી ! જૂનાગઢથી આપણી વિરુદ્ધ કાગળ લખાયો છે અને વડતાલ મોકલ્યો છે.’

સ્વામીએ મર્મમાં કહ્યું ‘જૂનાગઢવાળાનો કાગળ જાય કે ન જાય આપણી ચિઠ્ઠી ધણીના દરબારમાં પહોંચી ગઈ છે અને સ્વીકારાઈ પણ ગઈ છે.’

સ્વામીના શબ્દોમાં શરીર છોડવાનો સ્પષ્ટ સંકેત હતો. આમ વાત કરતા સ્વામી અભેસિંહજીના દરબારગઢમાં પધાર્યા.

અભેસિંહજીના અંતરમાં અત્યંત આનંદ થયો એમણે પોતાના નાના કુંવર ભગવત્‌સિંહજીને સાથે રાખી સ્વામી તથા સંતમંડળની ભાવથી પૂજા કરી. ત્યાં સંધ્યા આરતીનો સમય થયો. સ્વામીએ દરબારગઢમાં જ ગોડી આરતી સ્તુતિ કર્યા ત્યારે ભક્તોને કદાચ અણસાર પણ નો’તો કે સ્વામી આ છેલ્લી આરતી ઉતારી રહ્યા છે.

આરતી-સ્તુતિ પછી સ્વામીએ સંતો પાસે કીર્તન ગવરાવ્યાં.

ગણોદ દરબાર શ્રી અભેસિંહજીના હૈયામાં હરખ સમાતો ન હતો. એમને મનમાં થયું મારે જૂનાગઢમાં રાધારમણ દેવને નિત્ય સાકરનો પાકો થાળ થાય એવું કરવું છે. એમણે પોતાનો વિચાર સ્વામીને જણાવ્યો. સ્વામી અત્યંત રાજી થયાં. દરબારશ્રીએ કાયમ થાળ માટે ભૂમિદાનનો સંકલ્પ કર્યો અને બોલ્યા ‘સ્વામી! આ ભૂમિનો લેખ આવતીકાલે કરાવી આપીશ.’

સ્વામી મર્મમાં હસીને બોલ્યા ‘દરબાર ! કાલ કોણે દીઠી છે ? કાલનો નિરધાર નથી, લેખ અત્યારે જ કરાવી લાવો.’ દરબારે લેખ તૈયાર કરાવ્યો અને પોતાના કુંવર ભગવતસિંહજી પાસે એ લેખ સ્વામીની આગળ મૂકાવ્યો.

સ્વામીએ રાજી થઈને કુંવર ભગવતસિંહજીના માથા ઉપર બે હાથ મૂક્યા અને બોલ્યા ‘ભગવાનના આપેલાં કુંવર હોવાથી ભગવતસિંહજી નામ સાર્થક છે. આ ભગવતસિંહજી મોટા ભક્ત થશે.’ આટલું કહીં સ્વામીએ દરબારગઢમાં બળ ભરી કથાવાર્તા કરી. રાત્રે લગભગ ૧૦ વાગ્યાના સુમારે સ્વામી મંદિરમાં પાછા પધાર્યા. સ્વામીને શરીરે શરદી જેવું હતું એટલે સ્વામી બાલમુકુંદદાસજીએ સગડી

કરી સ્વામીના શરીરે શેક કર્યો અને જાવંત્રી વગેરે ગરમ ઔષધો સ્વામીને આપ્યા.

રાત્રિનો ૧૨ વાગ્યાનો સમય થયો એટલે સ્વામીએ કહ્યું, 'હવે તમે સંતો સૂઈ જાઓ. મારા શરીરે સારું છે.' સ્વામીના કહેવાથી બધા સંતો પોત-પોતાના આસને ગયા.

આ બાજુ સ્વામી સ્વસ્તિક-આસનવાળી થાંભલાને ટેકે ધ્યાનમાં બેઠા. રાત્રિનો લગભગ બાર ઉપર પોણો વાગવા આવ્યો. એ સમયે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ અસંખ્ય વિમાનો લઈને અસંખ્ય અક્ષરમુક્તો સાથે પોતાના અનાદિ અક્ષર-બ્રહ્મને તેડવા પધાર્યા અને આ રીતે સંવત્ ૧૯૨૩ આસો સુદી-૧૨ ને ગુરુવારની રાત્રિએ સ્વામી સ્વતંત્ર થકા ધામમાં સિધાવ્યા.

સ્વામી ધામમાં પધાર્યા પરંતુ એમણે અષાઢી મેઘની જેમ વરસાવેલી બ્રહ્મરસભરી વાર્તાઓ કાયમને માટે સાચા મુમુક્ષુનું પોષણ કરતી રહી છે અને કરતી રહેશે.

# પરિશિષ્ટ - ૧

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સહયોગી નંદ સંતો

ભગવાન સ્વામિનારાયણના આદેશને અનુસરી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ જ્યારે જૂનાગઢ મંદિરના મહંત પદની જવાબદારી સંભાળી, ત્યારે શ્રીહરિની રુચિ સમજીને કેટલાક સંતો-પાર્ષદો-બ્રહ્મચારીઓ અનેક મુશ્કેલીઓ વેઠીને પણ જૂનાગઢની સેવામાં જોડાયા હતા અને શ્રીહરિ તથા સ્વામીનો અપાર રાજીપો મેળવ્યો હતો. આવા કેટલાક નંદ સંતો, દાસ સંતો, પાર્ષદો અને બ્રહ્મચારીઓના જીવનની ટૂંકી નોંધ આ સાથે પ્રસ્તુત કરી રહ્યા છીએ.

જૂનાગઢના શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી (પ્રભુસ્વામી)એ આ સંતોના જીવન વિષે 'સોરઠી સંતો', 'બ્રહ્મને વા'લા બ્રહ્મચારીઓ' વગેરે પુસ્તકો લખ્યાં છે, ઉપરાંત જૂનાગઢના શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ 'બ્રહ્મનિષ્ઠ સંતો' પુસ્તક લખ્યું છે. આ ગ્રન્થોમાં સંતોની વિશેષ માહિતી ઉપલબ્ધ છે. અહીં એમનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે.

બાલમુકુંદદાસજી સ્વામી, ધર્મસ્વરૂપદાસજી સ્વામી, ગોપીનાથદાસજી સ્વામી, નારાયણદાસજી સ્વામી વગેરે સંતોની ગાથાઓ સદ્‌ગુરુ ગાથા ભાગ-૨ માં વિસ્તૃત સ્વરૂપે આવી ગઈ છે.

આ ઉપરાંત સ્વામી રામદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, ધ્યાની સ્વામી ભગવાનદાસજી, શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી , પાર્ષદ જોરા ભગત, પાર્ષદ કેશવ ભગત, પાર્ષદ વસ્તા ભગત વગેરે સંતો-પાર્ષદોનો ટૂંકો પરિચય સદ્‌ગુરુ ગાથા ભાગ એક તથા બેમાં વણાઈ ગયો છે, માટે એમના જીવનચરિત્રનો પરિશિષ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

## સદ્‌ગુરુ શ્રી રાઘવાનંદ સ્વામી

ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ પ્રદેશના ગામડાઓમાં ફરવા માટે શરૂઆતમાં ચાર મંડળો બાંધ્યા હતા. તેમાં એક રાઘવાનંદ સ્વામીનું મંડળ હતું.

ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રાઘવાનંદ સ્વામીએ રાજુલા, ઉના, જાફરાબાદ વગેરે વિસ્તારોમાં ફરી આહીરોને સત્સંગી કર્યા હતા.

રાજકોટ જિલ્લાના ગોલીડા ગામમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્વામીનો જન્મ

થયો હતો. તેમના પિતાશ્રીનું નામ રામજીભાઈ હતું અને એમનું નામ રાઘવભાઈ હતું. તેઓ ચાર ભાઈ હતા. શ્રીહરિ તથા સંતોના સમાગમથી તેમનું સમગ્ર કુટુંબ સત્સંગી થયું હતું. એકવાર તેઓએ પોતાનાં ગામમાંથી જમને તગેડ્યા હતા, તેથી તેઓ 'જમતગડા' કહેવાતા.

ચાર ભાઈઓમાંથી રાઘવભાઈ અને વશરામભાઈ કુટુંબીજનોની સંમતિથી સાધુ થયા હતા. રાઘવાનંદ સ્વામી ખૂબ જ વ્યવહારકુશળ, સમજ અને સમયને ઓળખીને વાત કરવામાં નિપુણ હતા. શ્રીહરિની આજ્ઞાથી તેઓ ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ આવ્યા અને આજીવન જૂનાગઢ મંદિરમાં રહી રાધારમણદેવની ખૂબ જ સેવા કરી પ્રસન્નતા મેળવી હતી.

## સદ્‌ગુરુ શ્રી રામાનુજાનંદ સ્વામી

સદ્‌ગુરુ રામાનુજાનંદ સ્વામી કાનમ પ્રદેશના કેલોદ ગામના વતની હતા. પોતે ખેતીકામ અને ધીરધારનો ધંધો કરતા. પોતે શ્રીમંત પાટીદાર હતા.

એક વખત તેઓ ઉઘરાણી માટે બહારગામ ગયેલા. રસ્તામાં ઘાટા જંગલમાં લૂંટારાઓ તેમની પાછળ પડ્યા. લૂંટારાઓને જોઈ પોતે ભાગવા માંડ્યા, પણ લૂંટારાઓ તેમને આંબી ગયા.

એ સમયે તેઓએ ભગવાનને પ્રાર્થના કરી કે, "હું લૂંટાઉં એનો મને ભય નથી પરંતુ મને ભાલેથી વીંધી નાખશે, માટે હે ભગવાન ! મારી રક્ષા કરો." આમ પ્રાર્થના કરતા હતા, ત્યાં તો લૂંટારાઓએ તેમને ઘેરી લીધા અને મારવા ભાલું ઉગામ્યું ત્યાં તો અચાનક દશ-પંદર ઘોડેસવારો આવ્યા અને લૂંટારાઓને ઘેરી માર મારવા લાગ્યા. લૂંટારાઓ ત્રાહિમામ પોકારી ગયા. ઘોડેસવારોએ એમને પકડીને મજબૂત દોરડેથી બાંધ્યા. એમણે લૂંટી લીધેલા પૈસા ભગતને પાછા અપાવ્યા.

ભગતે ઘોડેસવારોને પૂછ્યું, "તમે કોણ છો ?" ત્યારે તેમાંથી એક પાઘડીવાળા ઘોડેસવાર કહે, "તમે જે ભગવાનની પ્રાર્થના કરતા હતા, તે ભગવાન છીએ અને અમને સહુ સ્વામિનારાયણના નામથી ઓળખે છે."

શ્રી હરિની વાત સાંભળી ભગત મહારાજના પગમાં પડ્યા અને પોતાના ઘરે પધારવા પ્રાર્થના કરી.

શ્રીમંતની પ્રાર્થના સાંભળી મહારાજ કહે, "અમો અત્યારે વડતાલ જઈ રહ્યા છીએ. જો તમે અમને મળવા માગતા હો તો વડતાલ આવજો." આમ કહી તમામ ઘોડેસવારો ત્યાંથી ચાલી નીકળ્યા.

આ બાજુ ભગતને વિચાર આવ્યો કે 'આજે મને ભગવાન સ્વામિનારાયણે બચાવ્યો, નહિતર મારું મોત નિશ્ચિત હતું. મારી ઉપર ભગવાને જે દયા કરી છે તે ભૂલી શકાય તેમ નથી, માટે એ ભગવાનની સેવા કરી મારો જન્મારો સુફળ કરી લઉં.' આમ વિચારી તેઓ ઘરે જવાને બદલે સીધા વડતાલ આવ્યા. શ્રી હરિનાં દર્શન કરી પાંચસો રૂપિયા પાસે હતા તે અર્પણ કર્યા. થોડા દિવસના સહવાસથી એમને સાધુ થવાનો વિચાર થયો અને મહારાજને વિનંતી કરી કે 'મને સાધુ કરો.'

શ્રીહરિએ પ્રાર્થના સાંભળી તેમને સાધુદીક્ષા આપી અને રામાનુજાનંદ સ્વામી નામ રાખ્યું.

શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને મહંતાઈ આપી, ત્યારે રામાનુજાનંદ સ્વામી પણ ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ આવ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રામાનુજાનંદ સ્વામી ગામડાઓમાં વિચરણ કરતા અને મંદિરોના નિર્માણ કરાવતા.

સ્વામી લતીપર ગામમાં મંદિર કરાવતા હતા. મંદિરમાં ખીંટીઓ નાખવી હતી, તેથી સ્વામીએ ગામના નરોત્તમભાઈને કહ્યું કે, "નરોત્તમભાઈ ! મંદિરમાં ખીંટીઓ નાખવી છે, તો લઈ આવો." ત્યારે નરોત્તમભાઈ કહે, "સ્વામી મારે માથે કરજ છે, તેથી હું સેવા કરી શકું તેમ નથી."

સ્વામી કહે, "નરોત્તમભાઈ ! તમે અફીણ ખાઈ ખાઈને મરી જશો એના કરતા મંદિર માટે બે રૂપિયાની ખીંટીઓ લઈ આવો, ભગવાન બધું સારું કરશે."

સ્વામીની આજ્ઞાથી નરોત્તમભાઈ બે રૂપિયાની એકતાલીસ ખીંટીઓ લઈ આવ્યા. ખીંટીઓ જોઈ સ્વામી રાજી થયા અને કહ્યું, "નરોત્તમ ! ભગવાન તમને એક એક ખીંટીએ હજાર હજાર રૂપિયા આપશે."

સ્વામીના આશીર્વાદથી નરોત્તમભાઈને ખેતીકામમાંથી પાંચ વર્ષમાં એકતાલીશ હજાર રૂપિયાનો નફો થયો હતો.

બોટાદના શિવલાલ શેઠ પૂજા કરતા ત્યારે સાક્ષાત ભગવાન શ્રીહરિ પૂજામાં પધારતા. રામાનુજાનંદ સ્વામી દરરોજ શિવલાલ શેઠની પૂજામાં દર્શન કરવા પધારતા અને પૂજા પૂરી થાય ત્યાં સુધી બેસતા. એકવાર સ્વામી અધવચ્ચેથી ઊભા થઈ જતા રહ્યા. પૂજા પૂરી કર્યા બાદ શિવલાલ શેઠે સ્વામીને પૂછ્યું , "સ્વામી ! આજ કેમ વહેલા જતા રહ્યા ?"

સ્વામી કહે, "શિવલાલ ! તમને રૂપવાન કે ધનવાન જાણીને અમે તમારી પૂજાના દર્શને નથી આવતા. અમે તો તમારી પૂજામાં સાક્ષાત શ્રીહરિ પધારે છે, તેમનાં

દર્શન કરવા આવીએ છીએ. પરંતુ આજે તમે ચાલુ પૂજાએ તમારા કામદાર સાથે વાત કરી, તેથી મહારાજ જતા રહ્યા. મહારાજના ગયા પછી અમે પણ ઊભા થઈ મંદિરે આવ્યા.'' સ્વામીની સ્પષ્ટ વાતથી શિવલાલભાઈને પોતાની ભૂલ સમજાઈ.

રામાનુજાનંદ સ્વામી યોગકળામાં નિપુણ હતા. પોતે એકાંતમાં બેસી સમાધિ કરી, શ્રીહરિની મૂર્તિનું સુખ અનુભવતા.

જીવનપર્યંત શ્રીહરિની આજ્ઞાપ્રમાણે રહી જૂનાગઢમાં પોતાનું શરીર છોડ્યું અને અક્ષરધામ સિધાવ્યા.

## સદ્‌ગુરુ શ્રી વ્રજ્યાનંદ સ્વામી

વિ.સં. ૧૮૮૪ના વૈશાખ વદ બીજના દિવસે ભગવાન શ્રીહરિના હસ્તે જૂનાગઢમાં રાધારમણદેવની પ્રતિષ્ઠા થઈ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરના મહંતપદે નિમાયા, એ સમયે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાથે ૨૫ જેટલા સંતો-પાર્ષદો જૂનાગઢ આવેલા.

સોરઠમાં સત્સંગ કથાવાર્તા માટે ગુણાતીતાનંદ સ્વામીએ ચાર સદ્‌ગુરુઓના મંડળો બાંધ્યા હતા, જેમાં વ્રજ્યાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, કૈવલાત્માનંદ સ્વામી તથા રામદાસ સ્વામીનો સમાવેશ થતો હતો.

સમય જતા મંદિરમાં સંતો-પાર્ષદોની સંખ્યા વધતા દશ મંડળો જૂનાગઢ દેશમાં ફરતા અને સત્સંગીઓનું પોષણ કરતા.

ગુણાતીતાનંદ સ્વામી સાથે આવેલા વ્રજ્યાનંદ સ્વામી સૌથી વૃદ્ધ અને જૂના સંત હતા. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના વખતથી તેઓ સત્સંગમાં પધાર્યા હતા.

વ્રજ્યાનંદ સ્વામી ઉત્તરપ્રદેશ ગોરખપુર વિસ્તારના રહેવાસી હતા.

તેઓના અંતરમાં નાનપણથી જ વૈરાગ્ય હતો. તેઓ ઘરનો ત્યાગ કરી, સાચા સિદ્ધોની ખોજમાં ફરતા હતા. તેઓ મોહનદાસ વૈરાગી તરીકે ઓળખાતા.

ભગવાન નીલકંઠવર્ણી જ્યારે નેપાળમાં વિચરણ કરી રહ્યા હતા, ત્યારે મોહનદાસ વૈરાગીને તેમનો જોગ થયો હતો. શ્રીહરિના તાપસવેશમાં મોહનદાસ આકર્ષાયા હતા. નીલકંઠ સાચા યોગી છે, એવી મોહનદાસને પ્રતીતિ થઈ હતી.

નીલકંઠવર્ણી વનવિચરણ દરમિયાન કોઈને પોતાની સાથે રાખવા માગતા નહોતા, એથી એમણે મોહનદાસ વૈરાગીને કોઇ શિવાલયમાં રહેવાની આજ્ઞા કરી વિદાય લીધી હતી.

વિદાય લેતી વખતે વર્ણીરાજે એમને વચન આપ્યું હતું કે 'સમય આવ્યે આપણે

પશ્ચિમ ભારતમાં મળીશું.'

આ બાજુ મોહનદાસ વૈરાગી વર્ણીનો વિરહ સહી શકે એમ નહોતા. તેઓ તીર્થયાત્રાને નિમિત્તે નીલકંઠવર્ણીને શોધતા શોધતા સૌરાષ્ટ્રમાં આવ્યા.

એમના મનમાં સૌરાષ્ટ્રનાં પ્રસિદ્ધ તીર્થધામ દ્વારિકાનાં દર્શનની ઈચ્છા હતી. દ્વારિકાના માર્ગે ચાલતા તેઓ લોજ ગામે આવ્યા. ત્યાં સાંભળ્યું કે અહીં રામાનંદ સ્વામી નામે મહાન સદ્‌ગુરુ છે, એમને ત્યાં કોઈ અદ્‌ભૂત 'નીલકંઠ' નામે તપસ્વી પધારેલા છે.

નીલકંઠ નામ સાંભળતા જ મોહનદાસ વૈરાગીના અંતરમાં આતુરતા જાગી. તેઓ રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યા. અહીં એમને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીના દર્શન થયા. મોહનદાસ વૈરાગી નીલકંઠવર્ણીને ઓળખી ગયા. એમના અંતરમાં આનંદનો પાર ન રહ્યો.

તેઓ થોડા દિવસ રામાનંદ સ્વામી સાથે રહી દ્વારિકાની યાત્રાએ ગયા. યાત્રા પૂર્ણ કરી પાછા લોએજ પધાર્યા, ત્યારે રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા હતા. આ જાણી મોહનદાસ ઘણા ઉદાસ થયા, પરંતુ સહજાનંદ સ્વામીના સમજાવવાથી તેઓ આશ્રમમાં જ સ્થિર થઈ ભજન-સ્મરણ કરવા લાગ્યા.

થોડો સમય જતા રામાનંદ સ્વામીએ મોહનદાસને દર્શન આપી જણાવ્યું કે, 'આ સહજાનંદ સ્વામી ભગવાન છે અને અમે એમના દાસ છીએ, માટે તમે એમનું ભજન કરો.'

મોહનદાસ રામાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે સહજાનંદ સ્વામી સાથે રહી ભજન-સ્મરણ કરવા લાગ્યા. શ્રીહરિએ મોહનદાસને સાધુ દીક્ષા આપી 'વ્રજ્યાનંદ સ્વામી' નામ રાખ્યું.

સમય જતા વ્રજ્યાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ પધાર્યા હતા અને ઉના વિસ્તારમાં ખૂબ વિચરણ કરી સત્સંગનો વિકાસ કર્યો હતો.

તેઓએ કાંધી, વાવરડા, વડવીયાળા, તડ વગેરે ગામોમાં સત્સંગ કરાવી મંદિરોના નિર્માણ કરાવેલા. એ ઉપરાંત ભાયાવદર, ફરેણી, જેતપુર વગેરે ગામોમાં પણ સૌપ્રથમ મંદિરો વ્રજ્યાનંદ સ્વામીએ કરાવેલા.

સ્વામીના સત્સંગથી ઉનાના હંસરાજભાઈ ગાંધી, ગણેશ શેઠ વગેરે કુટુંબો સત્સંગી થયેલા. દીવ પાસેના ઘોઘલા બંદરના નિવાસી લક્ષ્મીચંદ શેઠ પણ વ્રજ્યાનંદ સ્વામીના સમાગમથી સત્સંગી થયેલા.

બ્રાહ્મણના સમઢિયાળામાં વ્રજ્યાનંદ સ્વામી મંદિર કરાવતા હતા, તે સમયે

મંદિરને ઢાંકવા માટે નળિયા નહોતા. વ્રજ્યાનંદ સ્વામીએ ટીંબીના હરિભક્ત વીરા સાંખડને વાત કરી, તેથી વીરા સાંખડે પોતાના ઘરનાં નળિયા ઊતારી મંદિરમાં અર્પણ કરીને વ્રજ્યાનંદ સ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા.

પોતાની વૃદ્ધાવસ્થામાં સ્વામી જૂનાગઢ મંદિરમાં નિવાસ કરતા અને અહીં જ અક્ષરવાસી થયા હતા.

## સદ્‌ગુરુ શ્રી કૈવલાત્માનંદ સ્વામી

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા ત્યારે સાથે ૨૫ સંતો-પાર્ષદો હતા. તેમાં કૈવલાત્માનંદ સ્વામી પણ હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ કૈવલાત્માનંદ સ્વામીને મંડળધારી બનાવી ગામડાઓમાં ફરી સત્સંગનો પ્રચાર કરવો, દેવનો ધર્માદો ઉઘરાવવો, ગામડાઓમાં મંદિરો કરવા વગેરે જવાબદારીઓ સોંપી હતી. સ્વામીએ આ જવાબદારી આજીવન નિભાવી હતી. કૈવલાત્માનંદ સ્વામીનું જીવન સાદું અને સાત્ત્વિક હતું. તેઓ કોઈ પણ વસ્તુનો ઉપયોગ ભારે કરકસરપૂર્વક કરતા. તેઓ વડતાલ મંદિરના કોઠારની સેવામાં પણ ઘણો સમય જોડાયા હતા.

કૈવલાત્માનંદ સ્વામીએ અમરેલી જિલ્લાના વાંકીયા, સમઢિયાળા, કુંકાવાવ વગેરે ગામોમાં ફરી સત્સંગના પિયુષ પાયા હતા અને મંદિરોના નિર્માણ કરાવ્યા હતા.

કૈવલાત્માનંદ સ્વામી નાની કુંકાવાવ પધારેલા. એ અરસામાં ભારે વરસાદથી ખારી નદીમાં પૂર આવ્યું. પૂરનાં પાણીથી ગામમાં ઘણું નુકસાન થવા લાગ્યું. હરિભક્તોએ મંદિરમાં આવી સ્વામીને વાત કરી ત્યારે સ્વામીની પ્રાર્થનાથી થોડા જ સમયમાં પૂર ઓસરી ગયું અને ગામની રક્ષા થઈ હતી.

કૈવલાત્માનંદ સ્વામીએ આજીવન શ્રીહરિની આજ્ઞામાં રહી જૂનાગઢ મંદિરમાં સેવાઓ કરી અને અહીં જ અક્ષરવાસી થયા હતા.

## સદ્‌ગુરુ શ્રી વિશુદ્ધાત્માનંદ સ્વામી

ભગવાન સ્વામિનારાયણ દ્વારા જૂનાગઢમાં દેવોની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા બાદ ગુણાતીતાનંદ સ્વામી સાથે ઘણા સંતો-પાર્ષદોનો મંદિરમાં નિત્ય વસવાટ થયો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કોઠાર, રસોડું, ઠાકોરજીની સેવા-પૂજા, પૈસાની લેવડદેવડ, ખરીદી વગેરે સેવાઓમાં યોગ્ય સંતો-પાર્ષદોને જોડ્યા. દરેક સેવાઓમાં સ્વામી પોતે દેખરેખ રાખતા અને યોગ્ય સલાહસૂચન આપતા.

મંદિરમાં દરરોજ પાંચ વખત કથા-વાર્તા થતી. સ્વામી પોતે કથામાં અવશ્ય હાજરી આપી કથાનો લાભ આપતા. મંદિરમાં હમેશા ગુજરાતી ભાષાના ગ્રંથોની કથા થતી, પરંતુ વિશેષ પ્રસંગોએ સંસ્કૃત ભાષાના ગ્રંથોની કથા થાય તેવી સહુને ઈચ્છા રહેતી. પણ સંસ્કૃત ભાષાના ગ્રંથોની કથા વાંચે એવા વિદ્વાન સંત નહોતા.

આ મુશ્કેલીને દૂર કરવા ગુણાતીતાનંદ સ્વામીએ આ બાબતે શ્રીહરિને વિનંતી કરી. તેથી શ્રીહરિએ વિશુદ્ધાત્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે, ''તમે જૂનાગઢમાં રહો અને સંતો-ભકતોને સંસ્કૃત ભાષાના શાસ્ત્રો વાંચી સંભળાવો.'' મહારાજની આજ્ઞાથી વિશુદ્ધાત્માનંદ સ્વામી જૂનાગઢ આવ્યા અને અહીં રહીને સહુને કથાવાર્તાનો લાભ આપતા.

વિશુદ્ધાત્માનંદ સ્વામીની સુંદર તથા રસાળ શૈલીમાં ભાગવતાદિક શાસ્ત્રોની કથા સાંભળવામાં સહુને રસ આવતો. સ્વામીને પુરાણ, ધર્મશાસ્ત્ર, સાહિત્ય વગેરે વિષયોના બે હજાર ઉપરાંત શ્લોકો કંઠસ્થ હતા. શ્રાવણ માસ, અધિક માસ તથા વિશેષ પ્રસંગોએ જૂનાગઢ, ઉના, માળિયા, માણાવદર, ગોંડલ, મેંગણી વગેરે ગામોમાં સ્વામી સંસ્કૃત શાસ્ત્રોની કથા સંભળાવવા જતા અને હરિભક્તોને રાજી કરતા.

સ્વામી શુરવીર શૈલીમાં કથા કરતા. સંત કે હરિભક્ત જો મહારાજની આજ્ઞાનો ભંગ કરે તેમને કડકાઈથી કહેતા અને મહારાજનો મહિમા સમજાવતા.

વિશુદ્ધાત્માનંદ સ્વામી પોતાની વૃદ્ધાવસ્થામાં વિશેષ વડતાલમાં રહેતા. વિ.સં ૧૯૧૪માં તેઓ વડોદરા મંદિરમાં અક્ષરનિવાસી થયા.

# પરિશિષ્ટ - ૨

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર સંતો, બ્રહ્મચારીઓ તથા પાર્ષદો

### ધ્યાની સ્વામી શ્રી કૃષ્ણસેવાદાસજી

હાલાર પ્રદેશનો સત્સંગ ભગવાન સ્વામિનારાયણના વખતથી વખણાય છે. આ હાલારના રાજધાની સમા શહેર જામનગરમાં કડિયા જ્ઞાતિમાં ગોવિંદભાઈ નામે સત્સંગી રહે. તેમને ત્યાં એક ડાહ્યાભાઈ નામે પુત્ર થયો.

ડાહ્યાભાઈએ પણ વારસામાં મળેલા સત્સંગને સાચવી રાખ્યો. પોતે કડિયાકામ કરે. સમય મળે ત્યારે સંત સમાગમ, દેવદર્શનનો લાભ લે. સંતોના સહવાસથી સંસાર પ્રત્યે સહેજે અરૂચિ થઈ.

યુવાન ઉંમરે સંસારમાં રૂચિ ન હોવા છતાં પિતાના અતિ આગ્રહના કારણે ઘરસંસાર માંડ્યો. લગ્ન બાદ કામધંધા માટે ડાહ્યાભાઈને કરાંચી જવાનું થયું.

મહાનુભાવાનંદ સ્વામી સત્સંગ વિચરણ કરતા કરતા કરાંચી પહોચ્યા. કરાંચીમાં ભગવાન સ્વામિનારાયણનું નાનું હરિમંદિર હતું. સ્વામી અહીં રહી ભક્તોને કથા-વાર્તાનું સુખ આપતા.

ડાહ્યાભાઈ પણ દરરોજ સત્સંગમાં પહોંચી જતા. સમય જતા મહાનુભાવાનંદ સ્વામીના સત્સંગથી ડાહ્યાભાઈને સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે સ્વામીને સાધુ કરવા વિનંતી કરી. મહાનુભાવાનંદ સ્વામીએ ડાહ્યાભાઈની મુમુક્ષુતા પારખી અમદાવાદના આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી ‘ભગવાનદાસ’ નામ પાડ્યું.

સાધુ થયા બાદ તેમના સસરા પક્ષને ખબર પડતા તેઓ અમદાવાદ આવી ભગવાનદાસજીને સમજાવ્યા, પરંતુ ભગવાનદાસ એકના બે ન થતા તેઓએ રાજકોટની કોર્ટમાં કેસ કર્યો. કોર્ટે અમદાવાદ મંદિરને સમન્સ પાઠવ્યા, તેથી આચાર્યશ્રીએ તથા મહાનુભાવાનંદ સ્વામીએ ભગવાનદાસજીને સમજાવી ઘેર મોકલ્યા.

કૌટુંબિક ઉપાધિ શાંત થતા ફરી ડાહ્યાભાઈ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જઈ સાધુ થવાની ઈચ્છા વ્યક્ત કરી. ગુણાતીતાનંદ સ્વામીએ રાજી થઈ વડતાલ રઘુવીરજી મહારાજ પાસે દીક્ષા અપાવી સાધુ કર્યા અને ‘કૃષ્ણસેવાદાસજી’ નામ રાખ્યું.

સ્વામી કૃષ્ણસેવાદાસજીએ આજીવન ગુણાતીતાનંદ સ્વામીની મરજી પ્રમાણે રહી સેવાઓ કરી. કૃષ્ણસેવાદાસજી સ્વામીને બાંધકામમાં સારું ધ્યાન પડતું, તેથી ગુણાતીતાનંદ સ્વામી મંદિરના બાંધકામમાં હમેશા કૃષ્ણસેવાદાસજી સ્વામીનું માર્ગદર્શન લેતા. ગુણાતીતાનંદ સ્વામીએ નવી ધર્મશાળા બનાવી તેમાં સ્વામી કૃષ્ણસેવાદાસજીએ ખૂબ સેવા કરી સ્વામીનો રાજીપો મેળવ્યો હતો.

જૂનાગઢ મંદિરમાં શિખર ઊપર જવા માટેની સીડી બહાર હતી. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને થયું, જો સીડી મંદિરના અંદરના ભાગમાં હોય તો સારું. ગોપાળાનંદ સ્વામીની મરજી જાણી કૃષ્ણસેવાદાસજીએ મંદિરને નુકસાન ન થાય એ રીતે તે સીડી અંદર કરી આપી, તેથી ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી બન્ને સંતો કૃષ્ણસેવાદાસજી સ્વામી ઉપર ખૂબ રાજી થયા.

લોધિકા દરબાર અભેસિંહજી તથા સ્વામી કૃષ્ણસેવાદાસજી બન્નેએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન સિદ્ધ કર્યું હતું, જેથી તેઓ સંપ્રદાયમાં 'ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજી' તરીકે પ્રસિદ્ધ થયા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જ્યારે ગોંડલમાં અક્ષરવાસી થયા, ત્યારે સ્વામી કૃષ્ણસેવાદાસજી સાથે હતા. એ સમયે ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામી કૃષ્ણસેવાદાસજીને કહ્યું હતું કે, "હવે મારું શરીર વૃદ્ધ થયું છે, તેથી ગમે ત્યારે હવે મહારાજ તેડવા પધારશે. બીજું કે હું તમને ભલામણ કરું છું કે તમે મંદિરનો અધિકાર ક્યારેય લેશો નહીં, શ્રીહરિની આજ્ઞા દૃઢ કરીને પાળજો તથા ભગવાન સ્વામિનારાયણ સર્વ અવતારના અવતારી છે તેવું દૃઢ કરીને માનજો.'

સ્વામી કૃષ્ણસેવાદાસજીએ સદ્‌ગુરુની આ ભલામણને જીવનભર દૃઢ કરીને રાખી હતી.

ગોંડલના મહારાણી મોંઘીબાને ગોંડલમાં શિખરબદ્ધ મંદિર કરવાની તીવ્ર ઈચ્છા હતી. એમણે સ્વામીને એ માટે વિનંતી કરી હતી. સ્વામીએ એ વાત વરતાલના આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ તથા મોટા નંદ સંતોને કાને નાખી હતી. બધાએ આ કાર્યમાં રાજીપો દર્શાવ્યો હતો.

આ મંદિરનાં નિર્માણકાર્યની જવાબદારી આચાર્ય મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની ભલામણ પ્રમાણે બ્રહ્મચારી અચિંત્યાનંદજીને સોંપી હતી અને સહાયમાં સ્વામી કૃષ્ણસેવાદાસજીને રાખ્યા હતા. સ્વામીએ ભારે કુશળતાથી ગોંડલ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરાવ્યું હતું.

ગોંડલનું મંદિર તૈયાર થવા આવ્યું ત્યારે ગોંડલ મંદિરનો વ્યવહાર સંભાળવા માટે ઘણાની દાઢ ડળકી હતી.એક તો ગોંડલના આસપાસના ગામડાઓમાં સત્સંગનો ખૂબ જ વિકાસ થયો હતો. ગોંડલના હરિભક્તો પણ ભારે હોંશીલા અને સેવાભાવી હતા. સૌથી મોટી વાત તો એ હતી કે આ મંદિરને રાજનો ભારે ઓથ હતો.

આ અનેક કારણોસર કેટલાક લોકોએ ગોંડલ મંદિરમાં પ્રતિષ્ઠા થયા પહેલા જ યેનકેન પ્રકારેણ વ્યવહારમાં પેસારો પણ સરખા સ્વાર્થથી કરી દીધો હતો. એમાં વડતાલ ઉપરાંત જૂનાગઢના પણ કેટલાક લોકો સરખા સ્વાર્થથી ભળ્યા હતા.

આ લોકોને વધારે ભય સ્વામી બાલમુકુંદદાસજીનો લાગતો હતો, એટલે તેઓએ સ્વામી કોઈ રીતે પ્રતિષ્ઠામાં ન પહોંચે એવો કારસો રચ્યો હતો. સ્વામી કૃષ્ણસેવાદાસજી જેવા સજ્જન સંતો મૂકભાવે આ તાલ જોતા હતા.

આ લોકોએ ભગવત્‌પ્રસાદજી મહારાજને એવા ભરમાવ્યા કે સ્વામી કૃષ્ણસેવાદાસજી અહીં વધારે રહેશે તો મંદિરનો કબજો લઈ લેશે.

ભોળા આચાર્યશ્રીએ આવી વાતોથી ભરમાઈને પ્રતિષ્ઠા ઉત્સવ પૂર્ણ થયો કે તુરત જ સભામાં સ્વામી કૃષ્ણસેવાદાસજીને આદેશ કર્યો, ‘‘સ્વામી ! હવે તમે દેશ ફરવા જાવ.’’

સ્વામી ભારે ચતુર હતા. સાથે એટલા જ નિઃસ્પૃહી અને વિતરાગી હતા. મહારાજશ્રીના આદેશનો મર્મ એ સમજી ગયા. એમણે પણ નિર્ભિક રીતે ખુમારીથી કહ્યું, ‘‘મહારાજ ! ઝોળી લઈ આવું કે મંગાવી લઉં ?’’

સ્વામીનો પ્રશ્ન છીછરા મનવાળાને લપડાક સમાન હતો, ઉપરાંત એ પ્રશ્નમાં સ્વામીની નિઃસ્પૃહીતા નીતરતી હતી. આવડા મોટાં સ્થાનનો વિકાસ કર્યા બાદ પણ એમની અંગત મૂડીમાં પૂજાની ઝોળી સિવાય કશું જ નહોતું.

બાકી સ્વામીની જગ્યાએ કોઈ બીજો હોત, તો એણે ઝોળીઓની ઝોળીઓ ભરી હોય.

સ્વામીનો ધારદાર પ્રશ્ન સાંભળી આચાર્ય મહારાજ તથા મોટા મોટા સંતો આ વિતરાગી સંત સામે અહોભાવથી જોઈ રહ્યા.

મહારાજશ્રીના અંતરમાંથી અવાજ ઊઠ્યો કે ‘કંઈક ખોટુ થઈ રહ્યું છે.’ સાચા સંત માટે ખોટી કલ્પના થઈ રહી છે, પરંતુ હવે વેણ વાળી શકાય એમ નહોતું.

મહારાજશ્રીએ સ્વામીની સેવાને બિરદાવી દેશ ફરવાની વાત કાયમ રાખી.

સ્વામીની વાત ન્યારી હતી. એ ગુણાતીત પરંપરાના અસલ સંત હતા. એમણે મહારાજની મૂર્તિ સિવાય આ ક્ષુલ્લુક પદાર્થો, સંપત્તિ, માન-સન્માનમાં સુખ માન્યું

નહોતું. સ્વામી કૃષ્ણસેવાદાસજી ગામડામાં વિચરણ કરતા કરતા મોટા ગોખરવાળા પધાર્યા હતા. સ્વામીએ હરિભક્તોને કહ્યું, ''મારે આવતી અમાસે બપોરના ધામમાં જવું છે, માટે સુતારને બોલાવી પાલખી તૈયાર કરાવો.''

સ્વામીની વાત સાંભળી હરિભક્તોએ કહ્યું, ''સ્વામી અમાસ તો કાલે જ છે અને તમારા શરીરમાં કોઈ માંદગી તો દેખાતી નથી.''

સ્વામી કૃષ્ણસેવાદાસજીએ કહ્યું, ''મે જિંદગીભર મહારાજની આજ્ઞા પાળી છે, સદ્‌ગુરુઓની મરજી પ્રમાણે રહી તેમનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. માટે મહારાજ હું કહું એ દિવસે ચોક્કસ ધામમાં તેડી જશે.''

વિ. સં. ૧૯૩૭ના ચૈત્ર વદ અમાસના દિવસે સ્વામીએ કહેલા સમયે આજુબાજુના ગામના હરિભક્તો એકઠા થઈ ધૂન કરી રહ્યા હતા.

ધામમાં જવાનો સમય થતા સ્વામી કૃષ્ણસેવાદાસજી કહે, ''હવે ધૂન રાખો, મહારાજ અને સંતો મને લેવા પધાર્યા છે.'' આમ કહી સ્વામી છાણ લીંપેલી ધરતી ઊપર બેઠા અને સહુને 'જય સ્વામિનારાયણ' કહી અક્ષરની વાટ લીધી.

## સદ્‌ગુરુ સ્વામી શ્રી વિષ્ણુવલ્લભદાસજી

ભાદર નદીના કાંઠે વસેલાં સતાપર ગામના નિવાસી ફુલજી રામાનંદ સ્વામીના સમયથી સત્સંગી થયા હતા. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. સમય જતા ફુલજી ગોંડલ પાસેના બંધિયા ગામે રહેવા ગયેલા.

એક વખત મુક્તાનંદ સ્વામી કચ્છ-ભૂજ જતા હતા. ફુલજીએ ભોમિયા તરીકે સાથે રહી સંતોને ભૂજ પહોચાડ્યા તેથી સંતો તથા મહારાજ ફુલજી ઉપર ખૂબ જ રાજી થયા હતા.

ફુલજી અવારનવાર વડતાલ, ગઢપુર, અમદાવાદ વગેરે તીર્થોમાં સમૈયા-ઉત્સવ હોય ત્યારે દર્શન કરવા પહોચી જતા.

સમય જતા તેઓને વૈરાગ્ય થતા શ્રીહરિ પાસેથી સાધુદીક્ષા લઈને 'વિષ્ણુવલ્લભદાસજી' નામે ઓળખાવા લાગ્યા. દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેઓ જૂનાગઢ આવી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞામાં રહી સેવાકાર્યોમાં જોડાઈ ગયા.

ઉનામાં હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠા પ્રસંગે વિષ્ણુવલ્લભદાસજી સ્વામીએ ખૂબ જ સેવાઓ કરી હતી, તેમજ જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિના નિર્માણકાર્યમાં પણ ઘણી મહેનત કરી હતી.

સ્વામી રામદાસજી અક્ષરવાસી થયા પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ

ગામડાઓમાં નામ-ધર્માદો ઉઘરાવવા મંડળધારી તરીકે સ્વામી વિષ્ણુવલ્લભદાસજીની પસંદગી કરી હતી.

સ્વામી વિષ્ણુવલ્લભદાસજી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ગામડાઓમાં ધર્માદો ઉઘરાવવા નીકળ્યા હતા. તેઓ ફરતા ફરતા વડપીપળા ગામે આવ્યા.

ગામના દરેક સત્સંગીઓએ ધર્માદો જમા કરાવ્યો, પરંતુ ગામના ધના મહારાજની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી તેઓ કંઈ આપી ન શક્યા.

ધના મહારાજે વિચાર્યું, 'બધા સત્સંગીઓએ ધર્માદો આપ્યો પરંતુ હું નથી આપી શક્યો, માટે મારા ઘરમાં અનાજ દળવાની ઘંટી છે તે વેચી તેમાંથી ધર્માદો આપું.' આમ વિચારી તેઓએ ઘંટી વેચી એક રાળ વિષ્ણુવલ્લભ સ્વામીને અર્પણ કર્યો. આ વાતની સ્વામીને ખબર પડતા તરત જ તેઓએ રાળ ધના મહારાજને પરત કરી ઘંટી પાછી લેવરાવી અને ધના મહારાજને કહ્યું, ''પોતાને કાયમ ઉપયોગમાં આવે તેવી વસ્તુ વેચીને ધર્માદો ન આપવો !'' આમ સ્વામી ધર્માદો ઉઘરાવવામાં વિવેકદષ્ટિ રાખતા.

વૃદ્ધાવસ્થા પર્યન્ત વિષ્ણુવલ્લભદાસજી સ્વામીએ રાધારમણદેવની સેવા કરી. વિ. સં. ૧૯૩૦ની સાલમાં જૂનાગઢ મંદિરમાં જ દેહનો ત્યાગ કરી તેઓશ્રી અક્ષરવાસી થયા.

## બ્રહ્મચારી અચિંત્યાનંદજી મહારાજ

સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગ્રંથ શ્રીહરિલીલા કલ્પતરુના રચયિતા બ્રહ્મચારી શ્રીઅચિંત્યાનંદજી સ્વામી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના ખૂબ કૃપાપાત્ર હતા.

ઉપરાંત, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ વગેરે મહાન પુરુષો પણ એમના ઉપર ખૂબ જ રાજી હતા.

બ્રહ્મચારી મહારાજનો જન્મ ગુજરાતમાં ડાકોર પાસેના તૃણોલ ગામે વિ.સં. ૧૮૭૯માં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ ગંગાશંકર હતું. તેમના પિતા દીનકર ભટ્ટ ખૂબ વિદ્વાન હતા. તેઓ ડાકોરમાં રણછોડરાયજીના મંદિરમાં નિયમિત ભાગવતની કથા વાંચતા.

એમણે પોતાના પુત્ર ગંગાશંકરને વ્યાકરણ, ન્યાય, કાવ્ય વગેરે ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરાવ્યો હતો. ગંગાશંકર અત્યંત કુશાગ્ર બુદ્ધિના હતા. નાનપણથી જ ગંગાશંકરની વિદ્વત્તા વખણાવા લાગી હતી. એમના લગ્ન થઈ ચૂક્યા હતા.

એમના પત્નીનો સ્વભાવ ભારે કર્કશ હતો. એ કારણ વગર કંકાસ કર્યા જ કરતા. પત્નીના રોજેરોજના કંકાસથી તેઓ કંટાળી ગયા હતા.

ગંગાશંકરને કાશીએ અભ્યાસ કરવાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ એમને એમનું શ્રેષ્ઠ ભવિષ્ય અન્યત્ર ખેંચી રહ્યું હતું.

ગંગાશંકરના મનમાં વિચાર થયો, 'ભગવાન સ્વામિનારાયણનું વડતાલ ધામ મહાન તીર્થધામ તરીકે વખણાય છે. કાશીએ જતાં પહેલા વડતાલ દર્શન કરતો જાઉં.'

વિ.સં ૧૯૦૧ની સાલ હતી. તેઓએ પોતાના બે-ત્રણ મિત્રો સાથે વડતાલ તરફ પ્રયાણ કર્યું. ખુદ ગંગાશંકરને ખ્યાલ નહોતો કે હવે એ ફરીથી ક્યારેય ઘરે પાછા આવવાના નહોતા.

તેઓ વડતાલ આવ્યા દેવોના દર્શન કર્યા. વડતાલની તીર્થભૂમિ જાણે પોતાની જ માતૃભૂમિ હોય એવો એમને અનુભવ થઈ રહ્યો હતો.

ગંગાશંકરની ખ્યાતિ સર્વત્ર પ્રસરેલી હતી.

વડતાલના સભામંડપમાં ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, શ્રી રઘુવીરજી મહારાજ વગેરે મહાપુરુષોની ઉપસ્થિતિમાં એમનું બહુમાન કરવામાં આવ્યું.

સભામંડપમાં એમણે અદ્‌ભૂત વ્યાખ્યાન આપ્યું. વડતાલનો સભામંડપ અહોભાવથી ગુંજી ઉઠ્યો.

આચાર્ય મહારાજ એમના પ્રવચનથી ભારે રાજી થયા. નિત્યાનંદ સ્વામી જેવા ધુરંધર વિદ્વાને એમની વિદ્વત્તાની પ્રશંસા કરી. શુકાનંદ સ્વામીએ એમના ઉપર પ્રસન્નતા વરસાવી.

સભા પૂર્ણ થયા બાદ એમને ગોપાળાનંદ સ્વામીનો જોગ થયો. ગોપાળાનંદ સ્વામીના દર્શન કરતાંની સાથે જ એમને પરમ શાંતિનો અનુભવ થયો.

ગોપાળાનંદ સ્વામીએ ગંગાશંકર શાસ્ત્રીને એમનો વિશેષ પરિચય પૂછ્યો.

ગંગાશંકર શાસ્ત્રીએ પોતાની બધી જ વાત કરી અને કહ્યું, "વિશેષ વિદ્યાભ્યાસ માટે હું અને મારા મિત્રો કાશી જવા ઈચ્છીએ છીએ, અમને આશીર્વાદ આપો."

સ્વામીએ ગંગાશંકરને કહ્યું, "ગંગાશંકર! કાશીમાં ત્રણ જણાથી બચવા જેવું છે; એક માંતેલા સાંઢ, બીજા નિરાકારવાદી-શુષ્કવેદાંતીઓ અને ત્રીજી વેશ્યાઓ."

સ્વામીના વચનોથી ગંગાશંકરના મનમાં ચોટ લાગી. એમનું મન કહેવા લાગ્યું, 'જો સ્વામી કહે છે એવું જ હોય, તો મારે જન્મારો બગાડવા માટે કાશી નથી જાવું.'

હવે એમનું મન વડતાલની તીર્થભૂમિમાં અકળ રીતે ખેંચાવા લાગ્યું.

આ જ અરસામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ જૂનાગઢથી વડતાલ પધાર્યા હતા અને જૂનાગઢવાળે મેડે ઉતર્યા હતા.

ગંગાશંકર શાસ્ત્રીને ખબર પડી કે જૂનાગઢથી કોઈ મહાન સંત વરતાલ પધાર્યા છે, એટલે તેઓ સ્વામીને ઊતારે ગયા અને ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કર્યા.

સ્વામીની પ્રભાવશાળી મૂર્તિએ ગંગાશંકરના મનને આકર્ષી લીધું. ગંગાશંકર શાસ્ત્રીના અંતરમાંથી અવાજ ઊઠવા માંડ્યો કે, “મારા માટે સાચુ વિદ્યાધામ, સાચું કાશી, સાચો પ્રયાગ, સાચાં તીર્થો બધું અહીંયા જ હોય એવું લાગે છે !‘

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મચારીના જીવને ઓળખી ગયા હતા. સ્વામીએ સીધો જ સવાલ કર્યો, “ગંગાશંકર ! બ્રહ્મચારી થવું છે ?”

ગંગાશંકરે કહ્યું, “સ્વામી ! આ તીર્થભૂમિ અને આપ જેવા મહાપુરુષોના દર્શન બાદ મનમાં થયા જ કરે છે કે કાયમ માટે અહીં રોકાઈ જાઉં, પણ હમણાં મારાથી શક્ય નથી. એક તો મારો ગૃહસ્થાશ્રમ મંડાઇ ચૂક્યો છે, બીજું મારે હજુ ઘણો બધો વિદ્યાભ્યાસ કરવાનો બાકી છે.”

ગુણાતીતાનંદ સ્વામીએ વિચાર્યું, ‘ફળ તો સારું છે, પણ પાકતાં હજુ થોડો સમય લાગશે !’

સ્વામીએ કહ્યું, “ભલે, ગંગાશંકર ! જ્યારે વિચાર પાકે ત્યારે કહેજો.”

ગંગાશંકર શાસ્ત્રીએ પોતાના બીજા મિત્રોને કાશીએ વળાવ્યા અને પોતે વડતાલ રોકાયા. બાળકને માની ગોદ ગમે એમ આ ધુરંધર વિદ્વાનને વડતાલની પવિત્ર ધરતી ગમી ગઈ.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનો ખૂબ સમાગમ કર્યો. હવે એનું મન સંસારમાંથી વિતરાગી થવા ઈચ્છી રહ્યું હતું.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ એકવાર કહ્યું, “ગંગાશંકર ! હવે ક્યાં સુધી રાહ જોવી છે ? ભગવાનને ખોળે આવી જાવ...!”

સ્વામીના વચને ગંગાશંકરે વિ.સં.૧૯૦૧ માં પાર્ષદી દીક્ષા સ્વીકારી.

એક વિદ્વાન શાસ્ત્રી પાર્ષદ થયા એટલે રઘુવીરજી મહારજ, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે બધા જ સંતો ખૂબ જ રાજી થયા.

ગોપાળાનંદ સ્વામીએ ભવિષ્યદષ્ટિથી પારખી લીધું હતું કે, ‘આ ગંગાશંકર સંપ્રદાયના અજોડ વિદ્વાન થશે.’

સ્વામીના મનમાં થયા કરતું હતું કે, “આ ગંગાશંકરનો ઉછેર ‘જૂનાગઢના જોગીની‘ દેખરેખમાં થાય તો સારું, કારણ કે એમના જોગમાં રહેવાથી ગંગાશંકરને

ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા સમજાશે અને શાસ્ત્રોની ભાષામાં બીજાને પણ સમજાવી શકશે.''

બીજી મહત્ત્વની બાબત એ હતી કે, ગંગાશંકરનું ગામ વડતાલની સમીપે હતું. ગંગાશંકર પાર્ષદ થયા, તેથી તેના સગાં-સંબંધી, નાતીલાઓની ઉપાધિ રહ્યા કરતી હતી. ગોપાળાનંદ સ્વામીને થયું, 'ગંગાશંકર જૂનાગઢ જેવા દૂરના સ્થાને હોય તો ઉપાધિઓ ઓછી નડે.'

આ જ અરસામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલના સમૈયામાં પધાર્યા હતા. તેઓ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આસને દર્શને પધાર્યા. બંને મહાપુરુષો ખૂબ જ પ્રેમથી મળ્યા. બરાબર એ જ વખતે પાર્ષદ ગંગાશંકર સ્વામીના દર્શને પધાર્યા.

ગોપાળાનંદસ્વામી બોલ્યા, ''ગંગાશંકર ! હું તમને મનોમન યાદ કરતો હતો, ત્યાં જ તમે આવી ગયા ! આ જૂનાગઢના જોગી બહુ મોટા સાધુ છે. અમારા મનમાં થાય છે કે તમે એમની સાથે જૂનાગઢ રહો, એ તમારા જીવના હિતમાં છે.''

ગંગાશંકરને પણ ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે આકર્ષણ જાગી જ ચૂક્યું હતું, પરંતુ તેઓ વડતાલમાં ગોપાળાનંદ સ્વામીના સાન્નિધ્યમાં રહીને વિશેષ અભ્યાસ કરવા માગતા હતા.

તેમણે કહ્યું, ''સ્વામી ! મેં તો મારું તન-મન સર્વ આપને ચરણે સોંપ્યું છે. આપ આજ્ઞા કરો એટલે હું જૂનાગઢ તો જાઉં પણ મને ત્યાં વિદ્યાભ્યાસ કોણ કરાવશે ?''

ગુણાતીતાનંદ સ્વામીએ જોયુંકે, 'ગોપાળાનંદ સ્વામી જેવા મહાપુરુષની કૃપાથી આ ફળ હવે પાકવા આવ્યું છે. ગોપાળાનંદ સ્વામીની ઈચ્છા 'આ ફળનું જતન હવે હું કરુ' એવી છે.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''ગંગાશંકર ! જૂનાગઢમાં ઘણા સારા સારા વિદ્વાનો છે. અમે એમની પાસે તમને વિદ્યાભ્યાસ કરાવીશું. તમારો અભ્યાસ અટકવા નહિ દઈએ.''

સ્વામીની વાત સાંભળીને ગંગાશંકરને આનંદ થયો અને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી તેઓ જૂનાગઢ પધાર્યા.

સ્વામીએ અહીં એમને સારા વિદ્વાન પાસે વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરાવી, સાથોસાથ મુસ્લિમ કાજી પાસે કુરાનનો અભ્યાસ પણ કરાવ્યો.

પાર્ષદ ગંગાશંકર વિદ્યાભ્યાસ તો કરી જ રહ્યા હતા, સાથેસાથે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પાસેથી સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ અને ભણવા જેવી 'બ્રહ્મવિદ્યા'

પણ ભણી રહ્યા હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી દર વર્ષે જૂનાગઢ પધારતા અને ક્યારેક મહિનો, ક્યારેક બે મહિના સુધી જૂનાગઢ રોકાતા.

પાર્ષદ ગંગાશંકરને આ બંને મહાપુરુષોના સમાગમનું ખૂબ જ સુખ આવતું.

એમના પરિવારજનો તરફથી ઉપાધિ પણ શમી ગઈ હતી, એટલે ગંગાશંકર એ અંગે નિષ્ફીકર થયા હતા.

એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું, "યોગીરાજ ! આ ફળ હવે પૂર્ણપણે પાકી ગયું છે, હવે આને ભાગવતી દીક્ષા અપાવી દઈએ તો સારું."

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "જેવી જૂનાગઢના જોગીની મરજી !"

વિ.સં. ૧૯૦૮ના ચૈત્રી સમૈયામાં ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા અને થોડો સમય રોકાયા.

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે પાર્ષદ ગંગાશંકરને વૈશાખ વદી છઠ્ઠ અને સોમવારના પવિત્ર દિવસે દીક્ષા આપી અને 'અચિંત્યાનંદ બ્રહ્મચારી' નામ પાડ્યું.

આચાર્ય મહારાજશ્રી એમને વર્ણીરાજના હુલામણા નામથી બોલાવતા.

રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી એમણે શ્રીહરિના ભક્તિશાસ્ત્ર રૂપ 'શ્રીહરિલીલાકલ્પતરૂ' ગ્રંથની રચના કરી હતી તેમજ 'હરિસંભવ મહાવાક્ય'ની રચના કરી હતી.

એ સમયમાં અવારનવાર પ્રતિપક્ષીઓ તરફથી શાસ્ત્રાર્થ થતા. બ્રહ્મચારી મહારાજે એવા અનેક શાસ્ત્રાર્થોમાં વિજય મેળવીને સંપ્રદાયનો વિજયધ્વજ લહેરાવ્યો હતો.

ગુણાતીતાનંદ સ્વામીની ભલામણથી આચાર્ય શ્રીભગવદ્‌પ્રસાદજી મહારાજે બ્રહ્મચારી અચિંત્યાનંદજીને થોડા સમય માટે જૂનાગઢ મંદિરના મહંત બનાવ્યા હતા.

ગોંડલના મંદિરના નિર્માણમાં એમણે ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજીને પૂર્ણ સહકાર આપ્યો હતો.

બ્રહ્મચારી મહારાજ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ સારા લેખક હતા, ઉચ્ચકોટિના કવિ હતા, સંસ્કૃત ઉપરાંત હિન્દી, કચ્છી અને વ્રજ ભાષા ઉપર એમનું સારું પ્રભુત્વ હતું.

તેઓએ "કૃષ્ણાનંદ" એવા ઉપનામથી અનેક કાવ્યોની રચના કરેલી છે.

વિ. સં. ૧૯૪૦ ફાગણ સુદી ચતુર્થીના દિવસે તેઓ વડતાલ મુકામે સ્વતંત્ર થકા અક્ષરવાસી થયા હતા.

## સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરદાસજી સ્વામી

અમરેલી જિલ્લાના કેરીયાચાડ ગામે સંવત્ ૧૮૭૯ મહા સુદ ૩ના દિવસે એક મુમુક્ષુનો જન્મ થયો. નામ હતું પ્રેમજીભાઈ.

પ્રેમજીભાઈના માતાનું નામ હરબાઈ તથા પિતાનું નામ કરશનભાઈ હતું.

પ્રેમજીભાઈનો પરિવાર રામભક્ત હતો. પિતાના સંસ્કાર પુત્ર ઉપર પડ્યા હતા. પ્રેમજીભાઈ ગામમાં કોઈ સાધુ-સંતો આવે ત્યારે તેમની સેવામાં જોડાઈ જતા.

એક દિવસ દેવરાજીયા ગામના ભાણાભાઈ કામ પ્રસંગે કેરિયાચાડ પધારેલા. ભાણાભાઈ રામજી મંદિરમાં નંદસંતોએ રચિત કીર્તનો બોલતા હતા. આ કીર્તનો સાંભળી પ્રેમજીભાઈ આકર્ષાયા.

ભાણાભાઈએ કીર્તનોનો મર્મ સમજાવતા પ્રગટ ભગવાનની વાતો કરી. ભગવાન સ્વામિનારાયણ તથા તેમના સંતોની વાતો સાંભળી પ્રેમજીભાઈના હૃદયમાં વધુ જાણવાની જિજ્ઞાસા થઈ.

એક વખત કેરિયાચાડનો સંઘ ગિરનારની યાત્રા કરવા જતો હતો. તેમાં પ્રેમજીભાઈ પણ જોડાયા. ગિરનારની યાત્રા પૂર્ણ કરી સંઘ જૂનાગઢમાં મંદિરોમાં દર્શન કરતો કરતો સ્વામિનારાયણ મંદિરમાં આવ્યો. અહીં ગુણાતીતાનંદ સ્વામીએ સહુને મીઠો આવકાર આપી જમાડ્યા તથા ઉપદેશની થોડી વાતો કરી.

સ્વામીની હૃદય સોંસરવી ઊતરી જાય એવી વાતો, સાદો વેશ, સરળ સ્વભાવ તેમજ પ્રભાવ જોઈ પ્રેમજીભાઈ જૂનાગઢ મંદિરમાં જ રોકાઈ ગયા.

ગામનો સંઘ પરત ફર્યો પરંતુ 'પ્રેમજી જૂનાગઢ રોકાઈ ગયો' તે જાણી એમના પિતાશ્રી કરશનભાઈ એને લેવા જૂનાગઢ આવ્યા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કરશનભાઈને બે દિવસ રોકી સત્સંગની વાતો કરી, પરંતુ પુત્રમોહમાં વ્યાકુળ કરસનભાઈના અંતરમાં સ્વામીની વાત ઊતરી શકે એમ નહોતી. તેઓ પ્રેમજીને પરાણે કેરીયાચાડ લઈ ગયા.

પ્રેમજીને પરાણે ઘરે આવવું પડ્યું પરંતુ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી વહેતા બ્રહ્મરસનું પાન કર્યા પછી પ્રેમજીને સંસાર નિરસ થઈ ગયો હતો. ફરીથી ઘેરથી નીકળી ગઢપુર મંદિરમાં પહોંચ્યા. અહીંથી પણ તેઓને ઘેર લઈ જવામાં આવ્યા. ફરી પ્રેમજીભાઈ ઘરેથી ભાગી વડતાલ આવ્યા.

અહીંથી પણ તેઓને તેમના પિતાશ્રી ઘરે લઈ ગયા અને વારંવાર ઘરેથી ભાગી ન જાય એ માટે તેઓને ઓરડામાં થાંભલા સાથે બાંધી બારણાંને સાંકળ

ચઢાવી તાળું મારી દીધું.

બે દિવસના ભૂખ્યા-તરસ્યા પ્રેમજીભાઈ મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી મનોમન મહારાજને સંભારવા લાગ્યા.

મધ્યરાત્રિના સમયે મહારાજે એમને દર્શન દીધાં.

મહારાજનાં દર્શન થતાં જ પ્રેમજીભાઈના અંતરમાં આનંદના ઓઘ ઉમટ્યા. ભૂખ, તરસ અને બંધનની પીડા વિસરાઈ ગઈ. મહારાજે મંદ મંદ હસી પ્રેમજીભાઈના માથા ઉપર હાથ મેલ્યો, ત્યાં બધાજ બંધનો ખરી પડ્યાં... !!

આનંદની અવધિમાં પ્રેમજીભાઈએ આંખ મીંચી અને આંખ ખોલે ત્યાં મહારાજ અદૃશ્ય થઈ ગયા હતા અને તેઓ જૂનાગઢ પહોંચી ગયા હતા.

આ બાજુ કરશનભાઈએ બે દિવસ પછી ઓરડો ખોલ્યો તો દોરડાં હતાં, પ્રેમજી નહોતા ! કરશનભાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો. તાળાં મારેલા ઓરડામાંથી પ્રેમજી કઈ રીતે છટકી ગયો એની એમના મગજમાં ઘેડ્ય બેસતી નહોતી.

પ્રેમજીને ગમે તેમ કરીને પાછો ઘરે લાવવો તેવો નિશ્ચય કરી એમણે પ્રેમજીની શોધખોળ શરૂ કરી.

ઘણા દિવસના અંતે તેઓને જાણ મળી કે પ્રેમજી જૂનાગઢ છે, તેથી કરશનભાઈ જૂનાગઢ આવી પ્રેમજીને આકરા શબ્દોમાં ઠપકો આપવા લાગ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ કરશનભાઈને શાંત કરી સમજાવ્યા અને કહ્યું, ‘‘તમે ઘણો પંથ કાપીને આવો છો માટે આજે અહીં જ રોકાવ, કાલે જજો.’’

કરશનભાઈ બીજા દિવસે પ્રેમજીને લઈને કેરીયાચાડ આવ્યા.

હવે કરશનભાઈએ વિચાર્યું કે, ‘પ્રેમજીને પરણાવી દઈએ જેથી તે ભગવાન ભજવાનું ભૂલી જાય અને સંસારમાં બંધાઈ જાય.’ પ્રેમજીની તીવ્ર અનિચ્છા હોવા છતાં કરશનભાઈએ તેમના લગ્ન કરાવ્યા.

પ્રેમજીભાઈએ વિચાર કર્યો કે, મને પરાણે પરણાવ્યો તો છે પરંતુ મારે સંસારમાં રહેવું નથી તે વાત નક્કી છે. તેથી તેઓએ પોતાના મનમાં સંકલ્પો કર્યા કે, ‘હમેશા રાત્રિએ ભગવાનનું ભજન કરવું, પત્નીને અડવું નહીં, તેમની સામે જોવું પણ નહીં, જરૂરી કામ વિના તેમની સાથે બોલવું પણ નહીં.’

આમ સંકલ્પો કરી તેઓ પોતાની પત્ની પાસે ગયા અને કહ્યું, ‘‘મારે સંસારમાં રહેવું નથી. મારે સાધુ થવું છે તેથી મને મારા ભજનમાં વિઘ્ન થાય તેવું કરીશ નહીં.’’ આમ કહી પ્રેમજીભાઈ જમીન ઉપર બેસી ભગવાનનું ભજન કરવા લાગ્યા.

આમને આમ દિવસો પછી દિવસો વીતવા લાગ્યા. એક વર્ષનો સમય વિતી

ગયો. પ્રેમજીભાઈની પત્નીએ આ સમય દરમિયાન પ્રેમજીભાઈની સ્થિતિનું માપ કાઢી લીધું.

તેમણે વિચાર કર્યો કે, 'મારા પતિ કોઈ સાધારણ મનુષ્ય નથી, કારણ કે મારા જેવી યુવાન સ્ત્રી સાથે એકાંતમાં રહેવા છતાં મારી સામે નજર કરીને જોયું પણ નથી, માટે હવે તેમને મુક્ત કરવા.'

આમ વિચારી તેઓએ બધી વાત પોતાના સાસુને કરી. તેમના સાસુએ કરશનભાઈને સર્વ વિગત કહી.

આમ સર્વ પરિવારના સભ્યોએ વિચાર કર્યો કે, 'હવે આપણે પ્રેમજીને અહીં રોકી રાખવો જોઈએ નહીં.' સહુએ પ્રેમજીભાઈને રાજી-ખુશીથી રજા આપી.

શ્રીહરિની કૃપાથી પ્રેમજીભાઇનો માર્ગ પ્રશસ્ત થયો. તેઓ જૂનાગઢ આવ્યા. અહીં ગુણાતીતાનંદ સ્વામીના સાનિધ્યમાં રહી ભજન-ભક્તિ કરવા લાગ્યા.

પ્રેમજીભાઈએ પાંચ વર્ષ સુધી પાર્ષદ તરીકે રહી મંદિરની ખૂબ જ સેવાઓ કરી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સંવત્‌ ૧૯૦૦ની સાલમાં વડતાલમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે દિક્ષા અપાવી 'યોગેશ્વરદાસજી' નામ પાડ્યું.

શ્રી હરિએ 'વચનામૃતમાં' કહ્યું છે કે 'હાલતા-ચાલતા, ખાતા-પીતા, બેસતા-ઊઠતાં સર્વ ક્રિયામાં મનની વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં રાખવાનો અભ્યાસ કરવો.' શ્રી હરિનાં આ વચનનો સ્વામી યોગેશ્વરદાસજીએ સાવધાનીપૂર્વક અભ્યાસ કર્યો હતો. મોટા સંતોના આશીર્વાદ અને પોતાની અચળ શ્રદ્ધાથી આ કાર્ય તેમને સિદ્ધ થયું હતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી યોગેશ્વરદાસજી સ્વામી ભંડારની સેવામાં જોડાયા હતા. ભંડારની સેવામાં શ્રીહરિની મૂર્તિનું અનુસંધાન કઈ રીતે રાખવું તેનો સતત અભ્યાસ કરતા રહેતા. સેવામાંથી નિવૃત્ત થાય ત્યારે ગુણાતીતાનંદ સ્વામી તથા રામદાસ સ્વામીની પાસે ધ્યાનનો અભ્યાસ કરતા.

સ્વામી યોગેશ્વરદાસજી અને સ્વામી બાલમુકુંદદાસજી બેયની જોડ્ય હતી. બેયની રૂચિ, સ્વભાવ સરખા હતા.

મંદિરની સેવાની સાથે મહાપુરુષદાસ સ્વામી, રામદાસજી સ્વામી, કૈવલાત્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ સાથે ગામડાંઓમાં સત્સંગ-કથાવાર્તા કરવા જતા.

વિ. સં. ૧૮૯૪ થી ૧૯૨૩ એમ ૨૯ વર્ષ સુધી સતત ગુણાતીતાનંદ સ્વામીની મરજીમાં રહીને સ્વામીનો રાજીપો મેળવ્યો હતો.

યોગેશ્વરદાસજી સ્વામી વૃદ્ધાવસ્થામાં બહુધા જૂનાગઢ મંદિરમાં રહેતા. મંદિરના બધા જ સંતો-પાર્ષદોને સ્વામી પ્રત્યે આદરભાવ રહેતો. સ્વામી પણ વચનામૃત, ભક્તચિંતામણિ વગેરે શાસ્ત્રોની કથા કરતા અને સહુને પ્રેરણાના પિયુષ પાતા.

સારાએ સોરઠના સત્સંગનું પોષણ કરતા થકા યોગેશ્વરદાસજી સ્વામી વિ.સં. ૧૯૫૮ના પોષ વદ અમાસના દિવસે જૂનાગઢ મંદિર ખાતે અક્ષરવાસી થયા.

## સદ્‌ગુરુ માધવચરણદાસજી સ્વામી

ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પવિત્ર થયેલા બોચાસણ ગામમાં વિ.સં. ૧૮૭૯માં માધવચરણદાસજી સ્વામીનો જન્મ થયો હતો. સત્સંગી પરિવારમાં જન્મ થયો હોવાથી એમનામાં બાળપણથી જ સત્સંગના સંસ્કારો ઉદય થયા હતા.

અવારનવાર શ્રીહરિ તથા સંતો બોચાસણ પધારતા ત્યારે એમને શ્રીહરિનાં દર્શન-સત્સંગનો લાભ મળતો.

વારંવાર સંતોનો સમાગમ કરવાથી માધવચરણદાસજીના અંતરમાંથી સંસારસુખ પ્રત્યે આસક્તિ ટળી ગઈ અને વૈરાગ્યનો ઉદય થયો.

સાધુ થવાનો સંકલ્પ થતા તેઓ વડતાલ આવ્યા, પરંતુ થોડા સમય બાદ તેમના પિતા તેમને ઘરે લઈ ગયા. તેઓ ફરી ઘરેથી ભાગીને વડતાલ આવ્યા અને તેમના પિતા પાછા ઘરે લઈ ગયા. આમ આ ભાગવાનો અને લઈ જવાનો ક્રમ ઘણો લાંબો ચાલ્યો.

એક વખત તેઓએ વડતાલ આવી ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી કે, ‘‘સ્વામી! મારે સાધુ થઈને ભગવાન ભજવા છે, માટે તમે મારા પિતાને સમજાવો કે એ મને સાધુ થવાની રજા આપે.’’

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આ વખતે તમારા પિતા આવે ત્યારે તેઓને હું સમજાવીશ, તમે ચિંતા કરશો નહિ, બધુ સારું થઈ જશે. ’’

થોડો સમય જતા તેમના પિતા આવીને તેઓને પરાણે ઘરે લઈ ગયા. થોડા મહિના પછી ફરી તેઓ વડતાલ ભાગી આવ્યા. ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું, ‘અહીં તમારું ગામ નજીક છે, તેથી તમારા પિતા તમને લેવા આવે છે. તમે અહીંથી દૂર જૂનાગઢ રહો, એટલે ત્યાં તેડવા નહીં આવે. ઉપરાંત જૂનાગઢના જોગી તમારા જીવનું પણ જતન કરશે.’

ભગતે કહ્યું, ‘‘ભલે સ્વામી ! જેવી તમારી આજ્ઞા.’’

આ અરસામાં સંતોનું એક મંડળ જૂનાગઢ જતું હતું. ગોપાળાનંદ સ્વામીએ આ ભગતને એમની સાથે મોકલ્યા અને ગુણાતીતાનંદ સ્વામી ઉપર ભલામણપત્ર પણ લખી દીધો.

ભગત સંતો સાથે જૂનાગઢ પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીએ તેમને આસન, વસ્ત્ર, ભોજન વગેરેની બધી સગવડ કરી દીધી અને પાર્ષદો સાથે સેવામાં જોડી દીધા.

તેઓએ બે વર્ષ સુધી મંદિરમાં બાંધકામની સેવાઓ કરી. ઉપરાંત મન, કર્મ, વચનથી સ્વામીની રૂચિમાં રહીને ગુણાતીતાનંદ સ્વામીને રાજી કર્યા. એ સમયે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારેલા. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજશ્રી પાસે આ ભગતને દીક્ષા અપાવી 'માધવચરણદાસજી' એવું નામ પાડ્યું.

સ્વામી માધવચરણદાસજી વિનમ્ર, સંશયરહિત, સેવાભાવી તથા ઉત્સાહી સંત હતા. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સ્વામી માધવપ્રિયદાસજી સાથે સ્વામી માધવચરણદાસજીને ખૂબ હેત હતું.

ગુણાતીતાનંદ સ્વામીએ તે બન્ને સંતોને કહ્યું, 'તમારે બન્નેને અત્યારે જેવું હેત છે તેવું હેત આજીવન રાખજો. ગામડાઓમાં વિચરણ કરી સત્સંગીઓને રાજી કરજો.' આમ કહી સ્વામીએ માધવપ્રિયદાસજી સ્વામીને મંડળધારી બનાવી ગામડાઓમાં સત્સંગ-વિચરણ અર્થે મોકલ્યા.

સ્વામી માધવચરણદાસજીની યાદશક્તિ અને શાસ્ત્રોને સમજવાની શક્તિ અદ્‌ભૂત હતી. તેઓએ 'વચનામૃત, ભક્તચિંતામણિ, વિવેકચિંતામણી, બ્રહ્મવિલાસ, મુકુંદબાવની' વગેરે ગ્રન્થોનો અભ્યાસ ખૂબ જ સારી રીતે કર્યો હતો.

તેઓશ્રી કથામાં શાસ્ત્રોના પ્રમાણો આપીને કથા કરતા, તેથી કથાની શૈલી રોચક લાગતી.

ગુણાતીતાનંદ સ્વામીની છત્રછાયામાં રહીને તેઓ ઉત્તમ એકાંતિક સંત થયા હતા.

સ્વામી માધવચરણદાસજીએ મંડળધારી તરીકે રહીને આજીવન રાધારમણ દેવની સેવા કરી. તેમણે બગસરા વગેરે ઘણાં ગામોમાં હરિમંદિરો કરાવ્યા. તેઓશ્રી વિ. સં. ૧૯૩૨ની સાલમાં જૂનાગઢમાં જ અક્ષરવાસી થયા.

## સદ્‌ગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વિ. સં. ૧૮૮૪ માં હળિયાદ-તોરી ગામે સ્વામી માધવપ્રિયદાસજીનો જન્મ થયો હતો. તેમનું બચપણનું નામ મંગળ હતું.

આ પ્રદેશમાં ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોનું ખૂબ જ વિચરણ થતું.

નાનપણમાં જ સંતોનો જોગ થવાથી મંગળમાં દૈવી ગુણો ખીલી ઊઠ્યા હતા.

સંતોની બળભરી વાતોનું શ્રવણ અને સંતોની કૃપાદષ્ટિ થવાથી મંગળમાં વૈરાગ્યના બીજ પાગર્યા. વિ. સં. ૧૯૦૯ માં તેઓ સદાયને માટે ઘર છોડી જૂનાગઢ મંદિરમાં પાર્ષદ તરીકે રહી સેવા કરવા લાગ્યા.

સેવામાં શ્રદ્ધા અને મુમુક્ષુતા જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ વિ. સં. ૧૯૧૪માં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે પાર્ષદ મંગળ ભગતને દીક્ષા અપાવી 'સાધુ માધવપ્રિયદાસ' નામ પાડ્યું.

આ સમયે ચાલી રહેલા મંદિરના બાંધકામમાં સાધુ માધવપ્રિયદાસજી પૂર્ણ શ્રદ્ધા અને ખંતથી શરીરની પરવા કર્યા વગર સેવાઓ કરવા લાગ્યા. નવી ધર્મશાળાના બાંધકામ વખતે તેઓ ઉપરથી પડ્યા હતા, જેથી જમ્યા પછી તેમને પેટમાં દુ:ખતું. આ કારણે તેઓને જમ્યા પછી રોજ પેટ દબાવવું પડતું.

સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીએ પોતાના જીવનમાં ત્રણ સિદ્ધાંતોને સિદ્ધ કર્યા હતા. પહેલો, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી બ્રહ્મરુપ થઈ અક્ષરધામને પામવું. બીજો, મહારાજને સર્વ અવતારના અવતારી જાણી તેમનું ધ્યાન, ભજન, ઉપાસના વડે મહારાજને અંતરમાં અખંડ ધારી રાખવા. ત્રીજો, સંતો-ભક્તોમાં સદાય દિવ્યભાવ રાખવો, ક્યારેય મનુષ્યભાવ આવવા ન દેવો.

સ્વામીએ આ ત્રણે સિદ્ધાંતો સિદ્ધ કરવાને લીધે તેઓની સ્થિતિ અલૌકિક બની હતી. જૂનાગઢ મંદિરમાં તેઓની ગણના સમર્થ સત્પુરુષોમાં થતી.

સદ્‌ગુરુ માધવપ્રિયદાસજી સ્વામી ૧૦૦ વર્ષની વયે પણ સત્સંગ-કથાવાર્તા કર્યે રાખતા હતા. તેઓને સતત સંતો-ભક્તોને રાજી કરવાનું તાન રહેતું. તેઓ પ્રેમાળ અને અતિ દયાળુ સ્વભાવવાળા હતા. તેઓ વિ. સં. ૧૯૮૬ ના માગશર શુદ ત્રીજના રોજ જૂનાગઢ મંદિરમાં અક્ષરવાસી થયા હતા.

## સદ્‌ગુરુ શ્રીકૃષ્ણપ્રિયદાસજી સ્વામી

મારવાડ દેશમાં એક ભારે મુમુક્ષુ હતા. એનુ નામ દેહાભાઈ હતું. તેઓ જ્ઞાતિએ ચારણ હતા. તેઓને રાજા-મહારાજાઓ તરફથી ગામ-ગરાસ ભેટમાં મળેલા. એમના ઘરમાં દોમદોમ સુખસાહ્યબી હતી, પરંતુ પૂર્વના પુણ્યશાળી જીવ હોવાને લીધે એમનું મન સંસારમાં માનતું નહોતું.

એમણે નિર્ણય કર્યો હતો કે, સાચા સદ્‌ગુરુ મળે તો મારે મારા આત્માનું કલ્યાણ સાધી લેવું છે.

દેહા ચારણ સાચા સિદ્ધપુરુષની શોધમાં ઘર છોડીને તીર્થયાત્રા કરવા નીકળ્યા. તેઓ ઘણાં તીર્થમાં ફર્યા પણ એમનું હૈયું ઠારે એવા સિદ્ધ ક્યાંય મળ્યા નહિ, તેથી એમના અંતરમાં નિરાશા છવાઈ ગઈ.

એવામાં કોઈએ એમને કહ્યું કે, ''જૂનાગઢના ગીરનારની ગુફાઓમાં સિદ્ધો સાધના કરતા હોય છે, તમે ત્યાં જાવ તો કદાચ તમને કોઈને કોઈ સિદ્ધનો ભેટો થઈ જશે.''

દેહા ચારણ જૂનાગઢ આવ્યા. ગીરનારની પ્રદક્ષિણા કરી, કેટલીય ગુફાઓમાં ફરી વળ્યા, દાતારના ડુંગરે ચડ્યા, દત્તાત્રેયના પગલે ગયા, પણ અંતરમાં શાંતિ કરે એવા સિદ્ધ ન મળ્યા.

દેહા ચારણ ફરીથી ભારે નિરાશ થયા અને મારવાડ પાછા ફરવાના મનસુબા સાથે તેઓએ ગીરનારની ભવનાથની તળેટીથી જૂનાગઢ તરફ પગલા માંડ્યા.

'મારો પુરુષાર્થ નિષ્ફળ ગયો' આવા વિચાર એમને સતાવી રહ્યા હતા, પણ દેહા ચારણને ખબર નહોતી કે સાચા મુમુક્ષુના મનોરથ શ્રીહરિ ક્યારેય નિષ્ફળ થવા દેતા નથી.

દેહા ચારણ સાચા મુમુક્ષુ હતા. સદ્‌ગુરુની શોધનો એમનો મનોરથ ફળવાની ઘડી આવી ચૂકી હતી.

દેહા ચારણ ભવનાથથી જૂનાગઢ તરફ આગળ વધી રહ્યા હતા. એ જ અરસામાં એક અણધારી ઘટના બની.

લોધિકા દરબાર અભયસિંહજી ગુણાતીતાનંદ સ્વામીના દર્શન અને સમાગમ કરવા માટે જૂનાગઢ આવ્યા હતા. તેઓને ધ્યાનનું અંગ હતું. તેઓ દેહભાન ભૂલીને કલાકો સુધી મહારાજની મૂર્તિના ધ્યાનમાં નિમગ્ન રહેતા.

જૂનાગઢમાં થોડો અવકાશ મળતાં દરબાર અભયસિંહજી દામોદર કુંડથી આગળ સોનરખ નદીના નિર્મળ નારાયણ ધરામાં સ્નાન કરવા માટે આવ્યા.

સ્નાનાદિથી પરવારી નદીના એકાંત-શાંત કિનારે બેસી તેઓ મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા.

બરાબર આ જ સમયે દેહા ચારણ ત્યાંથી પસાર થયા. એમણે કપાળમાં તિલક-ચાંદલો, ગળામાં કંઠી અને સૌમ્ય ચહેરાવાળા દરબાર અભયસિંહજીને ધ્યાનસ્થ અવસ્થામાં જોયા.

દેહા ચારણને મનમાં થયું, ''આ એકાંત જગ્યાએ યોગીની માફક ધ્યાન કરનાર કોણ હશે ?''

ઉત્સુકતાવશ એમનું અંતર દરબાર અભયસિંહજી તરફ ખેંચાયું. તેઓ દરબાર અભયસિંહજી પાસે આવ્યા અને ધ્યાનમાં વિક્ષેપ ન પડે એ રીતે થોડે દૂર બેસી હરિસ્મરણ કરવા લાગ્યા.

દેહા ચારણના અંતરમાંથી અવાજ ઊઠ્યો કે, ‘કદાચ આ ભક્તપુરુષ પાસેથી મને સિદ્ધની ભાળ મળી જાય.’

દરબાર અભયસિંહજીનું ધ્યાન લાંબુ ચાલ્યું પણ દેહા ચારણની ધીરજ ખૂટી નહિ.

જ્યારે દરબાર ધ્યાનમાંથી જાગ્યા ત્યારે સામે બેઠેલા દેહા ચારણને જોઈને દરબારે આશ્ચર્યથી પુછ્યું, “આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ?”

દેહા ચારણે કહ્યું, “મારું નામ દેહા ચારણ છે. હું મારવાડનો વતની છું. આપને આ પવિત્ર શાંત વાતાવરણમાં ધ્યાન કરતા જોઈને મને પણ આપનો પરિચય જાણવાનું મન થયું છે. આપનો પરિચય આપશો તો મને વિશેષ આનંદ થશે.”

દરબાર અભયસિંહજીએ કહ્યું, “હું લોધિકાનો રાજવી છું. મારું નામ અભયસિંહજી છે. હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું. મારા ઉપર મહાન સદ્‌ગુરુઓની કૃપા છે એથી મારું ચિત્ત સ્વસ્થ અને શાંત થયું છે.”

દેહા ચારણે કહ્યું, “દરબાર ! હું પણ સાચા સિદ્ધપુરુષની ખોજમાં નીકળ્યો છું. મારે ઘરે ગામ-ગરાસ છે. સુખ-વૈભવોનો પાર નથી, પરંતુ મને સંસાર ખારા ઝેર જેવો લાગે છે. “ભવસાગર પાર કરાવે એવા સદ્‌ગુરુની શોધ માટે હું ઘણા તીર્થોમાં ભમ્યો, જંગલો ખુંદી વળ્યો, ગીરનારની ગુફાઓમાં ફર્યો, છેવટે ગીરનારની ઉપરની ટોચ સુધી જઈ આવ્યો પણ મારી છાતી ઠારે એવા સિદ્ધ મને ન મળ્યા. તેથી નિરાશ થઈને મારા વતન મારવાડ તરફ પાછો જઈ રહ્યો છું.”

દેહા ચારણની વાત સાંભળી દરબાર અભયસિંહજી મર્મમાં બોલ્યા, “ગઢવી ! તમે સિદ્ધ શોધવા ડુંગરે ચડ્યા પણ સિદ્ધ તો નીચે તળેટીમાં રહી ગયા !”

દેહા ચારણે કહ્યું, “દરબાર ! આપની વાત સમજાણી નહિ.”

દરબારે કહ્યું, “ગઢવી ! સિદ્ધ ગીરનારની ગુફાઓમાં પણ નથી અને સિદ્ધ ગીરનારની ટોચ ઉપર પણ નથી. સિદ્ધ તો ગીરનારની તળેટીમાં જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં બિરાજે છે.”

દેહા ચારણને દરબારે ભગવાન સ્વામિનારાયણ તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોનો મહિમા કહ્યો અને કહ્યું, “ગઢવી ! જો તમારું મન માને તો હાલો મારી હાર્યે, હું તમને સાચા સિદ્ધ પાસે લઈ

જાઉં, આપ એમના દર્શન કરો. તમારું હૈયું હા પાડે તો એમની પાસે રોકાજો અને ના પાડે તો મારવાડના માર્ગે પ્રયાણ કરજો.''

દેહા ચારણ માટે દરબારની વાત આઠ આઠ દિવસના ઉપવાસીને કોઈ અચાનક પંચામૃતના ભોજનનું નોતરું આપે, એવી આનંદદાયક હતી. તેઓ દરબાર સાથે ચાલવા તૈયાર થયા.

દરબાર અને દેહા ચારણ જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા.

મંદિરના ગુણાતીત સભામંડપમાં લાકડાને થાંભલે, તકીયાને ટેકે બેઠેલા, તેજસ્વી મુખમુદ્રાવાળા, મહાપ્રભાવશાળી સ્વામીના દર્શન કરતાં જ દેહા ચારણના અંતરમાં ટાઢક થઈ ગઈ.

એના હૃદયમાંથી શાંતિના શેરડાઓ ફૂટવા લાગ્યા. એના અંતરમાંથી અવાજ ઊઠ્યો, ''દેહા ! તું જેને શોધવા નીકળ્યો છો, એ સિદ્ધ તારી સામે બિરાજમાન છે.''

જેવા દરબાર અને દેહા ચારણ સમીપ આવ્યા એવા જ સ્વામીએ મીઠો આવકારો આપી અંતર્યામીભાવે કહ્યું, ''કેમ, દેહા ચારણ ! પધારો પધારો, સિદ્ધ ગોતવા નીકળ્યા છોને ? ભગવાન સ્વામિનારાયણને ત્યાં સિદ્ધોનો પાર નથી.''

દેહા ચારણ આશ્ચર્યથી આ અંતર્યામી મહાપુરુષ સામે નીરખી રહ્યા. ત્યાં વળી સ્વામી બોલ્યા, ''દેહા ભગત ! અહીં મુમુક્ષુઓ માટે મંદિરના દ્વાર સદૈવ ખુલ્લા છે. તમે અહીં સુખેથી રહો. દૂરથી આવ્યા છો, થાક્યા છો, ભોજનપાણી અને ઉતારા કરો.''

સ્વામીના વેણે વેણે દેહા ચારણનું અંતર પીગળી રહ્યું હતું. એમના અંતરમાથી 'અહો અહો'ના પોકાર ઉઠવા લાગ્યા.

સ્વામીએ એમને પીપળાવાળા વંડામાં ઉતારો કરાવ્યો.

સ્વામીની મીઠી વાણી, ભોજન-સત્કાર વગેરેથી દેહા ચારણના દેહનો થાક ઉતરી ગયો અને સ્વામીનો સમાગમ કરવાથી જનમ જનમના મનના થાક અને મનના ફેર પણ ઉતરવા લાગ્યા.

દેહા ચારણ નિયમિત રીતે દેવદર્શન કરી સ્વામીની કથાવાર્તા સાંભળવા લાગ્યા. સ્વામીના સમાગમથી એમના હૃદયમાં રહેલા વૈરાગ્યના બીજો પાંગરી ઉઠ્યા અને અંતરમાં રહેલા માયાના આવરણ ભેદાવા લાગ્યા.

દેહા ચારણ સ્વામીના સમાગમની સાથોસાથ મંદિરના સેવાયોગમાં પણ જોડાઈ ગયા. મંદિરની નાનામાં નાની ટેલચાકરી કરવામાં એમને ક્યારેય સંકોચ થતો નહોતો.

આમને આમ લગભગ એક વર્ષ વીતવા આવ્યું. એક દિવસ સ્વામીએ એમને

હસતાં હસતાં પુછ્યું, ‘‘દેહા ભગત ! દેહ ને દેહના સગાં-સંબંધીઓ યાદ નથી આવતા ? મારવાડ નથી જાવું?’’

દેહા ચારણે કહ્યું, ‘‘સ્વામી ! મારે તો આપના ચરણમાં જ મારવાડ છે. આપે બ્રહ્મરૂપ થવાની વાતો કરી દેહ ને દેહના સગાં-સંબંધીઓમાં આસક્તિ જ રહેવા દીધી નથી.’’ ‘‘આપે ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા સમજાવ્યો છે. જેને લીધે મારા હૃદયની રહીસહી સંસારની વાસના પણ નિર્મૂળ થઈ ગઈ છે, માટે મારે હવે શ્રીહરિ અને આપનાં ચરણને છોડીને ક્યાંય જવું નથી. આપ મને સાધુ કરો અને કાયમ માટે આપની સેવામાં રાખો.’’

દેહા ચારણની વાત સાંભળી સ્વામી ખૂબ જ રાજી થયા. એમને દીક્ષા અપાવી સાધુ કર્યા અને ‘શ્રીકૃષ્ણપ્રિયદાસજી’ નામ રાખ્યું.

સ્વામી કૃષ્ણપ્રિયદાસજી ઉત્તમ મુમુક્ષુ, ભારે શ્રદ્ધાવાન અને શ્રીહરિનાં સ્વરૂપમાં અત્યંત સ્નેહવાળા સંત હતા.

તેઓએ પોતાનું સમગ્ર જીવન જૂનાગઢમાં રહીને રાધારમણદેવની સેવામાં વીતાવ્યું. તેઓશ્રી જૂનાગઢમાં અક્ષરવાસી થયા.

## સદ્‌ગુરુ કોઠારી શ્રી મુકુંદચરણદાસજીસ્વામી

સૌરાષ્ટ્રના ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામમાં શ્રીહરિના સમયથી સત્સંગ છે. આ ગામમાં ઘણા મુમુક્ષુઓ સાધુ થયા છે. સ્વામી મુકુંદચરણદાસજી પણ ભાયાવદર ગામના વતની હતા.

મુકુંદચરણદાસજી સ્વામી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં પાર્ષદ થયા હતા. એક વખત મંદિરની વાડીમાં ગાયોની નીરણ માટે જાર વાવવી હતી. ગુણાતીતાનંદ સ્વામીએ પાર્ષદ અવસ્થામાં રહેલા મુકુંદચરણ સ્વામીને કહ્યું, ‘ભગત તમે જારની વાવણી કરો.’

ભગતે કહ્યું, ‘‘સ્વામી મેં કોઈ દિવસ વાવવાનું કામ કર્યું નથી, બળદ પણ હાંક્યા નથી તેથી મને નહીં આવડે.’’

ગુણાતીતાનંદ સ્વામી કહે, ‘‘ભગત ! આપણે ક્યાં જારનો પાક લેવો છે ? આપણે તો ઢોરને ખવરાવવા માટે જાર વાવવી છે. માટે તમે ખેતરે જઈ આડા, ઉભા, સીધા, ત્રાંસા ચાસની ચિંતા કર્યા વગર જેમ આવડે એમ જાર વાવો, તમને બધું આવડશે.’’

ભગત કહે, ‘‘ભલે સ્વામી !’’

ભગતે સ્વામીની આજ્ઞા સ્વીકારી વાડીમાં જારની વાવણી કરી. સ્વામી ભગત ઉપર પ્રસન્ન થયા અને ઠાકોરજીના થાળની પ્રસાદી આપી આશીર્વાદ આપ્યા કે, ‘‘આ ભગત તો સાધુ થઈને મંદિરની ખૂબ સેવા કરશે.’’

ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરવાસ થયા પછી તેઓએ દીક્ષા લીધી અને મુકુંદચરણદાસજી નામે ઓળખાવા લાગ્યા.

મુકુંદચરણદાસજી સ્વામી વ્યવહારકાર્યમાં ખૂબ જ હોશિયાર હોવાથી થોડા સમયમાં જ આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે જૂનાગઢ મંદિરના કોઠારીપદે નિયુક્તિ કરી. સ્વામી કોઠારીપદે આવવાથી મંદિરની સંપત્તિમાં સર્વપ્રકારે વૃદ્ધિ થઈ.

સ્વામીએ પોતાના કોઠારીકાળ દરમિયાન ઉત્સવ-સમૈયા દરમિયાન વપરાશ માટે અને પુષ્કળ વાસણોની ખરીદી કરી. મંદિરની પ્રદક્ષિણા ખૂબ જ સાંકડી હતી તેથી ઉત્સવ-સમૈયામાં મંદિરની પ્રદક્ષિણામાં ભીડ થતી.
સ્વામીએ સહુના અભિપ્રાયો મેળવી મંદિરની પ્રદક્ષિણા પહોળી કરી. રાધારમણ દેવને ધરાવવાના સોનાનાં ઘરેણાં ઓછાં હતા. સ્વામીએ હરિભક્તોને ઉપદેશ આપી દેવને ધરાવવાના ઘરેણામાં સારો એવો વધારો કર્યો. મંદિરની જગ્યામાં વેચાતી જમીનો લઈ વધારો કર્યો. મંદિરમાં બાંધકામ કરાવ્યા. આમ તેઓશ્રીએ મંદિરની ખૂબ જ સેવાઓ કરી શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

વિ. સં. ૧૯૫૨ની સાલમાં ચૈત્ર સુદ આઠમના દિવસે જૂનાગઢ મુકામે મુકુંદચરણદાસ સ્વામી અક્ષરવાસી થયા.

## સદ્‌ગુરુ શ્રી કેશવચરણદાસજી સ્વામી

વિ. સં. ૧૮૫૮માં વડતાલ પાસેના મહેળાવ ગામમાં સ્વામી કેશવચરણદાસજીનો જન્મ થયો હતો. તેઓએ નાનપણમાં ભગવાન શ્રીહરિ તથા સંતોને કેરીઓ જમાડેલી.

વારંવાર સંતોના યોગમાં આવવાથી તેમને સંસારમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. સાધુ થવા માટે તેઓ ગોપાળાનંદ સ્વામી પાસે ગઢપુર આવ્યા, પરંતુ તેમના પિતા તેમને ઘેર તેડી ગયા.

આમનેઆમ ત્રણ-ચાર વખત બન્યું. પાંચમી વાર જ્યારે તેમને લેવા તેમના પિતાશ્રી આવ્યા ત્યારે તેમણે ઘરે આવવાની ચોખ્ખી ના પાડી દીધી અને પાર્ષદ થઈ મંદિરની સેવામાં જોડાઈ ગયા.

ભગતની ઉત્તમ મુમુક્ષુતા જોઈ ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિ પાસે સાધુદીક્ષા

અપાવી કેશવચરણદાસજી નામ રાખ્યું.

કેશવચરણ સ્વામી ગોપાળાનંદ સ્વામી સાથે રહી સ્વામીની મરજી મુજબ સેવા કરવા લાગ્યા.

રામનવમીના સમૈયામાં જૂનાગઢથી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા હતા. એ વખતે ગોપાળાનંદ સ્વામીએ કેશવચરણદાસજીને કહ્યું, ''તમો ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ જાઓ અને ત્યાં મંદિરમાં રહીને દેવની સેવા કરો અને સ્વામીનો સમાગમ કરો.''

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાનો સ્વીકાર કરી કેશવચરણદાસજી સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢ પધાર્યા. જૂનાગઢમાં મંદિરની તમામ સેવાઓમાં તેઓ શ્રદ્ધાથી ભાગ લેવા લાગ્યા. તેઓ સેવાભાવી અને ખૂબ સરળ સ્વભાવના હતા. ગુણાતીતાનંદ સ્વામી સત્સંગ-વિચરણમાં જાય ત્યારે મંદિરની દેખરેખની ભલામણ કેશવચરણદાસજી સ્વામીને કરતા. તેઓશ્રી વચનામૃતના સારા અભ્યાસી હતા. વચનામૃતના ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ ગુણાતીતાનંદ સ્વામી પાસે કરાવતા.

સ્વામી કેશવચરણદાસજી પોતાની વૃદ્ધાવસ્થામાં વડતાલમાં રહેતા અને વડતાલમાં જ અક્ષરવાસી થયા હતા.

## સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી રઘુવીરચરણદાસજી

અમરેલી જિલ્લાના ગોરવિયાળી ગામે રામભાઈ નામે શ્રીહરિના આશ્રિત રહેતા હતા. તેમને ભાયાભાઈ અને રૂડાભાઈ નામે બે પુત્રો તથા એક પુત્રી હતા.

રામભાઈએ પોતાની પુત્રીના લગ્ન ખારી ગામે કરાવેલા. તેમને બે પુત્રો થયા. આ બન્ને પુત્રો ખૂબ જ નાના હતા એ વખતે તેમના માતા-પિતા ચેપી રોગના કારણે મૃત્યુ પામ્યા, તેથી બન્ને છોકરાઓ તેમના મામાને ઘરે રહેતા.

ગોરવિયાળી ગામે રામભાઈ પટેલના ઘરે સંતો પધાર્યા. ગામના આગેવાને સંતોનું અપમાન કરી ગામમાંથી કાઢી મૂક્યા. સંતોનું આ અપમાન રામભાઈથી સહન ન થતા તેઓ ગામ છોડી પીઠવડી ગામે રહેવા આવ્યા.

પીઠવડી ગામમાં અવારનવાર સંતોના સમાગમથી આ બન્ને છોકરાઓમાં સત્સંગની વૃદ્ધિ થવા લાગી. છોકરાઓના મામા ભાયાભાઈને એવો શુભ વિચાર થયો કે, 'જો આ બન્ને છોકરાઓ સાધુ થાય, તો તેમના જીવનું રૂડું થાય અને તેમના માતાપિતાનું પણ શ્રેય થાય.' આવા શુભ વિચારથી તેઓ બન્ને ભાણેજને ઉપદેશ આપતા.

વિ.સં. ૧૮૮૧માં મહારાજ દાદાખાચરની જાન લઈ પીઠવડી રોકાયા હતા. એ સમયે આ બન્ને છોકરાઓને તેમના મામાએ શ્રીહરિ સાથે ગઢડા મોકલ્યા અને કહ્યું, ‘‘ગઢડામાં સંતો સાથે રહી સેવા કરજો. તમને ત્યાં અનુકૂળતા આવે તો સાધુ થજો, નહિતર પાછા અહીં આવતા રહેજો.’’

આ રીતે મામાના કહેવાથી બન્ને છોકરાઓ ગઢપુર આવ્યા. શ્રીહરિએ બન્ને ભાઈઓને ગોપાળાનંદ સ્વામીને સોંપી તેમની સંભાળ રાખવાનું કહ્યું. ગોપાળાનંદ સ્વામી બન્ને ભાઈઓનું ઘડતર કરવા લાગ્યા.

એક વખત ગોપાળાનંદ સ્વામી મંડળ સહિત જૂનાગઢ પધારેલા. આ બન્ને ભાઈઓ પણ સાથે હતા. ગોપાળાનંદ સ્વામીએ જૂનાગઢ મંદિર તેમજ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહી અહીં જ રોકાઈ સેવા કરવાનું કહ્યું. બન્ને ભાઈઓ સ્વામીની આજ્ઞાનો સ્વીકાર કરી જૂનાગઢ રોકાયા.

થોડા દિવસો બાદ ગુણાતીતાનંદ સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે સાધુદીક્ષા અપાવી એકનું નામ ‘નીલકંઠદાસજી’ તથા બીજાનુ નામ ‘રઘુવીરચરણદાસજી’ રાખ્યું.

સાધુદીક્ષા લીધા બાદ થોડા જ સમયમાં સ્વામી નીલકંઠદાસજીને ક્ષય રોગ લાગુ પડતા તેઓ અક્ષરવાસી થયા.

સ્વામી રઘુવીરચરણદાસજી ગુણાતીતાનંદ સ્વામી સાથે રહી વિચરણ કરવા લાગ્યા. તેઓની યાદશક્તિ સારી હોવાથી સ્વામીએ તેમને સંસ્કૃત ભણવા કહ્યું. સ્વામીની આજ્ઞાથી રઘુવીરચરણદાસજી વિશુદ્ધાત્માનંદ સ્વામી પાસે અભ્યાસ કરવા લાગ્યા.

રઘુવીરચરણદાસજી સ્વામી અભ્યાસમાં ખૂબ જ હોશિયાર હોવાથી ત્રણ-ચાર વર્ષમાં જ સારા વિદ્વાન થયા અને ભાગવત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી ભાષ્ય વગેરે શાસ્ત્રોની કથા કરવા લાગ્યા. ઉના, માળિયા, ગોંડલ, માણાવદર વગેરે ગામોમાં સ્વામી ફરતા અને કથાવાર્તા કરી સંતો-ભક્તોને પ્રસન્ન કરતા. રઘુવીરચરણદાસજી સ્વામીએ ઉનાના વિચરણ દરમિયાન ઉના મંદિરમાં સાધુઓને રહેવા માટે ધર્મશાળા કરાવી ગુણાતીતાનંદ સ્વામીના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરાવેલ.

સમય, સંજોગ, સંગફેર અને અહંકારને લીધે રઘુવીરચરણદાસજી થોડો રાહ ચાતરી ગયા હતા. એમના અંતરમાં જૂનાગઢના મહંત થવાની ખૂબ ઈચ્છા હતી, પરંતુ આવડા મોટા મંદિરનો કારોબાર તે સંભાળી શકે એમ નહોતા.

ગુણાતીતાનંદ સ્વામીએ એમની ઈચ્છા પૂર્ણ કરવા જૂનાગઢ મંદિરના ઉપમહંત

બનાવવાની ભગવત્‌પ્રસાદજી મહારાજને ભલામણ કરી હતી. તેથી ભગવત્‌પ્રસાદજી મહારાજે એમને ઉપમહંત બનાવ્યા હતા, પરંતુ એ જવાબદારી તેઓ વધુ સમય વહન કરી શક્યા નહોતા.

પુરાણીશ્રી રઘુવીરચરણદાસજી સ્વામી પોતાની અંતિમ અવસ્થામાં વિચરણ કરતા રાજકોટ પધાર્યા હતા. અહીં એક જ દિવસની ટૂંકી બિમારી ભોગવી અક્ષરવાસી થયા.

## શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામી

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના શુભાશીર્વાદથી કુંકાવાવ ગામના કરશન પટેલના ઘરે સં.૧૯૦૯ના રથયાત્રાના દિવસે એક મહામુક્તનો જન્મ થયો.

કરશન પટેલે સદ્‌ગુરુ ગુણતીતાનંદ સ્વામી પાસે પુત્રના વર્તમાન ધરાવ્યા.

અવારનવાર જન્માષ્ટમી આદિ સમૈયામાં કરશન પટેલ પુત્ર સાથે જુનાગઢ પધારતા અને સંતોનો સમાગમ કરતા.

સંતોનો સહવાસ મુમુક્ષુઓનું પોષણ કરતો હોય છે, એ ન્યાયે કરશન પટેલના પુત્રને સંતોનો સંગ મળવાથી વૈરાગ્ય પ્રગટ્યો.

સં.૧૯૩૩માં માધવચરણદાસજી સ્વામી સાથે વડતાલ જઈ દીક્ષા ગ્રહણ કરી અને 'કૃષ્ણચરણદાસજી' નામ ધારણ કર્યું.

સાધુ થયા પછી માધવચરણદાસજી સ્વામી સાથે રહી અભ્યાસની સાથેસાથે દેશ ફરવા લાગ્યા.

સ્વામી કૃષ્ણચરણદાસજી સ્વભાવે અત્યંત હેતાળ હતા. સ્વામીના હેતાળ સ્વભાવથી હરિભક્તોને તેમના તરફ ભારે ખેંચાણ રહેતું. તેઓ જ્યારે શ્રીજી મહારાજનાં લીલાચરિત્રોનું વર્ણન કરતા ત્યારે તેમના નેત્રો હર્ષાશ્રુથી ભીનાં થઈ જતાં, સાથોસાથ શ્રોતાજનોના નેત્રો પણ સજળ થઈ જતાં. તેઓની વાણીમાં ઉપાસનાનું મુખ્યપણું રહેતું અને તેમની શૈલી સારી અને અતિ સ્પષ્ટ હતી.

પૂજ્ય કૃષ્ણચરણ સ્વામી માયાળુ માતાની જેમ હરિભક્તોના દુઃખ જોઈ શકતા નહિ. તેઓ હરિભક્તોના દુઃખનું નિવારણ કરવા મહારાજને પ્રાર્થના કરી, આશીર્વાદ આપી, કોઈને અન્ન, કોઈને ધન, કોઈને પુત્રાદિકની પ્રાપ્તિ કરાવતા.

ઘણા ખેડૂતોના ખેતરમાં જ કૂવાની જગ્યા બતાવી કૂવા ગળાવતા અને અખૂટ પાણી થતું. સ્વામીનો અતિ દયાળુ સ્વભાવ હોવાથી પૂજ્ય બાલમુકુંદદાસજી સ્વામી તેઓને 'સત્સંગની મા' કહેતા.

પૂજ્ય કૃષ્ણચરણ સ્વામી શરીરે પુષ્ટ, જરા નીચા કદના અને શ્યામ વર્ણના હતા. તેઓ સ્વભાવે ખૂબ જ નિર્દોષ, સરળ અને અજાતશત્રુ હતા. શ્રીહરિની મૂર્તિનું ધ્યાન તેમનું મુખ્ય અંગ હતું. સોરઠ દેશના ઘણા ગામોમાં રોકાઈ તેઓએ નવા સત્સંગી કર્યા હતા અને વ્યસનો છોડાવ્યા હતા.

પૂજ્ય કૃષ્ણચરણદાસજી સ્વામી વચનસિદ્ધ હતા, છતાં તેઓ પોતાનો મહિમા ક્યારેય ગાવા દેતા નહીં. તેઓ કહેતા, ''સર્વ કર્યું મહારાજનું થાય છે મારું નહિ.''

તેઓના જીવનમાં એવા અનેક પ્રસંગો છે કે જેમાં તેમના વચને અશક્ય હોય તેવું શક્ય બન્યુ છે. તેમનો આ અમોઘ પ્રતાપ સારાએ જૂનાગઢમાં ફેલાયો હતો.

પૂજ્ય કૃષ્ણચરણદાસજી સ્વામીએ પોતાનું સંપૂર્ણ જીવન ધ્યાન, ભજન અને હરિભક્તોના દુઃખ નિવારવામાં જ વિતાવ્યું હતું.

સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો સાથે અત્યંત હેત હતું. પૂજ્ય નારાયણદાસજી સ્વામી, બ્રહ્મચારી કૃષ્ણસ્વરુપાનંદજી, સ્વામી માધવપ્રિયદાસજી વગેરે સંતો સાથે સ્વામી ખૂબ રહ્યા હતા.

આ સર્વે સંતોના અક્ષરવાસથી કૃષ્ણચરણદાસજી સ્વામી બહુ ઉદાસ થઈ ગયા હતા. પરિણામે અમરેલીમાં તેઓ ખૂબ માંદા પડ્યા. તેઓને હરિભક્તો દ્વારા જૂનાગઢ લાવવામાં આવ્યા અને ૭૮ વર્ષની ઉંમરે સં.૧૯૮૭ ના રથયાત્રાના મંગલ દિવસે અર્થાત પોતાના જન્મદિવસે જ અક્ષરવાસી થયા.

સ્વામી અક્ષરપુરુષદાસજી ગુણાતીત પરંપરાના પવિત્ર સંત હતા. ગુણાતીતાનંદ સ્વામીના સમર્થ શિષ્ય સ્વામી શ્રી કૃષ્ણચરણદાસજી એમના ગુરુ હતા. સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજીના ચાર શિષ્યો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરપુરુષદાસજી(પંચાળા), સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી(જેતપુર), સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનજીવનદાસજી (યોગીજી મહારાજ, બીએપીએસ)

સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજીના ત્રણ શિષ્યો આજીવન ચુસ્તપણે સંપ્રદાયની મૂળ ધારામાં જ રહ્યા અને સ્વામીનો રાજીપો મેળવ્યો.

જોગી સ્વામી જ્ઞાનજીવનદાસજી ખૂબ જ અલમસ્ત બાળાભોળા સંત હતા, અજાતશત્રુ હતા, પરંતુ તેઓ સંજોગોને આધીન થઈને મૂળ ધારાથી અલગ થયા હતા. સદ્‌ગુરુ સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજીએ એમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોગી સ્વામીની ઈચ્છા પણ મૂળ સમપ્રદાયમાં પાછા ફરવાની હતી, પરંતુ સંજોગવશાત્

એમનાથી એ શક્ય બન્યું નહોતું.

ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર શિષ્ય સ્વામી કૃષ્ણચરણદાસજીએ આખરે પોતાનું મન વાળી લીધુ હતું.

## સદ્‌ગુરુ સ્વામી શ્રી અક્ષરસ્વરુપદાસજી

વડોદરા જિલ્લાના ડભોઈ ગામમાં વાણિયા જ્ઞાતિના દ્વારકાદાસ શેઠ રહેતા. તેમના ઘરે વિ.સં ૧૮૮૨ના રોજ પુત્રરત્નનો જન્મ થયો. તેમનું નામ ત્રિકમદાસ રાખવામાં આવ્યું.

ત્રિકમદાસ સાત વર્ષની ઉંમરના થયા તે સમયે તેમના માતુશ્રી અક્ષરવાસી થયા. પત્નીના અક્ષરવાસ પછી દ્વારકાદાસ સંતસમાગમ અને સંત સેવામાં જોડાઈ ગયા. અવારનવાર સંતોનો સમાગમ મળતા પિતા-પુત્રમાં સત્સંગનો રંગ ચઢતો ગયો.

દ્વારકાદાસ શ્રીમંત વણિક હતા, તેથી તેની શ્રીમંતાઈ વસ્ત્રોમાં દેખાઈ આવતી. ત્રિકમદાસ પણ પિતાના સંગે રજોગુણી થયા. સંતોમાં હેત હોવાના કારણે અવારનવાર વડતાલ દર્શન કરવા પધારે. સંતોનો સંગ કરે તેથી પોતની કસર પણ ઓળખાય.

એક દિવસ દ્વારકાદાસે ગોપાળાનંદ સ્વામીને કહ્યુ, ‘‘સ્વામી ! આ ત્રિકમદાસ ઉપર કૃપાદૃષ્ટિ કરો તો સંસારના દુ:ખમાંથી છૂટે.’’

સ્વામી કહે, ‘‘દ્વારકાદાસ ! તમે વ્યવહારે સુખી છો તેથી આ તમારા પુત્રને ખાનપાન, વસ્ત્ર, ઘરેણાં વગેરેથી ખૂબ જ સાચવો છો. હજી તેને જુવાની ફૂટતી આવે છે, સર્વથા રજોગુણ વધતો જાય તેવું વાતવરણ છે. જ્યાં સુધી રજોગુણ ન મટે ત્યાં સુધી વૈરાગ્ય કેમ થાય ?’’

આમ વાત કરતા કરતા સ્વામી ત્રિકમદાસ સામું જોઈ બોલ્યા, ‘‘ત્રિકમદાસ ! સંસારમાંથી છૂટવું છે ?’’ ત્રિકમદાસ કહે, ‘‘સ્વામી ! પહેલા તો આપ કૃપા કરો તો મારો રજોગુણ ઓછો થાય. સંસાર છોડવાની વાત તો મારાથી પછી થશે.’’

સ્વામી કહે, ‘‘તમે સાવધાનીપૂર્વક કથાવાર્તાનું શ્રવણ કરજો, તમારો રજોગુણ જતો રહેશે.’’

સ્વામીની આજ્ઞા પ્રમાણે ત્રિકમદાસ દરરોજ કથાવાર્તા સાંભળવા લાગ્યા. પાંચ-સાત દિવસમાં જ સાવધાની પૂર્વક કથા સાંભળવાથી ત્રિકમદાસને વસ્ત્ર ઘરેણાં પહેરવાનો શોખ જતો રહ્યો. પિતા-પુત્રએ બન્નેએ સાથે મળી પોતાના ઘરેણાં ઊતારી લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કર્યાં. બન્ને પિતા-પુત્રની ભાવના અને સેવાથી આચાર્ય મહારાજ તથા સંતો ખૂબ પ્રસન્ન થયા.

થોડા દિવસ પછી દ્વારકાદાસે જ્યારે પુત્રને કહ્યું કે, "આપણે ઘરેથી આવ્યા તેને ઘણો સમય થઈ ગયો, માટે આપણે ઘરે જઈએ."

ત્રિકમદાસે કહ્યું, "પિતાજી ! મારો વિચાર અહીં મંદિરમાં રહી સેવા કરવાનો છે. માટે મારે અહીં રોકાવું છે."

પુત્રની વાત સાંભળી દ્વારકાદાસ પ્રસન્ન થયા અને પુત્રને ગોપાળાનંદ સ્વામીને સોંપી પોતે ઘરે ગયા.

થોડા દિવસ પછી ઉપેન્દ્રાનંદ સ્વામી જૂનાગઢ જતા હતા. તેમણે ત્રિકમદાસને કહ્યું, "તમારે મારી સાથે જૂનાગઢ આવવું છે ?"

ત્રિકમદાસ કહે, જૂનાગઢ દર્શન કરવાની ઈચ્છા તો છે પણ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા લઈ આવું."

ત્રિકમદાસે ગોપાળાનંદ સ્વામી પાસે આવી પોતાનો સંકલ્પ જણાવ્યો. ગોપાળાનંદ સ્વામી રાજી થયા અને કહ્યું, "જૂનાગઢ મોટું તીર્થધામ છે, ત્યાં ગુણાતીતાનંદ સ્વામી રહે છે. તેમનો સેવા-સમાગમ કરજો અને અનુકુળતા આવે તો ત્યાં જ રોકાઈ જજો ! "

આ રીતે સ્વામીની આજ્ઞા લઈ ત્રિકમદાસ જૂનાગઢ પધાર્યા.

અહીં ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી ત્રિકમદાસનો મુમુક્ષુતામાં વધારો થયો. તેઓ જૂનાગઢમાં જ રોકાઈ ગયા.

આ બાજુ દ્વારકાદાસે ઘરે જઈ પોતાની તમામ મિલ્કત વેચી પૈસા લઈ વડતાલ આવ્યા. ગોપાળાનંદ સ્વામી પાસે જઈ દ્વારકાદાસે દસ હજાર રૂપિયા મૂક્યા અને કહ્યું, "સ્વામી ! હું મારી તમામ સંપત્તિ આપને અર્પણ કરું છું. હવે આપ કહો તેમ જ મારે કરવું છે."

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "દ્વારકાદાસ ! આમ ઉતાવળ કરો મા, પહેલા આપના પુત્ર ત્રિકામદાસની ઈચ્છા જાણી લ્યો."

થોડા દિવસ પછી સમૈયામાં ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા. સાથે ત્રિકમદાસ પણ હતા. ગોપાળાનંદ સ્વામીએ ત્રિકમદાસને સર્વ સમાચાર પૂછ્યા. ત્રિકમદાસે કહ્યું, "સ્વામી ! મને જૂનાગઢમાં સર્વ અનુકુળ છે અને ફાવી ગયું છે."

સ્વામી અને ત્રિકમદાસ આમ વાત કરતા હતા ત્યાં દ્વારકાદાસ આવ્યા એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "દ્વારિકાદાસ, આ તમારા પુત્ર પણ આવી ગયા છે માટે આપ બન્ને મળી જે નિર્ણય લેવો હોય તે લ્યો."

પિતા-પુત્ર બન્ને એકાંતમાં બેસી ચર્ચા કરવા લાગ્યા. ચર્ચાના અંતે એવો

નિર્ણય આવ્યો કે 'આપણે બન્નેએ સર્વ સંપત્તિ મંદિરમાં અર્પણ કરી સાધુ બની જવું.' બન્નેએ પોતાના સંકલ્પો ગોપાળાનંદ સ્વામીને જણાવ્યા. પિતા-પુત્રનો વિચાર જાણી ગોપાળાનંદ સ્વામી ખૂબ જ પ્રસન્ન થયા.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "દ્વારકાદાસ ! તમને બન્નેને જો જૂનાગઢ અનુકુળતા આવે તો ત્યાં રહીને ભગવાનનું ભજન કરો." સ્વામીની વાત સાંભળી બન્ને જૂનાગઢ જવા તૈયાર થયા.

પોતાની સર્વ સંપત્તિ લઈ બન્ને પિતા-પુત્ર જૂનાગઢ આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીને સર્વસ્વ અર્પણ કરી સેવા-સમાગમમાં જોડાઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ એમને મંદિરના પાર્ષદો સાથે રહેવા-જમવાની વ્યવસ્થા કરી દીધી.

પાર્ષદ તરીકે રહી મંદિરની સેવા કરતાં એકાદ વર્ષ થયું. એક વખત ગુણાતીતાનંદ સ્વામીને પિતા-પુત્રે સાધુ થવાની ઈચ્છા જણાવી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "તમારે સાધુ થવું છે કે અમે કહીએ તેમ કરવું છે ?"

ત્રિકમદાસ કહે, "સ્વામી ! અમારે તો તમને રાજી કરવા છે."

સ્વામી કહે, "મારી ઈચ્છા તો એવી છે કે તમે પાર્ષદ તરીકે રહી મંદિરની સેવા કરો. અમારે મંદિરમાં કોઠારીની જરુર છે ને તમે વાણીયાના દીકરા છો માટે મંદિરના કોઠારી તરીકે રહી મંદિરનો વ્યવહાર સંભાળો."

"તમારા બાપુજી સારુ વૈદુ જાણે છે, તેથી તે મંદિરના માંદા ત્યાગીઓની દવા કરે ને મંદિરમાં ભજન કરે."

સ્વામીની આજ્ઞા થતા બન્ને સેવામાં જોડાઈ ગયા. ત્રિકમદાસ મંદિરના કોઠારની સેવામાં જોડાઈ ગયા અને "ત્રિકમદાસ કોઠારી" તરીકે પ્રસિદ્ધ થયા.

ત્રિકમદાસે આશરે બાવીશ વર્ષ સુધી મંદિરના કોઠારની સેવા કરી ગુણાતીતાનંદ સ્વામીની કૃપા મેળવી. મંદિરના કોઠારી પદે હોવા છતાં તેઓ દિવસમાં એક જ વખત સાત્ત્વિક અને સાદું ભોજન જમતા. સમય પ્રમાણે વ્રત, જપ, તપ કરતા રહેતા.

વિ.સં.૧૯૨૩ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામી અક્ષરધામ સિધાવ્યા બાદ ત્રિકમદાસે વિચાર કર્યો, 'સ્વામીની આજ્ઞાથી કોઠારીપદે રહી અત્યાર સુધી મંદિરની સેવા કરી, પરંતુ હવે સેવામાંથી નિવૃત્ત થઈ કથાવાર્તા સાંભળવી અને ભજન કરવું.' આમ વિચારી તેઓ કોઠારીપદેથી નિવૃત્ત થયા અને યોગેશ્વરદાસજી સ્વામીના મંડળમાં રહી ભજન કરવા લાગ્યા.

એક વખત ત્રિકમદાસે યોગેશ્વરદાસજી સ્વામીને પોતાને સાધુ થવાની ઈચ્છા દર્શાવી. યોગેશ્વરદાસજી સ્વામીએ વડતાલમાં વિ.સં ૧૯૨૪ની સાલમાં ભગવત્પ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી અક્ષરસ્વરુપદાસજી નામ આપ્યું.

સાધુદીક્ષા લીધા પછી સ્વામી અક્ષરસ્વરુપદાસજી બે વર્ષ સુધી યોગેશ્વરદાસજી સ્વામી સાથે ગામડાઓમાં ફર્યા. વિ.સં ૧૯૨૬માં તેઓ મંડળધારી તરીકે નિયુક્ત થયા.

મંડળધારી થયા પછી સ્વામી સોરઠપ્રદેશના ગામડાઓમાં વિચરણ કરવા લાગ્યા. સોરઠના પ્રસાદીભૂત તીર્થોમાં ફરી જે તે સ્થાનોમાં છત્રીઓ, દેરીઓ, શિલાલેખો વગેરે સેવાકાર્યો કર્યા.

તીર્થભૂમિ લોએજમાં જૂની ધર્મશાળાના સ્થાને નવી ધર્મશાળા કરાવી. દેરીઓ કરી હનુમાનજી-ગણપતિજીની મૂર્તિઓ પધરાવી. પ્રસાદીની વાવ પાસે છત્રી કરાવી.

માંગરોળમાં સૌપ્રથમ મહારાજે વાવ ગળાવી હતી, તેનો જીર્ણોદ્ધાર કરી તે જગ્યાને સુશોભિત કરી.

મેઘપુરમાં મહારાજની પ્રસાદીભૂત જગ્યાએ છત્રી કરાવી.

માણાવદરમાં લક્ષ્મીવાડી નામે વાડીમાં મહારાજે ઘણીવાર સભા કરેલી, તે સ્થળે છત્રી બનાવી.

અમરેલીમાં ગુણાતીતાનંદ સ્વામીએ મંદિર કરાવેલું. અક્ષરસ્વરુપદાસજી સ્વામીએ આ મંદિરમાં હનુમાનજી-ગણપતિજીની મૂર્તિઓ પધરાવી.

જૂનાગઢ મંદિરમાં કૂવાના પાણી ઊંડા હોવાથી પાણી સિંચવું અઘરું પડતું, સ્વામીએ કૂવા ઉપર પવનચક્કી નંખાવી એ મુશ્કેલી દૂર કરી.

સોરઠના સત્સંગીઓને અનેક રીતે પોષણ આપી સ્વામી અક્ષરસ્વરુપદાસજીએ સત્સંગની અનેકવિધ સેવાઓ કરી.

વિ.સં ૧૯૫૯ ની સાલમાં જૂનાગઢ મંદિરમાં જ પંચભૌતિક દેહનો ત્યાગ કરી તેઓશ્રી અક્ષરધામ સિધાવ્યા.

## સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીનું પૂર્વાશ્રમનું નામ જેઠાભાઈ અને ગામ અમરેલી પાસેનું જાળિયા હતું. તેઓને નાનપણથી જ ગુણાતીતાનંદ સ્વામી સાથે ખૂબ જ હેત હતું. જેઠાભાઈનો સ્વભાવ ખૂબ જ ભોળો અને વિશ્વાસુ હતો.

સ્વામી જ્યારે અમરેલી વિસ્તારમાં પધારતા ત્યારે નાનકડો જેઠો અચૂક

સ્વામીના દર્શને જતો. સ્વામી વડતાલ સમૈયે જતા ત્યારે જેઠાને સાથે લઈ જતા હતા.

એકવાર સ્વામી ચાડીયા ગામે રામ ભંડેરીને ત્યાં બિરાજમાન હતા, ત્યારે જાળિયા ગામેથી બાળો ભોળો જેઠો સ્વામીના દર્શને આવેલો. પગે કેમ લાગવું એની પણ આ ભોળા ભગતને ખબર નહોતી. એ ઊભડક પગે સ્વામીની સામે બેઠો, બે હાથ જોડી પગે લાગ્યો અને સ્વામીના ચરણ ઉપર એક રૂપિયો મૂક્યો.

સ્વામીના ચરણ ઉપર રૂપિયો જોઈને એક સાધુ અપમાનજનક રીતે બોલી ઊઠ્યા, "માળો જેઠિયો સમજતો નથી. સ્વામીને રૂપિયો અડ્યો તેથી સ્વામીને ઉપવાસ કરવો પડશે."

સાધુની વાત સાંભળીને નાનકડો જેઠો એકદમ ઓજપાઈ ગયો.

સ્વામીને સાધુની વાત કરવાની આ રીત ગમી નહિ.

સ્વામીએ ધીરે રહીને રૂપિયો પગ ઉપરથી નીચે સેરવી દીધો અને રામ ભંડેરીને કહ્યું, "આ રૂપિયો તમે ઠાકોરજીના ખાતામાં જમા કરાવી દેજો."

પછી સ્વામીએ સાધુને કહ્યું કે, "સાધુરામ ! હરિભક્તો ક્ષોભીલા પડી જાય એ રીતે વાત ન કરાય. વિવેક રાખવો જોઈએ."

પછી સ્વામીએ જેઠાને કહ્યું, "એલા જેઠા તું શું કામ કરે છે ?"

જેઠાએ કહ્યું, "સાંતી હાંકુ છું અને ઢોર ચારવા જાઉં છું."

સ્વામીએ કહ્યું, "તને નદીના પટમાં રેતીના કૂબા કરતા આવડે ?"

જેઠાએ કહ્યું, "હા સ્વામી ! એવા કૂબા તો અમે રોજ કરીએ."

સ્વામી કહે, "કઈ રીતે કરે ?"

જેઠાએ કહ્યું, "પગ ઉપર રેતી થાબડીએ પછી પગ ખેંચી લઈએ, એટલે કૂબો થઈ જાય."

સ્વામીએ કહ્યું, "એ કૂબો પડી જાય તો તને દુઃખ થાય ?"

જેઠાએ કહ્યું, "ના, સ્વામી ! રેતીના કૂબા અમથાય લાંબા ન ટકે. એટલે એનો મને અફસોસ ન થાય."

જેઠાની વાત સાંભળી સ્વામીએ પેલા સાધુની સામુ જોયું અને કહ્યું, "સાધુરામ ! રેતીનો કૂબો પડે અને દુઃખ ન થાય એમ રૂપિયો અડે એનો ઉપવાસ ન પડે. ઉપવાસ તો રૂપિયા રાખે એનો પડે. આગળ તો એવા ત્યાગીઓ થશે કે જે રૂપિયા પણ રાખશે અને ઉપવાસ પણ નહિ કરે."

એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બગસરામાં બિરાજમાન હતા. સ્વામી માધવચરણદાસજી સ્વામીને સ્નાન કરાવતા હતા. એ અવસરમાં જાળિયાથી જેઠાભાઈ

અને વાંકિયાથી અરજણભાઈ સ્વામીના દર્શને આવ્યા.

અરજણભાઈએ સ્વામીએ સ્નાન કરેલું પાણી પોતાની આંખે અડાડ્યું અને મસ્તક ઉપર ચડાવ્યું.

એ સમયે ભલો ભોળો જેઠો બોલ્યો, “અરજણ ભગત ! તમે આ શું કરો છો ? આપણે તો સાધુથી અભડાઈએ અને તમે એમનું ના'યેલું પાણી માથે કેમ ચડાવો છો ?”

અરજણભાઈએ કહ્યું, “આવા મહાન સંતની પ્રસાદીનું પાણી માથે ચડાવીયે તો ગંગાજી જેવા અનેક તીર્થોમાં સ્નાન કર્યાનું પુણ્ય થાય.”

અરજણભાઈની આ વાત સાંભળતાં જ આ ભોળા ભગતે બે ખોબા ભરી ધૂળવાળુ પાણી માથે ચડાવ્યું. એમનું માથુ અને કપડાં ધૂળ ધૂળ થઈ ગયા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ દૃશ્ય જોઈને મંદ મંદ હસવા લાગ્યા.

સ્વામી સ્નાન કરી, વસ્ત્રપરિધાન કરી, આસન ઉપર બિરાજમાન થયા.

બંને જણાએ સ્વામીને એક સાથે દંડવત્ કર્યા અને એક સાથે પગે લાગ્યા.

સ્વામીએ પોતાના બેય હાથ બેયના માથા ઉપર એક સાથે મૂક્યા અને સ્વામીએ કહ્યું, “આ બેય તો સાધુ થાય એવા છે.” સ્વામી પ્રસન્ન નજરે બંનેની સામે જોઈ રહ્યા અને બોલ્યા, “છોકરાઓ ! તમે ભણજો.”

જેઠાભાઈએ કહ્યું, “સ્વામી ! ભણવું તો છે પણ અમને કાંઈ આવડતું નથી.”

સ્વામીએ બેયના વાંસામાં હાથ ફેરવીને કહ્યું, “ભણજો, તમને આવડશે અને ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે. તેમાં તો તમને કોઈ નહીં પહોંચે.”

આટલી વાત કરી સ્વામીએ જેઠાભાઈને કહ્યું, “જેઠા ! ભવિષ્યમાં તું તો ખૂબ સારો સાધુ થઈશ.”

પછી સ્વામીએ અરજણનો વાંસો થાબડીને કહ્યું, “આ છોકરો તો સાધુ પણ થશે અને જૂનાગઢ મંદિરની મહંતાઈ પણ કરશે. આની કોઠાસૂઝ પાસે ભલભલા ભણેલા પાણી ભરશે.” આ રીતે જેઠાભાઈ અને અરજણભાઈ ઉપર સ્વામીની કરુણાદૃષ્ટિ પડેલી હતી.

સમય જતાં અરજણભાઈ સાધુ થયા અને સત્સંગમાં ‘સદ્‌ગુરુ નારાયણદાસજી’ નામે પ્રસિદ્ધ થયા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પને લીધે જેઠાભાઈના અંતરમાં પણ વૈરાગ્યના બીજ પાંગર્યા અને તેઓ ચાલિસ વર્ષની ઉંમરે સાધુ થવા જૂનાગઢ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી પાસે આવ્યા.

સ્વામીએ તેમને સાધુ કર્યા અને ‘સ્વામી નિર્ગુણજીવનદાસજી‘ નામ પાડ્યું.

જેતપુર મંદિરના સંત નામાવલિમાં ઉલ્લેખ છે કે,

**"વળી શ્રીબાલમુકુંદજી, તેના શિષ્ય સદાય,**
**સમર્થ સદ્‌ગુરુ સ્વામીજી, નિર્ગુણદાસ ગણાય."**

નિર્ગુણદાસજી સ્વામી અનેકવાર પોતાના પૂર્વાશ્રમના ઉપરના પ્રસંગોને સંભારીને વાત કરતા અને અહોભાવ અનુભવતા.

નિર્ગુણજીવનદાસજી ઉત્તમ કોટિના સંત હતા. તેઓ શ્રીજી મહારાજની લીલાની અખંડ વાતો કર્યા કરતા. તેઓ ખૂબ જ દયાળુ હતા. એમનો સ્વભાવ ભલોભોળો, નિર્મળ અને નિખાલસ હતો.

સ્વામીના પૂર્વાશ્રમનો ભોળપણ ભરેલો એક રમૂજી પ્રસંગ માણવા જેવો છે.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પૂર્વાશ્રમમાં 'અરજણ' નામે હતા. નિર્ગુણદાસજી સ્વામી પૂર્વાશ્રમમાં 'જેઠાભાઈ' નામે હતા. બંને પરસ્પર સંબંધી થતાં હતા.

અરજણભાઈના જ્યારે લગ્ન થયા ત્યારે જેઠાભાઈ કન્યાના અણવર હતા. જાન માંડવે આવી. ઘરના ઓરડામાં ગણેશ પૂજન કરવાનું હતું. જેઠાભાઈ કન્યાના અણવર તરીકે કન્યાને લઈને ઓરડામાં પ્રવેશ કરવા ગયા.

એ સમયે એક અપશુકનિયાળ ઘટના ઘટી. ઓરડાની ઓંસરીના નેવા નીચા હતા, તેથી કન્યાને તેડીને જેઠાભાઈ જેવા ઓંસરીનું પગથિયું ચડ્યા એજ વખતે નેવાના વાંસનું ઠેબુ કન્યાના મસ્તક ઉપરના મોડમાં ભરાયું અને મોડ ઉપરનું પાનેતર ફાટી ગયું.

એજ વખતે ભલા ભોળા જેઠાભાઈ બોલ્યા, "ભારે કરી ! આનું અત્યારથી ફાટ્યું, એનો સંસાર લાંબો કેમ ચાલશે !"

જેઠાભાઈની વાત સાંભળી આસપાસના માણસો હસવા માંડ્યા.

સમય જતાં ખરેખર આ શુદ્ધ હૃદયના ભક્તની નિખાલસ વાણી સત્ય થઈ હતી અને કન્યાના પતિ અરજણભાઈ વૈરાગ્યના વેગથી સાધુ થયા હતા અને એમના ગૃહસ્થાશ્રમ ઉપર પૂર્ણ વિરામ મુકાઈ ગયું હતું.

સ્વામી નિર્ગુણજીવનદાસજી મોટે ભાગે જેતપુરમાં રહેતા હતા. સ્વામીના અંતરમાં હરિભક્તો ઉપર ખૂબ જ ભાવ રહેતો અને તેઓ સદાય સત્સંગીઓને રાજી રાખવાનું તાન રાખતાં હતા.

સ્વામીની અવસ્થાએ કરીને વૃદ્ધ થયા હતા છતાં સ્વામીના જીવનમાં આળસનું નામ નહોતું.

કોઈપણ હરિભગત સ્વામીને પધરામણીનું કહેવા આવે ત્યારે સ્વામી તેને ના પાડતા નહોતા.

ત્રણ ત્રણ માળના પગથિયાં ચડવા પડે તોપણ સ્વામી કેડે ભેટ બાંધી, સેવક સંતનો હાથ પકડી, પગથિયાં ચડી, હરિભક્તોને ઘરે પધરામણી કરી હરિભક્તોને રાજી રાખતા હતા.

દરબાર અર્જુનસિંહજી વગેરે અનેક મોટા મોટા હરિભક્તો સ્વામી પ્રત્યે ખૂબ જ આદરભાવ ધરાવતા હતા.

બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી જ્યારે જેતપુર મંદિરમાં શિખરનું કામ કરાવી રહ્યા હતા ત્યારે કોઠારી સ્વામીને સ્વામી નિર્ગુણદાસજી તરફથી ભારે હૂંફ અને ઓથ હતી.

સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી મેંગણી દરબાર શ્રી અર્જુનસિંહજી, વેરાવળના શેઠ શ્રીજાદવજી નાગજી ઘીવાળા વગેરે હેતવાળા હરિભક્તો સેવાનો પ્રવાહ સતત ચાલુ રાખતા હતા.

વિ. સં. ૧૯૯૪ માં આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજને દાઢનો સખત દુઃખાવો ઉપડ્યો ત્યારે સ્વામીએ જેતપુરમાં મહાપૂજા કરાવી, ભગવાનને પ્રાર્થના કરી, મહારાજશ્રીનો દુઃખાવો મટાડ્યો હતો.

એજ રીતે સ્વામીએ જેતપુરમાં મહાપૂજા દ્વારા હજારો હરિભક્તોના દુઃખદરદ હર્યા હતા અને એમના મનોરથો પૂરા કરી સુખીયા કર્યા હતા.

ભગવાન શ્રીહરિ તેમજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી વગેરે મહાન સંતોની અમીદૃષ્ટિથી ગાદી સ્થાન જેતપુરને ઉત્તરોત્તર અનેક મહાન અને પવિત્ર સંતો મળ્યા હતા.

એ માંહેના સદ્‌ગુરુ શ્રીકેશવચરણદાસજી સ્વામી, કોઠારી સ્વામી શ્રીહરિકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી શ્રીનારાયણવલ્લભદાસજી, કોઠારી સ્વામી શ્રીહરિજીવનદાસજી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામીના શિષ્ય વચનમૂર્તિ સંત શ્રીહરિદાસજી વગેરે મહાન સંતોને આ પ્રસંગે હૃદયથી શત શત વંદન કરવાનું મન થાય છે.

આ મહાન સંતોના તપ, જપ, ઐશ્વર્ય પ્રતાપથી ગાદી સ્થાન જેતપુર મંદિરનો કલ્પનાતીત વિકાસ થયો છે, સાથે સાથે આગતા-સ્વાગતા, રોટલા અને ઓટલાથી આ ગાદી સ્થાન સમસ્ત સત્સંગમાં ભારે પ્રસિદ્ધ થયું છે.

શ્રીબાલમુકુંદદાસજી સ્વામીની પરંપરાના જેતપુર મંદિરના સંતો સ્વામી

નિલકંઠચરણદાસજી, સ્વામી ભક્તિસંભવદાસજી, સ્વામી નિત્યસ્વરુપદાસજી વગેરે આજે પણ શિક્ષણ, સમાજસેવા, દેવસેવા વગેરે વિવિધ ક્ષેત્રે સેવા બજાવી રહ્યા છે અને સત્સંગની સુવાસ ફેલાવી રહ્યા છે.

## પાર્ષદ જાગાભક્ત

જાગા ભગત ખૂબ સીધા-સાદા ભક્ત હતા. તેઓનો જન્મ જોગીદાસની આંબરડી ખાતે મોચી પરિવારમાં થયો હતો. તેઓ પહેલા રામચંદ્રજીના ઉપાસક હતા પરંતુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતોનો જોગ થતાં તેઓ ભગવાન શ્રીહરિના આશ્રિત થયા હતા.

તેઓને રામપર-કોવાયા પાસેના ભૂંડણી ગામે પ્રથમવાર ગુણાતીતાનંદ સ્વામીના દર્શન થયા હતા. પ્રથમ દર્શને જ જાગા ભગતને સ્વામી સાથે અત્યંત હેત થયું હતું. ત્યાર પછી તેઓએ વર્ષો સુધી જૂનાગઢ મંદિરમાં રહીને નીચામાં નીચી ટેલ-ચાકરી કરી હતી. તેઓ સ્વભાવે ખૂબ જ નિર્માની હતા. ગુણાતીતાનંદ સ્વામીનો એમણે ખૂબ સમાગમ કર્યો હતો.

જૂનાગઢ દેશના મોટા મોટા સંતોને એમની સાથે ખૂબ જ હેત હતું.

તેઓ મોટે ભાગે મૌન રહીને સેવા-પ્રવૃત્તિઓ કરતા હતા અને પ્રસંગ આવ્યે હરિભક્તોને મહારાજ અને સ્વામીના મહિમાની વાતો કરતા હતા.

તેઓ આચાર્ય મહારાજશ્રી અને મોટા સંતોની અનુવૃત્તિમાં રહીને સેવા કરતા હતા. જૂનાગઢ મંદિરની ધર્મશાળાના બાંધકામ વખતે એમણે દેહ ઘસી નાખેલો.

ગુણાતીતાનંદ સ્વામીએ કેટલાક લોટિયા સંતો-પાર્ષદોને વિમુખ કર્યા હતા. આ લોટિયાઓ ખૂબ જ અવળો પ્રચાર કરતાં હતા અને હરિભક્તોને ભરમાવતા હતા.

એ સમયે સ્વામીની આજ્ઞાથી જાગા ભગતે ગામડે ગામડે ફરીને હરિભક્તોને સાચી વાત કરી પાછા વાળ્યા હતા અને મંદિર, આચાર્ય, સાધુ અને હરિભક્તો એ ચારેયનો પક્ષ ક્યારેય મૂકવો નહિ, એવી અસલ ગુણાતીત રીત બધાને સમજાવી હતી. પરિણામે લોટિયાઓના કુસંગથી કુમાર્ગે વળેલા ઘણા બધા હરિભક્તો પાછા વળી ગયા હતા.

જૂનાગઢના ગુણાતીત પરંપરાના મોટા મોટા સંતો અને જાગા ભગત પરસ્પર એકબીજા સાથે ખૂબ હેત ધરાવતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા પછી જાગા ભગત બાલમુકુંદદાસ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીના સ્થાને માનીને એમની અનુવૃત્તિમાં રહેતા હતા.

કેટલાક ભાવુક લોકો જાગા ભગતનો મહિમા ગાવામાં ભારે અતિરેક કરતા હતા. એને લીધે અવાર-નવાર જાગા ભગતને સહન કરવાનું આવતું.

ભક્તોને કોઈ જાત-પાતના અભિમાન હોતા નથી. ભક્તો તો કાદવમાં કમળની જેમ ખીલતા હોય છે. આ સનાતન સત્ય છે, છતાં કેટલાક નાસમજ લોકોએ જાગા ભગતની જાતિ ઉપર કટાક્ષ કરીને એમનો અપરાધ કર્યો હતો.

પાછલી અવસ્થામાં જાગા ભગત બિમાર રહેતા હતા. જાગા ભગત ગુણાતીતાનંદ સ્વામીના જૂના સેવક હતા એટલે એમનો મહિમા સમજીને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી વગેરે સંતોએ એમને શરીરે અનુકૂળ રહે, એ માટે તમામ જાતની અલાયદી વ્યવસ્થાઓ ગોઠવી આપી હતી.

જાગા ભગતના કેટલાક શિષ્યો સેવા કરવાને બહાને એમને જૂનાગઢથી ડાંગરા લઈ ગયા હતા.

જાગા ભગતે ડાંગરામાં દેહ મેલ્યો હતો.

## ગુણાતીતાનંદ સ્વામીએ બાંધેલા દસ મંડળો

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સોરઠ પ્રદેશમાં સત્સંગના પ્રચાર-પ્રસારાર્થે પોતાના શિષ્યોના દસ મંડળો બાંધ્યાં હતાં.

૧. સદ્‌ગુરુ સ્વામી શ્રી મહાપુરુષદાસજી
૨. સદ્‌ગુરુ સ્વામી શ્રી કૃષ્ણસેવાદાસજી
૩. સદ્‌ગુરુ સ્વામી શ્રી યોગેશ્વરદાસજી
૪. સદ્‌ગુરુ સ્વામી શ્રી બાલમુકુંદદાસજી
૫. સદ્‌ગુરુ સ્વામી શ્રી કેશવચરણદાસજી
૬. સદ્‌ગુરુ સ્વામી શ્રી રઘુવીરચરણદાસજી
૭. સદ્‌ગુરુ બ્રહ્મચારી સ્વામી શ્રી અચિંત્યાનંદજી
૮. સદ્‌ગુરુ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી
૯. સદ્‌ગુરુ સ્વામી શ્રી અક્ષરસ્વરુપદાસજી
૧૦. પૂજ્ય પાર્ષદ જેરામ ભગત

# જૂનાગઢ મંદિરના વહીવટ માટે ઉત્તરોત્તર નીમાયેલા મહંતોની યાદી

૧. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી
૨. સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રી અચિંત્યાનંદજી મહારાજ
૩. સદ્‌ગુરુ શ્રી રઘુવીરચરણદાસજી સ્વામી
૪. સદ્‌ગુરુ શ્રી મુકુંદચરણદાસજી સ્વામી
૫. સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામી
૬. સદ્‌ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી
૭. સદ્‌ગુરુ શ્રી હરિદાસજી સ્વામી
૮. સદ્‌ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી
સદ્‌ગુરુ શ્રી ગોપીનાથદાસજી સ્વામી
સદ્‌ગુરુ શ્રી ત્યાગવલ્લભદાસજી સ્વામી
૯. કોઠારી ચતુરભગત
કોઠારી શંકરભગત
કોઠારી જીવાભગત
કોઠારી નરસિંહભગત
કોઠારી ધોરીભગત
૧૦. જૂનાગઢ સત્સંગ સમાજની કમિટી
૧૧. પુરાણી શ્રી હરિનારાયણદાસજી સ્વામી
૧૨. કોઠારી શ્રી ગોવિંદભગત
૧૩. પુરાણી શ્રી હરિનારાયણદાસજી સ્વામી
૧૪. પુરાણી શ્રી પતિતપાવનદાસજી સ્વામી
૧૫. સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

# પરિશિષ્ટ - ૩

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત ઉપાસના માર્ગને સુદૃઢ કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ કેટલીક મનનીય વાર્તાઓ કરી છે. એના અનુસંધાને મુમુક્ષુઓની કેટલીક મહત્ત્વની જીજ્ઞાસાઓ વિષે વિચારીએ...

## જીજ્ઞાસા-૧

**શું ઉપાસનાતત્ત્વમાં અક્ષરબ્રહ્મનો ઉમેરો આવશ્યક છે ?**

મોક્ષમાર્ગમાં ઉપાસના અત્યંત આવશ્યક છે, આ ઉપાસનાને સુદૃઢ કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીનું એક સૂત્ર છે,

“અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચારની નહિ”

ભારતીય સનાતન ધર્મની ઉપાસના પદ્ધતિમાં ભારે વૈવિધ્ય રહેલું છે. સનાતન ધર્મની વિવિધ ધારાઓમાં શિવ-શક્તિની ઉપાસના, પંચાયતન દેવોની ઉપાસના તેમજ ભગવાન નારાયણના યુગલ સ્વરુપોની ઉપાસના સુપ્રસિદ્ધ છે.

સનાતના ધર્મની અદ્વૈત ધારા પરમાત્માના વિવિધ સ્વરુપોને આદર આપે છે પણ એમની દૃષ્ટિએ આ બધા જ સ્વરુપો શુદ્ધ સત્ત્વમય નારાયણના અવતારો છે. બ્રહ્મતત્ત્વ જેવું નિર્ગુણ છે એવા આ સ્વરુપો કે નારાયણ નિર્ગુણ નથી પણ શુદ્ધ સત્ત્વગુણ પ્રધાન છે.

સામાન્ય જીવો રજ, તમ અને સત્ત્વથી ખરડાયેલા છે. જ્યારે ભગવાન નારાયણ અને એમના અવતારોમાં રજ તમની સંભાવના નથી. એમાં માત્ર શુદ્ધ સત્ત્વગુણ છે. એટલે તેઓ અન્ય જીવો કરતા મહાન છે.

આનો અર્થ એ થાય કે, ભગવાન નારાયણ વગેરે માયાથી સર્વથા મુક્ત નથી પણ સગુણ છે.

અદ્વૈત પરંપરા કહે છે કે, આ સગુણ સ્વરુપોની ઉપાસનાથી ચિત્ત શુદ્ધ થાય છે અને ચિત્ત વિશુદ્ધ થાય ત્યારે “સત્ત્વં યદ્ બ્રહ્મદર્શનમ્” એ ન્યાયે વિશુદ્ધ ચિત્તથી “એકમેવાદ્વિતીયં બ્રહ્મ” એવા નિર્ગુણ નિરાકાર નિર્ધર્મક આનંદરુપ બ્રહ્મની અનુભૂતિ થાય છે.

અર્થાત્ પરમાત્માના આ સગુણ સ્વરુપો સાધ્ય નથી પણ સાધન છે.

સનાતન ધર્મની વૈષ્ણવધારાઓ અદ્વૈતીઓની આ વાત સાથે સંમત નથી. આ

વૈષ્ણવધારાઓમાં યુગલ સ્વરુપોની ઉપાસના સુપ્રસિદ્ધ છે. આ યુગલ સ્વરુપો અદ્વૈત પરંપરા માને છે એવા વિશુદ્ધ સત્ત્વમય નથી પરંતુ માયાના સત્ત્વગુણ વગેરે સર્વ ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ છે તેમજ અમાયિક દિવ્ય ગુણોથી યુક્ત હોવાથી સગુણ છે, સદા દિવ્ય સાકાર મૂર્તિ છે. આ સ્વરુપો સાધન નથી પણ સાધ્ય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ પણ વૈષ્ણવાચાર્યોની જેમ જ અદ્વૈતીઓની ઉપર્યુક્ત વાત સાથે સંમત થતા નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ પરમાત્માના અવતારો તેમજ યુગલ સ્વરુપોને માયાના ગુણોથી રહિત, નિર્ગુણ અને દિવ્ય માને છે અને તેથી જ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં પરમાત્માના આ અવતારો અને યુગલ સ્વરુપોનું પૂર્ણ આદર અને પ્રેમથી પૂજન-અર્ચન કરવામાં આવે છે.

વૈષ્ણવ પરંપરામાં રાધાજી, લક્ષ્મીજી, સીતાજી વગેરેને ભગવાન નારાયણની શક્તિઓ માનવામાં આવે છે.

શાસ્ત્રોનો સિદ્ધાંત છે કે, “શક્તિઓ હંમેશા શક્તિમાનને આધીન હોય છે, સ્વતંત્ર નહિ.”

આ શક્તિઓ ક્યારેક શક્તિમાનમાં અંતર્લીન હોય છે તો ક્યારેક કાર્યકારણવશાત્ પ્રગટ સ્વરુપે પણ હોય છે.

નારદ પંચરાત્રના અનુસાર ભગવાન નારાયણ જ્યારે પર વાસુદેવ સ્વરુપે બિરાજતા હોય ત્યારે આ તમામ શક્તિઓ પર વાસુદેવ એવા પુરુષોત્તમ નારાયણમાં અંતર્લીન હોય છે.

કાર્યકારણવશાત્ વાસુદેવ નારાયણ પોતાના સંકલ્પમાત્રથી પોતામાં અંતર્લીન રહેલી શક્તિઓને પ્રગટ કરે છે ત્યારે પરમાત્મા યુગલ સ્વરુપ ધારણ કરે છે.

ભારતીય સનાતન ધર્મની વિવિધ ઉપાસના પદ્ધતિઓમાં ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલી ઉપાસના પદ્ધતિ પોતાની આગવી ભાત ધરાવે છે.

આ ઉપાસના પદ્ધતિમાં યુગલ સ્વરુપની ઉપાસનાને બદલે એક માત્ર સર્વ કારણના કારણ, સર્વના સ્વામી, સર્વોપરી અને સદા સાકારમૂર્તિ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સ્વામિસેવકભાવે અને પતિવ્રતાભાવે ઉપાસના કરવામાં આવે છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃતોમાં પણ આજ વાત કરવામાં આવી છે.

આજ વાતને વેદ, ઉપનિષદ્, નારદ પંચરાત્ર વગેરે સત્શાસ્ત્રો પ્રમાણ કરે છે.

નારદ પંચરાત્રમાં પણ દ્વિભુજ અને દ્વિચરણારવિંદયુક્ત સાકારમૂર્તિ એવા પર વાસુદેવને સર્વથી શ્રેષ્ઠ દર્શાવી એમની ઉપાસનાની વાત કરવામાં આવી છે.

નારદ પંચરાત્રમાં "પરવાસુદેવ સ્વતંત્ર સ્વરાટ્ થકા એકલા જ બિરાજે છે. યુગલ સ્વરુપ નથી" એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

વેદો અને ઉપનિષદો પણ "અક્ષરાત્ પરતઃ પરઃ" કહીને અક્ષરથી પણ પર પુરુષોત્તમ નારાયણની ઉપાસનાનું પ્રતિપાદન કરે છે.

આ પ્રમાણોના સંદર્ભમાં જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે,"અક્ષરધામના મુક્તોને બે ચરણારવિંદની ઉપાસના છે અને બીજા ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે." (સ્વામીની વાતો, ૪-૨૩)

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે,

"અને આવી રીતે તો અમારે ઉપાસના છે , જે સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે, તે તેજનો સમૂહ અધો ઉર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે અને અનંત છે અને તે તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે અને તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે બિરાજમાન છે અને તે સિંહાસનને ચારે કોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણના દર્શન કરે છે. એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીયે છીએ."(વચનામૃ લોયા ૧૪)

"મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તોપણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશ્ય શ્વેત જણાય છે અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્ર ભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશાર છે.....અને એ મૂર્તિને ચારે કોરે મુક્તના મંડળ ભરાઈને બેઠા છે અને તે સર્વે મુક્ત છે, તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામુ જોઈ રહ્યા છે."(વચનામૃત ગ.મ. ૧૩)

આ વચનામૃતની અંદર સિંહાસન ઉપર એકમાત્ર પુરુષોત્તમ નારાયણ બિરાજમાન છે. બીજા અનંત મુક્તો શ્રીહરિના સેવક તરીકે સન્મુખ બિરાજીને દર્શન કરે છે. એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં ક્યાંય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનો ઉલ્લેખ જોવા મળતો નથી.

"અક્ષરની દષ્ટિએ કરીને જોઈએ તો મહાપુરુષાદિક સર્વે નથી, એક અક્ષર જ છે અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન છે...એ પુરુષોત્તમ

ભગવાનની દષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના કાંઈ ભાસે જ નહિ.'' (વચનામૃત ગ.પ્ર.પ્ર. ૫૧)

અર્થાત્ પુરુષોત્તમ ભગવાનની દષ્ટિએ કરીને જોઈએ તો અક્ષરબ્રહ્મ કે મહાપુરુષાદિક કોઈ ભાસે નહિ. આ દિવ્ય બ્રાહ્મી અવસ્થાએ એકમાત્ર પુરુષોત્તમ નારાયણ જ અનુભવાય છે, અન્ય કોઈ નહિ.

વૈષ્ણવ પરંપરાના શાસ્ત્રોમાં ગોલોક, વૈકુંઠ, બદ્રિકાશ્રમ વગેરે ધામોનું વર્ણન છે અને તે તે ધામોના અધિપતિ તરીકે ભગવાન શ્રીરાધાકૃષ્ણ, ભગવાન શ્રીસીતારામ કે ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ દેવ વગેરે યુગલ સ્વરુપો બિરાજે છે. એટલા માટે આ પરંપરાઓમાં આ ધામો અને યુગલ સ્વરુપો શ્રેષ્ઠ સાધ્ય હોવાથી યુગલ સ્વરુપની ઉપાસના કરવામાં આવે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે અક્ષરધામને શ્રેષ્ઠ ધામ તરીકે પ્રતિપાદિત કર્યું છે તથા સર્વોપરી, સર્વ કારણના કારણ, સર્વ અવતારના અવતારી, સદા સાકાર મૂર્તિ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને અક્ષરધામના અધિપતિ તરીકે પ્રતિપાદિત કર્યા છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે પરમાત્માના અન્ય ધામોને દિવ્ય માન્યા છે અને તે તે ધામના અધિપતિઓને નિર્ગુણ તેમજ સદા દિવ્ય સાકાર મૂર્તિ માની પૂર્ણ આદર આપ્યો છે પરંતુ ઉપાસનાના વિષયમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો દિવ્ય સંપ્રદાય ''એકમેવાદ્વિતીયં બ્રહ્મ'' વગેરે વેદોની શ્રુતિઓને અનુસરીને એકમાત્ર પુરુષોત્તમ નારાયણની બે ચરણારવિંદની ઉપાસનાને પ્રવર્તાવનારો સંપ્રદાય છે.

વૈષ્ણવો યુગલ સ્વરુપની ઉપાસના કરે છે તે સમજી શકાય એવી વાત છે કારણ કે આ ઉપાસના પદ્ધતિ સત્શાસ્ત્રો દ્વારા પ્રમાણિત છે. પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક લોકો ''અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણ'' ના યુગલ સ્વારુપની ઉપાસના કરે, તે વાત સત્શાસ્ત્રો સાથે, ભગવાન સ્વામિનારાયણના વચનામૃતો કે સંપ્રદાયના મૂળ શાસ્ત્રો સાથે મળતી આવતી નથી.

તેથી અક્ષરે સહિત પુરુષોત્તમની યુગલ ઉપાસના શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં સંભવી શકતી નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ અને એમના મહાન સંતો ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરેએ પણ અક્ષરધામના અધિપતિ એવા એકમાત્ર પુરુષોત્તમ નારાયણની પતિવ્રતાભાવે ઉપાસના પ્રવર્તાવી છે. એમણે ઉપાસનાતત્ત્વમાં અક્ષરાદિક કોઈનો પ્રવેશ થવા દીધો નથી. કારણ કે આ મહાન સદ્‌ગુરુઓ જાણતા હતા કે, એવું

કરવાથી ઉપાસનાનો માર્ગ વ્યભિચરી જાય છે.

પતિવ્રતા નારીને ઘરે અતિથિઓ આવે ત્યારે પતિવ્રતા નારી "આ મારા પતિના સંબંધીઓ છે" એમ જાણીને હૃદયના ઉમળકાતી મહેમાનોની સેવા કરે છે પરંતુ સતી નારીનું સર્વસ્વ સમર્પણ એકમાત્ર પોતાના પતિ માટે જ હોય છે, બીજા માટે નહિ, આજ વાત ઉપાસનાતત્ત્વને પણ લાગુ પડે છે.

ભગવાન સ્વામિનારાયણે જે તે સંપ્રદાયોના મૂળ શાસ્ત્રોને આદર આપીને મંદિરોમાં યુગલ સ્વરુપો પધરાવ્યા છે. પરંતુ તેની સાથોસાથ વડતાલમાં હરિકૃષ્ણ મહારાજનું સ્વરુપ પધરાવીને ઉપાસના અંગેનો પોતાના હૃદયનો આશય સ્પષ્ટ કર્યો છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે આટલી સ્પષ્ટતા કર્યા પછી એ ઉપાસના સ્વરુપમાં ફેરફાર કરવો, એ મનસ્વીપણું કહેવાય.

## જીજ્ઞાસા-૨

**શું બ્રહ્મરુપ થવા માટે અક્ષરબ્રહ્મની ઉપાસના આવશ્યક છે ?**

આ જીજ્ઞાસાના સમાધાન માટે ગુણાતીતાનંદ સ્વામી અને ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપદેશોને આધારે મનન કરીએ...

ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે કે,

"બ્રહ્મરુપ થઈને ભગવાનની ભક્તિ કરવી"

(સ્વામીની વાતો ૩/૧૬૧)

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે,

નિજાત્માનં બ્રહ્મરુપં દેહત્રય વિલક્ષણમ્ ।
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥

પોતાના આત્માને ત્રણ દેહથી પૃથક્ બ્રહ્મરુપ માનીને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી.

બ્રહ્મરુપ થવા માટે શું કરવું જોઈએ ? આ જીજ્ઞાસાના સમાધાનમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે,

"મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ અને બ્રહ્મરુપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ" (સ્વામીની વાતો ૨/૧૨)

આજ વાતનું પ્રતિપાદન વેદાદિક સત્શાસ્ત્રો અને ભગવાન સ્વામિનારાયણ પણ કરે છે. બ્રહ્મરુપ થવા માટે પરબ્રહ્મ એવા પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી પરમ આવશ્યક છે. અન્ય કોઈપણ સાધનથી બ્રહ્મરુપ થવાતું નથી.

વેદોમાં કહે છે કે,"બ્રહ્મવિત્ બ્રહ્મૈવ ભવતિ" જે બ્રહ્મને યથાર્થ જાણે છે તે જ બ્રહ્મરુપ થાય છે.

શ્રીરામાનુજાચાર્યજી વગેરે આચાર્યોએ અહીં બ્રહ્મ શબ્દનો અર્થ પરબ્રહ્મ કર્યો છે. પરબ્રહ્મ એટલે અક્ષરબ્રહ્મના પણ અધિપતિ એવા પુરુષોત્તમ નારાયણ.

આ શ્રુતિનું હાર્દ છે કે, જે પરમાત્મા પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે તે પરમાત્મા જેવો જ થાય છે અર્થાત્ પરમાત્માને વિષે જેવા દિવ્ય રુપ, કલ્યાણકારી ગુણ અને ઐશ્વર્યને છે, એને પામે છે. છતાં અહીં મહત્ત્વની વાત એ છે કે, બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે સ્વામિસેવકભાવ કાયમ રહે છે.

ગ. મ. પ્ર. ૬૭ માં વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે આ વાત સ્પષ્ટ કરી છે.

"એ ભગવાનને ભજીને અનંતકોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય, તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે ? જે, તે સમુદ્ર તો અગાધ છે, તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશય અપાર છે માટે કોઈ રીતે કરીને વધે ઘટે એવો નથી. તે સારું જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરુપ થયા છે તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામિસેવકપણું રહે છે."

મૂળ પ્રશ્ન છે, બ્રહ્મરુપ થવા માટે શું કરવું જોઈએ ?

આ પ્રશ્નનું સમાધાન ભગવાન શ્રીહરિના સ્વમુખના વચનોથી જ સમજવા પ્રયાસ કરીએ...

વચનામૃત ગ.અં.૩૬ માં શ્રીહરિ કહે છે કે,

"કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે, શ્રીપુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકારમૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો, એ કલ્યાણનું અસાધારણ સાધન છે."

આટલી વાત કર્યા પછી આ જ વચનામૃતમાં આગળ શ્રીહરિ કહે છે કે,

"અમે સર્વ શાસ્ત્રને સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે અને અમે આ પૃથ્વીમાં સર્વે ઠેકાણે ફર્યા ને તેને વિષે ઘણાક સિદ્ધ દીઠા છે, એમ કહીને ગોપાલદાસજી આદિક

સાધુની વાર્તા કરી દેખાડી અને પછી એમ બોલ્યા જે,

"હું તો એમ જાણું છું જે, ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું,તે તો થાય જ નહિ ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ અને ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીયે તોપણ ક્યારેય ખાટો ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય નહિ. તે ગમે એટલું જતન કરે તોપણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય અને યોગ તેણે કરીને આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે પણ અમે એવો કોઈ દીઠો નથી અને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી, માટે એ વાર્તા ખોટી છે."

વચનામૃત કારિયાણી ૧૦ માં શ્રીહરિ કહે છે કે,

"અને ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય, પુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તોપણ શ્રીપુરુષોત્તમ નારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી. માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામિસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે ત્યાગ કરવો."

વચનામૃત ગ.મ. ૩૫ માં શ્રીહરિ કહે છે કે,

"શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ત્યારે એ આત્માને દેખવો એ કાંઈ કઠણ નથી અને ભગવાનના ધ્યાન વિના કેવળ આત્માને વિચારે કરીને આત્મા જણાય છે કે દેખાય છે એવી તો આશા કોઈને રાખવી નહિ."

વચનામૃત ગ.મ. ૬૬ માં શ્રીહરિ કહે છે કે,

"એક ભગવાન વતે જ કલ્યાણ છે અને સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે." જો પુરુષોત્તમ નારાયણની ઉપાસનાથી જ બ્રહ્મભાવનો આવિર્ભાવ થતો હોય તો ઉપાસનાતત્ત્વમાં અક્ષરબ્રહ્મનો ઉમેરો કરવાની જરૂરિયાત રહેતી નથી.

## ચિત્ર પ્રતિમાઓમાં સ્વામિસેવકભાવ

ભારતીય સંસ્કૃતિમાં મંદિરો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, "અમે ઉપાસના ટકી રહે તે માટે ત્યાગ વૈરાગ્યનો પક્ષ મોળો કરીને પણ મંદિરો કર્યા છે."

ઉપાસનામાં પતિવ્રતા સ્ત્રીની જેમ ઈષ્ટદેવની અનન્ય ભાવે ભક્તિ મુખ્ય છે. સ્વામી-સેવકભાવ ઉપાસનાનું હૃદય છે.

સ્વામિનારાયણ સંપ્રદાય શુદ્ધ વૈદિક સંપ્રદાય છે. એમાં એક પતિવ્રતા નારીની પેઠે ભગવાન પુરુષોત્તમ નારાયણની સ્વામી-સેવકભાવે ઉપાસના થાય છે.

પૂજન-અર્ચનમાં અનેકનો પ્રવેશ હોઈ શકે પરંતુ ઉપાસનામાં અન્ય કોઈનો પ્રવેશ હોઈ શકે નહિ.

ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાન સંતોએ ઉપાસનામાં સ્વામી-સેવકભાવ બરાબર સાચવ્યો છે અને એમાં સહેજ પણ ભ્રમણા ઊભી થાય એવી પદ્ધતિ અપનાવી નથી.

સ્વામિનારાયણ સંપ્રદાયની એકદમ શરૂઆતમાં જ્યારે મંદિરો બનતા ત્યારે નાના એવા ગોખલામાં  કે ગોખલામાં શિક્ષાપત્રી પધરાવવામાં આવતી, ક્યાંક શ્રીહરિની એક ચક્ષુની મૂર્તિ અને ચરણાર્વિંદ પધરાવવામાં આવતા.

જેમ જેમ સંપ્રદાયની પ્રગતિ થતી ગઈ, મંદિરોનો વિકાસ થતો ગયો, સિંહાસનો મોટા થતા ગયા, તેમ તેમ મંદિરોમાં ભગવાન શ્રીહરિની પ્રતિમાની સાથે આદિ આચાર્યો, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટા મોટા નંદસંતો હાથમાં પૂજાની સામગ્રી લઈને શ્રીહરિની સન્મુખ સેવામાં બિરાજમાન હોય એ પ્રકારની ચિત્રપ્રતિમાઓ પધરાવવાનું શરૂ થયું.

આ પદ્ધતિમાં સ્વામિ-સેવકભાવ એકદમ સ્પષ્ટરૂપે જણાય આવે છે.

જૂનાગઢ દેશના સંતો હરિભક્તોની શ્રદ્ધા અને લાગણી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલી હતી, પરિણામે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીના સમયથી મંદિરોમાં ગુણાતીતાનંદ સ્વામી મહારાજની સન્મુખ સેવામાં બિરાજમાન હોય એ રીતની ચિત્રપ્રતિમાઓ પધરાવવાનો રીવાજ શરૂ થયો.

જૂનાગઢ દેશ ઉપરાંત સત્સંગનો વિશાળ વર્ગ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર માને છે. પરિણામે સ્વામીની ચિત્રપ્રતિમાની નીચે ‘અ.મૂ.‘ શબ્દ લખવામાં આવે છે. જેનો અર્થ છે ‘અનાદિ મૂળ અક્ષરમૂર્તિ.‘

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ આ ચિત્રપ્રતિમાઓ પધરાવવામાં સ્વામી-સેવકભાવનો ભંગ ન થાય, ગુણાતીતાનંદ સ્વામીનો સેવકભાવ સ્પષ્ટપણે જણાઈ આવે અને ઉપાસના તત્ત્વમાં અક્ષરબ્રહ્મનો ઉમેરો ન થાય તેની પૂર્ણ જાગૃતિ રાખી હતી.

આ ચિત્રપ્રતિમાઓનું જો ધ્યાનથી દર્શન કરવામાં આવે તો સ્પષ્ટ પણે જણાઈ

આવે છે કે મહારાજની ચિત્રપ્રતિમાના મુખારવિંદને ફરતું તેજોવર્તુળ જોવા મળે છે. જ્યારે ગુણાતીતાનંદ સ્વામીના મુખારવિંદને ફરતુ તેજોવર્તુળ જોવા મળતું નથી. એટલે ક્યારેય 'મહારાજ અને સ્વામી સમાન છે' એવી ભ્રમણા જાગતી નથી અને સ્વામીમાં જે કાંઈ સામર્થ્ય છે તે મહારાજની મૂર્તિના તેજને લીધે છે એ ભાવ સ્પષ્ટ થાય છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે, બાલમુકુંદદાસજી સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીમાં અસાધારણ હેત હતું. છતાં પણ તેઓ સ્વામીની ધાતુની મૂર્તિ પધરાવવાથી દૂર રહ્યા હતા. તેઓએ ધાર્યું હોત તો તે કરી શક્યા હોત, પરંતુ એમને ખબર હતી કે આવી વાત સ્વયં ગુણાતીતાનંદ સ્વામીની રુચિની વાત નહોતી. આવુ કાર્ય કરવા બદલ તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ લાધા ઠક્કર અને લોટીયા સાધુઓને સંપ્રદાયમાંથી વિમુખ કર્યા હતા. ગુરુદેવની રુચિનો ભંગ કરવો એ શિષ્ય માટે ગુરુના અપરાધ સમાન છે.

(બાલમુકુંદદાસજીસ્વામી પોતાની વાતોમાં કહે છે કે, કેટલાક લોકો વિમુખ થઈને નોખા મંદિર કરે, તેતો ભગવાનના દ્રોહી કહેવાય અને તેનું જન્માંતરે પણ કલ્યાણ થાય નહિ. પોતે ભલે ઉપરથી આડંબર રાખી મોટી મોટી વાતો કરે પણ તેનો તો જીવ બળી ગયેલો હોય છે. કેટલાક તો એનાથી પણ અદકા પગલા ભરે છે, તેઓએ સત્સંગીનો, દેવનો, આચાર્યનો, મોટા સંતનો, અવતારાદિકનો દ્રોહ કરવામાં ખામી રાખી નથી. તે શ્રીગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, "જે આજ્ઞા લોપે તેના અંતરમાં સુખ તો હોય જ નહિ.")

## કદી ન શમે એવો વિવાદ - અક્ષરબ્રહ્મ કોણ ?

વિશ્વનો કોઈપણ ધર્મ હોય કે સંપ્રદાય હોય એમાં કેટલાક વિવાદોનું સમાધાન મળવું ભારે મુશ્કેલ છે.

મુસ્લિમ ધર્મમાં "પયગંબરો ફરીથી અવતરે કે ન અવતરે ?", આ પ્રશ્નનો વિવાદ આજ સુધી ચાલ્યો આવે છે.

વૈષ્ણવ સંપ્રદાયોમાં "રાધા તત્ત્વ" વિશે ભાત ભાતના મતો પ્રવર્તે છે.

શ્રીસંપ્રદાય અર્થાત્ રામાનુજ સંપ્રદાયમાં "લક્ષ્મીજી ભગવાન નારાયણથી ભિન્ન છે કે અભિન્ન ?", એ વિષે આજે પણ શાસ્ત્રાર્થ ચાલ્યા કરે છે.

આવી જ વાત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં "અક્ષરબ્રહ્મ કોણ ?" એ વિષે છે. કોઈ ગોપાળાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ કહે છે, કોઈ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ કહે છે, કોઈ વળી ત્રીજાની જ વાત કરે છે, કોઈ કહે છે કે,"કોણ અક્ષરબ્રહ્મ?

એ પ્રશ્ન જ અસ્થાને છે. મહારાજના ધામમાં બિરાજતા તમામ મુક્તો અક્ષરસ્વરુપ જ છે અને ભગવાનની ઉપાસના કરે છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજી મહારાજની મરજી જોઈને એમની આજ્ઞાથી લગભગ ચાલીસ વર્ષ સુધી જૂનાગઢ મંદિરના મહંતપદે બિરાજમાન રહ્યા.

જૂનાગઢના સમસ્ત સોરઠ પ્રદેશના સત્સંગનું સ્વામીએ ભારે પોષણ કર્યું. સ્વામીના લોકોત્તર ઐશ્વર્ય પ્રતાપને હજારો લોકોએ જાણ્યો અને માણ્યો; પરિણામે લગભગ આખો સોરઠ દેશ તેમજ સંપ્રદાયનો બહુ મોટો સમુદાય ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મનો અવતાર માને છે.

મારો ઉછેર પણ ગુણાતીતાનંદ સ્વામીની પરંપરામાં થયો છે, એટલે મારી શ્રદ્ધા અને લાગણી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલી હોય તે સહજ છે. છતાંપણ મારે સખેદ નોંધ લેવી પડે છે કે, ભગવાન સ્વામિનારાણે "અક્ષરબ્રહ્મ કોણ ?" એ અંગે ક્યાંય સ્પષ્ટતા કરી નથી.

શ્રીજી મહારાજ સમયમાં રચાયેલા ગ્રંથો અને સંપ્રદાયના માન્ય શાસ્ત્રોમાં પણ આ અંગે કોઈ પ્રબળ પ્રમાણ ઉપલબ્ધ નથી. જે પ્રમાણો અપાય છે, તે તર્કની એરણે ટકી શકે એમ નથી. મોટા ભાગના બધા પ્રમાણો શ્રદ્ધા અને લાગણીમાંથી પેદા થયેલા છે અને અમુક વર્ગ પૂરતા જ સ્વગોષ્ઠી ન્યાયથી પ્રચલિત છે.

જે વાત મધ્યસ્થ માપદંડ સાથે મળતી ન આવતી હોય પરંતુ જેનું માત્ર પોતપોતાના રુચિ મંડળમાં પ્રતિપાદન થતું હોય, એને સ્વગોષ્ઠી ન્યાય કહે છે. સ્વગોષ્ઠી ન્યાય ક્યારેય તર્કની એરણે લાંબો ટકી શકતો નથી.

માટે અક્ષરબ્રહ્મ કોણ ? આ વાત સૌ સૌની શ્રદ્ધા અને લાગણી ઉપર છોડી દેવી જોઈએ અને આ વિવાદથી મુક્ત રહી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની પતિવ્રતાભાવે ઉપાસના કરવી જોઈએ.

શ્રીજી મહારાજના સમયે અને ત્યારપછી પણ આજ દિન સુધી અનેક ભક્તો એકમાત્ર પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીસ્વામિનારાયણની ઉપાસના કરીને બ્રહ્મરુપ થયા છે, સાક્ષાત્‌પણે ભગવાન સ્વામિનારાયણને પામ્યા છે અને પામતા રહે છે. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસનામાં જ બધી વાત આવી જતી હોય છે.

સમજુ વર્ગે ડાળા પાંદડાની ચિંતા છોડીને મૂળને પકડવું જોઈએ. એ મૂળ એટલે એકમાત્ર પ્રગટ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીસ્વામિનારાયણની પતિવ્રતાભાવે અને સ્વામિસેવકભાવે ઉપાસના.

ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી જેવા મહાન સંતોએ પણ આજ રીતની ઉપાસના પ્રવર્તાવી છે. માટે એ માર્ગે જ ચાલવું, એમાં જ આપણું પરમ શ્રેય છે. નહિતર ઘણીવાર એવું બનતું હોય છે કે, ખોટા વાદ-વિવાદને લીધે મૂળ અને મહત્ત્વની વાત ગૌણ બની જતી હોય છે.

## 'જહાં સદ્‌ગુરુ ખેલે ઋત વસંત'

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની જીવન ગાથામાં 'એવા સદ્‌ગુરુ કોણ ?' આ પ્રસંગમાં કબીરજીની આ રચનાનો ઉલ્લેખ કરેલો જોવા મળે છે.

કબીરજીએ રચેલા બીજકમાંથી આ રચના ઉધૃત કરેલી છે. આ રચના ઘણી લાંબી છે. તેમાંથી કેટલીક પંક્તિઓ નીચે પ્રમાણે છે.

**જહાં સતગુરુ ખેલે ઋત બસંત, તહાં પરમ પુરુષ સબ સાધુ સંત,**
**વહાં તિન લોક તે ભિન્ન રાજ, તહાં અનહદ ધૂનિ ચહું પાસ બાજ.**
**દીપક બરૈ જહાં નિરાધાર, વિરલા જન કોઉ પાઉ પાર,**
**જહાં કોટિ કૃષ્ન જોરે દુહાથ, જહાં કોટિ વિષ્નુ નાવૈં સુમાથ.**
**જહાં કોટિન બ્રહ્મા પઢ પુરાન, જહાં કોટિ મહાદેવ ધરૈં ધ્યાન,**
**જહાં કોટિ સરસ્વતી કરૈં રાગ, જહાં કોટિ ઇન્દ્ર ગાવને લાગ.**
**મૈં અજર દીપ પહુંચ્યો સુજાઇ, તહાં અજર પુરુષ કે દરશ પાઇ.**
**સો કહ કબીર હૃદયા લગાય, યહાં નરક ઉદ્ધારણ નામ જાઇ.**

મધ્યકાલીન સંત સાહિત્યમાં કબીરજીની રચનાઓની આગવી ભાત છે. કબીરજીએ સેંકડો પદોની રચના કરી છે. તેમાં તેમના બીજકની રચનાઓ અત્યંત અદ્‌ભૂત છે.

બીજકમાં કબીરજીનો આત્મવૈભવ, એમની સદ્‌ગુરુ પ્રત્યેની ભક્તિ અને ભક્તિરસને જ્ઞાનરસમાં ઢાળવાની આગવી રીત અનોખી રીતે ઉપસી આવે છે.

ખરેખર બીજકની રચનાઓને સમજ્યા સિવાય કબીરજીને સમજી શકાય તેમ નથી.

કબીરજીના ઉપરના પદ પાછળની ભૂમિકા સમજવા જેવી છે.

કબીરજી નિર્ગુણ નિરાકારવાદી પરંપરાના સંત-કવિ છે, એટલે એમના ભજનોમાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મવાદનો પ્રભાવ હોય તે સહજ છે.

આ નિર્ગુણ નિરાકાર બ્રહ્મવાદના સ્થાપક ભગવદ્‌પાદ આદિ શંકરાચાર્યજી છે.

આ નિર્ગુણ નિરાકારવાદમાં બ્રહ્મનું બે પ્રકારે નિરુપણ કરવામાં આવે છે. ‘‘નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ અને સગુણ-સાકાર બ્રહ્મ.’’

માયાના ગુણોથી રહિત વિશુદ્ધ અને સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ, ‘નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ છે.‘

માયાના શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત ઈશ્વર અને ઈશ્વરના રામકૃષ્ણાદિક અવતારો ‘સગુણ-સાકાર બ્રહ્મ‘ છે.

સગુણ સાકાર બ્રહ્મની ઉપાસનાથી જીવને નિર્ગુણ નિરાકાર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

અદ્વૈત પરંપરાની દૃષ્ટિએ સગુણ-સાકાર બ્રહ્મ કરતા નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ શ્રેષ્ઠ છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે, આ નિર્ગુણ નિરાકારવાદી પરંપરામાં સદ્‌ગુરુને નિર્ગુણ બ્રહ્મની મૂર્તિ માનવામાં આવે છે.

નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વની અનુભૂતિ કરીને બ્રહ્મભાવને પ્રાપ્ત કરેલા સદ્‌ગુરુઓ દેહમાં રહેવા છતાંય દેહાતીત છે અને ગુણમાં રહેવા છતાંય ગુણાતીત છે, એટલે આવા નિર્ગુણ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુઓને રામકૃષ્ણાદિક સગુણ સ્વરૂપો હાથ જોડતાં હોય, એવુ નિરુપણ આ પરંપરાના સાહિત્યમાં અનેક જગ્યાએ જોવા મળે છે.

આજ વાતના સંદર્ભમાં કબીરજી કહે છે કે,

**“જહં કોટિ કૃષ્ણ જોરે દુહાથ, જહં કોટિ વિષ્ણુ નામૈં સુમાથ.**
**જહં સદ્‌ગુરુ ખેલૈં ઋુત વસંત”**

આવું કહેવા પાછળ કબીરજી તેમજ અદ્વૈત પરંપરાનો આશય એ છે કે, ‘સગુણ બ્રહ્મ‘ કરતા ‘નિર્ગુણ બ્રહ્મ‘ શ્રેષ્ઠ છે.

સ્વાભાવિક છે કે, અદ્વૈત પરંપરાની આ વાત વૈષ્ણવી ભક્તિમાર્ગની પરંપરામાં ગ્રાહ્ય રહી શકે એમ નથી.

વૈષ્ણવ પરંપરાના મહાન આચાર્યો શ્રીરામાનુજાચાર્યજી વગેરેએ પરમતત્ત્વ પરમાત્માને માયાના ગુણોથી રહિત હોવાથી નિર્ગુણ કહ્યા છે અને અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોથી યુક્ત હોવાથી સગુણ કહ્યા છે પરંતુ અદ્વૈત પરંપરા માને છે તેમ સગુણ-સાકાર કે નિર્ગુણ-નિરાકાર કહ્યા નથી.

ભક્ત કવિ તુલસીદાસજીની વાત કબીરજી કરતાં ન્યારી છે. એમણે રામાયણમાં સુંદર દાર્શનિક વાત કરી છે.

**"સગુન હિ નિરગુન, નહિ કછુ ભેદા."**

એક એવી અલૌકિક ઉત્તમ અવસ્થા છે, જ્યાં સગુણ કે નિર્ગુણ કોઈ ભેદ રહેતા નથી. મહાત્મા તુલસીદાસજીનો આ મધ્યમમાર્ગ અત્યંત અદ્‌ભૂત છે.

આ માર્ગમાં સગુણ અને નિર્ગુણ ધારાઓનો સુભગ સંગમ સર્જાયો છે.

કબીરજીના પદની આટલી ભૂમિકા સમજાય તો જ આ પદનો મર્મ હાથમાં આવે તેમ છે. અન્યથા આ પદ કૃષ્ણ અને વિષ્ણુની ગૌણતા પ્રતિપાદન કરનારું લાગે અને અંતરમાં ડંખે.

સારંગપુરમાં ભગવાન સ્વામિનારાયણ ફુલડોળ ઉત્સવ ઉજવી રહ્યા હતા ત્યારે સંતોએ શ્રીહરિની આગળ આ પદનું ગાન કર્યું હતું અને તેમાં વારંવાર ''સદ્‌ગુરુ ખેલૈં વસંત'' આવી ટુક આવતી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને પ્રશ્ન કર્યો હતો કે, આવા સદ્‌ગુરુ કોણ ?

સંતોને જેવું સમજાયું તેવો ઉત્તર કર્યો હતો, પરંતુ ભગવાન સ્વામિનારાયણને એ ઉત્તરથી સંતોષ થયો નહોતો.

આખરે ભગવાન શ્રી સ્વામિનારાયણે હસતાં હસતાં કહ્યું હતું કે, ''એવા સદ્‌ગુરુ તો આપ સર્વે સંતો છો.''

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ ઉત્તરને સમજવા માટે કબીરજીના પદની ભૂમિકા સમજવી જરૂરી છે.

ભગવાન સ્વામિનારાયણ..

**"ગુરુ ગોવિંદ દોનું ખડે, કા કો લાગું પાય,**
**બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દીયો બતાય."**

આ પ્રસિદ્ધ દોહરાને ન્યાયે સદ્‌ગુરુનો મહિમા સમજાવી રહ્યા છે. એમનો આશય રામકૃષ્ણાદિ અવતારોને ગૌણ કરવાનો નથી અને એવી ગૌણતાની વાત ભગવાન સ્વામિનારાયણનાં દર્શન સાથે બંધ બેસતી આવતી પણ નથી.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં આવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુઓ એક નહીં પણ અનેક હતા. આ બધા સદ્‌ગુરુઓ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિભાવે ઉપાસના કરતા હતા.

## પરિશિષ્ટ - ૪

## જૂનાગઢ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

(પૂર્વછાયો)

વર્ણિ કહે વસુધેશને, સુણો જીરણગઢ મહિમાય;
રાધારમણ દેવ સ્થાપિયા, હવે કહું છું તેહ કથાય.

(ચોપાઇ)

ગુણાતીત મુનિ બ્રહ્મ હાથ, ઝાલી મંદિરમાં ગયા નાથ;
રચના જોઇ મંદિર તણી, રીજ્યા કોટિ બ્રહ્માંડનો ધણી.
બેય સદ્‌ગુરુ ને તેહવાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર;
પછી મંદિર માંહીથી જૈને, જોયો યજ્ઞ મંડપ રાજી થૈને.
વિપ્ર આવ્યા હતા વિદ્વાન, તેણે જે જે બતાવ્યું વિધાન;
શોભે ધામ શિખર ત્રણવાળું, ઉત્તરાભિમુખે તે રૂપાળું.
રણછોડજી ત્રિકમરાય, સ્થાપ્યા તે વચલા ખંડમાય;
પૂર્વ ખંડમાં રાધારમણ, ભાંગે દર્શને ભવનું ભ્રમણ.
ખંડ પશ્ચિમમાં સિધેશ્વર, તેતો મૂર્તિ દિશે મનોહર;
શોભે પાર્વતી તે સ્થળમાંય, નંદીકેશ્વર પણ દીસે ત્યાંય.
સંતસંગિનું રક્ષણ કરવા, માને તેહનું સંકટ હરવા;
વળી પૂર્વમુખે કોળીમાંય, સ્થાપ્યા હનુમાનજી પણ ત્યાંય.
વળી મંદિર મંડપ બહાર, હરિ છે એક પશ્ચિમ ઠાર;
શિવનું બાણ થાપ્યું તે ઠામ, તેનું કાશી વિશ્વેશ્વર નામ.
સાલ ચોરાશિયાતણિ જાણો, વદી વૈશાખી બીજ પ્રમાણો;
પ્રતિષ્ઠા તે કરી ગુરુવારે, સવા પોર ચડ્યો દિન જ્યારે.
થયો ઉત્સવ સરસ તે ટાણે, જોઇ સુર નર સર્વ વખાણે;
સ્વામી ગુણાતીતાનંદ પાસ, બોલ્યા આવી રીતે અવિનાશ.
તમે આંહી થઈને મહંત, રહો જ્યાં સુધી થાય દેહાંત.

*હરિલીલામૃત ક.-૮, વિ.-૫૮*

## પ્રસાદીનો પત્ર

સ્વસ્તિ જિરણગઢ સ્થાને વિરાજમાન ઉત્તમોત્તમ ગુણનિધાન શમદમ સાધન અભિલાખવાન જ્ઞાન-વૈરાગ્યાદિક-ભક્તિ ગુણ સમ્પન્ન વચન નિવાસિ હરિભક્ત શિરોમણિ એવં અનેક શુભ ઉપમા લાયક બાઈશ્રી બાઉબા તથા બાઈશ્રી જવેરબા એતાનશ્રી અનિર્દેશથી લિખાવિંત સ્વામી શ્રી સહજાનંદજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.

અપરં તમારો પત્ર ત્રવાડી સાથે આવો તે પોતો વાંચી સમાચાર સર્વ જાણ્યા. બીજું તમે લખ્યું છે જે દર્શન વિના ચિત્ત તપે છે તે ભગવાનના ખપવાળા જે ભક્ત છે તે તેની અનાદિ એ જ રીત છે માટે સત્યવસ્તુ જે ભગવાન તેને વિશે અહરનિષ આલોચ ટાળીને અસત્ય એવો જે સંસાર જડ, દુઃખ ને મિથ્યા તેના જે પદાર્થ, પુત્ર, ધન, રાજમંદિર, મેડી આદિ જે નવવિધિ મળે અથવા કોઈક દુઃખ આવી પડે તે સર્વે નાશવંત છે, સ્વપ્રતુલ્ય છે. તે તો જીવને ચોરાશીમાં કૈંકવાર મળ્યું છે પણ તે ફના છે. તેમાં ભગવાનના ભક્તને મોહ પામવું નહિ ને સત્ય માનવું નહીં અને સત્ જે ભગવાન ને સત્સંગ તે જીવને મળવો દુર્લભ છે અને સ્વર્ગાદિકના જે દેવતા તેને પણ અપેક્ષા છે. તેની પ્રાપ્તિ તમને થઈ છે. બીજું એમ છે જે ઝાઝો સમીપે રે'તાં હેત ઓછો થાય છે અને છેટે રહે અધિક માહાત્મ્ય જણાવે છે અને પ્રાપ્તિ પણ અધિક થાય છે.

## મંદિર નિર્માણ માટે જૂનાગઢ રાજ્યની રજા ચિઠ્ઠી

ઠાકોર સોલંકી સુરસંગ (દાદાભાઈ) સુજાનસંગ, જત તમે તમારી ફૂલવાડી સ્વામિનારાયણને શ્રી ઠાકોરજીના મંદિર સારું ભેટ કરી છે. તેમાં સુખેથી સ્વામિનારાયણ ઠાકોર મંદિર કરાવે, સરકારથી રૂડી રીતે સાધુ રહે છે, તેની બાલશ રહેશે. નિરંતર કોઈ વાતે હરકત મુજારમત થાશે નહીં. વાતમાં કોલ સરકારનો છે. સંવત્૧૮૮૨માં શુદ લાકડા સાગવાન વગેરે મંગાવવા થાશે. તેમાં નેક બખત્તી પોતાની મોકલશે. વાસ્તે મહેસૂલી તથા રાહદારી સ્નેહની મુત્સદી મહાલના તા. ચુબતરા સાયરના મુજારમત થાશે નહીં.

માફ ચાલુ કિધું છે સંવત્ ૧૮૮૨ માં (દાદાભાઈએ પોતાની વાડી મંદિરને કૃષ્ણાર્પણ કરી તે પછી મળેલી રાજ્યની રજા ચિઠ્ઠી)

## પરિશિષ્ટ - ૫

જૂનાગઢમાં શ્રીજી મહારાજનાં પ્રસાદીનાં દર્શનીય સ્થાનો

ભગવાન શ્રી સ્વામિનારાયણ જૂનાગઢમાં કુલ ત્રેવીસ વખત પધાર્યા છે અને અનેક સ્થળોએ વિચરી આ પુરાતન નગરીને પરમ પાવન કરી છે. તેમાંના મુખ્ય સ્થાનો નીચે મુજબ છે.

### મંદિરની અંદરના પ્રસાદીનાં સ્થળો

૧. અત્યારે જ્યાં મંદિર છે ત્યાં દાદાભાઈની વાડી હતી અને તેમાં શ્રીજી સભા ભરતા. વચલા શિખરના દક્ષિણ તરફના ગોખમાં શ્રીહરિ એકવાર બિરાજેલા. પ્રદક્ષિણામાં દેરી છે ત્યાં શ્રીજી બિરાજ્યા હતા અને સદ્‌. ગુણાતીતાનંદ સ્વામીનું કાંડુ ઝાલી મંદિરની પ્રદક્ષિણા ફરેલા.

૨. મંદિરની સામે ઝીણાભાઈનું દિવાનખાનું, તેમાં શ્રીજી સંત-પાર્ષદ સાથે ઘણીવાર ઊતરેલા.

૩. ઝીણાભાઈની મેડીના સામેભાગે મંદિરના પગથિયાં પાસે હાલ જ્યાં દેરી છે ત્યાં આસોપાલવના વૃક્ષ નીચે સભા કરી શ્રીજી જ્ઞાનવાર્તા કરતા. દેવાનંદ સ્વામીને દીક્ષા આપેલી. ચૈત્રી પૂર્ણિમાએ રાસ રમેલા. પાસેની વાવમાં સ્નાન કરેલું.

૪. બાઈઓનું મંદિર છે તે ઝીણાભાઈની મેડી કહેવાતી. શ્રીજી ત્યાં રહેતા તેથી તે અક્ષર ઓરડી તરીકે જાણીતી છે.

૫. બ્રહ્મચારીની ધર્મશાળાના ખૂણેથી પૂર્વ તરફ સાધુના ભંડારના ખૂણે ઓટો છે ત્યાં સુધી શ્રીજીએ પોતાની પગની મોજડીથી મંદિર અને ધર્મશાળા કરવા માટે લાંબો લીટો તાણેલો.

૬. સાધુના ભંડારમાં છત્રી પાસે શ્રીજી થાળ જમેલા અને સ્નાન કરી ત્યાંના કૂવામાં પ્રસાદીનું જળ નાખેલું.

### કાળવા તરફના પ્રસાદીનાં સ્થળો

૧. કાળવા પુલ પાસે રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના પ. પૂ. શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ઈશાન ખૂણે અવેડાવાળી શ્રીજી પ્રસાદીની વાવ છે. ત્યાં સ્નાન, ભોજન કરેલું અને જ્ઞાનોપદેશ આપેલો.

૨. ગુરુકુળથી થોડેક જ નજીકમાં આવેલા બ્રહ્મકુંડમાં નીલકંઠવર્ણીએ સ્નાન કરેલું.

૩. કાળવામાં રાયણવાળે ધૂને અને ખળખળીએ શ્રીજીએ સ્નાન કરેલું અને યોગક્રિયા શીખવેલી.

૪. ભૂતનાથ મહાદેવની જગ્યામાં વર્ણી વેશે રાત્રિ રહેલા.

૫. દક્ષિણ બાજુ ધર્મ અવેડાની વાવનું જળપાન કરેલું.

## શહેરમાં પ્રસાદીનાં સ્થાનો

૧. હાટકેશ્વર મહાદેવના મંદિરમાં પધારી પૂજારીને કન્યાદાન માટે ૫૦૦ કોરી ઉદારતાથી આપેલી.

૨. રાજમહેલમાં શ્રીજી પધારેલા તે હાલ રંગમહેલ તરીકે ઓળખાય છે અને ત્યાં હાલ શાળા ચાલે છે.

૩. નરસિંહ મહેતાના ચોરે શ્રીજી પધારેલા.

૪. રાજ્યના દિવાન લક્ષ્મીશંકરે માંગનાથ રોડ ઉપર આવેલા બુટેશ્વર મહાદેવમાં શ્રીજીને પધરાવી પૂજન કરેલું.

## ગિરનાર તરફના પ્રસાદીનાં સ્થળો

૧. ગોધાવાવની જગ્યાએ વર્ણિવેશે લીમડા નીચે શ્રીજી બિરાજેલા.

૨. ગિરનારની સડકના કાંઠે ડાબી બાજુ રાયણના મોટા ઝાડની ડાળી પકડી વિશ્રાંતિ લીધેલી.

૩. સોનરખ નદીમાં સ્નાન કરેલું.

૪. અશોકસ્તંભ શ્રીજીની પ્રસાદીનો છે.

૫. સોનરખ નદી પાસે આવેલી રાધા દેરી પ્રસાદીની છે.

૬. દામોદરકુંડ તથા રેવતીકુંડમાં સ્નાન કરેલું છે. પૂજારીને દામોદર રૂપે દર્શન આપ્યા અને બ્રાહ્મણોને દક્ષિણા આપી રાજી કર્યા.

૭. દામોદરથી સડક પાસે બ્રહ્મેશ્વર મહાદેવના શ્રીજીએ દર્શન કર્યા છે અને મંદિરના દહેરા કરતી વખતે તેના દહેરા પ્રમાણે કરવા બ્રહ્માનંદ સ્વામીને સૂચન કરેલું.

૮. સોનરખ નદીમાં નારાયણ ધરો છે ત્યાં શ્રીજી અને સંતોએ સ્નાન કરેલું છે.

ત્યાં આંબલી નીચે સભા ભરેલી. પાસેની વાવમાં સ્નાન કરેલું.

૯. ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવનું વર્ણીવેશે શ્રીજીએ પૂજન કરેલું ત્યાં મૃગીકુંડમાં શ્રીજીએ સ્નાન કરેલું. આંબલીઓના વૃક્ષ નીચે સભા કરેલી. દૂધેશ્વર મહાદેવનાં દર્શન કરી સોનરખમાં સ્નાન કરેલું.

૧૦. ગિરનારના પગથિયાં પાસે ચડાની વાવ પ્રસાદીની છે.

## ગિરનાર ઉપરનાં પ્રસાદીનાં સ્થાનો

૧. ગૌમુખી ગંગામાં સ્નાન કરી બાવાજીને વામન રૂપે દર્શન આપેલાં.

૨. સંતદાસજીની જગ્યા.

૩. કમળકુંડમાં સ્નાન

૪. અંબાજીના દર્શન.

૫. ગોરખનાથનાં પગલાં.

૬. દત્તાત્રેયનાં પગલાં પાસે તપસ્વીને આપેલ દત્તાત્રેયરૂપે દર્શન.

૭. પત્થર ચટ્ટી જ્યાં રામાનંદ સ્વામી રહેલા અને તેમના તરફથી સદાવ્રત અપાતું.

૮. સ્વામીનો વીરડો : ગિરનારના જંગલમાં દક્ષિણ-પશ્ચિમ દિશાએ જેમલમેરનો ડુંગરો આવેલો છે, જે હાલ ખોડિયાર ડુંગરા તરીકે ઓળખાય છે. આ ડુંગરાની તળેટીમાં 'સ્વામીનો વીરડો' આવેલો છે. આ વીરડો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વગેરે નંદ સંતો દ્વારા પ્રસાદીભૂત થયેલ છે. ગુણાતીતાનંદ સ્વામી અવાર નવાર સંતો-ભક્તો સાથે ઘાસ વાઢવા તથા લાકડાં કાપવા અહીં પધારતા. આ વીરડો જૂનાગઢ મંદિરથી ૫ કિ.મી.ના અંતરે આવેલો છે. વીરડો જંગલના મધ્યભાગમાં હોવાથી અત્યારે જંગલ ખાતાની રજા વગર ત્યાં જવાતું નથી. એક સમયે આ વીરડો સૂકાઈ ગયો હતો, પરંતુ સ્વામીના આશીર્વાદથી આ વીરડાનું પાણી અખૂટ થયું છે. વીરડામાં દેડકા ખૂબ જ થતા હોવાથી લોકો આ વીરડાને દેડકા વાવ તરીકે પણ ઓળખે છે.

આ રીતે ભગવાન સ્વામિનારાયણના જૂનાગઢમાં પ્રસાદીનાં સ્થાનોનું ઉપર વર્ણન કર્યું તે તે સ્થાનોએ જઈ તેમનાં લીલા ચરિત્રોને સંભારી તેનાં દર્શન કરવાથી ત્રિવિધ તાપ ટળી અંતઃકરણ પવિત્ર થાય છે અને ભગવદ્ ચરણમાં પ્રીતિ થાય છે.

## જૂનાગઢ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ

૧. શ્રીહરિકૃષ્ણ મહારાજની થાળની બેઠેલી નાની મૂર્તિ : સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી આ મૂર્તિની રોજ પૂજા કરતા અને તે છેલ્લી વાર જૂનાગઢ પધારેલા ત્યારે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આગ્રહથી જૂનાગઢ મંદિરમાં અર્પણ કરી છે અને તે વચલા ખંડમાં રણછોડજી પાસે પધરાવવામાં આવી છે.

૨. પીપલાણાવાળી થાળી : આ પ્રસાદીની પિત્તળની મોટી થાળીમાં સંવત્ ૧૮૫૬માં પીપલાણામાં નીલકંઠવર્ણિ જુવારનું ધાન દૂધમાં ચોળીને જમેલા.

૩. ધોરાજીવાળો સુરતી મુગટ :- ધોરાજીમાં સંવત્ ૧૮૬૩માં ફૂલદોલનો સમૈયો શ્રીજીએ લાલ વડ નીચે કર્યો ત્યારે સુરતના સંઘે સૌ પ્રથમ શ્રીજીને મુગટ ધરાવેલો.

**'માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો;**
**પહેલો વહેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર.'**

તે મુગટ શ્રીજીએ જીવુબાને આપ્યો અને જૂનાગઢ મંદિર થયાના છ માસ પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર ગયા ત્યારે શ્રીજીએ દેવના વાઘા થયા કે કેમ તે પૂછેલું ત્યારે સ્વામીએ કહ્યું કે 'સિદ્ધેશ્વર મહાદેવને મુગટ નથી. તેથી શ્રીજીએ જીવુબા પાસેથી ધોરાજીનો મુગટ લઈને સ્વામીને આપ્યો. તે પ્રારંભમાં સિદ્ધેશ્વર મહારાજને પહેરાવવામાં આવતો.

૪. નામાનો ચોપડો : સંવત્ ૧૮૮૨ના માગસર વદ તેરસના રોજ જૂનાગઢ મંદિરનું ખાતમૂહુર્ત થયું અને ત્યારથી જેમાં નામું લખવું શરુ થયેલું તે ચોપડો શ્રીજી પ્રસાદીનો છે.

૫. ઉત્સવના કીર્તનનો ચોપડો : શુકાનંદ સ્વામીએ ધોલેરા મંદિર માટે ઉત્સવના કીર્તનનો ચોપડો લખીને તૈયાર કરી શ્રીજીને આપ્યો, તે જ સમયે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી દર્શને પધારેલા. તેમણે શ્રીજીને વિનંતી કરી તેથી શ્રીજીએ તે જૂનાગઢ મંદિર માટે આપ્યો.

૬. પ્રેમાનંદ સ્વામીનો ચોપડો : સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી પણ જૂનાગઢમાં અમુક સમય રોકાયેલા અને નાગર ભાવિક જનોમાંથી એક ઉત્સવિયા મંડળ તૈયાર કરેલું, તેમાં સત્સંગમાં જાણીતા ચકુભાઇ (જયશંકર અમરજી) પ્રેમાનંદ સ્વામી પાસે

શાસ્ત્રીય સંગીત શીખેલા. ઉત્સવ વખતે ગાવા માટે પ્રેમાનંદ સ્વામીએ જે કીર્તનોનો ચોપડો આપેલો તે હજુ સંગ્રહસ્થાનમાં છે.

૭. પંચાળાના રાસનો જામો : ઝીણાભાઈના આગ્રહથી શ્રીજીએ સંવત્ ૧૮૭૯ની સાલમાં પંચાળામાં હુતાસણીનો ઉત્સવ કરેલો ત્યારે પંદર હાથના ઘેરવાળો લાંબી બાંયોનો જામો પહેરી શ્રીજી પણ રાસ રમેલા. તે જામો ઝીણાભાઈની બહેન અદીબાઈએ સાચવી રાખેલો, તે તેમણે મંદિરમાં અર્પણ કરેલો છે.

૮. પ્રસાદીની આરતી : જૂનાગઢમાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે શ્રીજીએ દેવોની આરતી ઊતારેલી તે આરતી સચવાયેલી છે.

૯. ધ્યાન પાવડી : (અ) માંગરોળમાં શ્રીજીએ સંતોને યોગાભ્યાસ કરાવેલો તે વખતે ૧૮૫૬-૫૭માં આણંદજી સંઘેડિયાને પાવડી આપી હતી તે હાલ જૂનાગઢ મંદિરમાં છે. (બ) સંવત્ ૧૮૮૬માં બિમારી વખતે શ્રીજીને માટે દાદા ખાચરે સોનાની ઘુઘરીઓવાળી ધ્યાન પાવડી કરાવેલી, તે છેલ્લે બાવા ખાચર પાસેથી મેળવી શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં પધરાવી છે.

૧૦. ડોળીની વળી : શ્રીજી બિમારીમાંથી સાજા થઇ જાળીયામાંથી ઉપલેટા આવવા ગાડામાં બેઠા, પણ ન ફાવતાં ડોળીમાં બેઠેલા તે પ્રસાદીની ડોળી છે.

૧૧. ઝીણાભાઈના દિવાનખાનામાં પ્રસાદીની વસ્તુઓ : શ્રીજી મહારાજ અગત્રાઈના ભક્તરાજ પર્વતભાઈને ત્યાં એકવાર પધારેલા, ત્યારે શ્રીજીને અને સંતોને આ ગાડામાં બેસાડી ખેતર-વાડીએ કે બીજે ગામ મૂકવા લઇ જતા, એવું મહાન પ્રસાદીનું ગાડું છે.

૧૨. જાળિયાવાળું ગાડું : જાળીયામાં શ્રીજીએ મંદવાડ ગ્રહણ કરેલો, પછી સાજા થઈ ગાડામાં બેસી ચાલ્યા ત્યારે ગાડાનો ખખડવાનો અવાજ સાંભળી મનુષ્ય ચરિત્ર કરતાં કહ્યું કે, 'આ ગાડામાં કંઈક દગો છે.' એમ કહી નીચે ઊતરી પડ્યા. વળી ભગુજીને કહ્યું કે 'આ ગાડું તો ઘણું સાકડું છે. તેથી તેનો ઊંટડો ઝાલીને ખેંચો.' પછી ભગુજીએ અને બધાએ મળી ગાડું ખેંચ્યું અને પછી શ્રીજીએ કહ્યું કે, 'હવે બરાબર છે.' આ ગાડું ઝીણાભાઈના દિવાનખાનામાં છે.

૧૩. પ્રસાદીની ત્રણ પાઘ : ૧. ગુણાતીતાનંદ સ્વામીને શ્રીહરિએ જૂનાગઢના મહંત નીમ્યાં ત્યારે પોતાની માથે બાંધેલી પાઘ સ્વામીને આપી હતી.

૨. મંદિરમાં દેવોની પ્રતિષ્ઠાવિધિ બાદ સર્વ પ્રથમ શ્રીહરિએ સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રી આનંદાનંદ સ્વામીને રાધારમણદેવની સેવા-પૂજા કરવા પૂજારી તરીકે નીમ્યા, ત્યારે શ્રીહરિએ પોતાની પાઘ આનંદાનંદ સ્વામીને આપી હતી.

૩. જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી સાથે સર્વ પ્રથમ પાર્ષદ તરીકે આવેલા જોરાભગતને શ્રીહરિએ પોતાની પાઘ આપી હતી.

ઉપરની પ્રસાદીની વસ્તુઓ તે પ્રસંગોને યાદ કરીને તેનાં દર્શન કરીએ અને ભગવાનનો વધારે ને વધારે મહિમા સમજવા પ્રયત્ન કરીએ. આ પ્રસાદીની વસ્તુના દર્શનથી હૃદયમાં શાંતિ થાય છે અને ભક્તિભાવના જાગે છે.

ઉપરના પ્રસાદીનાં સ્થાનોની અને પ્રસાદીની વસ્તુઓની માહિતી અ. નિ. પુરુષોત્તમવલ્લભદાસજી(પ્રભુ સ્વામી) લિખિત 'સોરઠી સત્સંગ' તથા 'સોરઠની પંચતીર્થી' તેમજ સદ્‌વિદ્યાના સાર્ધશતાબ્દિ મહોત્સવ વિશેષાંકના આધારે અહીં સાભાર પ્રગટ કરી રહ્યા છીએ.

## પરિશિષ્ટ - ૬ સંદર્ભ સૂચિ

**૦૧. વચનામૃત**
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્

**૦૨. ગુણાતીતાનંદ સ્વામીની વાતો**
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્

**૦૩. અક્ષરાનંદ સ્વામીની વાતો**
પ્રકાશક :- શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલ

**૦૪. સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી**
લેખક :- મહાકવિ માવદાનજી ભાઈ રત્નું
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

**૦૫. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી**
લેખક :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ

**૦૬. સ્વામિનારાયણ સંપ્રદાયનું સંક્ષિપ્ત નિદર્શન તથા મહોત્સવનો વૃત્તાંત**
લેખક :- ત્રિભુવનભાઈ ગૌ. વ્યાસ
પ્રકાશક :- ગાંધી બંધુઓ, મુંબઈ વતી અંબાલાલ વિઠ્ઠલભાઈ ઠક્કર

**૦૭. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના જીવન પ્રસંગોના હસ્ત લિખિત ખરડાઓ**
લેખક :- સદ્‌ગુરુ સ્વામી અક્ષરપુરુષદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર- પંચાળા

**૦૮. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી**
સંકલન :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર- જેતપુર

**૦૯. સોરઠી સંતો**
લેખક :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
પ્રકાશક :- પ.ભ. ધર્મલાલભાઈ ટાંક પરિવાર

**૧૦. બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ**
લેખક :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
પ્રકાશક :- ખુશાલ પી. પાટડીયા

**૧૧. શ્રી હરિચરિત્ર ચિંતામણિ**
લેખક :- સદ્‌ગુરુ સ્વામી રૂગનાથચરણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ

**૧૨. સોરઠી સત્સંગ**
લેખક :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
સ્વામી વિશ્વસ્વરુપદાસજી, જૂનાગઢ

**૧૩. આદર્શ ભક્તગાથા**
લેખક :- શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ

**૧૪. બ્રહ્મનિષ્ઠ સંતો**
લેખક :- શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ

**૧૫. સત્સંગની શુભવાર્તાઓ**
લેખક :- પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ

**૧૬. સ્વામી બાલમુકુંદદાસજીની દિવ્ય વાણી**
લેખક :- સ્વામી શ્રી હરિસેવાદાસજી
પ્રકાશક :- લાધાભાઈ વિરજીભાઈ મકવાણા

**૧૭. શ્રી હરિચરિત્રામૃત સાગર**
લેખક :- સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીનગર

**૧૮. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ભાગ-૧,૨**
લેખક :- હર્ષદભાઈ દવે
પ્રકાશક :- બી.એ.પી.એસ. સંસ્થા

**૧૯. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના જીવન પ્રસંગો**
લેખક :- માસ્તર રાજારામ પુરુષોત્તમ ભટ્ટ

**૨૦. બ્રહ્મનિષ્ઠ પ.પૂ. સ્વામી કૃષ્ણચરણદાસજીનું જીવન ચરિત્ર તથા ઉપદેશ**
લેખક :- પ.પૂ. સ્વામી અક્ષરપુરુષદાસજી
પ્રકાશક :- સ. પુરાણી શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી

**૨૧. ધોરાજીમાં ધર્મકુંવર**
લેખક :- સાધુ ઈશ્વરચરણદાસજી તથા સાધુ બ્રહ્મપ્રકાશદાસજી
પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર ધોરાજી

**૨૨. સદ્‌વિદ્યા - સાર્ધશતાબ્દિ મહોત્સવ વિશેષાંક તથા રજત જયંતિ વિશેષાંક**

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ

- કે.જી. થી ધોરણ : ૧૨ સુધી અંગ્રેજી માધ્યમની આંતરરાષ્ટ્રીય વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- સંસ્કૃતિના રક્ષણાર્થે 'દર્શનમ્' સંસ્કૃત વિદ્યાલય દ્વારા ૧૫૦ જેટલા સંતો-ઋષિકુમારોની વિનામૂલ્ય અભ્યાસની વ્યવસ્થા.
- સામાન્ય વર્ગના બાળકો માટે ધો. ૧૧ થી બી.કોમ. સુધીની છાત્રાલયની સુવિધા.
- રૂરલ વિસ્તારના બાળકો માટે ધો. ૮ થી ૧૦ માટે માત્ર દૈનિક રૂા. ૧/- લવાજમમાં છાત્રાલયનું આયોજન.
- બાળકોમાં અનેક કૌશલ્ય વિકસે તેવા હેતુથી વિવિધ રમતના મેદાનો તથા ઈન્ડોર ગેમ્સની સુવિધા.
- સ્વાસ્થ્યના હેતુ અર્થે વિશાળ એમ્યુસમેન્ટ પાર્ક, હેલ્થ સેન્ટર તથા સ્વીમીંગ પુલ.
- ફૂડ નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાથ્યપ્રદ તથા પૌષ્ટિક આહારની વ્યવસ્થા.
- કામધેનુ ગૌશાળા દ્વારા ૨૫૦ જેટલી ગીરની ગાયોનું પાલન, પોષણ તથા જતન.
- નિરામયમ્ વિભાગમાં નિષ્ણાંત વૈદ્યોના માર્ગદર્શન પ્રમાણે ગૌમૂત્ર તથા વિવિધ ઔષધિઓ દ્વારા આયુર્વેદિક ઔષધિઓનું નિર્માણ.
- યુવા સત્સંગ મંડળ, સત્સંગ શિબિર, કથા-પારાયણ, ઉત્સવ-સમૈયા તથા જ્ઞાનસત્ર જેવા અનેકવિધ ધાર્મિક આયોજનો દ્વારા આધ્યાત્મિક પોષણ.
- સત્સંગ વિચરણના આયોજનો દ્વારા દેશ-વિદેશમાં ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ ધર્મનું જતન તથા પ્રવર્તન.

### કુદરતી આપત્તિઓમાં સહાય

- દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦૦ ચેકડેમોનું નિર્માણ.
- ભૂકંપ ગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓનું નિર્માણ.
- અતિવૃષ્ટિ જેવા આપત્કાલિન સમયે ફૂટ પેકેટ તથા વસ્ત્ર વિતરણ.
- દુષ્કાળ સમયે પશુઓની રક્ષા માટે કેટલ કેમ્પનું આયોજન.
- ગ્રામ્ય વિસ્તારોમાં શાળા નિર્માણ જેવા અનેક કાર્યો દ્વારા ગામડાઓનું જતન.
- વૃક્ષારોપણ અભિયાન દ્વારા પર્યાવરણનું જતન.

### આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સેવા-પ્રવૃત્તિઓ

- હોસ્પિટલ દ્વારા દર્દીઓનું રાહતદરે નિદાન તથા સારવાર.
- ગ્રામ્ય વિસ્તારમાં વિનામૂલ્ય ચક્ષુરોગ નિદાન તથા સારવાર કેમ્પ.
- અનેકવાર યોજાએલા રક્તદાન કેમ્પ દ્વારા વિક્રમસર્જક રક્તદાન.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વ્યસનમુક્તિ અભિયાન.
- વિવિધ ગામડાઓમાં પશુઓના જતન માટે પશુરોગ નિદાન કેમ્પ.